
મઆરિફુલ કુર્આન : ભાગ- 4

પ્રકરણ (૬)

સૂરએ અન્આમ

સૂરએ અન્આમ મક્કામાં નાઝિલ થઈ, તેમાં ૧૬૫ આયતો અને ૨૦ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧ થી ૫)



તરજુમો :

સઘળા વખાણ અલ્લાહ માટે છે જેણે આસમાનો અને જમીન પેદા કર્યા અને અંધારા અને અજવાળાને બનાવ્યું, તો પણ આ કાફિર પોતાના પરવરદિગાર સાથે અન્યોને સમાન ઠરાવે છે ? (૧) તે જ છે જેણે તમને માટીથી પેદા કર્યા પછી એક સમય નક્કી કર્યો અને તેના ત્યાં એક સમય નક્કી છે તો પણ તમે શંકા કરો છો ? (૨) અને તે જ અલ્લાહ છે આસમાનોમાં અને જમીનમાં; જાણે છે તમારા છુપા અને જાહેરને; અને જાણે છે તમે જે કંઈ કરો છો. (૩)

VISIT…

LANZAROTE Caliente.com

અને નથી આવી તેમની પાસે તેમના પરવરદિગારની નિશાનીઓમાંથી કોઈ નિશાની ! પરંતુ તેઓ તેનાથી ગફલત કરે છે (મોઢું ફેરવે છે). (૪) બસ, બેશક ! તેમણે સત્યને જૂઠાડ્યું જ્યારે તેમના સુધી પહોંચ્યું; બસ હવે તેની હકીકત તેમની સામે આવવા જઈ રહી છે જેની તેઓ ઠેકડી ઉડાવી રહ્યા હતા. (૫)

તફસીર :

બધા જ વખાણ અલ્લાહના લાયક છે જેણે આસમાનો અને જમીનને પેદા કર્યું અને અંધકાર તથા પ્રકાશને બનાવ્યો તો પણ કાફિર લોકો (ઈબાદતમાં અન્યોને) પોતાના પરવરદિગાર સમકક્ષ ઠરાવે છે અને તે (અલ્લાહ તઆલા) એવો છે જેણે તમને (સૌને હઝરત આદમ અલૈ.ના માધ્યમથી) માટીથી બનાવ્યા, પછી (તમારા મોતનો) એક સમય નક્કી કર્યો અને બીજો નક્કી સમય (ફરીવાર જીવંત કરીને ઉઠાવવાનો) ખાસ અલ્લાહ પાસે (તેને જ ખબર) છે તો પણ તમો(માંથી ઘણા લોકો) શંકા કરો છો (કે કયામતને અશક્ય સમજો છે જ્યારે કે અલ્લાહે પ્રથમ જિંદગી અર્પણ કરી હતી, પછી બીજીવાર આપવી તેના માટે શું મુશ્કેલ કામ છે) અને તે જ છે સાચો મઅ્બૂદ આસમનોમાં પણ અને જમીનમાં પણ (એટલે કે અન્ય બધા જ મઅ્બૂદો બાતિલ અને જૂઠા છે), અને તે જ ગુપ્ત પરિસ્થિતિઓને પણ અને તમારી જાહેર હાલતોને પણ (સમાન રીતે) જાણે છે અને (ખાસ કરીને તમે જે જાહેરમાં અથવા ગુપ્ત રીતે) અમલ કરો છો (તેના ઉપર સારો બદલો અથવા સજાનો આધાર છે) તેને જાણે છે, અને તેઓ (કાફિરો)ની પાસે કોઈ નિશાની પણ તેમના પરવરદિગારની નિશાનીઓમાંથી નથી આવી પરંતુ તે તેનો વિરોધ જ કરે છે, બસ (કારણ કે તેમની ટેવ આ પ્રમાણેની જ થઈ ચૂકી છે કે) તેમણે તેની સત્ય કિતાબ (કુર્આન)ને પણ જૂઠું બતાવ્યું જ્યારે કે તે તેમની પાસે પહોંચ્યું, બસ (તેમનું આ જૂઠાડવું બેકાર ન જશે, બલકે) જલદી જ તેમને ખબર પડી જશે તે વસ્તુની જેની આ લોકો ઠેકડી ઉડાવ્યા કરતા હતા (તેનો ભાવાર્થ એ છે કે, તે અઝાબ છે જેની ખબર કુર્આનમાં સાંભળીને તેઓ હસતા હતા અને તેની ખબર પડી જવાનો મતલબ એ છે કે, જ્યારે અઝાબ નાઝિલ થશે ત્યારે તેની ખરાઈ પોતાની નજરે નિહાળી લેશે).

મસ્અલા અને બોધપાઠ :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, "સૂરએ અન્આમની વિશેષતા એ છે કે, આ સમગ્ર સૂરત માત્ર અમુક આયતો સિવાય આખેઆખી એકસામટી મક્કામાં એ પ્રમાણે નાઝિલ થઈ કે, સિત્તેર હજાર ફરિશ્તાઓ તેના જુલૂસમાં તસ્બીહ પઢતા-પઢતા આવ્યા હતા." તફસીરના ઈમામોમાંથી મુજાહિદ (રહ.), કલબી (રહ.), કતાદહ (રહ.) વગેરેનું પણ લગભગ આ જ નિવેદન છે.

અબૂઈસ્હાક અસ્ફરાઈની (રહ.) ફરમાવે છે કે, "આ સૂરત તવહીદના બધા જ સિદ્ધાંતો અને કાયદાઓ ઉપર આધારિત છે. આ સૂરતને કલિમએ اَلْحَمْدُ لِلّٰهِ (અલહમ્દુલિલ્લાહ)થી શરૂ કરવામાં આવી, જેમાં એ ખબર આપવામાં આવી છે કે, બધા જ વખાણ અલ્લાહ તબારક વ તઆલા માટે છે અને આ ખબરનો ભાવાર્થ લોકોને વખાણ કરવાની તા'લીમ આપવાનો છે અને આ તા'લીમની ખાસ વર્ણનશૈલીમાં એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, અલ્લાહ તઆલા કોઈના વખાણ અને સ્તુતિનો મોહતાજ નથી. કોઈ વખાણ કરે કે ન કરે, તે પોતાની જાતમાં દરેક પ્રકારની ઉચ્ચ ખાસિયતો અને સિફતોના કારણે આપમેળે જ સૌથી મહાન છે. આ વાક્ય પછી જમીન અને આસમાન તથા અંધારા અને અજવાળાની ઉત્પત્તિનું વર્ણન કરીને અલ્લાહ તઆલાએ પોતાની મહાનતાની દલીલ પણ રજૂ કરી દીધી કે, જે જાત પોતે મહાન, સર્વશક્તિમાન તથા સંપૂર્ણ હિકમતની માલિક છે તે જ સમગ્ર વખાણ અને સ્તુતિની હકદાર હોઈ શકે છે.

આ આયતમાં سَمٰوٰت (સમાવાત) "આસમાનો" બહુવચન અને اَرْض (અર્દ) "જમીન" એકવચનના સ્વરૂપમાં વર્ણન કરવામાં આવ્યું છે. જો કે, બીજી આયતમાં આસમાનની જેમ જ જમીનો પણ સાત હોવાનું વર્ણન ઉપસ્થિત છે. કદાચ એમાં એ તરફ ઈશારો હોઈ શકે છે કે, સાત આસમાનો પોતાની વિશાળતા અને રચનામાં તથા અન્ય ખાસિયતો અને ગુણધર્મોના આધારે પરસ્પરમાં એક પ્રકારનો આગવો ફરક ધરાવે છે અને સાતેય જમીનો એકબીજાની સમકક્ષ અને સમાન છે, એટલા માટે તેનું ઉદાહરણ એક જ સંખ્યા સ્વરૂપે ઠરાવવામાં આવ્યું હોઈ શકે છે. *(મઝહરી)*

એ જ પ્રમાણે ظُلُمٰتٌ (જુલુમાતુન) "અંધારું અથવા અંધારાના પડ" બહુવચન અને نُوْرٌ (નૂર) "પ્રકાશ" એકવચન વર્ણન થયું છે, તેમાં એ તરફ ઈશારો છે કે, "નૂર" એક સાંકેતિક પારિભાષિક શબ્દ છે, જેનો અર્થ "સીધો રસ્તો" અથવા "સિરાતે મુસ્તકીમ" પણ થઈ શકે છે અને એ જ પ્રમાણે "જુલુમાત" પણ એક સાંકેતિક પારિભાષિક શબ્દ છે, જેનો અર્થ "ખોટો માર્ગ" હોઈ શકે છે, આવા માર્ગો હજારોની સંખ્યામાં છે. *(મઝહરી અને બહરે મુહીત)*

અત્રે એ વાત પણ વિચારવા યોગ્ય છે કે, આસમાનો અને જમીનના બનાવવાને શબ્દ خَلَقَ (ખલક) "પેદા કરેલ" દ્વારા ઉલ્લેખવામાં આવ્યો છે અને અંધારા તથા અજવાળાને શબ્દ جَعَلَ (જઅલ) "બનાવ્યું" તરીકે બતાવવામાં આવ્યો છે. તેમાં એ તરફ પણ ઈશારો છે કે, અંધારું અને અજવાળું આસમાન અને જમીનની જેમ કોઈ ભૌતિક પદાર્થ નથી. બલકે, એક ખાસિયત કે ગુણ છે અને ظُلُمٰتٌ (જુલુમાત) "અંધારા"ને نُوْر (નૂર) "પ્રકાશ" કરતાં કદાચ એ કારણે અગ્ર ક્રમે વર્ણન કર્યું છે કે, વાસ્તવમાં વિશ્વમાં અંધારું જ અંધારું છે અને પ્રકાશ અમુક-અમુક વસ્તુઓમાં જ હોય છે, જ્યારે તે સામે હોય છે તો પ્રકાશ પેદા થાય છે અને જ્યારે તે પ્રકાશ ઉત્પન્ન કરનાર પદાર્થ સામે ઉપસ્થિત નથી હોતો ત્યારે અંધારું રહે છે.

આ આયતનો હેતુ તવહીદ (અલ્લાહના એકમાત્ર હોવા)ની વાસ્તવિકતા અને તેની સ્પષ્ટ દલીલો વર્ણન કરીને દુનિયાની તે કોમોને તાકીદ કરવાનો અને ચેતવણી આપવાનો છે, જે મૂળેથી તવહીદના અકીદહમાં આસ્થા જ ધરાવતી નથી અથવા તો તવહીદના અકીદહને માને તો છે પરંતુ તેની અસલિયતને છોડી બેઠા છે !

અગ્નિપૂજકો દુનિયામાં બે સર્જનહાર હોવાનું માને છે, "યજદાન" અને "અહરમન". તેઓ આ બંનેમાંથી યજદાનને ભલાઈનો સર્જનહાર અને અહરમનને બુરાઈનો સર્જક ઠરાવે છે અને તે બંનેને જ અત્રે "નૂર" (પ્રકાશ) અને "જુલમન" (અંધકાર) વડે ઓળખાવવામાં આવ્યા છે.

ભારતમાં મુશ્રિકો ૩૩ કરોડ દેવી-દેવતાઓને અલ્લાહના ભાગીદાર બતાવે છે. આર્યસમાજવાળા તવહીદ (એકેશ્વરવાદ)ને માને છે પરંતુ આત્મા અને ભૌતિક પદાર્થોને પ્રાચીન અને અલ્લાહ તઆલાની શક્તિ અને સર્જનથી

સ્વતંત્ર હોવાનું ઠરાવીને તવહીદની વાસ્તવિકતાથી હટી ગયા છે. એ જ પ્રમાણે નસારા તવહીદની આસ્થા ધરાવતા હોવાની સાથે-સાથે હઝરત ઈસા (અલૈ.) અને તેમની વાલિદહને અલ્લાહ તઆલાના ભાગીદાર અને જોડીદાર ઠરાવે છે અને પછી તવહીદના અકીદહને જાળવી રાખવા માટે તેમને એકમાં ત્રણ અને ત્રણમાં એક (ત્રિનિટી)ની એક અતાર્કિક વિચારસરણી અપનાવવી પડી છે અને અરબસ્તાનના મુશ્રિકો અલ્લાહની વહેંચણીમાં એટલા બધા ઉદાર બની ગયા હતા કે દરેક પહાડનો દરેક પથ્થર તેમના મતે મનુષ્યજાતિનો મઅ્બૂદ બની જતો હતો. મતલબ કે, મનુષ્ય જેને અલ્લાહ તઆલાએ સર્જનમાં શ્રેષ્ઠ (અશરફુલ મખ્લૂકાત) બનાવ્યો હતો તે જ્યારે માર્ગ ભટકી ગયો ત્યારે તેણે ન જ ફક્ત ચાંદ-સૂરજ અને તારાઓને બલકે આગ, પાણી, ઝાડ અને પથ્થર એટલે સુધી કે, કીડા-મકોડાઓને પણ પોતાના મઅ્બૂદ અને માથું ઝુકાવવા લાયક તથા પોતાની તમામ જરૂરિયાતો પૂરી કરનાર બનાવી લીધા.

કુર્આને કરીમે આ આયતમાં અલ્લાહ તઆલાને આસમાન અને જમીનના સર્જનહાર તથા અંધારા અને અજવાળાને બનાવનાર બતાવીને ઉપરોક્ત બધી જ ખોટી વિચારસરણીઓનો રદિયો આપ્યો અને બતાવ્યું કે, પ્રકાશ અને અંધારું તથા આસમાન અને પૃથ્વી અને તેમાં અસ્તિત્વ ધરાવતી બધી જ વસ્તુઓ અલ્લાહ તબારક વ તઆલાએ પેદા કરેલી અને બનાવેલી છે, પછી તમે કઈ રીતે અલ્લાહ તઆલાનો ભાગીદાર અને જોડીદાર બનાવો છો ?

પ્રથમ આયતમાં વિરાટ વિશ્વને એટલે કે આખી દુનિયાના મોટા-મોટા પદાર્થોને અલ્લાહ તઆલાનું સર્જન (મખ્લૂક) અને મોહતાજ બતાવીને મનુષ્યને સાચા તવહીદના અકીદહ (માન્યતા) તરફ આવવાની તા'લીમ આપવામાં આવી છે અને ત્યારબાદ બીજી આયતોમાં મનુષ્યને બતાવ્યું છે કે, તારું અસ્તિત્વ પોતે જ એક નાની સરખી દુનિયા છે. જો તેના શરૂઆત અને અંત ઉપર તથા તેના હોવા અને ન હોવા ઉપર દૃષ્ટિપાત કરવામાં આવે તો તવહીદની માન્યતા એક સ્પષ્ટ હકીકત બનીને સામે આવી જશે. તેમાં ઈરશાદ ફરમાવ્યો, هُوَ الَّذِىْ خَلَقَكُمْ مِّنْ طِيْنٍ ثُمَّ قَضٰٓى اَجَلًا એટલે કે, અલ્લાહની જ તે જાત છે જેણે તમને માટીથી પેદા કર્યા કે, આદમ (અલૈ.)ને માટીના ખમીર (ગાળા)થી પેદા કરીને તેમનામાં જીવ નાંખી દીધો અને સામાન્ય રીતે દરેક મનુષ્યનો ખોરાક માટીમાંથી જ પેદા થાય છે

અને એ ખોરાકમાંથી જ વીર્ય અને વીર્યથી જ મનુષ્યના જન્મનો ક્રમ ચાલે છે.

હઝરત અબૂ મૂસા અશઅરી (રદિ.) ફરમાવે છે કે, “મેં રસૂલે કરીમ ﷺ પાસેથી સાંભળ્યું છે કે, હઝરત આદમ (અલૈ.)ને અલ્લાહે માટીના એક ચોક્કસ પ્રમાણથી પેદા કર્યા, જેમાં સમગ્ર જમીનના બધા જ તત્ત્વો સામેલ કરવામાં આવ્યા. એ જ કારણ છે કે, હઝરત આદમ (અલૈ.)ની અવલાદ રંગ અને રૂપમાં, અખ્લાક અને ટેવોમાં વિવિધતા ધરાવે છે. કોઈ કાળો છે, કોઈ ગોરો છે, કોઈ લાલ છે, કોઈ કઠોર છે તો કોઈ નરમ, કોઈ પવિત્ર સુટેવો ધરાવે છે તો કોઈ અધમ (નીચ) સ્વભાવનો હોય છે.” *(મઝહરી બ રિવાયતે ઈબ્ને અદી બ સનદે હસન)*

આ તો મનુષ્યની શરૂઆતની ઉત્પત્તિનું વર્ણન હતું, ત્યારબાદ તેના અંતની બે મંઝિલોનું વર્ણન છે. એક મનુષ્યની વ્યક્તિગત શારીરિક અંત આવવાની બાબત કે જેને મૌત કહેવામાં આવે છે અને બીજી મંઝિલનું વર્ણન એટલે કે, સમગ્ર માનવજાતિ અને તેના વૈશ્વિક સેવકો બધાનો જ અંત આવી જશે, જેને "કયામત" કહેવામાં આવે છે. મનુષ્યની વ્યક્તિગત શારીરિક જિંદગીના અંત માટે ફરમાવ્યું, قَضٰٓى اَجَلًا એટલે કે, “મનુષ્યના જન્મ પછી અલ્લાહ તઆલાએ તેના અસ્તિત્વને અને તેના જીવનને ટકાવી રાખવા માટે એક ચોક્કસ સમય નક્કી કરી દીધો.” આ નક્કી સમય ઉપર પહોંચવાનું નામ મૌત છે, જેને જો કે મનુષ્ય જાણતો નથી પરંતુ અલ્લાહના ફરિશ્તાઓ જાણે છે બલકે, પોતે ઈન્સાન પણ એ સ્વરૂપે પોતાનું મૌત આવશે એવું જાણે છે કે, દરેક સમયે દરેક સ્થળે તે પોતાની આજુબાજુ આદમની અવલાદ એટલે કે, માનવોને મૃત્યુ પામતા જોઈ રહ્યો છે.

ત્યાર પછી સમગ્ર દુનિયાનો અંત એટલે કે કયામતનું વર્ણન આ રીતે કરવામાં આવ્યું, اَجَلٌ مُّسَمًّى عِنْدَهٗ એટલે કે, એક બીજો સમય નક્કી જ છે જેનું જ્ઞાન ફક્ત અલ્લાહ તબારક વ તઆલાને જ છે, તે નિશ્ચિત સમય ઉપર કયામત આવશે, જેનું જ્ઞાન ન તો ફરિશ્તાઓને છે, ન જ કોઈ માનવજાતિને.

કહેવાનું તાત્પર્ય એ છે કે, પ્રથમ આયતમાં "આલમે અકબર" એટલે કે સમગ્ર વિશ્વની પરિસ્થિતિ એ બતાવવામાં આવી કે, તે અલ્લાહ તઆલાનું પેદા કરેલું અને બનાવેલું છે અને બીજી આયતમાં એ જ પ્રમાણે "આલમે અસગર" એટલે કે, મનુષ્ય પોતે અલ્લાહની મખ્લૂક અને સર્જન હોવાનું વર્ણન કરવામાં

આવ્યું. ત્યારબાદ મનુષ્યને ગફલતથી બેદાર કરવા માટે એ બતાવ્યું કે, દરેક વ્યક્તિની એક નક્કી જિંદગી છે, ત્યાર પછી મોત ચોક્કસ આવશે અને એ એવી વસ્તુ છે કે, જેની સાબિતી દરેક માનવીને પોતાની આજુબાજુ દરેક સમયે મળતી રહે છે. وَاَجَلٌ مُّسَمًّى عِنْدَهٗ માં એ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, માનવીની વ્યક્તિગત અને શારીરિક જિંદગીનો અંત એ સમગ્ર દુનિયાના સાર્વજનિક મૌત એટલે કે કયામતની એક ચિંતનયુક્ત તાર્કિક દલીલ હોવું સ્વાભાવિક રીતે સાબિત થાય છે. એટલા માટે કયામત આવવામાં શંકાનું કોઈ સ્થાન નથી. જેમકે અંતિમ આયતમાં ફરમાવ્યું ثُمَّ اَنْتُمْ تَمْتَرُوْنَ "આવી સ્પષ્ટ દલીલો હોવા છતાં તમે કયામત વિશે શંકા કરો છો ?"

ત્રીજી આયતમાં પ્રથમ બે આયતોના વિષયનું પરિણામ વર્ણન કર્યું કે, "અલ્લાહ જ તે જાત છે, જે આસમાનો અને પૃથ્વી ઉપર ઈબાદત અને અનુસરણ કરવાપાત્ર છે અને તે જ તમારી જાહેર અને ગુપ્ત બધી જ પરિસ્થિતિઓથી તથા તમારા દરેક ઉચ્ચારણો અને પ્રવૃત્તિઓથી સંપૂર્ણપણે વાકેફ છે."

ચોથી આયતમાં ગફલતમાં ડૂબેલા મનુષ્યની હઠધર્મી અને સત્ય વિરુદ્ધની જીદ વિશેની શિકાયતને આ પ્રમાણે વર્ણન કરવામાં આવી, وَمَا تَاْتِيْهِمْ مِّنْ اٰيَةٍ مِّنْ اٰيٰتِ رَبِّهِمْ اِلَّا كَانُوْا عَنْهَا مُعْرِضِيْنَ એટલે કે, "અલ્લાહ તઆલાની તવહીદની સ્પષ્ટ દલીલો અને ખુલ્લી નિશાનીઓ હોવા છતાં તેના ઈન્કારી ઘણા લોકોએ એવી રીત અપનાવી રાખી છે કે, તેઓ અલ્લાહ તઆલા તરફથી જે કોઈપણ નિશાની તેમની હિદાયત અને માર્ગદર્શન માટે મોકલવામાં આવે છે તેનાથી મોઢું ફેરવી લે છે અને તેમાં થોડું પણ ચિંતન કે મનન કરતા નથી."

પાંચમી આયતમાં આ બેદરકાર અને ગફલતમાં ડૂબેલ મનુષ્યોની ખાસિયતનો અમુક વિગતપૂર્વક આ રીતે ઈશારો કરીને વર્ણન કર્યું કે, فَقَدْ كَذَّبُوْا بِالْحَقِّ لَمَّا جَآءَهُمْ એટલે કે, "જ્યારે સત્ય (હક્ક) તેમની સામે આવ્યું ત્યારે તેમણે સત્યને જૂઠાડ્યું." અહીંયાં સત્યનો અર્થ કુર્આન પણ હોઈ શકે છે અને નબીએ કરીમ ﷺની પવિત્ર જાત પણ હોઈ શકે છે.

રસૂલે કરીમ ﷺ શરૂઆતની ઉંમરથી લઈ અંત સુધી પોતાના અરબ કબીલાઓ વચ્ચે જ રહ્યા, પોતાનું બાળપણ અને યુવાની તથા યુવાનીથી લઈ

ઘડપણની અવસ્થા બધું જ તેમની આંખો સામે જ પસાર થયું. તેમને એ પણ સ્પષ્ટ રીતે ખબર હતી કે, રસૂલે કરીમ ﷺએ કોઈ વ્યક્તિ પાસેથી સદંતર કોઈપણ પ્રકારનું ઔપચારિક શિક્ષણ પ્રાપ્ત નથી કર્યું, એટલે સુધી કે, પોતાનું નામ પણ પોતાની જાતે લખતા ન હતા અને સમગ્ર અરબસ્તાનમાં આપ ﷺનો લકબ (ઉપનામ) "ઉમ્મી" (નિરક્ષર) મશ્હૂર હતો. ચાલીસ વર્ષની ઉંમર આવી જ હાલતમાં તેમની વચ્ચે પસાર કરી, ન તો કોઈ શે'ર–શાયરીમાં રસ હતો, ન જ ક્યારેય કોઈ શિક્ષણ કે ઔપચારિક તા'લીમ સાથે વાસ્તો પડ્યો, પરંતુ ચાલીસ વર્ષની ઉંમર પૂરી થતાં જ રસૂલે કરીમ ﷺની જીભ મુબારકથી તે સત્ય અને જ્ઞાન તથા કળાના ગૂઢાર્થો વહેવા લાગ્યા કે, દુનિયાના મોટા–મોટા નિષ્ણાત ફિલોસોફરો પણ તેમની સામે લાચાર દેખાવા લાગ્યા. અરબસ્તાનના બધા જ વાક્પટુ વક્તૃત્વ કળાના નિષ્ણાતોને પોતાના લાવેલા કલામનો મુકાબલો કરવા માટે ચેલેન્જ આપવામાં આવ્યું. આ લોકો જો કે રસૂલે કરીમ ﷺને પરાજિત કરવા માટે પોતાની પ્રાણ સુદ્ધાંની બાજી લગાવી દેતા હતા, પોતાની ઈજ્જત–આબરૂ, અવલાદ–કુટુંબ બધું જ બરબાદ કરવા તૈયાર રહેતા હતા, તે છતાં તેમનામાંથી કોઈએ પણ એ હિંમત ન કરી કે, આ પડકારનો સ્વીકાર કરી કુર્આનની એક આયતનું ઉદાહરણ રજૂ કરી બતાવે.

એ જ પ્રમાણે નબીએ કરીમ ﷺ અને કુર્આને કરીમનું પોતાનું અસ્તિત્વ જ પોતે સત્ય (હક્ક) હોવાની સૌથી મોટી નિશાની હતી. તદુપરાંત રસૂલે કરીમ ﷺના હાથે હજારો મોઅ્જિઝાઓ (ચમત્કારો) તથા ખુલ્લી અને સ્પષ્ટ નિશાનીઓ એવી રજૂ થઈ કે જેનો ઇન્કાર કોઈપણ સામાન્ય સૂઝબૂઝ ધરાવનાર વ્યક્તિ કરી શકતો નથી. પરંતુ તે લોકોએ આ બધી નિશાનીઓને એકી સાથે જૂઠાડી, એટલા માટે આ આયતમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યો,

فَقَدْ كَذَّبُوا بِالْحَقِّ لَمَّا جَآئَهُمْ

અંતિમ આયતમાં કાફિરોના કુફ્ર, ઈન્કાર અને જૂઠાડવાના ખરાબ પરિણામ તરફ ઈશારો કરીને ફરમાવ્યું, فَسَوْفَ يَاْتِيهِمْ اَنْبَاءُ مَا كَانُوا بِهٖ يَسْتَهْزِئُوْنَ એટલે કે, આજે તો આ લોકો પરિણામથી અજાણ થઈને રસૂલે કરીમ ﷺના મોઅ્જિઝાઓ અને આપ ﷺની લાવેલ હિદાયતો (માર્ગદર્શનો) અને કયામત

તથા આખિરત બધાની ઠેકડી ઉડાવે છે પરંતુ ઘણો જ જલદી એ સમય આવવાનો છે જ્યારે તે બધી વાસ્તવિકતાઓ તેમની દૃષ્ટિ સમક્ષ ઉપસ્થિત થઈ જશે, કયામત કાયમ થઈ જશે, ઈમાન અને અમલનો હિસાબ આપવો પડશે અને દરેક વ્યક્તિ પોતાના સારા કૃત્યોનો સારો બદલો અથવા દુષ્કૃત્યોની સજા મેળવશે. પરંતુ તે સમયનું લાવેલું યકીન અને ઈકરાર તેમના કોઈ કામ નહીં આવે. કારણ કે, તે અમલ કરવાનો દિવસ નથી બલકે, બદલાનો દિવસ છે. હજુ પણ ચિંતન અને મનન કરવાની ફુરસદ અલ્લાહ તઆલાએ આપી રાખી છે, તેને ગનીમત સમજીને અલ્લાહની આયતો ઉપર ઈમાન લાવવામાં જ દુનિયા અને આખિરતની સફળતા છે.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૬ થી ૧૧)

أَلَمْ يَرَوْا كَمْ أَهْلَكْنَا مِن قَبْلِهِم مِّن قَرْنٍ مَّكَّنَّاهُمْ فِي الْأَرْضِ مَا لَمْ نُمَكِّن لَّكُمْ
وَأَرْسَلْنَا السَّمَاءَ عَلَيْهِم مِّدْرَارًا وَجَعَلْنَا الْأَنْهَارَ تَجْرِي مِن تَحْتِهِمْ
فَأَهْلَكْنَاهُم بِذُنُوبِهِمْ وَأَنشَأْنَا مِن بَعْدِهِمْ قَرْنًا آخَرِينَ ۝٦ وَلَوْ نَزَّلْنَا عَلَيْكَ
كِتَابًا فِي قِرْطَاسٍ فَلَمَسُوهُ بِأَيْدِيهِمْ لَقَالَ الَّذِينَ كَفَرُوا إِنْ هَٰذَا إِلَّا سِحْرٌ مُّبِينٌ ۝٧
وَقَالُوا لَوْلَا أُنزِلَ عَلَيْهِ مَلَكٌ ۖ وَلَوْ أَنزَلْنَا مَلَكًا لَّقُضِيَ الْأَمْرُ ثُمَّ لَا يُنظَرُونَ ۝٨
وَلَوْ جَعَلْنَاهُ مَلَكًا لَّجَعَلْنَاهُ رَجُلًا وَلَلَبَسْنَا عَلَيْهِم مَّا يَلْبِسُونَ ۝٩ وَلَقَدِ
اسْتُهْزِئَ بِرُسُلٍ مِّن قَبْلِكَ فَحَاقَ بِالَّذِينَ سَخِرُوا مِنْهُم مَّا كَانُوا بِهِ
يَسْتَهْزِئُونَ ۝١٠ قُلْ سِيرُوا فِي الْأَرْضِ ثُمَّ انظُرُوا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِينَ ۝١١ ع

તરજુમો :

શું જોતા નથી કે અમે તેમનાથી અગાઉ કેટલી ઉમ્મતોનો નાશ કરી નાંખ્યો ! જેમને અમે પ્રદેશમાં એટલા જમાવી દીધા હતા (મજબૂતી પ્રદાન કરી સત્તા આપી હતી) કે જેટલા તમને જમાવ્યા નથી, અને અમે તેમના ઉપર

આસમાનોને મૂશળધાર વરસતા છોડી દીધા અને અમે તેની નીચે વહેતી નહેરો બનાવી દીધી, પછી અમે તેમનો તેમના ગુનાહોના કારણે નાશ કર્યો અને અમે તેમના પછી બીજી ઉમ્મતોને પેદા કરી. (૬) અને જો અમે તમારા ઉપર કાગળમાં લખેલું ઉતારીએ પછી તેઓ તેને પોતાના હાથોથી સ્પર્શી પણ લે; અલબત્ત કાફિર કહેશે, આ તો કંઈ નથી પરંતુ ઉઘાડો જાદૂ છે. (૭) અને કહે છે, તેના ઉપર કોઈ ફરિશ્તો કેમ નથી ઊતર્યો ? અને જો અમે ફરિશ્તો ઉતારીએ તો વાર્તા પૂરી થઈ જાય, પછી તેમને મહોલત પણ ન મળે! (૮) અને જો અમે કોઈ ફરિશ્તાને રસૂલ બનાવીને મોકલ્યો હોત તો તે પણ માણસના જ સ્વરૂપમાં હોત, અને તેમને એ જ શંકામાં નાંખ્યા હોત જેમાં તેઓ અત્યારે પડેલા છે. (૯) અને નિઃશંક ! તમારાથી આગલા રસૂલોની પણ ઠેકડી ઉડાવતા રહ્યા છે, પછી ઘેરી લીધા તેમનામાંથી ઠેકડી ઉડાવનારાઓને એવી વસ્તુએ જેના ઉપર હસ્યા કરતા હતા. (૧૦) (હે નબી ﷺ !) તમે કહી આપો ! પ્રદેશમાં હરોફરો, પછી જુઓ જૂઠાડનારાઓનું કેવું પરિણામ આવ્યું ! (૧૧)

તફસીર :

શું તેમણે જોયું નથી કે અમે તેમનાથી અગાઉ કેટલી ઉમ્મતોનો (અઝાબ દ્વારા) નાશ કરી ચૂક્યા છે !? જેમને અમે એવી (આર્થિક અને શારીરિક) શક્તિ આપી હતી કે તમને તેવી શક્તિ આપવામાં નથી આવી અને તેમના ઉપર ખૂબ વરસાદ વરસાવ્યો અને તેમના (ખેતી અને બગીચાઓની) નીચેથી નહેરો વહાવી (જેનાથી ખેતી અને ફળોના ઉત્પાદનમાં ખૂબ પ્રગતિ થઈ અને તેઓ તેનાથી સુખમય જિંદગી પસાર કરવા લાગ્યા) પછી (આ શક્તિ, સામર્થ્ય, ભૌતિકતાનો સામાન અને સહૂલત હોવા છતાં) અમે તેમનો તેમના ગુનાહોના કારણે (અનેક પ્રકારના અઝાબથી) નાશ કરી નાંખ્યો અને તેમના પછી અન્ય લોકોને પેદા કર્યા (તો જો તમારા ઉપર પણ અઝાબ ઉતારવામાં આવે તો કોઈ આશ્ચર્યની વાત નથી અને તે લોકોની દુશ્મનાવટની એ પરિસ્થિતિ છે કે) જો અમે કાગળ ઉપર લખેલું તમારા ઉપર નાઝિલ કરીએ પછી આ લોકો તેને પોતાના હાથો વડે સ્પર્શી પણ લે (જેમકે તેઓ માંગણી કરી રહ્યા હતા કે, આસમાનથી કોઈ લખેલી કિતાબ આવી

જાય અને હાથો વડે સ્પર્શ કરવાનું વર્ણન કરીને કોઈ નજરબંદી વગેરેની શંકા પણ દૂર કરી દઈએ જેવું કે તેઓ ઇચ્છતા હતા પરંતુ) તો પણ આ કાફિર લોકો એવું જ કહેશે કે આ કંઈ પણ નથી પરંતુ ઉઘાડો જાદૂ છે (કારણ કે, જ્યારે વાત માનવાનો ઈરાદો જ નથી તો દરેક દલીલમાં કોઈને કોઈ નવી વાત કાઢી લેવી કોઈ મુશ્કેલ કામ નથી) અને આ લોકો એવું પણ કહે છે કે તે (પયગમ્બર)ની પાસે કોઈ ફરિશ્તો (જેને અમે જોઈ લઈએ અને તેની વાતો સાંભળીએ) કેમ નથી મોકલવામાં આવ્યો; (અલ્લાહ તઆલા ફરમાવે છે) અને જો અમે કોઈ ફરિશ્તો (આ પ્રમાણે) મોકલી આપ્યો હોત તો સમગ્ર કિસ્સો જ પૂર્ણ થઈ ગયો હોત, પછી (ફરિશ્તો ઉતાર્યા બાદ) તેમને જરા પણ મોહલત આપવામાં આવી ન હોત (કારણ કે અલ્લાહની ટેવ એવી છે કે જ્યારે લોકોને માંગણી મુજબનો મોઅ્જિઝો બતાવવામાં આવે ત્યારબાદ પણ જો તેઓ ઈમાન લાવવાથી ઇન્કાર કરી બેસે તો તરત જ કોઈપણ પ્રકારની મોહલત આપ્યા વિના અઝાબ દ્વારા તેમનો નાશ કરી નાંખવામાં આવે છે અને જ્યાં સુધી આવો માંગણી મુજબનો મોઅ્જિઝો ન જુએ દુનિયામાં મોહલત મળતી રહે છે) અને જો અમે એ (સંદેશ પહોંચાડનારા)ને ફરિશ્તો જ ઠરાવી દીધો હોત (જેમકે તેને ફરિશ્તાના સ્વરૂપમાં મોકલીએ તો તેનું સ્વરૂપ મનુષ્યોથી બરદાસ્ત નહીં થાય, એટલા માટે) અમે તે (ફરિશ્તા)ને પુરુષ(ના સ્વરૂપમાં) જ બનાવ્યો હોત તો તેના ઉપર પણ એવી જ શંકા કરી હોત જેવી કે હમણાં કરી રહ્યા છે (એટલે કે, એ ફરિશ્તાને મનુષ્ય સમજીને ત્યારે પણ વાંધો ઉઠાવ્યો હોત. મતલબ કે, ફરિશ્તો નાઝિલ કરવાની જે માંગણી કરો છો જો તેને પૂરી કરવામાં આવે તો તેનાથી તેમને કોઈ લાભ એટલા માટે નથી થઈ શકતો કે, ફરિશ્તાને ફરિશ્તાના સ્વરૂપમાં જોવાની તેમનામાં શક્તિ નથી અને ફરિશ્તાને મનુષ્યના સ્વરૂપમાં મોકલવાથી તેમની શંકા દૂર થવાની નથી અને બીજી બાજુ તેમને નુકસાન એ થશે કે ન માનવા ઉપર પોતે જ અઝાબના હકદાર બની જશે) અને (આપ ﷺ તેમની વાહિયાત માંગણીઓનો ગમ ન કરો, કારણ કે) તમારા અગાઉ જે પયગમ્બરો (અલૈ.) થયા છે તેમની સાથે પણ (વિરોધીઓ તરફથી) ઠેકડી ઉડાવવામાં આવી છે, પછી જે લોકોએ તેમનામાંથી ઠેકડી ઉડાવી હતી તેમને તે અઝાબે ઘેરી લીધા જેની તેઓ ઠેકડી ઉડાવતા હતા (એનાથી જાણ થઈ કે, તેમના આવા તરીકાથી અંબિયા અલૈ.ને કોઈ નુકસાન નથી પહોંચતું બલકે,

આ તેમના પોતાના માટે જ અઝાબ અને મુસીબત છે અને જો આ લોકો પાછલી ઉમ્મતોના અઝાબનો ઈન્કાર કરે) તો તમે (તેમને) કહી આપો કે જરા પૃથ્વી ઉપર હરો-ફરો અને જુઓ કે જૂઠાડનારાઓનો શું અંજામ આવ્યો ?

મસ્અલા અને બોધપાઠ :

પાછળની આયતોમાં અલ્લાહના હુકમો અને રસૂલ ﷺની તા'લીમ ઉપર વાંધો ઉઠાવનાર અને વિરોધ કરનાર લોકોને સખત ચેતવણીઓ આપવાનું વર્ણન હતું. આ આયતોમાં એ જ ઈન્કારીઓના વલણને પોતાની આસપાસની પરિસ્થિતિઓ અને અગાઉના યુગની ઐતિહાસિક ઘટનાઓ તરફ ફેરવીને તેમને શિખામણ અને બોધપાઠ પ્રાપ્ત કરવાની તક આપવામાં આવી છે. નિઃશંક ! દુનિયાનો ઈતિહાસ બોધપાઠ ગ્રહણ કરવાનું એક પુસ્તક છે, તેને જો કોઈ દિર્ઘદષ્ટિથી ચિંતન કરે તો આ ઘટનાઓ હજારો પ્રવચનો અને વઅ્ઝથી વધારે પ્રભાવશાળી બોધપાઠ છે. એક ફિલોસોફરનું આ વાક્ય ખૂબ મશ્હૂર છે કે, “દુનિયા એક ઉત્તમ પુસ્તક છે અને સમય એક શ્રેષ્ઠ શિક્ષક.” એ જ કારણ છે કે, કુર્આને કરીમનો એક ઘણો મોટો ભાગ ઐતિહાસિક ઘટનાઓ ઉપર આધારિત છે, પરંતુ સામાન્ય રીતે બેદરકાર અને નાવાકેફ મનુષ્યએ દુનિયાના ઈતિહાસને પણ એક હરવા-ફરવાની વસ્તુનું સ્વરૂપ બનાવી દીધું અને એથી વિશેષ તેનું મહત્ત્વ તેમની પાસે કંઈ નથી. બલકે, તેઓ આ બોધપાઠ અને હિકમતસભર અતિઉત્તમ પુસ્તકને પણ પોતાની બેદરકારી અને ગુનાહોનું એક માધ્યમ બનાવી રહ્યા છે. અગાઉના કિસ્સા-કહાણીઓનું ફક્ત એટલું જ કામ રહી ગયું છે કે, સૂતાં પહેલાં તેને એક સ્વપ્ન સ્વરૂપે ઉપયોગ કરવામાં આવે અને પછી ફુરસદના સમયે તેને દિલ બહેલાવવાનું અને પછી તેને ટાઈમ પાસ કરવાનું સાધન બનાવી લેવામાં આવે.

કદાચ એટલા જ માટે કુર્આને કરીમે ઐતિહાસિક દુનિયાની રૂહને ઈબ્રત અને નસીહત તથા બોધપાઠ ગ્રહણ કરવા માટે વર્ણન કર્યું છે પરંતુ સામાન્ય દુનિયાનો ઈતિહાસ એ વાર્તાઓ અને નૉવેલો જેમ નથી કે, જેમાં ફક્ત વાર્તા અથવા ઐતિહાસિક ઘટનાઓનું વર્ણન કરવું જ એકમાત્ર હેતુ હોય છે. એટલા માટે કુર્આનમાં ઐતિહાસિક ઘટનાઓને હંમેશા વાર્તા અને કિસ્સા-કહાણીઓના સ્વરૂપમાં વર્ણન કરવામાં નથી આવી બલકે, કિસ્સાનો જેટલો ટૂકડો જે ઘટના

અને જે પરિસ્થિતિના સંદર્ભમાં હતો, ત્યાં તેટલું જ તેનું વર્ણન કરવામાં આવ્યું, પછી અન્ય સ્થળે આ કિસ્સાના બીજા ટૂકડાનું તે વિષયના અનુસંધાનમાં યોગ્યતા આધારે વર્ણન કરવામાં આવ્યું. તેમાં એ હકીકત તરફ ઈશારો હોઈ શકે છે કે, કોઈ ખબર અથવા કિસ્સો ક્યારેય આપમેળે કોઈ હેતુ નથી. બલકે, દરેક ખબર પાછળ કોઈ ચોક્કસ મકસદ અને દરેક ઘટનાના વર્ણન પાછળ કોઈ પરિણામ દર્શાવવાનો મકસદ હોય છે. એટલા માટે ઘટનાના જેટલા ભાગને તે મકસદ માટે જરૂરી સમજવામાં આવે છે, તેને પઢો અને આગળ વધો અને પોતાની હાલતની સમીક્ષા કરો અને ભૂતકાળની ઘટનાઓથી બોધપાઠ ગ્રહણ કરીને પોતાની સુધારણા કરો.

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં રસૂલે કરીમ ﷺને પ્રત્યક્ષ સંબોધન કરીને મક્કાના નિવાસીઓ માટે એ ઈરશાદ ફરમાવ્યો કે, "તે લોકોએ પોતાનાથી અગાઉ ભૂતકાળમાં ગુજરી ચૂકેલી કૌમોનો અહેવાલ નથી જોયો ? જેનાથી તેમને બોધપાઠ અને ઈબ્રત થવી જોઈએ" અને જોવાનો અર્થ તેમની હાલત ઉપર ચિંતન અને મનન કરવાનો છે. કારણ કે, તે કૌમો તે સમયે તો તેમની સામે ઉપસ્થિત ન હતી જેથી તેમને જોઈ શકે. ત્યારબાદ અગાઉ થઈ ગયેલી કૌમો અને તેમના સર્વનાશ તથા બરબાદીનું વર્ણન થયું છે. كَمْ اَهْلَكْنَا مِنْ قَبْلِهِمْ مِنْ قَرْنٍ એટલે કે, અમે તેમનાથી અગાઉ (નાફરમાનીના કારણે) કેટલીય قَـــرُنُـــوْنٍ "પેઢીઓ"નો નાશ કરી નાંખ્યો.

શબ્દ قَرْنٍ (કર્ન) તે સમુદાયને પણ કહેવામાં આવે છે, જે એક સમયે અને એક યુગમાં સંયુક્ત રીતે ઉપસ્થિત હોય અને કોઈ સમયકાળના એક લાંબા ભાગને પણ જેના વિશે દશ વર્ષથી લઈને સો વર્ષ સુધી હોવાના વિવિધ મંતવ્યો છે. પરંતુ અમુક ઘટનાઓ અને હદીષની રિવાયતોનું સમર્થન એ બાબતનું છે કે, શબ્દ قَـــرْنٍ (કર્ન) સો વર્ષ સુધીના સમયગાળાને કહેવામાં આવે છે. જેમકે એક હદીષમાં છે કે, રસૂલે કરીમ ﷺએ અબ્દુલ્લાહ બિન બશીર માઝનીને ફરમાવ્યું હતું કે, તમે એક "કર્ન" જીવિત રહેશો અને તેઓ પૂરા એકસો વર્ષ સુધી જીવતા રહ્યા હતા. રસૂલે કરીમ ﷺએ એક બાળકને દુઆ આપી કે, "કર્ન" સુધી જીવિત રહો; તો તે પૂરા સો વર્ષ સુધી જીવિત રહ્યા. મોટા ભાગના ઉલમાએ હદીષ خَيْرُ الْقُـرُوْنِ قَـرْنِىْ ثُمَّ الَّذِيْنَ يَلُوْنَهُمْ ثُمَّ الَّذِيْنَ يَلُوْنَهُمْ નો આ જ અર્થ ઠરાવે છે કે, દરેક "કર્ન" સો વર્ષ માનવામાં આવશે.

આ આયતમાં અગાઉ થઈ ચૂકેલી કૌમોની પરિસ્થિતિઓ વિશે પ્રથમ એ બતાવવામાં આવ્યું કે, તેઓને અલ્લાહ તઆલાની પૃથ્વી ઉપર તે વિશાળતા, શક્તિ તથા આર્થિક અને ભૌતિક સામાન અર્પણ કરવામાં આવ્યો હતો જે પાછળથી આવનાર લોકોને પ્રાપ્ત પણ નથી થયો. પરંતુ જ્યારે તેમણે રસૂલોને જૂઠાડવાની અને અલ્લાહના હુકમોનો વિરોધ કરવાની નીતિ અપનાવી ત્યારે આ બધી જાહોજલાલી તથા દબદબો અને માલ-સામાન અલ્લાહના અઝાબની સામે બેકાર સાબિત થઈ ગયું અને સૌનો સર્વનાશ થઈ ગયો અને તેઓ નેસ્તો નાબૂદ થઈ ગયા તો આજે જેમને સંબોધન કરવામાં આવ્યું છે તે મક્કાના નિવાસીઓ કે, જેમનામાં ન તો કૌમે આદ અને કૌમે ષમૂદ જેવી શક્તિ અને સામર્થ્ય છે અને ન જ શામ અને યમન જેવી જાહોજલાલી અને ખુશહાલી છે, માટે આ લોકોએ તો ભૂતકાળની કૌમોની ઘટનાઓમાંથી બોધપાઠ અને શિખામણ ગ્રહણ કરીને પોતાના આચરણની સમીક્ષા કરવી જોઈએ કે, સત્યનો વિરોધ કરવાથી તેમનો શું અંજામ આવ્યો.

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, وَاَنْشَاْنَا مِنْ بَعْدِهِمْ قَرْنًا اٰخَرِيْنَ એટલે કે, "અલ્લાહ જલ્લ શા'નુહૂની સંપૂર્ણ કુદરતનો ફક્ત એ જ કરિશ્મો ન હતો કે, મોટા-મોટા જાહોજલાલ અને દબદબાવાળી હુકૂમતો અને બાદશાહતના માલિક તથા શરીર સૌષ્ઠવ ધરાવતી શક્તિશાળી કોમોનો આંખના પલકારામાં નાશ કરી નાંખ્યો. બલકે, તેમનો નાશ કરતાની સાથે જ તેમની જગ્યાએ બીજી કૌમોને પેદા કરીને ત્યાં તેમના જેવી જ વસાવી દીધી કે, જોનારને એ પણ અનુભૂતિ ન થઈ શકે કે અહીંયાં કોઈ માનવસંખ્યા ઓછી થઈ છે."

અને અલ્લાહ જલ્લ શા'નુહૂની આ કુદરત તથા હિકમતનું અવલોકન તો આમ પણ દરેક યુગમાં દરેક સમયે અને સ્થળે થતું જ રહે છે કે, દરરોજ હજારો-લાખો મનુષ્યો મૌતને ભેટે છે, પરંતુ ક્યાંય કોઈ ખાલીપો દષ્ટિગોચર થતો નથી. ક્યાંય એવી અનુભૂતિ થતી નથી કે, અહીંયાં આટલા વ્યક્તિઓ મૌતને ભેટ્યા છે, માટે હવે ત્યાં કોઈ વસવાટ કરનાર બાકી નહીં રહે.

خدا جانے یہ دنیا جلوہ گاہِ ناز ہے کس کی!؟ ہزاروں اُٹھ گئے رونق وہی باقی ہے مجلس کی

અલ્લાહ જાણે આ દુનિયા કોના શણગાર સજવા-ધજવાનું સ્થળ છે !?
હજારો અહીંયાંથી ઉઠી ગયા છતાં પણ મહેફિલની રોનક એવીને એવી જ બાકી છે.

એક સમયે અરફાતના મેદાનમાં જ્યાં લગભગ દશ લાખ માણસોનો સમૂહ હતો તે બાજુ નજર ગઈ તો વિચાર્યું કે, આજથી લગભગ સિત્તેર અથવા એંસી વર્ષ પહેલાં આ સમગ્ર સમૂહમાંથી કોઈ વ્યક્તિનું પણ અસ્તિત્વ ન હતું અને આ જ સ્થળે લગભગ આટલા જ બીજા માનવો મૌજૂદ હતા, જેમનું આજે નામો-નિશાન નથી. એ જ પ્રમાણે મનુષ્યોના દરેક સમુદાય અને લોકોના દરેક જમઘટને જ્યારે તેમના ભૂતકાળ અને ભવિષ્યને મેળવીને નિહાળવામાં આવે તો એક અત્યંત પ્રભાવશાળી બોધયુક્ત ઘટના નજરે પડે છે فَتَبَارَكَ اللّٰهُ اَحْسَنُ الْخَالِقِيْنَ

બીજી આયત એક ખાસ ઘટનાના સંદર્ભમાં નાઝિલ થઈ છે. અબ્દુલ્લાહ બિન અબી ઉમય્યાએ રસૂલુલ્લાહ ﷺ સામે એક વાહિયાત પ્રકારની માંગણી રજૂ કરી અને કહ્યું કે, "હું તો તમારા ઉપર ત્યાં સુધી ઈમાન નથી લાવી શકતો, જ્યાં સુધી કે, હું આ ઘટના નજરે ન નિહાળી લઉં કે તમે આસમાન ઉપર ચઢી જાઓ અને ત્યાંથી અમારી સમક્ષ એક કિતાબ લઈને આવો, જેમાં મારું નામ લઈને એ આવ્યું હોય કે, હું તમારું સમર્થન કરું" અને આ બધું કહીને એ પણ કહી દીધું કે, "જો તમે આ બધું કદાચ કરી બતાવો તો પણ હું તો મુસલમાન થતો હોવું એમ દેખાતું નથી."

અને આશ્ચર્યજનક સંયોગ એ છે કે, આમ છતાં આ વ્યક્તિ પાછળથી મુસલમાન થઈ ગયો અને એવો મુસલમાન થયો કે, ઈસ્લામનો ગાઝી બનીને ગઝ્વએ તાઈફમાં શહીદ થઈ ગયો. કૌમોની આવી વાહિયાત અને વ્યર્થ માંગણીઓથી તથા ઠેકડીઓ ઉડાવવાના રંગમાં થયેલા વાર્તાલાપથી માતા-પિતાથી વધારે મહેરબાન રસૂલે કરીમ ﷺના દિલ ઉપર શું અસર થઈ હશે ? સાચો અંદાજો આપણે નથી લગાવી શકતા. ફક્ત તેની અનુભૂતિ તે જ વ્યક્તિને થઈ શકે છે, જેણે કૌમોની સુધારણા અને સફળતાની ફિકર-ચિંતા રસૂલે કરીમ ﷺ જેવી કરી હોય.

એટલા માટે આ આયતમાં આપ ﷺને સાંત્વના આપવા માટે ઈરશાદ ફરમાવવામાં આવ્યો કે, તેમની આ માંગણી કોઈ સ્વાર્થ અથવા હેતુ માટે નથી, ન જ તેના ઉપર તેમનો અમલ કરવાનો મકસદ છે, તેમની હાલત તો એવી છે કે, જે કંઈ તેઓ માંગણી કરી રહ્યા છે, જો તેનાથી પણ વધારે સ્પષ્ટ સ્વરૂપો આપ ﷺની સચ્ચાઈના તેમની સામે આવી જાય તો પણ તેઓ તેને સ્વીકારશે નહીં.

દાખલા તરીકે, તેમની ફરમાઇશ પ્રમાણે આસમાનોમાંથી કાગળ ઉપર લખેલી કિતાબ ઉતારવામાં આવે અને ફક્ત એટલું જ નહીં કે તેઓ તેને પોતાની નજરે નિહાળી લે, જેથી તેમાં નજરબંદી કે જાદૂની કોઈ સંભાવના ન રહે બલકે, તેઓ આ કિતાબને પોતાના હાથોથી સ્પર્શીને જોઈ લે કે, આ ફક્ત કોઈ કલ્પના નથી, હકીકત છે. પરંતુ કારણ કે, તેમની બધી જ વાતો દુશ્મનાવટ અને ઈર્ષ્યાના કારણે છે એટલા માટે ત્યારે પણ તેઓ એવું જ કહેશે કે, اِنْ هٰذَاۤ اِلَّا سِحْرٌ مُّبِيْنٌ આ તો ઉઘાડો જાદૂ છે.

ત્રીજી આયતના નાઝિલ થવાના સંદર્ભમાં પણ એક ઘટના છે કે, આ જ અબ્દુલ્લાહ બિન અબી ઉમય્યા અને નજર બિન હારિષ તથા નવફલ બિન ખાલિદ એક સમયે ભેગા થઈને રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયા અને એવી માંગણી રજૂ કરી કે, "અમે તો તમારા ઉપર ત્યારે જ ઈમાન લાવીશું, જ્યારે કે, તમે આસમાનથી એક કિતાબ લઈને આવો અને તેની સાથે ચાર ફરિશ્તાઓ આવે અને તેઓ ગવાહી આપે કે, આ કિતાબ અલ્લાહ તરફથી જ આવી છે અને તમે અલ્લાહના રસૂલ છો."

તેના જવાબમાં અલ્લાહ તબારક વ તઆલાએ એક તો એ કહ્યું કે, આ અજ્ઞાન લોકો એવી માંગણીઓ કરીને પોતાના મૌત અને સર્વનાશને આમંત્રણ આપી રહ્યા છે. કારણ કે અલ્લાહનો કાનૂન એ છે કે, જ્યારે કોઈ કૌમ કોઈ પયગમ્બર પાસે કોઈ ખાસ મોઅ્જિઝાની માંગણી કરે અને અલ્લાહ તઆલા તરફથી તેમની માંગણી મુજબનો મોઅ્જિઝો બતાવવામાં આવે અને તેમ છતાં પણ જો તેઓના માનવામાં અને ઈસ્લામ લાવવામાં થોડું પણ મોડું થાય, તો તરત જ તેમને સામૂહિક અઝાબ દ્વારા હલાક કરી નાંખવામાં આવે છે. આ કૌમ એટલે કે, મક્કાના નિવાસીઓ પણ આ માંગણી કોઈ પ્રમાણિક નિય્યત કે ઈરાદાના કારણે નથી કરતા, જેને માની લેવાનું અનુમાન કરવામાં આવે. لَوْ اَنْزَلْنَا مَلَكًا لَّقُضِيَ الْاَمْرُ ثُمَّ لَا يُنْظَرُوْنَ એટલે કે, "જો અમારા તેમની માંગણી મુજબનો મોઅ્જિઝો બતાવ્યા પછી પણ જો તેઓ વિરોધ કરશે તો તેમનો નાશ કરવા માટે અલ્લાહનો હુકમ લાગુ પડી જશે અને ત્યારબાદ તેમને થોડા સમયની પણ મોહલત આપવામાં નહીં આવે." એટલા માટે તેમણે સમજી લેવું જોઈએ કે, જો તેમની માંગણી મુજબની કોઈ નિશાની જાહેર કરવામાં નથી આવતી તો તેમાં તેમની ભલાઈ છે.

આ બાબતનો એક બીજો જવાબ ચોથી આયતમાં એક અલગ અંદાજથી આ પ્રમાણે આપવામાં આવ્યો કે, આવો સવાલ કરનારા મહામૂરખ છે કે, ફરિશ્તાઓને નાઝિલ કરવાની માંગણી કરી રહ્યા છે. કારણ કે, ફરિશ્તાઓ ઊતરવાના બે સ્વરૂપો હોય છે, એક તો એ કે ફરિશ્તા પોતાના મૂળ સ્વરૂપમાં સામે આવી જાય તો તેના પ્રભાવને કોઈ મનુષ્ય સહન કરી શકતો નથી. બલકે, ડરના માર્યા તરત જ મૃત્યુ પામવાનો ભય રહ્યો હોય છે.

બીજું સ્વરૂપ એ છે કે, ફરિશ્તો મનુષ્યના સ્વરૂપમાં આવે, જેમકે હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.) નબીએ કરીમ ﷺ પાસે ઘણા વખતે માનવ સ્વરૂપે આવ્યા હતા, તો આ સ્વરૂપમાં આ સવાલ કરનારને જે વાંધો રસૂલે કરીમ ﷺ સાથે છે, તે જ વાંધો ફરિશ્તા સાથે પણ રહેશે કે, હવે તે તેને પણ માનવી જ સમજશે.

આ બધી વાહિયાત માંગણીઓ અને સવાલોના જવાબ આપ્યા પછી પાંચમી આયતમાં નબીએ કરીમ ﷺને દિલાસો આપવા માટે ઈરશાદ ફરમાવવામાં આવ્યું કે, આ ઠેકડી અને મઝાક—મશ્કરી તથા પીડા આપવાની વૃત્તિનો મા'મલો જે તમારી સાથે તમારી કૌમ કરી રહી છે, તે કોઈ ખાસ માત્ર તમારી સાથે જ નથી થયું બલકે, તમારા અગાઉ પણ બધા રસૂલો (અલૈ.)ને આવી પરિસ્થિતિ અને હિંમત તોડી નાંખે એવી હૃદય દ્રાવક ઘટનાઓ સાથે વાસ્તો પડી ચૂક્યો છે. પરંતુ તેમણે હિંમત નથી હારી અને પરિણામ એ આવ્યું કે, ઠેકડી ઉડાવનાર મઝાક—મશ્કરી કરનાર લોકોને તે જ અઝાબે પકડી લીધા કે જેના વિશે તેઓ મશ્કરી કર્યા કરતા હતા.

ખુલાસો એ છે કે, રસૂલે કરીમ ﷺનું કામ હુકમોની તબ્લીગ (પ્રચાર—પ્રસાર)નું છે. તે પ્રવૃત્તિ કરીને પોતાના દિલને તેનાથી ફારેગ થયેલ સમજો, તેની અસર કોઈને કંઈ થઈ હોય કે ન થઈ હોય, તે જોવાની રસૂલે કરીમ ﷺની જવાબદારી નથી. એટલા માટે તેમાં મશ્ગૂલ થઈને આપ ﷺ પોતાના હૃદયને દિલગીર ન બનાવો.

————————————

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૨-૧૩-૧૪)

قُلْ لِّمَنْ مَّا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ قُلْ لِّلّٰهِ ؕ كَتَبَ عَلٰى نَفْسِهِ الرَّحْمَةَ ؕ
لَيَجْمَعَنَّكُمْ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ لَا رَيْبَ فِيْهِ ؕ اَلَّذِيْنَ خَسِرُوْۤا اَنْفُسَهُمْ فَهُمْ لَا
يُؤْمِنُوْنَ ﴿۱۲﴾ وَلَهٗ مَا سَكَنَ فِي الَّيْلِ وَالنَّهَارِ ؕ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿۱۳﴾ قُلْ اَغَيْرَ
اللّٰهِ اَتَّخِذُ وَلِيًّا فَاطِرِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَ يُطْعِمُ وَلَا يُطْعَمُ ؕ قُلْ اِنِّيْۤ اُمِرْتُ
اَنْ اَكُوْنَ اَوَّلَ مَنْ اَسْلَمَ وَلَا تَكُوْنَنَّ مِنَ الْمُشْرِكِيْنَ ﴿۱۴﴾

તરજુમો :

તમે પૂછો કે જે કંઈ આસમાનો અને જમીનમાં છે, કોનું છે ? કહી આપો ! અલ્લાહનું છે, તેણે પોતાના જિમ્મે મહેરબાની લખી છે, અલબત્ત તમને કયામતના દિવસ સુધી એકઠા કરશે કે તેમાં કોઈ શંકા નથી, જે લોકો પોતાની જાતોને નુકસાનમાં નાંખી ચૂક્યા તે જ ઈમાન નથી લાવતા. (૧૨) અને અલ્લાહનું જ છે જે કંઈ કે રાત્રે અને દિવસે આરામ કરે છે, અને તે જ સઘળું સાંભળનારો, જાણનારો છે. (૧૩) તમે કહી આપો ! શું બીજો કોઈ મદદગાર બનાવું અલ્લાહના સિવાય જે આસમાનો અને જમીનનો બનાવનાર છે, અને તે સૌને ખવડાવે છે અને તેને કોઈ નથી ખવડાવતું; કહી આપો ! મને હુકમ થયો છે કે સૌથી પહેલાં હુકમ માનું અને તું કદાપિ શિર્કવાળો ન થા. (૧૪)

તફસીર :

(હે નબી ﷺ !) તમે (તે વિરોધીઓને તેમના આક્ષેપના જવાબમાં) કહી આપો કે, જે કંઈ આસમાનો અને જમીનમાં મોજૂદ છે એ સઘળું કોની મિલકત છે? (પ્રથમ તો તેઓ પણ આ જ જવાબ આપશે જેનાથી તવહીદ સાબિત થશે અને જો કોઈ કારણે કોઈ ડરના માર્યા જવાબ ન આપે તો) તમે કહી આપો કે, સઘળી અલ્લાહની જ મિલકત છે (અને તેમને એ પણ કહી આપો કે), અલ્લાહ તઆલાએ (પોતાની કૃપાથી તવબહ કરનારાઓની સાથે) મહેરબાની કરવાનું પોતાના માથે જરૂરી કરી લીધું છે (અને એ પણ કહી આપો કે, જો તમે તવહીદનો

સ્વીકાર ન કર્યો તો પછી તમારે સજા પણ ભોગવવી પડશે, કારણ કે) તમને અલ્લાહ તઆલા કયામતના દિવસે (કબ્રોમાંથી જીવતા ઉઠાડીને હશ્રના મેદાનમાં) ભેગા કરશે (અને કયામતની હાલત એ છે કે) તેના આવવામાં કોઈ શંકા નથી (પરંતુ) જે લોકોએ પોતાને (એટલે કે પોતાની બુદ્ધિ અને સમજદારીને કામે ન લગાડીને) બરબાદ કરી લીધા છે બસ, તેઓ ઈમાન નહીં લાવે (અને તેમને હુજ્જત પૂરી કરવા માટે એ પણ કહી આપો કે), અલ્લાહની જ મિલકત છે જે કંઈ રાતમાં અને દિવસમાં રહે છે (આ અને તેનાથી આગળની આયત قُلْ لِمَنْ مَّا فِي السَّمٰوٰتِ નો સંયુક્ત હેતુ એ થયો કે, જેટલી પણ વસ્તુઓ કોઈપણ સ્થળે અથવા યુગમાં છે બધી જ અલ્લાહની મિલકત છે) અને તે જ સઘળું સાંભળનાર સર્વજ્ઞ છે (પછી તવહીદની સાબિતી આપ્યા બાદ) તેમને કહી આપો કે, શું અલ્લાહ સિવાય અન્ય કોઈ આસમાન અને જમીનને પેદા કરનારો છે ? અને જે (સૌને) ખાવું ખવડાવે છે અને તેને કોઈ નથી ખવડાવતું (કારણ કે, તે ખાવા-પીવા જેવી બાબતોથી ઉપરવટ અને પવિત્ર છે તો શું આવા અલ્લાહ સિવાય) કોઈ અન્યને પોતાનો મઅ્બૂદ ઠરાવી આપું ? (તમે ઈન્કાર કરનારાઓને ખુલાસા સ્વરૂપે પોતે) કહી આપો (કે હું અલ્લાહ તઆલા સિવાય અન્યને મઅ્બૂદ કેવી રીતે ઠરાવી શકું છું !? જે બુદ્ધિ અને વાસ્તવિકતાથી પણ વિરુદ્ધ બાબત છે) મને તો એ હુકમ થયો છે કે, સૌ પ્રથમ હું ઈસ્લામનો સ્વીકાર કરી લઉં (જેમાં તવહીદનો અકીદહ પણ આવી ગયો) અને (મને આ કહેવામાં આવ્યું છે કે) તમે મુશ્રિકોમાંથી કદાપિ ન થજો.

મસ્અલા અને બોધપાઠ :

આયત قُلْ لِّمَنْ مَّافِي السَّمٰوٰتِ માં કાફિરોને સવાલ કરવામાં આવ્યો છે, આસમાન અને જમીન અને તેની સમગ્ર સૃષ્ટિનો માલિક કોણ છે ? પછી પોતે જ રસૂલે કરીમ ﷺની જીભ મુબારકથી એનો જવાબ આપવામાં આવ્યો કે, આ બધાનો માલિક અલ્લાહ તબારક વ તઆલા જ છે. કાફિરોના જવાબની રાહ જોયા વિના પોતે જ જવાબ આપવાનું કારણ એ છે કે, આ જવાબ મક્કાના કાફિરો નજીક પણ માન્ય હતો. જો કે, તેઓ શિર્ક અને મૂર્તિપૂજામાં ઓત-પ્રોત હતા પરંતુ જમીન, આસમાન અને સમગ્ર સૃષ્ટિનો માલિક અલ્લાહ તઆલાને જ માનતા હતા.

فِی اِلٰی یَوْمِ الْقِیٰمَةِ લَیَجْمَعَنَّکُمْ માં શબ્દ اِلٰی (ઈલા) "તરફ" યા તો فِی (ફી)ના અર્થમાં છે અને તેનો અર્થ એ છે કે, અલ્લાહ તઆલા બધા જ આગલા અને પાછલા લોકોને કયામતના દિવસે ભેગા કરશે અથવા તો جَمَعُ فِی الْقُبُوْر ના અર્થમાં છે. તેનો ભાવાર્થ એ નીકળ્યો કે, કયામત સુધી બધા જ મનુષ્યોને કબરોમાં ભેગા કરતા રહેશે, એટલે સુધી કે, કયામતના દિવસે બધાને સજીવન કરશે.

(કુર્તુબી)

کَتَبَ عَلٰی نَفْسِهِ الرَّحْمَةَ સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, જ્યારે અલ્લાહ તઆલાએ સમગ્ર મખ્લૂકને પેદા કરી તો વાયદાનું એક લખાણ પોતાના જિમ્મે લખી લીધું, જે અલ્લાહ તઆલા પાસે છે, જેનો વિષય એ છે اِنَّ رَحْمَتِیْ تَغْلِبُ عَلٰی غَضَبِیْ એટલે કે, મારી રહમત મારા ગુસ્સા ઉપર ગાલિબ (પ્રભાવી) રહેશે."

(કુર્તુબી)

اَلَّذِیْنَ خَسِرُوْا اَنْفُسَهُمْ એમાં ઈશારો છે કે, શરૂઆતની આયતમાં અલ્લાહ તઆલાએ જે સર્વસામાન્ય રહમતનું વર્ણન કર્યું છે જો કાફિરો અને મુશ્રિકો એનાથી વંચિત થઈ જાય તો પોતે તેઓ પોતાના આચરણથી વંચિત થઈ જશે. કારણ કે, તેમણે રહમત પ્રાપ્ત કરવાનો તરીકો એટલે કે, ઈમાનને અપનાવ્યું નહીં.

(કુર્તુબી)

لَهٗ مَا سَکَنَ فِی الَّیْلِ وَا لنَّهَارِ અહીંયાં سُکُوْن (સુકૂન)નો અર્થ યા તો "આરામ" અને "રાહત" છે અથવા તો એ અર્થ છે કે જે વસ્તુઓ દુનિયાના રાત અને દિવસમાં ઉપસ્થિત છે તે બધી જ અલ્લાહની મિલકત છે અને એ પણ હોઈ શકે છે કે એનો અર્થ આરામ અને હલન-ચલન બંને સંયુક્ત રીતે હોય, એટલે وَمَا تَحَرَّکَ مَا سَکَنَ અને વર્ણન ફક્ત આરામનું કરવામાં આવ્યું, હલન-ચલન જે તેનો વિરોધી શબ્દ છે તે આપોઆપ સમજમાં આવી શકે છે.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૫ થી ૨૧)

قُلْ اِنِّيْٓ اَخَافُ اِنْ عَصَيْتُ رَبِّيْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ﴿١٥﴾ مَنْ يُّصْرَفْ عَنْهُ يَوْمَئِذٍ
فَقَدْ رَحِمَهٗ ۭ وَذٰلِكَ الْفَوْزُ الْمُبِيْنُ ﴿١٦﴾ وَاِنْ يَّمْسَسْكَ اللّٰهُ بِضُرٍّ فَلَا كَاشِفَ لَهٗٓ اِلَّا هُوَ ۭ
وَاِنْ يَّمْسَسْكَ بِخَيْرٍ فَهُوَ عَلٰي كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿١٧﴾ وَهُوَ الْقَاهِرُ فَوْقَ عِبَادِهٖ ۭ وَ
هُوَ الْحَكِيْمُ الْخَبِيْرُ ﴿١٨﴾ قُلْ اَيُّ شَيْءٍ اَكْبَرُ شَهَادَةً ۭ قُلِ اللّٰهُ شَهِيْدٌۢ بَيْنِيْ وَ
بَيْنَكُمْ ۣ وَاُوْحِيَ اِلَيَّ هٰذَا الْقُرْاٰنُ لِاُنْذِرَكُمْ بِهٖ وَمَنْۢ بَلَغَ ۭ اَىِٕنَّكُمْ لَتَشْهَدُوْنَ اَنَّ
مَعَ اللّٰهِ اٰلِهَةً اُخْرٰي ۭ قُلْ لَّآ اَشْهَدُ ۚ قُلْ اِنَّمَا هُوَ اِلٰهٌ وَّاحِدٌ وَّاِنَّنِيْ بَرِيْۗءٌ مِّمَّا
تُشْرِكُوْنَ ﴿١٩﴾ اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَعْرِفُوْنَهٗ كَمَا يَعْرِفُوْنَ اَبْنَاۗءَهُمْ ۘ اَلَّذِيْنَ
خَسِرُوْٓا اَنْفُسَهُمْ فَهُمْ لَا يُؤْمِنُوْنَ ﴿٢٠﴾ وَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰي عَلَي اللّٰهِ كَذِبًا
اَوْ كَذَّبَ بِاٰيٰتِهٖ ۭ اِنَّهٗ لَا يُفْلِحُ الظّٰلِمُوْنَ ﴿٢١﴾

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહી આપો ! હું એક મોટા દિવસના અઝાબથી ડરું છું જો મારા પરવરદિગારની નાફરમાની કરું. (૧૫) જેના ઉપરથી તે દિવસે તે અઝાબ ટળી ગયો તો તેના ઉપર અલ્લાહે રહમત કરી, અને તે જ મોટી સફળતા છે. (૧૬) અને જો તમને અલ્લાહ કોઈ સખતી (કઠણાઈ) પહોંચાડે તો તેના સિવાય તેને કોઈ દૂર કરનાર નથી, અને જો ભલાઈ પહોંચાડે તો તે દરેક વસ્તુ ઉપર શક્તિ (કાબૂ) ધરાવે છે. (૧૭) અને પોતાના બંદાઓ ઉપર તેનું જ જોર (સત્તા) છે, અને તે જ મોટી હિકમતવાળો સૌની ખબર રાખનારો છે. (૧૮) તમે પૂછો, સૌથી મોટો ગવાહ કોણ છે ? કહી આપો ! મારી અને તમારી વચ્ચે અલ્લાહ ગવાહ છે, અને મારા ઉપર આ કુર્આન ઊતર્યું છે જેથી તમને તેનાથી ખબરદાર કરી આપું અને જેને એ પહોંચે; શું તમે ગવાહી આપો છો કે અલ્લાહની સાથે બીજા પણ મઅ્બૂદ છે ? તમે કહી આપો ! હું તો ગવાહી નહીં આપું; કહી

આપો ! તે જ મઅ્બૂદ છે એકમાત્ર અને હું તમારા શિર્કથી બેઝાર છું (તમારા શિર્કથી મારે કંઈ જ લેવાદેવા નથી). (૧૯) જેમને અમે કિતાબ આપી છે તેઓ તેમને એવી રીતે ઓળખે છે જેમકે પોતાના બેટાઓને ઓળખે છે, જે લોકો પોતાની જાતોને નુકસાનમાં નાંખી ચૂક્યા તેઓ જ ઈમાન નથી લાવતા. (૨૦) અને એનાથી વધીને જાલિમ કોણ જે અલ્લાહ ઉપર તોહમત લગાવે અથવા તેની આયતોને જૂઠાડે ? નિ:શંક ! જાલિમોને ભલાઈ નસીબ નથી થતી. (૨૧)

તફસીર :

(હે નબી ﷺ !) તમે કહી આપો કે, જો હું મારા પરવરદિગારનું કહ્યું ન માનું (કે ઈસ્લામ અને ઈમાનના હુકમનું અનુસરણ ન કરું અથવા શિર્કમાં સંડોવાઈ જાઉં) તો હું એક મોટા દિવસ (એટલે કે કયામત)ના અઝાબથી ડરું છું (એ દેખીતું છે કે, રસૂલે કરીમ ﷺ માસૂમ છે, ઈસ્લામ અને ઈમાનના વિરુદ્ધ શિર્ક અને ગુનાહ થવા આપ ﷺ માટે શક્ય નથી પરંતુ અહીંયાં સામાન્ય ઉમ્મતને સંભળાવવાનો હેતુ છે કે માસૂમ નબી પણ અલ્લાહના અઝાબથી ડરે છે, પછી ફરમાવ્યું કે તે અઝાબ એવો છે કે) જે વ્યક્તિ ઉપરથી તે દિવસનો અઝાબ હટાવી દેવામાં આવ્યો તેના ઉપર અલ્લાહ તઆલાની મોટી કૃપા થઈ અને આ (અઝાબનું હટી જવું અને અલ્લાહની રહમતનું કેન્દ્રિત થઈ જવું) ઉઘાડી સફળતા છે (તેમાં તે રહમતનું પણ વર્ણન આવી ગયું જેનો ઉલ્લેખ આ અગાઉ كَتَبَ عَلٰى نَفْسِهِ الرَّحْمَةَ માં આવ્યો છે) અને (આપ ﷺ તેમને એ પણ સંભળાવી આપો કે, હે માનવ !) જો તને અલ્લાહ તઆલા કોઈ તકલીફ (દુનિયા અથવા આખિરતમાં) પહોંચાડવા ઈચ્છે તો તેને દૂર કરનાર અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી. (તે ઈચ્છે તો દૂર કરે અથવા ન કરે અથવા જલદી કરે અથવા મોડું કરે) અને જો તને (આ જ પ્રમાણે) કોઈ લાભ પહોંચાડે (તો એને હટાવનાર પણ કોઈ નથી, જેમકે બીજી જગ્યાએ છે لَا رَآدَّ لِفَضْلِهٖ કારણ કે) તે દરેક વસ્તુ ઉપર સંપૂર્ણ શક્તિ (કાબૂ) ધરાવે છે (અને પ્રસ્તુત વિષયની તાકીદ માટે એ પણ ફરમાવી આપો કે) તે જ અલ્લાહ તઆલા (શક્તિના આધારે) પોતાના બંદાઓ ઉપર સત્તાધીશ અને જોરાવર છે (અને જ્ઞાનના આધારે) તે જ મહાન હિકમતવાળો અને સંપૂર્ણ ખબર રાખનારો છે (બસ, તે જ્ઞાનથી બધાની હાલતને

સારી પેઠે જાણે છે અને પોતાની શક્તિથી બધાને ભેગા કરી દેશે અને હિકમત પ્રમાણે દરેકને યોગ્ય બદલો અને સજા આપશે) તમે (તે તવહીદ અને રિસાલતના ઈન્કારીઓને) કહી આપો કે, (વારું ! એ તો બતાવો કે) સૌથી વધીને કોઈ વસ્તુ ગવાહી માટે કઈ છે ? (જેની ગવાહી આપવાથી સૌનો વિરોધ દૂર થઈ જાય તો તેનો જવાબ દેખીતું છે કે એ જ હશે કે, અલ્લાહ તઆલાની ગવાહી સૌથી વધીને હશે, પછી) તમે કહી આપો કે મારા અને તમારા વચ્ચે (જે મસ્અલામાં વિરોધ છે તેમાં તે જ) અલ્લાહ તઆલા ગવાહ છે (જેની ગવાહી સૌથી વધીને છે) અને (તેની ગવાહી એ છે કે) મારી પાસે આ કુર્આન વહી સ્વરૂપે (અલ્લાહ તરફથી) મોકલવામાં આવ્યું છે, જેથી હું તે કુર્આન દ્વારા તમને અને જેને-જેને આ કુર્આન પહોંચે તે બધાને (તે ચેતવણીઓથી) ડરાવું (જે તવહીદ અને રિસાલતના ઈન્કાર કરવા ઉપર તેમાં ઉપસ્થિત છે, કારણ કે કુર્આન મજીદની પ્રતિષ્ઠા એવી છે કે તેનું ઉદાહરણ બનાવવાથી સમગ્ર દુનિયા લાચાર છે, આથી તે અલ્લાહ તઆલાની ગવાહી અને રસૂલ ﷺની સચ્ચાઈની સાબિતી છે અને કુર્આનના વિષયો તેની સ્પષ્ટતાની ગવાહી છે) શું તમે (આ મહાન ગવાહી પછી પણ જેમાં તવહીદ સામેલ છે) તવહીદના વિષયમાં સાચે-સાચી તે જ ગવાહી આપશો કે અલ્લાહ તઆલા સાથે (ઈબાદતના અધિકારમાં) કોઈ અન્ય મઅ્બૂદ પણ (ભાગીદાર) છે ? (અને જો તેઓ હઠધર્મીથી એવું પણ કહી આપે કે હા ! અમે તો એ જ ગવાહી આપીએ છીએ, તો તે વખતે તેમની સાથે ચર્ચા કરવી વ્યર્થ છે બલકે ફક્ત) તમે (પોતાના અકીદહને જાહેર કરવા માટે) કહી આપો કે, હું તો એવી ગવાહી નથી આપતો અને બેશક ! હું તમારા અકીદહથી બિલકુલ અળગો છું (અને આપ ﷺની રિસાલત વિશે જે આ લોકો કહે છે કે, અમે યહૂદ અને નસારાથી પૂછીને જોઈ લીધું તો આ મા'મલાની તહકીક એ છે કે) જે લોકોને અમે કિતાબ (તવરાત અને ઈન્જીલ) આપી છે તે બધા લોકો રસૂલ (ﷺ)ને (એવી રીતે) ઓળખે છે કે જે પ્રમાણે પોતાના દિકરાઓને ઓળખે છે (પરંતુ જ્યારે મોટી ગવાહીની વાત હોય છે તો અહલે કિતાબની ગવાહી ઉપર આધાર નથી માટે તે ગવાહી ન હોવાથી પણ કોઈ દલીલ કરી શકાતી નથી અને આવી મોટી ગવાહી હોવા છતાં પણ) જે લોકોએ પોતાને નુકસાનમાં નાંખ્યા તેઓ ઈમાન નહીં લાવે (બુદ્ધિભ્રષ્ટ થવાનો અર્થ એ છે કે તેમણે પોતાની બુદ્ધિને સુષુપ્ત કરી દીધી અને

અક્કલથી કામ ન લીધું) તેનાથી વધારે કોણ જાલિમ હશે જે અલ્લાહ ઉપર જૂઠું બોહતાન બાંધે અથવા અલ્લાહ તઆલાની આયતોને જૂઠાડે ? આવા નાઈન્સાફો(ની હાલત એ હશે) કે તેમનો (કયામતના દિવસે) છુટકારો નહીં થાય (બલકે તેઓ કાયમી અઝાબમાં સપડાયેલા રહેશે).

મસ્અલા અને બોધપાઠ :

પાછળની આયતોમાં અલ્લાહ જલ્લ શા'નુહૂની સંપૂર્ણ કુદરતનો ઉલ્લેખ કરીને તેના ઉપર ઈમાન લાવવાનો અને શિર્કથી બચવાનો હુકમ આપવામાં આવ્યો હતો. પ્રસ્તુત આયતોની પ્રથમ આયતમાં આ હુકમનો વિરોધ કરવાના કારણે અઝાબનું એક ખાસ પ્રકારની શૈલીમાં વર્ણન થયું છે કે, રસૂલે કરીમ ﷺને હુકમ આપવામાં આંવ્યો છે કે, તમે લોકોને કહી આપો કે, જો ધારી લો કે હું પણ પરવરદિગારના હુકમનો વિરોધ કરું તો મને પણ કયામતના દિવસે અઝાબનો ડર છે. એ દેખીતું છે કે, રસૂલે કરીમ ﷺ પ્રત્યેક ગુનાહથી પાક અને માસૂમ (નિર્દોષ) છે. રસૂલે કરીમ ﷺ માટે અલ્લાહની નાફરમાનીની કલ્પના સુદ્ધાં પણ કરી શકાય નહીં, પરંતુ રસૂલે કરીમ ﷺને સંબોધીને ઉમ્મતને એ બતાવવાનું છે કે, આ હુકમનો વિરોધ કરવાથી જો નબીઉલ અંબિયા ﷺને પણ મા'ફ કરવામાં નહિ આવે તો પછી અન્ય કોઈ માનવીની શું મજાલ છે ?

ત્યાર પછી ફરમાવ્યું مَنْ يُّصْرَفْ عَنْهُ يَوْمَئِذٍ فَقَدْ رَحِمَهُ એટલે કે, મહશરના દિવસનો અઝાબ અત્યંત ભયંકર અને ખૂબ કઠિન હશે. જે વ્યક્તિના માથેથી આ અઝાબ ટળી ગયો, તો તે એવું સમજે કે, તેના ઉપર અલ્લાહની ઘણી મોટી રહમત (દયા-કૃપા) થઈ. وَذٰلِكَ الْفَوْزُ الْمُبِيْنُ એટલે કે, એ જ મહાન અને ખુલ્લમ-ખુલ્લી સફળતા છે. અહીંયાં સફળતાનો અર્થ જન્નતમાં પ્રવેશ પામવો છે, એનાથી જાણ થઈ કે અઝાબથી છુટકારો મળવાથી જન્નતમાં અવશ્ય પ્રવેશ મળશે.

બીજી આયતમાં ઈસ્લામના એક પાયાના અકીદહ (માન્યતા)નું વર્ણન કરવામાં આવ્યું છે કે, દરેક નફા અને નુકસાનનો માલિક વાસ્તવમાં ફક્ત અલ્લાહ જલ્લ શા'નુહૂ જ છે. કોઈ વ્યક્તિ વાસ્તવિકતાના આધારે ન કોઈને ક્ષુલ્લક લાભ પહોંચાડી શકે છે અને ન જ ક્ષુલ્લક નુકસાન. દેખીતું છે કે, જો કોઈને કોઈના હાથે

લાભ અથવા નુકસાન પહોંચતું દેખાય છે તો તે ફક્ત તેનું જાહેર સ્વરૂપ છે અને વાસ્તવમાં તો એક પડદો છે, જે કાર્ય–કારણ સિવાય કોઈ હકીકત ધરાવતો નથી.

کارزلفِ تست مشک افشانی امّا عاشقاں مصلحت را تہمتے برآہوئے چین بستہ اند؛

તારી લત (ઝુલ્ફ)નું કામ મુશ્કની સુગંધ ફેલાવવાનું છે પરંતુ તારા આશિકો માટે,
શું તું એવું ઈચ્છે છે કે દોષારોપણ ચીનના હરણ ઉપર આવે ?

આ માન્યતા પણ ઈસ્લામની તે ક્રાંતિકારી માન્યતાઓમાંથી છે, જેણે મુસલમાનોને સમગ્ર મખ્લૂકથી બેનિયાઝ બનાવી ફક્ત સર્જનહારનો નિયાઝમંદ બનાવીને એક એવો ઉદાહરણીય વર્ગ તૈયાર કરી આપ્યો, જે ગરીબી અને ભૂખા પેટે કે અત્યંત કફોડી પરિસ્થિતિમાં પણ સમગ્ર દુનિયા ઉપર ભારે છે. આ વર્ગ કોઈની સામે પોતાનું માથું નમાવવાનું નથી જાણતો.

فقر میں بھی میں سر بسر فخر وغرور و ناز ہوں : کس کا نیاز مند ہوں سب سے جو بے نیاز ہوں

તંગીમાં પણ હું ગર્વિષ્ઠ અને આનંદમય રહું છું,
કોનો હું મોહતાજ છું ? જ્યારે કે હું બેનિયાઝ (બેપરવા) છું.

કુર્આન મજીદમાં ઘણે ઠેકાણે આ વિષય વિવિધ વિષયો હેઠળ વર્ણન થયો છે. એક આયતમા ઈરશાદ છે,

مَا يَفْتَحِ اللّٰهُ لِلنَّاسِ مِنْ رَّحْمَةٍ فَلَا مُمْسِكَ لَهَا وَمَا يُمْسِكْ فَلَا مُرْسِلَ لَهٗ مِنْ بَعْدِهٖ

"અલ્લાહ તઆલાએ જે રહમત લોકો માટે ખોલી આપી તેને કોઈ રોકનારો નથી અને જેને રોકી આપે તેને કોઈ ખોલનારો નથી." (સૂરહ:૩૫, આયત:૨)

સહીહ હદીષોમાં છે કે, રસૂલે કરીમ ﷺ પોતાની દુઆઓમાં મોટે ભાગે આવું કહ્યા કરતા હતા,

اَللّٰهُمَّ لَا مَا نِعَ لِمَا اَعْطَيْتَ وَ لَا مُعْطِيَ لِمَا مَنَعْتَ وَلَا يَنْفَعُ ذَاالْجَدِّ مِنْكَ الْجَدُّ،

"હે અલ્લાહ ! જે તેં આપ્યું, તેને કોઈ રોકનારો નથી અને જે તેં રોકી લીધું તેને કોઈ આપનારો નથી અને કોઈ પ્રયત્ન કરનારનો પ્રયત્ન તારા મુકાબલામાં લાભ નથી આપી શકતો."

ઈમામ બગવી (રહ.)એ આ આયત હેઠળ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી નકલ કર્યું છે કે, "એક વખતે રસૂલે કરીમ ﷺ એક સવારી ઉપર સવાર થયા અને મને પોતાની પાછળ સવારી ઉપર બેસાડ્યો, અમુક દૂર ચાલ્યા પછી મારા તરફ કેન્દ્રિત થઈને ફરમાવ્યું કે, હે છોકરા ! મેં વિનંતી કરી; જી! હાજર છું, શું હુકમ છે ? આપ ﷺએ ફરમાવ્યું કે, તમે અલ્લાહને યાદ રાખો ! અલ્લાહ તમને યાદ રાખશે, તમે અલ્લાહને યાદ રાખશો તો તમે દરેક પરિસ્થિતિમાં તેને પોતાની સામે અનુભવશો, તમે શાંતિ અને રાહત તથા ખુશી–આનંદના સમયે અલ્લાહને ઓળખો તો તમારી મુસીબતના સમયે અલ્લાહ તમને ઓળખશે. જ્યારે તમારે સવાલ કરવાનો હોય તો ફક્ત અલ્લાહથી સવાલ કરો અને મદદ માંગવી હોય તો ફક્ત અલ્લાહથી મદદ માંગો. જે કંઈ દુનિયામાં થવાનું છે તકદીરની કલમ (લેખણી) તેને લખી ચૂકી છે. જો સમગ્ર મખ્લૂક (સૃષ્ટિના પ્રત્યેક તત્ત્વો) ભેગા મળી એવો પ્રયત્ન કરે કે, તમને કોઈ એવો લાભ પહોંચાડે કે જે અલ્લાહ તઆલાએ તમારા હિસ્સામાં નથી રાખ્યો, તો તેઓ એવું કદાપિ નહીં કરી શકે અને જો તે બધા મળીને એવો પ્રયત્ન કરે કે, તમને કોઈ એવું નુકસાન પહોંચાડે જે તમારી કિસ્મતમાં નથી, તો તેઓ કદાપિ તેની શક્તિ નહીં મેળવી શકે; તો સબ્ર કરો (ધૈર્ય ધરો) ! કારણ કે, પોતાના સ્વભાવ વિરુદ્ધ વસ્તુઓ ઉપર ધૈર્ય ધરવામાં જ મોટી ભલાઈ અને બરકત છે અને સારી પેઠે સમજી લો કે, અલ્લાહ તઆલાની મદદ સબ્રની સાથે છે અને મુસીબતની સાથે રાહત અને તંગીની સાથે છૂટછાટ (પણ) છે."

(આ હદીષ તિરમિઝી અને મુસ્નદે અહમદમાં સહીહ સનદ સાથે ઉપસ્થિત છે.)

અફસોસ છે કે, કુર્આનના આ સ્પષ્ટ એલાન અને રસૂલે કરીમ ﷺની સમગ્ર જિંદગીની તા'લીમ છતાં આ ઉમ્મત આ મા'મલામાં ભટકવા લાગી છે. પામર માનવીએ સમગ્ર ખુદાઈ અધિકારો અને સત્તા મખ્લૂકને ફાળે વહેંચી દીધી. આજે મુસલમાનોની એક મોટી સંખ્યા છે જે મુસીબતના સમયે અલ્લાહ તઆલાને પોકારવા અને તેનાથી દુઆ માંગવા કે તેના વિવિધ નામો અને સિફતોથી તેને યાદ કરવા અને દુહાઈ દેવા તથા તેનાથી મદદ માંગવાના બદલે તેના તરફ ધ્યાન સુદ્ધાં નથી આપતા. અંબિયા (અલૈ.) અને અવલિયા (રહ.)ના વસીલાથી દુઆ માંગવી જાઇઝ હોવું બીજી વાત છે અને પોતે નબીએ કરીમ

ﷺની તા'લીમમાં તેની સાબિતી મળે છે પરંતુ સીધે-સીધી કોઈ મખ્લૂકની જરૂરિયાત પૂરી કરવા માટે તેમને પોકારવું અને તેમની પાસેથી પોતાની જરૂરિયાતો માંગવી કુર્આનના આ હુકમથી ખુલ્લી બગાવત (બળવો) છે. અલ્લાહ તઆલા મુસલમાનોને સીરાતે મુસ્તકીમ (સીધા માર્ગ) ઉપર કાયમ રાખે. આમીન.

અંતિમ આયતમાં ફરમાવ્યું, وَهُوَ الْقَاهِرُ فَوْقَ عِبَادِهِ وَهُوَ الْحَكِيمُ الْخَبِيرُ એટલે કે, અલ્લાહ તઆલા જ પોતાના બધા બંદાઓ ઉપર કાબૂ અને સત્તા ધરાવે છે અને બધા તેની કુદરતના આધીન અને તેના મોહતાજ છે. એ જ કારણ છે કે, દુનિયાનો કોઈ મોટામાં મોટો માણસ ભલે અલ્લાહનો મહબૂબ અને નિકટનો રસૂલ હોય અથવા દુનિયાનો મોટામાં મોટો કોઈ બાદશાહ હોય, પોતાના પ્રત્યેક ઈરાદામાં સફળ નથી થતો અને તેની દરેક ઇચ્છા પૂર્ણ કે ફળિભૂત નથી થતી.

તે હકીમ પણ છે કે તેના તમામ કૃત્યો હિકમત ઉપર આધારિત છે અને દરેક વસ્તુને સારી પેઠે જાણનારો પણ છે, તેમાં શબ્દ قَاهِرٌ (કાહિર)થી અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતનો અને શબ્દ حَكِيم (હકીમ)થી તેના સર્વત્ર છવાયેલા જ્ઞાનનું વર્ણન કરીને બતાવવામાં આવ્યું કે, તે પોતાની બધી જ ખાસિયતો અને જ્ઞાનની વિશેષતાઓ અને સર્વશક્તિમાન હોવાની હેસિયતથી આ બધી જ બાબતોમાં એકમાત્ર છે.

પાંચમી આયત વિશે એક ખાસ ઘટના શા'ને નુઝૂલ તરીકે હોવાનું મુફસ્સિરોએ વર્ણન કર્યું છે કે, એક વખતે મક્કાના નિવાસીઓનું એક પ્રતિનિધિ મંડળ નબીએ કરીમ ﷺ પાસે આવ્યું અને તેઓ કહેવા લાગ્યા કે, "તમે અલ્લાહના રસૂલ હોવાનો જે દા'વો કરો છો, તેના ઉપર તમારો ગવાહ કોણ છે ? કારણ કે, અમને કોઈ વ્યક્તિ એવો નથી મળ્યો, જે તમારા દા'વાની ખરાઈ કરે. જ્યારે કે અમે યહૂદીઓ અને નસારાથી તેની તહકીક કરવાની સંપૂર્ણ કોશીશ કરી." એ બાબત ઉપર આ આયત નાઝિલ થઈ قُلْ اَىُّ شَىْءٍ اَكْبَرُ شَهَادَةً એટલે કે, (હે નબી ﷺ !) તમે કહી આપો કે, અલ્લાહથી વધીને કોની ગવાહી હશે ? જેના કબજામાં સમગ્ર સૃષ્ટિ અને બધા જ લાભ અને નુકસાન છે. પછી તમે કહી આપો કે, મારા અને તમારા દરમિયાન અલ્લાહ ગવાહ છે અને અલ્લાહ તઆલાની ગવાહથી અર્થ તે મોઅ્જિઝાઓ અને ખુલ્લી નિશાનીઓ છે, જે

અલ્લાહ તઆલાએ આપ ﷺ માટે રસૂલે બરહક હોવાના સંદર્ભમાં જાહેર કરી હતી. એટલા માટે ત્યારબાદ મક્કાના નિવાસીઓને સંબોધન કરીને આ ફરમાવ્યું, أَئِنَّكُمْ لَتَشْهَدُونَ أَنَّ مَعَ اللَّهِ آلِهَةً أُخْرَىٰ શું અલ્લાહ તઆલાની આ ગવાહી પછી પણ તમે તેના વિરોધમાં ગવાહી આપો છો કે, અલ્લાહ તઆલાની સાથે અન્ય મઅ્બૂદ પણ છે? જો એવું જ છે તો પોતાના અંજામને સમજો (જાણો), હું તો આવી ગવાહી નથી આપી શકતો. قُلْ إِنَّمَا هُوَ إِلَٰهٌ وَاحِدٌ એટલે કે, "આપ ﷺ કહી આપો કે, અલ્લાહ તઆલા એકમાત્ર મઅ્બૂદ છે જેનો કોઈ ભાગીદાર નથી."

અને ઈરશાદ ફરમાવ્યો, وَأُوحِيَ إِلَيَّ هَٰذَا الْقُرْآنُ لِأُنذِرَكُم بِهِ وَمَن بَلَغَ એટલે કે, "મારા ઉપર વહી સ્વરૂપે કુર્આન મોકલવામાં આવ્યું, જેથી તેના દ્વારા હું તમને અલ્લાહ તઆલાના અઝાબથી ડરાવું અને તે લોકોને ડરાવું જેમને કયામત સુધી આ કુર્આન પહોંચશે."

એનાથી સાબિત થયું કે, નબીએ કરીમ ﷺ ખાતમુન્નબિય્યિન (અંતિમ નબી) અને અંતિમ પયગમ્બર છે અને કુર્આને કરીમ અલ્લાહ તઆલાની અંતિમ કિતાબ છે. કયામત સુધી તેનું શિક્ષણ અને તિલાવત બાકી રહેશે અને લોકો માટે તેનું અનુસરણ આવશ્યક રહેશે.

હઝરત સઈદ બિન ઝુબૈર (રદિ.)એ ફરમાવ્યું કે, "જે વ્યક્તિને કુર્આન પહોંચી ગયું, તે એવો થઈ ગયો જેમકે તેણે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની ઝિયારત (દર્શન) કરી લીધી." એક હદીષમાં છે કે, "જે વ્યક્તિને કુર્આન પહોંચી ગયું, હું તેનો ડરાવનાર છું."

રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને તાકીદ ફરમાવી, بَلِّغُوا عَنِّي وَلَوْ آيَةً એટલે કે, "મારા હુકમો અને તા'લીમ લોકો સુધી પહોંચાડો, ભલે તે એક જ આયત (વાત) હોય."

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.) ફરમાવે છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા તે વ્યક્તિને તાજો-માજો અને તંદુરસ્ત રાખે, જેણે મારી કોઈ વાત સાંભળી, પછી તેને યાદ રાખી, પછી તેને ઉમ્મત સુધી પહોંચાડી દીધી." કારણ કે, ઘણી વખતે એવું બનતું હોય છે કે, એક વ્યક્તિ પોતે કોઈ વાતનો અર્થ એટલો નથી સમજતો જેટલો પાછળથી આવનારા તેને સમજે છે કે, જેમને આ વાત પહોંચાડવામાં આવી છે.

અંતિમ આયતમાં તે લોકોના એવા નિવેદનનો રદિયો છે કે, અમે યહૂદીઓ અને નસારા બધાથી તહકીક કરી લીધી, કોઈપણ આપ ﷺની સચ્ચાઈ અને નુબુવ્વતની ગવાહી આપતા નથી, તે સંદર્ભમાં ઈરશાદ થયો, اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَعْرِفُوْنَهٗ كَمَا يَعْرِفُوْنَ اَبْنَآءَهُمْ એટલે કે, "યહૂદીઓ અને નસારા તો હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને એવી રીતે ઓળખે છે, જે રીતે પોતાના સંતાનોને ઓળખતા હોય છે."

કારણ એ છે કે, તવરાત અને ઈન્જીલમાં રસૂલે કરીમ ﷺનું સંપૂર્ણ શબ્દચિત્ર, આપ ﷺનું અસલ વતન, પછી તેમના હિજરતી વતન, આપ ﷺની ટેવો, તેમની વર્તણૂંક અને આપ ﷺના કારનામાઓનું એવું વિગતવાર વર્ણન થયું છે કે, ત્યાર પછી તેમાં કોઈ શંકા-કુશંકાની સંભાવના જ નથી રહેતી. બલકે, ફક્ત આપ ﷺનું જ વર્ણન નથી, આપ ﷺના સહાબએ કિરામ (રદિ.)ની પરિસ્થિતિઓનું વિગતવાર વર્ણન તવરાત અને ઈન્જીલમાં મોજૂદ છે. એટલા માટે એની કોઈ શક્યતા નથી કે, જે વ્યક્તિ તવરાત અને ઈન્જીલને પઢતો હોય અને તેના ઉપર ઈમાન રાખતો હોય, તે રસૂલે કરીમ ﷺને ન ઓળખે.

આ સ્થળે અલ્લાહ તબારક વ તઆલાએ તેમની શંકા-કુશંકાના જવાબમાં ફરમાવ્યું કે, "જે રીતે કે તે લોકો પોતાના સંતાનોને ઓળખે છે," એવું ન કહ્યું કે, "જેવી રીતે બાળકો પોતાના માં-બાપને ઓળખે છે." કારણ એ છે કે, માં-બાપની પોતાના બાળકો વિશેની ઓળખ વધારે ચોક્કસ અને સ્પષ્ટ હોય છે. બાળકોના શરીરના દરેક અવયવને માં-બાપ સારી રીતે ઓળખે છે, કારણ કે તે તેમની સામે સતત રહે છે. બાળપણથી લઈને યુવાની સુધી બાળક તેમના હાથોમાં અને ખોળામાં પાલણ-પોષણ પામે છે. એટલા માટે માતા-પિતા જેટલી પોતાની અવલાદને ઓળખે છે, એટલી અવલાદ માં-બાપને નથી ઓળખી શકતી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ (રદિ.) જે પ્રથમ યહૂદી હતા અને પછી મુસલમાન થઈ ગયા, હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ તેમને પ્રશ્ન કર્યો કે, "અલ્લાહ તઆલાએ કુર્આનમાં ખબર આપી છે કે, તમારા લોકો અમારા રસૂલે કરીમ ﷺને એવી રીતે ઓળખે છે, જેવી રીતે કે તેઓ પોતાની અવલાદને ઓળખે છે, તેનું શું કારણ છે ?" અબ્દુલ્લાહ બિન સલામ (રદિ.)એ ફરમાવ્યું કે,

"હા ! અમે રસૂલે કરીમ ﷺના અલ્લાહ તઆલાએ વર્ણન કરેલ ગુણ-લક્ષણો સહિત તેમને ઓળખીએ છીએ, જે અલ્લાહ તઆલાએ તવરાતમાં નાઝિલ ફરમાવ્યા છે. એટલા માટે તેનું જ્ઞાન અમને ચોક્કસ અને દઢ વિશ્વાસ સાથે છે. પોતાની અવલાદ કરતાં પણ વધારે, કારણ કે એમાં તો શંકા પણ થઈ શકે છે કે આ અમારી અવલાદ છે કે નહીં ?"

હઝરત ઝૈદ બિન ષના જે અહલે કિતાબમાંથી છે, તેમણે રસૂલે કરીમ ﷺને તવરાત અને ઈન્જીલના વર્ણન કરેલ ગુણ-લક્ષણોથી જ ઓળખ્યા હતા. ફક્ત એક લક્ષણ એવું હતું જેની તેમને પ્રથમ ખરાઈ ન થઈ શકી હતી પરંતુ કસોટી પછી તેની પણ ખરાઈ થઈ ગઈ, તે એ કે રસૂલે કરીમ ﷺની સહનશીલતા તેમના ગુસ્સા ઉપર છવાયેલી હતી. પછી રસૂલે કરીમ ﷺની સેવામાં પહોંચીને એનો અનુભવ કર્યો તો આ સિફત પણ સંપૂર્ણ રીતે રસૂલે કરીમ ﷺમાં જોઈ અને તે જ વખતે તેઓ મુસલમાન થઈ ગયા.

અંતિમ આયતમાં ફરમાવ્યું છે કે, આ અહલે કિતાબ જે સંપૂર્ણ રીતે સારી પેઠે રસૂલે કરીમ ﷺને ઓળખે છે; તે છતાં મુસલમાન થતા નથી. આ રીતે તેઓ પોતાના હાથોથી પોતાને બરબાદ કરી રહ્યા છે અને નુકસાનમાં પડી રહ્યા છે. اَلَّذِيْنَ خَسِرُوْٓا اَنْفُسَهُمْ فَهُمْ لَا يُؤْمِنُوْنَ

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૨૨ થી ૨૬)

وَيَوْمَ نَحْشُرُهُمْ جَمِيْعًا ثُمَّ نَقُوْلُ لِلَّذِيْنَ اَشْرَكُوْٓا اَيْنَ شُرَكَاۗؤُكُمُ الَّذِيْنَ
كُنْتُمْ تَزْعُمُوْنَ ﴿٢٢﴾ ثُمَّ لَمْ تَكُنْ فِتْنَتُهُمْ اِلَّآ اَنْ قَالُوْا وَاللّٰهِ رَبِّنَا مَا كُنَّا مُشْرِكِيْنَ ﴿٢٣﴾
اُنْظُرْ كَيْفَ كَذَبُوْا عَلٰٓي اَنْفُسِهِمْ وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿٢٤﴾ وَمِنْهُمْ
مَّنْ يَّسْتَمِعُ اِلَيْكَ ۚ وَجَعَلْنَا عَلٰي قُلُوْبِهِمْ اَكِنَّةً اَنْ يَّفْقَهُوْهُ وَفِيْٓ اٰذَانِهِمْ وَقْرًا ۭ
وَاِنْ يَّرَوْا كُلَّ اٰيَةٍ لَّا يُؤْمِنُوْا بِهَا ۭ حَتّٰٓي اِذَا جَاۗءُوْكَ يُجَادِلُوْنَكَ يَقُوْلُ
الَّذِيْنَ كَفَرُوْٓا اِنْ هٰذَآ اِلَّآ اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ ﴿٢٥﴾ وَهُمْ يَنْهَوْنَ عَنْهُ وَ
يَنْــــَٔـوْنَ عَنْهُ ۚ وَاِنْ يُّهْلِكُوْنَ اِلَّآ اَنْفُسَهُمْ وَمَا يَشْعُرُوْنَ ﴿٢٦﴾

તરજુમો :

અને જે દિવસે અમે તે સૌને ભેગા કરીશું પછી જેમણે શિર્ક કર્યું હતું તે લોકોને કહીશું, ક્યાં છે તમારા શરીક જેમનો તમને દા'વો હતો ? (૨૨) પછી તેમની પાસે કોઈ ફરેબ રહેશે નહીં પરંતુ એ જ કે કહેશે, કસમ છે અલ્લાહની જે અમારો પરવરદિગાર છે, અમે શિર્ક કરનારા ન હતા. (૨૩) જુઓ તો પોતાની જાત ઉપર કેવું જૂઠું બોલ્યા ! અને તેમનાથી તે વાતો ખોવાઈ ગઈ જે બનાવ્યા કરતા હતા. (૨૪) અને તેમનામાં અમુક તમારા તરફ કાન ધરી રાખે છે અને અમે તેમના દિલો ઉપર પડદા નાંખી રાખ્યા છે જેથી તેને ન સમજે અને તેમના કાનોમાં ભાર રાખી દીધો, અને જો બધી નિશાનીઓ જોઈ લે તો પણ તેના ઉપર ઈમાન ન લાવે એટલે સુધી કે જ્યારે તમારી પાસે તમારી સાથે વાદ-વિવાદ માટે આવે છે તો તે કાફિર કહે છે, આ કંઈ નથી પરંતુ અગાઉના લોકોની (દંત)કથાઓ ! (૨૫) અને આ લોકો તેનાથી રોકે છે અને તેનાથી નાસે છે અને હલાક નથી કરતા પરંતુ પોતાની જાતને અને સમજતા નથી ! (૨૬)

તફસીર :

મુશ્રિકોની અસફળ થવાની પરિસ્થિતિ :

(અને તે વખતને પણ યાદ રાખવા યોગ્ય છે) જે દિવસે અમે બધી જ મખ્લૂકને (હશ્રના મેદાનમાં) ભેગી કરીશું, પછી અમે મુશ્રિકોથી (પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉલટ તપાસમાં) કહીશું કે (બતાવો) તમારા તે ભાગીદારો ક્યાં છે જેમના મઝ્બૂદ હોવાનો તમે દા'વો કરતા હતા ? (કે તમારી સિફારસ નથી કરતા કે જેમના ઉપર તમને ભરોસો હતો) પછી તેમના શિર્કનો અંજામ તેના સિવાય બીજો કંઈ પણ (જાહેર) નહીં થાય કે તેઓ (આ શિર્કથી પોતે બેઝારી-અલગાવ અને નફરતની જાહેરાત કરશે અને બદ્હવાસીની પરિસ્થિતિમાં) એવું કહેશે, અલ્લાહની કસમ ! હે પરવરદિગાર અમે મુશ્રિક ન હતા. (અલ્લાહ તઆલાએ ફરમાવ્યું આશ્ચર્યની દૃષ્ટિથી) જરા જુઓ તો ! કેવી રીતે (ઉઘાડું) જૂઠ પોતાની જાત ઉપર બોલ્યા અને જે વસ્તુઓને તે જૂઠી રીતે ઉપજાવી કાઢતા હતા (એટલે કે, તેમની મૂર્તિઓ જેમને તેઓ અલ્લાહના ભાગીદાર ઠરાવતા હતા) તે બધું

અદશ્ય થઈ ગયું. (આપ ﷺના કુર્આન પઢવાના સમયે તેને સાંભળવા માટે) તમારા તરફ કાન લગાવે છે (પરંતુ કારણ કે આ સાંભળવું સત્યના સંશોધન માટે નહીં બલકે, ફક્ત ખેલ-તમાશો અને ઠેકડી ઉડાવવાની નિય્યતથી હોય છે, એટલા માટે તેનાથી તેમને કંઈ લાભ નથી થતો, જેથી) અમે તેમના દિલો ઉપર પડદા નાંખી રાખ્યા છે એનાથી કે તે (કુર્આનના હેતુ)ને સમજે અને તેમના કાનોમાં ભાર ભરી દીધો છે (કે તેને હિદાયત માટે નથી સાંભળતા, આ તો તેમના દિલો અને કાનોની હાલત હતી, હવે તેમની સમજદારી અને દષ્ટિને પણ જુઓ) જો તે લોકો (આપ ﷺની નુબુવ્વતની ખરાઈની) બધી જ દલીલોને (પણ) જોઈ લે તો પણ ઈમાન નહીં લાવે (તેમની દુશ્મનાવટની નોબત) એટલે સુધી (પહોંચી છે) કે જ્યારે આ લોકો તમારી પાસે આવે છે તો તમારી સાથે નિરર્થક વાદ-વિવાદ કરે છે, (એ પ્રમાણે કે) આ લોકો જેઓ કાફિરો છે એવું કહે છે કે આ (કુર્આન) તો કંઈ પણ નથી, ફક્ત વગર સનદની વાતો છે જે આગળના લોકો દ્વારા (કહેવાતી) ચાલી આવે છે (એટલે કે, ધર્મવાળા પ્રથમથી જ આવી વાતો કરતા ચાલ્યા આવ્યા છે કે, મઅ્બૂદ તો માત્ર એક જ છે અને એ કે માનવી અલ્લાહનો પયગમ્બર બની શકે છે, કયામતમાં ફરી જીવતા થવાનું છે, એવું કહેવાનો હેતુ દુશ્મનાટ અને જૂઠાડવાનો છે, આગળ ઉપર આ દુશ્મનાવટમાં પ્રગતિ કરીને અન્યોને પણ હિદાયતથી રોકવાનું કામ શરૂ કરે છે) અને ફરી આ લોકો આ (કુર્આન)થી અન્યોને પણ રોકે છે અને પોતે પણ (તેનાથી ધિક્કાર જાહેર કરવા માટે) દૂર રહે છે અને (આવી પ્રવૃત્તિઓ દ્વારા) આ લોકો પોતાને જ તબાહ કરી રહ્યા છે અને (મૂર્ખામી તથા દુશ્મનાવટમાં) કંઈ ભાન નથી રાખતા (કે અમે કોનું નુકસાન કરી રહ્યા છે; અમારી આવી પ્રવૃત્તિથી રસૂલ અને કુર્આનનું કંઈ જ બગડવાનું નથી).

મસ્અલા અને બોધપાઠ :

પાછળની આયતોમાં એ ઉલ્લેખ હતો કે, જાલિમો અને કાફિરોને સફળતા પ્રાપ્ત નહીં થાય. ઉપરોક્ત આયતોમાં તેની વિગત અને સ્પષ્ટતા છે. પહેલી અને બીજી આયતમાં તે સૌથી મોટી કસોટીનું વર્ણન છે જે મહશરમાં પરવરદિગારે આલમ સામે થવાની છે. ઈરશાદ ફરમાવ્યો, وَيَوْمَ نَحْشُرُهُمْ جَمِيعًا એટલે કે, "તે દિવસ યાદ રાખવા જેવો છે, જેમાં અમે તે બધાને (તે મુશ્રિકોને અને તેમના જૂઠા મઅ્બૂદોને) ભેગા કરીશું." ثُمَّ نَقُولُ أَيْنَ شُرَكَاؤُكُمُ الَّذِينَ كُنتُمْ تَزْعُمُونَ એટલે

કે, "પછી અમે તેમને એ પ્રશ્ન કરીશું કે તમે જે મઅ્બૂદોને અમારા ભાગીદાર અને સમકક્ષ ઠરાવતા હતા અથવા પોતાની જરૂરિયાત પૂરી કરનાર અને આફતો દૂર કરનાર સમજતા હતા તેઓ આજે ક્યાં છે ? તમારી મદદ કેમ નથી કરતા ?"

તેમાં શબ્દ ثُمَّ (ષુમ્મ) અપનાવવામાં આવ્યો છે, જે અત્રે "મોડું" બતાવવા માટે ઉપયોગ થયો છે. એટલે કે, મહશરમાં ભેગા થયા પછી તરત જ સવાલ-જવાબ નહીં થાય. બલકે, એક લાંબા સમય સુધી આશ્ચર્ય અને અસમંજસની પરિસ્થિતિમાં ઊભા રહેશે, લાંબી મુદત પછી સવાલ-જવાબ અને હિસાબ-કિતાબ શરૂ થશે.

એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે, "તે સમયે તમારી શું હાલત થશે કે, જે સમયે અલ્લાહ તઆલા તમને હશ્રના મેદાનમાં એવી રીતે ભેગા કરશે, જેમકે તીરોને ભાથામાં ભેગા કરવામાં આવે છે અને પચાસ હજાર વર્ષ આ જ પ્રમાણે રહેશો." અને એક રિવાયતમાં છે કે, "કયામતના દિવસે એક હજાર વર્ષ સુધી અંધારુ રહેશે, પરસ્પર વાતચીત પણ નહીં કરી શકો."

(આ રિવાયત હાકિમે મુસ્તદરકમાં અને બયહકીએ વર્ણન કરી છે.)

આ રિવાયતમાં પચાસ હજાર અને એક હજારનો જે તફાવત છે, તે જ તફાવત કુર્આનની બે આયતોમાં પણ ઉપસ્થિત છે. એક જગ્યાએ ઈરશાદ છે, كَانَ مِقْدَارُهٗ خَمْسِيْنَ اَلْفَ سَنَةٍ એટલે કે, "તે દિવસનું પ્રમાણ પચાસ હજાર વર્ષનું હશે" (૭૦:૪) અને બીજા સ્થળે ફરમાવ્યું છે, اِنَّ يَوْمًا عِنْدَ رَبِّكَ كَاَلْفِ سَنَةٍ એટલે કે, "એક દિવસ તમારા પરવરદિગાર પાસે એક હજાર વર્ષનો હશે" (૨૨:૪૭) અને આ તફાવતનું કારણ એ છે કે, તે દિવસ તકલીફ અને મુસીબતની કઠણાઈના આધારે લાંબો હશે અને મુસીબત તથા કઠણાઈના આધારે જ ટૂંકો હશે. એટલે કે, અમુકને તે એક દિવસ પચાસ હજાર વર્ષનો લાગશે અને અમુકને એક હજાર વર્ષની અનુભૂતિ થશે.

ખુલાસો એ છે કે, આ સૌથી મોટી કસોટીનું સ્થળ છે. પ્રથમ તો એક લાંબો સમય એવો પસાર થશે કે, કસોટી શરૂ જ નહીં થાય. એટલે સુધી કે, એ લોકો તમન્ના કરવા લાગશે કે, કોઈપણ રીતે હિસાબ-કિતાબ જલદી પૂર્ણ થઈ જાય, પરિણામ જે કંઈ પણ આવે. આ સખત પરિસ્થિતિ, અસમંજસ, તકલીફ

તથા કઠણાઈ તો દૂર થાય ! આ જ લાંબા સમયગાળા તરફ ઈશારો કરવા માટે શબ્દ ثُمَّ (ષુમ્મ) "પછી" કહેવામાં આવ્યો છે, ثُمَّ نَقُوْلُ (ષુમ્મ નકૂલુ) "પછી અમે કહીશું." એ જ પ્રમાણે બીજી આયતમાં મુશ્રિકો તરફથી જે જવાબ પ્રસ્તુત છે, તે પણ શબ્દ ثُمَّ (ષુમ્મ) સાથે આવ્યો છે, એનાથી જાણ થાય છે કે, તે લોકો પણ એક લાંબા સમય પછી ખૂબ વિચાર કરીને આ જવાબ આપશે કે, وَاللّٰهِ رَبِّنَا مَا كُنَّا مُشْرِكِيْنَ એટલે કે, "અલ્લાહ રબ્બુલ આલમીનની કસમ ખાઈને કહીએ છીએ કે, અમે મુશ્રિક ન હતા." આ આયતમાં તેમના જવાબને શબ્દ فِتْنَةٌ (ફિત્નહ)થી ઓળખાવવામાં આવ્યો છે અને આ શબ્દ કસોટી તથા અજમાયશ માટે બોલવામાં આવે છે અને કોઈના ઉપર ખૂબ આકર્ષિત થઈને પ્રેમમાં ગળાડૂબ થઈ જવા માટે અને ફિત્નામાં સંડોવાઈ જવા માટે પણ બોલવામાં આવે છે અને અહીંયાં બંને અર્થો હોઈ શકે છે. પ્રથમ સ્વરૂપમાં તેમના કસોટીના જવાબને પરીક્ષાથી ઓળખાવામાં આવ્યું છે અને બીજા સ્વરૂપમાં ભાવાર્થ એ જ છે કે, આ લોકો દુનિયામાં સ્વનિર્મિત મૂર્તિઓ અને હાથે કંડારેલ મઅ્બૂદોના પ્રેમમાં ગળાડૂબ હતા અને તેમના ફિત્નામાં સંડોવાયેલા હતા. પોતાનો જાન-માલ તેમના ઉપર કુર્બાન કરતા હતા, પરંતુ આજે તે બધી જ મહોબ્બત અને આકર્ષણ નષ્ટ થઈ ગયું અને તેમનો જવાબ તેના સિવાય કંઈ ન રહ્યો કે, તેઓ તેમનાથી કોઈ લેવા-દેવા ન હોવાને અને તેમની સાથે પોતાનો કોઈ નાતો-સંબંધ ન હોવાનો દા'વો કરી રહ્યા છે.

તેના જવાબમાં એક આશ્ચર્યજનક વસ્તુ એ છે કે, કયામતના મેદાનના ભયાનક દૃષ્યો અને પરવરદિગારે આલમની સંપૂર્ણ કુદરતના આશ્ચર્યજનક કરિશ્માઓનું અવલોકન કર્યા પછી તેઓ એવી હિંમત કઈ રીતે દાખવી શકે કે, પરવરદિગારે આલમ સામે ઊભા થઈને જૂઠું બોલે અને તે પણ એટલું સખત અને મજબૂતીથી કે, તેની મહાન જાતના સોગંદ લઈને કહી રહ્યા છે કે, અમે તારી ખુદાઈમાં કોઈની ભાગીદારી નથી કરી, અમે શિર્ક નથી કર્યું.

લગભગ તમામ મુફસ્સિરો (વિવરણકારો)એ તેનો જવાબ એ આપ્યો છે કે, તેમનો આ જવાબ કોઈ બુદ્ધિ અથવા સભાનપણે અપાયેલો નથી અને પરિણામ સાથે સંબંધિત નથી. બલકે, અલ્લાહ તઆલાની મોટાઈની હેબતથી હેબતાઈને આવું કહેશે અને આવી પરિસ્થિતિમાં વ્યક્તિ જે કંઈ મોઢામાં આવી

જાય છે તે બોલી જતો હોય છે. પરંતુ હશ્રના મેદાનની અસામાન્ય ઘટનાઓ અને પરિસ્થિતિઓ ઉપર વિચાર કર્યા પછી એ પણ કહી શકાય છે કે, અલ્લાહ તઆલાએ જ આ પરિસ્થિતિ તેમની આ હાલતને સામે લાવવા માટે પેદા કરી અને તેમને એક શક્તિ પણ આપી કે, તેઓ સ્વતંત્ર રીતે જે ઇચ્છે કહે, જેવી રીતે કે તેઓ દુનિયામાં કહ્યા કરતા હતા. જેથી કુફ્ર અને શિર્કના મહાન ગુનાહોની સાથે તેમની આ ઉણપ અને ઐબ પણ મહશરમાં ઉપસ્થિત લોકો સામે આવી જાય કે, આ લોકો જૂઠું બોલવામાં પણ અજોડ છે કે, આવી ભયંકર પરિસ્થિતિમાં પણ જૂઠું બોલવાથી ખચકાતા નથી. કુર્આન મજીદે એક બીજી આયતમાં فَيَحْلِفُوْنَ لَهٗ كَمَا يَحْلِفُوْنَ لَكُمْ (સૂ. ૫૮ : આ. ૧૮) કહીને તે તરફ ઇશારો કર્યો છે, જેનો અર્થ એ છે કે, "આ લોકો જે રીતે મુસલમાનો સામે જૂઠી કસમો ખાતા ફરે છે, એ જ પ્રમાણે પોતે પરવરદિગારે આલમની સામે પણ ખોટા સોગંદ ખાવાથી ચૂકશે નહીં."

મહશરમાં જ્યારે તેઓ કસમો ખાઈને શિર્ક અને કુફ્રનો ઇન્કાર કરશે, ત્યારે તે વખતે સર્વશક્તિમાન અલ્લાહ તેમના મોઢા ઉપર મૌનનું તાળું લગાવી દેશે અને તેમના શરીરના અંગોને, હાથ-પગને હુકમ આપશે કે તમે ગવાહી આપો કે આ લોકો શું-શું કરતા હતા ? તે વખતે સાબિત થઈ જશે કે, માનવીના હાથ-પગ, આંખ, કાન બધા જ અલ્લાહ તઆલાની છુપી પોલીસ હતી અને બધી જ પ્રવૃત્તિઓ અને આચરણોને એક-એક કરીને સામે રજૂ કરી આપશે. આ અનુસંધાને સૂરએ યાસીનમાં ઇરશાદ છે, اَلْيَوْمَ نَخْتِمُ عَلٰى اَفْوَاهِهِمْ وَتُكَلِّمُنَا اَيْدِيْهِمْ وَتَشْهَدُ اَرْجُلُهُمْ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ (સૂ. ૩૬ : આ. ૬૫) અલ્લાહની શક્તિનો આ પરચો જોઈ લીધા પછી કોઈની એવી હિંમત નહીં રહે કે, ત્યાર પછી કોઈ વાત છુપાવે અથવા જૂઠું બોલે.

કુર્આને મજીદમાં બીજી જગ્યાએ ઇરશાદ છે, وَلَا يَكْتُمُوْنَ اللّٰهَ حَدِيْثًا એટલે કે "તે દિવસે તેઓ અલ્લાહથી કોઈ વાત ગુપ્ત નહીં રાખી શકે." (૪:૪૨) તેનો ભાવાર્થ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)એ એ જ બતાવ્યો છે કે, "પ્રથમ તો તેઓ ખૂબ જૂઠું બોલશે અને જૂઠી કસમો ખાશે પરંતુ જ્યારે તેમના હાથ-પગ તેમના વિરુદ્ધ ગવાહી આપશે, ત્યારે તે વખતે તેઓ કોઈ ખોટી વાત કહેવાની હિંમત નહીં કરી શકે."

મતલબ કે, ન્યાયાધીશોના ન્યાયાધીશની અદાલતમાં આરોપીને પોતાનું બયાન આપવાનો સંપૂર્ણ મોકો સ્વતંત્ર રીતે આપવામાં આવશે અને જે પ્રમાણે તે દુનિયામાં જૂઠું બોલતો હતો, તે વખતે પણ તેનો આ અધિકાર જપ્ત કરવામાં નહીં આવે. કારણ કે, સર્વશક્તિમાન અલ્લાહ તેના જૂઠનો પર્દાફાશ પોતે તેના હાથ–પગ અને શરીરના અંગોના હવાલાથી કરી આપશે.

એ જ કારણ છે કે, મૌત પછી જે પ્રથમ કસોટી કબ્રમાં મુન્કર અને નકીર ફરિશ્તાઓ સામે થશે, જેને આખિરતના પ્રવેશની પ્રથમ કસોટી કહી શકાય છે, તેના વિશે હદીષમાં છે કે, મુન્કર–નકીર જ્યારે કાફિરોને સવાલ કરશે, مَنْ رَّبُّكَ وَمَا دِيْنُكَ એટલે કે, તારો પરવરદિગાર કોણ છે ? અને તારો દીન શું છે ? તો કાફિરો કહેશે, هَاهْ هَاهْ لَا اَدْرِىْ હાય ! હાય ! હું કશું જ નથી જાણતો. તેનાથી વિપરીત મો'મિન رَبِّىَ اللّٰهُ وَدِيْنِىَ الْاِسْلَامُ કહીને જવાબ આપશે. જાણ થાય છે કે, આ પરીક્ષામાં કોઈપણ જૂઠું બોલવાની હિંમત નહીં કરી શકે, નહીં તો કાફિર પણ એવો જ જવાબ આપી શકતો હતો કે જે મુસલમાને આપ્યો. તેનું કારણ એ છે કે, તે કસોટી લેનારા ફરિશ્તાઓ હશે અને ન તો તેમને ગુપ્ત વાતોની જાણકારી છે અને ન જ તેમને એવી શક્તિ પ્રાપ્ત છે કે, માનવીના હાથ અને પગ પાસે ગવાહી લઈ શકે. જો ત્યાં માનવીને જૂઠું બોલવાનો અધિકાર હોત તો ફરિશ્તાઓએ તો તેના જવાબ પ્રમાણે જ વર્તણૂંક કરી હોત અને સંપૂર્ણ વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ હોત. પરંતુ તેનાથી વિપરીત હશ્રની મેદાનની કસોટીમાં જ્યાં સવાલ અને જવાબ સીધે–સીધો સર્વશક્તિમાન સર્વત્ર છવાયેલ અલ્લાહ રબ્બુલ ઈજ્જત સાથે થશે અને કોઈ જૂઠું બોલશે તો પણ તેનું કંઈ જ ચાલી નહીં શકે.

તફસીરે બહરે મુહીત અને મઝહરીમાં અમુક બુઝૂર્ગોનો આ કૌલ પણ નકલ કરવામાં આવ્યો છે કે, જૂઠી કસમો ખાઈને પોતાના શિર્કથી ઈન્કાર કરનારા તે લોકો હશે કે, જેઓ જાહેરમાં કોઈ મખ્લૂકને અલ્લાહ અથવા અલ્લાહના નાયબ નથી કહેતા પરંતુ તેમનું આચરણ એવું હતું કે, અલ્લાહના બધા જ અધિકારો તેણે મખ્લૂકને વહેંચી રાખ્યા છે અને એટલા જ માટે પોતાની જરૂરિયાતો તેમની પાસે જ માંગતા હતા અને તેમના જ નામની મન્નત અને નિયાઝ કરતા હતા. તેમનાથી જ રોઝી, તંદુરસ્તી, અવલાદ અને બધી જ મુરાદો માંગતા હતા. આ લોકો પોતાને

મુશ્રિક સમજતા ન હતા. એટલા માટે હશ્રના મેદાનમાં પણ તેઓ કસમ ખાઈને એવું જ કહેશે કે, અમે મુશ્રિક ન હતા, પછી અલ્લાહ તઆલા તેમના અપમાનને જાહેર કરશે.

બીજો સવાલ આ આયતમાં એ થાય છે કે, કુર્આનની અમુક આયતોથી જાણ થાય છે કે, અલ્લાહ જલ્લ શા'નુહૂ કાફિરો અને દુષ્ટ લોકો સાથે વાતચીત નહીં કરે અને આ આયતથી તો સ્પષ્ટ રીતે એવી જાણ થાય છે કે, તેમને સંબોધન કરવામાં આવશે અને વાતચીત પણ કરવામાં આવશે.

તેનો જવાબ એ છે કે, સંબોધન અને વાતચીત તેમના સન્માન અને પ્રતિષ્ઠા માટે કે તેમની દુઆની સ્વીકૃતિ માટે નહીં હોય. ધમકી અને ચેતવણીના સંબોધનનો નકાર આ આયતનો ભાવાર્થ નથી અને એ પણ કહી શકાય છે કે, આ સંબોધન જે આ આયતમાં પ્રસ્તુત છે તે ફરિશ્તાઓ દ્વારા હોય અને જે આયતમાં સંબોધન અને અલ્લાહની વાતચીતનો નકાર કરવામાં આવ્યો છે, તેનો અર્થ પરોક્ષ રીતે વાતચીત કરવાનો થાય છે.

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, اُنْظُرْ كَيْفَ كَذَبُوْا عَلٰٓى اَنْفُسِهِمْ وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ તેમાં રસૂલે કરીમ ﷺ ને સંબોધન કરવામાં આવ્યું છે કે, આપ ﷺ જૂઓ કે, તે લોકો પોતાની જાત ઉપર કેવું જૂઠું બોલ્યા છે ? અને જે કંઈ તેઓ અલ્લાહ ઉપર આક્ષેપ કરી રહ્યા હતા આજે બધું ગુમ થઈ જશે. પોતાની જાત ઉપર જૂઠું બોલવાનો અર્થ એ છે કે, આ જૂઠું બોલવાનો વબાલ તેમની પોતાની જાત ઉપર પડવાનો છે અને આક્ષેપનો અર્થ પણ એ જ હોઈ શકે છે કે, દુનિયામાં તેમણે જૂઠા મઅ્બૂદોને અલ્લાહના સમકક્ષ અને ભાગીદાર ઠરાવ્યા, તો એ પણ એક પ્રકારનો આક્ષેપ અને બોહતાન હતું. આજે હકીકત સામે આવીને ઊભી થઈ ગઈ અને આ આક્ષેપનો પર્દાફાશ થઈ ગયો તથા એ પણ હોઈ શકે છે કે, આ આક્ષેપનો અર્થ જૂઠી કસમ છે જેને મહશરમાં તે લોકો ખાશે. ત્યારબાદ તેમના હાથ અને પગો તથા શરીરના અવયવોના ગવાહી આપવાથી તેમના જૂઠનો પર્દાફાશ થઈ જશે.

અને અમુક વિવરણકારોએ ફરમાવ્યું છે કે, આક્ષેપનો અર્થ મુશ્રિકોએ ઉપજાવી કાઢેલ તે ખોટી તા'વીલો (યુક્તિ-પ્રયુક્તિ દ્વારા મૂળ વાસ્તવિકતા સાથે

બાંધછોડ કરવાની નીતિ) છે, જે તેમણે પોતાના જૂઠા મઅ્બૂદો વિશે દુનિયામાં ઉપજાવી કાઢી હતી. દાખલા તરીકે, مَا نَعْبُدُهُمْ اِلَّا لِيُقَرِّبُوْنَا اِلَى اللّٰهِ زُلْفٰى એટલે કે, અમે આ મૂર્તિઓને ખુદા સમજીને તેની ઈબાદત નથી કરતા બલકે, એટલા માટે કરીએ છીએ કે, તે અમને અલ્લાહ તઆલાથી સિફારસ કરીને તેની નિકટ પહોંચાડી દેશે. મહશરમાં આ આક્ષેપ એ પ્રમાણે ખુલ્લો થઈ જશે કે, તેની સૌથી મોટી મુસીબતના સમયે કોઈએ ન તો તેની સિફારસ કરી અને ન જ તેમના અઝાબ ઓછો થવાનું કોઈ માધ્યમ બન્યું.

અત્રે એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, આ આયતથી તો એ જાણ થાય છે કે, જે સમયે આ સવાલ અને જવાબ થશે તે જૂઠા મઅ્બૂદો ત્યાં ઉપસ્થિત નહીં હોય. ત્યાં કોઈ તેમના સમક્ષ હાજર નહીં હોય અને કુર્આન મજીદની આયતમાં આ ઈરશાદ છે, اُحْشُرُوا الَّذِيْنَ ظَلَمُوْا وَاَزْوَاجَهُمْ وَمَا كَانُوْا يَعْبُدُوْنَ (૩૭:૨૨) એટલે કે, કયામતમાં અલ્લાહ તઆલાનો હુકમ એ હશે કે, "ભેગા કરી આપો જાલિમોને અને તેમના સાથીદારોને અને જેમની આ લોકો ઈબાદત કર્યા કરતા હતા." એનાથી જાણ થાય છે કે, મહશરમાં જૂઠા મઅ્બૂદો પણ હાજર અને મોજૂદ હશે.

જવાબ એ છે કે, આયતમાં તેમના અનુપસ્થિત હોવાનો ભાવાર્થ એ છે કે, તેઓ અલ્લાહના સમકક્ષ કે ભાગીદાર અથવા તેમની સિફારસ કરવા માટે તો અનુપસ્થિત જ હશે અને તે લોકોને કોઈ નફો પહોંચાડી શકશે નહીં, હા ! કહેવા માટે તો હાજર હશે. એ જ પ્રમાણે બંને આયતોમાં કોઈ વિરોધાભાસ ન રહ્યો અને એવું પણ હોઈ શકે છે કે, એક સમયે આ બધા એક સ્થળે ભેગા કરવામાં આવે, પછી તેઓ છૂટાછવાયા થઈ જાય અને આ સવાલ આ છૂટા પડ્યા પછી કરવામાં આવે.

આ બંને આયતોમાં આ વાત વિશેષ સ્વરૂપે યાદ રાખવાની છે કે, અલ્લાહ જલ્લ શા'નુહૂએ મુશ્રિકોને હશ્રના ભયાનક મેદાનમાં જે અધિકાર આપ્યો છે કે, તેઓ સ્વતંત્ર રીતે જે ઈચ્છશે કહી શકશે. એટલે સુધી કે, જૂઠી કસમ ખાઈને પોતાના શિર્કનો પણ ઈન્કાર કરશે, તેમાં કદાચ એ તરફ પણ ઈશારો છે કે, જૂઠું બોલવાની આદત એક એવી નાપાક ટેવ છે જે છૂટતી નથી. એટલે સુધી કે, એ લોકો જે દુનિયામાં મુસલમાનો સામે જૂઠી કસમો ખાતા હતા ત્યાં પણ તેનાથી

બચશે નહીં અને અલ્લાહની સમગ્ર મખ્લૂક સામે તેમનું અપમાન થશે. એટલા માટે કુર્આન અને હદીષમાં જૂઠું બોલવા ઉપર સખત ધમકી આપવામાં આવી છે અને જૂઠાની ટીકા કરવામાં આવી છે. કુર્આને કરીમમાં અનેક ઠેકાણે જૂઠાઓ ઉપર લા'નત (ફિટકાર)નો શબ્દ આવ્યો છે અને રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "જૂઠથી બચો. કારણ કે, જૂઠ દુષ્ટતાનું મિત્ર છે અને જૂઠો તથા દુષ્ટ બંને જહન્નમમાં જશે." *(ઇબ્ને હિબ્બાન ફી સહીહા)*

રસૂલે કરીમ ﷺને પૂછવામાં આવ્યું કે, "તે અમલ કયો છે જેનાથી વ્યક્તિ દોઝખમાં જશે ?" આપ ﷺએ ફરમાવ્યું, "તે અમલ જૂઠ છે."

(મુસ્નદે અહમદ)

શબે મેઅ્રાજમાં રસૂલે કરીમ ﷺએ એક વ્યક્તિને જોયો કે, તેના બંને જડબાં ચીરી નાંખવામાં આવતાં હતા અને પાછા હતાં તેમ થઈ જતા હતા. ફરી ચીરી નાંખવામાં આવતા હતા, આ જ પ્રમાણે આ વ્યવહાર તેની સાથે કયામત સુધી થતો રહેશે. રસૂલે કરીમ ﷺએ જિબ્રઈલ અમીન (અલૈ.)ને પૂછ્યું કે, "આ કોણ છે ?" તેમણે જવાબ આપ્યો કે, "આ જૂઠું બોલનારો છે."

મુસ્નદે અહમદની રિવાયતમાં છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "કોઈ વ્યક્તિ તે સમય સુધી પૂર્ણ મો'મિન નથી બની શકતો જ્યાં સુધી જૂઠને બિલકુલ છોડી ન દે, એટલે સુધી કે મઝાક-મશ્કરીમાં પણ જૂઠ ન બોલે."

વળી, બયહકી વગેરેમાં સહીહ સનદ સાથે વર્ણન થયું છે કે, "મુસલમાનના સ્વભાવમાં અન્ય બુરી ટેવો તો હોઈ શકે છે, પરંતુ અપ્રમાણિકતા અને જૂઠું બોલવાની ટેવ નથી હોઈ શકતી" અને એક હદીષમાં છે કે, "જૂઠા મનુષ્યોની રોઝી ઘટાડી દેવામાં આવે છે."

وَهُمْ يَنْهَوْنَ عَنْهُ મોટા ભાગના વિવરણકારો જેમકે, હઝરત ઝહ્હાક (રહ.), કતાદહ (રહ.), મુહમ્મદ બિન હનફિય્યહ (રહ.) વગેરેના મતે આ આયત મક્કાના સમગ્ર કાફિરો વિશે નાઝિલ થઈ છે, જેઓ લોકોને કુર્આન સાંભળવાની અને તેનું અનુસરણ કરવાની મનાઈ કરતા હતા અને પોતે પણ તેનાથી દૂર-દૂર રહેતા હતા. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) દ્વારા પણ આ જ બાબત નકલ થઈ છે કે, આ આયત રસૂલે કરીમ ﷺના કાકા અબૂ

તાલિબ અને તેમના અન્ય કાકાઓ વિશે છે, જેઓ લોકોને રસૂલે કરીમ ﷺને ઈજા પહોંચાડવાથી રોકતા હતા અને રસૂલે કરીમ ﷺની હિમાયત કરતા હતા પરંતુ કુર્આન ઉપર ઈમાન ન લાવતા હતા અને તેના ઉપર અમલ ન કરતા હતા. આ સ્વરૂપમાં يَنْهَوْنَ عَنْهُ ઝમીર લાવવાના બદલે કુર્આને કરીમે નબીએ કરીમ ﷺ તરફ સર્વનામનો ઉપયોગ કર્યો છે.

(મઝહરી, બ રિવાયતે ઈબ્ને અબી હાતિમ અન સઈદ બિન અબી હિલાલ)

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૨૭ થી ૩૨)

وَلَوْ تَرٰٓى اِذْ وُقِفُوْا عَلَى النَّارِ فَقَالُوْا يٰلَيْتَنَا نُرَدُّ وَلَا نُكَذِّبَ بِاٰيٰتِ رَبِّنَا
وَنَكُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ ﴿٢٧﴾ بَلْ بَدَا لَهُمْ مَّا كَانُوْا يُخْفُوْنَ مِنْ قَبْلُ ط وَلَوْ
رُدُّوْا لَعَادُوْا لِمَا نُهُوْا عَنْهُ وَاِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿٢٨﴾ وَقَالُوْٓا اِنْ هِىَ اِلَّا حَيَاتُنَا
الدُّنْيَا وَمَا نَحْنُ بِمَبْعُوْثِيْنَ ﴿٢٩﴾ وَلَوْ تَرٰٓى اِذْ وُقِفُوْا عَلٰى رَبِّهِمْ ط قَالَ
اَلَيْسَ هٰذَا بِالْحَقِّ ط قَالُوْا بَلٰى وَرَبِّنَا ط قَالَ فَذُوْقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ
تَكْفُرُوْنَ ﴿٣٠﴾ ع قَدْ خَسِرَ الَّذِيْنَ كَذَّبُوْا بِلِقَآءِ اللّٰهِ ط حَتّٰىٓ اِذَا جَآءَتْهُمُ
السَّاعَةُ بَغْتَةً قَالُوْا يٰحَسْرَتَنَا عَلٰى مَا فَرَّطْنَا فِيْهَا لا وَهُمْ يَحْمِلُوْنَ اَوْزَارَهُمْ
عَلٰى ظُهُوْرِهِمْ ط اَلَا سَآءَ مَا يَزِرُوْنَ ﴿٣١﴾ وَمَا الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا لَعِبٌ وَّلَهْوٌ ط
وَلَلدَّارُ الْاٰخِرَةُ خَيْرٌ لِّلَّذِيْنَ يَتَّقُوْنَ ط اَفَلَا تَعْقِلُوْنَ ﴿٣٢﴾

તરજુમો :

અને જો તમે જુઓ જે સમયે કે તેઓ દોઝખ ઉપર ઊભા કરવામાં આવશે; બસ કહેશે, હાય અફસોસ ! અમને ફરી પાછા મોકલી દેવામાં આવે અને અમે પોતાના પરવરદિગારની આયતોને ન જૂઠાડીએ અને અમે ઈમાનવાળાઓમાં થઈ જઈએ. (૨૭) કંઈ નથી; બલકે જાહેર થઈ ગયું જે

પહેલાં છુપાવતા હતા, અને જો ફરી પાછા મોકલવામાં આવે તો પણ ફરી તે જ કામ કરે જેનાથી રોકવામાં આવ્યા હતા અને બેશક ! તેઓ જૂઠ્ઠા છે. (૨૮) અને કહે છે, અમારા માટે જિંદગી નથી પરંતુ આ જ દુનિયાની, અને અમારે ફરી સજીવન થવાનું નથી. (૨૯) અને કાશ ! તમે જુઓ જે સમયે તેઓ પોતાના પરવદિગાર સામે ઊભા કરવામાં આવશે; ફરમાવશે, શું આ સાચું નથી ? કહેશે, કેમ નહીં ! કસમ છે અમારા પરવરદિગારની; ફરમાવશે, તો અઝાબ ચાખો પોતાના કુફ્રના બદલામાં ! (૩૦) તે લોકો તબાહ થયા જેમણે અલ્લાહને મળવાને જૂઠું જાણ્યું, એટલે સુધી કે જ્યારે તેમના ઉપર અચાનક કયામત આવી પહોંચશે તો કહેશે, હાય અફસોસ ! અમે તેમાં કેવી કોતાહી (કસર) કરી ! અને તેઓ પોતાનો ભાર પોતાની પીઠ ઉપર ઉઠાવશે, ખબરદાર થઈ જાઓ કે ખરાબ ભાર છે જેને તેઓ ઉઠાવશે ! (૩૧) અને દુનિયાની જિંદગી કંઈ નથી પરંતુ ખેલ અને દિલ બહેલાવવું, અને આખિરતનું ઘર પરહેઝગારો માટે ઉત્તમ છે, શું તમે સમજતા નથી ? (૩૨)

તફસીર :

અને જો તમે (તેમને) તે સમયે જુઓ (તો ઘણી ભયાનક ઘટનાઓ નજરે પડશે) જ્યારે કે તે (ઈન્કારી)ઓ દોઝખ પાસે ઊભા કરવામાં આવશે (અને હવે તૈયારી જ છે કે, તેમને જહન્નમમાં નાંખી દેવામાં આવે) તો (હજારો ઈચ્છાઓ સાથે) કહેશે, હાય (હાય) ! કેટલું સારું થાત જો અમને (દુનિયામાં) પાછા મોકલવામાં આવે અને જો એવું થઈ જાય તો અમે (ફરી) પોતાના પરવરદિગારની આયતો (દાખલા તરીકે કુર્આન અલ્લાહની કિતાબ)ને કદી જુઠી ન બતાવીએ અને અમે (જરૂર) ઈમાનવાળાઓમાંથી થઈ જઈએ (અલ્લાહ તઆલા ફરમાવે છે કે, તેમની આ તમન્ના અને વાયદો સાચી ભાવના અને ફરમાંબરદારીના ઈરાદાથી નથી) બલકે, (તેઓ અત્યારે એક મુસીબતમાં ફસાઈ રહ્યા છે કે,) જે વસ્તુને તેઓ પ્રથમ (દુનિયામાં) દબાવ્યા (અને મિટાવ્યા) કરતા હતા તે આજે તેમની સમક્ષ આવી ગયું છે, (એનો અર્થ તે આખિરતનો અઝાબ છે જેની ચેતવણીઓ અને ધમકીઓ કુફ્ર અને ગુનાહો માટે તે લોકોને દુનિયામાં આપવામાં આવતી હતી અને દબાવવાનો અર્થ ઈન્કાર કરવો છે. મતલબ એ છે

કે, તે સમયે તેમના જીવ ઉપર આવી પડી હોવાથી જાન છોડાવવા માટે તેઓ આવા બધા વાયદાઓ કરી રહ્યા છે અને દિલથી કદાપિ તેઓ વાયદો પૂરો કરવાનો ઈરાદો ધરાવતા નથી, એટલે સુધી કે) જો (ધારી લો કે) આ લોકો ફરી પાછા મોકલવામાં પણ આવે તો પણ તેઓ એવું જ કામ કરે જેની તેમને મનાઈ કરવામાં આવી હોય (એટલે કે કુફ્ર અને નાફરમાની) અને ચોક્કસ તેઓ (તેમના વાયદાઓમાં) બિલકુલ જુઠા છે (એટલે કે ન તો તે સમયે તેઓ વાયદો પૂરો કરવાનો ઈરાદો ધરાવે છે અને ન જ દુનિયામાં તેઓ વાયદો પૂરો કરે એવી શક્યતા છે) અને તે (ઈન્કારી)ઓ કહે છે કે જિંદગી બીજું કંઈ નથી બસ આ જ દુનિયાની જિંદગી ! અને અમે (આ જિંદગી પૂર્ણ થયા પછી ફરીવાર) સજીવન કરવામાં નહીં આવીએ ! (જેમકે અંબિયા અલૈ. ફરમાવે છે) અને જો તમે (તેમને) તે સમયે જુઓ (તો ઘણી આશ્ચર્યજનક ઘટના દેખાશે) જ્યારે કે તેઓને પોતાના પરવરદિગાર સામે હિસાબ માટે ઊભા કરવામાં આવશે અને અલ્લાહ તઆલા તેમને ફરમાવશે, (કહો) શું આ (કયામતના દિવસે ફરીવાર સજીવન થવાની) બાબત હકીકત નથી ? તેઓ કહેશે, નિઃશંક ! (સાચે જ હકીકત છે) કસમ અમારા પરવરદિગારની ! અલ્લાહ તઆલા ફરમાવશે, તો હવે પોતાના કુફ્રની મજા ચાખો! (ત્યારબાદ તેમને દોઝખમાં નાંખી દેવામાં આવશે) બેશક ! (અત્યંત) નુકસાનમાં પડ્યા છે તે લોકો જેમણે અલ્લાહને મળવાને (એટલે કે, કયામતના દિવસે સજીવન થઈ અલ્લાહ તઆલાની સામે રજૂ થવાને) જુઠાડ્યું (અને આ જુઠાડવું થોડા દિવસ જ રહેશે) એટલે સુધી કે જ્યારે તે નક્કી સમય (એટલે કે, કયામતનો સમય અને બધા મુકદમાઓ) તેમના ઉપર અચાનક (કોઈ જાતની પૂર્વ ખબર આપ્યા વિના) આવી પહોંચશે (તે સમયે બધા દા'વા અને જુઠાણું નષ્ટ થઈ જશે અને) કહેવા લાગશે, હાય અફસોસ ! અમારી કસર (અને બેદરકારી) ઉપર જે તે (કયામત) વિશે (અમે લોકોએ) કરી અને તેમની હાલત એવી હશે કે, તેમનો પોતાનો (કુફ્ર અને નાફરમાનીનો) ભાર તેમના ઉપર લાદેલો હશે. સારી પેઠે સાંભળી લો કે, તે વસ્તુ ખરાબ હશે જે તેમના ઉપર લાદી હશે અને દુનિયાની જિંદગી તો કંઈ જ નથી, ફક્ત (થોડા દિવસનો) ખેલ-તમાશો ! (કારણ કે, આ દુનિયાનો વિનાશ થવાનો જ છે અને આ દુનિયા ફાની છે) અને આખિરતનું ઘર અલ્લાહવાળાઓ માટે ઉત્તમ છે, શું તે છતાં તમે વિચારતા નથી !?

મસ્અલા અને બોધપાઠ :

ઈસ્લામના ત્રણ પાયાના સિદ્ધાંતો છે ૧. તવહીદ (અલ્લાહનું એકમાત્ર હોવું), ૨. રિસાલત (હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ અલ્લાહના નબી અને રસૂલ હોવું) અને ૩. આખિરતની માન્યતા (મૃત્યુ પછી પરલોકમાં દુનિયામાં કરેલા સારા-નરસા કૃત્યોનો બદલો અથવા સજા મળવી), બાકી બધી માન્યતાઓ આ ત્રણ મુખ્ય માન્યતાઓ હેઠળ આવે છે અને આ તે સિદ્ધાંતો છે જે મનુષ્યોને પોતાની વાસ્તવિકતા અને જિંદગીના હેતુને ઓળખાવી તેમની જિંદગીમાં ક્રાંતિ લાવે છે અને તેમને એક સીધા અને સ્પષ્ટ માર્ગ ઉપર લાવીને ઊભા કરી દે છે. તેમાં પણ આખિરતની માન્યતા અને તેમાં હિસાબ-કિતાબ તથા સજા અને સારા બદલાની માન્યતા તો એક એવી ક્રાંતિકારી માન્યતા છે જે મનુષ્યના પ્રત્યેક આચરણની દિશા અને દશા નક્કી કરે છે. એ જ કારણે કુર્આને કરીમના બધા જ વિષયો આ ત્રણ માન્યતાઓના વર્તુળમાં જ પ્રસ્તુત છે. ઉપરોક્ત આયતોમાં વિશેષ સ્વરૂપે આખિરતના સવાલ-જવાબ અને ત્યાંની કઠોર અને ભયાનક પરિસ્થિતિઓ વચ્ચે સવાબ અને અઝાબનું એ'લાન તથા દુનિયાની અસ્થિરતાની વાસ્તવિકતાનું વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રથમ આયતમાં ગુનેહગાર ઈન્કારીઓની એ હાલત વર્ણન કરવામાં આવી છે કે, જ્યારે તેમને આખિરતમાં દોઝખના કિનારા ઉપર ઊભા કરવામાં આવશે અને તેઓ માનવીની કલ્પનાથી અને કોઈની વિચારવાની મર્યાદાથી પણ વધારે ભયાનક અઝાબનો સાક્ષાત્કાર કરશે, ત્યારે તેઓ એવી ઈચ્છા જાહેર કરશે કે કાશ ! અફસોસ ! અમને દુનિયામાં ફરીવાર મોકલી દેવામાં આવે, તો અમે અમારા પરવરદિગારની મોકલેલી આયતો અને હુકમોને ન જૂઠાડીએ. બલકે, તેના ઉપર ઈમાન લાવીએ અને મો'મિનોમાં સામેલ થઈ જઈએ.

બીજી આયતમાં સર્વજ્ઞ અને સર્વવ્યાપી અહકમુલ હાકિમીન (ન્યાયાધીશોના ન્યાયાધીશ) અલ્લાહ રબ્બુલ ઈજ્જતે તેમની આ ઠાલી ઈચ્છાઓની પોલ આ રીતે ખોલી છે કે ઈરશાદ ફરમાવ્યો, આ લોકો જે પ્રમાણે હંમેશાથી જૂઠું બોલવાની ટેવવાળા હતા, એ જ પ્રમાણે તેઓ પોતાના આ નિવેદન અને ઈચ્છામાં પણ જૂઠા જ છે અને એના સિવાય કોઈ બીજી બાબત નથી કે, અંબિયા (અલૈ.) દ્વારા જે હકીકતો તેમની સામે લાવવામાં આવી હતી અને આ

લોકો તેમને ઓળખતા—જાણતા હોવા છતાં ફક્ત હઠધર્મીના કારણે અથવા દુનિયાના ક્ષુલ્લક સ્વાર્થના કારણે આ હકીકતો ઉપર પડદો નાંખવાની કોશીશ કર્યા કરતા હતા. આજે તે બધી બાબતો તેમની સામે એક—એક કરીને આવી ગઈ. અલ્લાહ જલ્લ શા'નુહૂની એકમાત્ર હોવાની અને તેના સંપૂર્ણ સર્વશક્તિમાન હોવાની વાસ્તવિકતા તેમની આંખોએ જોઈ લીધી, અંબિયા (અલૈ.)ની સત્યતાને નજરે જોઈ લીધી. આખિરતમાં પુનઃ સજીવન થવાની માન્યતા કે જેનો તેઓ હંમેશા ઈન્કાર કરતા રહેતા હતા, હવે હકીકત બનીને તેમની સમક્ષ આવી ગઈ. સારો બદલો અથવા સજાનો સાક્ષાત્કાર થયો. દોઝખને નજરે નિહાળી, તો હવે તેમની પાસે કોઈ દલીલ અથવા વિરોધ કરવાની બાબત બાકી ન રહી. એટલા માટે જ એવું કહેવા લાગ્યા કે, કાશ ! અમને ફરીવાર દુનિયામાં પાછા મોકલવામાં આવ્યા હોત તો મો'મિન બનીને અહીંયાં પાછા આવ્યા હોત, પરંતુ સમગ્ર સૃષ્ટિના રચયિતા, સર્વજ્ઞ, સર્વશક્તિમાન માલિકે ફરમાવ્યું કે, હમણા તો આ લોકો આવું કહી રહ્યા છે પરંતુ ધારી લો કે તેમને પુનઃ દુનિયામાં મોકલવામાં આવે, તો પણ તેઓ પોતાના આ વચન અને કરારને ભૂલી જશે અને ફરી પાછા બધું જ તે કરવા માંડશે જે તેઓ પ્રથમથી કર્યા કરતા હતા અને જે હરામ બાબતોથી તેમને રોકવામાં આવ્યા હતા આ લોકો ફરીવાર તેમાં સંડોવાઈ જશે, એટલા માટે તેમનું આવું કહેવું પણ એક જૂઠાણું અને ધોકો માત્ર છે.

તેમના આ નિવેદનને જૂઠું કહેવું તેમના કૃત્યોના આધારે પણ હોઈ શકે છે કે, તેઓ અત્યારે આવો વાયદો કરી રહ્યા છે, જો ફરીવાર તેમને દુનિયામાં મોકલવામાં આવે તો તેઓ નહીં જૂઠાડે, પરંતુ એવું થશે નહીં. આ લોકો ત્યાં પાછા જઈને પણ જૂઠાડવા જ લાગશે અને તેમના જૂઠનો આ મતલબ પણ એ હોઈ શકે છે કે, તે સમયે પણ જે કંઈ આ લોકો કહી રહ્યા છે તે તેમનો સાચો ઈરાદો નથી. બલકે, ફક્ત એક આવી પડેલ મુસીબતને ટાળવા માટે અને અઝાબથી બચવા માટે ફક્ત મૌખિક રીતે કહેવા માટે આવું કહી રહ્યા છે. દિલમાં હજુપણ તેનો કોઈ મજબૂત ઈરાદો નથી.

ત્રીજી આયતમાં ઈરશાદ છે, وَقَالُوْا اِنْ هِىَ اِلَّا حَيَاتُنَا الدُّنْيَا તેનો عَطْف (અત્ફ) عَادُوْا (આદૂ) ઉપર છે. જેનો અર્થ એ છે કે, જો તેમને ફરી એકવાર દુનિયામાં પાછા મોકલવામાં આવે તો પણ દુનિયામાં પહોંચી એવું જ કહેશે કે,

અમારી તો આ દુનિયાની જિંદગી સિવાય કોઈ બીજી જિંદગી છે જ નથી અને અમે તેને માનતા નથી. બસ, અહીંયાંનું જીવન જ એકમાત્ર જીવન છે, અમને બીજીવાર સજીવન કરવામાં નહીં આવે.

અત્રે એક સવાલ એ ઉપસ્થિત થાય છે કે, જ્યારે કયામતમાં પુનઃ સજીવન થવાનો અને ત્યારબાદ હિસાબ-કિતાબ તથા સજા અથવા બદલાને આંખોથી જોઈ ચૂક્યા હશે તો એ કેવી રીતે શક્ય હશે કે, પાછા દુનિયામાં આવીને તેઓ તેનો ઈન્કાર કરવા માંડે ?

જવાબ એ છે કે, ઈન્કાર કરવા માટે એ જરૂરી નથી કે વાસ્તવમાં તેમને આ ઘટનાઓ અને વાસ્તવિકતાનો વિશ્વાસ ન રહે બલકે, જે રીતે આજે ઘણા બધા કાફિરો અને ગુનેહગારો ઈસ્લામની સત્યતાનો સંપૂર્ણ વિશ્વાસ ધરાવે છે, પરંતુ ફક્ત દુશ્મનાવટ અને હઠધર્મીના કારણે ઈન્કાર કરી જૂઠ ઉપર મક્કમ રહ્યા છે. એ જ પ્રમાણે આ લોકો દુનિયામાં પાછા આવ્યા પછી કયામત આવવાની તથા ફરીવાર જીવતા થવાની અને આખિરતની તે તમામ પરિસ્થિતિઓનો સંપૂર્ણ વિશ્વાસ રાખવા છતાં ફક્ત શરારત અને દુશ્મનાવટના કારણે ફરી જૂઠાડવા ઉપર ઊતરી આવશે. જેમકે, કુર્આને કરીમે અત્યારના આ જીવન વિશે અમુક કાફિરોના સંદર્ભમાં ઈરશાદ કર્યો છે.

وَجَحَدُوْا بِهَا وَاسْتَيْقَنَتْهَآ اَنْفُسُهُمْ ظُلْمًا وَّعُلُوًّا

"આ લોકો અમારી આયતોનો ઈન્કાર કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, જ્યારે કે તેના સત્ય હોવાનો ચોક્કસ વિશ્વાસ ધરાવે છે, – તેમના અત્યાચાર અને અતિરેક (કરવાના કારણે)." *(સૂરહ : ૨૭, આયત : ૧૪)*

જેમકે યહૂદીઓ વિશે ઈરશાદ ફરમાવવામાં આવ્યો કે, "તેઓ ખાતમુલ અંબિયા રસૂલે કરીમ ﷺને એ રીતે ઓળખે છે, જેમકે તે લોકો પોતાના સંતાનોને ઓળખે છે પરંતુ તે છતાં તેઓ રસૂલે કરીમ ﷺનો વિરોધ કરવામાં મક્કમ છે."

ખુલાસો એ છે કે, સૃષ્ટિનો સર્જનહાર પોતે સર્વજ્ઞ હોવાના નાતે એ બાબત જાણે છે કે, તે લોકોનું એવું કહેવું કે તેઓને ફરીવાર દુનિયામાં મોકલવાની તક આપવામાં આવે તો તેઓ મો'મિન અને સદાચારી બની જશે, તે બિલકુલ જૂઠું અને ધોકો માત્ર છે અને તેમના કહેવા પ્રમાણે જો તેમને ફરીવાર દુનિયામાં પેદા

કરીને તેમની હાલત ઉપર છોડી દેવામાં આવે તો આ લોકો ફરી પાછા તે જ બધું કંઈ કરશે જે પહેલી જિંદગીમાં કર્યા કરતા હતા.

તફસીરે મઝહરીમાં તબરાનીના હવાલાથી આ રિવાયત નબીએ કરીમ ﷺ દ્વારા નકલ કરવામાં આવી છે કે, "હિસાબ-કિતાબના સમયે અલ્લાહ તઆલા હઝરત આદમ (અલૈ.)ને ન્યાયના ત્રાજવા પાસે ઊભા કરીને ફરમાવશે કે, પોતાની અવલાદના આચરણને પોતે નજરે નિહાળો અને જે વ્યક્તિના નેક કૃત્યો તેના ગુનાહોથી તસુ માત્ર પણ વધી જાય તો તેને તમે જન્નતમાં પહોંચાડી શકો છો અને અલ્લાહ તઆલાનો ઈરશાદ થશે કે, હું જહન્નમના અઝાબમાં ફક્ત તે જ વ્યક્તિને નાંખીશ કે જેના વિશે હું જાણું છું કે, તેને જો ફરીવાર દુનિયામાં મોકલવામાં આવે તો ફરી પાછી તે જ પ્રવૃત્તિઓ કરશે જે પ્રથમ કરી ચૂક્યો છે."

وَهُمْ يَحْمِلُونَ أَوْزَارَهُمْ હદીષની રિવાયતોમાં છે કે, "કયામતના દિવસે નેક લોકોના અમલો તેમની સવારી બની જશે અને દુષ્ટ લોકોના દુષ્ટ આચરણો મોટો ભાર બનીને તેમના માથાઓ ઉપર લાદવામાં આવશે."

અત્રે એ વાત ખાસ ધ્યાન આપવા યોગ્ય છે કે, કાફિરો અને દુષ્ટ લોકો હશ્રના મેદાનમાં પોતાની જાતને બચાવવા માટે હતપ્રભ બની જાત-જાતની વાતો કરશે. ક્યાંક તો જૂઠી કસમો ખાશે, ક્યાં તો એવી ઈચ્છા વ્યક્ત કરશે કે, તેમને દુનિયામાં ફરીવાર પાછા મોકલવામાં આવે પરંતુ કોઈ એવું કહેશે નહીં કે, અમે હવે ઈમાન લઈ આવ્યા અને હવે નેક અમલો કર્યા કરીશું. કારણ કે, વાસ્તવિકતા હકીકત બની તેમની સામે આવી જશે કે, આખિરતની દુનિયા અમલ કરવાનું સ્થળ નથી અને ઈમાનની પૂર્ણતા તે સમય સુધી જ સીમિત છે જ્યાં સુધી ગયૂબ ઉપર ઈમાન હોય. કોઈ બાબતને નજરે જોયા પછી તેની ખરાઈ અને સમર્થન કરવું તો પોતાના અવલોકન ઉપર અમલ કરવા સમાન છે. અલ્લાહ રબ્બુલ ઇજ્જત અને રસૂલે કરીમ ﷺની આ સાચી ખરાઈ અથવા સમર્થન નથી. આથી જાણ થઈ કે અલ્લાહ તઆલાની મરજી, ખુશી તથા હંમેશા- હંમેશની નેઅ્મતો, કાયમી રાહત, શાંતિ અને સલામતીયુક્ત જીવન તથા આખિરતના પવિત્ર ઇનામો પ્રાપ્ત કરવા ફક્ત દુનિયાની જિંદગીના માધ્યમ દ્વારા જ શક્ય છે. ન તો તેનાથી પહેલા "આલમે અરવાહ"થી તે પ્રાપ્ત થઈ શકે છે અને ન જ આ જીવન પસાર કર્યા પછી "આલમે આખિરત"માં એ પ્રાપ્ત કરવું શક્ય છે.

આથી સ્પષ્ટ થઈ ગયું કે, દુનિયાનું જીવન એક મહાન નેઅ્મત અને સૌથી મોટી કિંમતી વસ્તુ છે, જેમાં આ મહાન સોદો ખરીદી શકાય છે. એટલા માટે ઈસ્લામમાં આત્મહત્યા હરામ છે બલકે, મૌતની દુઆ અથવા તમન્ના કરવાની પણ મનાઈ છે, તેમાં અલ્લાહ તઆલાની એક મહાન નેઅ્મતની નાશુક્રી થાય છે. અમુક બુઝુર્ગોના સંદર્ભમાં વર્ણન થયું છે કે, મૃત્યુના નિકટ સમયે મવલાના જામી (રહ.)ની આ શે'રનો ભાવાર્થ તેમના મુખેથી નીકળતો હતો.

بادوروزِ زندگی جامی نشد سیرِ غمت

وہ چہ خوش بودے کہ عمرِ جاودانی داشتیم

આથી આ બાબત પણ સ્પષ્ટ થઈ ગઈ કે, પ્રસ્તુત અંતિમ આયતમાં અને કુર્આનની બીજી અનેક આયતોમાં જે દુનિયાના જીવનને ફાની (નષ્ટ થનાર) અને ખેલ-તમાશો કહેવામાં આવ્યો છે અથવા તો ઘણી બધી હદીષોમાં દુનિયાની જે ટીકા કરવામાં આવી છે, તેનો અર્થ દુનિયાની જિંદગીની તે ક્ષણો અને કિંમતી પળો છે જે અલ્લાહ તઆલાની યાદ અને ચિંતનથી બેદરકારીમાં પસાર કરવામાં આવી હોય. નહિતર જે સમય અલ્લાહની ફરમાંબરદારી તથા તેના ઝિક્ર-ફિક્રમાં પસાર થાય છે તેનાથી મોટી અથવા સમકક્ષ દુનિયાની અન્ય કોઈ નેઅ્મત અથવા દૌલત નથી.

دن وہی دن ہے شب وہی شب ہے جو تری یاد میں گزر جائے

ભાવાર્થ : દિવસ અને રાત તે જ સાચા દિવસ અને રાત કહેવાશે,
હે પરવરદિગાર ! જે તારી યાદમાં પસાર થઈ જાય.

એક હદીષમાં પણ આ બાબતનું સમર્થન થયું છે, તેમાં ઈરશાદ છે,

اَلدُّنْيَا مَلْعُوْنٌ وَمَلْعُوْنٌ مَّا فِيْهَا اِلَّا ذِكْرُ اللّٰهِ اَوْعَالِمٌ اَوْمُتَعَلِّمٌ

"દુનિયા ધિક્કારપાત્ર છે અને તેમાં જે કંઈ છે તે બધું ધિક્કારપાત્ર છે, સિવાય કે અલ્લાહની યાદ અને આલિમ અથવા ઈલ્મનો તલબગાર (વિદ્વાન અથવા વિદ્યા ગ્રહણ કરવાની ઈચ્છા ધરાવનાર)."

અને જો ચિંતનની નજરે નિહાળવામાં આવે તો વિદ્વાન અથવા વિદ્યા

ગ્રહણ કરવાનો આગ્રહી પણ અલ્લાહના ઝિક્રમાં જ લાગેલો છે. કારણ કે, અત્રે જ્ઞાનથી તે જ્ઞાન હોવાનો ઉલ્લેખ છે જે અલ્લાહ તઆલાની ખુશીનું માધ્યમ બને અને આવું જ્ઞાન શીખવું અને શિખવાડવું બંને અલ્લાહના ઝિક્રમાં જ સામેલ છે. બલકે, ઈમામ જઝરી (રહ.)ના ખુલાસા પ્રમાણે દુનિયાનું દરેક તે કામ જે અલ્લાહ તઆલાની ઈતાઅત એટલે કે, શરીઅતના હુકમો અનુસાર હોય તે બધા કાર્યો અલ્લાહના ઝિક્રમાં સામેલ છે. આથી જાણ થઈ કે, દુનિયાના બધા જ જરૂરી કાર્યો, આર્થિક ઉપાર્જનની બધી જ જાઈઝ પદ્ધતિઓ તથા અન્ય આવશ્યકતાઓ પૂર્ણ કરવાની રીતો, જે શરીઅતની મર્યાદાઓ ન વટાવે તો તે બધા જ કાર્યો અલ્લાહના ઝિક્રમાં સામેલ છે. સંતાનો, સગાં-વહાલાંઓ, દોસ્તો, પાડોશીઓ, મહેમાનો વગેરેના હકો અદા કરવાને સહીહ હદીષોમાં સદકહ અને ઈબાદતથી ઓળખાવવામાં આવ્યું છે.

ખુલાસો એ થયો કે, આ દુનિયામાં અલ્લાહ તઆલાની ઈતાઅત અને અલ્લાહના ઝિક્ર સિવાય કોઈ વસ્તુ અલ્લાહ તઆલા નજીક પ્રિય નથી. મારા ઉસ્તાદ હઝરત મવલાના અનવર શાહ કશ્મિરી (રહ.) ફરમાવે છે,

بگزر از یادِ گل و گلبن کہ ہیچم یاد نیست : در زمین و آسماں جز ذکرِ حق آباد نیست

ફૂલો અને બગીચાની યાદ છોડી દે કે મને કંઈ પણ યાદ નથી,
જમીન અને આસમાનોમાં અલ્લાહના ઝિક્ર સિવાય કંઈ જ આબાદ નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે, આ દુનિયામાં એવી વસ્તુ જે દરેક મનુષ્યને પ્રાપ્ત થયેલ છે એમાં સૌથી વધારે કિંમતી અને પ્રિય તેનું જીવન છે અને એ પણ જાણ થઈ કે, દરેક મનુષ્યના જીવનનો એક મર્યાદિત સમયગાળો છે, પરંતુ તેને પોતાની જિંદગીની સાચી સમય સીમાની જાણ નથી કે તે સિત્તેર વર્ષની થશે કે એથી વધુ.

બીજી બાજુ એ જાણ થઈ કે, અલ્લાહની ખુશી સ્વરૂપે પ્રાપ્ત થતી કિંમતી દૌલત જે દુનિયા અને આખિરતની રાહત તથા કાયમી આરામની જામિનગીરી છે, તે ફક્ત આ જ મર્યાદિત દુનિયાની જિંદગીમાં પ્રાપ્ત કરી શકાય છે. હવે, દરેક મનુષ્ય જેને અલ્લાહે બુદ્ધિ અને સભાનતા અર્પણ કરી છે, તે પોતે નિર્ણય લઈ શકે છે કે, જીવનની આ મર્યાદિત ક્ષણોને કયા કાર્યમાં ખર્ચ કરવી જોઈએ. નિઃશંક !

બુદ્ધિનો તકાદો એ જ હશે કે, આ કિંમતી સમયને વધુથી વધુ તે કામમાં ખર્ચ કરવામાં આવે જેનાથી અલ્લાહ તઆલાની ખુશી પ્રાપ્ત થઈ શકે. બાકી અન્ય કાર્યો જે દુનિયાના જીવનને ટકાવી રાખવા માટે આવશ્યક છે તેને આવશ્યકતા અનુસાર અપનાવવામાં આવે.

એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે,

اَلْكَيِّسُ مَنْ دَانَ نَفْسَهٗ وَرَضِيَ بِالْكَفَافِ وَعَمِلَ لِمَا بَعْدَ الْمَوْتِ،

"બુદ્ધિશાળી અને હોશિયાર તે વ્યક્તિ છે જે પોતાની જાતનો હિસાબ કરતો રહે.... અને પોતાનું જીવન વ્યતિત થઈ શકે એટલા આર્થિક ઉપાર્જન (આવક) ઉપર રાજી થઈ જાય અને મૃત્યુ પછી(ના જીવન) માટે બધા આચરણો વક્ફ કરી આપે."

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. 33 થી ૪૧)

قَدْ نَعْلَمُ اِنَّهٗ لَيَحْزُنُكَ الَّذِيْ يَقُوْلُوْنَ فَاِنَّهُمْ لَا يُكَذِّبُوْنَكَ وَلٰكِنَّ الظّٰلِمِيْنَ
بِاٰيٰتِ اللّٰهِ يَجْحَدُوْنَ ﴿٣٣﴾ وَلَقَدْ كُذِّبَتْ رُسُلٌ مِّنْ قَبْلِكَ فَصَبَرُوْا عَلٰى مَا
كُذِّبُوْا وَ اُوْذُوْا حَتّٰٓى اَتٰىهُمْ نَصْرُنَا ۚ وَلَا مُبَدِّلَ لِكَلِمٰتِ اللّٰهِ ۚ وَلَقَدْ جَآءَكَ
مِنْ نَّبَاِى الْمُرْسَلِيْنَ ﴿٣٤﴾ وَاِنْ كَانَ كَبُرَ عَلَيْكَ اِعْرَاضُهُمْ فَاِنِ اسْتَطَعْتَ
اَنْ تَبْتَغِيَ نَفَقًا فِي الْاَرْضِ اَوْ سُلَّمًا فِي السَّمَآءِ فَتَاْتِيَهُمْ بِاٰيَةٍ ؕ وَلَوْ شَآءَ
اللّٰهُ لَجَمَعَهُمْ عَلَى الْهُدٰى فَلَا تَكُوْنَنَّ مِنَ الْجٰهِلِيْنَ ﴿٣٥﴾ اِنَّمَا يَسْتَجِيْبُ الَّذِيْنَ النصف
يَسْمَعُوْنَ ؕ وَ الْمَوْتٰى يَبْعَثُهُمُ اللّٰهُ ثُمَّ اِلَيْهِ يُرْجَعُوْنَ ﴿٣٦﴾ وَقَالُوْا لَوْلَا نُزِّلَ عَلَيْهِ
اٰيَةٌ مِّنْ رَّبِّهٖ ؕ قُلْ اِنَّ اللّٰهَ قَادِرٌ عَلٰٓى اَنْ يُّنَزِّلَ اٰيَةً وَّ لٰكِنَّ اَكْثَرَهُمْ لَا
يَعْلَمُوْنَ ﴿٣٧﴾ وَمَا مِنْ دَآبَّةٍ فِي الْاَرْضِ وَلَا طٰٓئِرٍ يَّطِيْرُ بِجَنَاحَيْهِ اِلَّآ اُمَمٌ
اَمْثَالُكُمْ ؕ مَا فَرَّطْنَا فِي الْكِتٰبِ مِنْ شَيْءٍ ثُمَّ اِلٰى رَبِّهِمْ يُحْشَرُوْنَ ﴿٣٨﴾

وَالَّذِينَ كَذَّبُوا بِآيَاتِنَا صُمٌّ وَبُكْمٌ فِي الظُّلُمَاتِ ۗ مَن يَشَإِ اللَّهُ يُضْلِلْهُ ۗ وَمَن
يَشَأْ يَجْعَلْهُ عَلَىٰ صِرَاطٍ مُّسْتَقِيمٍ ﴿٣٩﴾ قُلْ أَرَأَيْتَكُمْ إِنْ أَتَاكُمْ عَذَابُ اللَّهِ
أَوْ أَتَتْكُمُ السَّاعَةُ أَغَيْرَ اللَّهِ تَدْعُونَ إِن كُنتُمْ صَادِقِينَ ﴿٤٠﴾ بَلْ إِيَّاهُ
تَدْعُونَ فَيَكْشِفُ مَا تَدْعُونَ إِلَيْهِ إِن شَاءَ وَتَنسَوْنَ مَا تُشْرِكُونَ ﴿٤١﴾ ع

તરજુમો :

(હે નબી ﷺ !) અમને ખબર છે તમને તેમની વાતો ગમમાં નાંખે છે, બસ તેઓ તમને નથી જૂઠાડતા પરંતુ એ જાલિમો તો અલ્લાહની આયતોનો ઈન્કાર કરે છે. (૩૩) અને તમારાથી અગાઉ ઘણા રસૂલ જૂઠાડવામાં આવ્યા છે, બસ જૂઠાડવા ઉપર અને ત્રાસ ઉપર સબ્ર કરતા રહ્યા એટલે સુધી કે તેમને અમારી મદદ પહોંચી, અને અલ્લાહની વાતો કોઈ બદલી શકતું નથી, અને તમને રસૂલોના અમુક અહેવાલ પહોંચી ચૂક્યા છે. (૩૪) અને જો તમારા ઉપર તેમનું મોઢું ફેરવવું ભારે (અઘરું) લાગે તો જો તમારાથી થઈ શકે કે જમીનમાં કોઈ સુરંગ શોધી કાઢો અથવા આસમાનમાં કોઈ નિસરણી, પછી તેમની પાસે એક મોઅ્જિઝો લાવી આપો; અને જો અલ્લાહે ઈચ્છયું હોત તો સૌને સીધા માર્ગ ઉપર એકઠા કરી દીધા હોત; બસ, તમે નાદાનોમાંથી ન થાઓ. (૩૫) માને તે જ છે જેઓ સાંભળે છે અને અલ્લાહ મુરદાઓને જીવતા કરશે, પછી તેના તરફ લાવવામાં આવશે. (૩૬) અને કહે છે, કેમ તેના ઉપર કોઈ નિશાની ન ઊતરી તેના પરવરદિગાર તરફથી ? કહી આપો કે અલ્લાહને એ વાત ઉપર કાબૂ છે કે નિશાની ઉતારે, પરંતુ તેમનામાંના ઘણા જાણતા નથી. (૩૭) અને નથી કોઈ ચાલનારું જમીનમાં અને ન કોઈ પક્ષી કે જે પોતાની બંને પાંખોથી ઉડે છે પરંતુ દરેક ઉમ્મત (સમુદાય) છે તમારી જેમ જ, અમે લખવામાં કોઈ વસ્તુ નથી છોડી, પછી સૌ પોતાના પરવરદિગારની સામે એકઠા થશે. (૩૮) અને જેઓ અમારી આયતોને જૂઠાડે છે તેઓ બહેરા અને ગૂંગા છે, અંધારાઓમાં; જેને ચાહે અલ્લાહ ગુમરાહ કરે અને જેને ચાહે સીધા માર્ગ ઉપર નાંખી દે. (૩૯) તમે

કહો ! જુઓ તો જો તમારા ઉપર અલ્લાહનો અઝાબ આવે અથવા તમારા ઉપર કયામત (આવે તો) શું અલ્લાહના સિવાય કોઈ અન્યને પોકારશો ? બતાવો ! જો તમે સાચા છો. (૪૦) બલકે તેને જ પોકારો છો, પછી તે મુસીબતને દૂર કરી આપે છે જેના માટે પોકારો છો જો ઈચ્છે છે, અને તમે ભૂલી જાઓ છો જેમને શરીક કરતા હતા. (૪૧)

તફસીર :

કાફિરો અને યહૂદીઓની વાતો ઉપર રસૂલે કરીમ ﷺને આપવામાં આવેલી સાંત્વના (તસલ્લી) :

અમે સારી પેઠે જાણીએ છીએ કે, આપ (ﷺ)ને તેઓના (કાફિરોના) નિવેદનો દિલગીર કરે છે, બસ (તમે ગમ ન કરો બલકે, તેમના મા'મલાને અલ્લાહને સોંપી દો કારણ કે) આ લોકો (સીધે-સીધા) તમને જુઠા નથી કહેતા પરંતુ આ જાલિમો તો અલ્લાહની આયતોનો (જાણીબૂઝીને) ઈનકાર કરે છે. (બસ તેનાથી તમને જુઠાડવું સાબિત થાય છે, પરંતુ તેમનો મૂળ હેતુ અલ્લાહની આયતોને જુઠાડવાનો છે, જેમકે તેમાંથી અમુક દાખલા તરીકે અબૂજહલ એનો સ્વીકાર પણ કરે છે અને જ્યારે તેમનો મૂળ હેતુ અલ્લાહની આયતોને જૂઠાડવાનો છે ત્યારે તેમનો આ મા'મલો પોતે અલ્લાહ તઆલા સાથે થયો, તે પોતે જ તેમની સાથે સમજી લેશે, તમે શા માટે દિલગીર થાઓ છો ?) અને (કાફિરોનું આ જુઠાડવું કોઈ નવી વાત નથી બલકે) ઘણા બધા પયગમ્બરો જે તમારા અગાઉ થઈ ચૂક્યા છે તેમને પણ જુઠાડવામાં આવી ચૂક્યા છે, જેના ઉપર તેમણે સબ્ર જ કરી કે તેમને જુઠાડવામાં આવ્યા અને તેમને (જાત-જાતની) પીડાઓ આપવામાં આવી, એટલે સુધી કે અમારી મદદ તેમને પહોંચી ચૂકી (જેનાથી વિરોધીઓ પરાજિત થઈ ગયા, તે સમય સુધી તેઓ સબ્ર જ કરતા રહ્યા) અને (એ જ પ્રમાણે સબ્ર કર્યા પછી તમને પણ અલ્લાહની મદદ પહોંચશે, કારણ કે) અલ્લાહ તઆલાની વાતો (એટલે કે વાયદાઓ) કોઈ બદલનારું નથી (અને મદદનો વાયદો તમારી સાથે થઈ ચૂક્યો છે, જેમકે ફરમાવવામાં આવ્યું لَاَغْلِبَنَّ اَنَا وَرُسُلِىْ) અને તમારી પાસે પયગમ્બરોના અમુક કિસ્સાઓ (કુર્આનમાં) પહોંચી ચૂક્યા છે (જેનાથી અલ્લાહ તઆલાની મદદ અને વિરોધીઓનું અંતે

પરાજિત થવું સાબિત થઈ જાય છે, વાસ્તવમાં આ સાંત્વના અને તસલ્લી આપવાનો હેતુ એ છે કે આ અલ્લાહ તઆલાનો વાયદો છે, શરૂઆતના અમુક દિવસો સબ્ર કર્યા પછી તે પોતાના રસૂલોને મદદ મોકલે છે, જેનાથી સચ્ચાઈનો વિજય થાય છે અને અસત્ય પરાજિત થઈ જાય છે અને આખિરતમાં પણ તેમને સન્માન અને સફળતા મળે છે. તમારી સાથે પણ એ જ વ્યવહાર થવાનો છે, તમે દિલગીર ન થાઓ અને રસૂલે કરીમ ﷺને કારણ કે, આખી દુનિયાના મનુષ્યો માટે દયા અને પ્રેમ તથા કરુણા સૌથી વધુ હતી, તેથી તેઓ આ તસલ્લી અને સાંત્વના હોવા છતાં એવું ઈચ્છતા હતા કે, આ મુશ્રિકો જો પ્રસ્તુત મોઅ્જિઝાઓ અને નુબુવ્વતની દલીલોથી સંતોષિત થઈને ઈમાન નહીં લાવે તો જે પ્રકારના મોઅ્જિઝાઓની તેઓ માંગણી કરી રહ્યા છે તે જ મોઅ્જિઝાઓ અસ્તિત્વમાં આવી જાય અને કદાચ તેઓ ઈમાન લઈ આવે અને તે અનુસંધાને આ કાફિરોની હાલત જોઈને તેમને ભારે દુઃખ થતું હતું, એટલા માટે આગળની આયતોમાં અલ્લાહ તઆલાએ બતાવી આપ્યું કે અલ્લાહની હિકમતના તકાદા પ્રમાણે તેમની માંગણી મુજબના મોઅ્જિઝાઓ બતાવવામાં નહીં આવે. આપ ﷺ સબ્ર કરો, ધૈર્ય ધરો અને આવા મોઅ્જિઝાઓની ફિકર-ચિંતા ન કરો, એટલા માટે ફરમાવવામાં આવ્યું, (وَاِنْ كَانَ كَبُرَ عَلَيْكَ) અને જો તમને તે (ઈનકારી)ઓના વાંધાઓ (અને ઈનકાર) ભારે લાગતા હોય (અને એટલા માટે એવું ઈચ્છતા હોય કે, તેમની માંગણી પ્રમાણેના મોઅ્જિઝાઓ જાહેર થઈ જાય) તો જો તમને એ શક્તિ છે કે જમીનમાં (જવા માટે) કોઈ સુરંગ અથવા આસમાનમાં (જવા માટે) કોઈ નિસરણી શોધી લો (પછી તેના દ્વારા જમીન અથવા આસમાનમાં જઈને ત્યાંથી) મોઅ્જિઝા (માંગણી પ્રમાણેના મોઅ્જિઝાઓમાંથી) લઈ આવો તો (બહેતર છે તમે એવું જ) કરી લો (એટલે અમે તો તેમની આ ફરમાઈશ આવશ્યકતા ન હોવાના કારણે અને હિકમતના તકાદાના વિરુદ્ધ હોવાના કારણે પૂરી નથી કરતા, જો તમે એવું જ ઈચ્છો છો કે કોઈપણ રીતે આ લોકો મુસલમાન થઈ જ જાય તો તમે પોતે જ તેની વ્યવસ્થા કરી લો) અને અલ્લાહને (જો) મંજૂર હોત તો તે સૌને સીધા માર્ગ ઉપર એકઠા કરી આપ્યા હોત (પરંતુ તેઓ પોતે જ પોતાનું ભલું નથી ઈચ્છતા, એટલા માટે અલ્લાહ તઆલાને એ મંજૂર નથી, પછી આપ ﷺના ઈચ્છવા ન ઈચ્છવાથી શું થવાનું છે !?) બસ, તમે (એ ફિકર છોડી

દો અને) બેખબર લોકોમાંથી ન થાઓ ! (સત્ય અને હિદાયતની બાબત તો) તે લોકો જ સ્વીકાર કરે છે જેઓ (સત્ય વાતને સત્ય સ્વીકાર કરવાના ઈરાદે) સાંભળે છે અને (જો આ વાંધાની અને ઈનકારની સંપૂર્ણ સજા તેમને દુનિયામાં ન મળી તો શું થયું ? અંતે એક દિવસ) મુરદાઓને અલ્લાહ તઆલા કબ્રોમાંથી સજીવન કરીને ઉઠાવશે, પછી તે સૌ અલ્લાહ પાસે જ (હિસાબ-કિતાબ માટે) લાવવામાં આવશે અને એ (ઈનકાર કરનારા) લોકો (દુશ્મનાવટના લીધે) કહે છે કે જો આ નબી છે તો તેના ઉપર (અમારી માંગણી મુજબના મોઅ્જિઝાઓમાંથી) કોઈ મોઅ્જિઝો કેમ નાઝિલ કરવામાં ન આવ્યો ? તમે કહી આપો કે, અલ્લાહ તઆલાને બેશક એના ઉપર સંપૂર્ણ શક્તિ છે કે તે (આવો જ) મોઅ્જિઝો નાઝિલ કરી આપે, પરંતુ તેમાં મોટા ભાગના લોકો (તેના પરિણામથી) બેખબર છે (એટલા માટે આવી દરખાસ્ત કરી રહ્યા છે અને તે પરિણામ એ છે કે, જો તેઓ માંગણી મુજબનો મોઅ્જિઝો જોયા પછી પણ ઈમાન નહીં લાવે તો બધાનો તરત જ નાશ કરી નાંખવામાં આવશે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે, وَلَوْ اَنْزَلْنَا مَلَكًا لَّقُضِيَ الْاَمْرُ જેનો ખુલાસો એ છે કે, તેમનો માંગણી મુજબનો મોઅ્જિઝો જાહેર કરવાની આવશ્યકતા તો એટલા માટે નથી કે પ્રથમથી જ જેટલા મોઅ્જિઝાઓ છે તે પૂરતા છે. અલ્લાહ તઆલા ફરમાવે છે, اَوَلَمْ يَكْفِهِمْ અને અમે જાણીએ છીએ કે માંગણી મુજબના મોઅ્જિઝા ઉપર પણ તેઓ ઈમાન લાવશે નહીં, જેના કારણે તરત જ અઝાબના હકદાર બની જશે, એટલા માટે હિકમતનો તકાદો એ છે કે તે કાફિરોના માંગણી મુજબના મોઅ્જિઝા જાહેર કરવામાં ન આવે અને આયતના અંતે وَلَا تَكُوْنَنَّ مِنَ الْجَاهِلِيْنَ ફરમાવવું મહોબ્બત અને કૃપા સ્વરૂપે છે. શબ્દ جَهَالَتْ "જહાલત" અરબી ભાષામાં સામાન્ય રીતે એ બાબતે ઉપયોગ કરવામાં આવે છે, તેનાથી વિરુદ્ધ ઉર્દૂ ભાષામાં તેનો તરજુમો જાહિલ અથવા જહાલતથી કરવો સભ્યતાના વિરુદ્ધ છે, એટલા માટે તરજુમો જહાલતના બદલે "બેખબર" કરવો વધુ યોગ્ય છે. આગલી આયતમાં ચેતવણી માટે કયામત અને તમામ મખ્લૂકના પરિણામનું વર્ણન છે) અને જેટલા પ્રકારના પ્રાણીઓ જમીન ઉપર (ભલે જમીન ઉપર અથવા પાણીમાં) ચાલનારા છે અને જેટલા પ્રકારના પક્ષીઓ છે પોતાની બંને પાંખોથી ઊડે છે તેમાં કોઈ પ્રકાર એવો નથી જે કયામતના દિવસે સજીવન થઈને ઉઠવામાં) તમારી જેમ સમૂહ ન હોય અને (જો

કે, આ સૌ પોતાની મોટી સંખ્યાના કારણે અસંખ્ય હશે પરંતુ અમારા હિસાબથી તેઓ બાકાત નથી, કારણ કે) અમે (પોતાની) કિતાબ (લવહે મહફૂઝ)માં કોઈ વસ્તુ (જે કયામત સુધી થવાની છે તે લખવાની) બાકી નથી છોડી (જો કે, અલ્લાહ તઆલાને લખવાની કોઈ આવશ્યકતા ન હતી, તેનું જ્ઞાન કાયમી અને છવાયેલું છે અને તે પૂરતું છે પરંતુ લખાણ દ્વારા તેણે સુરક્ષિત કરી દીધું અને આ બાબત સામાન્ય માણસોની સમજથી વધારે નિકટ છે.) પછી (ત્યારબાદ પોતાના નક્કી સમય ઉપર) બધા (મનુષ્ય અને પ્રાણીઓ) પોતાના પરવરદિગાર પાસે એકઠા કરવામાં આવશો (આગળ ફરી રસૂલે કરીમ ﷺને દિલાસો આપવાનો વિષય છે) અને જે લોકો અમારી આયતોને જૂઠાડે છે તે તો (સત્ય સાંભળવાથી) બહેરા (જેવા) અને (સત્ય કહેવાથી) મૂંગા (જેવા) બની રહ્યા છે (અને તેના કારણે) પ્રકાર–પ્રકારના અંધારાઓમાં (ભટકી રહ્યા) છે (કારણ કે, દરેક કુફ્ર એક અંધારું છે અને તેમનામાં વિવિધ પ્રકારના કુફ્ર ભેગા થયા છે, પછી તેમના કુફ્રોના પ્રકાર, અનેક પ્રકારના અંધારાઓ છે) અલ્લાહ તઆલા જેને ઇચ્છે (પોતાના હક હોવાના અધિકારે) માર્ગ ભટકાવી આપે અને જેને ઇચ્છે (પોતાની કૃપાદષ્ટિથી) સીધા માર્ગ ઉપર લાવી આપે, તમે (તે મુશ્રિકોથી) કહી અપો કે, (વારું !) એ તો બતાવો કે જો તમારા ઉપર અલ્લાહનો કોઈ અઝાબ આવી પડે અથવા કયામત જ આવી જાય તો શું (આ અઝાબ અને કયામતની ભયંકર પરિસ્થિતિઓથી બચવા માટે) અલ્લાહના સિવાય કોઈ અન્યને પોકારશો ? જો તમે (શિર્કના દા'વામાં) સાચા છો (તો તમારે તે સમયે પણ અલ્લાહ સિવાય અન્યને પણ પોકારવા જોઈએ પરંતુ કદાપિ એવું થશે નહીં) બલકે, (તે સમયે તો) ખાસ તેને જ પોકારવા લાગો પછી જે (આફત)ને (હટાવવા) માટે તમે (તેને) પોકારો, જો તે ઇચ્છે તો તેને હટાવી પણ આપે (અને ન ઇચ્છે તો ન પણ હટાવે) અને જેને તમે (હવે અલ્લાહનો) ભાગીદાર ઠરાવો છો (તે સમયે) તે બધાને ભૂલી જાઓ છો.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં ફરમાવવામાં આવ્યું છે, فَإِنَّهُمْ لَا يُكَذِّبُونَكَ એટલે કે, આ કાફિરો વાસ્તવમાં રસૂલે કરીમ ﷺને જૂઠાડતા નથી બલકે, અલ્લાહ તઆલાની આયતોને જૂઠાડી રહ્યા છે. આ ઘટના તફસીરે મઝહરીમાં સુદ્દીની રિવાયતથી એ રીતે વર્ણન થઈ છે કે, એક સમયે

કુરૈશના કાફિરોના બે સરદારો અખનસ બિન શરીક અને અબૂ જહલની મુલકાત થઈ તો અખનસે અબૂ જહલને પૂછ્યું કે, "હે અબૂલ હિકમ ! (અરબસ્તાનમાં અબૂ જહલને અબૂલ હિકમના નામથી બોલાવવામાં આવતો હતો. ઈસ્લામમાં તેના કુફ્ર અને દુશ્મનાવટના કારણે તેનું ઉપનામ અબૂજહલ પડી ગયું.) આ એકાંત છે, મારી અને તમારી વાતચીત કોઈ ત્રીજો સાંભળી નથી રહ્યો, મને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ (ﷺ) વિશે તમારો અભિપ્રાય સાચે-સાચો બતાવો કે તેને સાચો (સાચા) સમજો છો કે જૂઠો (જૂઠા) ?" અબૂજહલે અલ્લાહની કસમ ખાઈને કહ્યું, "નિઃશંક ! મુહમ્મદ (ﷺ) સાચો (સાચા) છે, તેઓ પોતાના સમગ્ર જીવન દરમિયાન ક્યારેય જૂઠું નથી બોલ્યા, પરંતુ વાત એમ છે કે કુરૈશના કબીલાની એક શાખ બની કુસય્યમાં બધા જ પ્રકારની ખૂબીઓ અને વિશેષતાઓ ભેગી થઈ જાય અને એમના સિવાય સમગ્ર કુરૈશ બાકી રહી જાય, તેને અમે કઈ રીતે સહન કરી શકીએ છીએ ? ઝંડો બની કુસય્યના હાથમાં છે, હરમમાં હાજીઓને પાણી પીવડાવવાની મહત્ત્વની સેવા તેમના હાથમાં છે, બયતુલ્લાહની ચોકીદારી અને તેની ચાવી પણ તેમના હાથમાં છે. હવે, જો નુબુવ્વત પણ અમે તેમનામાં હોવાનું સ્વીકાર કરી લઈએ તો બીજા કુરૈશના લોકો પાસે શું બાકી બચશે ?"

એક અન્ય રિવાયત નાજિયા ઈબ્ને કઅ્બથી નકલ થઈ છે, કે અબૂજહલે એક વખતે પોતે રસૂલે કરીમ ﷺને કહ્યું કે, "અમને તમારા ઉપર જૂઠનું કોઈ અનુમાન નથી અને ન અમે તમને જૂઠાડીએ છીએ. હા ! અમે તે કિતાબ અથવા દીનને જૂઠો કહીએ છીએ જેને તમે લાવ્યા છો." *(મઝહરી)*

આ રિવાયતોની બીના પર આ આયતને એ વાસ્તવિક અર્થમાં પણ લઈ શકાય છે કે, આ કાફિરો રસૂલે કરીમ ﷺને નહીં પરંતુ અલ્લાહની આયતોને જૂઠાડતા હતા અને આ આયતનો ભાવાર્થ એ પણ થઈ શકે છે કે, આ કાફિરો જો કે, જાહેરમાં આપ ﷺને જ જૂઠાડતા હતા પરંતુ વાસ્તવમાં રસૂલે કરીમ ﷺને જૂઠાડવાનું પરિણામ પોતે અલ્લાહ તઆલા અને તેની આયતોને જૂઠાડવું ગણાય છે. જેમકે હદીષમાં છે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "જે વ્યક્તિ મને ત્રાસ આપે છે તે વાસ્તવમાં અલ્લાહ તઆલાને ત્રાસ આપવાના હુકમમાં છે."

છઠ્ઠી આયત وَمَا مِنْ دَآبَّةٍ થી જાણ થઈ કે, કયામતના દિવસે મનુષ્યોની

સાથે-સાથે સમગ્ર પ્રાણી જગતને સજીવન કરવામાં આવશે અને ઈબ્ને જરીર, ઈબ્ને હાતિમ તથા બયહકીએ અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત નકલ કરી છે કે, "કયામતના દિવસે સમગ્ર પ્રાણીઓ, જંગલી પશુ-પક્ષીઓને પણ પુનઃ સજીવન કરવામાં આવશે અને અલ્લાહ તઆલાનો ન્યાય એ હદ સુધી છે કે, જો કોઈ શિંગડાવાળા જાનવરે શિંગડા વિનાના જાનવરને દુનિયામાં માર્યું હશે તો તેનો બદલો તેની પાસેથી લેવામાં આવશે. (એ જ પ્રમાણે બીજા જાનવરોના પરસ્પર અત્યાચારનો બદલો લેવામાં આવશે) અને જ્યારે તેમને તેમના પરસ્પર હકો અને અત્યાચારોનો બદલો પૂર્ણ થઈ ચૂકશે તો તેમને હુકમ થશે કે, બધા માટી બની જાઓ અને બધા જાનવરો તે જ સમયે માટીના ઢગલામાં ફેરવાઈ જશે. આ જ તે સમય હશે, જ્યારે કાફિરો કહેશે, يٰلَيْتَنِىْ كُنْتُ تُرَابًا એટલે કે, કાશ ! મારી સાથે પણ આવી જ ઘટના ઘટે કે મને પણ માટી બનાવી દેવામાં આવે જેથી હું જહન્નમના અઝાબથી બચી જાઉં."

ઈમામ બગવી (રહ.)એ એક અન્ય રિવાયતમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી નકલ કર્યું છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, કયામતના દિવસે બધા હકદારોને હક અદા કરવામાં આવશે, એટલે સુધી કે શિંગડા વગરની બકરીનો બદલો શિંગડાવાળી બકરી પાસેથી લેવામાં આવશે."

મખ્લૂકના અધિકારોનું મહત્ત્વ :

આ બધાથી જાણ થાય છે કે, જાનવરોને શરીઅતના કોઈ હુકમો લાગુ પડતા નથી, તે ફક્ત મનુષ્યો અને જિન્નાતોને જ લાગુ પડે છે અને દેખીતું છે કે, જે શરીઅતના હુકમોના કાયદા હેઠળ નથી, તેમની સાથે બદલો અથવા સજાનો મા'મલો નથી થઈ શકતો. એટલા માટે ઉલમા ફરમાવે છે કે, મહશરમાં જાનવરનો બદલો તેમના ઈસ્લામી શરીઅતના હુકમોના આધીન હોવાના કારણે નહીં બલકે, પરવરદિગારે આલમના ઈન્સાફના તકાદાના કારણે છે. તેથી જો એક જાનવર કોઈ અન્ય જાનવર ઉપર અત્યાચાર કરે તો તેને પણ બદલો અપાવવામાં આવશે, જાનવરોને આ સિવાય તેમના કોઈ અન્ય આચરણ ઉપર સજા અથવા બદલો ન હશે. આથી જાણ થાય છે કે, અલ્લાહના સર્જનના પરસ્પરના હકોમાં જુલમ અને અત્યાચારના આચરણો એટલા સંગીન અપરાધ છે કે, જેને શરીઅતના હુકમો લાગુ પડતા નથી તે પશુઓને પણ તેનાથી બાકાત રાખવામાં

આવ્યા નથી, પરંતુ અફસોસ છે કે ઘણા દીનદાર અને ઈબાદતગુજાર મનુષ્યો પણ આ બાબતમાં ગફલતથી વર્તી રહ્યા છે.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૪૨-૪૩-૪૪-૪૫)

وَلَقَدْ اَرْسَلْنَآ اِلٰٓى اُمَمٍ مِّنْ قَبْلِكَ فَاَخَذْنٰهُمْ بِالْبَاْسَآءِ وَالضَّرَّآءِ لَعَلَّهُمْ
يَتَضَرَّعُوْنَ ﴿٤٢﴾ فَلَوْلَآ اِذْ جَآءَهُمْ بَاْسُنَا تَضَرَّعُوْا وَلٰكِنْ قَسَتْ قُلُوْبُهُمْ وَزَيَّنَ
لَهُمُ الشَّيْطٰنُ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٤٣﴾ فَلَمَّا نَسُوْا مَا ذُكِّرُوْا بِهٖ فَتَحْنَا عَلَيْهِمْ اَبْوَابَ
كُلِّ شَيْءٍ حَتّٰٓى اِذَا فَرِحُوْا بِمَآ اُوْتُوْٓا اَخَذْنٰهُمْ بَغْتَةً فَاِذَا هُمْ مُّبْلِسُوْنَ ﴿٤٤﴾
فَقُطِعَ دَابِرُ الْقَوْمِ الَّذِيْنَ ظَلَمُوْا ؕ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿٤٥﴾

તરજુમો :

અને અમે તમારાથી અગાઉ ઘણી ઉમ્મતો ઉપર રસૂલ મોકલ્યા હતા, પછી અમે તે લોકોને કઠણાઈમાં અને તકલીફમાં પકડયા જેથી તેઓ કરગરે. (૪૨) પછી કેમ ન કરગર્યા જ્યારે તેમના ઉપર અમારો અઝાબ આવ્યો ? પરંતુ તેમના દિલ કઠણ થઈ ગયા અને શયતાને તેમને તે કામ ભલા કરી દેખાડયા જે તેઓ કરી રહ્યા હતા. (૪૩) પછી જ્યારે તેઓ એ નસીહતને ભૂલી ગયા જે તેમને કરવામાં આવી હતી (તો) અમે તેમના ઉપર દરેક વસ્તુના દરવાજા ખોલી નાંખ્યા એટલે સુધી કે તે વસ્તુઓ ઉપર ખુશ થયા જે તેમને આપવામાં આવી (પછી) અમે તેમને અચાનક પકડી લીધા, બસ તે વખતે તેઓ નાઉમ્મીદ (નિરાશ) થઈને રહી ગયા. (૪૪) પછી તે જાલિમોના મૂળિયાં કપાઈ ગયા, અને સઘળા વખાણ અલ્લાહના જ માટે છે જે દુનિયાઓનો પાલનહાર છે. (૪૫)

તફસીર :

અને અમે આપ (ﷺ)થી અગાઉની ઉમ્મતો તરફ પણ પયગમ્બરો મોકલ્યા હતા (પરંતુ તેમણે તેમને ન માન્યા) તો અમે તેમને તંગદસ્તી અને

બીમારીથી પકડી લીધા જેથી તેઓ ઢીલા પડી જાય (અને પોતાના કુફ્ર અને ગુનાહથી તવબહ કરી લે). બસ, જ્યારે તેમના દિલો તો (એવા જ) સખત (કઠણ) રહ્યા અને શયતાન તેમના દુષ્ટ કૃત્યોને તેમના વિચારમાં (કાયદેસર રીતે) શણગારીને (અને સદ્કૃત્યો બતાવીને) બતાવતો રહ્યો, પછી જ્યારે તે લોકો (કાયદેસર) તે વસ્તુઓને ભૂલી ગયા (અને છોડી બેઠા) જે તેઓને (પયગમ્બર તરફથી) નસીહત કરવામાં આવતી હતી (એટલે કે, ઈમાન અને ઈતાઅત) તો અમે તેમના ઉપર (આનંદ અને સુખની) દરેક વસ્તુઓના દરવાજા ખોલી નાંખ્યા, એટલે સુધી કે જ્યારે તે વસ્તુઓ ઉપર જે તેમને મળી હતી તેઓ ખૂબ ઈતરાઈ ગયા (અને બેદરકારી તથા આળસમાં તે કાફિરો હજુ આગળ વધી ગયા તે સમયે) અમે તેમને અચાનક (તેમને કલ્પના પણ ન હોય તેવા અઝાબમાં) પકડી લીધા (અને સખત અઝાબ નાઝિલ કર્યો જેનું વર્ણન કુર્આનમાં અનેક ઠેકાણે આવે છે) પછી (તે અઝાબથી) જાલિમ લોકોના મૂળિયાં (સુદ્ધાં) કાપી નાંખવામાં આવ્યા અને અલ્લાહનો શુક્ર છે જે બધી જ દુનિયાઓનો પાલનહાર છે (કે આવા જાલિમોના પાપને નષ્ટ કરી નાંખ્યા કે જેના કારણે દુનિયામાં અરાજકતા ફેલાઈ ગઈ હતી).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં શિર્ક અને કુફ્રના રદિયા અને તવહીદની સાબિતીઓને એક ખાસ શૈલીમાં વર્ણન કરવામાં આવી છે કે, પ્રથમ મક્કાના મુશ્રિકોને સવાલ કરવામાં આવ્યો કે, જો તમારા ઉપર આજે કોઈ મુસીબત આવી જાય, દાખલા તરીકે, અલ્લાહ તઆલાનો અઝાબ આ દુનિયામાં જ તમારા ઉપર આવી જાય અથવા મૌત કે કયામતની ભયંકર પરિસ્થિતિઓ ઉપસ્થિત થઈ જાય તો પોતાના દિલોમાં વિચાર કરીને બતાવો કે, તે સમયે તમે પોતાની મુસીબતને દૂર કરવા માટે કોને પોકારશો ? અને કોનાથી આશા રાખશો કે તે તમને અઝાબ અને મુસીબતથી છુટકારો અપાવે ? શું આ પથ્થર કે જે પોતે અન્યના હાથે કંડાળાયેલી મૂર્તિ માત્ર છે અથવા માનવોમાંથી તે લોકો જેને તમે સર્વશક્તિમાનનું સ્વરૂપ આપી બેઠા છો, શું તે સમયે તેઓ તમારા કામ લાગશે ? અને તમે તેમને ફરિયાદ કરશો કે, પછી એક માત્ર અલ્લાહ જલ્લ શા'નુહૂને જ તે સમયે પોકારશો ?

તેનો જવાબ કોઈપણ બુદ્ધિશાળી વ્યક્તિ તરફથી એના સિવાય બીજો કોઈ

જ નથી હોઈ શકતો કે, તે પોતે અલ્લાહ તઆલાનું નામ પોતાના તરફથી લે. કારણ કે, સામાન્ય રીતે મુસીબતના સમયે મોટા-મોટા મુશ્રિકો પણ મૂર્તિઓને અને પોતે ઘડી કાઢેલા મઅ્બૂદોને ભૂલી જશે અને ફક્ત એકમાત્ર અલ્લાહ તઆલાને પોકારશે, માટે હવે પરિણામ જાહેર છે કે, આ તમારી મૂર્તિઓ અને જે મઅ્બૂદોને તમે ખુદાનું સ્વરૂપ આપી બેઠા છો અને તેમને જ પોતાની દરેક પ્રકારની જરૂરિયાતો પૂરી કરનાર સમજો છો અને કહો છો કે, જ્યારે તેઓ કોઈ મોટી મુસીબતના સમયે તમારા કામ નહીં લાગે અને તમારી એવી હિંમત પણ નથી કે, તમે એવા સમયે તેમને પોતાની મદદ માટે બોલાવો તો પછી તેમની ઈબાદત અને તેમના વિશેની જરૂરિયાતો પૂરી કરવાની તમારી માન્યતા કયા દિવસે કામ આવવાની છે ?

આ વિષય પાછળ આવી ચૂકેલી આયતોનો ખુલાસો છે, તેમાં અનુમાન (કલ્પના) કરીને બતાવવામાં આવ્યું છે કે, તમારા કુફ્ર-શિર્ક અને નાફરમાનીની સજામાં જો ધારી લો કે, આ દુનિયામાં જ તમારા ઉપર અઝાબ આવી પડે અને ધારી લો કે, આ જિંદગીમાં અઝાબ ન આવ્યો તો કયામતમાં જે થવાનું છે તે ચોક્કસ થવાનું જ છે. જ્યાં મનુષ્યના બધા આચરણો, પ્રવૃત્તિઓ અને કાર્યોનો હિસાબ-કિતાબ કરવામાં આવશે તથા તેના ઉપર બદલા અને સજાના હુકમો લાગુ કરવામાં આવશે.

અહીંયાં કયામતનો અર્થ સામાન્ય અર્થમાં કયામતનો જે અર્થ સમજવામાં આવે છે તે પણ હોઈ શકે છે અને એ પણ હોઈ શકે છે કે, શબ્દ سَاعَةٌ (સાઅત) આ સ્થળે "કયામતે સુગરા" એટલે કે, નાની કયામત અથવા કયામત જેવી ભયંકર પરિસ્થિતિ ભાવાર્થ તરીકે હોઈ શકે છે, જે દરેક મનુષ્યના મૌત ઉપર કાયમ થઈ જાય છે, જેમકે મશ્હૂર છે مَنْ مَّاتَ فَقَدْ قَامَتْ قِيَامَتُهٗ એટલે કે, જે વ્યક્તિ મૃત્યુ પામ્યો તેની કયામત તો આજે જ કાયમ થઈ ગઈ, કારણ કે કયામતમાં હિસાબ-કિતાબનો શરૂઆતનો નમૂનો કબ્રમાં જ એટલે કે, આલમે બરઝખમાં સામે આવી જશે અને ત્યાંનો બદલો અથવા સજાનો નમૂનો પણ અહીંયાંથી જ શરૂ થઈ જશે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, નાફરમાની કરનારાઓને આ આયતમાં ધમકી

આપવામાં આવી છે કે, પોતાની આ નાફરમાનીથી નચિંત ન બની જાઓ, બની શકે છે કે, આ જ દુનિયાની જિંદગીમાં તમારા ઉપર અલ્લાહ તઆલાનો કોઈ અઝાબ આવી પડે, જેમકે અગાઉ થઈ ચૂકેલી ઉમ્મતો ઉપર આવ્યો હતો અને એ પણ ન થાય તો મૌત અથવા કયામત પછી તો ચોક્કસ હિસાબ થવાનો જ છે, પરંતુ પોતાની જિંદગીના મર્યાદિત સમયમાં ઉપસ્થિત થનાર ખૂબ મર્યાદિત અનુભવો ઉપર સમગ્ર દુનિયા અને સમગ્ર દુનિયાની ઘટનાઓને અનુમાનિત કરનારા મનુષ્યનો સ્વભાવ આવી બાબતોમાં યુક્તિ-પ્રયુક્તિ શોધવાનો છે, તે અંબિયા (અલૈ.)ની ચેતવણીઓ અને ધમકીઓને માત્ર ઠાલી અને વ્યર્થ બાબત સમજીને ટાળે છે. ખાસ કરીને જ્યારે આવી પરિસ્થિતિ દરેક યુગમાં સામે આવે છે તો ઘણા લોકો અલ્લાહ તબારક વ તઆલા અને રસૂલે કરીમ ﷺની ઉઘાડી નાફરમાની કરતા હોવા છતાં ખૂબ વિકાસ અને પ્રગતિ કરી રહ્યા હોય એવું દેખાય છે. દુનિયામાં માલ અને દૌલત, ઈજ્જત અને જાહોજલાલી બધું જ કંઈ તેમને પ્રાપ્ત થતું દેખાય છે. એકબાજુ આ નજરે જોયેલો અહેવાલ અને બીજી તરફ અલ્લાહના પયગમ્બરોની એ ધમકી કે નાફરમાની કરનારાઓ ઉપર અઝાબ આવતો હોય છે, જ્યારે આ બંનેને મેળવીને જોવામાં આવે છે તો તેમનો યુક્તિ-પ્રયુક્તિઓ કરી હીલા-હવાલા કરવાનો સ્વભાવ જોવા મળે છે અને શયતાન તેમને એવું જ શિખવાડે છે કે, પયગમ્બરોના નિવેદનો તો માત્ર એક ધોકો અને વ્યર્થ બાબત છે. (નઊઝુબિલ્લાહ !)

આ બાબતનો જવાબ આપવા માટે ઉપરોક્ત આયતમાં અલ્લાહ જલ્લ શા'નુહૂએ અગાઉ થઈ ચૂકેલી ઉમ્મતોની ઘટનાઓ અને તેમના ઉપર લાગુ પાડવામાં આવેલ કુદરતના કાયદાઓનું વર્ણન કરીને ઈરશાદ ફરમાવ્યું છે, وَلَقَدْ اَرْسَلْنَا اِلٰى اُمَمٍ مِّنْ قَبْلِكَ فَاَخَذْنٰهُمْ بِالْبَاْسَآءِ وَالضَّرَّآءِ لَعَلَّهُمْ يَتَضَرَّعُوْنَ એટલે કે, અમે તમારા અગાઉ પણ પોતાના રસૂલો અન્ય ઉમ્મતો તરફ મોકલ્યા અને બે રીતે તેમની પરીક્ષા લેવામાં આવી, પ્રથમ અમુક કઠણાઈ અને તકલીફ તેમના ઉપર નાંખીને એ જોવામાં આવ્યું કે, તકલીફ અને મુસીબતથી ગભરાઈને આ લોકો અલ્લાહ તઆલા તરફ કેન્દ્રિત થાય છે કે કેમ ? જ્યારે તેઓ તેમાં નિષ્ફળ રહ્યા અને અલ્લાહ તઆલાના શરણમાં જવાના બદલે અને બળવાખોર વૃત્તિથી બચવાને બદલે વધુને વધુ તેમાં ઓતપ્રોત થતા રહ્યા તો હવે તેમની બીજા

પ્રકારની પરીક્ષા લેવામાં આવી કે, તેમના ઉપર દુનિયાની રંગીનીઓ તથા અય્યાશીઓના દરવાજા ખોલી નાંખવામાં આવ્યા અને દુનિયાના જીવનના સંદર્ભમાં જેટલી પણ રાહતો હોય છે તે બધું આપી દેવામાં આવ્યું કે, કદાચ આ લોકો નેઅ્મતોને જોઈને પોતાના ઉપકારકને ઓળખી લે અને એ રીતે તેમને પોતાનો પાલનહાર યાદ આવી જાય પરંતુ તેઓ આ કસોટીમાં પણ નિષ્ફળ રહ્યા અને પોતાના ઉપકારક પાલનહારને ઓળખવાના બદલે, તેનો આભાર માનવાના બદલે અય્યાશીઓની ભૂલ-ભૂલૈયામાં એવા લીન થઈ ગયા કે, અલ્લાહ અને રસૂલ ﷺના સંદેશાઓ અને શિક્ષણને સદંતર ભૂલાવી બેઠા તથા અમુક દિવસની અય્યાશીમાં એવા મદ્મસ્ત બની ગયા કે સઘળું ભૂલાવી બેઠા ત્યારે હવે બંને પ્રકારની કસોટીઓ અને પરીક્ષાઓમાં નિષ્ફળ થયા પછી તેમના ઉપર દરેક પ્રકારની હુજ્જત પૂર્ણ થઈ ગઈ. છેવટે અલ્લાહ તઆલાના અઝાબે તેમને અચાનક આવીને પકડી લીધા અને તેમનો સર્વનાશ કરવામાં આવ્યો અને તેમનો વંશવેલો પણ બાકી ન રહ્યો. આ અઝાબ અગાઉ થઈ ચૂકેલી ઉમ્મતો ઉપર મોટે ભાગે આ જ પ્રમાણે આવતો હતો કે, ક્યારેક આસમાનમાંથી તો ક્યારેક જમીનમાંથી તો ક્યારેક કોઈ અન્ય સ્વરૂપમાં એક સર્વવ્યાપી અઝાબ આવતો હતો અને સમગ્ર કૌમને તેમાં નષ્ટ કરી નાંખવામાં આવતી હતી. હઝરત નૂહ (અલૈ.)ની સમગ્ર કૌમને પાણીના એવા પ્રલયે ઘેરી લીધી કે, પહાડોની ટોચ સુદ્ધાં પણ સુરક્ષિત ન રહી શકી. આદ કૌમ ઉપર એવું સખત તોફાન આવ્યું કે, આઠ દિવસ સુધી સતત ચાલુ રહ્યું, જેના કારણે તેમનો એક પણ વ્યક્તિ ન બચી શક્યો. ષમૂદની કૌમનો એક ભયાનક અવાજ દ્વારા સર્વનાશ કરવામાં આવ્યો. હઝરત લૂત (અલૈ.)ની કૌમની સમગ્ર વસ્તીને ઊંધી ફેંકી દેવામાં આવી, જે આજ સુધી જોર્ડનના વિસ્તારમાં એક આશ્ચર્યજનક પાણી (મૃત સરોવર-Dead sea) સ્વરૂપે મૌજૂદ છે, જેમાં કોઈ જાનવર જેમકે, દેડકાં, માછલી વગેરે પણ જીવીત નથી રહી શકતી અને એટલા જ માટે તેને "મૃત સરોવર"ના નામે ઓળખવામાં આવે છે અને તે "લૂત સરોવર" તરીકે પણ પ્રખ્યાત છે.

મતલબ કે, અગાઉ થઈ ચૂકેલી ઉમ્મતોની નાફરમાનીઓની સજા મોટે ભાગે તેમને વિવિધ પ્રકારના અઝાબ સ્વરૂપે કરવામાં આવી, જેમાં આખે-આખી કૌમ એકી સમયે નાશ પામી અને ક્યારેક એવું પણ થયું કે તેઓ દેખીતી રીતે કોઈ

સ્વાભાવિક વૃત્તિથી ખતમ થઈ ગઈ અને આગળ ઉપર તેમનું કોઈ નામ લેનાર સુદ્ધાં બાકી ન રહ્યું.

પ્રસ્તુત આયતમાં એ પણ બતાવવામાં આવ્યું છે કે, અલ્લાહ રબ્બુલ આલમીન કોઈ કૌમ ઉપર વ્યાપક પ્રમાણમાં અઝાબ અચાનક નથી મોકલતો. બલકે, ચેતવણી સ્વરૂપે થોડી-થોડી સજાઓ નાઝિલ કરતો રહે છે, જેના દ્વારા નેક અને સમજદાર લોકો પોતાની ગફલત અને બેદરકારીથી બચી જઈને સીધા માર્ગ ઉપર આવી જાય. એ પણ જાણ થઈ કે, જે તકલીફ અને મુસીબત દુનિયામાં સજા સ્વરૂપે આપવામાં આવે છે તેનું સ્વરૂપ જો કે, સજાનું હોય છે પરંતુ વાસ્તવમાં તે પણ સજા નથી હોતી, બલકે ગફલતના અંધકારોમાંથી પ્રકાશ તરફ લઈ જવા માટે એક ચેતવણી સ્વરૂપે હોય છે કે, જેથી તેઓ જાગૃત થઈ જાય. આ પણ અલ્લાહ તઆલાની એક રહમત જ છે. કુર્આન શરીફની એક અન્ય આયતમાં ઈરશાદ છે, وَلَنُذِيقَنَّهُم مِّنَ الْعَذَابِ الْأَدْنَىٰ دُونَ الْعَذَابِ الْأَكْبَرِ لَعَلَّهُمْ يَرْجِعُونَ (૩૨ : ૨૧) એટલે કે, અમે તેમને મોટો અઝાબ ચખાડતા પહેલાં એક નાનો અઝાબ ચખાડીએ છીએ, જેથી તેઓ હજુપણ હકીકતને સમજીને પોતાના ખોટા માર્ગને ત્યજી દે.

આ આયતોથી એ શંકા પણ દૂર થઈ ગઈ કે, આ દુનિયા બદલાનું સ્થળ નથી, બલકે આચરણ કરવાનું સ્થળ છે. અહીંયાં તો નેક અને બદ્ (ખરાબ), ભલાઈ અને બુરાઈ એક જ પલ્લામાં તોલાય છે. બલકે, ક્યારેક દુષ્ટ લોકો ભલા લોકો કરતાં વધારે અધિકારો ભોગવે છે અને સારી રીતે રહે છે, પછી આ દુનિયામાં સજા લાગુ પાડવાનો શું મતલબ છે ? જવાબ સ્પષ્ટ છે કે, અસલ બદલો અને સજા તો કયામતના દિવસે જ થશે, જેનું નામ જ يَوْمُ الدِّينِ (યવમુદ્દીન) એટલે કે, બદલાનો દિવસ છે, પરંતુ અમુક તકલીફો અને અઝાબ નમૂના સ્વરૂપે અને એ જ પ્રમાણે અમુક રાહતો નમૂના સ્વરૂપે દુનિયામાં અલ્લાહની રહમતના તકાદા પ્રમાણે મોકલવામાં આવે છે અને અમુક સમજદાર બુદ્ધિશાળી લોકો તો એવું કહે છે કે, દુનિયામાં જેટલા આનંદ-પ્રમોદ અને રાહતો છે તે જન્નતની રાહતોનો નમૂનો માત્ર છે કે જેથી મનુષ્યને તેના તરફ આકર્ષણ પેદા થાય અને જેટલી તકલીફો અને પરેશાનીઓ રંજ-ગમ આ દુનિયામાં છે, તે બધા આખિરતના અઝાબના નમૂના માત્ર છે કે જેથી મનુષ્ય તેનાથી બચવાની

કાળજી લે, નહિતર નમૂના વિના કોઈપણ વસ્તુને ઓળખવી, તેની પ્રેરણા આપવી અને તે માટે પ્રોત્સાહિત કરવું શક્ય નથી અને ન જ કોઈ બાબતથી કોઈને ડરાવી શકાય છે.

મતલબ કે, દુનિયાની રાહતો અને તકલીફો વાસ્તવમાં સજા અથવા બદલો નથી બલકે, સજા અને બદલાનો નમૂનો માત્ર છે અને આ સમગ્ર દુનિયા આખિરતની ખેતી છે, બજાર છે, વેપારી પોતાના માલના નમૂના બતાવવા માટે તેને દુકાનમાં સૌની નજર પડે એ રીતે સામે સજાવે છે કે, જેથી તેને જોઈને ખરીદનારને આકર્ષણ પેદા થાય. જાણ થઈ કે, દુનિયાના રંજ—ગમ અથવા આનંદ અને રાહત વાસ્તવમાં સજા અથવા બદલો નથી બલકે, સર્જનહારથી વિખૂટી પડેલી મખ્લૂકનો નાતો ફરી પોતાના સર્જનહાર સાથે જોડવાની એક યુક્તિ માત્ર છે.

خلق را با تو چنیں بدخو کنند   تا ترا ناچار رو آں سو کنند

પ્રસ્તુત આયતના અંત ભાગમાં આ હિકમતનું વર્ણન لَعَلَّهُمۡ يَتَضَرَّعُوۡنَ ના શબ્દોમાં કરવામાં આવ્યું છે, એટલે કે અમે તેમના ઉપર જે કઠણાઈ અને મુસીબત દુનિયામાં નાંખી તેનો હેતુ વાસ્તવમાં દુનિયાનો અઝાબ ન હતો. બલકે, એ હતો કે, મુસીબતમાં સ્વાભાવિક રીતે દરેક વ્યક્તિને અલ્લાહ યાદ આવી જતો હોય છે. એટલા માટે આ કઠણાઈમાં નાંખી પોતાના તરફ કેન્દ્રિત કરવાનો હેતુ હતો. જાણ થઈ કે, દુનિયામાં તકલીફો અને મુસીબતો અઝાબ સ્વરૂપે પણ જો કોઈ વ્યક્તિ અથવા વર્ગ ઉપર આવી પડે છે તેમાં એક પાસું અલ્લાહની રહમતનું પણ પ્રવૃત્ત હોય છે.

ત્યારબાદ ત્રીજી આયતમાં જે ઇરશાદ ફરમાવવામાં આવ્યો, فَتَحۡنَا عَلَيۡهِمۡ اَبۡوَابَ كُلِّ شَيۡءٍ કે, જ્યારે તેમની નાફરમાનીની મર્યાદાઓ વટવા લાગી તો હવે એક ભયાનક કસોટીમાં તેમને નાંખવામાં આવ્યા..... કે તેમના ઉપર દુનિયાની નેઅ્મતો અને રાહતો તથા સફળતાઓના દરવાજા ખોલી નાંખવામા આવ્યા.

આ બાબતથી પણ સામાન્ય મનુષ્યોને ચેતવણી આપવામાં આવી છે કે, દુનિયામાં કોઈ વ્યક્તિ અથવા વર્ગને સુખી અને ભૌતિકતાના અધધ છૂટછાટમાં

રાચેલા જોઈને ધોકો ન ખાઈ બેસો કે, આ જ લોકો સીધા માર્ગ ઉપર છે અને આ જ લોકો સફળ જીવનના માલિક છે. બલકે, ઘણા વખતે આવી પરિસ્થિતિ તેમની નાફરમાનીઓના કારણે અઝાબમાં સપડાવાના સ્વરૂપે પણ હોય છે કારણ કે તેના કારણે તેમને કઠોર અઝાબ અચાનક આવીને પકડી લેવાનું નક્કી થતું હોય છે.

આથી રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "જ્યારે તમે એવું જૂઓ કે, કોઈ વ્યક્તિ ઉપર નેઅ્મત અને દૌલત વરસી રહી છે, જ્યારે કે તે ગુનાહો અને નાફરમાનીઓ ઉપર અડગ હોય છે તો સમજી લો કે તેને ઢીલ આપવામાં આવી રહી છે, એટલે કે તેની આ ઐશો-ઈશરત અને આનંદ તેને સખત અઝાબમાં સપડાવવાની એક નિશાની પણ છે." (رَوَاهُ اَحْمَدُ عَنْ عُقْبَةَ ابْنِ عَامِرٍ كَذَافِىْ تَفْسِيْرِ ابْنِ كَثِيْر)

અને તફસીરના ઈમામ ઈબ્ને જરીર (રહ.)એ ઉબાદહ ઈબ્ને સામિત (રદિ.)થી નકલ કર્યું છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે,

"જ્યારે અલ્લાહ તઆલા કોઈ કૌમને બાકી રાખવા અને વધારવા ઈચ્છે છે તો તેમનામાં બે (પ્રકારના) લક્ષણો પેદા કરી આપે છે. એક, દરેક કાર્યમાં મધ્યમ માર્ગ અને વચલો રસ્તો. બીજું, ઈફ્ફત અને ઈસ્મત (વિનમ્રતા અને શીલ રક્ષા), એટલે કે હક વિરુદ્ધની વસ્તુઓના ઉપયોગથી પરહેઝ. અને જ્યારે અલ્લાહ તઆલા કોઈ કૌમનો નાશ કરવા અને બરબાદ કરવા ઈચ્છે છે તો તેના ઉપર અપ્રમાણિકતા (ખયાનત)ના દરવાજા ખોલી નાંખે છે, એટલે કે, તે (કૌમ) પોતાની અપ્રમાણિકતાઓ અને દુરાચારો હોવા છતાં દુનિયામાં સફળ થતી નજરે પડે છે."

અંતિમ આયતમાં ફરમાવ્યું કે, જ્યારે અલ્લાહ તઆલાનો અઝાબ વ્યાપક સ્વરૂપમાં આવ્યો તો જાલિમોના વંશ પણ ખતમ થઈ ગયો અને અંતે ફરમાવ્યું, وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ જેમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યો કે, અપરાધીઓ અને અત્યાચારીઓ ઉપર જ્યારે મુસીબત આવે તો તે સમગ્ર દુનિયા માટે એક નેઅ્મત છે, જેના ઉપર લોકોએ અલ્લાહ તઆલાનો આભાર (શુક્ર) માનવો જોઈએ.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૪૬ થી ૪૯)

قُلْ أَرَءَيْتُمْ إِنْ أَخَذَ اللَّهُ سَمْعَكُمْ وَأَبْصَارَكُمْ وَخَتَمَ عَلَىٰ قُلُوبِكُم مَّنْ إِلَٰهٌ غَيْرُ
اللَّهِ يَأْتِيكُم بِهِ ۗ انظُرْ كَيْفَ نُصَرِّفُ الْآيَاتِ ثُمَّ هُمْ يَصْدِفُونَ ﴿٤٦﴾ قُلْ أَرَءَيْتَكُمْ
إِنْ أَتَاكُمْ عَذَابُ اللَّهِ بَغْتَةً أَوْ جَهْرَةً هَلْ يُهْلَكُ إِلَّا الْقَوْمُ الظَّالِمُونَ ﴿٤٧﴾
وَمَا نُرْسِلُ الْمُرْسَلِينَ إِلَّا مُبَشِّرِينَ وَمُنذِرِينَ ۖ فَمَنْ آمَنَ وَأَصْلَحَ فَلَا
خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُونَ ﴿٤٨﴾ وَالَّذِينَ كَذَّبُوا بِآيَاتِنَا يَمَسُّهُمُ الْعَذَابُ
بِمَا كَانُوا يَفْسُقُونَ ﴿٤٩﴾

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહી આપો ! જુઓ તો જો અલ્લાહ તમારા કાન અને આંખો ખૂંચવી લે અને તમારા દિલો ઉપર મહોર (સીલ) લગાવી દે તો કોણ એવો પરવરદિગાર છે અલ્લાહના સિવાય જે તમને આ વસ્તુઓ લાવી આપે? જુઓ, અમે કેવી રીતે પ્રકાર-પ્રકારથી વાતો વર્ણન કરીએ છીએ ! તો પણ તેઓ કિનારો કરે છે (અળગા રહે છે). (૪૬) તમે કહો, જુઓ તો ! જો તમારા ઉપર અલ્લાહનો અઝાબ અચાનક અથવા જાહેર થઈને આવે તો જાલિમ લોકો સિવાય કોનો નાશ થશે !? (૪૭) અને અમે રસૂલ નથી મોકલતા પરંતુ ખુશી અને ડર સંભળાવવાને, પછી જે કોઈ ઈમાન લાવ્યો અને સુધરી ગયો તો ન તો તેમના ઉપર ડર છે અને ન જ તેઓ ગમગીન થાય. (૪૮) અને જેમણે અમારી આયતોને જૂઠાડી તેમને અઝાબ પહોંચશે એટલા માટે કે તેઓ નાફરમાની કરતા હતા. (૪૯)

તફસીર :

આપ (ﷺ તે લોકોને આ પણ) કહી આપો કે, બતાવો ! જો અલ્લાહ તઆલા તમારી શ્રવણશક્તિ અને દૃષ્ટિ બિલકુલ ખૂંચવી લે (કે ન તમે કંઈ સાંભળી શકો અને ન તમે કશું જોઈ શકો) અને તમારા દિલો ઉપર સીલ મારી આપે (કે તમે હૃદયપૂર્વક કોઈ વસ્તુ સમજી ન શકો) તો અલ્લાહ તઆલા સિવાય

અન્ય કોઈ મઅ્બૂદ છે કે, એ (વસ્તુઓ) તમને પરત લાવી આપે ? (જ્યારે તમારા સ્વીકારથી પણ કંઈ એવું નથી જાહેર થતું તો પછી કોને ઈબાદતનો હકદાર સમજો છો ?) તમે જુઓ તો કે અમે કેવી કેવી રીતે દલીલોને વિવિધ પ્રકારે જાહેર કરી રહ્યા છે !? (તો પણ તે દલીલોમાં ચિંતન નથી કરતા ? અને તેના પરિણામોનો સ્વીકાર કરવાથી) આ વાંધો (અને બેદરકારી) દાખવો છો ? તમે (તેમને આ પણ) કહી આપો કે એ બતાવો ! જો તમારા ઉપર અલ્લાહનો અઝાબ આવી પડે, ભલે અજાણતામાં જ અથવા સભાન અવસ્થામાં, તો શું જાલિમ લોકો સિવાય (આ અઝાબથી) અન્ય કોઈ હલાક કરવામાં આવશે ? (મતલબ એ છે કે, જો અઝાબ આવ્યો તો તે તમારા જુલમના કારણે તમારા ઉપર જ પડશે, મો'મિનો બચેલા રહેશે, એટલા માટે તમારે ભાનમાં આવવું જોઈએ مرگِ انبوہ جشنے دارد નો સહારો પણ ભૂલી જવો જોઈએ કે, જો અઝાબ આવી ગયો તો તેમાં તમારી સાથે મુસલમાનો પણ સામેલ થઈ જશે) અને અમે પયગમ્બરોને (જેમની પયગમ્બરી સ્પષ્ટ દલીલો સાથે સાબિત કરી ચૂક્યા છે) ફક્ત એટલા માટે મોકલીએ છીએ કે, તેઓ (ઈમાન અને ઈતાઅત કરનારાઓને અલ્લાહની ખુશી અને જન્નતની નેઅ્મતોની) ખુશખબરી આપે અને (કુફ્ર અને ગુનાહ કરનારાઓને અલ્લાહની નારાજગીથી) ડરાવે. (એટલા માટે નથી મોકલતા કે હુજ્જત પૂરી થયા પછી પણ વિરોધીઓ દુશ્મનાવટપૂર્ણ રીતે તેમની પાસે વ્યર્થ માંગણીઓ કર્યા કરે અને તેઓ બધી માંગણીઓ પૂર્ણ કરી બતાવ્યા કરે) પછી (તે પયગમ્બરોએ ખુશખબરી આપ્યા અને ડરાવ્યા પછી) જો (કોઈ) વ્યક્તિ ઈમાન લઈ આવે અને (પોતાની હાલતની માન્યતાની રૂએ તથા આચરણ દ્વારા) સુધારણા કરી લે તો તે લોકો ઉપર (આખિરતમાં) કોઈ ભય નથી, ન જ તેઓ ત્યાં દિલગીર થશે અને જે લોકો (આ ખુશખબરી અને ચેતવણી પછી પણ) અમારી આયતોને જૂઠી બતાવે તેમને (અમુક સમયે તો દુનિયામાં જ નહિતર આખિરતમાં તો ચોક્કસ) અઝાબ પહોંચે છે, એ કારણે કે તેઓ ઈમાનના વર્તુળથી નીકળી જતા હતા.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૫૦-૫૧)

قُلْ لَّآ اَقُوْلُ لَكُمْ عِنْدِیْ خَزَآىِٕنُ اللّٰهِ وَلَآ اَعْلَمُ الْغَیْبَ وَلَآ اَقُوْلُ لَكُمْ اِنِّیْ مَلَكٌ ۚ
اِنْ اَتَّبِعُ اِلَّا مَا یُوْحٰۤى اِلَیَّ ؕ قُلْ هَلْ یَسْتَوِی الْاَعْمٰى وَ الْبَصِیْرُ ؕ اَفَلَا تَتَفَكَّرُوْنَ ﴿۵۰﴾
وَ اَنْذِرْ بِهِ الَّذِیْنَ یَخَافُوْنَ اَنْ یُّحْشَرُوْۤا اِلٰى رَبِّهِمْ لَیْسَ لَهُمْ مِّنْ دُوْنِهٖ
وَلِیٌّ وَّ لَا شَفِیْعٌ لَّعَلَّهُمْ یَتَّقُوْنَ ﴿۵۱﴾

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહી આપો ! હું તમને નથી કહેતો કે મારી પાસે અલ્લાહના ખજાના છે અને ન જ હું ગયૂબની વાત જાણું છું અને ન જ હું તમને કહું કે હું ફરિશ્તો છું, હું એના જ ઉપર ચાલું છું જે મારી પાસે અલ્લાહનો હુકમ આવે છે, તમે કહી આપો ! ક્યારે સમાન થઈ શકે છે આંધળો અને દષ્ટિવાળો ? બસ, તમે વિચાર કરતા નથી ? (૫૦) અને ખબરદાર કરી દો તે લોકોને આ કુર્આનથી જેમને એનો ડર છે કે તેઓ પોતાના પરવરદિગારની સામે એ રીતે એકઠા થશે કે અલ્લાહના સિવાય ન તો તેમનો કોઈ હિમાયતી હશે અને ન જ કોઈ સિફારસ કરનાર જેથી તેઓ બચતા રહે. (૫૧)

તફસીર :

આપ (ﷺ તે માંગણી કરનાર લોકોને) કહી આપો કે, ન તો હું તમને એવું કહું છું કે મારી પાસે અલ્લાહ તઆલાના સમગ્ર ખજાના છે (કે જે કંઈ મારી પાસે માંગવામાં આવે તે મારી શક્તિથી આપી દઉં) અને ન જ હું બધી જ ગયૂબની બાબતોને જાણું છું (જે અલ્લાહ તઆલાની જ એકમાત્ર સિફત છે) અને ન જ હું તમને એવું કહું છું કે હું ફરિશ્તો છું, હું તો માત્ર તે વહીનું અનુસરણ કરું છું જે મારી પાસે આવે છે (જે વહીના તકાદા ઉપર હું પોતે પણ આચરણ કરું છું અને અન્યોને પણ આમંત્રણ આપું છું, જે રીતે અગાઉ થઈ ચૂકેલા અંબિયા અલૈ.એ પણ આવું જ કર્યું હતું, પછી) તમે તેમને કહો કે, દષ્ટિહીન અને દષ્ટિવાળો શું સમાન હોય શકે છે ? (અને જ્યારે આ વાત બધા જ સ્વીકારે છે) તો શું તમે

(દષ્ટિ ધરાવનાર બનવા નથી ઈચ્છતા ? અને આ પ્રસ્તુત શિખામણમાં) વિચાર (અને સત્યના સંશોધન માટે ચિંતન-મનન) નથી કરતા (કે સત્ય જાહેર થઈ જાય અને તમે દષ્ટિ ધરાવનાર લોકોમાં સામેલ થઈ જાઓ) અને જો (એમ છતાં પણ તેઓ દુશ્મનાવટ છોડતા નથી તો તેમની સાથે ચર્ચા અને બહસ બંધ કરી દો અને તમારું જે મુખ્ય કાર્ય જે રિસાલતના પ્રચાર-પ્રસારનું છે તેમાં મશ્ગૂલ થઈ જાઓ અને) એવા લોકોને (કુફ્ર અને ગુનાહ ઉપર અલ્લાહના અઝાબથી ખાસ રીતે) ડરાવો (જેઓ માન્યતાની દષ્ટિએ અથવા ઓછામાં ઓછું શક્યતાના ધોરણે) જે એ બાબતનો ભય રાખે છે કે (કયામતમાં) પોતાના પરવરદિગાર પાસે એવી હાલતમાં ભેગા કરવામાં આવીશું કે, (અલ્લાહ તઆલા સિવાય જેમને-જેમને કાફિરો ભલામણ કરનારા અથવા સહાયક સમજતા હતા તે સમયે તેમનામાંથી) ન તો કોઈ તેમનો હિમાયતી હશે અને ન જ કોઈ સિફારસ કરનાર; કદાચ આ લોકો (આ રીતે ડરાવવાથી) અઝાબથી ડરી જાય (અને કુફ્ર તથા ગુનાહોથી બચી જાય) !

મસ્અલા અને બોધપાઠ :

અરબના કાફિરો તરફથી મોઅ્જિઝા બતાવવાની વાહિયાત માંગણીઓઃ

મક્કાના કાફિરો સામે રસૂલે કરીમ ﷺના અનેક મોઅ્જિઝાઓની અલ્લાહ તઅલાની સ્પષ્ટ આયતો (દલીલો) જાહેર થઈ ચૂકી હતી. રસૂલે કરીમ ﷺ દુનિયામાં યતીમ હોવાના સ્વરૂપે તશરીફ લાવ્યા હતા, લખવાનું કે વાંચવાનું જાણતા ન હતા બલકે, એક "ઉમ્મી" (નિરક્ષર) તરીકે તેમની સામે રહ્યા હતા. એવી ધરતી ઉપર પેદા થયા જેની ચારે બાજુ ન તો કોઈ વિદ્વાન હતો, ન જ કોઈ વિદ્યાનું કેન્દ્ર. આવી પરિસ્થિતિમાં પોતાની જિંદગીના ચાલીસ વર્ષો આ જ ઉમ્મી હોવાના સ્વરૂપમાં સમગ્ર મક્કાના નિવાસીઓ સામે જીવન વ્યતિત કર્યું, ત્યારબાદ ચાલીસ વર્ષો પછી અચાનક આપ ﷺની જીભ મુબારકથી એવું આશ્ચર્યચકિત્ કરનારું અત્યંત ગૂઢ અને ઉચ્ચ કક્ષાનું કલામ નીકળવા લાગ્યું, જેની સાહિત્યિક ઉચ્ચતાની શ્રેષ્ઠતાએ અરબસ્તાનના મોટા-મોટા સાહિત્યકારોને પડકાર આપીને કાયમી ધોરણે તેમના મોઢાંઓ બંધ કરી દીધા અને જેના હિકમતસભર અર્થો (ગૂઢાર્થો); અને કયામત સુધીની મનુષ્યની આવશ્યકતાની બધી જ બાબતો સાથે

મનુષ્યજાતિને એક સંપૂર્ણ જીવન બંધારણ અને વ્યવસ્થા આપી, જેને માણસની બુદ્ધિ અથવા દિમાગ ક્યારેય સંપાદિત નથી કરી શકતી અને ન જ ફક્ત વૈચારિક અથવા ચિંતન સ્વરૂપે એકઠું કરીને રજૂ કર્યું બલકે, આચરણની દષ્ટિએ પણ દુનિયામાં અત્યંત સફળતા સાથે તેને લાગુ પાડીને બતાવ્યું અને તે માનવી કે, જે પોતાની માનવતા ભૂલીને બળદ, બકરી, ઘોડા, ગધેડાની જેમ પોતાના જીવનનો હેતુ ફક્ત ખાવા-પીવા, સૂવા-જાગવાને ઠરાવી ચૂક્યો હતો, તેમને સાચી માનવતાનો સબક (પાઠ) આપ્યો, તેમના જીવનના રૂખને એવા ઉચ્ચ કક્ષાના હેતુ તરફ ફેરવી દીધું જેના માટે તેનો જન્મ થયો હતો. આ રીતે રસૂલે કરીમ ﷺની જિંદગીનો દરેક સમયગાળો અને તેમની સાથે ઉપસ્થિત થનાર દરેક સન્માનનીય ઘટનાઓમાં પ્રત્યેક એક આગવો મોઅ્જિઝો અને અલ્લાહની સ્પષ્ટ દલીલ હતી, જેના પ્રત્યક્ષ દર્શન કર્યા પછી કોઈપણ ન્યાયપ્રિય બુદ્ધિશાળી વ્યક્તિ માટે અન્ય કોઈ દલીલ કે મોઅ્જિઝાની સંભાવના બાકી રહી ન હતી.

પરંતુ એમ છતાં કુરૈશના કાફિરોએ અનેક પ્રકારના મોઅ્જિઝાઓ પોતાની ઈચ્છા પ્રમાણે બતાવવાની માંગણી મૂકી. તેમની મોઅ્જિઝાની માંગણીઓમાંથી પણ અમુકને અલ્લાહ તઆલાએ સ્પષ્ટ રીતે બતાવીને જાહેર કરીને બતાવી દીધું. ચાંદના બે ટૂકડા કરવાની માંગણી કરી હતી, شَقِّ قَمَرْ (શક્કે કમર)નો મોઅ્જિઝો ન જ ફક્ત કુરૈશે બલકે, તે સમયે દુનિયામાં રહેનારા લોકોએ મોટી સંખ્યામાં પોતાની આંખોથી આ મોઅ્જિઝો જોઈ લીધો.

પરંતુ તેમની માંગણી મુજબ આવા મહાન મોઅ્જિઝાઓ જાહેર થયા છતાં તેઓ પોતાના આ જ કુફ્ર અને ગુમરાહી ઉપર હઠધર્મી તથા દુશ્મનાવટના કારણે અડગ રહ્યા અને અલ્લાહની આ સ્પષ્ટ દલીલને اِنْ هٰذَا اِلَّا سِحْرٌ مُّسْتَمِرٌّ કહીને ઉપેક્ષિત કરી દીધી અને આ બધી વસ્તુઓ જોવા અને સમજવા છતાં તેમના તરફથી રસૂલે કરીમ ﷺને રોજ-રોજ નવા-નવા મોઅ્જિઝા બતાવવાની માંગણી કરતા રહેતા હતા અને જેમકે, પાછલી આયતોમાં વર્ણન થઈ ચૂક્યું છે, لَوْ لَا نُزِّلَ عَلَيْهِ اٰيَةٌ مِنْ رَّبِّهٖ قُلْ اِنَّ اللّٰهَ قَادِرٌ عَلٰٓى اَنْ يُّنَزِّلَ اٰيَةً وَّلٰكِنَّ اَكْثَرَ هُمْ لَا يَعْلَمُوْنَ એટલે કે, આ લોકો કહે છે કે, "જો મુહમ્મદ (ﷺ) અલ્લાહના સાચા રસૂલ છે તો તેમનાથી કોઈ મોઅ્જિઝો કેમ જાહેર નથી થતો ?" કુર્આને કરીમમાં તેના જવાબમાં રસૂલે કરીમ ﷺને હુકમ આપવામાં આવ્યો કે, તમે તે લોકોને બતાવી

આપો કે, અલ્લાહ તઆલાની કુદરતમાં તો બધું જ કંઈ છે, તેણે જે રીતે તમારી માંગણી વિના પોતે જ અનેક સ્પષ્ટ દલીલો અને મોઅ્જિઝાઓ નાઝિલ કર્યા છે, એ જ પ્રમાણે તે તમારા માંગણી મુજબના મોઅ્જિઝાઓ બતાવી શકે છે, પરંતુ એનાથી તમારે જાણી લેવું જોઈએ કે, અલ્લાહની સુન્નત (ટેવ) આ વિષયમાં એ છે કે, જ્યારે કોઈ કૌમનો માંગણી મુજબનો મોઅ્જિઝો બતાવવામાં આવે અને છતાં પણ તેઓ તેના ઉપર ઈમાન ન લાવે તો તેમને તાત્કાલિક અઝાબમાં પકડી લેવામાં આવે છે. એટલા માટે કૌમની ભલાઈ એમાં જ હતી અને છે કે, તેમની માંગણી મુજબના મોઅ્જિઝાઓ જાહેર ન કરવામાં આવે, પરંતુ ઘણા લોકો કે જેઓ તે સમયે હિકમતના દૂરગામી પરિણામોથી અજ્ઞાન અને બેખબર છે તેમની જીદ એ જ રહેતી હતી કે, અમારી માંગણી મુજબનો મોઅ્જિઝો બતાવી આપો.

પ્રસ્તુત આયતમાં તે લોકોના આવા જ સવાલો અને માંગણીઓનો જવાબ એક ખાસ શૈલીથી આપવામાં આવ્યો છે.

મક્કાના કાફિરોએ રસૂલે કરીમ ﷺ પાસે જુદા-જુદા સમયે ત્રણ પ્રકારની માંગણી રજૂ કરી હતી. પ્રથમ એ કે, જો તમે અલ્લાહના સાચા રસૂલ છો તો અમારા માટે દુનિયાના બધા જ ખજાનાઓ ભેગા કરી આપવામાં આવે. બીજું એ કે, જો તમે ખરેખર સાચા રસૂલ છો તો અમારી ભવિષ્યમાં થનારી બધી જ ફાયદાકારક અથવા નુકસાનકારક પરિસ્થિતિઓ અને ઘટનાઓ બતાવી આપો, જેથી અમે ફાયદાકારક વસ્તુઓને પ્રાપ્ત કરવા અને નુકસાનકારક પરિસ્થિતિઓથી બચવાની વ્યવસ્થા પ્રથમથી જ કરી લઈએ. ત્રીજું એ કે, અમારી સમજમાં નથી આવતું કે અમારી જ કૌમનો એક વ્યક્તિ જે અમારી જેમ માતા-પિતાના માધ્યમથી જન્મ્યો છે અને તમામ માનવીય ગુણો જેમકે, ખાવું-પીવું, હરવું-ફરવું વગેરેમાં અમારી જેમ જ છે, તે અલ્લાહનો રસૂલ બની ગયો. કોઈ ફરિશ્તો હોત, જેનું પેદા થવું અથવા જેના ગુણો અને ખાસિયતો અમારા બધા કરતાં વિશેષ પ્રકારની હોત તો અમે તેને ચોક્કસ અલ્લાહ તઆલાનો રસૂલ અને અમારો આગેવાન માની લીધો હોત.

આ ત્રણે સવાલોના જવાબોમાં ઈરશાદ થયો, قُلْ لَّآ اَقُوْلُ لَكُمْ عِنْدِىْ خَزَآئِنُ اللّٰهِ وَلَآ اَعْلَمُ الْغَيْبَ وَلَآ اَقُوْلُ لَكُمْ اِنِّىْ مَلَكٌ ۚ اِنْ اَتَّبِعُ اِلَّا مَا يُوْحٰٓى اِلَىَّ

એટલે કે, રસૂલે કરીમ ﷺને માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, આ લોકોના વાહિયાત સવાલોના જવાબમાં તમે તેમને સ્પષ્ટપણે દર્શાવી આપો કે, તમે મારી પાસે દુનિયાના ખજાના ભેગા કરવાની જે માંગણી કરી રહ્યા છો તો મેં ક્યારે એવો દા'વો કર્યો છે કે, અલ્લાહ તઆલાના બધા ખજાનાઓ મારા હાથમાં છે ? અને તમે જે એ માંગણી કરી રહ્યા છો કે, ભવિષ્યમાં રજૂ થનારી પ્રત્યેક ફાયદાકારક અથવા નુકસાનકારક ઘટનાઓ અને પરિસ્થિતિઓ હું તમને બતાવી આપું તો મેં ક્યારે એવો દા'વો કર્યો છે કે હું દરેક ગયૂબની વસ્તુઓને જાણું છું ? અને તમે જે મારી પાસે ફરિશ્તાઓ જેવી ખાસ ખાસિયતો અને સિફતો જોવા ઈચ્છો છો તો મેં ક્યારે કહ્યું છે કે, હું ફરિશ્તો છું ?

ખુલાસો એ છે કે, મારી પાસે માત્ર એ બાબતની દલીલ માંગી શકાય છે જેનો હું દા'વો કરી રહ્યો છું. એટલે એ કે, હું અલ્લાહ તઆલાનો રસૂલ છું અને તેની મોકલેલી હિદાયત (માર્ગદર્શન) મનુષ્યોને પહોંચાડું છું અને પોતે પણ તેના ઉપર આચરણ કરું છે અને અન્યોને પણ એવું કરવાની તાકીદ કરું છું એટલા માટે તેના માટે એક-બે નહીં પણ અનેક સ્પષ્ટ દલીલો રજૂ કરવામાં આવી ચૂકી છે.

રિસાલતના આ દા'વા માટે ન તો એ જરૂરી છે કે, અલ્લાહના રસૂલ ﷺ અલ્લાહના બધા ખજાનાઓના માલિક બની જાય અને ન જ એ જરૂરી છે કે, તેઓ અલ્લાહ તઆલાની જેમ જ દરેક ગયૂબની નાની-મોટી બાબતોથી વાકેફ હોય અને એ પણ જરૂરી નથી કે, તેઓ દરેક માનવ તરીકેની જરૂરિયાતો અને ગુણ-લક્ષણોથી ભિન્ન પ્રકારના બનીને ફરિશ્તા બની જાય. બલકે, રસૂલનો હોદ્દો ફક્ત એટલો છે કે, તે અલ્લાહ તરફથી મોકલવામાં આવેલ વહીનું અનુસરણ કરે, જેના ઉપર પોતે પણ અમલ કરે અને અન્યોને પણ તેના ઉપર અમલ કરવાનું આમંત્રણ આપે.

આ હિદાયતનામા (માર્ગદર્શન પત્રિકા)થી રિસાલતના હોદ્દાની વાસ્તવિકતા પણ સ્પષ્ટ કરવામાં આવી અને રસૂલે કરીમ ﷺ વિશે જે ખોટી-ખોટી કલ્પનાઓ તે લોકોએ ધારી રાખી હતી, તેનો રદિયો પણ આપવામાં આવ્યો અને આ જ સંદર્ભમાં મુસલમાનોને પણ એ માર્ગદર્શન આપવામાં આવ્યું કે, તેઓ ખ્રીસ્તીઓની જેમ પોતાના રસૂલને ખુદા ન બનાવી બેસે અથવા ખુદાઈના માલિક ન ઠરાવી લે. તેમના સન્માન અને મહોબ્બતનો તકાદો પણ એ

જ છે કે, તેમના વિશે યહૂદીઓ અને ખ્રીસ્તીઓની જેમ "ઈફરાત" અને "તફરીત" (અતિશયોક્તિ અને અધૂરપ) તથા મર્યાદા વટાવવાની ગંદકીમાં ન પડે કે, યહૂદીઓએ તો પોતાના અંબિયા (અલૈ.)ની હત્યા સુદ્ધાં કરવાથી પરહેઝ ન કરી અને ખ્રીસ્તીઓએ પોતાના રસૂલને ખુદા બનાવી લીધા. (નઊઝુબિલ્લાહ.)

આથી પહેલા વાક્યમાં જે એ ઈરશાદ ફરમાવ્યો કે, "અલ્લાહ તઆલાના ખજાના મારા હાથમાં નથી," તો તે ખજાનાઓનો શું અર્થ છે ? તફસીરના ઉલમાએ ઘણી બધી વસ્તુઓના નામ લીધા છે, પરંતુ પોતે કુર્આને કરીમે જ્યાં અલ્લાહના તઆલાના ખજાનાનું વર્ણન કર્યું છે તો તેમાં ઈરશાદ ફરમાવ્યું છે, وَاِنْ مِّنْ شَیْءٍ اِلَّا عِنْدَنَا خَزَآئِنُهٗ (૧૫ : ૨૦) એટલે કે, દુનિયાની કોઈ વસ્તુ એવી નથી જેના ખજાના અમારી પાસે ન હોય. એનાથી જાણ થઈ કે, અલ્લાહના ખજાનાનો અર્થ દુનિયાની બધી જ વસ્તુઓ ઉપર છવાયેલો છે. કોઈ ખાસ વસ્તુ નક્કી કરી શકાતી નથી અને જે વિવરણકારોએ ખાસ-ખાસ વસ્તુઓના નામો લીધા છે તે પણ ઉદાહરણ સ્વરૂપે છે, એટલા માટે એમાં કોઈ વાદ-વિવાદ નથી અને જ્યાં આ આયતે એ બતાવી આપ્યું કે, અલ્લાહ તઆલાના સમગ્ર ખજાના સય્યિદુર્રુસૂલ ઈમામુલ અંબિયા સરવરે કાઈનાત ફખ્રે દો આલમ ખાતમુન્નબિય્યિન ﷺના હાથમાં પણ નથી તો પછી ઉમ્મતના કોઈ બુઝુર્ગ અથવા વલી વિશે એવી ધારણા બાંધવી કે, તે જેવું ઈચ્છે કરી શકે છે, જેને ચાહે આપી શકે છે; તે નરી જહાલત અને અજ્ઞાનતા છે.

અંતિમ વાક્યમાં ફરમાવ્યું, وَلَآ اَقُوْلُ لَكُمْ اِنِّیْ مَلَكٌ એટલે કે, "હું તમને એવું નથી કહેતો કે, હું ફરિશ્તો છું," જેના કારણે તમે માનવ પ્રકૃતિ જોઈને રિસાલતનો ઈન્કાર કરો છો.

વચ્ચેના વાક્યમાં વર્ણનશૈલી બદલીને لَآ اَقُوْلُ لَكُمْ اِنِّیْ اَعْلَمُ الْغَیْبَ એટલે કે, "તમને હું એવું નથી કહેતો કે, હું ગયૂબ જાણું છું." કહેવાના બદલે ઈરશાદ ફરમાવ્યો وَلَآ اَعْلَمُ الْغَیْبَ એટલે કે, "હું ગયૂબને જાણતો નથી."

અબૂ હય્યાનની તફસીર બહરે મુહીતમાં આ વર્ણનશૈલી બદલવાનું રસપ્રદ વિવરણ એ રીતે થયું છે કે, અલ્લાહના બધા જ ખજાનાઓના માલિક થવું અથવા ન થવું, એ જ પ્રમાણે કોઈ વ્યક્તિનું ફરિશ્તો બનવું અથવા ન બનવું, આ બધું

પ્રત્યક્ષ દર્શન ઉપર આધારિત છે. જેમને સંબોધન કરવામાં આવી રહ્યું છે તે પણ જાણતા હતા કે અલ્લાહ તઆલાના બધા ખજાના રસૂલે કરીમ ﷺના હાથમાં નથી અને રસૂલે કરીમ ﷺ ફરિશ્તા પણ નથી. ફક્ત દુશ્મનાવટના કારણે આવી માંગણી કરી રહ્યા હતા, તેના જવાબમાં એવું કહી દેવું પૂરતું હતું કે, મેં ક્યારેય એવો દા'વો નથી કર્યો કે, હું અલ્લાહ તઆલાના ખજાનાનો માલિક છું અથવા હું ફરિશ્તો છું.

પરંતુ ગય્બના જ્ઞાનનો વિષય એવો ન હતો. કારણ કે, તે લોકો પોતાના જ્યોતિષિઓ અને ભવિષ્યવેત્તાઓ વિશે પણ એવી માન્યતા રાખતા હતા કે તેઓ ગય્બ જાણે છે, તો અલ્લાહ અને રસૂલ ﷺ વિશે આવી માન્યતા રાખવી તેમના દ્વારા કોઈ દૂરની વાત ન હતી. ખાસ કરીને જ્યારે કે, રસૂલે કરીમ ﷺની જીભ મુબારકથી તેમણે ઘણી બધી ગય્બની ખબરો પણ સાંભળી હતી, જે તેમને અલ્લાહ તઆલાએ વહી દ્વારા બતાવી હતી અને તે જ ખબરો પ્રમાણે ઘટના ઘટવાનો અનુભવ પણ તેઓ કરી ચૂક્યા હતા. એટલા માટે અત્રે ફક્ત દા'વો અથવા નિવેદનનો નકાર કરવાને પૂરતું સમજવામાં ન આવ્યું. બલકે, વાસ્તવિક કૃત્યનો નકાર કરવામાં આવ્યો અને એવું ફરમાવ્યું, وَلَآ اَعۡلَمُ الۡغَيۡبَ એટલે કે, "હું ગય્બ જાણતો નથી." તેમાં તેમની આ ગેરસમજ પણ દૂર કરવામાં આવી કે, અલ્લાહ તઆલા તરફથી વહી દ્વારા અથવા ઈલહામ દ્વારા જે ગય્બની બાબતોનું જ્ઞાન કોઈ ફરિશ્તા, રસૂલ અથવા વલીને આપવામાં આવે છે તેને કુર્આનની પરિભાષામાં ગય્બનું ઈલ્મ અથવા તેના જાણકારને "આલિમુલ ગય્બ" (ગય્બ જાણનાર) કહી શકાય નહીં.

તેનાથી આ બાબત પણ સ્પષ્ટ થઈ ગઈ કે, આ બાબતમાં કોઈ મુસલમાનને કોઈ વાંધો નથી હોઈ શકતો કે, અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺને ગય્બની હજારો-લાખો વસ્તુઓનું જ્ઞાન અર્પણ કર્યું હતું, બલકે બધા ફરિશ્તાઓ અને આગલા-પાછલા લોકોને જેટલું જ્ઞાન આપવામાં આવ્યું હતું, તેનાથી વધારે રસૂલે કરીમ ﷺને અર્પણ કરવામાં આવ્યું છે અને આ જ સમગ્ર ઉમ્મતનો અકીદહ પણ છે. હા ! તેની સાથે-સાથે કુર્આન અને સુન્નતની અનેક સ્પષ્ટતાઓ પ્રમાણે બધા જ ઈમામો સલફ-ખલફ બધાનો જ એ અકીદો છે કે, સમગ્ર કાઈનાત (સૃષ્ટિ)નું સર્વાંગી અને ઠોસ સંપૂર્ણ જ્ઞાન માત્ર અને માત્ર

અલ્લાહ તઆલાને જ છે અને તે તેની ખાસ સિફત છે. જે પ્રમાણે તેના સર્જનહાર હોવાની તથા પાલનહાર હોવાની, સર્વશક્તિમાન હોવાની સિફતમાં કોઈ ફરિશ્તો, કોઈ માનવી, કોઈ રસૂલ સમકક્ષ નથી હોઈ શકતો, એ જ પ્રમાણે તેના સર્વત્ર છવાયેલા સર્વવ્યાપી જ્ઞાનમાં પણ કોઈ તેનો સમકક્ષ હોઈ શકતો નથી. એટલા માટે અલ્લાહ તઆલા સિવાય કોઈ ફરિશ્તા અથવા કોઈ પયગમ્બરને ગયૂબની લાખો વસ્તુઓનું જ્ઞાન અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવે તે છતાં તેમને "આલિમુલ ગયૂબ" કહી શકાય નહીં.

ખુલાસો એ છે કે, સરવરે કાઈનાત ફખ્રુર્રસૂલ સય્યિદુર્રસૂલ ઈમામુલ અંબિયા હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના અકલ્પનીય અસાધારણ જ્ઞાન અને વિશેષતાઓ દર્શાવવા માટે માત્ર આટલું વાક્ય પૂરતું છે કે, بعد از خدا بزرگ توئی قصہ مختصر (ટૂંકીને ટચ વાત એ કે હે નબી ﷺ ! અલ્લાહ તઆલા પછી માત્ર તમે જ મોટા છો.)

જ્ઞાનની વિશેષતાઓ પણ એ જ છે કે, અલ્લાહ તઆલા પછી ફરિશ્તાઓ, અંબિયાઓ, રસૂલો વગેરે કરતાં રસૂલે કરીમ ﷺનું જ્ઞાન (ઈલ્મ) વધારે છે પરંતુ અલ્લાહ તઆલાની સમકક્ષ નથી. સમાનતાનો દા'વો કરવો ખ્રીસ્તીઓની જેમ અતિશયોક્તિ કરી મર્યાદા વટાવવાનો માર્ગ છે.

અંતિમ આયતમાં એ ઈરશાદ ફરમાવ્યો કે, દૃષ્ટિહીન (આંધળો) અને દૃષ્ટિ ધરાવનાર (જોઈ શકનારો) સમાન હોઈ શકતા નથી. તેનો અર્થ એ છે કે, પોતાની મનેચ્છાઓ તથા હઠધર્મી તથા દુશ્મનાવટને છોડીને વાસ્તવિકતા તરફ દૃષ્ટિપાત કરો, જેથી તમારી ગણતરી આંધળાઓમાં ન થાય. તમે સમજદાર વિવેકબુદ્ધિ ધરાવનાર અને આંખોવાળા જોનારા થઈ જાઓ જેથી આ દૃષ્ટિ તમને થોડું ચિંતન અને મનન કરવા માટે પ્રોત્સાહિત કરી શકે.

બીજી આયતમાં રસૂલે કરીમ ﷺને એવી સૂચના આપવામાં આવી છે કે, આ સ્પષ્ટ દલીલો પછી પણ જો એ લોકો પોતાની હઠધર્મીથી અટકે નહીં તો તેમની સાથે ચર્ચા અને બહસ મોકૂફ કરી દો અને જે અસલી કામ છે, એટલે કે રિસાલતના પ્રચાર અને પ્રસારનું; તેમાં મશ્ગૂલ થઈ જાઓ અને પ્રચાર-પ્રસારનું રૂખ તે લોકો તરફ ફેરવી આપો જેઓ કયામતમાં અલ્લાહ તબારક વ તઆલા સામે ઉપસ્થિત થઈને હિસાબ-કિતાબ આપવાની માન્યતા ધરાવે છે. જેમકે,

મુસલમાનો અથવા તેઓ જે ઓછામાં ઓછું તેના ઈન્કારી નથી, કાળજી સ્વરૂપે જ ભલે ઓછામાં ઓછો તેમને ડર તો છે કે, કદાચ અમારા આચરણોનો અમારી પાસેથી હિસાબ લેવામાં આવશે.

ખુલાસો એ છે કે, કયામત વિશે ત્રણ પ્રકારના માનવીઓ છે. એક, તે જેઓ ચોક્કસ તે સત્ય હોવાની માન્યતા ધરાવે છે, બીજા, તેઓ જેઓને શંકા છે અને ત્રીજા, તેઓ જે બિલકુલ તેનો ઈન્કાર કરે છે અને પ્રચાર તથા ચેતવણી આપવાનો હુકમ અંબિયા (અલૈ.)ને જો કે આ ત્રણે વર્ગના લોકો માટે સામાન્ય રીતે છે, જેમકે ઘણા બધા કુર્આનના ઈરશાદોથી જાહેર થાય છે પરંતુ પ્રથમ બે વર્ગોમાં તેના સ્વીકાર કરવાનો સંભાવના વધારે હોવાના કારણે આ આયતમાં ખાસ સ્વરૂપે તેમના તરફ ધ્યાન કેન્દ્રિત કરવાની સૂચના (હિદાયત) આપવામાં આવી. وَاَنْذِرْبِهِ الَّذِيْنَ يَخَافُوْنَ اَنْ يُّحْشَرُوْا اِلٰى رَبِّهِمْ

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. પર થી પપ)

وَلَا تَطْرُدِ الَّذِيْنَ يَدْعُوْنَ رَبَّهُمْ بِالْغَدٰوةِ وَالْعَشِيِّ يُرِيْدُوْنَ وَجْهَهٗ ؕ
مَا عَلَيْكَ مِنْ حِسَابِهِمْ مِّنْ شَيْءٍ وَّمَا مِنْ حِسَابِكَ عَلَيْهِمْ مِّنْ شَيْءٍ فَتَطْرُدَهُمْ
فَتَكُوْنَ مِنَ الظّٰلِمِيْنَ ﴿٥٢﴾ وَكَذٰلِكَ فَتَنَّا بَعْضَهُمْ بِبَعْضٍ لِّيَقُوْلُوْٓا اَهٰٓؤُلَآءِ
مَنَّ اللّٰهُ عَلَيْهِمْ مِّنْۢ بَيْنِنَا ؕ اَلَيْسَ اللّٰهُ بِاَعْلَمَ بِالشّٰكِرِيْنَ ﴿٥٣﴾ وَاِذَا جَآءَكَ
الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِاٰيٰتِنَا فَقُلْ سَلٰمٌ عَلَيْكُمْ كَتَبَ رَبُّكُمْ عَلٰى نَفْسِهِ الرَّحْمَةَ ۙ
اَنَّهٗ مَنْ عَمِلَ مِنْكُمْ سُوْٓءًۢا بِجَهَالَةٍ ثُمَّ تَابَ مِنْۢ بَعْدِهٖ وَاَصْلَحَ فَاَنَّهٗ غَفُوْرٌ
رَّحِيْمٌ ﴿٥٤﴾ وَكَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ وَلِتَسْتَبِيْنَ سَبِيْلُ الْمُجْرِمِيْنَ ﴿٥٥﴾ ع

તરજુમો :

(હે નબી ﷺ !) અને તે લોકોને દૂર ન હટાવો જેઓ પોતાના પરવરદિગારને સવાર અને સાંજ પોકારે છે, તેની ખુશી (રાજીપો) ઈચ્છે છે,

તમારા ઉપર તેમના હિસાબમાંથી કંઈ (જવાબદારી) નથી અને ન જ તમારા હિસાબમાંથી તેમના ઉપર કંઈ છે કે તમે તેમને દૂર હટાવવા લાગો (જો એવું કર્યું તો) બસ તમે અન્યાયીઓમાંથી થઈ જશો. (૫૨) અને એ જ પ્રમાણે અમે અમુક લોકોને અમુક લોકોથી અજમાવ્યા છે જેથી કહે, શું આ જ લોકો છે અમારા સૌમાં જેમના ઉપર અલ્લાહે કૃપા કરી ? શું અલ્લાહ શુક્ર કરનારાઓને સારી પેઠે જાણતો નથી ? (૫૩) અને જ્યારે તમારી પાસે અમારી આયતોને માનનારા આવે તો તમે કહી આપો, "તમારા ઉપર સલામ છે," તમારા પરવરદિગારે રહમત(કરવાની જવાબદારી)ને પોતાના ઉપર લખી લીધી છે કે જે કોઈ તમારામાંથી નાવાકેફીથી બુરાઈ કરે પછી ત્યારબાદ તવબહ કરી લે અને નેક બની જાય તો વાત એમ છે કે તે મહાન બખ્શનારો મહેરબાન છે. (૫૪) અને એ જ પ્રમાણે અમે આયતોને ખુલાસાવાર વર્ણન કરીએ છીએ, અને જેથી ગુનેહગારોનો તરીકો ખુલી (જાહેર થઈ) જાય. (૫૫)

તફસીર :

(હે નબી ﷺ !) અને તે લોકોને (પોતાની મજલિસમાંથી) ન કાઢો જે સવારે અને સાંજે (એટલે કે સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે) પોતાના પરવરદિગારની ઈબાદત કરે છે, જેનાથી ફક્ત અલ્લાહની ખુશીનો ઈરાદો રાખે છે (અને કોઈ માલ તથા હોદ્દાની લાલચ નથી, એટલે કે તેમની ઈબાદતમાં નિખાલસતા પણ છે અને વિનમ્રતા પણ; અને ઈખ્લાસ જો કે છૂપો અમલ છે પરંતુ તેને નિશાનીઓ દ્વારા ઓળખી શકાય છે અને જ્યાં સુધી ઈખ્લાસ ન હોવાની કોઈ દલીલ ન મળે તો તેઓના નિખાલસ હોવાનું જ અનુમાન રાખવું જોઈએ) અને તેમના (દિલોની હાલતનો) હિસાબ (અને ચકાસણી)ની જરા પણ તમારી જવાબદારી નથી અને (આ તેમના દિલોની હાલતની ચકાસણી ન કરવી એ પ્રમાણે નિશ્ચિતપણે ચોક્કસ છે જે રીતે કે) તમારા (દિલની હાલતનો) હિસાબ (અને ચકાસણી)નો સંબંધ જરાપણ તેમની સાથે નથી કે જેના કારણે તમે તેમને કાઢી મૂકો, (એટલે કે જો તેમના દિલની હાલતની નિખાલસતા અને ચકાસણી આપ ﷺની જવાબદારી હોત તો એ બાબતની સંભાવના હતી કે, જેમના ઈખ્લાસ...ની તહકીક ન થઈ જાય તેમને હટાવી આપવામાં આવે, પરંતુ તે આપ

ﷺની જવાબદારી નથી અને તેમને કાઢી મૂકવાનું અન્ય કોઈ યોગ્ય કારણ ઉપસ્થિત નથી અને કારણ કે આપ ﷺ ઉમ્મતના માર્ગદર્શક છો અને માર્ગદર્શક માટે પોતાના હાથ નીચેના લોકોની હાલતની ચકાસણી કરવાની શક્યતા રહેતી હોય છે અને તેનાથી વિપરીત આ લોકો પોતાના પયગમ્બર ﷺની હાલતની ચકાસણી કરે એની કોઈ શક્યતા જ નથી, એટલા માટે આ સદંતર નકારાત્મક બાબત છે. આ સ્થળે શક્યતાને વિશ્વાસ અને વાસ્તવિકતા સમકક્ષ ઠરાવીને તેમના ઈખ્લાસની ચકાસણીનો નકાર કરવામાં આવ્યો, જેથી તે નકારાત્મક હોવાનું પણ દઢતાપૂર્વક યકીન થઈ જાય.) નહિતર (તેમને કાઢી મૂકવાથી) તમે અયોગ્ય કામ કરનારાઓમાંથી બની જશો અને (અમે જે મો'મિનોને ગરીબ અને કાફિરોને માલદાર બનાવી રાખ્યા છે જે અનુમાનની મર્યાદાથી દેખીતી રીતે બહારની વાત છે તો તેનું કારણ એ છે કે) આ જ તરીકા ઉપર અમે (તેમનામાંથી) એકને (એટલે કે કાફિરોને) બીજાઓ (એટલે કે, મો'મિનો) દ્વારા આજમાયશમાં નાંખી રાખ્યા છે (એટલે કે આ પરિસ્થિતિમાં કાફિરોની પરીક્ષા છે) જેથી આ લોકો (મો'મિનો વિશે) કહ્યા કરે છે કે, શું આ જ લોકો છે અમારા બધામાંથી (ચૂંટી કાઢીને) અલ્લાહ તઆલાએ તેમના ઉપર પોતાની મહેરબાની કરી છે ? (એટલે કે પોતાના ધર્મ ઈસ્લામ માટે આ લોકોને ચૂંટી કાઢયા છે ?) શું એ વાત નથી કે અલ્લાહ તઆલા સત્ય ઓળખનારાઓને સારી પેઠે જાણે છે ? (અને ગરીબ લોકો પોતાના પરવરદિગારને સત્ય જાણીને તેના પ્રાપ્ત કરવાના સંઘર્ષમાં લાગી ગયા અને સત્ય ધર્મનો સ્વીકાર કર્યો, તેથી તેઓ અલ્લાહ તઆલા પાસે ઉત્તમ લોકો બની ગયા અને તે માલદારોએ નાશુક્રી કરી અને કુફ્ર કર્યું, આથી તેઓ આ નેઅ્મતથી વંચિત થઈ ગયા.) અને જ્યારે તે લોકો તમારી પાસે આવે જેઓ અમારી આયતો ઉપર ઈમાન પણ રાખે છે તો તમે (તેમને ખુશખબરી સંભળાવવા માટે) એવું કહી આપો કે, તમારા ઉપર સલામતી છે (એટલે કે કાફિરો ઉપર જે દરેક પ્રકારની આફતો આખિરતમાં આવવાની છે તેનાથી તમે સુરક્ષિત છો અને બીજું એ પણ કે,) તમારા પાલનહારે (પોતાની કૃપા અને મહેરબાનીથી) રહમત કરવી (અને તમને નેઅ્મતો આપવી) પોતાના માથે જરૂરી ઠરાવી રાખ્યું છે (એટલે સુધી) કે જે વ્યક્તિ તમારામાંથી કોઈ ખરાબ કૃત્ય કરી બેસે (જે કંઈ) નાદાનીથી (થઈ જાય છે, કારણ કે હુકમનો વિરોધ કરવો

આચરણની નાદાની છે પરંતુ) ત્યારબાદ તેઓ એનાથી તવબહ કરી લે (અને હવે પછી પોતાના આચરણની) સુધારણા કરી લે (તેમાં એ પણ આવી ગયું કે, જો તેઓની તવબહ તૂટી જાય તો ફરી તવબહ કરી લે) તો અલ્લાહ તઆલાની એ શા'ન છે કે (તેમના માટે પણ) તે મોટો મા'ફ કરનારો છે (કે ગુનાહોની સજા પણ મા'ફ કરી આપશે) અને મોટી રહમત કરનારો પણ છે (કે પ્રકાર-પ્રકારની નેઅ્મતો પણ આપશે) અને (જે પ્રમાણે અમે આ સ્થળે મો'મિનો અને કાફિરોની હાલતનું વર્ણન વિગતવાર કરી આપ્યું,) એ જ પ્રમાણે અમારી આયતોની (જે બંને પક્ષોની હાલત અને પરિસ્થિતિ ઉપર આધારિત છે) સ્પષ્ટતા કરતા રહીએ છીએ (જેથી મો'મિનોનો તરીકો પણ જાહેર થઈ જાય) અને જેથી અપરાધીઓનો તરીકો (પણ) જાહેર કરી આપવામાં આવે (તથા સત્ય અને અસત્યના સ્પષ્ટ અને જાહેર થઈ જવાથી સચ્ચાઈના તલબગાર માટે સચ્ચાઈને ગ્રહણ કરવું સરળ બની જાય).

મસ્અલા અને બોધપાઠ :

અજ્ઞાનતાપૂર્ણ માન્યતાનો રદિયો અને પ્રતિષ્ઠા તથા અપમાનનું ઇસ્લામી માપદંડ; -ઇસ્લામમાં અમીર અને ગરીબની કોઈ ભેદરેખા નથી :

જે લોકોએ મનુષ્ય હોવા છતાં માનવતાને ન ઓળખી બલકે, મનુષ્યને દુનિયાના વિવિધ પશુઓમાંથી એક બુદ્ધિશાળી પશુ ઠરાવ્યું, જેણે અન્ય પશુઓને પોતાના તાબા હેઠળ ગુલામ બનાવીને તેમની પાસે સેવા કરાવી, તેમના મતે મનુષ્યના અસ્તિત્વનો હેતુ એના સિવાય શું હોઈ શકે છે કે, તેઓ એક પશુની જેમ ખાય-પીએ, સુએ-જાગે અને અન્ય પશુઓ જેવી વૃત્તિઓનો ઉપયોગ કરવાને જીવનનો વાસ્તવિક ધ્યેય અને હેતુ સમજે અને જ્યારે જિંદગીનો હેતુ ફક્ત એ જ હોય તો દેખીતું છે કે, આ દુનિયામાં સારા-નરસા, નાના-મોટા, આબરૂદાર-ઝલીલ, ડાહ્યા-બદમાશને ઓળખવાનું માપદંડ એ જ હોઈ શકે છે કે, જેમની પાસે ખાવા-પીવા, પહેરવા-ઓઢવાનો ભૌતિક સામાન અઢળક પ્રમાણમાં હોય, તેઓ સફળ અને જેઓ સન્માનનીય અને ડાહ્યા છે અને જેમની પાસે આ વસ્તુઓ ઓછી છે તેઓ અપમાનિત, ઝલીલ, નિષ્ફળ તથા તુચ્છ છે.

ન્યાયની વાત તો એ છે કે, આવી પશુવૃત્તિની માન્યતા અને

વિચારસરણીમાં અખ્લાક કે સારા આચરણોની કોઈ ચર્ચા જ મનુષ્યના ડાહ્યા અથવા પ્રિય હોવાના સંદર્ભમાં કરવામાં નથી આવતી. આ વિચારસરણી પ્રમાણે તે જ આચરણ નેક આચરણ અને સદ્વ્યવહાર ગણવામાં આવે છે જેના દ્વારા માનવી પોતાના આ પશુવૃત્તિના હેતુઓને સારી રીતે પૂર્ણ કરી શકે.

એટલા માટે બધા જ અંબિયા (અલૈ.) અને તેમના લાવેલા દીને પ્રથમથી અંત સુધી આ જ સબક (બોધપાઠ) આપ્યો કે, આ જીવન પછી એક અન્ય જીવન આવવાનું છે, જે કાયમી અને કદી ન સમાપ્ત થનારું હશે. ત્યાંની રાહત પણ સંપૂર્ણ અને કાયમી હશે અને ત્યાંની તકલીફ તથા અઝાબ પણ સંપૂર્ણ અને કાયમી હશે. દુનિયાના જીવનનો પોતે કોઈ હેતુ નથી બલકે, દુનિયાના જીવનનો જે કંઈ સરસામાન આવનારા કાયમી જીવનમાં કામ લાગનારો છે, તેને પ્રાપ્ત કરવાનો આ થોડા દિવસની જિંદગીનો અસલી મકસદ છે.

رہا مرنے کی تیاری میں مصروف   مرا کام اور اس دنیا میں تھا کیا

ભાવાર્થ : મરવાની તૈયારીમાં પ્રવૃત્ત રહ્યો, આ દુનિયામાં મારું બીજું કામ શું હતું ?

અને મનુષ્ય તથા પશુઓમાં આ જ મહત્ત્વનો તફાવત છે કે, પશુઓને આગળના જીવનની કોઈ ફિકર-ચિંતા નથી, જ્યારે મનુષ્યને તેની સૌથી વધારે ફિકર-ચિંતા છે. બુદ્ધિશાળી તથા પ્રત્યેક સમજદાર લોકો સમક્ષ આવનારા કાયમી જીવનને વ્યવસ્થિત અને દુરુસ્ત કરવાનો હેતુ હોય છે. આ જ માન્યતા અને વિચારસરણી દ્વારા ઈજ્જત, પ્રતિષ્ઠા, શરાફત, સન્માન તથા ઝિલ્લત અને અપમાનના માપદંડનું અવલંબિત હોવું દેખીતું છે કે, વધારે ખાવું-પીવું અથવા વધારે માલ-દૌલત ભેગી કરી લેવી સફળતા નથી. બલકે, નેક કૃત્યો અને સદાચાર જ સફળતાનું માધ્યમ છે, જેના ઉપર આખિરતના સન્માન અને પ્રતિષ્ઠાનો આધાર છે.

દુનિયા જે સમયે પણ અંબિયા (અલૈ.)ના માર્ગદર્શન અને શિક્ષણ તથા આખિરતની માન્યતાથી બેદરકાર અને ગાફેલ થઈ ગઈ ત્યારે તેનું સ્વાભાવિક પરિણામ સામે એ આવ્યું કે ઈજ્જત, દૌલત, શરાફત અને અપમાનનું માપદંડ ફક્ત રોટી અને પેટ બનીને રહી ગયું, જે તેમાં સફળ છે તે શરીફ અને ઈજ્જતવાળો કહેવાય છે અને જે તેમાં અધૂરો છે તે નિષ્ફળ, ગરીબ, બેઈજ્જત, ઝલીલ તથા તુચ્છ સમજવામાં આવે છે.

એટલા માટે દરેક યુગમાં ફક્ત દુનિયાની જિંદગીની ભૂલ-ભૂલૈયામાં ફસાયેલા મનુષ્યોએ અમીરોને ઈજ્જતદાર અને શરીફ તથા ગરીબોને ફકીર, અપમાનિત અને તુચ્છ ઠરાવ્યા. હઝરત નૂહ (અલૈ.)ની કૌમના ઈમાન લાવનારા ગરીબ લોકોને આ જ માપદંડ આધારે તુચ્છ કહીને એ વાંધો ઉઠાવવામાં આવતો હતો કે, અમે આવા તુચ્છ લોકો સાથે ન બેસી શકીએ. જો તમે ઈચ્છતા હોય કે અમને કોઈ સંદેશ સંભળાવો તો તે ગરીબ ગુરબાઓને પોતાની પાસેથી હટાવી દો. قَالُوْٓا اَنُؤْمِنُ لَكَ وَاتَّبَعَكَ الْاَرْذَلُوْنَ (૨૬ : ૧૧૧) એટલે કે, "એ કેવી રીતે શક્ય છે કે અમે તમારા ઉપર એવી પરિસ્થિતિમાં ઈમાન લઈ આવીએ જ્યારે કે, તમારા અનુયાયીઓ તુચ્છ પ્રકારના છે." હઝરત નૂહ (અલૈ.)એ અત્યંત કઠોર અને દિલ તોડી નાંખનારા નિવેદનનો જવાબ પોતાની ખાસ પયગમ્બરી શૈલીમાં આવો આપ્યો કે, وَمَا عِلْمِىْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ، اِنْ حِسَابُهُمْ اِلَّا عَلٰى رَبِّىْ لَوْ تَشْعُرُوْنَ (૨૬ : ૧૧૨) એટલે કે, "હું તેમના આચરણોથી સંપૂર્ણ રીતે વાકેફ નથી કે એ ફેંસલો કરી શકું કે તેઓ તુચ્છ છે અથવા શરીફ કે ઈજ્જતદાર ! બલકે, દરેક વ્યક્તિમાં આચરણની વાસ્તવિકતા અને તેનો હિસાબ મારા પરવરદિગારને જ ખબર છે, જે દિલોના ભેદથી પણ સારી પેઠે જ્ઞાત છે."

નૂહ (અલૈ.)એ આ અજ્ઞાની અને અભિમાની, માનવીય શરાફત અને સન્માનની વાસ્તવિકતાથી બેખબર લોકોની દિશા એક સ્પષ્ટ વાસ્તવિકતા તરફ ફેરવી દીધી કે, એ બતાવો કે શરીફ અને તુચ્છના શબ્દોનો તમે લોકો ઉપયોગ તો કરો છો પરંતુ તેની વાસ્તવિકતાથી વાકેફ નથી. બલકે, પૈસાદાર માલદાર લોકોને શરીફ કહો છો અને ગરીબને તુચ્છ કહેવા લાગ્યા છો. જ્યારે કે, શરાફત અને તુચ્છતાનો આધાર અને માપદંડ પૈસા નથી. બલકે, સદાચાર અને અખ્લાક છે. આ તકે હઝરત નૂહ (અલૈ.) એવું કહી શકતા હતા કે, આચરણ અને અખ્લાકના માપદંડના આધારે આ લોકો તમારાથી વધારે શરીફ અને ઈજ્જતદાર છે પરંતુ પોતાની પયગમ્બરી શૈલીમાં પ્રચાર અને સુધારણાના હેતુએ એવું કહેવાની પરવાનગી ન આપી કે એવું કહેવાથી શક્ય છે કે, જેમને સંબોધન કરવામાં આવ્યું છે તે લોકો ઉશ્કેરાઈ ગયા હોત. એટલા માટે ફક્ત એટલું કહી આપ્યું કે, તુચ્છતા કે અપમાનનો આધાર તો માણસના કૃત્યો અને આચરણો ઉપર છે અને હું તેમના આચરણોથી સંપૂર્ણ રીતે વાકેફ નથી. એટલા માટે તેઓના સન્માનનીય અથવા તુચ્છ હોવાનો ફેંસલો હું કરી શકું નહીં.

હઝરત નૂહ (અલૈ.) પછી પણ દરેક યુગમાં, દરેક કૌમોમાં ગરીબ લોકો ભલે તેઓ પોતાના અખ્લાક અને આચરણોના આધારે કેટલાય ડાહ્યા અને સન્માનનીય હોય પરંતુ દુનિયાપરસ્ત પશુવૃત્તિ ધરાવનાર લોકો તેમને તુચ્છ અને ઝલીલ કહેતા આવ્યા છે અને આ જ તે લોકો છે, જેમણે પોતાની સમજણ, વિવેકબુદ્ધિ તથા સદાચારના કારણે દરેક યુગમાં અંબિયા (અલૈ.)ના આમંત્રણને સ્વીકાર કરવામાં પહેલ કરી. એટલે સુધી કે, ધર્મો અને કૌમોના ઈતિહાસ ઉપર દૃષ્ટિ રાખનાર લોકોના મતે કોઈ પયગમ્બરના સાચા અને હક હોવાની એક દલીલ એ બની ગઈ કે, એમના શરૂઆતના અનુયાયીઓ જે તે કૌમના ગરીબ લોકો જ હતા. એટલા માટે એ જ કારણ હતું કે, જ્યારે રૉમના બાદશાહ હર્ક્યુલસ પાસે રસૂલે કરીમ ﷺનો ઈસ્લામનું આમંત્રણ આપતો સન્માનનીય પત્ર પહોંચ્યો અને તેણે આપ ﷺની સચ્ચાઈની તહકીક કરવા ઈચ્છ્યું, તો જે લોકો જાણતા હતા તેમને રસૂલે કરીમ ﷺ વિશે જે સવાલો કર્યા, તેમાંથી એક સવાલ એ પણ હતો કે, તેમના મોટા ભાગના અનુયાયીઓ ગરીબ લોકો છે કે કૌમના માલદાર લોકો ? જ્યારે તેને બતાવવામાં આવ્યું કે, ગરીબ લોકો છે તો તેણે કહ્યું, هُمْ اَتْبَاعُ الرُّسُلِ "રસૂલોના શરૂઆતના અનુયાયીઓ એ જ લોકો હોય છે."

રસૂલે કરીમ ﷺના સમયકાળમાં પણ આ જ સવાલ ઊભો થયો. પ્રસ્તુત આયતોમાં તેનો જવાબ ખાસ સૂચના સાથે ઉપસ્થિત છે.

ઈબ્ને કષીર (રહ.)એ ઈબ્ને જરીર (રહ.)ની રિવાયત નકલ કરી છે કે, "કુરૈશના કાફિરોના અમુક સરદારો ઉતબા, શયબા, ઈબ્ને રબીઆ અને મુતઈમ બિન અદી તથા હારિષ બિન નવફલ વગેરે રસૂલે કરીમ ﷺના કાકા અબૂતાલિબ પાસે આવ્યા અને કહ્યું, તમારા ભત્રીજા મુહમ્મદ (ﷺ)ની વાત સાંભળવા અને માનવાથી અમારી એક અડચણ એ છે કે, તેની આસપાસ દરેક સમયે એવા લોકો રહે છે, જેઓ ક્યાંક તો અમારા ગુલામ છે અથવા તો અમારા આઝાદ કરેલા ગુલામો છે અથવા તો એવા લોકો છે જેઓ અમારી દયા અને મહેરબાની ઉપર જીવન ગુઝારે છે. આ તુચ્છ અને ઝલીલ લોકોના હોવાથી અમે તેમની મજલિસમાં ભાગ લઈ શકતા નથી. તમે તેમને કહી આપો કે, અમારા આવવાના સમયે તે લોકોને મજલિસમાંથી હટાવી દે તો અમે તેમની વાત સાંભળીશું અને વિચાર કરીશું.

અબૂતાલિબે રસૂલે કરીમ ﷺને આ વાત બતાવી તો હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ એવો મશ્વરો આપ્યો કે, એમાં શું વાંધો છે ? રસૂલે કરીમ ﷺ થોડા દિવસો માટે આવું કરી જૂઓ, આ લોકો તો આપણા વહાલા અને બેતકલ્લુફ છે, તેઓ આ લોકોના આવવાના સમયે મજલિસમાંથી હટી જશે.

એના ઉપર પ્રસ્તુત આયત નાઝિલ થઈ, જેમાં ખૂબ સખતી (કડકાઈ)થી આવું કરવાની રસૂલે કરીમ ﷺને મનાઈ કરવામાં આવી. આયતના નાઝિલ થયા પછી ફારૂકે આ'ઝમ (રદિ.)એ મા'ફી માંગવી પડી કે, મારી સલાહ ખોટી હતી.''

અને આ ગરીબ લોકો જેમના વિશે આવી વાતચીત થઈ, તે સમયે હઝરત બિલાલ હબશી (રદિ.), સુહૈબ રૂમી (રદિ.), અમ્માર બિન યાસિર (રદિ.), સાલીમ બિન મૌલા (રદિ.), અબી હુઝયફા (રદિ.), સબીહ મૌલા (રદિ.), ઉસૈદ (રદિ.), હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.), મિકદાદ ઈબ્ને અમ્ર (રદિ.), મસ્ઊદ બિન કારી (રદિ.), ઝુશ્શિમાલઈન (રદિ.) વગેરે સહાબાઓ હતા, જેમની ઈજ્જત અને શરાફતનો પરવાનો આસમાનથી નાઝિલ થયો અને કુર્આનમાં આ જ સંદર્ભમાં અન્ય ઠેકાણે એની તાકીદ આ શબ્દોમાં વર્ણન થઈ છે,

وَاصْبِرْ نَفْسَكَ مَعَ الَّذِيْنَ يَدْعُوْنَ رَبَّهُمْ بِالْغَدَاةِ وَالْعَشِيِّ يُرِيْدُوْنَ وَجْهَهٗ وَلَا تَعْدُ عَيْنَاكَ عَنْهُمْ تُرِيْدُ زِيْنَةَ الْحَيٰوةِ الدُّنْيَا وَلَا تُطِعْ مَنْ اَغْفَلْنَا قَلْبَهٗ عَنْ ذِكْرِنَا وَاتَّبَعَ هَوَاهُ وَكَانَ اَمْرُهٗ فُرُطًا

જેમાં રસૂલે કરીમ ﷺને આ સૂચના આપવામાં આવી છે કે, ''તમે પોતાના નફસને તે લોકો સાથે બાંધી રાખો, જેઓ સવાર-સાંજ એટલે કે, દરેક સમયે પોતાના પરવરદિગારની ઈબાદત કરે છે નિખાલસતાથી; તમે પોતાની દૃષ્ટિ તેમના સિવાય કોઈના ઉપર ન નાંખો, આ સૂચનાનો હેતુ એ જ હોઈ શકે છે કે, દુનિયાની જિંદગીનો શણગાર જીવનધ્યેય હોય એવા લોકોની વાત ન માનો અને તેમની પણ કે, જેમના દિલોને અમે પોતાના ઝિક્રથી ગફલતમાં નાંખી દીધા અને જે પોતાની મનેચ્છાઓના ગુલામ બની ગયા અને જેમનું કામ જ મર્યાદાઓનું ઉલ્લંઘન કરવું છે.'' *(સૂરહ : ૧૮, આયત : ૨૮)*

પ્રસ્તુત આયતમાં તે ગરીબ લોકોની સિફત વર્ણન કરવામાં આવી છે કે,

જેઓ સવાર-સાંજ પોતાના પરવરદિગારને પોકારે છે. તેમાં સવાર અને સાંજનો અર્થ રૂઢિપ્રયોગ પ્રમાણે દિવસ-રાતના બધા સમયો છે અને પોકારવાનો અર્થ અલ્લાહની ઈબાદત કરવાનો છે અને રાત-દિવસની ઈબાદત સાથે એ શરત પણ લગાવી દીધી છે, يُرِيدُونَ وَجْهَهُ જેમકે, તેનાથી બતાવી આપ્યું કે, "ઈબાદતમાં જ્યાં સુધી નિખાલસતા ન હોય ત્યાં સુધી તેનો કોઈ અર્થ નથી."

અંતિમ આયતમાં ફરમાવવામાં આવ્યું છે કે, તેમનો હિસાબ આપ ﷺની જવાબદારી નથી અને તમારો હિસાબ તેમની જવાબદારી નથી. ઈબ્ને અતિય્યા અને જમખશરી વગેરેના સંશોધન પ્રમાણે તેમાં حِسَابِهِم (હિસાબુહૂમ) અને عَلَيْهِم (અલયહિમ)ના સર્વનામો તે મુશ્રિક માલદારો તરફ જોડી દેવામાં આવ્યા છે જેઓ ગરીબ મુસ્લિમોને મજલિસમાંથી હટાવવાની ફરમાઈશ કર્યા કરતા હતા. તેથી અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺને બતાવી આપ્યું કે, આ લોકો ભલે ઈમાન લાવે કે ન લાવે તમે આ ગરીબ મુસલમાનોના મુકાબલામાં તેમની પરવા ન કરો. કારણ કે, તેમના હિસાબની જવાબદારી તમારા ઉપર નથી, જે રીતે તમારા હિસાબની જવાબદારી તેમના ઉપર નથી અને જો આ જવાબદારી તમારા ઉપર હોત એટલે કે, તેમના મુસલમાન ન હોવાના કારણે તમને પૂછતાછ થવાની હોત તો એ સ્વરૂપમાં તમે માલદાર મુશ્રિકો માટે ગરીબ મુસ્લિમોને મજલિસમાંથી હટાવી શકતા હતા અને જ્યારે હવે એવું નથી તો તેમને મજલિસમાંથી હટાવવા ખુલ્લો અન્યાય છે. જો તમે એવું કરશો તો તમે (પણ) અન્યાયી લોકોમાં સામેલ થઈ જશો.

બીજી આયતમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યો કે, અમે એ જ પ્રમાણે એકને બીજા દ્વારા કસોટીમાં નાંખીશું, જેથી કુરૈશના માલેતુજારો અલ્લાહ તઆલાની આ ગઝબનાક શક્તિનો પરચો જૂએ કે ગરીબ મુસલમાનો જેમને તેઓ તુચ્છ અને ઝલીલ સમજી રહ્યા હતા, અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺનું અનુસરણ કરવાના કારણે તેઓ ક્યાંથી કયા સ્થાને પહોંચી ચૂક્યા છે ?! અને દુનિયા તથા આખિરતમાં તેમને કેવી ઈજ્જત પ્રાપ્ત થઈ અને તે કુરૈશીઓ એવું કહેતા ફરે છે કે, "શું આ જ ગરીબ લોકો અલ્લાહના ઈનામ અને સન્માનના હકદાર હતા કે, અમો બધા માલદારોને છોડીને તેમને નવાજવામાં આવ્યા !?"

ہر دمش بر منِ دل سوختہ لطفِ دگر است　　　این گدا بین کہ چہ شائستۂ انعام افتاد

કશ્શાફ વગેરેના સંશોધન આધારે તેમનું આ નિવેદન તે આજમાઈશ (કસોટી) અને પરીક્ષાનું પરિણામ છે, જે કસોટી ગરીબ-કમજોર મુસલમાનો દ્વારા તેમની પાસેથી લેવામાં આવી હતી અને તેઓ આ કસોટીમાં નિષ્ફળ નિવડયા. તેમણે અલ્લાહ તઆલાની કુદરત અને શક્તિ ઉપર ચિંતન-મનન કરીને કોઈ પરિણામ ઉપર પહોંચવાના બદલે કે, શરાફત એ પ્રતિષ્ઠા, સન્માન અપમાન તથા માલ-દૌલત વગેરે બાબતો ઉપર અવલંબિત નથી. બલકે, તેનો આધાર માણસના અખ્લાક અને આચરણ ઉપર છે, તેઓ ઊલટા અલ્લાહ તઆલા ઉપર એવો આક્ષેપ લગાવવા માંડયા કે, ઈજ્જત, સન્માન તથા પ્રતિષ્ઠાપાત્ર તો અમે હતા, અમને છોડીને તેમને શા માટે સન્માનિત કરવામાં આવ્યા ? અલ્લાહ તઆલાએ એના જવાબમાં ફરી એ બાબતની અસલ વાસ્તવિકતા તરફ આ વાક્યમાં ધ્યાન અપાવ્યું, اَلَيْسَ اللّٰهُ بِاَعْلَمَ بِالشّٰكِرِيْنَ એટલે કે, અલ્લાહ તઆલા સારી પેઠે જાણે છે કે, કોણ લોકો સત્યનું સંશોધન કરનારા અને તેનો આભાર માનનારા છે. મતલબ એ કે, હકીકતના આધારે શરીફ અને સન્માનનીય વ્યક્તિ તે જ છે, જે પોતાના મહાન ઉપકારકના હકને ઓળખે અને તેનો આભાર માને અને તે જ ઈનામનો હકદાર છે, ન કે તે, જે રાત-દિવસ પોતાને ઈનામ આપનાર ઉપકારકની નેઅ્મતોમાં રમવા છતાં તેની નાફરમાની કરે છે.

અમુક હુકમો અને સૂચનાઓ :

પ્રસ્તુત આયતોથી અમુક હુકમો અને સૂચનાઓ જાણવા મળે છે.

(૧) કોઈના ફાટેલા કપડાં અથવા જાહેર ગરીબાઈ કે તંગહાલી જોઈને તેને તુચ્છ અને હલકો સમજવાનો કોઈને અધિકાર નથી. ઘણા સમયે આવા કપડાંઓમાં એવા માણસો પણ હોય છે જેઓ અલ્લાહ તબારક વ તઆલાને અત્યંત પ્યારા અને સ્વીકાર્ય હોય છે. એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "ઘણા ભગ્ન અવસ્થામાં ધૂળથી ખરડાયેલા લોકો એવા પણ હોય છે કે, તેઓ અલ્લાહના મકબૂલ (સ્વીકૃત બંદાઓ) હોય છે. જો કોઈ કામ માટે કસમ ખાઈ બેસે કે, આવું થશે તો અલ્લાહ તઆલા તેમની કસમ જરૂર પૂરી કરે છે."

(૨) શરાફત અને ઝિલ્લતનું માપદંડ ફક્ત દુનિયાની દૌલત અને આર્થિક

પરિસ્થિતિને સમજવી માનવતાનું અપમાન છે. તેનો અસલ આધાર અખ્લાક (વર્તણૂક) અને નેક આચરણો ઉપર હોય છે.

(૩) કોઈ કૌમના સુધારક અને પ્રચારક માટે જો કે, પ્રચાર કરવો તો આમ પણ સામાન્ય રીતે દરેક ઉપર જરૂરી છે, જેમાં તે પોતાના પક્ષનાઓને અને વિરોધીઓને તથા માનનારા અને ન માનનારાને બધાને સંબોધન કરે છે પરંતુ તેમનો અગ્રિમ હક એ છે કે, તેઓ કે, જે તેના શિક્ષણને અપનાવીને તેના ઉપર ચાલી રહ્યા હોય, અન્યોના કારણે તેમને પોતાનાથી દૂર કરવા અથવા ઉપેક્ષિત કરવા જાઈઝ નથી. દાખલા તરીકે, ગેરમુસ્લિમોમાં પ્રચાર માટે નાવાકેફ મુસલમાનોની તા'લીમ અને સુધારણાને પાછલા ક્રમે અથવા મુલતવી રાખવી જોઈએ નહીં.

(૪) અલ્લાહ તઆલાના ઈનામો શુક્રગુઝારી કરવાથી વધે છે. જે વ્યક્તિ અલ્લાહના ઈનામોમાં વધારો થવાના ઈચ્છુક છે, તેમના માટે આવશ્યક છે કે, તે પોતાના નિવેદન અને આચરણથી અલ્લાહનો આભાર માનવાને પોતાનો જીવનધ્યેય બનાવી લે છે.

આયત .....وَاِذَا جَـآئَکَ الَّـذِیْـنَ یُـؤْمِنُوْنَ વિશે તફસીરના ઈમામોના બે નિવેદનો વર્ણન થયા છે. મોટા ભાગના લોકોએ આ આયતોને પાછલી આયતો અને પાછળની ઘટના સાથે જ સંબંધિત હોવાનું ઠરાવ્યું છે અને તેના સમર્થનમાં આ રિવાયત રજૂ કરી છે કે, જ્યારે કુરૈશના માલદારોએ હઝરત અબૂતાલિબ દ્વારા એ માંગણી મૂકી કે, "રસૂલે કરીમ ﷺની મજલિસમાં તો ગરીબ અને તુચ્છ દરજ્જાના લોકો હોય છે, તેમની પંગતમાં બેસીને રસૂલે કરીમ ﷺની વાતચીત અમે સાંભળી નથી શકતા. જો અમારા આગમન ટાણે આ લોકોને આપ ﷺ પોતાની સભા (મજલિસ)માંથી હટાવ્યા કરે તો અમે રસૂલે કરીમ ﷺની વાતચીત સાંભળીશું અને તેના ઉપર વિચાર કરીશું."

આ માંગણી ઉપર હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ એવો મશ્વરો આપ્યો કે, "એમાં કોઈ વાંધો નથી, મુસલમાનો તો આપણા નિખાલસ મિત્રો છે, તેમને કહેવામાં આવશે તો અમુક સમય માટે તેઓ મજલિસમાંથી હટી જશે. શક્ય છે કે, આ રીતે તે કુરૈશના માલદારો અલ્લાહનું કલામ સાંભળે અને મુસલમાન થઈ જાય."

પરંતુ પાછળની આયતોમાં આ સલાહ વિરુદ્ધ આ હુકમ નાઝિલ થયો કે, "આવું કદાપિ કરવામાં નહીં આવે, આવું કરવું અત્યાચાર અને અન્યાય છે." આ હુકમના નાઝિલ થવાથી હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ને પોતાના અભિપ્રાય અને મશવરાની ગલતી સ્પષ્ટ થઈ અને તેઓ ડરવા લાગ્યા બલકે, અલ્લાહ તઆલાની મરજી વિરુદ્ધ અભિપ્રાય દર્શાવીને ગુનેહગાર થઈ ગયો એવી લાગણી થવા લાગી જેથી તેનાથી દિલગીરી વ્યક્તિ કરવા માટે તેઓ હાજર થયા.

એના ઉપર પ્રસ્તુત આયત દિલાસો આપવા માટે નાઝિલ થઈ, જેનો ખુલાસો એ છે કે, હે રસૂલ ﷺ તે લોકોને પાછળ થઈ ચૂકેલી ભૂલોની પકડ ન થવાનો સંતોષ આપી દો. બલકે, ફક્ત એટલું જ નહીં કે, આ ભૂલ ઉપર કોઈ પકડ નહીં થાય બલકે, મહાકૃપાળુ અને મહાદયાળુ પરવરદિગારની અસંખ્ય નેઅ્મતોનો વાયદો પણ સંભળાવી આપો અને અલ્લાહ રબ્બુલ ઈજ્જતની બારગાહનો આ કાયદો પણ જણાવી દો કે, જ્યારે કોઈ મુસલમાન અજ્ઞાનતામાં કોઈ ખોટું કામ કરી બેસે અને પોતાની ભૂલથી ચેતી જાય અને તેની તવબહ કરી લે તથા ભવિષ્યમાં પોતાના આચરણ ઠીકઠાક કરી લે તો અલ્લાહ તઆલા તેના ભૂતકાળમાં થઈ ચૂકેલા ગુનાહોને મા'ફ કરી આપે છે અને હવે પછી દુનિયા અને આખિરતની નેઅ્મતોથી તેને વંચિત કરશે નહીં.

આ સ્પષ્ટતા પ્રમાણે આ આયતો તે ખાસ ઘટનાના સંદર્ભમાં નાઝિલ થઈ હતી, જેનું વર્ણન પાછલી આયતોમાં થઈ ચૂક્યું છે અને અમુક મુફસ્સિરો (વિવરણકારો)એ આ આયતોના વિષયને એક આગવી સૂચનાનું સ્વરૂપ હોવાનું માન્યું છે. તે એવા લોકો વિશે છે જેમનાથી કોઈ ગુનોહ થઈ જાય છે, પછી અફસોસ અને તવબહ કરીને પોતાના અમલને સુધારી લે છે.

અને જો વિચાર કરવામાં આવે તો આ બંને નિવેદનોમાં કોઈ વિરોધાભાસ નથી. કારણ કે, એ બાબત ઉપર બધાની જ સહમતી છે કે, કુર્આન મજીદનો કોઈ હુકમ જે કોઈ ઘટનાના સંદર્ભમાં નાઝિલ થયો હોય અને જો તેના શબ્દો અને વિષય સામાન્ય છે તો તે ફક્ત આ ઘટના માટે ખાસ નથી હોતા. બલકે, તે એક સર્વસામાન્ય હુકમનું સ્વરૂપ ધરાવે છે. એટલા માટે જો ધારી લો કે, પ્રસ્તુત આયતો નાઝિલ થવાનું કારણ ઉપર વર્ણવેલ આ જ ઘટના છે તો પણ આ હુકમ એક સર્વસામાન્ય સિદ્ધાંતનું સ્વરૂપ ધરાવે છે, જેમાં દરેક તે ગુનેહગાર સામેલ છે

જેને ગુનાહ પછી પણ પોતાની ગલતીનો અહેસાસ અને અફસોસ થયો અને હવે પછી પોતાના આચરણને સુધારી લીધું.

હવે, આ આયતોનો સંપૂર્ણ વિગતવાર ખુલાસો જોઈ લઈએ.

પ્રથમ આયતમાં ઈરશાદ છે, وَاِذَا جَآئَکَ الَّذِیْنَ یُؤْمِنُوْنَ بِاٰیٰتِنَا فَقُلْ سَلٰمٌ عَلَیْکُمْ کَتَبَ رَبُّکُمْ عَلٰی نَفْسِهِ الرَّحْمَةَ એટલે કે, "જ્યારે તે લોકો આપ (ﷺ)ની પાસે આવે, જેઓ અમારી આયતો ઉપર ઈમાન ધરાવે છે." "આયતો"નો અર્થ આ સ્થળે કુર્આનની આયતો પણ હોઈ શકે છે અને અલ્લાહ જલ્લ શા'નુહૂની સંપૂર્ણ કુદરતની સામાન્ય નિશાનીઓ પણ. આવા લોકો વિશે રસૂલે કરીમ ﷺને એ સૂચના આપવામાં આવી કે, તમે તેમને سَلٰمٌ عَلَیْکُمْ વડે સંબોધન કરો અને અહીંયાં سَلٰمٌ عَلَیْکُمْ (સલામુન અલયકુમ)ના બે અર્થ હોઈ શકે છે. એક એ કે, તેમને અલ્લાહ જલ્લ શા'નુહૂની સલામ પહોંચાડી આપો. જેમાં આ લોકોના અત્યંત સન્માન અને પ્રતિષ્ઠાની જાહેરાત થાય છે. આ સ્વરૂપમાં આ ગરીબ મુસલમાનોના તૂટેલ હૃદયોને ઉત્તમ પ્રકારની સાંત્વના મળી જશે, જેના વિશે કુરૈશના માલદારોએ તેમને મજલિસમાંથી હટાવી દેવાની તજ્વીઝ રજૂ કરી હતી અને એ અર્થ પણ હોઈ શકે છે કે, આપ ﷺ તે લોકોને સલામતીની ખુશખબરી સંભળાવી આપો કે, જો તે લોકો અમલમાં આળસ અથવા ભૂલ પણ કરી બેસે તો તવબહ કરવાથી તેને મા'ફ કરી દેવામાં આવશે અને તેઓ દરેક પ્રકારની આફતોથી સલામત રહેશે. બીજા વાક્ય کَتَبَ رَبُّکُمْ عَلٰی نَفْسِهِ الرَّحْمَةَ માં આ ઉપકાર ઉપર વધારે ઉપકાર અને ઈનામનો વાયદો એ રીતે વર્ણન કરવામાં આવ્યો છે કે, આપ ﷺ આ મુસલમાનોને ફરમાવી આપો કે તમારા પરવરદિગારે તમારા ઉપર રહમત કરવાને પોતાની જવાબદારી સ્વરૂપે લખી લીધું છે, એટલા માટે કોઈ ડર અથવા ગભરામણ ન રાખો. આ વાક્યમાં પ્રથમ તો શબ્દ رَبّ (રબ્બ)નો ઉપયોગ કરીને આયતના વિષયની દલીલ સ્થાપિત કરવામાં આવી કે, અલ્લાહ તઆલા તમારો પાલનહાર છે અને દેખીતું છે કે, કોઈ પાલનહાર પોતાના પાળેલાને વ્યર્થ અને બરબાદ નથી કરતો. ત્યારબાદ શબ્દ رَبّ (રબ્બ)માં જે રહમત અને કૃપા તરફ ઈશારો કર્યો હતો, તેને સ્પષ્ટ રીતે વર્ણન કરી દીધું અને એ પણ એવા વિષયથી કે, "તે તમારા પાલનહારે તમારા ઉપર રહમત કરવાની જવાબદારી પોતાના ઉપર લખી લીધી છે" અને દેખીતું છે

કે, કોઈ શરીફ અને ભલો માણસ પણ જ્યારે કોઈ વાયદાનો ભંગ નથી કરતો તો પછી આ દુનિયાઓનો સર્જનહાર, પાલનહાર કેવી રીતે વચનભંગ કરી શકે છે ? ખાસ કરીને જ્યારે કે આ વાયદો કરાર સ્વરૂપે લખી લેવામાં આવ્યો છે !

સહીહ બુખારી, મુસ્લિમ, મુસ્નદે અહમદમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત પ્રસ્તુત છે કે, "નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું છે કે, જ્યારે અલ્લાહ તઆલાએ સમગ્ર સૃષ્ટિ (મખ્લૂક)ને પેદા કરી અને દરેકની તકદીરનો ફેંસલો કર્યો, ત્યારે એક કિતાબમાં જે અર્શ ઉપર અલ્લાહ તઆલાની પાસે છે; એ લખી લીધું કે, اِنَّ رَحْمَتِىْ غَلَبَتْ غَضَبِىْ એટલે કે, મારી રહમત મારા ગુસ્સા ઉપર છવાયેલી છે."

હઝરત સલમાન (રદિ.) ફરમાવે છે કે, "અમે તવરાતમાં એવું લખેલું જોયું છે કે, જ્યારે અલ્લાહ તઆલાએ આસમાન અને જમીન અને તેની બધી મખ્લૂકોને પેદા કરી, ત્યારે રહમતની સિફતના સો ભાગ કરીને તેમાંથી એક ભાગ સમગ્ર મખ્લૂકોને વહેંચી આપવામાં આવ્યો અને મનુષ્યો તથા જાનવરો અને બીજી મખ્લૂકોમાં જ્યાં પણ કોઈ રહમતની અસર જોવા મળે છે, તે આ જ વહેંચવામાં આવેલ હિસ્સાની અસર છે. માં-બાપ અને અવલાદમાં ભાઈ-બહેનોમાં, પતિ-પત્નીમાં, સામાન્ય સગાં-વહાલાંઓમાં, પાડોશીઓ અને અન્ય દોસ્તોમાં જે પરસ્પર હમદર્દી અને મહોબ્બત તથા કૃપાદષ્ટિના સંબંધનું પ્રત્યક્ષ દર્શન કરવામાં આવે છે; તે બધું આ એક ભાગની રહમતના પરિણામે છે. બાકી નવ્વાણું રહમતના ભાગ અલ્લાહ તઆલાએ પોતાની પાસે પોતાના માટે રાખી મૂક્યા છે" અને અમુક રિવાયતોમાં તેને નબીએ કરીમ ﷺની હદીષ સ્વરૂપે વર્ણન કરવામાં આવ્યું છે. એનાથી માનવીએ અંદાઝો અને અનુમાન લગાવવું જોઈએ કે, અલ્લાહ તઆલાની રહમત (કૃપા) પોતાની મખ્લૂક ઉપર કેવી અને કયા દરજ્જાની છે ?

અને એ દેખીતું છે કે, કોઈ મનુષ્ય બલકે ફરિશ્તો પણ અલ્લાહ જલ્લ શા'નુહૂની શા'ન અને મરતબા પ્રમાણે તેની ઈબાદત અને ઈતાઅત (આજ્ઞાપાલન) નથી કરી શકતો અને જે ઈતાઅત તેની શા'ન વિરુદ્ધ હોય, તે દુનિયાના લોકોની દષ્ટિમાં ઈનામનું કારણ હોવાને બદલે નારાજગીનું કારણ સમજવામાં આવે છે અને આ હાલત તો આપણી ઈતાઅત, ઈબાદત અને સદ્કાર્યોની છે કે અલ્લાહ તઆલા શા'નુહૂની મહાન બારગાહની નિસ્બતથી

જોવામાં આવે તો તે ગુનાહોથી ઓછું નથી. ત્યારબાદ એનાથી વિશેષ એ કે, સાચે-સાચા ગુનાહો અને દુષ્કૃત્યોથી પણ કોઈ વ્યક્તિ ખાલી નથી. إِلَّا مَنْ عَصَمَهُ اللّٰهُ આ પરિસ્થિતિમાં ન્યાયનો તકાદો તો એ હતો કે, કોઈપણ વ્યક્તિ અઝાબથી બચી શકવો ન જોઈએ, પરંતુ થઈ એ રહ્યું છે કે, દરેક વ્યક્તિ ઉપર અલ્લાહ તઆલાની નેઅ્મતો દરેક સમયે વરસી રહી છે. આ બધી તેની રહમત અને કૃપાનું પરિણામ છે જે પરવરદિગારે આલમે પોતાના માથે જવાબદારી સ્વરૂપે લખી લીધું છે.

તવબહથી દરેક ગુનાહ મા'ફ થઈ જાય છે :

ત્યારબાદ સંપૂર્ણ રહમતના ખુલાસાને એક કાયદા સ્વરૂપે આ રીતે વર્ણન કરવામાં આવ્યું, أَنَّهُ مَنْ عَمِلَ مِنكُمْ سُوٓءًۢ بِجَهَالَةٍ ثُمَّ تَابَ مِنۢ بَعْدِهِۦ وَأَصْلَحَ فَأَنَّهُۥ غَفُورٌ رَّحِيمٌ એટલે કે, જે વ્યક્તિ અજ્ઞાનતાના કારણે કોઈ ખોટું કામ કરી બેસે અને ત્યારબાદ તે તવબહ કરી લે અને પોતાના આચરણને સુધારી લે તો અલ્લાહ તઆલા મહાન મા'ફ કરનારો છે કે, જે ફક્ત મા'ફી આપીને બસ નહીં કરે બલકે, ઈનામોથી પણ નવાજશે.

આ આયતમાં "જહાલત"ના શબ્દથી દેખીતી રીતે કોઈને એવો વિચાર આવી શકે છે કે, ગુનાહોની મા'ફીનો વાયદો ફક્ત એ સ્વરૂપમાં છે કે, જ્યારે કે અજ્ઞાનતા અથવા નાવાકેફ હોવાના કારણે કોઈ ગુનોહ થઈ જાય, જાણીબૂજીને ગુનાહ કરનારા આ હુકમમાં સામેલ નથી, પરંતુ વાસ્તવિકતા એ નથી. કારણ કે, "જહાલત"નો અર્થ આ સ્થળે આજ્ઞાનતાનું આચરણ છે. એટલે કે, કોઈ એવું કામ કરી બેસે જેમકે કોઈ અજ્ઞાન અને જાહિલ વ્યક્તિ કરે છે. એ જરૂરી નથી કે, તે વાસ્તવમાં જાહિલ જ હોય. આ બાબતનું સમર્થન પોતે શબ્દ جَهَالَتْ "જહાલત" પણ છે કે, અહીંયાં શબ્દ جَهْل (જહ્લ)ના બદલે "જહાલત"નો શબ્દ કદાચ એના તરફ ઈશારો કરવા માટે જ ઉપયોગ કરવામાં આવ્યો છે. કારણ કે, "જહ્લ" તો "ઈલ્મ"નો વિરુદ્ધાર્થી શબ્દ છે અને "જહાલત" એ "સહનશીલતા તથા પ્રતિષ્ઠા"નો વિરુદ્ધાર્થી શબ્દ છે. એટલે કે, જહાલતનો શબ્દ રૂઢિપ્રયોગમાં અમલી જહાલત માટે અને જો વિચાર કરવામાં આવે તો જ્યારે પણ કોઈનાથી ગુનોહ થઈ જાય છે તો તે તેની અમલી અજ્ઞાનતાના કારણે જ થઈ જાય છે. એટલા માટે અમુક બુઝુર્ગોનું નિવેદન છે કે, “જે વ્યક્તિ અલ્લાહ અને રસૂલે કરીમ ﷺના કોઈ હુકમનો વિરોધ કરે છે તે "જાહિલ" (અજ્ઞાની) છે.” તેનો અર્થ તેનાથી આ

જ અમલી જહાલત છે, તેનો અર્થ ગુનાહથી નાવાકેફ હોવું, અજ્ઞાની હોવું જરૂરી નથી. કારણ કે, કુર્આને કરીમ અને સહીહ હદીષોમાં અસંખ્ય નુસૂસ એ બાબતનું સમર્થન કરે છે કે તવબહ કરવાથી દરેક પ્રકારના ગુનાહો મા'ફ થઈ શકે છે. ભલે, ગફલત અને અજ્ઞાનતાના કારણે થયા હોય અથવા જાણીબૂજીને મનેચ્છાઓમાં રાચીને નફ્સની શરારતના કારણે કર્યા હોય.

આ સ્થળે એ બાબત ખાસ ધ્યાન આપવા યોગ્ય છે કે, આ આયતમાં ગુનેહગારોને મા'ફી અને રહમતનો જે વાયદો થયો છે, તે બે વસ્તુઓની શરત ઉપર આધારિત છે. એક તવબહ અને બીજું અમલની સુધારણા. તવબહનો અર્થ છે કે, ગુનાહો ઉપર અફસોસ કરવામાં આવે. હદીષમાં ઈરશાદ છે, اِنَّمَا التَّوْبَةُ النَّدَمُ એટલે કે, "તવબહ અફસોસ કરવાનું નામ છે."

બીજું, આવનારા સમય માટે પોતાના આ અમલની સુધારણા કરી લે અને આ આચરણની સુધારણામાં એ પણ સામેલ છે કે, હવે પછી તે ગુનાહની પાછળ ન ફરકવાનો દૃઢ નિશ્ચય કરી એ નિર્ણય ઉપર અડગ રહેવાની કાળજી રાખે અને એ પણ સામેલ છે કે, ભૂતકાળમાં થઈ ચૂકેલ ગુનાહોથી જે કોઈના હકો બરબાદ કર્યા છે તે પોતાના અધિકારની મર્યાદા સુધી અદા કરે. ભલે, તે હક અલ્લાહનો હોય અથવા બંદાના હકો હોય. અલ્લાહના હકો દાખલા તરીકે નમાઝ, રોઝા, ઝકાત વગેરે ફરજોમાં ઉણપ રાખવી અને હુકૂકુલ ઈબાદ દાખલા તરીકે, કોઈના માલ ઉપર નાજાઈઝ કબજો કરી તેનો ઉપયોગ કરવો, કોઈની આબરૂ ઉપર હુમલો કરવો, કોઈને ગાળો આપવી અથવા બુરું-ભલું કહેવું અથવા કોઈ બીજા સ્વરૂપમાં પીડા આપવી વગેરે છે.

એટલા માટે તવબહની પૂર્ણતા માટે જે પ્રમાણે એ જરૂરી છે કે, પાછલા ગુનાહો ઉપર અફસોસ કરી અલ્લાહ તઆલા પાસે મા'ફી માંગવામાં આવે અને હવે પછીના સમય માટે પોતાના આચરણોને સુધારી લે અને એ ગુનાહની પાસે પણ ન ફરકે, એ જ પ્રમાણે એ પણ આવશ્યક છે કે, જે નમાઝો અથવા રોઝા બેદરકારીથી છોડી દીધા છે તેની કઝા કરે. જે ઝકાત નથી આપી તે હવે અદા કરે. કુર્બાની, સદકએ ફિત્ર અને વાજિબ ઈબાદતોમાં ઉણપ રહી ગઈ હોય તો તેને પૂર્ણ કરે. હજ્જ ફરજ હોવા છતાં નથી કરી તો હવે તે ફરજ પૂરો કરે અને પોતે ન કરી શકે તો "હજ્જે બદલ" કરાવે અને જો પોતાની હયાતીમાં હજ્જે બદલ અથવા

અન્ય ઈબાદતોની કઝાની તક ન મળે તો વસિય્યત કરે કે, જેથી તેના વારસો તેના માથે જે વજિબો છૂટી ગયા હતા તેનો ફિદિયહ આપે અથવા હજ્જે બદલની વ્યવસ્થા કરી લે. ખુલાસો એ છે કે, આચરણની સુધારણા માટે ફક્ત હવે પછી પોતાના અમલો સુધારી લેવા કે દુરુસ્ત કરી લેવા પૂરતું નથી, પાછલા ફરજો અને વાજિબો અદા કરવા પણ જરૂરી છે.

એ જ પ્રમાણે હુકૂકુલ ઈબાદમાં કોઈનો માલ જો નાજાઈઝ પદ્ધતિથી લઈ લીધો છે તો તેને પરત કરે અને મા'ફ કરાવે. જો કોઈને હાથ અથવા જીભથી પીડા પહોંચાડી છે તો તેનાથી મા'ફ કરાવે અને જો તેની પાસે મા'ફ કરાવવું તેના અધિકારમાં ન રહ્યું હોય, દાખલા તરીકે તે મૃત્યુ પામે અથવા એવા સ્થળે ચાલ્યો જાય જ્યાં તેનું સરનામું પણ ખબર નથી તો તેની યુક્તિ એ છે કે, તે વ્યક્તિ પાસે અલ્લાહ તબારક વ તઆલા પાસે મગફિરતની ક્ષમા-યાચના કરતો રહે. તેનાથી આશા છે કે તે હકદાર રાઝી થઈ જશે અને આ વ્યક્તિ તે હકથી છુટકારો મેળવી લેશે.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૫૬-૫૭-૫૮)

قُلْ اِنِّیْ نُهِیْتُ اَنْ اَعْبُدَ الَّذِیْنَ تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ ؕ قُلْ لَّاۤ اَتَّبِعُ
اَهْوَآءَكُمْ ۙ قَدْ ضَلَلْتُ اِذًا وَّمَاۤ اَنَا مِنَ الْمُهْتَدِیْنَ ﴿۵۶﴾ قُلْ اِنِّیْ عَلٰی بَیِّنَةٍ مِّنْ رَّبِّیْ
وَكَذَّبْتُمْ بِهٖ ؕ مَا عِنْدِیْ مَا تَسْتَعْجِلُوْنَ بِهٖ ؕ اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ ؕ یَقُصُّ الْحَقَّ
وَهُوَ خَیْرُ الْفٰصِلِیْنَ ﴿۵۷﴾ قُلْ لَّوْ اَنَّ عِنْدِیْ مَا تَسْتَعْجِلُوْنَ بِهٖ لَقُضِیَ
الْاَمْرُ بَیْنِیْ وَبَیْنَكُمْ ؕ وَاللّٰهُ اَعْلَمُ بِالظّٰلِمِیْنَ ﴿۵۸﴾

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહી આપો ! મને એનાથી અટકાવવામાં આવ્યો છે કે તેમની બંદગી કરું જેમને તમે અલ્લાહના સિવાય પોકારો છો, તમે કહો ! હું તમારી ખુશી ઉપર નથી ચાલતો (જો હું એમ કરું તો) બેશક ! ત્યારે તો હું ભટકી જઈશ અને હિદાયત પામનારાઓમાં ન રહીશ. (૫૬) તમે કહી

આપો ! મને મારા પરવરદિગારની ગવાહી પહોંચી અને તમે તેને જૂઠાડ્યું, મારી પાસે નથી જે વસ્તુની તમે ઉતાવળ કરી રહ્યા છો, અલ્લાહના સિવાય હુકમ કોઈનો નથી, સત્ય વાત વર્ણન કરે છે અને તે સૌથી સારો ફેંસલો કરનારો છે. (૫૭) તમે કહી આપો ! જો મારી પાસે તે વસ્તુ હોત જેની તમે ઉતાવળ કરી રહ્યા છો તો મારી વચ્ચે અને તમારી વચ્ચે ઝઘડો પતી ચૂક્યો હોત, અને અલ્લાહ જાલિમોને સારી પેઠે જાણે છે. (૫૮)

તફસીર :

(હે નબી ﷺ ! તે અપેક્ષા રાખનારાઓને) તમે કહી આપો કે, મને (અલ્લાહ તબારક વ તઆલા તરફથી) એની મનાઈ કરવામાં આવી છે કે હું તે (મઅ્બૂદો)ની ઈબાદત કરું જેની તમે લોકો અલ્લાહ(ની તવહીદ)ને છોડીને ઈબાદત કરો છો (અને તેમના તરીકાની ગુમરાહી જાહેર કરવા માટે) તમે કહી આપો કે, હું તમારા (ખોટા) વિચારોનું અનુસરણ નહીં કરું. કારણ કે, (જો નઊઝુબિલ્લાહ ! હું એવું કરું તો) એ હાલતમાં માર્ગ ભટકી જાઉં અને (સીધા) માર્ગ ઉપર ચાલનારાઓમાંથી ન રહું. તમે (તેમને એ પણ) કહી આપો કે, મારી પાસે તો (આ દીને ઈસ્લામ સત્ય હોવા માટેની) એક (પૂરતી) દલીલ (મોજૂદ છે) જે મારા પાલનહાર તરફથી છે (જે મને મળી છે, એટલે કે કુર્આન મજીદ જે મારો મોઅ્જિઝો છે, જેનાથી મારું સમર્થન થાય છે) અને તમે (વિના કારણે) તેને જૂઠાડો છો (અને તમે જે એવું કહો છો કે, જો ઈસ્લામ ધર્મ સત્ય છે તો અમારા ઈન્કાર કરવાથી આસમાનમાંથી પથ્થર વરસે અથવા કોઈ અન્ય સખત અઝાબ આવે, જેમકે બીજે ઠેકાણે આ શબ્દોમાં પ્રસ્તુત છે اِنْ كَانَ هٰذَا هُوَ الْحَقُّ مِنْ عِنْدِكَ فَاَمْطِرْ عَلَيْنَا حِجَارَةً مِّنَ السَّمَآءِ اَوِ ائْتِنَا بِعَذَابٍ اَلِيْمٍ તો તેનો જવાબ એ છે કે) જે વસ્તુનો તમે તકાદો કરી રહ્યા છો, (એટલે કે અઝાબ) તે મારી પાસે (એટલે કે મારા કાબૂમાં) નથી. હુકમ કોઈનો નથી (ચાલતો) અલ્લાહ તઆલા સિવાય (અને અલ્લાહનો અઝાબ નાઝિલ થવાનો હુકમ નથી થયો તો હું કેવી રીતે અઝાબ બતાવું ?) અલ્લાહ તઆલા સત્ય વાતને (દલીલથી) બતાવી આપે છે અને સૌથી સારો ફેંસલો કરનારો તે જ છે (એટલે કે તેનાથી મારું રસૂલ હોવું સ્પષ્ટ અને ખુલ્લું છે તથા કુર્આને કરીમની મજબૂત દલીલ મોકલી આપવામાં આવી છે અને અન્ય સ્પષ્ટ મોઅ્જિઝાઓ જાહેર કરવામાં આવ્યા છે અને એક

સાચી દલીલ પણ પૂરતી હોય છે તો તમારી માંગણી મુજબની દલીલો જાહેર કરવાની કોઈ આવશ્યકતા નથી. એટલા માટે અત્યારે અઝાબ નાઝિલ કરીને ફેંસલો કરવામાં નથી આવતો). તમે કહી આપો કે, જો મારી પાસે (એટલે કે મારા અધિકારમાં) તે વસ્તુ હોત કે જેનો તમે તકાદો કરી રહ્યા છો (એટલે કે અઝાબ) તો (અત્યાર સુધીમાં) મારા અને તમારા દરમિયાન વિવાદનો ફેંસલો (ક્યારનોય) થઈ ચૂક્યો હોત અને જાલિમોને અલ્લાહ તઆલા સારી પેઠે જાણે છે (કે કોની સાથે કયા સમયે શું વર્તાવ કરવો જોઈએ ?).

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પ્રસ્તુત આયતોમાં કાફિરો તરફથી અઝાબની માંગણી અને તેનો જવાબ اَعْلَمُ بِالظّٰلِمِيْنَ માં અને અલ્લાહની સંપૂર્ણ શક્તિનું વર્ણન કરી خَيْرُ الْفٰصِلِيْنَ ફરમાવવામાં આવ્યું, આગળ સમગ્ર જાણકારી તથા વસ્તુઓ ઉપર અલ્લાહ તઆલાના જ્ઞાન અને શક્તિનું વર્ણન કરવામાં આવ્યું છે.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૫૯-૬૦-૬૧-૬૨)

وَعِنْدَهٗ مَفَاتِحُ الْغَيْبِ لَا يَعْلَمُهَآ اِلَّا هُوَ ؕ وَيَعْلَمُ مَا فِى الْبَرِّ وَالْبَحْرِ ؕ وَمَا تَسْقُطُ
مِنْ وَّرَقَةٍ اِلَّا يَعْلَمُهَا وَلَا حَبَّةٍ فِىْ ظُلُمٰتِ الْاَرْضِ وَلَا رَطْبٍ وَّلَا يَابِسٍ اِلَّا فِىْ
كِتٰبٍ مُّبِيْنٍ ﴿۵۹﴾ وَهُوَ الَّذِىْ يَتَوَفّٰىكُمْ بِالَّيْلِ وَيَعْلَمُ مَا جَرَحْتُمْ بِالنَّهَارِ ثُمَّ
يَبْعَثُكُمْ فِيْهِ لِيُقْضٰٓى اَجَلٌ مُّسَمًّى ۚ ثُمَّ اِلَيْهِ مَرْجِعُكُمْ ثُمَّ يُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ
تَعْمَلُوْنَ ﴿۶۰﴾ ع وَهُوَ الْقَاهِرُ فَوْقَ عِبَادِهٖ وَيُرْسِلُ عَلَيْكُمْ حَفَظَةً ؕ حَتّٰٓى اِذَا جَآءَ
اَحَدَكُمُ الْمَوْتُ تَوَفَّتْهُ رُسُلُنَا وَهُمْ لَا يُفَرِّطُوْنَ ﴿۶۱﴾ ثُمَّ رُدُّوْٓا اِلَى اللّٰهِ مَوْلٰىهُمُ
الْحَقِّ ؕ اَلَا لَهُ الْحُكْمُ ۫ وَهُوَ اَسْرَعُ الْحٰسِبِيْنَ ﴿۶۲﴾

તરજુમો :

અને તેની જ પાસે ગયૂબની ચાવીઓ છે કે તેને તેના સિવાય કોઈ નથી જાણતું

અને તે જાણે છે જે કંઈ જંગલ અને દરિયામાં છે અને નથી ખરતું કોઈ પાંદડું પરંતુ તે તેને જાણે છે અને જમીનના અંધારાઓમાં કોઈ દાણો નથી પડતો અને ન જ કોઈ લીલી વસ્તુ અને ન જ કોઈ સૂકી વસ્તુ; પરંતુ તે સઘળું કિતાબે મુબીન (રોશન કિતાબ)માં છે. (૫૯) અને તે જ છે કે તમને રાત્રે કબ્જામાં લઈ લે છે અને જાણે છે કે જે કંઈ તમે દિવસમાં કરી ચૂક્યા હોય, પછી તમને એમાં ઉઠાડી આપે છે જેથી તે વાયદો પૂરો થાય જે નક્કી થઈ ચૂક્યો છે, પછી તેના જ તરફ તમે પાછા વાળવામાં આવશો, પછી તમને તેની ખબર આપશે જે કંઈ તમે કરો છો. (૬૦) અને તે જ પોતાના બંદાઓ ઉપર ગાલિબ (વર્ચસ્વવાળો સર્વાધિકારી) છે અને તમારા ઉપર નિગેહબાન (દેખરેખ રાખનાર) મોકલે છે એટલે સુધી કે જ્યારે તમારામાંથી કોઈના ઉપર મોત આવી પહોંચે તો એને અમારા મોકલેલા ફરિશ્તા કબ્જામાં લઈ લે છે, અને તેઓ કોતાહી (કમી) નથી કરતા. (૬૧) પછી અલ્લાહ તરફ પહોંચાડવામાં આવશે જે તેમનો સાચો માલિક છે; સાંભળી રાખો ! હુકમ તેનો જ છે અને તે ઘણો જ જલદી હિસાબ લેનારો છે. (૬૨)

તફસીર :

અને અલ્લાહ તઆલાની પાસે (એટલે કે તેના કાબૂમાં) ગુપ્ત વસ્તુઓના (દરેક પ્રકારના) ખજાનાઓ છે, (તેમાં જે વસ્તુઓ જે સમયે અને જેટલા પ્રમાણમાં જોઈએ અસ્તિત્વમાં લાવે છે અને તે વસ્તુઓમાં અઝાબના પ્રકારો પણ આવી ગયા. મતલબ એ કે અન્ય કોઈને તે વસ્તુઓ ઉપર કોઈ કાબૂ નથી અને જે પ્રમાણે સંપૂર્ણ કુદરત તેની જ સાથે ખાસ છે તે જ પ્રમાણે તેનું જ્ઞાન પણ સંપૂર્ણ છે, એટલા માટે) તે ગુપ્ત ખજાનાઓને અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી જાણતું અને અલ્લાહ તે બધી વસ્તુઓને પણ જાણે છે જે જમીનમાં છે અને જે સમુદ્રમાં છે અને કોઈ પાંદડું (સુદ્ધાં વૃક્ષ ઉપરથી) નથી ખરતું પરંતુ તે તેને પણ જાણે છે અને કોઈ દાણો (સુદ્ધાં) જમીનના અંધકારભર્યા ભાગમાં નથી પડતો અને ન જ કોઈ લીલી અથવા સૂકી વસ્તુ (દાખલા તરીકે ફળ વગેરે) પડે છે પરંતુ આ બધું રોશન કિતાબ (એટલે કે લવહે મહફૂઝ)માં (લખાયેલું) છે, અને તે (અલ્લાહ તઆલા) એવો છે કે રાત્રે (સૂવાના સમયે) તમારી રૂહ (સભાનાવસ્થા)ને (જેમાં તમારી સભાનતા અને જાગૃતિ સંબંધિત બધી જ ઇન્દ્રિયો એક રીતે) કબજે કરી લે છે

(એટલે કે, તેને સુષુપ્ત કરી દે છે) અને જે કંઈ તમે દિવસમાં કરો છો તેને (સંપૂર્ણ વિગત સાથે) જાણે છે, ત્યારબાદ તમને દિવસમાં જગાડીને ઉઠાડે છે જેથી (તે સૂવા–જાગવા વચ્ચેની) નક્કી સમય સીમા (દુનિયવી જિંદગીની) સંપૂર્ણ કરવામાં આવે, પછી તે જ (અલ્લાહ) તરફ (મૃત્યુ પામીને) તમારે જવાનું છે, ત્યારબાદ તમને બતાવી આપવામાં આવશે જે કંઈ તમે (દુનિયામાં) કર્યા કરતા હતા (અને તેના યોગ્ય પ્રમાણમાં બદલો અથવા સજા લાગુ પાડવામાં આવશે) અને તે જ (અલ્લાહ તઆલાની કુદરત) પોતાના બંદાઓ ઉપર (ગાલિબ છે એટલે કે, અલ્લાહ સૌના ઉપર) સર્વાધિકાર ધરાવે છે અને (હે બંદાઓ !) તમારા ઉપર (તમારા આચરણો અને જીવની) સંભાળ કરવા માટે (ફરિશ્તાઓ) મોકલે છે (જેઓ જીવનભર તમારા આચરણોને પણ જુએ છે અને તમારા પ્રાણની પણ સુરક્ષા કરે છે) અહીંયાં સુધી કે જ્યારે તમારામાંથી કોઈનું મૃત્યુ આવી પહોંચે છે તો (તે સમયે) તેની રૂહ અમારા મોકલેલા (ફરિશ્તાઓ) કબજે કરી લે છે અને કંઈ પણ ઉણપ રાખતા નથી. (બલકે, જે સમયે સુરક્ષા કરવાનો હુકમ હતો, રક્ષણ કરતા રહ્યા, જ્યારે મૌતનો હુકમ થઈ ગયો તો આ જ રક્ષકો રૂહ કબજે કરનારા ફરિશ્તાઓ સાથે મળી જાય છે) પછી સૌને પોતાના સાચા માલિકની પાસે લઈ જવામાં આવશે. સારી રીતે સાંભળી લો ! (તે સમયે) ફૈસલો અલ્લાહનો જ હશે (અને કોઈ દખલગીરી નહીં ચાલી શકે) અને તે ઘણો જ જલદી હિસાબ લઈ લેશે.

મસ્અલા અને બોધપાઠ :

ગુનાહોથી બચવાનો અક્સીર (અસરકારક) નુસખો (ફોર્મ્યુલા) :

દુનિયાના બધા જ ધર્મોમાં ઈસ્લામની વિશેષતા અને તેની મહાનતા "તવહીદ" (માત્ર એક જ અલ્લાહ તઆલા ઈબાદતપાત્ર હોવાનો અકીદહ–એકેશ્વરવાદ)ની માન્યતા છે અને એ પણ દેખીતું છે કે, ફક્ત અલ્લાહ તઆલાની જાતને એક માત્ર અને એકલો સમજવાનું નામ તવહીદ નથી, બધી જ સિફતો અને વિશેષતાઓમાં પણ તેને એકલો અને અજોડ માનવો અને તેના સિવાય કોઈ મખ્લૂક કે સર્જનમાં તે વિશિષ્ટ સિફતો કે ખાસિયતોમાં તેનો કોઈ સમકક્ષ કે ભાગીદાર ન સમજવાને તવહીદ કહેવામાં આવે છે.

અલ્લાહ તઆલાની વિશિષ્ટ સિફતો (ખાસિયતો) જેમકે, ૧. હયાત–

જીવંત હોવું, ૨. સર્વજ્ઞ હોવું, ૩. સર્વશક્તિમાન હોવું, ૪. સઘળું સાંભળનાર, ૫. બધું જોનાર, ૬. ઈચ્છાશક્તિ, ૭. સર્જનશક્તિ, ૮. પાલનહાર હોવું વગેરે. આ બધી ખાસિયતો અને સિફતોમાં તે સંપૂર્ણ છે. તેના સિવાય કોઈ મખ્લૂક, કોઈ સર્જન આ સિફતોમાં તેના સમકક્ષ હોઈ શકતું નથી. પછી તેની સિફતોમાંથી બે સિફતો સૌથી વધારે વિશેષતા ધરાવે છે. એક જ્ઞાન અને બીજું શક્તિ, તેનું જ્ઞાન પણ દરેક ઉપસ્થિત, અનુપસ્થિત, પ્રત્યક્ષ રીતે જાહેર અથવા ગુપ્ત, મોટી વસ્તુ હોય અથવા નાની; તે સૃષ્ટિના દરેક અણુએ અણુ ઉપર સર્વાધિકાર ધરાવનાર અને છવાયેલ છે અને તેની શક્તિ પણ તે બધા ઉપર સંપૂર્ણ રીતે છવાયેલી છે. પ્રસ્તુત બે આયતોમાં આ જ બે સિફતોનું વર્ણન છે અને આ બે સિફતો એવી છે કે, જો મનુષ્ય અલ્લાહ તઆલાની આ બે વિશેષતાઓ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા ધરાવે અને હળપળે એવી સ્થિતિ પેદા કરે કે જાણે આ બે વસ્તુઓ તેની નજર સમક્ષ જ છે તો તેનાથી કોઈ ગુનોહ અથવા અપરાધ થઈ જ નથી શકતો. દેખીતું છે કે, જો કોઈ વ્યક્તિને પોતાના પ્રત્યેક આચરણ અને નિવેદન તથા ઉઠવા-બેસવામાં દરેક ડગલે ને પગલે એવી અનુભૂતિ રહે કે, એક સર્વજ્ઞ અને સર્વસત્તાધીશ, સર્વશક્તિમાન મને હરપળે નિહાળી રહ્યો છે અને મારા જાહેર તથા ગુપ્ત અને દિલના ઈરાદાઓ તથા વિચાર સુદ્ધાંથી વાકેફ છે તો આવી અનુભૂતિ ક્યારેય તેના કદમ તે સર્વસત્તાધીશ અલ્લાહ તઆલાની નાફરમાની તરફ નહીં ઉઠવા દે. એટલા માટે આ બંને આયતો મનુષ્યને સંપૂર્ણ માનવી બનાવવા અને તેના આચરણો તથા વર્તણૂકને દુરુસ્ત બનાવવા અને તેને દુરુસ્ત હોવાની હાલતમાં ટકાવી રાખવાનો અકસીર નુસખો છે.

પ્રથમ આયતમાં ફરમાવવામાં આવ્યું છે وَعِنْدَهٗ مَفَاتِحُ الْغَيْبِ لَا يَعْلَمُهَآ اِلَّا هُوَ એમાં શબ્દ مَفَاتِح (મફાતિહ) બહુવચન છે, તેનું એકવચન مَفْتَح (મફતહ) અથવા مِفْتَح (મિફતહ) હોઈ શકે છે, જેનો અર્થ ખજાના માટે બોલવામાં આવે છે અને "મિફતહ"ને م (મીમ)ને સુષુપ્ત રાખીને પણ બોલવામાં આવે છે, જેનો અર્થ "ચાવી" થાય છે. પરંતુ શબ્દ "મફાતિહ"માં બે અર્થની શક્યતા છે, એટલા માટે અમુક વિવરણકારો અને ભાષાંતરકારોએ તેનું ભાષાંતર "ખજાનાઓ" કર્યું છે અને અમુકે "ચાવીઓ" અર્થ કર્યો છે અને બંનેનો અર્થ એક જ છે કારણ કે, ચાવીઓનો માલિક હોવાથી પણ ખજાનાનો માલિક હોવાનો અર્થ સમજી શકાય છે.

કુર્આને કરીમની પરિભાષામાં "ઇલ્મે ગચ્બ" (ગુપ્ત બાબતોનું જ્ઞાન) ધરાવનાર હોવું અને સર્વશક્તિમાન હોવું ફક્ત અલ્લાહ તઆલાની જ ખાસ સિફત છે, કોઈ મખ્લૂક તેમાં ભાગીદાર નથી :

શબ્દ غَيْب (ગચ્બ)નો અર્થ બે બાબતો છે; એક, જે હમણા અસ્તિત્વમાં નથી આવી અથવા અસ્તિત્વમાં તો આવી ચૂકી છે પરંતુ અલ્લાહ તબારક વ તઆલાએ તેની કોઈને જાણ થવા દીધી નથી. *(મઝહરી)*

પ્રથમ પ્રકારનું ઉદાહરણ તે તમામ પ્રકારની પરિસ્થિતિઓ અને ઘટનાઓ છે જે કયામત વિશે છે અથવા સૃષ્ટિમાં હવે પછી અસ્તિત્વમાં આવનાર ઘટનાઓ સાથે સંબંધ ધરાવે છે. દાખલા તરીકે, કોણ, ક્યારે અને ક્યાં પેદા થશે ? શું-શું કામ કરશે ? કેટલી ઉંમર હશે ? જીવનમાં કેટલા શ્વાસ લેશે ? કેટલા ડગલાં ભરશે ? ક્યાં મૃત્યુ પામશે ? ક્યાં દફન થશે ? કોને કેટલી રોઝી મળશે અને ક્યા સમયે મળશે ? વરસાદ કયા સમયે અને ક્યાં કેટલો પડશે ? વગેરે....

અને બીજા પ્રકારનું ઉદાહરણ તે ગર્ભ છે જે માતાના ઉદરમાં અસ્તિત્વમાં આવી ચૂક્યો છે પરંતુ તે કોઈને ખબર નથી કે, તે પુત્ર છે કે પુત્રી ? ખૂબસૂરત છે કે બદ્સૂરત ? નેક છે કે બુરો ? એ જ પ્રમાણે અનેક એવી વસ્તુઓ જે અસ્તિત્વમાં આવવા છતાં મખ્લૂકના જ્ઞાન અને દષ્ટિથી ગુપ્ત હોય છે.

عِنْدَهٗ مَفَاتِحُ الْغَيْبِ નો અર્થ એ થયો કે, અલ્લાહની પાસે ગચ્બના ખજાનાઓ છે. તેની પાસે હોવાનો અર્થ તેના માલિકીપણા હેઠળ અને તેના કબજામાં હોવાનો છે. મતલબ એ થયો કે, ગચ્બના ખજાનાઓનું જ્ઞાન પણ તેના કબજામાં છે અને તેને અસ્તિત્વમાં લાવવું તથા તેને જાહેરમાં લાવવું પણ તેની શક્તિમાં છે. ક્યારે અને ક્યાં કેટલું-કેટલું અસ્તિત્વમાં આવશે ? જેમકે કુર્આને કરીમની એક અન્ય આયતમાં પ્રસ્તુત છે وَاِنْ مِّنْ شَیْءٍ اِلَّا عِنْدَنَا خَزَائِنُهٗ وَمَا نُنَزِّلُهٗۤ اِلَّا بِقَدَرٍ مَّعْلُوْمٍ (૧૫ : ૨૧) એટલે કે, અમારી પાસે દરેક વસ્તુના ખજાના છે પરંતુ અમે દરેક વસ્તુને એક ખાસ પદ્ધતિથી નાઝિલ કરીએ છીએ.

ખુલાસો એ છે કે, આ વાક્યથી અલ્લાહ તઆલાની અજોડ જ્ઞાનપૂર્ણ શ્રેષ્ઠતાઓ પણ સાબિત થઈ ગઈ અને તેની અજોડ શક્તિ અને કુદરત પણ; અને એ પણ કે, તેનું જ્ઞાન સર્વત્ર, સર્વવ્યાપી છે અને તે સર્વસત્તાધીશ છે; અને આ

માત્ર અલ્લાહ જલ્લ શા'નુહૂની જ સિફત છે અને કોઈને પ્રાપ્ત નથી થઈ શકતી. આયતનો શબ્દ عِنْدَهٗ (ઇન્દહુ)ને આગળ કરીને અરબીના વ્યાકરણ પ્રમાણે આ બાબતનો ઈશારો કરવામાં આવ્યો છે, આ ઈશારાને ખુલાસા સ્વરૂપે પરિવર્તિત કરી સંપૂર્ણ રસપ્રદ શૈલીથી વર્ણન કર્યું لَا يَعْلَمُهَآ اِلَّا هُوَ એટલે કે, "તે ગયૂબના ખજાનાઓને અલ્લાહ સિવાય કોઈ જાણતું નથી."

એટલા માટે આ વાક્યથી બે વાતો સાબિત થઈ, પ્રથમ અલ્લાહ તઆલાનું બધી જ ગયૂબની વસ્તુઓ ઉપર વર્ચસ્વ ધરાવનાર હોવું અને સઘળા જ્ઞાનની સાથે સર્વજ્ઞ હોવું અને તેનું બધી જ વસ્તુઓ ઉપર સર્વસત્તાધીશ હોવું અને એકમાત્ર માલિક હોવું છે. બીજું, અલ્લાહની જાત સિવાય કોઈ મખ્લૂક અથવા કોઈ સર્જનને આવી શક્તિ અને સામર્થ્ય પ્રાપ્ત નથી.

કુર્આનની પરિભાષામાં શબ્દ "ગયૂબ"નો જે અર્થ તફસીરે મઝહરીના હવાલા પ્રમાણે ઉપર વર્ણન થઈ ચૂક્યો છે કે, તે એવી બાબતો છે કે જે હમણા અસ્તિત્વમાં નથી આવી અથવા આવી ચૂકી છે પરંતુ હજુ સુધી કોઈ મખ્લૂક ઉપર તેની જાહેરાત નથી થઈ. જો તેને સામે રાખવામાં આવે તો ગયૂબના મસ્અલા ઉપર ઉપરછલ્લી રીતે જે-જે શંકાઓ સામાન્ય લોકોને થતી રહે છે, તે આપમેળે સમાપ્ત થઈ જાય.

પરંતુ સામાન્ય રીતે લોકો "ગયૂબ" શબ્દનો શાબ્દિક અર્થ લે છે કે, જે વસ્તુઓ આપણા જ્ઞાન અથવા દૃષ્ટિથી ઓજલ છે, ભલે બીજાઓ પાસે તેનું જ્ઞાન પ્રાપ્ત કરવાના સાધનો ઉપલબ્ધ હોય, તેને પણ "ગયૂબ" કહેવા માંડે છે. પરિણામે પ્રકાર-પ્રકારની શંકાઓ ઉપસ્થિત થાય છે. જ્યોતિષશાસ્ત્ર جَفْر (જફર), رَمَل "રમલ" (ભૂમિતિ -એટલે કે આંકડાઓના પવિત્ર અર્થો તથા રેતીમાં લીટીઓ દોરવાનું જ્ઞાન વગેરે) અથવા હાથની રેખાઓ વગેરેથી ભવિષ્યની ઘટનાઓનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે છે અથવા "કશ્ફ" અને "ઈલ્હામ" દ્વારા કોઈ વ્યક્તિને ભવિષ્યની ઘટનાઓનું જ્ઞાન થઈ જાય છે અથવા વરસાદની જાણકારી હવાઓ અને પર્યાવરણની ગતિઓના આધારે નિષ્ણાત લોકો કરે છે અને તેમાં ઘણી બધી વાતો સાચી પણ હોય છે. આ બધી વસ્તુઓ સામાન્ય લોકોની દૃષ્ટિમાં "ઈલ્મે ગયૂબ" હોય છે. એટલા માટે પ્રસ્તુત આયત ઉપર શંકા થવા લાગે છે કે, કુર્આને હકીમે તો ગયૂબનું જ્ઞાન અલ્લાહ તઆલાની જાતની

ખાસ વિશેષતા બતાવી છે અને જાહેરમાં તો એવું જોવા મળે છે કે તે અન્યોને પણ પ્રાપ્ત થઈ જાય છે.

જવાબ સ્પષ્ટ છે કે કશ્ફ, ઈલ્હામ અને વહી દ્વારા જો અલ્લાહ તઆલા પોતાના બંદાઓને કોઈ આવનાર ઘટનાની જાણકારી આપી દે તો કુર્આનની પરિભાષામાં તે ગયૂબનું જ્ઞાન ન રહ્યું. એ જ પ્રમાણે કોઈ યંત્ર અથવા માધ્યમ દ્વારા જો કોઈ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય, તે પણ કુર્આનની પરિભાષાના આધારે ગયૂબનું ઈલ્મ નથી. જેમકે, વેધશાળાઓ અથવા કોઈ હકીમ–ડૉક્ટરને એવી ખબર આપવાની તક ત્યારે જ મળે છે જ્યારે કે આ ઘટનાઓની ભૌતિક સંરચનાઓ તેમની નજર સમક્ષ જાહેર થઈ જાય છે. તફાવત એટલો હોય છે કે, હમણાં તે ઘટનાઓ સામાન્યપણે સંપૂર્ણ રીતે અસ્તિત્વમાં નથી આવી, પરંતુ યંત્ર દ્વારા કુશળ નિષ્ણાતો સમક્ષ તે જાહેર થઈ જાય છે. સામાન્ય લોકો તેનાથી બેખબર હોય છે અને જ્યારે આ ભૌતિક સંરચનાઓ સંપૂર્ણ થવા માંડે છે, ત્યારે તે સામાન્ય રીતે અસ્તિત્વમાં આવે છે. એ જ કારણ છે કે, વેધશાળાઓ મહિના–બેમહિના પછી થનાર વરસાદ (કે વાવાઝોડા)ની ખબર આજે નથી આપી શકતા. કારણ કે, હજુ તે વરસાદ કે હવામાનની ભૌતિક સંરચનાઓ અસ્તિત્વમાં નથી આવી. એ જ પ્રમાણે કોઈ હકીમ અથવા ડૉક્ટર વર્ષ–બે વર્ષ પહેલાં ખાધેલી અથવા વર્ષ–બે વર્ષ પછી ખાવામાં આવનાર દવા અથવા ખોરાક વગેરેની જાણકારી આજે તપાસીને નથી બતાવી શકતો. કારણ કે, તેની કોઈ અસર સામાન્ય રીતે નાડી કે શરીર ઉપર વર્તાવાની નથી.

ખુલાસો એ છે કે, આ બધી વસ્તુઓ એવી છે કે કોઈ વસ્તુ અને નિશાની જોઈને તેના અસ્તિત્વની જાણકારી આપવામાં આવે છે અને જ્યારે તેની નિશાનીઓ અને પ્રભાવો તથા ભૌતિક સંરચનાઓ જાહેર થઈ જાય છે તો હવે તે ગયૂબની પરિભાષામાં સામેલ ન રહ્યું બલકે, તે બાબત પ્રત્યક્ષ સામે આવી ગઈ. અલબત્ત, તેની નિશાનીઓ હજુ સંપૂર્ણ ન હોવાના કારણે બિલકુલ સામાન્ય રીતે તેને નિહાળી શકાતી નથી. જ્યારે તે સંપૂર્ણ ભૌતિક રચના પૂર્ણ કરી લેશે તો સામાન્ય સ્વરૂપે અસ્તિત્વમાં પણ આવી જશે.

એના સિવાય તે બધી વસ્તુઓથી પ્રાપ્ત થનારી જાણકારી સર્વ કાંઈ હોવા પછી પણ ફક્ત અનુમાન અને અંદાજાનું જ સ્વરૂપ ધરાવે છે, જે જ્ઞાન જેને

વિશ્વાસ અને યકીન સાથે અસ્તિત્વમાં આવશે એવું કહેવામાં આવે છે તે તેમાંથી કોઈ વસ્તુ દ્વારા કોઈને પ્રાપ્ત નથી થતી. એ જ કારણ છે કે, આ ખબરો ખોટી પડવાની પણ અસંખ્ય ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે.

રહ્યું જ્યોતિષશાસ્ત્ર વગેરેનું જ્ઞાન; તો તેમાં જે જ્ઞાન આંકડાકીય ગણતરીઓ અને હિસાબોથી સંલગ્ન છે, તેનું જ્ઞાન તો એક જ્ઞાન છે પરંતુ તે ગયૂબ નથી. જેમકે, હિસાબ લગાવીને કોઈ એવું કહે કે, આજે પાંચ વાગીને એકતાળીસ મિનિટે સૂર્યોદય થશે અથવા ફલાણા મહિનાની ફલાણી તારીખે ચંદ્રગ્રહણ અથવા સૂર્યગ્રહણ થશે. દેખીતું છે કે, આ એક ગણતરીના આધારે અવકાશી પદાર્થોની ગતિનો હિસાબ લગાવીને સમય નક્કી કરવામાં આવે છે, આ એવું જ છે જેમકે, આપણે હવાઈ જહાજની ઍરપૉર્ટ ઉપર અથવા ગાડીની રેલવેના કોઈ પ્લેટફોર્મ અથવા સ્ટેશન ઉપર પહોંચવાની ખબર આપીએ છીએ, તે ઉપરાંત જ્યોતિષ વગેરેની જે જાણકારીઓ પ્રાપ્ત કરવાનો દા'વો કરવામાં આવે છે તે ધોકો આપવા સિવાય કશું નથી. સો જૂઠી વાતોમાંથી એકાદ વાત સાચી પડી જાય તો તે ભવિષ્યનું જ્ઞાન નથી.

ગર્ભમાં પુત્ર છે કે પુત્રી ? તે બાળક કાળું છે કે ગોરું ? કેટલું જીવશે ? ક્યારે મરશે ? વગેરે.... વિશે પણ ઘણા બધા જાણકારો કહ્યા કરે છે પરંતુ અનુભવ સાક્ષી છે કે, તે પણ માત્ર અનુમાન અને અંદાજો જ છે, ચોક્કસ નથી અને સોમાંથી બે-ચાર સાચું પડી જાય તો તે એક સ્વાભાવિક બાબત છે અને તેને ભવિષ્ય કે ગયૂબની જાણકારી સાથે કોઈ સંબંધ નથી.

[હા ! જ્યારે એક્ષરે (રૅડિયોલૉજીકલ યંત્રો) વગેરેનું સંશોધન થયું, તો અમુક લોકોનો વિચાર હતો કે, તેના દ્વારા ગર્ભ પુરુષ અથવા સ્ત્રી હોવાની જાણકારી પ્રાપ્ત થાય છે પરંતુ ગર્ભના શરૂઆતના તબક્કામાં મશીનો એ નક્કી નથી કરી શકતા કે, ગર્ભ પુરુષ છે કે સ્ત્રી ? ઉપરાંત રૅડિયોલૉજી ગર્ભ માટે અત્યંત નુકસાનકારક પણ છે. જો કે, ગર્ભના છેલ્લા તબક્કામાં ટેક્નીકલ યંત્રોની સહાયતાથી પુરુષ કે સ્ત્રી હોવાનો અંદાજો લગાવવામાં આવે છે, તે પણ સંપૂર્ણ સો ટકા જ સાચું છે એવું ડૉક્ટર પણ સર્ટિફિકેટ આપતા નથી કારણ કે, અમુક વખતે તે ખોટું પણ સાબિત થાય છે અને શરૂઆતના ગર્ભાધાનના તબક્કામાં આ બાબતની જાણકારી પાપ્ત ન થતી હોવાના કારણે તે ઈસ્લામના ઈલ્મે ગયૂબની

વિચારસરણીથી કોઈ રીતે ટકારાતી નથી. ઉપરાંત ગર્ભમાંનું સંતાન કાળું છે કે ગોરું, કેટલું જીવશે ? ક્યારે મરશે ? વગેરેની જાણકારી અલ્લાહ તઆલા સિવાય કોઈને નથી.]

ખુલાસો એ છે કે, જે વસ્તુઓ કુર્આનની વ્યાખ્યામાં ગયૂબ છે તેનું જ્ઞાન અલ્લાહ તઆલા સિવાય કોઈને નથી અને જે વસ્તુઓનું ઈલ્મ લોકોને અથવા અમુક યંત્રો કે માધ્યમો દ્વારા પ્રાપ્ત થઈ જાય છે, તે વાસ્તવમાં ગયૂબ નથી. જો કે, સામાન્ય રીતે જાહેર ન થવાના કારણે લોકો તેને ગયૂબ સમજી બેસે છે.

એ જ રીતે કોઈ રસૂલ અથવા નબીને વહી દ્વારા અથવા કોઈ વલીને કશ્ફ તથા ઈલ્હામ દ્વારા જે ગયૂબની અમુક બાબતોનું જ્ઞાન આપવામાં આવે છે તો એ હવે ગયૂબની સીમાઓમાંથી બહાર નીકળી ગયું, તેને કુર્આનની પરિભાષામાં ગયૂબના બદલે, اَنْبَاءُ الْغَيْبِ (અંબાઉલ ગયૂબ) કહેવામાં આવે છે. જેમકે, અનેક આયતોમાં પ્રસ્તુત છે تِلْكَ مِنْ اَنْبَآءِ الْغَيْبِ نُوْحِيْهَا اِلَيْكَ (૧૧ : ૪૯) એટલા માટે પ્રસ્તુત આયતમાં لَا يَعْلَمُهَا اِلَّا هُوَ એટલે કે, "ગયૂબના ખજાનાઓને અલ્લાહ સિવાય કોઈ નથી જાણતું," તેમાં કોઈ શંકા કે અપવાદની સંભાવના નથી.

આ વાક્યમાં તો અલ્લાહ જલ્લ શા'નુહૂની વિશેષ સિફત બતાવવામાં આવી છે કે, તે "આલિમુલ ગયૂબ" છે, દરેક ગયૂબને જાણે છે. ત્યાર પછીના વાક્યોમાં ગયૂબથી વિપરીત પ્રકારનું જ્ઞાન એટલે કે, જે પ્રત્યક્ષ સ્વરૂપે ઉપસ્થિત વસ્તુઓ છે તે જ્ઞાનનો ઉલ્લેખ થયો છે કે, આ વસ્તુઓના જ્ઞાનમાં પણ અલ્લાહ જલ્લ શા'નુહૂની વિશેષતા એ છે કે, તેનું જ્ઞાન સર્વવ્યાપી અને સર્વત્ર છવાયેલ છે. એક રજકણ પણ તેના જ્ઞાનથી બાકાત નથી. ઈરશાદ ફરમાવ્યો કે, "તે જાણે છે દરેક તે વસ્તુને જે જમીનમાં છે અને જે વસ્તુ સમુદ્રમાં છે અને કોઈ પાંદડું વૃક્ષ ઉપરથી નથી ખરતું કે તેનું જ્ઞાન તેને ન હોય. એ જ પ્રમાણે કોઈ દાણો જે જમીનના અંધકારયુક્ત ભાગમાં પડ્યો રહે તે પણ તેના જ્ઞાનમાં છે અને દરેક લીલી-સુકી (વસ્તુ અને) સમગ્ર સૃષ્ટિના અણુએ-અણુ તેના જ્ઞાનમાં સમાયેલા છે અને લવહે મહફૂઝમાં લખવામાં આવ્યું છે."

ખુલાસો એ છે કે, ઈલ્મ વિશે બે વસ્તુઓ અલ્લાહ તઆલાની

વિશેષતાઓમાંથી છે, જેમાં કોઈ ફરિશ્તો, કોઈ રસૂલ, કોઈ મનુષ્ય કે અન્ય મખ્લૂક તેનો ભાગીદાર નથી; અને તે છે, એક, ઈલ્મે ગયૂબ અને બીજું, સમગ્ર અસ્તિત્વ ધરાવતી વસ્તુઓનું સર્વવ્યાપી સર્વત્ર છવાયેલ જ્ઞાન, જે જ્ઞાનથી એક અણુ સુદ્ધાં પણ બાકાત નથી. પ્રથમ આયતમાં આ જ બંને ખાસ અને વિશિષ્ટ સિફતોનું વર્ણન એ પ્રકારે ઈરશાદ ફરમાવવામાં આવ્યું કે, તેના પ્રથમ વાક્યમાં પ્રથમ ખાસિયતનું વર્ણન છે. وَعِنْدَهٗ مَفَاتِحُ الْغَيْبِ لَا يَعْلَمُهَا اِلَّا هُوَ અને પછીના વાક્યોમાં સમગ્ર સૃષ્ટિ અને દરેક મોજૂદ અસ્તિત્વ ધરાવનાર વસ્તુઓનું સર્વત્ર સર્વવ્યાપી છવાયેલ ઈલ્મનું વર્ણન એ રીતે કરવામાં આવ્યું કે, પ્રથમ ઈરશાદ થયો, وَيَعْلَمُ مَا فِى الْبَرِّ وَالْبَحْرِ એટલે કે, "અલ્લાહ તઆલા જ જાણે છે દરેક તે વસ્તુઓને જે જમીનમાં છે અને સમુદ્રમાં છે." તેનો ભાવાર્થ સમગ્ર કાઈનાત અને દરેક અસ્તિત્વ ધરાવનાર પદાર્થ છે, જેમકે સવાર-સાંજનો શબ્દ કહીને સમગ્ર વિશ્વ તથા પૂર્વ અને પશ્ચિમનો શબ્દ કહીને સમગ્ર પૃથ્વી અર્થ તરીકે લેવામાં આવે છે. એ જ પ્રમાણે જમીન અને સમુદ્ર તથા પહાડો અને નદીઓ કહીને સમગ્ર દુનિયાની બધી જ અસ્તિત્વ ધરાવતી વસ્તુઓ અર્થમાં લેવામાં આવે છે. એનાથી જાણ થાય છે કે અલ્લાહ જલ્લ શા'નુહૂનું ઈલ્મ સર્વવ્યાપી અને સર્વત્ર છવાયેલ છે.

આગળ તેની વધારે સ્પષ્ટતા વિગતવાર એ રીતે વર્ણન થઈ છે કે, અલ્લાહ તઆલાનું જ્ઞાન સમગ્ર સૃષ્ટિ ઉપર માત્ર એ રીતે છવાયેલું નથી કે, મોટી-મોટી વિશાળ વસ્તુઓનું તેને જ્ઞાન હોય બલકે, દરેક નાનામાં નાની ગુપ્ત વસ્તુ પણ તેના જ્ઞાનમાં છે. ફરમાવ્યું, وَمَا تَسْقُطُ مِنْ وَّرَقَةٍ اِلَّا يَعْلَمُهَا એટલે કે, "સમગ્ર વિશ્વમાં વૃક્ષનું કોઈ પાંદડું નથી ખરતું જે તેના જ્ઞાનમાં ન હોય," તેનો અર્થ એ છે કે, દરેક વૃક્ષનું દરેક પાંદડું ખરતાં પહેલાં, ખરતી વખતે અને ખર્યા પછી તેના જ્ઞાનમાં છે. તે જાણે છે કે, દરેક પાંદડું જે વૃક્ષ ઉપર લાગેલું છે, તે કેટલી વખતે ઊલટું-સીધું થશે ? ક્યારે અને ક્યાં ખરશે ? અને પછી તે કઈ કઈ પરિસ્થિતિમાંથી પસાર થશે ? ખરવાનું વર્ણન કદાચ એટલા માટે કરવામાં આવ્યું છે કે, તેની તમામ પરિસ્થિતિ તરફ ઈશારો થઈ જાય. કારણ કે, ઝાડથી પાંદડું ખરવું તેના અસ્તિત્વની અને વનસ્પતિ જીવનની અંતિમ ઘડી છે. અંતિમ હાલતનું વર્ણન કરીને તેના અસ્તિત્વની સમગ્ર પરિસ્થિતિઓ તરફ ઈશારો કરવામાં આવ્યો છે.

ત્યારબાદ ઈરશાદ ફરમાવ્યો, وَلَا حَبَّةٍ فِي ظُلُمٰتِ الْاَرْضِ એટલે કે, દરેક તે દાણો જે જમીનની ઊંડાઈઓમાં અને અંધારામાં ગમે ત્યાં પડ્યો હોય તે પણ તેના જ્ઞાનમાં છે. પ્રથમ વૃક્ષના પાંદડા ખરવાનું વર્ણન કર્યું, જે સામાન્ય રીતે નજર સામે ખરતું હોય છે. ત્યારબાદ દાણાનું વર્ણન કર્યું, જેને ખેડૂત જમીનમાં વાવે છે અથવા આપોઆપ કોઈ જમીનની ઊંડાઈઓમાં અને અંધારામાં દબાઈ જાય છે. ત્યારબાદ ફરી સમગ્ર સૃષ્ટિ ઉપર અલ્લાહ તઆલાના ઈલ્મનો સર્વાધિકાર હોવાની તથા લીલા અને સુક્કાના વિષયનું વર્ણન કરીને ફરમાવ્યું કે, "આ બધી વસ્તુઓ અલ્લાહ તઆલા નજીક "કિતાબે મુબીન" (લવહે મહફૂઝ)માં લખવામાં આવી છે." કિતાબે મુબીનનો અર્થ અમુક વિવરણકારોના મતે લવહે મહફૂઝ છે અને અમુકે ફરમાવ્યું કે, તેનો અર્થ "ઈલ્મે ઈલાહી" (અલ્લાહ તઆલાનું જ્ઞાન) છે અને એને "કિતાબે મુબીન" દ્વારા એટલા માટે ઓળખાવવામાં આવ્યું કે, જે રીતે કોઈ લખેલી વસ્તુ સુરક્ષિત રહી જાય છે તેમાં કોઈ ભૂલભાલ થવાની શક્યતા હોતી નથી. એ જ પ્રમાણે અલ્લાહ જલ્લ શા'નુહૂના આ સર્વત્ર સર્વવ્યાપી છવાયેલ સર્વાધિકારી અને સર્વાંગ સંપન્ન જ્ઞાન કાઈનાતના અણુએ અણુ ઉપર ફક્ત અનુમાન આધારિત નહીં, પરંતુ ચોક્કસ વિશ્વાસ સાથે છવાયેલ છે.

કુર્આન મજીદની ઘણી આયતો એ બાબતની સાક્ષી છે કે, આ પ્રકારનું સર્વવ્યાપી ઈલ્મ જેમાં વિશ્વનો કોઈ અણુ અથવા કોઈ પરિસ્થિતિ બાકાત ન હોય, એ ફક્ત અલ્લાહ જલ્લ શા'નુહૂની જાત સાથે જ ખાસ છે. સૂરએ લુકમાનમાં છે,

اِنَّهَا اِنْ تَكُ مِثْقَالَ حَبَّةٍ مِّنْ خَرْدَلٍ فَتَكُنْ فِيْ صَخْرَةٍ اَوْ فِي السَّمٰوٰتِ اَوْ فِي
الْاَرْضِ يَاْتِ بِهَا اللّٰهُ ؕ اِنَّ اللّٰهَ لَطِيْفٌ خَبِيْرٌ ○

"જો કોઈ દાણો રાઈ સમાન હોય, પછી તે પથ્થર(ના જિગર-ભીતર)માં પેવસ્ત થઈ (સમાઈ) જાય તો આસમાનોમાં અથવા જમીનમાં ક્યાંય પણ હોય, કોઈપણ સ્થળે હોય, અલ્લાહ તઆલા તે બધાને ભેગું કરી લેશે. બેશક ! અલ્લાહ તઆલા ગૂઢ (હિકમતવાળો) અને દરેક વસ્તુથી જાણકાર છે."

(સૂરહ : ૩૧, આયત : ૧૬)

આયતુલ કુરશીમાં છે કે,

يَعْلَمُ مَا بَيْنَ اَيْدِيْهِمْ وَمَا خَلْفَهُمْ وَلَا يُحِيْطُوْنَ بِشَىْءٍ مِّنْ عِلْمِهٖٓ اِلَّا بِمَا شَآءَ

"અલ્લાહ તઆલા સમગ્ર મનુષ્યોની આગલી અને પાછલી બધી જ પરિસ્થિતિઓથી વાકેફ છે અને બધા મનુષ્યો મળીને તેના જ્ઞાનમાંથી કોઈ એક વસ્તુનો પણ (તાગ) મેળવી નથી શકતા, (હા ! પરંતુ) ફક્ત એટલા ઈલ્મને કે જે અલ્લાહ તઆલા કોઈને આપવા ઈચ્છે." (સૂરહ : ૨, આયત : ૨૫૫)

لَا يَعْزُبُ عَنْ رَّبِّكَ مِنْ مِّثْقَالِ ذَرَّةٍ فِى الْاَرْضِ وَلَا فِى السَّمَآءِ

"એક રજકણ બરાબર પણ કોઈ વસ્તુ જમીન અને આસમાનમાં તમારા પરવરદિગારના જ્ઞાનથી અલગ નથી." (સૂરહ : ૧૦, આયત : ૬૧)

અને સૂરએ તલાકમાં છે,

وَاَنَّ اللّٰهَ قَدْ اَحَاطَ بِكُلِّ شَىْءٍ عِلْمًا ؕ

"અલ્લાહ તઆલાનું જ્ઞાન દરેક વસ્તુ ઉપર છવાયેલું છે." (સૂ. ૬૫ : આ. ૧૨)

એ જ પ્રમાણે આ વિષય વિવિધ આયતોમાં જુદા-જુદા મથાળા હેઠળ આવ્યો છે. ખુલાસો એ છે કે, આ આયતોમાં ખૂબ સ્પષ્ટ રીતે ખુલ્લમ-ખુલ્લું એ વર્ણન થયું છે કે, ગયૂબનું ઈલ્મ (જેને કુર્આનમાં ગયૂબ કહેવામાં આવે છે અને જેનું વિવરણ ઉપર વર્ણન થઈ ચૂક્યું છે) અથવા સમગ્ર સૃષ્ટિના ઈલ્મ ઉપર સર્વાધિકાર સાથે છવાઈ જવું માત્ર અલ્લાહ જલ્લ શા'નુહૂની જ એક વિશિષ્ટ ખાસિયત (સિફત) છે. કોઈ ફરિશ્તો, કોઈ રસૂલ કે અન્ય કોઈના ઈલ્મને આ પ્રમાણે સમગ્ર સૃષ્ટિ ઉપર "મુહીત" (સર્વવ્યાપી) અને છવાયેલ સમજવું ઈસાઈઓની જેમ ખુદાનો દરજ્જો આપવા સમાન છે અને તેને અલ્લાહ તઆલાના સમકક્ષ ઠરાવવા જેવું છે, જે કુર્આનની પરિભાષા પ્રમાણે શિર્ક છે. સૂરએ શૂરામાં શિર્કની આ જ વાસ્તવિકતાને આ રીતે વર્ણન કરવામાં આવી છે.

تَاللّٰهِ اِنْ كُنَّا لَفِىْ ضَلٰلٍ مُّبِيْنٍ ۝ اِذْ نُسَوِّيْكُمْ بِرَبِّ الْعٰلَمِيْنَ ۝

"કયામતના દિવસે મુશ્રિકો કહેશે કે, સાચે જ અમે સખત ગુમરાહીમાં હતા કે તમને (એટલે કે મૂર્તિઓને) રબ્બુલ આલમીનના સમકક્ષ ઠરાવતા હતા." (સૂરહ : ૨૬, આયત : ૯૭-૯૮)

નિઃશંક ! અલ્લાહ તઆલાએ પોતાના અંબિયા (અલૈ.)ને અને વિશેષરૂપે હઝરત ખાતમુન્નબિય્યિન ﷺને ગયૂબની હજારો-લાખો વસ્તુઓનું જ્ઞાન અર્પણ કર્યું છે અને બધા ફરિશ્તાઓ અને અંબિયાઓથી વધારે અર્પણ કર્યું છે. પરંતુ એ દેખીતું છે કે, અલ્લાહ તઆલાની સમકક્ષ કોઈનું જ્ઞાન નથી અને ન જ હોઈ શકે છે, અલ્લાહ ન ચાહે જો કોઈ એવી માન્યતા ધરાવે છે તો એ રસૂલે કરીમ ﷺના સન્માનમાં તે ગુલૂ (અતિશયોક્તિ) થશે જે રીતે કે ખ્રીસ્તીઓએ એવી માન્યતા અપનાવી કે રસૂલને ખુદા સમકક્ષ ઠરાવી દીધા અને તેનું નામ જ શિર્ક છે. (નઊઝુબિલ્લાહ.)

અહીંયાં સુધી પ્રથમ આયતનું વર્ણન હતું, જેમાં અલ્લાહ જલ્લ શા'નુહૂની જ્ઞાનની સિફતની વિશેષતાઓનો ઉલ્લેખ છે કે, તે દરેક ગયૂબ અને ઉપસ્થિત તથા સૃષ્ટિના દરેક અણુએ અણુ ઉપર છવાયેલું છે અને વર્ચસ્વ ધરાવે છે. બીજી આયતમાં એ જ પ્રમાણે અલ્લાહ તઆલાની શક્તિની સિફત સર્વશક્તિમાન હોવાની છે તથા તેની કુદરતનું વર્ણન છે, જે ફક્ત તેની જાત માટે જ ખાસ છે. ઈરશાદ છે, وَهُوَ الَّذِىْ يَتَوَفّٰكُمْ بِالَّيْلِ وَيَعْلَمُ مَا جَرَحْتُمْ بِالنَّهَارِ ثُمَّ يَبْعَثُكُمْ فِيْهِ لِيُقْضٰى اَجَلٌ مُّسَمًّى એટલે કે, અલ્લાહ તઆલા દરેક રાતમાં મારી રૂહને એક પ્રકારે કબજે કરી લે છે, પછી સવારમાં જગાડીને ઉઠાડે છે, જેથી તમારી નક્કી ઉંમર પૂરી કરી આપે પછી જ્યારે દિવસમાં જે કંઈ કરતા રહો છો તે બધું તેની જાણકારીમાં છે. એ અલ્લાહ તઆલાની જ સંપૂર્ણ શક્તિ છે કે, મનુષ્યને જીવાડવાનો, મારવાનો અને મૃત્યુ પછી ફરી સજીવન કરવાનો એક નમૂનો દરરોજ લોકો સામે આવતો રહે છે. હદીષમાં ઊંઘને મોતનો ભાઈ ઠરાવ્યો છે. એ વાસ્તવિકતા છે માણસની ઊંઘની કે તેની તમામ સભાનાવસ્થાને તે સુષુપ્ત કરી દે છે, જેમકે મોત.

આ આયતમાં અલ્લાહ તઆલાએ ઊંઘ અને ફરી ઉઠવાનું ઉદાહરણ રજૂ કરીને મનુષ્યને એ બાબતની ચેતવણી આપી છે કે, જે પ્રમાણે દરરોજ રાત્રે અને દરરોજ સવારમાં દરેક વ્યક્તિ વ્યક્તિગત રીતે મૃત્યુ પામીને પુનઃ સજીવન થવાનું એક પ્રકારના ઉદાહરણનો પ્રત્યક્ષ અનુભવ કરે છે, એ જ પ્રમાણે સમગ્ર વિશ્વના સામૂહિક મૃત્યુ અને ફરી સામૂહિક જીવનને સમજી લો, જેને કયામત કહેવામાં આવે છે. જે જાત તેના ઉપર કાબૂ ધરાવે છે તેની સંપૂર્ણ કુદરતથી તે પણ કોઈ

દૂરની વાત નથી. એટલા માટે અંતિમ આયતમાં ફરમાવ્યું, ثُمَّ اِلَيْهِ مَرْجِعُكُمْ ثُمَّ يُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ એટલે કે, "ફરી તમને અલ્લાહ તઆલા તરફ જ પાછા વળીને જવાનું છે, ત્યારબાદ તે તમને બતાવી આપશે જે આચરણ તમે કર્યા કરતા હતા." તેનો અર્થ એ છે કે, દરેક આચરણનો હિસાબ થશે, પછી તેના ઉપર સજા અથવા બદલો નક્કી થશે.

ત્રીજી આયતમાં આ વિષયની વિસ્તૃત વિગત એ પ્રમાણે વર્ણન કરવામાં આવી છે કે, અલ્લાહ તઆલા પોતાના બધા બંદાઓને વશમાં રાખવાની શક્તિ પણ ધરાવે છે. જ્યાં સુધી તેને તે વ્યક્તિને જીવતો રાખવાનું મંજૂર હોય છે ત્યાં સુધી સુરક્ષા કરનારા ફરિશ્તાઓ તેના રક્ષણ માટે મોકલી આપે છે. કોઈની મજાલ નથી કે તેને નુકસાન પહોંચાડે અને જ્યારે કોઈ બંદાનો જિંદગીનો નક્કી સમય પૂરો થઈ ચૂકે છે તો આ જ રક્ષણ કરનાર ફરિશ્તાઓ તેની મૌતનું માધ્યમ બની જાય છે અને હવે તેની મૌતના કારણો ઉપલબ્ધ કરાવવામાં જરા પણ ઉણપ રાખતા નથી અને પછી મૃત્યુ પછી મા'મલો પૂર્ણ નથી થઈ જતો બલકે رُدُّوْٓا اِلَى اللّٰهِ એટલે કે, પુનઃ સજીવન થઈને ફરી પાછા અલ્લાહ તઆલા પાસે હાજર કરવામાં આવશે. આ સ્થળે ન્યાયધીશોના ન્યાયાધીશની સામે રજૂ થઈને સમગ્ર જિંદગીભરના આચરણોના હિસાબનો વિચાર કરવામાં આવે તો કોની મજાલ છે કે તે સફળ થઈ શકે અને અઝાબથી બચી નીકળે. એટલા માટે તેની સાથે જ ઈરશાદ ફરમાવ્યો, اِلَى اللّٰهِ مَوْلٰهُمُ الْحَقِّ એટલે કે, અલ્લાહ તઆલા ફક્ત ન્યાયાધીશ અને શાસક જ નથી, તે પોતાના બંદાઓનો માલિક પણ છે જે દરેક પરિસ્થિતિમાં તેમની સહાયતા પણ કરતો રહે છે. ત્યારબાદ ફરમાવ્યું اَلَا لَهُ الْحُكْمُ "બેશક ! ફેંસલો અને હુકમ ફક્ત તેનો જ છે." અહીંયાં એ વિચાર આવી શકતો હતો કે, એક જાત અને અબજો મનુષ્યોની પૂરે-પૂરી જિંદગીનો હિસાબ તે કઈ રીતે નિપટાવશે ? એટલા માટે ત્યાર પછી ફરમાવ્યું, وَهُوَ اَسْرَعُ الْحَاسِبِيْنَ એટલે કે, અલ્લાહ તઆલાના કાર્યોને પોતાના કાર્યો પ્રમાણે અનુમાનિત કરવા માત્ર અજ્ઞાનતા છે, તે ઘણો જ જલદી સઘળો હિસાબ પૂર્ણ કરી લેશે.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૬૩-૬૪)

قُلْ مَنْ يُّنَجِّيْكُمْ مِّنْ ظُلُمٰتِ الْبَرِّ وَالْبَحْرِ تَدْعُوْنَهٗ تَضَرُّعًا وَّ خُفْيَةً ۚ لَئِنْ اَنْجٰنَا
مِنْ هٰذِهٖ لَنَكُوْنَنَّ مِنَ الشّٰكِرِيْنَ ﴿٦٣﴾ قُلِ اللّٰهُ يُنَجِّيْكُمْ مِّنْهَا وَمِنْ كُلِّ كَرْبٍ ثُمَّ
اَنْتُمْ تُشْرِكُوْنَ ﴿٦٤﴾

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહી આપો ! તમને જંગલના અંધારાઓથી અને દરિયાના અંધારાઓથી કોણ બચાવી લાવે છે એવા વખતે કે તમે તેને કરગરીને પોકારો છો અને છાના-છાના કે જો અમને આ બલા (સંકટ)થી બચાવી લે તો અલબત્ત અમે અવશ્ય અહેસાન માનીશું. (૬૩) તમે કહી આપો ! અલ્લાહ તમને એનાથી બચાવે છે અને દરેક કઠણાઈથી; તો પણ તમે શિર્ક કરો છો ? (૬૪)

તફસીર :

(હે નબી ﷺ ! આ લોકોને) તમે કહી આપો કે તે કોણ છે જે તમને જમીન અને સમુદ્રના અંધકારો (એટલે કે વિપત્તિઓ)માંથી એ હાલતમાં છુટકારો અપાવી દે છે કે તમે તેને (છુટકારો મેળવવા માટે) પોકારો છો (ક્યારેક) કરગરીને અને (ક્યારેક) છાના-છાના (અને એવું કહો છો) કે (હે અલ્લાહ) જો તું અમને આ (અંધકારો)થી (હવે) છુટકારો અપાવી દે તો (પછી) અમે જરૂર સત્ય માર્ગ ઉપર (કાયમ) રહેનારાઓમાંથી બની જઈશું, (અને તારી તવહીદની માન્યતા ધરાવનાર બની જઈશું અને આ સવાલનો આ જ જવાબ નક્કી છે અને એટલા માટે લોકો પણ એના સિવાય કોઈ બીજો જવાબ નહીં આપે, આથી) તમે (જ) કહી આપો કે અલ્લાહ તઆલા જ તમને તેનાથી છુટકારો અપાવે છે (જ્યારે પણ તમને છુટકારો મળે છે) અને (આ પ્રસ્તુત અંધકારોની શું વિશેષતા છે ? બલકે) દરેક તકલીફથી (તે જ છુટકારો અપાવે છે પરંતુ); તમે (એવા છો કે) એમ છતાં (છુટકારો મેળવી લીધા પછી ફરી પાછા) શિર્ક કરવા લાગો છો (જે આગલી હરોળનું જૂઠ છે અને તમે વાયદો તો સત્ય ઉપર ચાલવાનો કર્યો હતો, મતલબ એ કે, આપત્તિઓના સમયે તમે તવહીદ ઉપર ચાલવાનો ઈકરાર કર્યો

હતો અને તે ઈકરારથી તવહીદની માન્યતા સત્ય હોવાનું સાબિત થઈ જાય છે, પછી તેમાં ઈન્કાર શા માટે કરો છો ?).

મસ્અલા અને બોધપાઠ :

અલ્લાહ તઆલાના જ્ઞાન અને તેની શક્તિના કેટલાક નમૂના :

પાછળની આયતોમાં અલ્લાહ જલ્લ શા'નુહૂના જ્ઞાન અને શક્તિના લક્ષણો અને તેના બેનમૂન વિસ્તારને વર્ણન કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત આયતોમાં આ જ જ્ઞાન અને શક્તિના અમુક ચિહ્નો અને દૃશ્યોને વર્ણન કરવામાં આવ્યા છે.

પ્રથમ આયતમાં શબ્દ ظُلُمَات (જુલુમાત) "અંધકારો" એ ظُلْمَةٌ (જુલ્મહ)નું બહુચવન છે, જેનો અર્થ છે "અંધકાર" ظُلُمَاتِ الْبَرِّ وَالْبَحْرِ નો અર્થ "જમીન અને સમુદ્રના અંધકારો" છે અને કારણ કે, અંધકારોના વિવિધ પ્રકારો હોય છે. રાતનો અંધકાર, ઘટાદાર વાદળોનો અંધકાર, વંટોળિયા અને ધૂમાડાઓનો અંધકાર અને સમુદ્રના તળિયાનો અંધકાર વગેરે, આ બધા અંધકારોને સામેલ કરવા માટે શબ્દ ظُلُمَات (જુલુમાત) બહુવચનનો ઉપયોગ થયો છે.

જો કે, મનુષ્યના સૂવા અને આરામ કરવા માટે અંધકાર પણ એક નેઅ્મત છે, પરંતુ સામાન્ય પરિસ્થિતિમાં માણસનું કામ પ્રકાશથી જ ચાલે છે અને અંધકાર લગભગ બધા કામોને સ્થગિત કરી દે છે. ઉપરાંત તે ઘણી બધી આપત્તિઓ અને મુશ્કેલીઓનું કારણ પણ બની જાય છે. એટલા માટે અરબના પ્રખ્યાત રૂઢિપ્રયોગમાં શબ્દ ظُلُمَات (જુલુમાત) આપત્તિઓ, મુસીબતો અને તકલીફો માટે બોલવામાં આવે છે. આ આયતમાં પણ જમહૂર વિવરણકારોએ આ જ અર્થ વર્ણન કર્યો છે.

આ આયતનો મતલબ એ થયો કે, અલ્લાહ જલ્લ શા'નુહૂએ મક્કાના મુશ્રિકોને ચેતવણી આપવા અને તેમના ખોટા કૃત્યો ઉપર તેમને ખબરદાર કરવા માટે રસૂલે કરીમ ﷺને હુકમ આપ્યો કે, તેઓ તેમને એ સવાલ કરે કે, જમીન અને સમુદ્રની મુસાફરીમાં જ્યારે પણ તેઓ કોઈ મુસીબતમાં ફસાઈ જાય છે અને તે સમયે બધી મૂર્તિઓને ભૂલીને ફક્ત અલ્લાહ તઆલાને પોકારે છે, ક્યારેક

જાહેરમાં કાકલૂદી કરીને પોતાના લાચારી અને ઝિલ્લતનો સ્વીકાર કરે છે અને ક્યારેક મનમાં ને મનમાં તેનો એકરાર કરે છે કે, આ મુસીબતથી તો અલ્લાહ સિવાય કોઈ જ બચાવી નહીં શકે અને આ વિચાર સાથે એ વાયદો પણ કરે છે કે, જો અલ્લાહ તઆલાએ આ આપત્તિમાંથી છુટકારો અપાવી દીધો તો અમે તેનો આભાર માની સત્યનું સંશોધન કરી તે માર્ગ ઉપર ચાલવાને જ પોતાનો જીવનધ્યેય બનાવી લઈશું. એટલે કે, અલ્લાહ તઆલાના આભાર માનનારા બની જઈશું, તેને જ પોતાનો કાર્યસાધક માનીશું, તેના સિવાય કોઈ અન્યને તેનો ભાગીદાર નહીં ઠરાવીએ. એટલા માટે કે, જ્યારે અમારી મુસીબતમાં કોઈ કામ ન લાગ્યું તો અમે તેમનો પૂજાપાઠ શા માટે કરીએ ? હવે તમે તેમને પૂછો કે, આ પરિસ્થિતિમાં કોણ તેમને મુસીબત અને આપત્તિથી છુટકારો અપાવે છે, કારણ કે તેમનો જવાબ નક્કી છે અને ખબર જ છે કે, તેઓ તે બાબતનો ઈન્કાર નથી કરી શકતા કે, અલ્લાહ તઆલા સિવાય કોઈ મૂર્તિ અથવા કોઈ દેવતા એવી પરિસ્થિતિમાં તેમના કામ નહીં આવે. એટલા માટે બીજી આયતમાં પોતે અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો કે, આપ ﷺ કહી આપો કે, અલ્લાહ તઆલા જ તમને તે મુસીબતથી છુટકારો અપાવશે. બલકે, તમારી દરેક તકલીફો અને આપત્તિઓ તથા અસંતોષને તે જ દૂર કરશે. પરંતુ આ બધી ખુલ્લી નિશાનીઓ હોવા છતાં પણ જ્યારે તમને છુટકારો અને આરામ પ્રાપ્ત થઈ જાય છે તો તમે ફરી પાછા શિર્કમાં રાચવા માંડો છો અને મૂર્તિઓની પૂજાપાઠમાં લાગી જાઓ છો. આ કેવી ગદ્દારી અને ખતરનાક પ્રકારની અજ્ઞાનતા છે !?

આ બંને આયતોમાં અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતનું વર્ણન પણ છે કે, દરેક માનવીને દરેક આપત્તિ અને મુસીબતથી છુટકારો અપાવવા માટે તે પોતાની સંપૂર્ણ શક્તિ ધરાવે છે અને એ પણ કે, દરેક પ્રકારની આપત્તિ અને મુસીબત તથા તકલીફો દૂર કરવી ફક્ત અલ્લાહ તઆલાના જ હાથમાં છે અને એ પણ કે, આ એક એવી ઉઘાડી વાસ્તવિકતા અને માર્ગદર્શન છે કે, સમગ્ર જીવન મૂર્તિઓ અને દેવતાઓની પૂજા કરનારા અને તેને પોકારનારા પણ જ્યારે કોઈ આપત્તિમાં સપડાય જાય છે, ત્યારે તે સમયે ફક્ત અલ્લાહ તઆલાને જ પોકારે છે અને તેના તરફ જ કેન્દ્રિત થઈ જાય છે.

ઇબ્રત (બોધપાઠ) :

મુશ્રિકોનો આ પ્રકારનો વ્યવહાર તેમની ગદ્દારીના સંદર્ભમાં કેટલો મોટો અપરાધ છે ! પરંતુ આપત્તિ પડવાના સમયે ફક્ત અલ્લાહ તઆલા તરફ ધ્યાન કેન્દ્રિત કરીને વાસ્તવિકતાનો સ્વીકાર કરવો આપણા મુસલમાનો માટે પણ એક ખૂબ ઈબ્રત અને બોધપાઠ લેવાનો પ્રસંગ છે કે, આપણામાંથી ઘણા અલ્લાહ તઆલા ઉપર ઈમાન રાખવા છતાં મુસીબતોના સમયે પણ અલ્લાહ તઆલાને યાદ નથી કરતા બલકે, તેમનું સમગ્ર ધ્યાન ભૌતિક સરસામાનમાં ગુમ થઈને રહી જાય છે. આપણે જો કે, મૂર્તિઓ અથવા કાલ્પનિક બૂતોને તો પોતાનો કાર્યસાધક નથી સમજતા પરંતુ આ ભૌતિક સરસામાન તથા કારણો અને યંત્રો પણ આપણા માટે મૂર્તિઓથી ઓછા નથી, જેની ચિંતામાં મોટે ભાગે એવા ગુમ થઈ જઈએ છીએ કે અલ્લાહ તઆલા અને તેની સંપૂર્ણ કુદરત તરફ ધ્યાન કેન્દ્રિત કરતા નથી.

આપત્તિઓ અને મુસીબતોનો વાસ્તવિક ઇલાજ :

આપણામાંથી ઘણા દરેક બીમારીમાં ફક્ત ડૉક્ટરો અને દવાઓને તથા દરેક વાવાઝોડાઓ અને પૂરની પરિસ્થિતિમાં ફક્ત ભૌતિક પદાર્થોને પોતાનો કાર્યસાધક સમજીને તેની ફિકરમાં એવા ગુમ થઈ જાય છે કે, સમગ્ર સૃષ્ટિના માલિક તરફ ધ્યાન સુદ્ધાં આપતા નથી. જ્યારે કે, કુર્આને કરીમમાં વારંવાર સ્પષ્ટ રીતે આ ઉલ્લેખ છે કે, દુનિયાની આપત્તિઓ અને મુસીબતો સામાન્ય રીતે મનુષ્યોના દુષ્કૃત્યોના પરિણામે અને આખિરતની શિક્ષાનો હલકો નમૂનો માત્ર હોય છે અને તેના આધારે આ આપત્તિઓ મુસલમાનો માટે એક પ્રકારની રહમત હોય છે કે તેના દ્વારા ગફલતમાં પડેલ માનવીને ચોંકાવવામાં આવે છે, જેથી તે હજુ પણ પોતાના દુષ્કૃત્યોની સમીક્ષા કરી તેનાથી બચવાની ચિંતામાં લાગી જાય અને આખિરતની મોટી અને સખત સજાથી સુરક્ષિત રહે. આ વિષય માટે કુર્આને કરીમે ઈરશાદ ફરમાવ્યો,

وَلَنُذِيقَنَّهُمْ مِّنَ الْعَذَابِ الْأَدْنَىٰ دُونَ الْعَذَابِ الْأَكْبَرِ لَعَلَّهُمْ يَرْجِعُونَ ○

"અમે લોકોને થોડા અઝાબ(નો નમૂનો) દુનિયામાં ચખાડી આપીએ છીએ, (આખિરતના) મોટા અઝાબથી પહેલાં; જેથી તે પોતાની ગફલત અને બુરાઈઓથી પાછો વળે." (સૂ. ૩૨ : આ. ૨૧)

કુર્આને કરીમમાં એક અન્ય આયતમાં ઇરશાદ છે,

وَمَا اَصَا بَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ وَيَعْفُوْا عَنْ كَثِيْرٍ (شورى)

"જે મુસીબતો તમને પહોંચે છે, તે તમારા દુષ્કૃત્યોના પરિણામે છે અને ઘણા દુષ્કૃત્યોને અલ્લાહ તઆલા મા'ફ કરે છે." *(સૂ. ૪૨ : આ. ૩૦)*

આ આયતના વર્ણનમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે,

"કસમ છે તે જાતની જેના કબજામાં મારા પ્રાણ છે કે, કોઈ મનુષ્યને જો કોઈ લાકડીથી મા'મૂલી ઉઝરડો થાય છે અથવા ચાલવામાં કોઈ ડગલું ડગમગી જાય છે અથવા કોઈ નસમાં પીડા થાય છે, આ બધું કોઈ ગુનાહોનો પ્રભાવ હોય છે અને જે ગુનાહ અલ્લાહ તઆલા મા'ફ ફરમાવે છે, તે ઘણા બધા છે."

બયઝાવી (રહ.)એ ફરમાવ્યું કે, "તેનો અર્થ એ છે કે, અપરાધીઓ અને ગુનેહગારોને જે બીમારીઓ અને મુસીબતો પડે છે તે બધું ગુનાહોના પ્રભાવો હોય છે અને જે લોકો ગુનાહોથી માસૂમ અથવા સુરક્ષિત છે, તેમની બીમારીઓ અને આફતો તેમની સબ્ર અને સહનશીલતાની પરીક્ષા તથા જન્નતમાં ઉચ્ચ દરજ્જાઓ અર્પણ કરવા માટે હોય છે."

ખુલાસો એ છે કે, સામાન્ય મનુષ્ય જો ગુનાહોથી ખાલી ન હોય અને એવા સમયે તેમને જે કંઈ પણ બીમારીઓ, આપત્તિઓ, મુસીબતો કે તકલીફો અને પરેશાનીઓ આવે છે તે બધું ગુનાહોના પરિણામે અને તેના પ્રભાવ સ્વરૂપે હોય છે.

આથી એ પણ જાણ થઈ કે, બધી મુસીબતો અને પરેશાનીઓનો અને દરેક પ્રકારની આપત્તિઓ અને આફતોનો અસલી અને વાસ્તવિક ઇલાજ એ છે કે, અલ્લાહ તબારક વ તઆલા તરફ કેન્દ્રિત થઈ તેના શરણમાં જવું જોઈએ. દરેક વ્યક્તિ પાછલા ગુનાહોથી મા'ફી માંગી હવે પછી તેનાથી બચવાનો પાકો નિર્ધાર કરે અને અલ્લાહ તઆલા પાસે જ તે આપત્તિઓ દૂર થવાની દુઆ કરે.

તેનો એ અર્થ નથી કે, ભૌતિક કારણો જેમકે દવા, ઇલાજ અને મુસીબતોથી બચવા માટેની ભૌતિક યુક્તિઓ બધી બેકાર છે. બલકે, મતલબ એ છે કે, વાસ્તવિક કાર્યસાધક તો અલ્લાહ તઆલાને જ સમજે અને ભૌતિક

કારણોને પણ તેનું ઈનામ સમજીને ઉપયોગ કરે કે, બધા કારણો અને મશીનો તેણે જ પેદા કર્યા છે અને તેણે જ અર્પણ કરેલ નેઅ્મતો છે અને તેના હુકમ અને ઈચ્છાના તા'બે રહીને મનુષ્યની સેવા કરે છે. આગ, હવા, પાણી, માટી અને દુનિયાની સમગ્ર શક્તિઓ બધી અલ્લાહના ફરમાનના તા'બે છે. તેના ઈરાદા વિના ન તો આગ સળગાવી શકે છે, ન પાણી આગ બુઝાવી શકે છે, ન કોઈ દવા લાભ પહોંચાડી શકે છે અને ન જ કોઈ ખોરાક નુકસાન પહોંચાડી શકે છે. મવલાના રૂમી ઘણું સરસ કહે છે,

خاک وباد وآب وآتش بندہ اند　　　　با من وتو مردہ، باحق زندہ اند

પાણી, આગ, હવા, માટી બધા જ અલ્લાહના બંદાઓ છે.
મારા-તમારા સામે મુરદા (મરેલ) સમાન છે, પરંતુ અલ્લાહની સામે જીવંત છે.

અનુભવ સાક્ષી છે કે, જ્યારે મનુષ્ય અલ્લાહ તઆલાથી ગાફેલ થઈને ફક્ત ભૌતિક સરસામાન પાછળ પડી જાય છે, તો જેમ-જેમ આ સામાન વધતો જાય છે, આપત્તિઓ અને મુસીબતો પણ વધતી જાય છે.

مرض بڑھتا گیا جوں جوں دوا کی

જેમ-જેમ ઈલાજ વધતો ગયો, બીમારીમાં વધારો થતો ગયો !

વ્યક્તિગત રીતે પણ કોઈ દવા અથવા કોઈ ઈન્જૅક્શનનું કોઈ સમયે લાભદાયક સાબિત થવું અથવા ભૌતિક યુક્તિઓનું સફળ થઈ જવું ગફલત અને ગુનાહની સાથે પણ શક્ય છે, પરંતુ જ્યારે સામૂહિક સ્વરૂપે સમગ્ર મખ્લૂકની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવે તો આ બધી વસ્તુઓ નિષ્ફળ હોવાનું દશ્યમાન થાય છે. આધુનિક યુગમાં મનુષ્યને રાહત પહોંચાડવા અને તેની મુસીબતોને દૂર કરવા માટે કેવા-કેવા યંત્રો અને સામાન શોધવામાં આવ્યા છે અને ઉત્પન્ન કરવામાં આવી રહ્યા છે કે, જે આજથી પચાસ વર્ષ પહેલાંના મનુષ્યને તેની કલ્પનામાં પણ કે ખ્વાબો-ખયાલમાં પણ ન આવી શકતું હતું. બીમારીઓના ઈલાજ માટે નવી-નવી અસરકારક દવાઓ અને જાત-જાતના ઈન્જૅક્શનો, મોટા-મોટા નિષ્ણાત ડૉક્ટરો, અનેક ઠેકાણે દવાખાનાઓ.... આ બધું કોણ નથી જાણતું કે આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાંનો માનવી આ બધાથી વંચિત હતો, પરંતુ સામૂહિક પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવે તો આ યંત્રો અને સામાનથી

વંચિત માનવી એટલો બીમાર અને કમજોર ન હતો જેટલો આજનો મનુષ્ય બીમારીઓનો શિકાર છે. એ જ પ્રમાણે આજે સામાન્ય ચેપી રોગની જે પ્રકારે જાત-જાતની રસીઓ ઉપલબ્ધ છે, આફતોથી માનવીને બચાવવા માટે આગ બુઝાવનારા અગ્નિશમન દળો છે, મુસીબતના સમયે તાત્કાલિક ખબર આપી તાત્કાલિક (ઈમરજન્સી) સહાયના માધ્યમો ઉપલબ્ધ છે, પરંતુ જેટલો-જેટલો આ ભૌતિક સર-સામાન વધતો જાય છે, માનવી આપત્તિઓ અને આફતોનો શિકાર પહેલાંથી વધારે બનતો જાય છે, તેનું કારણ એ સિવાય કંઈ નથી કે, અગાઉના યુગમાં સૃષ્ટિના સર્જનહારથી ગફલત અને ખુલ્લી નાફરમાની એટલી ન હતી જેટલી આજે જોવા મળે છે. તેઓ રાહતના સામાનને અલ્લાહનું ઈનામ સમજીને તેનો આભાર માની તેનો ઉપયોગ કરતા હતા અને આજનો માનવી બળવો કરી તેનો ઉપયોગ કરવા ઇચ્છે છે. એટલા માટે રાહત અને આરામનો સામાન પણ તેને આપત્તિઓથી નથી બચાવી શકતો.

ખુલાસો એ છે કે, મુસલમાનોએ મુશ્રિકોના આ કિસ્સાથી ઈબ્રત અને બોધપાઠ ગ્રહણ કરવો જોઈએ કે, આપત્તિઓના સમયે એ પણ અલ્લાહને જ યાદ કરતા હતા. મો'મિનોનું કામ એ છે કે, પોતાની બધી જ મુસીબતો અને આપત્તિઓ દૂર કરવા માટે ભૌતિક સરસામાન તથા યુક્તિઓથી વધારે અલ્લાહ તઆલાના શરણમાં જાય, નહિતર પરિણામ એ જ આવશે જેનો રોજ-બરોજ અનુભવ થતો રહે છે કે, દરેક પ્રકારની યુક્તિઓ અને તદ્‌બીરો સામૂહિક સ્વરૂપે ઊલટી પડે છે. પૂરને રોકવા માટે અને તેના નુકસાનથી બચવા માટે હજારો યુક્તિઓ કરવામાં આવે છે પરંતુ પૂર આવે છે, વારંવાર આવે છે, બીમારીઓના ઈલાજ માટે નવી-નવી તદ્‌બીરો કરવામાં આવે છે, પરંતુ બીમારીઓ રોજ-બરોજ વધતી જ જાય છે. ચીજ-વસ્તુઓની કમી દૂર કરવા માટે હજારો યુક્તિઓ અમલમાં લાવવામાં આવે છે અને તે ઉપરછલ્લી રીતે અસરકારક હોવાનું પણ પૂરવાર થાય છે, પરંતુ સામૂહિક સ્વરૂપે પરિણામ એ હોય છે કે ફુગાવો રોજ-બરોજ વધતો જ જાય છે. ચોરી, લૂંટફાટ, અપહરણ, લાંચ-રૂશવત, કાળા બજારને રોકવા માટે કેટલાય ભૌતિક હલ આજે દરેક સરકારો અમલમાં લાવે છે, પરંતુ હિસાબ લગાવો તો દરરોજ આ અપરાધોમાં વધારો જ થતો નજરે પડે છે. કાશ ! આજનો માનવી ફક્ત વ્યક્તિગત રીતે

ઉપરછલ્લી રીતે નફા-નુકસાનની વ્યાખ્યાથી ઉપર ઉઠીને પરિસ્થિતિની સમીક્ષા કરે તો એનાથી સાબિત થઈ જશે કે, સામૂહિક રીતે આપણી ભૌતિક યુક્તિઓ નિષ્ફળ છે બલકે, આપણી આપત્તિઓમાં વધારો કરે છે. પછી આ કુર્આનના બતાવેલા ઈલાજ ઉપર દૃષ્ટિપાત કરે કે, આપત્તિઓથી બચવા માટે ફક્ત એક જ માર્ગ છે કે, સૃષ્ટિના સર્જનહાર તરફ કેન્દ્રિત થવામાં આવે અને તેના શરણમાં જવામાં આવે. ભૌતિક યુક્તિઓ પણ તેણે અર્પણ કરેલ નેઅ્મતો સ્વરૂપે ઉપયોગ કરવામાં આવે, તેના સિવાય શાંતિ અને સલામતીનો અન્ય કોઈ માર્ગ નથી.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૬૫-૬૬-૬૭)

قُلْ هُوَ الْقَادِرُ عَلَىٰٓ اَنْ يَّبْعَثَ عَلَيْكُمْ عَذَابًا مِّنْ فَوْقِكُمْ اَوْ مِنْ تَحْتِ اَرْجُلِكُمْ
اَوْ يَلْبِسَكُمْ شِيَعًا وَّيُذِيْقَ بَعْضَكُمْ بَاْسَ بَعْضٍ ط اُنْظُرْ كَيْفَ نُصَرِّفُ الْاٰيٰتِ
لَعَلَّهُمْ يَفْقَهُوْنَ ﴿٦٥﴾ وَكَذَّبَ بِهٖ قَوْمُكَ وَهُوَ الْحَقُّ ط قُلْ لَّسْتُ عَلَيْكُمْ بِوَكِيْلٍ ﴿٦٦﴾ ط
لِكُلِّ نَبَاٍ مُّسْتَقَرٌّ وَّسَوْفَ تَعْلَمُوْنَ ﴿٦٧﴾

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહી આપો ! તેને જ શક્તિ છે એ બાબત ઉપર કે તમારા ઉપર અઝાબ મોકલે ઉપરથી અથવા તમારા પગો નીચેથી, અથવા તમને વિવિધ જૂથો બનાવીને ભિડાવી દે અને અમુકને અમુકની લડાઈ(ની મજા) ચખાડે, જુઓ ! કેવી કેવી રીતે અમે આયતોને વર્ણન કરીએ છીએ જેથી તેઓ સમજી જાય ! (૬૫) અને તેને તમારી કોમે જૂઠું બતાવ્યું જ્યારે કે તે સત્ય છે, તમે કહી આપો કે હું તમારા ઉપર ચોકીદાર (દારોગો) નથી. (૬૬) દરેક ખબરનો એક સમય નિશ્ચિત છે અને નિકટ છે કે તેને જાણી લેશો. (૬૭)

તફસીર :

(હે નબી ﷺ !) તમે (એવું પણ) કહી આપો કે, (જે પ્રમાણે તે રબ્બે કરીમ છુટકારો અપાવવા ઉપર શકિત ધરાવે છે, એ જ પ્રમાણે) તેના ઉપર પણ

તે જ (અલ્લાહ તઆલા) શક્તિ ધરાવે છે કે તમારા ઉપર (તમારા કુફ્ર અને શિર્કના કારણે) કોઈ અઝાબ તમારી ઉપર(ની બાજુએ)થી મોકલે (જેમકે, પથ્થર અથવા હવા અથવા તોફાની વરસાદ) અથવા તમારા પગો નીચે (જે જમીનમાં છે, તેમાં)થી (જાહેર કરી આપે, જેમકે ધરતીકંપ અથવા જમીનમાં ધસી જવું અને તે અઝાબના કારણો તો અલ્લાહ સિવાય કોઈના અધિકારમાં નથી, ક્યારેક-ક્યારેક આ બધું પણ થશે, ભલે દુનિયામાં થાય કે આખિરતમાં) અથવા તમને (આ જ હેતુસર વિવિધ) જૂથો બનાવી સૌને (પરસ્પર) ટકરાવી આપે (એટલે કે લડાવે) અને તમારા એકને બીજાની લડાઈ (દ્વારા મજા) ચખાડે (અને તેના અધિકારમાં આ આફતોના કારણો છે કે તે બધી આફતો ભેગી કરી આપે, મતલબ કે દુનિયાનો છુટકારો અને અઝાબમાં સપડાવું બંને તેના કાબૂમાં છે, હે મુહમ્મદ ﷺ !) આપ જુઓ તો ખરા, અમે કેવી(-કેવી) રીતે (તવહીદની) દલીલોને વિવિધ પાસાંઓ દ્વારા વર્ણન કરીએ છીએ (કે), કદાચ તે (લોકો) સમજી જાય અને અલ્લાહ તઆલા અઝાબ આપવા ઉપર શક્તિ ધરાવે છે અને (કુફ્ર અને શિર્કના કારણે અઝાબ થવાનું જાણતા હોવા છતાં) તમારી કોમના લોકો (કુરૈશ અને અરબો પણ) એ (અઝાબ)ને જૂઠાડે છે (અને તેના અસ્તિત્વમાં ન આવવાની માન્યતા ધરાવે છે) જ્યારે કે તે નિશ્ચિત (અસ્તિત્વમાં આવનાર) છે (અને એને સાંભળી લો કે, તે એવું કહી શકે છે કે ક્યારે આવશે ? તો) તમે (એવું) કહી આપો કે, હું તમારા ઉપર (અઝાબ આવવા માટેની ખબર રાખનાર) વકીલ નથી (કે મને વિસ્તૃત જાણકારી હોય અથવા મારા અધિકારમાં હોય અલબત્ત), દરેક ખબરને (દલીલપૂર્વક) અસ્તિત્વમાં આવવાનો એક સમય (અલ્લાહની જાણકારીમાં નક્કી) છે અને જલદી જ તમને જાણ થઈ જશે (કે આ અઝાબ આવ્યો).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં અલ્લાહ જલ્લ શા'નુહૂનું વિશાળ જ્ઞાન અને અજોડ શક્તિના એ પ્રભાવનું વર્ણન પ્રસ્તુત હતું કે, દરેક મનુષ્યની દરેક આપત્તિ માત્ર તે અલ્લાહ જલ્લ શા'નુહૂ જ દૂર કરી શકે છે અને આપત્તિના સમયે જે તેને પોકારે છે અલ્લાહ તઆલાની સહાય તે પોતાની દૃષ્ટિ સમક્ષ જૂએ છે. કારણ કે, આ સમગ્ર સૃષ્ટિ ઉપર તેનો સંપૂર્ણ કાબૂ છે અને સમગ્ર સર્જન (મખ્લૂક) ઉપર સંપૂર્ણ

કૃપા પણ કરે છે. તેના સિવાય ન કોઈ આવો સંપૂર્ણ કાબૂ ધરાવે છે અને ન જ સમગ્ર સર્જન ઉપર દયા અને કૃપા.

પ્રસ્તુત આયતોમાં અલ્લાહ તઆલાની સંપૂર્ણ શક્તિના બીજા પાસાનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમકે અલ્લાહ તઆલાની શક્તિમાં છે કે, કોઈ અઝાબ અથવા કોઈ આપત્તિ અથવા કોઈ ઘણી મોટી આફત હોય, તે તેને ટાળી શકે છે. એ જ પ્રમાણે તે એવી શક્તિ પણ ધરાવે છે કે, જ્યારે કોઈ વ્યક્તિ અથવા વર્ગને તેનાથી બળવો કરવાની સજા અને શિક્ષા આપવા ઈચ્છે છે તો દુનિયાના શાસકો અને સત્તાધીશો જેમ ન તો તેને કોઈ પોલીસ કે ફોજની આવશ્યકતા છે અને ન જ કોઈ સહાયકની જરૂરિયાત. આ વિષયને આ રીતે વર્ણન કરવામાં આવ્યો, هُوَ الْقَادِرُ عَلٰى اَنْ يَّبْعَثَ عَلَيْكُمْ عَذَابًا مِّنْ فَوْقِكُمْ اَوْ مِنْ تَحْتِ اَرْجُلِكُمْ اَوْ يَلْبِسَكُمْ شِيَعًا એટલે કે, અલ્લાહ તઆલા એવી શક્તિ પણ ધરાવે છે કે, તમારા ઉપર કોઈ અઝાબ મોકલી દે, તમારા ઉપરથી અથવા તમારા પગો નીચેથી અથવા તમને વિવિધ પક્ષોમાં વહેંચીને પરસ્પર ભિડાવી દે અને એકનો બીજાના હાથે અઝાબમાં નાશ કરી આપે.

અલ્લાહ જલ્લ શા'નુહૂના અઝાબના ત્રણ પ્રકારો :

અલ્લાહ જલ્લ શા'નુહૂના અઝાબના ત્રણ પ્રકારોનો ઉલ્લેખ છે, પ્રથમ જે ઉપરની દિશાએથી આવે, બીજો જે નીચેથી આવે અને ત્રીજો જે વિવિધ વર્ગોમાં પરસ્પર વિવાદ ઊભો થાય. પછી શબ્દ عَذَابًا (અઝાબન)ને આ સ્થળે અરબી વ્યાખ્યા પ્રમાણે تَنْوِيْن (તનવીન–Nunnation) સાથે نَكِرَهْ (નકહ–Indefinite Noun) લાવીને એ બાબતે ચેતવણી આપી દીધી છે કે, આ ત્રણે પ્રકારોમાં પણ વિવિધ પ્રકારો અને પેટા સ્વરૂપો હોઈ શકે છે.

વિવરણકારોએ કહ્યું છે કે, ઉપરથી આવનાર અઝાબના ઉદાહરણો અગાઉ થઈ ચૂકેલી ઉમ્મતોમાં ઘણા બધા જોવા મળે છે. જેમકે, હઝરત નૂહ (અલૈ.)ની કૌમ ઉપર વરસાદનું સખત પૂર આવ્યું અને "આદ" કૌમ ઉપર હવાનું તોફાન થોપવામાં આવ્યું અને હઝરત લૂત (અલૈ.)ની કૌમ પર ઉપરથી પથ્થર વરસાવવામાં આવ્યા, બની ઈસ્રાઈલ ઉપર લોહી અને દેડકાં વગેરે વરસાવવામાં આવ્યા, "અસ્હાબે ફીલ" (હાથીવાળાઓ) ઉપર જ્યારે તેમણે

મક્કા ઉપર આક્રમણ કર્યું ત્યારે પક્ષીઓ દ્વારા તેમના ઉપર એવી કાંકરીઓ વરસાવવામાં આવી કે, તે બધા ખાધેલા ભૂસા (અને લોટ) જેવા બનીને રહી ગયા.

આ જ પ્રમાણે નીચેથી આવનાર અઝાબમાં પણ અગાઉ થઈ ચૂકેલી કૌમોમાં વિવિધ સ્વરૂપો થઈ ચૂક્યા છે. હઝરત નૂહ (અલૈ.)ની કૌમ ઉપર તો ઉપરથી વરસાદનું તોફાન સાથે-સાથે નીચેના અઝાબમાં જમીનમાંથી પાણી ફૂટવાની શરૂઆત થઈ હતી. મતલબ કે, ઉપર અને નીચેથી બંને અઝાબમાં એકી સાથે સપડાય ગયા અને ફિરઔનની કૌમને પગો નીચેથી આવનાર અઝાબથી ડૂબાડી દેવામાં આવ્યા, કારૂનને પણ પોતાના ખજાના સહિત અઝાબમાં પકડી લીધો અને જમીનમાં ધસાવી દીધો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.), મુજાહિદ (રહ.) અને તફસીરના ઈમામોએ ફરમાવ્યું છે કે, "ઉપરના અઝાબોનો અર્થ એ છે કે જાલિમ બાદશાહ અને અત્યાચારી નિર્દયી સત્તાધીશ થોપી દેવામાં આવે અને નીચેના અઝાબનો અર્થ એ છે કે પોતાના નોકર, ગુલામ અને સેવકો અથવા પોતાના હાથ નીચેના કર્મચારીઓ બેવફા, ગદાર, કામચોર અને અપ્રામાણિક ભેગા થઈ જાય."

રસૂલે કરીમ ﷺના અમુક ફરમાનોથી પણ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ની આ તફસીરને સમર્થન મળે છે. મિશ્કાત શરીફમાં શોઅ્બુલ ઈમાનમાં બયહકીના હવાલાથી રસૂલે કરીમ ﷺનો આ ઈરશાદ નકલ થયો છે, كَمَا تَكُونُونَ يُؤَمَّرُ عَلَيْكُمْ એટલે કે, "તમારા આચરણો જેવા ભલા અથવા ખરાબ હશે, એવા જ શાસકો અને સત્તાધીશો તમારા ઉપર થોપવામાં આવશે. જો તમે નેક અને અલ્લાહ તઆલાના ફરમાંબરદાર હશો તો તમારા શાસકો અને સત્તાધીશો પણ દયાળુ અને ન્યાયપ્રિય હશે અને તમે દુરાચારી હશો તો તમારા શાસકો પણ નિર્દયી અને અત્યાચારી થોપી દેવામાં આવશે." મશ્હૂર કહેવત છે, اَعْمَالُكُمْ عُمَّالُكُمْ તેનો આ જ અર્થ છે.

મિશ્કાતમાં અબી નઈમથી રિવાયત થઈ છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે,

"અલ્લાહ તઆલા ફરમાવે છે કે, હું અલ્લાહ છું, મારા સિવાય કોઈ મઅ્બૂદ

(પૂજાપાત્ર) નથી. હું બધા બાદશાહોનો માલિક અને બાદશાહ છું, બધા બાદશાહોના દિલો મારા હાથમાં છે, જ્યારે મારા બંદાઓ મારી ઈતાઅત (આજ્ઞાપાલન) કરે છે તો હું તેમના બાદશાહો અને અધિકારીઓના દિલોમાં તેમની લાગણી અને દયા નાંખી આપું છું અને જ્યારે મારા બંદા મારી નાફરમાની કરે છે તો હું તેમના સત્તાધિકારીઓના દિલ તેમના માટે કઠણ કરી આપું છું અને તેમને દરેક પ્રકારનો બુરો અઝાબ ચખાડું છું. એટલા માટે તમે સત્તાધિકારીઓ અને શાસકોને બુરું કહેવામાં પોતાનો વખત ન વેડફો, બલકે અલ્લાહ તઆલાના શરણમાં જાઓ અને પોતાના આચરણની સુધારણાની ચિંતામાં લાગી જાઓ, જેથી તમારા કાર્યો ઠીક કરી આપું."

એ જ રીતે અબૂદાવુદ અને નસઈમાં હઝરત આયશા (રદિ.)થી રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

"જ્યારે અલ્લાહ તઆલા કોઈ અમીર અથવા સત્તાધીશનું ભલું ઈચ્છે છે તો સારો પ્રધાન અને સારો નાયબ આપે છે અને જો અમીરથી કોઈ ભૂલ થઈ જાય તો તેને યાદ અપાવે છે અને જ્યારે અમીર સાચું કામ કરે તો તેની સહાય કરે છે અને જ્યારે કોઈ સત્તાધિકારી અથવા અમીર માટે કોઈ બુરાઈ નક્કી થઈ ગઈ હોય તો ખરાબ આદમીઓને તેમના પ્રધાનો અને તાબા હેઠળના લોકો બનાવી આપવામાં આવે છે." (હદીષ)

આ રિવાયતો અને પ્રસ્તુત આયતની તફસીરનો ખુલાસો એ છે કે, મનુષ્યને જે તકલીફો અને આપત્તિઓ પોતાના શાસકો તરફથી પહોંચે છે, તે ઉપરથી આવનારો અઝાબ છે અને જે પોતાના તાબા હેઠળના કર્મચારીઓ દ્વારા પહોંચે છે, તે નીચેથી આવનારો અઝાબ છે. આ બધી કોઈ અચાનક બનેલી ઘટનાઓ નથી હોતી, બલકે અલ્લાહના એક કાનૂન અનુસાર મનુષ્યના આચરણની સજા હોય છે. હઝરત સુફિયાન ષૌરી (રહ.)એ ફરમાવ્યું કે, "જ્યારે મારાથી કોઈ ગુનોહ થઈ જાય છે તો હું તેનો પ્રભાવ પોતાના નોકર.... અને પોતાની સવારીના ઘોડા અને ભાર ઉઠાવનારા ગધેડાના સ્વભાવમાં અનુભવ કરવા લાગું છું કે, તે બધા મારી નાફરમાની કરવા લાગે છે." મવલાના રૂમી (રહ.)એ ફરમાવ્યું કે,

خلق را با تو چنیں بدخو کنند تا ترا ناچار روآن سُو کنند

મખ્લૂક (સઘળા સર્જન)ને તારી સાથે ખોટો વ્યવહાર કરનારી બનાવી દે છે,
જેથી તું મજબૂર થઈને તેના તરફ ચહેરો કરે.

એટલે કે, અલ્લાહ તઆલા દુનિયામાં તમારા ઉપરી અધિકારીઓ અથવા તમારા હાથ નીચેના કર્મચારીઓ દ્વારા તમને સ્વભાવ વિરુદ્ધ તકલીફ આપીને વ્યવહારમાં જાહેર અઝાબ તમારા ઉપર થોપીને વાસ્તવમાં તમારા વલણને પોતાના તરફ ફેરવી દેવા ઇચ્છે છે. જેથી તમે ચેતી જાઓ અને પોતાના અમલોને ઠીકઠાક કરીને આખિરતના મહાન અઝાબથી બચી જાઓ.

ખુલાસો એ છે કે, હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.)ની તફસીર પ્રમાણે સત્તાધિકારીઓના અત્યાચાર તથા બળજબરી એ ઉપરથી આવનારો અઝાબ છે અને હાથ નીચેના કર્મચારીઓની અપ્રામાણિકતા, કામચોરી, ગદ્દારી એ નીચેથી આવનારો અઝાબ છે. આ બંનેનો ઇલાજ એક જ છે કે, સૌ પોત-પોતાના આચરણોની સમીક્ષા કરે અને અલ્લાહ તઆલાની નાફરમાની અને ખોટા માર્ગથી અટકી જાય તો અલ્લાહ પોતે એવી પરિસ્થિતિ પેદા કરી આપશે કે આ આપત્તિઓ દૂર થઈ જશે, નહિતર ફક્ત ભૌતિક યુક્તિઓ દ્વારા તેની સુધારણાની આશા રાખવી ફક્ત પોતાની જાતને ધોકો આપવા સિવાય કંઈ નથી, જેનો અનુભવ હરપળે થતો રહે છે.

خویش را دیدیم و رسوائی خویش امتحان ما مکن اے شاہ بیش

મારી જાત અને (મારા અમલોને લઈ) થતી બદનક્ષી મેં સગી આંખોએ જોઈ લીધી,
હે બાદશાહ ! હવે મારી વધુ પરીક્ષા ન લે.

ઉપર અને નીચેના અઝાબના જે વિવિધ વિવરણો તમે હમણા વાંચ્યા, વાસ્તવમાં તે બધામાં કોઈ વિરોધાભાસ નથી. કારણ કે, શબ્દ عَذَابًا (અઝાબન) જે આ આયતમાં આવ્યો છે, ખરી રીતે તે આ બધી જ તફસીરો ઉપર છવાયેલો છે. આસમાનથી વરસનારા પથ્થર, લોહી, આગ અને પાણીનું પૂર તથા અત્યાચારી સત્તાધીશોનો જુલમ અને બળજબરી, આ બધું ઉપરથી આવનારા અઝાબમાં સામેલ છે અને જમીનમાં તિરાડ પડી તેમાં કોઈ કૌમનું ધસી જવું અથવા જમીનથી પાણી ઊભરીને તેમાં ડૂબી જવું અથવા હાથ નીચેના

કર્મચારીઓ કે સેવકો દ્વારા કોઈ મુસીબતમાં ફસાઈ જવું, આ બધા નીચેથી આવનારા અઝાબ છે.

ત્રીજા પ્રકારના અઝાબનું જે આયતમાં વર્ણન થયું છે તે اَوْيَلْبِسَكُمْ شِيَعًا છે; એટલે કે, તમારા વિવિધ પક્ષો બનાવીને તમને પરસ્પર ભિડાવી આપવામાં આવે અને પરસ્પર એકબીજાના માટે તેઓ અઝાબ બની જાય. તેમાં શબ્દ يَلْبِسَكُمْ (યલ્બિસકુમ્) એ لُبْسَ (લુબ્સ)થી બન્યો છે, જેનો વાસ્તવિક અર્થ "છુપાવી લેવું" અથવા "ઢાંકી લેવું" થાય છે અને એ જ કારણે લિબાસ તે કપડાંને કહેવામાં આવે છે જે માનવીના શરીરને ઢાંકી લે છે અને એ જ કારણે اِلْتِبَاسْ (ઈલતિબાસ)નો "શંકા" અથવા "શંકાસ્પદ" અર્થ તરીકે ઉપયોગ થાય છે. જ્યારે કોઈ વાક્ય અથવા વર્ણન સંદિગ્ધ અર્થવાળું હોય અને ખુલ્લું ન હોય, ત્યાં તેનો ઉપયોગ થાય છે.

અને શબ્દ شِيَعَ (શિય-અ) એ شِيْعَةٌ (શી-અતુન)નું બહુવચન છે, જેનો અર્થ છે કોઈના અનુયાયી અથવા તાબે'દાર. કુર્આનમાં وَاِنَّ مِنْ شِيْعَتِهٖ لَاِبْرٰهِيْمَ (૩૭ : ૮૩) અને નૂહ (અલૈ.)ના નકશે કદમ ઉપર ચાલનારા છે ઈબ્રાહીમ (અલૈ.); અને ઈબ્રાહીમ (અલૈ.) નૂહ (અલૈ.)ના નકશે કદમ ઉપર ચાલનારા છે. એટલા માટે રૂઢિપ્રયોગ અને કહેવતમાં શબ્દ شِيْعَهْ (શીઅહ) એવા જૂથ માટે બોલવામાં આવે છે, જે કોઈ ખાસ હેતુ માટે ભેગા થયા હોય અને આ હેતુમાં એકબીજાના સહાયક અને મદદગાર હોય, જે રૂઢિપ્રયોગનો તરજુમો આજકાલની ભાષામાં ફિરકો અથવા પાર્ટી કહેવાય છે.

એ જ પ્રમાણે આયતનો તરજુમો એ થયો કે, અઝાબનો એક પ્રકાર એ છે કે કૌમ વિવિધ પાર્ટીઓમાં વહેંચાઈને પરસ્પર ભિડાઈ જશે. એટલા માટે જ્યારે આ આયત નાઝિલ થઈ તો રસૂલુલ્લાહ ﷺએ મુસલમાનોને સંબોધન કરીને ફરમાવ્યું,

لَا تَرْجِعُوْا بَعْدِىْ كُفَّارًا يَّضْرِبُ بَعْضُكُمْ رِقَابَ بَعْضٍ،

(اَخْرَجَهُ ابْنُ اَبِىْ حَاتِمٍ عَنْ زَيْدِ بْنِ اَسْلَمَ) مَظْهَرِىْ

"તમે મારા પછી કાફિરો જેવા ન બની જશો કે એકબીજાની ગરદન મારવા લાગો."

હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ (રદિ.) ફરમાવે છે કે, "એક વખતે હું રસૂલુલ્લાહ ﷺની સાથે જઈ રહ્યો હતો. અમે મસ્જિદે બની મુઆવીઆ પાસેથી પસાર થયા ત્યારે રસૂલુલ્લાહ ﷺ મસ્જિદમાં તશરીફ લઈ ગયા અને બે રકા'ત નમાઝ પઢી, અમે પણ બે રકા'ત નમાઝ અદા કરી. ત્યારબાદ રસૂલે કરીમ ﷺ દુઆમાં મશ્ગૂલ થઈ ગયા અને ઘણે મોડે સુધી દુઆ કરતા રહ્યા, ત્યારબાદ ઈરશાદ ફરમાવ્યો કે, મેં મારા પરવરદિગાર પાસે ત્રણ વસ્તુઓનો સવાલ કર્યો. એક એ કે, મારી ઉમ્મતનો ડૂબાડીને નાશ કરવામાં ન આવે. અલ્લાહ તઆલાએ આ દુઆ કબૂલ કરી. બીજું એ કે, મારી ઉમ્મતનો દુષ્કાળ અને ભૂખમરા દ્વારા નાશ કરવામાં ન આવે, એ પણ કબૂલ કરવામાં આવી. ત્રીજી દુઆ એ કરી કે, મારી ઉમ્મત પરસ્પર લડાઈ અને યુદ્ધોથી તબાહ ન થાય, મને આ દુઆથી અટકાવી દેવામાં આવ્યો." *(મઝહરી બ હવાલએ બગવી)*

આ વિષયની એક દહીષ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી નકલ થઈ છે, જેમાં ત્રણ દુઆઓમાંથી એક દુઆ આ છે કે, મારી ઉમ્મત ઉપર કોઈ દુશ્મન થોપી દેવામાં ન આવે કે જે બધાને તબાહ-બરબાદ કરી નાંખે. એ દુઆનો સ્વીકાર થયો અને પરસ્પર ભિડાવી દેવામાં ન આવે, એ દુઆની મનાઈ કરવામાં આવી.

આ રિવાયતોથી સાબિત થાય છે કે, ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ ઉપર એ પ્રકારનો અઝાબ તો નહીં આવે કે જેવો અગાઉની ઉમ્મતો ઉપર આસમાન અને જમીન ઉપરથી આવી ચૂક્યો છે, જેનાથી તેમની સમગ્ર કૌમ તબાહ અને બરબાદ થઈ ગઈ પરંતુ એક અઝાબ દુનિયામાં આ ઉમ્મત ઉપર પણ આવતો રહેશે અને તે અઝાબનું સ્વરૂપ પરસ્પર યુદ્ધો, લડાઈઓ અને પક્ષો કે પાર્ટીઓના પરસ્પરના ઝઘડાઓ છે. એટલા માટે નબીએ કરીમ ﷺએ ફિરકાઓ અને પક્ષોમાં વહેંચાઈને પરસ્પર લડવા-ઝઘડવાની અને ખેંચા-ખેંચી કરવાની મનાઈ અત્યંત તાકીદ સાથે કરી છે અને દરેક સ્થળે તેનાથી ડરાવ્યા છે કે, તમારા ઉપર અલ્લાહ તઆલાનો અઝાબ આ દુનિયામાં જો આવશે તો તે પરસ્પરના યુદ્ધ અને ઝઘડાઓના સ્વરૂપમાં જ આવશે.

સૂરએ હૂદની એક આયતમાં આ વિષયની વધારે સ્પષ્ટતા થઈ છે.

وَلَا يَزَالُوْنَ مُخْتَلِفِيْنَ اِلَّا مَنْ رَّحِمَ رَبُّکَ (هُوْد)

"લોકો હંમેશા આપસમાં વિવાદ કરતા જ રહેશે તે લોકો સિવાય કે, જેના ઉપર અલ્લાહ તઆલાએ રહમત (કૃપા) નાઝિલ કરી." *(સૂ. ૧૧ : આ. ૧૧૮)*

એનાથી સ્પષ્ટ થયું કે, જે લોકો પરસ્પર (કોઈ શરઈ કારણ વિના) વિરોધ કરતા રહે છે તે અલ્લાહની રહમતથી વંચિત અને ખૂબ દૂર છે.

એક આયતમાં ઈરશાદ છે, وَاعْتَصِمُوْا بِحَبْلِ اللّٰهِ جَمِيْعًا وَّلَا تَفَرَّقُوْا "અને તમે સૌ અલ્લાહના દોરડાને મજબૂતીથી પકડો અને (ફિરકાઓમાં) વિખરાઈ ન જાઓ." (સૂરહ ૩ : આયત ૧૦૩) બીજી આયતમાં ઈરશાદ છે, وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ تَفَرَّقُوْا وَاخْتَلَفُوْا "અને તેમના જેવા ન બનો જેઓ ફિરકાઓમાં વહેંચાઈ ગયા અને વિવાદમાં પડ્યા." (સૂ. ૩ : આ. ૧૦૫)

આ બધી આયતો અને રિવાયતોનો ખુલાસો એ છે કે, વાદ-વિવાદ ઘણી ધિક્કારપાત્ર અને વખોડવાપાત્ર બાબત છે. આજે દીની અને દુનિયવી દરેક સ્વરૂપે મુસલમાનોની પડતી અને બરબાદીના કારણો ઉપર વિચાર કરવામાં આવે તો મોટા ભાગની મુસીબતોનું કારણ આ જ વિવાદ અને પૂર્વગ્રહો નજરે પડે છે. આપણા દુષ્કૃત્યોના પરિણામે આ અઝાબો આપણા ઉપર થોપવામાં આવ્યા કે તે કૌમ કે જેનું કેન્દ્ર એકતા એક કલિમએ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ (લા ઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ) હતું, તે કલિમાને માનનારો પૃથ્વીના કોઈપણ ખૂણામાં હોય, કોઈપણ ભાષા બોલતો હોય, કોઈપણ રંગનો હોય, કોઈપણ વંશનો હોય, બધા ભાઈ-ભાઈ હતા. પહાડો, નદીઓ, જંગલો તેમની એકતાના માર્ગમાં અવરોધ ન હતા. વંશ અને કુટુંબ, રંગ અને ભાષાનો તફાવત તેમના માર્ગની રુકાવટ ન હતી, તેમની કૌમી એકતા ફક્ત આ જ કલિમહ સાથે જોડાયેલી હતી. અરબી, મિસ્રી, શામી, તુર્કી, હિન્દી, ચીનીની વહેંચણી ફક્ત ઓળખ અને પરિચય માટે હતી અને તેનાથી વિશેષ કંઈ ન હતું. અલ્લામહ ઈકબાલ મર્હુમ કહે છે,

درویشِ خدامست نہ شرقی ہے نہ غربی　　گھر اُس کا نہ دلّی نہ صفاہان نہ سمرقند

અલ્લાહનો આશિક દૂરવેશ (ફકીર) પૂર્વ અને પશ્ચિમનો નથી,
તેનું ઘર દિલ્હી, અસ્ફહાન (ઈરાનનું શહેર) અને સમરકંદ નથી.

આજે દુશ્મન કૌમોના ષડયંત્રકારી સંઘર્ષો અને તેમના સતત પ્રયત્નો દ્વારા ફરી તેઓ વંશ, ભાષા અને પ્રદેશમાં વહેંચાઈ ગયા અને ફરી તેમનામાં પણ દરેક કૌમ અને વર્ગ પોતે આંતરિક રીતે પણ વાદ–વિવાદમાં વેર–વિખેર થઈને વિવિધ પાર્ટીઓમાં વહેંચાઈ ગયો છે. તે કૌમ કે જેનું પ્રતીક ગેરો (પારકાંઓ) સાથે પણ દયા અને દરગુજર કરી લાગણી દર્શાવવાનું હતું તથા ઝઘડા–ફસાદથી બચવા માટે પોતાના ગમે એટલા મોટા હકને છોડી દેવાનું હતું, આજે તેના ઘણા બધા લોકો નાની–નાની તુચ્છ અને ઝલીલ મનેચ્છાઓની પાછળ મોટાથી મોટા સંબંધોને કુરબાન કરી આપે છે. આ જ તે સ્વાર્થને સંતોષવા માટે અને મનેચ્છાઓ પૂરી કરવા માટે ઊભા થતા મતભેદો છે જે કૌમ અને મિલ્લત માટે મનહૂસ, ધિક્કારપાત્ર અને આ દુનિયાનો રોકડો અઝાબ છે.

હા ! આ સ્થળે એ સમજી લેવું પણ જરૂરી છે કે, આ મતભેદો જેને કુર્આનમાં અલ્લાહના અઝાબ અને અલ્લાહની રહમતથી વંચિત રહેવાનું કારણ ફરમાવ્યું છે તો આ તે મતભેદો છે જે સૈદ્ધાંતિક અને પાયાની માન્યતાઓમાં હોય અથવા વ્યક્તિગત સ્વાર્થ અને મનેચ્છાઓના કારણે ઉપસ્થિત થતા હોય, તેમાં જે મતભેદો કોઈ બાબતના અભિપ્રાય વિશે હોય તે આમાં સામેલ નથી. દાખલા તરીકે, જે કુર્આન અને સુન્નતના બતાવેલા ઈજ્તિહાદના સિદ્ધાંત ઉપર ગૌણ મસ્અલાઓમાં ઉમ્મતના ફુક્હામાં અને શરૂઆતના યુગમાં સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)માં થતા ચાલ્યા આવ્યા છે, જેમાં બંને પક્ષે કુર્આન અને સુન્નતની હુજ્જત અને ઈજ્માઅ્ સાબિત છે અને દરેકની નિય્યત કુર્આન અને સુન્નતના હુકમોને પૂરા કરવાની છે. કુર્આન અને સુન્નતના સંદિગ્ધ અને અસ્પષ્ટ શબ્દોની વ્યાખ્યા તથા તેના ગૌણ અને પેટા મસ્અલાઓના સંશોધનમાં ઈજ્તિહાદ અને અભિપ્રાયનો મતભેદ એવી બાબત છે કે તેને હદીષમાં રહમત કહેવામાં આવી છે.

જામેઅ્ સગીરમાં નસ્ર મકદીસીના હવાલાથી અને બયહકી અને ઈમામુલ હરમૈને આ રિવાયત નકલ કરી છે કે, اِخْتِلَافُ اُمَّتِیْ رَحْمَةٌ "મારી ઉમ્મતનો ઈખ્તેલાફ રહમત છે." એને ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺની ખાસિયત એટલા માટે ફરમાવવામાં આવી કે, આ ઉમ્મતના ઉલમાએ હક અને ફુક્હાએ મુત્તકીનમાં જે મતભેદો હશે તે હંમેશા કુર્આન અને સુન્નતના સિદ્ધાંતો અનુસાર હશે અને સાચી નિય્યત તથા લિલ્લાહિય્યતથી હશે. કોઈ વ્યક્તિગત સ્વાર્થ, હોદ્દો

અથવા માલની લાલચના કારણે એ મતભેદ નહીં હોય. એટલા માટે તે કોઈ યુદ્ધ કે લડાઈ–ઝઘડાનું કારણ પણ નહીં બને. બલકે, અલ્લામહ અબ્દુલ રઊફ મુનાદી જામેઅ્ સગીરની શરાહના લેખકના સંશોધન અનુસાર ઉમ્મતના ફુક્હાના વિવિધ મસ્લકોનો એ દરજ્જો હશે, જે પાછલા યુગમાં અંબિયા (અલૈ.)ની વિવિધ શરીઅતોનો હતો કે, વિવિધતા હોવા છતાં તે બધા અલ્લાહના જ હુકમો હતા. એ જ પ્રમાણે ઉમ્મતના મુજ્તહિદોના વિવિધ મસ્લકો કુર્આન અને સુન્નતના મૂળભૂત સિદ્ધાંતો હોવાના કારણે બધા જ અલ્લાહ અને રસૂલ ﷺના હુકમો જ કહેવાશે.

આ ઈજ્તિહાદી મતભેદોનો દાખલો એવી રીતે આપી શકાય કે, જેમકે શહેરના કોઈ એક મોટા માર્ગને તેના ઉપર ચાલનારાઓની સરળતા માટે વિવિધ વિભાગો (ટ્રેક)માં વહેંચી દેવામાં આવે. એક વિભાગ (ટ્રેક) ઉપર બસો ચાલે છે, બીજા ઉપર અન્ય ગાડીઓ કે ટ્રામ વગેરે ચાલે છે, એ જ પ્રમાણે સાઈકલ સવાર અને પગપાળા ચાલનારાઓ માટે રોડથી એક અલગ વિભાગ ફૂટપાથ હોય છે. આમ, એક રોડની કેટલાય વિભાગો સ્વરૂપે આ વહેંચણી કરવામાં આવે છે. જો કે, આ રીતે વહેંચણી પણ દેખીતી રીતે તો એક વર્ગભેદનું સ્વરૂપ છે પરંતુ કારણ કે, બધાની દિશા એક જ તરફ છે અને આ સડક ઉપર દરેક ચાલનારાઓની ઈચ્છિત મંઝિલ એક જ છે, એટલા માટે રસ્તાઓના આ મતભેદ નુકસાનકર્તા હોવાના બદલે ફાયદાકારક અને ચાલનારાઓ માટે સરળતા અને રહમત છે.

એ જ કારણે મુજ્તહિદ ઈમામો અને ઉમ્મતના ફુક્હા એ બાબત ઉપર સહમત છે કે, અહ્લે હક્કનો કોઈ મસ્લક બાતિલ નથી અને જે લોકો તેનું અનુસરણ કરે છે તેમને અન્યો સમીપ ગુનેહગાર કહેવું જાઇઝ નથી. મુજ્તહિદ ઈમામો અને ઉમ્મતના ફુક્હાના મસ્લકના મતભેદનો ખુલાસો એનાથી વધારે નથી કે, એક મુજ્તહિદે જે મસ્લક અપનાવ્યો છે, તે તેના સમીપ વધારે અગ્ર સ્થાને છે, પરંતુ તેના મુકાબલામાં બીજા મુજ્તહિદોના મસ્લકને પણ તેઓ બાતિલ કે જૂઠા નથી કહેતા. બલકે, એકબીજાનું સંપૂર્ણ સન્માન કરે છે. સહાબા (રદિ.), તાબિઈન (રહ.), ફુક્હા અને ચારે ઈમામોની અસંખ્ય ઘટનાઓ અને પરિસ્થિતિઓ આ બાબતે ગવાહ છે કે, ફિક્હી મસ્લક ઘણા બધા મસ્અલાઓમાં ભિન્ન–ભિન્ન હોવા છતાં અને જ્ઞાનપૂર્ણ ચર્ચાઓ ચાલુ રહેવા છતાં તેઓ એકબીજા ઉપર સંપૂર્ણ ભરોસો રાખતા હતા અને પરસ્પર એકબીજાનું સન્માન કરતા હતા.

યુદ્ધ અને લડાઈ-ઝઘડા, વૈમનસ્ય કે વેર-ઝેરની કોઈ સંભાવના સુદ્ધાં ન હતી. ફુક્હાના મસ્લકોના અનુયાયીઓ અને તેમને અનુસરનારાઓમાં પણ જ્યાં સુધી સાચું ઈલ્મ અને પ્રમાણિકતા રહી તેમનામાં પણ પરસ્પર આ જ પ્રમાણેના વ્યવહારો રહ્યા.

આ તે મતભેદો છે જે રહમત જ રહમત અને લોકો માટે સરળતા અને સહૂલતનું માધ્યમ છે અને ઘણા લાભદાયક પરિણામોનું કારણ બને છે અને વાસ્તવમાં આ જ ગૌણ મસ્અલાઓમાં રિવાયત કરનારાઓના મતભેદ જ્યાં સુધી પોતાની મર્યાદામાં રહે, તે કોઈ નુકસાનકારક બાબત નથી. બલકે, મસ્અલાઓના વિવિધ પાસાંઓને ખોલીને સ્પષ્ટ રીતે સાચા પરિણામ ઉપર પહોંચવામાં સહાયક બને છે અને જ્યાં પ્રામાણિક તથા નિષ્ઠાવાન બૌદ્ધિકો ભેગા થશે ત્યાં એ શક્ય જ નથી કે, કોઈ મસ્અલામાં આવો મતભેદ ન થાય. એવો કાયદો તો અજ્ઞાન લોકોમાં જ હોઈ શકે છે કે, જેમનામાં કોઈ સમજશક્તિ જ ન હોય અથવા દીનવિહોણા લોકોમાં જ એવું હોઈ શકે છે કે, કોઈ પાર્ટી કે પક્ષ વગેરેને સારું લગાડવા માટે પોતે પોતાની સમજણથી વિરુદ્ધ અભિપ્રાયો ઉપર પણ સહમતી દર્શાવે.

અભિપ્રાયનો મતભેદ જે પોતાની મર્યાદાઓમાં હોય, એટલે કે, કુર્આન અને સુન્નતના કતઈ અને માન્યતાઓથી સંબંધિત મસ્અલાઓ તથા કતઈ હુકમોમાં ન હોય, ફક્ત ગૌણ મસ્અલાઓના ઈજ્તેહાદમાં હોય, જેમાં કુર્આન અને સુન્નતની નુસૂસનો વિરોધ કે શંકા ન થતી હોય અને તે પણ યુદ્ધ અને વાદ-વિવાદ કે એકબીજાને ધિક્કારવા સુધી ન પહોંચે, ત્યારે તે નુકસાનકારક હોવાના બદલે ફાયદાકારક અને એક નેઅ્મત તથા રહમત છે. જેમકે, સમગ્ર સૃષ્ટિની બધી વસ્તુઓના સ્વરૂપો રંગ, ગંધ, ખાસિયતો, ગુણ-લક્ષણો અને ફાયદાઓમાં વિવિધતા છે. પ્રાણીઓમાં લાખો પ્રકારની વિવિધતા જોવા મળે છે. મનુષ્યના સ્વભાવોમાં, ધંધામાં, ઉદ્યોગમાં, રહેન-સહેનની પદ્ધતિઓમાં વિવિધતાઓ જોવા મળે છે. આ બધું દુનિયાની રોનક વધારનાર અને ખૂબ નફો આપનાર કારણો છે.

ઘણા લોકો જે આ વાસ્તવિકતાથી વાકેફ નથી તેઓ ફુક્હાના મસ્લક અને ઉલમાએ હકના ફતવાઓમાં મતભેદને પણ ધૃણાની દષ્ટિથી જૂએ છે. તેમને એવું

કહેતા સાંભળવામાં આવે છે કે, ઉલમામાં મતભેદ છે તો આપણે ક્યાં જઈએ ? જ્યારે કે, વાત સ્પષ્ટ છે કે જે પ્રમાણે કોઈ બીમારીના કિસ્સામાં ડૉક્ટરો અને તબીબોનો મતભેદ હોય છે તો દરેક વ્યક્તિ એવું જાણવાનો પ્રયત્ન કરે છે કે, તેનામાં પોતાના ડૉક્ટરી જ્ઞાન અનુસાર વધારે નિષ્ણાત અને અનુભવી કોણ છે ? બસ, તેનો જ ઈલાજ કરાવે છે. બીજા ડૉક્ટરોને બુરું નથી કહેતો. કોઈ મુકદમાના વકીલોમાં પણ વિવાદ થઈ જાય છે તો જે વકીલ વધારે કાબેલ અને અનુભવી જણાય છે તેના કહેવા ઉપર અમલ કરવામાં આવે છે. બીજાઓની બુરાઈ કરવામાં આવતી નથી. આ જ સિદ્ધાંત અહીંયાં પણ લાગુ પાડવો જોઈએ. જ્યારે કોઈ મસ્અલામાં ઉલમાના ફતવાઓમાં મતભેદ થઈ જાય તો થોડી ઘણી તહકીક કર્યા પછી જે આલિમ જ્ઞાન અને તકવામાં બીજા કરતાં વધારે ઉત્તમ દેખાય, તેનું અનુસરણ કરે અને બીજા ઉલમાને બુરું-ભલું ન કહેતા ફરે.

હાફિઝ ઈબ્ને કય્યિમ (રહ.)એ "ઈઅ્લામુલ મુવક્કીઈન"માં વર્ણન કર્યું છે કે, "નિષ્ણાત મુફતીની નિમણૂક અને તેમના મતભેદોના સ્વરૂપમાં એવા વ્યક્તિના ફતવાને અગ્રિમતા આપવી જોઈએ, જે તેમના મતે ઈલ્મ અને તકવામાં સૌથી વધારે હોય." આ કામ ઘટના સાથે સંલગ્ન દરેક મુસલમાનના માથે જરૂરી છે, તેનું કામ એ તો નથી કે, ઉલમાના ફતવાઓમાંથી કોઈ ફતવાને અગ્રિમતા આપે પરંતુ તેનું કામ એ છે કે, જે મુફતીઓ અને ઉલમામાંથી જેને તે પોતાના મતે ઈલ્મ અને પ્રામાણિકતાના આધારે સૌથી વધારે શ્રેષ્ઠ સમજે છે, તેના ફતવા ઉપર અમલ કરે, પરંતુ બીજા ઉલમા અને મુફતીઓને બુરું ન કહેતો ફરે. આવો અમલ કર્યા પછી અલ્લાહ તઆલા સમીપ તે બિલકુલ ફરજ મુક્ત છે. જો વાસ્તવમાં ફતવા આપનારથી કોઈ ભૂલ થઈ ગઈ તો તે વ્યક્તિ એનો જવાબદાર નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે, ન તો દરેક વિરોધ અને મતભેદ વખોડવા લાયક કે ધિક્કારપાત્ર છે અને ન જ દરેક એકતા સદંતર ઈચ્છિત અને સારી હોય છે. જો ચોર, ડાકૂ, બાગી એક ગૃપ બનાવીને પરસ્પર ભેગા થઈ જાય તો કોણ નથી જાણતું કે તેમની આ એકતા વખોડવા લાયક અને નિંદનીય છે તથા કૌમ માટે અત્યંત નુકસાનકર્તા છે અને તેમના વિરુદ્ધ જે પ્રયત્નો અને પ્રવૃત્તિ સામાન્ય નાગરિકો અથવા પોલીસ વગેરે તરફથી કરવામાં આવે છે, તે દરેક બુદ્ધિશાળીની દૃષ્ટિમાં ઈચ્છિત વિરોધ અને ફાયદાકારક બાબત છે.

જાણ થઈ કે, ખરાબી વિરોધાભાસી અભિપ્રાય ધરાવવામાં નથી અને ન જ કોઈ એક અભિપ્રાય ઉપર અમલ કરવામાં છે. બલકે, બધી ખરાબીઓ બીજા વિશે પૂર્વગ્રહ અને નિંદા કરવાથી ઉપસ્થિત થાય છે, જે જ્ઞાન અને પ્રામાણિકતાની ઉણપ તથા સ્વાર્થ અને મનેચ્છાઓનું પરિણામ હોય છે અને જ્યારે કોઈ કૌમ અથવા સમાજમાં આ સ્વરૂપ પેદા થઈ જાય તો તેના માટે આ રહમત કહેવાતા મતભેદો પણ અઝાબ કહેવાતા મતભેદોમાં પરિવર્તિત થઈ જાય છે અને મુસલમાનો પક્ષા-પક્ષીમાં વહેંચાઈ જાય છે તથા એકબીજા વિરુદ્ધ યુદ્ધ અને લડાઈ તથા અમુક સમયે તો ખૂન વહાવવા સુધીમાં પણ સંડોવાય જાય છે અને એકબીજાના વિરુદ્ધ મહેણા-ટોણા અને હૃદયને ચોટ પહોંચાડે એવા વાક્યોને દીનની હિમાયત સમજી લેવામાં આવે છે. જ્યારે કે, દીનને એવા ગુલૂ અને અતિશયોક્તિથી કોઈ સંબંધ નથી હોતો. બલકે, આ તે જ લડાઈ-ઝઘડા છે જેની રસૂલે કરીમ ﷺએ ખૂબ તાકીદપૂર્વક મનાઈ કરી છે. સહીહ હદીષોમાં તેને કૌમોની ગુમરાહીનું કારણ ઠરાવવામાં આવ્યું છે. *(તિરમિઝી, ઈબ્ને માજહ)*

બીજી આયતમાં નબીએ કરીમ ﷺના કુટુંબ એટલે કે મક્કાના કુરૈશનો સત્યનો વિરોધ કરવાનું વર્ણન કરીને આપ ﷺને એ સૂચના આપવામાં આવી છે કે, આ લોકો જે તમને અઝાબ થવા બાબતના નક્કી સમય વિશે પૂછે છે; તમે ફરમાવી આપો કે, હું આ કાર્ય માટે નથી મોકલવામાં આવ્યો બલકે, દરેક વાતનો એક સમય અલ્લાહ તઆલાના જ્ઞાનમાં નક્કી છે, તે પોતાના સમયે થઈને જ રહેશે અને તેનું પરિણામ તમારી સામે આવી જશે.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૬૮ થી ૭૩)

وَإِذَا رَأَيْتَ الَّذِينَ يَخُوضُونَ فِي آيَاتِنَا فَأَعْرِضْ عَنْهُمْ حَتَّىٰ يَخُوضُوا فِي حَدِيثٍ
غَيْرِهِ ۚ وَإِمَّا يُنسِيَنَّكَ الشَّيْطَانُ فَلَا تَقْعُدْ بَعْدَ الذِّكْرَىٰ مَعَ الْقَوْمِ الظَّالِمِينَ ﴿٦٨﴾ وَمَا
عَلَى الَّذِينَ يَتَّقُونَ مِنْ حِسَابِهِم مِّن شَيْءٍ وَلَٰكِن ذِكْرَىٰ لَعَلَّهُمْ يَتَّقُونَ ﴿٦٩﴾
وَذَرِ الَّذِينَ اتَّخَذُوا دِينَهُمْ لَعِبًا وَلَهْوًا وَغَرَّتْهُمُ الْحَيَاةُ الدُّنْيَا ۚ وَذَكِّرْ بِهِ أَن

تُبْسَلَ نَفْسٌ بِمَا كَسَبَتْ لَيْسَ لَهَا مِنْ دُونِ اللَّهِ وَلِيٌّ وَلَا شَفِيعٌ وَإِنْ تَعْدِلْ
كُلَّ عَدْلٍ لَا يُؤْخَذْ مِنْهَا أُولَٰئِكَ الَّذِينَ أُبْسِلُوا بِمَا كَسَبُوا لَهُمْ شَرَابٌ مِنْ حَمِيمٍ
وَعَذَابٌ أَلِيمٌ بِمَا كَانُوا يَكْفُرُونَ ﴿٧٠﴾ قُلْ أَنَدْعُو مِنْ دُونِ اللَّهِ مَا لَا يَنْفَعُنَا وَلَا
يَضُرُّنَا وَنُرَدُّ عَلَىٰ أَعْقَابِنَا بَعْدَ إِذْ هَدَانَا اللَّهُ كَالَّذِي اسْتَهْوَتْهُ الشَّيَاطِينُ فِي الْأَرْضِ
حَيْرَانَ لَهُ أَصْحَابٌ يَدْعُونَهُ إِلَى الْهُدَى ائْتِنَا قُلْ إِنَّ هُدَى اللَّهِ هُوَ الْهُدَىٰ
وَأُمِرْنَا لِنُسْلِمَ لِرَبِّ الْعَالَمِينَ ﴿٧١﴾ وَأَنْ أَقِيمُوا الصَّلَاةَ وَاتَّقُوهُ وَهُوَ الَّذِي إِلَيْهِ
تُحْشَرُونَ ﴿٧٢﴾ وَهُوَ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ بِالْحَقِّ وَيَوْمَ يَقُولُ كُنْ
فَيَكُونُ قَوْلُهُ الْحَقُّ وَلَهُ الْمُلْكُ يَوْمَ يُنْفَخُ فِي الصُّورِ عَالِمُ الْغَيْبِ
وَالشَّهَادَةِ وَهُوَ الْحَكِيمُ الْخَبِيرُ ﴿٧٣﴾

તરજુમો :

અને જ્યારે તમે તે લોકોને જુઓ કે અમારી આયતોમાં ઝઘડે છે (ખોટી તકરાર કરે છે) તો તમે તેમનાથી કિનારો કરી લો (અળગા થઈ જાઓ), એટલે સુધી કે બીજી કોઈ વાતમાં પ્રવૃત્ત થઈ જાય અને જો તમને શયતાન ભૂલાવી દે તો યાદ આવ્યા પછી જાલિમોની સાથે ન બેસો. (૬૮) અને પરહેઝગારો ઉપર ઝઘડનારાઓના હિસાબમાંથી કોઈ વસ્તુ (ની જવાબદારી) નથી પરંતુ તેમના જિમ્મે નસીહત કરવી છે જેથી તેઓ ડરે. (૬૯) અને તેમને છોડી દો જેમણે પોતાના દીનને ખેલ અને તમાશો બનાવી રાખ્યો છે અને દુનિયાની જિંદગીએ તેમને ધોકો આપ્યો અને તેમને કુર્આનથી નસીહત કરો જેથી કોઈ પોતાના કરેલા (અમલો)માં પકડાઈ ન જાય કે તેના માટે અલ્લાહના સિવાય કોઈ હિમાયતી ન હોય અને ન જ સિફારસ કરનાર, અને જો બદલામાં આપે સઘળું વળતર તો (પણ) એની પાસેથી કબૂલ ન થાય, તે જ લોકો છે જેઓ પોતાના કરેલા (અમલો)માં પકડાયા, તેમને પીવાનું ગરમ પાણી છે અને કુફ્રના બદલામાં દર્દનાક અઝાબ છે. (૭૦) તમે

કહી આપો ! શું અમે અલ્લાહના સિવાય તેમને પોકારીએ જે ન તો અમને લાભ પહોંચાડી શકે અને ન જ નુકસાન ! અને શું અમે ઊલટા પગે ફરી જઈએ એ પછી કે અલ્લાહ અમને સીધો માર્ગ બતાવી ચૂક્યો એ માણસના જેમ કે જેને જંગલમાં શયતાનો (જિન્નાતો)એ રસ્તો ભૂલાવી દીધો જ્યારે કે તે આકુળ-વ્યાકુળ છે તેને તેના મિત્રો માર્ગ તરફ બોલાવતા હોય કે અમારી પાસે ચાલ્યો આવ, તમે કહી આપો કે અલ્લાહે જે માર્ગ બતાવ્યો તે જ સીધો માર્ગ છે અને અમને હુકમ થયો છે કે પરવરદિગારે આલમના તા'બે (આધીન) રહીએ. (૭૧) અને એ કે નમાઝને કાયમ રાખો અને અલ્લાહથી ડરતા રહો અને તે જ છે જેની સામે તમે સૌ એકઠા થશો. (૭૨) અને તે જ છે જેણે આસમાનો અને જમીનને ઠીક રીતે પેદા કર્યા, અને જે દિવસે કહેશે કે થઈ જા ! તો તે થઈ જશે; એની જ વાત સાચી છે અને એની જ સલતનત છે જે દિવસે સૂર ફૂંકવામાં આવશે, છુપી અને ખુલ્લી વાતોને જાણનારો અને તે જ છે હિકમતવાળો સર્વજ્ઞ. (૭૩)

તફસીર :

અને (હે શ્રોતા !) જ્યારે તું તે લોકોને જુએ (કે) જેઓ અમારી આયતો (અને હુકમો)માં ખામી શોધતા રહે છે તો તે લોકો(ની પાસે બેસવા)થી અળગો થઈ જા, એટલે સુધી કે તેઓ કોઈ અન્ય વાતમાં લાગી જાય અને જો તમને શયતાન ભૂલાવી દે (એટલે કે, આવી મજલિસમાં બેસવાની મનાઈ હોવાનું યાદ ન રહે તો) યાદ આવ્યા પછી ફરી તે જાલિમો પાસે ન જશો (તાત્કાલિક ઊભા થઈ જાઓ) અને (આવી મજલિસમાં જવાની જો કોઈ ખરેખર દુનિયવી અથવા દીની આવશ્યકતા હોય તો તેનો હુકમ એ છે કે,) જે લોકો (શરીઅતની મનાઈની કે જેમાં વિના જરૂરિયાતે આવી મજલિસોમાં જવું પણ સામેલ છે) કાળજી રાખે છે તેમના ઉપર તેઓ (મહેણા-ટોણા મારનારા અને જૂઠાડનારાઓ)ની પૂછતાછ (અને તેમના મહેણા-ટોણાના ગુનાહ)ની કોઈ અસર નહીં પહોંચે (એટલે કે, ત્યાં આવશ્યક હોવાથી જનાર ગુનેહગાર ન થશે) પરંતુ તેની જવાબદારી (પણ પોતાની શક્તિ અનુસાર) નસીહત કરવાની છે (કે એવું કરવાથી) કદાચ તેઓ (મહેણા-ટોણા મારનારા) પણ (આ ખોટા માર્ગથી) કાળજી રાખવા માંડે (ઈસ્લામનો સ્વીકાર કરીને અથવા તો તેની ઈજ્જત કરીને) અને (આ હુકમ

અમુક મજલિસો કે જે દીનને જૂઠાડવાની હોય છે તેના માટે ખાસ નથી બલકે,) એવા લોકોથી બિલકુલ અળગા રહો જેમણે પોતાના (તે) દીનને (જેને માનવું તેમના માથે જવાબદારી અને ફરજ હતી, એટલે કે ઈસ્લામને) ખેલ-તમાશો બનાવી રાખ્યો છે (કે તેની સાથે ઠટ્ઠો-મશ્કરી કરે છે) અને દુનિયાની જિંદગીએ તેમને ધોકામાં નાંખી રાખ્યા છે (કે તેના આનંદ અને લિજ્જતોમાં મશગૂલ છે અને આખિરતનો ઈનકાર કરે છે. એટલા માટે આ ઠટ્ઠા-મશ્કરીનું પરિણામ તેમને દેખાતું નથી) અને (અળગા થવા અને સંબંધ કાપી નાંખવાની સાથે-સાથે એવા લોકોને) આ કુર્આન દ્વારા (જેની તેઓ ઠટ્ઠો-મશ્કરી કરી રહ્યા છે) નસીહત પણ કરતા રહો, જેથી કોઈ વ્યક્તિ પોતાના (ખરાબ) આચરણોના કારણે (અઝાબમાં) એવી રીતે ન સપડાઈ જાય કે અલ્લાહના સિવાય તેનો કોઈ મદદગાર ન હોય અને ન જ (કોઈ) ભલામણ કરનાર હોય અને એવી હાલત હોય કે જો (ધારો કે) દુનિયા આખી વળતર તરીકે પણ આપી દે (કે તેને ખર્ચ કરીને અઝાબથી બચી જાય) તો પણ તેની પાસેથી સ્વીકારવામાં નહીં આવે (તો નસીહતથી એ લાભ છે કે, ખરાબ કૃત્યોના પરિણામ ઉપર ચેતવણી થઈ જશે, હવે માનવું અથવા ન માનવું તેઓ જાણે, કારણ કે) આ (ઠટ્ઠો-મશ્કરી કરનારા) એવા છે કે (નસીહત ન માની અને) પોતાના (ખરાબ) આચરણોના કારણે (અઝાબમાં) સપડાઈ ગયા (જે એ રીતે આખિરતમાં હાજર થશે કે) તેમના માટે અત્યંત ગરમ (ઊકળતું પાણી) પીવા માટે હશે અને (તદુપરાંત અન્ય એ જ પ્રમાણેની) દર્દનાક સજા થશે પોતાના કુફ્રના કારણે (કે ખરાબ કૃત્યો એ જ છે કે જેનો એક ભાગ ઠટ્ઠો-મશ્કરી પણ હતો) તમે (સૌ મુસલમાનો તરફથી મુશ્રિકોને) કહી આપો કે શું અમે અલ્લાહ સિવાય (તમારી મરજી પ્રમાણે) એવી વસ્તુની ઈબાદત કરીએ કે ન તે(ની ઈબાદત કરવાના સ્વરૂપમાં તે) અમને નફો પહોંચાડે (એટલે કે નફો પહોંચાડવાની શક્તિ ધરાવતા હોય) અને ન જ તે (તેની ઈબાદત ન કરવાના સ્વરૂપમાં) અમને નુકસાન પહોંચાડે (એટલે કે નુકસાન પહોંચાડવાની શક્તિ ધરાવતો હોય, એનો અર્થ એ છે કે બાતિલ મઅ્બૂદોમાંથી નિર્જીવ મૂર્તિઓ વગેરેમાં તો મૂળેથી જ કોઈ શક્તિ નથી અને અમુક સજીવ પ્રાણીઓ-માણસોને મઅ્બૂદ માને છે તેમનામાં જીવ છે, એવા મઅ્બૂદોમાં ઓછામાં ઓછું પોતાના તરફદારો અને વિરોધીઓને લાભ કે નુકસાન પહોંચાડવાની સંપૂર્ણ શક્તિ હોવી

જોઈએ પરંતુ સૌ જાણે છે તેઓ એના માટે પણ સર્વશક્તિમાન નથી તો શું આવા અશક્ત મઅ્બૂદોની અમે ઈબાદત કરીએ ?) અને શું (મઆઝલ્લાહ !) અમે (ઈસ્લામથી) ઊલટા પગે ફરી જઈએ એ પછી કે અમને અલ્લાહ તઆલાએ (સત્ય માર્ગની) હિદાયત કરી આપી છે ! (એટલે કે પ્રથમ તો શિર્ક પોતે જ એક નિંદનીય બાબત છે, પછી ખાસ વિશેષરૂપે જ્યારે ઈસ્લામને સ્વીકારી લીધો છે તો એવી પ્રવૃત્તિ વધારે ધૃણાસ્પદ બની જાય છે, નહિતર અમારું તો એ ઉદાહરણ બની જશે) જેમકે કોઈ વ્યક્તિ હોય કે તેને શયતાને ક્યાંક જંગલમાં (માર્ગ ભટકાવી) ભૂલો પાડી દીધો હોય અને તે ભટકતો ફરતો હોય (અને) તેના અમુક સાથીઓ પણ હતા કે તેને સીધા માર્ગ તરફ (પોકારી-પોકારીને) બોલાવી રહ્યા છે કે (આ બાજુ) અમારી પાસે આવ (પરંતુ તે આશ્ચર્ય અને સ્તબ્ધ થઈ જવાના કારણે સમજતો નથી અને તે તરફ નથી આવતો. મતલબ એ છે કે, જેમકે આ વ્યક્તિ માર્ગ ઉપર હતો પરંતુ પોતાના મુસાફરીના સાથીઓથી વિખૂટો પડીને જંગલની ભૂલ-ભૂલૈયામાં ગુમ થઈને માર્ગ ભટકી ગયો અને હવે જ્યારે તેને તેના સાથીઓ સીધા માર્ગ ઉપર લાવવા ઈચ્છે છે પરંતુ તે સીધા માર્ગ ઉપર નથી આવતો, એવી જ અમારી હાલત થઈ જાય કે ઈસ્લામના સીધા માર્ગ ઉપર હોઈને અમારા માર્ગદર્શક પયગમ્બર ﷺથી અલગ થઈએ અને ગુમરાહીના દલદલમાં ફસાઈને માર્ગ ભટકી જઈએ અને તે માર્ગદર્શક ભલું ઈચ્છીને ઈસ્લામનું આમંત્રણ આપતા રહે અને અમને ગુમરાહીથી છોડાવે પરંતુ અમે ગુમરાહી ન છોડીએ ?! એટલે કે, શું અમે તમારી મરજી ઉપર અમલ કરીને પોતાનું આ પ્રકારનું ઉદાહરણ બનાવી લઈએ !?) તમે (તે લોકોને) કહી આપો, (કે જ્યારે આ ઉદાહરણથી જાણ થઈ કે સીધા માર્ગથી ભટકી જવું કેટલી ખરાબ વાત છે અને આ) નિશ્ચિત વાત છે કે સીધો માર્ગ અલ્લાહનો જ (બતાવેલો) માર્ગ છે (અને તે માર્ગ ઈસ્લામ છે. બસ, તે બાબત ચોક્કસ છે કે એને છોડવાથી માર્ગ ભટકી જવાય છે, પછી તેને શા માટે અને કેમ તેને છોડી આપીએ ?) અને (તમે કહી આપો કે અમે શિર્ક કેવી રીતે કરી શકીએ છીએ ?) અમને (તો) એ હુકમ થયો છે કે અમે સંપૂર્ણ તાબે'દાર બનીએ સમગ્ર દુનિયાઓના પાલનહારના (જે ઈસ્લામ માટે અનિવાર્ય છે) અને એ (હુકમ થયો છે) કે નમાઝની પાબંદી કરીએ (જેમકે તવહીદ ઉપર કે ઈમાનની તે જાહેર નિશાની છે) અને (આ હુકમ થયો છે કે)

તેનાથી (એટલે કે અલ્લાહથી) ડરીએ (એટલે કે વિરોધ ન કરીએ જેમાં સૌથી વધીને શિર્ક છે) અને તે જ (અલ્લાહ) છે જેની પાસે તમે સૌ (કયામતના દિવસે કબ્રોમાંથી નીકળીને હિસાબ માટે) એકઠા થવામાં આવશો (ત્યાં મુશ્રિકોને પોતાના શિર્કનું નુકસાન ભોગવવું પડશે) અને તે જ (અલ્લાહ) છે જેણે આસમાનો અને જમીનને લાભકારક પેદા કર્યા (જેનો મોટો ફાયદો એ છે કે, તેનાથી સર્જનહારના અસ્તિત્વ અને તવહીદની દલીલ લેવામાં આવે છે. બસ, તવહીદની એ પણ એક દલીલ છે) અને (ઉપર જે تُحْشَرُوْنَ "તુહશરૂન"માં حَشْر "હશ્ર" એટલે કે કયામતમાં પુનઃ સજીવન થવાની ખબર આપવામાં આવી છે તે પણ કોઈ અશક્ય વાત ન સમજો, કારણ કે તે અલ્લાહની કુદરત માટે ઘણી સહેલી વાત છે કે) જે સમયે અલ્લાહ તઆલા એટલું કહી આપશે કે, "થઈ જા" તો તે થઈ જશે (અને અલ્લાહના હુકમથી બીજી વખતે ફરિશ્તા દ્વારા) ફૂંક મારવામાં આવશે; સમગ્ર સત્તા (વાસ્તવમાં જાહેર રીતે) ખાસ તે (અલ્લાહ)ની જ હશે (અને તે પોતાની સત્તાથી તવહીદના માનનારા અને મુશ્રિકો વચ્ચે ફેંસલો કરશે) તે (અલ્લાહ) સઘળું જાણનારો છે ગુપ્ત વસ્તુઓને અને જાહેર વસ્તુઓને (બસ, મુશ્રિકોના અમલો અને પ્રવૃત્તિઓનું પણ તેને સંપૂર્ણ જ્ઞાન છે) અને તે જ છે મહાન હિકમતવાળો (એટલા માટે યોગ્ય બદલો દરેકને આપશે અને તે જ છે) સમગ્ર ખબર રાખનાર (એટલા માટે કોઈ કૃત્ય તેનાથી ગુપ્ત રહેવું શક્ય જ નથી).

મસ્અલા અને બોધપાઠ :

બાતિલની મજલિસોથી બચવાનો હુકમ :

પ્રસ્તુત આયતોમાં મુસલમાનોને એક અગત્યનું સૈદ્ધાંતિક માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે જે કાર્યને પોતે કરવું ગુનોહ છે એ જ પ્રમાણે તે ગુનોહ કરનારાઓની મજલિસમાં સામેલ રહેવું પણ ગુનોહ છે, તેનાથી બચવું જોઈએ. જેની વિગત એ છે કે,

પ્રથમ આયતમાં શબ્દ يَخُوْضُوْنَ એ خَوْض થી બન્યો છે, જેનો વાસ્તવિક અર્થ "પાણીમાં ઊતરવાનો અથવા તેમાંથી પસાર થવાનો" થાય છે અને "વ્યર્થ તથા વાહિયાત કાર્યોમાં પ્રવેશ પામવાને" પણ خَوْض કહેવામાં આવે

છે. કુર્આને કરીમમાં આ શબ્દનો સામાન્ય રીતે આ જ અર્થમાં ઉપયોગ થયો છે. كُنَّا نَخُوضُ مَعَ الْخَائِضِينَ، (૭૪ : ૪૫) فِي خَوْضِهِمْ يَلْعَبُونَ (૬ : ૯૧) વગેરે આયતો તેની સાક્ષી છે.

એટલા માટે خَوْضٍ فِي الْآيَاتِનો તરજુમો આ સ્થળે "ખણખોદ કરી ખામીઓ શોધવી અથવા ખોટી તકરારો કરવી" કરવામાં આવ્યો છે. એટલે કે, "જ્યારે તમે તે લોકોને જુઓ કે જેઓ અલ્લાહ તઆલાની આયતોમાં ફક્ત ખેલ-તમાશો અને ઠઠ્ઠા-મશ્કરી કરવા માટે દખલગીરી કરે છે અને ખામીઓ શોધતા ફરે છે તો તમે તેમનાથી પોતાની દિશા બદલી નાંખો."

આ આયતનું સંબોધન સામાન્ય રીતે દરેકને છે, જેમાં નબીએ કરીમ ﷺ પણ સામેલ છે અને ઉમ્મતના વ્યક્તિઓ પણ અને વાસ્તવમાં રસૂલે કરીમ ﷺને સંબોધન પણ સામાન્ય મુસલમાનોને સંભળાવવા માટે જ કરવામાં આવ્યું છે, નહિતર રસૂલે કરીમ ﷺ તો બાળપણમાં પણ ક્યારેય આવી સભાઓ કે મજલિસમાં સામેલ થયા જ નથી. એટલા માટે આપ ﷺને મનાઈ કરવાની કોઈ આવશ્યકતા જ ન હતી.

વળી, બાતિલની મજલિસોથી અળગા થવાના વિવિધ સ્વરૂપો હોઈ શકે છે. એક એ કે, તે મજલિસોમાંથી ઊઠી જાઓ, બીજું એ કે, ત્યાં બેઠા હોય એવી પરિસ્થિતિમાં કોઈ અન્ય પ્રવૃત્તિમાં લાગી જાઓ, તેમના તરફ કોઈ ધ્યાન ન આપો, પરંતુ અંતિમ આયતમાં એ બતાવવામાં આવ્યું કે પ્રથમ હુકમ ઉપર અમલ કરાવવાનો હેતુ એ છે કે, તેમની મજલિસમાં બેસેલા ન રહો, ત્યાંથી ઊઠી જાઓ.

અંતિમ આયતમાં ફરમાવ્યું કે, જો તમને શયતાન ભૂલાવી દે એટલે કે ભૂલથી તેમની મજલિસોમાં સામેલ થઈ ગયા, ભલે એ રીતે કે આવી મજલિસોમાં સામેલ થવાની મનાઈ યાદ ન રહી અથવા એ પ્રમાણે કે એ યાદ ન રહ્યું કે આ લોકો અલ્લાહની આયતો અને રસૂલુલ્લાહ ﷺ વિરુદ્ધ પોતાની મજલિસમાં ચર્ચા કર્યા કરે છે તો એવી પરિસ્થિતિમાં જે સમયે પણ યાદ આવી જાય તે જ સમયે તે મજલિસમાંથી ઊઠી જવું જોઈએ. યાદ આવી ગયા પછી ત્યાં બેસી રહેવું ગુનોહ છે અને બીજી એક આયતમાં પણ આ જ વિષય વર્ણન થયો છે અને તેના અંતે એ ફરમાવ્યું કે, "જો તમે ત્યાં બેસી રહ્યા તો તમે પણ તેમના જેવા જ છો."

ઈમામ રાઝી (રહ.)એ તફસીરે કબીરમાં ફરમાવ્યું છે કે, "આ આયતનો મૂળ હેતુ ગુનાહની મજલિસોથી અને એવી મજલિસવાળાઓથી વાંધો ઉઠાવવો તથા તેમનાથી અળગા થઈ જવાનો છે જેનું શ્રેષ્ઠ સ્વરૂપ તો એ જ છે કે, ત્યાંથી ઉઠી જાઓ, પરંતુ જો ત્યાંથી ઉઠી જવામાં પોતાના પ્રાણ, માલ અથવા ઈજ્જત-આબરૂનો ભય હોય તો સામાન્ય લોકો માટે એ પણ જાઈઝ છે કે, તેમનાથી અળગા થવાનું કોઈ અન્ય સ્વરૂપ અપનાવે. દાખલા તરીકે, કોઈ અન્ય પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થઈ જાય અને તે લોકો તરફ ધ્યાન ન આપે, પરંતુ તે ખાસ લોકો જેમનું દીન વિશે અનુસરણ કરવામાં આવે છે તેમનું દરેક પરિસ્થિતિમાં ત્યાંથી ઊઠી જવું જ વધારે યોગ્ય છે."

ત્યારબાદ ફરમાવ્યું, وَإِمَّا يُنسِيَنَّكَ الشَّيْطَٰنُ એટલે કે, "જો તમને શયતાન ભૂલાવી દે," જો તેનું સંબોધન બધા જ મુસલમાનો છે તો વાત બિલકુલ સ્પષ્ટ છે કે, ભૂલ દરેક વ્યક્તિ સાથે જોડાયેલ બાબત છે અને જો સંબોધન નબીએ કરીમ ﷺ માટે છે તો અત્રે એ સવાલ પેદા થાય છે કે, જો અલ્લાહના રસૂલ અને નબી માટે પણ ભૂલી જવું શક્ય હોય તો તેમની તા'લીમ ઉપર કઈ રીતે ભરોસો રાખી શકાય છે?

જવાબ એ છે કે, અંબિયા (અલૈ.)ને કોઈ ખાસ હિકમત અને મસ્લિહત હેઠળ ભૂલાવી દેવું તો શક્ય છે, પરંતુ અલ્લાહ તઆલા તરફથી તરત તેની ચેતવણી વહી દ્વારા આવી જાય છે જેથી તેઓ ભૂલ ઉપર કાયમ નથી રહેતા. એટલા માટે અંતે તેમનું શિક્ષણ અને તા'લીમ ભૂલોથી પવિત્ર અને શંકારહિત હોય છે.

અલબત્ત, આયતના આ વાક્યથી જાણ થઈ કે, જો કોઈ વ્યક્તિ ભૂલ અથવા ખતાથી કોઈ ગલતીમાં સપડાય જાય તો તે મા'ફ છે. નબીએ કરીમ ﷺની એક હદીષમાં ઈરશાદ છે,

رُفِعَ عَنْ أُمَّتِي الْخَطَاءُ وَالنِّسْيَانُ وَمَا اسْتُكْرِهُوا عَلَيْهِ

"મારી ઉમ્મતમાં ખતા અને ભૂલના અને તે કાર્યના ગુનાહો મા'ફ કરી દેવામાં આવ્યા છે, જે કોઈએ બરજબરીથી તેની પાસે કરાવ્યા હોય."

ઈમામ જસ્સાસ (રહ.)એ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું કે, "આ

આયતથી જાણ થઈ કે, મુસલમાનોએ દરેક એવી મજલિસોથી અળગાપણું અપનાવવું જોઈએ જેમાં અલ્લાહ તઆલા અથવા તેના રસૂલ ﷺ અથવા શરીઅતે ઈસ્લામના વિરુદ્ધ વાતો થઈ રહી હોય અને તેને બંધ કરવી અથવા કરાવવી અથવા ઓછામાં ઓછું સત્ય વાતને જાહેર કરવી તેના અધિકાર ક્ષેત્રમાં ન હોય. હા ! જો એવી મજલિસોમાં સુધારણાની નિય્યતથી સામેલ થાય અને તે લોકોને સત્ય વાતની પ્રેરણા આપે તો કોઈ વાંધો નથી.''

અંતિમ આયતમાં જે એવો ઈરશાદ થયો છે કે, ''યાદ આવી ગયા પછી જાલિમ કૌમ સાથે ન બેસો'' એનાથી ઈમામ જસ્સાસ (રહ.)એ આ મસ્અલો પ્રતિપાદિત કર્યો છે કે, એવા જાલિમ, બેદીન અને બીમાર માનસિકતા ધરાવતા લોકોની મજલિસમાં સામેલ થવું સદંતર ગુનોહ છે. ભલે તેઓ તે સમયે કોઈ નાજાઈઝ વાતચીતમાં મશગૂલ થાય અથવા ન થાય. કારણ કે, આવા લોકોને આવી વાહિયાત વાતચીત શરૂ કરતાં કોઈ વાર લાગતી નથી. આ દલીલનું કારણ એ છે કે, તેમાં સદંતર જાલિમો સાથે બેસવાની મનાઈ કરવામાં આવી છે. એમાં એ શરત નથી કે, તેઓ તે સમયે પણ અત્યાચાર કરવામાં મશગૂલ હોય.

કુર્આન મજીદની એક બીજી આયતમાં એ જ વિષય સ્પષ્ટ થયો છે કે, وَلَا تَرْكَنُوْا اِلَى الَّذِيْنَ ظَلَمُوْا فَتَمَسَّكُمُ النَّارُ (૧૧ : ૧૧૩) એટલે કે, ''જાલિમ લોકોની સાથે મેળ-મિલાપ અને (સહમતીનું) વલણ ન રાખો, નહિતર તમને પણ જહન્નમની આગથી વાસ્તો પડશે.''

જ્યારે પ્રસ્તુત આયત નાઝિલ થઈ તો સહાબએ કિરામ (રદિ.)એ વિનંતી કરી કે, ''યા રસૂલુલ્લાહ ﷺ ! જો તેમની મજલિસમાં સદંતર જવાની મનાઈ હશે તો અમે મસ્જિદે હરામમાં નમાઝ અને તવાફથી પણ વંચિત થઈ જઈશું. કારણ કે, તે લોકો તો હંમેશા ત્યાં બેસી રહે છે (આ ઘટના હિજરત અને ફત્હે મક્કા પહેલાંની છે) અને તેમનું કાર્ય જ ખામીઓ શોધવાનું અને ભૂંડુ બોલવાનું છે !'' તેના ઉપર ત્યાર પછીવાળી બીજી આયત નાઝિલ થઈ, وَمَا عَلَى الَّذِيْنَ يَتَّقُوْنَ مِنْ حِسَابِهِمْ مِّنْ شَيْءٍ وَّلٰكِنْ ذِكْرٰى لَعَلَّهُمْ يَتَّقُوْنَ એટલે કે, ''જે લોકો કાળજી રાખનારા છે, તેઓ જો પોતાના કામે મસ્જિદે હરામમાં જાય તો તે શરારતખોર લોકોના દુષ્કૃત્યોની તેમના ઉપર કોઈ જવાબદારી નથી. હા ! એટલી વાત તેમના

માથે છે કે, સત્ય વાત તેમને પહોંચાડી આપે કે કદાચ તેઓ તેનાથી બોધપાઠ ગ્રહણ કરીને સત્ય માર્ગ ઉપર આવી જાય."

ત્રીજી આયતમાં પણ લગભગ એ જ વિષયને તાકીદપૂર્વક આ રીતે ફરમાવવામાં આવ્યો છે, وَذَرِ الَّذِيْنَ اتَّخَذُوْا دِيْنَهُمْ لَهْوًا وَّلَعِبًا તેમાં શબ્દ ذَرْ (ઝર) એ وَذَرَ (વઝર)થી બન્યો છે. જેનો અર્થ છે કે, "કોઈ વસ્તુથી નારાજ થઈને તેને છોડી દેવું." આયતનો અર્થ એ છે કે, "તમે તેમને છોડી આપો જેમણે પોતાના દીનને ખેલ-તમાશો અને રમત-ગમત બનાવી રાખ્યો છે." તેના બે ભાવાર્થો હોઈ શકે છે; એક એ કે, જેઓ સત્ય દીન એટલે કે ઈસ્લામ અને તેના માટે જે મોકલવામાં આવ્યું છે તેને ખેલ-તમાશો બનાવી નાંખે, તેનો ઠઠ્ઠો-મશ્કરી કરે. બીજું એ કે, તેમણે અસલી દીન છોડીને પોતાના દીન અને ધર્મને જ રમત-ગમત બનાવી લીધી છે. બંને ભાવાર્થનો હેતુ લગભગ એકસરખો છે.

ત્યારબાદ ઈરશાદ ફરમાવ્યું, وَغَرَّتْهُمُ الْحَيٰوةُ الدُّنْيَا એટલે કે, "તેમને દુનિયાની અમુક દિવસની જિંદગીએ તકબ્બુર અને ધોકામાં નાંખી દીધા છે." આ તેમની બીમારીનું અસલી કારણ વર્ણન કર્યું કે, તેમની સમગ્ર બળવાખોર વૃત્તિનું મૂળ કારણ એ છે કે, દુનિયાની થોડા દિવસની જિંદગી ઉપર જ તેઓ ઈતરાય રહ્યા છે અને આખિરતને ભૂલાવી બેઠા છે. જો તેઓ આખિરત અને કયામતની માન્યતા ધરાવતા હોત તો કદાપિ આવી વાહિયાત ચેષ્ટાઓ કરતા ન હોત.

આ આયતમાં રસૂલે કરીમ ﷺ અને દરેક મુસલમાનોને બે હુકમો આપવામાં આવ્યા છે. પ્રથમ એ કે, એવા લોકોથી અળગા થઈ જાઓ જેમનું વર્ણન પ્રસ્તુત વાક્યોમાં આવી ચૂક્યું છે. બીજું એ કે, તે લોકોથી ફક્ત અળગા થવું અને તેમનાથી ફક્ત વાંધો ઉઠાવવો પૂરતું નથી, પરંતુ હકારાત્મક રીતે એ પણ આવશ્યક છે કે કુર્આન દ્વારા તેમને બોધપાઠ પણ આપતા રહો અને અલ્લાહ તઆલાના અઝાબથી પણ ડરાવતા રહો.

અંતિમ આયતમાં આ અઝાબની વિગત એ રીતે વર્ણન થઈ છે કે, "જો તેમની આ જ હાલત રહી તો આ લોકો પોતાના દુષ્કૃત્યોની જાળમાં પોતે ફસાઈ જશે." આયતમાં આ સ્થળે اَنْ تُبْسَلَ શબ્દનો ઉપયોગ ફરમાવ્યો છે, જેનો અર્થ "જેલ" થાય છે અને "ફસાઈ જવાનો" પણ થાય છે.

કારણ કે, દુનિયામાં મનુષ્ય એવી ટેવ ધરાવે છે કે, ક્યારેક કોઈ ભૂલ અથવા અત્યાચાર કરી બેસે છે અને તેની સજા તેની સામે આવી જાય છે તો સજાથી બચવા માટે ત્રણ પ્રકારના માધ્યમો અપનાવે છે. ક્યારેક પોતાના જૂથ અને જૂઠા વકીલોનો તેના વિરુદ્ધ ઉપયોગ કરીને પોતાના અત્યાચારના પરિણામોથી બચવાનો પ્રયત્ન કરે છે અને જો એનાથી લાચાર થઈ જાય તો મોટા લોકોની સિફારસ અને ભલામણથી કામ લે છે અને એ પણ ન ચાલે તો પછી એ પ્રયત્ન કરે છે કે, પોતાને સજાથી બચાવવા માટે થોડો માલ ખર્ચ કરે છે.

અલ્લાહ તબારક વ તઆલાએ આ આયતમાં બતાવ્યું છે કે, "અલ્લાહના અપરાધીઓ માટે સજાથી બચાવનાર ન કોઈ દોસ્ત કે વહાલા હોઈ શકે છે, ન જ કોઈની સિફારસ અલ્લાહ તઆલાની પરવાનગી વિના ચાલી શકે છે અને ન જ કોઈના માલનો બદલા સ્વરૂપે સ્વીકાર થઈ શકે છે. બલકે, જો સમગ્ર દુનિયાની દોલત પણ તેના કબજામાં હોય અને તે આ બધા માલને સજાથી બચવા માટે વળતર સ્વરૂપે આપવા ઈચ્છે તો પણ આ વળતરને તેની પાસેથી સ્વીકારવામાં નહીં આવે."

અંતિમ આયતમાં ફરમાવ્યું, أُولَـٰئِكَ الَّذِينَ أُبْسِلُوا بِمَا كَسَبُوا لَهُمْ شَرَابٌ مِّنْ حَمِيمٍ وَعَذَابٌ أَلِيمٌ بِمَا كَانُوا يَكْفُرُونَ (૪૭ : ૧૫) એટલે કે, "આ તે લોકો છે જેઓ પોતાના દુષ્કૃત્યોની સજામાં પકડી લેવામાં આવ્યા છે, તેમને પીવા માટે જહન્નમનું ઉકળતું પાણી મળશે" જેના વિશે બીજી આયતમાં છે કે, તે પાણી તેમના આંતરડાઓના ટૂકડે-ટૂકડા કરી નાંખશે અને તે પાણી ઉપરાંત બીજા પણ ભયંકર પ્રકારના પીડાયુક્ત અઝાબ તેમને થશે તેમના કુફ્ર અને ઈનકારના કારણે.

આ અંતિમ આયથી એ પણ જાણ થઈ કે જે લોકો આખિરતથી ગાફેલ થઈ ફક્ત દુનિયાની જિંદગી પાછળ મગ્ન છે તેમની સાથેની સોબત અને ઊઠક-બેઠક પણ માણસ માટે ભયંકર નુકસાનકર્તા છે. તેનું પરિણામ એ છે કે, તેમની સોબતમાં રહેનારો પણ એ અઝાબનો શિકાર થશે જેમાં તેઓ સંડોવાયા છે.

આ ત્રણે આયતોનો હેતુ મુસલમાનોને ખરાબ માહોલ અને ખરાબ સોબતથી બચાવવાનો છે, જે મનુષ્ય માટે ભયંકર નુકસાનકર્તા છે. કુર્આન અને

હદીષના અસંખ્ય નુસૂસ ઉપરાંત અનુભવથી અને નજરે જોયાથી સિદ્ધ થયેલ છે કે, મનુષ્યને બધી જ ખરાબીઓ અને અપરાધમાં સંડોવનારી વસ્તુ તેનો ખરાબ સમાજ અને ખરાબ માહોલ છે, જેમાં ફસાયા પછી મનુષ્ય પ્રથમ તો પોતાના અંતરાત્મા વિરુદ્ધ અને પ્રકૃતિ વિરુદ્ધ બુરાઈઓમાં સંડોવાય જાય છે અને પછી જ્યારે ટેવ પડી જાય છે તો આ બુરાઈઓ વિશેનો અપરાધભાવ પણ નષ્ટ થઈ જાય છે. બલકે, બુરાઈને ભલાઈ અને ભલાઈને બુરાઈ સમજવા લાગે છે. જેમકે, એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે, "જ્યારે કોઈ વ્યક્તિ પ્રથમ ગુનાહમાં સંડોવાય છે ત્યારે તેના દિલ ઉપર એક કાળો ડાઘ લાગી જાય છે અને જેમ સફેદ કપડાં ઉપર એક કાળો ડાઘ દરેક વ્યક્તિને નાપસંદ હોય છે, તેને પણ ગુનાહથી દિલમાં અણગમો પેદા થાય છે, પરંતુ જ્યારે એક પછી બીજો અને ત્રીજો ગુનોહ કરતો ચાલ્યો જાય છે અને પાછલા ગુનાહોથી તવબહ નથી કરતો તો એક પછી એક કાળા ડાઘ લાગતા ચાલ્યા જાય છે, એટલે સુધી કે દિલનો પ્રકાશિત ભાગ બિલકુલ કાળો થઈ જાય છે, એનું પરિણામ એ હોય છે કે તેના મનમાં સારા-નરસાનો ભેદ નથી રહેતો." આ જ શબ્દને કુર્આનમાં رَانَ (રા'ન) તરીકે ઓળખાવવામાં આવ્યો છે. كَلَّا بَلْ سكتة رَانَ عَلٰى قُلُوْبِهِمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ "તેમના દિલોમાં તેમના દુષ્કૃત્યોના કારણે કાટ ચઢી ગયો છે, હવે તેમની ક્ષમતા સ્થગિત થઈ ગઈ." (૮૩ : ૧૪)

અને જ્યાં સુધી વિચાર કરવામાં આવે મનુષ્યને એવી પરિસ્થિતિમાં પહોંચાડનારી વસ્તુ મોટે ભાગે તેનો ખોટો માહોલ અને બુરી સોબત હોય છે. નઊઝુબિલ્લાહ, એટલા માટે બાળકોના વડીલોની ફરજ છે કે, બાળકોને એવા ગંદા માહોલ અને સમાજથી બચાવવાની સંપૂર્ણ કોશીશ કરે. આગલી ત્રણ આયતોમાં પણ શિર્કની માનયતા ખોટી હોવાની અને તવહીદ તથા આખિરતની સાબિતીઓના વિષયોનું વર્ણન થયું છે જે તરજુમાથી જાહેર થાય છે

આયતો : (સુરએ અન્આમ : આયત નં. ૭૪ થી ૮૧)

وَاِذْ قَالَ اِبْرٰهِيْمُ لِاَبِيْهِ اٰزَرَ اَتَتَّخِذُ اَصْنَامًا اٰلِهَةً ۚ اِنِّيْۤ اَرٰىكَ وَ قَوْمَكَ فِيْ
ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٧٤﴾ وَكَذٰلِكَ نُرِيْۤ اِبْرٰهِيْمَ مَلَكُوْتَ السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَلِيَكُوْنَ
مِنَ الْمُوْقِنِيْنَ ﴿٧٥﴾ فَلَمَّا جَنَّ عَلَيْهِ الَّيْلُ رَاٰ كَوْكَبًا ۚ قَالَ هٰذَا رَبِّيْ ۚ فَلَمَّاۤ اَفَلَ قَالَ
لَاۤ اُحِبُّ الْاٰفِلِيْنَ ﴿٧٦﴾ فَلَمَّا رَاَ الْقَمَرَ بَازِغًا قَالَ هٰذَا رَبِّيْ ۚ فَلَمَّاۤ اَفَلَ قَالَ
لَئِنْ لَّمْ يَهْدِنِيْ رَبِّيْ لَاَكُوْنَنَّ مِنَ الْقَوْمِ الضَّاۤلِّيْنَ ﴿٧٧﴾ فَلَمَّا رَاَ الشَّمْسَ
بَازِغَةً قَالَ هٰذَا رَبِّيْ هٰذَاۤ اَكْبَرُ ۚ فَلَمَّاۤ اَفَلَتْ قَالَ يٰقَوْمِ اِنِّيْ بَرِيْٓءٌ مِّمَّا
تُشْرِكُوْنَ ﴿٧٨﴾ اِنِّيْ وَجَّهْتُ وَجْهِيَ لِلَّذِيْ فَطَرَ السَّمٰوٰتِ وَالْاَرْضَ حَنِيْفًا وَّمَاۤ اَنَا
مِنَ الْمُشْرِكِيْنَ ﴿٧٩﴾ ۚ وَحَاۤجَّهٗ قَوْمُهٗ ؕ قَالَ اَتُحَآجُّوْنِّيْ فِي اللّٰهِ وَقَدْ هَدٰىنِ ؕ وَلَاۤ
اَخَافُ مَا تُشْرِكُوْنَ بِهٖۤ اِلَّاۤ اَنْ يَّشَاۤءَ رَبِّيْ شَيْـًٔا ؕ وَسِعَ رَبِّيْ كُلَّ شَيْءٍ عِلْمًا ؕ
اَفَلَا تَتَذَكَّرُوْنَ ﴿٨٠﴾ وَكَيْفَ اَخَافُ مَاۤ اَشْرَكْتُمْ وَلَا تَخَافُوْنَ اَنَّكُمْ اَشْرَكْتُمْ
بِاللّٰهِ مَا لَمْ يُنَزِّلْ بِهٖ عَلَيْكُمْ سُلْطٰنًا ؕ فَاَيُّ الْفَرِيْقَيْنِ اَحَقُّ بِالْاَمْنِ ۚ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿٨١﴾

તરજુમો :

અને યાદ કરો જ્યારે ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાના બાપ આઝરને કહ્યું, શું તું મૂર્તિઓને ખુદા માને છે ? હું જોઉં છું કે તું અને તારી કોમ ઉઘાડી ગુમરાહ છે. (૭૪) અને એ જ પ્રમાણે અમે ઈબ્રાહીમ (અલૈ.)ને આસમાનો અને જમીનની અજાયબીઓ બતાવવા લાગ્યા અને જેથી તેમને યકીન આવી જાય. (૭૫) પછી જ્યારે તેમના (હઝરત ઈબ્રાહીમ અલૈ.) ઉપર રાત્રિએ અંધારું કરી લીધું તેમણે એક તારો જોયો, બોલ્યા; આ છે મારો રબ્બ !? પછી જ્યારે તે (આથમીને) ગાયબ થઈ ગયો તો બોલ્યા; હું ગાયબ થનારને પસંદ કરતો નથી. (૭૬) પછી જ્યારે ચમકતો ચાંદ જોયો, બોલ્યા; આ છે મારો રબ્બ !? પછી જ્યારે તે (આથમીને) ગાયબ થઈ ગયો, બોલ્યા; જો મારો

પરવરદિગાર મને માર્ગદર્શન કરશે નહીં તો બેશક ! હું ગુમરાહ લોકોમાં રહીશ. (૭૭) પછી જ્યારે ઝળહળતો સૂરજ જોયો, બોલ્યા; આ છે મારો રબ્બ !? આ સૌથી મોટો છે; પછી જ્યારે તે (આથમીને) ગાયબ થઈ ગયો, બોલ્યા; હે મારી કોમ ! હું બેઝાર (અળગો) છું એનાથી જેને તમે શરીક (અલ્લાહના ભાગીદાર) કરો છો. (૭૮) મેં મારું મોઢું સૌથી એકબાજુએ થઈ તેના જ તરફ કેન્દ્રિત કરી લીધું જેણે આસમાનો અને જમીન બનાવ્યા, અને હું શિર્ક કરનારો નથી. (૭૯) અને તેમની સાથે તેમની કોમે ઝઘડો કર્યો, બોલ્યા; શું તમે મારી સાથે અલ્લાહના એક હોવામાં ઝઘડો કરો છો ? અને તે મને સમજાવી ચૂક્યો, અને હું તેમનાથી ડરતો નથી જેમને તમે તેના ભાગીદાર કરો છો પરંતુ એ કે મારો પરવરદિગાર જ કોઈ તકલીફ પહોંચાડવા ઈચ્છે, મારા પરવરદિગારના જ્ઞાને બધી વસ્તુઓને સમાવી લીધી છે, શું તમે વિચારતા નથી ? (૮૦) અને હું તમારા શરીકો (તમે અલ્લાહના ઠરાવેલા ભાગીદારો)થી કઈ રીતે ડરું ? અને તમે એ વાતથી નથી ડરતા કે તેમને અલ્લાહના ભાગીદાર કરો છો જેની તેણે તમારા ઉપર કોઈ દલીલ ઉતારી નથી ? હવે બંને પક્ષોમાંથી કોણ શાંતિનો વધારે હકદાર છે ? બોલો જો તમે સમજ રાખતા હોય ! (૮૧)

તફસીર :

અને (તે સમયને પણ યાદ કરવા યોગ્ય છે) જ્યારે ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાના બાપ આઝર (આઝર વ્યક્તિનું નામ છે)ને કહ્યું કે, શું તું મૂર્તિઓને મઅ્બૂદ ઠરાવે છે ? બેશક ! હું તને અને તારી સમગ્ર કોમને (જે માન્યતામાં તારા ભાગીદાર છે) ખુલ્લી ભૂલમાં જોઈ રહ્યો છું (સિતારાઓ વિશે આગળ વાતચીત આવશે, વચ્ચે ઈબ્રાહીમ અલૈ.ના સાચા દષ્ટિકોણના સંદર્ભે અલ્લાહ તઆલા ફરમાવે છે કે) અને અમે એવી જ રીતે ઈબ્રાહીમ (અલૈ.)ને આસમાનો અને જમીનની મખ્લૂક (વિશેની હકીકત તેમને અર્પવામાં આવેલ દિર્ઘદષ્ટિ દ્વારા) બતાવી જેથી તેને (અલ્લાહની જાત અને સિફતોનો) પરિચય થઈ જાય (આગળ સિતારાઓ વિશેની વાતચીત મુનાજરાના સ્વરૂપમાં વર્ણન થાય છે કે ઉપરની વાતચીત તો મૂર્તિઓ વિશે થઈ ચૂકી, હવે) ત્યારબાદ (તે દિવસે અથવા અન્ય કોઈ દિવસે) જ્યારે રાત્રિનો અંધકાર તેમના ઉપર (એ જ પ્રમાણે અન્ય સૌના

ઉપર) છવાઈ ગયો તો તેમણે એક તારો જોયો (કે જે ચમકી રહ્યો છે), તેમણે (પોતાની કોમને સંબોધન કરીને) ફરમાવ્યું કે (તમારા વિચાર પ્રમાણે) આ મારો (અને તમારો) પરવરદિગાર (અને મારી પરિસ્થિતિ ઉપર કાબૂ ધરાવનાર) છે ? (ઘણું સારું ! હવે થોડી વારમાં હકીકતની જાણ થઈ જશે. એટલા માટે થોડીવાર પછી તે અથમાઈને છુપાઈ ગયો); બસ, જ્યારે તે અસ્ત થઈ ગયો તો તેમણે કહ્યું કે, હું અસ્ત થઈ જનારથી મહોબ્બત રાખતો નથી (અને મહોબ્બત પરવરદિગાર વિશેના વિશ્વાસની આવશ્યકતામાંથી છે, બસ ખુલાસો એ થયો કે હું તેને પરવરદિગાર સમજતો નથી) ત્યારબાદ (તે જ રાત્રે અથવા કોઈ અન્ય રાત્રે) જ્યારે ચંદ્રને જોયો (કે) ચળકતો (નીકળ્યો છે) તો (અગાઉની જેમ જ) કહ્યું કે, (તમારા વિચાર પ્રમાણે) આ મારો (અને તમારો) પરવરદિગાર (અને દરેક પરિસ્થિતિ ઉપર શક્તિ ધરાવનાર) છે ? (સારું, હવે થોડીવારમાં તેની પરિસ્થિતિ પણ જોઈ લઈએ છે, અંતે તે પણ આથમી ગયો) બસ, જ્યારે તે આથમી ગયો તો તેમણે કહ્યું કે જો મને મારો પરવરદિગાર (સાચી) હિદાયત (માર્ગદર્શન) ન કરતો રહે (જેમકે અત્યાર સુધી હિદાયત કરતો રહ્યો છે) તો હું પણ (તમારી જેમ) ગુમરાહ લોકોમાં સામેલ થઈ જાઉં એ પછી (એટલે કે, જો ચંદ્રની ઘટના તે જ તારાની ઘટનાની રાત્રે બની હતી તો તો કોઈ રાત્રિની સવારમાં અને જો ચાંદની ઘટના તે તારાની ઘટનાવાળી રાત્રે ન હતી તો ચંદ્રની ઘટનાવાળી રાત્રિની સવારે અથવા તેના સિવાય અન્ય કોઈ દિવસની સવારમાં) જ્યારે સૂર્ય જોયો (કે ખૂબ ઝળહળતો) ચમકતો (નીકળ્યો છે) તો (અગાઉ બે વખતે કર્યું એ જ પ્રમાણે) કહ્યું કે, (તમારા વિચાર પ્રમાણે) આ મારો (અને તમારો) પરવરદિગાર (અને દરેક પરિસ્થિતિ ઉપર કાબૂ ધરાવનાર) છે ? (અને) આ તો સૌ (પ્રસ્તુત સિતારાઓ)માં મોટો છે (જેના ઉપર વાતચીત પૂર્ણ થઈ જશે, જો તેની ખુદાઈ જૂઠી થઈ ગઈ તો નાના સિતારાઓની ખુદાઈ તો તેનાથી વધારે જૂઠી ગણાશે. મતલબ કે, સાંજ થઈ ત્યારે તે સૂર્ય પણ આથમી ગયો) બસ, જ્યારે તે અસ્ત થઈ ગયો તો તેમણે કહ્યું કે, બેશક ! હું તમારા શિર્કથી બેઝાર (અને અળગો) છું (એટલે કે સાચી વાત જાહેર કરું છું, માન્યતાની રૂએ તો હંમેશાથી બેઝાર જ હતો) હું (બધા તરીકાઓમાંથી) એક તરફ થઈને પોતાની દિશા (જાહેર સ્વરૂપે અને દિલથી પણ) તે (અલ્લાહની જાત)ના તરફ (કેન્દ્રિત કરું છું અને તમારી સામે

જાહેરાત) કરું છું જેણે આસમાનો અને જમીનને પેદા કર્યા અને હું (તમારી જેમ) શિર્ક કરનારાઓમાંથી નથી (ન તો માન્યતાની રૂએ અને ન જ મૌખિક રીતે અને ન આચરણ દ્વારા) અને તેમની સાથે તેમની કોમે (વાહિયાત) દલીલબાજી કરવાનું શરૂ કર્યું (તે એ કે આ રિવાજ તો પ્રાચીન છે وَجَدْنَا اٰبَآئَنَا لَهَا عَابِدِيْنَ અને બાતિલ મઅ્બૂદોના ઈનકાર કરવા વિશે ડરાવ્યા પણ; કે કદાચ તમને આ ઈન્કાર કોઈ આફતમાં ન ફસાવી દે .....كَمَا يَدُلُّ عَلَيْهِ الْجَوَابُ بِقَوْلِهٖ وَلَا اَخَافُ) તેમણે (પ્રથમ વાતના જવાબમાં તો એ) કહ્યું કે, શું તમે અલ્લાહ(ની તવહીદ)ના મા'મલામાં મારી સાથે (જૂઠી) દલીલબાજી કરો છો ? જ્યારે કે તેણે મને (સાચી દલીલોનો) તરીકો બતાવી દીધો છે, (જેને હું તમારી રૂબરૂ રજૂ કરી ચૂક્યો છું, ફક્ત પ્રાચીન રિવાજ હોવો એ આ દલીલોનો જવાબ નથી હોઈ શકતો, પછી તેનો વિરોધ કરવો તમારા માટે બેકાર અને મારા માટે ધ્યાન ન આપવા યોગ્ય છે) અને (બીજી વાતના જવાબમાં એવું કહ્યું કે,) હું આ વસ્તુઓથી જેને તમે અલ્લાહ તઆલા સાથે (ઈબાદતના હકદાર હોવામાં) ભાગીદાર બનાવો છો નથી ડરતો (કે તે મને કોઈ રીતે નુકસાન પહોંચાડી શકે, કારણ કે તેમનામાં તો પોતે પણ શક્તિ નથી અને જો કોઈ વસ્તુમાં હોય પણ તો તેની શક્તિ પરજીવી છે) હા ! પરંતુ જો મારો પરવરદિગાર કોઈ વસ્તુ ઈચ્છે (તો તે બીજી વાત છે, તે થઈ જશે, પરંતુ તેનાથી ખોટા મઅ્બૂદોની શક્તિની સાબિતી અથવા તેનાથી ડરવાની આવશ્યકતા જણાતી નથી અને) મારા પરવરદિગારે (કે જે પ્રમાણે તે સર્વશક્તિમાન છે, જેમકે આ ચીજવસ્તુઓથી જાણ થઈ, એ જ પ્રમાણે તેણે) દરેક વસ્તુને પોતાના જ્ઞાન(ના વર્તુળ)માં (પણ) સમાવી રાખેલ છે (મતલબ કે, શક્તિ અને જ્ઞાન બંને તેની સાથે જ વિવિશષ્ટતા ધરાવે છે અને તમારા જૂઠા મઅ્બૂદોમાં ન તો શક્તિ છે અને ન જ જ્ઞાન છે) શું તમે (સાંભળો છો ? અને) પછી (પણ) વિચાર કરતા નથી અને (જે પ્રમાણે મારા ન ડરવાનું કારણ એ છે કે, તે તમારા મઅ્બૂદ જ્ઞાન અને શક્તિમાં જે પ્રમાણે ફક્ત નપૂંસક છે એ જ પ્રમાણે એ વાત પણ છે કે, મને કોઈ કાર્યનો ડર નથી તો પછી) હું તે બાબતોથી કેવી રીતે ડરું જેને તમે (અલ્લાહ તઆલા સાથે ઈબાદતના હકદાર અને પરવરદિગારની માન્યતામાં) ભાગીદાર ઠરાવી લીધા છે, જ્યારે કે (તમારે ડરવું જોઈએ બે કારણોથી, એક તમારે ડરવું જોઈએ કે તમે શિર્ક કર્યું છે જેના ઉપર અઝાબ થશે, બીજું અલ્લાહ સર્વજ્ઞ હોવાની અને

સર્વશક્તિમાન હોવાની જાણ થઈ ચૂકી છે પરંતુ) તમે એ બાબત(ના વબાલ)થી નથી ડરતા કે તમે અલ્લાહ તઆલા સાથે એવી વસ્તુઓને ભાગીદાર ઠરાવી છે જે(ના મઅ્બૂદ હોવા) વિશે અલ્લાહ તઆલાએ તમારા ઉપર કોઈ દલીલ (શાબ્દિક અથવા અર્થની દષ્ટિએ) નાઝિલ નથી કરી (મતલબ એ કે, તમારે ડરવું જોઈએ જ્યારે કે તમે તેનાથી ઊલટું મને ડરાવી રહ્યા છો ?) બસ, (આ તકરીરને ન્યાયપૂર્વક સાંભળીને બતાવો કે) તે (પ્રસ્તુત) બે પક્ષોમાંથી (એટલે કે મુશ્રિકો અને તવહીદના પક્ષોમાંથી) શાંતિના (એટલે કે, નિર્ભય હોવાના) કોણ વધારે હકદાર છે ? (અને ભય પણ તે જે વાસ્તવમાં ભરોસાપાત્ર છે, એટલે કે આખિરતનો) જો તમે (કંઈ) જાણકારી રાખતા હોય.

મસ્અલા અને બોધપાઠ :

આ અગાઉની આયતોમાં રસૂલે કરીમ ﷺનું અરબના મુશ્રિકોને સંબોધન અને મૂર્તિપૂજા છોડીને માત્ર એક અલ્લાહની ઈબાદત કરવાના આમંત્રણનું વર્ણન હતું.

આ આયતોમાં એ જ સત્યના આમંત્રણનું સમર્થન એક ખાસ શૈલીમાં આપવામાં આવ્યું છે, જે પ્રાકૃતિક રીતે પણ અરબના નિવાસીઓ માટે રસપ્રદ હોઈ શકે છે અને તે એ કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.) તમામ અરબના આદ્યપિતા છે અને એટલા માટે સમગ્ર અરબ તેમની ઈજ્જત અને સન્માનમાં હંમેશા એકમતે હતા. આ આયતોમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના તે મુનાજરાનું વર્ણન કરવામાં આવ્યું છે જે તેમણે મૂર્તિપૂજા અને તારાઓની પૂજા વિરુદ્ધ પોતાની કૌમ સાથ કર્યો હતો અને પછી બધાને સત્ય તવહીદનો બોધપાઠ આપ્યો હતો.

પ્રથમ આયતમાં છે કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાના બાપ આઝરને કહ્યું કે, "તમે પોતાના હાથે બનાવેલ મૂર્તિઓને પોતાના મઅ્બૂદ બનાવી લીધા છે. હું તમને અને તમારી સમગ્ર કૌમને ગુમરાહ અને માર્ગ ભટકેલ જોઈ રહ્યો છું."

એવું પ્રખ્યાત છે કે, આઝર હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના બાપનું નામ છે અને મોટા ભાગના ઈતિહાસકારોએ તેમનું નામ "તારખ" (Tarakh) હોવાનું બતાવ્યું છે અને આઝર તેમનું ઉપનામ છે. ઈમામ રાઝી (રહ.) અને ઉલમાએ

સલફમાંથી એક વર્ગનું કહેવું છે કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના વાલિદનું નામ તારખ અને કાકાનું નામ આઝર છે. તેમના કાકા આઝર નમરૂદના પ્રધાન બન્યા પછી શિર્કમાં સંડોવાય ગયા હતા અને કાકાને બાપ કહેવું અરબી રૂઢિપ્રયોગમાં સામાન્ય રિવાજ છે. આ રૂઢિપ્રયોગ હેઠળ આયતમાં આઝરને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના બાપ કહેવામાં આવ્યા છે. ઝરકાનીની "શરહે મવાહિબ"માં તેની કેટલીય સાબિતીઓને નકલ કરવામાં આવી છે.

અકીદાઓ અને આચરણની સુધારણાનું આમંત્રણ પોતાના ઘર અને પોતાના કુટુંબથી શરૂ કરવું જોઈએ :

આઝર હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના વાલિદ હોય કે કાકા, મતલબ કે લોહીના સંબંધની રૂએ તે તેમના આદરણીય વડીલ હતા. હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ સૌ પ્રથમ સત્યનું આમંત્રણ પોતાના ઘરથી શરૂ કર્યું, જેમકે રસૂલુલ્લાહ ﷺને પણ તેનો હુકમ થયો છે. وَاَنْذِرْ عَشِيْرَتَكَ الْاَقْرَبِيْنَ (૨૬:૨૧૪) એટલે કે, પોતાના નજીકના સગાંઓને અલ્લાહના અઝાબથી ડરાવો અને રસૂલે કરીમ ﷺએ તે હુકમ હેઠળ સૌ પ્રથમ પોતાના કુટુંબને જ સફા પર્વત ઉપર ચઢીને સત્યનું આમંત્રણ આપવા ભેગા કર્યા.

તફસીરે બહરે મુહીતમાં છે કે, એનાથી જાણ થઈ કે જો કુટુંબમાં કોઈ આદરણીય વડીલ દીનના સાચા માર્ગ ઉપર ન હોય તો તેને સત્ય માર્ગ તરફ આમંત્રણ આપવું સન્માન વિરુદ્ધ બાબત નથી. બલકે, હમદર્દી અને ખૈરખ્વાહીનો તકાદો છે અને એ પણ જાણ થઈ કે, સત્યનું આમંત્રણ અને સુધારણાનું કામ પોતાના સગાં અને નજીકના લોકોથી શરૂ કરવું અંબિયા (અલૈ.)ની સુન્નત છે.

માનવો બે કોમોમાં વહેંચાયેલ છે; એક મુસલમાન અને બીજી કાફિર કોમ

વળી, આ આયતમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાના કુટુંબ અને પોતાની કૌમનો સંબંધ પોતાની સાથે જોડવાને બદલે બાપને એવું કહ્યું કે, "તમારી કૌમ ગુમરાહીમાં છે" તેમાં તે મહાન કુરબાનીની તરફ પણ ઈશારો છે કે, જે ઈબ્રાહીમ (અલૈ.)એ અલ્લાહના માર્ગમાં પોતાના મુશ્રિક સમાજથી સંબંધ કાપીને અદા કરી અને પોતાના આચરણ દ્વારા બતાવી આપ્યું કે, મુસલમાન કૌમની ઓળખ ઈસ્લામના સંબંધથી કાયમ થાય છે. વંશ અથવા વતન મુસ્લિમ

કોમથી જો વિપરીત હોય તો તે બધું છોડી દેવા પાત્ર છે.

ہزار خویش کہ بیگانہ از خدا باشد فدائے یک تنِ بیگانہ کآشنا باشد

પોતાના હજારો સગાં-સ્નેહીઓને છોડી દે કે જે અલ્લાહથી દૂર છે,
અને એક તે પારકો કે જે અલ્લાહથી સંબંધ ધરાવતો હોય તેના પર કુર્બાન થઈ જા.

કુર્આને કરીમે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની આ ઘટનાનું વર્ણન કરીને આવનારી ઉમ્મતોને માર્ગદર્શન આપ્યું છે કે, તે પણ તેમના પગલે ચાલે. ઈરશાદ છે કે,

قَدْ كَانَتْ لَكُمْ اُسْوَةٌ حَسَنَةٌ فِيْٓ اِبْرٰهِيْمَ وَالَّذِيْنَ مَعَهٗ اِذْ قَالُوْا لِقَوْمِهِمْ اِنَّا بُرَءٰٓؤُا مِنْكُمْ وَمِمَّا تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ (સૂરહ : ૬૦, આયત : ૪)

એટલે કે, ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ માટે "ઉસ્વએ હસનહ" અનુસરણ યોગ્ય છે. હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને તેમના સાથીઓનો એ અમલ કે, તેમણે પોતાના વતનના સમાજને સાફ સ્પષ્ટ કહી દીધું કે, અમે તમારાથી અને તમારા જૂઠા મઅ્બૂદોથી બેઝાર અને અળગા છે. અમારા અને તમારા વચ્ચે અદાવતની દિવાલ ત્યાં સુધી કાયમ છે જ્યાં સુધી તમે એક અલ્લાહની ઈબાદત ન અપનાવો.

જાણ થઈ કે, આ બે કૌમની વિચારધારા છે જેણે પાકિસ્તાન બનાવડાવ્યું, જેનું એ'લાન સૌ પ્રથમ હઝરત ખલીલુલ્લાહ ઈબ્રાહીમ (અલૈ.)એ કર્યું હતું. ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ અને અન્ય તમામ ઉમ્મતોએ સૂચના અને હિદાયત પ્રમાણે આ જ પદ્ધતિને અપનાવી. સામાન્ય રીતે મુસલમાનોમાં ઈસ્લામી એકતા મશ્હૂર થઈ ગઈ. હજ્જતુલ વદાઅ્ની મુસાફરીમાં રસૂલે કરીમ ﷺને એક કાફલો મળ્યો. આપ ﷺએ પૂછ્યું કે, તમે કઈ કૌમમાંથી છો ? તો જવાબ આપ્યો, نَحْنُ قَوْمٌ مُّسْلِمُوْنَ "અમે મુસ્લિમ કોમમાંથી છે." *(બુખારી)*

એમાં અરબના પ્રાચીન રિવાજ પ્રમાણે કોઈ કબીલા અથવા કુટુંબનું નામ લેવાના બદલે مُسْلِمُوْنَ (મુસ્લિમૂન) કહીને એ સાચી કૌમી ઓળખ બતાવવામાં આવી જે દુનિયાથી લઈ આખિરત સુધી ટકી રહેવાની છે. હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ આ સ્થળે પોતાના બાપને સંબોધન કરતી વખતે તો તેમની જ્ઞાતિનો સંબંધ તેમના તરફ જોડીને તેમનાથી પોતાની અલગતાનું એ'લાન કર્યું અને જે

સ્થળે કૌમથી પોતે અળગા હોવાનું અને સંબંધો કાપી નાંખવાનું એ'લાન કર્યું હતું તેને પોતાની સાથે જોડીને એ'લાન કર્યું. જેમકે આગલી આયતમાં છે, يَا قَوْمِ إِنِّي بَرِيءٌ مِّمَّا تُشْرِكُونَ એટલે કે, "હે મારી કોમ ! હું તમારા શિર્કથી બેઝાર (અળગો) છું." તેમાં એ તરફ ઈશારો છે કે, જો કે વંશ અને વતનના આધારે તમે મારી કૌમ છો પરંતુ તમારી શિર્કયુક્ત પ્રવૃત્તિઓએ મને તમારી જ્ઞાતિથી સંબંધ કાપવા માટે મજબૂર કરી દીધો છે.

હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની જ્ઞાતિ અને તેમના પિતા બેવડા શિર્કમાં સંડોવાયેલા હતા કે, મૂર્તિઓની પૂજા પણ કરતા હતા અને તારાઓની પણ; એટલા માટે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તે બંને બાબતો ઉપર પોતાના પિતા અને તેમની કૌમ સાથે મુનાજરો (Debate) કર્યો.

મૂર્તિપૂજા ઝિલ્લત અને ગુમરાહી હોવાનું પ્રથમ વર્ણન કર્યું, આગલી આયતોમાં તારાઓ ઈબાદતપાત્ર ન હોવાનું વર્ણન થયું અને એનાથી પહેલાં એક આયતમાં પ્રસ્તાવના સ્વરૂપે અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના એક ખાસ મોભા તથા તેમના જ્ઞાન અને દિર્ઘદષ્ટિના ઉચ્ચ સ્થાનને આ રીતે વર્ણન કર્યું. وَكَذَٰلِكَ نُرِي إِبْرَاهِيمَ مَلَكُوتَ السَّمَاوَاتِ وَالْأَرْضِ وَلِيَكُونَ مِنَ الْمُوقِنِينَ એટલે કે, અમે ઈબ્રાહીમ (અલૈ.)ને આસમાનો અને જમીનની મખ્લૂકોને એ રીતે બતાવી કે તેની બધી વસ્તુઓની વાસ્તવિકતા સ્પષ્ટ રીતે જાણ થઈ જાય અને તેનો વિશ્વાસ સંપૂર્ણ થઈ જાય. એનું જ પરિણામ હતું કે, જેને પાછળની આયતોમાં એક આશ્ચર્યજનક મુનાજરાના સ્વરૂપમાં પ્રસ્તુત કરવામાં આવ્યું.

દા'વત અને તબ્લીગ (ઇસ્લામના પ્રચાર-પ્રસાર)ના કામમાં વિવેકબુદ્ધિ અને યુક્તિથી કામ લેવું અંબિયા (અલૈ.)ની સુન્નત છે :

فَلَمَّا جَنَّ عَلَيْهِ اللَّيْلُ رَأَىٰ كَوْكَبًا ۖ قَالَ هَٰذَا رَبِّي એટલે કે, એક રાત્રે જ્યારે અંધકાર છવાઈ ગયો અને એક તારા ઉપર નજર પડી તો (ઈબ્રાહીમ અલૈ.એ) પોતાની કૌમને સંભળાવીને કહ્યું કે, (શું) આ તારો મારો પરવરદિગાર છે ? કહેવાનો મતલબ એ હતો કે, તમારી ધારણા અને માન્યતાની રૂએ શું આ જ મારો અને તમારો પાલનહાર છે ? હવે, થોડીવારમાં તેની વાસ્તવિકતા જોઈ લો. એટલા

માટે થોડા સમય પછી તે અસ્ત થઈ ગયો તો હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને પોતાની કૌમ ઉપર દલીલ કાયમ કરવાની તક મળી અને ફરમાવ્યું, لَآ اُحِبُّ الْاٰفِلِيْنَ તેમાં اٰفِلِيْنَ એ શબ્દ اُفُوْلٌથી બન્યો છે. જેનો અર્થ છે "અસ્ત થવું" (અથમાઈ જવું).

મતલબ એ છે કે, "હું અસ્ત થનાર વસ્તુની મહોબ્બત નથી રાખતો કે જેને ખુદા કે મઅ્બૂદ બનાવી દેવામાં આવે." દેખીતું છે કે, તે મઅ્બૂદ તો સૌથી વધારે પ્રેમ અને સન્માનનો અધિકારી હોવો જોઈએ. મવલાના રૂમી (રહ.)એ એક શે'રમાં એ જ ઘટનાને વર્ણન કરી છે,

خلیل آسا در ملک یقیں زن نوائے لَا اُحِبُّ الْاٰفِلِیْن زن

ખલીલુલ્લાહ (હઝરત ઈબ્રાહીમ અલૈ.)ની જેમ યકીનની બાબતમાં માનનાર બનીને "લા ઉહિબ્બુલ આફિલીન" (હું અસ્ત થનારને પસંદ નથી કરતો)નો નારો લગાવ.

ત્યારબાદ ફરી કોઈ બીજી રાત્રે ચમકતો ચંદ્ર નજરે પડ્યો ત્યારે ફરી પોતાની કૌમને તે જ પદ્ધતિ અપનાવી કહ્યું કે, તમારી માન્યતાઓ પ્રમાણે શું આ જ મારો પરવરદિગાર છે ? પરંતુ તેની હકીકત પણ થોડી વાર પછી સામે આવી જશે. એટલા માટે જ્યારે ચંદ્ર અથમાઈ ગયો તો ફરમાવ્યું, જો મારો પરવરદિગાર માર્ગદર્શન ન આપતો રહ્યો હોત તો હું પણ તમારી જેમ માર્ગ ભટકેલાઓમાં સામેલ થઈ ગયો હોત અને ચંદ્રને જ પોતાનો પરવરદિગાર અને મઅ્બૂદ સમજી બેઠો હોત, પરંતુ તેના ઊગવા અને આથમવાની સમગ્ર પરિસ્થિતિઓએ મને ચેતવણી આપી દીધી કે આ તારાઓ પણ ઈબાદત કરવા પાત્ર નથી.

આ આયતમાં એ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો કે, મારો પરવરદિગાર કોઈ અન્ય છે, જે એકમાત્ર અલાહ છે, જેના તરફથી મને માર્ગદર્શન થતું રહે છે.

ત્યારબાદ એક દિવસે સૂર્ય નીકળતો જોયો તો ફરી પોતાની કૌમને સંભળાવીને એ જ પદ્ધતિથી ફરમાવ્યું કે, શું તમારી માન્યતા અને ધારણા પ્રમાણે આ જ મારો પરવરદિગાર છે ? આ તો સૌથી મોટો છે પરંતુ એ મોટાની વાસ્તવિકતા પણ અને એનું સ્વરૂપ પણ ઘણું જ જલદી તમારી સામે આવી જશે. એટલા માટે સૂર્ય પણ પોતાના સમયે અસ્ત થઈ ગયો ત્યારે પોતાની કૌમ ઉપર અંતિમ દલીલ પૂર્ણ કર્યા પછી હવે મૂળ વાસ્તવિકતાને સ્પષ્ટ રીતે વર્ણન કરી

يَا قَوْمِ إِنِّي بَرِيءٌ مِّمَّا تُشْرِكُونَ એટલે કે, "હે મારી કોમ ! હું તમારા આ શિર્કયુક્ત વિચારોથી અળગો છું કે તમે અલ્લાહ તઆલાની મખ્લૂક (સર્જન)ને જ અલ્લાહના ભાગીદાર બનાવી રાખ્યા છે."

ત્યારબાદ એ વાસ્તવિકતા બતાવી દીધી કે, મારો અને તમારો પરવરદિગાર પાલનહાર આ બધી મખ્લૂકોમાંથી કોઈ નથી હોઈ શકતો, જે પોતે પોતાના અસ્તિત્વમાં અન્યનો મોહતાજ છે અને દરેક સમયે તે ઊગવા–આથમવા કે સવાર–સાંજ જેવા પરિવર્તનોમાં ઘેરાયેલા હોય છે. બલકે, આપણા સૌનો પાલનહાર તો તે છે જેણે આસમાનો અને જમીન અને તેમાં અસ્તિત્વ ધરાવનાર તમામ મખ્લૂકને પેદા કરી છે. એટલા માટે મેં પોતાની દિશા તમારી બધી પોતે કંડારેલ મૂર્તિઓ અને પરિવર્તન તથા ઊગવા–આથમવાના ચક્રમાં ઘેરાયેલ તારાઓથી ફેરવીને ફક્ત એક અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા વહ્દહુ લા શરીક લહુ તરફ કરી લીધી છે અને હું તમારી જેમ મુશ્રિકોમાંથી નથી.

આ મુનાજરાની ઘટનામાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાની પયગમ્બર તરીકેની હિકમત, વિવેકબુદ્ધિ અને શિખામણથી કામ લઈને એક ઝટકે તેમની તારાઓની પૂજા કરવાની રીતને ખોટી અને ગુમરાહી ન ઠરાવી બલકે, એક એવી રીત અપનાવીને એવો શિરસ્તો કાયમ કર્યો, જેનાથી દરેક બુદ્ધિશાળી વ્યક્તિના દિલ અને દિમાગ પોતે પ્રભાવિત થઈને વાસ્તવિકતાને ઓળખી લે. હા! મૂર્તિપૂજા વિરુદ્ધ વાત કરવામાં પ્રથમથી જ કઠોરતા અપનાવી અને પોતાના બાપ અને સમગ્ર કૌમને મૂર્તિપૂજાની ગુમરાહીમાં ભટકેલા હોવાની સ્પષ્ટ વાત વર્ણન કરી. કારણ એ હતું કે, મૂર્તિપૂજાનું અયોગ્ય અને ગુમરાહી હોવું બિલકુલ સ્પષ્ટ છે અને જાહેર બાબત છે. જ્યારે તારાઓની પૂજાની ગુમરાહી મૂર્તિપૂજા જેટલી સ્પષ્ટ અને ખુલ્લી ન હતી.

અત્રે એ વાત પણ વિચાર કરવા યોગ્ય છે કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તારાઓની પૂજા વિરુદ્ધ પોતાની કૌમ સામે જે દલીલો વર્ણન કરી છે તેનો ખુલાસો એ છે કે, જે વસ્તુ પરિવર્તનશીલ હોય અને તેની પરિસ્થિતિ સતત બદલાતી રહેતી હોય અને તે પોતાની ગતિઓમાં કોઈ અન્ય શક્તિના આધીન હોય તે કદાપિ એના લાયક નથી કે તેને પોતાનો પાલનહાર ઠરાવી લેવામાં આવે. આ દલીલોમાં તારાઓના ઊગવા, અસ્ત થવા અને તે વચ્ચેની બધી જ પરિસ્થિતિઓની દલીલો

કરી શકાતી હતી કે, તે પોતાની ગતિઓમાં પોતે સ્વતંત્ર નથી, કોઈના હુકમના આધીન એક નિશ્ચિત માર્ગ ઉપર ગતિ કરી રહેલ છે. પરંતુ હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)એ આ બધી પરિસ્થિતિઓ અને સ્વરૂપોમાંથી દલીલો માટે ફક્ત તારાઓના અસ્ત થવાની બાબતને રજૂ કરી. કારણ કે, તેનું અથમાઈ જવું સામાન્ય લોકોની નજરોમાં તેનું પતન સમજવામાં આવે છે અને અંબિયા (અલૈ.)ની સામાન્ય રીતે દલીલ કરવાની શૈલી એ જ હોય છે કે, તેઓ સામાન્ય જનતાના માનસ ઉપર પ્રભાવ પાડી શકે તેવા ફિલસુફીયુક્ત સંશોધનો પાછળ વધારે નથી પડતા. બલકે, સામાન્ય માનસિકતા પ્રમાણે સંબોધન કરે છે, એટલા માટે તે તારાઓના પતન અને તેના પ્રભાવહીન હોવાનું સાબિત કરવા માટે તેના અસ્ત થવાની બાબતને રજૂ કરી, નહિતર તેમના લાચાર અને અશક્ત કે આપમેળે સ્વતંત્ર ન હોવાના આધારે તેના ઊગવાને પણ દલીલ બનાવી શકાતી હતી અને ત્યાર પછી અસ્ત થતા પહેલાં જેટલા પણ પરિવર્તનો ઉપસ્થિત થાય છે તેને પણ દલીલ બનાવી શકાતી હતી.

ઇસ્લામના પ્રચારકો માટે અમુક સૂચનાઓ :

હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની મુનાજરાની આ શૈલી ઉલમા અને પ્રચારકો માટે અમુક મહત્ત્વના માર્ગદર્શન પૂરા પાડે છે. પ્રથમ એ કે, કૌમોની તબ્લીગ અને સુધારણામાં અમુક સ્થળે સખતી, કઠોરતા યોગ્ય છે અને અમુક સ્થળે નમ્રતા બલકે, દરેકની એક ચોક્કસ પરિસ્થિતિ અને મર્યાદા હોય છે. એટલા માટે મૂર્તિપૂજાના અનુસંધાને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ સખત અને કઠોર શબ્દો અપનાવ્યા છે. કારણ કે, તેમની તે ગુમરાહીને પ્રત્યક્ષ રીતે જોઈ શકાય છે અને તારાઓની પૂજાની ઘટનામાં આવા કઠોર શબ્દોનો ઉપયોગ નથી કર્યો બલકે, એક ખાસ યુક્તિપૂર્વક વાસ્તવિકતાને કૌમના દિમાગોમાં ઘર કરાવી. કારણ કે, ગ્રહો અને તારાઓ લાચાર અને પોતે કોઈ શક્તિ ધરાવતા ન હોવાનું એટલું સ્પષ્ટ અને ખુલ્લું ન હતું જેટલું પોતે કંડાળેલ મૂર્તિઓનું. એનાથી જાણ થાય છે કે, સામાન્ય લોકો જો કોઈ એવી ભૂલમાં સપડાયા હોય જે ભૂલ અથવા ગુમરાહી હોવું સામાન્ય દૃષ્ટિથી સ્પષ્ટ ન થતું હોય તો આલિમો, વિદ્વાનો, મુબલ્લિગો અને પ્રચારકોએ કઠોર થવાને બદલે તેમની શંકાઓ દૂર કરવાની યુક્તિ અપનાવવી જોઈએ.

બીજું માર્ગદર્શન તેમાં એ છે કે, સત્યની જાહેરાત અને હકીકત માટે તેમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ કૌમને એવું સંબોધન ન કર્યું કે, તમે આવું ન કરો. બલકે, પોતાની પરિસ્થિતિ બતાવી કે, હું તો તે ઊગવા અને આથમવાના ચક્કરમાં પડેલ ચીજ–વસ્તુઓને ઈબાદતપાત્ર ઠરાવી નથી શકતો. એટલા માટે હું મારી દિશા એક એવી હસ્તી તરફ કરી લઉં છું, જે આ બધી વસ્તુઓને પેદા કરનારો અને પોષણ આપનારો છે. મકસદ તો એ જ હતો કે, તમારે પણ આવું જ કરવું જોઈએ પરંતુ હિકમતયુક્ત અંદાઝમાં સ્પષ્ટ સંબોધનથી બચીને આ રીતે ફરમાવ્યું, જેથી તેઓ જીદ અને હઠ ન કરી બેસે. એનાથી જાણ થઈ કે, સુધારકો અને પ્રચારકોનું ફક્ત એ કામ નથી કે, સત્ય વાતને જેવી રીતે ઈચ્છે કહી નાંખે. બલકે, એમના માટે જરૂરી છે કે એવા અંદાઝ અને ઢબથી કહે કે જે લોકો ઉપર પ્રભાવશાળી હોય અને અસર પાડી શકે.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૮૨ થી ૮૯)

اَلَّذِيْنَ اٰمَنُوْا وَلَمْ يَلْبِسُوْٓا اِيْمَانَهُمْ بِظُلْمٍ اُولٰٓئِكَ لَهُمُ الْاَمْنُ وَهُمْ مُّهْتَدُوْنَ ﴿٨٢﴾ ع
وَتِلْكَ حُجَّتُنَآ اٰتَيْنٰهَآ اِبْرٰهِيْمَ عَلٰى قَوْمِهٖ ۭ نَرْفَعُ دَرَجٰتٍ مَّنْ نَّشَاۗءُ ۭ اِنَّ رَبَّكَ
حَكِيْمٌ عَلِيْمٌ ﴿٨٣﴾ وَوَهَبْنَا لَهٗٓ اِسْحٰقَ وَيَعْقُوْبَ ۭ كُلًّا هَدَيْنَا ۚ وَنُوْحًا هَدَيْنَا
مِنْ قَبْلُ وَمِنْ ذُرِّيَّتِهٖ دَاوٗدَ وَسُلَيْمٰنَ وَاَيُّوْبَ وَيُوْسُفَ وَمُوْسٰى وَهٰرُوْنَ ۭ
وَكَذٰلِكَ نَجْزِي الْمُحْسِنِيْنَ ﴿٨٤﴾ وَزَكَرِيَّا وَيَحْيٰى وَعِيْسٰى وَاِلْيَاسَ ۭ كُلٌّ مِّنَ
الصّٰلِحِيْنَ ﴿٨٥﴾ وَاِسْمٰعِيْلَ وَالْيَسَعَ وَيُوْنُسَ وَلُوْطًا ۭ وَكُلًّا فَضَّلْنَا عَلَي الْعٰلَمِيْنَ ﴿٨٦﴾
وَمِنْ اٰبَاۗىِٕهِمْ وَذُرِّيّٰتِهِمْ وَاِخْوَانِهِمْ ۚ وَاجْتَبَيْنٰهُمْ وَهَدَيْنٰهُمْ اِلٰى صِرَاطٍ
مُّسْتَقِيْمٍ ﴿٨٧﴾ ذٰلِكَ هُدَى اللّٰهِ يَهْدِيْ بِهٖ مَنْ يَّشَاۗءُ مِنْ عِبَادِهٖ ۭ وَلَوْ اَشْرَكُوْا
لَحَبِطَ عَنْهُمْ مَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٨٨﴾ اُولٰۗىِٕكَ الَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ وَالْحُكْمَ
وَالنُّبُوَّةَ ۚ فَاِنْ يَّكْفُرْ بِهَا هٰٓؤُلَاۗءِ فَقَدْ وَكَّلْنَا بِهَا قَوْمًا لَّيْسُوْا بِهَا بِكٰفِرِيْنَ ﴿٨٩﴾

તરજુમો :

જે લોકો ઈમાન (યકીન) લઈ આવ્યા અને તેમણે પોતાના ઈમાનને કોઈ અન્યાય (નુકસાન) સાથે ભેળવ્યું નહીં તેમના જ માટે શાંતિ છે અને તેઓ જ સીધા માર્ગ ઉપર છે. (૮૨) અને આ અમારી દલીલ છે કે (જે) અમે ઈબ્રાહીમ (અલૈ.)ને તેમની કોમના મુકાબલામાં આપી હતી, અમે જેના ઈચ્છીએ દરજ્જા બુલંદ કરીએ છીએ, બેશક ! તમારો પરવરદિગાર હિકમતવાળો સર્વજ્ઞ છે. (૮૩) અને અમે બખ્શ્યા ઈબ્રાહીમ (અલૈ.)ને ઈસ્હાક (અલૈ.) અને યાકૂબ (અલૈ.); સૌને અમે હિદાયત આપી છે, અને નૂહ (અલૈ.)ને અમે તે સૌથી પહેલાં હિદાયત કરી અને તેમની અવલાદમાંથી દાવુદ (અલૈ.) અને સુલયમાન (અલૈ.) અને અય્યૂબ (અલૈ.) અને યૂસુફ (અલૈ.) અને મૂસા (અલૈ.) અને હારૂન (અલૈ.)ને; અને અમે એ જ રીતે નેક કામવાળાઓને બદલો આપ્યા કરીએ છીએ. (૮૪) અને ઝકરિય્યા (અલૈ.), અને યહ્યા (અલૈ.) અને ઈસા (અલૈ.) અને ઈલ્યાસ (અલૈ.)ને; સૌ સાલિહીન (નેકો)માંથી છે. (૮૫) અને ઈસ્માઈલ (અલૈ.) અને યસઅ (અલૈ.) અને યૂનુસ (અલૈ.)ને અને લૂત (અલૈ.)ને અને સૌને અમે સમગ્ર દુનિયાવાળાઓ ઉપર બુઝુર્ગી (શ્રેષ્ઠતા) આપી. (૮૬) અને અમે તેમના બાપદાદાઓમાંથી અમુકને હિદાયત કરી અને તેમની અવલાદમાંથી અને ભાઈઓમાંથી અને અમે તેમને પસંદ કર્યા અને સીધા માર્ગે ચલાવ્યા. (૮૭) આ અલ્લાહની હિદાયત છે જેને ચાહે પોતાના બંદાઓમાંથી એના ઉપર ચલાવે છે અને જો આ લોકોએ શિર્ક કર્યું હોત તો અલબત્ત નકામું થઈ ગયું હોત જે કંઈ તેમણે કર્યું હતું. (૮૮) આ જ લોકો હતા જેમને અમે કિતાબ અને શરીઅત આપી અને નુબુવ્વત, પછી જો તે વાતોને (મક્કાવાળા) ન માને તો અમે તે વાતો માટે એવા લોકો નક્કી કરી દીધા છે જેઓ તેના ઈન્કારી નથી. (૮૯)

તફસીર :

જે લોકો (અલ્લાહ ઉપર) ઈમાન રાખે છે અને પોતાના (આ) ઈમાનને શિર્ક સાથે ભેળસેળ નથી કરતા તેવા લોકો માટે જ (કયામતમાં) શાંતિ છે અને

તેઓ જ (દુનિયામાં) સીધા માર્ગ ઉપર ચાલી રહ્યા છે (અને તેઓ ફક્ત એક અલ્લાહમાં માનનારા છે અને તેઓ મુશ્રિકોથી ભિન્ન માન્યતા ધરાવે છે કારણ કે તે મુશ્રિકો તો કહેવા માટે તો ખુદા ઉપર ઈમાન રાખે છે, કારણ કે તેઓ ખુદાની માન્યતામાં તો માને છે પરંતુ સાથે સાથે શિર્ક પણ કરે છે જેનાથી શરઈ ઈમાનનો નકાર થઈ જાય છે, જ્યારે કે ફક્ત એક અલ્લાહમાં માનનારા શાંતિ પ્રાપ્ત કરનારા છે, બસ આવા સ્વરૂપમાં તમે પોતે ડરો, ન કે મને ડરાવો. જ્યારે કે, ન તો તમારો મઅ્બૂદ ડરવાપાત્ર છે અને ન જ કોઈ કાર્ય મેં ડરવા જેવું કર્યું છે અને ન જ હું દુનિયાના ડર કે ભય ઉપર ભરોસો કરું છું અને તમારી પરિસ્થિતિ ત્રણે સ્વરૂપો આધારે ભય પામવા જેવી છે) અને આ (દલીલ જે હઝરત ઈબ્રાહીમ અલૈ.એ તવહીદ માટે કાયમ કરી હતી) અમારી (આપેલ) દલીલ હતી, તે અમે ઈબ્રાહીમ (અલૈ.)ને તેમની કોમના મુકાબલામાં આપી હતી (જ્યારે અમારી આપેલી હતી તો ચોક્કસ ઉચ્ચ પ્રકારની દલીલ હતી અને ઈબ્રાહીમ અલૈ.ની શું વિશેષતા છે ? બલકે,) અમે (તો) જેને ઈચ્છીએ છીએ (ઈલ્મી અને અમલી) દરજ્જાઓમાં વધારી આપીએ છીએ (એટલા માટે બધા અંબિયા અલૈ.ને આ શ્રેષ્ઠ દરજ્જાઓ અર્પણ કર્યા). બેશક ! તમારો પરવરદિગાર સઘળું જાણનારો અને મહાન હિકમતવાળો છે (કે દરેકની પરિસ્થિતિ અને સામર્થ્યને જાણે છે અને દરેકને યોગ્ય પ્રમાણમાં ગુણ અને વિશેષતાઓ અર્પણ કરે છે) અને (અમે જે પ્રમાણે ઈબ્રાહીમ અલૈ.ને વ્યક્તિગત વિશેષતા, જ્ઞાન અને આચરણ આપ્યું હતું એ જ પ્રમાણે વિશેષ ગુણોથી પણ નવાજ્યા હતા કે, તેમની મુખ્ય અને ગૌણ બધી જ બાબતોની વિશેષતાઓ ઘણા બધાને આપી. જેમકે) અમે તેમને (એક પુત્ર) ઈસ્હાક આપ્યો અને (એક પૌત્ર) યાકૂબ (આપ્યો, તેનાથી બીજી અવલાદનો ઈન્કાર નથી થતો અને બંને બુઝૂર્ગોમાંથી) દરેકને (સત્ય માર્ગની) અમે હિદાયત કરી અને (ઈબ્રાહીમ અલૈ.થી) અગાઉના યુગમાં અમે નૂહ (અલૈ.)ને (જેમનું ઈબ્રાહીમ અલૈ.ના વડવાઓમાંથી હોવું પ્રખ્યાત છે અને વાસ્તવમાં ગૌણ બાબતોની શ્રેષ્ઠતામાં પણ સત્યની રીતભાત જ પ્રભાવશાળી હોય છે) હિદાયત કરી અને તેઓ (ઈબ્રાહીમ અલૈ.)ની અવલાદ (લુગ્વી અથવા ઉર્ફી અથવા શરઈ)માંથી (અંતિમ સુધી જેટલા પણ આવ્યા છે સૌને સત્ય માર્ગની હિદાયત કરી, એટલે કે) દાવુદ (અલૈ.)ને અને (તેમના પુત્ર) સુલયમાન (અલૈ.)ને અને

અય્યૂબ (અલૈ.)ને અને યુસૂફ (અલૈ.)ને અને મૂસા (અલૈ.)ને અને હારૂન (અલૈ.)ને (સત્ય માર્ગની હિદાયત કરી) અને (જ્યારે આ હિદાયત ઉપર તેઓ ચાલ્યા તો અમે તેમને સારો બદલો પણ સવાબ અને મારી વધારે નિકટતાના સ્વરૂપમાં આપ્યો અને જે રીતે નેક કાર્યો ઉપર તેમને સારો બદલો આપ્યો) એવી જ રીતે (અમારી ટેવ છે કે) અમે નેક કામ કરનારાઓને (યોગ્ય) બદલો આપ્યા કરીએ છીએ અને વળી, (અમે સત્યની હિદાયત કરી) ઝકરિય્યા (અલૈ.)ને અને (તેમના પુત્ર) યહ્યા (અલૈ.)ને અને ઈસા (અલૈ.)ને અને ઇલ્યાસ (અલૈ.)ને; (અને આ) સૌ (બુઝૂર્ગો) સંપૂર્ણ સમજદાર લોકોમાંથી હતા અને વળી (અમે સત્ય માર્ગની હિદાયત આપી) ઈસ્માઈલ (અલૈ.)ને અને અલ-યસઅ્ (અલૈ.)ને અને યુનૂસ (અલૈ.) અને લૂત (અલૈ.) અને (તેમનામાંથી) દરેકને (પોત-પોતાના સમયકાળમાં) સમગ્ર દુનિયાવાળાઓ ઉપર (નુબુવ્વતથી) અમે શ્રેષ્ઠતા અર્પી અને વળી તેઓના (એટલે કે પ્રસ્તુત બુઝૂર્ગોના) અમુક બાપ-દાદાઓને અને અમુક અવલાદને અને અમુક ભાઈઓને (અમે સત્ય માર્ગની હિદાયત આપી) અને અમે તેઓ (સૌ)ને સત્ય માર્ગ (એટલે કે, દીને હક)ની હિદાયત કરી (અને તે દીન જેની તે સૌને હિદાયત થઈ હતી) અલ્લાહની (તરફથી જે) હિદાયત (હોય છે) તે આ જ (દીન) છે; પોતાના બંદાઓમાંથી જેને ઇચ્છે તેને હિદાયત (એટલે કે મંઝિલ ઉપર પહોંચાડવાના સ્વરૂપમાં) આપે છે (એટલા માટે હવે જે લોકો મોજૂદ છે તેમને પણ આ જ હિદાયત આ અર્થથી થઈ કે તેમને સીધો માર્ગ બતાવી આપ્યો, પછી મંઝિલ ઉપર પહોંચવું અથવા ન પહોંચવું તેમનું કામ છે પરંતુ તેમનામાંથી અમુકે તેને છોડીને શિર્ક અપનાવી લીધું) અને (શિર્ક એટલી બધી અપ્રિય વસ્તુ છે કે, જે નબી નથી તેમની તો વાત જ શું કરવી ?) જો ધારી લો કે આ લોકો (એટલે કે પ્રસ્તુત અંબિયા અલૈ.) પણ (નઊઝુબિલ્લાહ) શિર્ક કર્યું હોત તો જે કંઈ તેઓ (નેક) અમલો કરતા હતા તે બધા બેકાર થઈ ગયા હોત. (આગળ નુબુવ્વતના મસ્અલા તરફ ઈશારો છે કે,) આ (જેટલા પ્રસ્તુત અંબિયાઓ થયા છે તેઓ એવા હતા કે અમે તેમને મજબૂત આસમાની) કિતાબ અને હિકમત(નું જ્ઞાન) અને નુબુવ્વત અર્પણ કરી હતી (તો નુબુવ્વત કોઈ આશ્ચર્યજનક ઘટના નથી કે આ કાફિર લોકો તેના ઇન્કારી થઈ રહ્યા છે, કારણ કે હકીકત નજર સમક્ષ છે.) બસ, જો (ઉદાહરણ ઉપસ્થિત હોવા છતાં પણ) આ

લોકો (તમારી) નુબુવ્વતનો ઈન્કાર કરે તો (આપ ﷺ દિલગીર ન થાઓ કારણ કે) અમે તેને (માની લેવા) માટે ઘણા લોકો નક્કી કરી આપ્યા છે (એટલે કે મુહાજિરો અને અનસાર) જેઓ તેના ઈન્કારી નથી.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોથી અગાઉની આયતોમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નું પોતાના પિતા આઝર અને સમગ્ર નમરૂદની કૌમ સાથેના વાર્તાલાપનું વર્ણન ઉપસ્થિત હતું, જેમની મૂર્તિપૂજા અને તારાઓની પૂજા વિરુદ્ધ મજબૂત ગવાહીઓ રજૂ કરીને પાછળની પ્રસ્તુત આયતોમાં પોતાની કૌમને સંબોધન કર્યું કે, તમે મને પોતાની મૂર્તિઓથી ડરાવો છો કે, હું તેનો ઈન્કાર કરીશ તો તે મને બરબાદ કરી નાંખશે ?! જ્યારે કે, ન તો મૂર્તિઓમાં એવી કોઈ શક્તિ છે અને ન જ મેં કોઈ એવું કામ કર્યું છે જેના પરિણામે મને કોઈ નુકસાન થાય. બલકે, ડરવું તો તમારે જોઈએ કે, તમે એવો સખત અપરાધ કર્યો છે કે, અલ્લાહની મખ્લૂક બલકે મખ્લૂકના સમૂહને અલ્લાહના ભાગીદાર અને સમકક્ષ ઠરાવી દીધા અને વળી, અલ્લાહ તઆલાનું સર્વજ્ઞ અને સર્વવ્યાપી તથા સર્વશક્તિમાન હોવાનું પણ કોઈ બુદ્ધિશાળીથી છૂપું નથી, તો હવે તમે પોતે વિચાર કરીને બતાવો કે, શાંતિ અને સલામતીનો કોણ વધારે હકદાર છે ? અને કોણે ડરવું જોઈએ ?

આ આયતોમાંથી પ્રથમ આયતમાં આ વિષય રજૂ કરીને બતાવ્યું કે, અઝાબથી શાંતિ અને સલામતી માત્ર તે લોકો માટે જ હોઈ શકે છે જેઓ અલ્લાહ ઉપર ઈમાન લાવ્યા અને પછી પોતાના ઈમાનમાં કોઈ અત્યાચારની ભેળસેળ ન કરી. હદીષમાં છે કે, જ્યારે આ આયત નાઝિલ થઈ તો સહાબએ કિરામ (રદિ.) હેબતાઈ ગયા અને વિનંતી કરી, "યા રસૂલુલ્લાહ ﷺ ! અમારામાંથી કોણ એવો છે જેણે પોતાની જાત ઉપર ગુનાહ દ્વારા કોઈ અત્યાચાર ન કર્યો હોય ? અને આ આયતમાં અઝાબથી સલામત હોવાની શરત છે કે ઈમાનની સાથે સાથે કોઈ અત્યાચાર ન કર્યો હોય તો પછી અમારા છુટકારાનો શું માર્ગ છે ?" રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "તમે આ આયતનો સાચો અર્થ સમજ્યા નથી. આયતમાં જુલમ (અત્યાચાર)નો અર્થ શિર્ક છે," જેમકે એક બીજી આયતમાં પણ ઈરશાદ છે, اِنَّ الشِّرْكَ لَظُلْمٌ عَظِيْمٌ (૩૧ : ૧૩) એટલા માટે આ આયતનો અર્થ એ છે

કે, જે વ્યક્તિ ઈમાન લાવે, પછી અલ્લાહની જાત અને તેની સિફતોમાં કોઈને ભાગીદાર ન ઠરાવે તે અઝાબથી સલામત અને હિદાયત પામી ચૂકેલ છે.

ખુલાસો એ છે કે મૂર્તિઓ, પથ્થરો, વૃક્ષો, તારાઓ, નદીઓને પૂજનાર મખ્લૂક પોતાની મુર્ખાઈથી આ બધી વસ્તુઓને સર્વાધિકારી સમજે છે અને તેમની ઈબાદત છોડી દેવાથી ડરે છે કે, કદાચ આ વસ્તુઓ કંઈ નુકસાન ન પહોંચાડે. હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)એ ખૂબ સચોટ વાત દર્શાવી કે, અલ્લાહ રબ્બુલ ઈજ્જત જે તમારા દરેક કાર્યને જાણનારો છે અને તમારા પ્રત્યેક ભલા અને બુરા ઉપર કાબૂ પણ ધરાવે છે તેનાથી તો તમે ડરતા નથી કે તેનો વિરોધ કરવાથી કોઈ મુસીબત આવી જશે અને જે વસ્તુઓમાં ન તો જ્ઞાન છે, ન જ શક્તિ છે તેનાથી આ પ્રમાણે ડરો છો ? આ માત્ર મૂર્ખાઈ અને બુદ્ધિહીનતા નથી તો શું છે ? ડરવું તો ફક્ત અલ્લાહ તઆલાથી જોઈએ અને તેના ઉપર જેનું ઈમાન છે તે વ્યક્તિને કોઈ ભય નથી.

આ આયતમાં وَلَمْ يَلْبِسُوٓا اِيْمَانَهُمْ بِظُلْمٍ ફરમાવ્યું છે, તેમાં જુલમને તો રસૂલે કરીમ ﷺના ખુલાસા પ્રમાણે શિર્ક સમજવામાં આવે છે. તેનાથી સામાન્ય ગુનાહો અર્થમાં લેવાના નથી. પરંતુ શબ્દ بِظُلْمٍ નો نکرہ લાવીને અરબી ભાષાના કાયદા પ્રમાણે તેને સર્વસામાન્ય બનાવી દેવામાં આવ્યું, જેમાં દરેક પ્રકારનું શિર્ક સામેલ છે અને શબ્દ لَمْ يَلْبِسُوٓا એ لُبْس થી બને છે, જેનો એક અર્થ છે, "ઓઢવું" અથવા "ભેળસેળ કરવું." આમ, આયતનો અર્થ એ થયો કે, જે વ્યક્તિ પોતાના ઈમાનમાં કોઈ પ્રકારના શિર્કને ભેળવી દે, એટલે કે, અલ્લાહ તઆલાની બધી વિશેષ સિફતોને માનવા છતાં ગયરૂલ્લાહને તેની અમુક સિફતોનો ભાગીદાર સમજે તો તે શાંતિ અને ઈમાનથી બાકાત છે.

આ આયતથી જાણ થઈ કે, શિર્ક ફક્ત એ નથી કે કોઈ જાહેર રીતે ખુલ્લમ-ખુલ્લો મુશ્રિક અથવા મૂર્તિપૂજક બની જાય. બલકે, તે વ્યક્તિ પણ મુશ્રિક છે જે મૂર્તિપૂજા નથી કરતો અને ઇસ્લામનો કલિમો પઢે છે પરંતુ કોઈ ફરિશ્તા અથવા રસૂલ અથવા વલીને અલ્લાહની અમુક ખાસ સિફતોનો ભાગીદાર ઠરાવે, એમાં તે સામાન્ય લોકો માટે સખત ચેતવણી છે જે અલ્લાહના વલીઓને અને તેમની કબરોને જરૂરિયાતો પૂરી કરનાર સમજે છે અને અમલી

રીતે તેમને એવા સમજે છે કે જાણે ખુદાઈના અધિકારો તેમના હવાલે કરવામાં આવ્યા છે. નઊઝુબિલ્લાહ.

બીજી આયતમાં અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ જે પોતાની કૌમ સાથેના મુનાજરામાં ઉઘાડો વિજય પ્રાપ્ત કર્યો અને તેમને મૂંગામંતર કરી દીધા તે બધું અમારું ઈનામ હતું, અમે જ તેમને તે સત્ય વિચારસરણી અર્પણ કરી પછી તેમને સ્પષ્ટ દલીલો બતાવવામાં આવી માટે કોઈને પોતાની બુદ્ધિ, સમજ અથવા વક્તૃત્વ કળા ઉપર અભિમાન ન હોવું જોઈએ. અલ્લાહ તઆલાની મદદ અને સહાયતા વિના કોઈનો બેડો પાર થતો નથી. માત્ર માણસની બુદ્ધિ સત્ય સમજવા માટે પૂરતી નથી જેનો અનુભવ રોજ બરોજ થતો રહે છે કે મોટા-મોટા નિષ્ણાત ફિલોસોફરો ખોટા માર્ગે ચાલી નીકળે છે અને ઘણા અજ્ઞાન અને અભણ સાચી માન્યતા અને વિચારસરણીના પાબંદ બની જાય છે. મવલાના રૂમીએ ખૂબ સરસ કહ્યું છે,

بے عنایاتِ حق وخاصانِ حق گر ملک باشد سیہ ہستش ورق

હક્ક તઆલા અને હક્ક તઆલાના લાડલાઓની મહેરબાની વિના
જો ફરિશ્તો પણ હશે તો તેનું આ'માલનામું કાળું હશે.

અંતિમ આયતમાં ફરમાવ્યું, نَرْفَعُ دَرَجٰتٍ مَّنْ نَّشَآءُ એટલે કે, "અમે જેને ઈચ્છીએ છીએ દરજ્જાઓ બુલંદ કરી આપીએ છીએ" એમાં ઈશારો છે કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને સમગ્ર દુનિયામાં અને કયામત સુધી આવનાર સમગ્ર વંશજોમાં એક ખાસ પ્રકારનું સન્માન અને સ્થાન અર્પણ થયું કે યહૂદી, નસારા, મુસલમાનો, બૌદ્ધો વગેરે બધા જ તેમને માનની નજરે જૂએ છે અને તેમનું સન્માન કરતા ચાલ્યા આવે છે. આ પણ અલ્લાહની જ કૃપા અને ઈનામ છે, તેમાં કોઈના કાર્ય કે ઈરાદાની કોઈ દખલગીરી નથી.

ત્યારબાદ છ આયતોમાં સત્તર અંબિયા (અલૈ.)ની યાદી ગણાવવામાં આવી છે, જેમાંથી અમુક લોકો હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના દાદા-પરદાદાઓ છે અને મોટા ભાગના તેમની અવલાદ છે, અને અમુક તેમના ભાઈ-ભત્રીજા છે. આ આયતમાં એક બાજુ તો એ લોકોનું હિદાયત ઉપર હોવાનું, નેક હોવાનું અને સીધા માર્ગ ઉપર હોવાનું વર્ણન થયું છે અને એ બતાવવામાં આવ્યું છે કે, અલ્લાહ

તઆલાએ પોતાના દીનની સેવા માટે તેમને ચૂંટી કાઢીને સ્વીકારી લીધા છે અને બીજી બાજુ એ બતાવી આપ્યું છે કે, ઈબ્રાહીમ (અલૈ.)એ અલ્લાહના માર્ગમાં પોતાના બાપ, કૌમ અને વતનને પણ છોડી દીધું હતું તો અલ્લાહ તઆલાએ આખિરતના મહાન દરજ્જાઓ આપ્યા અને કાયમી, અજોડ અને અકલ્પનીય રાહતોથી શરૂઆતમાં દુનિયામાં પણ નવાજ્યા અને પોતાની કૌમથી વધારે ઉત્તમ કક્ષાના લોકો અને પોતાના વતનથી શ્રેષ્ઠ કક્ષાનું વતન અર્પણ કર્યું અને એ મહાન કૃપા અર્પણ કરી કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પછી કયામત સુધી જેટલા નબીઓ અને રસૂલો થતા ગયા તે બધા તેમની અવલાદમાંથી છે. એક શાખા જે હઝરત ઈસ્હાક (અલૈ.)થી ચાલી એમાં સમગ્ર બની ઈસ્રાઈલના અંબિયા (અલૈ.) આવ્યા અને બીજી શાખા જે હઝરત ઈસ્માઈલ (અલૈ.)થી ચાલી તેમાં સય્યિદુલ અવ્વલીન વ આખિરીન નબિયુલ અંબિયા ખાતમુન્નબિય્યિન ﷺ પેદા થયા અને આ બધા હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના વંશજો છે. એનાથી એ પણ જાણ થઈ કે, જો કે માન-સન્માન, અપમાન, છુટકારો અને અઝાબનો મુખ્ય દારોમદાર (આધાર) મનુષ્યના પોતાના વ્યક્તિગત કાર્યો ઉપર હોય છે, પરંતુ બાપ-દાદામાંથી કોઈ નબી કે વલીનું હોવું અથવા અવલાદમાંથી કોઈ ઉલમા કે નેક લોકોનું હોવું પણ એક મોટી નેઅ્મત છે અને તેનાથી પણ વ્યક્તિને લાભ પહોંચતો રહે છે.

આ સત્તર અંબિયા (અલૈ.)માં જેમની યાદી પ્રસ્તુત આયતમાં આપવામાં આવી છે તેમાં એક હઝરત નૂહ (અલૈ.) તેમના આદ્યપિતા (પરદાદા) છે. બાકી બધા તેમના વંશજો છે. وَمِنْ ذُرِّيَّتِهٖ دَاوٗدَ وَسُلَيْمَانَ તેમાં એક શંકા હઝરત ઈસા (અલૈ.) વિશે થઈ શકે છે કે, તેઓ વિના બાપે પેદા થવાના કારણે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની પુત્રી તરફની અવલાદમાંથી છે એટલે કે, તે પૌત્ર નથી, નવાસો છે. તો તેમને વંશજ કહેવું કેટલે અંશે યોગ્ય હશે ? તેનો જવાબ સામાન્ય ઉલમા અને ફુક્હાએ આપ્યો છે કે, શબ્દ ذُرِّيَّتْમાં પૌત્રો અને નવાસાઓ બંને સામેલ છે અને એ બાબતની દલીલ એનાથી કરવામાં આવી છે કે હઝરત હસન અને હુસૈન (રદિ.) રસૂલે કરીમ ﷺની ذُرِّيَّتْ (ઝૂર્રિય્યત-વંશજો)માં સામેલ છે.

બીજી શંકા હઝરત લૂત (અલૈ.) વિશે છે કે, તેઓ અવલાદમાંથી નથી

બલકે, ભત્રીજામાંથી છે. તેનો જવાબ પણ સ્પષ્ટ છે કે, પ્રચલિત રિવાજમાં કાકાને બાપ અને ભત્રીજાને પુત્ર કહેવું ઘણું પ્રખ્યાત છે.

પ્રસ્તુત આયતમાં હઝરત ખલીલુલ્લાહ (અલૈ.) ઉપર અલ્લાહના ઈનામોનું વર્ણન કરીને એકબાજુ તો કુદરતનો એ કાનૂન બતાવી આપ્યો કે, જે વ્યક્તિ અલ્લાહના માર્ગમાં પોતાની પ્રિય વસ્તુઓને કુરબાન કરે છે, અલ્લાહ તઆલા તેને દુનિયામાં પણ શ્રેષ્ઠ બદલો અર્પણ કરે છે અને બીજી બાજુ મક્કાના મુશ્રિકોને આ અહેવાલ સંભળાવીને તે તરફ માર્ગદર્શન આપવાનો હેતુ છે કે, તમે લોકો રસૂલે કરીમ ﷺની વાત નથી માનતા તો જુઓ, જેને તમે પણ સૌથી મોટા માનો છો, એટલે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને તેમનું સમગ્ર કુટુંબ; તો તે બધા પણ એવું જ કહેતા ચાલ્યા આવે છે કે, ઈબાદતપાત્ર તો ફક્ત એકમાત્ર અલ્લાહ તઆલા જ છે, તેની સાથે કોઈને ઈબાદતમાં ભાગીદાર કરવું અથવા તેની ખાસ સિફતોના સમકક્ષ બતાવવું કુફ્ર અને ગુમરાહી છે. તમે લોકો પોતે પોતાની સ્વીકારેલ માન્યતાની રૂએ પણ આરોપી છો.

આઠમી આયતમાં આ જ વિષય વર્ણન થયો અને તેના અંતે રસૂલે કરીમ ﷺને સાંત્વના (દિલાસો) આપવા માટે ઈરશાદ થયો, فَاِنْ يَّكْفُرْ بِهَا هٰٓؤُلَآءِ فَقَدْ وَكَّلْنَا قَوْمًا لَّيْسُوْا بِهَا بِكٰفِرِيْنَ એટલે કે, "જો આપ (ﷺ)ના શ્રોતાઓ તમારી વાત નથી માનતા અને બધા જ અગાઉના અંબિયા (અલૈ.)ના માર્ગદર્શન રજૂ કર્યા પછી પણ ઈન્કાર કરવા ઉપર મક્કમ રહ્યા છે, તો તમે દિલગીર ન થાઓ. કારણ કે, અમે તમારા આમંત્રણ અને માર્ગદર્શન (હિદાયત)ને માનનારી અને અપનાવનારી એક એવી કૌમ નક્કી કરી રાખી છે, જે કુફ્ર અને ઈન્કારની પાસે પણ નહીં જાય" તેમાં વર્તમાન સમયના મુહાજિરો અને અનસારો પણ સામેલ છે અને કયામત સુધી આવનારા મુસલમાનો પણ અને આ આયતમાં આ બધા લોકો માટે ગર્વ લેવા જેવી બાબત છે કે, અલ્લાહ તઆલાએ તેમના વખાણમાં વર્ણન કર્યું, اَللّٰهُمَّ اجْعَلْنَا مِنْهُمْ وَاحْشُرْنَا فِىْ زُمْرَتِهِمْ આમીન.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૯૦ થી ૯૪)

أولئك الذين هدى الله فبهداهم اقتده قل لا أسألكم عليه أجرا
إن هو إلا ذكرى للعالمين ﴿٩٠﴾ وما قدروا الله حق قدره إذ قالوا ما
أنزل الله على بشر من شيء قل من أنزل الكتاب الذي جاء به موسى نورا
وهدى للناس تجعلونه قراطيس تبدونها وتخفون كثيرا وعلمتم ما
لم تعلموا أنتم ولا آباؤكم قل الله ثم ذرهم في خوضهم يلعبون ﴿٩١﴾ و
هذا كتاب أنزلناه مبارك مصدق الذي بين يديه ولتنذر أم القرى و
من حولها والذين يؤمنون بالآخرة يؤمنون به وهم على صلاتهم
يحافظون ﴿٩٢﴾ ومن أظلم ممن افترى على الله كذبا أو قال أوحي إلي ولم يوح
إليه شيء ومن قال سأنزل مثل ما أنزل الله ولو ترى إذ الظالمون في
غمرات الموت والملائكة باسطو أيديهم أخرجوا أنفسكم اليوم تجزون عذاب
الهون بما كنتم تقولون على الله غير الحق وكنتم عن آياته تستكبرون ﴿٩٣﴾ و
لقد جئتمونا فرادى كما خلقناكم أول مرة وتركتم ما خولناكم وراء
ظهوركم وما نرى معكم شفعاءكم الذين زعمتم أنهم فيكم شركاء
لقد تقطع بينكم وضل عنكم ما كنتم تزعمون ﴿٩٤﴾

તરજુમો :

આ તે લોકો હતા જેમને અલ્લાહે હિદાયત કરી, બસ તમે તેમના તરીકા ઉપર ચાલો; (હે નબી ﷺ !) તમે કહી આપો ! હું તમારી પાસેથી એના ઉપર કોઈ બદલો નથી માંગતો, આ તો દુનિયાના લોકોને નસીહત માત્ર છે. (૯૦) અને તેમણે અલ્લાહને ઓળખ્યો નહીં જેવો કે ઓળખવાનો હક્ક

હતો, જ્યારે કહેવા લાગ્યા કે અલ્લાહે કોઈ મનુષ્ય ઉપર કોઈ વસ્તુ નથી ઉતારી; પૂછો તમે કહો ! કોણે તે કિતાબ ઉતારી જે મૂસા (અલૈ.) લઈને આવ્યા હતા, રોશન હતી અને હિદાયત હતી લોકો માટે, જેને તમે છૂટા-છૂટા પાનાં કરીને લોકોને બતાવ્યું અને ઘણી બધી વાતોને તમે છુપાવી રાખી હતી, અને તમને શિખવાડ્યું જેને તમે જાણતા ન હતા અને ન જ તમારા બાપદાદા; તમે કહી આપો કે અલ્લાહે ઉતારી પછી તેમને છોડી દો, પોતાની વાહિયાત પ્રવૃત્તિઓમાં રમતા રહે. (૯૧) અને આ કુર્આન કિતાબ છે કે જેને અમે બરકતવાળી ઉતારી તેની ખરાઈ (સમર્થન) કરનારી કે જે એનાથી અગાઉની (કિતાબો) છે, અને જેથી તમે ઉમ્મલ કુરા (મક્કા)વાળાઓને ડરાવો અને તેની આસપાસવાળાઓને; અને જેમને આખિરતનું યકીન છે તેઓ તેના ઉપર ઈમાન લાવે છે અને તેઓ પોતાની નમાઝથી ખબરદાર છે. (૯૨) અને એનાથી વધીને જાલિમ કોણ જે અલ્લાહ ઉપર બોહતાન બાંધે અથવા કહે, મારા ઉપર વહી ઊતરી અને તેના ઉપર કંઈ પણ વહી નથી ઊતરી અને જે કહે કે હું પણ એના જેવું જ ઉતારું છું જે અલ્લાહે ઉતાર્યું અને જો તમે જુઓ જે વખતે કે જાલિમ મોતની કઠણાઈઓમાં હોય અને ફરિશ્તાઓ પોતાના હાથ લંબાવી રહ્યા છે કે તમારા જીવ કાઢો ! આજે તમને બદલામાં ઝિલ્લતનો અઝાબ મળશે એ કારણે કે તમે અલ્લાહ વિશે જૂઠી વાતો કહેતા હતા અને તેની આયતોથી તકબ્બુર (અભિમાન) કરતા હતા. (૯૩) અને અલબત્ત તમે અમારી પાસે એક-એક થઈને આવી ગયા જેવી રીતે અમે તમને પ્રથમ વખતે પેદા કર્યા હતા અને તમે તેને પોતાની પીઠ પાછળ છોડી આવ્યા જે કંઈ સામાન અમે તમને આપ્યો હતો, અને અમે તમારી સાથે સિફારસ કરનારાઓને નથી જોતા જેમને તમે બતાવ્યા કરતા હતા કે તેમની-તમારી ભાગીદારી છે, અલબત્ત તમારો ઈલાકો (તાલ્લુક) કપાઈ ગયો અને તમે જે દા'વા કર્યા કરતા હતા જતા રહ્યા. (૯૪)

તફસીર :

અને (અમે જે દિલગીર ન થવાનું અને ધીરજ ધરવાનું કહીએ છીએ તેનું કારણ એ છે કે બધા અંબિયા અલૈ.એ એવું જ કર્યું છે, એટલા માટે) આ લોકો

(જેમનું ઉપર વર્ણન થયું) એવા હતા જેમને અલ્લાહ તઆલાએ (આ પ્રમાણેની ધીરજ ધરવાની) હિદાયત કરી હતી, બસ (આ વિષયમાં) તમે પણ તેમના તરીકા (એટલે કે સબ્ર) ઉપર ચાલો (આથી તમને પણ તેનું જ માર્ગદર્શન આપવામાં આવ્યું છે, કારણ કે તેમનાથી આપ ﷺને ન તો કોઈ લાભ છે અને ન જ કોઈ નુકસાન છે કે જેના કારણે આપ દિલગીર થાઓ અથવા ધીરજ ન દાખવો અને આ વિષયની જાહેરાત માટે તેમનામાં પ્રચાર કરવાના સમયે) તમે (એ પણ) કહી આપો કે, હું તમારી પાસેથી (આ કુર્આનના પ્રચાર માટે) કંઈ વળતર નથી ઈચ્છતો (જેને મળવાથી લાભ અને ન મળવાથી નુકસાન હોય, હું તો નિઃસ્વાર્થ બોધ આપું છું) આ (કુર્આન) તો ફક્ત સમગ્ર દુનિયાઓ માટે એક શિખામણ છે (જેને માનવાથી તમારો જ લાભ અને ન માનવાથી તમારું જ નુકસાન છે) અને તે (ઈન્કારી) લોકોએ અલ્લાહ તઆલાની જેવી કદર જાણવી વાજિબ હતી એવી કદર ન જાણી જ્યારે કે (મોં ફાટ થઈને) એવું કહેવા માંડ્યા કે અલ્લાહ તઆલાએ કોઈ વ્યક્તિ ઉપર કોઈ પણ વસ્તુ (એટલે કે કોઈ કિતાબ) નાઝિલ નથી કરી (આ કહેવું કદર ન ઓળખવાનું એટલા માટે કહેવાય છે કે તેનાથી નુબુવ્વતનો ઈન્કાર કરવાનું માથે આળ આવે છે અને નુબુવ્વતના ઈન્કારીઓ અલ્લાહ તઆલાને જૂઠાડે છે જ્યારે કે, સત્યનું સમર્થન વાજિબ છે તો બસ તેમાં પણ કદર જાણવામાં ઉણપ ગણાશે માટે આ તો તહકીક ઉપર આધારિત જવાબ હતો અને વાહિયાત આક્ષેપબાજી ઉપર જવાબ આપવા માટે) તમે (તેમને) એવું કહો કે (એ તો બતાવો કે) તે કિતાબ કોણે નાઝિલ કરી છે જેને મૂસા (અલૈ.) લાવ્યા હતા ? (એટલે કે તવરાત જેને તમે પણ માનો છો) જેની એ પરિસ્થિતિ છે કે તે (પોતે એક સ્પષ્ટ) પ્રકાશ છે અને (જેમની હિદાયત માટે તે આવી હતી તે) લોકો માટે તે (શરીઅતનું વર્ણન કરવાનું માધ્યમ અને) હિદાયત છે જેને તમે (પોતાની મનેચ્છાઓ અને સ્વાર્થ સાધવા માટે) છૂટા-છૂટા પાનાંઓમાં છોડી દીધું જે(માં જેટલા પાનાંઓને ઈચ્છો છો તેને) જાહેર કરો છો (કે જેમાં તમારા સ્વાર્થ વિરુદ્ધ કોઈ વાત ન હોય) અને ઘણી બધી વાતોને (જે પોતાના સ્વાર્થ વિરુદ્ધ છે એટલે કે જે પાનાઓમાં તે લખેલી હોય છે તેને) છુપાવો છો અને (આ કિતાબ દ્વારા) તમને ઘણી એવી વાતોનું શિક્ષણ આપવામાં આવ્યું જેને (આ કિતાબ મળતા પહેલાં) ન તો તમે (એટલે કે બની ઈસ્રાઈલની કોમ જે આ આયત નાઝિલ થવાના સમયે

મોજૂદ હતી) જાણતા હતા અને ન જ તમારા (વડીલો અને) વડવાઓ (જાણતા હતા, મતલબ એ કે જે તવરાતની આ પરિસ્થિતિ છે કે તેને પ્રથમ તો તમે માનો છો, બીજું તે હિદાયતનો પ્રકાશ હોવાનું માનવાના યોગ્ય પણ છે, ત્રીજું દરેક સમયે તમે તેનો ઉપયોગ પણ કરો છો, ભલે તેનો ઉપયોગ શરમજનક રીતે અડધું છુપાવીને કરો છો પરંતુ તે કારણે ઈન્કાર કરવાની શક્યતા નથી રહેતી, ચોથું તમારા હિતમાં તે મોટી નેઅ્મત અને મન્નતની વસ્તુ છે તેના પ્રતાપે તમે વિદ્વાન બની બેઠા છો. આ સ્વરૂપમાં પણ તેમાં ઈન્કાર કરવાની સંભાવના નથી રહેતી, તો હવે એ બતાવો કે તેને કોણે નાઝિલ કરી છે ? કારણ કે આ સવાલનો જવાબ એવો જ નિશ્ચિત છે કે, તે લોકો પણ એના સિવાય કોઈ જવાબ ન આપી શક્યા હોત કે તે અલ્લાહે નાઝિલ કરી છે એટલા માટે આપ ﷺને પણ હુકમ થયો કે) તમે (તે જ) કહી આપો કે, અલ્લાહ તઆલાએ (પ્રસ્તુત કિતાબને) નાઝિલ કરી છે (અને તેનાથી તેમનો આ દા'વો ખોટો ઠર્યો) ત્યારબાદ (આ જવાબ સંભળાવીને) તેમને તેમની વાહિયાત પ્રવૃત્તિઓ સાથે લાગેલા રહેવા દો (એટલે કે, તમારા હોદ્દાનું કાર્ય સમાપ્ત થયું, ન માને તો તમે ફિકર-ચિંતામાં ન પડો, અમે પોતે જ તેમની સાથે સમજી લઈશું) અને (જે રીતે તવરાત અમારી નાઝિલ કરેલી કિતાબ હતી, એ જ પ્રમાણે) આ (કુર્આન) પણ (જેને જૂઠાડવું યહૂદીઓના ઉપરોક્ત વર્ણન થયેલ નિવેદનોનો મૂળ હેતુ છે) એવી જ કિતાબ છે જેને અમે (તમારા ઉપર) નાઝિલ કરી છે જે ઘણી મોટી (ભલાઈ અને) બરકતવાળી છે (એટલા માટે તેના ઉપર ઈમાન લાવવું અને અમલ કરવો સફળતાનું અને બંને જહાનના લાભનું કારણ બને છે અને) પોતાનાથી અગાઉની (નાઝિલ થઈ ચૂકેલ) કિતાબો (અલ્લાહ તરફથી નાઝિલ થવા)નું સમર્થન કરનારી છે (બસ, અમે આ કુર્આનને સૃષ્ટિના ભલા માટે અને અલ્લાહની નાઝિલ કરેલી કિતાબોના સમર્થન માટે નાઝિલ કરી) અને (એટલા માટે નાઝિલ કરી કે) જેથી તમે (તેના દ્વારા) મક્કાવાળાઓને અને તેની આસપાસના નિવાસીઓને (ખાસ તાકીદપૂર્વક અલ્લાહના અઝાબથી કે જે તેના વિરોધીઓને થશે) ડરાવો (અને સામાન્ય લોકોને પણ ડરાવતા રહો لِيَكُونَ لِلْعَالَمِينَ نَذِيرًا) અને આપના ડરાવ્યા પછી (પણ જો કે બધા ઈમાન નહિ લાવે પરંતુ) જે લોકો આખિરતનું (સંપૂર્ણ) યકીન રાખે છે (જેનાથી અઝાબ થવાનો ભય લાગે અને તેનાથી બચવાની ફિકરમાં પડી જાય,

તેઓ હંમેશા છુટકારાનો માર્ગ પ્રાપ્ત કરવાની અને સત્ય માર્ગે ચાલવાની ધૂનમાં લાગી જાય, ભલે કોઈ દલીલ બુદ્ધિપૂર્વકની કે વર્ણન થયેલી વગેરેથી હોય) એવા લોકો (તો) આ (કુર્આન) ઉપર ઈમાન લઈ (જ) આવે છે અને (ઈમાન અને અકીદહની સાથે તેના અમલોના પણ પાબંદ હોય છે, કારણ કે અઝાબથી છુટકારો નક્કર રીતે એના ઉપર જ નિર્ભર છે, આથી) તેઓ પોતાની નમાઝની પાબંદી રાખે છે (અને જ્યારે તે ઈબાદત ઉપર તે દરરોજ પાંચ વખતે નક્કી અને જરૂરી છે પાબંદી કરે છે તો બીજી ઈબાદતો જે સમયાંતરે આવે છે અને સહેલી છે તો તેના તો તેઓ ચોક્કસ પાબંદ હોય જ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, તમે કોઈના માનવા ન માનવાની ચિંતા ન કરો, જે પોતાનું ભલું ઈચ્છશે તે માની લેશે અને જે નહીં ઈચ્છે તે નહિ માને. તમે પોતાનું કામ કર્યે જાઓ) અને તે વ્યક્તિથી વધારે કોણ જાલિમ હશે જે અલ્લાહ ઉપર જૂઠો આક્ષેપ લગાવે (અને નુબુવ્વતનો સદંતર ઈન્કારી હોય જેમકે ઉપર અમુકના નિવેદનો આવ્યા છે مَا اَنْزَلَ اللّٰهُ عَلٰى بَشَرٍ અને અમુકના નિવેદનો હતા (اَبَعَثَ اللّٰهُ بَشَرًا رَّسُوْلًا) અથવા એવું કહે કે મારા ઉપર વહી આવે છે, જ્યારે કે તેની પાસે કોઈ વસ્તુની વહી નથી આવતી (જેમકે મુસયલમા કઝ્ઝાબ વગેરે) અને (એ જ પ્રમાણે તેનાથી વધારે જાલિમ કોણ હશે) જે વ્યક્તિ એવું કહે કે, જેવું અલ્લાહ તઆલાએ કલામ (રસૂલુલ્લાહ ﷺના દા'વા પ્રમાણે તેમના ઉપર) નાઝિલ કર્યું છે એ જ પ્રમાણેનું હું પણ લાવી(ને બતાવી) આપું છું (જેમકે ઉપરોક્ત વર્ણન કરેલ નઝર અથવા અબ્દુલ્લાહ કહેતો હતો, મતલબ કે આ બધા લોકો ઘણા જાલિમ છે) અને (જાલિમોની હાલત એ છે કે) જો તમે (તેમને) તે સમયે જુઓ (તો ઘણા ભયાનક દશ્યો નજરે પડશે) જ્યારે કે આ જાલિમ લોકો (જેમનું વર્ણન થયું) મોતની (રૂહાની) સખતીઓમાં (પકડાયા) હશે અને (મોતના) ફરિશ્તાઓ (જે મલિકુલ મોતના આધીન છે, તેમની રૂહ કાઢવા માટે તેમના તરફ) પોતાના હાથ લંબાવી રહ્યા હશે (અને સખતી જાહેર કરવા માટે એવું કહી રહ્યા હશે કે), હા ! (જલદી) તમારો જીવ કાઢો (ક્યાં તેને બચાવતા ફરો છો ? જુઓ) આજે (મૃત્યુની સાથે જ) તમને અપમાનની સજા આપવામાં આવશે (એટલે કે, જેમાં શારીરિક પીડા પણ હશે અને રૂહનું અપમાન પણ) એ કારણથી કે તમે અલ્લાહ તઆલાના માથે જૂઠી (જૂઠી) વાતો બકતા હતા (જેમકે, مَآ اَنْزَلَ اللّٰهُ અને اُوْحِىَ اِلَىَّ અને سَاُنْزِلُ વગેરે) અને તમે અલ્લાહ તઆલાની

આયતો(ને સ્વીકાર કરવા)થી (જે હિદાયતનું માધ્યમ હતું) તકબ્બુર કરતા હતા (આ પરિસ્થિતિ તો મોત સમયની હશે) અને (જ્યારે કયામતનો દિવસ હશે તો અલ્લાહ તઆલા ફરમાવશે) તમે અમારી પાસે (મિત્ર અને સહાયકો વિના જ) એકલા અટૂલા (થઈને) આવી ગયા ? (અને એવી હાલતમાં આવ્યા) જે પ્રમાણે અમે પ્રથમ વખતે તમને (દુનિયામાં) પેદા કર્યા હતા (કે ન તો શરીર ઉપર કપડાં હતા અને ન જ પગમાં જોડા) અને જે કંઈ અમે તમને (દુનિયામાં સર-સામાન વગેરે) આપ્યું હતું (જેના કારણે તમે બધું ભૂલી ગયા હતા) તેને પોતાની પાછળ જ છોડી આવ્યા (સાથે કંઈ જ ન લાવી શક્યા, મતલબ કે માલ અને દોલતના ભરોસા ઉપર ન રહેવું જોઈએ. આ બધું અહીંયાં જ રહી જવાનું છે) અને (તમારામાંથી જે અમુકને પોતાના બાતિલ મઅ્બૂદોની સિફારસનો ભરોસો હતો. બસ,) અમે તો તમારી સાથે (અત્યારે) તમારા તે સિફારસ કરનારાઓને નથી જોતા (એનાથી સાબિત થાય છે કે, વાસ્તવમાં પણ તેઓ તમારી સાથે નથી) જેના વિશે તમે દા'વો કરો છો કે તે તમારા મા'મલામાં (અમારા) ભાગીદાર છે (જે તમારો ઈબાદતનો મા'મલો અમારી સાથે હતો તે જ એમની સાથે રાખતા હતા) વાસ્તવમાં તમારા (અને તેમના) દરમિયાનમાં તો સંબંધ કપાઈ ગયો (કે આજે તમે તેમનાથી બેઝાર-અળગા અને તે તમારાથી બેઝાર છે, તેઓ સિફારસ શું કરી શકવાના છે ?) અને તે તમારા બધા દા'વા (જે અત્રે ઉપર રજૂ થયા છે) તમારાથી નકામા (વ્યર્થ) થયા (કંઈ કામના ન નીકળ્યા, બસ તમે તો હવે સંપૂર્ણ મુસીબતમાં સપડાશો) !

મસ્અલા અને બોધપાઠ :

પાછળની આયતોમાં હઝરત ખલીલુલ્લાહ ઈબ્રાહીમ (અલૈ.) ઉપર અલ્લાહ તબારક વ તઆલાના શ્રેષ્ઠ ઈનામો અને તેમના ઉચ્ચ કક્ષાના દરજ્જાઓનું વર્ણન હતું, જેમાં સમગ્ર આદમ (અલૈ.)ના વંશને અને ખ઼ાસ કરી મક્કાના નિવાસીઓ અને અરબના લોકોને વ્યવહારૂ સ્વરૂપે એ બતાવવાનો હેતુ હતો કે, જે વ્યક્તિ અલ્લાહ તઆલાની સંપૂર્ણ ઈતાઅત (અનુસરણ)ને પોતાનો જીવનધ્યેય ઠરાવી લે અને તેના માટે પોતાની અતિપ્રિય વસ્તુઓની કુરબાની રજૂ કરે, જેમકે હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)એ રજૂ કરી કે, પોતાના પિતા, કૌમ અને વતન બધાને અલ્લાહ માટે છોડી દીધું. ત્યારબાદ બયતુલ્લાહના બાંધકામની

મહાન સેવા માટે સિરીયાના હરિયાળા પ્રદેશને છોડીને મક્કાના રણ વિસ્તારને અપનાવી લીધો. પત્ની અને બાળકને આ રણમાં છોડીને ચાલ્યા જવાનો હુકમ થયો તો તરત તેના ઉપર અમલ કર્યો. એક માત્ર પ્રાણપ્યારા દિકરાની કુરબાનીનો હુકમ (વહીએ મનામ) થયો ત્યારે પોતાના અધિકારની મર્યાદા સુધી તેને પૂર્ણ કરી બતાવ્યું; આવી ફરમાંબરદારીનો અસલ બદલો તો કયામત પછી જન્નતમાં જ મળશે, પરંતુ દુનિયામાં પણ તેમને તે દરજ્જાઓ અને દૌલત અર્પણ થઈ, જેની સામે સમગ્ર દુનિયાની માલ-દૌલત ફિક્કી પડી જાય છે.

હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)એ પોતાની કૌમ અને જ્ઞાતિને અલ્લાહ તઆલા માટે છોડી દીધી તો તેના બદલામાં તેમને અંબિયા (અલૈ.)ની જમાઅત મળી જે મોટા ભાગના તેમના વંશજોમાંથી છે. ઈરાક અને સિરીયા વતનને છોડ્યું તો અલ્લાહના ઘર અને સલામતીવાળું શહેર અને ઉમ્મલ કુરા એટલે કે, મક્કા નસીબ થયું. તેમની કૌમે તેમને અપમાનિત કરવા ઈચ્છ્યું તો તેના બદલામાં તેમને સમગ્ર દુનિયા અને કયામત સુધી આવનારી નસ્લોના ઈમામ અને પેશ્વા બનાવી દીધા કે, દુનિયાની વિવિધ કૌમો અને ધર્મો પરસ્પર મોટા-મોટા વિરોધ-વંટોળ હોવા છતાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની ઈજ્જત અને સન્માન વિશે હંમેશા સહમત રહી છે.

આ ક્રમમાં સત્તર અંબિયા (અલૈ.)ની યાદી આપવામાં આવી છે, જેમાંથી મોટા ભાગના હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની અવલાદ અને વંશજોમાં સામેલ છે અત્રે એ બતાવવામાં આવ્યું કે, આ બધી તે મહાન હસ્તીઓ છે જેમને અલ્લાહ તઆલાએ સમગ્ર દુનિયાના મનુષ્યોમાંથી પોતાના દીનની સેવા માટે ચૂંટી લીધા અને તેમને સીધો માર્ગ બતાવ્યો છે.

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને મક્કાના નિવાસીઓને સંભળાવવામાં આવ્યું કે, કોઈ કૌમના બાપ-દાદા અથવા વડવાઓ માત્ર વડીલ કે પૂરોગામી મોટેરા હોવાના કારણે અનુસરણપાત્ર નથી હોઈ શકતા કે તેમના દરેક નિવેદન અને પ્રવૃત્તિને અનુસરણપાત્ર સમજી લેવામાં આવે. જેમકે, સામાન્ય રીતે અરબ અને મક્કાના નિવાસીઓની માન્યતા હતી, બલકે અનુસરણ અને તાબે'દારી માટે પ્રથમ એ જાણવું આવશ્યક છે કે, અમે જેમનું અનુસરણ કરીએ છીએ તે પોતે પણ હિદાયતના સત્ય માર્ગ ઉપર હતા કે

કેમ ? એટલા માટે અંબિયા (અલૈ.)ની એક ટૂંકી યાદી આપીને ફરમાવવામાં આવ્યું, أُولَـٰئِكَ الَّـذِيْـنَ هَدَى اللّٰهُ એટલે કે, "આ જ તે લોકો છે, જેમને અલ્લાહે હિદાયત આપી છે." ત્યારબાદ ફરમાવ્યું, فَبِهُـدٰهُـمُ اقْتَـدِهْ એટલે કે, "તમે પણ તેમની હિદાયત અને તરીકાને અપનાવો."

એમાં એક હિદાયત તો અરબસ્તાનના નિવાસીઓ અને સમગ્ર ઉમ્મત માટે એ છે કે, બાપ-દાદાના અનુસરણ કરવા માટે ભ્રામક માન્યતાઓની પૂજા છોડો અને અલ્લાહ તબારક વ તઆલા તરફથી પ્રાપ્ત થયેલ હિદાયત મેળવનાર બુઝૂર્ગો (મહાપુરુષો)નું અનુસરણ કરો.

બીજી હિદાયત પોતે રસૂલે કરીમ ﷺને છે કે, તમે પણ તે જ અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.)ની રીત-ભાતને અપનાવો.

અહીંયાં આ વાત વિચારવા યોગ્ય છે કે, અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં ગૌણ અને પેટા વિભાગોના હુકમોમાં તફાવત પ્રમથથી જ થતા રહ્યા છે અને મિલ્લતે ઈસ્લામ માટે પણ અગાઉની શરીઅતોથી વિપરીત ઘણા બધા હુકમો નાઝિલ થયા છે તો પછી રસૂલે કરીમ ﷺનો અગાઉના અંબિયા (અલૈ.)ની રીતભાત ઉપર ચાલવા અને અમલ કરવાનો શું મતલબ થયો ? બીજી આયતો અને હદીષની રિવાયતોને નજર સમક્ષ રાખીએ તો જવાબ એ છે કે, અત્રે બધા જ ગૌણ અને પેટા હુકમોમાં અગાઉના અંબિયા (અલૈ.)ની રીતભાતને અપનાવવાનો હુકમ નથી. બલકે, દીનના મૂળભૂત સિદ્ધાંતો અને માન્યતાઓ જેમકે તવહીદ, રિસાલત, આખિરતમાં એ જ રીતભાત અપનાવવાનો હુકમ છે જે કોઈપણ પયગમ્બરની શરીઅતમાં અદલ-બદલ નથી થયો. આદમ (અલૈ.)થી લઈને ખાતમુલ અંબિયા ﷺ સુધી બધા જ અંબિયા (અલૈ.)નો આ જ અકીદહ અને રીતભાત રહી છે, બાકી અન્ય ગૌણ હુકમોમાંથી કે જે હુકમોમાં કોઈ પરિવર્તન નથી કરવામાં આવ્યું, તેમાં પણ સમાન રીતભાત રહી અને જે હુકમોમાં પરિસ્થિતિઓમાં પરિવર્તન થવાના કારણે સમયના તકાદા અનુસાર અને હિકમતના કારણે કોઈ બીજો હુકમ આપવામાં આવ્યો તો તેના ઉપર અમલ કરવામાં આવ્યો.

એ જ કારણ છે કે, રસૂલુલ્લાહ ﷺની એવી ટેવ હતી કે, જ્યાં સુધી આપ

ﷺને વહી દ્વારા કોઈ ખાસ સૂચના આપવામાં આવતી ન હતી, ત્યાં સુધી તેઓ ગૌણ બાબતોમાં પણ પાછલા અંબિયા (અલૈ.)ની રીતભાત ઉપર જ ચાલતા હતા.
(મઝહરી વગેરે)

ત્યારબાદ રસૂલે કરીમ ﷺને વિશેષ રીતે એક એવી જાહેરાત કરવાનો હુકમ આપવામાં આવ્યો, જેની જાહેરાત તમામ અગાઉના અંબિયાઓ પણ કરતા ચાલ્યા આવે છે. તે એ કે, قُلْ لَّآ اَسْـَٔـلُـكُـمْ عَـلَيْهِ اَجْرًا اِنْ هُوَ اِلَّا ذِكْرٰى لِلْعٰلَمِيْنَ એટલે કે, હું તમારી જિંદગી શણગારવા માટે જે માર્ગદર્શન તમને આપી રહ્યો છું, તેના માટે તમારાથી કોઈ ફી અથવા વળતર નથી લેતો. તમે તેને માની લો તો મારો કોઈ લાભ નથી અને ન માનો તો કોઈ નુકસાન નથી. આ તો સમગ્ર જગતના લોકો માટે બોધપાઠ અને ભલાઈનો સંદેશ છે. શિક્ષણ અને પ્રચારનું કોઈ વળતર ન લેવું સમગ્ર અંબિયા (અલૈ.)નો હંમેશાથી સમાન નિયમ ચાલ્યો આવે છે અને પ્રચારના પ્રભાવકારક અને અસરકારક હોવામાં આ બાબતની મોટી દખલગીરી છે.

બીજી આયત તે લોકોના જવાબમાં આવી છે, જેમણે એવું કહ્યું હતું કે અલ્લાહ તઆલાએ ક્યારેય કોઈ મનુષ્ય ઉપર કોઈ કિતાબ નાઝિલ જ નથી ફરમાવી, આ કિતાબો અને રસૂલોના કજિયા મૂળેથી જ ખોટા છે. આવું કહેનારા જો મક્કાના મૂર્તિપૂજકો છે, જેમકે ઈબ્ને કષીર (રહ.)એ વર્ણન કર્યું છે, તો મા'મલો દેખીતો છે કે તેઓ કોઈ કિતાબ અને નબીની માન્યતા ધરાવતા ન હતા અને જો યહૂદીઓ છે, જેમકે અન્ય વિવરણકારોએ આ મત અપનાવ્યો અને આયતના ક્રમ દેખીતી રીતે તેના સમર્થનમાં છે તો પછી તેમનું એવું કહેવું ફક્ત ક્રોધ અને ચીડનું પરિણામ હતું જે પોતે તેમના ધર્મના પણ વિરુદ્ધ હતું. ઈમામ બગવી (રહ.)ની એક રિવાયત છે કે, એટલા જ માટે યહૂદીઓ પણ તે વ્યક્તિથી નારાજ થઈ ગયા જેણે એવી વાત કહી હતી અને આ જ ભૂલના કારણે તેને ધાર્મિક આગેવાનીના હોદ્દા ઉપરથી હટાવી દેવામાં આવ્યો હતો.

આ આયતમાં અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺને ફરમાવ્યું કે, જે લોકોએ આ વાહિયાત કલિમો પઢયો, તેમણે અલ્લાહ તઆલાને જે પ્રમાણે ઓળખવો જોઈએ તે પ્રમાણે ઓળખ્યો નહિ, નહિતર આ ગુસ્તાખીભર્યું નિવેદન તેમના મુખેથી ન નીકળ્યું હોત. (હે નબી ﷺ !) તમે તે લોકોને કે જેઓ બધી જ

આસમાની કિતાબોનો ઈન્કાર કરે છે એવું કહી આપો કે, જો એવું જ છે કે અલ્લાહ તઆલાએ કોઈ મનુષ્ય ઉપર કોઈ કિતાબ નથી મોકલી તો એ બતાવો કે આ તવરાત જેને તમે પણ મનો છો અને એ જ કારણે કૌમના ચૌધરી બની બેઠા છો, તે કોણે નાઝિલ કરી છે ? અને સાથે-સાથે એ પણ બતાવી આપ્યું કે, તમે તો તે વાંકી ચાલનારી કૌમ છો કે, જે તવરાત કિતાબને તમે આસમાની કિતાબ કહો છો અને માનો છો તેની સાથે પણ તમારો વ્યવહાર એવો છે કે, તમે તે બાંધેલી કિતાબ હોવાના બદલે છૂટા-છૂટા પાનાંઓમાં લખી રાખ્યું છે. જેથી જ્યારે તમારું મન ચાહે છે કોઈ પાન વચ્ચેથી કાઢી નાંખો છો અને તેના સર્વાંગ સંપૂર્ણ હુકમોથી ઈન્કાર કરો છો, જેમકે તવરાતની તે આયતો જે રસૂલે કરીમ ﷺની નિશાનીઓ અને સિફતોના સંદર્ભમાં હતી તેને તમે કાઢી નાંખી છે. અંતિમ આયતમાં تَجْعَلُوْنَهٗ قَرَاطِيْسَ વાક્યનો એ જ અર્થ છે. قَرَاطِيْس એ قِرْطَاسٌ નું બહુવચન છે, જેનો અર્થ છે "પાનાં-કાગળ."

ત્યાર પછી તે જ લોકોને સંબોધન કરીને ઈરશાદ ફરમાવ્યું, وَعُلِّمْتُمْ مَا لَمْ تَعْلَمُوْا اَنْتُمْ وَلَا اٰبَآؤُكُمْ એટલે કે, "કુર્આન દ્વારા તમને તવરાત અને ઈન્જીલથી વધારે જ્ઞાન આપવામાં આવ્યું છે, જેની આ અગાઉ ન તો તમને ખબર હતી અને ન જ તમારા વડવાઓને."

અંતિમ આયતમાં ફરમાવ્યું, قُلِ اللّٰهُ ثُمَّ ذَرْهُمْ فِيْ خَوْضِهِمْ يَلْعَبُوْنَ એટલે કે, આ પ્રશ્નનો ઉત્તર કે (તમારા કહેવા પ્રમાણે) જ્યારે અલ્લાહ તઆલાએ કોઈ કિતાબ જ નથી મોકલી તો તવરાત કોણે નાઝિલ કરી ? તેનો જવાબ તેઓ શું આપશે ? (હે નબી ﷺ !) તમે જ કહી આપો કે, તે અલ્લાહ તઆલાએ જ નાઝિલ કરી છે અને હવે જ્યારે તેમના ઉપર દલીલ પૂર્ણ થઈ ગઈ તો તમારું કામ પૂરું થઈ ગયું. હવે, તેઓ જે વાહિયાત બાબતોમાં ગુમ થયેલા છે તેમને તેમની હાલત ઉપર જ છોડી આપો.

તેમના ઉપર અલ્લાહ તઆલા તરફથી નાઝિલ થયેલ કિતાબો વિશે તે બધી જ દલીલો પૂર્ણ કર્યા પછી ત્રીજી આયતમાં ઈરશાદ થયો, وَهٰذَا كِتٰبٌ اَنْزَلْنٰهُ مُبٰرَكٌ مُّصَدِّقُ الَّذِيْ بَيْنَ يَدَيْهِ وَلِتُنْذِرَ اُمَّ الْقُرٰى وَمَنْ حَوْلَهَا એટલે કે, જે પ્રમાણે તવરાતનું અલ્લાહ તઆલા તરફથી નાઝિલ થવું તેમને પણ સ્વીકાર્ય છે, એ જ

પ્રમાણે આ કુર્આન પણ અમે જ નાઝિલ કર્યું છે અને તે સત્ય અને હક્ક હોવા માટે એ સાબિતી પૂરતી છે કે, કુર્આન તે બધી બાબતોનું સમર્થન કરે છે જે તવરાત અને ઇન્જીલમાં નાઝિલ થયું છે. તવરાત અને ઇન્જીલ પછી તેના નાઝિલ કરવાની આવશ્યકતા એટલા માટે ઊભી થઈ કે, આ બંને કિતાબો તો બની ઈસ્રાઈલમાં મોકલવામાં આવી હતી, તેની બીજી શાખા બની ઈસ્માઈલ કે જે આરબો કહેવાય છે અને "ઉમ્મુલ કુરા" એટલે કે, મક્કા અને તેના આજુબાજુના વિસ્તારમાં નિવાસ કરે છે, તેમની હિદાયત માટે કોઈ ખાસ પયગમ્બર અથવા કિતાબ હજુ સુધી આવી ન હતી. હવે કુર્આન તેમના માટે વિશેષ સ્વરૂપે અને સમગ્ર દુનિયા માટે સામાન્ય રીતે નાઝિલ કરવામાં આવ્યું છે. મક્કએ મુઅઝ્ઝમહને કુર્આને કરીમે "ઉમ્મુલ કુરા" કહ્યું છે. એટલે કે, "તમામ શહેરો અને વસાહતોનો પાયો અને મૂળ." તેનું કારણ એ છે કે, ઈતિહાસની રિવાયતો પ્રમાણે શરૂઆતમાં વિશ્વની ઉત્પત્તિ સમયે પૃથ્વીનો પિંડ બનવાની શરૂઆત અહીંયાંથી જ થઈ છે. વળી એ જ કે સમગ્ર દુનિયાનો કિબ્લો અને ઈબાદતમાં ધ્યાન આકર્ષણનું કેન્દ્ર એ જ છે. *(મઝહરી)*

أُمَّ الْقُرٰى ની સાથે وَمَنْ حَوْلَهَا ફરમાવ્યું, એટલ કે, મક્કાના સમગ્ર આસપાસના વિસ્તારો જેમાં સમગ્ર દુનિયા પૂર્વ અને પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ સામેલ છે.

આયતના અંતે ઈરશાદ ફરમાવ્યો, وَالَّذِيْنَ يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ يُؤْمِنُوْنَ بِهٖ وَهُمْ عَلٰى صَلَاتِهِمْ يُحَافِظُوْنَ એટલે કે, જે લોકો આખિરત ઉપર ઈમાન રાખે છે, તેઓ કુર્આન ઉપર પણ ઈમાન લાવે છે અને પોતાની નમાઝોની પાબંદી કરે છે, તેમાં યહૂદીઓ અને મુશ્રિકોની એક સમાન પ્રકારની બીમારી ઉપર ચેતવણી આપવામાં આવી છે કે, આ બેફિકરી અને નચિંતપણું કે જેને ઈચ્છ્યું માન્યું અને જેને ઈચ્છ્યું રદ કર્યું અને તેમના વિરુદ્ધ મોરચો માંડી દીધો, આ અલ્લડપણાની બીમારીનો પ્રભાવ છે, તેઓ આખિરત ઉપર ઈમાન નથી ધરાવતા, જે વ્યક્તિનું આખિરત અને હિસાબના દિવસ ઉપર ઈમાન હશે તેને અલ્લાહનો ડર ચોક્કસ તેના તરફ કેન્દ્રિત કરશે કે, તેઓ દલીલોમાં ચિંતન કરશે અને સત્ય વાતનો સ્વીકાર કરવામાં બાપ-દાદાના અજ્ઞાનતાપૂર્ણ રીત-રિવાજોની પરવા નહીં કરે.

અને જો વિચાર કરવામાં આવે તો આખિરતથી નચિંત થઈ જવું જ સમગ્ર બીમારીઓની જડ છે. કુફ્ર અને શિર્ક પણ એનું જ પરિણામ હોય છે અને સમગ્ર ગુનાહો અને ભૂલો પણ; આખિરત ઉપર શ્રદ્ધા ધરાવનારથી જો કોઈ ભૂલ અથવા ગુનોહ થઈ જાય છે તો તેનું દિલ તડપી ઉઠે છે અને અંતે તવબહ કરીને આગળ ઉપર આવા ગુનાહોથી બચવાનો ઈરાદો કરે છે અને વાસ્તવમાં અલ્લાહનો ડર અને આખિરતની ફિકર જ તે વસ્તુ છે જે માનવીને માનવી બનાવે છે અને અપરાધથી મુક્ત રાખે છે. એટલા માટે કુર્આને કરીમની કોઈ સૂરત બલકે, કોઈ રુકૂઅ્ પણ કદાચ તેનાથી ખાલી નથી કે, જેમાં આખિરત તરફ ધ્યાન અપાવવામાં ન આવ્યું હોય. اَللّٰهُمَّ اجْعَلْ جُمْلَةَ هُمُوْمِنَا هَمًّا وَّاحِدًا هَمَّ الْاٰخِرَةِ "હે અલ્લાહ ! અમારી ફિકરોનું એક ફિકરમાં પરિવર્તન કરી દે અને તે પણ આખિરતની ફિકરમાં." આમીન.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૯૫-૯૬-૯૭-૯૮)

اِنَّ اللّٰهَ فَالِقُ الْحَبِّ وَ النَّوٰى ؕ يُخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ وَ مُخْرِجُ الْمَيِّتِ
مِنَ الْحَيِّ ؕ ذٰلِكُمُ اللّٰهُ فَاَنّٰى تُؤْفَكُوْنَ ﴿۹۵﴾ فَالِقُ الْاِصْبَاحِ ۚ وَجَعَلَ الَّيْلَ
سَكَنًا وَّالشَّمْسَ وَالْقَمَرَ حُسْبَانًا ؕ ذٰلِكَ تَقْدِيْرُ الْعَزِيْزِ الْعَلِيْمِ ﴿۹۶﴾ وَهُوَ الَّذِيْ
جَعَلَ لَكُمُ النُّجُوْمَ لِتَهْتَدُوْا بِهَا فِيْ ظُلُمٰتِ الْبَرِّ وَالْبَحْرِ ؕ قَدْ فَصَّلْنَا الْاٰيٰتِ لِقَوْمٍ
يَّعْلَمُوْنَ ﴿۹۷﴾ وَهُوَ الَّذِيْٓ اَنْشَاَكُمْ مِّنْ نَّفْسٍ وَّاحِدَةٍ فَمُسْتَقَرٌّ وَّمُسْتَوْدَعٌ ؕ قَدْ
فَصَّلْنَا الْاٰيٰتِ لِقَوْمٍ يَّفْقَهُوْنَ ﴿۹۸﴾

તરજુમો :

બેશક ! અલ્લાહ છે કે ફાડી કાઢે છે દાણા અને ઠળિયા (ગોટલી)ને; કાઢે છે મૃતમાંથી સજીવ અને કાઢનારો છે સજીવમાંથી મૃત; આ છે અલ્લાહ ! પછી તમે ક્યાં ભટકતા જાઓ છો !? (૯૫) ફાડી કાઢનારો સવારના પ્રકાશનો અને તેણે રાત બનાવી આરામ માટે અને સૂરજ અને ચાંદ હિસાબ માટે, આ

અંદાજો (વ્યવસ્થા) રાખેલ છે મહાબળવાન ખબરદાર (સર્વજ્ઞ)નો. (૯૬) અને તેણે જ તમારા માટે તારાઓ બનાવી દીધા કે તેમના માધ્યમથી માર્ગ જાણો જંગલ અને દરિયાના અંધકારોમાં, અલબત્ત અમે નિશાનીઓ ખોલીને વર્ણન કરી દીધી તે લોકો માટે જેઓ જાણે છે. (૯૭) અને તે જ છે જેણે તમને સૌને પેદા કર્યા એક વ્યક્તિથી, પછી એક તો તમારું (રહેવાનું) ઠેકાણું અને એક અનામત રાખ્યું જવાનું સ્થળ, અલબત્ત અમે નિશાનીઓ ખોલીને વર્ણન કરી દીધી તે કોમ માટે જે વિચારે છે. (૯૮)

તફસીર :

બેશક ! અલ્લાહ તઆલા ફાડનાર છે દાણાને અને ઠળિયાને (એટલે કે, જમીનમાં દાટ્યા પછી જે દાણો અથવા ઠળિયો ફાટે છે તે અલ્લાહનું જ કાર્ય છે); તે સજીવ (વસ્તુ)ને નિર્જીવ (વસ્તુ)માંથી કાઢે છે (જેમકે, ઈંડામાંથી પક્ષી પેદા થાય છે) અને તે નિર્જીવ (વસ્તુ)માંથી સજીવ (વસ્તુને) કાઢનારો છે (જેમકે, પક્ષી ઈંડું આપે છે) અલ્લાહ તે છે (જેની કુદરત સર્વાંગ સંપૂર્ણ છે) બસ, તમે (તેની ઈબાદત છોડીને) ક્યાં (ગયરૂલ્લાહની ઈબાદત તરફ) ઊંધા ચાલીને જઈ રહ્યા છો!? તે (અલ્લાહ તઆલા) સવાર(ના પ્રકાશ)ને (રાતના અંધકારમાંથી) કાઢનારો છે (એટલે કે, રાત પૂરી થઈ જાય છે અને સવારનો પ્રકાશ જાહેર થાય છે) અને તેણે રાત્રિને આરામની વસ્તુ બનાવી છે (કે બધા થાકેલા-પાકેલા સૂઈને આરામ મેળવી લે છે) અને સૂર્ય અને ચંદ્ર(ની ગતિઓ)ને હિસાબ માટે રાખ્યા છે (એટલે કે, તેની ગતિઓ નિશ્ચિત છે જેનાથી સમયની નિશ્ચિત જાણકારી મેળવવાની સરળતા પ્રાપ્ત થાય છે). આ (હિસાબ પ્રમાણે તેમની નિશ્ચિત ગતિઓ) ઠરાવેલ બાબતો છે એવી જાતે જે સર્વશક્તિમાન છે (કે આ પ્રકારની ગતિઓ પેદા કરવાની તે સંપૂર્ણ શક્તિ ધરાવે છે અને) સર્વજ્ઞ છે (કે આ ગતિઓની કાર્યપદ્ધતિ અને તેના રહસ્યો અને હિકમતોને જાણે છે, એટલા માટે તેને વિશેષ સ્વરૂપે સ્થાયિત્વ આપ્યું) અને તે (અલ્લાહ) એવો છે જેણે તમારા (લાભ) માટે તારાઓને પેદા કર્યા (અને તેનો ફાયદો એ છે કે) જેથી તમે તેના દ્વારા (રાતના) અંધકારોમાં જમીનમાં પણ અને સમુદ્રમાં પણ માર્ગ જાણી શકો. બેશક ! અમે (આ) દલીલો (તવહીદ અને ઈનામની) ખૂબ ખોલી-ખોલીને વર્ણન કરી આપી છે (અને જો કે આ વસ્તુઓ સૌને જ લાભકર્તા છે પરંતુ) તે (જ) લોકો

માટે (ચિંતન દ્વારા હિદાયતનું માધ્યમ હશે) જેઓ (સારા-નરસાની કંઈ) ખબર રાખે છે (કારણ કે ચિંતન એવા લોકો જ કરતા હોય છે) અને તે (અલ્લાહ) એવો છે જેણે તમો (સૌ)ને (વાસ્તવમાં) એક વ્યક્તિ (એટલે કે આદમ અલૈ.) દ્વારા પેદા કર્યા, ત્યારબાદ (આગળ ઉપર તેમની પેઢી-દરપેઢી વંશ-દરવંશ આ ક્રમ ચાલુ રહ્યો છે કે તમારામાંથી દરેક વ્યક્તિ માટે નિશ્ચિત) એક સ્થળ થોભવા માટે છે (એટલે કે માતાનું ઉદર) અને એક સ્થળ (અલ્પકાલિન સમય માટે) રહેવાનું (એટલે કે પિતાની પીઠ لِقَوْلِهٖ تَعَالٰى مِنْ بَيْنِ الصُّلْبِ); બેશક ! અમે (આ) દલીલો (તવહીદ અને ઈનામની) ખૂબ ખોલી-ખોલીને વર્ણન કરી દીધી છે. (સામાન્ય રીતે તેનો નફો પણ અગાઉ કહ્યું તેવો છે પરંતુ) તે (તે જ) લોકો માટે (હશે) જેઓ સમજબૂઝ ધરાવે છે (આ વિસ્તારપૂર્વકની છણાવટ થઈ ગઈ ...يُخْرِجُ الْحَيَّની).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં કાફિરો અને મુશ્રિકોની હઠધર્મી તથા સત્ય અને પરિણામોથી ગફલત અને બેદરકારીનું વર્ણન હતું. તેમના બધા દુષણોનો મૂળ પાયો તેઓનું અલ્લાહ તઆલા અને તેની અકલ્પનીય અજોડ જ્ઞાન અને શક્તિથી અજાણ હોવું છે. એટલા માટે પ્રસ્તુત ચાર આયતોમાં અલ્લાહ તઆલાએ ગાફેલ મનુષ્યને તેના રોગનો ઈલાજ એ રીતે બતાવ્યો કે, પોતાના વિશાળ જ્ઞાન અને મહાન કુદરતના અમુક નમૂનાઓનું અને મનુષ્યો ઉપર પોતાના ઈનામોનું અને અહેસાનોના એક પરિચયનું વર્ણન કર્યું, જેમાં સામાન્ય ચિંતન કરનાર દરેક વિવેકબુદ્ધિ ધરાવનાર મનુષ્ય સૃષ્ટિના સર્જનહારની શ્રેષ્ઠતા અને તેની અજોડ કુદરતનો પરચો મેળવી એ વાત માનવા મજબૂર થયા વિના નથી રહી શકતો કે, આ મહાન કારનામા સમગ્ર સૃષ્ટિમાં અલ્લાહ તઆલા સિવાય કોઈની શક્તિમાં નથી.

પ્રથમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, اِنَّ اللّٰهَ فَالِقُ الْحَبِّ وَالنَّوٰى એટલે કે, "અલ્લાહ તઆલા ફાડનારો છે દાણા અને ઠળિયાઓને." તેમાં કુદરતનો એક આશ્ચર્યજનક કરિશ્મો બતાવવામાં આવ્યો છે કે, સૂક્કો દાણો અને સૂક્કો ઠળિયો ફાડીને તેમાંથી હર્યા-ભર્યા વૃક્ષો કાઢવા ફક્ત તે જ પાક જાતનું કાર્ય છે, જે સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર છે. મનુષ્યના પ્રયત્નો અને કાર્યની તેમાં કાંઈ જ દખલગીરી નથી. ખેડૂતની સમગ્ર કોશીશોનો હેતુ એથી વિશેષ નથી હોતો કે, દાણા અને

ઠળિયામાંથી જે નાજૂક કુંપળો અલ્લાહે પોતાની કુદરતથી કાઢી છે તેના માર્ગના અવરોધો અને નુકસાનકર્તા વસ્તુઓને દૂર કરે. જમીનને ખેડીને નરમ કરી પછી ખાતર–પાણી નાંખવું આ બધી પ્રવૃત્તિઓની અસર વધુથી વધુ એ જ હોય છે કે, ફૂટનારી નાજૂક કુંપળોના માર્ગમાં કોઈ અવરોધ બાકી ન રહે. બાકી મુખ્ય કામ કે દાણો અને ઠળિયો ફાડીને તેમાંથી વૃક્ષની કુંપળ કાઢવી અને પછી તેમાં રંગબેરંગી આશ્ચર્યજનક પાંદડા અને ફળ–ફૂલ લગાવવા માત્ર અલ્લાહનું જ કામ છે; મનુષ્યની બુદ્ધિ અને તેનું દિમાગ એક પાંદડું કે એક ફૂલ બનાવવાથી પણ લાચાર છે. દેખીતું છે કે, મનુષ્યના કોઈ કાર્યની તેમાં કોઈ દખલગીરી નથી. એટલા માટે કુર્આનમાં અન્ય સ્થળે ઈરશાદ છે, اَفَرَ اَیۡتُمۡ مَّا تَحۡرُثُوۡنَ ءَاَنۡتُمۡ تَزۡرَعُوۡنَهٗۤ اَمۡ نَحۡنُ الزّٰرِعُوۡنَ એટલે કે, "શું તમે તે દાણાઓને નથી જોતા જેને તમે માટીમાં નાંખી દો છો કે તેમને તમે ઊગાડ્યા અને બનાવ્યા છે કે અમે ?"

બીજું વાક્ય એ ઈરશાદ ફરમાવ્યું, یُخۡرِجُ الۡحَیَّ مِنَ الۡمَیِّتِ وَمُخۡرِجُ الۡمَیِّتِ مِنَ الۡحَیِّ એટલે કે, અલ્લાહ તઆલા નિર્જીવ વસ્તુઓમાંથી સજીવ પેદા કરે છે. નિર્જીવ વસ્તુનો અર્થ અત્રે નુત્ફો (વીર્ય) અથવા ઈંડું છે, જેનાથી મનુષ્ય અને પ્રાણીઓનો જન્મ થાય છે. એ જ પ્રમાણે સજીવોમાંથી નિર્જીવ વસ્તુ કાઢે છે. અત્રે નિર્જીવ વસ્તુનો ભાવાર્થ તે જ નુત્ફો અથવા ઈંડું છે કે જે સજીવ વસ્તુઓમાંથી નીકળે છે.

ત્યારબાદ ફરમાવ્યું, ذٰلِكُمُ اللّٰهُ فَاَنّٰى تُؤۡفَكُوۡنَ એટલે કે, આ બધા કામો ફક્ત એક અલ્લાહ તઆલાના કરેલા અને બનાવેલા છે, પછી આ જાણવા–બૂઝવા છતાં તમે કઈ રીતે બહેકી જઈ રહ્યા છો કે પોતાના હાથોથી કંડારેલ મુર્તિઓને પોતાની જરૂરિયાતો અને મુશ્કેલીઓ દૂર કરનાર મઅ્બૂદ ઈબાદતપાત્ર કહેવા લાગ્યા ?

બીજી આયતમાં ઈરશાદ છે, فَالِقُ الۡاِصۡبَاحِ તેમાં فَالِقُ (ફાલિક)નો અર્થ "ફાડનારો" અને اِصۡبَاح (ઈસ્બાહ)નો અર્થ અહીંયાં "સવારનો સમય" છે. فَالِقُ الۡاِصۡبَاحِનો અર્થ છે "ફાડનારો" અને સવારનો અર્થ "ગાઢ અંધકારની ચાદરને ફાડીને સવારના પ્રકાશને કાઢવો" થાય છે. એ પણ તે પ્રવૃત્તિઓ અને કાર્યોમાંથી છે જેની શક્તિ સામે કોઈ મનુષ્ય કે જિન્નાત અથવા સમગ્ર સૃષ્ટિની બધી જ શક્તિઓ તુચ્છ છે અને દરેક વિવેકની દષ્ટિ ધરાવનાર વ્યક્તિ તાદષ્ય આ

બાબતોને જોઈને એવું સમજવા મજબૂર છે કે, રાત્રિના અંધકાર પછી સવારનો પ્રકાશ પેદા કરનાર ન તો કોઈ મનુષ્ય હોઈ શકે છે, ન જ કોઈ ફરિશ્તો છે અને ન જ કોઈ અન્ય મખ્લૂક. બલકે, આ સર્વથી ફક્ત તે જ મહાન હસ્તીનું જ કાર્ય છે જેણે સમગ્ર વિશ્વનું સર્જન કર્યું છે.

મખ્લૂક (સજીવો)ના આરામ માટે રાત્રિને કુદરતી અને પ્રાકૃતિક રીતે નક્કી કરવું એક મહાન નેઅ્મત છે :

ત્યારબાદ ઈરશાદ ફરમાવ્યો, وَجَعَلَ الَّيْلَ سَكَنًا, શબ્દ سَكَن (સકન) એ سُكُوْن (સુકૂન)થી બન્યો છે. દરેક એવી વસ્તુને "સકન" કહેવામાં આવે છે, જેના ઉપર પહોંચીને શાંતિ, સંતોષ અને રાહત પ્રાપ્ત થાય. એટલા માટે મનુષ્યના રહેવાના ઘરને કુર્આનમાં سَكَن (સકન) કહ્યું છે. جَعَلَ لَكُمْ مِنْ بُيُوْتِكُمْ سَكَنًا કારણ કે, મનુષ્યનું ઘર ભલે એક ઝૂંપડી હોય ત્યાં પહોંચીને મનુષ્યને સ્વાભાવિક શાંતિ અને રાહત પ્રાપ્ત થાય છે. એટલા માટે વાક્યનો અર્થ એ થયો કે, અલ્લાહ તઆલાએ રાત્રિને દરેક સજીવ માટે શાંતિ અને રાહતની વસ્તુ બનાવી છે. فَالِقُ الْإِصْبَاحِ માં તે નેઅ્મતોનું વર્ણન હતું જે મનુષ્યને પ્રકાશથી પ્રાપ્ત થાય છે અને રાતના અંધકારમાં નથી મળી શકતી. ત્યારબાદ جَعَلَ الَّيْلَ سَكَنًا ફરમાવીને એ તરફ ઈશારો કર્યો કે, જે પ્રમાણે દિવસનો પ્રકાશ એક મહાન નેઅ્મત છે કે, તેના દ્વારા મનુષ્ય પોતાના બધા કારોબાર કરે છે, એ જ પ્રમાણે રાતના અંધકારને પણ બુરો ન સમજો, તે પણ એક મહાન નેઅ્મત છે કે તેમાં દિવસભરનો થાકેલો-પાકેલો માનવી આરામ કરીને એ યોગ્ય થઈ જાય છે કે આવતી કાલે ફરી તાજગી, સ્ફૂર્તિ સાથે નવેસરથી કામ કરી શકે. નહિતર માનવીની પ્રકૃતિ સતત મહેનત સહન કરી શકતી નથી.

રાતના અંધકારને રાહત માટે નક્કી કરી દેવું એક આગવી નેઅ્મત અને અલ્લાહ તઆલાની જબરદસ્ત શક્તિનો એક ખાસ દ્યોતક છે, પરંતુ આ નેઅ્મત દરરોજ વિણમાંગે મળી જાય છે. એટલા માટે મનુષ્યનું તે તરફ ક્યારેય ધ્યાન સુદ્ધાં જતું નથી કે કેટલું મોટું અહેસાન અને ઈનામ છે. વિચાર કરો કે, જો દરેક વ્યક્તિ પોતાના અધિકાર અને ઈરાદાથી પોતાના આરામનો સમય નક્કી કરતો હોત તો કોઈ સવારે આઠ વાગ્યે સૂવાનો ઈરાદો કરતો હોત, કોઈ બાર વાગ્યે,

કોઈ ચાર વાગ્યે, કોઈ રાતના વિવિધ વિભાગોમાં, જેનું પરિણામ એ આવ્યું હોત કે, રાત-દિવસના ચોવીસ કલાકોમાં કોઈપણ એવો સમય ન આવ્યો હોત જેમાં માનવી કારોબાર, મહેનત-મજૂરી ચાલી રહી ન હોત. જેનું નિશ્ચિત પરિણામ એ હોત કે, સૂનારાઓના આરામમાં પણ ખલેલ પડ્યો હોત અને કામ કરનારાઓના કામમાં પણ. સૂનારાઓના આરામમાં કામ કરનારાઓના કોલાહલ અને ધાંધલ-ધમાલથી દખલગીરી ઊભી થતી હોત અને કામ કરનારાઓના કામમાં આ લોકોની ગેરહાજરીથી કાર્યક્ષમતા ઘટી હોત કે તેઓ અત્યારે સૂઈ રહ્યા છે. તે સિવાય સૂનારાઓના ઘણા બધા કાર્યો બાકી રહી જતા હોત, જે તેમના સૂવાના સમયમાં જ થઈ શકતા હતા. અલ્લાહ જલ્લ શા'નુહૂની જબરદસ્ત શક્તિએ ન જ ફક્ત માનવી ઉપર બલકે, પ્રત્યેક સજીવ ઉપર રાતના સમયે ઊંઘ એવી રીતે ઓઢાડી દીધી છે કે, તે કામ છોડીને સૂઈ જવા માટે મજબૂર થઈ જાય છે. સાંજ થતાં જ દરેક પક્ષી, પ્રાણી, હિંસક પશુઓ વગેરે પોત-પોતાના બનાવેલ ઘર તરફ પ્રયાણ કરે છે. દરેક મનુષ્યને ફરજિયાતપણે પોતાનું કામ છોડીને આરામ કરવાની ચિંતા લાગી જાય છે. સમગ્ર દુનિયામાં એક સન્નાટો છવાય જાય છે, રાતનો અંધકાર ઊંઘ અને આરામ માટે નક્કી અને સહાયક સાબિત થાય છે. કારણ કે, સ્વાભાવિક રીતે વધારે પ્રકાશમાં ઊંઘ આવતી નથી.

વિચાર કરો કે, જો સમગ્ર દુનિયાની સરકારો અને સામાન્ય જનતા મળીને કોઈ આંતરરાષ્ટ્રીય કરારો દ્વારા સૂવાનો કોઈ એક સમય નક્કી કરવા ઇચ્છે તો પ્રથમ તો તેમાં કેટલી મુશ્કેલીઓ પડી હોત. બીજું, જો સમગ્ર માનવજાત એક કરારના પાબંદ થઈને એક નક્કી સમયે સૂતા હોત તો પ્રાણીઓને તેમના કરારના કોણે પાબંદ બનાવ્યા હોત ? તેઓ ખુલ્લા ફરતા હોત તો સૂનારા માનવો અને તેમના સરસામાનની શું દશા થઈ હોત ? એ અલ્લાહ જલ્લ શા'નુહૂની જ જબરદસ્ત કુદરત છે, જેણે ફરજિયાતપણે દરેક માનવી અને સજીવ માટે એક નિશ્ચિત સમયમાં ઊંઘ થોપીને તે આંતરરાષ્ટ્રીય કરારોની આવશ્યકતાથી બચાવી લીધા. فَتَبَارَكَ اللّٰهُ اَحْسَنُ الْخَالِقِيْنَ (સૂ. ૨૩ : આ. ૧૪)

સૂર્ય અને ચંદ્રની ગતિઓના હિસાબ :

ઇરશાદ છે, وَالشَّمْسَ وَالْقَمَرَ حُسْبَانًا તેમાં حُسْبَانٌ (હુસ્બાન) એ

ક્રિયાપદ સર્વનામ છે અને તે હિસાબ કરવા અને ગણતરીના અર્થમાં આવે છે. ભાવાર્થ એ છે કે, અલ્લાહ તઆલાએ સૂર્ય અને ચંદ્રને ઊગવા અને અસ્ત થવા તથા તેની ગતિ માટે એક ચોક્કસ અને નિશ્ચિત ગણતરી રાખી છે, જેના દ્વારા મનુષ્ય વર્ષો, મહિનાઓ અને કલાકો બલકે, મિનિટો અને સેકંડોનો હિસાબ સરળતાથી કરી શકે છે. આ અલ્લાહ જલ્લ શા'નુહૂની જ જબરદસ્ત કુદરતનું કાર્ય છે કે, આ મહાન પ્રકાશિત પદાર્થો અને તેમની ગતિઓને એવી ચોક્કસ અને મજબૂત અંદાજમાં રાખી છે કે, હજારો કરોડો વર્ષ પસાર થઈ જવા છતાં તેમાં ક્યારેય એક મિનિટ કે એક સેકંડનો તફાવત નથી થતો. તેની મશીનરીને ન તો કોઈ મેન્ટેનન્સની આવશ્યકતા છે, ન જ તેના યંત્રો ઘસાય જવાથી બદલવાની કોઈ જરૂરિયાત ઊભી થાય છે. આ બંને પ્રકાશિત પદાર્થો પોત–પોતાના વર્તુળમાં એક ચોક્કસ ગતિ સાથે ભ્રમણ કરે છે. لَا الشَّمْسُ يَنْبَغِىْ لَهَا اَنْ تُدْرِكَ الْقَمَرَ وَلَا الَّيْلُ سَابِقُ النَّهَارِ (૩૬ : ૪૦) હજારો–કરોડો વર્ષોમાં પણ તેમની ગતિમાં એક સેકંડનો તફાવત નથી આવતો. અફસોસ છે કે, કુદરતની આ સ્થાયી અને અપરિવર્તનશીલ વ્યવસ્થામાં જ મનુષ્ય ધોકો ખાઈ ગયો કે, આ જ વસ્તુઓને આપમેળે અસ્તિત્વમાં આવી હોવાનું સમજી લીધું. બલકે, તેને ઈબાદતપાત્ર અને પોતાનો ધ્યેય બનાવી બેઠા. જો તેની આ વ્યવસ્થા ક્યારેક–ક્યારેક તૂટી જતી હોત, તેના યંત્રોને રિપેર કરવા માટે અમુક દિવસો અથવા કલાકોની મોકૂફી થતી હોત તો મનુષ્યએ સમજી લીધું હોત કે આ યંત્રો આપમેળે નથી ચાલી રહ્યા બલકે, તેને કોઈ ચલાવનારો છે, કોઈ બનાવનારો છે પરંતુ اے روشن طبع تو برمن بلا شدی આ પદાર્થોની અપરિવર્તનશીલ તથા સ્થાયી વ્યવસ્થાએ મનુષ્યની દૃષ્ટિ સમક્ષ પડદા ઊભા કરી દીધા અને તેને પોતાના તરફ લગાવી દીધા, એટલે સુધી કે તે ભૂલી ગયો કે,

کوئی محبوب ہے اس پردۂ زرنگاری میں

આસમાની પડદા પાછળ નક્કી કોઈ મહબૂબ છે.

આસમાની કિતાબો અને અંબિયા તથા રસૂલ (અલૈ.) તેની આ જ વાસ્તવિકતાની જાણકારી આપવા માટે આવ્યા.

કુર્આને કરીમના આ ઈરશાદથી તે તરફ પણ ઈશારો કરવામાં આવ્યો કે,

વર્ષો અને મહિનાઓ સૂર્યની ગણતરી પ્રમાણે પણ હોઈ શકે છે અને ચંદ્ર આધારિત ગણતરી પ્રમાણે પણ. બંને અલ્લાહ જલ્લ શા'નુહૂના ઈનામો છે. એ બીજી વાત છે કે, સામાન્ય અજ્ઞાન લોકોને દુનિયાની સરળતા ખાતર અને તેના હિસાબ-કિતાબની ઉલઝન (તકલીફ)થી બચાવવા માટે ઈસ્લામી હુકમોમાં ચંદ્રની ગણતરી આધારિત વર્ષોનો ઉપયોગ કરવામાં આવ્યો અને કારણ કે, ઈસ્લામી ઈતિહાસ અને ઈસ્લામી હુકમોનો આધાર ચંદ્ર આધારિત કેલૅન્ડર ઉપર છે, એટલા માટે ઉમ્મત ઉપર ફરજ છે કે, તે આ જ કેલૅન્ડરને કાયમ અને બાકી રાખે. અન્ય સૂર્ય આધારિત હિસાબો વગેરે જો કોઈ જરૂરિયાતથી અપનાવવામાં આવે તો કોઈ ગુનોહ નથી, પરંતુ ચંદ્ર આધારિત ગણતરીને બિલકુલ ઉપેક્ષિત કરી દેવી અથવા તેને નષ્ટ કરી દેવી મોટો ગુનોહ છે કે, જેનાથી માનવીને એ પણ ખબર ન રહે કે રમઝાન ક્યારે આવી અને જિલ્હજ્જ અને મહોરમ ક્યારે આવી ?

અંતિમ આયતમાં ફરમાવ્યું, ذٰلِكَ تَقْدِيْرُ الْعَزِيْزِ الْعَلِيْمِ એટલે કે, આ આશ્ચર્યજનક સ્થાયી વ્યવસ્થા તેની અવકાશી પદાર્થોની ગતિઓ જેમાં એક મિનિટ કે સેકંડનો પણ ફરક ન પડે, એ તે પાક-જાતની મહાન શકિતનો ચમત્કાર છે, જે સર્વશક્તિમાન અને સર્વજ્ઞ છે અને દરેક વસ્તુ ઉપર ગાલિબ અને છવાયેલો છે તથા દરેકના કાર્યનો જાણકાર છે.

ત્રીજી આયતમાં ઈરશાદ થયો, وَهُوَ الَّذِىْ جَعَلَ لَكُمُ النُّجُوْمَ لِتَهْتَدُوْا بِهَا فِىْ ظُلُمٰتِ الْبَرِّ وَالْبَحْرِ એટલે કે, સૂર્ય અને ચંદ્ર સિવાય અન્ય તારાઓ પણ અલ્લાહ જલ્લ શા'નુહૂની કુદરતના ખાસ દ્યોતક (સૂચક) છે કે, તેમને પેદા કરવા પાછળ હજારો હિકમતોમાંથી એક હિકમત એ પણ છે કે, મનુષ્ય પોતાની દરિયાઈ અને જમીનની મુસાફરીમાં જ્યાં રાતના અંધકાર સમયે દિશાઓની જાણકારી મેળવવી પણ સરળ નથી હોતી, તે તારાઓની સહાયતાથી પોતાનો માર્ગ નક્કી કરી શકે છે. અનુભવ સાક્ષી છે કે, આજે આ યાંત્રિક યુગમાં પણ મનુષ્ય તારાઓના માર્ગદર્શનથી બિલકુલ અલિપ્ત નથી.

આ આયતમાં પણ મનુષ્યની આ બેદરકારી અને ક્ષતિયુક્ત દષ્ટિ માટે ચેતવણી આપવામાં આવી છે કે, આ તારાઓ પણ કોઈ બનાવનાર અને ચલાવનારના હુકમના આધીન ચાલી રહ્યા છે. ન તો તે પોતે આપમેળે

અસ્તિત્વમાં આવ્યા છે અને ન જ તે પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે પોતાના કાર્યમાં સ્વતંત્ર છે. જે લોકો ફક્ત તેમના ઉપર પોતાની દૃષ્ટિ જમાવીને બેઠા છે અને તેમના બનાવનાર તરફ દૃષ્ટિપાત કરતા નથી. તેઓ સખત ટૂંકી દૃષ્ટિ ધરાવનાર અને ધોકો ખાધેલા લોકો છે.

آناں کہ بجز روئے تو جائے نگرانند کوتہ نظرانند چہ کوتہ نظرانند

તે લોકો જેઓ અલ્લાહના સિવાય બીજી જગ્યા ઉપર નજર કરે છે,
તેઓ ટૂંકી નજરવાળા છે, ટૂંકી નજરવાળા છે.

ત્યારબાદ ઈરશાદ ફરમાવ્યો, قَدْ فَصَّلْنَا الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ એટલે કે, અમે કુદરતની દલીલો ખૂબ સ્પષ્ટ રીતે ખોલી-ખોલીને વર્ણન કરી આપી તે લોકોના માટે જેઓ જાણકારી ધરાવે છે. એમાં ઈરશાદ ફરમાવ્યો કે, જે લોકો આ ખુલ્લમ-ખુલ્લી નિશાનીઓથી પણ અલ્લાહ તઆલાને નથી ઓળખતા તેઓ બેખબર અને બેહોશ છે.

ચોથી આયતમાં وَهُوَ الَّذِىْٓ اَنْشَاَكُمْ مِّنْ نَّفْسٍ وَّاحِدَةٍ فَمُسْتَقَرٌّ وَّمُسْتَوْدَعٌ ફરમાવ્યું, તેમાં مُسْتَقَرّ (મુસ્તકર્ર) એ قرار (કરાર)થી બને છે. તે સ્થળને مُسْتَقَرّ કહે છે, જે કોઈ વસ્તુ માટે સ્થાયી થવાનું સ્થળ હોય અને થોભવાનું, અને مُسْتَوْدَعٌ એ وَدِيْعَتْ થી બને છે. જેનો અર્થ છે, કોઈ વસ્તુને કોઈની પાસે કામચલાઉ ધોરણે અમુક દિવસ મૂકવા માટે આપવામાં આવે. માટે مُسْتَوْدَعٌ તે સ્થળને કહેવામાં આવશે જ્યાં કોઈ વસ્તુ કામચલાઉ ધોરણે અમુક દિવસ માટે મૂકવામાં આવે. એટલે અલ્લાહ તઆલા જ તે પવિત્ર હસ્તી છે જેણે મનુષ્યને એક વ્યક્તિ એટલે કે, હઝરત આદમ (અલૈ.)થી પેદા કર્યા, પછી તેમના માટે એક કામચલાઉ ધોરણે સ્થાયી થવાનું સ્થળ બનાવ્યું અને એક مُسْتَوْدَعٌ એટલે કે, અમુક દિવસ નિવાસનું સ્થળ.

કુર્આને કરીમના શબ્દો તો આ જ છે પરંતુ તેની વ્યાખ્યા અને વિવરણમાં ઘણી બધી સંભાવનાઓ છે, એટલા માટે વિવરણકાર વિદ્વાનોના નિવેદનો તેમાં વિવિધ પ્રકારના છે. કોઈએ કહ્યું કે, مُسْتَوْدَعٌ (મુસ્તવ્દઅ્) માતાનો ગર્ભ અને مُسْتَقَرّ આ દુનિયા છે, કોઈએ દર્શાવ્યું કે, مُسْتَوْدَعٌ કબ્ર છે અને مُسْتَقَرّ આખિરત અને એના વિશે તે સિવાય પણ અનેક નિવેદનો નોંધાયા છે. કુર્આનના શબ્દોમાં

આ બધાની શક્યતા પણ છે. હઝરત કાઝી ષનાઉલ્લાહ પાણીપતી (રહ.)એ તફસીરે મઝહરીમાં એને અગ્રિમતા આપી છે કે, مُسْتَقَرٌّ આખિરતના સ્થળોમાં જન્નત અથવા દોઝખ છે અને મનુષ્યની શરૂઆતથી અંત સુધી પહોંચવાના જેટલાય તબક્કાઓ અને દરજ્જાઓ છે તે અલ્પકાલિન કામચલાઉ થોભવાના સ્થળો છે. ભલે માતાનું ઉદર હોય કે, જમીન ઉપર નિવાસ કરવાનું સ્થળ અથવા કબ્ર કે "બરઝખ". કુર્આને કરીમની એક આયતથી પણ તેના મહત્ત્વની જાણ થાય છે لَتَرْكَبُنَّ طَبَقًا عَنْ طَبَقٍ (૮૪ : ૧૯) એટલે કે, "તમે એક તબક્કામાંથી બીજા તબક્કા તરફ ચઢતા રહેશો" જેનો હેતુ એ છે કે, આખિરત પહેલાં મનુષ્ય પોતાના જીવનમાં એક પ્રવાસીનું સ્વરૂપ ધરાવે છે, જે દેખીતી રીતે શાંતિ અને સ્થાયી થવાના સમયે પણ વાસ્તવમાં પોતાની જિંદગીના પ્રવાસમાં મંઝિલો પસાર કરી રહ્યો હોય છે.

مسافر ہوں کہاں جانا ہے، ناواقف ہوں منزل سے

ازل سے پھرتے پھرتے گور تک پہنچا ہوں مشکل سے

મુસાફર છું ! ક્યાં જવાનું છે ? હું મંઝિલથી નાવાકેફ છું;
પરાપૂર્વેથી ફરતો-ફરતો કબ્ર સુધી મુશ્કેલીથી પહોંચ્યો છું.

આ અંતિમ આયતે મખ્લૂકની દેખીતી ટીપટાપમાં અને આનંદ-પ્રમોદમાં મશ્ગૂલ થઈ પોતાની مُسْتَقَرٌّ અને અલ્લાહ તથા આખિરતથી ગાફિલ થઈ જનારી આંખોને ખોલી દીધી છે, જેથી તે વાસ્તવિકતાને ઓળખે અને દુનિયાના ધોકા તથા પ્રપંચથી છુટકારો મેળવે. મવલાના જાબિર (રહ.)એ ઘણું સરસ કહ્યું છે.

ہمہ اندر زمن ترا زین است

کہ تو طفلی و خانہ رنگین است

ઝમાનાની બધી વસ્તુઓ તારા માટે શોભા છે,
કારણ કે તું બાળક છે અને ઘર રંગીન છે.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૯૯ થી ૧૦૨)

وَهُوَ الَّذِیْٓ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً ۚ فَاَخْرَجْنَا بِهٖ نَبَاتَ كُلِّ شَیْءٍ فَاَخْرَجْنَا مِنْهُ خَضِرًا
نُّخْرِجُ مِنْهُ حَبًّا مُّتَرَاكِبًا ۚ وَمِنَ النَّخْلِ مِنْ طَلْعِهَا قِنْوَانٌ دَانِيَةٌ وَّجَنّٰتٍ مِّنْ
اَعْنَابٍ وَّالزَّيْتُوْنَ وَالرُّمَّانَ مُشْتَبِهًا وَّغَيْرَ مُتَشَابِهٍ ؕ اُنْظُرُوْٓا اِلٰى ثَمَرِهٖٓ اِذَآ
اَثْمَرَ وَيَنْعِهٖ ؕ اِنَّ فِیْ ذٰلِكُمْ لَاٰيٰتٍ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿٩٩﴾ وَجَعَلُوْا لِلّٰهِ شُرَكَآءَ
الْجِنَّ وَخَلَقَهُمْ وَخَرَقُوْا لَهٗ بَنِيْنَ وَبَنٰتٍۭ بِغَيْرِ عِلْمٍ ؕ سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا يَصِفُوْنَ ﴿١٠٠﴾ ع
بَدِيْعُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ اَنّٰى يَكُوْنُ لَهٗ وَلَدٌ وَّلَمْ تَكُنْ لَّهٗ صَاحِبَةٌ ؕ وَخَلَقَ
كُلَّ شَیْءٍ ۚ وَهُوَ بِكُلِّ شَیْءٍ عَلِيْمٌ ﴿١٠١﴾ ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ خَالِقُ
كُلِّ شَیْءٍ فَاعْبُدُوْهُ ۚ وَهُوَ عَلٰى كُلِّ شَیْءٍ وَّكِيْلٌ ﴿١٠٢﴾

તરજુમો :

અને તેણે જ આસમાનથી પાણી ઉતાર્યું, પછી અમે તેનાથી ઊગનારી દરેક વસ્તુ કાઢી, ત્યારબાદ એમાંથી હરિયાળી ખેતી કાઢી જેનાથી અમે દાણા કાઢીએ છીએ એક ઉપર એક ચઢેલો અને ખજૂરના ગાભામાંથી ફળના લુમખા ઝૂકેલા (લચી પડેલા); અને દ્રાક્ષના બગીચા અને ઝયતુનના અને દાડમના પરસ્પર મળતા આવતા અને ભિન્ન–ભિન્ન પણ; જુઓ દરેક વૃક્ષના ફળને જ્યારે તે ફળ લાવે છે અને એના પાકવાને, બેશક ! તે વસ્તુઓમાં ઈમાનવાળાઓ માટે નિશાનીઓ છે. (૯૯) અને અલ્લાહના ભાગીદાર ઠરાવે છે જિન્નાતોને જ્યારે કે તેણે જ તેમને પેદા કર્યા છે, અને કંડારે (ઘડે) છે તેના માટે બેટાઓ અને બેટીઓ અજ્ઞાનતાથી, તે પાક છે અને તે વાતોથી ઘણો દૂર છે જે આ લોકો વર્ણન કરે છે. (૧૦૦) નવી ઢબથી બનાવનારો આસમાન અને જમીનનો; કઈ રીતે તેને બેટો હોઈ શકે છે જ્યારે કે તેને કોઈ ઓરત નથી; અને તેણે જ દરેક વસ્તુ બનાવી અને તે દરેક વસ્તુથી વાકેફ છે. (૧૦૧) આ જ અલ્લાહ તમારો પરવરદિગાર છે, તેના સિવાય કોઈ

મઅ્બૂદ નથી, દરેક વસ્તુનો પેદા કરનારો; બસ તમે એની જ ઈબાદત કરો અને તે દરેક વસ્તુનો કાર્યસાધક છે. (૧૦૨)

તફસીર :

અને તે (અલ્લાહ) એવો છે જેણે આસમાન (તરફ)થી પાણી વરસાવ્યું, ત્યારબાદ અમે તે (એક જ પાણી) દ્વારા દરેક પ્રકારની (રંગબેરંગી) વનસ્પતિને (જમીનમાંથી) કાઢી, (એક જ પાણી અને એક જ માટીમાંથી આટલી વિવિધ પ્રકારની વનસ્પતિ જેનો રંગ, ગંધ, સ્વાદ અને ફાયદા ખૂબ વિવિધતા ધરાવતા હોય છે એ અલ્લાહ તઆલાનો કેટલો આશ્ચર્યજનક ચમત્કાર છે !) ત્યારબાદ અમે તે (કુપળો)માંથી (જે પ્રથમ જમીનમાંથી નીકળે છે જેને અમુક સ્થળે ફણગા કહે છે, તે રંગમાં લીલી હોય છે) હરિયાળી ડાળીઓ કાઢી કે તે (ડાળીઓ)માંથી અમે ઉપર–નીચે ચઢનારા દાણાઓ કાઢીએ છીએ (આ તે હકીકત છે, જેનું વર્ણન فَالِقُ الْحَبِّ وَالنَّوٰى માં આવી ચૂક્યું છે અને ખજૂરોના વૃક્ષો પરથી એટલે કે) તેના ગાભામાંથી લૂમખાઓ નીકળે છે જે (ભારથી) નીચે લચી પડે છે અને (તે જ પાણીથી અમે) દ્રાક્ષના બગીચા (પેદા કર્યા) અને જયતુન તથા દાડમ(ના વૃક્ષો પેદા કર્યા) જે (અમુક દાડમ અને અમુક જયતુનના ફળોનું સ્વરૂપ અને દેખાવ, રંગ વગેરે) એકસમાન મળતા આવતા હોય છે અને અમુક એકબીજાથી મળતા આવતા નથી હોતા (જરા દરેક) ફળને તો જુઓ ! જ્યારે તે ફળે છે (કે તે સમયે બિલકુલ કાચું અને તેનો સ્વાદ પણ લિજ્જતવાળો નથી હોતો) અને (પછી) તેના પાકવાને જુઓ કે (તે સમયે બધા જ ગુણોમાં કેવું સંપૂર્ણ થઈ ગયું ! આ પણ અલ્લાહની કુદરતનો કરિશ્મો છે) તે (ઘટનાઓ)માં (પણ તવહીદની) દલીલો (ઉપસ્થિત) છે (અને જાણે કે સૌના માટે એક પ્રકારની તબ્લીગનો સામાન છે પરંતુ ફાયદાના આધારે) તે (જ) લોકો માટે (છે) જેઓ ઈમાન (લાવવાની ચિંતા) ધરાવે છે (આ ફળો અને મેવાઓનું વર્ણન થયું જેનું વર્ણન સામૂહિક રીતે وَالنَّوٰىમાં આવી ચૂક્યું છે).

અને (મુશ્રિક) લોકોએ (પોતાની શ્રદ્ધામાં) શયતાનોને (એવા) અલ્લાહના (જેની સિફતો અને ખાસિયતો ઉપર વર્ણન થઈ ચૂકી) ભાગીદાર ઠરાવી રાખ્યા છે (કે તેમના બહેકાવવાથી શિર્ક કરે છે અને અલ્લાહના મુકાબલામાં તેમના કહ્યા ઉપર અમલ કરે છે) જ્યારે કે, તે લોકોને (પોતે તેમના

સ્વીકાર કર્યા પ્રમાણે પણ) અલ્લાહ તઆલાએ જ પેદા કર્યા છે (જ્યારે સર્જનહાર કોઈ અન્ય નથી તો મઅ્બૂદ પણ કોઈ અન્ય ન હોવો જોઈએ) અને તે (મુશ્રિકોમાંથી અમુક) લોકોએ અલ્લાહના હકમાં પુત્રો અને પુત્રીઓ (પોતાની માન્યતા પ્રમાણે) ફક્ત વિના દલીલે ઘડી રાખી છે (જેમકે ખ્રીસ્તીઓ હઝરત મસીહ અલૈ.ને અને યહૂદીઓ હઝરત ઉઝૈર અલૈ.ને અલ્લાહના બેટા બનાવે છે અને અરબના મુશ્રિકો ફરિશ્તાઓને અલ્લાહની પુત્રીઓ કહેતા હતા) તે (અલ્લાહ તઆલા) પવિત્ર અને ઉચ્ચતમ્ છે એ વાતોથી જે આ લોકો (અલ્લાહ તઆલાની શા'નમાં) વર્ણન કરે છે. (એટલે એ કે તેનો કોઈ ભાગીદાર નથી અને ન જ તેને કોઈ સંતાનો છે) તે આસમાનો અને જમીનોને પેદા કરનાર છે (અને અન્ય કોઈ સર્જનહાર નથી, બસ ઈબાદતપાત્ર પણ કોઈ અન્ય નથી, આ બાબતથી શિર્કનો નકાર થયો અને સંતાનો ન હોવાની દલીલ એ છે કે, અવલાદની હકીકત એ છે કે પતિ–પત્ની હોય છે અને બંનેના મિલનથી ત્રીજો સજીવ પેદા થાય છે તો) અલ્લાહ તઆલાને અવલાદ કઈ રીતે હોઈ શકે છે ! જ્યારે કે તેને કોઈ પત્ની જ નથી અને અલ્લાહ તઆલાએ (જેવા આ લોકોને પેદા કર્યા وَخَلَقَهُمْ અને જમીન અને આસમાનને પેદા કર્યા, ...بَدِيْعُ السَّمٰوٰتُ એ જ પ્રમાણે તેણે) દરેક વસ્તુને પેદા કરી અને (જે પ્રમાણે તે સર્જનહાર તરીકે એકમાત્ર છે, એ જ પ્રમાણે આ સિફતમાં પણ એકમાત્ર છે કે) તે દરેક વસ્તુને સારી પેઠે જાણે છે (આદિને પણ અને અનાદિને પણ અને તેની આ સિફતમાં પણ તેનો કોઈ ભાગીદાર નથી અને સર્જન જ્ઞાન વગર થઈ શકતું જ નથી, એટલા માટે એ પણ સાબિત થયું કે અન્ય કોઈ સર્જનહાર છે જ નથી) આ (અલ્લાહની પવિત્ર જાતની વિશિષ્ટ સિફતો વર્ણન કરવામાં આવી તે એ છે કે) અલ્લાહ તમારો પાલનહાર છે તેના સિવાય કોઈ ઈબાદતના લાયક નથી, દરેક વસ્તુને પેદા કરનારો (જેમકે ઉપર વર્ણન થયું, જ્યારે આ સિફતો માત્ર અલ્લાહ તઆલાની જ છે) તો તમે લોકો તેની જ ઈબાદત કરો અને (પછી એ કે) તે જ દરેક વસ્તુનો (સાચો) કાર્યસાધક છે (અન્ય કોઈ કાર્યસાધક નથી, બસ તેની ઈબાદત કરશો તો તે તમને સાચો નફો પહોંચાડશે અને બીજા શું આપવાના છે ! મતબલ કે સર્જનહાર પણ તે જ છે, સર્વજ્ઞ પણ તે જ છે, કાર્યસાધક પણ તે જ છે અને તે જ આ સૌ વસ્તુઓનો રક્ષક છે તો ઈબાદતના પાત્ર પણ માત્ર તે જ અલ્લાહ તબારક વ તઆલા છે).

મસ્અલા અને બોધપાઠ :

આ વિષયોમાં એક આશ્ચર્યજનક ક્રમની ગોઠવણી થઈ છે, તે એ કે અત્રે ત્રણ પ્રકારના વિશ્વોનો ઉલ્લેખ છે. નિમ્ન કક્ષા, ઉચ્ચ કક્ષા અને વાતાવરણ એટલે કે અવકાશમાં અસ્તિત્વ ધરાવનારા પદાર્થો. શરૂઆતના ઉલ્લેખમાં નિમ્ન કક્ષાના વિશ્વનું વર્ણન થયું કે, તે આપણી બિલકુલ નજીક છે અને તેના પણ બે વિભાગો કર્યા, એક વિભાગ જમીનમાંથી ઊગનારી વનસ્પતિ, વૃક્ષો અને બગીચાઓ તથા બીજો વિભાગ પ્રાણીઓ, મનુષ્યો અને સજીવો. પ્રથમ વિભાગને અગ્ર કક્ષાએ રાખ્યો અને બીજા વિભાગ કરતાં તેને અગ્ર કક્ષાએ રાખવાનું દેખીતું કારણ એ છે કે, બીજો વિભાગ એટલે કે, સજીવો રૂહ (આત્મા) ઉપર અવલંબિત સર્જન છે. એટલા માટે નુતફા (ગર્ભ)ના વિવિધ તબક્કાઓ અને પરિસ્થિતિ તથા ગર્ભના વિકાસ સાથે એ બાબત જોડાયેલી છે જે માતાના ઉદરમાં આંખોથી ઓજલ હોય છે, જે ભ્રૃણ વિજ્ઞાનનો વિષય છે. જ્યારે કે, તેનાથી વિપરીત વનસ્પતિના વધવા-ફળવા-ફૂલવા વગેરેને પ્રત્યક્ષ રીતે જોઈ શકાય છે. ત્યારબાદ વાતાવરણનું વર્ણન થયું, જેમકે સવાર અને સાંજ. ત્યારબાદ ઉચ્ચ કક્ષાની સૃષ્ટિ (અવકાશી પદાર્થો)નું વર્ણન થયું, જેમકે સૂર્ય, ચંદ્ર, તારાઓ. ત્યારબાદ નિમ્ન કક્ષાની સૃષ્ટિ (દુનિયા)નો વધારે અનુભવ થતો હોય છે, એટલા માટે તેનું પુનરાવર્તન કરીને વાત તેના ઉપર પૂર્ણ કરી પરંતુ પ્રથમ આ બાબત ટૂંકમાં વર્ણન થઈ હતી, હવે વિગતવાર વર્ણન કરવામાં આવી, પરંતુ વિગતવાર વર્ણન કરવામાં ટૂંકમાં વર્ણન કરવામાં આવેલ ક્રમને ઉલટ-સૂલટ કરવામાં આવ્યો કે, અહીંયાં સજીવોના વર્ણનને અગ્રતા આપી અને વનસ્પતિના વર્ણનને પાછલા ક્રમે રાખવામાં આવ્યું. શક્ય છે કે તેનું કારણ એ હોય કે, આ વિગતવાર વર્ણનમાં નેઅ્મતની જાહેરાતનો વિષય અપનાવવામાં આવ્યો છે તો આ સ્વરૂપે અલ્લાહની નેઅ્મતોના કારણે તેનું અનુસરણ કરાવવાનો હેતુ હોવાથી તેને અગ્ર સ્થાને રાખવામાં આવી હોય અને વનસ્પતિને પાછલા ક્રમે રાખવામાં દાણાઓનું સ્વરૂપ દાણા અને ઠળિયા ઉપર તેના અસ્તિત્વનો આધાર રાખ્યો અને વરસાદનું વચ્ચે વર્ણન કરવું વનસ્પતિના અનુસંધાને છે અને તેમાં એક અનન્ય પ્રકારનો રસાસ્વાદ પણ હોઈ શકે છે, તે એ કે વરસાદના વિવિધ સ્વરૂપો છે અને પરિભાષા આધારે તેના વિવિધ તબક્કાઓ છે, તેના મૂળ તત્ત્વની પરિભાષામાં એવું કહી શકાય કે તે ઉપરથી નીચે આવે છે

અને તેની મંઝિલ નીચેથી વધુ નીચે જાય છે અને અંતરના પરિપ્રેક્ષ્ય (સંદર્ભ)માં તે વાતાવરણનો એક ભાગ છે, એટલા માટે કદાચ વરસાદનું વચ્ચે-વચ્ચે વર્ણન થયું.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૦૩ થી ૧૦૭)

لَا تُدْرِكُهُ الْاَبْصَارُ وَهُوَ يُدْرِكُ الْاَبْصَارَ وَهُوَ اللَّطِيْفُ الْخَبِيْرُ ﴿۱۰۳﴾ قَدْ
جَآءَكُمْ بَصَآئِرُ مِنْ رَّبِّكُمْ فَمَنْ اَبْصَرَ فَلِنَفْسِهٖ وَمَنْ عَمِيَ فَعَلَيْهَا وَمَآ اَنَا عَلَيْكُمْ
بِحَفِيْظٍ ﴿۱۰۴﴾ وَكَذٰلِكَ نُصَرِّفُ الْاٰيٰتِ وَلِيَقُوْلُوْا دَرَسْتَ وَلِنُبَيِّنَهٗ لِقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿۱۰۵﴾ اِتَّبِعْ
مَآ اُوْحِيَ اِلَيْكَ مِنْ رَّبِّكَ لَآ اِلٰهَ اِلَّا هُوَ وَاَعْرِضْ عَنِ الْمُشْرِكِيْنَ ﴿۱۰۶﴾ وَلَوْ شَآءَ
اللّٰهُ مَآ اَشْرَكُوْا وَمَا جَعَلْنٰكَ عَلَيْهِمْ حَفِيْظًا وَمَآ اَنْتَ عَلَيْهِمْ بِوَكِيْلٍ ﴿۱۰۷﴾

તરજુમો :

તેને દૃષ્ટિ પામી શકતી નથી અને તે બધી દૃષ્ટિને પામી શકે છે, અને તે ખૂબ લતીફ (All-fine) અને સર્વજ્ઞ છે. (૧૦૩) તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી નિશાનીઓ આવી ચૂકી, પછી જેણે જોઈ લીધું બસ પોતાના માટે અને જે આંધળો રહ્યો બસ પોતાના નુકસાન માટે, અને હું તમારા ઉપર નિગેહબાન (રખેવાળ) નથી. (૧૦૪) અને આમ ભિન્ન-ભિન્ન પ્રકારે અમે આયતો સમજાવીએ છીએ, અને જેથી તેઓ કહે કે તમે કોઈની પાસેથી પઢ્યું છે અને જેથી અમે તેને સમજ ધરાવનારાઓ માટે સ્પષ્ટ કરી આપીએ. (૧૦૫) અને તમે એના ઉપર ચાલો જે તમારા પરવરદિગારનો તમને હુકમ આવે, કોઈ મઅ્બૂદ નથી એના સિવાય અને મુશ્રિકોથી મોઢું ફેરવી લો. (૧૦૬) અને જો અલ્લાહે ઈચ્છયું હોત તો તે લોકોએ શિર્ક ન કર્યું હોત અને અમે તમને તેમના ઉપર નિગેહબાન નથી બનાવ્યા, અને તમે તેમના ઉપર દારોગા (જવાબદાર) નથી. (૧૦૭)

તફસીર :

(અને તે અલ્લાહ તબારક વ તઆલાનું સર્વજ્ઞ હોવું અને આ સિફતમાં

તેનું એકમાત્ર હોવું એ સ્વરૂપે છે કે) તેને તો કોઈની દષ્ટિ નિહાળી નથી શકતી (દુનિયામાં તો આ પ્રમાણે કોઈ અલ્લાહ તઆલાને જોઈ જ નથી શકતું જેમકે શરઈ દલીલોથી સાબિત છે અને આખિરતમાં એ રીતે કે જન્નતના નિવાસીઓ જો કે નિહાળશે જેમકે એ પણ શરઈ દલીલોથી સાબિત છે પરંતુ તેને દષ્ટિમાં સમાવવું અશક્ય જ રહેશે અને માનવ પ્રકૃતિની અનુભૂતિ દ્વારા જેના જાહેર સ્વરૂપને દષ્ટિમાં સમાવવું તથા માનવ પ્રકૃતિની ક્ષમતા દ્વારા નિહાળવું અશક્ય હોય તો તેની મૂળ વાસ્તવિકતા જાહેર પરિસ્થિતિના મુકાબલામાં અત્યંત ગુપ્ત રહે છે, એ જ રીતે બુદ્ધિથી અથવા અંતરમનની અનુભૂતિથી નિહાળવું એમાં તો દષ્ટિમાં સમાવવા કરતાં વધારે ભૂલ થવાની શક્યતા રહે છે અને તે સદંતર અશક્ય જ છે) અને તે (અલ્લાહ તઆલા) બધી દષ્ટિઓને (જે તેને નિહાળવાથી લાચાર હતી તે સૌને) જોઈ શકે છે (એ જ રીતે તે દરેક વસ્તુઓનો સઘળો ભેદ જાણે છે وَهُوَ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ) અને (એ રીતે કે તે સૌ ઉપર છવાયેલો છે અને તેના ઉપર કોઈ છવાયેલું નથી, જરૂરી થઈ ગયું કે) તે ખૂબ બારિક છે અને સઘળું જાણનાર છે (અને આ સિફત કોઈ બીજાની હોઈ નથી શકતી આ તેના જ જ્ઞાનની ખાસિયત છે જેમાં અલ્લાહ તઆલા એકમાત્ર છે) તમે તે લોકોને કહી આપો (કે), હવે નિઃશંક ! તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી સત્ય જોવાનું માધ્યમ (એટલે કે તવહીદ અને રિસાલત સત્ય હોવાની બૌદ્ધિક અને તાર્કિક દલીલો વગેરે વહી દ્વારા) પહોંચી ચૂક્યું છે, બસ જે વ્યક્તિ (તેના દ્વારા સત્યને) જોઈ લેશે તે પોતાનો ફાયદો કરશે અને જે વ્યક્તિ આંધળો રહી જશે તે પોતાનું નુકસાન કરશે અને હું તમારો (એટલે કે તમારા આચરણો ઉપર) રખેવાળ નથી (એટલે કે જેવી રખેવાળની જવાબદારી હોય છે કે તેઓ કોઈ અયોગ્ય પ્રવૃત્તિ ન કરવા દે એ મારી જવાબદારી નથી, મારું કામ તો ફક્ત સત્યના પ્રચારનું છે) અને (જુઓ) અમે આ (શ્રેષ્ઠ) પદ્ધતિથી દલીલોના વિવિધ પાસાંઓને વર્ણન કરીએ છીએ જેથી તમે સૌને પહોંચાડી આપો અને જેથી તેઓ (ઇન્કારીઓ પૂર્વગ્રહથી પીડાઈને) એવું કહે કે તમે કોઈની પાસેથી (આ વિષયો વિશે) શીખી લીધું છે (મતલબ એ કે, જેથી તેમના ઉપર હજુ વધારે આરોપ આવે કે અમે તો આ પ્રમાણે સ્પષ્ટ અને ખુલ્લી રીતે સત્યને સાબિત કરતા હતા અને તે છતાં તમે વ્યર્થ બહાનાબાજી કરતા હતા) અને જેથી અમે તે (કુર્આનના વિષયો)ને બુદ્ધિશાળીઓ

માટે ખૂબ જાહેર કરી આપીએ (એટલે કે, કુર્આનમાં નાઝિલ કરવાના ત્રણ ફાયદાઓ છે, એક એ કે તમને પ્રચારનો સવાબ મળે, બીજું એ કે ઈન્કારીઓ ઉપર વધારે આરોપ આવે, ત્રીજું એ કે બુદ્ધિશાળીઓ અને સત્યનું સંશોધન કરનાર સમક્ષ સત્ય જાહેર થઈ જાય, બસ) તમે (એ ન જુઓ કે કોણ માને છે અને કોણ નથી માનતું) પોતે એ તરીકા ઉપર ચાલતા રહો જે(ના ઉપર ચાલવાની) વહી તમારા પરવરદિગાર તરફથી તમારી પાસે આવી છે (અને આ તરીકામાં મોટી વસ્તુ એ અકીદો છે કે) અલ્લાહ તઆલા સિવાય કોઈ મઅ્બૂદ નથી (અને આ તરીકામાં એ પણ સામેલ છે) અને (તેના ઉપર કાયમ રહીને) મુશ્રિકો તરફ લક્ષ ન આપો (કે અફસોસ ! તેમણે સ્વીકાર ન કર્યો) અને (લક્ષ ન આપવાનું કારણ એ છે કે) જો અલ્લાહ તઆલાને મંજૂર હોત તો તેઓએ આ શિર્ક ન કર્યું હોત (પરંતુ તે લોકોના દુષ્ટ આચરણોથી અલ્લાહ તઆલાને મંજૂર હતું કે તેમને સજા આપે, એટલા માટે એવો જ સામાન ભેગો કરી દીધો, પછી તેમને તમે કઈ રીતે મુસલમાન બનાવી શકો છો !?) અને (તમે તેમની ફિકરમાં ન પડો, કારણ કે) અમે તમને તેમના (આચરણોના) રખેવાળ નથી બનાવ્યા અને ન જ તમે (તેમના આચરણ ઉપર અમારા તરફથી અઝાબ આપવા માટે) અધિકાર ધરાવો છો. (બસ, જ્યારે આપ ﷺ ઉપર તેમના ગુનાહોની છાનબીન કરવાની કોઈ જવાબદારી નથી અને ન જ તેમના માટે આપ સજાનો હુકમ કરી શકો છો, પછી તમને શા માટે ચિંતા હોવી જોઈએ ?)

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ અન્આમની આ પાંચ આયતોમાંથી પ્રથમ આયતમાં اَبْصَار (અબસાર) એ بَصَر (બસર)નું બહુવચન છે, જેનો અર્થ છે "દૃષ્ટિ અને નિહાળવાની શક્તિ" અને اِدْرَاک (ઈદરાક)નો અર્થ "પામી લેવું, પકડી લેવું, સમાવી લેવું" થાય છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ આ સ્થળે "ઈદરાક"ની તફસીરમાં "પામી લેવું" વર્ણન કર્યો છે. *(બહરે મુહીત)*

આયતનો અર્થ એ થયો કે, સમગ્ર મખ્લૂક જિન્નાત, મનુષ્ય, ફરિશ્તાઓ અને દરેક પ્રાણીઓની દૃષ્ટિ મળીને પણ અલ્લાહ જલ્લ શા'નુહૂને જોઈ નથી શકતી અને આ દૃષ્ટિ દ્વારા તેની જાતને પામવું અને તેને દૃષ્ટિમાં સમાવવું અશક્ય

છે. જ્યારે કે અલ્લાહ તઆલા સમગ્ર મખ્લૂકને ન જ માત્ર નિહાળે છે બલકે, તેનું નિહાળવું સૃષ્ટિના પ્રત્યેક અંશ ઉપર છવાયેલું છે. આ ટૂંકી આયતમાં અલ્લાહ તબારક વ તઆલાની બે ખાસ સિફતોનું વર્ણન છે. પ્રથમ એ કે, સમગ્ર સૃષ્ટિમાંથી કોઈની દષ્ટિ બલકે, બધાની દષ્ટિ મળીને પણ તે પવિત્ર હસ્તીને પોતાની નજરમાં સમાવી નથી શકતી.

હઝરત અબૂસઈદ ખુદરી (રદિ.) ફરમાવે છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, જો દુનિયાના સમગ્ર માનવો અને જિન્નાતો અથવા ફરિશ્તાઓ કે શયતાન જ્યારથી પેદા થયા છે અને જ્યાં સુધી પેદા થતા રહેશે, તે સઘળા મળીને એક હરોળમાં ઊભા થઈ જાય તો બધા મળીને પણ તેની પવિત્ર હસ્તીને પોતાની દષ્ટિમાં સમાવી નથી શકતા." *(મઝહરી ઈબ્ને અબી હાતિમના હવાલાથી)*

અને આ ખાસ સિફત અલ્લાહ જલ્લ શા'નુહૂની જ હોઈ શકે છે, નહિતર દષ્ટિને અલ્લાહ તઆલાએ એવી શક્તિ અર્પણ કરી છે કે, નાના-નાના પ્રાણીઓની નાની-નાની આંખો દુનિયાના મહાનથી મહાન વિસ્તારને જોઈ શકે છે અને પોતાની દષ્ટિમાં સમાવી શકે છે. સૂર્ય અને ચંદ્ર વિસ્તારમાં કેટલા મોટા પદાર્થો છે કે પૃથ્વી અને સમગ્ર જગત તેના મુકાબલામાં કોઈ હેસિયત ધરાવતા નથી, પરંતુ દરેક મનુષ્ય બલકે, નાનામાં નાના જાનવરની દષ્ટિ તે અવકાશી પદાર્થોને એવી રીતે જૂએ છે કે, તેને પોતાની દષ્ટિમાં સમાવી લે છે.

અને વાસ્તવિકતા એ છે કે, દષ્ટિ તો માનવીની પાંચ ઈન્દ્રીઓ (સેન્સ)માંથી એક ઈન્દ્રી છે, જે ફક્ત સ્પર્શ કરી શકાય એવી વસ્તુઓને અનુભવી શકે છે. અલ્લાહ તઆલાની પવિત્ર જાત તો બુદ્ધિ અને કલ્પનાના વર્તુળથી પણ ઉપરવટ છે, તેના જ્ઞાનનો તાગ મનુષ્ય કઈ રીતે મેળવી શકે છે ?

تو دل میں آتا ہے سمجھ میں نہیں آتا

بس جان گیا میں تری پہچان یہی ہے

તું માત્ર દિલમાં આવે છે, સમજમાં નથી આવતો;
બસ, હું જાણી ગયો કે તારી ઓળખ આ જ છે !

અલ્લાહ તઆલાની પવિત્ર જાત અને સિફતો અમર્યાદિત છે અને

મનુષ્યની બુદ્ધિ તેની સભાનતા અને કલ્પના બધું જ એક મર્યાદિત અને સીમિત સીમામાં હોય છે. દેખીતું છે કે, એક અમર્યાદિત વસ્તુ કોઈ સીમિત વસ્તુમાં નથી સમાઈ શકતી, એટલા માટે દુનિયાના બૌદ્ધિકો અને ફિલોસોફરો જેમણે તાર્કિક દલીલો દ્વારા સૃષ્ટિના સર્જનહારને ઓળખવા અને તેની પવિત્ર જાત અને સિફતોનો તાગ મેળવવા માટે પોતાની જિંદગીઓ ચર્ચા અને સંશોધનોમાં ખર્ચી નાંખી તથા સૂફીઓએ જેમણે કશ્ફ અને અવલોકનના માર્ગે આ મેદાનની મુસાફરી કરી, સઘળા એ બાબત ઉપર સહમત છે કે તેની પવિત્ર જાત અને સિફતોની વાસ્તવિકતા ન તો કોઈ પામી શક્યું છે અને ન જ કોઈ પામી શકે છે. મવલાના રૂમી (રહ.)એ ફરમાવ્યું,

دُور بینانِ بارگاہِ الست غیر ازیں پے نہ بردہ اند کہ ہست

અલ્લાહના દરબારમાં તે માણસ કે જેની ઊંચી નજર છે,
તે પણ ઘણી બધી કોશીશોના અંતે એટલું જ કહે છે કે અલ્લાહ મોજૂદ છે.

અને હઝરત શૈખ સઅ્દી (રહ.) ફરમાવે છે,

چہ شبہا نشستم دریں سیر گم کہ حیرت گرفت آستینم کہ قم

ઘણી બધી રાતોમાં તેને પામવાના શોખમાં રઝળપાટ કર્યો,
તો "અચંબા"એ મારો પાલવ-બાંય ખેંચીને કહ્યું કે ઊભો રહે !

અલ્લાહ તબારક વ તઆલાના દર્શનનો (પ્રત્યક્ષ નિહાળવાનો) મસ્અલો

મનુષ્યને અલ્લાહ તઆલાના દર્શન થઈ શકે છે કે કેમ ? આ મસ્અલામાં દરેક ઉલમાએ અહલે સુન્નત વલ જમાઅતનો અકીદહ એ છે કે, આ દુનિયામાં અલ્લાહ તઆલાની જાતના પ્રત્યક્ષ દર્શન થઈ શકતા નથી. એ જ કારણ છે કે, હઝરત મૂસા (અલૈ.)એ જ્યારે એવી દરખાસ્ત કરી કે, رَبِّ اَرِنِــــــی "હે મારા પરવરદિગાર ! મને તારા દર્શન કરાવ." (૭ : ૧૪૩) તો જવાબમાં અલ્લાહે ઈરશાદ ફરમાવ્યો, لَـنْ تَـرَانِـی "તમે કદાપિ મને નહીં જોઈ શકો." (૭ : ૧૪૩) દેખીતું છે કે, હઝરત મૂસા (અલૈ.) કલિમુલ્લાહને જ્યારે આ જવાબ મળે છે તો પછી અન્ય કોઈ જિન્નાત અથવા માનવીની શું વિસાત છે ? અલબત્ત, આખિરતમાં મો'મિનોને અલ્લાહ તઆલાના દર્શન થવા સાચી અને મજબૂત (મુતવાતિર)

હદીષ દ્વારા સાબિત થયેલ છે અને પોતે કુર્આને કરીમમાં મોજૂદ છે.

وُجُوْهٌ يَّوْمَئِذٍ نَّاضِرَةٌ اِلٰى رَبِّهَا نَاظِرَةٌ

"કયામતના દિવસે ઘણા ચહેરા તાજા–માજા અને ખુશમિજાજ હશે અને પોતાના પરવરદિગાર તરફ જોઈ રહ્યા હશે." *(સૂ. ૫૫ : આ. ૨૨)*

અલબત્ત, કાફિરો અને મુન્કિરોને તે દિવસે પણ સજા સ્વરૂપે અલ્લાહ તઆલાના દર્શન નહીં થવા પામે, જેમકે કુર્આને કરીમની એક અન્ય આયતમાં છે,

كَلَّا اِنَّهُمْ عَنْ رَّبِّهِمْ يَوْمَئِذٍ لَّمَحْجُوْبُوْنَ ؕ

"કાફિરો તે દિવસે પોતાના પરવરદિગારના દર્શનથી વંચિત અને મહરૂમ રહેશે." *(સૂ. ૮૩ : આ. ૧૫)*

અને આખિરતમાં અલ્લાહ તઆલાના દર્શન વિવિધ સ્થળોએ થઈ શકે છે. મહશરમાં પણ અને જન્નતમાં પહોંચ્યા પછી પણ તથા જન્નતના નિવાસીઓ માટે નેઅ્મતોમાં સૌથી શ્રેષ્ઠ નેઅ્મત અલ્લાહ તઆલાની ઝિયારત (દર્શન) હશે.

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "જ્યારે જન્નતના નિવાસીઓ જન્નતમાં પ્રવેશ પામી લેશે તો અલ્લાહ તઆલા તેમને ફરમાવશે કે જે નેઅ્મતો જન્નતમાં મળી ચૂકી છે, તેનાથી વધારે બીજું કંઈ જોઈએ તો બતાવો કે અમે તે પણ આપીએ. આ લોકો વિનંતી કરશે, યા અલ્લાહ ! તેં અમને દોઝખથી છુટકારો આપ્યો, જન્નતમાં પ્રવેશ કરાવ્યો, તેનાથી વધારે અમારે શું જોઈએ ? તે સમયે વચ્ચેથી પડદો ઉઠાવી દેવામાં આવશે અને બધાને અલ્લાહ તઆલાની ઝિયારત થશે અને આ નેઅ્મત જન્નતની બધી નેઅ્મતોથી વધીને હશે." આ હદીષ શરીફ મુસ્લિમમાં હઝરત સુહૈબ (રદિ.) દ્વારા નકલ થઈ છે.

સહીહ બુખારીની એક હદીષમાં છે કે, "રસૂલુલ્લાહ ﷺ એક રાત્રે ચંદ્રના પ્રકાશમાં હાજર હતા અને સહાબએ કિરામ (રદિ.)નો સમૂહ હતો. આપ ﷺએ ચંદ્ર તરફ દષ્ટિ કરી અને ફરમાવ્યું કે, (આખિરતમાં) તમે પોતાના પરવરદિગારને આ જ પ્રમાણે પોતાની દષ્ટિથી જોશો જેમકે આ ચંદ્રને જોઈ રહ્યા છો."

તિરમિઝી અને મુસ્નદે અહમદની એક હદીષમાં હઝરત ઈબ્ને ઉમર

(રદિ.)થી રિવાયત નકલ થઈ છે કે, "અલ્લાહ તઆલા જે લોકોને જન્નતમાં ખાસ દરજ્જો અર્પણ કરશે, તેમને દરરોજ સવાર-સાંજ અલ્લાહ તઆલાની ઝિયારત નસીબ થશે."

ખુલાસો એ છે કે, દુનિયામાં કોઈને અલ્લાહ તઆલાની ઝિયારત નથી થઈ શકતી અને આખિરતમાં જન્નતના સૌ નિવાસીઓને થશે. રસૂલે કરીમ ﷺને શબે મેઅ્રાજમાં જે ઝિયારત થઈ હતી તે પણ વાસ્તવમાં આખિરતની દુનિયાની જ ઝિયારત છે. જેમકે, શૈખ મુહ્યુદ્દીન ઈબ્ને અરબી (રહ.) ફરમાવે છે કે, "દુનિયા ફક્ત એ જગતનું નામ છે જે આસમાનોની અંદર કેદ છે. ઉપર આખિરતનું સ્થળ છે ત્યાં પહોંચીને જે ઝિયારત થશે તે દુનિયાની ઝિયારત કહી શકાય નહીં."

હવે, સવાલ એ રહે છે કે, જ્યારે કુર્આનની આયત لَا تُدْرِكُهُ الْأَبْصَارُ થી એવી જાણ થાય છે કે, મનુષ્યને અલ્લાહ તઆલાના દર્શન થઈ જ નથી શકતા તો પછી કયામતમાં કેવી રીતે થશે ? તેનો સ્પષ્ટ જવાબ એ છે કે, કુર્આનની આયતનો અર્થ એ નથી કે, મનુષ્ય માટે અલ્લાહ તઆલાના દર્શન અને તેની ઝિયારત અશક્ય છે. બલકે, આયતનો અર્થ એ છે કે, મનુષ્ય તેની પવિત્ર જાતને દૃષ્ટિમાં સમાવી નથી શકતો, તેની પવિત્ર જાત અમર્યાદિત છે, જ્યારે મનુષ્યની દૃષ્ટિ મર્યાદિત છે.

કયામતમાં પણ જે દર્શન થશે તે એ પ્રમાણે થશે કે, દૃષ્ટિ તેને સમાવી નહીં શકે અને દુનિયામાં મનુષ્ય અને તેની દૃષ્ટિમાં એટલી શક્તિ નથી જે આ પ્રમાણેના દર્શનને સહન કરી શકે. એટલા માટે દુનિયામાં દર્શન સદંતર થઈ જ નથી શકતા અને આખિરતમાં શક્તિ પેદા થઈ જશે તો દર્શન અથવા ઝિયરાત થઈ શકશે પરંતુ દૃષ્ટિમાં તે અસીમિત હસ્તી તે સમયે પણ સમાવી નહીં શકાય.

અલ્લાહ જલ્લ શા'નુહૂની બીજી સિફત આ આયતમાં એ વર્ણન થઈ છે કે, તેની દૃષ્ટિ સમગ્ર સૃષ્ટિ ઉપર છવાયેલ છે, દુનિયાનો કોઈ અણુ તેની દૃષ્ટિથી ગુપ્ત કે છુપાયેલો નથી, તેનું આ સંપૂર્ણ જ્ઞાન અને આ જ્ઞાનનો સંપૂર્ણ ઘેરો પણ અલ્લાહ તઆલાની ખાસ સિફત છે. તેના સિવાય કોઈ મખ્લૂકને સૃષ્ટિના અણુએ અણુની જાણકારી ન તો કદી પ્રાપ્ત થઈ શકી છે અને ન જ ક્યારેય પ્રાપ્ત થઈ શકે છે. કારણ કે, તે ખાસ સિફત અલ્લાહ રબ્બુલ ઈજ્જત શા'નુહૂની જ છે.

ત્યારબાદ ઈરશાદ ફરમાવ્યો, وَهُوَ اللَّطِيفُ الْخَبِيرُ તેમાં لَطِيفُ (લતીફ)

અરબી શબ્દકોષના આધારે બે અર્થો માટે ઉપયોગવામાં આવે છે. એક અર્થ "મહેરબાન" અને બીજો "અદષ્ય." એટલે કે, "તે વસ્તુ જેને ઈન્દ્રિય જ્ઞાન (સેન્સ) દ્વારા અનુભવી કે જાણી ન શકાય."

અને خَبِيْرٌ (ખબીર)નો અર્થ છે, "જાણકાર" આ વાક્યનો અર્થ એ થયો કે, અલ્લાહ તઆલા "લતીફ" છે. એટલા માટે માનવ ઈન્દ્રિય દ્વારા તેને અનુભવી શકાય નહીં અને "ખબીર" છે, એટલા માટે સમગ્ર સૃષ્ટિનો કોઈ નાનો અંશ પણ તેના જ્ઞાનથી છુપો નથી અને જો લતીફનો અર્થ આ સ્થળે મહેરબાન (દયાળુ-કૃપાળુ) લેવામાં આવે તો ઈરશાદ આ પ્રમાણે થશે કે, અલ્લાહ તઆલા જો કે, આપણા દરેક નિવેદન અને પ્રવૃત્તિ બલકે, ઈરાદા અને વિચારથી પણ જાણકાર છે જેનો તકાદો એ હતો કે, આપણી દરેક ગુનાહ ઉપર પકડ થયા કરે, પરંતુ કારણ કે તે લતીફ એટલે કે મહેરબાન પણ છે, એટલા માટે દરેક ગુનાહ ઉપર પકડ કરતો નથી.

બીજી આયતમાં શબ્દ بَصَائِرُ (બસાઈર) એ بَصِيْرَتٌ (બસીરત)નું બહુવચન છે, જેનો અર્થ છે "બુદ્ધિ અને સમજદારી" એટલે તે શક્તિ જેના માધ્યમથી મનુષ્ય અદષ્ય અને અનુભવી ન શકાય એવી બાબતોનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. "બસાઈર"નો અર્થ આ આયતમાં તે દલીલો અને માધ્યમો છે, જેનાથી મનુષ્ય સત્ય અને વાસ્તવિકતાને જાણી શકે છે. આ આયતનો ભાવાર્થ એ છે કે, અલ્લાહ તઆલા તરફથી તમારી પાસે સત્ય જોવાના માધ્યમો અને સ્ત્રોતો પહોંચી ચૂક્યા છે. એટલે કે, કુર્આન આવ્યું, રસૂલે કરીમ ﷺ આવ્યા, રસૂલે કરીમ ﷺના મોઅ્જિઝાઓ (ચમત્કારો) આવ્યા, આપ ﷺની વર્તણૂક અને વ્યવહાર તથા તેમના શિક્ષણનો પ્રત્યક્ષ અનુભવ થયો; આ બધા સત્ય નિહાળવાના માધ્યમો છે.

જે વ્યક્તિ આ માધ્યમોથી કામ લઈને દીર્ઘદષ્ટિવાળો (લાંબી નજરવાળો) બની ગયો તેણે તેનાથી પોતાનો લાભ પ્રાપ્ત કરી લીધો અને જે આ માધ્યમોને છોડીને આંધળો બન્યો તેણે પોતાનું જ નુકસાન કર્યું.

અંતિમ આયતમાં ફરમાવ્યું કે, "હું તમારો રખેવાળ નથી" એટલે કે નબીએ કરીમ ﷺની એ જવાબદારી નથી કે, લોકોને બળજબરીથી અભદ્ર (ખરાબ) કાર્યો કરવાથી રોકી જ લે. જેવી રીતે રક્ષક કે ચોકીદાર કામ કરે છે,

બલકે રસૂલના હોદ્દાની ફરજમાં ફક્ત હુકમોને પહોંચાડી દેવું અને સમજાવી દેવું હોય છે. ત્યારબાદ કોઈ તેને અપનાવી તેનું અનુસરણ કરે અથવા ન કરે તે તેની જવાબદારી છે.

તવહીદ અને રિસાલત ઉપર જે સ્પષ્ટ દલીલો પાછલી આયતોમાં વર્ણન થઈ ચૂકી છે, ત્રીજી આયતથી એના તરફ ઈશારો કરીને ફરમાવવામાં આવ્યું, كَذٰلِكَ نُصَرِّفُ الْاٰيٰتِ એટલે કે, "અમે એ જ પ્રમાણે દલીલોના વિવિધ પાસાંઓને વર્ણન કરીએ છીએ."

ત્યારબાદ ફરમાવ્યું, وَلِيَقُوْلُوْا دَرَسْتَ وَلِنُبَيِّنَهٗ لِقَوْمٍ يَّعْلَمُوْنَ ط જેનો ખુલાસો એ છે કે, સમગ્ર હિદાયતનો સામાન, મોઅ્જિઝાઓ, દલીલો, અજોડ પુસ્તક કુર્આન અને એક નિરક્ષરના મુખ મુબારકથી એવા જ્ઞાન અને સચ્ચાઈની જાહેરાત, જે સમગ્ર દુનિયાના ફિલોસોફરો અને બૌદ્ધિકોને લાચાર કરી મૂકે એવું ઉચ્ચ કક્ષાનું સાહિત્ય, જેમાં કયામત સુધી આવનાર જિન્નાતો અને મનુષ્યોને ચેલેન્જ કરવામાં આવ્યું કે, એક નાની સૂરત જેવું કલામ કોઈ બનાવી શકે તો લાવે અને તેનાથી સમગ્ર દુનિયા લાચાર રહી, આ બધા સત્યને નિહાળવાનો સામાન એવો હતો કે, દરેક હઠધર્મ ઈન્કારીને પણ રસૂલે કરીમ ﷺની વાત માની લેવી જોઈતી હતી, પરંતુ જે લોકોના સ્વભાવમાં ખોટ અને નઠારાપણું હતું, તેઓ કહેવા લાગ્યા કે, دَرَسْتَ (દરસ્ત) એટલે કે, "આ જ્ઞાન તો તમે કોઈનાથી શીખી લીધું."

સાથે જ એ પણ ફરમાવ્યું, وَلِنُبَيِّنَهٗ لِقَوْمٍ يَّعْلَمُوْنَ જેનો ખુલાસો એ છે કે, જે સમજદાર વ્યક્તિઓ જેમનામાં સાચી સમજ અને વિવેકબુદ્ધિ તથા "અકલે સલીમ" છે, તેમના માટે આ વર્ણન ફાયદાકારક અને લાભદાયી સાબિત થયું. ખુલાસો એ છે કે, હિદાયતનો સામાન તો બધાની સામે મૂકવામાં આવ્યો પરંતુ નઠારા લોકો તેનાથી ફાયદો ન ઉઠાવી શક્યા, જ્યારે સમજદાર અને વિવેકબુદ્ધિ ધરાવનાર લોકો તેના દ્વારા દુનિયાના માર્ગદર્શક બની ગયા.

ચોથી આયતમાં રસૂલે કરીમ ﷺને હિદાયત છે કે, તમે એ ન જૂઓ કે, કોણ માને છે અને કોણ નથી માનતું ? તમે પોતે તે પદ્ધતિ ઉપર ચાલતા રહો જે પદ્ધતિ ઉપર ચાલવા માટે તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી વહી નાઝિલ થઈ છે. જેમાં સૌથી મોટી માન્યતા એ છે કે, અલ્લાહ સિવાય કોઈ ઈબાદતપાત્ર છે જ નથી. વળી, તે વહીમાં તબ્લીગનો હુકમ પણ સામેલ છે. તેના

ઉપર કાયમ રહીને મુશ્રિકો તરફ ધ્યાન ન આપો કે, અફસોસ કે, તેમણે આ બાબતનો સ્વીકાર કેમ ન કર્યો ?

પાંચમી આયતમાં તેનું કારણ એ બતાવવામાં આવ્યું કે, જો અલ્લાહ તઆલાને પોતાના સર્જનાત્મક આદેશાનુસાર એવું મંજૂર હોત કે, બધા જ માનવો મુસલમાન થઈ જાય તો તેઓ શિર્ક ન કરી શક્યા હોત, પરંતુ તેમના દુરાચારોના કારણે અલ્લાહ તઆલાને એ મંજૂર હતું કે તેમને સજા મળે. એટલા માટે એવો જ સામાન ભેગો કરી દીધો. ત્યારબાદ રસૂલે કરીમ ﷺ તેમને કઈ રીતે મુસલમાન બનાવી શકે છે ? અને આપ ﷺએ તે ફિકર–ચિંતામાં કેમ પડવું જોઈએ ? અને આપ ﷺને તેમના આચરણના રખેવાળ નથી બનાવ્યા અને ન જ આપ ﷺ તેમના આચરણ ઉપર અઝાબ દેવા માટે અમારા તરફથી કોઈ અધિકારી છો. એટલા માટે આપ ﷺએ તેમના આચરણની ફિકર–ચિંતા ન કરવી જોઈએ.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૦૮ થી ૧૧૩)

وَلَا تَسُبُّوا الَّذِينَ يَدْعُونَ مِن دُونِ اللَّهِ فَيَسُبُّوا اللَّهَ عَدْوًا بِغَيْرِ عِلْمٍ ۗ كَذَٰلِكَ
زَيَّنَّا لِكُلِّ أُمَّةٍ عَمَلَهُمْ ثُمَّ إِلَىٰ رَبِّهِم مَّرْجِعُهُمْ فَيُنَبِّئُهُم بِمَا كَانُوا يَعْمَلُونَ ﴿١٠٨﴾
وَأَقْسَمُوا بِاللَّهِ جَهْدَ أَيْمَانِهِمْ لَئِن جَاءَتْهُمْ آيَةٌ لَّيُؤْمِنُنَّ بِهَا ۚ قُلْ إِنَّمَا
الْآيَاتُ عِندَ اللَّهِ ۖ وَمَا يُشْعِرُكُمْ أَنَّهَا إِذَا جَاءَتْ لَا يُؤْمِنُونَ ﴿١٠٩﴾ وَنُقَلِّبُ أَفْئِدَتَهُمْ
وَأَبْصَارَهُمْ كَمَا لَمْ يُؤْمِنُوا بِهِ أَوَّلَ مَرَّةٍ وَنَذَرُهُمْ فِي طُغْيَانِهِمْ يَعْمَهُونَ ﴿١١٠﴾

પારહ : (૮)

وَلَوْ أَنَّنَا نَزَّلْنَا إِلَيْهِمُ الْمَلَائِكَةَ وَكَلَّمَهُمُ الْمَوْتَىٰ وَحَشَرْنَا عَلَيْهِمْ كُلَّ شَيْءٍ قُبُلًا مَّا
كَانُوا لِيُؤْمِنُوا إِلَّا أَن يَشَاءَ اللَّهُ وَلَٰكِنَّ أَكْثَرَهُمْ يَجْهَلُونَ ﴿١١١﴾ وَكَذَٰلِكَ جَعَلْنَا
لِكُلِّ نَبِيٍّ عَدُوًّا شَيَاطِينَ الْإِنسِ وَالْجِنِّ يُوحِي بَعْضُهُمْ إِلَىٰ بَعْضٍ زُخْرُفَ الْقَوْلِ
غُرُورًا ۚ وَلَوْ شَاءَ رَبُّكَ مَا فَعَلُوهُ ۖ فَذَرْهُمْ وَمَا يَفْتَرُونَ ﴿١١٢﴾ وَلِتَصْغَىٰ إِلَيْهِ
أَفْئِدَةُ الَّذِينَ لَا يُؤْمِنُونَ بِالْآخِرَةِ وَلِيَرْضَوْهُ وَلِيَقْتَرِفُوا مَا هُم مُّقْتَرِفُونَ ﴿١١٣﴾

તરજુમો :

અને તમે લોકો તેમને બુરું ન કહો જેમની તેઓ અલ્લાહના સિવાય પૂજા કરે છે, બસ તેઓ અલ્લાહને સમજ્યા વિના અસભ્યતાથી બુરું કહેવા લાગશે, એ જ પ્રમાણે અમે દરેક ફિરકાની દષ્ટિમાં તેમના અમલોને શણગારી દીધા, પછી તે સૌને પોતાના પરવરદિગારની પાસે પહોંચવાનું છે, ત્યારે તે તેમને બતાવી દેશે જે કંઈ તેઓ કરતા હતા. (૧૦૮) અને તેઓ તાકીદથી અલ્લાહની કસમો ખાય છે કે જો તેમની પાસે કોઈ નિશાની આવે તો અવશ્ય તેના ઉપર ઈમાન લાવશે, તમે કહી આપો કે નિશાનીઓ તો અલ્લાહની પાસે છે અને હે મુસલમાનો ! શું તમને ખબર છે કે જ્યારે તે નિશાનીઓ આવશે તો આ લોકો ઈમાન લઈ જ આવશે ? (૧૦૯) અને અમે તેમના દિલ અને તેમની આંખો ઊલટાવી દઈશું જેમકે પ્રથમ વખતે નિશાનીઓ ઉપર ઈમાન લાવ્યા નહીં અને અમે તેમને તેમની સરકશી (બળવાખોરી)માં ભટકતા છોડી રાખીશું. (૧૧૦) અને જો અમે તેમના ઉપર ફરિશ્તાઓ ઉતારીએ અને તેમની સાથે મરી ચૂકેલા (મડદાં) વાતો કરે અને અમે તેમની સામે દરેક વસ્તુને જીવતી કરી આપીએ તો પણ આ લોકો કદાપિ ઈમાન લાવનારા નથી, પરંતુ એ કે અલ્લાહ ઈચ્છે; પરંતુ તેમનામાં ઘણા જાહિલ છે. (૧૧૧) અને એ જ રીતે અમે દરેક નબી માટે શયતાન (દુષ્ટ શરારતખોર) મનુષ્યોને અને જિન્નાતોને દુશ્મન બનાવી દીધા કે જેઓ એકબીજાઓને બનાવટી (Ornamented) વાતો ધોકો આપવા માટે શિખવાડે છે, અને જો તમારા પરવરદિગારે ઈચ્છયું હોત તો તે લોકોએ આ કામ ન કર્યું હોત, બસ તમે છોડી દો; તેઓ જાણે અને તેમનું જૂઠ ! (૧૧૨) અને એટલા માટે કે તે લોકોના દિલ તે બનાવટી વાતો તરફ આકર્ષિત થાય જેમને આખિરતનું યકીન નથી અને તેઓ એને પણ પસંદ કરી લે; અને કર્યે જાય જે કંઈ બુરા કામ કરી રહ્યા છે. (૧૧૩)

તફસીર :

અને અપશબ્દો ન કહો તેઓને (એટલે કે તેમના જૂઠા મઅ્બૂદોને) જેમની આ (મુશ્રિક) લોકો અલ્લાહ(ની તવહીદ)ને છોડીને ઈબાદત કરે છે, કારણ કે

(તમારું એવું કરવાથી) પછી તેઓ અજ્ઞાનતાની હદ વટાવીને (એટલે કે ગુસ્સામાં આવીને) અલ્લાહ તઆલાની શા'નમાં ગુસ્તાખી કરશે (અને એ આશ્ચર્ય ન કરવામાં આવે કે આવી ગુસ્તાખી કરનારાઓને તાત્કાલિક સજા કેમ નથી મળી જતી ? કારણ કે) અમે (દુનિયામાં તો) આ જ પ્રમાણે (જેવું થઈ રહ્યું છે) દરેક વિચારસરણીવાળાને તેમના કાર્યો (ભલા હોય અથવા બુરા હોય) શણગારીને બતાવીએ છીએ (એટલે કે, એવા કારણો ભેગા થઈ જાય છે કે દરેક પોતાના મતને પસંદ કરે છે, આથી જાણ થઈ કે આ દુનિયા વાસ્તવમાં એક કસોટી માત્ર છે, બસ તેથી દુનિયામાં સજા થવી જરૂરી નથી) પછી (અલબત્ત પોતાના સમય ઉપર) પોતાના પરવરદિગારની પાસે તેઓને (સૌને) જવાનું છે, બસ (તે સમયે) તેમને બતાવી આપશે જે કંઈ પણ તેઓ (દુનિયામાં) કર્યા કરતા હતા (અને અપરાધીઓને સજા આપશે) અને તે (ઈન્કાર કરનારા) લોકો અલ્લાહની કસમો ભારપૂર્વક ખાય છે કે જો તેમની પાસે (એટલે કે, તેમની માંગણી મુજબની નિશાનીઓમાંથી) કોઈ નિશાની (જાહેરમાં) આવી જાય તો તેઓ અવશ્ય તે (નિશાની)ના ઉપર ઈમાન લઈ આવશે, (એટલે કે નિશાની જાહેર કરનારાની નુબુવ્વતને માની લેશે) તમે (જવાબમાં) કહી આપો કે, નિશાનીઓ બધી અલ્લાહ તઆલાના કબજામાં છે (અને તે તેમાં જે પ્રમાણે ઈચ્છે કરવા માટે સક્ષમ છે, તેમાં બીજાની કોઈ દખલગીરી કરવી અથવા માંગણી કરવી અસ્થાને છે, કારણ કે અલ્લાહ તઆલા સિવાય કોઈને ખબર નથી કે કોનું જાહેર થવું અથવા ન થવું હિકમતની દષ્ટિએ યોગ્ય છે, અલબત્ત રસૂલ નાઝિલ થવાના સમયે હંમેશા કોઈ નિશાનીને જાહેર કરી દેવી તેની હિકમતમાં ચોક્કસ થતું આવે છે. બસ, અલ્લાહ તઆલા ઘણી બધી નિશાનીઓ રસૂલ ﷺના રિસાલતના સચ્ચાઈના દા'વાની જાહેર કરી ચૂક્યો છે, જે દલીલો માટે પૂરતી છે, બસ તેમની માંગણીનો જવાબ આપવામાં આવી ચૂક્યો છે) અને (કારણ કે, મુસલમાનોના દિલોમાં વિચાર હતો કે, ઘણું સારું થાય જો નિશાનીઓ જાહેર થાય તો તેઓ કદાચ ઈમાન લઈ આવે, એટલા માટે તે મુસલમાનોને સંબોધન કરવામાં આવ્યું કે) તમને તેની શું ખબર (બલકે અમને ખબર છે) કે તે (માંગણી મુજબની) નિશાનીઓ જે વખતે (અસ્તિત્વમાં) આવી જશે આ લોકો (દુશ્મની અને હઠધર્મીના કારણે) તો પણ ઈમાન નહીં લાવે અને (તેમના ઈમાન ન લાવવાના કારણથી) અમે પણ તેમના

દિલોને (સચ્ચાઈને પ્રાપ્ત કરવાના ઈરાદાથી) અને તેમની દષ્ટિને (સત્ય જોવાની શક્તિથી) ઊલટાવી દઈશું અને (તેમનું આ ઈમાન ન લાવવું એવું છે) જેમકે આ લોકો એ (કુર્આન)ના ઉપર (કે મોઅ્જિઝાઓ નજરે નિહાળ્યા પછી પણ) પ્રથમ વખતે (જયારે કે તે આવ્યા) ઈમાન નથી લાવ્યા (તો હવે તેમના ઈમાન ન લાવવામાં કોઈ આશ્ચર્ય ન પામો) અને (દષ્ટિ ખૂંચવી લેવાનો અર્થ જાહેર રીતે શારીરિક આંધળા કરવાનો નથી બલકે તેનો અર્થ એ છે કે) અમે તેમને તેમની બળવાખોરી (અને કુફ્ર)માં ભટકતા (ફરતા) રહેવા દઈશું (ઈમાનની તવફીક ન થશે કે આ એક પ્રકારનો અંધાપો જ છે) અને (તેમની દુશ્મનાવટની એ પરિસ્થિતિ છે કે) જો અમે (એક માંગણી મુજબની નિશાની તો શું અનેક મોટી-મોટી નિશાનીઓ પણ જાહેર કરી આપીએ દાખલા તરીકે) તેમની પાસે ફરિશ્તાઓ મોકલી આપીએ (જેમકે તેઓ કહે છે لَوْ لَا أُنْزِلَ عَلَيْنَا الْمَلَائِكَةُ) અને તેમના મડદાં (સજીવન થઈને) વાતો કરવા લાગે (જેમકે તેઓ કહે છે, فَأْتُوا بِآبَائِنَا) અને (તેઓ તો ફક્ત એટલું જ કહે છે تَأْتِيَ بِاللَّهِ وَالْمَلَائِكَةِ قَبِيلًا) અમે (તેના જ ઉપર બસ નહીં કરતાં, બલકે) સમગ્ર ઉપસ્થિત (ભેદી વસ્તુઓ)ને (જેમાં જિન્નાત, દોઝખ બધું જ કંઈ આવી ગયું) તેમની પાસે તેમની દષ્ટિ સમક્ષ લાવી ભેગું કરી આપીએ (કે બધાને ખુલ્લમ-ખુલ્લી નજર સમક્ષ જોઈ લે) તો પણ આ લોકો કદાપિ ઈમાન લાવશે નહીં, હા ! પરંતુ જો અલ્લાહ કદાચ ઈચ્છે (અને તેમની તકદીર બદલી નાંખે) તો બીજી વાત છે, (બસ જે તેમની દુશ્મનાવટ અને શરારતની આ પરિસ્થિતિ છે અને પોતે પણ તેઓ તેને જાણે છે કે, અમારી નિય્યત અત્યારે પણ ઈમાન લાવવાની નથી તો તેનો તકાદો એ હતો કે, નિશાનીઓની માંગણી કરવી ન જોઈએ, કારણ કે તે ફક્ત તેમના માટે બેકાર વાતો છે) પરંતુ તેમનામાંથી મોટા ભાગના લોકો અજ્ઞાનતાની વાતો કરે છે (કે ઈમાન લાવવાનો ઈરાદો નથી પરંતુ ફોગટની નિશાનીઓની માંગણી કરવી તેમની અજ્ઞાનતાને છતી કરે છે) અને (આ લોકો જે તમારી સાથે દુશ્મની રાખે છે તે કોઈ નવી વાત આપ ﷺ સાથે નથી બની બલકે, જે પ્રમાણે તમારી સાથે તેઓ દુશ્મની રાખે છે) એ જ પ્રમાણે અમે દરેક નબીના દુશ્મન ઘણા શયતાન પેદા કર્યા હતા, અમુક મનુષ્ય (જેમની સાથે અસલ વ્યવહાર હતો) અને અમુક જિન્નાતો (ઈબ્લીસ અને તેની અવલાદ) જેમનામાંથી અમુક (એટલે કે ઈબ્લીસ અને તેનું

લશ્કર) અન્ય બીજાઓને (એટલે કે કાફિર માનવીઓને) લોભામણી વાતોનો વસવસો નાંખતા રહેતા હતા જેથી તેમને ધોકામાં નાંખી દે; (એનો અર્થ કુફ્ર અને વિરોધની વાતો છે કે, જાહેરમાં નફ્સને તે સારી લાગતી હતી અને અંદરથી અત્યંત નુકસાનકર્તા હતી અને આ જ ધોકો છે, જ્યારે આ કોઈ નવી વાત નથી તો તેનો કોઈ ગમ ન કરો કે તમારી સાથે આ લોકો આવો વ્યવહાર કેમ કરે છે ? વાસ્તવિકતા એ છે કે તેમાં અમુક હિકમતો છે, તે કારણથી તેમને આવી બાબતો ઉપર શક્તિ પ્રાપ્ત થઈ ગઈ છે) અને જો અલ્લાહ તઆલા ઈચ્છે (તો આ લોકો આવા કૃત્યો ઉપર કાબૂ ન પામે) તો (પછી) તેઓ એવા કામ ન કરી શકે (પરંતુ અમુક હિકમતોના કારણે તેમને આ પ્રમાણેની શક્તિ આપી દીધી છે) બસ, (જ્યારે તેમાં હિકમત છે તો) તે લોકોની અને જે કંઈ આ (દીન વિશે) શરારતો કરી રહ્યા છે (જેમકે નુબુવ્વતનો ઈન્કાર તો તે તેમની દુશ્મની ઉપર આધારિત છે) તેને તમે રહેવા દો, (એની ફિકર-ચિંતામાં ન પડો, અમે પોતે નક્કી સમય ઉપર યોગ્ય સજા આપીશું અને આ હિકમતોમાંથી એક એ પણ છે) અને (તે શયતાનો તે કાફિર વ્યક્તિઓને એટલા માટે ભ્રમ અને ધોકામાં નાંખતા હતા) જેથી તે (ધોકાની વાતો) તરફ તે લોકોના દિલો આકર્ષિત થઈ જાય, જેઓ આખિરત ઉપર (જેવું હોવું જોઈએ તેવું) ઈમાન નથી ધરાવતા (તેનો અર્થ કાફિર લોકો છે, ભલે તે અહલે કિતાબ હોય, કારણ કે જેવું જોઈએ તેવું તેમનું પણ યકીન નથી નહિતર નુબુવ્વતના ઈન્કાર કરવા ઉપર તેમને કયામતમાં સજા થશે એવું પાકું યકીન જો તેઓ ધરાવતા હોત તો તેની તેઓ કદાપિ હિમ્મત કરતા ન હોત) અને જેથી (માન્યતા પછી) તે કાર્યો (પણ) કરતા રહે જેને તેઓ કરી રહ્યા છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયત એક ખાસ ઘટનાના સંભર્દમાં નાઝિલ થઈ છે અને તેમાં એક ખાસ મહત્ત્વના સૈદ્ધાંતિક મસ્અલાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, જે કામ પોતે કરવું જાઇઝ નથી તેનું કારણ અને માધ્યમ બનવું પણ જાઇઝ નથી.

આયતનો શા'ને નુઝૂલ (પૂર્વભૂમિકા) ઈબ્ને જરીર (રહ.)ની રિવાયત પ્રમાણે એ છે કે, જ્યારે રસૂલે કરીમ ﷺના સન્માનનીય કાકા અબૂતાલિબ જીવલેણ બીમારીની મરણ પથારીએ હતા ત્યારે કુરૈશના મુશ્રિક સરદારો જે

રસૂલે કરીમ ﷺની દુશ્મની અને તેમને ત્રાસ આપવામાં હંમેશા પ્રવૃત્ત રહેતા હતા બલકે આપ ﷺની હત્યાના ષડયંત્રો રચતા રહેતા હતા. તેમને એ ચિંતા થઈ કે, અબૂતાલિબનું મૃત્યુ અમારા માટે મુશ્કેલ સમસ્યા બની જશે. કારણ કે, તેમના પછી જો અમે મુહમ્મદ (ﷺ)ની હત્યા કરીશું તો એ અમારા માટે ઈજ્જત અને સન્માનના વિરુદ્ધ લેખાશે કે લોકો કહેશે કે, અબૂતાલિબ સામે તો તેઓ તેમનું કંઈ બગાડી ન શક્યા અને તેમના મૃત્યુ પછી તેમને એકલા જાણીને હત્યા કરી નાંખી. એટલા માટે આ સમય છે કે, આપણે મળીને ખુદ અબૂતાલિબ સાથે કોઈ નિર્ણાયક વાતચીત કરી લઈએ.

એ વાત લગભગ દરેક ભણેલો-ગણેલો મુસલમાન જાણે છે કે, અબૂતાલિબ જો કે મુસલમાન ન થયા હતા પરંતુ રસૂલે કરીમ ﷺથી ન જ ફક્ત પ્રેમ રાખતા હતા બલકે, તેમનું સન્માન અને આદર પણ તેમના દિલમાં પરાકાષ્ઠાએ હતો અને રસૂલે કરીમ ﷺના દુશ્મનોના મુકાબલામાં તેઓ હંમેશા છાતી કાઢીને ઊભા થઈ જતા હતા.

કુરૈશના અમુક સરદારોએ એવો મશ્વરો કર્યો કે અબૂતાલિબ પાસે જવા માટે એક પ્રતિનિધિ મંડળની નિમણૂક કરવામાં આવે. જેમાં અબૂસુફિયાન, અબૂજહલ, અમ્ર બિન આસ વગેરે કુરૈશી સરદારો સામેલ હતા. અબૂતાલિબની આ વખતની મુલાકાત માટે સમય લેવાનું કામ એક વ્યક્તિ મુત્તલિબ નામનો હતો તેને સોંપ્યું. તેણે અબૂતાલિબ પાસે જઈને પરવાનગી લઈને આ પ્રતિનિધિ મંડળને ત્યાં પહોંચાડ્યું.

પ્રતિનિધિ મંડળે અબૂતાલિબને કહ્યું કે, "તમે અમારા વડીલ અને આગેવાન છો અને તમને જાણ છે કે, આપના ભત્રીજા મુહમ્મદે (ﷺ) અમારા મઅ્બૂદો (પૂજ્યો)ને સખત તકલીફ અને પીડા પહોંચાડી રાખી છે. અમે ઇચ્છીએ છીએ કે, તમે તેમને બોલાવીને સમજાવો કે તે અમારા મઅ્બૂદોને બુરું ન કહે તો અમે એ બાબતની સુલેહ કરી લઈશું કે, તે પોતાના દીન ઉપર જેવી રીતે ઇચ્છે અમલ કરે, જેને ચાહે મઅ્બૂદ બનાવે, અમે તેને કંઈ જ કહીશું નહીં."

અબૂતાલિબે રસૂલુલ્લાહ ﷺને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું, "આ આપની જ્ઞાતિના સરદારો (આગેવાનો) આવ્યા છે." રસૂલે કરીમ ﷺએ તે

પ્રતિનિધિ મંડળને સંબોધન કરીને કહ્યું કે, "તમે લોકો શું ઈચ્છો છો ?" તેમણે કહ્યું કે, "અમારી ઈચ્છા એ છે કે, તમે અમને અને અમારા મઅ્બૂદોને છોડી દો, બુરું-ભલું ન કહો અને અમે તમારા મઅ્બૂદને છોડી આપીશું. આ રીતે પરસ્પર વિરોધ સમાપ્ત થઈ જશે."

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "સારું, એ બતાવો કે જો હું તમારી આ વાત માની લઉં તો શું તમે એક એવો કલિમો કહેવા માટે તૈયાર થઈ જશો, જેને કહેવાથી તમે બધા અરબના માલિક થઈ જશો અને તે સિવાયના લોકો પણ તમારા તાબે અને શાસન હેઠળ આવી જશે ?"

અબૂજહલ બોલ્યો કે, "આવો કલિમો એક નહિ, અમે દશ કહેવા માટે તૈયાર છે. બતાવો ! તે શું છે ?" રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "لَآ اِلٰـهَ اِلَّا اللّٰهُ (લા ઈલાહા ઈલ્લલ્લાહ....)" આ સાંભળતા જ બધા જ ગુસ્સે થઈ ગયા. અબૂતાલિબે પણ રસૂલે કરીમ ﷺને કહ્યું કે, "મારા ભત્રીજા ! આ કલિમા સિવાય બીજી કોઈ વાત કહો. કારણ કે, તમારી કૌમ આ કલિમાથી ગભરાઈ ગઈ છે."

રસૂલે કરીમ ﷺએ કહ્યું, "વહાલા કાકા ! હું તો આ કલિમા સિવાય બીજો કોઈ કલિમો નથી કહી શકતો, જો તેઓ આસમાનથી સૂર્યને ઉતારી લાવે અને મારા હાથમાં મૂકી દે તો પણ હું આ કલિમા સિવાય કશું અન્ય કદાપિ ન કહીશ." તેમનો આ પ્રમાણે કહેવાનો હેતુ એ હતો કે તે કુરૈશના સરદારોને નિરાશ કરી આપે.

આથી આ લોકો નારાજ થઈને કહેવા લાગ્યા, "યા તો તમે અમારા મઅ્બૂદો (મૂર્તિઓ)ને બુરું કહેવાથી અટકી જાઓ, નહિતર અમે તમને પણ ગાળો આપીશું અને તે હસ્તીને પણ જેનો રસૂલ હોવાનું તમે પોતે બતાવો છો." તેના ઉપર આ આયત નાઝિલ થઈ, لَا تَسُبُّوا الَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ فَيَسُبُّوا اللّٰهَ عَدْوًاۢ بِغَيْرِ عِلْمٍ એટલે કે, "તમે તેમની મૂર્તિઓને બુરું ન કહો, જેને આ લોકોએ ખુદા બનાવી રાખ્યા છે જેના પરિણામે તેઓ અલ્લાહને બુરું કહેવા લાગે પોતાના ખોટા માર્ગે હોવાના કારણે અને નાદાનીના (કારણે)."

તેમાં لَا تَسُبُّوْا (લા તસબ્બૂ) શબ્દ سَبّ (સબ્બ)થી બન્યો છે જેનો અર્થ છે, "અપશબ્દો કહેવા." રસૂલે કરીમ ﷺ તો પોતાના ઉચ્ચ કક્ષાના સ્વભાવની

બીના પર પ્રથમથી જ એ બાબતના પાબંદ હતા કે, ક્યારેય બાળપણમાં પણ કોઈ વ્યક્તિ બલકે, કોઈ જાનવર સુદ્ધાં માટે પણ કોઈ અપશબ્દ કે ગાળ તેમની જીભ મુબારક ઉપર આવી ન હતી. શક્ય છે કે, અમુક સહાબએ કિરામ (રદિ.)ની જીભથી કોઈ કઠોર વેણ નીકળી પણ ગયા હોય. જેને મક્કાના મુશ્રિકોએ ગાળથી ઓળખાવ્યા હોય અને કુરૈશના આગેવાનોના આ પ્રતિનિધિ મંડળે રસૂલે કરીમ ﷺ સામે આ ઘટનાને મૂકીને આ જાહેરાત કરી આપી કે, તમે અમારા બૂતો (મૂર્તિઓ)ને બુરું-ભલું કહેવાથી અટકશો નહીં તો અમે આપના ખુદાને બુરું-ભલું કહીશું. (નઊઝુબિલ્લાહ !)

આ બીના ઉપર કુર્આને હકીમમાં આ આયત નાઝિલ થઈ જેના દ્વારા મુસલમાનોને અટકાવવામાં આવ્યા કે, તેઓ મુશ્રિકોના જૂઠા પૂજ્યો (મઅ્બૂદો) વિશે કોઈ કઠોર વેણ ન કહ્યા કરે. આ આયતમાં એ વાત વિશેષ સ્વરૂપે ધ્યાન આપવા યોગ્ય છે કે, તેનાથી અગાઉની આયતમાં પોતે રસૂલે કરીમ ﷺને સંબોધન થઈ રહ્યું હતું, દાખલા તરીકે ઈરશાદ છે, اِتَّبِعۡ مَـآ اُوۡحِىَ اِلَيۡکَ مِنۡ رَّبِّکَ અને مَا اَنۡتَ عَلَيۡهِمۡ بِوَكِيۡلٍ અને مَا جَعَلۡنَاکَ عَلَيۡهِمۡ حَفِيۡظًا અને اَعۡرِضۡ عَنِ الۡمُشۡرِكِيۡنَ તે તમામ વ્યાકરણના નિયમોમાં રસૂલે કરીમ ﷺને સંબોધન હતું કે, તમે આ પ્રમાણે કરો અને આ પ્રમાણે ન કરો. ત્યારબાદ આ આયતમાં સંબોધનની શૈલી રસૂલે કરીમ ﷺ તરફથી ફેરવીને સામાન્ય મુસલમાનો તરફ કરવામાં આવી. કહેવામાં આવ્યું, لَا تَسُبُّـــــوۡا જેમાં ઈશારો એ વાત તરફ છે કે, આપ ﷺએ તો ક્યારેય કોઈને અપશબ્દો કહ્યા ન હતા. એટલા માટે તેમને સીધે-સીધી આ બાબત તેમને સંબોધવાથી તેમનું હૃદય તૂટવાનું કારણ બની શકતું હતું, એટલા માટે સૌના માટે જાહેર સંબોધન કરવામાં આવ્યું અને સમગ્ર સહાબએ કિરામ (રદિ.) પણ તેમાં કાળજી લેવા માંડ્યા. *(કઝા ફિલ બહરે મુહીત)*

રહી એ બાબત કે, કુર્આને કરીમની ઘણી-બધી આયતોમાં મૂર્તિઓનું વર્ણન સખત શબ્દોમાં આવ્યું છે અને તે આયતો મન્સૂખ (રદ) પણ નથી થઈ. તેની તિલાવત હજુ પણ થાય છે.

તેનો જવાબ એ છે કે, કુર્આનની આયતોમાં જ્યાં પણ જે પણ સ્થળે આ પ્રમાણેના શબ્દો આવ્યા છે તે મુનાજરા (Debate) સ્વરૂપે કોઈ હકીકતને સ્પષ્ટ

કરવા માટે વર્ણન થયા છે. ત્યાં કોઈની ભાવનાને પીડા પહોંચાડવાનો હેતુ દષ્ટિ સમક્ષ નથી અને ન જ કોઈ સમજદાર વ્યક્તિ તેનું એ પરિણામ કાઢી શકે છે કે, આવું કહેવું મૂર્તિઓને બુરું કહેવાના કે મુશ્રિકોને ચિડવવાના હેતુથી છે અને આ એક એવો ખુલ્લો તફાવત છે જેને દરેક ભાષાના નિષ્ણાતો સરળતાથી સમજી શકે છે કે, ક્યારેક કોઈ વ્યક્તિની કોઈ ખામી અથવા બુરાઈ કોઈ સમસ્યાની કે બાબતની સ્પષ્ટતા માટે વર્ણન કરવામાં આવે છે જેમકે સામાન્ય રીતે ન્યાયાલયોમાં દરરોજ એવું બનતું રહે છે, પરંતુ ન્યાયાલયની સામે કરવામાં આવતા નિવેદનને દુનિયાનો કોઈપણ વ્યક્તિ એવું નથી કહી શકતો કે, ફલાણાએ ફલાણાને અપશબ્દો કહ્યા. એ જ પ્રમાણે ડૉક્ટરો અથવા હકીમોની સામે મનુષ્યોની ઘણી બધી ખામીઓ વર્ણન કરવામાં આવે છે, જે કોઈ તેને અન્ય સ્થળે અન્ય કોઈ રીતે વર્ણન કરે તો ગાળ સમજવામાં આવે, પરંતુ ઈલાજના હેતુથી તેને કોઈ ગાળ દીધાનું કહેતું નથી.

એ જ પ્રમાણે કુર્આને કરીમમાં અનેક સ્થળે મૂર્તિઓની સહાયતા અને તેમનામાં સભાનતાનો ગુણ ન હોવાની તથા જાણકારી કે શક્તિ ન હોવાની બાબતને એક એવી શૈલીમાં વર્ણન કરવામાં આવી છે કે, જેથી વિવેકબુદ્ધિ ધરાવનાર વ્યક્તિ હકીકતને સમજી લે અને ન સમજનારની ભૂલ અથવા ટૂંકી દષ્ટિ સ્પષ્ટ થઈ જાય, આથી ઈરશાદ થયો છે, ضَعُفَ الطَّالِبُ وَالْمَطْلُوْبُ (૨૨:૭૩) એટલે કે, "આ મૂર્તિઓ પણ અશક્ત છે અને તેમને ચાહનારા પણ અશક્ત." અથવા આ પ્રમાણે કહેવામાં આવ્યું છે, اِنَّكُمْ وَمَا تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ حَصَبُ جَهَنَّمَ (૨૧ : ૯૮) એટલે કે, "તમે અને જે મૂર્તિઓની તમે ઈબાદત કરો છો તે બધા જહન્નમનું ઈંધણ છે." અહીંયાં પણ કોઈને બુરુંભલું કહેવાનો હેતુ નથી. ગુમરાહી અને ભૂલનું ખરાબ પરિણામ વર્ણન કરવાનો હેતુ છે અને ફુકહાએ તેની સ્પષ્ટતા કરી છે કે, જો કોઈ વ્યક્તિ આ આયતને પણ મુશ્રિકોને ચિડવવા માટે પઢે તો તેના માટે તે સમયે એ તિલાવત કરવી પણ سَبِّ مَمْنُوْعٌમાં સામેલ છે અને નાજાઇઝ છે. જેમકે, مَوَاضِعِ مَكْرُوْهَهْ (મકરૂહ સ્થળો—બયતુલ ખલાઅ્ વગેરે)માં કુર્આનની તિલાવત કરવી નાજાઇઝ હોવાની બધાને ખબર છે.

(રૂહુલ મઆની)

કહેવાનું તાત્પર્ય એ છે કે, રસૂલે કરીમ ﷺની જીભ મુબારક અને કુર્આને કરીમમાં ન તો પ્રથમથી જ કોઈ એવું નિવેદન આવ્યું હતું જેને લોકો ગાળ સમજે અને ન જ હવે પછી આવું કોઈ નિવેદન આવવાનો કોઈ ભય હતો. હા ! મુસલમાનોથી તેની શક્યતા હતી આથી તેમને આ આયતે એવું કરવાથી અટકાવી દીધા.

આ ઘટના અને તેના ઉપર કુર્આનના માર્ગદર્શને એક ઘણા મોટા જ્ઞાનનો દરવાજો ખોલી નાંખ્યો છે અને અમુક પાયાના મસ્અલાઓ તેનાથી નીકળી આવ્યા.

કોઈ ગુનાહનું કારણ બનવું પણ ગુનોહ છે :

દાખલા તરીકે, એક સિદ્ધાંત એ નીકળી આવ્યો કે, જે કામ પોતાના વ્યક્તિગત આધારે જાઈઝ છે બલકે, કોઈ દરજ્જામાં સારું પણ છે પરંતુ તેના કરવાથી કોઈ ફસાદ આવશ્યક બની જાય અથવા તેના પરિણામે લોકો ગુનાહમાં સંડોવાય જાય તો તે કામની પણ મનાઈ થઈ જાય છે. કારણ કે, જૂઠા મઅ્બૂદો એટલે કે મૂર્તિઓને બુરું કહેવું ઓછામાં ઓછું જાઈઝ તો ચોક્કસ છે અને ગયરતના તકાદાથી કહેવામાં આવે તો કદાચ તે કૃત્ય આપમેળે સવાબ અને સારું પણ છે પરંતુ કારણ કે, તેના પરિણામે એવો ભય હોય છે કે લોકો અલ્લાહ જલ્લ શા'નુહૂને બુરું કહેશે તો મૂર્તિઓને બુરું કહેનારો આ બુરાઈનું કારણ બની જશે. એટલા માટે તે જાઈઝ કામની પણ મનાઈ કરવામાં આવી.

તેનું એક ઉદાહરણ હદીષમાં પણ એ પ્રમાણે આવે છે કે, રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને સંબોધીને ફરમાવ્યું કે, "કોઈ વ્યક્તિ પોતાના માં-બાપને અપશબ્દો ન કહે." સહાબએ કિરામ (રદિ.)એ વિનંતી કરી કે, "યા રસૂલુલ્લાહ ﷺ ! એ તો શક્ય જ નથી કે કોઈ વ્યક્તિ પોતાના માં-બાપને ગાળો આપે." ફરમાવ્યું, "હા ! પોતે વ્યક્તિ તો ગાળ નથી આપતો પરંતુ જ્યારે તે કોઈ બીજા વ્યક્તિના માં-બાપને ગાળ આપે અને તેના પરિણામે તે બીજો તેના માં-બાપને ગાળ આપે તો તે ગાળ અપાવવાનું કારણ આ દિકરો બન્યો તો આ પણ એવું જ છે જેમકે તેણે પોતે ગાળ આપી."

એ જ બાબતનું એક બીજું ઉદાહરણ રિસાલતના સમયકાળમાં બન્યું કે, રસૂલે કરીમ ﷺએ હઝરત આયશા સિદીકા (રદિ.)ને ફરમાવ્યું કે, "બયતુલ્લાહ

શરીફ (ઈસ્લામ અગાઉના) અજ્ઞાનતાના યુગના કોઈ હાદસામાં જમીનદોસ્ત થઈ ગયું હતું પછી મક્કાના કુરૈશે બઅ્ષત અને નુબુવ્વત પહેલાં તેનું બાંધકામ કરાવ્યું, તે બાંધકામ ઈબ્રાહીમ (અલૈ.)ના બાંધકામથી વિપરીત થઈ ગયું. એક તો એ કે, જે ભાગને حَطِيْم (હતીમ) કહેવામાં આવે છે તે પણ બયતુલ્લાહનો ભાગ છે. બાંધકામમાં તેનો ખર્ચ ન હોવાના કારણે તે છોડી દીધું અને બીજું, બયતુલ્લાહ શરીફના બે દરવાજા પૂર્વ અને પશ્ચિમ દિશાએ હતા. એક પ્રવેશ કરવા માટે અને બીજો બહાર નીકળવા માટે. અજ્ઞાનતાના યુગમાં લોકોએ પશ્ચિમના દરવાજાને બંધ કરીને ફક્ત એક જ કરી દીધો અને તે પણ જમીનની સપાટીથી ઊંચો કરી દીધો, જેથી બયતુલ્લાહ શરીફમાં પ્રવેશ ફક્ત તેમની મરજી અને પરવાનગીથી થઈ શકે. દરેક વ્યક્તિ વિના રોકટોક ન જઈ શકે. આપ ﷺએ ફરમાવ્યું કે, મારું દિલ તો ઈચ્છે છે કે બયતુલ્લાહના અત્યારના બાંધકામને જમીનદોસ્ત કરીને હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)ના બાંધકામ પ્રમાણે જ બનાવી આપું, પરંતુ ભય એ છે કે તમારી કૌમ એટલે કે સામાન્ય અરબો હમણા-હમણા મુસલમાન થયા છે અને બયતુલ્લાહને જમીનદોસ્ત કરવાથી ક્યાંક તેમના દિલોમાં અમુક શંકા પેદા ન થઈ જાય, એટલા માટે મેં પોતાનો ઈરાદો છોડી દીધો.''

દેખીતું છે કે, બયતુલ્લાહનું બાંધકામ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના બાંધકામ પ્રમાણે બનાવવું એક ઈતાઅત અને સવાબનું કામ છે, પરંતુ આ બાબતે લોકોની અજ્ઞાનતાના કારણે એક ભય ઉપસ્થિત થવાનું જોઈને રસૂલે કરીમ ﷺએ આ ઈરાદાને છોડી દીધો. આ ઘટનાથી પણ અમુક સિદ્ધાંતો પ્રતિપાદિત થયા કે, કોઈ જાઇઝ બલકે, સવાબના કામ ઉપર કોઈ ફસાદ અને અરાજકતા થવી આવશ્યક બની જાય તો તે જાઇઝ કામની પણ મનાઈ થઈ જાય છે.

પરંતુ એ બાબતે એક મજબૂત શંકા છે, જેને રૂહુલ મઆનીમાં અબૂમન્સૂર (રહ.)એ નકલ કર્યું છે. તે એ કે, અલ્લાહ તઆલાએ મુસલમાનો ઉપર જિહાદ (પવિત્ર યુદ્ધ) જરૂરી ઠરાવેલ છે. જ્યારે કે, લડાઈનું પરિણામ ચોક્કસ એ હોય જ છે કે, મુસલમાનો કોઈ ગેરમુસ્લિમને કતલ કરવાનો ઈરાદો કરશે અને તે ગેરમુસ્લિમો તે મુસલમાનોને કતલ કરશે અને મુસલમાનને કતલ કરવું હરામ છે, તો આ સિદ્ધાંત પ્રમાણે જિહાદની મનાઈ થઈ જવી જોઈએ. એવી જ રીતે આપણા ઈસ્લામના પ્રચારની તથા કુર્આનની તિલાવત અને વળી અઝાન અને નમાઝની

પણ ઘણા કાફિરો મઝાક અને ઠેકડી ઉડાવે છે તો શું આપણે તેમાં પણ તેમના આ ખોટા વલણની બીકે પોતાની ઈબાદતોથી હાથ ધોઈ નાંખીશું ?

એનો જવાબ પોતે અબૂમન્સૂર (રહ.)એ આપ્યો છે કે, "આ શંકા એક આવશ્યક શરતને ઉપેક્ષિત કરવાથી પેદા થઈ છે. શરત એ છે કે, તે જાઈઝ કામ જેનાથી ફસાદ થવી આવશ્યક બની જાય છે કે જેની મનાઈ કરવામાં આવી છે તે કાર્ય ઈસ્લામના મૂળ હેતુ અને જરૂરી કાર્યોમાંથી ન હોવું જોઈએ. જેમકે, ખોટા મઅ્બૂદોને બુરું કહેવું જ્યારે કે તે ઈસ્લામના કોઈ હેતુથી સંલગ્ન ન હોય. એ જ પ્રમાણે બયતુલ્લાહને ઈબ્રાહીમ (અલૈ.)ના બાંધકામ પ્રમાણેનું બનાવવું તેના ઉપર પણ ઈસ્લામનો કોઈ મકસદ અવલંબિત નથી. એટલા માટે જ્યારે તેના દ્વારા કોઈ દીની ફસાદનો ભય ઉપસ્થિત થયો તો આવા કામોને છોડી દેવામાં આવ્યા અને જે કામ એવા છે, જે પોતે ઈસ્લામનો મકસદ છે અથવા ઈસ્લામનો કોઈ મકસદ તેના ઉપર અવલંબિત છે, જો અન્ય લોકોના ખોટા વલણના કારણે તેના ઉપર કોઈ ફસાદ અથવા ખરાબી ઉપસ્થિત થતી પણ દેખાતી હોય તો પણ તેને કદાપિ છોડવામાં નહીં આવે. બલકે, એવો પ્રયત્ન કરવામાં આવશે કે આ કામ તો પોતાની જગ્યાએ ચાલુ જ રહે અને ઉપસ્થિત થનાર ફસાદ અને અરાજકતાને જ્યાં સુધી શક્ય હોય બંધ કરાવવામાં આવે."

એ જ કારણ છે કે, એક વખતે હઝરત હસન બસરી (રહ.) અને ઈમામ મુહમ્મદ બિન સીરીન (રહ.) બંને બુઝૂર્ગો એક જનાઝહની નમાઝમાં ભાગ લેવા માટે ગયા. ત્યાં જોયું કે, મુરદાની સાથે ઔરતો પણ ભેગી થયેલ છે, તેને જોઈને ઈબ્ને સીરીન (રહ.) પાછા ચાલ્યા ગયા પરંતુ હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે, "લોકોના ખોટા વલણના કારણે આપણે આપણા આવશ્યક કામ કેવી રીતે છોડી શકીએ છીએ ? જનાઝહની નમાઝ ફરજ છે, તેને આ ફસાદના કારણે છોડી શકાય નહીં. હા ! એવી ભરપૂર કોશીશ કરવામાં આવશે કે આ ફસાદ સમાપ્ત થઈ જાય." આ ઘટના પણ રૂહુલ મઆનીમાંથી નકલ કરવામાં આવી છે.

એટલા માટે આ સિદ્ધાંતનો ખુલાસો જે પ્રસ્તુત આયતથી નીકળ્યો છે, એ થયો કે જે કામ પોતે જાઈઝ છે બલકે, ઈતાઅત અને સવાબ પણ છે પરંતુ શરીઅતના મકસદમાંથી ન હોય અને તેને કરવાથી કોઈ ફસાદ થવી જરૂરી બની

જાય તો તે કામ છોડી દેવું વાજિબ થઈ જાય છે. તેનાથી વિપરીત શરીઅતના મકસદમાંથી જે કાર્ય હોય તેને ફસાદ થવાના કારણે છોડી શકાય નહીં.

આ સિદ્ધાંત આધારે ઉમ્મતના ફુક્હાએ હજારો મસ્અલાઓ અને હુકમો પ્રતિપાદિત કર્યા છે. ફુક્હાએ ફરમાવ્યું કે, કોઈ વ્યક્તિનો પુત્ર નાફરમાન હોય અને તે જાણતો હોય કે તેને હું કોઈ કાર્ય કરવા માટે કહીશ તો તે ઈન્કાર કરશે અને તેના વિરુદ્ધ કરશે જેનાથી તેનું સખત ગુનેહગાર થવું જરૂરી બની જાય છે તો આવી પરિસ્થિતિમાં પિતાએ પોતે હુકમની ભાષામાં કોઈ કાર્ય કરવા અથવા છોડવાનું ન કહેવું જોઈએ. બલકે, શિખામણના અંદાજમાં એ રીતે કહે કે, બેટા ! ફલાણું કામ કરી લેવામાં આવે તો ઘણું સારું, જેથી તેમાં ઈન્કાર કરવાના અથવા તેનો વિરોધ કરવાના સ્વરૂપમાં એક વધારાની નાફરમાનીનો ગુનોહ તેના માથે ન આવે. *(ખુલાસતુલ ફતાવા)*

એ જ પ્રમાણે કોઈને વઅ્ઝ અને નસીહત કરવામાં પણ જો નિશાનીઓથી એ જાણ થાય કે, તે નસીહત સ્વીકાર કરવાના બદલે કોઈ એવી ખોટી શૈલી અપનાવશે, જેના પરિણામે તે વધારે ગુનાહમાં સપડાશે તો આવા સ્વરૂપમાં શિખામણ છોડી દેવી જ ઉત્તમ છે. ઈમામ બુખારી (રહ.)એ સહીહ બુખારીમાં આ વિષય ઉપર એક આગવું પ્રકરણ બનાવ્યું છે. بَـابُ مَـنْ تَـرَكَ بَعْضَ الْاِخْتِيَارِ مَـخَافَةَ اَنْ يَّقْصُرَفَهْمُ بَعْضِ النَّاسِ فَيَقَعُوْافِىْ اَشَدَّمِنْهُ એટલે કે, અમુક સમયે જાઇઝ બલકે, ઉત્તમ વસ્તુઓને પણ એટલા માટે છોડવામાં આવે છે કે, તેનાથી ઓછી બુદ્ધિ ધરાવનાર સામાન્ય લોકો કોઈ ગેરસમજમાં સપડાઈ જવાનો ભય હોય છે. શરત માત્ર એટલી છે કે, આ કાર્ય શરીઅતે ઈસ્લામના મકસદો (હેતુઓ)માં સામેલ ન હોય.

પરંતુ જે કામ શરીઅતના મકસદોમાં સામેલ છે, ભલે ફરજો હોય અથવા વાજિબો હોય, યા તો સુન્નતે મુઅક્કદહ અથવા અન્ય પ્રકારના ઈસ્લામના પ્રતીકોમાંથી; જો તેને અદા કરવામાં અમુક ઓછી બુદ્ધિ ધરાવનાર લોકો ભૂલમાં સપડાવા લાગે તો આ કાર્યોને કદાપિ છોડવામાં નહીં આવે. બલકે, બીજી પદ્ધતિઓથી લોકોની ગેરસમજ અને ખોટા વલણને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. ઈસ્લામની શરૂઆતની ઘટનાઓ સાક્ષી છે કે, નમાઝ, તિલાવત અને ઈસ્લામના પ્રચારના કારણે મક્કાના મુશ્રિકો ઉશ્કેરાઈ ગયા હતા.... પરંતુ તેના

કારણે આ ઈસ્લામના પ્રતીકોને ક્યારેય છોડવામાં નથી આવ્યા. બલકે, પોતે આ આયતના શા'ને નુઝૂલ (પૂર્વભૂમિકા)માં જે ઘટના અબૂજહલ વગેરે કુરૈશના આગેવાનોની વર્ણન થઈ છે તેનો હેતુ એ જ હતો કે, કુરૈશના સરદારો એ બાબતે સુલેહ કરવા માંગતા હતા કે, રસૂલે કરીમ ﷺ તવહીદની તબ્લીગ (પ્રચાર) કરવાનું છોડી દે. જેનો જવાબ રસૂલે કરીમ ﷺએ એવો આપ્યો કે, "હું આ કામ કોઈપણ પરિસ્થિતિમાં નથી છોડી શકતો, ભલે તેઓ સૂર્ય અને ચંદ્ર લાવીને મારા હાથમાં મૂકી દે."

એટલા માટે આ મસ્અલાની છણાવટ એ પ્રમાણે થઈ કે, જે કામ ઈસ્લામના હેતુઓમાં સામેલ છે, ભલે તેના કરવાથી અમુક લોકો ગેરસમજ અથવા ખોટા વલણનો શિકાર બનતા હોય તો પણ તે કાર્યોને કદાપિ છોડવામાં નહીં આવે. હા ! જે કાર્ય ઈસ્લામના હેતુઓમાં સામેલ નથી અને તેને છોડવાથી કોઈ દીની હેતુ છૂટી જતો નથી, એવા કાર્યોને અન્યોની ગેરસમજ અથવા ખોટા વલણની શંકાના કારણે છોડી દેવામાં આવશે.

પાછલી આયતોમાં એ બાબતનું વર્ણન હતું કે, રસૂલે કરીમ ﷺના ખુલ્લા મોઅ્જિઝાઓ અને અલ્લાહ તઆલાની સ્પષ્ટ નિશાનીઓ હોવા છતાં હઠધર્મ (જીદ્દી) લોકોએ તેનાથી લાભ ન ઉઠાવ્યો. પોતાના ઈન્કાર અને જીદ ઉપર મક્કમ રહ્યા. આગળની આયતોમાં એનું વર્ણન છે કે, એ લોકોએ પોતાની જીદ અને હઠધર્મીનું એક નવું સ્વરૂપ એ બદલ્યું કે, રસૂલે કરીમ ﷺ પાસે ખાસ-ખાસ પ્રકારના મોઅ્જિઝાઓ બતાવવાની માંગણી કરવા લાગ્યા. જેમકે, ઈબ્ને જરીર (રહ.)એ વર્ણન કર્યું છે કે, કુરૈશના આગેવાનોએ માંગણી કરી કે, જો આપ ﷺ અમને આ મોઅ્જિઝો બતાવો કે, સફા પર્વત આખો સોનાનો બની જાય તો અમે તમારી નુબુવ્વત અને રિસાલતને માની લઈશું અને મુસલમાન બની જઈશું.

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, સારું વાયદો કરો કે જો આ મોઅ્જિઝો જાહેર થઈ જાય તો તમે બધા મુસલમાન થઈ જશો. તેમણે કસમો ખાધી, રસૂલે કરીમ ﷺ અલ્લાહ તઆલા પાસે દુઆ કરવા માટે ઊભા થઈ ગયા કે, આ પહાડ સોનાનો બનાવી આપો. હઝરત જિબ્રઈલ (અલૈ.) વહી લઈને આવ્યા કે, જો તમે ઈચ્છો તો અમે હમણાં જ આખો પહાડ સોનાનો બનાવી આપીએ પરંતુ અલ્લાહના નિયમ પ્રમાણે તેનું પરિણામ એ હશે કે, જો ત્યારબાદ પણ તેઓ

ઈમાન નહીં લાવે તો બધા ઉપર એક અઝાબ નાઝિલ કરીને નાશ કરી નાંખવામાં આવશે. જેમકે પાછલી કૌમોમાં હંમેશા થતું રહ્યું છે કે, તેમણે કોઈ ખાસ મોઅ્જિઝાની માંગણી કરી તે બતાવવામાં આવ્યો અને તે છતાં પણ ઈન્કારી થઈ ગયા તો તેમના ઉપર અલ્લાહ તબારક વ તઆલાનો ક્રોધ અને અઝાબ ઊતર્યો. રહમતુલ્લિલ્ આલમીન ﷺએ તે લોકોની ટેવો અને જીદથી વાકેફ હોવાના કારણે દયા અને કૃપાના તકાદાથી ફરમાવ્યું કે, “હવે હું આ મોઅ્જિઝાની દુઆ નથી કરતો.” આ ઘટના ઉપર આ આયત ઊતરી, وَاَقْسَمُوْا بِاللّٰهِ جَهْدَ اَيْمَانِهِمْ જેમાં કાફિરોના નિવેદનોનું વર્ણન થયું છે કે, તેમણે માંગણી મુજબના મોઅ્જિઝા જાહેર થવાથી મુસલમાન થવા માટે કસમો ખાઈ લીધી. ત્યાર પછીની આયતમાં اِنَّمَا الْاٰيٰتُ عِنْدَ اللّٰهِમાં એ નિવેદનનો જવાબ છે કે, મોઅ્જિઝાઓ અને નિશાનીઓ બધું અલ્લાહ તઆલાના અધિકારમાં છે અને જે મોઅ્જિઝાઓ જાહેર થઈ ચૂક્યા છે તે પણ તેના તરફથી જ છે અને જેની માંગણી કરવામાં આવી રહી છે તેના ઉપર પણ સંપૂર્ણ કાબૂ ધરાવે છે પરંતુ બુદ્ધિ અને ન્યાયનો તકાદો એ છે કે, તેમને આવી માંગણી કરવાનો કોઈ અધિકાર કે હક નથી. કારણ કે, રસૂલે કરીમ ﷺ રસૂલ હોવાના દાવે'દાર છે અને તેમના દા'વા માટે ઘણી બધી દલીલો અને ગવાહીઓ મોઅ્જિઝા સ્વરૂપે જાહેર થઈ ચૂકી છે. હવે, સામેના પક્ષને એ તો હક છે કે, આ દલીલો અને ગવાહીઓને ખોટી સાબિત કરવાનો પ્રયત્ન કરે પરંતુ તેઓ તેમની રજૂ કરેલી ગવાહીઓને ખોટી તો સાબિત કરી શકતા નથી અને ઉપરથી એવી માંગણી કરે કે, અમને બીજી ગવાહીઓ જોઈએ છે. આ તો એવું થયું જેમકે, અદાલતમાં જેની સામે દા'વો થયો છે તે દાવે'દારની રજૂ કરેલી ગવાહીઓને ખોટી તો સાબિત ન કરે પરંતુ એવું કહે કે, હું તો આ ગવાહીઓ અને સાક્ષીઓને નથી માનતો બલકે, ફલાણા ચોક્કસ વ્યક્તિની ગવાહી ઉપર આ વાત માનીશ. આ બાબત કોઈપણ અદાલતમાં સુનાવણી યોગ્ય સમજવામાં નહીં આવે.

એ જ પ્રમાણે નુબુવ્વત અને રિસાલતની અનેક સ્પષ્ટ આયતો અને મોઅ્જિઝાઓ જાહેર થઈ ગયા પછી પણ જ્યાં સુધી આ મોઅ્જિઝાઓને ખોટા સાબિત ન કરે ત્યાં સુધી તેમને એવું કહેવાનો હક નથી કે, અમે તો ફલાણા પ્રકારનો મોઅ્જિઝો જોઈશું તો જ ઈમાન લાવીશું.

ત્યારબાદ અંતિમ આયતો સુધી મુસલમાનોને સૂચના અને સંબોધન છે કે,

તમારું કામ દીને હક ઉપર પોતે કાયમ રહેવું અને અન્યોને સાચી પદ્ધતિથી પહોંચાડી દેવાનું છે. ત્યારબાદ જો કોઈ હઠધર્મી કે જીદ કરવા લાગે તો તેની ફિકર-ચિંતામાં તમારે ન પડવું જોઈએ. કારણ કે, જબરદસ્તી કોઈને મુસલમાન બનાવવાનો નથી. જો જબરદસ્તીથી બનાવવો હોત તો અલ્લાહ તબારક વ તઆલાથી વધારે જબરદસ્ત કોણ છે ? તેણે પોતે જ બધાને મુસલમાન બનાવી આપ્યા હોત અને આ આયતોમાં મુસલમાનોને સંતોષ આપવા માટે એ પણ બતાવી દીધું કે, જો અમે તેમના માંગણી મુજબના મોઅ્જિઝાઓને પણ બિલકુલ ખુલ્લા અને સ્પષ્ટ રીતે જાહેર કરી આપીએ તો પણ આ લોકો ઈમાન લાવવાના નથી. કારણ કે, તેમનો ઈન્કાર કોઈ ગેરસમજ અથવા વાકેફ ન હોવાના કારણે નથી બલકે જીદ, દુશ્મનાવટ અને હઠધર્મીના કારણે છે જેનો ઈલાજ કોઈ મોઅ્જિઝો નથી હોતો. અંતિમ આયત وَلَوْ اَنَّنَا نَزَّلْنَا اِلَيْهِمُ الْمَلٰٓئِكَةَ માં આ જ વિષયને વર્ણન કર્યો છે કે, જો અમે તેમના માંગણી મુજબના બધા મોઅ્જિઝાઓ બતાવી આપીએ બલકે, તેનાથી પણ વધીને એ કે ફરિશ્તાઓ સાથે તેમની મુલાકાત કરે અને મુરદાઓ સાથે વાતચીત કરાવી આપીએ તો પણ તેઓ માનનારા નથી. પછીની બે આયતોમાં રસૂલે કરીમ ﷺને દિલાસો આપવામાં આવ્યો છે કે, આ લોકો જો તમારી સાથે દુશ્મની કરે છે તો તે કોઈ આશ્ચર્યની વાત નથી, પાછળના બધા જ અંબિયા (અલૈ.)ના પણ દુશ્મનો હતા. આ સિલસિલો ત્યારથી જ ચાલ્યો આવે છે, તમે તેનાથી દિલગીર ન થાઓ.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૧૪ થી ૧૧૭)

اَفَغَيْرَ اللّٰهِ اَبْتَغِيْ حَكَمًا وَّهُوَ الَّذِيْٓ اَنْزَلَ اِلَيْكُمُ الْكِتٰبَ مُفَصَّلًا ۭ وَالَّذِيْنَ اٰتَيْنٰهُمُ
الْكِتٰبَ يَعْلَمُوْنَ اَنَّهٗ مُنَزَّلٌ مِّنْ رَّبِّكَ بِالْحَقِّ فَلَا تَكُوْنَنَّ مِنَ الْمُمْتَرِيْنَ ﴿۱۱۴﴾ وَ
تَمَّتْ كَلِمَتُ رَبِّكَ صِدْقًا وَّعَدْلًا ۭ لَا مُبَدِّلَ لِكَلِمٰتِهٖ ۚ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿۱۱۵﴾
وَاِنْ تُطِعْ اَكْثَرَ مَنْ فِي الْاَرْضِ يُضِلُّوْكَ عَنْ سَبِيْلِ اللّٰهِ ۭ اِنْ يَّتَّبِعُوْنَ اِلَّا الظَّنَّ
وَاِنْ هُمْ اِلَّا يَخْرُصُوْنَ ﴿۱۱۶﴾ اِنَّ رَبَّكَ هُوَ اَعْلَمُ مَنْ يَّضِلُّ عَنْ سَبِيْلِهٖ ۚ وَهُوَ اَعْلَمُ
بِالْمُهْتَدِيْنَ ﴿۱۱۷﴾

તરજુમો :

(હે નબી ﷺ !) બસ, શું હવે અલ્લાહના સિવાય કોઈ બીજાને મુનસફ (લવાદ) બનાવું જ્યારે કે તેણે જ તમારા ઉપર સ્પષ્ટ કિતાબ ઉતારી ? અને જે લોકોને અમે કિતાબ આપી છે તેઓ જાણે છે કે આ તમારા પરવરદિગાર તરફથી સત્ય સાથે ઊતરી છે, બસ તમે શંકા કરનારાઓમાંથી ન થાઓ. (૧૧૪) અને તમારા પરવરદિગારની વાત સંપૂર્ણ સાચી અને ઈન્સાફની છે; કોઈ તેની વાતને બદલનાર નથી અને તે જ છે સાંભળનારો સર્વજ્ઞ. (૧૧૫) અને જો તમે અક્સર તે લોકોનું કહ્યું માનશો જેઓ દુનિયામાં છે તો તમને અલ્લાહના માર્ગથી ભટકાવી દેશે, તે બધા તો પોતાના વિચાર ઉપર ચાલે છે અને સૌ અટકળો જ દોડાવે છે. (૧૧૬) બેશક ! તમારો પરવરદિગાર એને સારી પેઠે જાણનારો છે જે તેના માર્ગથી ભટકે છે, અને તે જ તેમને સારી પેઠે જાણનારો છે જેઓ તેના માર્ગ ઉપર છે. (૧૧૭)

તફસીર :

(હે નબી ﷺ ! તમે કહી આપો કે, મારા અને તમારા દરમિયાન રિસાલત બાબતે જે મતભેદ છે તેમાં અલ્લાહના હુકમ પ્રમાણે હું તેનો દાવે'દાર અને તમે તેના ઈન્કારી છો અને આ મુકદમાનો ન્યાયાધીશોના ન્યાયાધીશની અદાલતમાં મારા હકમાં એ પ્રમાણે નિર્ણય થઈ ચૂક્યો છે કે, મારા આ દા'વા ઉપર પૂરતી સાબિતીઓ અને દલીલો એટલે કે કુર્આન મજીદનો મોઅ્જિઝો પોતે કાયમ કરવામાં આવ્યો છે અને તો પણ તમે સ્વીકાર કરતા નથી) તો શું (તમે એવું ઈચ્છો છો કે આ અલ્લાહ તઆલાના ફેંસલાને પૂરતો ન ઠરાવું અને) અલ્લાહ સિવાય કોઈ બીજો ફેંસલો કરનાર શોધી લઉં ? જ્યારે કે તે એવો (સંપૂર્ણ ફેંસલો કરી ચૂક્યો) છે કે તેણે એક કિતાબ (જે પોતાની પ્રતિષ્ઠામાં) સંપૂર્ણ (છે) તમારી પાસે મોકલી આપી છે (જે પોતાની પ્રતિષ્ઠા અને સન્માનના કારણે નુબુવ્વતની દલીલ માટે પૂરતી છે, બસ તેની બે વિશેષતાઓ તો એ છે કે તે અલ્લાહ તઆલા તરફથી ઉતારવામાં આવી છે અને તે ઉપરાંત બીજા બધા કારણોથી પણ કે તેનો મકસદ હિદાયત અને તા'લીમ છે, આ કારણો પણ સંપૂર્ણ અને તે પૂરતા છે, એટલા માટે) તેની (એક એટલે કે ત્રીજી) પરિસ્થિતિ (વિશેષ સ્વરૂપે) એ છે કે

તેના વિષયો (જે દીન વિશે મહત્ત્વના છે) ઘણા ખુલ્લા—ખુલ્લા સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યા છે અને (ચોથી વિશેષતા એ છે કે, અગાઉ નાઝિલ થઈ ચૂકેલ કિતાબોમાં તેની ખબર આપવામાં આવી હતી જે એ બાબતની નિશાની છે કે, તે મહાન અને સન્માનપાત્ર અલ્લાહ તઆલા તરફથી નાઝિલ થયેલ કિતાબ છે. આથી) જે લોકોને અમે કિતાબ (એટલે કે તવરાત અને ઈન્જીલ) આપી છે તેઓ વિશ્વાસપૂર્વક જાણે છે કે આ (કુર્આન) તમારા પરવરદિગાર તરફથી સત્ય સાથે મોકલવામાં આવ્યું છે (તેને જાણે તો બધા જ છે, પછી જેમાં સત્ય બોલવાનો ગુણ હતો તેમણે જાહેરાત પણ કરી દીધી અને જેઓ જૂઠા હતા તેઓ જાહેરાત કરતા ન હતા) બસ, તમે શંકા કરનારાઓમાંથી ન થશો અને (પાંચમી વિશેષતા એ છે કે) તમારા પરવરદિગારનું (આ) કલામ હક અને ન્યાયની દૃષ્ટિએ (પણ) સંપૂર્ણ છે (એટલે કે, જ્ઞાન અને માન્યતાઓમાં સત્ય અને જાહેર તથા ગુપ્ત અમલોમાં મધ્યમમાર્ગી છે અને છટ્ટી વિશેષતા તેની એ છે કે) તેના (આ) કલામને કોઈ બદલનાર નથી. (એટલે કે કોઈ તેમાં પરિવર્તન કે બદલાવ લાવી શકશે નહીં, કારણ કે તેનો સંરક્ષક પોતે અલ્લાહ જલ્લ શા'નુહૂ છે وَاِنَّا لَهٗ لَحٰفِظُوْنَ) અને (આવી સંપૂર્ણ દલીલ ઉપર પણ જે લોકો પોતાના જૂઠા, દિલી અને મૌખિક વલણ સાથે સામે આવે છે) તે (એટલે કે અલ્લાહ તઆલા તેમના નિવેદનોને) ખૂબ સારી પેઠે સાંભળી રહ્યો છે (અને તેમના અકીદાઓને) સારી પેઠે જાણી રહ્યો છે (સમય આવ્યે તેની સંપૂર્ણ સજા આપશે) અને (આ ખુલ્લી દલીલો હોવા છતાં) દુનિયામાં મોટા ભાગના લોકો એવા (ઈન્કારી અને માર્ગ ભટકેલા જ) છે કે જો (ધારી લો) તમે તેમનું કહ્યું માનવા લાગો તો તેઓ તમને અલ્લાહના (સત્ય) માર્ગથી ભટકાવી દે (કારણ કે તેઓ પોતે પણ માર્ગ ભટકેલા છે, એટલા માટે અકીદાઓમાં) તેઓ ફક્ત ખોટી ધારણાઓ ઉપર ચાલે છે અને (અકીદાઓમાં) ફક્ત અનુમાન આધારિત વાતો કરે છે (અને તેના મુકાબલામાં અમુક અલ્લાહના બંદાઓ સીધા માર્ગ ઉપર છે અને) ચોક્કસ તમારો પરવરદિગાર તેમને (પણ) સારી પેઠે જાણે છે જે તેના (બતાવેલ સત્ય) માર્ગથી ભટકી જાય છે અને તે તેમને (પણ) સારી પેઠે જાણે છે જે તેના (બતાવેલ) માર્ગ ઉપર ચાલે છે (બસ, ગુમરાહોને સજા મળશે અને સીધા સત્ય માર્ગ ઉપર ચાલનારાઓને ઈનામ અને સન્માન મળશે).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી અયતોમાં વર્ણન હતું કે, મક્કાના મુશ્રિકો રસૂલે કરીમ ﷺ અને કુર્આનના સત્ય અને સાચા હોવાના ખુલ્લમ-ખુલ્લા મોઅ્જિઝાઓ અને દલીલો જાણ્યા અને જોયા છતાં હઠધર્મી અને જીદના કારણે એવી માંગણી કરતા હતા કે, ફલાણા-ફલાણા પ્રકારના ખાસ મોઅ્જિઝાઓ અમને બતાવવામાં આવે તો અમે માનવા માટે તૈયાર છે. કુર્આને કરીમે તેમની આવી ખોટી દલીલબાજીનો જવાબ આપ્યો કે, જે મોઅ્જિઝાઓ આ લોકો જોવા ઇચ્છે છે, અમારા માટે તેને જાહેર કરવા કોઈ મુશ્કેલ કામ નથી. પરંતુ આ જીદ્દી લોકો તેને જોયા પછી પણ બળવાખોરીથી અટકશે નહીં અને અલ્લાહના કાનૂન હેઠળ તેનું પરિણામ ફરી પાછું એ જ આવશે કે તે સૌના ઉપર સમૂળગો અઝાબ આવી જશે.

એટલા માટે રહમતુલ્લિલ્ આલમીન ﷺએ તેમની માંગણી મુજબના મોઅ્જિઝાઓને જાહેર કરવાથી દયા અને કૃપાના કારણે ઈન્કાર કરી દીધો અને જે મોઅ્જિઝાઓ અને દલીલો અત્યાર સુધી તેમની સામે આવી ચૂકી છે, તેમાં વિચાર કરવાનું આમંત્રણ આપ્યું. પ્રસ્તુત અયતોમાં એ દલીલોનું વર્ણન છે જેમકે સ્પષ્ટ રીતે કુર્આને કરીમ સત્ય અને અલ્લાહનું કલામ હોવાનું સાબિત છે. પ્રથમ આયતમાં જે ઈરશાદ ફરમાવ્યો તેનો હેતુ એ છે કે, મારા અને તમારા દરમિયાન રિસાલત અને નુબુવ્વતના મુકદમામાં મતભેદ છે. હું તેનો દાવે'દાર છું અને તમે ઈન્કારી છો અને આ મુકદ્દમો ન્યાયાધીશોના ન્યાયાધીશ એટલે કે, અલ્લાહના દરબારમાં મારી તરફેણમાં એ પ્રમાણે નક્કી થઈ ચૂક્યો છે કે, મારા આ દાવા ઉપર પૂરતી દલીલો અને સાબિતીઓ સ્વરૂપે પોતે કુર્આન શરીફ છે કે, જેણે દુનિયાની સમગ્ર કૌમોને પડકાર ફેંક્યો છે કે, જો તે અલ્લાહનું કલામ હોવામાં શંકા છે તો તેઓ આ કલામ જેવી નાની સરખી સૂરત અથવા આયતનો મુકાબલો કરીને બતાવે. આ પડકાર ઝીલવા માટે સમગ્ર અરબ લાચાર બન્યું અને તે લોકો જેઓ રસૂલે કરીમ ﷺ અને ઈસ્લામને નેસ્ત-નાબૂદ કરવા માટે પોતાના પ્રાણ, માલ, સંતાનો, ઈજ્જત-આબરૂ બધું જ કંઈ ગુમાવી રહ્યા હતા તેમાંથી એકે પણ એવી હિંમત ન કરી કે, કુર્આનના મુકાબલામાં એક-બે આયતો બનાવીને રજૂ કરી આપે. આ ખુલ્લો મોઅ્જિઝો શું સત્યનો સ્વીકાર કરવા માટે પૂરતો ન હતો કે, એક ઉમ્મી જેણે ક્યારેય કોઈ ઔપચારિક શિક્ષણ નથી મેળવ્યું તેના રજૂ કરેલ

કલામના મુકાબલા માટે સમગ્ર અરબ બલકે, સમગ્ર દુનિયા લાચાર થઈ જાય અને વાસ્તવમાં અહકમુલ હાકિમીનની અદાલતમાં આ મુકદમાનો સ્પષ્ટ ફૈસલો એ છે કે, રસૂલે કરીમ ﷺ અલ્લાહના સાચા રસૂલ છે અને કુર્આન અલ્લાહ જલ્લ શા'નુહૂનું જ કલામ છે.

પ્રથમ આયતમાં એના વિશે اَفَغَيْرَ اللّٰهِ اَبْتَغِىْ حَكَمًا એટલે કે, "શું તમે એવું ઇચ્છો છો કે, અલ્લાહ તઆલાના આ ફૈસલામાં કોઈ બીજો ફૈસલો કરનારો શોધી લઉં ? એવું નથી થઈ શકતું." ત્યારબાદ કુર્આને કરીમની અમુક એવી વિશેષતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે જે પોતે કુર્આને કરીમ સત્ય અને અલ્લાહનું કલામ હોવાની સાબિતી છે. દાખલા તરીકે, ફરમાવ્યું هُوَ الَّذِىْٓ اَنْزَلَ اِلَيْكُمُ الْكِتٰبَ مُفَصَّلًا ط જેમાં કુર્આને કરીમની ચાર વિશેષતાઓનું વર્ણન છે. પ્રથમ એ કે, તે અલ્લાહ તઆલા તરફથી ઉતારવામાં આવ્યું છે, બીજું એ કે, તે એક સંપૂર્ણ કિતાબ અને મોઅ્જિઝો છે કે, સમગ્ર દુનિયા તેનો મુકાબલો કરવાથી લાચાર છે. ત્રીજું એ કે, મહત્ત્વના સમગ્ર સૈદ્ધાંતિક વિષયો તેમાં વિગતવાર વર્ણન કરવામાં આવ્યા છે. ચોથું એ કે, કુર્આને કરીમ વિશે અગાઉની કિતાબો જેમની પાસે છે તે અહલે કિતાબ યહૂદીઓ અને નસારા પણ વિશ્વાસપૂર્વક જાણે છે કે, કુર્આને કરીમ અલ્લાહ તઆલા તરફથી ઊતરેલું સત્ય કલામ છે. ત્યારબાદ તેમનામાંથી જે કોઈ સત્ય ઉપર ચાલનાર અને સાચી વાત કહેવાનો ગુણ ધરાવતા હતા તેઓએ તેને જાહેર પણ કરી દીધું અને જે લોકોના દિલોમાં ખોટ હતી તેઓ વિશ્વાસ હોવા છતાં તેને જાહેર કરતા ન હતા.

કુર્આને કરીમની આ ચાર સિફતોનું વર્ણન કર્યા પછી રસૂલે કરીમ ﷺને સંબોધન છે, فَلَا تَكُوْنَنَّ مِنَ الْمُمْتَرِيْنَ એટલે કે, "આ સ્પષ્ટ દલીલો પછી તમે શંકા કરનારાઓમાંથી ન થજો." દેખીતું છે કે, રસૂલે કરીમ ﷺ તો કોઈપણ સમયે કોઈપણ પ્રકારની શંકા કરનારાઓમાંથી ન હતા, ન જ હોઈ શકતા હતા, જેમકે પોતે રસૂલે કરીમ ﷺનો ઇરશાદ તફસીરે ઇબ્ને કષીરમાં છે કે, "ન તો મેં ક્યારેય શંકા કરી અને ન જ કદી સવાલ કર્યો." જાણ થઈ કે, અત્રે જો કે શબ્દોમાં સંબોધન રસૂલે કરીમ ﷺને છે પરંતુ વાસ્તવમાં તે અન્યોને સંભળાવવાનો હેતુ છે અને રસૂલે કરીમ ﷺ તરફ તેનું સંબોધન કરવું તાકીદ અને અતિશયોક્તિ અલંકાર સ્વરૂપે છે કે, જ્યારે આપ ﷺને આ પ્રમાણે કહેવામાં આવે છે તો

અન્યોની શું વિસાત કે આ બાબતે કોઈ શંકા કરી શકે ?

બીજી આયતમાં કુર્આને હકીમની અન્ય બે વિશિષ્ટ સિફતોનું વર્ણન છે, જે કુર્આન શરીફ અલ્લાહનું કલામ હોવા માટેની પૂરતી સાબિતી છે. ઈરશાદ છે, تَمَّتْ كَلِمَتُ رَبِّكَ صِدْقًا وَّعَدْلًا لَا مُبَدِّلَ لِكَلِمَاتِهِ એટલે કે, "સચ્ચાઈ, ન્યાય તથા માધ્યમ માર્ગના આધારે તમારા પરવરદિગારનું કલામ સર્વાંગ સંપૂર્ણ છે કે આ કલામને કોઈ બદલનારો નથી."

શબ્દ تَمَّتْ (તમ્મત)માં સર્વાંગ સંપૂર્ણ હોવાનું વર્ણન છે અને كَلِمَتُ رَبِّكَ (કલિમતુ રબ્બિક)નો અર્થ કુર્આન છે. *(બહરે મુહીત અન કતાદહ રદિ.)*

કુર્આનના વિષયો કુલ બે પ્રકારના છે. એક તે જેમાં દુનિયાના ઈતિહાસની બોધદાયક ઘટનાઓ અને પરિસ્થિતિઓ તથા નેક આચરણ (સદ્કૃત્યો) ઉપર સારો વાયદો અને દુષ્કૃત્યો ઉપર શિક્ષાની ધમકીઓ વર્ણન કરવામાં આવી છે. બીજું તે જેમાં મનુષ્યની સુધારણા અને સફળતા માટે હુકમો વર્ણન કરવામાં આવ્યા છે. આ બંને પ્રકાર વિશે કુર્આન મજીદની આ બંને સિફતો વર્ણન થઈ, صِدْقًا وَّعَدْلًا તેમાં صِدْقٌ (સિદ્ક)નો સંબંધ પ્રથમ પ્રકાર સાથે છે. એટલે કે, જેટલી ઘટનાઓ અને પરિસ્થિતિઓ અથવા વાયદા અને ધમકીઓ કુર્આનમાં વર્ણન કરવામાં આવી છે, તે બધી સત્ય અને ખરી છે. તેમાં કોઈ ભૂલ થવાની શક્યતા નથી અને عَدْلٌ (અદ્લ—ન્યાય)નો સંબંધ બીજા પ્રકારના હુકમો સાથે છે, જેનો અર્થ એ છે કે અલ્લાહ જલ્લ શા'નુહૂના બધા જ હુકમો ન્યાય ઉપર આધારિત છે અને શબ્દ عَدْلٌ (અદ્લ)નો સમજવામાં આવતો અર્થ બે પ્રકારના અર્થમાં લેવામાં આવે છે. એક "ન્યાય," જેમાં કોઈના ઉપર અત્યાચાર અથવા તેના હકને દબાવવામાં ન આવતો હોય, બીજું "મધ્યમ માર્ગ" કે ન તો મનુષ્ય મનેચ્છાઓના બિલકુલ શરણે થઈ જાય અને ન જ એવો જેનાથી માનવ સ્વાભાવગત લાગણીઓ અને તેની પ્રકૃતિ તેને સહન ન કરી શકે. જેનો અર્થ એ થયો કે, અલ્લાહના બધા જ હુકમો ન્યાય અને મધ્યમ માર્ગ ઉપર આધારિત છે. ન તો તેમાં કોઈના ઉપર અત્યાચાર છે અને ન જ તેમાં એવી કઠોરતા અને મુશ્કેલી છે જેને મનુષ્ય સહન ન કરી શકે. જેમકે, અન્ય સ્થળે ઈરશાદ છે, لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا (૨ : ૨૮૬) એટલે કે, "અલ્લાહ તઆલા કોઈ

વ્યક્તિને તેની શક્તિ અને સામર્થ્યથી વધીને કોઈ કાર્યની તકલીફ નથી આપતો.'' એની સાથે જ આ આયતનો શબ્દ تَمَّتْ (તમ્મત) લાવીને એ પણ બતાવી દેવામાં આવ્યું કે, ફક્ત એટલું જ નહિ કે કુર્આને કરીમમાં..... સચ્ચાઈ અને ન્યાયની સિફતો ઉપસ્થિત છે બલકે, તે આ સિફતો દરેક સ્વરૂપે સર્વાંગ સંપૂર્ણ પણ છે.

અને એ બાબત કે કુર્આનના બધા હુકમો દુનિયાની બધી જ કૌમો માટે તથા કયામત સુધી આવનાર નસ્લો અને બદલાતી પરિસ્થિતિઓ માટે ન્યાય ઉપર આધારિત છે તથા મધ્યમ માર્ગ ઉપર હોવાની બાબત વિશે પણ જો થોડો વિચાર કરવામાં આવે તો આ પ્રમાણે માત્ર અલ્લાહના હુકમોમાં જ શક્ય હોઈ શકે છે. દુનિયાનો કોઈ કાયદો બનાવનારી એસૅમ્બલીઓ વર્તમાન સમયમાં ઉપસ્થિત અને ભવિષ્યમાં ઉપસ્થિત થનારી તમામ પરિસ્થિતિઓનું ન તો સંપૂર્ણ અનુમાન લગાવી શકે છે, ન જ તે બધી પરિસ્થિતિઓને દૃષ્ટિ સમક્ષ રાખી કોઈ નિયમ બનાવી શકે છે. દરેક દેશ અને કોમ પોતાના દેશ અને પોતાની કૌમ માટે પણ ફક્ત વર્તમાન પરિસ્થિતિ અનુસંધાને જ કાયદાઓ બનાવે છે અને એ કાયદાઓમાં પણ અનુભવ કર્યા પછી ઘણી બધી વસ્તુઓ ન્યાય અને મધ્યમ માર્ગથી વિપરીત હોવાની અનુભૂતિ થવા લાગે છે ત્યારે તેને બદલવું પડે છે. અન્ય કૌમો અને બીજા દેશો અથવા હવે પછી ભવિષ્યમાં આવનારી પરિસ્થિતિનું સંપૂર્ણ આકલન કરીને એવો કાનૂન બનાવવો જે દરેક કૌમ, દરેક પ્રદેશ, દરેક યુગ અને કાળમાં ન્યાય અને મધ્યમ માર્ગની સિફતો ઉપર આધારિત અને તર્કસંગત હોય, એ બાબત મનુષ્યની ફિલોસોફી, ચિંતન-મનન કે દિર્ઘદૃષ્ટિથી ઉપરવટ બાબત છે. ફક્ત અલ્લાહ જલ્લ શા'નુહૂના કલામમાં જ આ પ્રમાણે બની શકે છે. એટલા માટે આ પાંચમી સિફત કુર્આને કરીમની એમાં વર્ણન કરવામાં આવી. પાછળની અને આવનારી બધી જ ઘટનાઓ, વાયદાઓ અને ધમકીઓ બધું જ સાચું છે. એનાથી વિપરીત થવાની કોઈ નાની સરખી શંકા પણ નથી થઈ શકતી અને તેના વર્ણન કરેલા બધા જ હુકમો સંપૂર્ણ દુનિયા અને કયામત સુધી આવનાર નસ્લો માટે ન્યાય અને મધ્યમ માર્ગ ઉપર આધારિત છે. ન તો તેનો કોઈના ઉપર અત્યાચાર છે, ન જ મધ્યમ માર્ગ છોડીને અતિરેક કરવામાં આવ્યો છે આથી આ બાબત આપમેળે જ કુર્આન અલ્લાહનું કલામ હોવાની સંપૂર્ણ સાબિતી છે.

છટ્ઠી સિફત એ વર્ણન કરી કે, لَا مُبَدِّلَ لِكَلِمَاتِهٖ એટલે અલ્લાહ તઆલાના

કલામને કોઈ બદલનારું નથી. બદલવાનું એક સ્વરૂપ તો એ હોઈ શકે છે કે, કોઈ તેમાં ભૂલ સાબિત કરે એટલા માટે તેને બદલવામાં આવે અથવા એ કે કોઈ દુશ્મન બળજબરીથી તેને બદલી નાંખે. પરંતુ અલ્લાહ તઆલાનું કલામ આ બધી બાબતોથી ઉપરવટ અને પવિત્ર છે. તેણે પોતે વાયદો કર્યો છે, اِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَاِنَّا لَهٗ لَحَافِظُوْنَ (૧૫ : ૯) એટલે કે, "અમે જ આ કુર્આનને ઉતાર્યું છે અને અમે જ તેના સંરક્ષક છે." પછી કોઈની શું મજાલ કે, અલ્લાહની સુરક્ષાના ઘેરાને તોડીને તેમાં કોઈ પરિવર્તન કે ફેરબદલ કરી શકે ! એટલા માટે ચૌદસો વર્ષથી વધુ પસાર થઈ ચૂક્યા છે અને દરેક યુગ અને દરેક સમયમાં કુર્આનના વિરોધીઓ તેના માનનારાઓની સંખ્યા કરતાં હંમેશા વધારે જ રહ્યા છે; શક્તિમાં પણ, સત્તામાં પણ, એમ છતાં કોઈની મજાલ નથી થઈ શકી કે કુર્આનના એક ઝેર કે ઝબરમાં તફાવત કરી શકે. હા ! બદલવાનું એક ત્રીજું સ્વરૂપ એ પણ હોઈ શકતું હતું કે, પોતે જ અલ્લાહ તઆલા તરફથી તેને મન્સૂખ (રદ કરીને) બદલી નાંખવામાં આવે. આથી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, આ આયતમાં એ તરફ ઈશારો છે કે, નબીએ કરીમ ﷺ અંતિમ પયગમ્બર અને કુર્આન અંતિમ કિતાબ છે, તેના પછી નસ્ખ (રદ) કરનાર આવવાની કોઈ સંભાવના નથી. જેમકે, કુર્આને કરીમની અન્ય આયતોમાં આ વિષય વધારે સ્પષ્ટતા સાથે વર્ણન થયો છે.

અંતિમ આયતમાં ફરમાવ્યું, وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ એટલે કે, "અલ્લાહ જલ્લ શા'નુહૂ એ બધી જ વાતચીતને સાંભળે છે જે આ લોકો કરી રહ્યા છે અને સૌની પરિસ્થિતિ અને પ્રવૃત્તિથી સારી પેઠે વાકેફ છે. દરેકના કૃત્યોનો બદલો તેના કૃત્યો પ્રમાણે આપશે."

ત્રીજી આયતમાં અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺને જાણકારી આપી છે કે, જમીન ઉપર વસનારી તમામ માનવજાતની બહુમતી ગુમરાહી ઉપર છે. આપ ﷺ તેમનાથી પ્રભાવિત ન થાઓ અને તેમની વાતો ઉપર ધ્યાન ન આપો. કુર્આને અનેક સ્થળે આ વિષયને વર્ણન કર્યો છે. કુર્આને કરીમમાં એક સ્થળે ઈરશાદ છે, وَلَقَدْ ضَلَّ قَبْلَهُمْ اَكْثَرُ الْاَوَّلِيْنَ (૩૭ : ૭૧) અને બીજી જગ્યાએ ઈરશાદ છે, وَمَا اَكْثَرُ النَّاسِ وَلَوْ حَرَصْتَ بِمُؤْمِنِيْنَ (૧૨ : ૧૦૩) મતલબ એ કે, મનુષ્યની પ્રકૃતિ ઉપર સ્વાભાવિક રીતે બહુમતીનો પ્રભાવ છવાતો હોય છે અને

તે તેનું અનુસરણ પણ કરતો હોય છે. એટલા માટે રસૂલે કરીમ ﷺને આ સંબોધન કરવામાં આવ્યું કે,

"અને પૃથ્વી ઉપર મોટા ભાગના (એવા છે) જો તું તેમનું કહ્યું માને તો તેઓ તને અલ્લાહના માર્ગથી ભટકાવી દે; તેઓ અનુસરણ નથી કરતા પરંતુ ફક્ત (કપોળ–કલ્પિત) કલ્પનાઓનું; અને તેઓ માત્ર અટકળો જ દોડાવે છે."

ખુલાસો એ થયો કે, રસૂલે કરીમ ﷺ તેમની બહુમતી સંખ્યાથી પ્રભાવિત થઈને તેમની સાથે સમાનતા સ્થાપવાનો વિચાર સુદ્ધાં ન કરો. કારણ કે, આ બધા સિદ્ધાંત વિહોણા અને ભટકેલ માર્ગે ચાલનારા લોકો છે. અંતિમ આયતમાં ફરમાવ્યું કે,

"બેશક ! તારો પરવરદિગાર તેને સારી પેઠે જાણે છે, જે તેના માર્ગથી ભટકે છે અને તે હિદાયત પામેલા (સીધા માર્ગ ઉપર ચાલનારા) લોકોને (પણ) સારી પેઠે જાણે છે."

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૧૮ થી ૧૨૧)

فَكُلُوْا مِمَّا ذُكِرَ اسْمُ اللّٰهِ عَلَيْهِ اِنْ كُنْتُمْ بِاٰيٰتِهٖ مُؤْمِنِيْنَ ﴿١١٨﴾ وَمَا لَكُمْ اَلَّا تَاْكُلُوْا
مِمَّا ذُكِرَ اسْمُ اللّٰهِ عَلَيْهِ وَقَدْ فَصَّلَ لَكُمْ مَّا حَرَّمَ عَلَيْكُمْ اِلَّا مَا اضْطُرِرْتُمْ
اِلَيْهِ ؕ وَاِنَّ كَثِيْرًا لَّيُضِلُّوْنَ بِاَهْوَآئِهِمْ بِغَيْرِ عِلْمٍ ؕ اِنَّ رَبَّكَ هُوَ اَعْلَمُ
بِالْمُعْتَدِيْنَ ﴿١١٩﴾ وَذَرُوْا ظَاهِرَ الْاِثْمِ وَبَاطِنَهٗ ؕ اِنَّ الَّذِيْنَ يَكْسِبُوْنَ الْاِثْمَ
سَيُجْزَوْنَ بِمَا كَانُوْا يَقْتَرِفُوْنَ ﴿١٢٠﴾ وَلَا تَاْكُلُوْا مِمَّا لَمْ يُذْكَرِ اسْمُ اللّٰهِ عَلَيْهِ
وَاِنَّهٗ لَفِسْقٌ ؕ وَاِنَّ الشَّيٰطِيْنَ لَيُوْحُوْنَ اِلٰٓى اَوْلِيٰٓئِهِمْ لِيُجَادِلُوْكُمْ ۚ وَاِنْ اَطَعْتُمُوْهُمْ
ع ۱۴ اِنَّكُمْ لَمُشْرِكُوْنَ ﴿١٢١﴾ ع

તરજુમો :

બસ તમે એ જાનવરમાંથી ખાઓ જેના ઉપર (ઝબહ કરતી વેળા) અલ્લાહનું

નામ લેવામાં આવ્યું છે જો તમને તેના હુકમો ઉપર ઈમાન છે. (૧૧૮) અને શું કારણ કે તમે એ જાનવરમાંથી નથી ખાતા કે જેના ઉપર અલ્લાહનું નામ લેવામાં આવ્યું છે ? અને તે સ્પષ્ટ કરી ચૂક્યો છે જે કંઈ તેણે તમારા ઉપર હરામ કર્યું છે, પરંતુ જ્યારે કે તેને ખાવા માટે મજબૂર થઈ જાઓ અને બેશક! ઘણા લોકો પોતાના વિચારો ઉપર તહકીક વિના ભટકાવતા ફરે છે, તમારો પરવરદિગાર જ મર્યાદાથી વધનારાઓને સારી પેઠે જાણે છે. (૧૧૯) અને છોડી દો ખુલ્લા ગુનાહ અને છુપા, નિઃશંક ! જે લોકો ગુનાહ કરે છે નિકટમાં જ પોતાના કર્યાની સજા પામશે. (૧૨૦) અને એમાંથી ન ખાઓ જેના ઉપર (ઝબહ કરતી વેળા) અલ્લાહનું નામ લેવામાં આવ્યું નથી અને એ ખાવું ગુનોહ છે અને શયતાનો પોતાના મિત્રોના દિલમાં (એવી વાત) નાંખે છે જેથી તે તમારી સાથે ઝઘડો કરે અને જો તમે તેમનું કહ્યું માન્યું તો તમે પણ મુશ્રિક થયા. (૧૨૧)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપર وَاِنْ تُطِعْ ના શબ્દોમાં માર્ગ ભટકેલાઓનું અનુસરણ કરવાની સદંતર મનાઈ કરવામાં આવી હતી. આગળ તેના તકાદા સ્વરૂપે આ બાબતની એક ખાસ પ્રવૃત્તિનું અનુસરણ કરવાની મનાઈ કરવામાં આવે છે. તે ખાસ બાબત અલ્લાહ સિવાય અન્યના નામ ઉપર ઝબહ કરવામાં આવેલના હરામ હોવા વિશે તથા અલ્લાહના નામ ઉપર ઝબહ કરવામાં આવેલના હલાલ હોવા વિશે છે. વાત એમ છે કે, કાફિરોએ મુસલમાનોને શંકામાં નાંખવાના ઈરાદે કહ્યું કે, અલ્લાહે મારેલું (કુદરતી મૃત્યુથી મરેલું) જાનવર તો ખાતા નથી અને પોતાનું મારેલું એટલે કે, ઝબહ કરેલું જાનવર આરોગો છો.

(અખ્રજહૂ અબૂદાવુદ વલ હાકિમ અન ઈબ્ને અબ્બાસ રદિ.)

અમુક મુસલમાનોએ નબીએ કરીમ ﷺની સેવામાં આ શંકાનું વર્ણન કર્યું, તેના ઉપર આયતો لَمُشْرِكُوْنَ સુધી નાઝિલ થઈ.

(રવાહુ અબૂદાવુદ વત્તિરમિઝી અન ઈબ્ને અબ્બાસ રદિ. કઝા ફિલ્ બા'બ)

કહેવાનું તાત્પર્ય એ છે કે, તમે મુસલમાન છો, અલ્લાહના હુકમોના આધીન છો અને અલ્લાહ તઆલાએ હલાલ તથા હરામને વિગતવાર સ્પષ્ટ રીતે

દર્શાવી દીધું છે. બસ, તેના ઉપર ચાલતા રહો. હલાલ ઉપર હરામ હોવાની અને હરામ ઉપર હલાલ હોવાની શંકા ન કરો અને મુશ્રિકોએ ફેલાવેલ ભ્રમ તરફ ધ્યાન ન આપો.

અને આ જવાબની તહકીક એ છે કે, મૂળ સિદ્ધાંતની સાબિતી માટે તો બૌદ્ધિક દલીલો આવકાર્ય છે અને સાબિત થઈ ગયા પછી સિદ્ધાંતના આચરણ અને ગૌણ બાબતોમાં ફક્ત નકલ કરવામાં આવેલ દલીલો (હદીષો) પૂરતી છે, તાર્કિક ખણખોદની આવશ્યકતા નથી. બલકે, અમુક સમયે નુકસાનકર્તા છે કે તેના કારણે શંકાના દરવાજા ખૂલે છે. કારણ કે, ગૌણ બાબતોમાં કતઈ દલીલનો કોઈ માર્ગ નથી, અલબત્ત જો કોઈ સત્ય પામવા ઇચ્છે અથવા દિલના સંતોષ ખાતર હોય તેના રૂબરૂ ઉપરછલ્લું અથવા સંક્ષેપમાં રજુ કરવામાં કોઈ વાંધો નથી, પરંતુ જ્યારે એવું પણ ન હોય બલકે માત્ર વાદ-વિવાદ હોય તો પોતાના કામમાં લાગવું જોઈએ અને વાંધો ઉઠાવનાર તરફ ધ્યાન ન આપવું જોઈએ. હા ! જો વાંધો ઉઠાવનાર કોઈ ગૌણ બાબતનું બૌદ્ધિક કતઈ દલીલ વિરુદ્ધ હોવું સાબિત કરવા ઇચ્છે તો તેનો જવાબ આપવો સત્યના દા'વેદારના માથે હશે, પરંતુ મુશ્રિકોની શંકા-કુશંકામાં આ બાબતની કોઈ સંભાવના જ નથી. એટલા માટે તેના જવાબમાં મુસલમાનોને માત્ર ઉપરોક્ત પ્રમાણેનું સંબોધન છે કે, આવી ખોટી બાબતો ઉપર નજર ન કરો, સત્ય ઉપર ભરોસો રાખો અને અમલ કરતા રહો, એ બીનાએ આ સ્થળે મુશ્રિકોની શંકાનો જવાબ વિગતવાર ઉપસ્થિત ન હોવાથી કોઈ શંકા થઈ શકતી નથી. એના ઉપર પણ એ તરફ ઇશારો કરવામાં આવ્યો છે જ્યાં كُلُوْا (કુલૂ)માં ذُكِرَاسْمُ اللّٰهِ અને لَا تَاْكُلُوْا માં لَمْ يُذْكَرِ اسْمُ اللّٰهِ વર્ણન થયેલ છે અને આ બાબત સામાન્ય નિયમ પ્રમાણે અને અન્ય દલીલોથી પણ જાણ થાય છે કે ذُكِرَ اسْمُ اللّٰهِ ઝબહ કરવાના સમયે હશે અને لَمْ يُذْكَرِ اسْمُ اللّٰهِ ની તહકીકના બે સ્વરૂપો હશે. એક એ કે, જાનવરને ઝબહ જ કરવામાં ન આવે અને બીજું એ કે, ઝબહ કરતી વખતે અલ્લાહનું નામ જ લેવામાં ન આવે. બસ, આ શંકાના જવાબનો ખુલાસો એ છે કે, હલાલ હોવાનો આધાર મુખ્યત્વે બે બાબતો ઉપર છે. એક એ કે, જાનવરને ઝબહ કરવું કે જે નાપાક લોહીને જાનવરના શરીરમાંથી કાઢીને તેને નાપાકીથી પાક કરી દે છે અને તે નાપાકી જ મનાઈનું કારણ હતી. બીજું અલ્લાહનું નામ લેવું ફાયદાકારક અને બરકત છે, જે

ઝબહ કરવામાં આવતા જાનવરો ઉપર ઝબહ કરતી વખતે લેવું હલાલ હોવાની શરતમાં છે અને કોઈ વસ્તુના હલાલ થવા માટે હરામ હોવાનો અવરોધ દૂર કરવો તથા જે શરત હોય તેને પૂર્ણ કરવી બંને બાબતો આવશ્યક છે. બસ, આ બે મુખ્ય મુદ્દાઓ પૂરા થવાથી તેનું હલાલ હોવું સાબિત થઈ ગયું.

તફસીર :

(અને જ્યારે અગાઉ કાફિરોનું અનુસરણ કરવું વખોડવાપાત્ર હોવાની જાણ થઈ ગઈ તો) બસ જે (હલાલ) જાનવરો ઉપર (ઝબહ કરવાના સમયે) અલ્લાહનું નામ (કોઈ અન્યની ભાગીદારી સિવાય) લેવામાં આવે તેમાંથી (કોઈપણ પ્રકારના વાંધા વિના) ખાઓ (અને તેને મુબાહ અને હલાલ સમજો) જો તમે તેના હુકમો ઉપર ઈમાન ધરાવતા હોય, (કારણ કે હલાલને હરામ જાણવું ઈમાન વિરુદ્ધ બાબત છે) અને તમને કઈ બાબત (માન્યતાની દષ્ટિએ અવરોધનું) કારણ હોઈ શકે છે કે તમે એવા જાનવરોમાંથી ન ખાઓ જેના ઉપર (ઝબહ કરવાના સમયે) અલ્લાહનું નામ (કોઈ ભાગીદારી વિના) લેવામાં આવ્યું હોય ? જ્યારે કે અલ્લાહ તઆલાએ (બીજી આયતમાં) આ બધા જાનવરોની વિગત બતાવી આપી છે જેને તમારા ઉપર હરામ કર્યા છે, પરંતુ તે પણ જ્યારે તમને સખત આવશ્યકતા ઊભી થાય તો હલાલ છે (અને આ વિગતમાં અલ્લાહના નામે ઝબહ થયેલ જાનવર સામેલ નથી, પછી તેના ખાવામાં માન્યતામાં ક્યાંથી ખામી ઊભી થાય અને તે લોકોની શંકા તરફ મૂળેથી ધ્યાન ન આપો, કારણ કે) એ નિશ્ચિત વાત છે કે ઘણા લોકો (કે તેમનામાંથી તેઓ પણ છે કે જેઓ પોતાની સાથે અન્યોને પણ) પોતાની ખોટી વિચારસરણીથી (એટલે કે તેના આધારે) કોઈ પ્રમાણ વિના માર્ગ ભટકાવતા ફરે છે, (પરંતુ અંતે ક્યાં સુધી આ પ્રમાણે કરતા રહેશે ?) એમાં કોઈ શંકા નથી કે અલ્લાહ તઆલા હદ (એટલે કે ઈમાન)થી નીકળી જનારાઓને (જેમાં તેઓ પણ સામેલ છે) સારી પેઠે જાણે છે, (બસ એકી સાથે સજા આપશે) અને તમે જાહેર ગુનાહોને છોડી આપો અને ગુપ્ત ગુનાહોને પણ છોડી દો, (દાખલા તરીકે હલાલને હરામ હોવાની માન્યતા ધરાવવી એ બાતિન એટલે કે અંતરમનનો ગુપ્ત ગુનોહ છે અને તેનાથી ઊલટું પણ એટલે કે હરામને હલાલ હોવાની માન્યતા પણ) નિઃશંક ! જે લોકો ગુનાહ કરી રહ્યા છે તેમને તેમના કર્યાની ઘણી જ જલદી (કયામતમાં) સજા મળશે અને એવા

જાનવરોમાંથી ન ખાઓ જેના ઉપર (ઉપરોક્ત પ્રમાણે) અલ્લાહનું નામ લેવામાં આવ્યું ન હોય, (જેમકે મુશ્રિકો એવા જાનવરોને ખાય છે) અને આ પ્રવૃત્તિ (એટલે કે, مَـا لَمْ يُذْكَرِاسْمُ اللّٰهِ عَلَيْهِ ને ખાવું) બેહુકમી છે (મતલબ કે ન તો કોઈ જાનવરનો ખોરાક તરીકે ઉપયોગ કરવાનું છોડવામાં અને ન જ કોઈ અન્ય પ્રવૃત્તિમાં તેમનું અનુસરણ કરવામાં આવે) અને (તે લોકોની શંકા એટલા માટે ધ્યાન આપવા યોગ્ય નથી જ નથી કે) ખરેખર શયતાનો (જિન્નાતો) પોતાના (તે) મિત્રો (અને અનુયાયીઓ)ને (આ શંકાઓ અને વસવસાઓ) શિખવાડી રહ્યા છે જેથી તેઓ તમારી સાથે (બેકાર) ઝઘડો કરે (એટલે કે પ્રથમ તો આ નુસૂસ વિરુદ્ધ શંકાઓ ઊભી કરે અને બીજું વ્યર્થ ઝઘડો ઊભો કરે, એટલા માટે તે ધ્યાન આપવા યોગ્ય નથી) અને જો તમે (અલ્લાહ ન ચાહે) તે લોકોનું અનુસરણ (અકીદહમાં અથવા આચરણમાં) કરવા લાગો તો ચોક્કસ તમે મુશ્રિક થઈ જશો (કે અલ્લાહ તઆલાના હુકમ ઉપર અન્યની તા'લીમને અગ્રિમતા આપો છો, જ્યારે કે અલ્લાહ સમકક્ષ કોઈને સમજવું પણ શિર્ક છે, એટલે કે તેમનું અનુસરણ સૌથી ખરાબ બાબત છે, આથી તેમના પ્રશ્નો ઉપર ધ્યાન આપવાથી પણ બચવું જોઈએ).

મસ્અલા અને બોધપાઠ :

مَـا ذُكِـرَا سْـمُ اللّٰهِ عَلَيْهِ માં ذَبْـحِ اِخْتِيَارِیْ (પોતાના સંપૂર્ણ કાબૂ હેઠળ ઝબહ કરવું) અને ذَبْـحِ اِضْطِرَارِیْ (જાનવરનો શિકાર કરવો, દાખલા તરીકે તીર, બાજ અથવા શિકારી કૂતરા દ્વારા કરાવવામાં આવતો શિકાર) જ્યારે કે, તેને છોડતી વખતે બિસ્મિલ્લાહ પઢી લેવામાં આવે અને એ જ પ્રમાણે વાસ્તવમાં સીધે-સીધું પોતે ઝબહ કરતી વખતે "ઝિક્રે હકીકી" અલ્લાહનું નામ લેવું અથવા "ઝિક્રે હુકમી" સ્વરૂપે અલ્લાહનું નામ લેવું બધું જ સામેલ છે. ઈમામ અબૂ હનીફા (રહ.)ના મતે જેના ઉપર બિસ્મિલ્લાહ ભૂલથી પઢવાનું છૂટી જાય તે حُـكْـمًـا مَا ذُكِرَ اسْمُ اللّٰهِ عَلَيْهِ માં સામેલ છે. અલબત્ત, જાણીબૂઝીને છોડી દેવાથી ઈમામ અબૂ હનીફા (રહ.)ના મતે હરામ થઈ જાય છે.

આયત : (સૂરએ અન્આમ : આયત નં. ૧૨૨)

اَوَ مَنْ كَانَ مَيْتًا فَاَحْيَيْنٰهُ وَجَعَلْنَا لَهٗ نُوْرًا يَّمْشِيْ بِهٖ فِي النَّاسِ كَمَنْ مَّثَلُهٗ
فِي الظُّلُمٰتِ لَيْسَ بِخَارِجٍ مِّنْهَا ؕ كَذٰلِكَ زُيِّنَ لِلْكٰفِرِيْنَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٢٢﴾

તરજુમો :

ભલા એક વ્યક્તિ કે જે મૃત હતો પછી અમે તેને જીવતો કરી દીધો અને અમે તેને પ્રકાશ આપ્યો કે તેને લોકોમાં લઈને ફરે છે, શું એના સમાન હોઈ શકે છે કે જેની હાલત એ છે કે અંધારાઓમાં પડયો છે, ત્યાંથી નીકળી નથી શકતો ? આ જ પ્રમાણે કાફિરોની દષ્ટિમાં તેમના કર્મો શણગારી દેવામાં આવ્યા. (૧૨૨)

તફસીર :

એવો વ્યક્તિ જે પ્રથમ મૃત (એટલે કે માર્ગ ભટકેલ) હતો, પછી અમે તેને સજીવન (એટલે કે મુસલમાન) બનાવી દીધો અને અમે તેને એક એવો પ્રકાશ (એટલે કે ઈમાન) આપી દીધો કે તે તેને લઈને લોકો વચ્ચે હરે-ફરે છે, (એટલે કે દરેક સમયે તે તેની સાથે રહે છે જેનાથી તે બધા નુકસાનોથી દાખલા તરીકે ગુમરાહીઓ વગેરેથી સુરક્ષિત અને સલામત રહી નચિંત થઈને હરે-ફરે છે તો) શું એ વ્યક્તિ(ની પરિસ્થિતિ) તે વ્યક્તિ જેવી હોઈ શકે છે જેની હાલત એવી હોય કે તે (ગુમરાહીના) અંધકારોમાં (ઘેરાયેલો હોય) છે (અને) તેમાંથી નીકળવા જ નથી માંગતો (ભાવાર્થ એ છે કે તે મુસલમાન ન થયો; અને તેના ઉપર આશ્ચર્ય કરવામાં ન આવે કે કાફિરો ઉપર અંધકાર છવાયેલો હોવા છતાં તેઓ કેમ તેના ઉપર મક્કમ રહ્યા ? કારણ એ છે કે જે પ્રમાણે મો'મિનોને પોતાનું ઈમાન સારું જણાય છે) એ જ પ્રમાણે કાફિરોને તેમના આચરણ (કુફ્ર વગેરે) શણગારેલા લાગે છે. (એ કારણથી જ આ મક્કાના આગેવાનો જે રસૂલે કરીમ ﷺ પાસે વાહિયાત માંગણીઓ, શંકાઓ અને વાદ-વિવાદો રજુ કરતા રહેતા હતા તેઓ પોતાના કુફ્રને સારું સમજીને જ એવું કરતા હતા).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં પ્રથમ એ બાબતનું વર્ણન કરવામાં આવ્યું હતું કે,

ઈસ્લામના વિરોધીઓ રસૂલુલ્લાહ ﷺ અને કુર્આનના ખુલ્લમ-ખુલ્લા મોઅ્જિઝાઓના પ્રત્યક્ષ દર્શન કર્યા છતાં પોતાની જીદ અને હઠધર્મીના કારણે નવા-નવા મોઅ્જિઝાઓ બતાવવાની માંગણી કરે છે. ત્યારબાદ કુર્આને બતાવ્યું કે, જો આ લોકો ખરેખર સત્યના ઈચ્છુક હોત તો તે મોઅ્જિઝાઓ તેમની દષ્ટિ સમક્ષ આવી ચૂક્યા છે, જે તેમને સત્ય માર્ગ બતાવવા માટે પૂરતા કરતાં વધારે હતા. પછી તે મોઅ્જિઝાઓનું વર્ણન થયું.

પ્રસ્તુત આયતમાં રસૂલે કરીમ ﷺ અને કુર્આન ઉપર ઈમાન લાવનારા અને કુફ્ર તથા ઈન્કાર કરનારાઓની અમુક પરિસ્થિતિ અને વિચારસરણી તથા બંનેના સારા અને ખરાબ પરિણામનું વર્ણન થયું છે તથા મો'મિનો અને કાફિરો અને ઈમાન તથા કુફ્રની વાસ્તવિકતાને દાખલો આપી સમજાવવામાં આવ્યું છે. મો'મિન અને કાફિરનો દાખલો જીવંત અને મૃતના ઉદાહરણ સ્વરૂપે આપવામાં આવ્યો અને ઈમાન તથા કુફ્રનો દાખલો પ્રકાશ અને અંધકારથી આપવામાં આવ્યો છે. આ કુર્આનના દષ્ટાંતો છે, તેમાં કોઈ શાયરી નથી પરંતુ એક ખુલ્લી વાસ્તવિકતાની જાહેરાત છે.

મો'મિન સજીવન છે અને કાફિર મૃત છે :

આ દષ્ટાંતમાં મો'મિનને સજીવન અને કાફિરને મૃત બતાવવામાં આવ્યા છે, જેનું કારણ એ છે કે, મનુષ્ય અને જાનવરો તથા વનસ્પતિ વગેરેમાં જો કે જિંદગી અને જીવનના પ્રકારના વિવિધ સ્વરૂપો હોય છે પરંતુ એટલી વાતથી કોઈ સમજદાર વ્યક્તિ ઈન્કાર નથી કરી શકતો કે, તેમાંથી દરેકની પોતાની જિંદગીનો એક ખાસ હેતુ અને મકસદ હોય છે અને કુદરતે તેમને આ ધ્યેયપ્રાપ્તિ માટે સંપૂર્ણ ક્ષમતા અને સામર્થ્ય આપ્યું છે. કુર્આનનો ઈરશાદ છે, اَعْطٰى كُلَّ شَىْءٍ خَلْقَهٗ ثُمَّ هَدٰى (૨૦ : ૫૦) તેમાં એ વર્ણન છે કે, અલ્લાહ જલ્લ શા'નુહૂએ વિશ્વની સૃષ્ટિમાં દરેક વસ્તુ પેદા કરી અને તેને જે હેતુ માટે પેદા કરી હતી તેના સુધી પહોંચવાની તેને સંપૂર્ણ સૂચના અને માર્ગદર્શન આપી દીધું. જેના આધીન દરેક મખ્લૂક પોત-પોતાના જીવનનો સમય અને પોત-પોતાની ફરજનો હક અદા કરી રહ્યા છે અને વિશ્વમાં પૃથ્વી, પાણી, હવા, આગ એ જ પ્રમાણે અવકાશી મખ્લૂકોમાં ચંદ્ર, સૂર્ય, તારાઓ વગેરે પોત-પોતાની ફરજ સંપૂર્ણ રીતે

ઓળખીને તેને પૂર્ણ કરી રહ્યા છે અને આ જ ફરજને પૂર્ણ કરવામાં તેમનામાં જીવન હોવાની સાબિતી છે અને જે સમયે જે પરિસ્થિતિમાં તેમનામાંથી કોઈ વસ્તુ પોતાની ફરજ પૂર્ણ કરવાનું છોડી આપે તો તે સજીવન નથી બલકે, મૃત છે. પાણી જો પોતાનું કામ તરસ છીપાવવાનું અથવા મેલ સાફ કરવાનું વગેરે છોડી દે તો તે પાણી નહીં કહેવાય. આગ સળગવાનું અને સળગાવવાનું છોડી દે તો એક નિર્જીવ જેવી થઈ ગઈ.

સમગ્ર વિશ્વનું વિસ્તૃત નિરીક્ષણ કર્યા પછી એક મનુષ્ય જેમાં થોડી પણ બુદ્ધિ, સમજદારી અને સભાનતા છે તે વિચાર કરવા માટે મજબૂર થશે કે, મનુષ્યના જીવનનો હેતુ શું છે ? અને તેની ફરજ શું છે ? અને એ કે, જો તે પોતાના જીવનના હેતુને પૂર્ણ કરી રહ્યો છે તો તે સજીવન કહેવાડવાને હકદાર છે અને તે પૂર્ણ નથી કરતો તો તે એક મૃત લાશથી વધારે કોઈ હકીકત ધરાવતો નથી.

હવે વિચારવાનું એ છે કે, માનવ જીવનનો હેતુ શું છે ? અને તેની ફરજો શું છે ? અને ઉપરોક્ત વર્ણન કરેલ સિદ્ધાંતો પ્રમાણે એ નક્કી છે કે, જો તે પોતાના જીવનના હેતુને પૂર્ણ કરી રહ્યો છે અને પોતાની ફરજ અદા કરી રહ્યો છે તો જીવંત છે, નહિતર તે મૃત કહેવાડવાને લાયક છે. જે નાદાન લોકોએ મનુષ્યને દુનિયાનું એક પોતે ઊગી નીકળેલ ઘાસ અથવા એક બુદ્ધિશાળી પ્રાણી ઠરાવ્યું છે અને તેમના મતે મનુષ્ય અને ગધેડા-કૂતરામાં કોઈ તફાવત નથી. એ સૌના જીવનનો હેતુ તેમણે મનેચ્છાઓને પૂર્ણ કરવી, ખાવું-પીવું, સૂવું-જાગવું, પછી મરી જવું જ ઠરાવી દીધું. એ તો બુદ્ધિશાળી અને સમજદાર વ્યક્તિના મતે સંબોધનના લાયક પણ નથી, દુનિયાના બુદ્ધિશાળીઓ ભલે કોઈપણ ધર્મ કે કૌમ સાથે કે કોઈ પણ વિચારસરણી સાથે સંબંધ ધરાવતા હોય, વિશ્વની શરૂઆતથી લઈ આજદિન સુધી મનુષ્યને સૃષ્ટિનું સર્વોત્તમ અને શ્રેષ્ઠ સર્જન હોવા ઉપર સહમત રહ્યા છે અને એ દેખીતું છે કે, શ્રેષ્ઠ અને ઉત્તમ એ જ વસ્તુને કહેવા અને સમજવામાં આવી શકે છે કે, જેના જીવનનો હેતુ ઉચ્ચ કક્ષાનો અને શ્રેષ્ઠ હોવાના સંદર્ભમાં વિશિષ્ટ પ્રકારનો હોય અને દરેક સમજદાર વ્યક્તિ એ પણ જાણે છે કે, ખાવું-પીવું, સૂવું-જાગવું, ઓઢવું-પહેરવું, રહેવું-સહેવું વગેરેમાં મનુષ્યને બીજા પ્રાણીઓ કરતાં કોઈ ખાસ વિશેષતા પ્રાપ્ત નથી. બલકે, ઘણા બધા પ્રાણીઓ તેનાથી સારી રીતે અને એનાથી વધારે ખાય-પીએ છે, એનાથી વધારે કુદરતી

કપડાંમાં શણગરાયેલા છે, એનાથી સુંદર હવા અને પર્યાવરણમાં રહે—વસે છે અને જ્યાં સુધી પોતાના લાભ અને નુકસાનને ઓળખવાની બાબત છે તેમાં દરેક પ્રાણી બલકે, દરેક વૃક્ષ એક મર્યાદા સુધી બુદ્ધિ ધરાવે છે. ફાયદાકારક વસ્તુઓને પ્રાપ્ત કરવા તથા નુકસાનકર્તા વસ્તુઓથી બચવાની ખાસ ક્ષમતા પોતાનામાં ધરાવે છે. એ જ પ્રમાણે અન્યો માટે લાભ પહોંચાડવાની બાબતમાં તો બધા જ પ્રાણીઓ અને વનસ્પતિના કદમ દેખીતી રીતે મનુષ્યથી પણ આગળ વધેલા નજરે પડે છે કે તેમના માંસ, ચામડાં, હાડકાં અને ઝાડના મૂળિયાંથી લઈને ડાળખીઓ.... અને પાદડાંઓ સુધી દરેક વસ્તુ મખ્લૂક માટે ઉપયોગી અને જીવનની આવશ્યકતા પેદા કરવામાં અસંખ્ય ફાયદાઓનો સ્ત્રોત છે. તેનાથી વિપરીત મનુષ્ય કે ન તો તેનું માંસ કોઈને કામ લાગે છે, ન ચામડું, ન બાલ, ન હાડકાં અને ન જ અન્ય કંઈ.

હવે જોવાનું એ છે કે, આ પરિસ્થિતિમાં મનુષ્યને કઈ બાબત આધારે સૃષ્ટિમાં સર્વશ્રેષ્ઠ અને "અફઝલુલ મખ્લૂક" તથા વિશેષતા ધરાવનાર ઠરાવવામાં આવે છે ? હવે, વાસ્તવિકતાને ઓળખવાની મંઝિલ નજીક આવી પહોંચી.... થોડો વિચાર કરીએ તો જાણ થશે કે, આ બધી વસ્તુઓ બુદ્ધિ અને સમજદારીની મર્યાદાથી જોતાં ફક્ત ઉપસ્થિત જીવનના કામચલાઉ અને હંગામી લાભ કે નુકસાન સુધી જ છે અને આવા જીવનમાં તે અન્યોના માટે લાભકારક નજરે પડે છે. આ દુનિયાની જિંદગીથી પહેલાં શું હતું અને પછી શું થવાનું છે ? તે મેદાનમાં વનસ્પતિ જગત, પ્રાણી જગત વગેરેમાં વિચારીએ તો મોટામાં મોટા હોશિયાર પ્રાણીની બુદ્ધિ અને સમજદારી પણ તે બાબતે કામ નથી આપતી અને ન જ આ બાબતમાં તેમનામાંથી કોઈ વસ્તુ લાભદાયક અને ફાયદાકારક હોઈ શકે છે. બસ, આ જ તે બાબત છે જેમાં સૃષ્ટિના સર્વોત્તમ સર્જન મનુષ્યએ કાર્ય કરવાનું છે અને તેનાથી જ તેની વિશેષતા અન્ય સર્જન ઉપર જાહેર અને સ્પષ્ટ થઈ શકે છે.

જાણ થઈ કે, માનવ જીવનનો હેતુ સમગ્ર વિશ્વની શરૂઆત અને અંતને દૃષ્ટિ સમક્ષ રાખીને સૌ પરિણામો ઉપર વિવેકબુદ્ધિથી દૃષ્ટિપાત કરવો અને એ નક્કી કરવું કે, સામૂહિક રીતે કઈ વસ્તુ ફાયદાકારક અને લાભદાયી છે અને કઈ વસ્તુ નુકસાનકારક અને પીડા આપનારી છે ? પછી તેની વિવેકબુદ્ધિની સાથે પોતે પોતાના માટે પણ ફાયદાકારક વસ્તુઓને પ્રાપ્ત કરવી અને નુકસાનકારક

વસ્તુઓથી બચવું અને અન્યોને પણ આ ફાયદાકારક વસ્તુઓ તરફ આમંત્રણ આપવું અને ખરાબ વસ્તુઓથી બચાવવાની કાળજી રાખવાની છે, જેથી કાયમી રાહત, શાંતિ અને સલામતી તથા સંતોષપૂર્વકનું જીવન પ્રાપ્ત થઈ શકે અને જ્યારે મનુષ્યના જીવનનો હેતુ મનુષ્યની વિશિષ્ટતાનો આ પ્રમાણિત લાભ પોતે પ્રાપ્ત કરવો અને બીજાઓને પહોંચાડવાનો છે તો હવે કુર્આનના ઉદાહરણો હકીકત બનીને સામે આવી જાય છે કે, સજીવન વ્યક્તિ ફક્ત તે જ છે જે અલ્લાહ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવ્યો અને દુનિયાની શરૂઆત અને અંત અને તેમાં સંપૂર્ણ સામૂહિક રીતે લાભકારક અને નુકસાનકારક વસ્તુઓને અલ્લાહની વહીના પ્રકાશમાં ઓળખી. કારણ કે, માત્ર મનુષ્યની બુદ્ધિએ ન તો ક્યારેય આ ક્ષેત્રને સર કર્યું છે, ન જ કરી શકે છે. મોટા-મોટા બુદ્ધિશાળીઓ અને તત્ત્વચિંતકો તથા વિશ્વના મહાન ફિલોસોફરોએ અંતે આ બાબતનો સ્વીકાર કર્યો છે, મવલાના રૂમીએ ઘણું સરસ કહ્યું છે.

زیرکانِ موشگافانِ دہی کردہ ہر خرطوم خطِّ ابلہی

હોશિયારી, સમજદારીપૂર્વક રિસર્ચ કરનાર (શોધખોળ કરનાર-વસ્તુની ઊંડાણમાં ઊતરનાર) બુદ્ધિશાળીઓએ હાથીની સૂંઢને બેવકૂફીની નળી હોવામાં ખપાવ્યું છે.

અને જ્યારે જીવનના હેતુના આધારે સજીવન ફક્ત તે જ વ્યક્તિ છે જે અલ્લાહની વહીના તાબે' અને મો'મિન છે તો એ પણ નક્કી થઈ ગયું કે, જે એવો નથી તે મૃત કહેવાડવાને લાયક છે. મવલાના રૂમીએ ઘણું સરસ કહ્યું છે,

زندگی از بہر طاعت و بندگی است ؛ بے عبادت زندگی شرمندگی ست

آدمیت لحم و شحم و پوست نیست ؛ آدمیت جز رضائے دوست نیست

માનવજીવન તો ફરમાંબરદારી અને બંદગી માટે જ છે,
બંદગી વિનાના જીવનમાં તો નિષ્ફળતા અને અફસોસ જ છે.
માનવ હોવું માંસ, ચામડી, ચરબીનું નામ નથી,
માનવ હોવું તો અલ્લાહની રઝામંદીનું નામ છે.

આ કુર્આનના ઉદાહરણો હતા મો'મિન અને કાફિર વિશેના કે, મો'મિન સજીવન અને કાફિર મૃત છે. બીજું ઉદાહરણ ઈમાન અને કુફ્રનું આપ્યું, જેમાં ઈમાનને પ્રકાશ અને કુફ્રને અંધકાર સાથે સરખાવવામાં આવ્યું છે.

ઈમાન પ્રકાશ છે અને કુફ્ર અંધકાર છે :

અત્રે ઈમાનને પ્રકાશ અને કુફ્રને અંધકાર ઠરાવવામાં આવ્યો છે. થોડો વિચાર કરવામાં આવે તો આ ઉદાહરણ માત્ર કોઈ કાલ્પનિક દાખલો નથી, એક વાસ્તવિકતાનું વર્ણન છે. અહીંયાં પણ પ્રકાશ અને અંધકારના મૂળ હેતુ ઉપર વિચાર કરવામાં આવે તો વાસ્તવિકતા સામે આવી જશે કે, પ્રકાશનો હેતુ એ છે કે તેના દ્વારા નજીક અને દૂરની વસ્તુઓને જોઈ શકાય છે, જેના કારણે નુકસાનકારક વસ્તુઓથી બચવા અને લાભદાયક વસ્તુઓને અપનાવવાનો મોકો મળે છે.

હવે, ઈમાનને જૂઓ કે તે એક પ્રકાશ છે, જેનો પ્રકાશ સમગ્ર આસમાનો અને પૃથ્વી તથા તે ઉપરાંતની બધી જ વસ્તુઓ ઉપર છવાયેલ છે. ફક્ત આ જ પ્રકાશ સમગ્ર દુનિયાના અંજામ અને દરેક પ્રવૃત્તિના સાચા પરિણામો બતાવી શકે છે, જેની સાથે આ પ્રકાશ હોય તો તે પોતે પણ નુકસાનકર્તા વસ્તુઓથી બચી શકે છે અને અન્યોને પણ બચાવી શકે છે અને જેને આ પ્રકાશ પ્રાપ્ત નથી થયો તે પોતે અંધકારમાં ડૂબેલો છે. સમગ્ર વિશ્વ અને સમગ્ર જીવનના સંદર્ભમાં કઈ વસ્તુ લાભકારક છે અને કઈ વસ્તુ નુકસાનકારક તેમાં કોઈ સનાતન તફાવત નથી કરી શકતું. ફક્ત આજુબાજુની વસ્તુઓને દાબી-ચગદીને કંઈક ઓળખી શકે છે. અત્યારે ઉપસ્થિત દુનિયાનું જીવન આ જ આજુબાજુનું પર્યાવરણ છે, કાફિર આ જીવન અને તેના લાભ તથા નુકસાનને તો ઓળખી લે છે, પરંતુ પાછળથી આવનાર કાયમી જિંદગીની તેને કંઈ જ ખબર નથી અને ન જ તેના નફા અને નુકસાનની તેને કંઈ ગતાગમ છે. કુર્આને કરીમે આ જ વિષય માટે ઈરશાદ ફરમાવ્યો છે,

يَعْلَمُوْنَ ظَاهِرًا مِّنَ الْحَيٰوةِ الدُّنْيَا وَهُمْ عَنِ الْاٰخِرَةِ هُمْ غٰفِلُوْنَ (૩૦:૭)

એટલે કે, "આ લોકો જાહેર દુનિયવી જિંદગી અને તેના ખરા-ખોટાને તો અમુક અંશે ઓળખી લે છે પરંતુ આખિરતની દુનિયાથી સદંતર ગાફેલ છે."

બીજી એક આયતમાં ઈન્કારી અને કાફિર ઉમ્મતોનું વર્ણન કર્યા પછી કુર્આને કરીમે ફરમાવ્યું છે, وَكَانُوْا مُسْتَبْصِرِيْنَ (૨૯ : ૩૭) એટલે કે, આખિરતની બાબતમાં એવી સખત નિષ્કાળજી અને બુદ્ધિહીનતાથી વર્તનારાઓ આ દુનિયામાં બેવકૂફ અને નાદાન ન હતા. બલકે, مُسْتَبْصِرِيْنَ એટલે કે,

આધુનિક વિચારસરણી ધરાવનાર લોકો હતા પરંતુ એ ઉપરછલ્લી દૃષ્ટિ ફક્ત અમુક દિવસની જિંદગીને શણગારવાનું જ કામ આપી શકતી હતી, આખિરતના કાયમી જીવનમાં તે દૃષ્ટિએ કંઈ જ કામ ન આપ્યું.

આ વિગતને સાંભળ્યા પછી કુર્આને કરીમની પ્રસ્તુત આયત પણ એક વખતે પઢી લઈએ, اَوَمَنْ كَانَ مَيْتًا فَاَحْيَيْنٰهُ وَجَعَلْنَا لَهٗ نُوْرًا يَّمْشِيْ بِهٖ فِي النَّاسِ كَمَنْ مَّثَلُهٗ فِي الظُّلُمٰتِ لَيْسَ بِخَارِجٍ مِّنْهَا મતલબ એ છે કે, તે વ્યક્તિ જે પ્રથમ મૃત એટલે કે, કાફિર હતો પછી અમે તેને સજીવન કરી આપ્યો એટલે કે, મુસલમાન બનાવી દીધો અને અમે તેને એક એવો પ્રકાશ એટલે કે ઈમાન આપી દીધું જેને લઈને તે લોકોમાં હરે-ફરે છે, (હવે શું) તે વ્યક્તિ સમાન હોઈ શકે છે જેનું ઉદાહરણ એવું છે કે, તે પ્રકાર-પ્રકારના અંધારાઓમાં ઘેરાયેલો હોય છે અને તેમાંથી નીકળવા નથી પામતો. એટલે કે, કુફ્રના અંધારાઓમાં સપડાયેલો છે, તે પોતે જ પોતાના લાભ અને નુકસાનને નથી ઓળખતો અને પોતાને પોતાનો સત્યાનાશ થવાથી નથી બચાવી શકતો, ભલા ! તે અન્યોને શું લાભ પહોંચાડી શકવાનો છે ?

ઈમાનના પ્રકાશનો લાભ અન્યોને પણ પહોંચે છે :

આ આયતમાં نُوْرًا يَّمْشِيْ بِهٖ فِي النَّاسِ ફરમાવીને એ તરફ પણ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, ઈમાનનો પ્રકાશ ફક્ત કોઈ મસ્જિદ અથવા ખાનકાહ અથવા કોઈ ઓરડાના ખૂણા સાથે જોડાયેલો નથી, જેને અલ્લાહ તઆલાએ આ નૂર (પ્રકાશ) આપ્યું છે તે તેને લઈને દરેક સ્થળે લોકો વચ્ચે ફરે છે અને દરેક સ્થળે આ પ્રકાશથી પોતે પણ લાભ ઉઠાવે છે અને અન્યોને પણ લાભ પહોંચાડે છે. આ પ્રકાશ કોઈ અંધકારથી દબાઈ નથી શકતો. જેમકે, અનુભવોથી સાબિત થયેલ છે કે, એક ટમટમતા દીપકને પણ અંધારું હરાવી નથી શકતું. હા ! તેનો પ્રકાશ દૂર સુધી નથી પહોંચતો, વળી તેજસ્વી પ્રકાશ હોય તો તે દૂર સુધી ફેલાય છે. જો પ્રકાશ થોડો હોય તો તે થોડી જગ્યાને પ્રકાશિત કરે છે પરંતુ અંધારા ઉપર દરેક પરિસ્થિતિમાં તે જ વિજયી અને છવાયેલો રહે છે. અંધારું ટમટમતા દીપક ઉપર પણ છવાઈ નથી શકતું અને તે પ્રકાશ જ ન કહેવાય જે અંધારા ઉપર છવાઈ ન શકે. આ જ પ્રમાણે તે ઈમાન જ નથી જે કુફ્રથી પરાજિત અથવા પ્રભાવિત થઈ જાય. આ ઈમાનનું નૂર મનુષ્યના જીવનના દરેક ક્ષેત્રમાં દરેક

પરિસ્થિતિમાં, દરેક યુગમાં તેમની સાથે હોય છે.

એ જ પ્રમાણે આ ઉદાહરણમાં એક અન્ય ઈશારો પણ છે કે, જે પ્રમાણે પ્રકાશનો લાભ દરેક મનુષ્ય અને પ્રાણીઓ ઈરાદાથી અથવા વિનાઈરાદે દરેક પરિસ્થિતિમાં કંઈને કંઈ મેળવે છે, કલ્પના કરો કે ન તો પ્રકાશવાળો એવું ઈચ્છે છે કે અન્યોને લાભ પહોંચાડે, ન જ બીજાઓ એવો ઈરાદો રાખી નીકળે છે કે તેના પ્રકાશથી મને લાભ પહોંચે, પરંતુ જ્યારે પ્રકાશ કોઈની સાથે હશે તો તેનો લાભ આપમેળે કુદરતી રીતે બધાને જ પહોંચશે, તે પ્રકાશની પ્રકૃતિ જ અંધકારને દૂર કરવાની છે. એ જ પ્રમાણે મો'મિનના ઈમાનથી અન્યોને પણ કંઈને કંઈ લાભ પહોંચે જ છે. ભલે તેની અનુભૂતિ (અણસાર) થાય કે ન થાય. અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, كَذٰلِكَ زُيِّنَ لِلْكٰفِرِيْنَ مَا كَانُوْا يَعْمَلُوْنَ એટલે કે, આ સ્પષ્ટ ખુલ્લી દલીલો હોવા છતાં ઈન્કારીઓ અને કાફિરો જે વાતને નથી માનતા તેનું કારણ એ છે કે, ہر کس بخیالِ خویش خبطے دارد શયતાન અને મનેચ્છાઓએ તેમની દૃષ્ટિમાં તેમના બુરા આચરણ ઉપર ખૂબ શણગાર કરી રૂપાળા બનાવી રજૂ કર્યા છે જે (તેઓની) ઘણી સખત ભૂલ છે. નઊઝુબિલ્લાહી મિન ઝાલિક.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૨૩-૧૨૪-૧૨૫)

وَكَذٰلِكَ جَعَلْنَا فِيْ كُلِّ قَرْيَةٍ اَكٰبِرَ مُجْرِمِيْهَا لِيَمْكُرُوْا فِيْهَا ۭ وَمَا يَمْكُرُوْنَ اِلَّا
بِاَنْفُسِهِمْ وَمَا يَشْعُرُوْنَ ﴿١٢٣﴾ وَاِذَا جَاۗءَتْهُمْ اٰيَةٌ قَالُوْا لَنْ نُّؤْمِنَ حَتّٰى نُؤْتٰى مِثْلَ مَآ اُوْتِيَ
رُسُلُ اللّٰهِ ۭ اَللّٰهُ اَعْلَمُ حَيْثُ يَجْعَلُ رِسَالَتَهٗ ۭ سَيُصِيْبُ الَّذِيْنَ اَجْرَمُوْا صَغَارٌ
عِنْدَ اللّٰهِ وَعَذَابٌ شَدِيْدٌۢ بِمَا كَانُوْا يَمْكُرُوْنَ ﴿١٢٤﴾ فَمَنْ يُّرِدِ اللّٰهُ اَنْ يَّهْدِيَهٗ يَشْرَحْ
صَدْرَهٗ لِلْاِسْلَامِ ۚ وَمَنْ يُّرِدْ اَنْ يُّضِلَّهٗ يَجْعَلْ صَدْرَهٗ ضَيِّقًا حَرَجًا كَاَنَّمَا
يَصَّعَّدُ فِي السَّمَاۗءِ ۭ كَذٰلِكَ يَجْعَلُ اللّٰهُ الرِّجْسَ عَلَى الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ ﴿١٢٥﴾

તરજુમો :

અને એ જ પ્રમાણે અમે દરેક વસ્તીમાં ગુનેહગારોના સરદાર બનાવ્યા કે ત્યાં

હીલા (ષડયંત્રો) કર્યા કરે અને જે હીલા કરે છે બસ પોતાની જ જાત ઉપર અને સમજતા નથી. (૧૨૩) અને જ્યારે તેમની પાસે કોઈ આયત આવી છે તો કહે છે, અમે કદાપિ માનીશું નહીં જ્યાં સુધી કે અમને આપવામાં ન આવે જેવું કે અલ્લાહના રસૂલોને આપવામાં આવ્યું છે, અલ્લાહ સારી પેઠે જાણે છે કે પોતાની રિસાલત ક્યાં મોકલવી, નિકટમાં જ ગુનેહગારોને અલ્લાહના ત્યાં અપમાન પહોંચશે અને કઠોર અઝાબ એ કારણે કે તેઓ ષડયંત્ર કરતા હતા. (૧૨૪) બસ, જેને અલ્લાહ ઈચ્છે છે કે હિદાયત કરે તો તેના સીનાને ઈસ્લામ કબૂલ કરવા માટે ખોલી નાંખે છે અને જેને ઈચ્છે છે કે ગુમરાહ કરે તો તેના સીનાને તંગ કરી દે છે, અત્યંત તંગ; જાણે કે તે આસમાન ઉપર બળપૂર્વક ચઢતો હોય, એ જ પ્રમાણે અલ્લાહ ઈમાન ન લાવનારાઓ ઉપર અઝાબ નાંખશે. (૧૨૫)

તફસીર :

અને (આ કોઈ નવી વાત નથી જે પ્રમાણે મક્કાના સરદારો તે ગુનાહોમાં સંડોવાયેલા રહ્યા છે અને તેમની અસર હેઠળ બીજા લોકો પણ સામેલ થઈ જાય છે) એ જ પ્રમાણે (અગાઉની ઉમ્મતોમાં પણ) દરેક વસ્તીમાં ત્યાંના સરદારો (પ્રથમ) ગુનાહોનું આચરણ કરનારા થયા (પછી તેમના પ્રભાવથી અન્ય સામાન્ય જનતા પણ એમાં ભળી ગઈ), જેથી તે લોકો ત્યાં (અંબિયા અલૈ.ને નુકસાન પહોંચાડવા માટે) શરારતો કર્યા કરે છે (જેનાથી તેઓનું સજાના હકદાર થવાનું સારી પેઠે સાબિત થઈ જાય) અને તે લોકો (જો કે પોતાની સમજ પ્રમાણે બીજાઓને નુકસાન પહોંચાડે છે પરંતુ વાસ્તવમાં) પોતાની સાથે જ શરારત કરી રહ્યા છે (કારણ કે તેનો વબાલ તો તેમને જ ભોગવવો પડશે) અને (જહાલતના કારણે) તેમને (તેની) જરા પણ ખબર નથી અને (તે મક્કાના કાફિરોના પાપ એટલે સુધી વધી ગયા છે કે) જ્યારે તેમને કોઈ આયત પહોંચે છે તો (તે આયત પોતાની પ્રતિષ્ઠાના કારણે નુબુવ્વતની દલીલ માટે પૂરતી હોવા છતાં આ લોકો) એવું કહે છે કે અમે (તે નબી ઉપર) કદાપિ ઈમાન નહીં લાવીએ જ્યાં સુધી કે અમને પણ એવી જ વસ્તુ આપવામાં ન આવે જે અલ્લાહના રસૂલોને આપવામાં આવી છે, (એટલે કે વહી અથવા સીધું સંબોધન અથવા સહીફા અથવા કિતાબ જેમાં અમને આપ ﷺ ઉપર ઈમાન લાવવાનો હુકમ હોય અને આવા વેણ

મહાન ગુનોહ હોવું દેખીતું છે કે તેનાથી રિસાલતને જૂઠાડવું, દુશ્મનાવટ, ઘમંડ અને ગુસ્તાખી બધું જ ભેગું થઈ જાય છે. આગળ ઉપર અલ્લાહ તઆલા આવા વાહિયાત નિવેદનોનો રદિયો આપે છે કે) આ બાબત તો અલ્લાહ જ ખૂબ સારી પેઠે જાણે છે (કે) ક્યાં પોતાનો સંદેશ (વહી દ્વારા) મોકલવો ! (શું દરેક સમજદાર અથવા નાદાન એ પ્રતિષ્ઠાનો હકદાર અને તેના યોગ્ય બની ગયો? تا نہ بخشد خدائے بخشندہ "આ મહાન નેઅ્મત અલ્લાહની દેણ છે." આગળ આ ગુનાહની સજાનું વર્ણન છે કે) ઘણા જ જલદી તે લોકો કે જેમણે આ ગુનોહ કર્યો છે અલ્લાહની પાસે પહોંચીને (આખિરતમાં) અપમાનિત થશે (જેમકે તેમણે પોતાના નબી અલૈ.ના મુકાબલામાં પોતાને પ્રતિષ્ઠા અને નુબુવ્વતના હકદાર સમજ્યા હતા) અને કઠોર સજા (મળશે) તેમની શરારતોના મુકાબલામાં; બસ (ઉપર જે મો'મિનો અને કાફિરોની પરિસ્થિતિનું વર્ણન છે તેનાથી એ જાણ થઈ કે) જે વ્યક્તિને અલ્લાહ તઆલા (છુટકારાના) માર્ગ ઉપર નાંખવા ઈચ્છે છે તેની છાતી (એટલે કે દિલ)ને ઈસ્લામ (સ્વીકાર કરવા) માટે ખોલી નાંખે છે (કે તેને સ્વીકાર કરવામાં કોઈ શંકા–કુશંકા કરતો નથી કે ખચકાટ અનુભવતો નથી અને જે પ્રકાશનું અત્રે વર્ણન થયું છે તે આ જ પ્રકાશ છે) અને જેને (તકદીરી રીતે) માર્ગ ભટકાવવા ઈચ્છે છે તેની છાતી (એટલે કે દિલ)ને (ઈસ્લામ સ્વીકાર કરવાથી) તંગ (અને) ખૂબ તંગ કરી નાંખે છે (જેથી તેને ઈસ્લામનો સ્વીકાર કરવો એવી મહાન આફત નજરે પડે છે) જેમકે (ધારી લો કે) કોઈ આસમાનમાં ચઢ(વા ઈચ્છે)તું હોય (અને ચઢાતું નથી જેથી જીવ તંગ થઈ જાય છે, મુસીબતનો સામનો થાય છે, બસ જેમકે આ વ્યક્તિથી આકાશમાં ચઢાતું નથી) એવી જ રીતે અલ્લાહ તઆલા ઈમાન ન લાવનારા ઉપર (તેમના પોતાના જ કુફ્ર અને શરારતના કારણે) ફિટકાર વરસાવે છે (એટલા માટે તેમનાથી ઈમાન લવાતું નથી).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતના અંતમાં વર્ણન હતું કે, આ દુનિયા પરીક્ષાની જગ્યા છે, અહીંયાં જે પ્રમાણે નેક આચરણોની સાથે અમુક મહેનત અને સંઘર્ષ જોડાયેલ હોય છે, જે રીતે તેના માર્ગમાં અહીંયાં અડચણો આવે છે, એ જ પ્રમાણે દુષ્કૃત્યોની સાથે અમુક દિવસ મનેચ્છાઓ પૂર્ણ થવાનો આનંદ પણ મનેચ્છાઓનું એક પ્રકારનું છળકપટ (ધોકો) હોય છે, જે વાસ્તવિકતા અને પરિણામથી

બેખબર મનુષ્યની દષ્ટિમાં તેના દુષ્કૃત્યોને જ શણગારીને બતાવે છે અને દુનિયાના કહેવાતા મોટા—મોટા બુદ્ધિશાળીઓ તેમાં સપડાય જાય છે.

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં એનું વર્ણન છે કે, આ જ પરીક્ષા અને કસોટીનું એક પાસું એ પણ છે કે, વિશ્વની ઉત્પત્તિથી આવું જ ચાલ્યું આવે છે કે, મોટે ભાગે ઘણું કરીને દરેક વસ્તીના સરદારો અને માલદારો તથા મોટા—મોટા લોકો જ વાસ્તવિકતા અને પરિણામથી બેખબર અમુક દિવસની ફના (નષ્ટ) થનાર લિજ્જતો અને આનંદ—પ્રમોદમાં મસ્ત થઈને દુષ્કૃત્યોમાં વિહરતા હોય છે અને સામાન્ય જનતાની ટેવ એ હોય છે કે, મોટા લોકોની પાછળ ચાલી તેમની નકલ ઉતારવાને જ પોતાની સફળતા અને સન્માન સમજે છે. અંબિયા (અલૈ.) અને તેમના નાયબો એટલે કે, ઉલમા અને મશાઈખો જ્યારે તેમને તેમના દુષ્કૃત્યોથી રોકવા અને પરિણામ તરફ તેમનું ધ્યાન દોરવા ઈચ્છે છે ત્યારે આ મોટા લોકો તેમના વિરુદ્ધ જાત—જાતની શરારતો કર્યા કરે છે, જે જાહેરમાં તો આ બુઝુર્ગો વિરુદ્ધ શરારત અને ષડયંત્રો છે અને દિલને ઠેસ પહોંચાડવા સામાન હોય છે, પરંતુ પરિણામની દષ્ટિએ એ બધાનો વબાલ પોતે તે સૌના ઉપર જ પડવાનો છે અને મોટા ભાગે ક્યારેક દુનિયામાં પણ તે પ્રદર્શિત થતો હોય છે.

આ ઈરશાદમાં મુસલમાનોને એવી ચેતવણી આપવામાં આવી છે કે, દુનિયાના કહેવાતા સરદારો, રઈસો તથા માલદારોનું આંધળું અનુકરણ ન કરો, તેમની પાછળ ઘેટાવર્ણ ચાલવાની ટેવ છોડી દો, પરિણામને જ દષ્ટિ સમક્ષ રાખી સારા—નરસાને સારી પેઠે પોતે જ ઓળખો.

વળી, રસૂલે કરીમ ﷺને આ દિલાસો આપવાનો હેતુ છે કે, કુરૈશના સરદારો જે તમારો વિરોધ કરવા મંડી પડ્યા છે તેનાથી તમે દિલગીર ન થાઓ, કારણ કે આ કોઈ નવી વાત નથી, અગાઉના અંબિયા (અલૈ.)ને પણ આવા જ લોકો સાથે વાસ્તો પડ્યો હતો અને અંતે એ સરદારો જ અપમાનિત થયા અને અલ્લાહનો જ કલિમો બુલંદ થયો.

બીજી આયતમાં આ જ કુરૈશના સરદારોની એક એવી વાતચીતનું વર્ણન છે જે સત્યના મુકાબલામાં ફક્ત હઠધર્મી અને મઝાક—મશ્કરી સ્વરૂપે કરવામાં આવતી હતી, ત્યારબાદ તેનો જવાબ આપવામાં આવ્યો છે.

ઈમામ બગવી (રહ.)એ કતાદહની રિવાયતથી નકલ કર્યું છે કે, "કુરૈશના સૌથી મોટા સરદાર અબૂજહલે એક વખતે કહ્યું કે, બનૂ અબ્દે મુનાફ (એટલે કે નબીએ કરીમ ﷺના કુટુંબ)થી અમે દરેક ક્ષેત્રમાં મુકાબલો કર્યો, જેમાં ક્યારેય અમે તેમનાથી પાછળ નથી રહ્યા, પરંતુ હવે તેઓ એવું કહે છે કે તમે પ્રતિષ્ઠા અને મોટાઈમાં અમારો મુકાબલો એટલા માટે નથી કરી શકતા કે, અમારા કુટુંબમાં એક નબી આવ્યા છે, જેમને અલ્લાહ તઆલા તરફથી વહી આવે છે. ફરી કહ્યું કે, હું અલ્લાહની કસમ ખાઉં છું કે, અમે કદાપિ તેની તાબે'દારી નહીં કરીએ જ્યાં સુધી પોતે અમારી પાસે એવી જ વહી ન આવવા લાગે જે પ્રમાણે તેમની પાસે આવે છે." પ્રસ્તુત આયતમાં وَاِذَا جَآءَتْهُمْ اٰيَةٌ قَالُوْا لَنْ نُّؤْمِنَ حَتّٰى نُؤْتٰى مِثْلَ مَآ اُوْتِىَ رُسُلُ اللّٰهِ નો આ જ ભાવાર્થ છે.

નુબુવ્વત અને રિસાલત કોઈપણ પ્રકારે ઇખ્તિયારી (ઇચ્છાવર્તી) નથી, બલકે એક હોદ્દો છે, જેને અર્પણ કરવાનો અધિકાર ફક્ત અલ્લાહ તઆલાના હાથમાં છે :

કુર્આને કરીમે આ નિવેદન વર્ણન કર્યા પછી જવાબ આપ્યો, اَللّٰهُ اَعْلَمُ حَيْثُ يَجْعَلُ رِسَالَتَهٗ એટલે કે, "અલ્લાહ તઆલા જાણે છે કે તે પોતાની રિસાલત અને નુબુવ્વત કોને અર્પણ કરે." મતલબ એ કે, આ બુદ્ધિહીન મૂર્ખ લોકો પોતાની અજ્ઞાનતાના કારણે એવું સમજી બેઠા છે કે, નુબુવ્વત અને પયગમ્બરી કૌટુંબિક પ્રતિષ્ઠા અથવા કૌમની સરદારી કે માલદારી દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. જ્યારે કે, નુબુવ્વત અલ્લાહ તઆલાની નાયબગીરીનો હોદ્દો છે જેને પ્રાપ્ત કરવો કોઈના અધિકારક્ષેત્રમાં નથી. ગમે એટલી વિશેષતાઓ, કળાઓ પ્રાપ્ત કરી લીધા પછી પણ કોઈ વ્યક્તિ પોતાના અધિકારથી અથવા વિશેષ કળાઓના જોરે નુબુવ્વત અથવા રિસાલત પ્રાપ્ત નથી કરી શકતો, તે ફક્ત અલ્લાહ જલ્લ શા'નુહૂની જ નેઅ્મત છે, તે જેને ચાહે છે અર્પણ કરે છે.

એનાથી સાબિત થયું કે, રિસાલત અને નુબુવ્વત કોઈપણ પ્રકારે કોઈ વ્યક્તિના પોતાના અધિકારમાં નથી હોતી કે જેને જ્ઞાન, સદાચારની વિશેષતાઓ અથવા સંઘર્ષ કે ઈબાદત વગેરે દ્વારા પ્રાપ્ત કરી શકાય. કોઈ વ્યક્તિ વલીના દરજ્જાઓમાં ગમે એટલો ઉચ્ચ કક્ષાએ પહોંચી જાય તો પણ નુબુવ્વત નથી પ્રાપ્ત

કરી શકતો. બલકે, તે ફક્ત અલ્લાહ રબ્બુલ ઈજ્જતની દયા અને કૃપા જ છે કે જે અલ્લાહના જ્ઞાન, વિવેકબુદ્ધિ અને હિકમત હેઠળ તેના ખાસ-ખાસ બંદાઓને આપવામાં આવી હતી. હા ! એ આવશ્યક છે કે, જે વ્યક્તિને અલ્લાહ તઆલાએ જ્ઞાનમાં આ સ્થાન અને હોદ્દો દેવાનું નક્કી કરી રાખ્યું છે, તેને શરૂઆતથી જ તેના યોગ્ય બનાવીને પેદા કરવામાં આવે છે. તેના અખ્લાક, વ્યવહાર અને આચરણોની ખાસ પ્રકારે કેળવણી કરવામાં આવે છે.

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, سَيُصِيبُ الَّذِيْنَ اَجْرَمُوْا صَغَارٌ عِنْدَ اللّٰهِ وَ عَذَابٌ شَدِيْدٌ بِمَا كَانُوْا يَمْكُرُوْنَ તેમાં શબ્દ صَغَارٌ (સગાર) ક્રિયાપદનું સર્વનામ છે જેનો અર્થ "અપમાન" કે "ઝિલ્લત" થાય છે. આ વાક્યનો ભાવાર્થ એ થયો કે, સત્યના વિરોધીઓ જે આજે પોતાની કૌમમાં મોટા અને આગેવાન કહેવામાં આવે છે, નિકટમાં જ તેમની મોટાઈ અને ઈજ્જત બધું ધૂળમાં ભળી જવાનું છે. તેમને અલ્લાહ તઆલા પાસે સખત અપમાન અને રુસ્વાઈ વેઠવાની છે અને સખત અઝાબ થવાનો છે.

"અલ્લાહ પાસે"નો ભાવાર્થ એ પણ હોઈ શકે છે કે, કયામતના દિવસે જ્યારે તેઓ અલ્લાહ સમક્ષ હાજર થશે તો અપમાનિત અને ઝલીલ થઈને હાજર થશે અને ત્યારબાદ તેમને કઠોર અઝાબ આપવામાં આવશે અને ભાવાર્થ એ પણ હોઈ શકે છે કે જો કે, હાલમાં જાહેરમાં આ લોકો મોટા ઈજ્જતદાર અને રઈશો છે પરંતુ અલ્લાહ તરફથી તેમને ખૂબ સખત અપમાન અને રુસ્વાઈ મળવાની છે, જે દુનિયામાં પણ હોઈ શકે છે અને આખિતમાં પણ, જેમકે અંબિયા (અલૈ.)ના વિરોધીઓ વિશે દુનિયાના ઈતિહાસમાં તેનો અનુભવ થતો રહ્યો છે કે, અંતે તેમના વિરોધીઓ દુનિયામાં જ અપમાનિત થયા. આપણા નબીએ કરીમ ﷺના મોટા-મોટા વિરોધીઓ જે પોતાની પ્રતિષ્ઠાની ડિંગો હાંક્યા કરતા હતા એક-એક કરીને યા તો ઈસ્લામના વર્તુળમાં પ્રવશે પામી ગયા અને જે ન પામ્યા તેઓ અપમાનિત અને ઝલીલ થઈને નાશ પામ્યા. અબૂજહલ, અબૂલહબ વગેરે કુરૈશના સરદારોની હાલત દુનિયા સમક્ષ આવી ચૂકી છે અને મક્કાના વિજયે તે બધાની કમર તોડી નાંખી હતી.

દીનમાં شَــــرْحِ صَــــدْرْ (શર્હે સદ્ર) "દિલમાં ઊતરવું" અને તેની નિશાનીઓ :

ત્રીજી આયતમાં અલ્લાહ તઆલા તરફથી હિદાયત પામી જનારા અને ગુમરાહી ઉપર મક્કમ રહેનારા લોકોની અમુક હાલતો અને નિશાનીઓ બતાવવામાં આવી છે. ફરમાવ્યું, فَمَنْ يُّرِدِ اللّٰهُ اَنْ يَّهْدِيَهٗ يَشْرَحْ صَدْرَهٗ لِلْاِسْلَامِ એટલે કે, "જે વ્યક્તિને અલ્લાહ તઆલા હિદાયત આપવા ઇચ્છે છે તેની છાતી ઈસ્લામના માટે ખોલી આપે છે."

હાકિમે મુસ્તદરકમાં અને બયહકીએ શોઅ્બુલ ઈમાનમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.)થી રિવાયત નકલ કરી છે કે, "જ્યારે આ આયત નાઝિલ થઈ તો સહાબએ કિરામ (રદિ.)એ રસૂલે કરીમ ﷺને شَــرْحِ صَــدْرْ (શર્હે સદ્ર) એટલે કે, "ઈસ્લામ માટે છાતી ખોલી આપવા"ની તફસીર પૂછી, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા મો'મિનના દિલમાં એક પ્રકાશ આપે છે, જેનાથી તેનું દિલ સત્ય વાતને જોવા, સમજવા અને સ્વીકાર કરવા માટે ખુલી જાય છે. (સત્ય વાતને સરળતાથી સ્વીકાર કરવા માંડે છે અને અસત્યથી ધૃણા અને નફરત થવા લાગે છે.) સહાબએ કિરામ (રદિ.)એ વિનંતી કરી કે, શું એની કોઈ નિશાની પણ છે જેના દ્વારા તે વ્યક્તિ ઓળખવામાં આવે જેને "શરહ અલ સદ્ર" પ્રાપ્ત થયું હોય ? ફરમાવ્યું, હા ! નિશાની એ છે કે, તે વ્યક્તિનું સંપૂર્ણ વલણ આખિરત અને તેની નેઅ્મતો તરફ થઈ જાય છે, દુનિયાની વ્યર્થ ઈચ્છાઓ અને નષ્ટ થનારા આનંદથી તે ગભરાય છે અને મૌત આવતા પહેલાં મૌતની તૈયારી કરવા લાગે છે. ત્યારબાદ ફરમાવ્યું, وَمَنْ يُّرِدْ اَنْ يُّضِلَّهٗ يَجْعَلْ صَدْرَهٗ ضَيِّقًا حَرَجًا كَاَنَّمَا يَصَّعَّدُ فِى السَّمَآءِ એટલે કે, જે વ્યક્તિને અલ્લાહ તઆલા ગુમરાહીમાં રાખવા ઇચ્છે છે તેનું દિલ તંગ અને સખત રીતે ભીંચી દે છે. તેના માટે સત્ય વાત સ્વીકાર કરવાનું અને તેના ઉપર અમલ કરવાનું એટલું જ કઠણ હોય છે જેમકે કોઈ વ્યક્તિ માટે આસમાન ઉપર ચઢવું."

તફસીરના ઈમામ કલબીએ ફરમાવ્યું કે, "તેનું દિલ તંગ થઈ જવાનો ભાવાર્થ એ છે કે, તેનામાં સત્ય અને ભલાઈના માટે (સ્વીકારનો) કોઈ માર્ગ નથી રહેતો. આ વિષય હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)થી પણ નકલ થયો છે અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, જ્યારે તે અલ્લાહનું

વર્ણન સાંભળે છે તો તેને ચીડ થવા લાગે છે અને જ્યારે કુફ્ર અને શિર્કની વાતો સાંભળે છે તો તેમાં તેનું દિલ લાગે છે.''

સહાબએ કિરામ (રદિ.)ને દીનમાં شَرْحِ صَدْرَ (શર્હે સદ્ર) પ્રાપ્ત થયું હતું, એટલા માટે શંકાઓ અને ભ્રમ (વસવસા)ની ઘટનાઓ ઘણી ઓછી બની છે :

એ જ કારણ હતું કે, સહાબએ કિરામ (રદિ.) જેમને અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ ﷺનો સંગાથ અને પ્રત્યક્ષ વિદ્યાર્થી માટે ચૂંટી લીધા હતા તેમને ઈસ્લામના હુકમોમાં શંકાઓ અને ભ્રમણાઓ ઘણી ઓછી થઈ. સમગ્ર જિંદગીમાં સહાબએ કિરામ (રદિ.)એ જે પ્રશ્નો રસૂલે કરીમ ﷺ સામે રજૂ કર્યા તે અમુક ગણ્યા-ગાંઠયા છે. તેનું કારણ એ હતું કે, રસૂલે કરીમ ﷺના સંગાથની બરકતથી અલ્લાહ તઆલાની પ્રતિષ્ઠા અને મહોબ્બતની ઊંડી છાપ તેમના દિલોમાં બેસી ગઈ હતી. જેના કારણે તેમને شَرْحِ صَدْرَ (શર્હે સદ્ર)નું સ્થાન પ્રાપ્ત હતું. તેમના દિલો આપમેળે સત્ય અને અસત્યના માપદંડ બની ગયા હતા. સત્યનો સરળતાથી તાત્કાલિક સ્વીકાર કરી લેતા અને અસત્ય તેમના દિલોમાં માર્ગ મેળવી શકતું ન હતું. ત્યારબાદ જેમ-જેમ રસૂલે કરીમ ﷺના સમયકાળથી દૂર થતા ચાલ્યા ગયા, શંકાઓ અને ભ્રમણાઓએ માર્ગ મેળવવાનું શરૂ કરી દીધું. અકીદાઓમાં મતભેદો પેદા થવાની શરૂઆત થઈ.

શંકાઓ અને ભ્રમણાઓને દૂર કરવાની વાસ્તવિક પદ્ધતિ બહસ (Debate) નથી, બલકે શર્હે સદ્રનું પ્રાપ્ત થવું છે :

અને આજે સમગ્ર દુનિયા તે શંકાઓ અને ભ્રમણાઓના વર્તુળના ઘેરામાં ફસાયેલી છે તથા બહસના માર્ગે તેને હલ કરવા ઇચ્છે છે જે તેનો વાસ્તવિક માર્ગ નથી.

فلسفی کو بحث کے اندر خدا ملتا نہیں ؛ ڈور کو سلجھا رہا ہے پر سرا ملتا نہیں

ફિલોસોફરને બહસ (દલીલ-પ્રતિદલીલ)માં ખુદા મળતો નથી,
દોરાની ગુંચને દૂર કરવા માંગે છે પરંતુ છેડો મળતો નથી.

માર્ગ એ જ છે જે સહાબએ કિરામ (રદિ.) અને ઉમ્મતના અસ્લાફ (પુરોગામી બુઝુર્ગો)એ અપનાવ્યો કે, અલ્લાહ તઆલાની સર્વાંગ સંપૂર્ણ કુદરત

અને તેના ઈનામોનો વિચાર અને અનુભૂતિ કરીને તેની પ્રતિષ્ઠા અને મહોબ્બત પેદા કરવામાં આવે તો શંકા આપમેળે નિર્મૂળ થઈ જશે. એ જ કારણ છે કે, કુર્આને કરીમે રસૂલે કરીમ ﷺને આ દુઆ માંગવાની પ્રેરણા આપી હતી કે, رَبِّ اشْرَحْ لِي صَدْرِي એટલે કે, "હે મારા પાલનહાર ! મારી છાતીને ખોલી આપ."

અંતિમ આયતમાં ફરમાવ્યું كَذٰلِكَ يَجْعَلُ اللّٰهُ الرِّجْسَ عَلَى الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ એટલે કે, "આ જ પ્રમાણે અલ્લાહ ઈમાન ન લાવનારાઓ ઉપર ફિટકાર વરસાવે છે અને સત્ય વાત તેમના દિલોમાં ઊતરતી નથી અને દરેક બુરાઈ અને વાહિયાત બેહૂદગી તરફ દોડ્યા-દોડ્યા જાય છે."

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૨૬-૧૨૭-૧૨૮)

وَهٰذَا صِرَاطُ رَبِّكَ مُسْتَقِيْمًا ۭ قَدْ فَصَّلْنَا الْاٰيٰتِ لِقَوْمٍ يَّذَّكَّرُوْنَ ﴿١٢٦﴾ لَهُمْ
دَارُ السَّلٰمِ عِنْدَ رَبِّهِمْ وَهُوَ وَلِيُّهُمْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٢٧﴾ وَيَوْمَ يَحْشُرُهُمْ جَمِيْعًا ۚ
يٰمَعْشَرَ الْجِنِّ قَدِ اسْتَكْثَرْتُمْ مِّنَ الْاِنْسِ ۚ وَقَالَ اَوْلِيٰۗؤُهُمْ مِّنَ الْاِنْسِ رَبَّنَا اسْتَمْتَعَ
بَعْضُنَا بِبَعْضٍ وَّبَلَغْنَآ اَجَلَنَا الَّذِيْٓ اَجَّلْتَ لَنَا ۭ قَالَ النَّارُ مَثْوٰىكُمْ خٰلِدِيْنَ فِيْهَآ اِلَّا
مَا شَاۗءَ اللّٰهُ ۭ اِنَّ رَبَّكَ حَكِيْمٌ عَلِيْمٌ ﴿١٢٨﴾

તરજુમો :

અને આ છે તારા પરવરદિગારનો સીધો માર્ગ ! અમે નિશાનીઓને વિચાર (ચિંતન) કરનારાઓ માટે સ્પષ્ટ કરી દીધી. (૧૨૬) તેમના જ માટે પોતાના પરવરદિગારના ત્યાં સલામતીનું ઘર છે અને તે તેમનો તેમના અમલોના કારણે મદદગાર છે. (૧૨૭) અને જે દિવસે તે સૌને એકઠા કરશે, કહેશે; હે જિન્નાતના સમૂહ ! તમે પોતાના માણસોમાંથી ઘણા કંઈ તા'બે કરી લીધા અને માણસોમાંથી તેમના દોસ્તદારો કહેશે, હે અમારા પરવરદિગાર ! અમે એકે બીજાથી પોતાનું કામ કાઢ્યું અને અમે અમારા તે વાયદાએ પહોંચ્યા જે તેં અમારા માટે નિશ્ચિત કર્યો હતો, કહી આપશે; તમારું ઘર આગ છે, એમાં જ રહ્યા કરશો પરંતુ જ્યારે કે અલ્લાહ ચાહે; અલબત્ત, તમારો પરવરદિગાર હિકમતવાળો સર્વજ્ઞ છે. (૧૨૮)

તફસીર :

અને (ઉપર જે ઈસ્લામનું વર્ણન છે તો) આ જ (ઈસ્લામ) તારા પરવરદિગારનો (બતાવેલો) સીધો માર્ગ છે (તેના ઉપર ચાલવાથી છુટકારો મળે છે, જેનું વર્ણન فَمَنْ يُّرِدِ اللّٰهُ اَنْ يَّهْدِيَهٗમાં છે અને તે જ સીરાતે મુસ્તકીમ એટલે કે, સીધા માર્ગની સ્પષ્ટતા માટે) અમે બોધપાઠ ગ્રહણ કરનારાઓ માટે તે આયતોને સાફ-સાફ વર્ણન કરી આપીએ છીએ (જેનાથી તેઓ તેની પ્રતિષ્ઠાનું સમર્થન કરે અને તેના વિષયો ઉપર અમલ કરીને છુટકારો પ્રાપ્ત કરે. તેનું જ સમર્થન અને સદાચાર સીરાતે મુસ્તકીમ સીધો-સત્ય અને સંપૂર્ણ માર્ગ છે, તેનાથી વિપરીત જેઓ બોધપાઠ ગ્રહણ કરવાની ચિંતા જ નથી કરતા તેમના માટે ન તો આ પૂરતું છે અને ન જ અન્ય દલીલો પૂરતી છે. આગળ તે માનનારાઓના સારા બદલાનું વર્ણન છે, જેમકે ન માનનારાઓને સજા થવાનું વર્ણન કેટલાય વાક્યોમાં રજૂ થયું છે, બસ ઈરશાદ છે કે) તે લોકો માટે તેમના પરવરદિગાર પાસે (પહોંચીને) સલામતી (એટલે કે શાંતિ અને ટકી રહેવા)નું ઘર (એટલે કે જન્નત) છે અને અલ્લાહ તેમની સાથે મહોબ્બત રાખે છે તેમના (સારા) આચરણોના કારણે અને (તે દિવસ યાદ કરવાપાત્ર છે) જે દિવસે અલ્લાહ તઆલા બધી જ મખ્લૂકોને ભેગી કરશે (અને તેમાંથી વિશેષરૂપે કાફિરોને હાજર કરી તેમના જે શયતાન જિન્નાતો છે તેમને ભેગા કરી કહેવામાં આવશે કે) હે જિન્નાતોના સમૂહ ! તમે મનુષ્યો(ને ગુમરાહ કરવા)માં મોટો ભાગ ભજવ્યો (અને તેમને ખૂબ બહેકાવ્યા, એ જ પ્રમાણે મનુષ્યોને પૂછવામાં આવશે, اَلَمْ اَعْهَدْ اِلَيْكُمْ يٰبَنِىْٓ اٰدَمَ اَنْ لَّا تَعْبُدُوا الشَّيْطٰنَ... મતલબ કે, શયતાન જિન્નાતો પણ સ્વીકાર કરશે) અને જે મનુષ્યો તેઓ (શયતાન-જિન્નાતો)ની સાથે સંબંધ રાખનારા હતા તે (પણ સ્વીકાર કરીને) કહેશે કે, હે અમારા પરવરદિગાર ! (તમે સાચું કહો છો, વાસ્તવમાં) અમે એકબીજાથી (આ ગુમરાહી અને ગુમરાહીના વિષયમાં મનેચ્છાઓ પૂર્ણ કરવામાં) લાભ ઉઠાવ્યો હતો (એટલા માટે માર્ગ ભટકેલા મનુષ્યોને પોતાની કુફ્ર અને શિર્કની માન્યતાઓમાં આનંદ આવે છે અને ગુમરાહ કરનાર શયતાનોને તેનાથી ખુશી પ્રાપ્ત થાય છે કે, અમારું કહેવું તેમણે માની લીધું) અને (વાસ્તવમાં અમે તેમના બહેકાવવાથી કયામતના ઈન્કારી હતા પરંતુ તે ઈન્કાર ખોટો સાબિત થયો, આથી) અમે પોતાની આ નક્કી મુદત સુધી આવી

પહોંચ્યા જે તેં અમારા માટે નક્કી કરી (એટલે કે કયામત આવી ગઈ), અલ્લાહ તઆલા (બધા કાફિર જિન્નાતો અને મનુષ્યોને) ફરમાવશે કે, તમારા સૌનું ઠેકાણું તો દોઝખ છે જેમાં હંમેશા–હંમેશા રહેશો (નીકળવાનો કોઈ માર્ગ કે યુક્તિ નથી) હા ! જો અલ્લાહને જ (કાઢવાનું) મંજૂર હોય તો બીજી વાત છે (પરંતુ એ વાત ચોક્કસ છે કે અલ્લાહ પણ એવું નહીં ઇચ્છે, એટલા માટે તેઓ તેમાં હંમેશા રહેશે), બેશક ! તમારો પરવરદિગાર મહાન હિકમતવાળો (અને) સર્વજ્ઞ છે (અને તેથી સૌના પાપાચાર જાણે છે અને હિકમત પ્રમાણે યોગ્ય સજા આપે છે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને ઈરશાદ ફરમાવ્યો, وَهٰذَا صِرَاطُ رَبِّكَ مُسْتَقِيْمًا એટલે કે, "આ માર્ગ તારા પરવરદિગારનો સીધો (માર્ગ)." તેમાં શબ્દ هٰذَا (હાઝા) ઈબ્ને મસ્ઊદ (રદિ.)ના નિવેદન પ્રમાણે કુર્આન તરફ અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ના નિવેદન પ્રમાણે ઈસ્લામ તરફ ઈશારો છે. (રૂહુલ મઆની) ભાવાર્થ એ છે કે, આ કુર્આન અથવા શરીઅતે ઈસ્લામ જે રસૂલે કરીમ ﷺને આપવામાં આવી છે તે જ માર્ગ તમારા પરવરદિગારનો છે. આ જ એવો માર્ગ છે જેને તમારા પરવરદિગારે પોતાની ઉચ્ચ કક્ષાની હિકમતથી નક્કી કર્યો અને પસંદ કર્યો છે. તેમાં માર્ગનો વધારો કરી તેનો સંબંધ પરવરદિગાર તરફ કરીને એ બાજુ ઈશારો કરવામાં આવ્યો છે કે, કુર્આન અને ઈસ્લામનો જે નિયમ અને બંધારણ રસૂલે કરીમ ﷺને આપવામાં આવ્યું છે તેના ઉપર આચરણ કરવું અલ્લાહ તઆલાના કોઈ ફાયદા માટે નથી. બલકે, તેના ઉપર અમલ કરનારના લાભ માટે પરવરદિગારના શા'નના તકાદાની રૂએ છે. એના દ્વારા મનુષ્યની એવી કેળવણી કરવાનો હેતુ છે જે તેની કાયમી સફળતા અને ખુશહાલીની જામીન હોય.

ત્યારબાદ એમાં શબ્દ رَبّ (રબ્બ)ની નિસ્બત રસૂલે કરીમ ﷺ તરફ કરીને આપ ﷺ ઉપર એક ખાસ કૃપા અને નેઅ્મતને જાહેર કરવામાં આવી છે કે, તમારા પરવરદિગારે આ માર્ગ નક્કી કર્યો છે. આ નિસ્બતનો રસાસ્વાદ સાહિત્યિક સૂજબૂઝ ધરાવનારાઓ અનુભવી શકે છે કે, બંદાને પોતાના પરવરદિગાર અને મઅ્બૂદ તરફ કોઈ સામાન્ય નિસ્બત પ્રાપ્ત થઈ જવી પણ

તેના માટે અત્યંત ગર્વ અને પ્રતિષ્ઠાની બાબત છે અને જો પરવરદિગારે આલમ અને સૃષ્ટિના મઅ્બૂદ આપમેળે પોતાની સાથે તેની નિસ્બત કરે કે, "હું તારો છું" તો તેની કિસ્મત અને સફળતા વિશે શું કહેવું ? હઝરત હસન નિઝામી (રહ.) આ સ્થળે ફરમાવે છે,

بندہ حسن بصد زبان گفت کہ بندہ توام ؛ تو بزبانِ خود بگو بندہ نواز کیستی

બંદા, હસન નિઝામીએ સો જીભથી કહ્યું કે હું તારો બંદો છું,
(હે અલ્લાહ !) તું પોતે કહી દે કે બંદા નવાજી મારા તરફથી છે.

ત્યારબાદ કુર્આનના આ માર્ગની હાલત શબ્દ مُسْتَقِيْمًا (મુસ્તકીમ)થી વર્ણન કરવામાં આવી કે, આ માર્ગ સીધો માર્ગ છે, તેમાં પણ مُسْتَقِيْم (મુસ્તકીમ) ને صِرَاط (સિરાત)ના ગુણ તરીકે વર્ણવીને વર્તમાનકાળમાં વર્ણન કરવાને બદલે એ તરફ ઈશારો કર્યો કે જે માર્ગ પરવરદિગારે આલમે નક્કી કરી રાખ્યો છે તેમાં મુસ્તકીમ એટલે કે, સીધા હોવા સિવાય અન્ય કોઈ બાબતની સંભાવના જ નથી હોઈ શકતી. *(રૂહુલ મઆની–બહરે મુહીત)*

ત્યારબાદ ફરમાવ્યું, قَدْ فَصَّلْنَا الْاٰيٰتِ لِقَوْمٍ يَّذَّكَّرُوْنَ એટલે કે, અમે નસીહત સ્વીકાર કરનારાઓ માટે આ આયતોને સાફ–સાફ વર્ણન કરીએ છીએ.

فَصَّلْنَا (ફસ્સલના) એ تَفْصِيْل (તફસીલ)થી બનેલ શબ્દ છે. "તફસીલ"નો અસલી અર્થ એ છે કે, "વિષયને અનુભવીને એક–એક પાસાને અલગ–અલગ વર્ણન કરવામાં આવે." આ જ પદ્ધતિથી સમગ્ર વિષય યાદ રહી જાય છે, એટલા માટે "તફસીલ"નો ખુલાસો સાફ–સાફ સ્પષ્ટ વર્ણન કરવું થાય છે. મતલબ એ છે કે, અમે મૂળભૂત અને બુનિયાદી મસ્અલાઓને સ્પષ્ટ રીતે વિગતવાર તફસીલ સાથે વર્ણન કરી દીધા છે જેમાં કોઈ શંકા–કુશંકા બાકી નથી છોડી. તેમાં لِقَوْمٍ يَّذَّكَّرُوْنَ ફરમાવી એ બતાવવામાં આવ્યું કે, જો કે કુર્આનના ફરમાનો બિલકુલ સ્પષ્ટ અને ખુલ્લા છે પરંતુ તેનાથી ફાયદો તે લોકોએ જ ઉઠાવ્યો જેઓ બોધપાઠ ગ્રહણ કરવાના ઈરાદાથી કુર્આનમાં ચિંતન કરે છે અને જીદ અથવા દુશ્મનાવટ કે પછી બાપ–દાદાના રીત–રિવાજોના અનુસરણનો પડદો તેમના દરમિયાન નથી હોતો.

બીજી આયતમાં ઈરશાદ છે, لَهُمْ دَارُ السَّلَامِ عِنْدَ رَبِّهِمْ એટલે કે, "જે

લોકોનું ઉપર વર્ણન કરવામાં આવ્યું છે તે કુર્આનની હિદાયતોને દિલ-દિમાગ સાફ કરી બોધપાઠ ગ્રહણ કરવા માટે જુએ અને સાંભળે છે અને તેના પરિણામે તેઓ તે હિદાયતોનો સ્વીકાર કરે છે. તેમના માટે તેમના પરવરદિગાર પાસે "દારુસ્સલામ"નું ઈનામ મૌજૂદ અને સુરક્ષિત છે." તેમાં શબ્દ دَارٌ (દાર)નો અર્થ "ઘર" અને "સલામતી"ના અર્થમાં છે, એટલે કે બધા જ પ્રકારની આફતો અને મુસીબતો તથા સંઘર્ષોથી સલામતી છે, એટલા માટે "દારુસ્સલામ" એવા ઘરને કહી શકાય છે જેમાં કોઈ તકલીફ, પીડા કે રંજ-ગમ અને આફત-મુસીબત નથી હોતી અને દેખીતું છે કે તે જન્નત જ હોઈ શકે છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, سَلَامٌ (સલામ) અલ્લાહ જલ્લ શા'નુહૂનું નામ છે અને દારુસ્સલામનો અર્થ છે "અલ્લાહનું ઘર"; અને દેખીતું છે કે અલ્લાહનું ઘર શાંતિ અને સલામતીનું સ્થળ હોય છે. એટલા માટે અર્થનો ખુલાસો ફરી પાછો એ જ થઈ ગયો કે તે ઘર જેમાં દરેક પ્રકારની શાંતિ-સલામતી અને સંતોષ હોય. આ રીતે જન્નતને "દારુસ્સલામ" ફરમાવીને એ તરફ ઈશારો કરી આપ્યો છે કે, જન્નત જ તે જગ્યા છે જ્યાં મનુષ્યને દરેક પ્રકારની તકલીફ, પરેશાની, પીડા તથા દરેક પ્રકારની પ્રકૃતિ વિરુદ્ધની સંપૂર્ણ અને કાયમી સલામતી પ્રાપ્ત થાય છે, જે દુનિયામાં ન તો કોઈ મોટાથી મોટા બાદશાહને ક્યારેય પ્રાપ્ત થઈ અને ન જ મહાન નબીઓ અને રસૂલો (અલૈ.)ને; કારણ કે, નષ્ટ થનાર દુનિયા આવી કાયમી અને સંપૂર્ણ રાહતનું સ્થળ છે જ નથી.

આ આયતમાં એ બતાવવામાં આવ્યું છે કે, તે નેક લોકોના માટે તેમના પરવરદિગારની પાસે "દારુસ્સલામ" છે. "પરવરદિગારની પાસે" હોવાનો ભાવાર્થ એ પણ હોઈ શકે છે કે, આ દારુસ્સલામ અહીંયાં રોકડમાં નથી મળતું બલકે, જ્યારે તે કયામતના દિવસે પોતાના પરવરદિગાર પાસે પહોંચશે ત્યારે મળી જશે અને એ અર્થમાં પણ હોઈ શકે છે કે, દારુસ્સલામનો વાયદો ખોટો નથી હોઈ શકતો. રબ્બે કરીમ તેનો જામીન છે અને તેની પાસે તે સુરક્ષિત છે અને તેમાં એ તરફ પણ ઈશારો છે કે, આ દારુસ્સલામની નેઅ્મતો અને રાહતોની આજે કોઈ કલ્પના પણ નથી કરી શકતો, પરવરદિગાર જ જાણે છે કે તેની પાસે આ ખજાનાઓ સુરક્ષિત છે.

અને બીજા અર્થની દષ્ટિએ આ દારુસ્સલામનું મળવું કયામત અને

આખિરત ઉપર અવલંબિત હોવાની જાણ નથી થતી. બલકે, એ પણ હોઈ શકે છે કે, રબ્બે કરીમ જેને ચાહે આ દુનિયામાં પણ દારુસ્સલામ અર્પણ કરી શકે છે કે, તમામ આફતો અને મુસીબતોથી શાંતિ અને સલામતી પ્રાપ્ત થઈ જાય. ભલે, એ પ્રકારે કે દુનિયામાં કોઈ આફત કે મુસીબત જ તેને ન પહોંચે જેમકે, અગાઉના અંબિયા (અલૈ.) અને અવલિયા અલ્લાહમાંથી અમુકમાં તેની ઝલક મોજૂદ છે અને તે એ પ્રકારે કે, તેઓ માટે આખિરતની નેઅ્મતોને તેમની દષ્ટિ સામે હોવાની કલ્પના થકી તેમની નજરને એવી વાસ્તવિકતા ઓળખનારી બનાવી આપી હતી કે, જેનાથી દુનિયાની અમુક દિવસની તકલીફો અને મુસીબતો તેમની દષ્ટિમાં નજીવી અને ધ્યાન આપવા યોગ્ય પણ ન હતી. મુસીબતોના પહાડ પણ તેમની સામે તણખલાથી વિશેષ ન હતા.

رنج راحت شد چو مطلب شد بزرگ ؛ گرد گلہ توتیائے چشم گرگ

હેતુ–મકસદ મોટો હોય છે તો દુઃખ–તકલીફ પણ આનંદમય બની જાય છે,
બકરીઓના ટોળાની ધૂળ વાઘ માટે આંખોના સુરમારૂપે હોય છે.

દુનિયાની મુસીબતોના મુકાબલામાં જે ઈનામો મળનારા છે તે તેમની સામે એવા તુચ્છ થઈ જાય છે કે આ મુસીબતોમાં પણ તેમને આનંદ આવતો હોય એવું લાગે છે અને એ કોઈ અશક્ય બાબત નથી. જુઓ, આખિરતની કાયમી નેઅ્મતો તો ઘણી મોટી બાબત છે, આ નષ્ટ થનાર દુનિયાની અમુક દિવસોની રાહતોની કલ્પના મનુષ્ય માટે કેવી–કેવી મહેનત અને તકલીફને આનંદમય બનાવી આપે છે કે, ભલામણો અને લાંચ–રૂશ્વત રજૂ કરીને સ્વતંત્રતાની રાહતને કુરબાન કરે છે અને ઊંઘ આરામને નષ્ટ કરનારી નોકરી અને મજૂરીની મહેનતને હોંશે–હોંશે સ્વીકારે છે અને આ મહેનત અને તકલીફ મળવાથી ખુશખુશાલ થઈ આભાર માને છે. કારણ કે, તેની સામે ૩૧ દિવસ પૂરા થયા પછી પગારનો આનંદ હોય છે. તે આનંદ આ નોકરી અને મજૂરીની બધી કડવાશને આનંદ અને મીઠાશમાં પરિવર્તિત કરી નાંખે છે. કુર્આને કરીમની આયત وَلِمَنْ خَافَ مَقَامَ رَبِّهٖ جَنَّتٰنِ ની એક તફસીર એ પણ છે કે, અલ્લાહ તઆલાથી ડરનારાઓને બે જન્નતો મળશે, એક આખિરતમાં, બીજી દુનિયામાં. દુનિયાની જન્નત તો એ જ હોય છે કે, તેના દરેક કામમાં અલ્લાહ તઆલાની મદદ સામેલ હોય છે અને દરેક કામ તેને સરળ

દેખાય છે અને ક્યારેક અમુક દિવસની તકલીફ, મુસીબત કે નિષ્ફળતા પણ મળે તો પણ આખિરતના મુકાબલામાં તે પણ તેને આનંદમય નજરે પડે છે, જેનાથી આ તકલીફ પણ રાહતનું સ્વરૂપ અપનાવી લે છે.

ખુલાસો એ છે કે, આ આયતમાં નેક લોકો માટે તેમના પરવરદિગાર પાસે દારુસ્સલામ હોવાનું જે વર્ણન છે, તે દારુસ્સલામ આખિરતમાં તો ચોક્કસ અને નક્કી જ મળવાનું છે અને એ પણ હોઈ શકે છે કે, આ દુનિયામાં પણ તેમને દારુસ્સલામનો આનંદ આપવામાં આવે.

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, وَهُوَ وَلِيُّهُمْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ એટલે કે, "તેમના સદ્કાર્યોના કારણે અલ્લાહ તઆલા તેમનો સાર-સંભાળ લેનાર અને સંરક્ષક તથા મદદગાર બની જાય છે. તેમની બધી મુશ્કેલીઓ સરળ થઈ જાય છે."

ત્રીજી આયતમાં "મેદાને હશ્ર"માં બધા જ જિન્નાતો અને મનુષ્યોને ભેગા કર્યા પછી બંને સમૂહો સાથેના એક સવાલ અને જવાબનું વર્ણન છે કે, અલ્લાહ તઆલા શયતાન જિન્નાતોથી સંબોધન કરીને તેમના અપરાધની જાહેરાત આ રીતે કરશે કે, "તમે મનુષ્યોને ગુમરાહ કરવામાં મોટો ભાગ ભજવ્યો છે." તેના જવાબમાં જિન્નાતો શું કહેશે ? કુર્આને તેનું વર્ણન નથી કર્યું. દેખીતું એ જ છે કે, સર્વજ્ઞ અને સઘળું જાણનાર અલ્લાહ જલ્લ શા'નુહૂ સામે સ્વીકાર કર્યા સિવાય શું કરી શકે છે ? પરંતુ તેમના સ્વીકારનું વર્ણન ન કરવામાં ઈશારો એ છે કે, આ સવાલ ઉપર તેઓ એવા સ્તબ્ધ થઈ જશે કે, જવાબ માટે જીભ જ નહીં ઉપાડી શકે. *(રૂહુલ મઆની)*

ત્યારબાદ મનુષ્યમાંના શયતાનો એટલે કે, તે લોકો જેઓ દુનિયામાં શયતાનોના તાબે રહ્યા, પોતે પણ ગુમરાહ થયા અને અન્યોને પણ માર્ગ ભટકાવવાનું કારણ બનતા રહ્યા, તે લોકો તરફથી અહકમુલ હાકિમીનની બારગાહમાં એક જવાબ વર્ણન કરવામાં આવ્યો છે. જો કે, સવાલ મનુષ્યોમાંના શયતાનોને પૂછવામાં નથી આવ્યો પરંતુ સ્વાભાવિક રીતે તેઓને પણ આ સંબોધન લાગુ પડતું હતું. કારણ કે, તેમણે પણ ગુમરાહી ફેલાવવાનું તે જ કામ કર્યું હતું જે કામ શયતાન જિન્નાતો કર્યા કરતા હતા. આ સ્વાભાવિક સંબોધનના

કારણે તે લોકોએ જવાબ આપ્યો, પરંતુ દેખીતું એ છે કે, પોતે મનુષ્યરૂપી શયતાનોને પણ સવાલ થશે જેનું વર્ણન વિગતવાર જો કે, અત્રે નથી પરંતુ સૂરએ યાસીનની આ આયતમાં ઉપસ્થિત છે. اَلَمْ اَعْهَدْ اِلَيْكُمْ يٰبَنِىْٓ اٰدَمَ اَنْ لَّا تَعْبُدُوا الشَّيْطٰنَ (૩૬:૬૦) એટલે કે, "હે આદમની અવલાદ ! શું અમે તમને રસૂલોના માધ્યમથી એવું કહ્યું ન હતું કે શયતાનોનું અનુસરણ કરશો નહીં ?"

જેનાથી જાણ થઈ કે, મનુષ્યરૂપી શયતાનોને પણ આ સ્થળે સવાલ થશે અને જવાબમાં તેઓ સ્વીકાર કરશે કે, નિઃશંક ! અમારાથી આ અપરાધ થયો છે કે, અમે શયતાનોની વાતો માની અને એવું કહેશે કે, નિઃશંક ! શયતાન જિન્નાતોએ અમારી સાથે અને અમે તેમની સાથે મિત્રતાપૂર્ણ સંબંધ રાખીને એકબીજાથી લાભ પ્રાપ્ત કર્યો. મનુષ્યરૂપી શયતાનોએ તો તેનો એ લાભ પ્રાપ્ત કર્યો કે, દુનિયાના આનંદ-પ્રમોદ પ્રાપ્ત કરવાના માર્ગો શીખ્યા અને ક્યાંક-ક્યાંક શયતાન જિન્નાતોના નામે અથવા અન્ય પદ્ધતિથી તેમની મદદ પણ પ્રાપ્ત કરી. જેમકે, મૂર્તિપૂજક હિન્દુઓમાં બલકે ઘણા જાહિલ મુસલમાનોમાં પણ એવી રીત પ્રખ્યાત છે જેના દ્વારા શયતાનો અને જિન્નાતો પાસે અમુક કાર્યોમાં મદદ લેવામાં આવે છે અને શયતાન જિન્નાતોએ મનુષ્યો પાસેથી એ લાભ પ્રાપ્ત કર્યો કે, તેમની વાત માનવામાં આવી અને તેઓ મનુષ્યને પોતાના તાબે'દાર બનાવવામાં સફળ થયા. એટલે સુધી કે, તેઓ મૌત અને આખિરતને ભૂલાવી બેઠા, હવે તે સમયે તે લોકોનો સ્વીકાર શું કામનો જ્યારે કે મૌત અને આખિરતને તેઓ શયતાનોના બહેકાવવાથી ભૂલાવી બેઠા હતા ? હવે તે બધી વસ્તુઓ નજર સમક્ષ આવી ગઈ. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે, اَلنَّارُ مَثْوٰىكُمْ خٰلِدِيْنَ فِيْهَآ اِلَّا مَا شَآءَ اللّٰهُ ؕ اِنَّ رَبَّكَ حَكِيْمٌ عَلِيْمٌ એટલે કે, "તમારા બંને સમૂહોના પાપની સજા એ છે કે, તમારું ઠેકાણું આગ છે, જેમાં હંમેશા રહેશો પરંતુ એ કે, અલ્લાહ તઆલા જ તેમાંથી કાઢવા ઈચ્છે." પરંતુ બધી જ નુસૂસમાં કુર્આન સાક્ષી છે કે, અલ્લાહ તઆલા પણ એવું નહીં ઈચ્છે એટલા માટે તેઓને તેમાં હંમેશા રહેવું પડશે.

આયતો : (સુરએ અન્આમ : આયત નં. ૧૨૯ થી ૧૩૨)

وَكَذٰلِكَ نُوَلِّيْ بَعْضَ الظّٰلِمِيْنَ بَعْضًا بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ﴿١٢٩﴾ يٰمَعْشَرَ الْجِنِّ وَالْاِنْسِ
اَلَمْ يَاْتِكُمْ رُسُلٌ مِّنْكُمْ يَقُصُّوْنَ عَلَيْكُمْ اٰيٰتِيْ وَيُنْذِرُوْنَكُمْ لِقَآءَ يَوْمِكُمْ هٰذَا ؕ
قَالُوْا شَهِدْنَا عَلٰٓى اَنْفُسِنَا وَغَرَّتْهُمُ الْحَيٰوةُ الدُّنْيَا وَشَهِدُوْا عَلٰٓى اَنْفُسِهِمْ اَنَّهُمْ كَانُوْا
كٰفِرِيْنَ ﴿١٣٠﴾ ذٰلِكَ اَنْ لَّمْ يَكُنْ رَّبُّكَ مُهْلِكَ الْقُرٰى بِظُلْمٍ وَّاَهْلُهَا غٰفِلُوْنَ ﴿١٣١﴾
وَلِكُلٍّ دَرَجٰتٌ مِّمَّا عَمِلُوْا ؕ وَمَا رَبُّكَ بِغَافِلٍ عَمَّا يَعْمَلُوْنَ ﴿١٣٢﴾

તરજુમો :

અને એ જ પ્રમાણે અમે ગુનેહગારોને એકબીજા સાથે મેળવી દઈશું તેમના અમલોના કારણે. (૧૨૯) હે જિન્નાતોની અને માનવોની જમાઅત ! શું તમારી પાસે તમારામાંના જ રસૂલ પહોંચ્યા ન હતા કે તમને મારા હુકમ સંભળાવતા હતા અને તમને આ દિવસે રજૂ થવાથી ડરાવતા હતા ? કહેશે કે અમે પોતાના ગુનાહોનો એકરાર કરી લીધો અને તેમને દુનિયાની જિંદગીએ ધોકો આપ્યો અને પોતાના ઉપર એ વાતના ગવાહ થઈ ગયા કે તેઓ કાફિર હતા. (૧૩૦) આ એટલા માટે કે તમારો પરવરદિગાર વસ્તીઓને તેમના જુલમ ઉપર હલાક કરનારો નથી અને (એ સ્થિતિમાં કે) ત્યાંના લોકો બેખબર હોય. (૧૩૧) અને દરેકના માટે તેમના અમલના દરજ્જાઓ (કક્ષાઓ) છે અને તમારો પરવરદિગાર તેમના અમલથી બેખબર નથી. (૧૩૨)

તફસીર :

અને (જે પ્રમાણે દુનિયાની ગુમરાહીના અનુસંધાને દરેકમાં પરસ્પર સંબંધ અને નિકટતા હતી) એ જ પ્રમાણે (દોઝખમાં) અમુક કાફિરોને અમુકના નિકટ (ભેગા) રાખીશું તેમના (કુફ્રિયહ) આચરણોના કારણે (આ પ્રસ્તુત સંબોધન તો જિન્નાતો અને મનુષ્યોને તેમની પરિસ્થિતિઓના સંદર્ભમાં હતું. આગળ દરેકને પોતાની ખાસ હાલતના અનુસંધાને સંબોધન છે કે) હે જિન્નાતો અને મનુષ્યોના સમૂહ (હા ! એ તો બતાવો કે જે તમે કુફ્ર અને ઈન્કાર કરતા રહ્યા

તો) શું તમારી પાસે તમારામાંથી પયગમ્બરો આવ્યા ન હતા ? જે તમને મારા હુકમો (અકીદાઓ અને આચરણો વિશે) વર્ણન કર્યા કરતા હતા અને તમને તે આજના દિવસની (એટલે કે તેના આવવાની) ખબર આપ્યા કરતા હતા (પછી શું કારણ હતું કે તમે કુફ્ર અને ઈન્કારથી અટક્યા નહીં ?) તે સૌ વિનંતી કરશે કે, અમે બધા પોતે (ગુનાહનો) સ્વીકાર કરીએ છીએ (અમારી પાસે કોઈ કારણ અને બહાનું નથી. આગળ અલ્લાહ તઆલા તેમને આ મુસીબત આવવાનું કારણ બતાવે છે) અને તેમને (અહીંયાં) દુનિયાની જિંદગીએ ભૂલમાં નાંખી રાખ્યા છે (કે દુનિયાના આનંદ-પ્રમોદને જીવનનો મહાન હેતુ અને ધ્યેય સમજી લીધો છે, આખિરતની બિલકુલ ફિકર જ નથી) અને (તેનું પરિણામ એ આવ્યું કે ત્યાં) એ લોકો સ્વીકાર કરશે કે તેઓ (એટલે કે અમે) કાફિર હતા (અને ભૂલમાં હતા પરંતુ ત્યાં સ્વીકાર કરવાથી શું થવાનું છે ? જો દુનિયામાં થોડી બેદરકારી દૂર કરે તો તે દિવસની ખરાબીઓનો શા માટે સામનો કરવો પડે ? આગળ ઉપર રસૂલો મોકલવાનું જે ઉપર વર્ણન હતું તેમાં પોતાની રહમતની જાહેરાત કરે છે કે) આ (રસૂલોને મોકલવું) એ કારણે છે કે તમારો પરવરદિગાર કોઈ વસ્તીવાળાઓનો (તેમના) કુફ્રના કારણે (દુનિયામાં) એવી હાલતમાં નાશ નથી કરતો કે તે વસ્તીમાં રહેનારા (અલ્લાહના હુકમોથી રસૂલો ન આવવાના કારણે) બેખબર હોય (બસ આખિરતનો અઝાબ ઘણો કઠોર છે અને પહેલો સીધો જ અઝાબ નથી થતો એટલા માટે કે પહેલાં રસૂલોને મોકલવામાં આવે છે જેથી તે રસૂલોના માધ્યમથી તેમના ગુનાહોને જાણી લે, પછી જાણ્યા પછી ઈન્કારના કારણે તેઓ અઝાબના હકદાર બની જાય છે એટલા માટે આગળ ફરમાવવામાં આવે છે) અને (જ્યારે રસૂલો આવી ગયા અને તેમને જાણકારી આપવામાં આવી, હવે પછી તેઓ જે કંઈ કરશે) દરેકના માટે (એટલે કે, જિન્નાતો અને મનુષ્યો માટે સારા અને નરસાનો બદલો અને સજા તેમના) દરજ્જા (પ્રમાણે) મળશે તેમના આચરણોના કારણે; અને તમારો પરવરદિગાર તેમના અમલોથી બેખબર નથી.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં શબ્દ نُوَلِّي (નુવલ્લી)ના અરબી શબ્દકોષના આધારે બે અર્થો થઈ શકે છે. એક, "મેળવી દેવું અથવા નજીક-નજીક કરી દેવું" અને બીજું, "થોપી દેવું." તફસીરના ઈમામોએ સહાબા

(રદિ.) અને તાબિઈન (રહ.) દ્વારા નકલ થયેલ રિવાયતોમાં બંને પ્રકારની તફસીર થઈ હોવાનું વર્ણન કર્યું છે.

મહશરમાં લોકોના સમૂહો (વર્ગો) આચરણો અને કર્મોના આધારે હશે, દુનિયવી સંબંધોના આધારે નહીં :

હઝરત સઈદ બિન ઝુબૈર (રહ.) અને કતાદહ (રહ.) વગેરેએ પ્રથમ અનુવાદને અપનાવી આયતનો ભાવાર્થ એ ઠરાવ્યો છે કે, કયામતના દિવસે અલ્લાહ તઆલાના ત્યાં સામૂહિક એકતા એટલે કે, લોકોના જૂથો અને વર્ગો નસ્લ અથવા પ્રદેશ કે રંગ, ભાષા વગેરેના આધારે નહીં હોય, બલકે અખ્લાક, આચરણો અને કર્મોના આધારે હશે. અલ્લાહ તઆલાના ફરમાંબરદાર મુસલમાન જ્યાં કંઈ પણ હશે તેઓ મુસલમાનોના સાથી હશે અને નાફરમાન કાફિરો જ્યાં કંઈ પણ હશે તેઓ કાફિરોના સાથી હશે. ભલે, તેમના વંશ અથવા પેઢીમાં અથવા વતન અને ભાષામાં, એ જ રીતે રંગ અને સંસ્કૃતિમાં કેટલોય તફાવત અને વિરોધાભાસ કેમ ન હોય !

ત્યારબાદ મુસલમાનોમાં પણ નેક અને દીનદારો સાથે-સાથે હશે અને એ જ પ્રમાણે ગુનેહગાર દુરાચારીઓને સાથે-સાથે ભેગા કરી દેવામાં આવશે. "સૂરએ કુવ્વિરત"માં જે ઈરશાદ છે, وَاِذَا النُّفُوْسُ زُوِّجَتْ એટલે કે, "લોકોના જોડાંઓ અને સમૂહો બનાવી દેવામાં આવશે" તેનો એ જ ભાવાર્થ છે કે, આચરણ અને અખ્લાકના આધારે મહશરમાં વિવિધ વર્ગો અને સમૂહોમાં લોકોને વહેંચી દેવામાં આવશે.

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ આ આયતની તફસીરમાં ફરમાવ્યું કે, "એક પ્રકારના આચરણો નેક અથવા બુરા; બંનેને પોત-પોતાના વર્ગોમાં વહેંચી દેવામાં આવશે. નેક અને ભલા લોકો અન્ય નેક લોકોની સાથે જન્નતમાં અને દુરાચારીઓ બીજા દુષ્ટ લોકોની સાથે જહન્નમમાં પહોંચાડી દેવામાં આવશે" અને આ વિષયના વિસ્તૃતિકરણ માટે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ કુર્આને કરીમની આયત اُحْشُرُوا الَّذِيْنَ ظَلَمُوْا وَاَزْوَاجَهُمْ (૩૭ : ૨૨)થી દલીલ કરી, જેનો વિષય એ જ છે કે કયામતના દિવસે હુકમ થશે કે, "જાલિમો અને તેમના જેવા દુષ્ટ દુરાચારીઓને જહન્નમમાં લઈ જાઓ."

આયતના વિષયનો ખુલાસો એ છે કે, અલ્લાહ તઆલા અમુક જાલિમોને બીજા જાલિમો સાથે મેળવી એક સમૂહ બનાવી આપશે, ભલે વંશ અથવા પ્રદેશના આધારે તેમનામાં કેટલીય દૂરી અને ભિન્નતા હોય.

અને એક બીજી આયતમાં એ વાત પણ સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં આવી છે કે, મહશરમાં આ દુનિયવી અને રીત-રિવાજ પ્રમાણેની એકતા જે આજે લોકોમાં વંશ, પ્રદેશ, વતન, રંગ, ભાષા વગેરેના આધારો ઉપર કાયમ છે, આ બધી એકતાઓનો ભંગ કરવામાં આવશે. تَقُوْمُ السَّاعَةُ يَوْمَئِذٍ يَّتَفَرَّقُوْنَ (૩૦:૧૪) એટલે કે, "જ્યારે કયામત કાયમ થશે તો જે લોકો પરસ્પર એક અને ભેગા હતા તેઓ અલગ-અલગ થઈ વિખરાઈ જશે."

દુનિયામાં પણ આચરણ અને અખ્લાકની સામૂહિક વ્યવહારો ઉપર અસર થાય છે :

આ હાલની સગાઈઓ, સંબંધો તથા રિવાજ સ્વરૂપે બનાવવામાં આવતા સંગઠનોનું ભંગ થઈ જવું કયામતના દિવસે સ્પષ્ટ અને સંપૂર્ણ રીતે પ્રત્યક્ષ સ્વરૂપે દષ્ટિ સમક્ષ આવી જશે, પરંતુ દુનિયામાં પણ તેની એક સામાન્ય ઝલક અને નમૂનો દરેક સ્થળે જોવા મળે છે કે, નેક અને ભલા માણસની દોસ્તી નેક અને ભલા માણસો સાથે જ હોય છે. તેમના જ સમૂહ અને સોસાયટીથી તે સંલગ્ન હોય છે અને આ પ્રમાણે ભલાઈના કાર્યોમાં તેના માટે માર્ગો ખુલતા નજરે પડે છે અને તેના ઈરાદાઓ મજબૂત થતા જાય છે. એ જ પ્રમાણે દુષ્ટ અને દુરાચારીઓને પોતાના જેવા જ દુષ્ટ લોકો સાથે સંબંધ અને મહોબ્બત હોય છે, તેઓ એમનામાં જ ઊઠે-બેસે છે અને તેમની મિત્રતાથી તેમની દુષ્ટતા અને નિર્લજ્જતામાં રોજ નવો-નવો વધારો થતો રહે છે અને નેકીના માર્ગ તેમની સામે બંધ થઈ જાય છે. આ તેમના બુરા આચાર અને વિચારની રોકડ સજા એ રીતે દુનિયામાં જ મળે છે.

ખુલાસો એ છે કે, નેક અને ખરાબ કૃત્યોની એક સજા અને બદલો તો આખિરતમાં મળશે અને એક બદલો અને સજા આ દુનિયામાં રોકડ સ્વરૂપે એ રીતે મળી જાય છે કે, ભલા માણસના મિત્રો પણ ભલા અને પ્રામાણિક હોય છે, તે તેના કાર્યને ચાર ચાંદ લગાવી આપે છે અને દુષ્ટ તથા અપ્રામાણિક તથા દુરાચારી વ્યક્તિને મિત્રો અને ઊઠક-બેઠકવાળાઓ પણ તેના જેવા જ મળે છે જે તેને હજુ વધારે ઊંડા ખાડામાં ધકેલી આપે છે.

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા જ્યારે કોઈ બાદશાહ અથવા શાસનકર્તાથી રાજી થાય છે તો તેને સારા પ્રધાનો અને સારા અધિકારીઓ આપે છે, જેનાથી તેના શાસનનો બધો જ કારોબાર વ્યવસ્થિત ચાલે છે અને વિકાસ પામતો જાય છે અને જ્યારે કોઈનાથી અલ્લાહ તઆલા નારાજ થાય છે તો તેના વહીવટદારો અને મિત્રો દુષ્ટ લોકો મળે છે, દુષ્ટ ઑફિસરોથી વાસ્તો પડે છે, તે જો કોઈ સારું કાર્ય કરવાનો ઈરાદો પણ કરે છે તો તેના ઉપર તેનો કાબૂ નથી હોતો.

એક જાલિમ (અત્યાચારી)ને બીજા જાલિમના હાથે સજા મળે છે :

પ્રસ્તુત આયતનો આ અર્થ તરજુમાના આધારે છે અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.), અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર (રદિ.), ઈબ્ને ઝૈદ (રદિ.), માલિક બિન દીનાર (રહ.) વગેરેથી આ આયતની તફસીર બીજા અનુવાદના આધારે નકલ થઈ છે કે, અલ્લાહ તઆલા અમુક જાલિમોને બીજા જાલિમો ઉપર થોપી દે છે અને એ જ પ્રમાણે એક અત્યાચારીને બીજા અત્યાચારીના હાથે સજા અપાવે છે.

આ વિષય પણ પોતાની જગ્યાએ સાચો અને યોગ્ય છે તથા કુર્આન અને હદીષના બીજા ફરમાનો અનુસાર બરાબર છે. એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, كَمَا تَكُوْنُوْنَ كَذٰلِكَ يُؤَمَّرُ عَلَيْكُمْ એટલે કે, "જેવા તમે હશો તેવા જ શાસકો તમારા ઉપર થોપવામાં આવશે. તમે જાલિમ અને દુષ્ટ હશો તો તમારા શાસકો પણ જાલિમ અને દુષ્ટ જ હશે અને તમે સદાચાર અને નેક કૃત્યો કરનારા હશો તો અલ્લાહ તઆલા તમારા શાસકો ભલા અને દયાળુ હૃદયના તથા ન્યાયપ્રિય સ્વભાવ ધરાવતા લોકોને બનાવી આપશે."

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, "જ્યારે અલ્લાહ તઆલા કોઈ કૌમનું ભલું ઈચ્છે છે તો તેના ઉપર સર્વશ્રેષ્ઠ શાસક અને વહીવટકર્તાઓ નીમી આપે છે અને જ્યારે કોઈ કૌમનું બુરું ઈચ્છે છે તો તેના ઉપર અત્યંત દુષ્ટ શાસકો અને રાજાઓને થોપી દે છે." *(તફસીરે બહરે મુહીત)*

તફસીરે રૂહુલ મઆનીમાં છે કે, ફુક્હાએ આ આયતથી એના ઉપર દલીલ કરી છે કે, જ્યારે રય્યત અને અવામ (સામાન્ય જનતા) અલ્લાહ

તઆલાથી મુખ ફેરવીને અત્યાચાર તથા બળજબરી કરવામાં સંડોવાઈ જાય છે તો અલ્લાહ તઆલા તેમના ઉપર જાલિમ શાસક થોપીને તેના હાથે તેમને સજા અપાવે છે.

અને ઈબ્ને કષીર (રહ.)એ અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)ની રિવાયતથી આપ ﷺનું આ ફરમાન નકલ કર્યું છે, مَنْ اَعَانَ ظَالِمًا سَلَّطَهُ اللّٰهُ عَلَيْهِ એટલે કે, "જે વ્યક્તિ કોઈ જાલિમના જુલમમાં તેની મદદ કરે છે તો અલ્લાહ તબારક વ તઆલા તે જ જાલિમને તેના સતાવવા માટે તેના ઉપર થોપી બેસાડે છે અને તેના હાથે જ તેને સજા અપાવે છે."

બીજી આયતમાં એક સવાલ અને જવાબનું વર્ણન છે, જે મહશરમાં જિન્નાતો અને મનુષ્યોને સંબોધન કરીને કરવામાં આવશે કે, તમે જે કુફ્ર અને અલ્લાહ તઆલાની નારફમાનીમાં સંડોવાયેલા હતા તેનું શું કારણ હતું ? શું તમારી પાસે અમારા રસૂલો નથી આવ્યા જે તમારી કૌમમાંથી હતા ? જે મારી આયતો તમને પઢી–પઢીને સંભળાવતા હતા તથા આજના દિવસની ઉપસ્થિતિ અને હિસાબથી ડરાવતા હતા ! તેના જવાબમાં તે બધાના તરફથી રસૂલો આવવાના તથા તેમની પાસેથી સચ્ચાઈનો સંદેશ સાંભળવાના અને તે છતાં કુફ્ર અને નાફરમાનીમાં સંડોવાયેલા રહેવાના સ્વીકારનું વર્ણન કરવામાં આવ્યું છે અને તેમના તરફથી કોઈ કારણ અને બહાનું તેમની આ દુષ્ટતાનું બાકી નહીં રહે બલકે, અલ્લાહે જ તેમને આ કારણ બતાવ્યું છે કે, وَغَرَّتْهُمُ الْحَيٰوةُ الدُّنْيَا એટલે કે, તે લોકોને દુનિયાની જિંદગી અને તેના આનંદ–પ્રમોદે અને લિજ્જતે ધોકામાં નાંખી દીધા કે, તેઓ તેને જ સર્વસ્વ સમજી બેઠા જે વાસ્તવમાં કશું જ ન હતું અને પરિણામ તથા આખિરતથી બેદરકાર થઈ ગયા. અકબર મર્હુમ ફરમાવે છે,

تھی فقط غفلت ہی غفلت، عیش کا دن کچھ نہ تھا

ہم اسے سب کچھ سمجھتے تھے وہ لیکن کچھ نہ تھا

થી ફકત ગફલત હી ગફલત, ઐશ (અય્યાશી) કા દિન કુછ ન થા;
હમ ઉસે સબ કુછ સમજતે થે વો લેકિન કુછ ન થા.

આ આયતમાં એક વાત તો એ જ ધ્યાન આપવા યોગ્ય છે કે, અન્ય અમુક આયતોમાં તો એ વર્ણન હતું કે, મુશ્રિકોને જ્યારે મહશરમાં તેમના કુફ્ર અને શિર્ક

વિશે સવાલ થશે તો પોતાના કુફ્ર અને શિર્કથી ઈન્કાર કરશે અને રબ્બુલ આલમીનના દરબારમાં કસમ ખાઈને એવું જૂઠું બોલશે કે, وَاللّٰهِ رَبِّنَا مَا كُنَّا مُشْرِكِيْنَ એટલે કે, "કસમ છે અમારા પરવરદિગાર અલ્લાહની ! અમે કદાપિ મુશ્રિક ન હતા" અને આ આયતથી તો જાણ થાય છે કે, તેઓ પોતાના કુફ્ર અને શિર્કથી પસ્તાવો કરી તેનો સ્વીકાર કરી લેશે અને બંને બાબતોમાં સ્વાભાવિક વિરોધાભાસ અને મતભેદ હોવાની જાણ થાય છે, પરંતુ બીજી આયતોમાં એનો ખુલાસો અને સ્પષ્ટતા એ પ્રમાણે ઉપસ્થિત છે કે, શરૂઆતમાં જ્યારે તેમને સવાલ થશે તો તેઓ ઈન્કાર કરશે પરંતુ તે વખતે અલ્લાહ તબારક વ તઆલા પોતાની સંપૂર્ણ કુદરત વડે તેમની જીભ બંધ કરી દેશે. હાથો, પગો અને શરીરના અન્ય અવયવોની ગવાહી લેશે, અલ્લાહની સંપૂર્ણ કુદરત તે અવયવોને બોલવાની શક્તિ અર્પણ કરશે અને તે સ્પષ્ટ રીતે ખુલ્લમ-ખુલ્લું તેના આચરણોનું રહસ્ય વર્ણન કરી દેશે અને તે સમયે જિન્નાતો અને મનુષ્યોને એ જાણ થઈ જશે કે, અમારા હાથ, પગ, કાન અને જીભ બધું જ કુદરતના કારખાનામાં ગુપ્ત ખબરીઓ હતા જેમણે સમગ્ર ઘટનાઓ અને પરિસ્થિતિઓની સાચી અને ખરી ગવાહી આપી દીધી, જેથી હવે તેનો ઈન્કાર કરવાની તેમની પાસે કોઈ સંભાવના બાકી રહેશે નહીં. આથી તે સમયે આ બધા લોકો સ્પષ્ટ રીતે ખુલ્લમ-ખુલ્લો પોતાના ગુનાહનો સ્વીકાર કરી લેશે.

શું જિન્નાતોમાં પણ રસૂલો હોય છે ?

બીજી બાબત આ સ્થળે ધ્યાન ખેંચે છે કે, આ આયતમાં અલ્લાહ તઆલાએ જિન્નાતો અને મનુષ્યો બંને વર્ગોને સંબોધન કરીને ફરમાવ્યું છે કે, "શું અમારા રસૂલો તમારી પાસે નથી પહોંચ્યા જેઓ તમારી કૌમમાંથી હતા ?" તેનાથી એ જાહેર થાય છે કે, જે પ્રમાણે મનુષ્યોના રસૂલ માણસો અને મનુષ્યોમાંથી જ મોકલવામાં આવે છે એ જ પ્રમાણે જિન્નાતોના રસૂલો જિન્નાતની કૌમમાંથી મોકલવામાં આવ્યા છે.

આ મસ્અલામાં વિવરણકાર વિદ્વાનો (ઉલમાએ તફસીર) અને હદીષના નિવેદનો વિવિધ પ્રકારના છે. અમુકનું કહેવું એવું છે કે, રસૂલ અને નબી ફક્ત માનવોમાંથી જ થયા, જિન્નાતની કૌમમાંથી કોઈ વ્યક્તિ પ્રત્યક્ષ સ્વરૂપે રસૂલ

થયા નથી. બલકે, એવું થયું છે કે મનુષ્ય સ્વરૂપી રસૂલ અને પયગમ્બરનું કલામ પોતાની કૌમમાં પહોંચાડવા માટે જિન્નાતની કૌમમાંથી અમુક લોકો થયા છે, જેઓ વાસ્તવમાં રસૂલોના સંદેશાવાહક અને ખબરી હતા પરંતુ અરબી ભાષાના શબ્દકોષના અર્થ આધારે તેમને પણ રસૂલ કહી દેવામાં આવે છે. આ લોકોની દલીલ કુર્આન મજીદની તે આયતોથી છે જેમાં જિન્નાતના એવા નિવેદનો પ્રસ્તુત છે કે, તેમણે નબીનું કલામ અથવા કુર્આન સાંભળી પોતાની કૌમને પહોંચાડ્યું. દાખલા તરીકે, وَلَّوۡا اِلٰى قَوۡمِهِمۡ مُّنۡذِرِيۡنَ (૪૬ : ૨૯) "અને તેઓ પોતાની કોમને ડરાવવા (ચેતવણી આપવા) પાછા ફર્યા" અને સૂરએ જિન્નની આયત قَالُوۡۤا اِنَّا سَمِعۡنَا قُرۡاٰنًا عَجَبًا يَّهۡدِىۡۤ اِلَى الرُّشۡدِ فَاٰمَنَّا بِهٖ (૭૨ : ૧) "તેઓએ કહ્યું, ખરેખર અમે આશ્ચર્યચકિત્ કરી મૂકે એવું કૃર્આન સાંભળ્યું જે સીધા માર્ગ તરફ દોરે છે, બસ એના જ ઉપર અમારું ઈમાન છે." વગેરે.

પરંતુ ઉલમાનો એક સમૂહ આ આયતના જાહેર અર્થના આધારે એવો અભિપ્રાય પણ ધરાવે છે કે, ખાતમુલ અંબિયા ﷺથી અગાઉ દરેક કોમના રસૂલો તેમની કૌમમાંથી થતા હતા. મનુષ્યોના વિવિધ વર્ગોમાં મનુષ્યોમાંથી રસૂલો આવતા હતા અને જિન્નાતોના વિવિધ વર્ગોમાં જિન્નાતોમાંથી જ રસૂલો થયા હતા. ખાતમુલ અંબિયા ﷺની એ વિશેષતા છે કે, આપ ﷺ સમગ્ર દુનિયાના મનુષ્યો અને જિન્નાતોના સંયુક્ત એકમાત્ર રસૂલ બનાવીને મોકલવામાં આવ્યા અને એ પણ કોઈ એક ખાસ સ્થળ કે કાળ માટે નહીં બલકે, કયામત સુધી પેદા થનાર સમગ્ર જિન્નાતો અને મનુષ્યો રસૂલે કરીમ ﷺની ઉમ્મત છે અને તેઓ જ સૌના રસૂલ અને પયગમ્બર છે.

હિન્દુઓના અવતારો પણ કદાચ જિન્નાતો હોઈ શકે છે, તેમનામાંથી કોઈ રસૂલ અથવા નબી હોવાની સંભાવના હોઈ શકે છે :

તફસીરના ઈમામોમાંથી કલબી (રહ.) અને મુજાહિદ (રહ.) વગેરેએ આ અભિપ્રાય અપનાવ્યો છે અને કાઝી ષનાઉલ્લાહ પાનીપતી (રહ.)એ તફસીરે મઝહરીમાં આ અભિપ્રાય અપનાવીને ફરમાવ્યું છે કે, આ આયતથી સાબિત થાય છે કે આદમ (અલૈ.) પહેલાં જિન્નાતોના રસૂલ જિન્નાતોની જ કૌમમાંથી થતા હતા અને જ્યારે કે એ સાબિત થઈ ચૂક્યું કે, પૃથ્વી ઉપર મનુષ્યના વસવાટ પહેલાં

હજારો વર્ષોથી જિન્નાતોનો નિવાસ હતો અને તેમના ઉપર પણ મનુષ્યોની જેમ જ શરીઅતના હુકમો લાગુ પડતા હતા તો બુદ્ધિ, તર્ક અને શરીઅતની દષ્ટિએ જરૂરી છે કે, તેમનામાં અલ્લાહના હુકમો પહોંચાડનાર રસૂલો અને પયગમ્બરો થયા હોવા જોઈએ.

હઝરત કાઝી ષનાઉલ્લાહ પાનીપતી (રહ.)એ ફરમાવ્યું કે, હિન્દુસ્તાનના હિન્દુઓ જે પોતાના વેદોના ઈતિહાસને હજારો વર્ષ પુરાણો બતાવે છે અને પોતે જેનું અનુસરણ કરે છે તે હસ્તીઓને તેઓ અવતાર કહે છે તે જ યુગના લોકોને બતાવે છે. એવું શક્ય છે કે તેઓ જિન્નાતના રસૂલો અથવા પયગમ્બરો હોય અને તેમની જ લાવેલી હિદાયતો અને માર્ગદર્શનોને કોઈ પુસ્તક સ્વરૂપે સંપાદિત કરી લેવામાં આવ્યું હોય. હિન્દુઓના અવતારોની જે તસવીરો અને મૂર્તિઓ મંદિરોમાં મૂકવામાં આવે છે તે પણ એ જ પ્રકારની હોય છે કે, કોઈના જાત-જાતના ચહેરા-મહોરા હોય છે તો કોઈના ઘણા બધા હાથ અને પગ હોય છે તો કોઈને હાથીની જેમ સૂંઢ હોય છે, જે સામાન્ય મનુષ્યોના ચહેરા-મહોરાથી બિલકુલ વિપરીત અને ભિન્ન પ્રકારના હોય છે અને જિન્નાતોનું આવી શકલમાં પરિવર્તિત થવું શક્ય છે. એટલા માટે એ બાબત અશક્ય નથી કે તેમના અવતારો જિન્નાતોની કૌમમાંથી પણ આવ્યા હોય અથવા તો રસૂલો કે તેમના નાયબો હોય અને તેમના પુસ્તકો પણ તેમના સંપાદિત કરેલા માર્ગદર્શનો હોય, પછી ધીરે ધીરે જેમ જેમ અન્ય પુસ્તકોમાં ફેરબદલી થતી ગઈ તેમાં પણ ફેરબદલ કરીને શિર્ક અને મૂર્તિપૂજા દાખલ કરવામાં આવી હોય.

અલબત્ત, હવે જો તે મૂળ પુસ્તક અથવા વેદો, ધર્મપુસ્તકો વગેરે તેમના સત્ય માર્ગદર્શનો સહિત ઉપસ્થિત પણ હોય તો પણ રસૂલે કરીમ ﷺના આગમન અને તેમની સર્વગ્રાહી સર્વસામાન્ય રિસાલત પછી તે બધું રદ અને અમલ કરવા અયોગ્ય થઈ ગયું અને વળી આ બાબતમાં તો ફેરફાર થયેલ આવા પુસ્તકો અંતે આપમેળે જ અમલ કરવા યોગ્ય ન હોવાનું સ્પષ્ટ અને દેખીતું છે.

ત્રીજી આયતમાં એ બતાવવામાં આવ્યું છે કે, મનુષ્યો અને જિન્નાતોમાં રસૂલ મોકલવા અલ્લાહ તઆલાના ન્યાય, ઈન્સાફ અને રહમતનો તકાદો છે કે, તે કોઈ કૌમ ઉપર એમ જ અઝાબ નથી મોકલતો જ્યાં સુધી કે તેમને પ્રથમ

અંબિયા (અલૈ.) દ્વારા જગાડવામાં ન આવે અને હિદાયતનો પ્રકાશ તેમના માટે મોકલવામાં ન આવે.

ચોથી આયતનો અર્થ સ્પષ્ટ છે કે, અલ્લાહ તઆલા સમીપ મનુષ્યો અને જિન્નાતોમાં દરેક વર્ગના લોકોના દરજ્જાઓ અને વિવિધ પ્રકારની કક્ષાઓ નક્કી છે અને આ દરજ્જાઓ તેમના આચરણો પ્રમાણે જ રાખવામાં આવ્યા છે. તેમાંથી દરેકનો સારો બદલો અથવા સજા તેમના આચરણના માપદંડ આધારે જ થશે.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૩૩ થી ૧૩૬)

وَرَبُّكَ الْغَنِيُّ ذُو الرَّحْمَةِ ۚ إِن يَشَأْ يُذْهِبْكُمْ وَيَسْتَخْلِفْ مِن بَعْدِكُم مَّا يَشَاءُ كَمَا
أَنشَأَكُم مِّن ذُرِّيَّةِ قَوْمٍ آخَرِينَ ﴿١٣٣﴾ إِنَّ مَا تُوعَدُونَ لَآتٍ ۖ وَمَا أَنتُم بِمُعْجِزِينَ ﴿١٣٤﴾
قُلْ يَا قَوْمِ اعْمَلُوا عَلَىٰ مَكَانَتِكُمْ إِنِّي عَامِلٌ ۖ فَسَوْفَ تَعْلَمُونَ مَن تَكُونُ لَهُ
عَاقِبَةُ الدَّارِ ۗ إِنَّهُ لَا يُفْلِحُ الظَّالِمُونَ ﴿١٣٥﴾ وَجَعَلُوا لِلَّهِ مِمَّا ذَرَأَ مِنَ الْحَرْثِ وَالْأَنْعَامِ
نَصِيبًا فَقَالُوا هَٰذَا لِلَّهِ بِزَعْمِهِمْ وَهَٰذَا لِشُرَكَائِنَا ۖ فَمَا كَانَ لِشُرَكَائِهِمْ فَلَا يَصِلُ
إِلَى اللَّهِ ۖ وَمَا كَانَ لِلَّهِ فَهُوَ يَصِلُ إِلَىٰ شُرَكَائِهِمْ ۗ سَاءَ مَا يَحْكُمُونَ ﴿١٣٦﴾

તરજુમો :

અને તમારો પરવરદિગાર બેપરવા છે, રહમતવાળો; જો ચાહે તો તમને લઈ જાય અને તમારી પાછળ જેને ઈચ્છે સ્થાપિત કરી દે, જેમકે તમને પેદા કર્યા બીજાઓની અવલાદથી; જે વસ્તુનો તમને વાયદો કરવામાં આવે છે તે અવશ્ય આવનારી છે અને તમે લાચાર નથી કરી શકતા. (૧૩૪) તમે કહી આપો ! હે લોકો ! તમે પોતાની જગ્યાએ કામ કરતા રહો, હું પણ કામ કરું છું; બસ, નિકટમાં જ તમે જાણી લેશો કે કોને આકિબતનું ઘર (Ultimate Abode) મળે છે ? નિ:શંક ! જાલિમોનું ભલું થશે નહીં. (૧૩૫) અને ઠરાવે છે અલ્લાહનો એક હિસ્સો તેની પેદા કરેલી ખેતી અને પશુઓમાં; પછી પોતાના ખયાલમાં કહે છે આ હિસ્સો અલ્લાહનો છે અને આ અમારા શરીકો

(મઅ્બૂદો)નો છે, બસ જે હિસ્સો તેમના શરીકોનો છે તે તો અલ્લાહ તરફ પહોંચતો નથી અને જે અલ્લાહનો છે તે તેમના શરીકો તરફ પહોંચી જાય છે, કેટલો ખરાબ ઈન્સાફ કરે છે? (૧૩૬)

તફસીર :

અને તમારો પરવરદિગાર (રસૂલોને કંઈ એટલા માટે નથી મોકલતો કે નઊઝુબિલ્લાહ ! તે ઈબાદતનો મોહતાજ છે, તે તો) બિલકુલ ગની (બેપરવા) છે (બલકે એટલા માટે મોકલે છે કે તે) રહમતવાળો (પણ) છે (પોતાની કૃપાથી રસૂલોને મોકલ્યા, જેથી તેમના દ્વારા લોકોને લાભ અને નુકસાન આપનારી વસ્તુની જાણકારી આપે, પછી લાભની બાબતોથી લાભ ઉઠાવે અને નુકસાનોથી સુરક્ષિત રહે, બસ તેમાં બંદાઓનો જ ફાયદો છે બાકી તેની બેનિયાઝી તો એવી છે કે) જો તે ઈચ્છે તો તમને સૌને (દુનિયાથી અચાનક) ઉઠાવી લે અને તમારા પછી જે (મખ્લૂક)ને ઈચ્છે તમારી જગ્યાએ (દુનિયામાં) વસાવી દે, જેમકે (તેનું ઉદાહરણ પ્રથમથી જ ઉપસ્થિત છે કે) તમને (જે તમે અત્યારે મોજૂદ છો) એક અન્ય કોમના વંશથી પેદા કર્યા છે (કે તેમનું ક્યાંય ઠેકાણું નથી અને તમે તેમની જગ્યાએ ઉપસ્થિત છો અને એ જ પ્રમાણે આ ક્રમ ચાલ્યો આવે છે પરંતુ આ ક્રમ સતત કાયમ જ છે. જો અમે ઈચ્છીએ તો તાત્કાલિક પણ આ પ્રમાણે કરી શકીએ છીએ, કારણ કે કોઈના હોવા અથવા ન હોવાથી અમારું કોઈ કામ અટકેલું નથી પડ્યું, બસ રસૂલો મોકલવા અમારી કૃપાના કારણે છે અને મારા લાભ માટે નથી, તે તમારા લાભ માટે છે. એટલા માટે તમારે તેમનું સમર્થન અને તેમનું અનુસરણ કરીને સફળતા પ્રાપ્ત કરવી જોઈએ તથા કુફ્ર અને ઈન્કારના નુકસાનથી બચવું જોઈએ, કારણ કે) જે વસ્તુનો (રસૂલોના માધ્યમ દ્વારા) તમને વાયદો કરવામાં આવે છે (એટલે કે કયામતનો અઝાબ) તે બેશક ! આવનારી વસ્તુ છે અને (જો સંભાવના હોય કે જો કયામત આવે અને અમે ક્યાંક ભાગી છૂટીશું, પકડાઈએ નહીં, જેમકે દુનિયાના શાસકોના અપરાધીઓ ક્યારેક એવું કરે છે તો સારી પેઠે જાણી લો કે) તમે (અલ્લાહ તઆલાને) લાચાર નથી કરી શકતા (કે તેના હાથમાં ન આવો અને સત્ય સ્થાપિત થઈ જવાની દલીલો હોવા છતાં કોઈને સત્ય છોડીને કુફ્રનો તરીકો જ સારો લાગે છે અને ઈસ્લામને બુરો સમજે છે તો કયામતની શું વાત કરવી ! એવા લોકોના જવાબમાં) તમે (અંતિમ વાત) એ કહી આપો કે, હે

મારી કોમ ! (તમે જાણો તો સારું છે નહિતર) તમે પોતાની હાલત ઉપર અમલ કરતા રહો, હું પણ (મારી પદ્ધતિથી) કાર્ય કરી રહ્યો છું; બસ, હવે જલદી જ તમને જાણ થઈ જશે કે આ દુનિયા(ના આચરણો) પરિણામે કોને લાભ આપે છે? (અમારા માટે કે તમારા માટે ? અને) એ નિશ્ચિત બાબત છે કે હક દબાવનારાઓને ક્યારેય સફળતા નહીં મળે (અને સૌથી વધીને બુરું કૃત્ય અલ્લાહનો હક દબાવવો છે અને આ બાબત સહીહ દલીલોમાં થોડો વિચાર કરવાથી જાણ થઈ શકે છે કે, ઈસ્લામ એ હક અદા કરવાનો તરીકો છે અને કુફ્ર એ હક દબાવવાનો તરીકો છે અને જો દલીલોમાં પણ ચિંતન ન કરે તો તેમને ફક્ત એટલું કહી આપો فَسَوْفَ تَعْلَمُوْنَ એટલે કે, ઘણા જ જલદી તમે તમારા દુષ્કૃત્યોનું ખરાબ પરિણામ જાણી લેશો) અને અલ્લાહ તઆલાએ જે ખેતી (વગેરે) અને ઢોર-ઢાંખર પેદા કર્યા છે તે (મુશ્રિક) લોકોએ તેમાંથી અમુક ભાગ અલ્લાહ(ના નામ)નો નક્કી કર્યો (અને અમુક મૂર્તિઓના નામનો નક્કી કર્યો, જ્યારે કે પેદા કરવામાં કોઈ ભાગીદાર નથી) અને પોતાના અનુમાનથી કહે છે કે આ તો અલ્લાહનો છે (જે મહેમાનો અને ફકીરો અને મુસાફરો વગેરે ઉપર ખર્ચ થાય છે) અને આ અમારા મઅ્બૂદોનો છે (જે ખાસ વિશેષ પ્રકારનો ખર્ચ છે), પછી જે વસ્તુ તેમના (જૂઠા) મઅ્બૂદો(ના નામ)ની હોય છે તે તો અલ્લાહ(ના નામના ભાગ) તરફ નથી પહોંચતી (બલકે, અચાનક ભેગી થઈ જવાથી પણ અલગ કાઢી લેવામાં આવે છે) અને જે વસ્તુ અલ્લાહ(ના નામ)ની હોય છે તે તેમના મઅ્બૂદો(ના નામના ભાગ) તરફ પહોંચી જાય છે, તેમણે કેટલો ખરાબ ફેંસલો કરી રાખ્યો છે ! (કારણ કે, પ્રથમ તો અલ્લાહે પેદા કરેલું અન્યોના નામ ઉપર કઈ રીતે જાય ? બીજું જેટલો અલ્લાહનો ભાગ કાઢયો છે તેમાંથી પણ ઓછું કરી નાંખે છે અને જો તેઓ આ વસ્તુઓની અલ્લાહને જરૂર છે એવું સમજીને ચઢાવો ચઢાવે છે તો હકીકી મઅ્બૂદને મોહતાજ અને લાચાર સમજવાથી મોટી મૂર્ખતા બીજી કઈ હોઈ શકે છે !?)

મસ્અલા અને બોધપાઠ :

આ અગાઉની આયતમાં ઉલ્લેખ હતો કે, અલ્લાહ જલ્લ શા'નુહૂનો હંમેશા એ નિયમ રહ્યો છે કે, જિન્નાત અને મનુષ્યની દરેક કૌમમાં પોતાના રસૂલો અને પોતાની હિદાયતો (માર્ગદર્શન) મોકલ્યા છે અને જ્યાં સુધી રસૂલો દ્વારા

તેમને સંપૂર્ણ જાણકારી અને ચેતવણી આપવામાં ન આવી ત્યાં સુધી તેમના કુફ્ર-શિર્ક અને ગુનાહો તથા નાફરમાની ઉપર તેમને ક્યારેય સજા આપી નથી.

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં એ બતાવવામાં આવ્યું છે કે, રસૂલો અને આસમાની કિતાબોના બધા જ ક્રમ કંઈ એટલા માટે ન હતા કે, રબ્બુલ આલમીનને આપણી ઈબાદત અને ફરમાંબરદારીની જરૂર હતી અથવા તેનું કોઈ કાર્ય આપણી ઈતાઅત અને ફરમાંબરદારી ઉપર અવલંબિત હતું. એવું નથી, બલકે તે તો બિલકુલ બેનિયાઝ અને ગની છે અને સંપૂર્ણ બેનિયાઝ તથા ગની હોવાની સાથે-સાથે તેની એક સિફત રહમત પણ છે, સમગ્ર દુનિયાને અસ્તિત્વમાં લાવીને તેને ટકાવી રાખવા અને તેના જાહેર અને ગુપ્ત, ઉપસ્થિત અને આવનાર, સમગ્ર આવશ્યકતાઓને વણમાગે પૂરી કરવાનું કારણ પણ રહમતની જ સિફત છે, નહિતર બીચારો મનુષ્ય પોતાની જરૂરિયાતોને પોતે પેદા કરવા સક્ષમ તો શું હોત તેને પોતાની સમગ્ર જરૂરિયાતો માંગવાની પદ્ધતિ પણ નથી આવડતી. ખાસ કરી જે નેઅ્મતો અસ્તિત્વમાં છે જે તેને અર્પણ કરવામાં આવી છે તે વણમાગે મળી હોવાથી બિલકુલ જ સ્પષ્ટ છે કે, કોઈ મનુષ્યએ ક્યાંય પોતાના પેદા થવાની દુઆ માંગી ન હતી, ન જ પોતાના અસ્તિત્વમાં આવતા પહેલાં એવી કોઈ દુઆ માંગવાની કલ્પના સુદ્ધાં કરી શકાય છે. એ જ પ્રમાણે મનુષ્યની પેદાઈશ જે અવયવો સાથે કરવામાં આવી છે આંખ, કાન, હાથ, પગ, દિલ, દિમાગ.... શું આ વસ્તુઓ કોઈ મનુષ્યએ માંગી હતી ? અથવા તો શું તેને માંગવાની સમજ કે રીત માનવીને આવડતી હતી ? કશું જ નહીં ! બલકે,

ما نبودیم وتقاضا ما نبود ؛ لطفِ تو نا گفتۂ ما می شنود

ન અમે અસ્તિત્વમાં આવ્યા હોત, ન અમારી માંગ હતી;
આ તો તારી મહેરબાની છે કે અમારી જરૂરિયાતો વિના માંગ્યે પૂરી થાય છે.

અલ્લાહ તઆલા સૌથી બેનિયાઝ છે, (જેને કોઈની અથવા કશાની આવશ્યકતા નથી) સૃષ્ટિનું સર્જન ફક્ત તેની રહમત (કૃપા)નું પરિણામ છે :

જો કે, આ આયતમાં رَبُّكَ الْغَنِيُّ ના શબ્દોથી અલ્લાહ રબ્બુલ ઈજ્જતની બેનિયાઝીનું વર્ણન કરવાની સાથે ذُو الرَّحْمَةِ નો વધારો કરીને એ બતાવવામાં

આવ્યું કે, અલ્લાહ રબ્બુલ ઈજ્જત જો કે, તમારા સૌથી બલકે, સમગ્ર સૃષ્ટિથી બિલકુલ ગની અને બેનિયાઝ (બેપરવા) છે પરંતુ બેનિયાઝીની સાથે-સાથે તે રહમતવાળો દયાવાન પણ છે.

કોઈ મનુષ્યને અલ્લાહે "બેનિયાઝ" (કોઈ બાબતની પરવા ન હોય એવો) નથી બનાવ્યો, તેમાં ઘણી મોટી હિકમત છે. મનુષ્ય બેનિયાઝ થઈ જાય તો અત્યાચાર કરે :

આ બેનિયાઝી માત્ર તે જ પાક પવિત્ર જાતની વિશેષતા છે, નહિતર મનુષ્યની ટેવ એ હોય છે કે, જો તે અન્યોથી બેનિયાઝ અને ગની થઈ જાય તો તેને બીજાના નફા-નુકસાન, રંજ અને રાહતની કોઈ પરવા નથી રહેતી બલકે, એ જ પરિસ્થિતિમાં તે બીજાઓ ઉપર જોર-જુલમ કરવા માટે તૈયાર થઈ જાય છે. કુર્આને કરીમની એક આયતમાં ઈરશાદ છે, اِنَّ الْاِنْسَانَ لَيَطْغٰى اَنْ رَّاٰهُ اسْتَغْنٰى (૯૬ : ૬) એટલે કે, મનુષ્ય જ્યારે પોતાને બેનિયાઝ અને ગની હોવાનું ભાળે છે ત્યારે તે બળવાખોરી અને શરારત કરવા ઉપર આવી જાય છે. એટલા માટે અલ્લાહ જલ્લ શા'નુહૂએ મનુષ્યને એવી જરૂરિયાતોમાં જકડી લીધો છે, જે અન્યોની મદદ વિના પૂરી જ નથી થઈ શકતી. મોટામાં મોટો બાદશાહ અને સત્તાધિકારી નોકર-ચાકર અને કર્મચારીઓનો મોહતાજ હોય છે, મોટામાં મોટો માલદાર કે મીલ માલિક મજૂરોનો મોહતાજ હોય છે. સવારમાં જે પ્રમાણે એક મજૂર અથવા રીક્ષા ચલાવનાર અમુક પૈસા પ્રાપ્ત કરીને મોહતાજી દૂર કરવા માટે રોજી-રોટીની શોધખોળમાં નીકળે છે, ઠીક એ જ પ્રમાણે માલદાર જેને મોટો રઈસ સમજવામાં આવે છે તે મજૂરો, રીક્ષા કે ગાડી-સવારીની શોધખોળમાં નીકળે છે. કુદરતે બધાને મોહતાજીની એક સાંકળમાં જકડી દીધા છે, દરેક એકબીજાનો મોહતાજ છે. કોઈનું કોઈના ઉપર અહેસાન નથી અને જો આવું ન હોત તો ન કોઈ માલદાર કોઈને એક પૈસો આપતો હોત અને ન જ કોઈ મજૂર કોઈનો નાનો સરખો ભાર વહન કરતો હોત. એ તો ફક્ત અલ્લાહ જલ્લ શા'નુહૂની સંપૂર્ણ સિફત છે કે, સંપૂર્ણ બેનિયાઝી અને ગની હોવા છતાં તેની રહમત અને કૃપા સર્વત્ર છવાયેલ છે. આ સ્થળે ذُوالرَّحْمَةُ (ઝુર્રહ્મતુ)ના બદલે رَحْمٰنٌ (રહમાન) અથવા رَحِيْمٌ (રહીમ)નો શબ્દ લાવી શકાયો હોત તો પણ વિષયનો હેતુ પૂર્ણ થયો હોત, પરંતુ ગની હોવાની સાથે-સાથે રહમતની સિફત

જોડીને ખાસ મહત્ત્વ જાહેર કરવા માટે વિષયને "ઝુર્રહ્મતુ" અપનાવીને રજૂ કરવામાં આવ્યો કે, તે ગની અને સંપૂર્ણ બેનિયાઝ હોવા છતાં તેની રહમતની સિફત સંપૂર્ણ રહે છે અને આ જ સિફત રસૂલો અને કિતાબો મોકલવાનું વાસ્તવિક કારણ છે.

ત્યારબાદ એ પણ બતાવી આપ્યું કે, જે પ્રમાણે તેની રહમત અને દયા સર્વસામાન્ય અને બધાના માટે છે, એ જ પ્રમાણે તેની કુદરત દરેક વસ્તુ અને દરેક કાર્ય ઉપર છવાયેલી છે. જો તે ઈચ્છે તો તમને બધાને પળવારમાં નષ્ટ કરી શકે છે અને સમગ્ર સૃષ્ટિનો નાશ કરી દેવાથી પણ તેના કુદરતના કારખાનામાં એક રતીભાર ફરક પડવાનો નથી. પછી જો તે ઈચ્છે તો અત્યારે અસ્તિત્વ ધરાવતી સમગ્ર સૃષ્ટિનો નાશ કરી તેના સ્થાને બીજી મખ્લૂક આ જ પ્રમાણે આવી જ શાનો-શૌકતથી પેદા કરીને ઊભી કરી દે, જેનું એક ઉદાહરણ મનુષ્યના દરેક યુગમાં તેમની દષ્ટિ સમક્ષ હોય છે કે, આજે જે કરોડો મનુષ્યો પૃથ્વીના ખૂણે-ખૂણા ઉપર વસવાટ કરી જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં વિવિધ કારોબાર ચલાવી રહ્યા છે, જો આજથી એકસો વર્ષ પહેલાંની કલ્પના કરી વિચાર કરવામાં આવે તો જાણ થશે કે, તે સમયે પણ આ દુનિયા આ જ પ્રમાણે આબાદ હતી અને બધા કામ ચાલી રહ્યા હતા, પરંતુ અત્યારે જે આ આબાદ કરનારા અને કામ ચલાવનારા ઉપસ્થિત છે તેમાંથી કોઈ જ હાજર ન હતું. એક બીજી કૌમ હતી જે આજે જમીન હેઠળ દટાયેલી છે અને જેમનું આજે નામોનિશાન નથી મળતું તથા આજની ઉપસ્થિત દુનિયા તે પ્રથમ કૌમની વંશ કે પેઢી સ્વરૂપે પેદા કરવામાં આવી છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે,

اِنْ يَّشَاْ يُذْهِبْكُمْ وَيَسْتَخْلِفْ مِنْۢ بَعْدِكُمْ مَّا يَشَآءُ كَمَآ اَنْشَاَكُمْ مِّنْ ذُرِّيَّةِ قَوْمٍ اٰخَرِيْنَ

એટલે કે, "જો અલ્લાહ તઆલા ઈચ્છે તો તમને બધાને લઈ જાય." અહીં "લઈ જવા"નો અર્થ "ફના કરવું અથવા નામો-નિશાન સુદ્ધાં મિટાવી દેવું" થાય છે અને એટલા માટે અહીંયાં નાશ કરવા અથવા મારી નાંખવાનું વર્ણન નથી. ફરમાવ્યું, બલકે "લઈ જવા"નો શબ્દ વાપરવામાં આવ્યો, જેમાં માત્ર ફના કરી નામો-નિશાન મિટાવી દેવા તરફ ઈશારો છે.

આ આયતમાં અલ્લાહ જલ્લ શા'નુહૂની બેનિયાઝી અને તેના ગની હોવાની સાથે-સાથે તેની રહમત અને દયાનું પણ વર્ણન છે અને ત્યારબાદ તે

સંપૂર્ણ કુદરતનો માલિક હોવાનું વર્ણન કરીને અમુક બીજી આયતોમાં નાફરમાનો અને હુકમ ન માનનારાઓને ચેતવણી આપવામાં આવી છે કે,

اِنَّ مَا تُوْعَدُوْنَ لَاٰتٍ وَّمَآ اَنْتُمْ بِمُعْجِزِيْنَ એટલે કે, "અલ્લાહ તઆલાએ તમને જે અઝાબથી ડરાવ્યા છે તે ચોક્કસ આવનારો છે અને તમે બધા મળીને પણ અલ્લાહના અઝાબને ટાળી શકતા નથી."

ત્રીજી આયતમાં ફરીવાર એ જ બેદરકારી અને ગફલતથી ચોંકાવવા માટે બીજી શૈલી અપનાવવામાં આવી. ઈરશાદ ફરમાવ્યો, قُلْ يٰقَوْمِ اعْمَلُوْا عَلٰى مَكَانَتِكُمْ اِنِّىْ عَامِلٌ ۚ فَسَوْفَ تَعْلَمُوْنَ مَنْ تَكُوْنُ لَهٗ عَاقِبَةُ الدَّارِ ؕ اِنَّهٗ لَا يُفْلِحُ الظّٰلِمُوْنَ જેમાં રસૂલે કરીમ ﷺને સંબોધન છે કે, તમે તે મક્કાના નિવાસીઓને કહી આપો કે, હે મારી કૌમ ! જો તમે મારી વાત નહીં માનો તો તમને અધિકાર છે કે ન માનો અને પોતાની હાલત ઉપર પોતાના અકીદહ અને માન્યતા પ્રમાણે અમલ કરતા રહો, હું પણ મારા અકીદહ પ્રમાણે અમલ કરતો રહીશ. મારું તેમાં કોઈ નુકસાન નથી પરંતુ ઘણા જ જલદી તમને જાણ થઈ જશે કે આખિરતના ઘરનો છુટકારો અને સફળતા કોને પ્રાપ્ત થઈ છે ! એ સારી રીતે સમજી લો કે, અત્યાચારી એટલે કે હક દબાવનાર ક્યારેય સફળતા પામતો નથી.

તફસીરના ઈમામ ઈબ્ને કષીર (રહ.)એ આ આયતની તફસીરમાં એ તરફ પણ ઈશારો ફરમાવ્યો કે, આ સ્થળે આ આયતમાં مَنْ تَكُوْنُ لَهٗ عَاقِبَةُ الدَّارِ ફરમાવ્યું છે عَاقِبَةُ الدَّارِ الْاٰخِرَةِ નથી કહ્યું, એનાથી જાણ થાય છે કે આખિરતના ઘરથી પહેલાં દુનિયાના ઘરમાં પણ પરિણામે સફળતા અને કામિયાબી અલ્લાહના નેક બંદાઓને જ પ્રાપ્ત થાય છે. જેમકે, રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ની હાલત એના ઉપર ગવાહ છે કે, થોડી જ મુદતમાં બધી જ શક્તિ અને સત્તાવાળા વિરોધીઓ તેમની સામે અપમાનિત થયા, તેમનો પ્રદેશ તેમના હાથે વિજયી થયો. પોતાના રિસાલતકાળમાં જ સમગ્ર અરબ ટાપુ રસૂલે કરીમ ﷺની સત્તા હેઠળ આવી ગયો. યમન અને બહરૈનથી લઈને સીરીયાની સીમા સુધી આપ ﷺની સત્તાની સ્થાપના થઈ ગઈ. ત્યારબાદ રસૂલે કરીમ ﷺના ખલીફાઓ અને સહાબએ કિરામ (રદિ.)ના હાથે લગભગ સમગ્ર દુનિયા ઈસ્લામના ઝંડા હેઠળ આવી ગઈ અને અલ્લાહ તઆલાનો આ વાયદો પૂર્ણ થયો كَتَبَ اللّٰهُ لَاَغْلِبَنَّ اَنَا وَرُسُلِىْ (૫૮ : ૨૧) એટલે કે, "અલ્લાહે લખી

આપ્યું છે કે, હું ગાલિબ (છવાય) થઈશ અને મારો રસૂલ વિજયી થશે" અને બીજી આયતમાં ઈરશાદ છે, اِنَّا لَنَنْصُرُ رُسُلَنَا وَالَّذِيْنَ اٰمَنُوْا فِى الْحَيٰوةِ الدُّنْيَا وَيَوْمَ يَقُوْمُ الْاَشْهَادُ (૪૦ : ૫૧) એટલે કે, "અમે પોતાના રસૂલોની મદદ કરીશું અને તે લોકોની જે ઈમાન લાવ્યા આ દુનિયામાં પણ અને તે દિવસે પણ જ્યારે કે, આચરણના હિસાબ ઉપર ગવાહી આપનારા ગવાહી માટે ઊભા થશે," એટલે કે કયામતના દિવસે.

ચોથી આયતમાં અરબના મુશ્રિકોની એક ખાસ ગુમરાહીયુક્ત ખોટી પ્રવૃત્તિ ઉપર ચેતવણી આપવામાં આવી છે કે, અરબોની ટેવ એ હતી કે ખેતી અને બગીચાઓમાંથી વળી વેપારમાંથી જે કંઈ ઉત્પાદન થતું હતું તેઓ તેમાંથી એક ભાગ અલ્લાહના માટે અને એક ભાગ પોતાની મૂર્તિઓ માટે કાઢતા હતા. અલ્લાહના નામનો ભાગ ગરીબો, ફકીરો અને મિસ્કીનો ઉપર ખર્ચ કરતા હતા અને મૂર્તિઓના નામ ઉપર કાઢેલો ભાગ મૂર્તિઘરોમાં પૂજારીઓ અને દેખરેખ રાખનારાઓ ઉપર ખર્ચ કર્યા કરતા હતા.

પ્રથમ તો એ જ અત્યાચાર કંઈ ઓછો ન હતો કે બધી વસ્તુઓને તો અલ્લાહ તઆલાએ પેદા કરી છે અને દરેક વસ્તુનું ઉત્પાદન તેણે અર્પણ કર્યું છે, પછી તેની આપેલી વસ્તુઓમાં મૂર્તિઓને ભાગીદાર કરવી અને તેનાથી વિશેષ અત્યાચાર એ હતો કે, જો ક્યારેક ઉત્પાદનમાં કંઈક કમી આવી જાય તો તે ઓછપને અલ્લાહ તઆલાના ભાગ ઉપર એવું કહીને નાંખી દેતા હતા કે, અલ્લાહ તઆલા તો ગની છે, તે અમારી વસ્તુઓનો મોહતાજ નથી અને મૂર્તિઓનો હિસ્સો પૂરેપૂરો કાઢતા હતા અને પોતે પોતાના ઉપયોગ માટેનો હિસ્સો પણ પૂરો કાઢતા અને ક્યારેક એવું થતું કે, મૂર્તિઓના ભાગમાંથી અથવા પોતાના ભાગમાંથી કોઈ વસ્તુ અલ્લાહના ભાગમાં આવી જાય તો હિસાબ પૂરો કરવા માટે તેઓ તેમાંથી પાછું કાઢી લેતા હતા અને જો ક્યારેક ઘટના એનાથી વિપરીત થઈ જાય કે, અલ્લાહના માલમાંથી કોઈ વસ્તુ પોતાના અથવા મૂર્તિઓના ભાગમાં ચાલી જાય તો તેને ત્યાં જ રહેવા દેતા હતા અને એવું કહેતા હતા કે, અલ્લાહ તઆલા તો ગની છે, તેના ભાગમાં કંઈ ઓછું થઈ જાય તો વાંધો નથી. કુર્આને કરીમે તેમની આ ગુમરાહી અને ખોટી નીતિ-રીતિનું વર્ણન કર્યું છે.

سَآءَ مَا يَحْكُمُوْنَ એટલે કે, આ લોકોનો આ ફેંસલો કેટલો ભૂંડો અને બુરો છે કે જેણે તેમને અને તેમની સમગ્ર વસ્તુઓને પેદા કરી, પ્રથમ તો તેની સાથે અન્યોને ભાગીદાર બનાવી દીધા અને પછી તેના ભાગમાંથી પણ બીજાઓ તરફ વિવિધ બહાનાઓ કાઢી તેમાંથી કાઢી લીધું.

કાફિરોને આપવામાં આવેલ આ ચેતવણીમાં મુસલમાનો માટે બોધપાઠ :

આ તો અરબના મુશ્રિકોને એક ગુમરાહી અને તેમની ખોટી નીતિ–રીતિ ઉપર ચેતવણી આપવામાં આવી છે, તેના અનુસંધાને મુસલમાનો માટે પણ તેમાં એક બોધપાઠ છુપાયેલો છે, અમુક લોકો અલ્લાહે આપેલ જીવન અને તેના બખ્શેલ અવયવો તથા સંપૂર્ણ શક્તિને વિવિધ વિભાગોમાં વહેંચે છે. ઉંમર અને સમયનો એક ભાગ તેની ઈબાદત માટે નક્કી કરે છે. જ્યારે કે, તેનો હક તો એ હતો કે, આખી જિંદગીનો સમય એક–એક પળ તેની ઈબાદત અને ફરમાંબરદારી માટે વક્ફ કરી દેવામાં આવે અને માનવ પ્રકૃતિની જરૂરિયાતો તથા મજબૂરીઓ માટે તેમાંથી એક સમય પોતાના માટે ફાળવી લે અને હક તો એ છે કે, ત્યારબાદ પણ તેના શુક્રિય્યહનો હક અદા ન થયો હોત, પરંતુ અહીંયાં તો આપણી હાલત એવી છે કે, દિવસ–રાતના ૨૪ કલાકોમાંથી આપણે જો કોઈ સમય અલ્લાહની ઈબાદત અને યાદ માટે નક્કી પણ કરી લઈએ છીએ તે પણ ત્યારે જ, જ્યારે કે કોઈ આવશ્યકતા ઊભી થાય છે. ન તો પોતાના કારોબારમાં તેનાથી કોઈ ખલેલ પડવો જોઈએ અને ન જ આરામના સમયમાં ! સમગ્ર ભાર તે સમય ઉપર પડવો જોઈએ જે નમાઝ, ઈબાદત અને તિલાવત માટે નક્કી કર્યો હતો. કોઈ કામ આવી પડે અથવા બીમારી, અથવા કોઈ જરૂરિયાત તો સૌ પ્રથમ તેનો પ્રભાવ તે સમય ઉપર પડે છે જે આપણે અલ્લાહના ઝિક્ર અને ઈબાદત માટે નક્કી કરી રાખ્યો હતો. આ કયા પ્રકારનો ફેંસલો છે અને કેટલી નાશુક્રી અને હક દબાવવાની વૃત્તિ છે ? અલ્લાહ તઆલા આપણને અને સમગ્ર મુસલમાનોને તેનાથી સુરક્ષિત રાખે. આમીન.

———————

———

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૩૭ થી ૧૪૦)

وَكَذٰلِكَ زَيَّنَ لِكَثِيْرٍ مِّنَ الْمُشْرِكِيْنَ قَتْلَ اَوْلَادِهِمْ شُرَكَاۤؤُهُمْ لِيُرْدُوْهُمْ وَلِيَلْبِسُوْا
عَلَيْهِمْ دِيْنَهُمْ ۭ وَلَوْ شَاۤءَ اللّٰهُ مَا فَعَلُوْهُ فَذَرْهُمْ وَمَا يَفْتَرُوْنَ ﴿۱۳۷﴾ وَقَالُوْا هٰذِهٖۤ اَنْعَامٌ
وَّحَرْثٌ حِجْرٌ ۖ لَّا يَطْعَمُهَاۤ اِلَّا مَنْ نَّشَاۤءُ بِزَعْمِهِمْ وَاَنْعَامٌ حُرِّمَتْ ظُهُوْرُهَا وَ
اَنْعَامٌ لَّا يَذْكُرُوْنَ اسْمَ اللّٰهِ عَلَيْهَا افْتِرَاۤءً عَلَيْهِ ۭ سَيَجْزِيْهِمْ بِمَا كَانُوْا يَفْتَرُوْنَ ﴿۱۳۸﴾
وَقَالُوْا مَا فِيْ بُطُوْنِ هٰذِهِ الْاَنْعَامِ خَالِصَةٌ لِّذُكُوْرِنَا وَمُحَرَّمٌ عَلٰۤى اَزْوَاجِنَا ۚ وَاِنْ يَّكُنْ
مَّيْتَةً فَهُمْ فِيْهِ شُرَكَاۤءُ ۭ سَيَجْزِيْهِمْ وَصْفَهُمْ ۭ اِنَّهٗ حَكِيْمٌ عَلِيْمٌ ﴿۱۳۹﴾ قَدْ خَسِرَ
الَّذِيْنَ قَتَلُوْۤا اَوْلَادَهُمْ سَفَهًۢا بِغَيْرِ عِلْمٍ وَّحَرَّمُوْا مَا رَزَقَهُمُ اللّٰهُ افْتِرَاۤءً عَلَى اللّٰهِ ۭ
قَدْ ضَلُّوْا وَمَا كَانُوْا مُهْتَدِيْنَ ﴿۱۴۰﴾ ۧ

તરજુમો :

અને એ જ પ્રમાણે ઘણા મુશ્રિકોની દષ્ટિમાં તેમના ભાગીદારો (જૂઠા મઅ્બૂદો)એ તેમની અવલાદનું વધ કરવું શણગારી દીધું જેથી તેમને હલાક કરે અને તેમના ઉપર તેમના ધર્મને શંકાસ્પદ બનાવી દે; અને અલ્લાહે ઈચ્છયું હોત તો તેઓ આવું કામ કરત નહીં, બસ છોડી દો; તેઓ જાણે અને તેમનું જૂઠ ! (૧૩૭) અને કહે છે કે આ પશુઓ અને ખેતી પ્રતિબંધિત છે, તેને કોઈ ન ખાય પરંતુ જેને અમે ઈચ્છીએ (બસ) તેમના ખ્યાલ પ્રમાણે, અને અમુક પશુઓની પીઠ ઉપર ચઢવું (સવારી કરવી) હરામ કર્યું, અને અમુક પશુઓના ઝબહના સમયે અલ્લાહનું નામ નથી લેતા અલ્લાહ ઉપર બોહતાન બાંધીને, નિકટમાં જ તે તેમના આ જૂઠની સજા આપશે. (૧૩૮) અને કહે છે, જે બચ્ચું તે પશુઓના પેટમાં છે તેને તો ખાસ અમારા પુરુષો જ ખાય અને તે અમારી સ્ત્રીઓ ઉપર હરામ છે, અને જે બચ્ચું મૃત હોય તો તેને ખાવામાં બધા સમાન છે, તે તેમને સજા આપશે તેમની તકરીરોની (વાતો બનાવવાની), તે હિકમતવાળો સર્વજ્ઞ છે. (૧૩૯) બેશક ! ખરાબ

થયા જેમણે પોતાની અવલાદને વિના સમજ્યે નાદાનીથી કતલ કરી અને તે રોજીને અલ્લાહ ઉપર બોહતાન બાંધીને હરામ ઠરાવી દીધી જે અલ્લાહે તેમને આપી, બેશક ! તેઓ ગુમરાહ થયા અને સીધા માર્ગ ઉપર ન આવ્યા.(૧૪૦)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછલી આયતોમાં મુશ્રિકોના ખોટા શિર્કિય્યહ અને કુફ્રિય્યહ અકીદાઓનું વર્ણન હતું. આ આયતોમાં તેમની ખોટી પ્રવૃત્તિઓ અને અજ્ઞાનતાપૂર્ણ કુરિવાજોનું વર્ણન છે, જે અજ્ઞાનતાપૂર્ણ કુરિવાજોનું વર્ણન આ આયતોમાં છે તે આ છે. પ્રથમ અનાજ અને ફળોમાંથી અમુક ભાગ અલ્લાહના નામ ઉપર કાઢે છે અને અમુક મૂર્તિઓ અને જિન્નાતોના નામ ઉપર કાઢે છે, ત્યારબાદ જો સંયોગવસાત્ અલ્લાહના ભાગમાંથી અમુક ભાગ મૂર્તિઓના ભાગમાં ભળી જાય છે તો તેને તેમાં જ ભળેલું રહેવા દે છે અને જો ઘટના એથી વિપરીત હોય તો તેમાંથી કાઢીને ફરી પાછું મૂર્તિઓના ભાગને પૂરો કરી આપે છે અને બહાનું એવું કાઢતા હતા કે, અલ્લાહ તઆલા તો ગની છે, તેનો હિસ્સો ઓછો થઈ જશે તો તેને કોઈ નુકસાન પહોંચવાનું નથી અને મૂર્તિઓ; તે (જૂઠા) મઅ્બૂદો તો મોહતાજ છે, તેમનો હિસ્સો ન ઘટવો જોઈએ. આ કુરિવાજોનું વર્ણન પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં આવી ચૂક્યું છે.

બીજો રિવાજ એ હતો કે, "બહીરહ" અને "સાઈબહ" જાનવરોને મૂર્તિઓના નામ ઉપર છોડતા હતા અને એવું કહેતા હતા કે, આ કામ અલ્લાહ તઆલાની ખુશી માટે છે, તેમાં પણ મૂર્તિઓનો ભાગ એ હતો કે આવું કરવામાં તેમની ઈબાદત હતી એવું સમજતા અને અલ્લાહનો હિસ્સો એ ગણતા કે આવું કરવાને અલ્લાહની ખુશી સમજતા હતા.

ત્રીજો કુરિવાજ પોતાની નારીજાતિના સંતાનોની હત્યા કરી નાંખતા હતા.

ચોથો કુરિવાજ અમુક ખેતરો મૂર્તિઓના નામ ઉપર વક્ફ કરી દેતા અને કહેતા હતા કે, તેનો વપરાશ ફક્ત પુરુષો માટે છે અને સ્ત્રીઓને તેમાંથી કંઈ આપવું ન આપવું અમારી મરજી ઉપર આધારિત છે, સ્ત્રીઓને માંગવાનો કોઈ હક નથી.

પાંચમો કુરિવાજ એ જ પ્રમાણે તે પશુઓ માટેનો હતો કે, અમુક પશુઓ પુરુષો માટે નક્કી ઠરાવી લેતા હતા.

છઠ્ઠો કુરિવાજ એ હતો કે, જે પશુઓને મૂર્તિઓના નામ ઉપર છોડી દેતા હતા તેમના ઉપર સવારી કરવાનું અથવા તો ભાર વહન કરવાનું હરામ સમજતા હતા.

સાતમો કુરિવાજ એ હતો કે, અમુક પશુઓને નક્કી કરી રાખ્યા હતા જેના ઉપર કોઈ પણ મોકાઓ ઉપર અલ્લાહનું નામ લેતા ન હતા, ન દૂધ કાઢવાના સમયે, ન ઝબહ કરવાના સમયે.

આઠમો કુરિવાજ એ હતો કે, જે પશુઓના નામ "બહીરહ" અથવા "સાઈબહ" રાખી મૂર્તિઓના નામ ઉપર છોડી દેતા હતા તેમને ઝબહ કરવાના સમયે જો પેટમાં બચ્ચું જીવતું નીકળે તો તેને પણ ઝબહ કરી નાંખતા પરંતુ તેને ફક્ત પુરુષો માટે હલાલ અને સ્ત્રીઓ માટે હરામ સમજતા હતા અને જો બચ્ચું મૃત્યુ પામેલું નીકળે તો તે બધાના માટે હલાલ સમજતા હતા.

નવમો કુરિવાજ એ હતો કે, અમુક પશુઓનું દૂધ પણ પુરુષો માટે હલાલ અને સ્ત્રીઓ માટે હરામ સમજતા હતા.

દશમો કુરિવાજ એ હતો કે બહીરહ, સાઈબહ, વસીલા અને હામી, આ ચાર પ્રકારના પશુઓનું સન્માન કરવાને ઈબાદત સમજતા હતા. (આ બધી રિવાયતો દુર્રે મન્સૂર અને રૂહુલ મઆનીમાં હઝરત ઈબ્ને અબ્બાસ, મુજાહિદ, ઈબ્ને ઝૈદ અને સુદીથી ઈબ્ને મંજરના હવાલાથી, ઈબ્ને અબી હાતિમ, ઈબ્ને અબી શીબા, ઈબ્ને હુમૈદથી નકલ થઈ છે.) *(બયાનુલ કુર્આનમાંથી)*

તફસીર :

અને આ પ્રમાણે ઘણા બધા મુશ્રિકોની માન્યતામાં તેમના મઅ્બૂદો (શયતાનો)એ પોતાના સંતાનોને વધ કરવાને સુશોભિત બનાવી રાખ્યું છે, (જેમકે અજ્ઞાનતાના કાળમાં છોકરીઓની હત્યા કરવાનો અથવા જીવતી જમીનમાં દાટી દેવાનો કુરિવાજ હતો) જેથી (અત્યંત દુષ્ટ પ્રવૃત્તિ કરાવી) તે (શયતાનો) તેઓ (મુશ્રિકો)ને (અઝાબના હકદાર બનાવી) બરબાદ કરે અને તેમની માન્યતાઓને શંકાસ્પદ બનાવી દે (કે હંમેશા ભૂલોમાં ફસાયેલા રહે અને આપ ﷺ તેમની આ

દુષ્ટ પ્રવૃત્તિઓથી દિલગીર ન થાઓ.... કારણ કે) જો અલ્લાહ તઆલાને (તેમનું ભલું) મંજૂર હોત તો તેઓ આ પ્રમાણેના કામ ન કરતા હોત તો તમે તેમને અને તેઓ જે કંઈ મનઘડત વાતો બનાવી રહ્યા છે (કે અમારી આ પ્રવૃત્તિ ઘણી સારી છે) એમ જ રહેવા દો (કંઈ ફિકર-ચિંતા ન કરો, અમે આપમેળે તેમની સાથે સમજી લઈશું) અને તે પોતાની (ખોટી) માન્યતાઓ ઉપર એવું પણ કહે છે કે આ (ખાસ પ્રકારના) જાનવરો છે અને (ખાસ પ્રકારના) ખેતરો છે જેનો ઉપયોગ દરેક વ્યક્તિ માટે જાઈઝ નથી અને તેને કોઈ ખાઈ નથી શકતું તેમના સિવાય કે જેને અમે ઈચ્છીએ (જેમકે, ઉપરોક્ત ચોથા અને પાંચમાં કુરિવાજમાં વર્ણન થયું છે) અને (એવું કહે છે કે આ ખાસ પ્રકારના) ઢોર-ઢાંખર છે જેમના ઉપર (સવારી અથવા ભાર વહન કરવું) હરામ કરવામાં આવ્યું છે, (જેમકે ઉપરોક્ત છઠ્ઠા કુરિવાજમાં વર્ણન થયું છે) અને (એવું કહે છે કે, આ ખાસ પ્રકારના) ઢોર-ઢાંખર છે જેના ઉપર (અલ્લાહનું નામ ન લેવું જોઈએ, એટલા માટે પોતાની માન્યતાના કારણે) આ લોકો અલ્લાહનું નામ નથી લેતા (જેમકે, ઉપરોક્ત સાતમાં નંબરના કુરિવાજમાં વર્ણન થયું છે અને આ બધી વાતો) ફક્ત અલ્લાહ ઉપર બોહતાન બાંધવાના સ્વરૂપે (કહે છે, બોહતાન અને આક્ષેપબાજી એટલા માટે છે કે તેઓ આ પ્રવૃત્તિઓને અલ્લાહની ખુશીનું કારણ સમજતા હતા) નિકટમાં જ અલ્લાહ તઆલા તેમને તેમની આક્ષેપબાજીની સજા આપશે (ઘણા જ જલદી એટલે કે કયામત આવનારી છે, તે બહુ દૂર નથી અને અમુક-અમુક સજા તો મૃત્યુ પામતાં જ શરૂ થઈ જશે) અને તેઓ (એવું પણ) કહે છે કે, જે વસ્તુઓ તેમના પશુઓના પેટમાં(થી નીકળે) છે (દાખલા તરીકે, દૂધ અથવા બચ્ચું વગેરે) અમારા પુરુષો માટે (હલાલ) છે અને અમારી સ્ત્રીઓ ઉપર હરામ છે અને જો તે પેટમાંથી નીકળેલ (બચ્ચું) મૃત હોય તો તે(ના જાઈઝ હોવા)માં (પુરુષ-સ્ત્રી) બધા સરખા છે (જેમકે, ઉપરોક્ત આઠમાં નંબરના કુરિવાજમાં વર્ણન થયું), નિકટમાં જ અલ્લાહ તઆલા તેમને તેમની (આ) ખોટી વાતો બનાવવા ઉપર સજા આપશે (વાતો બનાવવું એ જ છે જે ઉપરોક્ત પ્રમાણેની અલ્લાહ ઉપર જૂઠી આક્ષેપબાજીઓના સંદર્ભમાં વર્ણન થયું અને અત્યાર સુધી જે સજા નથી આપી તેનું કારણ એ છે કે) નિઃશંક ! તે હિકમતવાળો છે (અમુક હિકમતોના કારણે મહોલત આપી રાખી છે અને હમણાં સજા ન આપવાથી તેઓ કંઈ એવું ન સમજી

બેસે કે તેને ખબર નથી, કારણ કે) તે સઘળું જાણનારો છે (તેને બધી જ ખબર છે અને આગળ ઉપર ખુલાસા સ્વરૂપે તેનું પરિણામ જાહેર કરે છે કે) ખરેખર તે લોકો ખરાબીમાં પડ્યા જેઓ(એ આ ઉપરોક્ત પ્રવૃત્તિઓને પોતાનો તરીકો બનાવી લીધો કે) પોતાના સંતાનોને ફક્ત મૂર્ખામીથી કોઈ (યોગ્ય અથવા અયોગ્ય) કારણ વિના વધ કરી નાંખે અને જે (હલાલ) વસ્તુઓ તેમને અલ્લાહ તઆલાએ ખાવા-પીવા માટે આપી હતી તેને (માન્યતાથી અથવા આચરણ દ્વારા) હરામ કરી લે (જેમકે, ઉપર દશ પ્રકારના કુરિવાજો વર્ણન કરવામાં આવ્યા છે અને આ બધા જ કુરિવાજોનો હેતુ એક જ છે કે) ફક્ત અલ્લાહ ઉપર બોહતાન બાંધવા સ્વરૂપે (એવું કરે છે, જેમકે સંતાનોનો વધ કરવામાં يَفْتَرُوْنَ અને નેઅ્મતોને પોતાના ઉપર હરામ કરી લેવામાં આક્ષેપબાજીઓ; બંનેનું અલગ-અલગ વર્ણન થયું) બેશક ! આ લોકો ગુમરાહીમાં પડી ગયા અને (આ ગુમરાહી કોઈ નવી નથી બલકે, પ્રાચીન છે. કારણ કે પ્રથમ પણ) તેઓ સીધા માર્ગે ચાલનારા ન થયા (બસ, ضَلُّوْا માં તેમની માન્યતાનો ખુલાસો અને مَا كَانُوْا માં તેની તાકીદ અને خَسِرُوْا માં તેમના ખરાબ પરિણામ સ્વરૂપે અઝાબનું વર્ણન થયું).

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૪૧-૧૪૨)

وَهُوَ الَّذِيْٓ اَنْشَاَ جَنّٰتٍ مَّعْرُوْشٰتٍ وَّغَيْرَ مَعْرُوْشٰتٍ وَّالنَّخْلَ وَالزَّرْعَ مُخْتَلِفًا اُكُلُهٗ
وَالزَّيْتُوْنَ وَالرُّمَّانَ مُتَشَابِهًا وَّغَيْرَ مُتَشَابِهٍ ۭ كُلُوْا مِنْ ثَمَرِهٖٓ اِذَآ اَثْمَرَ وَاٰتُوْا حَقَّهٗ يَوْمَ
حَصَادِهٖ ۡ وَلَا تُسْرِفُوْا ۭ اِنَّهٗ لَا يُحِبُّ الْمُسْرِفِيْنَ ﴿١٤١﴾ وَمِنَ الْاَنْعَامِ حَمُوْلَةً وَّفَرْشًا ۭ
كُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ وَلَا تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ ۭ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿١٤٢﴾

તરજુમો :

અને તેણે જ બગીચા પેદા કર્યા જે માંડવાઓ ઉપર ચઢાવવામાં આવે છે અને જે માંડવાઓ ઉપર ચઢાવવામાં નથી આવતા, અને ખજૂરના વૃક્ષ અને ખેતી કે તેમના ફળ વિવિધ પ્રકારના છે અને પેદા કર્યા ઝયતૂનને અને દાડમને એકબીજાથી મળતા આવતા અને ભિન્ન-ભિન્ન પણ; તેમના ફળોમાંથી ખાઓ

જે વખતે ફળ લાવે અને તેમનો હક અદા કરો જે દિવસે તેમને કાપો, અને અસ્થાને ખર્ચ ન કરો, તેને અસ્થાને ખર્ચ કરનાર (ફુઝૂલખર્ચી કરનાર) પસંદ નથી આવતા. (૧૪૧) અને પશુઓમાં ભાર ઉઠાવનારા પેદા કર્યા અને જમીનથી લાગેલા, અલ્લાહની રોજીમાંથી ખાઓ અને શયતાનના કદમો ઉપર ન ચાલો, તે તમારો ઉઘાડો દુશ્મન છે. (૧૪૨)

તફસીર :

અને ને જ (અલ્લાહ પાક) છે જેણે બગીચાઓ પેદા કર્યા, તે પણ જે માંડવા ઉપર ચઢાવવામાં આવે છે (જેમકે દ્રાક્ષના વેલા) અને તે પણ જે માંડવાઓ ઉપર ચઢાવવામાં નથી આવતા (એટલા માટે કે તે વેલા નથી હોતા, જેમકે થડવાળા વૃક્ષો અથવા વેલા હોવા છતાં જેને માંડવા ઉપર ચઢાવી શકાતા નથી તે, જેમકે તડબૂચ વગેરે) અને ખજૂરી અને ખેતી (પણ તેણે પેદા કરી) જેમાં ખાવાની વિવિધ પ્રકારની વસ્તુઓ (પ્રાપ્ત) થાય છે અને ઝયતૂન અને દાડમ (પણ તેણે પેદા કર્યા) જે (દાડમ અને દાડમ) પરસ્પર (અને ઝયતૂન અને ઝયતૂન પરસ્પર રંગ, સ્વાદ અને કદમાં અને અમુક ખાસિયતોમાં પણ) એકબીજાથી સરખા હોય છે અને (ક્યારેય) એકબીજાથી મળતા આવતા નથી હોતા (અને અલ્લાહે આ જ વસ્તુઓને પેદા કરીને પરવાનગી આપી છે કે) તે બધા ઉત્પાદનોને ખાઓ (ભલે તે સમયે) જ્યારે કે તે નીકળી આવે (અને પાક્યા પછી મળે ત્યારે પણ) અને (અલબત્ત તેની સાથે એટલું જરૂર કરો કે) તેમાંથી જે હક (શરઈ રૂએ) વાજિબ છે (એટલે કે ખયૂર-ખયૂરાત) તે તેની કાપણી (લણણી વખતે અથવા ફળો ઉતારવા)ના દિવસે (ગરીબોને) આપ્યા કરો અને (તેને આપવામાં પણ શરીઅતની) મર્યાદા ન વટાવો અને ખરેખર તે (એટલે કે, અલ્લાહ તઆલા શરીઅતની) મર્યાદા ઓળંગનારને નાપસંદ કરે છે અને (જે પ્રમાણે બગીચા અને ખેતી અલ્લાહે પેદા કરી છે, એ જ પ્રમાણે પ્રાણીઓ પણ પેદા કર્યા છે; એટલા માટે) પશુઓમાં મોટા કદના (પણ) અને નાના કદના (પણ) તેણે જ પેદા કર્યા (અને તેમના વિશે પણ પરવાનગી આપી કે) જે કંઈ અલ્લાહ તઆલાએ તમને આપ્યું છે (અને શરીઅતમાં હલાલ કર્યું છે તેને) ખાઓ અને (પોતાના તરફથી હરામના હુકમો ઘડીને) શયતાનના ડગલે (ડગલે) ન ચાલો, નિઃશંક ! તે તમારો ખુલ્લો દુશ્મન છે (કે તમને સત્યની દલીલો હોવા છતાં માર્ગ ભટકાવી રહ્યો છે).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં મક્કાના મુશ્રિકોની તે ગુમરાહીનું વર્ણન હતું કે, અલ્લાહ તઆલાએ પેદા કરેલા જાનવરો અને તેની અર્પણ કરેલી નેઅ્મતોમાં તે અત્યાચારીઓએ પોતે પોતાની રીતે ઘડી કાઢેલી નિર્જીવ અને બુદ્ધિહીન મૂર્તિઓને અલ્લાહ તઆલાના ભાગીદાર ઠરાવીને જે વસ્તુઓ ઈબાદત અથવા સદકહ-ખયરાત માટે કાઢે છે તેમાં એક ભાગ અલ્લાહ તઆલાનો અને બીજો ભાગ મૂર્તિઓનો રાખે છે, ત્યારબાદ અલ્લાહના ભાગમાં પણ વિવિધ પ્રકારની યુક્તિ-પ્રયુક્તિઓ કરી મૂર્તિઓના ભાગમાં નાંખી દે છે. એ જ પ્રમાણેના અન્ય ઘણા બધા અજ્ઞાનતાપૂર્ણ કુરિવાજોને શરીઅતના કાયદાનું સ્વરૂપ આપી રાખ્યું છે.

પ્રસ્તુત આયતોમાં પણ પ્રથમ આયતમાં અલ્લાહ તઆલાએ વનસ્પતિ અને વૃક્ષોના વિવિધ પ્રકાર અને તેના ફળોના લાભો તથા તેને ઉત્પન્ન કરવાની પોતાની સંપૂર્ણ કુદરતની આશ્ચર્યજનક વિશિષ્ટતાનું વર્ણન કર્યું છે અને બીજી આયતમાં એ જ પ્રમાણે પશુઓ અને ઢોર-ઢાંખરના વિવિધ પ્રકારોને પેદા કરવાનું વર્ણન કરીને કાફિરોને તેમની ગુમરાહી ઉપર ચેતવણી આપવામાં આવી છે કે, તે બુદ્ધુ લોકોએ સર્વશક્તિમાન, સર્જનહાર, જાણકાર અને સર્વજ્ઞાનીની સાથે કેવી કેવી અજ્ઞાન, બુદ્ધિહીન, નિર્જીવ, લાચાર અને અશક્ત વસ્તુઓને તેના ભાગીદાર ઠરાવ્યા છે.

અને પછી તેમને "સીરાતે મુસ્તકીમ" (સીધા માર્ગ) તરફ માર્ગદર્શન આપ્યું કે, જ્યારે આ વસ્તુઓને પેદા કરવામાં અને તમને અર્પણ કરવામાં અન્ય કોઈ અલ્લાહનો ભાગીદાર અને જોડીદાર નથી તો ઈબાદતમાં કોઈને તેનો ભાગીદાર ઠરાવવો અંતિમ કક્ષાનો અપકાર, નેઅ્મતોની નાકદરી અને અત્યાચાર છે, જેણે આ વસ્તુઓને પેદા કરી અને તમને પણ પેદા કર્યા તથા તમારા માટે આ વસ્તુઓને લાભદાયી બનાવી કે તેનો જે રીતે ઈચ્છો ઉપયોગ કરી શકો અને પછી તે બધી વસ્તુઓને તમારા માટે હલાલ કરી દીધી, તમારો ફરજ તો એ છે કે તેની આ નેઅ્મતોથી લાભ ઉઠાવવાના સમયે તેના શુક્રિય્યહનો હક યાદ રાખો અને અદા કરો. શયતાનની ભ્રામક ભ્રમણાઓ અને અજ્ઞાનતાપૂર્ણ કુરિવાજોને પોતાનો દીન ન બનાવો.

પ્રથમ આયતમાં اَنْشَاَ (અનૂશ-અ)નો અર્થ "પેદા કર્યું" અને مَعْرُوْشَاتٌ (મઅ્રૂશાતુન્) એ عَـــــرْش (અર્શ)થી બન્યો છે, જેનો અર્થ "ઉઠાવવું" અથવા "ઊંચું કરવું" થાય છે. મઅ્રૂશાતનો અર્થ અત્રે વનસ્પતિના તે વેલાઓ છે જે માંડવાઓ ઉપર ચઢાવવામાં આવે છે. જેમકે દ્રાક્ષ અને અમુક પ્રકારની શાકભાજી (દૂધી વગેરે) અને તેનાથી વિપરીત غَيْرَ مَعْرُوْشَاتٌ (ગયૂર મઅ્રૂશાતુ)માં તે બધા વૃક્ષો સામેલ છે જેના વેલાઓ થતા નથી કે માંડવાઓ ઉપર ચઢાવવામાં આવતા નથી. ભલે, તે ફળવાળા વૃક્ષો હોય કે જેની વેલા જ નથી નીકળતી અથવા તો એવા વેલાઓ કે જે વેલાઓ હોવા છતાં જમીન ઉપર ફેલાય છે અને માંડવાઓ ઉપર ચઢાવવામાં નથી આવતા. જેમકે તડબૂચ વગેરે.

અને نَـــخْـــلُ (નખ્લુ)નો અર્થ ખજૂરનું ઝાડ એટલે કે ખજૂરી અને زَرْعٌ (ઝર્-અ) દરેક પ્રકારની ખેતીવાડી અને زَيْتُـــــوْنٌ (ઝયતૂન) એટલે ઝયતૂનના વૃક્ષને પણ કહેવામાં આવે છે અને તેના ફળને પણ ઝયતૂન કહેવામાં આવે છે અને رُمَّانٌ (રુમ્માન) દાડમને કહેવામાં આવે છે.

આ આયતોમાં અલ્લાહ તઆલાએ પ્રથમ તો બગીચાઓમાં પેદા થનારા વૃક્ષોના બે પ્રકાર વર્ણન કર્યા. એક તે જેના વેલાઓ માંડવાઓ ઉપર ચઢાવવામાં આવે છે અને બીજા તે જેના વેલાઓ માંડવાઓ ઉપર ચઢાવવામાં આવતા નથી અને તેમાં પોતાની અનન્ય હિકમત તથા કુદરતના આશ્ચર્યજનક કરિશ્મા તરફ ઈશારો કર્યો છે કે, એક જ પ્રકારના ઉત્પાદન માટે એક જ પ્રકારનું પાણી, એક જ પ્રકારની આબોહવા અને પર્યાવરણ હોવા છતાં કેવા-કેવા વિવિધ પ્રકારના, વિવિધ સ્વરૂપના ઝાડ-છોડ પેદા કર્યા. ત્યારબાદ તેને ફળોથી લચેલા અને હર્યા-ભર્યા કર્યા અને તેમાં હજારો પ્રકારની ભિન્ન-ભિન્ન પ્રકારની વિવિધતાઓ પેદા કરી કે, કોઈ વનસ્પતિની ખાસિયત એવી કરી આપી કે, જ્યાં સુધી વેલો માંડવા ઉપર ચઢે નહીં ત્યાં સુધી તેને ફળ જ ન આવે અને જો આવી પણ જાય તો વિકાસ ન પામે અથવા ટકી ન શકે, જેમકે દ્રાક્ષ વગેરે. અને અમુકની ખાસિયત એવી બનાવી કે, તેના વેલાઓ માંડવાઓ ઉપર ચઢાવવા ઈચ્છો તો પણ ન ચઢે અને જો ચઢી પણ જાય તો તેનું ફળ વિકાસ ન પામે જેમકે તડબૂચ વગેરે અને અમુક વૃક્ષોને મજબૂત થડ ઉપર ઊભા કરીને એટલા ઊંચા કર્યા કે માનવી માટે પોતાની કારીગીરી અપનાવીને વૃક્ષને આટલે ઊંચે લઈ જવું શક્ય ન હતું અને

વૃક્ષોની આ વિવિધતા કોઈ સંયોગવસાત્ નથી બલકે, ઘણી હિકમત સાથે તેના ફળોના સ્વાદમાં વિવિધતા પણ છે. અમુક ફળો જમીન અને માટીમાં જ વિકાસ પામે અને પાકે છે અને અમુકને માટી લાગતાં ખરાબ થઈ જાય છે. અમુક માટે ઊંચી ડાળખીઓ ઉપર લટકી તાજી હવા, સૂર્યનો પ્રકાશ અને તારાઓના કિરણોથી રંગ પ્રાપ્ત કરવો જરૂરી હોય છે. દરેકના માટે કુદરતે તેના યોગ્ય એક વ્યવસ્થા નક્કી કરી છે. فَتَبَارَكَ اللّٰهُ اَحۡسَنُ الۡخَالِقِيۡنَ (સૂ. ૨૩ : આ. ૧૪)

ત્યારબાદ વિશેષ સ્વરૂપે نَخۡل (નખ્લ) અને زَرۡع (ઝર્-અ) એટલે કે ખજૂરના વૃક્ષો અને ખેતીવાડીનું વર્ણન કર્યું. ખજૂરના ફળ સામાન્ય રીતે શોખથી ખાવામાં આવે છે અને જરૂરતના સમયે તેના દ્વારા સંપૂર્ણ ખોરાકનું પણ કામ લઈ શકાય છે અને ખેતીવાડીમાં પેદા થનાર વિવિધ વસ્તુઓ મોટે ભાગે મનુષ્યના ખોરાક અને જાનવરોના ઘાસચારા માટે ઉપયોગ કરવામાં આવે છે અને બંનેનું વર્ણન કર્યા પછી ફરમાવ્યું, مُخۡتَلِفًا اُكُلُهٗ તેમાં اُكُلُهٗ (ઉકુલુહુ)ની ઝમીર زَرۡع (ઝર્-અ) તરફ નિસ્બત કરવામાં આવી છે અને نَخۡل (નખ્લ) તરફ પણ. મતલબ કે બંને સ્વરૂપમાં અર્થ એ જ છે કે, ખજૂરોના વિવિધ પ્રકારો છે અને દરેક પ્રકારનો આગવો સ્વાદ છે. એ જ પ્રમાણે ખેતીમાં તો સેંકડો પ્રકાર છે અને દરેક પ્રકારનો સ્વાદ અને લાભ ભિન્ન-ભિન્ન પ્રકારનો છે. એક જ પ્રકારની આબોહવા, એક જ પ્રકારની જમીનમાંથી ઉત્પન્ન થતા ફળોમાં આટલો મોટો તફાવત અને તેમાં પણ દરેક પ્રકારના લાભ અને ગુણ-લક્ષણોમાં પણ આશ્ચર્યજનક વિવિધતા અને ફાયદાઓ; આ બાબત એક સામાન્ય બુદ્ધિ ધરાવનાર વ્યક્તિને પણ એ સ્વીકારવા માટે મજબૂર કરી આપે છે કે, તેને પેદા કરનાર કોઈ એવી સર્વાંગ સંપૂર્ણ હસ્તી છે જેના જ્ઞાન અને હિકમતનો અંદાજો કે કલ્પના પણ મનુષ્ય નથી કરી શકતો.

ત્યારબાદ બે વસ્તુઓ છે જેનું વર્ણન કર્યું زَيۡتُوۡن (ઝયતૂન) અને رُمَّان (રુમ્માન) એટલે કે, ઝયતૂન અને દાડમના ફળો પણ અને વનસ્પતિ પણ અને તેનું તેલ બધા જ તેલોથી વધારે ચોખ્ખું તથા ગુણકારી હોવાની સાથે-સાથે અસંખ્ય લાભ પણ આપે છે, અનેક બીમારીઓનો શ્રેષ્ઠ ઈલાજ છે. એ જ પ્રમાણે દાડમના પણ અસંખ્ય ફાયદાઓ અને ખાસિયતો છે, જેને બધા જ સામાન્ય અને ખાસ લોકો જાણે છે. આ બંને ફળોનું વર્ણન કરીને ફરમાવ્યું مُتَشَابِهًا وَّغَيۡرَ مُتَشَابِهٍ

એટલે કે, તેમાંથી દરેક ફળ કંઈક એવું હોય છે કે જે રંગ અને સ્વાદના આધારે મળતું આવતું એકસમાન હોય છે અને કંઈક એવું પણ થાય છે કે જેનો રંગ અને સ્વાદ વિવિધ પ્રકારનો હોય છે અને એમાં અમુક દાણાઓનો રંગ અને સ્વાદ એકસરખો અને અમુકનું અલગ પ્રકારનું હોવું દાડમ અને ઝયતૂન બંને પ્રકારના ફળોમાં જોવા મળે છે.

આ બધા પ્રકારોના વૃક્ષો અને ફળોનું વર્ણન કરીને આ આયતમાં મનુષ્યને બે હુકમો આપવામાં આવ્યા છે. પ્રથમ હુકમ તો પોતે મનુષ્યની ઈચ્છા અને તેની વ્યક્તિગત જરૂરિયાતને પૂરી કરવા માટે ફરમાવવામાં આવ્યો كُلُوْا مِنْ ثَمَرِهٖ اِذَا اَثْمَرَ એટલે કે, "આ વૃક્ષો અને ખેતીવાડીના ફળોને ખાઓ જ્યારે કે તે ફળોથી લચી જાય." તેમાં ઈશારો કરવામાં આવ્યો કે, તે તમામ પ્રકારના વિવિધ વૃક્ષોને પેદા કરનાર માલિક આ બધાથી પોતાની કોઈ જરૂરિયાત પૂરી કરવા નથી ઈચ્છતો બલકે, તે તમારા જ લાભ માટે પેદા કર્યું છે. બસ, તમને અધિકાર છે કે તેને ખાઓ અને તેનાથી લાભ ઉઠાવો. اِذَا اَثْمَرَ (ઈઝા અષ્મર) ફરમાવીને એ તરફ ઈશારો કર્યો કે, વૃક્ષોની ડાળીઓ અને લાકડામાંથી ફળોનું ઉત્પાદન કરવું તમારી શક્તિ અને સામર્થ્યની મર્યાદા બહારની વાત છે. જ્યારે તે ફળ અલ્લાહના હુકમોથી નીકળી આવે તો તેને ખાવાનો અધિકાર તે જ વખતે તમને પ્રાપ્ત થઈ જાય છે, ભલે તેને હમણા ખાઓ જ્યારે કે તે કાચા હોય, પાક્યા ન હોય અથવા તો પાકા થઈ ગયા પછી ખાઓ.

જમીનની ઉશ્ર (શરઈ ટેક્ષ) :

બીજો હુકમ એ આપવામાં આવ્યો, وَاٰتُوْا حَقَّهٗ يَوْمَ حَصَادِهٖ તેમાં اٰتُوْا (આતૂ)નો અર્થ છે, "લાવો" અથવા "અદા કરો" અને حَصَادٌ (હસાદ) "ખેતી કાપવાના અથવા ફળો ઉતારવાના સમય"ને કહે છે અને حَقَّهٗ (હક્કહુ)ના સર્વનામને તે ખાવાની વસ્તુઓ તરફ નિસ્બત કરવામાં આવી છે જેનું વર્ણન ઉપર આવ્યું છે. અર્થ એ છે કે, "આ બધી વસ્તુઓને ખાઓ, પીઓ, ઉપયોગ કરો પરંતુ એક વાત યાદ રાખો કે ખેતી કાપવાના (લણવાના) અથવા ફળો ઉતારવાના સમયે તેનો હક પણ અદા કર્યા કરો." હકનો અર્થ ગરીબો અને મિસ્કીનોને સદકો આપવો છે, જેમકે બીજી એક આયતમાં સામાન્ય શબ્દોમાં વર્ણન થયું છે.

وَالَّذِيْنَ فِيْٓ اَمْوَالِهِمْ حَقٌّ مَّعْلُوْمٌ لِّلسَّآئِلِ وَالْمَحْرُوْمِ

"નેક બંદાઓના માલમાં નક્કી હક હોય છે માંગનારા અને ન માંગનારા ફકીરો અને મિસ્કીનોનો." *(સૂ. ૭૦ : આ. ૨૪)*

એનો ભાવાર્થ જાહેર સદકહ અને ખયરાત છે. આ આયતનો ભાવાર્થ એ સદકહ છે જે "જમીનની ઝકાત" અથવા "ઉશ્ર" કહેવાય છે. એમાં તફસીરના ઈમામ સહાબા (રદિ.) અને તાબિઈનના બે અભિપ્રાયો છે. અમુક લોકોએ પ્રથમ અભિપ્રાયને અપનાવ્યો છે અને તેનું કારણ એ ઠરાવ્યું છે કે, આ આયત મક્કી છે અને ઝકાતનો ફરજ મદીન-એ-તય્યિબહની હિજરતના બે વર્ષ પછી લાગુ પડયો હતો. એટલા માટે અત્રે "હક્ક"નો ભાવાર્થ "ઝકાત અથવા ઉશ્ર"નો હક્ક નથી હોઈ શકતો અને અમુક લોકોએ આ આયતને મદની આયતમાં ગણી છે અને "હક્ક"નો ભાવાર્થ "જમીનની ઝકાત અથવા ઉશ્ર" હોવાનું ઠરાવ્યું છે.

તફસીરના ઈમામ ઈબ્ને કષીર (રહ.)એ પોતાની તફસીરમાં અને ઈબ્ને અરબી ઉન્દુલુસીએ અહકામુલ કુર્આનમાં એનો ફેંસલો એ રીતે કર્યો છે કે, આ આયત ભલે મક્કી હોય અથવા મદની; બંને સ્વરૂપોમાં આ આયતથી જમીનની ઝકાત એટલે કે, ઉશ્ર ભાવાર્થ સ્વરૂપે હોઈ શકે છે. કારણ કે તેની નજીકનો ઝકાતના વાજિબ થવાનો અસલ હુકમ મક્કામાં નાઝિલ થઈ ચૂક્યો હતો. સૂરએ મુઝ્ઝમ્મિલની આયત ઝકાતના હુકમ ઉપર આધારિત છે જે સંજોગવસાત્ મક્કી છે. અલબત્ત ઝકાતનું પ્રમાણ અને નિસાબ વગેરે હિજરત પછી નક્કી થયું છે અને આ આયતથી ફક્ત એટલી જાણ થાય છે કે, જમીનના ઉત્પાદન ઉપર અલ્લાહ તઆલા તરફથી કોઈ હક લાગુ પાડવામાં આવ્યો છે, તેનું પ્રમાણ અત્રે નક્કી કરવામાં નથી આવ્યું, એટલે હક નક્કી થવાના આધારે આ આયત સ્પષ્ટ છે અને મક્કાએ મુઅજ્જમહમાં આ હકનું પ્રમાણ નક્કી કરવાની આવશ્યકતા એટલા માટે પણ ન હતી કે ત્યાં મુસલમાનોને એવી શાંતિ અને સલામતી પ્રાપ્ત ન હતી કે જમીનો અને બગીચાઓના ઉત્પાદન સરળતાથી પ્રાપ્ત કરી શકે. એટલા માટે તે સમયગાળામાં તો એ જ રિવાજ રહ્યો જે પ્રથમથી નેક લોકોમાં ચાલ્યો આવતો હતો કે, ખેતી કાપવાના અથવા ફળો ઉતારવાના સમયે જે ગરીબ ગુરબાઓ ત્યાં ભેગા થઈ જતા તેમને કંઈ આપી દેતા હતા, કોઈ ખાસ પ્રમાણ નક્કી ન હતું.

ઈસ્લામ અગાઉ બીજી ઉમ્મતોમાં પણ ખેતી અને ફળોમાં આ જ પ્રમાણે સદકહ આપવાનો રિવાજ કુર્આને કરીમની આયત اِنَّا بَلَوْنَاهُمْ كَمَا بَلَوْنَا اَصْحٰبَ الْجَنَّةِમાં પ્રસ્તુત છે. હિજરતના બે વર્ષ પછી જે પ્રમાણે બીજા માલ અને ઝકાતના પ્રમાણની વિગતો રસૂલે કરીમ ﷺને અલ્લાહ તઆલા તરફથી વહી દ્વારા જણાવવામાં આવી, એ જ પ્રમાણે જમીનની ઝકાતનું વર્ણન પણ થયું જે હઝરત મઆઝ બિન જબલ (રદિ.), ઈબ્ને ઉમર (રદિ.) અને જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.)ની રિવાયતથી બધી જ હદીષની કિતાબોમાં નકલ થયેલ છે. مَاسَقَتِ السَّمَآءُ فَفِيْهِ الْعُشْرُ وَمَا سُقِىَ بِالسَّانِيَةِ فَنِصْفُ الْعُشْرِ એટલે કે, વરસાદના પાણીથી પાકતી જમીનોમાં જ્યાં ખેતીને સીંચવાની કોઈ અન્ય વ્યવસ્થા ઉપસ્થિત નથી, ફક્ત વરસાદ જ ખેતીની પાકનો આધાર છે તે જમીનોના ઉત્પાદનનો દશમો ભાગ ઝકાત તરીકે કાઢવો વાજિબ છે અને જે જમીનોની કૂવા વગેરેથી સીંચાઈ કરવામાં આવે છે તેના ઉત્પાદનનો વીસમો ભાગ વાજિબ છે.

ઝકાતના નિયમોમાં શરીઅતે ઈસ્લામે દરેક પ્રકારની ઝકાતમાં આ બાબતને પાયાના સિદ્ધાંત તરીકે અપનાવી છે કે, જે ઉત્પાદનમાં મહેનત અને ખર્ચ ઓછો કરવો પડે છે તેમાં ઝકાતનું પ્રમાણ વધારે અને જેટલી મહેનત અને ખર્ચ કોઈ ઉત્પાદન પાછળ વધતો જાય છે એટલું ઝકાતનું પ્રમાણ ઓછું થતું જાય છે. દાખલા તરીકે, એવું સમજો કે જો કોઈને કોઈ પ્રાચીન ખજાનો મળી જાય અથવા સોના-ચાંદી વગેરેની ખાણ નીકળી આવે તો તેનો પાંચમો હિસ્સો ઝકાત સ્વરૂપે તેના માથે જરૂરી છે. કારણ કે, મહેનત અને ખર્ચ ઓછો અને ઉત્પાદન વધારે હોય છે. ત્યારબાદ વરસાદથી પાકતી જમીનનો નંબર આવે છે, જેમાં સીંચાઈ અને મહેનતનો ખર્ચ ઓછો થાય છે એટલે તેની ઝકાત પાંચમા હિસ્સા કરતાં અડધી એટલે કે, દશમો ભાગ કરી દેવામાં આવ્યો. ત્યારબાદ તે જમીન છે, જેને કૂવા અથવા નહેર વગેરેના પાણી ખરીદીને સીંચવામાં આવે છે, તેમાં મહેનત અને ખર્ચ વધી જાય છે તો તેમાં ઝકાત હજુ પણ અડધી થઈ ગઈ, એટલે કે વીસમો ભાગ. ત્યારબાદ સામાન્ય મિલકત સોનું, ચાંદી, રોકડ રકમ અને વેપાર વગેરેનો માલ છે જેને પ્રાપ્ત કરવા અને વધારવા માટે ખર્ચ પણ ખૂબ કરવો પડે છે અને મહેનત પણ વધારે થાય છે, એટલા માટે તેની ઝકાત તેનાથી પણ અડધી એટલે કે ચાલીસમો ભાગ કરી દેવામાં આવ્યો.

કુર્આનની પ્રસ્તુત આયતમાં અને પ્રસ્તુત હદીષોમાં જમીનના ઉત્પાદન માટે કોઈ પ્રમાણ નક્કી ન કર્યું, એટલા માટે ઈમામે આ'ઝમ અબૂહનીફા (રહ.) અને ઈમામ અહમદ બિન હમ્બલ (રહ.)નો મત એ છે કે, જમીનનું ઉત્પાદન ભલે થોડું હોય અથવા વધારે, દરેક પરિસ્થિતિમાં તેની ઝકાત કાઢવી જરૂરી છે. કુર્આનની આયત સૂરએ બકરહમાં જમીનની ઝકાતનું વર્ણન છે ત્યાં પણ તેના માટે કોઈ પ્રમાણ કે નિસાબ નક્કી વર્ણન કરવામાં નથી આવ્યો. ઈરશાદ છે,

اَنۡفِقُوۡا مِنۡ طَيِّبٰتِ مَا كَسَبۡتُمۡ وَمِمَّاۤ اَخۡرَجۡنَا لَـكُمۡ مِّنَ الۡاَرۡضِ

"ખર્ચ કરો પોતાની હલાલ કમાણીમાંથી અને તે વસ્તુમાંથી જે અમે તમારા માટે જમીનમાંથી કાઢી છે." *(સૂ. ૨ : આ. ૨૬૮)*

વેપારના માલ અને ઢોર-ઢાંખર માટે તો રસૂલે કરીમ ﷺએ નિસાબ વર્ણન કર્યો છે કે, સાડા બાવન તોલા (1 tola = 0.41 ounces = 11.6363 g) ચાંદીથી ઓછા ઉપર ઝકાત નથી. સો બકરીઓ, પાંચ ઊંટોથી ઓછા ઉપર ઝકાત નથી, પરંતુ જમીનના ઉત્પાદન વિશે જે વર્ણન ઉપરની હદીષમાં આવ્યું છે તેમાં કોઈ નિશ્ચિત પ્રમાણ-નિસાબ બતાવવામાં આવ્યો નથી. એટલા માટે દરેક ઓછા અથવા વધારે ઉત્પાદનમાં જમીનની ઝકાત દશમો અથવા સીંચાઈની જમીનમાં વીસમો ભાગ કાઢવો વાજિબ છે.

અંતિમ આયતમાં ફરમાવ્યું, وَلَا تُسۡرِفُوۡا ؕ اِنَّهٗ لَا يُحِبُّ الۡمُسۡرِفِيۡنَ એટલે કે, "હદથી વધારે ખર્ચ ન કરો. કારણ કે અલ્લાહ તઆલા ફુઝૂલખર્ચ કરનાર લોકોને પસંદ કરતો નથી." અત્રે સવાલ એ છે કે, અલ્લાહના માર્ગમાં જો કોઈ પોતાનો સમગ્ર માલ બલકે, પોતાનો પ્રાણ પણ ખર્ચ કરી નાંખે તો તેને "ઈસ્રાફ" (ફુઝૂલખર્ચી) કહી શકાય નહીં. બલકે, તેને હક અદા કર્યો કહેવું પણ કપરું છે તો પછી આ સ્થળે ઈસ્રાફની મનાઈ કરવાનો શું અર્થ છે ? જવાબ એ છે કે, કોઈ ખાસ ક્ષેત્રમાં ઈસ્રાફનું પરિણામ સ્વાભાવિક રીતે બીજા ક્ષેત્રોમાં કમી અને અધૂરપ લાવે છે, જે વ્યક્તિ પોતાની ઈચ્છાઓમાં કોઈપણ પ્રકારની રોકટોક વિના મર્યાદાઓથી વધારે ખર્ચ કરે છે તે સામાન્ય રીતે અન્યોના હકો અદા કરવામાં ઉણપ રાખતો હોય છે. માટે અહીંયાં એક રીતે ઉણપ અથવા કોતાહીથી જ રોકવામાં આવ્યા છે. એટલે કે, એક બાજુ વ્યક્તિ પોતાનો સમગ્ર માલ

અલ્લાહના માર્ગમાં લૂંટાવીને ખાલી હાથે બેસી જાય તો પોતાના બાલ-બચ્ચાં અને સગાં-વહાલાં બલકે, ખુદ પોતાની જાતનો હક કઈ રીતે અદા કરશે ? એટલા માટે એ સૂચના આપવામાં આવી છે કે, અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવામાં પણ મધ્યમ માર્ગથી કામ લો, જેથી સૌના હકો અદા થઈ શકે.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૪૩-૧૪૪)

ثَمٰنِيَةَ اَزْوَاجٍ ۚ مِنَ الضَّاْنِ اثْنَيْنِ وَمِنَ الْمَعْزِ اثْنَيْنِ ؕ قُلْ ءٰٓالذَّكَرَيْنِ حَرَّمَ اَمِ
الْاُنْثَيَيْنِ اَمَّا اشْتَمَلَتْ عَلَيْهِ اَرْحَامُ الْاُنْثَيَيْنِ ؕ نَبِّـُٔوْنِيْ بِعِلْمٍ اِنْ كُنْتُمْ
صٰدِقِيْنَ ۙ﴿۱۴۳﴾ وَمِنَ الْاِبِلِ اثْنَيْنِ وَمِنَ الْبَقَرِ اثْنَيْنِ ؕ قُلْ ءٰٓالذَّكَرَيْنِ حَرَّمَ اَمِ
الْاُنْثَيَيْنِ اَمَّا اشْتَمَلَتْ عَلَيْهِ اَرْحَامُ الْاُنْثَيَيْنِ ؕ اَمْ كُنْتُمْ شُهَدَآءَ اِذْ وَصّٰىكُمُ اللّٰهُ
بِهٰذَا ۚ فَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا لِّيُضِلَّ النَّاسَ بِغَيْرِ عِلْمٍ ؕ اِنَّ اللّٰهَ لَا
يَهْدِي الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿۱۴۴﴾

તરજુમો :

આઠ નર અને માદા (જોડાં) પેદા કર્યા, ઘેટાંમાંથી બે અને બકરીમાંથી બે; તમે પૂછો કે બંને નર અલ્લાહે હરામ કર્યા છે અથવા બંને માદા અથવા તે બચ્ચાં જે બંને માદાઓના ગર્ભાશયમાં સમાયેલ છે ? મને સનદ (પ્રમાણ) બતાવો જો તમે સાચા છો. (૧૪૩) અને પેદા કર્યા ઊંટમાંથી બે અને ગાયમાંથી બે, તમે પૂછો ! બંને નર હરામ કર્યા છે અથવા બંને માદા અથવા તે બચ્ચાં જે બંને માદાઓના ગર્ભાશયમાં સમાયેલ છે ? શું તમે હાજર હતા જે વખતે અલ્લાહે તમને આ હુકમ આપ્યો હતો ? પછી એનાથી વધીને જાલિમ કોણ જે અલ્લાહ ઉપર જૂઠું બોહતાન બાંધે, જેથી લોકોને તહકીક વિના ગુમરાહ કરે ! બેશક ! અલ્લાહ જાલિમ લોકોને હિદાયત નથી કરતો. (૧૪૪)

તફસીર :

(અને આ પશુઓ જેને તમે હલાલ અને હરામ કરી રહ્યા છો) આઠ (પ્રકારના) નર અને માદા (પેદા કર્યા) એટલે ઘેટાંમાંથી બે પ્રકાર (એક નર અને એક માદા) અને બકરીમાંથી બે પ્રકાર (એક નર અને એક માદા); તમે (તેમને) પૂછો કે, (એ તો બતાવો કે) શું અલ્લાહ તઆલાએ તે (બંને જાનવરોના) બંને નરને હરામ કર્યા છે અથવા બંને માદાને (હરામ કરી છે) ? અથવા તે (બચ્ચાંઓ)ને જે બંને માદાઓ (પોતાના) પેટમાં પોષી રહી છે (તે બચ્ચું નર હોય અથવા માદા, એટલે કે તમે જે વિવિધ સ્વરૂપોથી હરામ હોવાનો દા'વો કરી રહ્યા છો તો શું આ હરામ હોવું અલ્લાહે ફરમાવ્યું છે ?) તમે મને કોઈ દલીલથી તો બતાવો જો (પોતાના દા'વામાં) સાચા છો ! (આ તો નાના કદના પશુઓ વિશે વર્ણન હતું, આગળ મોટા કદવાળા પશુઓનું વર્ણન છે કે ઘેટાં અને બકરાંમાં પણ નર-માદા પેદા કર્યા, જેમકે વર્ણન થયું) અને (એ જ પ્રમાણે) ઊંટમાં બે પ્રકાર (એક નર અને એક માદા) અને ગાય (અને ભેંસ)માં બે પ્રકાર (એક નર અને એક માદા પેદા કર્યા) તમે (તેમને એ બાબતે પણ) પૂછો કે, (એ બતાવો કે) શું અલ્લાહ તઆલાએ આ બંને (પશુઓના) નરોને હરામ કર્યા છે અથવા બંને માદાઓને (હરામ કરી છે) ? અથવા તે (બચ્ચાં)ને જેને બંને માદાઓ (પોતાના) પેટમાં પોષણ આપી રહી છે (આ બચ્ચું નર હોય કે માદા તેનો પણ એ જ અર્થ છે કે, તમે જે વિવિધ સ્વરૂપોથી તે હરામ હોવાનો દા'વો કરી રહ્યા છો તો શું એ હરામ હોવાનો હુકમ અલ્લાહ તઆલાએ કર્યો છે ? તેના ઉપર કોઈ દલીલ અને સનદ લાવો જેની બે રીતો છે, એક તો એ કે કોઈ રસૂલ અથવા ફરિશ્તાના હવાલાથી કોઈ સનદ હોય, હવે નુબુવ્વત અને વહીથી તો તમે ઇન્કાર કરો છો, આ રીતને તો તમે અપનાવી નથી શકતા, હવે બીજી રીત દા'વો કરવા માટે નક્કી કરવામાં આવી કે પોતે પ્રત્યક્ષ સ્વરૂપે અલ્લાહ તઆલાએ આ હુકમો આપ્યા છે ? તો) શું તમે (તે સમયે) હાજર હતા જે સમયે અલ્લાહ તઆલાએ તમને એ (હરામ અને હલાલ)ના હુકમો આપ્યા ? (અને દેખીતું છે કે તેનો દા'વો પણ તેઓ નથી કરી શકતા તો સાબિત થઈ ગયું કે, તેમની પાસે કોઈ દલીલ કે સનદ છે જ નથી) તો (આ બાબતની સાબિતી પછી તેમના દા'વાના સંદર્ભમાં કોઈ દલીલ બાકી રહેતી નથી, માટે હવે ચોક્કસ વાત છે કે) તેમનાથી વધારે કોણ જાલિમ

(અને જૂઠો) હશે જે અલ્લાહ તઆલા ઉપર દલીલ વિના (હલાલ અને હરામ હોવાના વિષયમાં) જૂઠી તોહમત લગાવે જેથી લોકોને ગુમરાહ કરે (એટલે એ વ્યક્તિ મોટો જાલિમ હશે અને) નિઃશંક ! અલ્લાહ તઆલા જાલિમ લોકોને (જન્નતનો) માર્ગ (આખિરતમાં) નહીં બતાવે (બલકે, દોઝખમાં મોકલી દેશે, બસ આ લોકો પણ આ ગુનાહની સજામાં દોઝખમાં જશે).

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૪૫-૧૪૬-૧૪૭)

قُلْ لَّآ اَجِدُ فِيْ مَآ اُوْحِيَ اِلَيَّ مُحَرَّمًا عَلٰى طَاعِمٍ يَّطْعَمُهٗٓ اِلَّآ اَنْ يَّكُوْنَ مَيْتَةً اَوْ دَمًا
مَّسْفُوْحًا اَوْ لَحْمَ خِنْزِيْرٍ فَاِنَّهٗ رِجْسٌ اَوْ فِسْقًا اُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ ۚ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ
وَّلَا عَادٍ فَاِنَّ رَبَّكَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٤٥﴾ وَعَلَى الَّذِيْنَ هَادُوْا حَرَّمْنَا كُلَّ ذِيْ ظُفُرٍ ۚ وَمِنَ
الْبَقَرِ وَالْغَنَمِ حَرَّمْنَا عَلَيْهِمْ شُحُوْمَهُمَآ اِلَّا مَا حَمَلَتْ ظُهُوْرُهُمَآ اَوِ الْحَوَايَآ اَوْ مَا
اخْتَلَطَ بِعَظْمٍ ۭ ذٰلِكَ جَزَيْنٰهُمْ بِبَغْيِهِمْ ۡ وَاِنَّا لَصٰدِقُوْنَ ﴿١٤٦﴾ فَاِنْ كَذَّبُوْكَ فَقُلْ
رَّبُّكُمْ ذُوْ رَحْمَةٍ وَّاسِعَةٍ ۚ وَلَا يُرَدُّ بَاْسُهٗ عَنِ الْقَوْمِ الْمُجْرِمِيْنَ ﴿١٤٧﴾

તરજુમો :

તમે કહી આપો કે હું આ વહીમાં કે જે મને પહોંચી છે કોઈ વસ્તુને હરામ નથી જોતો ખાનારા ઉપર કે જેને તે ખાય, પરંતુ એ કે તે વસ્તુ મૃત હોય અથવા વહેતું લોહી અથવા ડુક્કર (ભૂંડ)નું માંસ કે તે નાપાક છે, અથવા નાજાઈઝ પદ્ધતિથી ઝબહ કરેલું જેના ઉપર અલ્લાહ સિવાય કોઈ અન્યનું નામ પોકારવામાં આવે, પછી જો કોઈ ભૂખથી બેકાબૂ (બની લાચાર) થઈ જાય, ન તો નાફરમાની કરે અને ન જ અતિરેક કરે તો તારો પરવરદિગાર મહાન મા'ફ કરનારો છે ઘણો મહેરબાન. (૧૪૫) અને યહૂદીઓ ઉપર અમે દરેક ન્હોર(નખ)વાળું જાનવર હરામ કર્યું હતું, અને ગાય અને બકરીમાંથી તેમના ઉપર તેમની ચરબી હરામ કરી હતી પરંતુ જે પીઠ ઉપર લાગેલી હોય અથવા આંતરડીઓ ઉપર અથવા જે ચરબી કે હાડકાં સાથે

ચોંટેલી હોય, આ અમે તેમની શરારત ઉપર સજા આપી હતી અને અમે સાચું કહીએ છીએ. (૧૪૬) પછી જો તમને જૂઠાડે તો કહી આપો કે તમારા પરવરદિગારની રહમતમાં ઘણી વિશાળતા છે અને ગુનેહગાર લોકોથી તેનો અઝાબ ટળશે નહીં. (૧૪૭)

તફસીર :

(હે નબી ﷺ !) તમે કહી આપો (જે પશુઓની ચર્ચા થઈ રહી છે, તેના વિશે) જે કંઈ વહી દ્વારા હુકમો મારી પાસે આવ્યા છે તેમાં તો હું કોઈ હરામ આહાર જોતો નથી કોઈ ખાનારા માટે કે જે તે ખાય છે (ભલે પુરુષ હોય અથવા સ્ત્રી) પરંતુ (તે વસ્તુઓને અલબત્ત હરામ જોઉં છું જે) એ કે તે મૃત (મુરદાર જાનવર) હોય (એટલે કે, જે શરઈ રીતે ઝબહ થયું હોવાનું હલાલ હોય છે પરંતુ શરઈ રીતે ઝબહ કર્યા વિના જ મૃત્યુ પામે) અથવા એ કે વહેતુ લોહી હોય અથવા ડુક્કરનું માંસ હોય, કારણ કે તે (ડુક્કર) બિલકુલ નાપાક છે (એટલા માટે ડુક્કરના શરીરના બધા જ ભાગો હરામમાં એવા નાપાક છે કે જેને "નજસુલ ઐન"–સદંતર હરામ કહેવાય છે) અથવા જે (જાનવરો વગેરે) શિર્કનું માધ્યમ હોય (એ પ્રમાણે) કે (મૂર્તિઓ વગેરેની નિકટતા પામવા માટે) ગયરૂલ્લાહના નામ ઉપર કરવામાં આવ્યું હોય (બસ, આ બધું હરામ છે), પછી (પણ તેમાં એટલી સરળતા રાખી છે કે) જે વ્યક્તિ (ભૂખથી ઘણો જ) બેતાબ થઈ જાય, એવી શરતે કે ન તો (ખાવામાં) સ્વાદનો ઈચ્છુક હોય અને ન જ (આવશ્યકતાથી વધારે) અતિરેક કરનારો હોય તો (એવી પરિસ્થિતિમાં હરામ વસ્તુઓને ખાવાથી પણ તે વ્યક્તિને કંઈ ગુનોહ નથી થતો) ખરેખર તમારો પાલનહાર (તે વ્યક્તિ માટે) ગફૂરો રહીમ છે (કે આવા કપરા સમયે કૃપા કરીને તે ગુનાહની વસ્તુઓમાંથી ગુનોહ ઉઠાવી લીધો) અને યહૂદીઓ ઉપર અમે બધા જ નહોર (નખ)વાળા જાનવર હરામ કરી દીધા હતા અને ગાય અને બકરી(ના શરીરના ભાગમાંથી) તે બંનેની ચરબી એમના (એટલે કે યહૂદીઓ) ઉપર અમે હરામ કરી દીધી હતી પરંતુ તે (ચરબીમાં છૂટ હતી) જે તે (બંને)ની પીઠ ઉપર અથવા આંતરડાઓમાં લાગેલી હોય અથવા જે (ચરબી) હાડકાંઓ સાથે જોડાયેલી હોય (બાકી બધી ચરબી હરામ હતી, બસ તે વસ્તુઓના હરામ કરવાનો હેતુ એ હતો કે) તેમની શરારતોના કારણે અમે તેમને આ સજા આપી હતી અને અમે નિઃશંક !

સાચા છે, પછી (ઉપરોક્ત તહકીક પછી પણ) જો એ (મુશ્રિકો) તમને (નઊઝુબિલ્લાહ ! આ વિષયમાં ફક્ત એ કારણથી) જૂઠા કહે (કે તેમના ઉપર અઝાબ નથી આવતો) તો તમે (જવાબમાં) કહી આપો કે, તમારો પરવરદિગાર ઘણી વિશાળ રહમતવાળો છે (અમુક હિકમતોથી તાત્કાલિક પકડ નથી કરતો) અને (તેનાથી એવું ન સમજી બેસો કે હંમેશા આમ જ બચેલા રહેશો, જ્યારે નક્કી સમય આવશે પછી તે સમયે) તેનો અઝાબ અપરાધી લોકો ઉપરથી (કોઈપણ પ્રકારે) ટળશે નહીં.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૪૮-૧૪૯-૧૫૦)

سَيَقُوْلُ الَّذِيْنَ اَشْرَكُوْا لَوْ شَآءَ اللّٰهُ مَآ اَشْرَكْنَا وَلَآ اٰبَآؤُنَا وَلَا حَرَّمْنَا مِنْ شَيْءٍ ؕ
كَذٰلِكَ كَذَّبَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ حَتّٰى ذَاقُوْا بَاْسَنَا ؕ قُلْ هَلْ عِنْدَكُمْ مِّنْ عِلْمٍ
فَتُخْرِجُوْهُ لَنَا ؕ اِنْ تَتَّبِعُوْنَ اِلَّا الظَّنَّ وَاِنْ اَنْتُمْ اِلَّا تَخْرُصُوْنَ ﴿۱۴۸﴾ قُلْ فَلِلّٰهِ الْحُجَّةُ
الْبَالِغَةُ ۚ فَلَوْ شَآءَ لَهَدٰىكُمْ اَجْمَعِيْنَ ﴿۱۴۹﴾ قُلْ هَلُمَّ شُهَدَآءَكُمُ الَّذِيْنَ يَشْهَدُوْنَ
اَنَّ اللّٰهَ حَرَّمَ هٰذَا ۚ فَاِنْ شَهِدُوْا فَلَا تَشْهَدْ مَعَهُمْ ۚ وَلَا تَتَّبِعْ اَهْوَآءَ الَّذِيْنَ كَذَّبُوْا
بِاٰيٰتِنَا وَالَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ وَهُمْ بِرَبِّهِمْ يَعْدِلُوْنَ ﴿۱۵۰﴾ ع

તરજુમો :

હવે મુશ્રિક કહેશે, જો અલ્લાહે ઈચ્છ્યું હોત તો અમે શિર્ક ન કર્યું હોત અને ન જ અમારા બાપદાદાએ અને ન જ અમે કોઈ વસ્તુ હરામ કરી લીધી હોત, એ જ પ્રમાણે તેમનાથી આગળનાઓ જૂઠાડતા રહ્યા એટલે સુધી કે તેમણે અમારો અઝાબ ચાખ્યો, તમે કહી આપો ! તમારી પાસે કંઈ જ્ઞાન પણ છે કે તેને અમારી સામે જાહેર કરો ? તમે તો નરી અટકળો ઉપર ચાલો છો અને માત્ર અનુમાનો જ કરો છો. (૧૪૮) તમે કહી આપો ! બસ અલ્લાહની હુજ્જત સંપૂર્ણ છે, બસ જો તેણે ઈચ્છ્યું હોત તો તેણે તમારા સૌને હિદાયત કરી દીધી હોત. (૧૪૯) તમે કહો કે લાવો પોતાના ગવાહ ! જે એ વાતની

ગવાહી આપે કે અલ્લાહે આ વસ્તુઓને હરામ કરી છે, પછી જો તેઓ એવી ગવાહી આપે તો પણ તમે તેમનો એ'તેબાર ન કરો અને તેમની ખુશી ઉપર ન ચાલો જેમણે અમારા હુકમોને જૂઠાડ્યા અને જેઓ આખિરતનું યકીન નથી કરતા અને તેઓ અન્યોને પોતાના પરવરદિગાર સમકક્ષ ઠરાવે છે.(૧૫૦)

તફસીર :

મુશ્રિકો હવે કહેશે કે, જો અલ્લાહ તઆલાને (પોતાની મરજીથી એ બાબત) મંજૂર હોત (કે અમે શિર્ક અને હરામ કામો ન કરીએ એટલે કે, અલ્લાહ તઆલાએ શિર્ક અને હરામ કરવાને પસંદ ન કર્યું હોત) તો ન અમે શિર્ક કર્યું હોત, ન (જ) અમારા બાપ-દાદાએ (શિર્ક કર્યું હોત) અને ન અમે (અને ન જ અમારા વડીલોએ) કોઈ વસ્તુને (જેનું આગલી આયતોમાં વર્ણન આવી ચૂક્યું છે) હરામ કરી શક્યા હોત. (આથી જાણ થાય છે કે, અલ્લાહ તઆલા આ શિર્ક અને હરામ કરવાથી નારાજ નથી. અલ્લાહ તઆલા જવાબ આપે છે કે, આ દલીલ એટલા માટે ખોટી છે કે, તેમના ઉપર રસૂલને જૂઠાડવાનો આરોપ છે, બસ આ લોકો રસૂલોને જૂઠાડી રહ્યા છે જે પ્રમાણે તેઓ કરી રહ્યા છે) એ જ પ્રમાણે જે (કાફિર) લોકો તેમનાથી પહેલાં થઈ ચૂક્યા છે તેમણે પણ (રસૂલોને) જૂઠાડ્યા હતા, એટલે સુધી કે તેમણે અમારા અઝાબનો સ્વાદ ચાખ્યો. (ભલે દુનિયામાં હોય જેમકે મોટા ભાગના આગલા કાફિરો ઉપર અઝાબ નાઝિલ થયો છે અથવા તો મૃત્યુ પછી તો દેખીતું જ છે અને એ ઈશારો છે તે તરફ કે, તે લોકોના કુફ્રના મુકાબલામાં ફક્ત મૌખિક જવાબ અને મુનાજરા ઉપર બસ કરવામાં નહીં આવે બલકે, અગાઉ થઈ ચૂકેલા કાફિરોના દષ્ટાંત પ્રમાણે તેમને યોગ્ય સજા પણ આપવામાં આવશે, ભલે દુનિયામાં આપવામાં આવે અથવા આખિરતમાં. આગળ બીજો જવાબ આપવા માટે ઈરશાદ છે કે) તમે (તેમને) કહો કે, શું તમારી પાસે (આ મુકદમા ઉપર) કોઈ દલીલ છે ? (જો છે) તો તેને અમારી રૂબરૂ જાહેર કરો (વાસ્તવિકતા એ છે કે તેમની પાસે દલીલ વગેરે કંઈ નથી). તમે (તેમને) કહો કે, બસ (બંને જવાબોથી જાણ થઈ કે) સંપૂર્ણ દલીલ અલ્લાહની જ છે (અને તમારી દલીલ જૂઠી છે), ત્યારબાદ (તકાદો તો એ હતો કે તમે સૌ માર્ગ ઉપર આવી જાઓ પરંતુ તેની

તવફીક પણ અલ્લાહ તરફથી જ છે) જો તેણે ઈચ્છયું હોત તો તમને સૌને (સીધા) માર્ગ ઉપર લઈ આવ્યો હોત (પરંતુ અલ્લાહ તઆલાની ઘણી બધી હિકમતો છે, કોઈને તવફીક આપી અને કોઈને ન આપી. અલબત્ત, સત્યની જાહેરાત અને ઈરાદાનો અધિકાર અર્પણ કરવો સૌના માટે સામાન્ય છે. આગળ વર્ણન થયેલ દલીલના તકાદા માટે ઈરશાદ ફરમાવ્યો છે) તમે (તેમને) કહી આપો કે (પોતાની બૌદ્ધિક દલીલની પરિસ્થિતિ તો તમને જાણ થઈ ગઈ. વારું, હવે કોઈ સાચી સનદવાળી દલીલ રજૂ કરો, દાખલા તરીકે) પોતાના ગવાહોને લાવો જે તે વાતની (કાયદેસર) ગવાહી આપે કે, અલ્લાહ તઆલાએ આ (પ્રસ્તુત) વસ્તુઓને હરામ કરી આપી છે (કાયદેસર ગવાહી તે છે જે સાબિતીઓ ઉપર આધારિત હોય અથવા એવી ઠોસ દલીલો ઉપર આધારિત હોય જે વિશ્વાસ કરવાપાત્ર સમજવામાં આવે, જેમકે (اَمۡ كُنۡتُمۡ شُهَدَآءَ اِذۡ وَصّٰكُمُ) પછી જો (કદાચ કોઈ જૂઠા ગવાહો લઈ આવે અને) તે (ગવાહો તેની) ગવાહી (પણ) આપી દે તો (કારણ કે તે ગવાહીઓ ચોક્કસ ખોટી અને ફક્ત મૌખિક મનઘડત હશે, કારણ કે તેમની પાસે કોઈ પ્રત્યક્ષ સાબિતી સ્વરૂપે દલીલ નથી અને તેમણે કંઈ નજરે જોયું પણ નથી. એટલા માટે) તમે આ ગવાહીઓને કાને ન ધરજો અને (જ્યારે તેમનું જૂઠા હોવું જેમકે كَذٰلِكَ كَذَّبَ.... અને وَلَا حَرَّمۡنَا સાબિત છે અને આખિરતના મુન્કિર હોવું જેમકે ઘણી બધી આયતોથી સાબિત થયેલ છે અને મુશ્રિક હોવું اَشۡرَكۡنَا થી સાબિત થયેલ છે તો હવે હે શ્રોતાગણ !) એવા લોકોની ખોટી કલ્પનાઓનું (જેનું જૂઠું હોવું સાબિત થઈ ચૂક્યું છે) અનુસરણ ન કરજો જેઓ અમારી આયતોને જૂઠાડે છે અને જેઓ આખિરત ઉપર ઈમાન નથી ધરાવતા (અને એ જ કારણે તેઓ નીડર થઈ ગયા છે કે, સત્યની શોધખોળ પણ કરતા નથી) અને તેઓ (ઈબાદતના હકદાર હોવામાં) પોતાના પરવરદિગારની સમકક્ષ અન્યોને ભાગીદાર ઠરાવે છે (એટલે કે શિર્ક કરે છે).

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૫૧ થી ૧૫૩)

قُلْ تَعَالَوْا أَتْلُ مَا حَرَّمَ رَبُّكُمْ عَلَيْكُمْ أَلَّا تُشْرِكُوا بِهِ شَيْئًا وَبِالْوَالِدَيْنِ إِحْسَانًا وَلَا
تَقْتُلُوا أَوْلَادَكُمْ مِنْ إِمْلَاقٍ نَحْنُ نَرْزُقُكُمْ وَإِيَّاهُمْ وَلَا تَقْرَبُوا الْفَوَاحِشَ
مَا ظَهَرَ مِنْهَا وَمَا بَطَنَ وَلَا تَقْتُلُوا النَّفْسَ الَّتِي حَرَّمَ اللَّهُ إِلَّا بِالْحَقِّ ذَٰلِكُمْ وَصَّاكُمْ
بِهِ لَعَلَّكُمْ تَعْقِلُونَ ﴿١٥١﴾ وَلَا تَقْرَبُوا مَالَ الْيَتِيمِ إِلَّا بِالَّتِي هِيَ أَحْسَنُ حَتَّىٰ يَبْلُغَ
أَشُدَّهُ وَأَوْفُوا الْكَيْلَ وَالْمِيزَانَ بِالْقِسْطِ لَا نُكَلِّفُ نَفْسًا إِلَّا وُسْعَهَا
وَإِذَا قُلْتُمْ فَاعْدِلُوا وَلَوْ كَانَ ذَا قُرْبَىٰ وَبِعَهْدِ اللَّهِ أَوْفُوا ذَٰلِكُمْ وَصَّاكُمْ بِهِ لَعَلَّكُمْ
تَذَكَّرُونَ ﴿١٥٢﴾ وَأَنَّ هَٰذَا صِرَاطِي مُسْتَقِيمًا فَاتَّبِعُوهُ وَلَا تَتَّبِعُوا السُّبُلَ فَتَفَرَّقَ
بِكُمْ عَنْ سَبِيلِهِ ذَٰلِكُمْ وَصَّاكُمْ بِهِ لَعَلَّكُمْ تَتَّقُونَ ﴿١٥٣﴾

તરજુમો :

તમે કહો; આવો તમે ! હું સંભળાવી આપું જે તમારા ઉપર તમારા પરવરદિગારે હરામ કર્યું છે કે તેની સાથે કોઈ વસ્તુને શરીક ન કરો, અને માં-બાપની સાથે નેકી (ભલાઈ) કરો અને પોતાની અવલાદને નાદારી(ના ડર)થી મારી ન નાંખો, અમે તમને અને તેમને રોજી આપીએ છીએ; અને બેહયાઈ (નિર્લજ્જતા)ના કામની પાસે (પણ) ન જાઓ કે જે તેમાંથી જાહેર હોય અને જે છુપું હોય, અને તે જીવની હત્યા ન કરો જેને અલ્લાહે હરામ કર્યું છે પરંતુ હક ઉપર; તમને આ હુકમ કર્યો છે જેથી તમે સમજો. (૧૫૧) અને યતીમના માલની પાસે (પણ) ન જાઓ પરંતુ એ રીતે કે બહેતર હોય એટલે સુધી કે પોતાની યુવાનીએ પહોંચી જાય, અને માપ અને તોલ ન્યાયપૂર્વક પૂરેપૂરું કરો, અમે કોઈના જિમ્મે તે જ વસ્તુ જરૂરી કરીએ છીએ જેની તેને શક્તિ હોય; અને જ્યારે વાત કહો તો હકની કહો જો કે તે પોતાના નજીકના જ (કેમ ન) હોય ! અને અલ્લાહનો કરાર પૂરો કરો; તમને આ હુકમ કરી દીધો છે જેથી તમે નસીહત પકડો. (૧૫૨) અને બેશક ! આ

મારો સીધો માર્ગ છે, બસ તેના ઉપર ચાલો અને તે માર્ગો ઉપર ન ચાલો કે તમને અલ્લાહના માર્ગોથી વિખૂટા કરી દેશે, તમને આ હુકમ કરી આપ્યો છે જેથી તમે બચતા રહો. (૧૫૩)

તફસીર :

(હે નબી ﷺ !) તમે (તેમને) કહો કે આવો ! હું તમને તે વસ્તુઓ પઢીને સંભળાવું જેને તમારા પરવરદિગારે તમારા ઉપર હરામ ઠરાવી છે, (તે વસ્તુઓ એ છે કે, એક) એ કે અલ્લાહ તઆલાની સાથે કોઈ વસ્તુને ભાગીદાર ન ઠરાવો (બસ, તેની સાથે અન્યને ભાગીદાર ઠરાવવું હરામ થયું) અને (બીજું એ કે) માં-બાપ સાથે ભલાઈ કર્યા કરો (બસ, તેમની સાથે ખરાબ વ્યવહાર કરવો હરામ થયો) અને (ત્રીજું એ કે) પોતાના સંતાનોની નાદારીના કારણે (જેમકે અજ્ઞાનતાના સમયમાં આ કુરિવાજ પ્રચલિત હતો) હત્યા ન કર્યા કરો (કારણ કે) અમે તેમને અને તમને (બંનેને) રોજી (નિશ્ચિત માત્રામાં) આપીશું (તે તમારી નિશ્ચિત માત્રાની મુકદ્દર થયેલ રોજીમાં ભાગીદાર નથી તો પછી શા માટે તેમની હત્યા કરો છો ? બસ, તેમની હત્યા કરવી હરામ છે) અને (ચોથું એ કે) નિર્લજ્જતા (એટલે કે જાતીય દુષ્કૃત્યો)ના જેટલાય કામો છે તેની પાસે પણ ન ફરકો (બસ, વ્યભિચાર કરવો હરામ છે) ભલે તે જાહેરમાં હોય અથવા ગુપ્ત હોય અને (પાંચમું એ કે) જેની હત્યા કરવી અલ્લાહ તઆલાએ હરામ ઠરાવી છે તેની હત્યા ન કરો; હા ! પરંતુ કોઈ (શરઈ) હક ઉપર (કત્લ કરવું જાઈઝ છે, દાખલા તરીકે "કિસાસ" અથવા "રજમ" વગેરેમાં, બસ નાહક હત્યા કરવી હરામ છે) એ (સૌ)નો તમને (અલ્લાહ તઆલાએ) તાકીદી હુકમ આપ્યો છે જેથી તમે (તેને) સમજો (અને સમજીને અમલ કરો) અને (છઠ્ઠું એ કે) યતીમોના માલની પાસે (પણ) ન જાઓ (એટલે કે તેને પોતાના માટે ખર્ચ ન કરો) પરંતુ એવી રીતે (ખર્ચ કરવાની પરવાનગી છે) જે (શરીઅત પ્રમાણે યતીમોના) લાભમાં છે (દાખલા તરીકે, તે માલ યતીમોના કામમાં વાપરવો, તેની હિફાઝત કરવી અને અમુક વડીલો અથવા સાર-સંભાળ લેનાર તેમાંથી તે યતીમ માટે વેપાર કરે તેની પણ પરવાનગી છે), અહીંયાં સુધી કે તે પોતાની યુવાની(ની વયમર્યાદા)એ પહોંચી જાય (તે સમય સુધી તેમાં ઉપરોક્ત પ્રમાણે ઉપયોગની પરવાનગી છે અને પછી તેમનો માલ તેમને સોંપી દેવામાં આવશે એ શરતે કે તે "સફીહ"-

પાગલ અથવા મંદબુદ્ધિનો ન હોય, બસ યતીમના માલનો ગેરશરઈ રીતે ખર્ચ કરવો હરામ છે) અને (સાતમું એ કે) માપ અને તોલ સંપૂર્ણ રીતે બરાબર કર્યા કરો ન્યાયની સાથે (કે કોઈનો હક તમારી પાસે ન રહે અને કોઈનો હક ન દબાવા પામે, બસ આ માપ અને તોલમાં દગો કરવો હરામ છે અને આ હુકમો મુશ્કેલ નથી, કારણ કે) અમે (તો) કોઈ વ્યક્તિને તેની શક્તિથી વધારે (હુકમોની) તકલીફ (પણ) નથી આપતા (પછી તે હુકમોમાં ઉણપ કેમ રાખવામાં આવે ?) અને (આઠમું એ કે) જ્યારે તમે (ફેંસલો અથવા ગવાહી વગેરે વિશે કોઈ) વાત કર્યા કરો તો (તેમાં) ન્યાય(નું ધ્યાન) રાખ્યા કરો, ભલે તે વ્યક્તિ (જેના મુકાબલામાં તે વાત કહી રહ્યો છે તે તમારો નજીકનો) સગો-વહાલો જ હોય (બસ, ન્યાય વિરુદ્ધ વર્તવું હરામ છે) અને (નવમું એ કે) અલ્લાહ તઆલા સાથે જે કરાર કર્યો (જેમકે કસમ અથવા કોઈ નજર એ શરતે કે તે શરીઅત પ્રમાણે હોય) તેને પૂરો કર્યા કરો (બસ, તે કરાર પૂરો ન કરવો હરામ છે), એ (બધા)નો અલ્લાહ તઆલાએ તમને તાકીદી હુકમ આપ્યો છે જેથી તમે યાદ રાખો (અને અમલ કરો) અને એ (પણ કહી આપો) કે (માત્ર આ હુકમોની કોઈ વિશેષતા નથી બલકે) આ દીન (ઈસ્લામ અને તેના તમામ હુકમો) મારો માર્ગ છે (જેના તરફ હું અલ્લાહના હુકમથી તમને આમંત્રણ આપું છું) કે જે (બિલકુલ) મુસ્તકીમ (સત્ય અને સીધો માર્ગ) છે, બસ તે માર્ગ ઉપર ચાલો અને અન્ય માર્ગો ઉપર ન ચાલો કે તે માર્ગો તમને અલ્લાહના માર્ગથી (જેના તરફ હું તમને આમંત્રણ આપી રહ્યો છું તેનાથી) વિખુટા (અને ખૂબ દૂર) કરી આપશે તેનો તમને અલ્લાહ તઆલાએ તાકીદી હુકમ આપ્યો છે જેથી તમે (તેના માર્ગ વિરુદ્ધ ચાલવાથી) પરહેઝ કરો (એટલે કે કાળજી રાખી બચેલા રહો).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાં પણ એનું જ વર્ણન છે જે વિષયનું વર્ણન લગભગ બે-ત્રણ રુકૂઅ્થી સતત આ વિષયના સંદર્ભમાં થઈ રહ્યું છે કે, બેદરકાર અને અજ્ઞાન મનુષ્યએ પૃથ્વી અને આસમાનની સમગ્ર વસ્તુઓને પેદા કરનાર અહકમુલ હાકિમીનના નાઝિલ કરેલ કાયદાને છોડીને પોતાના બાપદાદાના અને મનઘડત કુરિવાજોને પોતાનો દીન બનાવી દીધો છે. જે વસ્તુઓને અલ્લાહ તઆલાએ હરામ કરી હતી તેને જાઇઝ સમજી તેનો ઉપયોગ કરવા લાગ્યા છે અને જે

વસ્તુઓને અલ્લાહ તઆલાએ હલાલ ઠરાવી હતી તેને પોતાના માટે હરામ ઠરાવી લીધી છે અને અમુક વસ્તુઓને પુરુષો માટે જાઇઝ અને સ્ત્રીઓ માટે હરામ અને અમુકને સ્ત્રીઓ માટે હલાલ અને પુરુષો માટે હરામ ઠરાવી દીધી છે.

આ ત્રણે આયતોમાં તે વસ્તુઓનું વર્ણન છે જેને અલ્લાહ તઆલાએ હરામ ઠરાવી દીધી છે. વિગતવાર વર્ણનમાં નવ વસ્તુઓનું વર્ણન છે, ત્યારબાદ દશમો હુકમ આ પ્રમાણે વર્ણન કરવામાં આવ્યો, هٰذَا صِرَاطِي مُسْتَقِيمًا فَاتَّبِعُوهُ એટલે કે આ દીન મારો સીધો માર્ગ છે, તેના ઉપર ચાલો. રસૂલે કરીમ ﷺના લાવેલા અને બતાવેલા દીન અને શરીઅત તરફ ઈશારો કરી તમામ હલાલ અને હરામ, જાઇઝ અને નાજાઇઝ, મકરૂહ અને મુસ્તહબ વસ્તુઓની વિગતોને એના હવાલે કરી દીધી કે, શરીઅતે મુહમ્મદિય્યહ ﷺએ જે વસ્તુઓને હલાલ બતાવી તેને હલાલ અને જે વસ્તુઓને હરામ ઠરાવી દીધી તેને હરામ સમજો અને પોતાના તરફથી આપમેળે હલાલ અને હરામના ફેંસલા ન કરતા ફરો.

પછી જે દશ વસ્તુઓનું વિગતવાર વર્ણન આ આયતોમાં આવ્યું છે તેમાં વાસ્તવિક હેતુ તો હરામ વસ્તુઓને વર્ણન કરવાનો છે, જેનો તકાદો એ હતો કે તે બધાને નકારાત્મક ક્રિયાપદ સાથે વર્ણન કરવામાં આવે પરંતુ કુર્આને કરીમે પોતાની ખાસ હિકમતભરી વર્ણનશૈલી હેઠળ તેમાંથી અમુક વસ્તુઓને હકારાત્મક રીતે હુકમ (આજ્ઞાર્થ)ના ક્રિયાપદ દ્વારા વર્ણન કરેલ છે અને તેનો હેતુ એ છે કે એના વિરુદ્ધ કરવું હરામ છે. (કશ્શાફ) તેની હિકમત આગળ જાણ થઈ જશે, તે દશ વસ્તુઓ જે હરામ હોવાનું વર્ણન આ આયતોમાં આવ્યું છે તે આ છે.

(૧) અલ્લાહ તઆલા સાથે ઈબાદત અને આજ્ઞાપાલનમાં કોઈને ભાગીદાર ઠરાવવો.

(૨) માં-બાપ સાથે સારો વર્તાવ ન કરવો.

(૩) ફકીરી અથવા નાદારીના ડરથી પોતાના સંતાનોની હત્યા કરવી.

(૪) નિર્લજ્જતા (બેશરમી)ના કૃત્યો કરવા. (અર્થાત વ્યભિચાર વગેરે)

(૫) કોઈની નાહક હત્યા કરવી.

(૬) યતીમોનો માલ નાજાઇઝ પદ્ધતિથી ખાઈ જવો.

(૭) માપ અને તોલમાં કમી કરી ઓછું આપવું.

(૮) ગવાહી અથવા ફેંસલો અથવા બીજી અન્ય બાબતોમાં નાઇન્સાફી કરવી.

(૯) અલ્લાહ તઆલાના કરારને પૂરો ન કરવો.

(૧૦) અલ્લાહ તઆલાના સીધા માર્ગને છોડીને ડાબે-જમણે બીજા માર્ગો અપનાવવા.

પ્રસ્તુત આયતોની મહત્ત્વની વિશેષતાઓ :

કઅ્બ અહબાર જે તવરાતના નિષ્ણાત આલિમ છે, પ્રથમ યહૂદી હતા પછી મુસલમાન થયા. તેઓ ફરમાવે છે કે, "કુર્આન મજીદની આ આયતો જેમાં દશ વસ્તુઓનું વર્ણન છે, અલ્લાહની કિતાબ તવરાતમાં બિસ્મિલ્લાહ પછી આ જ આયતો શરૂ થાય છે. (اِنْتَهٰى) અને કહેવામાં આવ્યું છે કે, આ દશ આદેશો તે છે જે હઝરત મૂસા (અલૈ.) ઉપર નાઝિલ થયા હતા."

કુર્આનના વિવરણકાર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, આ જ તે "મુહકમાત" આયતો છે જેનું વર્ણન સૂરએ આલિ ઈમ્રાનમાં આવ્યું છે કે, જેના ઉપર હઝરત આદમ (અલૈ.)થી લઈને ખાતમુલ અંબિયા ﷺ સુધી બધા જ અંબિયા (અલૈ.)ની શરીઅતો સહમત રહી છે. તેમાંથી કોઈ વસ્તુ કોઈ ધર્મ અથવા મિલ્લતમાં અને કોઈ શરીઅતમાં મન્સૂખ (રદ) નથી થઈ.

(તફસીરે બહરે મુહીત)

આ આયતો રસૂલુલ્લાહ ﷺનું વસિયતનામું છે :

તફસીરે ઈબ્ને કષીરમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી નકલ કરવામાં આવ્યું છે, તેમણે ફરમાવ્યું કે "જે વ્યક્તિ રસૂલે કરીમ ﷺના એવા વસિયતનામાને જોવા ઈચ્છે જેના ઉપર આપ ﷺની મહોર (સિક્કો) લાગેલી છે તો તે આ આયતો પઢી લે. એમાં તે વસિયત મોજૂદ છે જે રસૂલે કરીમ ﷺએ અલ્લાહના હુકમથી ઉમ્મતને કરી છે."

અને હાકિમે હઝરત ઉબાદહ બિન સામિત (રદિ.)થી નકલ કર્યું છે કે, રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને સંબોધન કરીને ફરમાવ્યું, "કોણ છે જે મારી સાથે ત્રણ આયતો ઉપર "બયઅત" (કરાર) કરે ?" પછી ત્રણ

આયતો તિલાવત કરીને ઇરશાદ કર્યો, "જે વ્યક્તિ આ બયઅતને પૂરી કરશે તો તેનો બદલો અલ્લાહ તઆલાની જવાબદારી થઈ ગયો."

હવે, આ દશ વસ્તુઓનું વિગતવાર વર્ણન અને ત્રણ આયતોનું વિવરણ જોઈ લઈએ. આ આયતોની શરૂઆત આ પ્રમાણે કરવામાં આવી કે, قُلْ تَعَالَوْا أَتْلُ مَا حَرَّمَ رَبُّكُمْ عَلَيْكُمْ તેમાં تَعَالَوْا (તઆલવ્)નો તરજુમો "આવી જાઓ" છે અને વાસ્તવમાં આ વાક્ય એવા સમયે બોલવામાં આવે છે જયારે કોઈ બોલાવનારો ઊંચા સ્થાને ઊભો થઈને નીચે ઊભેલાઓને પોતાની પાસે બોલાવી રહ્યો હોય. એમાં ઇશારો એ બાબત તરફ છે કે, આ આમંત્રણને સ્વીકાર કરવામાં તે લોકો માટે પ્રતિષ્ઠા અને સન્માન છે. ભાવાર્થ એ છે કે, રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને ફરમાવવામાં આવ્યું કે, "તમે તે લોકોને કહી આપો કે આવી જાઓ! જેથી હું તમને તે વસ્તુઓ પઢીને સંભળાવી આપું જે અલ્લાહ તઆલાએ તમારા ઉપર હરામ (પ્રતિબંધિત) કરી છે." અલ્લાહ તઆલા તરફથી આવેલો આ પ્રત્યક્ષ સંદેશ છે, એમાં કોઈનું અનુમાન કે કલ્પનાની કોઈ દખલગીરી નથી જેથી તમે તેનાથી બચવાની કાળજી રાખો અને વ્યર્થ રીતે પોતાના તરફથી અલ્લાહ તઆલાની હલાલ વસ્તુઓને હરામ ન કરતા ફરો.

આ આયતનું સંબોધન જો કે, પરોક્ષ રીતે મુશ્રિકોને છે પરંતુ સંબોધનનો વિષય સર્વસામાન્ય છે અને સમગ્ર મનુષ્યજાતિ આ સંબોધનમાં સામેલ છે. ભલે, મો'મિન હોય કે કાફિર, અરબ હોય કે બિનઅરબ અને હાજર હોય કે ભવિષ્યમાં આવનારી પેઢીઓ. *(બહરે મુહીત)*

સૌ પ્રથમ સૌથી મોટો ગુનોહ શિર્ક છે જેને હરામ કરવામાં આવ્યો છે:

આ કાળજીની સાથે સાથે સંબોધન કરીને પ્રતિબંધિત અને હરામ વસ્તુઓની યાદીમાં સૌ પ્રથમ આ ઇરશાદ ફરમાવ્યો, أَلَّا تُشْرِكُوا بِهِ شَيْئًا એટલે કે, "સૌથી પહેલું કામ એ છે કે અલ્લાહ તઆલાની સાથે કોઈને ભાગીદાર અથવા જોડીદાર ન સમજવામાં આવે." અરબના મુશ્રિકોની જેમ મૂર્તિઓને મઅ્બૂદ બનાવવા અથવા યહૂદીઓ અને નસારાની જેમ ઈસા (અલૈ.)ને ખુદા અથવા ખુદાના બેટા કહેવાના નથી અથવા અન્ય લોકોની જેમ કે જેઓ ફરિશ્તાઓને અલ્લાહની દિકરીઓ ઠરાવે છે અથવા તો અજ્ઞાની લોકો અંબિયા

(અલૈ.) અને વલીઓને જ્ઞાન અને શક્તિમાં અલ્લાહની સમકક્ષ ઠરાવે છે; તે બધું શિર્ક છે અને હરામ છે, તેનાથી બચવું જરૂરી છે.

શિર્કની વ્યાખ્યા અને તેના પ્રકારો :

તફસીરે મઝહરીમાં છે કે, શબ્દ شَيْـًٔا (શયઅન્)નો ભાવાર્થ અત્રે એ પણ હોઈ શકે છે કે, શિર્કના કોઈપણ પ્રકાર જાહેર હોય અથવા ગુપ્ત; એમાં ન સંડોવાવું જોઈએ. જાહેર શિર્ક તો સૌને ખબર છે કે કોઈ ગયરૂલ્લાહની ઈબાદત અને ઈતાઅતમાં અથવા તેને ખાસ સિફતોમાં અલ્લાહ તઆલાની સમકક્ષ અથવા તેનો જોડીદાર ઠરાવી દેવું છે અને ગુપ્ત શિર્ક એ છે કે, પોતાના કારોબાર અને.... દીની-દુનિયવી હેતુઓમાં તથા નફા-નુકસાનમાં જો કે, અકીદહ તો એ જ છે કે કાર્યસાધક તો માત્ર અલ્લાહ જ છે પરંતુ અમલની રૂએ અન્યોને કાર્યસાધક સમજે અને સમગ્ર પ્રયત્ન અન્યો સાથે જ સંલગ્ન રાખે અથવા ઈબાદતમાં રિયાકારી (દેખાડો) કરે કે અન્યોને બતાવવા માટે નમાઝ વગેરેને સારી રીતે પઢે અથવા સદકહ-ખયરાત માત્ર નામના મેળવવા માટે કરે અથવા અમલી રીતે (માન્યતાની રૂએ) નફા અને નુકસાનનો માલિક કોઈ ગયરૂલ્લાહ (અલ્લાહ સિવાય કોઈ અન્ય)ને ઠરાવે. શૈખ સઅ્દી (રહ.)એ આ વિષયને આ રીતે વર્ણન કર્યો છે,

در یں نوعے از شرک پوشیدہ است : کہ زیدم بہ بخشید وعمرم بخست

આ વાતોમાં પણ એક પ્રકારનો શિર્ક (ભાગીદારી)નો ગુનોહ છુપાયેલો છે,
કે (માન્યતાની રૂએ સમજે કે) ઝૈદે મને આપ્યું અને ઉમરે મારું નુકસાન કર્યું.

એટલે કે, એમાં પણ એક પ્રકારનું શિર્ક છુપાયેલું હોય છે કે વ્યક્તિ (અમલી રીતે) એવું સમજે છે કે મને ફલાણાએ કંઈક અર્પણ કરી દીધું અને ફલાણાએ નુકસાન પહોંચાડી દીધું. બલકે, વાસ્તવિકતા એથી વિશેષ કંઈ નથી કે બખ્શીશ અથવા નુકસાન જે કંઈ છે તે સર્વશક્તિમાન અલ્લાહ તઆલા તરફથી જ હોય છે. ફલાણો અને ફલાણો એક પડદો છે, જેના વર્તુળમાં બખ્શીશ અને નુકસાન જાહેર થાય છે, નહિતર એક સહીહ હદીષમાં છે કે, જો સમગ્ર દુનિયાના જિન્નાત અને મનુષ્ય ભેગા મળીને તમને એવો નફો પહોંચાડવા ઈચ્છે જે અલ્લાહ તઆલાએ તમારા માટે મુકદ્દરમાં નથી લખ્યો તો મજાલ નથી કે પહોંચાડી શકે.

એ જ પ્રમાણે જો સમગ્ર દુનિયાના જિન્નાત અને મનુષ્ય મળીને કોઈ એવું નુકસાન પહોંચાડવા ઇચ્છે જે અલ્લાહ તઆલાએ ઇચ્છ્યું નથી તો એ પણ શક્ય નથી.

ખુલાસો એ છે કે, શિર્ક જાહેર હોય અથવા ગુપ્ત, બંનેથી અત્યંત કાળજીપૂર્વક બચવું જરૂરી છે અને શિર્કમાં જે પ્રમાણે મૂર્તિઓ વગેરેનો પૂજા-પાઠ સામેલ છે, એ જ પ્રમાણે અંબિયા (અલૈ.) અને અવલિયા (રહ.)ને જ્ઞાન અને શક્તિમાં અલ્લાહ તઆલાની સમકક્ષ સમજવા પણ શિર્કમાં સામેલ છે. જો અલ્લાહ ન ચાહે કોઈનો અકીદહ એવો જ હોય તો તે જાહેર શિર્ક (એટલે કે, "શિર્કે જલી") છે અને અકીદહ ન હોય પરંતુ આચરણ એ પ્રમાણેનું છે તો તે "શિર્કે ખફી" એટલે કે ગુપ્ત શિર્ક કહેવાય છે. આ સ્થળે સૌ પ્રથમ શિર્કથી બચવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. કારણ એ છે કે, શિર્ક એવો ગુનોહ છે જેના વિશે કુર્આનમાં ફેંસલો છે કે તેની મા'ફી નથી. તેના સિવાય બીજા ગુનાહોની મા'ફી વિવિધ પ્રકારે થઈ શકે છે. એટલા માટે હદીષમાં હઝરત ઉબાદહ બિન સામિત (રદિ.)થી અને હઝરત અબૂદરદઅ્ (રદિ.)થી નકલ થયું છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલા સાથે કોઈને ભાગીદાર ન ઠરાવો ભલે, તમારા ટૂકડા કરી નાંખવામાં આવે અથવા તમને સૂળી ઉપર ચઢાવી દેવામાં આવે અથવા જીવતા સળગાવી દેવામાં આવે."

બીજો ગુનોહ; માં-બાપ સાથે બદ્સુલૂકી (ખરાબ વર્તણૂક) કરવી :

ત્યારબાદ બીજી વસ્તુ આ ઇરશાદ ફરમાવી, وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا એટલે કે, "માતા-પિતા સાથે ભલાઈનો વ્યવહાર અને સારી વર્તણૂક કરો." હેતુ તો આ સ્થળે એ છે કે, માતા-પિતાની અવજ્ઞા (અનાદર-નાફરમાની) ન કરો તેમને પીડા ન આપો પરંતુ હિકમતભરી શૈલીથી વર્ણન એ પ્રમાણે કરવામાં આવ્યું કે, માતા-પિતા સાથે ભલાઈનો વર્તાવ કરો. તેમાં એ તરફ ઈશારો થયો છે કે, માતા-પિતાના હકમાં ફક્ત એટલું પૂરતું નથી કે તેમની નાફરમાની ન કરો અને ત્રાસ ન આપો બલકે, સદ્વ્યવહાર અને ભલાઈના વર્તાવ દ્વારા તેમને રાજી અને ખુશ રાખવા ફરજ છે, જેનું વર્ણન અન્ય સ્થળે કુર્આને કરીમમાં આ પ્રમાણે આવ્યું છે. وَاخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ (૧૭ : ૨૪) એટલે કે, "મહોબ્બતમાં માયાળુ બની પોતાના બંને ખભાઓ તેમની સેવા માટે ઝૂકાવી દો."

આ આયતમાં માતા-પિતાને ત્રાસ આપવાને અથવા તકલીફ પહોંચાડવાને શિર્ક પછી બીજા નંબરનો અપરાધ ઠરાવવામાં આવ્યો છે. જેમકે, બીજી આયતોમાં તેમની ફરમાંબરદારી કરવાને અને તેમને સંતોષ આપવાને અલ્લાહ તઆલાએ પોતાની ઈબાદત સાથે જોડીને આ રીતે વર્ણન કર્યું છે.

وَقَضٰى رَبُّكَ اَلَّا تَعْبُدُوْٓا اِلَّآ اِيَّاهُ وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا ؕ

"(હે નબી ﷺ!) તમારા પરવરદિગારે એ ફેંસલો કરી આપ્યો છે કે તેના સિવાય કોઈની ઈબાદત ન કરો અને માતા-પિતા સાથે ભલાઈનો વર્તાવ કરો." *(સૂ. ૧૭ : આ. ૨૩)*

અન્ય એક સ્થળે ઈરશાદ છે,

اَنِ اشْكُرْ لِىْ وَلِوَالِدَيْكَ ؕ اِلَىَّ الْمَصِيْرُ ،

"મારો આભાર (શુક્ર) અદા કરો અને પોતાના માતા-પિતાનો અને પછી (તમારે બધાને જ) મારા જ તરફ પાછા વળીને આવવાનું છે (એટલે કે, જો આ બાબતોનો વિરોધ કરશો તો સજા થશે)." *(સૂ. ૩૧ : આ. ૧૪)*

સહીહૈનમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)થી રિવાયત છે કે, તેમણે રસૂલુલ્લાહ ﷺને પૂછ્યું કે, "સૌથી શ્રેષ્ઠ અને ઉત્તમ આચરણ કયું છે?" રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "નમાઝને તેના (નિશ્ચિત-જાઈઝ) સમયમાં પઢવી." ફરમાવે છે કે, "મેં ફરી સવાલ કર્યો કે ત્યારબાદ કયો અમલ શ્રેષ્ઠ છે?" તો ફરમાવ્યું, "માતા-પિતા સાથે સારો વર્તાવ." ત્યારબાદ ફરી પૂછ્યું કે, "તેના પછી કયો અમલ છે ?" ફરમાવ્યું, "અલ્લાહ તઆલાના રસ્તામાં જિહાદ (પવિત્ર યુદ્ધ)."

સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત ઉપસ્થિત છે કે, "એક દિવસે રસૂલ ﷺએ ત્રણ વખતે ફરમાવ્યું, رَغِمَ اَنْفُهٗ رَغِمَ اَنْفُهٗ رَغِمَ اَنْفُهٗ એટલે કે, અપમાનિત થઈ ગયો ! અપમાનિત થઈ ગયો ! અપમાનિત થઈ ગયો! સહાબએ કિરામ (રદિ.)એ વિનંતી કરી કે, યા રસૂલુલ્લાહ ﷺ ! કોણ અપમાનિત થઈ ગયો ? ફરમાવ્યું, તે વ્યક્તિ જેણે પોતાના માતા-પિતાને અથવા

તેમાંથી એકને ઘડપણના સમયમાં પામ્યા અને પછી તે જન્નતમાં દાખલ ન થયો.''

મતલબ એ છે કે, ઘડપણના સમયમાં માતા-પિતાની સેવાથી જન્નત પ્રાપ્ત થવી યકીની છે. તે વ્યક્તિ ખૂબ અધમ કક્ષાના અપમાનમાં અને વંચિતતાની દશામાં છે જેણે આટલી સસ્તી જન્નતને હાથથી ખોઈ નાંખી. સસ્તી એટલા માટે કે, માતા-પિતા જે સ્વાભાવિક રીતે સંતાનો ઉપર પોતે જ દયાળુ હોય છે અને થોડી સેવાથી પણ ઘણા ખુશ થઈ જાય છે તેમને ખુશ કરવા માટે બહુ મોટું કૃત્ય કરવાની જરૂર નથી હોતી અને ઘડપણની શરત એટલા માટે છે કે, જે સમયે માતા-પિતા તંદુરસ્ત અને સશક્ત હોય છે અને પોતાની આવશ્યકતાઓ પોતે જ પૂર્ણ કરી શકતા હોય છે બલકે, સંતાનોની પણ આર્થિક અને શારીરિક મદદ કરતા હોય છે, તે સમયે ન તો તેઓ સેવાના મોહતાજ છે, ન જ તેમની સેવાનું ખાસ વજન છે. કદર કરવા લાયક સેવા તે સમયે જ થઈ શકે છે જ્યારે કે, તેઓ ઘડપણના કારણે લાચાર થઈ જાય.

ત્રીજું હરામ; સંતાનોની હત્યા કરવી :

ત્રીજી વસ્તુ જેનું હરામ હોવું આ આયતોમાં વર્ણન થયું છે તે સંતાનોની હત્યા છે અને વર્ણનની યોગ્યતાના આધારે તેના અગાઉ માતા-પિતાના હકનું વર્ણન થયું હતું, જે સંતાનોની જવાબદારી છે અને અત્રે હવે એનું વર્ણન છે જે સંતાનો પ્રત્યે માં-બાપની જવાબદારી છે. સંતાનો સાથે ખરાબ વ્યવહારની સૌથી બદ્તરીન દુર્ઘટનાઓ તે હતી જે અજ્ઞાનતાના કાળમાં તેમને જીવતા દફન કરી દેવાની અથવા તો તેમની હત્યા કરવાના સ્વરૂપે પ્રચલિત હતી. આ આયતમાં તેનાથી રોકવામાં આવ્યા છે. ઈરશાદ ફરમાવ્યો, وَلَا تَقْتُلُوْا اَوْلَادَكُمْ مِّنْ اِمْلَاقٍ ؕ نَحْنُ نَرْزُقُكُمْ وَاِيَّاهُمْ એટલે કે, ''નાદારીના (ડરના) કારણે પોતાના સંતાનોની હત્યા ન કરો, અમે તેમને પણ રોજી આપીએ છીએ અને તમને પણ.''

અજ્ઞાનતાના કાળમાં નિર્દયી અને કઠોર હૃદયના લોકો દ્વારા આ ક્રૂર કુરિવાજ પ્રચલિત કરવામાં આવ્યો હતો કે જેના ઘરમાં પુત્રી પેદા થતી તે તેને આક્ષેપ અને નીચા-જોણું થવાના ડરથી કે કોઈને જમાઈ બનાવવો પડશે; જીવતી ખાડામાં દફન કરી દેતા હતા અને અમુક સમયે એ ડરથી કે સંતાનોની જીવન

જરૂરિયાત અને ખાવા–પીવાનો સામાન ભેગો કરવામાં મુશ્કેલીઓ પડશે; આ કઠણ કાળજાના માનવી પોતાના જ સંતાનોની પોતાના હાથે હત્યા કરી નાંખતા હતા. કુર્આને કરીમે આ કુરિવાજને સમાપ્ત કરી દીધો અને ઉપર જે આદેશ પ્રસ્તુત થયો તેમાં તેમની આ માનસિક બીમારીનો પણ ઈલાજ કરવામાં આવ્યો જેના કારણે તેઓ આ અધમ કક્ષાના અપરાધમાં સંડોવાયેલા હતા કે, બાળકોને ખાવું ક્યાંથી ખવડાવીશું ? અલ્લાહ તઆલાએ આ આયતમાં બતાવી દીધું કે, ખાવું ખવડાવવા અને રોજી પહોંચાડવાની વાસ્તવિક જવાબદારી તમારી નથી, આ કામ સીધે–સીધું હક સુબ્હાનહુ વ તઆલાનું છે. તમે પોતે પોતાની રોજી અને ખોરાકના પણ એ જ પ્રમાણે મોહતાજ છો, તે જ તમને આપે છે અને તમારા બાળકોને પણ આપે છે. અલ્લાહ તઆલા જો તમને ન આપે તો તમારી શું મજાલ છે કે, ઘઉંનો એક દાણો અથવા ચોખાનો એક દાણો પોતે ઉત્પન્ન કરી શકો !? જમીનની અંદર બીજનું એક કુંપળના સ્વરૂપમાં કેટલાય મણ માટી ચીરી–ફાડીને નીકળવું, પછી તેને વૃક્ષનું સ્વરૂપ આપવું, તેમાં ફળ–ફૂલ લગાવવા કોનું કામ છે ? શું માતા–પિતા આ કામ કરી શકે છે ? આ બધું તો સર્વશક્તિમાનની સંપૂર્ણ શક્તિ અને હિકમતના ચમત્કાર છે. મનુષ્યની પ્રવૃત્તિની તેમાં કોઈ દખલગીરી નથી અને છે તો ફક્ત તે એટલું કરી શકે છે કે જમીનને ખેડી, ખોડી પોચી કરે અને કુંપળ નીકળે ત્યારે પાણી આપે, તેનું રક્ષણ કરે પરંતુ ફૂલ અને ફળ પેદા કરવામાં તેની નજીવી પણ દખલગીરી નથી. જાણ થઈ કે, માતા–પિતાની એ ભ્રામક માન્યતા છે કે અમે સંતાનોને રોજી આપીએ છીએ. બલકે, અલ્લાહ તઆલાના જ ગચ્બના ગુપ્ત ખજાનામાંથી માતા–પિતાને પણ મળે છે અને સંતાનોને પણ ! એટલા માટે આ સ્થળે માતા–પિતાના વર્ણનને અગ્રિમતા આપીને ફરમાવ્યું કે, અમે તમને પણ રોજી આપીએ છીએ અને તેમને પણ. અહીંયાં માં–બાપને અગ્ર સ્થાને રાખવામાં એ તરફ ઈશારો હોઈ શકે છે કે, તમને રોજી એટલા માટે આપવામાં આવે છે કે, તમે સંતાનોને પહોંચાડો, જેમકે એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, اِنَّمَا تُنْصَرُوْنَ وَتُرْزَقُوْنَ بِضُعَفَاءِ كُمْ એટલે કે, "તમારા અશક્ત લોકોના પ્રતાપે અલ્લાહ તઆલા તમારી પણ સહાય કરે છે અને તમને રોજી આપે છે."

કુર્આને કરીમમાં સૂરએ ઈસ્રાઅ્માં પણ આ જ વિષય વર્ણન કરવામાં

આવ્યો છે, પરંતુ ત્યાં રોજીના મા'મલામાં સંતાનોને અગ્ર સ્થાને રાખી વર્ણન થયું છે, نَحْنُ نَرْزُقُهُمْ وَإِيَّاكُمْ (૧૭ : ૨૧) એટલે કે, "અમે તેમને પણ રોજી આપીશું અને તમને પણ." એમાં પણ તે તરફ ઈશારો છે કે, રોજી આપવાનો પ્રથમ હક અમારા સમીપ તે કમજોર-અશક્ત બાળકો છે જે પોતે કંઈ નથી કરી શકતા. તેમના પ્રતાપે તમને રોજી આપવામાં આવે છે.

સંતાનોની શિક્ષણ અને વર્તન ક્ષેત્રે કેળવણી ન કરવી અને બેદીની માટે સ્વતંત્ર છોડી મૂકવા પણ એક પ્રકારે સંતાનોની નૈતિક હત્યા જ છે :

સંતાનોની હત્યા કરવી એ અપરાધ અને સખત ગુનોહ હોવું જે આ આયતમાં વર્ણન કરવામાં આવ્યું છે તે જાહેર હત્યા કરવા અને મારી નાંખવાના સંદર્ભમાં તો દેખીતું છે, પરંતુ જો વિચાર કરવામાં આવે તો સંતાનોને શિક્ષણથી વંચિત રાખવા અને કેળવણી ન કરવી જેના પરિણામે તે અલ્લાહ અને રસૂલે કરીમ ﷺના આદેશો અને આખિરતની ચિંતાથી બેદરકાર બની જાય, દુષ્કૃત્યો અને નિર્લજ્જતામાં સપડાય જાય. આ પણ સંતાનોની નૈતિક હત્યાથી ઓછું અધમ કૃત્ય નથી. કુર્આને કરીમે તે વ્યક્તિને મૃત ઘોષિત કર્યો છે, જે અલ્લાહને ન ઓળખે અને તેની ઈતાઅત ન કરે. આ આયત أَوَمَنْ كَانَ مَيْتًا فَأَحْيَيْنَاهُ (૬:૧૨૩)માં એનું વર્ણન છે, જે લોકો પોતાની અવલાદને આચરણ અને નૈતિકતામાં ઠીકઠાક કરવામાં ધ્યાન નથી આપતા, તેમને સ્વતંત્ર છોડી દે છે અથવા એવું ખોટું શિક્ષણ અપાવે છે જેના પરિણામે ઈસ્લામી અખ્લાક અને નૈતિકતા નષ્ટ થઈ જાય તો તે પણ એક સ્વરૂપે સંતાનોની નૈતિક હત્યાનો અપરાધી છે અને શારીરિક હત્યાનો પ્રભાવ તો ફક્ત દુનિયાની અમુક દિવસની જિંદગીને બરબાદ કરે છે પરંતુ નૈતિક હત્યા મનુષ્યની આખિરત અને કાયમી જિંદગીને તબાહ અને બરબાદ કરી નાંખે છે.

[ભ્રૂણ હત્યા : માતાના ગર્ભમાં જ સંતાનોની હત્યાનું આધુનિક સ્વરૂપ :

આધુનિક યુગમાં કુટુંબ નિયોજનના નામે વસ્તી વધારાને અટકાવવા માટે કેટલીક પદ્ધતિઓ અપનાવવામાં આવે છે. જેમકે, કોઈપણ પ્રકારના શરઈ ઉઝર વિના કરવામાં આવતી નસબંધી, ઉપરાંત એક અત્યંત અધમ અને નીચ

કક્ષાનું કૃત્ય કરવામાં આવે છે તે એ કે, વિકાસ પામતા ગર્ભનો માતાના ઉદરમાં જ વિવિધ ડૉક્ટરી સાધનો અને દવાઓની મદદથી ગર્ભપાત કરાવી નાંખવામાં આવે છે. આ પણ એક પ્રકારની સંતાનોની હત્યાનું આધુનિક સ્વરૂપ જ છે. અલ્લાહ આપણ સૌને આવા ખોટા માર્ગો અપનાવવાથી બચાવે. આમીન. —અનુવાદક]

ચોથું હરામ કૃત્ય; નિર્લજ્જતા

ચોથી વસ્તુ જે હરામ હોવાનું આ આયતમાં વર્ણન છે તે બેહયાઈ અને નિર્લજ્જતાના કામો છે. તેના વિશે ઈરશાદ છે وَلَا تَقْرَبُوا الْفَوَاحِشَ مَا ظَهَرَ مِنْهَا وَمَا بَطَنَ એટલે કે, બેહયાઈની જેટલી બાબતો છે તેની પાસે પણ ન ફરકો, ભલે તે જાહેર હોય અથવા ગુપ્ત.

فَوَاحِشُ (ફવાહિશ) એ فَاحِشَةٌ (ફાહિશહ)નું બહુવચન છે. આ શબ્દ فَحَشُ (ફહશ) અને فَحْشَاءُ (ફહશાઅ્) અને فَاحِشَةٌ (ફાહિશહ) બધા ક્રિયાપદો છે, જેનો ઉર્દૂમાં અર્થ "બેહયાઈ" અને (ગુજરાતીમાં "નિર્લજ્જતા") કરવામાં આવે છે. કુર્આન અને હદીષની પરિભાષામાં દરેક એવા દુષ્ટ કર્મો માટે આ શબ્દો બોલવામાં આવે છે જેની બુરાઈ અને ફસાદનો પ્રભાવ બુરો હોય અને દૂર સુધી પહોંચે. ઈમામ રાગિબ (રહ.)એ મુફરદાતુલ કુર્આનમાં અને ઈબ્ને કષીર (રહ.)એ "નિહાયા"માં આ જ અર્થ વર્ણન કર્યો છે. કુર્આને કરીમમાં ઘણે ઠેકાણે "ફહશ" અને "ફહશા"ની મનાઈ વર્ણન થયેલ છે. એક આયતમાં ઈરશાદ છે, يَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ (સૂ. ૧૬ : આ. ૯૦) "તે તમને નિર્લજ્જ અને ગુનાહોના કૃત્યોથી રોકે છે." એક અન્ય ઠેકાણે ઈરશાદ છે, حَرَّمَ رَبِّيَ الْفَوَاحِشَ (૭ : ૩૩) "મારા પરવરદિગારે નિર્લજ્જ કૃત્યોથી અટકાવ્યા છે." વગેરે.

ફહશ અને ફહશાના આ સમજવામાં આવતા ભાવાર્થમાં સામાન્ય રીતે દરેક મોટા ગુનાહો સામેલ છે. ભલે, તે મૌખિક નિવેદનો વિશે હોય અથવા કર્મો વિશે હોય અથવા જાહેર પરિસ્થિતિના સંદર્ભમાં હોય અથવા ગુપ્તપણે હૃદય સાથે સંબંધિત હોય. બદકારી અને બેહયાઈ કે નિર્લજ્જતાના જેટલા કામો છે તે બધા પણ તેમાં સામેલ છે. એટલા માટે સામાન્ય બોલચાલની ભાષામાં આ શબ્દ વ્યભિચારના અર્થમાં પણ બોલવામાં આવે છે. કુર્આને કરીમની આ આયતમાં

"ફવાહિશ" એટલે કે, નિર્લજ્જતાની પાસે ફરકવાથી પણ રોકવામાં આવ્યા છે. જો તેને સામાન્ય બોલચાલની ભાષામાં સમજીએ તો સમગ્ર બુરી ટેવો અને ગુનાહના કાર્યો ભલે મૌખિક હોય અથવા શારીરિક રીતે હાથ-પગ વગેરેથી અથવા તો દિલ સાથે સંબંધ ધરાવતા હોય, બધું જ તેમાં સામેલ થઈ થયું અને જો સામાન્ય પ્રચલિત ખાસ અર્થમાં બેહયાઈ અથવા નિર્લજ્જતાને લેવામાં આવે તો તેનો અર્થ "બદકારી-વ્યભિચાર" અને તેનાથી સંલગ્ન તમામ ચેનચાળા અને કારણો હોઈ શકે છે.

ત્યારબાદ આ જ આયતમાં ફવાહિશની તફસીરમાં આ પણ ફરમાવ્યું, مَا ظَهَرَ مِنْهَا وَمَا بَطَنَ પ્રથમ વિવરણ પ્રમાણે જાહેર ફવાહિશને શારીરિક એટલે કે, જીભ અથવા હાથ-પગ વગેરેના તમામ પ્રકારના ગુનાહો સમજવામાં આવશે અને બાતિન દિલના ફવાહિશનો અર્થ તે ગુનાહ થશે જે ગુપ્ત રીતે દિલોમાં ધરબાયેલા છે. જેમકે હસદ (ઈર્ષ્યા), કીના (કપટ), લાલચ, નાશુક્રી, બેસબ્રી વગેરે.

અને બીજા પ્રકારની તફસીર પ્રમાણે જાહેર ફવાહિશનો ભાવાર્થ બેહયાઈ-નિર્લજ્જતાના કૃત્યો છે જેને ખુલ્લમ-ખુલ્લા કરવામાં આવે છે અને બાતિની એટલે કે, ગુપ્ત રીતે પણ કરવામાં આવે છે. ખુલ્લી બદકારી (વ્યભિચાર)માં તેના બધા જ ચેનચાળા અથવા તેના કારણો સામેલ છે. દાખલા તરીકે બુરી નિય્યતથી કોઈ સ્ત્રી તરફ જોવું, બુરી નિય્યતથી હાથ વગેરેથી સ્પર્શ કરવો, એ જ પ્રમાણે ખોટી નિય્યતથી વાતો કરવી; આ બધું જ તેમાં સામેલ છે અને બાતિની-ગુપ્ત નિર્લજ્જતા તે અધમ વિચારો, ઈરાદાઓ તથા તમન્નાઓ છે, જેને પૂરા કરવા માટે ગુપ્ત યુક્તિઓ કરતા રહેવું પણ સામેલ છે. જે ગુપ્ત યુક્તિઓ કોઈ બેહયાઈ અને વ્યભિચાર માટે કરવામાં આવે તે પણ એમાં સામેલ છે.

અને અમુક મુફસ્સિરોએ ફરમાવ્યું કે, જાહેર ફવાહિશ તે બેહયાઈ અને નિર્લજ્જતાના કાર્યો છે, જેનું બુરું હોવું સામાન્ય રીતે પ્રખ્યાત અને મશ્હૂર છે અને જેને બધા જ જાણે છે તથા બાતિની ફવાહિશનો અર્થ તે કૃત્યો છે જે અલ્લાહ સમીપ બેહયાઈના કાર્યો છે. જો કે, સામાન્ય રીતે લોકો તેને ખરાબ સમજતા નથી અથવા સામાન્ય લોકોને તે હરામ હોવાની જાણ હોતી નથી. દાખલા તરીકે,

પત્નીને ત્રણ તલાક આપી દીધા પછી પણ તેને પત્ની બનાવીને ઘરમાં રાખવી અથવા કોઈ એવી સ્ત્રી સાથે નિકાહ કરી લેવા જે શરીઅતની રૂએ તે વ્યક્તિ માટે હલાલ નથી.

ખુલાસો :

ખુલાસો એ છે કે, આ આયત ફવાહિશના વાસ્તવિક સમજવામાં આવતા અર્થના આધારે બધા જ જાહેર અને ગુપ્ત ગુનાહોને તથા પ્રખ્યાત અને સામાન્ય અર્થના આધારે વ્યભિચાર અને નિર્લજ્જતાની જેટલી પણ બાબતો જાહેર અથવા ગુપ્ત હોય છે; તે બધું જ સામેલ કરે છે અને એમાં આ હુકમ આપવામાં આવ્યો છે કે, આ વસ્તુઓની પાસે પણ ન ફરકો. પાસે ન ફરકવાનો અર્થ એ છે કે, એવી મજલિસો અને એવા સ્થળોથી પણ બચો જ્યાં જવાથી એવો ભય હોય કે, અમે ગુનાહમાં સપડાઈ જઈશું અને એવા કાર્યોથી પણ બચો જેનાથી તે ગુનાહોનો માર્ગ મોકળો બને. એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે.

مَنْ حَامَ حَوْلَ حَمًى اَوْشَكَ اَنْ يَّقَعَ فِيْهِ،

"જે વ્યક્તિ કોઈ પ્રતિબંધિત (ગુનાહના) સ્થળે હરે-ફરે છે તો તેના માટે અશક્ય (દૂર) નથી કે તે પણ તેમાં સામેલ થઈ જાય !"

એટલા માટે કાળજીનો તકાદો એ જ છે કે, જે સ્થળે જવાની મનાઈ છે તે સ્થળની આજુબાજુ પણ ન ફરકો.

પાંચમું હરામ; નાહક (અન્યાયી) હત્યા કરવી :

હરામ વસ્તુઓમાંથી પાંચમી વસ્તુ નાહક હત્યા કરવી છે, એના વિશે ઈરશાદ ફરમાવ્યો, وَلَا تَقْتُلُوا النَّفْسَ الَّتِىْ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّ એટલે કે, "જે વ્યક્તિનું ખૂન કરવું અલ્લાહે હરામ જાહેર કર્યું છે તેની હત્યા ન કરો, હા ! પરંતુ હક માટે." આ હકની વિગત રસૂલે કરીમ ﷺએ એક હદીષમાં વર્ણન કરી છે, જે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.) દ્વારા બુખારી અને મુસ્લિમમાં નકલ થઈ છે, તે એ છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, કોઈ મુસલમાનનું ખૂન હલાલ નથી પરંતુ ત્રણ બાબતોથી, એક એ કે તે શાદીશુદા (ઘર ગૃહસ્થીવાળો) હોવા છતાં વ્યભિચારમાં સંડોવાય, બીજું એ કે તેણે કોઈની નાહક હત્યા કરી

નાંખી, તેના કિસાસમાં તેને મારી નાંખવામાં આવે, ત્રીજું એ કે પોતાના સત્ય ધર્મ ઈસ્લામને છોડીને મુર્તદ બની જાય."

હઝરત ઉસ્માન ગની (રદિ.) જે સમયે બળવાખોરોના ઘેરામાં ઘેરાયેલા હતા અને એ લોકો તેમની હત્યા કરવા ઈચ્છતા હતા, તે સમયે પણ હઝરત ઉસ્માન (રદિ.)એ લોકોને આ હદીષ સંભળાવીને કહ્યું કે, "અલ્હમ્દુલિલ્લાહ ! હું આ ત્રણે વસ્તુઓથી બાકાત છું, મેં ઈસ્લામના સમયમાં તો શું અજ્ઞાનતાના કાળમાં પણ ક્યારેય વ્યભિચાર કર્યો નથી અને ન જ મેં કોઈની હત્યા કરી છે અને ન કદાપિ મારા દિલમાં એ ભ્રમ સુદ્ધાં આવ્યો કે હું મારા દીને ઈસ્લામને છોડી દઉં પછી તમે મને કઈ બીના ઉપર કતલ કરો છો ?"

અને વિના કારણે મુસલમાનની હત્યા કરવી જે પ્રમાણે હરામ છે એ જ રીતે કોઈ ગેરમુસ્લિમની હત્યા પણ એવી જ હરામ છે, જે કોઈ ઈસ્લામી પ્રદેશમાં દેશના કાયદાઓનો પાબંદ બનીને રહેતો હોય અથવા તો જેમની સાથે મુસલમાનોનો કરાર થયો છે.

તિરમિઝી અને ઈબ્ને માજહમાં અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, "રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે, જે કોઈ ઝિમ્મી ગેરમુસ્લિમની હત્યા કરી નાંખે તેણે અલ્લાહ તઆલાના કરારનો ભંગ કર્યો અને જે વ્યક્તિ અલ્લાહના કરારનો ભંગ કરે તે જન્નતની સુગંધ પણ નહીં સૂંઘી શકે, જ્યારે કે જન્નતની સુગંધ સિત્તેર વર્ષની મુસાફરીના સ્થળ સુધી પહોંચે છે."

આ આયતમાં દશમાંથી પાંચ હરામ અને નાજાઈઝ વસ્તુઓનું વર્ણન કર્યા પછી ઈરશાદ ફરમાવ્યો, ذٰلِكُمْ وَصّٰكُمْ بِهٖ لَعَلَّكُمْ تَعْقِلُوْنَ એટલે કે, "આ વસ્તુઓનો અલ્લાહ તઆલાએ તમને તાકીદપૂર્વક હુકમ આપ્યો છે જેથી તમે સમજો."

છઠ્ઠું હરામ; યતીમો (અનાથો)નો માલ નાજાઇઝ રીતે ખાઈ જવો :

બીજી આયતમાં છઠ્ઠો હુકમ યતીમોનો માલ નાજાઈઝ રીતે ખાઈ જવો હરામ હોવા વિશે ઈરશાદ ફરમાવ્યો, وَلَا تَقْرَبُوْا مَالَ الْيَتِيْمِ اِلَّا بِالَّتِيْ هِيَ اَحْسَنُ حَتّٰى يَبْلُغَ اَشُدَّهٗ (૧૭ : ૩૪) એટલે કે, "યતીમોના માલની પાસે ન જાઓ પરંતુ એવી રીતે જે ભલી હોય. એટલે સુધી કે, તે પોતાની પુખ્ત વયે પહોંચી જાય."

એમાં યતીમ-અનાથ નાબાલિગ (કિશોરાવસ્થાના) બાળકોના વાલીઓ અને તેમને પાલવનાર કે સાર-સંભાળ લેનાર લોકોને સંબોધન છે કે, તે તેમના માલને એક આગ જેવો સમજે અને તે માલ નાજાઇઝ રીતે ખાવામાં અથવા પોતાના માટે ઉપયોગમાં ન લેવામાં આવે, જેમકે બીજી આયતમાં આ જ શબ્દો સાથે આવ્યું છે કે, "જે લોકો યતીમોનો માલ નાજાઈઝ અને જુલમી રીતે ખાય છે તેઓ પોતાના પેટમાં આગ ભરી રહ્યા છે."

અલબત્ત, યતીમના માલનું રક્ષણ કરવું અને કોઈ એવા જાઈઝ વેપાર અથવા કારોબારમાં લગાવીને વધારવું જેમાં સામાન્ય રીતે સ્વાભાવિકપણે નુકસાનનો ભય ન હોય આ ભલાઈની રીત છે અને તે જરૂરી છે, યતીમોના વાલીઓએ એવું કરવું જોઈએ.

ત્યારબાદ યતીમના માલના રક્ષણની જવાબદારીની મર્યાદા બતાવી حَتّٰى يَبْلُغَ اَشُدَّهٗ એટલે કે, "અહીંયાં સુધી કે તે પોતાની કિશોરાવસ્થાએથી પુખ્ત વયે પહોંચી જાય તો વાલીની જવાબદારી પૂર્ણ થઈ ગઈ, તેનો માલ તેને સોંપી દેવામાં આવે."

શબ્દ اشد (અશદ)નો અસલી અર્થ "શક્તિ" થાય છે અને તેની શરૂઆત જમહૂર ઉલમાના મતે બાલિગ થઈ જવાથી અથવા પુખ્ત વયે પહોંચી જવાથી થાય છે, જે સમયે કિશોરમાં યુવાનીના ચિહ્નો નજરે પડવા લાગે અથવા તેની ઉંમર પંદર વર્ષ જેટલી પૂરી થઈ જાય તે સમયે તે શરીઅતની દૃષ્ટિએ બાલિગ ઠરાવવામાં આવશે.

અલબત્ત બાલિગ થયા પછી એ જોવામાં આવશે કે, તેનામાં પોતાના માલનું રક્ષણ કરવાની અને તેનો સાચો ઉપયોગ કે ખર્ચ કરવાની ક્ષમતા પેદા થઈ છે કે નહીં ? જો આવી ક્ષમતા દેખાય તો બાલિગ થતાની સાથે જ તેનો માલ તેને સોંપી દેવામાં આવે અને જો આ ક્ષમતા હજુ તેનામાં મોજૂદ નથી તો પચ્ચીસ વર્ષની ઉંમર સુધી માલનું રક્ષણ કરવું વાલીની જવાબદારી છે. તે દરમિયાનમાં જે સમયે પણ માલનું રક્ષણ અને તેનામાં કારોબારની ક્ષમતા અને બુદ્ધિ આવી જાય તો માલ તેને આપી શકાય છે અને જો પચ્ચીસ વર્ષો સુધી પણ તેનામાં આ ક્ષમતા પેદા ન થઈ તો પછી ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)ના મતે તેનો માલ તેને

આપી દેવામાં આવે. શરત એટલી કે, તે શાન-ભાન ગુમાવી બેઠેલ પાગલ કે ગાંડપણની હદ સુધી ન પહોંચી ચૂક્યો હોય અને અમુક ઈમામોના મતે તે સમયે પણ તેનો માલ તેને સોંપવામાં ન આવે, બલકે શરઈ કાઝી (ન્યાયાધીશ) તેના માલના રક્ષણ માટે કોઈ વ્યક્તિને સોંપી દે.

આ વિષય કુર્આને મજીદની બીજી આયતમાં ઉપસ્થિત છે જેમાં ફરમાવ્યું, فَاِنْ اٰنَسْتُمْ مِّنْهُمْ رُشْدًا فَادْفَعُوْٓا اِلَيْهِمْ اَمْوَالَهُمْ (૪ : ૬) એટલે કે, યતીમ બાળકોમાં જો બાલિગ થયા પછી તમે ક્ષમતા જૂઓ કે તે પોતાના માલનું પોતે રક્ષણ કરી શકે છે અને કોઈ કારોબારમાં લગાવી શકે છે તો તેમનો માલ તેમને સોંપી દો. આ આયતમાં બતાવવામાં આવ્યું કે, ફક્ત બાલિગ હોવું માલ સોંપવા માટે પૂરતું નથી, બલકે માલનું રક્ષણ કરવું અને તેને વેપાર-ધંધા કે કારોબાર વગેરેમાં લગાવવાની પણ ક્ષમતા હોવી શરતમાં સામેલ છે.

સાતમું હરામ; તોલ-માપમાં કમી કરવી :

સાતમો હુકમ આ આયતમાં તોલ-માપને ન્યાયપૂર્વક પૂર્ણ કરવાનો છે. "ઈન્સાફ"નો અર્થ એ છે કે, દેનાર સામા પક્ષના હકમાં કોઈ કમી કે ઓછું ન કરે અને લેનારો પોતાના હકથી વધારે ન લે. *(રૂહુલ મઆની)*

વસ્તુઓની લેવડ-દેવડમાં માપ-તોલમાં વધતું-ઓછું કરવાને કુર્આને કરીમે સખત હરામ ઠરાવ્યું છે અને તેનો વિરોધ કરનાર માટે સૂરએ મુતફ્ફિફીનમાં સખત ચેતવણી આપી છે.

કુર્આનના વિવરણકાર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, "રસૂલે કરીમ ﷺએ તે લોકોને કે જેઓ વેપારમાં તોલ-માપનું કામ કરે છે; સંબોધન કરીને ઈરશાદ ફરમાવ્યો કે, તોલ અને માપ આ બે કાર્યો છે જેમાં અન્યાય કરવાના કારણથી તમારાથી અગાઉ કેટલીય ઉમ્મતો અલ્લાહના અઝાબ દ્વારા તબાહ થઈ ચૂકી છે, તમે તેમાં સંપૂર્ણ કાળજીથી કામ લો." *(તફસીરે ઈબ્ને કષીર)*

ઑફિસરો (અધિકારીઓ), કર્મચારીઓ, મજૂરો પોતાની નક્કી કરેલ ફરજ અને સેવામાં ઉણપ રાખે તો તે પણ માપ-તોલમાં કમી કરવાના હુકમમાં સામેલ છે :

યાદ રાખો કે, માપ-તોલની કમી જેને કુર્આનમાં تَطْفِيْف (તત્ફીફ) કહેવામાં આવ્યું છે ફક્ત તે દાંડી મારવી અથવા ઓછું માપવું કે તોલવું તેની સાથે

ખાસ નથી, બલકે અન્યોના જે હકો છે તેમાં કમી કરવી કે ઉણપ રાખવી પણ تَطْفِيْفٌ (તત્ફીફ)માં સામેલ છે. જેમકે, મુઅત્તા ઈમામ માલિક (રહ.)માં હઝરત ઉમર (રદિ.)થી નકલ થયું છે કે, તેમણે એક વ્યક્તિને નમાઝના અરકાનોમાં કમી કરતા જોયો તો ફરમાવ્યું કે, તેં تَطْفِيْفٌ (તત્ફીફ) "કમી" કરી. એટલે કે, જે વાજિબ હક હતો તે અદા ન કર્યો. આ ઘટના નકલ કરીને ઈમામ માલિક (રહ.) ફરમાવે છે, لِكُلِّ شَيْءٍ وَفَاءٌ وَتَطْفِيْفٌ એટલે કે, "હક સંપૂર્ણ આપવો અને કમી કરવી દરેક વસ્તુમાં, દરેક વ્યવહારમા હોઈ શકે છે, ફક્ત તોલ-માપ માટે જ આ વસ્તુ ખાસ નથી."

આથી જાણ થાય છે કે, જે કર્મચારી પોતાની ફરજ પૂર્ણ નથી કરતો, સમય ચોરે છે અથવા પોતાના કાર્યમાં ઉણપ રાખે છે અથવા કોઈ પ્રધાન કે કોઈ સત્તાધિકારી હોય કે પછી કોઈ મા'મૂલી નોકર અથવા કોઈ ઑફિસનું કામ કરનારો કારકૂન હોય કે પછી કોઈ શિક્ષણ કે દીનની સેવા કરવાનું કાર્ય કરતો હોય અને જે ફરજ તેની જવાબદારી છે તેમાં ઉણપ રાખે તો તે પણ مُطَفِّفِيْنَ (મુતફ્ફિફીન) કમી કરનારમાં સામેલ છે. એ જ પ્રમાણે મજૂર જે પોતાની નક્કી કરેલ સેવામાં ઉણપ રાખે તો તે પણ તેમાં સામેલ છે.

ત્યારબાદ ફરમાવ્યું, لَا نُكَلِّفُ نَفْسًا اِلَّا وُسْعَهَا એટલે કે, "અમે કોઈ વ્યક્તિને તેની શક્તિની મર્યાદાથી વધારે કોઈ વસ્તુનો હુકમ નથી આપતા." અમુક હદીષની રિવાયતોમાં એનો ભાવાર્થ એ વર્ણન કરવામાં આવ્યો છે કે, જે વ્યક્તિ પોતાના અધિકારની મર્યાદા સુધી માપ-તોલનો પૂરે-પૂરો હક અદા કરે અને જો તે છતાં ગેરઈખ્તિયારી (પોતાના કા'બૂમાં ન હોય એ) સ્વરૂપે કોઈ મા'મૂલી-ક્ષુલ્લક કે તદ્દન નજીવો વધારો-ઘટાડો થઈ જાય તો તે માફ છે, કારણ કે તે તેની શક્તિ અને અધિકારમાં હોતું નથી.

તફસીરે મઝહરીમાં છે કે, આ વાક્યનો વધારો કરવાથી ઈશારો એ તરફ પણ છે કે હક અદા કરતી વખતે સંપૂર્ણ કાળજી રાખવી જોઈએ, બલકે હક કરતાં થોડું વધારે આપી દેવું યોગ્ય છે, જેથી ઉણપની કે હક ઓછો આપવાની શંકા ન રહે. જેમકે, રસૂલે કરીમ ﷺએ એક આવા જ મોકા ઉપર તોલનારને હુકમ આપ્યો હતો, زِنْ وَاَرْجِحْ એટલે કે, "તોલો અને ઝૂકેલું તોલો."

(અહમદ, અબૂદાવુદ, તિરમિઝી, સુવૈદ બિન કૈસ રદિ.ની રિવાયતથી)

રસૂલે કરીમ ﷺની સામાન્ય ટેવ એ હતી કે, જે કોઈનો હક આપ ﷺની જવાબદારી સ્વરૂપે હોય તો તેને અદા કરવાના સમયે.... તેને હકથી વધારે આપી દેવાને પસંદ કરતા હતા અને બુખારીની એક હદીષમાં હઝરત જાબિર (રદિ.)થી એક રિવાયત પ્રસ્તુત છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

"અલ્લાહ તઆલા તે વ્યક્તિ ઉપર કૃપા (રહમ) કરે, જે વેચવાના સમયે પણ વિનમ્ર હોય કે હકથી વધારે આપી દે અને ખરીદવાના સમયે પણ વિનમ્ર હોય કે હકથી વધારે ન લે, બલકે કંઈ મા'મૂલી ઓછું હોય તો પણ રાજી થઈ જાય."

પરંતુ આ હુકમ અખ્લાક અને સદ્વર્તાવનો છે કે, દેવામાં વધારે આપે અને લેતી સમયે ઓછું હોય તો પણ વાદ-વિવાદ કે ઝઘડો ન કરે. કાયદાની દષ્ટિએ એવું નથી કે વ્યક્તિ આવું કરવાથી મજબૂર હોય. એ જ વાત તરફ ઈશારો કરવા માટે કુર્આને કરીમમાં ઈરશાદ છે કે, અમે કોઈને તેની શક્તિથી વધારે વસ્તુનો હુકમ આપતા નથી. એટલે કે, અન્યોને તેના હકથી વધારે અદા કરવું અને પોતાના હકમાં ઓછું હોવા છતાં રાજી થઈ જવું કોઈ જબરદસ્તીનો હુકમ નથી, કારણ કે સામાન્ય લોકો માટે આવું કરવું સરળ નથી હોતું.

આઠમો હુકમ; ન્યાય-ઇન્સાફનો વિરોધ કરવો હરામ છે :

ઈરશાદ છે, وَإِذَا قُلْتُمْ فَاعْدِلُوا وَلَوْ كَانَ ذَاقُرْبٰى એટલે કે, "જ્યારે તમે વાત કહો તો હકની વાત કહો, ભલે તે પોતાના રિશ્તેદાર હોય." આ સ્થળે કોઈ ખાસ વાતનું વર્ણન નથી. એટલા માટે જમહૂર વિવરણકારોના મતે આમાં દરેક પ્રકારની વાત સામેલ છે. ભલે, તે વાત કોઈ બાબતની ગવાહી આપવા માટે અથવા સત્તાધિકારી તરફથી ફેંસલા માટે અથવા પરસ્પર વિવિધ પ્રકારની વાતચીત હોય. કુર્આનનો હુકમ એ છે કે દરેક સ્થળે, દરેક પરિસ્થિતિમાં વાત કરતા હોય તો હક (સત્ય) અને ન્યાયનું ધ્યાન રાખવું જોઈએ. કોઈ મુકદમાની ગવાહી અથવા ફેંસલામાં હક અને ઈન્સાફ કાયમ રાખવાનો અર્થ તો દેખીતું છે કે, ગવાહને જે વાત ચોક્કસ રીતે ખબર છે, તે પોતાના તરફથી કોઈ શબ્દનો વધારો-ઘટાડો કર્યા વિના જેટલી જાણ છે સ્પષ્ટ રીતે કહી આપે. પોતાની અટકળો અને અનુમાનને સામેલ ન કરે અને એની ફિકર ન કરે કે, તેનાથી કોને ફાયદો પહોંચે છે અને કોને નુકસાન થાય છે. એ જ પ્રમાણે કોઈ ન્યાયાધીશે

મુકદમાનો ફૈંસલો કરવાનો છે તો ગવાહોને શરીઅતના સિદ્ધાંતો પ્રમાણે ચકાસ્યા પછી જે કંઈ તેમની ગવાહીથી વળી બીજા પ્રકારની નિશાનીઓથી સાબિત થાય તે પ્રમાણે ફૈંસલો કરવો જોઈએ. ગવાહી અને ફૈંસલો બંનેમાં ન કોઈની દોસ્તી અથવા મહોબ્બત સત્ય વાત કહેવામાં બાધારૂપ હોય અને ન જ કોઈની દુશ્મની કે વિરોધ તેના માટે અડચણ બને. આ સ્થળે આ વાક્ય વધારવામાં આવ્યું, وَلَوْ كَانَ ذَاقُرْبٰی એટલે કે, "જો કે તે વ્યક્તિ જેના મુકદમાની ગવાહી આપવાની છે અથવા ફૈંસલો કરવાનો છે જો તે વ્યક્તિ તમારો સગો હોય તો પણ ન્યાયપૂર્વક સત્ય ગવાહી આપો અને સત્યનો પાલવ હાથથી ન છૂટવા દો અને ફૈંસલો પણ ન્યાયપૂર્વક કરો."

આ આયતનો હેતુ જૂઠી ગવાહી અને સત્ય વિરુદ્ધ ફૈંસલો કરવાથી રોકવાનો છે. જૂઠી ગવાહી વિશે અબૂદાવુદ અને ઈબ્ને માજહે રસૂલે કરીમ ﷺનો આ ઈરશાદ નકલ કર્યો છે કે,

"જૂઠી ગવાહી શિર્ક સમાન છે. એવું ત્રણ વખતે કહ્યું અને પછી આ આયત તિલાવત કરી, فَاجْتَنِبُوْا الرِّجْسَ مِنَ الْاَوْثَانِ وَاجْتَنِبُوْا قَوْلَ الزُّوْرِ حُنَفَاءَ لِلّٰهِ غَيْرَ مُشْرِكِيْنَ بِهٖ એટલે કે, મૂર્તિપૂજાના ગંદા અકીદહથી બચો અને જૂઠું બોલવાથી; અલ્લાહની સાથે કોઈને ભાગીદાર ન બનાવીને." (૨૨ : ૩૦)

એ જ પ્રમાણે સત્ય અને ન્યાય વિરુદ્ધ ફૈંસલો કરવા વિશે અબૂદાવુદે હઝરત બુરયદહ (રદિ.) દ્વારા રસૂલે કરીમ ﷺનો આ ઈરશાદ નકલ કર્યો છે.

"કાઝી (એટલે કે, મુકદમાઓનો ફૈંસલો કરનાર ન્યાયાધીશ) ત્રણ પ્રકારના છે, તેમાંથી એક જન્નતમાં જશે અને બે જહન્નમમાં; જેણે ઘટનાની તહકીક શરીઅત પ્રમાણે કરીને હકને ઓળખીને પછી હક પ્રમાણે ફૈંસલો કર્યો તે જન્નતી છે અને જેણે હક (સત્ય) વાતને જાણી તો લીધી પરંતુ જાણીબૂઝીને ફૈંસલો તેના વિરુદ્ધ કર્યો તે દોઝખી છે અને એ જ પ્રમાણે તે કાઝી જેને જ્ઞાન ન હોય અથવા તહકીક અને વિચાર કે ચિંતન કર્યા વિના અજ્ઞાનતાથી કોઈ ફૈંસલો આપી દીધો તો તે પણ જહન્નમમાં જશે."

કુર્આને કરીમની બીજી આયતોમાં આ જ વિષયને હજુ વધારે વિગતવાર સ્પષ્ટપણે તાકીદપૂર્વક વર્ણન કરવામાં આવ્યો છે કે, ગવાહી અથવા ફૈંસલામાં

કોઈની મિત્રતા, સગપણ અથવા સંબંધ કે પછી દુશ્મની અને વિરોધનો કોઈ પ્રભાવ ન હોવો જોઈએ, જેમકે એક જગ્યાએ વર્ણન છે, وَلَوْ عَلٰٓى اَنْفُسِكُمْ اَوِ الْوَالِدَيْنِ وَالْاَقْرَبِيْنَ (૪ : ૧૩૫) એટલે કે, "સત્ય વાત ભલે તમારી પોતાની વિરુદ્ધમાં જતી હોય અથવા તમારા માતા-પિતા અને અન્ય સગાં-વહાલાંઓની વિરુદ્ધમાં હોય, તે કહેવામાં (આ સંબંધ) રૂકાવટ કે બાધ ન હોવો જોઈએ."

એ જ પ્રમાણે એક બીજી આયતમાં હુકમ છે, وَلَا يَجْرِمَنَّكُمْ شَنَاٰنُ قَوْمٍ عَلٰٓى اَلَّا تَعْدِلُوْا (૫ : ૮) એટલે કે, "કોઈ કૌમની દુશ્મની તમને ન્યાય વિરુદ્ધ ગવાહી આપવા અથવા ફેંસલો કરવા માટે પ્રોત્સાહિત ન કરે" અને ગવાહી તથા ફેંસલા સિવાય પરસ્પરની વાતચીતમાં સત્ય અને ન્યાય ઉપર કાયમ રહેવાનો અર્થ એ છે કે કદી જૂઠું ન બોલો, કોઈની ગીબત (નિંદા) ન કરો, એવી વાત કે વેણ મુખેથી ન કાઢો કે જેનાથી અન્યોને પીડા થાય અથવા કોઈના જીવનું કે માલનું નુકસાન થાય.

નવમો હુકમ; અલ્લાહ તઆલાના કરારને પૂરો કરો, એટલે કે કરારભંગ કરવો હરામ છે :

નવમો હુકમ આ આયતમાં અલ્લાહ તઆલાના કરારને પૂરો કરવાનો અને કરારભંગ કરવાથી બચવાનો છે. ઇરશાદ છે, وَبِعَهْدِ اللّٰهِ اَوْفُوْا એટલે કે, "અલ્લાહ તઆલાના કરારને પૂરો કરો." અલ્લાહના કરારનો અર્થ તે કરાર પણ હોઈ શકે છે, જે "અઝલ"માં દરેક મનુષ્ય પાસેથી લેવામાં આવ્યો, જેમાં બધા જ મનુષ્યોને કહેવામાં આવ્યું હતું, اَلَسْتُ بِرَبِّكُمْ "શું હું તમારો પરવરદિગાર નથી?" બધાએ જવાબ આપ્યો હતો بَلٰى "હા ! નિઃશંક, તું જ અમારો માલિક અને પરવરદિગાર છે." આ કરારનો તકાદો એ જ છે કે, પરવરદિગારના કોઈપણ હુકમનો ભંગ કરવામાં ન આવે. જે કાર્યો કરવાનો હુકમ આપવામાં આવ્યો છે તે બધા કાર્યોને અગ્ર સ્થાને રાખી તેનું મહત્ત્વ જાણે અને જે કાર્યો કરવાની મનાઈ કરી છે તેની પાસે પણ ન જાય અને તેમાં શંકાઓ અને ખોટી ભ્રમણાઓથી પણ બચતા રહે. આ કરારનો ખુલાસો એ છે કે, અલ્લાહ તઆલાની સંપૂર્ણ ફરમાંબરદારી અને તાબે'દારી (આજ્ઞાપાલન) કરે.

અને એ પણ હોઈ શકે છે કે, તે ખાસ-ખાસ કરારો જેનું વર્ણન કુર્આને

કરીમમાં વિવિધ સ્થળોએ થયું છે, આ સંદર્ભમાં આ ત્રણ આયતો પણ આવી જાય છે જેની તફસીર તમે જોઈ રહ્યા છો (જેમાં દશ હુકમો તાકીદપૂર્વક વર્ણન કરવામાં આવ્યા છે).

ઉલમાએ ફરમાવ્યું કે, આ કરારમાં "નજર" અને "મન્નત"ને પૂરી કરવી પણ સામેલ છે. જે કરાર એક મનુષ્ય પોતાના અલ્લાહ સાથે કરે છે કે, ફલાણું કાર્ય કરીશ અથવા ફલાણું કાર્ય નહીં કરું. કુર્આને કરીમની એક અન્ય આયતમાં એનું સ્પષ્ટ રીતે વર્ણન થયું છે, يُوفُونَ بِالنَّذْرِ એટલે કે, "અલ્લાહના નેક બંદા પોતાની માનેલી મન્નતો પૂરી કર્યા કરે છે."

(ખુલાસો એ છે કે, આ નવમો હુકમ ગણતરીમાં તો નવમો હુકમ છે પરંતુ વાસ્તવિકતાના આધારે તે શરીઅતના બધા જ વાજિબ અને પ્રતિબંધિત હુકમોને લાગુ પડે છે.)

આ બીજી આયતના અંતે ફરમાવ્યું, ذٰلِكُمْ وَصّٰكُمْ بِهٖ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ એટલે કે, "આ કાર્યોનો અલ્લાહે તમને તાકીદપૂર્વક હુકમ આપ્યો છે જેથી તમે યાદ રાખો."

ત્રીજી આયતમાં દશમો હુકમ પ્રસ્તુત છે وَاَنَّ هٰذَا صِرَاطِىْ مُسْتَقِيْمًا فَاتَّبِعُوْهُ ۚ وَلَا تَتَّبِعُوا السُّبُلَ فَتَفَرَّقَ بِكُمْ عَنْ سَبِيْلِهٖ એટલે કે, "આ દીને મુહમ્મદી (ﷺ) મારો સીધો માર્ગ છે, બસ તે માર્ગ ઉપર ચાલો અને બીજા માર્ગો ઉપર ન ચાલો કે, તે માર્ગો તમને અલ્લાહના માર્ગથી વિખૂટા પાડી દેશે."

તેમાં શબ્દ هٰذَا (હાઝા)નો ઈશારો "દીને ઈસ્લામ" અથવા "કુર્આન" તરફ છે અને એ પણ હોઈ શકે છે કે, સૂરએ અન્આમ તરફ પણ ઈશારો હોય. કારણ કે, એમાં પણ ઈસ્લામના સંપૂર્ણ સિદ્ધાંતો જેમકે તવહીદ, રિસાલત અને શરીઅતના મુખ્ય સિદ્ધાંતો પ્રસ્તુત છે (અને મુસ્તકીમ-સત્ય સીધા દીનના માર્ગની આ જ ખાસિયત છે, જેને વ્યાકરણની દૃષ્ટિએ વર્તમાનકાળના સ્વરૂપમાં વર્ણન કરીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, દીને ઈસ્લામ માટે "મુસ્તકીમ" હોવું આવશ્યક ગુણ છે. ત્યાર પછી ફરમાવ્યું, فَاتَّبِعُوْهُ એટલે કે, "જ્યારે એ જાણ થઈ ગઈ કે, દીને ઈસ્લામ મારો માર્ગ છે અને તે જ મુસ્તકીમ એટલે કે, સીધો સત્ય માર્ગ છે તો હવે ઈચ્છિત મંઝિલ સુધી પહોંચવાનો સીધો માર્ગ મળી ગયો, એટલા માટે માત્ર તે માર્ગ ઉપર જ ચાલો").

ત્યારબાદ ફરમાવ્યું, وَلَا تَتَّبِعُوا السُّبُلَ فَتَفَرَّقَ بِكُمْ عَنْ سَبِيْلِهٖ તેમાં سُبُل (સુબુલ) એ سَبِيل (સબીલ)નું બહુવચન છે, તેનો અર્થ પણ "માર્ગ" થાય છે. ભાવાર્થ એ છે કે, અલ્લાહ તઆલા સુધી પહોંચવાનો અને તેની ખુશી અને રાજીપો પ્રાપ્ત કરવાનો અસલી માર્ગ તો એક જ છે, પરંતુ દુનિયામાં લોકોએ પોત–પોતાના વિચારો પ્રમાણે વિવિધ માર્ગો બનાવી રાખ્યા છે, તમે તે માર્ગો ઉપર ન ચાલો, કારણ કે એ માર્ગો વાસ્તવમાં અલ્લાહ તઆલા સુધી પહોંચવાના નથી, એટલા માટે જે કોઈ પણ વ્યક્તિ તે માર્ગો ઉપર ચાલશે તે અલ્લાહના માર્ગથી વિખૂટો પડી દૂર જઈ પડશે.

તફસીરે મઝહરીમાં છે કે, કુર્આને કરીમ નાઝિલ કરવાનો અને રસૂલે કરીમ ﷺને મોકલવાનો હેતુ એ જ છે કે, લોકો પોતાની વિચારસરણી, પોતાના ઈરાદાઓ અને યોજનાઓને કુર્આન અને સુન્નતના તાબે કરે અને પોતાની જિંદગીઓને તેના બીબામાં ઢાળે. પરંતુ થઈ એ રહ્યું છે કે, લોકોએ કુર્આન અને સુન્નતને પોતાની કલ્પનાઓ અને પોતે બનાવેલ નકશાઓના બીબામાં ઢાળવા માટે કમર કસી લીધી છે, જે આયત અથવા હદીષ પોતાની ઈચ્છા વિરુદ્ધની નજરે પડી તેમાં તાવીલો (યુક્તિપૂર્વકની બાંધછોડ) કરીને પોતાની મરજી મુજબ બનાવી લીધી. અહીંયાંથી જ અન્ય માર્ગ ભટકાવનાર રસ્તાઓ પેદા થાય છે જે બિદ્અતો, ભ્રામક કલ્પનાઓ અને શંકાઓના માર્ગો છે, એનાથી જ બચવાનું આ આયતમાં માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

મુસ્નદે દારમીમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "એક વખતે રસૂલે કરીમ ﷺએ એક સીધી લીટી દોરી અને ફરમાવ્યું કે, આ અલ્લાહનો માર્ગ છે. પછી તેની ડાબે–જમણે લીટીઓ દોરી અને ફરમાવ્યું કે, આ "સુબુલ" છે, (એટલે કે તે રસ્તાઓ જેના ઉપર ચાલવાની આ આયતમાં મનાઈ કરવામાં આવી છે) અને ફરમાવ્યું કે, તેમાંથી દરેક માર્ગ ઉપર એક શયતાન મુસલ્લત છે, જે લોકોને સીધા માર્ગથી હટાવીને એના તરફ બોલાવે છે અને ત્યારબાદ રસૂલે કરીમ ﷺએ દલીલ સ્વરૂપે આ આયત તિલાવત કરી." અંતિમ આયતમાં ફરમાવ્યું, ذٰلِكُمْ وَصّٰكُمْ بِهٖ لَعَلَّكُمْ تَتَّقُوْنَ એટલે કે, "અલ્લાહ તઆલાએ તેનો તમને તાકીદપૂર્વક હુકમ આપ્યો છે જેથી તમે કાળજી રાખો."

ત્રણે આયતની તફસીર અને એમાં વર્ણન કરવામાં આવેલ દશ હરામ બાબતોનું વર્ણન પૂર્ણ થયું. અંતે કુર્આને કરીમની આ વર્ણનશૈલી ઉપર પણ એક દૃષ્ટિપાત કરીએ કે આ સ્થળે દશ હુકમો વર્ણન કર્યા છે, જેને વર્તમાન કાનૂનના પુસ્તકોની પરિભાષા પ્રમાણે દશ અલગ-અલગ કલમોમાં નથી લખ્યું, બલકે પ્રથમ પાંચ હુકમો વર્ણન કર્યા પછી ફરમાવ્યું, ذٰلِكُمْ وَصّٰكُمْ بِهٖ لَعَلَّكُمْ تَعْقِلُوْنَ અને ત્યારબાદ બીજા ચાર હુકમો વર્ણન કરીને તે જ વાક્યનું આ તફાવત સાથે પુનરાવર્તન કરવામાં આવ્યું કે, تَعْقِلُوْنَ (તઅ્કિલૂન)ના બદલે تَذَكَّرُوْنَ (તઝક્કરૂન) ફરમાવ્યું અને પછી અંતિમ હુકમ એક આગવી આયતમાં વર્ણન કરી ફરી એ જ વાક્યનું પુનરાવર્તન આ તફાવત સાથે વર્ણન કર્યું કે, تَذَكَّرُوْنَ (તઝક્કરૂન)ના બદલે تَتَّقُوْنَ (તત્તકૂન) ફરમાવ્યું.

કુર્આને કરીમની આ હિકમતપૂર્ણ વર્ણનશૈલીમાં ઘણી બધી હિકમતો સમાવિષ્ટ છે.

પ્રથમ એ કે, કુર્આને કરીમ દુનિયાના સામાન્ય કાનૂનોની જેમ ફક્ત સત્તાકીય કાનૂનો કે ફરમાનો નથી, બલકે એવા આવશ્યક કાનૂનો છે કે, જેમાં દરેક કાયદાના અમલીકરણ માટે સરળ યુક્તિઓ પણ બતાવવામાં આવી છે અને અલ્લાહ તઆલાનો પરિચય તથા આખિરતની ફિકર જ તે મુખ્ય વસ્તુ છે જે મનુષ્યને કાયદાનું પાલન કરવા માટે પ્રોત્સાહિત અને મજબૂર કરે છે, ભલે તે પછી જાહેરમાં હોય કે એકાંતમાં; એટલા માટે ત્રણે આયતોના અંતે એ પ્રકારના શબ્દો લાવવામાં આવ્યા જેનાથી મનુષ્યની દિશા ભૌતિક દુનિયા તરફથી ફરીને અલ્લાહ અને આખિરત તરફ થઈ જાય.

પ્રથમ આયતમાં જે પાંચ હુકમો વર્ણન કરવામાં આવ્યા છે, ૧. શિર્કથી બચવું, ૨. વાલિદૈનની નાફરમાનીથી બચવું, ૩. સંતાનોની હત્યા કરવાથી બચવું, ૪. નિર્લજ્જતાના કૃત્યોથી બચવું, ૫. કોઈની નાહક હત્યા કરવાથી બચવું. તેના અંતે શબ્દ تَعْقِلُوْنَ (તઅ્કિલૂન)નો ઉપયોગ કરવામાં આવ્યો છે, કારણ કે અજ્ઞાનતાના યુગમાં આ બાબતોને તેઓ કોઈ ખામી કે ઐબ જ સમજતા ન હતા. એટલા માટે ઈશારો કરવામાં આવ્યો કે, બાપ-દાદાના કુરિવાજો અને ભ્રામક વિચારસરણીને છોડીને બુદ્ધિથી કામ લો અને સમજો.

બીજી આયતમાં ચાર હુકમોનું વર્ણન થયું. એટલે કે, ૧. યતીમ

(અનાથ)નો માલ ન ખાઓ, ૨. તોલ–માપમાં કમી ન કરો, ૩. વાત કહેવામાં સત્ય અને ન્યાયનું ધ્યાન રાખો અને ૪. અલ્લાહ તઆલાના કરારને પૂરો કરો.

આ બાબતો એવી છે કે, તે આવશ્યક હોવું તો દરેક નિરક્ષર અને જાહિલ પણ જાણતો હતો અને તેમનામાંથી અમુક લોકો તેના ઉપર અમલ પણ કરતા હતા પરંતુ મોટા ભાગના આ બાબતોમાં બેદરકારીથી વર્તતા હતા અને બેદરકારીનો ઈલાજ છે, تَذْكِرَة (તઝ્કિરહ) એટલે કે, “અલ્લાહ અને આખિરતની યાદ.” એટલા માટે આ આયતના અંતે تَذَكَّرُوْنَ (તઝક્કરૂન) ફરમાવવામાં આવ્યું.

ત્રીજી આયતમાં સિરાતે મુસ્તકીમ (સીધો માર્ગ) અપનાવવાનું અને તેના વિરુદ્ધના અન્ય માર્ગોથી બચવાનું માર્ગદર્શન છે અને ફક્ત અલ્લાહનો ડર જ એવી બાબત છે જે મનુષ્યને પોતાના વિચારો અને મનેચ્છાઓથી રોકવાનું સાચું માધ્યમ હોઈ શકે છે, એટલા માટે તેના અંતે لَعَلَّكُمْ تَتَّقُوْنَ કહેવામાં આવ્યું.

અને ત્રણે સ્થળે શબ્દ وَصِيَّتْ (વસિય્યત) લાવવામાં આવ્યો, જે "તાકીદપૂર્વકના હુકમ"ને કહેવામાં આવે છે, એટલા માટે અમુક સહાબએ કિરામ (રદિ.)એ ફરમાવ્યું કે, જે વ્યક્તિ રસૂલે કરીમ ﷺનું મહોર લગાવેલું (સિક્કો મારેલું) વસિયતનામું જોવા ઈચ્છે તો તે આ ત્રણ આયતો પઢી લે.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૫૪ થી ૧૫૭)

ثُمَّ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ تَمَامًا عَلَى الَّذِيْٓ اَحْسَنَ وَتَفْصِيْلًا لِّكُلِّ شَيْءٍ وَّهُدًى
وَّرَحْمَةً لَّعَلَّهُمْ بِلِقَآءِ رَبِّهِمْ يُؤْمِنُوْنَ ﴿١٥٤﴾ وَهٰذَا كِتٰبٌ اَنْزَلْنٰهُ مُبٰرَكٌ فَاتَّبِعُوْهُ
وَاتَّقُوْا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ﴿١٥٥﴾ اَنْ تَقُوْلُوْٓا اِنَّمَآ اُنْزِلَ الْكِتٰبُ عَلٰى طَآئِفَتَيْنِ مِنْ قَبْلِنَا ۠
وَاِنْ كُنَّا عَنْ دِرَاسَتِهِمْ لَغٰفِلِيْنَ ﴿١٥٦﴾ اَوْ تَقُوْلُوْا لَوْ اَنَّآ اُنْزِلَ عَلَيْنَا الْكِتٰبُ لَكُنَّآ اَهْدٰى
مِنْهُمْ ۚ فَقَدْ جَآءَكُمْ بَيِّنَةٌ مِّنْ رَّبِّكُمْ وَهُدًى وَّرَحْمَةٌ ۚ فَمَنْ اَظْلَمُ مِمَّنْ كَذَّبَ
بِاٰيٰتِ اللّٰهِ وَصَدَفَ عَنْهَا ۗ سَنَجْزِي الَّذِيْنَ يَصْدِفُوْنَ عَنْ اٰيٰتِنَا سُوْٓءَ الْعَذَابِ بِمَا
كَانُوْا يَصْدِفُوْنَ ﴿١٥٧﴾

તરજુમો :

પછી અમે મૂસા (અલૈ.)ને નેક કામ કરવાવાળાઓ ઉપર નેઅ્મત પૂરી કરવા માટે કિતાબ આપી અને દરેક વસ્તુના ખુલાસા માટે અને હિદાયત અને રહમત માટે, જેથી તે લોકો પોતાના પરવરદિગારને મળવાનું યકીન કરે. (૧૫૪) અને એક આ કિતાબ છે કે અમે બરકતવાળી ઉતારી, બસ તેના ઉપર ચાલો અને ડરતા રહો જેથી તમારા ઉપર રહમત થાય. (૧૫૫) એ કારણે કે ક્યાંક તમે કહેવા લાગો કે કિતાબ જે ઊતરી હતી બસ તે જ બે ફિરકાઓ ઉપર જે અમારાથી અગાઉ હતા અને અમને તો તેમના પઢવા-પઢાવવાની ખબર જ ન હતી. (૧૫૬) અથવા કહેવા લાગો કે જો અમારા ઉપર કિતાબ ઊતરી હોત તો અમે તો તેમનાથી બહેતર માર્ગ ઉપર ચાલ્યા હોત, બસ તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી હુજ્જત (રોશન દલીલ) આવી ચૂકી અને હિદાયત અને રહમત; હવે એનાથી વધીને જાલિમ કોણ જે અલ્લાહની આયતોને જૂઠાડી દે અને તેનાથી કતરાય (આડા ફંટાય), અમે તેમને સજા આપીશું જે અમારી આયતોથી કતરાય છે, બુરો અઝાબ આ આડા ફંટાવાના બદલામાં! (૧૫૭)

તફસીર :

પછી (શિર્કના રદિયાના વિષય પછી અમે નુબુવ્વતના મસ્અલામાં જાણ કરીએ છીએ કે, અમે ફક્ત તમને એકમાત્ર નબી નથી બનાવ્યા જેના કારણે આ લોકો આ પ્રકારનો કોલાહલ મચાવી રહ્યા છે, બલકે આપ ﷺ અગાઉ) અમે (હઝરત) મૂસા (અલૈ.)ને (પયગમ્બર બનાવીને) કિતાબ (તવરાત) આપી હતી, જેનાથી સારી રીતે અમલ કરનારાઓ ઉપર (અમારી) નેઅ્મત સંપૂર્ણ થાય અને (માનનારાઓ માટે) રહમત થાય (અમે આ પ્રકારની કિતાબ એટલા માટે આપી) જેથી તે લોકો (એટલે કે બની ઈસ્રાઈલ) પોતાના પરવરદિગાર સમક્ષ હાજર થવા ઉપર વિશ્વાસ લાવે (અને આ હાજર થવાની માન્યતાના કારણે બધા જ હુકમો પૂરા કરે) અને (જ્યારે તેનો અને ઈન્જીલનો યુગ સમાપ્ત થઈ ચૂક્યો ત્યારબાદ) આ (કુર્આન) એક કિતાબ છે જેને અમે (રસૂલે કરીમ ﷺ પાસે) મોકલી, (તે) ઘણી ભલાઈ અને બરકતવાળી છે, બસ (હવે) તેનું અનુસરણ કરો

અને (તેનાથી વિરુદ્ધ અમલ કરવા વિશે અલ્લાહથી) ડરો જેથી તમારા ઉપર (અલ્લાહ તઆલાની) રહમત થાય (અને અમે આ કુર્આન એટલા માટે પણ નાઝિલ કર્યું કે) ક્યાંક તમે લોકો (કયામતમાં તેના નાઝિલ ન થવાની સ્વરૂપમાં કુફ્ર અને શિર્કના અઝાબના સમયે) એવું કહેવા લાગો કે (આસમાની) કિતાબ તો ફક્ત અમારાથી અગાઉના બે વર્ગો (યહૂદી અને નસારા) હતા તેમના ઉપર નાઝિલ થઈ હતી અને અમે તેના પઢવા અને પઢાવવાથી બેખબર હતા (એટલા માટે અમે તવહીદને ઓળખી ન શક્યા) અથવા (અગાઉના મો'મિનોને સવાબ મળે તે સમયે) એવું કહો કે, જો અમારા ઉપર કોઈ કિતાબ નાઝિલ થઈ હોત તો અમે તેઓ (અગાઉના મો'મિનો)થી વધારે માર્ગ ઉપર હોત (અને માન્યતાઓ તથા અમલોમાં વધારે ગુણ પ્રાપ્ત કરીને સવાબના હકદાર બન્યા હોત) બસ, (યાદ રાખો કે) હવે (તમારી પાસે કોઈ બહાનું નથી) તમારી પાસે (પણ) તમારા પરવરદિગાર પાસેથી એક કિતાબ (જેના હુકમો) સ્પષ્ટ (છે) અને (જે) માર્ગદર્શનનું માધ્યમ (છે) અને (અલ્લાહની) રહમત (છે) આવી ચૂકી છે બસ, (આવી સ્પષ્ટ અને ખુલ્લી કિતાબ આવી ગયા પછી) તે વ્યક્તિથી વધારે કોણ જાલિમ હશે જે અમારી આ આયતોને જૂઠાડે !? (અને અન્યોને પણ) તેનાથી રોકે! અમે જલદી જ (આખિરતમાં) એ લોકોને કે જેઓ અમારી આયતોથી રોકે છે તેમને તેમના રોકવાના કારણે કઠોર સજા આપીશું (આ સખતી તે રોકવાના કારણે વધી નહિતર ફક્ત જૂઠાડવું જ સજા માટેનું પૂરતું કારણ છે).

મસ્અલા અને બોધપાઠ :

અજ્ઞાનતાનું કારણ એ ન હતું કે, તવરાત અને ઈન્જીલ અરબી ભાષામાં ન હતી, કારણ કે તરજુમા દ્વારા વિષયોની જાણકારી શક્ય છે, બલકે તે હકીકત અને વાસ્તવિકતા છે. અહીં તો કારણ એ છે કે અહલે કિતાબે અરબસ્તાનના લોકોના શિક્ષણ અને તવહીદની ક્યારેય કાળજી ન લીધી અને અચાનક કાનમાં કોઈ બાબત કહેવામાં આવે તો તે સ્વાભાવિક રીતે ઓછી અસરકારક હોય છે, જો કે એટલી ચેતવણીથી પણ માનવું અને સ્વીકારવું વાજિબ થઈ જાય છે અને એ બીના ઉપર તવહીદને છોડવાથી અઝાબ થવો શક્ય હતો માટે એ આધારે મૂસા (અલૈ.) અથવા ઈસા (અલૈ.)ની બઅ્સત વિશે શંકા થવી જરૂરી નથી. કારણ કે, આ વિશેષ ખાસિયત આપણા પ્યારા નબી ﷺ સાથે દરેક પ્રકારની સૈદ્ધાંતિક અને

ગૌણ બાબતો સાથે વિશિષ્ટ સ્વરૂપે રહી છે, નહિતર સિદ્ધાંતોમાં બધા જ અંબિયા (અલૈ.)નું અનુસરણ બધી જ મખ્લૂક ઉપર વાજિબ છે. બસ, તે બીના ઉપર પણ અઝાબ થવો યોગ્ય હતો, પરંતુ એ બહાનું પણ રદ કરવા માટે અને તેની ગુંજાઇશ કે સંભાવના ન રહે તે માટે તથા અલ્લાહની સમગ્ર હુજ્જત (દલીલ) પૂર્ણ થઈ જાય તે માટે કુર્આન નાઝિલ કરવામાં આવ્યું.

અને બીજા નિવેદન વિશે لَوْ اَنَّآ اُنْزِلَ عَلَيْنَا الْكِتٰبُ لَكُنَّآ اَهْدٰى مِنْهُمْ એક સવાલ અને જવાબ સ્વરૂપે સૂરએ માઈદહના ત્રીજા રુકૂઅ્ના અંતમાં આવી ચૂક્યું છે.

આયત : (સૂરએ અન્આમ : આયત નં. ૧૫૮)

هَلْ يَنْظُرُوْنَ اِلَّآ اَنْ تَاْتِيَهُمُ الْمَلٰٓئِكَةُ اَوْ يَاْتِيَ رَبُّكَ اَوْ يَاْتِيَ بَعْضُ اٰيٰتِ رَبِّكَ ؕ يَوْمَ يَاْتِيْ بَعْضُ اٰيٰتِ رَبِّكَ لَا يَنْفَعُ نَفْسًا اِيْمَانُهَا لَمْ تَكُنْ اٰمَنَتْ مِنْ قَبْلُ اَوْ كَسَبَتْ فِيْٓ اِيْمَانِهَا خَيْرًا ؕ قُلِ انْتَظِرُوْٓا اِنَّا مُنْتَظِرُوْنَ ﴿١٥٨﴾

તરજુમો :

લોકો શાની રાહ જુએ છે ! પરંતુ એ જ કે તેમના ઉપર ફરિશ્તા આવે અથવા તમારો પરવરદિગાર આવે અથવા તમારા પરવરદિગારની કોઈ નિશાની આવે ! જે દિવસે તમારા પરવરદિગારની નિશાની આવશે કોઈને તેનું ઈમાન લાવવું કામ ન લાગશે કે જે પહેલેથી ઈમાન લાવ્યો ન હતો અથવા પોતાના ઈમાનમાં કંઈ નેકી (ભલાઈ) કરી ન હતી; તમે કહી આપો ! તમે રાહ જુઓ અમે પણ રાહ જોઈ રહ્યા છીએ. (૧૫૮)

તફસીર :

આ લોકો (જે રોશન અને સ્પષ્ટ સત્ય કિતાબ નાઝિલ થયા પછી પણ ઈમાન નથી લાવતા, પોતાના ઈમાન લાવવા માટે) એ બાબતની રાહ જોઈ રહ્યા (હોય એવું લાગે) છે (એટલે કે, એવા ધીર ખમે છે જાણે કે કોઈ બાબતની રાહ જોઈ રહ્યા હોય) કે તેમની પાસે કોઈ ફરિશ્તો આવે અથવા તેમની પાસે તમારો

પરવરદિગાર આવે (જેમકે કયામતમાં હિસાબ-કિતાબ વખતે થવાનું છે) અથવા તમારા પરવરદિગારની કોઈ મોટી નિશાની (કયામતની નિશાનીઓ સહિત) આવે (મોટી નિશાનીનો ભાવાર્થ એ છે કે જેમકે સૂર્ય પશ્ચિમમાંથી ઊગે, મતલબ એ થયો કે શું ઈમાન લાવવા માટે કયામત આવવાની અથવા એવી જ કોઈ બાબતની રાહ જોઈ રહ્યા છે !? બસ, તેમના વિશે સાંભળી રાખો કે) જે દિવસે તમારા પરવરદિગારની (આ) મોટી (પ્રસ્તુત) નિશાની આવી પહોંચશે (તે દિવસે) કોઈ એવા વ્યક્તિનું ઈમાન તેને કામ નહીં લાગે જે પ્રથમથી ઈમાન ધરાવતો નહીં હોય. (બલકે, તે જ દિવસે કયામત જોઈને ઈમાન લાવ્યો હોય) અથવા (ઈમાન તો પ્રથમથી ધરાવતો હતો પરંતુ) તેણે પોતાના ઈમાનમાં કોઈ નેક અમલ ન કર્યો હોય (બલકે, ખરાબ અમલો અને ગુનાહોમાં સપડાયેલો હોય અને તે દિવસે તેની તવબહ કરીને નેક અમલો શરૂ કરે તો પણ તેની તવબહ સ્વીકાર કરવામાં નહીં આવે અને તેનાથી અગાઉ તો તવબહ કરવાના કારણે તે મો'મિન હોવાની બરકતથી તેની તવબહ સ્વીકાર્ય થઈ ગઈ હોત તો તવબહની સ્વીકૃતિ એ નિશ્ચિત ઈમાનનો જ લાભ છે પરંતુ તે સમયે ઈમાને પણ આ ખાસ લાભ ન પહોંચાડ્યો, કારણ કે કયામતની નિશાનીઓ તેમાં અવરોધરૂપ બની ગઈ માટે હવે જ્યારે મો'મિનની તવબહ કબૂલ નથી થતી તો ઈમાન અને તવબહ કયામતના દિવસે કદાપિ સ્વીકાર્ય ન હોઈ શકે, પછી શાની રાહ જોવાની ? અને જો તેઓ આ ધમકીથી પણ ઈમાન ન લાવે તો) તમે (ચેતવણી સ્વરૂપે વધુમાં) કહી આપો કે, (વારું) તમે (તે બાબતોની) રાહ જુઓ (અને મુસલમાન ન થતા હોય, ન થાઓ) અમે પણ (એ બાબતોની) રાહ જોઈ રહ્યા છીએ (તે સમયે તમારા ઉપર મુસીબત આવશે અને ઈન્શાઅલ્લાહ ! અમે મો'મિનો છુટકારો પામીશું).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ અન્આમનો મોટા ભાગનો હિસ્સો મક્કાના નિવાસીઓ અને અરબના મુશ્રિકોના અકીદા (માન્યતા)ઓ અને અમલોની સુધારણા તથા તેમની શંકાઓ અને સવાલોના જવાબમાં નાઝિલ થયો છે.

આ સમગ્ર સૂરત અને ખાસ કરીને પાછળ વર્ણન થઈ ચૂકેલ આયતોમાં મક્કા અને અરબના નિવાસીઓ માટે સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે, તમે રસૂલે

કરીમ ﷺના મોઅ્જિઝાઓ અને ખુલ્લી નિશાનીઓ જોઈ ચૂક્યા છો, અગાઉ થઈ ચૂકેલી કિતાબો અને અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.) દ્વારા રસૂલે કરીમ ﷺ વિશે કરવામાં આવેલી ભવિષ્યવાણીઓ સાંભળી ચૂક્યા છો. ત્યારબાદ એક નિરક્ષર (ઉમ્મી) વ્યક્તિના મુખે કુર્આન પાકની સ્પષ્ટ અને રોશન આયતો સાંભળી ચૂક્યા છો, જે પોતે પણ એક આગવો મોઅ્જિઝો છે, હવે સત્ય અને સીધો માર્ગ તમારી સામે ખુલી ચૂક્યો છે અને અલ્લાહ તઆલાની હુજ્જત (દલીલ) તમારા ઉપર પૂર્ણ થઈ ચૂકી છે, માટે હવે ઈમાન લાવવા માટે તમે કઈ વસ્તુની રાહ જુઓ છો !?

આ વિષયને આ પ્રસ્તુત આયતમાં અત્યંત ઉચ્ચ કક્ષાની સાહિત્યિક શૈલીમાં આ રીતે વર્ણન કર્યો છે.

هَلْ يَنْظُرُوْنَ اِلَّا اَنْ تَاْتِيَهُمُ الْمَلٰٓئِكَةُ اَوْيَاْتِيَ رَبُّكَ اَوْيَاْتِيَ بَعْضُ اٰيٰتِ رَبِّكَ

એટલે કે, આ લોકો શું ઈમાન લાવવામાં એ બાબતની રાહ જોઈ રહ્યા છે કે, તેમની પાસે (મોતનો) ફરિશ્તો આવી પહોંચે ? અથવા હશ્રના મેદાનની રાહ જોઈ રહ્યા છે કે જેમાં સજા અને બદલાના ફેંસલા માટે અલ્લાહ તઆલા આવશે ? અથવા એ બાબતની રાહ જોઈ રહ્યા છે કે, કયામતની અમુક અંતિમ નિશાનીઓ જોઈ લે ? રબ્બે કરીમનું કયામતના મેદાનમાં ફેંસલા માટે ઉપસ્થિત થવું કુર્આને મજીદની ઘણી આયતોમાં વર્ણન થયું છે. સૂરએ બકરહમાં આ જ વિષયના સંદર્ભમાં આ પ્રમાણે આયત આવી છે.

هَلْ يَنْظُرُوْنَ اِلَّا اَنْ يَّاْتِيَهُمُ اللّٰهُ فِيْ ظُلَلٍ مِّنَ الْغَمَامِ وَ الْمَلٰٓئِكَةُ وَقُضِيَ الْاَمْرُ ،

"શું આ લોકો એ બાબતની રાહ જોઈ રહ્યા છે કે, અલ્લાહ તઆલા વાદળોના છાંયડામાંથી તેમની પાસે આવી જાય ? અને ફરિશ્તા આવી જાય ? અને લોકો માટે (જન્નત અને દોઝખનો) જે ફેંસલો થવાનો છે તે થઈ જાય ?" (૨ : ૨૧૦)

અલ્લાહ તઆલાનું કયામતના દિવસે હશ્રના મેદાનમાં તશરીફ લાવવું કેવી સ્થિતિ અને હાલત પ્રમાણે હશે તેની કલ્પના કરવી મનુષ્યની બુદ્ધિ અને તર્કશક્તિ બહારની બાબત છે, એટલા માટે સહાબએ કિરામ (રદિ.) અને ઉમ્મતના અસ્લાફની માન્યતા આ પ્રકારની આયતો માટે એ જ છે કે, જે કુર્આનમાં વર્ણન કરવામાં આવ્યું છે તેના ઉપર ઈમાન લાવવામાં આવે અને યકીન

કરવામાં આવે તથા તેની સાચી પરિસ્થિતિને અને સ્વરૂપને અલ્લાહના હવાલે કરવામાં આવે. દાખલા તરીકે, આ આયતમાં એટલું યકીન કરવામાં આવે કે, અલ્લાહ તઆલા કયામતમાં બદલા અને સજાના ફેંસલા માટે સ્વયં ઉપસ્થિત થશે, પરંતુ એની ચર્ચા અને ચિંતા કરવામાં ન આવે કે તેનું સ્વરૂપ અને તેની ઉપસ્થિતી કેવા પ્રકારની હશે ?

આ આયતમાં આગળ ઈરશાદ છે, يَوْمَ يَاْتِىْ بَعْضُ اٰيٰتِ رَبِّكَ لَا يَنْفَعُ نَفْسًا اِيْمَانُهَا لَمْ تَكُنْ اٰمَنَتْ مِنْ قَبْلُ اَوْ كَسَبَتْ فِىْٓ اِيْمَانِهَا خَيْرًا ؕ એમાં ચેતવણી આપવામાં આવી છે કે, અલ્લાહ તઆલાની અમુક નિશાનીઓનું અવલોકન કર્યા પછી તવબહનો દરવાજો બંધ થઈ જશે, જે વ્યક્તિ એ પહેલાં ઈમાન નથી લાવ્યો; અને હવે ઈમાન લઈ આવશે તો પણ સ્વીકાર્ય નહીં હોય અને જે વ્યક્તિ ઈમાન તો લાવી ચૂક્યો હતો પરંતુ નેક અમલો ન કર્યા હતા તો હવે તવબહ કરી ભવિષ્યમાં નેક અમલ કરવાનો ઈરાદો કરશે તો પણ તેની તવબહ કબૂલ નહીં થાય. ખુલાસો એ છે કે, કાફિર પોતાના કુફ્રથી અને દુરાચારી પોતાની દુષ્ટતાથી અને ગુનેહગાર પોતાના ગુનાહથી જો તે સમયે તવબહ કરવા ઈચ્છશે તો પણ તે સમયે તેની તવબહનો સ્વીકાર કરવામાં નહીં આવે.

કારણ એ છે કે, ઈમાન અને તવબહ ફક્ત તે સમય સુધી જ સ્વીકાર્ય હોઈ શકે છે જ્યાં સુધી તે મનુષ્યના અધિકાર ક્ષેત્રમાં હોય અને જ્યારે અલ્લાહનો અઝાબ અને આખિરતના સત્યનું અવલોકન થઈ ગયું તો દરેક મનુષ્ય ઈમાન લાવવામાં અને ગુનાહોથી બચવા પોતે ખુદ-બખુદ મજબૂર થઈ ગયો. હવે મજબૂરનું ઈમાન અને તવબહ સ્વીકારપાત્ર નથી.

કુર્આને મજીદની અનેક આયતોમાં પ્રસ્તુત છે કે, દોઝખના નિવાસીઓ દોઝખમાં પહોંચીને ફરિયાદ કરશે અને મોટા-મોટા વાયદા કરશે કે, જો હવે અમને દુનિયામાં ફરીવાર મોકલવામાં આવે તો અમે ઈમાન અને નેક અમલો સિવાય કંઈ પણ કરીશું નહીં, પરંતુ દરેકના માટે જવાબ એ જ હશે કે, ઈમાન અને અમલનો સમય પૂર્ણ થઈ ચૂક્યો અને હવે જે કંઈ કહી રહ્યા છો તે મજબૂર થઈને કહી રહ્યા છો એટલા માટે તે ભરોસાપાત્ર નથી.

આ આયતની તફસીરમાં રસૂલે કરીમ ﷺનો આ ઈરશાદ નકલ થયેલ છે

કે, જે સમયે કયામતની અંતિમ નિશાનીઓમાંથી એ નિશાની જાહેર થશે કે, સૂર્ય પૂર્વના બદલે પશ્ચિમ દિશાએથી ઊગશે તો તેને જોતાં જ સમગ્ર દુનિયાના કાફિરો ઈમાનનો કલિમો પઢવા લાગશે અને બધા જ નાફરમાન ફરમાંબરદાર બની જશે, પરંતુ તે સમયે લાવેલું ઈમાન અને તવબહ સ્વીકારપાત્ર નહીં હોય.

(બગવી બ-સનદે અન અબી હુરયરહ)

આ આયતમાં એટલી વાત તો કુર્આનના ખુલાસાથી જાણ થાય છે કે, અમુક નિશાનીઓ ઉપસ્થિત થશે ત્યાર પછી તવબહનો દરવાજો બંધ થઈ જશે, કોઈ કાફિર અથવા ફાસિકની તવબહ સ્વીકાર્ય થશે નહીં, પરંતુ કુર્આને કરીમે એની સ્પષ્ટતા કરી નથી કે તે કઈ નિશાનીઓ છે.

સહીહ બુખારીમાં આ જ આયતની તફસીરમાં અબૂહુરયરહ (રદિ.)ની રિવાયતથી એક હદીષ નકલ થયેલ છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

"કયામત તે સમય સુધી શરૂ નહીં થાય જ્યાં સુધી એ ઘટના ન બને કે, સૂર્ય પશ્ચિમ તરફથી ઊગે, જ્યારે લોકો આ નિશાની નિહાળશે તો બધા ઈમાન લઈ આવશે. આ જ તે સમય હશે જેના માટે કુર્આનમાં એ ઈશારો છે કે તે સમયે કોઈ વ્યક્તિનું ઈમાન લાવવું લાભ નહીં પહોંચાડે."

તેની વિગત સહીહ મુસ્લિમમાં હઝરત હુઝયફા ઈબ્ને ઉસૈદ (રદિ.)થી નકલ કરવામાં આવી છે કે, એક સમયે સહાબએ કિરામ (રદિ.) કયામતની નિશાનીઓની પરસ્પર ચર્ચા કરી રહ્યા હતા કે, રસૂલે કરીમ ﷺ ત્યાં તશરીફ લાવ્યા, તે સમયે આપ ﷺએ ફરમાવ્યું કે, "કયામત તે સમય સુધી કાયમ નહીં થાય જ્યાં સુધી તમે દશ નિશાનીઓ ન જોઈ લો. ૧. સૂર્યનું પશ્ચિમ તરફથી નીકળવું, ૨. એક ખાસ પ્રકારના ધૂમાડા, ૩. પૃથ્વીનું જાનવર, ૪. યાજૂજ-માજૂજનું નીકળવું, ૫. ઈસા (અલૈ.)નું નાઝિલ થવું, ૬. દજ્જાલનું નીકળવું, ૭. ત્રણ જગ્યાએ જમીનનું ધસી જવું, એક પૂર્વમાં.... ૮. એક પશ્ચિમમાં અને.... ૯. અરબ મહાદ્વીપમાં અને ૧૦. એક આગ જે ઍડનના ઊંડાણના વિસ્તારોમાંથી નીકળશે અને લોકોને આગળ-આગળ હાંકીને ચાલશે."

મુસ્નદે અહમદમાં હઝરત ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, આ નિશાનીઓમાં સૌ પ્રથમ પશ્ચિમ તરફથી સૂર્યનું

ઊગવું અને પૃથ્વીમાંથી જાનવર નીકળવાનું વર્ણન છે.

ઈમામ કુર્તુબી (રહ.)એ તઝકિરહમાં અને હાફિઝ ઈબ્ને હજરે બુખારીની શરહમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી એ પણ નકલ કર્યું છે કે, “આ ઘટના એટલે કે પશ્ચિમ બાજુથી સૂર્ય નીકળ્યા પછી ૧૨૦ વર્ષો સુધી દુનિયા કાયમ રહેશે.” *(રૂહુલ મઆની)*

આ વિગત પછી અત્રે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, હઝરત ઈસા (અલૈ.) નાઝિલ થશે તો સહીહ રિવાયતો પ્રમાણે હઝરત ઈસા (અલૈ.) લોકોને ઈમાનનું આમંત્રણ આપશે અને લોકો ઈમાન સ્વીકારશે તથા સમગ્ર દુનિયામાં ઈસ્લામી વ્યવસ્થા સ્થપાશે. દેખીતું છે કે, જો તે સમયે ઈમાન સ્વીકાર્ય નહીં હોય તો આ દા'વત અને લોકોનું ઈસ્લામમમાં પ્રવેશ પામવું; બધું કઈ રીતે શક્ય છે ?

તફસીરે રૂહુલ મઆનીમાં તેનો જવાબ આપવામાં આવ્યો છે કે, પશ્ચિમ તરફથી સૂર્ય ઊગવાની ઘટના હઝરત ઈસા (અલૈ.)ના દુનિયામાં નાઝિલ થયા પછી ઘણા લાંબા સમય પછી થશે અને તે જ સમયે તવબહનો દરવાજો બંધ થઈ જશે.

અને અલ્લામહ બલકીની (રહ.) વગેરેએ ફરમાવ્યું કે, એ બાબત પણ કલ્પનાથી અથવા તર્કથી વિરુદ્ધ નથી કે, ઈમાન અને તવબહ સ્વીકાર ન થવાનો આ હુકમ જે સૂર્ય પશ્ચિમ તરફથી ઊગવાના સમયે થશે; અંતિમ યુગ સુધી બાકી ન રહે બલકે, અમુક મુદત પછી એ હુકમ બદલાય જાય અને તવબહનો સ્વીકાર થવા લાગે. (વલ્લાહુ અઅ્લમુ) *(રૂહુલ મઆની)*

કહેવાનું તાત્પર્ય એ છે કે, પ્રસ્તુત આયતમાં જો કે, એની સ્પષ્ટતા કરવામાં નથી આવી કે જે નિશાનીઓ જાહેર થયા પછી તવબહનો સ્વીકાર નહીં થાય તે કઈ નિશાનીઓ છે ? પરંતુ રસૂલે કરીમ ﷺના વર્ણનથી સ્પષ્ટ થઈ ગયું કે, તેનો અર્થ સૂર્ય પશ્ચિમ તરફથી ઊગવાનો છે.

કુર્આને કરીમે પોતે શા માટે તેની સ્પષ્ટતા ન કરી ? તે વિશે તફસીરે બહરે મુહીતમાં છે કે, કુર્આનની ઘટનાનો સંપૂર્ણ ખુલાસો ન કરવાની વર્ણનશૈલી પ્રમાણે આ સ્થળે ગાફેલ મનુષ્યને ચોંકાવવામાં વધારે ફાયદો છે કે દરેક નવી ઉપસ્થિત થનાર ઘટનાથી તેને ચેતવણી મળતી રહે અને તે જલદી તવબહ કરી લે.

તે ઉપરાંત આ ઘટનાને સ્પષ્ટ ન કરવાની વર્ણનશૈલીનો એક સામૂહિક લાભ એ પણ છે કે, એનાથી ચેતવણી આપી દેવામાં આવે કે જે પ્રમાણે સમગ્ર દુનિયા માટે પશ્ચિમ તરફથી સૂર્ય ઊગ્યા પછી તવબહનો દરવાજો બંધ થઈ જશે, એ જ પ્રમાણે તેનો એક નમૂનો દરેક મનુષ્ય માટે વ્યક્તિગત રીતે તવબહનો દરવાજો બંધ થઈ જવાની ઘટના તેના મોતના સમયે બને છે.

કુર્આને કરીમની એક અન્ય આયતમાં તેને સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં આવ્યું છે.

وَلَيْسَتِ التَّوْبَةُ لِلَّذِيْنَ يَعْمَلُوْنَ السَّيِّاٰتِ حَتّٰى اِذَا حَضَرَ اَحَدَهُمُ الْمَوْتُ قَالَ اِنِّىْ تُبْتُ الْاٰنَ

"તે લોકોની તવબહ કબૂલ નથી થતી જેઓ ગુનાહો કરતા રહે છે, એટલે સુધી કે જ્યારે તેમનામાંથી કોઈની મોત આવી જાય તો કહે છે કે, હવે હું તવબહ કરું છું." (૪ : ૧૮)

અને એના જ ખુલાસા સ્વરૂપે રસૂલે કરીમ ﷺ એ ફરમાવ્યું,

اِنَّ تَوْبَةَ الْعَبْدِ تُقْبَلُ مَا لَمْ يُغَرْغِرْ،

"બંદાની તવબહ તે સમય સુધી કબૂલ થતી રહે છે જ્યાં સુધી તેની રૂહ ગળામાં આવીને મોતના ગળગળાનું સ્વરૂપ (સકરાંત) પેદા ન થઈ જાય."

આથી જાણ થઈ કે, સકરાંતના સમયે જ્યારે અંતિમ શ્વાસો હોય તે સમયે મોતના ફરિશ્તા સામે આવી જાય છે એ કારણે તે સમયે પણ તવબહ કબૂલ થતી નથી અને એ પણ દેખીતું છે કે, આ પરિસ્થિતિ પણ અલ્લાહ તબારક વ તઆલા તરફથી એક ખાસ પ્રકારની મહત્ત્વની નિશાની છે, એટલા માટે પ્રસ્તુત આયતમાં بَعْضُ اٰيٰتِ رَبِّكَ માં આ મોતનો સમય પણ સામેલ છે. જેમકે, તફસીરે બહરે મુહીતમાં અમુક ઉલમાનું આ નિવેદન નોંધવામાં આવ્યું છે અને અમુક બુઝૂર્ગોએ ફરમાવ્યું છે, مَنْ مَّاتَ فَقَدْ قَامَتْ قِيَامَتُهٗ એટલે કે, "જે વ્યક્તિ મૃત્યુ પામ્યો તેની કયામત તો તે જ સમયે કાયમ થઈ ગઈ." કારણ કે, તેના માટે અમલનું ઘર પુરું થઈ ગયું અને અમલોના બદલાનો અમુક નમૂનો કબ્રથી જ શરૂ થઈ ગયો. સાઈબે આ જ વિષય ઉપર એક નજમ કહી છે.

توبہ بار انفس باز پسیں دست زدست ؛ بیخبر دیر رسیدی و رِمحمل بستند

તવબહ માટે છેલ્લો શ્વાસ વિદાય માટે (આવજો કહેવા) ઉઠાવેલા હાથ સમાન છે,
હે નાદાન ! તું એટલો મોડેથી આવ્યો જ્યારે કે ઊંટની કાઠી બાંધી દેવામાં આવી.

અત્રે અરબી ભાષા પ્રમાણે એ બાબત પણ વિચાર કરવા યોગ્ય છે કે, આ આયતમાં પ્રથમ ફરમાવ્યું, اَوْ يَاْتِىَ بَعْضُ اٰيٰتِ رَبِّكَ અને ત્યારબાદ આ વાક્ય يَوْمَ يَاْتِىْ بَعْضُ اٰيٰتِ رَبِّكَ لَا يَنْفَعُ نَفْسًا اِيْمَانُهَا ફરમાવ્યું, તેમાં ઝમીરથી કામ લઈને વાક્યને ટૂંકું કરવામાં ન આવ્યું. એનાથી જાણ થાય છે કે, પ્રથમ વાક્યમાં જે بَعْضُ آيَاتِ ઉપસ્થિત છે તે બીજું છે અને બીજા વાક્યમાં જે بَعْضُ آيَات છે તે તેનાથી ભિન્ન પ્રકારનું છે. એનાથી એ વિગત તરફ ઈશારો થઈ શકે છે કે, જે હમણા તમે હઝરત હુઝયફા બિન ઉસૈદ (રદિ.)ની રિવાયત વાંચી કે કયામતની દશ નિશાનીઓ ઘણી મહત્ત્વની છે, તેમાંથી દશમી નિશાની સૂર્યનું પશ્ચિમ તરફથી ઊગવું છે, જે તવબહનો ક્રમ સમાપ્ત થઈ જવાની નિશાની છે.

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, قُلِ انْتَظِرُوْٓا اِنَّا مُنْتَظِرُوْنَ તેમાં રસૂલે કરીમ ﷺને સબોધન છે કે, તમે તે લોકોને કહી આપો કે, અલ્લાહની સમગ્ર હુજ્જતો (દલીલો) પૂર્ણ થઈ ગયા પછી પણ જો તમે મોત અને કયામતની રાહ જોઈ રહ્યા છો તો અમે પણ એની રાહ જોઈ રહ્યા છે કે, તમારો પરવરદિગાર તમારી સાથે શું વ્યવહાર કરશે ?

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૫૯-૧૬૦)

اِنَّ الَّذِيْنَ فَرَّقُوْا دِيْنَهُمْ وَكَانُوْا شِيَعًا لَّسْتَ مِنْهُمْ فِيْ شَيْءٍ ۭ اِنَّمَآ اَمْرُهُمْ اِلَى
اللّٰهِ ثُمَّ يُنَبِّئُهُمْ بِمَا كَانُوْا يَفْعَلُوْنَ ﴿١٥٩﴾ مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا ۚ
وَمَنْ جَآءَ بِالسَّيِّئَةِ فَلَا يُجْزٰٓى اِلَّا مِثْلَهَا وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿١٦٠﴾

તરજુમો :

બેશક ! જેમણે પોતાના દીનમાં માર્ગો કાઢયા અને ઘણા ફિરકાઓ બની ગયા, તમને તેમનાથી કોઈ સરોકાર (લેવાદેવા) નથી, તેમનું કામ

અલ્લાહના જ હવાલે છે, પછી તે જ તેમને બતાવી દેશે જે કંઈ તેઓ કરતા હતા. (૧૫૯) જે કોઈ એક નેકી લાવે છે તો તેના માટે તેનું દશઘણું છે અને જે કોઈ એક બુરાઈ લાવે છે બસ તેના જ બરાબર સજા પામશે, અને તેમના ઉપર જુલમ થશે નહીં. (૧૬૦)

તફસીર :

નિઃશંક ! જે લોકોએ પોતાના દીનનું (જે તેમના માટે નક્કી કરવામાં આવ્યો છે) વિભાજન કરી દીધું, (એટલે કે દીને હકનો સંપૂર્ણપણે સ્વીકાર ન કર્યો, ભલે સમગ્ર દીન છોડી દીધો અથવા અમુક બાબતોને છોડી દીધી અથવા કુફ્ર અને શિર્કની રીત-ભાત કે બિદ્અતો અપનાવી લીધી) અને (વિવિધ) વર્ગો (ફિરકા) બની ગયા. (હે નબી ﷺ !) તમારો તેમની સાથે કોઈ સંબંધ નથી (એટલે કે, તમે તેમની જવાબદારીથી મુક્ત છો, તમારા ઉપર તેનો કોઈ આક્ષેપ નથી) બસ, (તે પોતે પોતાના નેક અને બુરા કાર્યોના જવાબદાર છે) તેમનો મા'મલો અલ્લાહ તઆલાના હવાલે છે (અને તે સઘળું જોઈ રહ્યો છે) પછી (કયામતમાં) તેમને તેમનું કરેલું બતાવી દેશે (અને દલીલ કાયમ કરીને તેઓ અઝાબના હકદાર છે એવી જાહેરાત કરી આપશે), જે વ્યક્તિ નેક કાર્ય કરશે તેને (વધારીને) તેના દશ (ઘણા) ભાગ મળશે (એટલે કે, એવું સમજવામાં આવશે કે જાણે આ એક નેકી તેણે દશ વખતે કરી અને વળી, એક નેકી ઉપર જે પ્રમાણે સવાબ મળવાનો હતો હવે દશ ઘણો સવાબ એ જ પ્રમાણે મળશે) અને જે વ્યક્તિ બુરું કામ કરશે બસ તેને તેના પ્રમાણે જ સજા મળશે (વધારે નહીં મળે) અને તે લોકો ઉપર (દેખીતી રીતે પણ) કોઈ જુલમ કરવામાં નહીં આવે (કે કોઈ નેકીની નોંધ જ કરવામાં ન આવે અથવા બુરાઈને વધારે કરીને લખી લેવામાં આવે વગેરે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ અન્આમનો મોટા ભાગનો હિસ્સો મક્કાના મુશ્રિકોને સંબોધન છે અને તેમના સવાલોના જવાબ વિશે વર્ણન થયેલ છે. જેમાં તેમને એ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું કે, હવે અલ્લાહ તઆલાનો સીધો માર્ગ ફક્ત કુર્આને કરીમ અને રસૂલે કરીમ ﷺનું અનુસરણ કરવા ઉપર જ અવલંબિત છે જેમકે રસૂલે

કરીમ ﷺથી અગાઉના અંબિયા (અલૈ.)ના યુગમાં તેઓ પોતે, તેમની કિતાબ અને તેમની શરીઅતનું અનુસરણ છુટકારાનો આધાર હતો. આજે ફક્ત રસૂલે કરીમ ﷺ અને રસૂલે કરીમ ﷺની શરીઅતનું અનુસરણ જ એકમાત્ર છુટકારાનું માધ્યમ છે. બુદ્ધિથી કામ લો અને સીધા માર્ગને છોડીને ડાબે-જમણે ખોટા માર્ગો ન અપનાવો, નહિતર તે રસ્તાઓ તમને અલ્લાહ તઆલાથી દૂર ભટકાવી દેશે.

પ્રસ્તુત આયતોથી પ્રથમ આયતમાં એક સર્વસામાન્ય સંબોધન છે જેમાં અરબના મુશ્રિકો, યહૂદીઓ, નસારા અને મુસલમાન બધા સામેલ છે. આ બધાને સંબોધન કરીને અલ્લાહ તબારક વ તઆલાના સીધા માર્ગથી આડા ફંટાનારાઓના ખરાબ પરિણામનું વર્ણન કરવામાં આવ્યું છે અને રસૂલુલ્લાહ ﷺને માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, તમારો આ ખોટા માર્ગો ઉપર ચાલનારાઓ સાથે કોઈ સંબંધ ન હોવો જોઈએ. તેમના ખોટા માર્ગો એવા પણ છે જે સીરાતે મુસ્તકીમ (સત્ય અને સીધા માર્ગ)થી બિલકુલ વિરુદ્ધ દિશામાં લઈ જનારા છે, જેમકે મુશ્રિકો અને અહલે કિતાબના માર્ગો છે અને તે માર્ગો પણ છે જે વિરુદ્ધ દિશામાં તો નથી જતા પરંતુ સીધા માર્ગથી ભટકાવી ડાબે-જમણે લઈ જનારા છે, તે શંકાઓ, ભ્રમણાઓ અને બિદ્અતોના માર્ગો છે અને તે પણ મનુષ્યને ગુમરાહીમાં નાંખી માર્ગ ભટકાવી દે છે.

ઈરશાદ થયો, اِنَّ الَّذِيْنَ فَرَّقُوْا دِيْنَهُمْ وَكَانُوْا شِيَعًا لَّسْتَ مِنْهُمْ فِيْ شَيْءٍ اِنَّمَا اَمْرُهُمْ اِلَى اللّٰهِ ثُمَّ يُنَبِّئُهُمْ بِمَا كَانُوْا يَفْعَلُوْنَ એટલે કે, તે લોકો જેમણે પોતાના દીનમાં રસ્તાઓ કાઢ્યા અને ઘણા બધા વર્ગોમાં વહેંચાઈ ગયા, તમારે તેમની સાથે કોઈ લેવા-દેવા નથી. તેમનું કામ અલ્લાહના હવાલે જ છે. પછી તે તેમને બતાવી આપશે તેઓ જે કંઈ કરતા હતા.

આ આયતમાં ખોટા માર્ગો ઉપર ચાલનારાઓ વિશે પ્રથમ તો એ બતાવવામાં આવ્યું કે, અલ્લાહના રસૂલ ﷺ તેમની જવાબદારીથી મુક્ત છે. તમારો તેમની સાથે કોઈ સંબંધ નથી. ત્યારબાદ તેમને એ સખત ચેતવણી સંભળાવવામાં આવી કે, તેમનો મા'મલો ફક્ત અલ્લાહ તઆલાના હવાલે છે, તે જ તેમને કયામતના દિવસે સજા આપશે.

દીનમાં વિભાજન કરવાની અને ફિરકા બની જવાની બાબત જે આ આયતમાં પ્રસ્તુત છે, તેનો અર્થ એ છે કે, દીનના મૂળભૂત સિદ્ધાંતોને છોડીને પોતાની વિચારસરણી તથા મનઘડત ઈચ્છાઓ અને માન્યતા પ્રમાણે તથા શયતાનના ષડયંત્રો અને ભ્રમણાઓમાં સપડાઈને દીનમાં અમુક નવી-નવી વસ્તુઓ વધારવી અથવા અમુક વસ્તુઓ છોડી દેવી.

દીનમાં બિદ્અત શરૂ કરવા વિશે સખત ચેતવણી :

તફસીરે મઝહરીમાં છે કે તેમાં પાછલી ઉમ્મતોના લોકો પણ સામેલ છે, જેમણે પોતાના દીનના મૂળભૂત સિદ્ધાંતોને છોડીને પોતાના તરફથી અમુક મનઘડત વાતો ભેળસેળ કરી દીધી હતી અને આ ઉમ્મતના બિદ્અતી લોકો પણ સામેલ છે કે, જેઓ દીનમાં પોતાના તરફથી પાયાવિહોણી વસ્તુઓ સામેલ કરતા રહે છે. રસૂલે કરીમ ﷺની એક હદીષમાં આ વિષયને આ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યો છે કે,

"મારી ઉમ્મત સામે પણ તે જ પરિસ્થિતિ ઉપસ્થિત થશે, જે બની ઈસ્રાઈલ સામે ઉપસ્થિત થઈ હતી, જે પ્રકારના દુષ્કૃત્યોમાં તેઓ સંડોવાયા, મારી ઉમ્મતના લોકો પણ સંડોવાશે, બની ઈસ્રાઈલ ૭૨ ફિરકાઓમાં વહેંચાઈ ગઈ હતી, મારી ઉમ્મતમાં ૭૩ ફિરકાઓ થઈ જશે, જેમાંથી એક ફિરકા સિવાય બધા દોઝખમાં જશે. સહાબએ કિરામ (રદિ.)એ પૂછ્યું કે, તે છુટકારો પામનારો ફિરકો કયો છે ? ફરમાવ્યું, مَا اَنَا عَلَيْهِ وَاَصْحَابِىْ તે સમૂહ જે મારા તરીકા ઉપર અને મારા સહાબા (રદિ.)ના તરીકા ઉપર ચાલશે તે છુટકારો પામશે." *(આ રિવાયત તિરમિઝી અને અબૂ દાવુદે ઈબ્ને ઉમર રદિ.થી નકલ કરી છે.)*

અને તબરાનીએ પ્રમાણિત સનદ સાથે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.) દ્વારા નકલ કર્યું છે કે, તેમને હઝરત આયશા સિદીકા (રદિ.)ને ફરમાવ્યું કે, આ આયતમાં જે ફિરકાઓનું વર્ણન છે તે બિદ્અતી અને પોતાની મનેચ્છાઓ અને વિચારસણીના તાબે થઈ નવા તરીકાઓ અપનાવનારા છે. આ જ વિષય હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી સહીહ સનદ સાથે નકલ થયેલ છે, એટલા માટે રસૂલે કરીમ ﷺએ દીનમાં નવા-નવા તરીકાઓ પોતાના તરફથી ઉમેરનારાઓને એવું કરવાની તાકીદ સાથે ભારપૂર્વક મનાઈ ફરમાવી છે.

ઈમામ અહમદ, અબૂદાવુદ, તિરમિઝી (રહ.) વગેરેએ અરબાઝ બિન સારિયહ (રદિ.)થી નકલ કર્યું છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે,

"તમારામાંથી જે લોકો મારા પછી જીવતા રહેશે તે ઘણા વાદ-વિવાદ જોશે, એટલા માટે (હું તમને વસિયત કરું છું કે) તમે મારી સુન્નત અને ખુલફાએ રાશિદીન (રદિ.)ની સુન્નતને મજબૂતીથી પકડી રાખી તે જ પ્રમાણે દરેક કામમાં અમલ કરો. નવા-નવા તરીકાઓથી બચતા રહો, કારણ કે, દીનમાં નવી ઉત્પન્ન કરેલી દરેક વસ્તુ બિદ્અત છે અને દરેક બિદ્અત ગુમરાહી છે."

એક હદીષમાં ઈરશાદ ફરમાવ્યું છે કે, "જે વ્યક્તિ જમાઅત (વર્ગ)થી એક વેંત જેટલો પણ અલગ થઈ ગયો તેણે ઈસ્લામનો પટ્ટો (ધૂંસળી) પોતાની ગરદનેથી ઉતારી દીધો." *(રવાહે અબૂદાવુદ અને અહમદ)*

તફસીરે મઝહરીમાં છે કે, જમાઅતનો અર્થ આ હદીષમાં સહાબા (રદિ.)ની જમાઅત છે. કારણ એ છે કે, અલ્લાહ તઆલાએ આપણા આકા મુહમ્મદ મુસ્તફા ﷺને રસૂલ બનાવીને મોકલ્યા અને આપ ﷺને કુર્આન અર્પણ કર્યું અને કુર્આન સિવાય બીજું પણ જ્ઞાન અર્પણ કર્યું, જેને હદીષ અથવા સુન્નત કહેવામાં આવે છે. ત્યારબાદ કુર્આનમાં ઘણી બધી આયતો ગૂઢાર્થવાળી અથવા બહુઅર્થવાળી છે. અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ ﷺ દ્વારા તેનું વિવરણ અને તફસીર વર્ણન કરવાનો વાયદો કર્યો ثُمَّ اِنَّ عَلَيْنَا بَيَانَهٗ (૭૫:૧૯)નો આ જ ભાવાર્થ છે.

રસૂલે કરીમ ﷺએ કુર્આનની ગૂઢાર્થવાળી તથા બહુઅર્થવાળી આયતોની તફસીર અને પોતાની સુન્નતનો ખુલાસો પ્રત્યક્ષ પોતાના વિદ્યાર્થીઓ એટલે કે, સહાબએ કિરામ (રદિ.)ને પોતાના મૌખિક વચનો અને આચરણો દ્વારા શિખવાડી. એટલા માટે જમહૂર સહાબાના આચરણ સંપૂર્ણ શરીઅતે ઈલાહીનું વર્ણન અને વિવરણ છે.

મુસલમાનોની ખુશનસીબી એમાં જ છે કે, દરેક કામમાં અલ્લાહ તઆલાની કિતાબ અને સુન્નતે રસૂલ ﷺનું અનુસરણ કરે અને જે આયતો અથવા હદીષોના અર્થમાં શંકા થાય અથવા ભ્રમ કે વસવસો થાય તો તેમાં તે અભિપ્રાયને અપનાવે જેને જમહૂર સહાબા (રદિ.)એ અપનાવ્યો.

આ જ મુખ્ય સિદ્ધાંતને ઉપેક્ષિત કરવાથી (ધ્યાન ન આપવાથી) ઈસ્લામમાં વિવિધ પ્રકારના ફિરકાઓ ઉપસ્થિત થઈ ગયા કે, સહાબા (રદિ.)ના અમલો અને સહાબા (રદિ.)ની તફસીરને ઉપેક્ષિત કરીને પોતાના તરફથી જે દિલમાં આવ્યું તેને કુર્આન અને સુન્નતનો અર્થ ઠરાવી દીધો, આ જ તે ગુમરાહીના માર્ગો છે જેનાથી કુર્આને કરીમે વારંવાર અટકાવ્યા અને રસૂલે કરીમ ﷺએ સમગ્ર જીવન તાકીદ સાથે ભારપૂર્વક મનાઈ કરી અને એનાથી ઊલટું કરનારાઓ ઉપર લા'નત અને ફિટકાર વરસાવી.

હઝરત આયશા (રદિ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "છ વ્યક્તિઓ ઉપર હું ફિટકાર કરું છું. અલ્લાહ તઆલા પણ તેમના ઉપર ફિટકાર કરે. ૧. તે વ્યક્તિ જેણે અલ્લાહની કિતાબમાં પોતાના તરફથી કંઈક વધારી દીધું (એટલે કે ભલે અમુક શબ્દો વધારી આપે અથવા અર્થમાં એવો અતિરેક કરે જે સહાબા રદિ.ની તફસીરથી વિરુદ્ધ હોય), ૨. તે વ્યક્તિ જે અલ્લાહની તકદીરનો ઈન્કારી થઈ ગયો, ૩. તે વ્યક્તિ જે ઉમ્મત ઉપર જબરદસ્તી ચઢી બેઠો જેથી તે એવા વ્યક્તિને સન્માન આપે જેને અલ્લાહે અપમાનિત કર્યો છે અને એવા વ્યક્તિનું અપમાન કરે જેને અલ્લાહે ઈજ્જત આપી છે, ૪. તે વ્યક્તિ જેણે અલ્લાહના હલાલને હરામ સમજ્યું એટલે હરમે મક્કામાં ખૂનામરકી કરી અથવા શિકાર રમ્યો, ૫. તે વ્યક્તિ જેણે મારી ઈજ્જત અને અવલાદની બેહુરમતી કરી, ૬. તે વ્યક્તિ જેણે મારી સુન્નતને છોડી દીધી."

બીજી આયતમાં ઈરશાદ છે, مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا وَمَنْ جَآءَ بِالسَّيِّئَةِ فَلَا يُجْزٰى اِلَّا مِثْلَهَا وَهُمْ لَا يُظْلَمُوْنَ પાછલી આયતમાં એનું વર્ણન હતું કે, સીરાતે મુસ્તકીમથી આડા ફંટાઈ જનારાઓને કયામતના દિવસે અલ્લાહ તઆલા પોતે જ તેમના અમલોની સજા આપશે.

આ આયતમાં આખિરતના બદલા અને સજા વિશે અલ્લાહ તઆલાની કૃપાયુક્ત નીતિનું એ રીતે વર્ણન થયું છે કે, જે વ્યક્તિ એક નેક કાર્ય કરશે તેને દશગણો બદલો આપવામાં આવશે અને જે એક ગુનોહ કરશે તેની સજા ફક્ત એક ગુનાહ સમાન જ આપવામાં આવશે.

સહીહ બુખારી, મુસ્લિમ, નસાઈ અને મુસ્નદે અહમદમાં છે કે, રસૂલે

કરીમ ﷺએ ફરમાવ્યું કે, "તમારો પરવરદિગાર મહાકૃપાળુ છે, જે વ્યક્તિ કોઈ નેક કામનો ફક્ત ઈરાદો કરે તેના માટે એક નેકી લખી લેવામાં આવે છે, ભલે અમલ કરવાની નોબત પણ ન આવે. પછી જ્યારે તે એક નેક કામ કરી લે તો દશ નેકીઓ તેના નામએ આ'માલમાં લખી લેવામાં આવે છે અને જે વ્યક્તિ કોઈ ગુનાહનો ઈરાદો કરે પરંતુ તેના ઉપર (પસ્તાવો થવાથી) અમલ ન કરે તો તેના માટે પણ એક નેકી લખી લેવામાં આવે છે અને ગુનાહનો અમલ કરે તો માત્ર એક ગુનોહ લખી લેવામાં આવે છે અથવા તેને પણ (તવબહ દ્વારા) મિટાવી દેવામાં આવે છે. આ કૃપા અને દયા હોવાથી અલ્લાહના દરબારમાં માત્ર તે જ વ્યક્તિ હલાક થઈ શકે છે જેણે પોતે હલાક થવાનો નિર્ધાર કરી લીધો હોય." *(ઈબ્ને કષીર)*

એક હદીષે કુદ્સીમાં અબૂઝર (રદિ.)ની રિવાયતથી નકલ થયેલ છે કે,

"જે વ્યક્તિ એક નેકી કરે છે તેને દશ નેકીઓનો સવાબ મળે છે અને તેનાથી પણ વધારે અને જે વ્યક્તિ એક ગુનોહ કરે છે તો તેની સજા એક ગુનાહ સમાન મળશે અથવા હું (અલ્લાહ) તેને પણ મા'ફ કરી આપું, અને જે વ્યક્તિ એટલા બધા ગુનાહ કરીને મારી પાસે આવે કે જેનાથી સમગ્ર પૃથ્વી ભરાય જાય અને તે મા'ફીનો ઈચ્છુક હોય તો હું એટલો જ ક્ષમાનો વર્તાવ તેની સાથે કરીશ; અને જે વ્યક્તિ મારા તરફ એક વેંત નજીક થાય છે હું તેના તરફ એક હાથ વધું છું; અને જે વ્યક્તિ એક હાથ મારા તરફ આવે છે હું તેના તરફ એક બાઅ્ (બંને હાથ ફેલાવવાથી માપવામાં આવતું અંતર) આગળ વધુ છું; અને જે વ્યક્તિ મારા તરફ ઝડપથી આવે છે, હું તેના તરફ દોડીને આવું છું."

હદીષની રિવાયતોથી જાણ થાય છે કે, નેકીના બદલામાં દશ સુધીનો વધારો જે આ આયતમાં પ્રસ્તુત છે તે તેની ઓછામાં ઓછી મર્યાદા વર્ણન થઈ છે અને અલ્લાહ તઆલા પોતાની દયા અને કૃપાથી તેનાથી પણ વધારે આપી શકે છે અને આપશે. જેમકે, અન્ય રિવાયતોમાં સિત્તેર ઘણા અથવા સાતસો ઘણા સુધીનું આવ્યાનું સાબિત થયેલ છે.

આ આયતના શબ્દોમાં એ બાબત પણ વિચાર કરવા યોગ્ય છે કે, અહીંયાં શબ્દ جَآءَ بِالْحَسَنَةِ ફરમાવ્યું છે. عَمِلَ بِالْحَسَنَةِ કહેવામાં આવ્યું નથી. તફસીરે બહરે મુહીતમાં છે કે, એનાથી એ તરફ ઈશારો થાય છે કે, ફક્ત કોઈ નેક અથવા

ખરાબ કામ કરી લેવાથી આ બદલો અથવા સજા નહીં આપવામાં આવે બલકે, બદલા અથવા સજા માટે મોતના સમય સુધી આ નેક અથવા ખરાબ અમલ ઉપર કાયમ રહેવાની શરત છે. જેનું પરિણામ એ છે કે, જો કોઈ વ્યક્તિએ કોઈ નેક અમલ કર્યો પરંતુ પછી તેના ગુનાહોની નહૂસતથી તે અમલ વ્યર્થ અને બરબાદ થઈ ગયો તો તે વ્યક્તિ આ અમલ ઉપર બદલાનો હકદાર નથી રહ્યો. જેમકે, નઊઝુબિલ્લાહ ! કુફ્ર અને શિર્ક તો સમગ્ર સારા અમલો બરબાદ કરી નાંખે છે અને તેના સિવાય અન્ય પણ ઘણા બધા ગુનાહો એવા છે જે અમુક નેક અમલોને વ્યર્થ અને બિનઅસરકારક બનાવી દે છે. જેમકે, કુર્આને કરીમમાં ઈરશાદ છે, لَاتُبْطِلُوْا صَدَقٰتِكُمْ بِالْمَنِّ وَالْاَذٰى (૨ : ૨૬૪) એટલે કે, "તમે પોતાના સદકાઓનું અહેસાન જતાવી પીડા પહોંચાડીને તેને વ્યર્થ અને બરબાદ ન કરો."

આથી જાણ થાય છે કે, સદકાનો નેક અમલ અહેસાન જતાવવાથી અથવા પીડા આપવાથી વ્યર્થ અને બરબાદ થઈ જાય છે, એ જ પ્રમાણે હદીષમાં છે કે, મસ્જિદમાં બેસીને દુનિયાની વાતો કરવી નેકીઓને એ પ્રમાણે ખાય જાય છે, જેમકે આગ લાકડાંને ખાય જાય છે. આથી જાણ થાય છે કે, મસ્જિદમાં જે નેક અમલો નફલો અથવા તસ્બીહ વગેરે કર્યા છે, તે દુનિયાની વાતો કરવાથી બરબાદ થઈ જાય છે.

એ જ પ્રમાણે ખરાબ અમલોથી જો તવબહ કરી લે તો તે ગુનાહો નામએ આ'માલમાંથી ભૂંસી નાંખવામાં આવે છે, મોતના સમય સુધી બાકી નથી રહેતા. એટલા માટે આ આયતમાં એવું નથી કહેવામાં આવ્યું કે, કોઈ અમલ સારો અથવા ખરાબ હોય તો તેનો સારો બદલો અથવા સજા મળશે. બલકે, એવું કહેવામાં આવ્યું છે કે, જે વ્યક્તિ અમારી પાસે નેક અમલ લાવશે તો દશ ઘણો સવાબ મેળવશે અને ખરાબ અમલ અમારી પાસે લાવશે તો એક ઘણી જ બુરા અમલની સજા પામશે. અલ્લાહ તઆલા પાસે લાવવાનું એ જ સમયે થશે જ્યારે કે એ અમલ અંતિમ સમય સુધી કાયમ અને બાકી રહે. નેક અમલને બરબાદ કરનારી કોઈ વસ્તુ ન બને અને ખરાબ અમલથી તવબહ અને ઈસ્તિગફાર કરે (મા'ફી માંગે).

અંતિમ આયતમાં ફરમાવ્યું, وَهُمْ لَا يُظْلَمُوْنَ એટલે કે, આ ઉચ્ચતમ્ ન્યાયાલયમાં એ શક્યતા જ નથી કે કોઈના ઉપર અત્યાચાર કરવામાં આવે, ન તો

કોઈના નેક અમલોના બદલામાં કમી થવાની શકયતા છે અને ન જ કોઈના બુરા અમલો કરતાં વધારે સજાની સંભાવના છે.

આયતો : (સૂરએ અન્આમ : આયત નં. ૧૬૧ થી ૧૬૫)

قُلْ إِنَّنِي هَدَانِي رَبِّي إِلَىٰ صِرَاطٍ مُّسْتَقِيمٍ دِينًا قِيَمًا مِّلَّةَ إِبْرَاهِيمَ حَنِيفًا
وَمَا كَانَ مِنَ الْمُشْرِكِينَ ﴿١٦١﴾ قُلْ إِنَّ صَلَاتِي وَنُسُكِي وَمَحْيَايَ وَمَمَاتِي لِلَّهِ رَبِّ
الْعَالَمِينَ ﴿١٦٢﴾ لَا شَرِيكَ لَهُ وَبِذَٰلِكَ أُمِرْتُ وَأَنَا أَوَّلُ الْمُسْلِمِينَ ﴿١٦٣﴾ قُلْ أَغَيْرَ
اللَّهِ أَبْغِي رَبًّا وَهُوَ رَبُّ كُلِّ شَيْءٍ وَلَا تَكْسِبُ كُلُّ نَفْسٍ إِلَّا عَلَيْهَا وَلَا تَزِرُ
وَازِرَةٌ وِزْرَ أُخْرَىٰ ثُمَّ إِلَىٰ رَبِّكُم مَّرْجِعُكُمْ فَيُنَبِّئُكُم بِمَا كُنتُمْ فِيهِ
تَخْتَلِفُونَ ﴿١٦٤﴾ وَهُوَ الَّذِي جَعَلَكُمْ خَلَائِفَ الْأَرْضِ وَرَفَعَ بَعْضَكُمْ فَوْقَ بَعْضٍ
دَرَجَاتٍ لِّيَبْلُوَكُمْ فِي مَا آتَاكُمْ إِنَّ رَبَّكَ سَرِيعُ الْعِقَابِ وَإِنَّهُ لَغَفُورٌ رَّحِيمٌ ﴿١٦٥﴾

તરજુમો :

તમે કહી આપો ! મને મારા પરવરદિગારે મિલ્લતે ઈબ્રાહીમના સહીહ દીનનો સીધો માર્ગ સૂઝાડયો, જેઓ એક જ તરફના હતા અને શિર્ક કરનારાઓમાંથી ન હતા. (૧૬૧) તમે કહો ! મારી નમાઝ અને મારી કુર્બાની અને મારું જીવવું અને મરવું અલ્લાહના જ માટે છે જે બધા વિશ્વનો પાલનહાર છે. (૧૬૨) કોઈ તેનો ભાગીદાર નથી અને આ જ મને હુકમ થયો અને હું સૌથી પહેલો ફરમાંબરદાર છું. (૧૬૩) તમે કહો ! શું હવે હું અલ્લાહના સિવાય કોઈ રબ્બ શોધું !? અને તે જ દરેક વસ્તુનો રબ્બ છે અને જે કોઈ ગુનાહ કરે છે બસ તે તેની જ જવાબદારી ઉપર છે અને એક વ્યક્તિ બીજાનો ભાર ઉઠાવશે નહીં, પછી તમારા પરવરદિગારની પાસે જ બધાએ પાછા વળીને જવાનું છે, બસ તે બતાવી આપશે જે વાતમાં તમે ઝઘડતા હતા. (૧૬૪) અને તેણે જ તમને જમીનના નાયબ કર્યા અને તમારામાં એક

ઉપર એકના દરજ્જા બુલંદ કરી દીધા જેથી તમને પોતાના આપેલા હુકમોમાં અજમાવે, તમારો પરવરદિગાર નિકટમાં અઝાબ કરનારો છે અને તે જ બખ્શનારો મહેરબાન છે. (૧૬૫)

તફસીર :

(હે નબી ﷺ !) તમે કહી આપો કે, મારા પરવરદિગારે મને એક સીધો માર્ગ (વહી દ્વારા) બતાવી આપ્યો છે કે તે એક દીન છે (જે સાબિતીઓ અને દલીલો દ્વારા) મજબૂત (છે) જે તરીકો ઈબ્રાહીમ (અલૈ.)નો છે જેમાં થોડી પણ ભૂલ નથી અને તે (ઈબ્રાહીમ અલૈ.) શિર્ક કરનારાઓમાંથી ન હતા (અને) તમે (તે દીનની વર્ણન કરવામાં આવેલ વિગત માટે) કહી આપો કે (આ દીનનો ખુલાસો એ છે કે) બેશક ! મારી નમાઝ અને મારી સમગ્ર ઈબાદતો અને મારું જીવવું અને મરવું, આ બધું માત્ર અલ્લાહ માટે જ છે જે સમગ્ર દુનિયાનો માલિક છે, તેનો (ઈબાદતના હક અથવા માલિકીપણાના અધિકારમાં) કોઈ ભાગીદાર નથી અને મને એ (પ્રસ્તુત દીન ઉપર રહેવા)નો જ હુકમ થયો છે અને (હુકમ પ્રમાણે) હું (આ દીનવાળાઓમાં) સૌ માનનારાઓથી પ્રથમ (માનનારો) છું, તમે (તે બાતિલ તરફ આમંત્રણ આપનારાઓને) કહી આપો કે, શું (તવહીદ અને ઈસ્લામની સ્પષ્ટ દલીલો પછી તમારા કહેવાથી) હું અલ્લાહ તઆલા સિવાય કોઈ અન્યને પરવરદિગાર બનાવવા માટે શોધી લઉં ? (એટલે કે, નઊઝુબિલ્લાહ શિર્ક અપનાવું ?) જ્યારે કે તે દરેક વસ્તુનો માલિક છે (અને માલિકીપણા હેઠળની વસ્તુઓ માલિકીપણામાં માલિકની ભાગીદાર નથી હોઈ શકતી) અને (તમે જે કહો છો કે તમારા ગુનાહ અમારા માથે તો આ ફક્ત વ્યર્થ વાત છે કે, ગુનાહ કરનારો પવિત્ર અને પાક-સાફ રહે અને તેના ગુનાહો અન્યની જવાબદારી બની જાય, બલકે હકીકત તો એ છે કે) જે વ્યક્તિ પણ કોઈ અમલ કરે છે તે તેના જ માટે છે અને કોઈ બીજો (તેના ગુનાહનો) ભાર વેંઢારશે નહીં (બલકે, બધા જ પોત-પોતાના કરેલા કર્મો ભોગવશે), પછી (બધા અમલ કરી ચૂક્યા બાદ) તમારે સૌને તમારા પરવરદિગાર પાસે જવાનું છે, ત્યારબાદ તે તમને બતાવી દેશે કે જે વસ્તુઓમાં તમે મતભેદ કર્યા કરતા હતા (કે કોઈ એક ધર્મને સત્ય બતાવતો હતો તો કોઈ બીજાને, ત્યાં વાસ્તવિક રીતે જાણકારી આપી ફેંસલો કરવામાં આવશે કે સત્ય માર્ગ ઉપર ચાલનારાને છુટકારો અને ખોટા માર્ગે

ચાલનારાઓને સજા થશે) અને તે (અલ્લાહ તઆલા) એવો છે જેણે તમને પૃથ્વીમાં નાયબ બનાવ્યા અને એકને બીજા ઉપર (વિવિધ વસ્તુઓમાં) દરજ્જા વધાર્યા જેથી (આ નેઅ્મતોથી) તમને (જાહેર રીતે) અજમાવે તે વસ્તુઓમાં કે જે (પ્રસ્તુત નેઅ્મતો સ્વરૂપે) તમને આપી છે (અજમાવવું એ કે કોણ આ નેઅ્મતોની કદર કરીને આભાર માની નેઅ્મતો આપનારની ફરમાંબરદારી કરે છે ? અને કોણ નાકદરી કરી ફરમાંબરદારી નથી કરતો ? બસ, અમુક તાબે'દાર થયા અને અમુક નાફરમાન થયા અને બંનેની સાથે તેના અમલ પ્રમાણે યોગ્ય વ્યવહાર કરવામાં આવશે, કારણ કે) બેશક ! તમારો પરવરદિગાર નિકટમાં જ સજા આપનારો (પણ) છે અને ખરેખર તે નિશ્ચિત મહાન બખ્શીશ કરનારો મહેરબાની કરનારો (પણ) છે. (બસ, નાફરમાનો માટે સજા છે અને ફરમાંબરદારો માટે રહમત છે અને નાફરમાનીથી ફરમાંબરદારી તરફ આવનારાઓ માટે બખ્શીશ છે, બસ મનુષ્ય માટે જરૂરી છે કે સત્ય દીનનું યોગ્ય અનુસરણ અપનાવે અને બાતિલ અને જૂઠા ધર્મો તથા સત્ય વિરોધી વિચારસરણીથી પાછો વળે).

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરએ અન્આમની અમુક અંતિમ આયતો છે, જે લોકોએ દીને હક્ક (સત્ય ધર્મ)માં અતિશયોક્તિ અથવા અધૂરપ કે ઓછું-વધતું (ઈફરાત અને તફરીત) કરીને વિવિધ ધર્મો બનાવી લીધા હતા અને પોતે વિવિધ પ્રકારના વર્ગો, જૂથો અને ફિરકાઓમાં વહેંચાય ગયા હતા, તેમના મુકાબલામાં પ્રથમ ત્રણ આયતોમાં દીને હક્કનું સત્ય અને સ્પષ્ટ શબ્દચિત્ર, તેના પાયાના સિદ્ધાંતો અને અમુક મહત્ત્વપૂર્ણ પેટા વિભાગોનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રથમ બે આયતોમાં મૂળભૂત બાબતનું વર્ણન છે અને ત્રીજી આયતમાં તેના મહત્ત્વપૂર્ણ પેટા વિભાગનું વર્ણન છે અને બંનેમાં રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને એ ઈરશાદ થયો છે કે, તમે તે લોકોને આ વાત પહોંચાડી આપો.

પ્રથમ આયતમાં ઈરશાદ છે, قُلْ اِنَّنِیْ هَدٰىنِیْ رَبِّیْٓ اِلٰی صِرَاطٍ مُّسْتَقِیْمٍ એટલે કે, "(હે નબી ﷺ !) તમે કહી આપો કે, મને મારા પરવરદિગાર તરફથી એક સીધો માર્ગ બતાવવામાં આવ્યો છે." એમાં ઈશારો કરવામાં આવ્યો છે કે, મેં તમારી જેમ પોતાની મનઘડત વિચારસરણી અથવા બાપ-દાદાના રિવાજોની

તાબે'દારી કરીને આ માર્ગ અપનાવ્યો નથી, બલકે મારા પરવરદિગારે મને આ માર્ગ બતાવ્યો છે અને શબ્દ رَبّ (રબ્બ–પાલનહાર)થી એ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો કે, તેના માલિકીપણાની શા'નનો તકાદો એ છે કે તે તમને સત્ય માર્ગ બતાવે, તમે પણ જો ઈચ્છો તો હિદાયતનો સામાન તમારી સામે પણ મોજૂદ છે.

બીજી આયતમાં دِيۡنًا قِيَمًا مِّلَّةَ اِبۡرٰهِيۡمَ حَنِيۡفًا وَّمَا كَانَ مِنَ الۡمُشۡرِكِيۡنَ ફરમાવ્યું, તેમાં શબ્દ قَيِّم (કય્યિમ) ક્રિયાપદ છે, તે قِيَام (કિયામ)ના અર્થમાં છે અને તેનો અર્થ "કાયમ રહેનાર–ટકાઉ" અથવા "મજબૂત" થાય છે અને આ દીન કાયમ રહેનાર–ટકાઉ અને મજબૂત છે જે અલ્લાહ તરફથી આવેલ હોઈ મજબૂત પાયાઓ ઉપર ટકેલો છે. તે કોઈ વ્યક્તિની વ્યક્તિગત વિચારસરણી નથી અને કોઈ નવો ધર્મ પણ નથી કે, જેમાં કોઈ વ્યક્તિને કોઈ શંકા હોઈ શકે. બલકે, અગાઉ થઈ ચૂકેલા બધા જ અંબિયા (અલૈ.)નો આ જ ધર્મ છે. ખાસ કરીને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નું નામ એટલા માટે અત્રે વર્ણન કરવામાં આવ્યું છે કે, દુનિયાના દરેક ધર્મવાળા તેમની પ્રતિષ્ઠા અને સરદારીને માને છે. ઉપસ્થિત ફિરકાઓમાંથી યહૂદી, નસારા, અરબના મુશ્રિકો પરસ્પર કેટલાય મતભેદો અને વિવાદો કરે છે પરંતુ ઈબ્રાહીમ (અલૈ.)ની મહાનતા અને આગેવાની ઉપર બધા જ સહમત છે. એટલે આ ઈમામત (સરદારી)નું તે સ્થાન છે જેને અલ્લાહે વિશેષ પ્રકારના ઈનામ સ્વરૂપે તેમને અર્પણ કર્યું છે, اِنِّىۡ جَاعِلُكَ لِلنَّاسِ اِمَامًا ؕ "હું તમને લોકોના ઈમામ બનાવવા જઈ રહ્યો છું." (૨:૧૨૪)

ત્યાર પછી તેમનામાંથી દરેક ફિરકો એ બાબત સાબિત કરવાનો પ્રયત્ન કરતો હતો કે, અમે ઈબ્રાહીમ (અલૈ.)ના ધર્મ ઉપર કાયમ છીએ અને અમારો ધર્મ જ "મિલ્લતે ઈબ્રાહીમી" છે. તેમના આ ખોટા ભ્રમને દૂર કરવા માટે ફરમાવવામાં આવ્યું કે, ઈબ્રાહીમ (અલૈ.) તો ગયરૂલ્લાહ (અલ્લાહ સિવાય અન્ય)ની ઈબાદત કરતા ન હતા અને તેઓ તો શિર્કથી ધૃણા અને નફરત કરનારા હતા અને એ જ તેમની સૌથી મોટી પ્રતિષ્ઠા છે. તમે લોકો જ્યારથી શિર્કમાં સંડોવાઈ ગયા અને યહૂદીઓએ હઝરત ઉઝૈર (રદિ.)ને અને નસારાએ હઝરત ઈસા (અલૈ.)ને અને અરબના મુશ્રિકોએ હજારો પથ્થરોને અલ્લાહના ભાગીદાર બનાવી લીધા તો પછી કોઈને એવું કહેવાનો અધિકાર નથી રહ્યો કે, તે મિલ્લતે

ઈબ્રાહીમીના અનુયાયી છે. હા ! આ હક માત્ર મુસલમાનોને છે કે જેઓ શિર્ક અને કુફ્રથી બેઝાર અને બચેલા છે.

ત્રીજી આયતમાં قُلْ اِنَّ صَلَاتِىْ وَنُسُكِىْ وَمَحْيَاىَ وَمَمَاتِىْ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ફરમાવ્યું, તેમાં શબ્દ نُسُكٌ (નુસુક)નો અર્થ "કુરબાની"નો પણ થાય છે અને હજ્જની દરેક પ્રવૃત્તિને પણ "નુસુક" કહેવામાં આવે છે તથા હજ્જના અમલોને "મનાસિક" કહેવામાં આવે છે અને આ શબ્દનો "ઈબાદત"ના અર્થમાં પણ ઉપયોગ થાય છે. એટલા માટે "નાસિક" ઈબાદત કરનાર માટે પણ કહેવામાં આવે છે. આ સ્થળે તેમાંથી દરેક અર્થ લઈ શકાય છે અને વિવરણકાર સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) દ્વારા આ અર્થો સાથે પણ તફસીર વર્ણન થઈ છે પરંતુ "સંપૂર્ણ ઈબાદત" ભાવાર્થ તરીકે આ સ્થળે વધારે યોગ્ય જણાય છે. આયતનો ભાવાર્થ એ થશે કે, "મારી નમાઝ અને મારી સમગ્ર ઈબાદત અને મારી સંપૂર્ણ જિંદગી અને પછી મોત; આ સર્વ કંઈ અલ્લાહ રબ્બુલ આલમીન માટે છે."

એમાં પેટા વિભાગોમાંથી પ્રથમ નમાઝનું વર્ણન થયું, કારણ કે તે સમગ્ર નેક અમલોની આત્મા અને દીનનો પાયાનો સ્તંભ છે. ત્યારબાદ સમગ્ર આચરણ અને ઈબાદતનું સામૂહિક વર્ણન કરવામાં આવ્યું અને ત્યારબાદ તેમાં પ્રગતિ કરીને સંપૂર્ણ જિંદગીના સમગ્ર આચરણો અને પરિસ્થિતિઓનું વર્ણન કર્યું અને અંતે મોતનું વર્ણન થયું. આ સૌનું વર્ણન કરીને ફરમાવ્યું કે, અમારી આ બધી જ વસ્તુઓ ફક્ત અલ્લાહ રબ્બુલ આલમીન માટે છે, તેનો કોઈ જ ભાગીદાર નથી અને આ સંપૂર્ણ ઈમાન અને સંપૂર્ણ ઈખ્લાસ (નિખાલસતા)નું પરિણામ એ છે કે, મનુષ્ય પોતાના જીવનની પ્રત્યેક પરિસ્થિતિમાં, દરેક કાર્યમાં પોતાની નજર સમક્ષ એ વસ્તુ રાખે કે, મારો અને તમામ દુનિયાઓનો એકમાત્ર માલિક અલ્લાહ રબ્બુલ ઈજ્જત છે, હું તેનો બંદો છું અને દરેક વખતે તેની નજર સમક્ષ એ બાબત રહે છે કે મારું હૃદય, દિમાગ, આંખ, કાન, જીભ અને હાથ-પગ, મારું સમગ્ર શરીર અને મારા પ્રત્યેક કર્મો તેની મરજી વિરુદ્ધ ન થવા જોઈએ અને આ ધ્યાન ધરી જો મનુષ્ય તેને પોતાના દિલ-દિમાગમાં બેસાડી દે તો સાચા અર્થમાં મનુષ્ય એક સંપૂર્ણ માનવી બની જાય અને ગુનાહ તથા અપરાધ તેની આસપાસ પણ ફરકી નહીં શકે.

તફસીરે દૂર્રે મન્સૂરમાં આ જ આયત હેઠળ નકલ થયું છે કે, હઝરત અબૂ મૂસા અશઅરી (રદિ.) ફરમાવ્યા કરતા હતા કે, મારું દિલ ઈચ્છે છે કે, દરેક મુસલમાન આ આયતને વારંવાર પઢ્યા કરે અને તેને પોતાની જિંદગીનો વઝીફો (રટણ) બનાવી લે.

આ આયતમાં નમાઝ અને બધી જ ઈબાદતોનું અલ્લાહ માટે હોવું તો દેખીતું છે કે, તેમાં તો શિર્ક અથવા દેખાડો કરવો અથવા તેનાથી કોઈ દુનિયવી લાભ પ્રાપ્ત કરવો સામેલ ન હોવાનો અર્થ સમજાય છે અને જિંદગી અને મોતનું અલ્લાહ માટે હોવાનો ભાવાર્થ એ પણ હોઈ શકે છે કે મારું મોત અને જીવન એના જ કાબૂ હેઠળ છે, માટે હવે જિંદગીના આચરણ અને ઈબાદતો પણ એના જ માટે હોવી આવશ્યક છે અને એ ભાવાર્થ પણ હોઈ શકે છે કે, જેટલા અમલો જિંદગી સાથે જોડાયેલા છે તે પણ ફક્ત અલ્લાહ તઆલા માટે જ છે. જેમકે નમાઝ, રોઝા, અને લોકો સાથે સદ્‌વ્યવહાર તથા હકો અને ફરજો વગેરે... અને જે અમલો મૃત્યુ સાથે સંલગ્ન છે જેમકે, વસિયત; પોતાના મોત પછી દરેક મનુષ્ય જે વ્યવસ્થા ઈચ્છે છે અને વિચારે છે તે બધું જ અલ્લાહ રબ્બુલ આલમીન માટે અને તેના હુકમોના તાબે છે.

ત્યારબાદ ફરમાવ્યું, وَبِذٰلِكَ اُمِرْتُ وَاَنَا اَوَّلُ الْمُسْلِمِيْنَ એટલે કે, "મને અલ્લાહ તઆલા તરફથી તે કૌલ અને કરાર તથા સંપૂર્ણ ઈખ્લાસનો હુકમ આપવામાં આવ્યો છે અને હું સૌ પ્રથમ ફરમાંબરદાર મુસલમાન છું." એનો ભાવાર્થ એ છે કે, આ ઉમ્મતમાં સૌ પ્રથમ મુસલમાન હું છું. કારણ કે, દરેક ઉમ્મતોનો પ્રથમ મુસલમાન તે નબી અથવા રસૂલ (અલૈ.) પોતે હોય છે જેના ઉપર શરીઅતની વહી નાઝિલ કરવામાં આવે છે.

અને પ્રથમ મુસલમાન હોવાથી એ તરફ પણ ઈશારો હોઈ શકે છે કે, સમગ્ર મખ્લૂકોમાં સૌ પ્રથમ રસૂલે કરીમ ﷺનું નૂર મુબારક પેદા કરવામાં આવ્યું છે, ત્યારબાદ બધા જ આસમાનો, જમીન અને સમગ્ર સૃષ્ટિ અસ્તિત્વમાં આવી છે. જેમકે એક હદીષમાં ઈરશાદ છે, اَوَّلُ مَا خَلَقَ اللّٰهُ تَعَالٰى نُوْرِىْ *(રૂહુલ મઆની)*

કોઈના ગુનાહનો ભાર કોઈ બીજો નહીં ઉઠાવી શકે :

ચોથી આયતમાં મક્કાના મુશ્રિકો વલિદ બિન મુગયરા વગેરેની એ

વાતનો જવાબ છે કે, જે તેઓ રસૂલે કરીમ ﷺ અને સામાન્ય મુસલમાનોને કહ્યા કરતા હતા કે, તમે અમારા ધર્મમાં પાછા ચાલ્યા આવો તો તમારા બધા ગુનાહોનો ભાર અમે ઉઠાવી લઈશું. એના વિશે ફરમાવ્યું قُلْ اَغَيْرَ اللّٰهِ اَبْغِيْ رَبًّا وَّهُوَ رَبُّ كُلِّ شَيْءٍ એમાં રસૂલે કરીમ ﷺને ઈરશાદ છે કે, "તમે તેમને કહી આપો કે, શું તમે મારાથી એવું ઈચ્છો છો કે તમારી જેમ હું પણ અલ્લાહના સિવાય કોઈ અન્ય પરવરદિગાર શોધી લઉં ? જ્યારે કે તે જ સમગ્ર દુનિયાઓ અને સમગ્ર સૃષ્ટિનો માલિક અને પરવરદિગાર છે." આ ગુમરાહીની મારાથી કોઈ આશા ન રાખો, બાકી તમારું એ કહેવું કે અમે તમારા ગુનાહોનો ભાર ઉઠાવી લઈશું તો આ વાત તો પોતે એક મહામૂર્ખામી છે. ગુનાહો તો જે વ્યક્તિ કરશે તેના જ નામએ આ'માલમાં લખવામાં આવશે અને તે જ તેની સજાનો હકદાર બનશે. તમારું એવું કહેવાથી તે ગુનાહો તમારી તરફ કેવી રીતે વાળી શકાય છે ? અને જો એ વિચાર હોય કે, હિસાબ અને નામએ આ'માલમાં તો તેમના જ રહેશે પરંતુ મેદાને હશ્રમાં જે સજા થવાની છે તે સજા અમે ભોગવી લઈશું તો એ વિચાર પણ આ આયતના આગલા વાક્યએ રદ કરી દીધો. ફરમાવ્યું, لَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى એટલે કે, "કયામતના દિવસે કોઈ વ્યક્તિ અન્યના ગુનાહોનો ભાર ઉઠાવશે નહીં."

આ આયતે મુશ્રિકોના વાહિયાત નિવેદનોનો જવાબ તો આપ્યો જ છે, સાથે-સાથે સામાન્ય મુસલમાનોને એ સિદ્ધાંત પણ બતાવ્યો છે કે, કયામતની ઘટનાને દુનિયા ઉપર અનુમાનિત ન કરો કે અહીંયાં કોઈ વ્યક્તિ ગુનોહ કરીને કોઈ બીજાને માથે જવાબદારી થોપી શકે છે, ખાસ કરીને બીજો એવું કરવાથી પોતે સહમત પણ હોય, પરંતુ અલ્લાહની અદાલતમાં તેની કોઈ જ સંભાવના નથી, જ્યાં એકના ગુનાહમાં બીજાને કદાપિ પકડવામાં આવશે નહીં. આ જ આયતથી દલીલ પકડીને રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યું કે, "વ્યભિચારથી પેદા થયેલ સંતાન ઉપર માં-બાપના ગુનાહનો કોઈ પ્રભાવ નથી." આ હદીષ હાકિમે હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની સહીહ સનદથી રિવાયત કરી છે.

અને એક મય્યતના જનાઝહ ઉપર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)એ કોઈને રડતા જોયા તો ફરમાવ્યું કે, જીવંત લોકોના રડવાથી મૃત લોકોને

અઝાબ થાય છે. ઈબ્ને ઉબય મુલયકા કહે છે કે, મેં આ નિવેદન હઝરત આયશા સિદ્દીકા (રદિ.) સામે રજૂ કર્યું તો તેમણે ફરમાવ્યું કે, તમે એક એવા વ્યક્તિનું આ નિવેદન નકલ કરી રહ્યા છો જે ન કદાપિ જૂઠું બોલે છે અને ન જ તેમના સત્યનિષ્ઠ હોવામાં કોઈ શંકા કરી શકાય છે પરંતુ ક્યારેક સાંભળવામાં ભૂલ થઈ જાય છે. આ મા'મલામાં તો કુર્આનનો નિર્ણાયક ફૈસલો તમારા માટે પૂરતો છે. لَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى એટલે કે, એકનો ગુનોહ બીજા ઉપર નથી પડી શકતો તો કોઈ જીવંત વ્યક્તિના રડવાથી બેકુસૂર (નિર્દોષ) મૃત વ્યક્તિને કઈ રીતે સજા થઈ શકે છે ?

(દુર્રે મન્સૂર)

અંતિમ આયતમાં આ ઈરશાદ ફરમાવ્યો કે, પછી તમારે સૌને આખરે પોતાના પરવરદિગારની પાસે જ જવાનું છે, જ્યાં તમારા બધા મતભેદોનો ફૈસલો સંભળાવી દેવામાં આવશે. મતલબ એ છે કે, મોટી વાતો કરવાથી અથવા ખોટી બહશો કરવાથી પાછા વળો અને પોતાના પરિણામની ચિંતા કરો.

પાંચમી અને છઠ્ઠી આયતમાં એક ઠોસ બોધપાઠ ઉપર સૂરએ અન્આમને પૂર્ણ કરવામાં આવી છે અને તે ભૂતકાળના ઈતિહાસ અને પાછલી કૌમોના અહેવાલને તેમની સામે લાવીને તેમને પોતાના ભવિષ્ય તરફ ધ્યાન અપાવ્યું છે. وَهُوَ الَّذِىْ جَعَلَكُمْ خَلٰٓئِفَ الْاَرْضِ وَرَفَعَ بَعْضَكُمْ فَوْقَ بَعْضٍ دَرَجٰتٍ એમાં શબ્દ خَلٰٓئِفَ (ખલાઈફ) તે خَلِيْفَةٌ (ખલીફહ)નું બહુવચન છે, જેનો અર્થ "કોઈના નાયબ અથવા ગાદીનશીન" થાય છે. ભાવાર્થ એ છે કે, અલ્લાહ તઆલાએ જ તમને તમારાથી અગાઉની કૌમોની જગ્યાએ આબાદ કર્યા છે. કોઈ મકાન, જમીન જેને આજે તમે પોતાની માલિકી કહો છો અને સમજો છો, એવું નથી જે કાલે તમારા જેવા અન્ય મનુષ્યની મિલકતમાં ન હોય. અલ્લાહ તઆલાએ તેમને હટાવીને તમને તેમના સ્થાને બેસાડ્યા છે અને પછી એ વાત પણ દરેક સમયે ધ્યાન આપવા યોગ્ય છે કે, તમારામાં પણ બધા વ્યક્તિઓ સમાન નથી. કોઈ ગરીબ છે તો કોઈ માલદાર છે, કોઈ અપમાનિત છે તો કોઈ ઈજ્જતદાર અને એ પણ દેખીતું છે કે, માલદારી અને ઈજ્જત પોતે મનુષ્યના અધિકારમાં હોત તો કયો મનુષ્ય ગરીબ અને અપમાનને અપનાવતો હોત ? આ દરજ્જાનો તફાવત પણ તમને એવી ખબર આપી રહ્યો છે કે, અધિકાર કોઈ અન્ય હસ્તીના હાથમાં છે, તે જેને ચાહે રંક બનાવે, જેને ચાહે રાજા, જેને ચાહે ઈજ્જત આપે, જેને ચાહે

ઝિલ્લત. સત્તા માત્ર પરવરદિગારે આલમની જ છે.

અંતિમ આયતમાં ફરમાવ્યું, لِيَبْلُوَكُمْ فِي مَا آتَاكُمْ તમને બીજા લોકોના સ્થાને બેસાડવામાં અને તેમના માલ-મિલકતના માલિક બનાવવામાં અને પછી ઈજ્જત અને દૌલતના આધારે વિવિધ દરજ્જાઓમાં વહેંચવાનો અર્થ એ જ છે કે, તમારી આંખો ખુલે અને કસોટી થાય કે, જે નેઅ્મતો પાછલા લોકોને હટાવીને તમને સોંપવામાં આવી છે તેમાં તમારો અમલ શું હોય છે ? શુક્રગુઝારી (આભાર) અને આજ્ઞાપાલનનો અથવા નાશુક્રી અને અવજ્ઞાનો ?

છઠ્ઠી આયતમાં આ બંને પરિસ્થિતિઓનું પરિણામ આ રીતે બતાવ્યું, إِنَّ رَبَّكَ سَرِيعُ الْعِقَابِ وَإِنَّهُ لَغَفُورٌ رَّحِيمٌ ط એટલે કે, આપના પરવરદિગાર નાફરમાનો ઉપર નિકટમાં જ અઝાબ મોકલનારો છે અને ફરમાંબરદારો માટે મહાકૃપાળુ, મહાદયાળુ છે.''

સૂરએ અન્આમની શરૂઆત અલ્લાહની તા'રીફથી થઈ અને તેનો અંત અલ્લાહની બખ્શીશ ઉપર થયો. અલ્લાહ તઆલા આપણ સૌને તેની તા'રીફ કરવાની તવફીક આપે અને તેની બખ્શીશથી માલા-માલ ફરમાવે. આમીન.

હદીષમાં છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, સૂરએ અન્આમ પૂરેપૂરી એકી સાથે નાઝિલ થઈ અને એવી શા'ન (પ્રતિષ્ઠા) સાથે નાઝિલ થઈ કે, સિત્તેર હજાર ફરિશ્તા તેના જૂલૂસમાં તસ્બીહ પઢતા-પઢતા આવ્યા, એટલા માટે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ ફરમાવ્યું કે, ''સૂરએ અન્આમ કુર્આનેકરીમની શ્રેષ્ઠ અને ઉચ્ચ કક્ષાની સૂરતોમાંથી છે.''

અમુક રિવાયતોમાં હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુ (રદિ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, આ સૂરત જે બીમાર ઉપર પઢવામાં આવે અલ્લાહ તઆલા તેને તંદુરસ્તી આપે છે.

وَاٰخِرُ دَعْوَانَا اَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ

□□□□□□□□□□□

સૂરએ અન્આમનો અનુવાદ પૂર્ણ થયો, અલ્હમ્દુલિલ્લાહ !

તા.: ૦૩ મે ૨૦૦૯ બ મુતાબિક ૦૭ જમાદિઉલ અવ્વલ હિજરી સન ૧૪૩૦.

મૂળ તફસીરકાર : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)


અનુવાદક : ઈલ્યાસ પટેલ ખાનપુરી

પ્રકરણ (૭)

સૂરએ અઅ્રાફ

સૂરએ અઅ્રાફ મક્કામાં નાઝિલ થઈ, તેમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧ થી ૭)



તરજુમો :

અલિફ લામ મીમ-સૉદ (૧) (હે નબી ﷺ !) તમારા ઉપર આ કિતાબ ઊતરી છે, બસ તમારો જીવ તેને ઓળખવાથી તંગ ન થવો જોઈએ જેથી તેનાથી ડરાવો અને ઈમાનવાળાઓને નસીહત થાય. (૨) એના જ ઉપર ચાલો જે તમારા ઉપર તમારા પરવરદિગાર તરફથી ઊતર્યું અને એના સિવાય અન્ય મિત્રોની પાછળ ન ચાલો, તમે ઘણું ઓછું ધ્યાન કરો છો. (૩) અને કેટલીય વસ્તીઓને અમે હલાક (નાશ) કરી દીધી કે તેમના ઉપર

અમારો અઝાબ રાતોરાત પહોંચ્યો અથવા બપોરે આરામની હાલતમાં. (૪) પછી એ જ તેમનો પોકાર હતો કે જે વખતે તેમના ઉપર અમારો અઝાબ પહોંચ્યો કે કહેવા લાગ્યા કે બેશક ! અમે જ ગુનેહગાર હતા. (૫) બસ, અમારે જરૂર તેમને પૂછવાનું છે જેમની પાસે રસૂલ મોકલવામાં આવ્યા હતા અને અમારે અવશ્ય પૂછવાનું છે રસૂલોને (પણ). (૬) પછી અમે તેમને પોતાના જ્ઞાનથી અહેવાલ સંભળાવી દઈશું અને અમે ક્યાંય ગાયબ ન હતા. (૭)

સૂરતના વિષયોનો ખુલાસો :

સમગ્ર સૂરત ઉપર દષ્ટિપાત કરવાથી જાણ થાય છે કે, તેના મોટા ભાગના વિષયો આખિરત અને રિસાલતથી સંબંધિત છે અને પ્રથમ આયત كِتٰبٌ اُنْزِلَ માં જ નુબુવ્વતનું અને આયત નં. ૬માં فَلَنَسْئَلَنَّ માં "મઆદ" અને "આખિરત"ની પૂછતાછ સંબંધિત વિષય છે અને ચોથા રુકૂઅ્‌ના અડધા રુકૂઅ્‌થી લઈ છટ્ઠા રુકૂઅ્‌ના પૂર્ણ થવા સુધી આખિરતની ચર્ચા છે અને ત્યારબાદ આઠથી એકવીસ રુકૂઅ્‌ સુધી તે ઘટનાઓ છે જે અંબિયા (અલૈ.) અને તેમની ઉમ્મતો સાથે ઘટી હતી. આ બધા મસ્અલા રિસાલત સાથે સંબંધ ધરાવે છે અને તે કિસ્સાઓમાં સાથે-સાથે ઈન્કારીઓને રિસાલતના ઈન્કારની સજાનું વર્ણન પણ કરવામાં આવ્યું છે, જેથી ચાલુ ઝમાનાના ઉપસ્થિત ઈન્કારીઓને બોધપાઠ અથવા શિખામણ મળે. બાવીસમાં અડધા રુકૂઅ્‌થી લઈ ત્રેવીસમો રુકૂઅ્‌ પૂર્ણ થતા સુધી ફરી "મઆદ" (આખિરત)ની ચર્ચા છે. ફક્ત સાતમા અને બાવીસમાં રુકૂઅ્‌ની શરૂઆતમાં અને અંતિમ ચોવસીમાં રુકૂઅ્‌માં તવહીદ ઉપર ખાસ ચર્ચા થઈ છે, બાકી સૂરતનો ઘણો ઓછો ભાગ એવો છે જેમાં મુખ્ય અથવા પેટા વિભાગના હુકમો સ્થળની યોગ્યતાના આધારે વર્ણન થયા છે. *(બયાનુલ કુર્આન)*

તફસીર :

અલિફ લામ મીમ-સાદ (الٓمّٓصٓ તેનો અર્થ અલ્લાહ તઆલાને ખબર છે અને અલ્લાહ તથા રસૂલ ﷺ વચ્ચે એક રહસ્ય છે, જેની ઉમ્મતને જાણ કરવામાં નથી આવી, બલકે તેના સંશોધનમાં પડવાથી પણ રોકવામાં આવ્યા છે). આ (કુર્આન) એક કિતાબ છે જે (અલ્લાહ તઆલા તરફથી) આપ (ﷺ) પાસે

એટલા માટે મોકલવામાં આવી છે કે તમે તેના દ્વારા (લોકોને નાફરમાનીની સજાથી) ડરાવો, બસ તમારું દિલ (કોઈના ન માનવાથી) બિલકુલ તંગ ન થવું જોઈએ, (કારણ કે તેમના ન માનવાથી તમારી બઅ્ષતના અસલ હેતુમાં કે જે સત્ય વાત પહોંચાડવાનો છે કોઈ ખામી નહીં આવે તો પછી તમારે શા માટે દિલ નાનું કરવું ?) અને આ (કુર્આન વિશેષરૂપે) શિખામણ છે ઈમાનવાળાઓ માટે (આગળ સામાન્ય ઉમ્મતને સંબોધન છે કે જ્યારે કુર્આનનું અલ્લાહ તરફથી નાઝિલ થવું સાબિત થઈ ચૂક્યું છે તો) તમે લોકો એ (કિતાબ)નું અનુસરણ કરો જે તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી આવી છે, (કિતાબનું અનુસરણ એ છે કે તેને દિલથી પણ સત્ય માની સમર્થન કરો અને તેના ઉપર અમલ કરો) અને અલ્લાહ તઆલાને છોડીને (જેણે તમારી હિદાયત માટે કુર્આન નાઝિલ કર્યું) અન્ય મિત્રોનું અનુસરણ ન કરો (જે તમને ગુમરાહ કરે છે જેમકે શયતાન જિન્નાતો અને મનુષ્યો; પરંતુ અલ્લાહની આ મહાન કૃપા હોવા છતાં) તમે લોકો ઘણી જ ઓછી નસીહત માનો છો અને કેટલીય વસ્તીઓ છે કે તેનો (એટલે કે, તેમના નિવાસીઓને તેમના કુફ્ર અને જૂઠના કારણે) અમે સર્વનાશ કરી નાંખ્યો અને તેમના ઉપર અમારો અઝાબ (ક્યાંક તો) રાત્રિના સમયે પહોંચ્યો (જે સૂવા અને આરામ કરવાનો સમય છે) અથવા એવી હાલતમાં (પહોંચ્યો) કે તે બપોરના સમયે આરામમાં હતા (એટલે કોઈને એક સમયે તો કોઈને બીજા કોઈ સમયે) બસ, જે સમયે તેમના ઉપર અમારો અઝાબ આવ્યો તે સમયે તેમના મોઢામાંથી એના સિવાય કોઈ વાત ન નીકળતી હતી કે વાસ્તવમાં અમે જ અત્યાચારી (અને ગુનેહગાર) હતા, (એટલે કે એવા સમયે સ્વીકાર કર્યું જ્યારે કે સ્વીકાર કરવાનો સમય પસાર થઈ ચૂક્યો હતો, આ તો દુનિયવી અઝાબ થયો) ત્યારબાદ (તેના પછી આખિરતના અઝાબનો સામાન એ થશે કે કયામતમાં) અમે તે લોકોને (પણ) ચોક્કસ પૂછીશું જેમની પાસે પયગમ્બર મોકલવામાં આવ્યા હતા (કે તમે પયગમ્બરોનું કહેવું માન્યું અથવા ન માન્યું ?) અને અમે પયગમ્બરોને અવશ્ય પૂછીશું (કે તમારી ઉમ્મતોએ તમારું કહ્યું માન્યું હતું અથવા નહીં ? يَوْمَ يَجْمَعُ اللّٰهُ الرُّسُلَ فَيَقُوْلُ مَاذَآ اُجِبْتُمْ અને બંને સવાલોનો હેતુ કાફિરો ઉપર દલીલ પૂર્ણ કરવા માટે હશે) ત્યારબાદ કારણ કે અમે સંપૂર્ણ ખબર રાખીએ છીએ પોતે જ (સૌની રૂબરૂ તેમના અમલોને) વર્ણન કરી આપીશું અને અમે (તેમના અમલ કરવાના સમય અને સ્થળથી) અનુપસ્થિત ન હતા.

મસ્અલા અને બોધપાઠ :

સંપૂર્ણ સૂરત ઉપર દૃષ્ટિપાત કરવાથી જાણ થાય છે કે, આ સૂરતના મોટા ભાગના વિષયો આખિરત, નુબુવ્વત અને રિસાલત વિશે છે, એટલા માટે સૂરતની શરૂઆતથી છઠ્ઠા રુકૂઅ્ સુધી લગભગ આખિરતના વિષયોનું વર્ણન થયું છે, પછી આઠમાં રુકૂઅ્થી એકવીસમાં રુકૂઅ્ સુધી પાછલા અંબિયા (અલૈ.)ની પરિસ્થિતિ અને તેમની ઉમ્મતોની ઘટનાઓ, તેમના સારા બદલાનું અને સજાનું તથા તેમના ઉપર આવનાર અઝાબનું વિગતવાર વર્ણન થયું છે.

فَلَا يَكُنْ فِىْ صَدْرِكَ حَرَجٌ પ્રથમ આયતમાં રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને એ ઈરશાદ થયો છે કે, આ કુર્આન અલ્લાહની કિતાબ છે, જે તમારા ઉપર મોકલવામાં આવી છે, તમારા દિલમાં તેના કારણે તંગી ન થવી જોઈએ. દિલની તંગીનો ભાવાર્થ એ છે કે, કુર્આન અને તેના હુકમોના પ્રચાર-પ્રસારમાં આપ ﷺને કોઈ ડર અથવા ભય અવરોધરૂપ ન બનવો જોઈએ કે લોકો તેને જૂઠાડશે અને તમને ત્રાસ આપશે. (كَذَارُوِىَ عَنْ اَبِى الْعَالِيَةِ مَظْهَرِىْ)

ઈશારો એ વાત તરફ પણ છે કે, જેણે રસૂલે કરીમ ﷺ ઉપર આ કિતાબ ઉતારી છે તેણે તેમની સહાયતા અને સુરક્ષાની પણ વ્યવસ્થા કરી રાખી છે, એટલા માટે આપ ﷺએ શા માટે દિલ તંગ કરવું જોઈએ ? અને અમુક લોકોએ ફરમાવ્યું છે કે, આ સ્થળે દિલની તંગીનો ભાવાર્થ એ છે કે, કુર્આન અને ઈસ્લામના હુકમો સાંભળીને પણ ઘણા લોકો મુસલમાન ન થયા હતા તેથી આપ ﷺના કૃપાળુ અને માયાળુ સ્વભાવના કારણે તે બાબત તેમને ખૂબ લાગણીવશ બનાવીને દુઃખ આપતી હતી અને તેને જ દિલની તંગીથી ઓળખાવવામાં આવ્યું છે તથા એ બતાવવામાં આવ્યું છે કે, રસૂલે કરીમ ﷺના હોદ્દાની ફરજ ફક્ત પ્રચાર-પ્રસાર અને આમંત્રણ આપવાની છે. જ્યારે તમે આ કાર્ય કરી ચૂક્યા તો હવે તમારી એ જવાબદારી નથી કે, કોણ મુસલમાન થાય છે અને કોણ નથી થતું, પછી શા માટે વિના કારણે તમારું દિલ તંગ થાય ?

فَلَنَسْـَٔلَنَّ الَّذِيْنَ اُرْسِلَ اِلَيْهِمْ وَلَنَسْـَٔلَنَّ الْمُرْسَلِيْنَ એટલે કે, કયામતના દિવસે સામાન્ય લોકોને સવાલ કરવામાં આવશે કે, અમે તમારી પાસે પોતાનો રસૂલ અને કિતાબો મોકલી હતી, તમે તેમની સાથે કેવો વર્તાવ કર્યો ? અને

રસૂલોને પૂછવામાં આવશે કે, અલ્લાહ તઆલાએ રિસાલતનો જે સંદેશ અને જે હુકમો આપીને તમને મોકલ્યા હતા તે તમે લોકોએ પોત-પોતાની ઉમ્મતોને પહોંચાડી આપ્યો હતો કે નહીં ?

(અખ્રજહુલ્બયહકી અન ઈબ્ને અબ્બાસ રદિ.-મઝહરી)

સહીહ મુસ્લિમમાં હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ હજ્જતુલ વદાઅ્ના સંબોધનમાં લોકોને સવાલ કર્યો હતો કે, કયામતના દિવસે તમને મારા વિશે સવાલ કરવામાં આવશે કે, મેં તમને અલ્લાહનો હુકમ પહોંચાડી આપ્યો હતો કે નહીં ? فَمَآ اَنْتُمْ قَآئِلُوْنَ "તે સમયે તમે જવાબમાં શું કહેશો ?" બધા સહાબએ કિરામ (રદિ.)એ વિનંતી કરી કે, "અમે કહીશું કે, આપ ﷺએ અલ્લાહ તઆલાનો સંદેશ અમારા સુધી પહોંચાડી આપ્યો અને અલ્લાહની અમાનતનો હક પૂર્ણ કરી દીધો અને ઉમ્મત સાથે ભલાઈનો વર્તાવ કર્યો." આ સાંભળીને રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, اَللّٰهُمَّ اشْهَدْ એટલે કે, "યા અલ્લાહ ! તું ગવાહ રહેજે."

મુસ્નદે અહમદની રિવાયતમાં નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું કે, "કયામતના દિવસે અલ્લાહ તઆલા મને પૂછશે કે, શું મેં અલ્લાહ તઆલાનો સંદેશ બંદાઓને પહોંચાડી આપ્યો ? અને હું જવાબમાં વિનંતી કરીશ કે, મેં પહોંચાડી આપ્યો છે. એટલા માટે હવે તમે બધા એની કાળજી રાખો કે, જે લોકો હાજર છે તેઓ ગેરહાજર (અનુપસ્થિત) લોકો સુધી મારો સંદેશ પહોંચાડી આપે." *(મઝહરી)*

અનુપસ્થિત લોકોનો અર્થ તે લોકો છે, જે તે સમયે તે યુગમાં ઉપસ્થિત હતા પરંતુ તે સભામાં હાજર ન હતા અને તે નસ્લો પણ તેમાં સામેલ છે, જે પાછળથી પેદા થવાની છે અને તેમના સુધી રસૂલે કરીમ ﷺનો સંદેશ પહોંચાડવાનો અર્થ એ છે કે, દરેક યુગના લોકો આવનાર પેઢીઓ સુધી આ સંદેશને પહોંચાડવાનો ક્રમ ચાલુ રાખે, જેથી કયામત સુધી પેદા થનાર મનુષ્યજાતિને આ સંદેશ પહોંચી જાય.

————————————

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૮-૯-૧૦)

وَالْوَزْنُ يَوْمَئِذٍ الْحَقُّ ۚ فَمَنْ ثَقُلَتْ مَوَازِينُهُ فَأُولَٰئِكَ هُمُ الْمُفْلِحُونَ ﴿٨﴾
وَمَنْ خَفَّتْ مَوَازِينُهُ فَأُولَٰئِكَ الَّذِينَ خَسِرُوا أَنْفُسَهُمْ بِمَا كَانُوا بِآيَاتِنَا يَظْلِمُونَ ﴿٩﴾
وَلَقَدْ مَكَّنَّاكُمْ فِي الْأَرْضِ وَجَعَلْنَا لَكُمْ فِيهَا مَعَايِشَ ۗ قَلِيلًا مَا تَشْكُرُونَ ﴿١٠﴾ ع

તરજુમો :

અને તે દિવસે તોલ(માપ) ઠીક(-ઠીક) થશે, પછી જેનું વજન ભારે થયું બસ તે જ છુટકારો પામનારા છે. (૮) અને જેનું વજન હલકું થયું બસ તે જ છે જેમણે પોતાનું નુકસાન કર્યું એ કારણે કે અમારી આયતોનો ઈન્કાર કરતા હતા. (૯) અને અમે તમને જમીનમાં જગ્યા આપી અને એમાં તમારા માટે રોજી (આજિવીકા) નક્કી કરી દીધી; તમે ઘણો ઓછો આભાર (શુક્ર) માનો છો. (૧૦)

તફસીર :

અને તે દિવસે (એટલે કે કયામતના દિવસે અમલો અને અકીદાઓનું) વજન થવાનું છે (જેથી સામાન્ય રીતે દરેકની પરિસ્થિતિ જાહેર થઈ જાય) ત્યારબાદ (વજન કર્યા પછી) જે વ્યક્તિનું (ઈમાનનું) પલ્લું ભારે હશે (એટલે કે તે મો'મિન હશે) બસ, એવા લોકો (તો) સફળ થશે (એટલે કે છુટકારો પામશે) અને જે વ્યક્તિનું (ઈમાનનું) પલ્લું હલકું હશે (એટલે કે તે કાફિર હશે) તો એ લોકો તે હશે જેમણે પોતાનું નુકસાન કરી લીધું એ કારણે કે તેઓ અમારી આયતો સાથે અન્યાય કરતા હતા અને બેશક ! અમે તમને જમીન ઉપર રહેવાની જગ્યા આપી અને અમે તમારા માટે એ (પૃથ્વી)માં જીવનનો સામાન પેદા કર્યો (જેનો તકાદો એ હતો કે, તમે તેનો આભાર માની ફરમાંબરદાર અને તાબે'દારી કરનારા બની જાઓ પરંતુ) તમે લોકો ઘણો જ ઓછો આભાર (શુક્ર) માનો છો. (એનો ભાવાર્થ એ છે કે અનુસરણ કરવામાં ઘણા ઓછા છો, એટલા માટે ફરમાવ્યું કે થોડા ઘણા નેક કાર્યો તો ઘણા લોકો કરી જ લેતા હોય છે પરંતુ ઈમાન ન હોવાના કારણે તે ભરોસાપાત્ર નથી).

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતમાં ઈરશાદ છે, وَالْوَزْنُ يَوْمَئِذِ الْحَقُّ એટલે કે, "સારા-નરસા આચરણનું વજન તે દિવસે સત્ય (અને વાસ્તવિક) છે." તેમાં કોઈ શંકા-કુશંકાની શક્યતા જ નથી, એમાં એ તરફ ઈશારો છે કે, લોકો એનાથી ધોકો ન ખાય કે વજન અને તોલ-માપ તો તે વસ્તુઓનું હોય છે જેમાં કોઈ દ્રવ્ય અથવા દળ હોય, મનુષ્યના અમલો ભલે તે સારા હોય કે નરસા; ન તો તેને કોઈ કદ કે શરીર છે અને ન જ દ્રવ્ય કે દળ છે કે જેનું તોલ-માપ થઈ શકે, પછી અમલોનું વજન કઈ રીતે થશે ? પરંતુ યાદ રહે ! કે પ્રથમ તો સર્વ સૃષ્ટિનો માલિક સર્વશક્તિમાન અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર કાબૂ અને શક્તિ ધરાવે છે, શું એ જરૂરી છે કે, જે વસ્તુને આપણે ન તોલી શકીએ અલ્લાહ તઆલા પણ તેને ન તોલી શકે ? તદુપરાંત આજકાલ તો દુનિયામાં વજન તોલવા માટેના નવા-નવા યંત્રોનું સંશોધન થઈ ચૂક્યું છે, જેમાં ન તો ત્રાજવાની આવશ્યકતા છે, ન જ ત્રાજવાના પલ્લાંઓની કે ન તો દાંડીની કે કાંટાની ! આજે તો આ નવા યંત્રો દ્વારા તે વસ્તુઓ પણ તોલવામાં આવે છે જેને તોલવાની ભૂતકાળમાં કલ્પના કરવી પણ શક્ય ન હતી. દાખલા તરીકે, હવા તોલી શકાય છે, વીજળીની ગતિ માપી શકાય છે, ઠંડી-ગરમીનું પ્રમાણ જાણી શકાય છે. દરેકનું અલગ-અલગ માપવાનું યંત્ર હોય છે જેને જુદા-જુદા મીટરના નામથી ઓળખવામાં આવે છે અને તે જ તેમનું ત્રાજવું છે. જો અલ્લાહ તબારક વ તઆલા પોતાની સંપૂર્ણ કુદરત વડે મનુષ્યના અમલોનું વજન કરી લે તો શું એ અશક્ય છે? તદુપરાંત સમગ્ર સૃષ્ટિના સર્જનહારને એવી શક્તિ પણ છે કે, આપણા અમલોને તે સમયે કોઈ ભૌતિક સ્વરૂપ અથવા દળ અર્પણ કરે. રસૂલે કરીમ ﷺની ઘણી બધી હદીષોની રિવાયતો એ બાબત ઉપર ગવાહ પણ છે કે, "બરઝખ" અને "મહશર"માં મનુષ્યના અમલો ખાસ-ખાસ સ્વરૂપો અને શકલોમાં આવશે. કબ્રમાં મનુષ્યના નેક અમલો એક સુંદર સ્વરૂપ ધારણ કરી તેને હૂંફ આપશે અને ખરાબ અમલો સાપ અને વીંછી બનીને તેને લપેટાશે. હદીષમાં છે કે, "જે વ્યક્તિએ માલની ઝકાત અદા નથી કરી તે માલ એક ઝેરીલા સાપના સ્વરૂપમાં તેની કબ્રમાં પહોંચીને તેને દંશ દેશે અને કહેશે કે હું તારો માલ છું, હું તારો ખજાનો છું."

એ જ પ્રમાણે પ્રમાણભૂત હદીષોમાં છે કે, "હશ્રના મેદાનમાં મનુષ્યના

નેક અમલો તેની સવારી બની જશે અને બુરા અમલોને ભાર બનાવી તેના ઉપર લાદવામાં આવશે.''

એક સહીહ હદીષમાં છે કે, ''કુર્આને કરીમની સૂરએ બકરહ અને સુરએ આલિ ઈમ્રાન મેદાને હશ્રમાં બે ઘનઘોર વાદળોના સ્વરૂપે આવીને તે લોકો ઉપર છાંયડો કરશે, જે લોકો આ સૂરતોને પઢનારા હતા.''

એ જ પ્રમાણે અનેક પ્રમાણભૂત અને સહીહ સનદની રિવાયતોમાં આ બાબતનું વર્ણન થયું છે જેનાથી જાણ થાય છે કે, ''આ દુનિયાથી ગુઝરી ગયા પછી આપણા આ અમલો સારા અને નરસા ખાસ–ખાસ સ્વરૂપો અને ચહેરા–મહોરા ધારણ કરી લેશે અને એક ભૌતિક અસ્તિત્વ સાથે હશ્રના મેદાનમાં ઉપસ્થિત થશે.''

કુર્આને કરીમના ઘણા ઈરશાદોથી એ બાબતનું સમર્થન થાય છે. ઈરશાદ છે, وَوَجَدُوْا مَاعَمِلُوْاحَاضِرًا એટલે કે, ''લોકોએ દુનિયામાં જે કંઈ અમલો કર્યા હતા તેઓ તેને ત્યાં હાજર અને મોજૂદ પામશે.'' એક આયતમાં ફરમાવ્યું, مَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَّرَهٗ وَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَّرَهٗ એટલે કે, ''જે વ્યક્તિ એક રજકણ બરાબર પણ કોઈ નેકી કરશે તો તે તેને કયામતમાં જોઈ લેશે અને એક રજકણ બરાબર પણ બુરાઈ કરી હશે તો તે કયામતમાં તેને પણ જોઈ લેશે.'' આ પરિસ્થિતિથી એ બાબત જાહેર થાય છે કે, મનુષ્યના અમલો અને આચરણોને ભૌતિક શરીર આપી તેમની રૂબરૂ ઉપસ્થિત કરવામાં આવશે અને તેમાં પણ તા'વીલની કોઈ આશ્યકતા નથી કે, અમલોનો બદલો મોજૂદ અને નજર સમક્ષ નિહાળશે અથવા જોઈ લેશે.

એ હાલતમાં દેખીતું છે કે, આ અમલોને તોલવું એ કોઈ મુશ્કેલ અથવા અશક્ય કાર્ય નથી પરંતુ કારણ કે, થોડીક જ બુદ્ધિ અને સમજદારીનો માલિક મનુષ્ય એ બાબતની ટેવ ધરાવે છે કે, સમગ્ર બાબતોને પોતાની વર્તમાન જાહેર પરિસ્થિતિ પ્રમાણે અનુમાન લગાવે છે અને બધી વસ્તુઓને તે જ માપદંડ વડે જાણવાનો પ્રયત્ન કરે છે. એટલા માટે કુર્આને કરીમે એ પરિસ્થિતિનું વર્ણન કર્યું છે يَعْلَمُوْنَ ظَاهِرًا مِّنَ الْحَيٰوةِ الدُّنْيَا وَهُمْ عَنِ الْاٰخِرَةِ هُمْ غٰفِلُوْنَ એટલે કે, આ લોકો ફક્ત દુનિયવી જિંદગીના એક જાહેર ક્ષેત્રને જાણે છે, તે પણ સંપૂર્ણ નથી અને

આખિરતથી બિલકુલ ગાફેલ છે. જાહેર રીતે તો દુનિયાની જિંદગીમાં જમીન અને આસમાનની ક્ષિતિજો ભેગી થતી દેખાય છે પરંતુ વાસ્તવિક હકીકતથી અને પ્રયોગોથી એ સિદ્ધ થયેલી બાબત છે કે, વાસ્તવમાં એવું નથી. (એ કેવળ દૃષ્ટિભ્રમ છે) એ જ રીતે દરેક વસ્તુની વાસ્તવિક પરિસ્થિતિનો સાક્ષાત્કાર આખિરતમાં જ થનારો છે, આ લોકો તેનાથી બિલકુલ બેખબર છે.

પ્રસ્તુત આયતોમાં એટલા માટે મહત્ત્વ આપી આ ફરમાવવામાં આવ્યું, وَالْوَزْنُ يَوْمَئِذِ ِالْحَقُّ જેથી આ મનુષ્ય આખિરતમાં અમલોના વજનથી ઈન્કાર ન કરી બેસે જે કુર્આને કરીમથી સાબિત થયેલ છે અને સમગ્ર મુસ્લિમ ઉમ્મતનો અકીદહ પણ છે.

કુર્આને મજીદમાં કયામતના દિવસે અમલોનું વજન થવાનો મસ્અલો ઘણી બધી આયતોમાં વિવિધ વિષયો હેઠળ વર્ણન થયો છે અને હદીષની રિવાયતોમાં તેની અનેક વિગતો વર્ણન થઈ છે.

અમલોના વજન વિશે એક શંકા અને તેનો જવાબ :

કર્મો (અમલ) વિશે જે વિગતવાર વર્ણન રસૂલે કરીમ ﷺની હદીષોમાં આવ્યું છે તેમાં એક વાત તો વિચાર કરવા યોગ્ય એ છે કે, વિવિધ હદીષની રિવાયતોમાં આવ્યું છે કે, "મહશરમાં ન્યાયના ત્રાજવામાં સૌથી ભારે વજન કલિમએ لَا اِلٰـهَ اِلَّا اللّٰـهُ مُحَـمَّـدٌ رَّسُوْلُ اللّٰـهِ (લા ઈલાહા ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ)નું થશે. જેના પલ્લામાં આ કલિમો હશે તે બધા ઉપર ભારે રહેશે."

તિરમિઝી, ઈબ્ને માજહ, ઈબ્ને હબ્બાન, બયહકી અને હાકિમે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી આ રિવાયત નકલ કરી છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, મહશરમાં મારી ઉમ્મતના એક વ્યક્તિને સમગ્ર મખ્લૂક સામે લાવવામાં આવશે અને તેના નવ્વાણું નામ-એ-આ'માલ (કર્મોનું રજિસ્ટર) લાવવામાં આવશે અને તેમાંથી દરેક નામ-એ-આ'માલ એટલું લાંબુ હશે કે, જ્યાં સુધી તેની દૃષ્ટિ પહોંચે અને આ બધા નામ-એ-આ'માલ બુરાઈઓ અને ગુનાહોથી છલોછલ હશે. તે વ્યક્તિને પૂછવામાં આવશે કે, આ નામ-એ-આ'માલોમાં જે કંઈ લખ્યું છે તે બધું સાચું છે કે પછી

નામ–એ–આ'માલ લખનારા ફરિશ્તાઓએ તમારા ઉપર કોઈ અત્યાચાર કર્યો છે અને ઘટના વિરુદ્ધ કોઈ બાબત લખી આપી છે ? તે સ્વીકાર કરશે કે, હે મારા પરવરદિગાર ! જે કંઈ લખ્યું છે તે સાચું છે અને દિલમાં ગભરાશે કે, હવે મારા છુટકારાનું શું સ્વરૂપ હોઈ શકે છે ? તે સમયે અલ્લાહ તઆલા ફરમાવશે કે, આજે કોઈના ઉપર જુલમ કરવામાં નહીં આવે અને તે સમગ્ર ગુનાહોના મુકાબલામાં તમારી એક નેકીની કાપલી અમારી પાસે મૌજૂદ છે, જેમાં તમારો કલિમહ اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ (અશ્હદુ અલ્લા ઈલાહ ઈલ્લલ્લાહુ વ અશ્હદુ અન્ન મુહમ્મદન અબ્દુહુ વ રસૂલુહુ) લખ્યું છે, તે વિનંતી કરશે, હે મારા પરવરદિગાર ! આટલા મોટા કાળા નામ–એ–આ'માલના મુકાબલામાં આ નાની કાપલી શું વજન ધરાવે છે ? તે સમયે ઈરશાદ થશે કે, તમારા ઉપર અત્યાચાર નહીં થાય અને એક પલ્લામાં તે બધા ગુનાહોના ભરેલા નામ–એ–આ'માલો મૂકવામાં આવશે અને બીજા પલ્લામાં આ ઈમાનના કલિમહની કાપલી મૂકવામાં આવશે તો આ કલિમહનું પલ્લું ભારે થઈ જશે અને સમગ્ર ગુનાહોનું પલ્લું હલકું થઈ જશે. આ ઘટનાને વર્ણન કરીને રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, અલ્લાહના નામના મુકાબલામાં કોઈ વસ્તુ ભારે નથી હોઈ શકતી.'' *(મઝહરી)*

મુસ્નદે બઝાર તથા મુસ્તદરકે હાકિમમાં હઝરત ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, જ્યારે હઝરત નૂહ (અલૈ.)ની વફાતનો સમય નજીક આવ્યો ત્યારે પોતાના છોકરાઓને ભેગા કરીને ફરમાવ્યું કે, હું તમને કલિમએ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ (લા ઈલાહા ઈલ્લલ્લાહ)ની વસિયત કરું છું. કારણ કે, જો સાતેય આસમાન અને જમીનને એક પલ્લામાં અને કલિમએ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ ને બીજા પલ્લામાં મૂકવામાં આવે તો કલિમહનું પલ્લું જ ભારે રહેશે. આ જ વિષયની હદીષોની રિવાયતો હઝરત અબૂસઈદ ખુદરી (રદિ.), હઝરત ઈબ્ને અબ્બાસ અને હઝરત અબૂ દરદઅ્ (રદિ.)થી પ્રમાણિત સનદો સાથે હદીષની કિતાબોમાં વર્ણન થઈ છે. *(મઝહરી)*

આ રિવાયતોનો તકાદો તો એ છે કે, મો'મિનનું પલ્લું હંમેશા ભારે જ રહેવું જોઈએ ભલે તે ગમે એટલા ગુનાહ કરે પરંતુ કુર્આને કરીમની અન્ય આયતો અને ઘણી બધી હદીષની રિવાયતોથી સાબિત થયેલું છે કે, મુસલમાનના સારા

અને નરસા કૃત્યોને તોલવામાં આવશે. કોઈનું સારા કૃત્યોનું પલ્લું ભારે હશે તો કોઈનું ગુનાહોનું. જેનું સારા કૃત્યોનું પલ્લું ભારે હશે તે છુટકારો પામશે અને જેનું ખરાબ કૃત્યો અને ગુનાહોનું પલ્લું ભારે હશે તેને અઝાબ થશે.

દાખલા તરીકે, કુર્આને કરીમની એક આયતમાં છે,

وَنَضَعُ الْمَوَازِيْنَ الْقِسْطَ لِيَوْمِ الْقِيٰمَةِ فَلَا تُظْلَمُ نَفْسٌ شَيْئًا وَّاِنْ كَانَ مِثْقَالَ حَبَّةٍ مِّنْ خَرْدَلٍ اَتَيْنَا بِهَا وَكَفٰى بِنَا حَاسِبِيْنَ ط

"અમે કયામતના દિવસે ન્યાયનું ત્રાજવું કાયમ કરીશું, એટલા માટે કોઈ વ્યક્તિ ઉપર ક્ષુલ્લક (નાનો સરખો) અત્યાચાર (પણ) થશે નહીં, જે ભલાઈ અથવા બુરાઈ એક રાઈના દાણા સમાન પણ કોઈની છે તે બધું અમલના ત્રાજવામાં રાખવામાં આવશે અને અમે હિસાબ લેવા માટે પૂરતા છે." (૨૧:૪૭)

અને "સૂરએ કારિઅહ"માં છે,

فَاَمَّا مَنْ ثَقُلَتْ مَوَازِيْنُهٗ فَهُوَ فِىْ عِيْشَةٍ رَّاضِيَةٍ وَاَمَّا مَنْ خَفَّتْ مَوَازِيْنُهٗ فَاُمُّهٗ هَاوِيَةٌ،

"જેમનું નેકીઓનું પલ્લું ભારે હશે, તે ઉત્તમ કક્ષાની રાહતમાં રહેશે અને જેનું નેકીઓનું પલ્લું હલકું હશે તેનું ઠેકાણું દોઝખ હશે." (૧૦૧ : ૬ થી ૯)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ આ આયતની તફસીરમાં ફરમાવ્યું કે, "જે મો'મિનનું નેકીઓનું પલ્લું ભારે હશે તે પોતાના અમલોની સાથે જન્નતમાં અને જેનું ગુનાહોનું પલ્લું ભારે હશે તે પોતાના અમલો સાથે જહન્નમમાં મોકલી દેવામાં આવશે." *(રવાહુલ બયહકી ફી શોઅ્બુલ ઈમાન -મઝહરી)*

અબૂદાવુદમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી નકલ થયું છે કે, "જો કોઈ બંદાએ ફરજોમાં કોઈ કમી અથવા ઉણપ રાખી હશે તો રબ્બુલ આલમીનનો ઈરશાદ થશે કે, જૂઓ ! આ બંદાની કોઈ નફલો છે કે નહીં ? જો નફલો ઉપસ્થિત હશે તો ફરજોની ઉણપને નફલોથી પૂર્ણ કરવામાં આવશે." *(મઝહરી)*

આ બધી આયતો અને રિવાયતોનો ખુલાસો એ છે કે, મો'મિન મુસલમાનનું પલ્લું પણ ક્યારેક ભારે અને ક્યારેક હલકું હશે, એટલા માટે અમુક તફસીરના ઉલમાએ ફરમાવ્યું કે, એનાથી જાણ થાય છે કે મહશરમાં વજન બે

વખતે થશે, પ્રથમ કુફ્ર અને ઈમાનનું વજન થશે જેના દ્વારા મો'મિન અને કાફિરને અલગ તારવવામાં આવશે. આ વજનમાં જેના નામએ આ'માલમાં ફક્ત કલિમએ ઈમાન છે તેનું પલ્લું ભારે થઈ જશે અને તેને કાફિરોના સમૂહમાંથી અલગ તારવી લેવામાં આવશે. પછી બીજું વજન નેક અને ખરાબ કર્મોનું થશે તેમાં કોઈ મુસલમાનની નેકીઓ તો કોઈની બુરાઈઓ ભારે હશે અને એ જ પ્રમાણે તેને સારો બદલો અથવા સજા મળશે. આ જ પ્રમાણે બધી આયતો અને રિવાયતોનો વિષય પોત-પોતાના સ્થળે યોગ્ય અને સાચો સાબિત થઈ જાય છે. *(બયાનુલ કુર્આન)*

અમલો (કર્મો)નું વજન કઈ રીતે થશે ? :

બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી આ હદીષ નકલ થઈ છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "કયામતના દિવસે અમુક મહાકાય વ્યક્તિઓ આવશે, જેમનું વજન અલ્લાહ તઆલા સમીપ એક મચ્છરની પાંખ બરાબર પણ નહીં હોય અને તેની ગવાહીમાં આપ ﷺએ કુર્આને કરીમની આ આયત પઢી فَلَا نُقِيمُ لَهُمْ يَوْمَ الْقِيٰمَةِ وَزْنًا (૧૮:૧૦૫) એટલે કે, કયામતના દિવસે અમે તેમનું કોઈ વજન ઠરાવીશું નહીં." *(મઝહરી)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિયલ્લાહુ અન્હુ)ના સદાચાર (મનાકિબ-Virtues) વિશે એ હદીષ આવી છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે તેમના પગ જાહેરમાં કેટલા પાતળા છે ! પરંતુ કસમ છે તે હસ્તીની જેના કબજામાં મારો પ્રાણ છે કે, કયામતમાં ન્યાયના ત્રાજવામાં તેમનું વજન ઉહદ પહાડથી પણ વધારે હશે."

હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની તે હદીષ જેના ઉપર ઈમામ બુખારી (રહ.)એ પોતાની કિતાબ પૂર્ણ કરી છે, તેમાં બે શબ્દો એવા છે જે જીભ ઉપર ઘણા હલકા છે પરંતુ અમલના ત્રાજવામાં ઘણા ભારે છે અને અલ્લાહ તઆલા સમીપ પ્રિય છે અને તે શબ્દો આ છે, سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે, "રસૂલે કરીમ ﷺ ફરમાવ્યા કરતા હતા કે, سُبْحَانَ اللّٰه (સુબ્હાનલ્લાહ) કહેવાથી અમલનું ત્રાજવું અડધું ભરાય જાય છે અને اَلْحَمْدُ لِلّٰهِ (અલ્હમ્દુલિલ્લાહ) કહેવાથી બાકીનું અડધું પૂરું થઈ જાય છે."

અબૂદાવુદ, તિરમિઝી અને ઈબ્ને હબ્બાને પ્રમાણિત સનદ સાથે હઝરત અબૂ દરદઅ્ (રદિ.)થી નકલ કર્યું છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "અમલના ત્રાજવામાં સદ્‌વ્યવહાર (નીતિમત્તા)થી વધીને કોઈ અમલ વજનવાળો હશે નહીં."

હઝરત અબૂઝર ગિફારી (રદિ.)ને રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "તમને એવા બે કામો બતાવું છું જેના ઉપર અમલ કરવો મનુષ્ય માટે કંઈ જ ભારરૂપ નથી અને અમલના ત્રાજવામાં તે સૌથી વધારે ભારે હશે. એક, સદ્‌વ્યવહાર (નીતિમત્તા) અને બીજું, ચૂપ રહેવું (એટલે કે વિના જરૂરતે વાતચીત ન કરવી)."

ઈમામ અહમદ (રહ.)એ કિતાબુઝ્ઝુહ્‌દમાં હઝરત હાઝિમ (રદિ.)થી નકલ કર્યું છે કે, "રસૂલે કરીમ ﷺ પાસે એક સમયે હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.) તશરીફ લાવ્યા તો ત્યાં કોઈ વ્યક્તિ અલ્લાહના ડરના કારણે રડી રહ્યો હતો. જિબ્રઈલ અમીન (અલૈ.)એ ફરમાવ્યું કે, મનુષ્યના બધા કર્મોનું વજન થશે પરંતુ અલ્લાહ અને આખિરતના ડરથી રડવું એવો અમલ છે જેને તોલવામાં નહીં આવે બલકે, એક આંસુ પણ જહન્નમની મોટામાં મોટી આગને બુઝાવી નાંખશે." (મઝહરી)

એક હદીષમાં છે કે, "હશ્રના મેદાનમાં એક વ્યક્તિ હાજર હશે, જ્યારે તેનું નામ-એ-આ'માલ સામે આવશે તો તે પોતાના નેક અમલોને ઘણા ઓછા જોઈને ગભરાઈ જશે. અચાનક એક વસ્તુ વાદળની જેમ ઉડીને આવશે અને તેના નેક અમલોના પલ્લામાં પડી જશે અને તેને બતાવવામાં આવશે કે, આ તારા તે નેક અમલનો બદલો છે કે જે તું દુનિયામાં લોકોને દીનના હુકમો અને મસ્અલાઓ બતાવતો અને શિખવાડતો હતો અને એ તારા શિક્ષણનો ક્રમ આગળ ચાલ્યો તો જે-જે વ્યક્તિએ તેના ઉપર અમલ કર્યો તે બધાના અમલમાં તારો હિસ્સો પણ લાગી ગયો." *(મઝહરી અન ઈબ્ને મુબારક)*

તબરાનીએ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ કર્યું છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, મનુષ્યના અમલના ત્રાજવામાં સૌ પ્રથમ જે અમલ મૂકવામાં આવશે તે પોતાના બાળ-બચ્ચાંઓ ઉપર ખર્ચ કરવાનો અને તેમની જરૂરિયાતો પૂરી કરવાનો નેક અમલ છે."

ઈમામ ઝહબી (રહ.)એ હઝરત ઈમ્રાન બિન હસીન (રદિ.)થી નકલ કર્યું છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે કયામતના દિવસે ઉલમાની શાહી (ink) કે જેનાથી તેમણે દીનનું જ્ઞાન અને દીનના હુકમો લખ્યા છે અને શહીદોના લોહીને તોલવામાં આવશે તો ઉલમાની શાહીનું વજન શહીદોના લોહીના વજન કરતાં વધી જશે."

આ જ વિષયની હદીષની રિવાયતો કયામતના અમલોના વજનના ક્રમમાં ઘણી બધી છે, અહીંયાં અમુકનો એટલા માટે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, એનાથી ખાસ-ખાસ પ્રકારના અમલોની શ્રેષ્ઠતા અને તેની કદર-કિંમતનો અંદાઝો થાય.

આ બધી હદીષની રિવાયતોથી અમલોના વજનનું સ્વરૂપ વિવિધ પ્રકારનું હોવાનું જાણ થાય છે. અમુક રિવાયતોથી ખબર પડે છે કે, અમલ કરનાર વ્યક્તિને તોલવામાં આવશે, તે પોત-પોતાના અમલના આધારે હલકા અથવા ભારે હશે અને અમુકથી જાણ થાય છે કે, તેમના નામ-એ-આ'માલને તોલવામાં આવશે અને અમુકથી સાબિત થાય છે કે, પોતે અમલોને એક ભૌતિક સ્વરૂપ (પદાર્થ-વસ્તુ બનાવી) આપવામાં આવશે જેને તોલવામાં આવશે. તફસીરના ઈમામ ઇબ્ને કષીર (રહ.)એ આ બધી રિવાયતો નકલ કર્યા પછી ફરમાવ્યું કે, એવું પણ બની શકે છે કે, વિવિધ રીતે એકથી વધારે વાર વજન કરવામાં આવે અને દેખીતું છે કે, એ ઘટનાની વાસ્તવિકતા માત્ર અલ્લાહને જ ખબર છે અને અમલ કરવા માટે એ હકીકત જાણવી આવશ્યક પણ નથી, ફક્ત એટલું જ જાણવું પૂરતું છે કે આપણા અમલો-કર્મોનું વજન થશે, નેક અમલોનું પલ્લું હલકું રહ્યું તો અઝાબના હકદાર થવાશે અને એ બીજી વાત છે કે, અલ્લાહ તઆલા કોઈને પોતાની કૃપા અને મહેરબાનીથી અથવા કોઈ નબી અથવા વલીની ભલામણથી મા'ફ કરી આપે અને અઝાબથી છુટકારો થઈ જાય.

જે રિવાયતોમાં એવો ઉલ્લેખ થયો છે કે, અમુક લોકોને ફક્ત ઈમાનના કલિમહના કારણે છુટકારો મળી જશે અને બધા ગુનાહો તેના મુકાબલામાં મા'ફ થઈ જશે. આ બાબત અપવાદનું એ સ્વરૂપ છે જે સામાન્ય નિયમ કરતાં અલગ એક વિશેષ પ્રકારની કૃપા અને મહેરબાનીનું કારણ હોય છે.

આ બંને આયતોમાં કે જેની તફસીર હમણા વર્ણન થઈ તેમાં ગુનેહગારોને હશ્રના મેદાનના અપમાન અને અલ્લાહના અઝાબથી ડરાવવામાં આવ્યા હતા. ત્રીજી આયતમાં અલ્લાહ તઆલાની નેઅ્મતોનું વર્ણન કરીને સત્યનો સ્વીકાર કરવાનું અને તેના ઉપર અમલ કરવાનું પ્રોત્સાહન અને પ્રેરણા એ પ્રમાણે આપવામાં આવી છે કે, અમે તમને જમીન ઉપર સંપૂર્ણ શક્તિ અને માલિકી હક અર્પણ કર્યો અને પછી તેમાં તમારા માટે રાહતનો સામાન પ્રાપ્ત કરવાના હજારો માર્ગો ખોલી આપ્યા, જેમકે અલ્લાહ રબ્બુલ ઈજ્જતે પૃથ્વીને મનુષ્યની જરૂરિયાતોથી લઈ હરવા-ફરવાના સામાન સુધીની એક ગોડાઉન બનાવી દીધી છે અને સમગ્ર માનવીની જરૂરિયાતોને પૂર્ણ કરવાનો સામાન એમાં ઉત્પન્ન કરી દીધો છે. હવે મનુષ્યનું કાર્ય ફક્ત એટલું છે કે, આ ગોડાઉનમાંથી પોતાની જરૂરિયાત પ્રમાણે વસ્તુ કાઢે અને તેને ઉપયોગ કરવાની પદ્ધતિઓ શીખી લે. મનુષ્યના દરેક જ્ઞાન, કળા અને સાયન્સની નવી-નવી શોધખોળોનો ખુલાસો એનાથી વધીને કંઈ જ નથી કે, અમુકને એવી આવડત આપી કે સૃષ્ટિના સર્જનહારે પેદા કરેલ વસ્તુઓ, પદાર્થો જે પૃથ્વીની ગોડાઉનમાં સુરક્ષિત પડ્યા છે તેને પદ્ધતિસર બહાર કાઢે અને યોગ્ય પદ્ધતિથી ઉપયોગ કરે. મૂર્ખ અને અજ્ઞાની વ્યક્તિ જે આ ગોડાઉનમાંથી જરૂરિયાત મુજબની વસ્તુ યોગ્ય રીતે કાઢવાની પદ્ધતિ જાણતો નથી અને તેને કાઢ્યા પછી ઉપયોગ કરવાની પદ્ધતિને સમજતો નથી, તે તેના ફાયદાઓથી વંચિત રહે છે, સમજદાર મનુષ્ય બંને વસ્તુઓને સમજીને તેનાથી લાભ ઉઠાવે છે.

ખુલાસો એ છે કે, માનવીની સમગ્ર જરૂરિયાતો અલ્લાહ તઆલાએ પૃથ્વીમાં સંગ્રહી રાખી છે, જેનો તકાદો તો એ છે કે તે દરેક સમયે, દરેક પરિસ્થિતિમાં અલ્લાહનો આભાર માને પરંતુ ગફલતમાં પડીને પોતાના સર્જનહાર અને માલિકના અહેસાનોને ભૂલી જાય છે અને તે જ ભૌતિક પદાર્થો અને વસ્તુઓમાં ગૂંચવાઈ પડે છે, એટલા માટે અંતિમ આયતમાં ફરિયાદ સ્વરૂપે ઈરશાદ ફરમાવવામાં આવ્યો قَلِيلًا مَّا تَشْكُرُونَ એટલે કે, "તમે લોકો ઘણો ઓછો આભાર માનો છો."

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૧ થી ૧૮)

وَلَقَدْ خَلَقْنٰكُمْ ثُمَّ صَوَّرْنٰكُمْ ثُمَّ قُلْنَا لِلْمَلٰٓئِكَةِ اسْجُدُوْا لِاٰدَمَ ۖ فَسَجَدُوْٓا اِلَّآ
اِبْلِيْسَ ۭ لَمْ يَكُنْ مِّنَ السّٰجِدِيْنَ ۝١١ قَالَ مَا مَنَعَكَ اَلَّا تَسْجُدَ اِذْ اَمَرْتُكَ ۭ
قَالَ اَنَا خَيْرٌ مِّنْهُ ۚ خَلَقْتَنِيْ مِنْ نَّارٍ وَّخَلَقْتَهٗ مِنْ طِيْنٍ ۝١٢ قَالَ فَاهْبِطْ مِنْهَا فَمَا
يَكُوْنُ لَكَ اَنْ تَتَكَبَّرَ فِيْهَا فَاخْرُجْ اِنَّكَ مِنَ الصّٰغِرِيْنَ ۝١٣ قَالَ اَنْظِرْنِيْٓ اِلٰى يَوْمِ
يُبْعَثُوْنَ ۝١٤ قَالَ اِنَّكَ مِنَ الْمُنْظَرِيْنَ ۝١٥ قَالَ فَبِمَآ اَغْوَيْتَنِيْ لَاَقْعُدَنَّ لَهُمْ
صِرَاطَكَ الْمُسْتَقِيْمَ ۝١٦ ثُمَّ لَاٰتِيَنَّهُمْ مِّنْۢ بَيْنِ اَيْدِيْهِمْ وَمِنْ خَلْفِهِمْ وَعَنْ اَيْمَانِهِمْ
وَعَنْ شَمَاۗىِٕلِهِمْ ۭ وَلَا تَجِدُ اَكْثَرَهُمْ شٰكِرِيْنَ ۝١٧ قَالَ اخْرُجْ مِنْهَا مَذْءُوْمًا مَّدْحُوْرًا ۭ
لَمَنْ تَبِعَكَ مِنْهُمْ لَاَمْلَئَنَّ جَهَنَّمَ مِنْكُمْ اَجْمَعِيْنَ ۝١٨

તરજુમો :

અને અમે જ તમને પેદા કર્યા, પછી તમારા ચહેરા–મહોરા બનાવ્યા (સ્વરૂપ આપ્યું), પછી ફરિશ્તાઓને હુકમ કર્યો કે આદમને સિજ્દહ કરો ! બસ સૌએ સિજ્દહ કર્યો પરંતુ ઈબ્લીસ સિજ્દહ કરનારાઓમાંનો ન હતો. (૧૧) (અલ્લાહે) કહ્યું, તને શું અવરોધ હતો કે તેં સિજ્દહ ન કર્યો જ્યારે મેં હુકમ આપ્યો ? બોલ્યો, હું એનાથી બહેતર છું, મને તેં આગથી બનાવ્યો અને તેને માટીથી બનાવ્યો. (૧૨) કહ્યું, તું અહીંયાંથી ઉતર ! તું એ લાયક નથી કે અહીંયાં અભિમાન કરે; બસ બહાર નીકળ ! તું ઝલીલ છે. (૧૩) બોલ્યો કે મને તે દિવસ સુધીની મહોલત આપ કે લોકો કબરોમાંથી ઉઠાડવામાં આવે. (૧૪) કહ્યું, તને મહોલત આપવામાં આવી. (૧૫) બોલ્યો, તો જેવો તેં મને ગુમરાહ કર્યો છે હું પણ અવશ્ય તેમની (માનવોની) તાકમાં તારા સીધા માર્ગ ઉપર બેસીસ. (૧૬) પછી તેમના ઉપર આવીશ તેમની આગળથી અને પાછળથી અને જમણેથી અને ડાબેથી, અને તું તેમનામાં ઘણાને શુક્રગુઝાર પામીશ નહીં. (૧૭) કહ્યું, અહીંયાંથી નીકળ બુરી હાલતમાં મરદૂદ થઈને !

જે કોઈ તેમનામાંથી તારા માર્ગ ઉપર ચાલશે તો હું અવશ્ય તમારા સૌથી દોઝખને ભરી દઈશ. (૧૮)

તફસીર :

અને અમે તમને પેદા (કરવાનો સામાન શરૂ) કર્યા (એટલે કે આદમ અલૈ.નો ભૌતિક ઢાંચો બનાવ્યો, એ જ ઢાંચાથી તમે બધા મનુષ્યો છો) પછી (ઢાંચો બનાવીને) અમે તમારું સ્વરૂપ બનાવ્યું (એટલે કે એ ઢાંચામાં આદમ અલૈ.નું સ્વરૂપ ઘડી ચહેરો-મહોરો બનાવ્યો, દિલડોળ બનાવ્યું, પછી આ જ સ્વરૂપ પ્રમાણે તેમની અવલાદ આજે જગતમાં ચાલી રહી છે, આ રીતે માનવ શરીરના સ્વરૂપની નેઅ્મતનું સર્જન કરવામાં આવ્યું) પછી (જ્યારે આદમ અલૈ.નું સર્જન થયું અને તેઓ સમગ્ર વસ્તુઓના નામો શીખી ચૂક્યા તો) અમે ફરિશ્તાઓને કહ્યું કે આદમને (હવે) સિજદહ કરો (આ પ્રતિષ્ઠા અને સન્માનની નેઅ્મત હતી) તો બધા ફરિશ્તાઓએ સિજદહ કર્યો સિવાય કે ઇબ્લીસ, કે તે સિજદહ કરનારાઓમાં સામેલ ન થયો. અલ્લાહ તઆલાએ કહ્યું, તું સિજદહ નથી કરતો તો તને એનાથી કઈ બાબત અટકાવે છે જ્યારે કે હું (પોતે) તને સિજદહ કરવાનો હુકમ આપું છું ? કહેવા લાગ્યો, (મને એ બાબત અટકાવે છે કે) તેં મને આગથી પેદા કર્યો અને એ (આદમ અલૈ.)ને તેં માટીથી પેદા કર્યો છે (આ શયતાનની દલીલોનો પ્રથમ મુકદ્દમો છે અને બીજો મુકદ્દમો જેનું વર્ણન કરવામાં આવ્યું નથી, તે એ છે કે આગ પ્રકાશિત હોવાના કારણે માટીથી ઉચ્ચ કક્ષાની છે. ત્રીજો મુકદ્દમો એ છે કે, ઉચ્ચ કક્ષાની અવલાદ પણ નીચી કક્ષાની અવલાદ કરતાં શ્રેષ્ઠ હોય છે. ચોથો મુકદ્દમો એ છે કે, ઉચ્ચ કક્ષાના સર્જને નીચી કક્ષાના સર્જનને સિજદહ કરવો અયોગ્ય છે; આ ચારે મુકદ્દમાઓને ભેગા કરીને શયતાને પોતાનો સિજદહ ન કરવાની એ દલીલ બનાવી કે હું શ્રેષ્ઠ છું, એટલા માટે નીચી કક્ષાના માનવીને સિજદહ નહીં કરું પરંતુ પ્રથમ મુકદ્દમા સિવાય બધા જ મુકદ્દમાઓ ખોટા છે અને પ્રથમ મુકદ્દમો પણ સામાન્ય મનુષ્યના હકમાં એક અર્થમાં સાચો છે કે મનુષ્યના સર્જનમાં માટીના અંશો વધારે છે, બાકીના મુકદ્દમાઓની દલીલોનું ખોટું હોવું ઉઘાડું છે, કારણ કે આગ એ માટી કરતા શ્રેષ્ઠ હોવું એક પેટા વિભાગની શ્રેષ્ઠતા તો હોઈ શકે છે પરંતુ સમગ્ર રીતે તેને શ્રેષ્ઠ હોવાનો દા'વો કરવો વ્યાજબી નથી, એ જ પ્રમાણે શ્રેષ્ઠના સંતાનોનું શ્રેષ્ઠ હોવું પણ શંકાસ્પદ

છે, હજારો ઘટનાઓ એ બાબતે સામે આવતી રહે છે કે, નેકની અવલાદ દુષ્ટ અને દુષ્ટની અવલાદ નેક બની જાય છે, એ જ પ્રમાણે એ પણ ખોટું છે કે શ્રેષ્ઠ અને ઉચ્ચ કક્ષાના સર્જને અલ્લાહ તઆલાના હુકમ હોવા છતાં નીચી કક્ષાના સર્જનને સિજદહ કરવો અયોગ્ય છે. અમુક સમયે અલ્લાહની મસ્લિહતનો તકાદો એ જ પ્રમાણે જોવા મળે છે કે, નીચી કક્ષાનું સર્જન ઉચ્ચ કક્ષાના સર્જન કરતાં વધારે ફાયદાકારક હોય છે.)

અલ્લાહ તઆલાએ કહ્યું, (જ્યારે તું આવો નાફરમાન છે) તો આસમાનથી નીચે ઊતર તને કોઈ હક પ્રાપ્ત નથી કે તું અભિમાન કરે (ખાસ કરીને) આસમાનમાં રહીને (જે સઘળા ફરમાંબરદારોનું જ નિવાસ સ્થાન છે), તું (અહીંયાંથી) નીકળી (દૂર થઈ) જા, બેશક ! તું (આ ઘમંડના કારણે) ઝલીલોમાં સામેલ થઈ ગયો; તે કહેવા લાગ્યો, મને કયામતના દિવસ સુધી મહોલત આપો; અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, તને મહોલત આપવામાં આવી. તે કહેવા લાગ્યો એ કારણે કે તેં મને ગુમરાહ (કરવાનો ફેંસલો) કર્યો છે હું કસમ ખાઉં છું કે હું તેમના (એટલે કે, આદમ અને આદમની અવલાદના માર્ગમાં લૂંટારો બની માર્ગ ભટકાવવા) રસ્તામાં બેસી જઈશ, પછી તેમના ઉપર (ચારે બાજુએથી) હુમલો કરીશ, તેમની આગળથી પણ, તેમની પાછળથી પણ અને તેમની જમણેથી પણ અને ડાબેથી પણ. (એટલે કે, તેમને બહેકાવવાની અને માર્ગ ભટકાવવાની સંપૂર્ણ કોશીશ કરીશ અને કોઈપણ પાસું બાકી છોડીશ નહીં કે જેથી તે તારી ઈબાદત કરવા ન પામે) અને (હું મારી કોશીશમાં સફળ થઈશ, એટલા માટે) તું તેમનામાંથી ઘણાઓને (તારી નેઅ્મતોનું) અહેસાન માનનારા પામીશ નહિ. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, અહીંયાં (આસમાન)થી ઝલીલ અને અપમાનિત (તિરસ્કૃત અને નિંદનીય) થઈને નીકળી જા (અને તું જે આદમની અવલાદને બહેકાવવાનું કહે છે તો જે તારું અનુસરણ કરશે હું તે સૌથી બેપરવા છું, ન તો કોઈના સીધા માર્ગ ઉપર આવવાથી મને કોઈ લાભ છે અને ન જ ગુમરાહ થવાથી કોઈ નુકસાન) જે વ્યક્તિ તેમનામાંથી તારું કહ્યું માનશે હું અવશ્ય તમારા સૌ (એટલે કે, ઈબ્લીસ અને તેના અનુયાયીઓ)થી જહન્નમ ભરી દઈશ.

મસ્અલા અને બોધપાઠ :

હઝરત આદમ (અલૈ.) અને શયતાનની આ ઘટના જે અત્રે પ્રસ્તુત છે તે

આ અગાઉ સૂરએ બકરહના ચોથા રુકૂઅ્માં વર્ણન થઈ ચૂકી છે અને તેના સંદર્ભમાં બધા જ સંશોધનપાત્ર અહેવાલો ત્યાં વર્ણન થઈ ચૂક્યા છે. અત્રે અમુક વિશેષ બાબતો જે સંશોધનપાત્ર છે તેનો જવાબ લખવામાં આવે છે.

કયામત સુધીની જિંદગી પ્રાપ્ત કરવા માટેની ઇબ્લીસની દુઆ કબૂલ થઈ અથવા નહિ; એ દુઆ સ્વીકાર થવા બાબતે બે આયતોના વિરોધાભાસી શબ્દોનો ખુલાસો :

ઈબ્લીસે તે સમયે જ્યારે કે તેના ઉપર અલ્લાહનો ક્રોધ અને ગુસ્સો થઈ રહ્યો હતો, તેણે અલ્લાહ તઆલા પાસે એક દુઆ (વચન) માંગી અને તે પણ આશ્ચર્યજનક દુઆ કે, હશ્ર સુધીના જીવનની મને મહોલત અર્પણ કરી આપો. તેના જવાબમાં અલ્લાહ તબારક વ તઆલાએ જે ફરમાવ્યું તેના શબ્દો આ સ્થળે પ્રસ્તુત આયતમાં તો ફક્ત આ છે, اِنَّکَ مِنَ الْمُنْظَرِيْنَ એટલે કે, "તને મહોલત આપવામાં આવી." આ શબ્દોથી દુઆના સવાલ વિશે અનુમાન સ્વરૂપે એવું સમજી શકાય છે કે, આ મહોલત હશ્ર સુધી આપવામાં આવી. જેમકે તેણે પ્રશ્ન કર્યો હતો પરંતુ એનો ખુલાસો આ આયતમાં નથી કે જે મહોલત આપવાનું વર્ણન અત્રે થયું છે તે ઈબ્લીસના કહ્યા પ્રમાણે હશ્ર સુધી છે અથવા કોઈ અન્ય સમય સુધી ? પરંતુ બીજી આયતમાં આ સ્થળે اِلٰى يَوْمِ الْوَقْتِ الْمَعْلُوْمِ "નિશ્ચિત સમયના દિવસ સુધી" (૧૫ : ૩૮) શબ્દો પણ આવ્યા છે, જેનાથી ઉપરછલ્લી રીતે એ જાણ થાય છે કે, ઈબ્લીસની માંગેલી મહોલત કયામત સુધી નથી આપવામાં આવી બલકે, કોઈ ખાસ મુદત સુધી આપવામાં આવી છે, જે અલ્લાહ તઆલાના જ્ઞાનમાં સુરક્ષિત છે, માટે ખુલાસો એ થયો કે ઈબ્લીસની આ દુઆ કબૂલ તો થઈ પરંતુ અધૂરી; કે કયામતના દિવસના બદલે એક ખાસ સમયસીમા સુધીની મહોલત આપવામાં આવી.

તફસીરે ઈબ્ને જરીરમાં સુદ્દી (રહ.)થી એક રિવાયત નકલ થઈ છે, તેનાથી આ જ બાબતનું સમર્થન મળે છે, તેના શબ્દો આ છે.

فَلَمْ يُنْظِرْهُ اِلٰى يَوْمِ الْبَعْثِ وَلٰكِنْ اَنْظَرَهُ اِلٰى يَوْمِ الْوَقْتِ الْمَعْلُوْمِ وَهُوَ يَوْمُ يُنْفَخُ فِى الصُّوْرِ النَّفْخَةُ الْاُوْلٰى فَصَعِقَ مَنْ فِى السَّمٰوٰتِ وَمَنْ فِى الْاَرْضِ فَمَاتَ....

"અલ્લાહ તઆલાએ ઈબ્લીસને કયામત સુધી મહોલત નથી આપી, બલકે એક ચોક્કસ દિવસ સુધી મહોલત આપી છે અને તે દિવસ તે છે જેમાં પ્રથમ સૂર ફૂંકવામાં આવશે, જેનાથી આસમાન અને પૃથ્વીવાળા બધા બેહોશ થઈ જશે અને મરી જશે."

આથી ખુલાસો એ થયો કે, શયતાને તો પોતાની દુઆમાં તે સમય સુધીની મહોલત માંગી હતી કે જ્યારે બીજો સૂર ફૂંકાતા બધા જ મુરદાઓને સજીવન કરવામાં આવશે, તેનું જ નામ "યવમુલ બઅ્ષ" (બદલાનો દિવસ) છે. જો એ દુઆ શબ્દસઃ સ્વીકાર થઈ હોત તો જે સમયે માત્ર એક પરવરદિગાર હય્યુ-કય્યુમ સિવાય કોઈ જીવીત ન હશે. كُلُّ مَنْ عَلَيْهَا فَانٍ وَّيَبْقٰى وَجْهُ رَبِّكَ ذُوالْجَلَالِ وَالْإِكْرَامِ (૫૫ : ૨૬-૨૭)ની ઘટના બનશે, આ દુઆની બીના પર ઈબ્લીસ પણ તે જ સમય સુધી સજીવન રહ્યો હોત, એટલા માટે તેની એક દુઆને "યવમુલ બઅ્ષ"ના બદલે يَوْمَ يُنْفَخُ فِى الصُّوْرِ (પ્રથમ સૂર ફૂંકાવાના સમય) સુધીની મહોલતમાં પરિવર્તિત કરીને સ્વીકાર કરવામાં આવ્યો, જેની અસર એ હશે કે, જે સમયે સમગ્ર દુનિયા ઉપર મોત છવાયેલું હશે તે સમયે ઈબ્લીસને પણ મોત આવશે, ત્યારબાદ જ્યારે બધા પુનઃ સજીવન કરવામાં આવશે ત્યારે તેને પણ સજીવન કરવામાં આવશે.

આ હકીકતથી એ શંકા પણ દૂર થઈ ગઈ જે આ આયત كُلُّ مَنْ عَلَيْهَا فَانٍ (૫૫:૨૬)થી આ દુઆ વિશે પેદા થાય છે કે, જાહેરમાં બંનેના ભેદનો ખુલાસો સ્પષ્ટ થઈ ગયો.

પરંતુ આ સંશોધનનું તાત્પર્ય એ છે કે, يَوْمُ الْبَعْثِ (યવમુલ બઅ્ષિ) અને يَوْمُ الْوَقْتِ الْمَعْلُوْمِ (યવમુલ વક્તિલ્ મઅ્લૂમ) બંને અલગ-અલગ દિવસો છે. ઈબ્લીસે યવમુલ બઅ્ષ સુધીની મહોલત માંગી હતી તે સંપૂર્ણ જેમની તેમ સ્વીકાર ન થઈ, તેના બદલે "યવમુલ વક્તલ મઅ્લૂમ" સુધીની મહોલત આપવામાં આવી. સય્યિદી હઝરત હકીમુલ ઉમ્મત થાનવી (રહ.)એ બયાનુલ કુર્આનમાં અગ્રિમતા એને જ આપી છે કે, વાસ્તવમાં આ બંને દિવસો અલગ-અલગ દિવસો છે. બલકે, نَفْخَةُ اُوْلٰى (નફખએ ઊલા) "પ્રથમ સૂર"ના સમયથી જન્નત અને જહન્નમના પ્રવેશ સુધીનો એક લાંબો દિવસ હશે, તેના

વિવિધ વિભાગોમાં વિવિધ ઘટનાઓ બનશે, તે જ વિવિધ પ્રકારની ઘટનાઓની બીના પર તે દિવસને દરેક ઘટના સાથે જોડી શકાય છે. દા.ત. તેને يَوْمِ نَفْخِ صُوْر અને يَوْمِ فَنَاءٍ (યવમે ફના) પણ કહી શકાય છે અને યવમે બઅ્ષ અને يَوْمِ جَزَاءٍ (યવમે જઝા) પણ કહી શકાય છે, આથી બધી શંકાઓ દૂર થઈ ગઈ. અલ્હમ્દુલિલ્લાહ !

શું કાફિરોની દુઆ પણ કબૂલ થઈ શકે છે ? :

આ સવાલ એટલા માટે પેદા થાય છે કે, કુર્આનની આયત وَمَا دُعَآءُ الْكٰفِرِيْنَ اِلَّا فِىْ ضَلٰلٍ "અને કાફિરોની પ્રાર્થના કંઈ નથી પરંતુ માત્ર વ્યર્થ બાબત." (૧૩ : ૧૪)થી દેખીતી રીતે એવું સમજવામાં આવે છે કે, કાફિરોની દુઆ કબૂલ થતી નથી પરંતુ આ ઈબ્લીસની ઘટના અને પ્રસ્તુત આયતથી દુઆ કબૂલ થવાનો અપવાદ દેખીતો છે. જવાબ એ છે કે, દુનિયામાં તો કાફિરની દુઆ પણ કબૂલ થઈ શકે છે, એટલે સુધી કે ઈબ્લીસ જેવા કાફિરની દુઆ પણ કબૂલ થઈ ગઈ પરંતુ આખિરતમાં કાફિરની દુઆ કબૂલ થશે નહિ અને પ્રસ્તુત આયત وَمَا دُعَاءُ الْكَافِرِيْنَ આખિરત વિશે છે, દુનિયાથી તેને કોઈ સંબંધ નથી.

હઝરત આદમ (અલૈ.) અને ઇબ્લીસની ઘટનાના વિવિધ શબ્દો :

કુર્આને કરીમમાં આ કિસ્સો ઘણે ઠેકાણે આવ્યો છે અને દરેક સ્થળે આ સવાલ અને જવાબના શબ્દો વિવિધ પ્રકારના છે, જો કે ઘટના એક જ છે. કારણ એ છે કે, મૂળ ઘટનામાં તો દરેક સ્થળે એક જ વિષય છે અને શબ્દોની નકલ દરેક સ્થળે અક્ષરસઃ હોવી આવશ્યક નથી. અર્થના સંદર્ભની રિવાયત (રિવાયત બિલ મઅ્ની) પણ હોઈ શકે છે. વિષયની છણાવટ અને તેના મૂળ સમજવામાં આવતા ભાવાર્થ પછી આવા શબ્દોનું વિવિધ પ્રકારનું હોવું લક્ષ આપવા જેવી બાબત નથી.

ઇબ્લીસની એ હિંમત કઈ રીતે થઈ કે બારગાહે ઇલાહીમાં આવી બે'બાક (નીડર બની) વાતચીત કરી ? :

રબ્બુલ ઈજ્જત અલ્લાહ જલ્લ શા'નુહૂની બારગાહમાં ફરિશ્તાઓ અને રસૂલોની પણ અલ્લાહના જલાલ અને ધાકના કારણે જીભ ઉપાડવાની હિંમત ન હતી. ઈબ્લીસને આવી હિંમત કઈ રીતે થઈ ? ઉલમા ફરમાવે છે કે, અલ્લાહના ક્રોધની પરાકાષ્ઠાનું કઠોર સ્વરૂપ એ છે કે, ઈબ્લીસ મરદૂદ થઈ જવાના કારણે

તેના ઉપર એક એવો પડદો પડી ગયો જેના પ્રભાવે તેને અલ્લાહ તઆલાની પ્રતિષ્ઠા અને ક્રોધને ભૂલાવી દીધો તથા નિર્લજ્જતા તેના ઉપર સવાર થઈ ગઈ.

(બયાનુલ કુર્આન)

શયતાનનું આક્રમણ મનુષ્યો ઉપર ચાર દિશાએથી મર્યાદિત નથી :

કુર્આને કરીમની પ્રસ્તુત આયતમાં એ વર્ણન છે કે, ઈબ્લીસે આદમની અવલાદને માર્ગ ભટકાવવા માટે ચાર દિશાઓનું વર્ણન કર્યું છે. આગળ, પાછળ, ડાબે અને જમણે, પરંતુ અત્રે વાસ્તવમાં કોઈ મર્યાદા બાંધવાનો હેતુ નથી બલકે, તેનો ભાવાર્થ એ છે કે, દરેક દિશાએથી અને દરેક ક્ષેત્રમાં શયતાનનું આક્રમણ મનુષ્યો ઉપર થતું રહેશે. અત્રે ઉપરની દિશાએથી અથવા પગના તળિયાની દિશાએથી ગુમરાહ કરવાની સંભાવના હોવાનો નકાર થતો નથી અને એ જ પ્રમાણે હદીષમાં જે એ વર્ણન થયું છે કે, શયતાન મનુષ્યના લોહીમાં પ્રવેશ કરીને લોહીની નસો દ્વારા મનુષ્યના સમગ્ર શરીર ઉપર કબજો જમાવે છે, એનાથી તેનો પણ નકાર થતો નથી.

પ્રસ્તુત આયતોમાં શયતાનને આસમાનથી નીકળી જવાનો હુકમ બે વખતે કરવામાં આવ્યો છે. પ્રથમ فَاخْرُجْ إِنَّكَ مِنَ الصّٰغِرِيْنَ માં અને બીજું قَالَ اخْرُجْ مِنْهَا مَذْءُوْمًا માં. લગભગ પ્રથમ વાક્યમાં એક ઠરાવ છે અને બીજામાં તેનું અમલીકરણ. *(બયાનુલ કુર્આન)*

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૯ થી ૨૫)

وَيٰٓاٰدَمُ اسْكُنْ اَنْتَ وَزَوْجُكَ الْجَنَّةَ فَكُلَا مِنْ حَيْثُ شِئْتُمَا وَلَا تَقْرَبَا هٰذِهِ الشَّجَرَةَ
فَتَكُوْنَا مِنَ الظّٰلِمِيْنَ ﴿١٩﴾ فَوَسْوَسَ لَهُمَا الشَّيْطٰنُ لِيُبْدِيَ لَهُمَا مَاوٗرِيَ عَنْهُمَا مِنْ
سَوْاٰتِهِمَا وَقَالَ مَا نَهٰىكُمَا رَبُّكُمَا عَنْ هٰذِهِ الشَّجَرَةِ اِلَّآ اَنْ تَكُوْنَا مَلَكَيْنِ اَوْ تَكُوْنَا
مِنَ الْخٰلِدِيْنَ ﴿٢٠﴾ وَقَاسَمَهُمَآ اِنِّيْ لَكُمَا لَمِنَ النّٰصِحِيْنَ ﴿٢١﴾ فَدَلّٰىهُمَا بِغُرُوْرٍ
فَلَمَّا ذَاقَا الشَّجَرَةَ بَدَتْ لَهُمَا سَوْاٰتُهُمَا وَطَفِقَا يَخْصِفٰنِ عَلَيْهِمَا مِنْ وَّرَقِ الْجَنَّةِ

وَ نَادٰىهُمَا رَبُّهُمَآ اَلَمْ اَنْهَكُمَا عَنْ تِلْكُمَا الشَّجَرَةِ وَاَقُلْ لَّكُمَآ اِنَّ الشَّيْطٰنَ
لَكُمَا عَدُوٌّ مُّبِيْنٌ ﴿٢٢﴾ قَالَا رَبَّنَا ظَلَمْنَآ اَنْفُسَنَا ۗ وَاِنْ لَّمْ تَغْفِرْ لَنَا وَتَرْحَمْنَا لَنَكُوْنَنَّ
مِنَ الْخٰسِرِيْنَ ﴿٢٣﴾ قَالَ اهْبِطُوْا بَعْضُكُمْ لِبَعْضٍ عَدُوٌّ ۚ وَلَكُمْ فِي الْاَرْضِ مُسْتَقَرٌّ وَّمَتَاعٌ
اِلٰى حِيْنٍ ﴿٢٤﴾ قَالَ فِيْهَا تَحْيَوْنَ وَفِيْهَا تَمُوْتُوْنَ وَمِنْهَا تُخْرَجُوْنَ ﴿٢٥﴾ ع

તરજુમો :

અને હે આદમ (અલૈ.) ! તમે અને તમારી ઓરત જન્નતમાં રહો, પછી ખાઓ જ્યાંથી ઈચ્છો અને તે વૃક્ષની પાસે ન જાઓ (નહિતર) પછી તમે ગુનેહગાર થઈ જશો. (૧૯) પછી તેમને શયતાને બહેકાવ્યા જેથી તેમના ઉપર તે વસ્તુ ખોલી દે કે તેમની નજરથી છુપી હતી તેમની શર્મગાહો (ગુપ્તાંગો)થી, અને તે બોલ્યો કે તમને તમારા પરવરદિગારે આ વૃક્ષથી રોક્યા નથી પરંતુ એટલા જ માટે કે ક્યાંક તમે ફરિશ્તા થઈ જાઓ અથવા હંમેશા રહેનારા થઈ જાઓ. (૨૦) અને તેમની સામે કસમ ખાધી કે હું અલબત્ત તમારો મિત્ર છું. (૨૧) પછી તેમને ધોકાથી આકર્ષિત કરી લીધા, પછી જ્યારે તે બંનેએ વૃક્ષને ચાખ્યું તો તેમના ઉપર તેમની શર્મગાહો ખુલી ગઈ અને પોતાના ઉપર જન્નતના પાંદડા જોડવા (ઢાંકવા) લાગ્યા અને તેમને તેમના પરવરદિગારે પોકાર્યા, કહ્યું; મેં તમને એ ઝાડથી મનાઈ ન કરી હતી!? અને તમને કહી આપ્યું ન હતું કે શયતાન તમારો ઉઘાડો દુશ્મન છે !? (૨૨) તે બંને બોલ્યા, હે અમારા પરવરદિગાર ! અમે પોતાની જાત ઉપર જુલમ કર્યો અને જો તું અમને મા'ફ ન કરે અને અમારા ઉપર રહમ ન કરે તો અમે અવશ્ય તબાહ થઈ જઈશું. (૨૩) કહ્યું, તમે ઊતરો ! તમે એકબીજાના દુશ્મન થશો અને તમારા માટે જમીનમાં ઠેકાણું અને લાભ ઉઠાવવાનો છે એક સમય સુધી. (૨૪) કહ્યું, એમાં જ તમે જીવતા રહેશો અને એમાં જ તમે મરશો અને એમાંથી જ તમે કાઢવામાં આવશો. (૨૫)

તફસીર :

અને અમે (આદમ અલૈ.ને) હુકમ આપ્યો કે, હે આદમ (અલૈ.) ! તમે

અને તમારી પત્ની (હવ્વા) જન્નતમાં રહો, પછી જે સ્થળેથી ઈચ્છો (અને જે વસ્તુ ઈચ્છો) બંને ખાઓ અને (એટલું ધ્યાન રાખજો કે) એ (ખાસ) ઝાડની પાસે (પણ) ન જશો (એટલે કે એનું ફળ ન ખાશો) ક્યાંક તે લોકોમાં ગણતરી થવા લાગે જેનાથી અયોગ્ય કામ થઈ જાય છે, પછી શયતાને તે બંનેને મનમાં વસવસો નાંખી દીધો જેથી (તે બંને પ્રતિબંધિત ઝાડ ખાઈને) તેમનું છુપાયેલું બદન જે એકબીજા માટે ગુપ્ત હતું બંને સામે ખુલ્લું કરી દીધું (કારણ કે આ ઝાડના ખાવામાં એ જ અસર છે, ભલે તેમાં તે અસર આપમેળે હોય અથવા તો આ મનાઈના કારણે તે અસર ઉત્પન્ન થઈ ગઈ હોય) અને (તે વસવસો એ હતો કે શયતાન તે બંનેને) કહેવા લાગ્યો કે, તમારા પરવરદિગારે તમને બંનેને એ ઝાડ (ખાવા)થી અન્ય કોઈ કારણે મનાઈ નથી કરી પરંતુ ફક્ત એ કારણે કે તમે બંને (તેને ખાઈને) ક્યાંક ફરિશ્તા ન બની જાઓ અથવા ક્યાંક હંમેશા જીવંત રહેનારાઓમાંથી ન થઈ જાઓ. (આ વસવસાનો ખુલાસો એ હતો કે, આ ઝાડ ખાવાથી ફરિશ્તાની શક્તિ અને કાયમી જીવન પેદા થઈ જાય છે પરંતુ શરૂઆતમાં આપનું અસ્તિત્વ આ શક્તિશાળી ખોરાક ઉપર અવલંબિત ન હતું એટલા માટે આપને મનાઈ કરવામાં આવી હતી, હવે તમારી હાલત અને શક્તિમાં પ્રગતિ થઈ છે અને તમારી શક્તિ અને સામર્થ્ય તેને વેઠી લેવા માટે તૈયાર છે તો હવે તેનો પ્રતિબંધ બાકી રહ્યો નથી. શયતાને આવો વસવસો તેમના દિલમાં નાંખ્યો) અને તે બંનેની રૂબરૂ (આ બાબત ઉપર) કસમ ખાઈ લીધી કે વિશ્વાસ રાખો હું તમારા બંનેનો (સાચા દિલથી) શુભચિંતક છું, (એવી વાતો બનાવીને) તે બંનેને દગાથી નીચે લઈ આવ્યો (નીચે લાવવું શયતાનના ભરોસાના કારણે અને તેના મશ્વરાથી પણ હતું કે આદમ અલૈ. પોતાના ઉચ્ચ કક્ષાના અભિપ્રાયને છોડીને તે દુશ્મનની સલાહ તરફ આકર્ષિત થઈ ગયા અને સ્થળના આધારે પણ જન્નત જેવા ઉચ્ચ કક્ષાના સ્થાનેથી નીચી કક્ષાએ ઉતારી દેવામાં આવ્યા), બસ તે બંનેએ જેવું ઝાડને ચાખ્યું (કે તરત જ) બંનેના ઢંકાયેલા શરીર એકબીજાની સામે ખુલી ગયા, (એટલે કે જન્નતનો પહેરવેશ ઊતરી ગયો અને બંને લજ્જિત થઈ શરમાઈ ગયા) અને (શરીર ઢાંકવા માટે) બંને પોતાના (શરીર) ઉપર જન્નતના (ઝાડોના) પાંડદા જોડી-જોડીને મૂકવા લાગ્યા અને (તે સમયે) તેમના પરવરદિગારે તેમને પોકાર કર્યો (કે) શું હું તમને બંનેને તે ઝાડ(ને

ખાવા)થી મનાઈ કરી ચૂક્યો ન હતો ? અને એ બતાવી ચૂક્યો હતો કે શયતાન તમારો ખુલ્લો દુશ્મન છે. (તેના બહેકાવવાથી બચતા રહેજો) બંને કહેવા લાગ્યા કે, હે અમારા પરવરદિગાર ! અમે અમારું મોટું નુકસાન કર્યું (કે સંપૂર્ણ કાળજી અને સહનશીલતાથી કામ ન લીધું) અને જો તું અમારી મગફિરત (મા'ફી) નહીં કરે અને અમારા ઉપર રહમ (દયા) નહીં કરે તો વાસ્તવમાં અમે મોટા નુકસાનમાં પડી જઈશું. અલ્લાહ તઆલાએ (આદમ અને હવ્વા અલૈ.ને) ફરમાવ્યું કે, (જન્નતમાંથી) નીચે (પૃથ્વી ઉપર) એવી હાલતમાં જાઓ કે તમે (એટલે કે તમારી અવલાદ) પરસ્પર અમુક અમુકના દુશ્મન હશો અને તમારા માટે પૃથ્વી ઉપર રહેવાનું સ્થળ (નક્કી કરવામાં આવ્યું) છે અને (જીવન જરૂરી ચીજવસ્તુઓથી) લાભ પ્રાપ્ત કરવો (નક્કી કરવામાં આવ્યો છે) એક ચોક્કસ સમય સુધી. (એટલે કે, મોતના સમય સુધી અને એ પણ) ફરમાવ્યું કે, તમારે ત્યાં જ જીવન વ્યતિત કરવાનું છે અને ત્યાં જ મૃત્યું પામવાનું છે અને તેમાંથી જ (કયામતના દિવસે) ફરીવાર સજીવન થઈને નીકળવાનું છે.

મસ્અલા અને બોધપાઠ :

હઝરત આદમ (અલૈ.) અને ઈબ્લીસની જે ઘટના પ્રસ્તુત આયતોમાં વર્ણન થઈ છે, અક્ષરસઃ આ સમગ્ર ઘટના સૂરએ બકરહના ચોથા રુકૂઅ્માં સંપૂર્ણ વિગત સાથે આવી ચૂકી છે અને તેનાથી સંબંધિત જેટલા પ્રકારના સવાલો અને શંકાઓ હોઈ શકે છે, તે બધાનો વિગતપૂર્વકનો જવાબ અને સંપૂર્ણ ખુલાસો અન્ય સ્પષ્ટતાઓ સાથે સૂરએ બકરહની તફસીરમાં આવી ચૂક્યું છે. આવશ્યકતા હોય તો ત્યાં જોઈ લેવામાં આવે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૨૬-૨૭)

يٰبَنِيْٓ اٰدَمَ قَدْ اَنْزَلْنَا عَلَيْكُمْ لِبَاسًا يُّوَارِيْ سَوْاٰتِكُمْ وَرِيْشًا ۭ وَلِبَاسُ التَّقْوٰى ۙ
ذٰلِكَ خَيْرٌ ۭ ذٰلِكَ مِنْ اٰيٰتِ اللّٰهِ لَعَلَّهُمْ يَذَّكَّرُوْنَ ﴿٢٦﴾ يٰبَنِيْٓ اٰدَمَ لَا يَفْتِنَنَّكُمُ الشَّيْطٰنُ كَمَآ
اَخْرَجَ اَبَوَيْكُمْ مِّنَ الْجَنَّةِ يَنْزِعُ عَنْهُمَا لِبَاسَهُمَا لِيُرِيَهُمَا سَوْاٰتِهِمَا ۭ اِنَّهٗ يَرٰىكُمْ
هُوَ وَقَبِيْلُهٗ مِنْ حَيْثُ لَا تَرَوْنَهُمْ ۭ اِنَّا جَعَلْنَا الشَّيٰطِيْنَ اَوْلِيَاۗءَ لِلَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ ﴿٢٧﴾

તરજુમો :

હે આદમની અવલાદ ! અમે તમારા ઉપર પોશાક ઉતાર્યો જે તમારી શર્મગાહો ઢાંકે અને શણગારના કપડાં ઉતાર્યા અને પરહેઝગારીનો લિબાસ (પહેરવેશ) તે સૌથી ઉત્તમ છે, આ અલ્લાહની કુદરતની નિશાનીઓ છે જેથી તે લોકો વિચાર કરે. (૨૬) હે આદમની અવલાદ ! તમને શયતાન ભટકાવી ન દે જેવી રીતે કે તેણે તમારા માં-બાપને જન્નતથી કઢાવ્યા, તેમનાથી તેમના કપડાં ઉતારાવ્યા જેથી તેમને તેમની શર્મગાહો બતાવી આપે, તે અને તેની કોમ તમને જુએ છે જ્યાંથી તમે તેમને જોતા નથી, અમે શયતાનોને તે લોકોના મિત્ર બનાવી દીધા જેઓ ઈમાન નથી લાવતા. (૨૭)

તફસીર :

હે આદમ (અલૈ.)ની અવલાદ ! (અમારું એક ઈનામ એ છે કે) અમે તમારા માટે પોશાક ઉત્પન્ન કર્યો જે તમારા સતર (એટલે કે શરીરના જરૂરી અંગો)ને પણ ઢાંકે છે અને (તમારા શરીર માટે) શણગાર(નું કારણ પણ હોય) છે અને (આ જાહેરમાં દેખાતા ભૌતિક પોશાક સિવાય એક આધ્યાત્મિક પોશાક પણ તમારા માટે નક્કી કરવામાં આવ્યો છે, જે) તકવા (એટલે કે પરહેઝગારી, દીનદારી)નો પોશાક (છે કે); આ તે (ભૌતિક પોશાક)થી વધીને (જરૂરી) છે (કારણ કે તે જાહેર પોશાક શરીઅત દ્વારા ઈચ્છિત હોવું આ જ તકવા એટલે કે દીનદારી અને પહેઝગારીનો એક ભાગ છે, અસલ હેતુ દરેક હાલતમાં તકવાનો પોશાક જ છે) એ (પોશાક પેદા કરવો) અલ્લાહ તઆલા(ના ફઝલો કરમ)ની નિશાનીઓમાંથી હોય છે જેથી આ લોકો (આ નેઅ્મતને) યાદ રાખે (અને યાદ રાખીને પોતાના ઉપર ઉપકાર અને અહેસાન કરનાર અલ્લાહની ફરમાંબરદારીનો હક અદા કરે અને ફરમાંબરદારીનો હક તે જ છે જેને "તકવાનો પોશાક" કહેવામાં આવ્યો છે) હે આદમની અવલાદ ! શયતાન તમને કોઈ નુકસાનમાં ન નાંખી દે (કે દીન અને તકવા વિરુદ્ધનું કોઈ કૃત્ય કરાવે) જેમકે તેણે તમારા દાદા-દાદી (એટલે કે હઝરત આદમ અને હવ્વા અલૈ.)ને જન્નતથી બહાર કઢાવ્યા (અને તેમની પાસે એવું કામ કરાવ્યું કે જેના પરિણામે તેઓ જન્નતથી બહાર થઈ ગયા અને બહાર પણ) એવી પરિસ્થિતિમાં (કઢાવ્યા) કે તેમનો

પોશાક પણ તેમના (શરીર ઉપર)થી ઉતારાવ્યો જેથી બંનેને એકબીજાના ગુપ્ત અંગો દેખાવા લાગ્યા (જે નેક અને શરીફ મનુષ્ય માટે ઘણી મોટી શરમની વાત અને અપમાન છે, મતલબ કે શયતાન તમારો પુરાણો દુશ્મન છે તેનાથી ખૂબ બચેલા અને હોશિયાર રહેજો અને વધારે કાળજી એટલા માટે પણ જરૂરી છે કે) તે (શયતાન) અને તેનું લશ્કર તમને એવી રીતે જુએ છે કે તમે તેમને (સ્વાભાવિકપણે) જોતા નથી. (દેખીતું છે કે, આવો દુશ્મન ઘણો ખતરનાક છે તેનાથી બચવાની સંપૂર્ણ કાળજી લેવી જોઈએ અને આ કાળજી સંપૂર્ણ ઈમાન અન તકવાથી પેદા થાય છે, જો તે અપનાવી લેશો તો બચાવનો સામાન થઈ જશે કારણ કે) અમે શયતાનોને તેમના જ મિત્ર થવા દઈએ છીએ જે ઈમાન નથી લાવતા (જો બિલકુલ ઈમાન નથી લાવતા તો સંપૂર્ણ રીતે શયતાન તેના ઉપર ચઢી બેસે છે અને જો ઈમાન તો છે પરંતુ સંપૂર્ણ નથી તો તે ઓછા દરજ્જામાં હાવી થાય છે, તેનાથી વિપરીત સંપૂર્ણ મો'મિન કે તેના ઉપર શયતાન બિલકુલ કાબૂ નથી ધરાવી શકતો જેમકે કુર્આને કરીમની એક આયતમાં છે, اِنَّهٗ لَيۡسَ لَهٗ سُلۡطٰنٌ عَلَى الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَلٰى رَبِّهِمۡ يَتَوَكَّلُوۡنَ).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં હઝરત આદમ (અલૈ.) અને મરદૂદ (તિરસ્કૃત) શયતાનની ઘટના વર્ણન કરવામાં આવી હતી, જેમાં શયતાનના પ્રભાવની પ્રથમ અસર એ થઈ હતી કે, હઝરત આદમ અને હવ્વા (અલૈ.)નો જન્નતનો પોશાક ઊતરી ગયો અને તેઓ નિર્વસ્ત્ર થઈ ગયા અને પાંદડાઓથી પોતાનું "સતર" છુપાવવા લાગ્યા.

ઉપરોક્ત આયતોમાંથી પ્રથમ આયતમાં અલ્લાહ તઆલાએ સમગ્ર આદમની અવલાદ એટલે કે, માનવજાતિને સંબોધન કરીને ફરમાવ્યું છે કે, તમારો પોશાક અલ્લાહની એક ઉચ્ચ કક્ષાની મહાન નેઅ્મત (ઇનામ) છે, તેની કદર કરો. અત્રે સંબોધન ફક્ત મુસલમાનોને નથી બલકે, સમગ્ર મનુષ્યજાતિને છે. એમાં ઈશારો છે કે, શરીર ઢાંકવું અને પોશાક મનુષ્યની પ્રાકૃતિક જરૂરિયાત અને આવશ્યકતા છે. એમાં કોઈ વ્યક્તિ વિશેષ કે કૌમ વિશેષની વિશેષતા કે તફાવત વિના બધા જ સમાન છે. ત્યાર પછી તેની વિગતમાં ત્રણ પ્રકારના પોશાકનું વર્ણન કરવામાં આવ્યું.

પ્રથમ પોશાક لِبَاسًا يُّوَارِىْ سَوْاٰتِكُمْ તેમાં يُوَارِىْ (યુવારી) એ مُوَارَاتٌ (મુવારાત)થી બને છે, જેનો અર્થ છે "ઢાંકવું" અથવા "છુપાવવું" અને سَوْاٰتٌ (સવઆત) એ سَوْئَةٌ (સવઅતુન)નું બહુવચન છે. મનુષ્યના તે અંગોને "સુઅહ" કહેવામાં આવે છે જેના ખુલી જવાને મનુષ્ય સ્વાભાવિકપણે ખરાબ અને શરમપાત્ર સમજે છે. મતલબ એ છે કે, અમે તમારી સફળતા અને સુધારણા માટે એક એવો પોશાક ઉતાર્યો છે જેનાથી તમે પોતાના હયા અને શરમવાળા અવયવોને ઢાંકી શકો છો.

ત્યારબાદ ફરમાવ્યું, وَرِيْشًا (વરીશા) એ رِيْشٌ (રીશ)માંથી બને છે, આ તે "પોશાક"ને કહેવામાં આવે છે જેનો વ્યક્તિ શણગાર અને સ્વરૂપવાન દેખાવા માટે ઉપયોગ કરે છે. અર્થ એ છે કે, પોશાક ફક્ત શરીરના અંગો-ઉપાંગો છુપાવવાની વસ્તુ નથી બલકે, તેના માટે તો ટૂંકા વસ્ત્રો પણ પૂરતા હતા, પરંતુ અમે તમને એનાથી વધારે વસ્ત્રો એટલા માટે અર્પણ કર્યા કે, તમે તેના દ્વારા શણગાર અને ખુબસૂરતી પ્રાપ્ત કરી શકો અને પોતાના પ્રભાવને જાળવી શકો.

આ સ્થળે કુર્આને કરીમે اَنْزَلْنَا (અન્ઝલના) એટલે કે, "ઉતારવું" શબ્દનો ઉપયોગ કર્યો છે, જેનો અર્થ "તેને અર્પણ કરવું" પણ થાય છે. એટલા માટે એ જરૂરી નથી કે, પોશાક આસમાનથી તૈયાર બની-બનાવીને ઊતર્યો હોય, જેમકે બીજા સ્થળે اَنْزَلْنَا الْحَدِيْدَ "અન્ઝલનલ્ હદીદ" (૫૭ : ૨૫)નો શબ્દ આવ્યો છે. એટલે કે, "અમે લોઢું ઉતાર્યું" જે સૌની નજર સમક્ષ પૃથ્વીમાંથી નીકળે છે. અલબત્ત, બંને શબ્દ اَنْزَلْنَا (અન્ઝલના) ફરમાવીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, જે પ્રમાણે આકાશેથી ઊતરનારી વસ્તુઓમાં કોઈ મનુષ્યની યુક્તિ અને કળા-કારીગીરીની કોઈ દખલગીરી નથી હોતી, એ જ પ્રમાણે પોશાક બનાવવા માટેના રેસાઓ જેમકે, "રૂ" અથવા "ઊન" વગેરે છે તો તે ઉત્પન્ન કરવામાં કોઈ મનુષ્યની યુક્તિની લેશમાત્ર દખલગીરી નથી. તે ફક્ત અલ્લાહ તબારક વ તઆલાનું અર્પણ કરેલું ઈનામ છે. અલબત્ત, તે વસ્તુઓથી પોતાની રાહત અને આરામ તથા સ્વભાવ પ્રમાણે અને ઋતુ પ્રમાણે ઠંડી-ગરમીથી બચવા માટે પોશાક બનાવવામાં માણસની કારીગીરી કામ કરે છે અને તે કારીગીરી પણ અલ્લાહ તઆલાએ તેને બતાવી અને શિખવાડી છે, એટલા માટે સચ્ચાઈને ઓળખનારી દષ્ટિમાં આ સૌ અલ્લાહ તઆલાના એવા ઈનામ છે જેમકે એ બધું આસમાનથી ઉતારવામાં આવ્યું હોય.

પોશાકના બે લાભ :

એમાં પોશાકના બે ફાયદાઓ બતાવવામાં આવ્યા. એક સતર ઢાંકવું અને બીજું શરદી-ગરમીથી રક્ષણ અને શરીરનો શણગાર. પ્રથમ ફાયદાને અગ્રિમતા આપી એ તરફ ઈશારો કરવામાં આવ્યો કે, મનુષ્યના પોશાકનો વાસ્તવિક હેતુ સતર ઢાંકવું છે અને એ જ તેને સામાન્ય પ્રાણીઓ કરતા વિશિષ્ટતા અર્પણ કરે છે કે, પ્રાણીઓનો પોશાક જે કુદરતી રીતે જ તેમના શરીરનો એક ભાગ બનાવી દેવામાં આવ્યો છે તેનું કામ ફક્ત ઠંડી-ગરમીથી રક્ષણ અને શણગાર છે. તેમાં સતર ઢાંકવાનું એટલું મહત્ત્વ નથી. અલબત્ત, તેમના ગુપ્તાંગોને શરીરના એવા ભાગોથી ઢાંકી દેવામાં આવ્યા છે કે, જે બિલકુલ ખુલ્લા નથી હોતા. ક્યાં તો તેના ઉપર પૂછડું હોય છે અથવા તો તેને અન્ય કોઈ રીતે ઢાંકી દેવામાં આવ્યા છે.

હઝરત આદમ અને હવ્વા (અલૈ.) તથા શયતાને તેમને ભ્રમણામાં નાંખવાની ઘટના વર્ણન કર્યા પછી પોશાકનું વર્ણન કરવામાં એ તરફ પણ ઈશારો છે કે, મનુષ્ય માટે નગ્નાવસ્થા તદ્દન શરમપાત્ર છે. ગુપ્તાંગોને અન્યો સામે ખુલ્લું રાખવું અત્યંત અપમાનજનક અને નિર્લજ્જતા છે તથા બેહયાઈની નિશાની અને પ્રકાર-પ્રકારના ફસાદ અને અરાજકતા ફેલાવવાનું માધ્યમ છે.

મનુષ્ય ઉપર શયતાનનું પ્રથમ આક્રમણ તેને નગ્ન કરવાના સ્વરૂપમાં થયું, આજે પણ નવી શયતાની સભ્યતા મનુષ્યને નગ્ન અથવા અર્ધનગ્ન કરવામાં વ્યસ્ત છે :

શયતાનનું સૌ પ્રથમ આક્રમણ મનુષ્ય વિરુદ્ધ એ માર્ગે થયું કે તેણે એના કપડાં ઉતારાવ્યા અને આજે પણ શયતાન પોતાના શાગિર્દો અને મળતિયાઓ દ્વારા જ્યારે મનુષ્યને માર્ગ ભટકાવવા ઈચ્છે છે તો સભ્યતા અને સંસ્કૃતિનું નામ લઈને સૌથી પ્રથમ તેને નગ્ન અથવા અર્ધનગ્ન કરીને જાહેર સડકો અને ગલી-મહોલ્લાઓમાં ઊભો કરી દે છે અને શયતાને જેનું નામ પ્રગતિ રાખ્યું છે, તે તો સ્ત્રીને શરમ અને હયાથી વંચિત કરીને જાહેર સ્થળોએ અર્ધનગ્ન અવસ્થામાં લાવ્યા વિના પ્રાપ્ત જ નથી થઈ શકતું. આ તો કેવી પ્રગતિ ? બલકે કહો કે અધોગતિ !

ઈમાન પછી સૌ પ્રથમ ફરજ "સતર" ઢાંકવાની છે :

શયતાને મનુષ્યના કમજોર પાસા ઉપર પ્રથમ હુમલો કર્યો એટલે કે,

મનુષ્યના સતર ઉપર આક્રમણ કરી તેને નગ્ન કરવા માટે જોર લગાવ્યું, શરીઅતે ઈસ્લામ જે મનુષ્યની પ્રત્યેક સફળતા અને સુધારણાની જવાબદારી પોતાના શીરે લે છે તે શરીઅતે સતર ઢાંકવાની કાળજી એટલી બધી રાખી કે, ઈમાન પછી સૌ પ્રથમ ફરજ સતર ઢાંકવાને ઠરાવ્યું છે. નમાઝ, રોઝા વગેરે પાછળથી આવે છે.

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.) ફરમાવે છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, જ્યારે કોઈ વ્યક્તિ નવા વસ્ત્રો પરિધાન કરે તો તેણે કપડાં પહેરતી વખતે આ દુઆ પઢવી જોઈએ.

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ كَسَانِىْ مَا اُوَارِىْ بِهٖ عَوْرَتِىْ وَاَتَجَمَّلُ بِهٖ فِىْ حَيَاتِىْ،

"શુક્ર (આભાર) તે જાતનો જેણે મને પોશાક આપ્યો, જેના દ્વારા હું મારું સતર ઢાંકું છું અને શણગાર પ્રાપ્ત કરું છું."

નવો પોશાક બનાવતી વખતે જૂનો પોશાક સદકહ કરી દેવો મહાન સવાબ છે :

ફરમાવ્યું કે, જે વ્યક્તિ નવો પોશાક પહેર્યા પછી જૂનો પોશાક ગરીબ અને મિસ્કીન લોકોને સદકો આપી દે તો તે પોતાની મોત અને જીવનની દરેક પરિસ્થિતિમાં અલ્લાહ તઆલાની જવાબદારી અને શરણમાં આવી ગયો.

(ઈબ્ને કષીર અન મુસ્નદે અહમદ)

આ હદીષમાં પણ મનુષ્યના પોશાક પહેરવાના સમયે તે જ બંને મસ્લિહતોને યાદ અપાવવામાં આવી છે જેના માટે અલ્લાહ તઆલાએ મનુષ્યનો પોશાક પેદા કર્યો છે.

સતર ઢાંકવું મનુષ્ય જીવનની શરૂઆતથી જ એક પ્રાકૃતિક પ્રક્રિયા છે, ઉત્ક્રાંતિવાદ (Evoluation–ધીરે ધીરે પ્રગતિ થવા)ની થિયરી સદંતર ખોટી છે :

હઝરત આદમ (અલૈ.)ની ઘટના અને કુર્આને કરીમના તે વિશેના ફરમાનથી એ વાત પણ સ્પષ્ટ થઈ ગઈ કે, સતર ઢાંકવું અથવા પોશાક પહેરવો મનુષ્યની પ્રાકૃતિક સ્વાભાવગત બાબત અને તેની જન્મજાત આવશ્યકતા છે. જે પ્રથમ દિવસથી જ તેની સાથે જોડાયેલ છે અને આધુનિક સમયના અમુક

ફિલોસોફરોની એ વિચારસરણી સદંતર અવાસ્તવિક છે કે, મનુષ્ય પ્રથમ નગ્નાવસ્થામાં ફરતો હતો, પછી ઉત્ક્રાંતિના સોપાનો સર કરી કરીને પાછળથી તેણે પોશાક પહેરવાનું શરૂ કર્યું.

પોશાકનો ત્રીજો પ્રકાર :

રાહત તથા શણગાર માટે બે પ્રકારના પહેરવેશનું વર્ણન કર્યા પછી કુર્આને એક ત્રીજા પ્રકારના પોશાકનું વર્ણન આ રીતે પણ કર્યું, وَلِبَاسُ التَّقْوٰیۙ ذٰلِکَ خَیْرٌ અમુક કિરાઅતોમાં فَتْحَ (ફતહ) એટલે જબર سَ ની સાથે لِبَاسَ التَّقْوٰی (લિબાસત્તકવા) પઢવામાં આવ્યું છે, તો اَنْزَلْنَا (અનઝલ્ના)ના આધીન સામેલ થઈને અર્થ એ થયો કે, અમે એક ત્રીજો પોશાક તકવા (પરહેઝગારી)નો ઉતાર્યો છે અને મશ્હૂર કિરાઅતની રૂએ અર્થ એ છે કે, આ બે પ્રકારના પોશાક તો બધા જ જાણે છે એક ત્રીજો પોશાક તકવાનો પણ છે અને તે બધા જ પોશાક કરતાં વધારે ઉત્તમ છે. તકવાના પોશાકનો ભાવાર્થ ઈબ્ને અબ્બાસ (રદિ.) અને હઝરત ઉરવહ બિન ઝુબૈર (રદિ.)ની તફસીર પ્રમાણે "નેક કાર્યો અને અલ્લાહનો ડર" છે.

(રૂહુલ મઆની)

મતલબ એ છે કે, જે પ્રમાણે જાહેર કપડાં વગેરેનો પોશાક મનુષ્યના ગુપ્તાંગોને ઢાંકે છે તથા ઠંડી-ગરમીથી રક્ષણ અને શણગાર પ્રાપ્ત કરવાનું માધ્યમ હોય છે, એ જ પ્રમાણે એક રૂહાની આધ્યાત્મિક પોશાક નેક અમલો અને અલ્લાહનો ડર છે. તે મનુષ્યની અખ્લાકી ખામીઓ અને કમજોરીઓ ઉપર પડદો ઢાંકે છે અને કાયમી તકલીફો તથા મુસીબતોથી છુટકારાનું માધ્યમ છે, એટલા માટે તે સૌથી શ્રેષ્ઠ અને ઉત્તમ પોશાક છે.

એમાં એ તરફ પણ ઈશારો છે કે, તે દુષ્ટ વ્યક્તિ જેમાં અલ્લાહનો ડર ન હોય અને તે નેક કાર્યો કરવાની ટેવ ધરાવતો ન હોય, તે કેટલાય પડદાઓમાં છુપાયેલો રહે પરંતુ પરિણામે તે અપમાનિત અને ઝલીલ (તિરસ્કૃત-નિંદાપાત્ર) થઈને જ રહે છે, જેમકે ઈબ્ને જરીર (રહ.)એ હઝરત ઉસ્માન ગની (રદિ.)થી નકલ કર્યું છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "કસમ છે તે જાતની જેના કબજામાં મુહમ્મદ (ﷺ)ના પ્રાણ છે ! જે વ્યક્તિ કોઈપણ કાર્ય લોકોથી છુપાવીને કરે છે, અલ્લાહ તઆલા તેના અમલને ચાદર ઓઢાડીને એ'લાન કરી

આપે છે. નેક અમલ હોય તો નેકીનું અને ખરાબ કૃત્ય હોય તો બુરાઈનું." ચાદર ઓઢાડવાનો અર્થ એ છે કે, જે પ્રમાણે શરીર ઉપર ચાદર ઓઢી હોય તો તે સૌની સામે હોય છે. મનુષ્યના કર્મો ગમે એટલા છુપા હોય પરંતુ તેની નિશાનીઓ અને તેના પરિણામો તેના ચહેરા અને શરીર ઉપર અલ્લાહ તઆલા જાહેર કરી આપે છે અને આ ઈરશાદની સનદ સ્વરૂપે રસૂલે કરીમ ﷺએ આ આયત પઢી, وَرِيْشًا، وَلِبَاسُ التَّقْوٰى، ذٰلِكَ خَيْرٌ، ذٰلِكَ مِنْ اٰيٰتِ اللّٰهِ

જાહેર-ભૌતિક પોશાકનો મૂળ હેતુ પણ તક્વો પ્રાપ્ત કરવો છે :

"તકવાનો પોશાક" શબ્દ દ્વારા એ તરફ ઈશારો થયો છે કે, જાહેર અને દેખીતા ભૌતિક પોશાક દ્વારા સતર ઢાંકવું તથા શણગાર અને રૂપ સજવું; એ બધાનો મૂળ હેતુ તકવો અને અલ્લાહનો ડર છે. જેની જાહેરાત વ્યક્તિના પહેરવેશથી એ રીતે થવી જોઈએ કે, તેનો પોશાક વ્યક્તિના જરૂરી અવયવોને સંપૂર્ણ ઢાંકતો હોય અને ગુપ્તાંગોને સંપૂર્ણપણે પડદામાં રાખે, તે નગ્ન પણ ન રહે અથવા તો પોશાક શરીર ઉપર એવો ચુસ્ત પણ ન હોય કે જેનાથી અંગો-ઉપાંગોના ઊભાર નજરે પડે, વળી તેના પોશાકમાં ગર્વ અને ઘમંડની પણ કોઈ નિશાની ન હોય બલકે, તે વિનમ્રતાનો પોશાક હોય, ખોટો ફુઝૂલ ખર્ચ પણ ન હોય, આવશ્યકતા પ્રમાણે કપડાંનો ઉપયોગ કરવામાં આવે. સ્ત્રીઓ માટે પુરુષોનો અને પુરુષો માટે સ્ત્રીઓનો પોશાક પણ ન હોવો જોઈએ, એ અલ્લાહ તઆલા નજીક ધૃણાસ્પદ અને મકરૂહ છે. પોશાકમાં કોઈ બીજી કૌમની નકલ પણ ન થવી જોઈએ, એ પોતાની કૌમ અને મિલ્લત સાથે ગદારી અને બળવાની નિશાની છે.

એની સાથે જ અખ્લાક અને આચરણની સુધારણા પણ થવી જોઈએ, જે પોશાકનો મુખ્ય હેતુ છે. અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યું, ذٰلِكَ مِنْ اٰيٰتِ اللّٰهِ لَعَلَّهُمْ يَذَّكَّرُوْنَ એટલે કે, મનુષ્યને પોશાકના આ ત્રણ પ્રકારો અર્પણ કરવા અલ્લાહ તઆલાની નિશાની અને કુદરતમાંથી છે, જેથી લોકો તેનાથી બોધપાઠ ગ્રહણ કરે.

બીજી આયતમાં ફરીવાર બધી જ આદમ (અલૈ.)ની અવલાદને સંબોધન કરીને તાકીદ કરવામાં આવી છે કે, પોતે દરેક પરિસ્થિતિ અને દરેક કાર્યમાં

શયતાનના પ્રપંચોથી બચીને રહે. એવું ન થાય કે તે તમને ફરી કોઈ ફિત્નામાં સંડોવી દે, જેમકે તમારા માતા-પિતા હઝરત આદમ (અલૈ.) અને હવ્વા (અલૈ.)ને જન્નતમાંથી કઢાવ્યા અને તેમનો પોશાક ઉતારાવ્યો જે તેમના સતર ખુલી જવાનું કારણ બન્યો, તે તમારો જૂનો શત્રુ છે, તેની દુશ્મનીનું દરેક સમયે ધ્યાન રાખો.

અંતિમ આયતમાં ફરમાવ્યું,

اِنَّهٗ يَرٰكُمْ هُوَ وَقَبِيْلُهٗ مِنْ حَيْثُ لَا تَرَوْنَهُمْ اِنَّا جَعَلْنَا الشَّيٰطِيْنَ اَوْلِيَآءَ لِلَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ

એમાં શબ્દ قَبِيْل (કબીલ)નો અર્થ "વર્ગ" અથવા "જૂથ" થાય છે, જે જૂથ એક ખાનદાનમાં સામેલ હોય તેને "કબીલો" કહેવામાં આવે છે અને સામાન્ય સમૂહોને قَبِيْل (કબીલ) કહેવામાં આવે છે. મતલબ એ છે કે, શયતાન તમારો એવો દુશ્મન છે કે, તે અને તેના સાથીદારો તો તમને જૂએ છે પરંતુ તમે તેને નથી જોતા, એટલા માટે તેના પ્રપંચો અને દગાખોરી તમારા ઉપર ચાલી જવાની વધારે શક્યતાઓ છે, માટે તેનાથી બચતા રહો.

પરંતુ બીજી આયતોમાં એ પણ બતાવવામાં આવ્યું કે, જે લોકો અલ્લાહ તઆલાના શરણમાં જશે તે શયતાનના પ્રપંચોથી ચેતેલા રહેશે, તેમના માટે શયતાનની જાળ ખૂબ કમજોર છે.

આ આયતના અંતમાં જે એવું કહ્યું કે, ‘‘અમે શયતાનોને તેમના સરપરસ્તો બનાવી દીધા છે જેઓ ઈમાન નથી ધરાવતા.’’ એમાં પણ એ તરફ ઈશારો છે કે, ઈમાનવાળાઓ માટે તેની જાળથી બચવું કોઈ મુશ્કેલ કાર્ય નથી.

અમુક સલફે (પુરોગામી વડીલોએ) ફરમાવ્યું છે કે, એ દુશ્મન (શયતાન) જે આપણને જૂએ છે અને આપણે તેને નથી જોઈ શકતા તેનો ઈલાજ એ છે કે આપણે અલ્લાહ તઆલાના શરણમાં આવી જઈએ કે જે તે શયતાનોને અને તેની દરેક પ્રવૃત્તિને જોઈ શકે છે અને શયતાન તેને નથી જોઈ શકતો.

અને આ ઈરશાદ કે, ‘‘મનુષ્ય શયતાનને નથી જોઈ શકતો’’, સામાન્ય સ્વાભાવિક રીતે સામાન્ય પરિસ્થિતિઓમાં શયતાન અદૃષ્ય છે. જો કોઈ અપવાદ સ્વરૂપ ક્યારેક કોઈ મનુષ્ય તેને જોઈ લે તો તેનાથી આ વિષયનો નકાર થતો

નથી. જેમકે, રસૂલે કરીમ ﷺની સેવામાં જિન્નાતોનું આવવું અને પ્રશ્નો કરવા તથા ઈસ્લામ સ્વીકારવો વગેરે સહીહ રિવાયતો અને હદીષોથી સાબિત થયેલ છે.

(રૂહુલ મઆની)

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૨૮ થી ૩૧)

وَاِذَا فَعَلُوْا فَاحِشَةً قَالُوْا وَجَدْنَا عَلَيْهَآ اٰبَآءَنَا وَاللّٰهُ اَمَرَنَا بِهَا ۭ قُلْ اِنَّ اللّٰهَ لَا
يَاْمُرُ بِالْفَحْشَآءِ ۭ اَتَقُوْلُوْنَ عَلَى اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿٢٨﴾ قُلْ اَمَرَ رَبِّيْ بِالْقِسْطِ ۣ
وَاَقِيْمُوْا وُجُوْهَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ وَّادْعُوْهُ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ۭ كَمَا بَدَاَكُمْ
تَعُوْدُوْنَ ﴿٢٩﴾ فَرِيْقًا هَدٰى وَفَرِيْقًا حَقَّ عَلَيْهِمُ الضَّلٰلَةُ ۭ اِنَّهُمُ اتَّخَذُوا الشَّيٰطِيْنَ
اَوْلِيَآءَ مِنْ دُوْنِ اللّٰهِ وَيَحْسَبُوْنَ اَنَّهُمْ مُّهْتَدُوْنَ ﴿٣٠﴾ يٰبَنِيْٓ اٰدَمَ خُذُوْا زِيْنَتَكُمْ
عِنْدَ كُلِّ مَسْجِدٍ وَّكُلُوْا وَاشْرَبُوْا وَلَا تُسْرِفُوْا ۚ اِنَّهٗ لَا يُحِبُّ الْمُسْرِفِيْنَ ﴿٣١﴾ ع

તરજુમો :

અને જ્યારે કોઈ બુરું કામ કરે છે તો કહે છે કે અમે અમારા બાપદાદાને આ જ પ્રમાણે કરતાં જોયા અને અલ્લાહે પણ અમને એ હુકમ કર્યો છે, તમે કહી આપો કે અલ્લાહ બુરા કામનો હુકમ નથી કરતો, અલ્લાહના જિમ્મે તે વાતો કેમ લગાવો છો જે તમને ખબર નથી ? (૨૮) તમે કહી આપો કે મારા પરવરદિગારે ન્યાયનો હુકમ આપ્યો છે અને દરેક નમાઝના સમયે પોતાના મોઢાં સીધા કરો અને માત્ર (ખાલિસ) તેને જ પોકારો તેના ફરમાંબરદાર થઈને; જેવા તમને પ્રથમવાર પેદા કર્યા બીજી વખતે પણ પેદા થશો. (૨૯) એક ફિરકાને હિદાયત કરી અને એક ફિરકા ઉપર ગુમરાહી નક્કી થઈ ચૂકી, તેમણે અલ્લાહને છોડીને શયતાનોને મિત્ર બનાવ્યા અને સમજે છે કે તેઓ હિદાયત ઉપર છે. (૩૦) હે આદમની અવલાદ ! પોતાના શણગાર લઈ (સજી) લો દરેક નમાઝના સમયે અને ખાઓ અને પીઓ અને અસ્થાને (ફુઝૂલ) ખર્ચ ન કરો, તેને અસ્થાને ખર્ચ કરનારા પસંદ નથી. (૩૧)

તફસીર :

અને તે લોકો જ્યારે કોઈ નિર્લજ્જતાનું કૃત્ય આચરે છે (એટલે કે એવું કાર્ય કરે છે કે જેનું ખરાબ હોવું દેખીતું છે અને મનુષ્યની પ્રકૃતિ પણ તેને ખરાબ સમજે છે, જેમકે નગ્ન થઈને તવાફ કરવો વગેરે) તો કહે છે કે, અમે તો પોતાના બાપ-દાદને આ જ તરીકા ઉપર જોયા છે અને અલ્લાહ તઆલાએ પણ અમને એવું જ બતાવ્યું છે; (હે રસૂલ ﷺ ! તેમની આ અજ્ઞાનતાપૂર્ણ દલીલોના જવાબમાં) કહી આપો કે, અલ્લાહ તઆલા નિર્લજ્જ કૃત્યની ક્યારેય તા'લીમ નથી આપતો, શું (તમે એવો દા'વો કરીને) અલ્લાહ તઆલાના માથે એવી વાતો(નો આક્ષેપ) થોપો છો જેની કોઈ દલીલ તમારી પાસે નથી ! (તમે એવું પણ) કહી આપો કે (તમે જે નિર્લજ્જ અને અધમ કૃત્યોનો સંબંધ અલ્લાહ તઆલા સાથે જોડો છો તે ખોટું છે, હવે એ પણ સાંભળી લો કે વાસ્તવમાં જેનો હુકમ અલ્લાહ તઆલાએ આપ્યો છે તે એ છે કે) મારા પરવરદિગારે તો હુકમ આપ્યો છે ન્યાય કરવાનો અને એ કે તમે દરેક સિજહદ (એટલે કે ઈબાદત)ના સમયે પોતાનો ચહેરો સીધો (અલ્લાહ તરફ) રાખ્યા કરો (એટલે કે, કોઈ મખ્લૂક-સર્જનને તેની ઈબાદતમાં ભાગીદાર ન ઠરાવો) અને અલ્લાહની ઈબાદત એ રીતે કરો કે તેની ઈબાદતને માત્ર અલ્લાહ માટે જ રાખ્યા કરો (આ ટૂંકા વાક્યમાં બધા જ મહત્ત્વના શરીઅતના સિદ્ધાંતો સામેલ થઈ ગયા, જેમકે قِسْط "કિસ્ત"માં બંદાના હકો اَقِيْمُوْا "અકીમૂ"માં અમલો અને ફરમાંબરદારી તથા مُخْلِصِيْنَ "મુખ્લિસીન"માં અકીદાઓ) તમને અલ્લાહ તઆલાએ જે પ્રમાણે શરૂઆતમાં પેદા કર્યા હતા તેવી જ રીતે તમને (સમય આવ્યે) ફરી બીજીવાર સજીવન કરશે; અમુક લોકોને અલ્લાહ તઆલાએ (દુનિયામાં) હિદાયત આપી છે (તેમને તે સમયે તેનો બદલો મળશે) અને અમુક ઉપર ગુમરાહી સાબિત થઈ ચૂકી છે (તેમને સજા મળશે) એ લોકોએ શયતાનોને પોતાના મિત્ર બનાવી લીધા અલ્લાહ તઆલાને છોડીને અને (તે છતાં તેઓ એના વિશે એવી) ધારણા બાંધે છે કે તેઓ સત્ય માર્ગ ઉપર છે; હે આદમની અવલાદ ! તમે મસ્જિદમાં દરેક હાજરીના સમયે (નમાઝના માટે હોય અથવા કા'બાના તવાફ માટે) પોતાના શણગાર ધારણ કરી લો અને (જે પ્રમાણે પોશાકને છોડવું ગુનોહ હતો એ જ પ્રમાણે હલાલ વસ્તુઓને ખાવા-પીવાને નાજાઇઝ સમજવું પણ મોટો ગુનોહ છે,

એટલા માટે હલાલ વસ્તુઓને) ખૂબ ખાઓ અને પીઓ અને શરીઅતની હદોમાંથી ન નીકળો, બેશક ! અલ્લાહ તઆલા મર્યાદા વટાવનારને પસંદ કરતો નથી.

મસ્અલા અને બોધપાઠ :

ઈસ્લામ અગાઉ અજ્ઞાનતાના યુગમાં અરબ લોકોને શયતાને જે શર્મનાક અને વાહિયાત કુરિવાજોમાં સંડોવી દીધા હતા, તેમાંથી એક રિવાજ એ પણ હતો કે, કુરૈશ સિવાય કોઈ વ્યક્તિ બયતુલ્લાહનો તવાફ પોતાના કપડાં પહેરીને કરી શકતો ન હતો. બલકે, યા તો તેઓ કોઈ કુરૈશીનો પોશાક ઉધાર–ઉછીનો માંગે અથવા નગ્નાવસ્થામાં તવાફ કરે.

દેખીતું છે કે, સમગ્ર અરબસ્તાનના લોકોને કુરૈશ કેવી રીતે કપડાં પૂરા પાડી શકતા હતા ? એટલા માટે એ સ્વાભાવિક જ છે કે, મોટા ભાગના લોકો નગ્નાવસ્થામાં જ તવાફ કરતા હતા. પુરુષો પણ અને સ્ત્રીઓ પણ; સ્ત્રીઓ સામાન્ય રીતે રાતના અંધારામાં તવાફ કરતી હતી. આ લોકો પોતાના આ કૃત્યની શયતાની હિકમત એ વર્ણન કરતા હતા કે, જે કપડાંઓમાં અમે ગુનાહ કર્યા છે તે કપડાંઓ પહેરી બયતુલ્લાહની ચારેબાજુ તવાફ કરવાથી બયતુલ્લાહની બેઅદબી થાય છે (અને આ અક્કલના ઓથમીરો એ સમજતા ન હતા કે નગ્નાવસ્થામાં તવાફ કરવો એનાથી પણ મોટી બેઅદબી અને માનવતા વિરુદ્ધ એક નિર્લજ્જ કૃત્ય છે). ફક્ત કુરૈશ ખાનદાન હરમના સેવકો હોવાના કારણે આ વાહિયાત અને નિર્લજ્જ કાયદાથી બાકાત સમજવામાં આવતું હતું.

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયત આ જ વાહિયાત અને બેહૂદા કુરિવાજને સમાપ્ત કરવા માટે અને તેની ખરાબીઓ બતાવવા માટે નાઝિલ થઈ છે. આ આયતમાં ફરમાવ્યું કે, જ્યારે આ લોકો કોઈ નિર્લજ્જતાનું કૃત્ય આચરતા હતા ત્યારે જે લોકો તેમને એવું ન કરવા માટે અટકાવતા હતા તો તેમનો જવાબ એ હતો કે, અમારા બાપદાદા અને ઘરડાઓ તથા વડીલો આવું જ કરતા આવ્યા છે, અમે તેમના તરીકાને છોડવું શરમ અને આળ સમજીએ છીએ અને એવું પણ કહેતા હતા કે, અમને અલ્લાહ તઆલાએ જ આવું કરવાનો હુકમ આપ્યો છે.

(ઈબ્ને કસીર)

આ આયતમાં "નિર્લજ્જ કૃત્યો"નો અર્થ મોટા ભાગના વિવરણકારોના મતે આ જ નગ્નાવસ્થામાં કા'બતુલ્લાહનો તવાફ કરવો છે અને વાસ્તવમાં فُحْش، فَحْشَاءُ، فَاحِشَةٌ (ફહ્શ, ફહ્શાઅ્, ફાહિશહ) એવા અધમ કૃત્યોને કહેવામાં આવે છે જેની અધમતા અને બુરાઈ પરાકાષ્ઠાએ પહોંચી ચૂકી હોય તથા બુદ્ધિ, સમજદારી અને માનવીની શ્રેષ્ઠ પ્રકૃતિ સમીપ તે બિલકુલ ખુલ્લી અને જાહેર હોય (મઝહરી) અને આ દરજ્જામાં ગમતું અથવા અણગમતું પણ તાર્કિક હોવું દરેકના સમીપ માન્ય છે. *(રૂહુલ મઆની)*

ત્યારબાદ તે લોકોએ આ વાહિયાત રિવાજને જાઈઝ ઠરાવવા માટે બે દલીલો રજૂ કરી. એક, બાપ-દાદાના રિવાજોનું અનુસરણ કે, બાપ-દાદાના રિવાજને ટકાવી રાખવો જ ભલાઈ અને બરકત છે, એનો જવાબ બિલકુલ સ્પષ્ટ અને ખુલ્લો આપવામાં આવ્યો હતો કે, અજ્ઞાન પૂર્વજોનું અનુસરણ કોઈ યોગ્ય બાબત નથી, ઓછી બુદ્ધિ અને સમજદારી ધરાવનાર મનુષ્ય પણ એ બાબત સમજી શકે છે કે, કોઈપણ તરીકાના સત્ય હોવા માટે એ દલીલ સાચી નથી હોઈ શકતી કે પૂર્વજો એવું કરતા હતા. કારણ કે, જો કોઈ રિવાજ અથવા કોઈ કૃત્યના સત્ય હોવા અથવા જાઈઝ હોવા માટે તેનું પૂર્વજોનું રીત-રિવાજ હોવું પૂરતું સમજવામાં આવે તો દુનિયામાં વિવિધ લોકોના પૂર્વજો વિવિધ પ્રકારના અને વિરોધાભાસી રીત-રિવાજો ઉપર અમલ કર્યા કરતા હતા. આ દલીલથી તો દુનિયાભરના બધા જ ગુમરાહ રીત-રિવાજો જાઈઝ અને સત્ય ઠરે છે. મતલબ કે, આ અજ્ઞાનીઓની આ દલીલ કોઈ રીતે ધ્યાન આપવાપાત્ર ન હતી. એટલા માટે અહીંયાં કુર્આને કરીમે તેનો જવાબ આપવો આવશ્યક ન સમજ્યું અને બીજી રિવાયતોમાં એનો પણ જવાબ આપી દેવામાં આવ્યો છે કે, જો બાપ-દાદા કોઈ અજ્ઞાનતાનું કાર્ય આચરે તો તે કેવી રીતે અનુસરણપાત્ર અથવા ઈત્તેબાઅ્ કરવા લાયક એટલે કે, તાબે'દારીપાત્ર હોઈ શકે છે ?

બીજી દલીલ આ લોકોએ પોતાના નગ્નાવસ્થામાં તવાફ કરવાના જાઈઝ હોવા માટે એ રજૂ કરી કે, અમને અલ્લાહ તઆલાએ જ આવું કરવાનો હુકમ આપ્યો છે. આ સદંતર અલ્લાહ ઉપર આક્ષેપબાજી છે અને અલ્લાહ તઆલાના હુકમ વિરુદ્ધ તેના ઉપર એક ખોટા હુકમનો સંબંધ જોડી રહ્યા છે. તેના જવાબમાં રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને ઈરશાદ થયો, قُلْ اِنَّ اللّٰهَ لَا يَاْمُرُ بِالْفَحْشَآءِ

એટલે કે, "(હે નબી ﷺ !) તમે કહી આપો કે, અલ્લાહ તઆલા ક્યારેય કોઈ નિર્લજ્જ કૃત્યનો હુકમ નથી આપતો." કારણ કે, આવો હુકમ આપવો હિકમત અને અલ્લાહ તઆલાની મહાનતા અને શ્રેષ્ઠતા વિરુદ્ધ લેખાય છે. પછી તે લોકોને આ બોહતાન અને અલ્લાહ ઉપરના આક્ષેપ તથા પોતાની ખોટી મનઘડત બાબત માટે આ રીતે ચેતવણી આપવામાં આવી કે, اَتَقُوْلُوْنَ عَلَى اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ એટલે કે, "શું તમે લોકો અલ્લાહ તઆલા તરફ એવી વસ્તુઓનો સંબંધ જોડો છો જેનું તમને જ્ઞાન નથી ?" એટલે જેનું યકીન કરવા માટે તમારી પાસે કોઈ દલીલ નથી અને દેખીતું છે કે, તહકીક વિના કોઈ વ્યક્તિ તરફ પણ કોઈ કાર્યનો સંબંધ જોડવો અત્યંત નીચ કક્ષાની કઠોરતા તથા અત્યાચાર છે તો પછી અલ્લાહ જલ્લ શા'નુહૂની સાથે કોઈ બાબતની આવી ગંદી નિસ્બત જોડવી કેટલો ભયંકર અપરાધ અને અત્યાચાર હશે ? મુજતહિદ બુઝુર્ગો કુર્આનની આયતોમાંથી ઈજ્તેહાદ દ્વારા જે હુકમો પ્રતિપાદિત કરે છે અને વર્ણન કરે છે તે આ બાબતમાં સામેલ નથી. કારણ કે, તેમના હુકમો પ્રતિપાદિત કરવામાં કુર્આનના શબ્દો અને ફરમાનો પ્રમાણે એક ચોક્કસ માપદંડ અને દલીલ આધાર સ્વરૂપે હોય છે.

બીજી આયતમાં આ ઈરશાદ ફરમાવ્યો, قُلْ اَمَرَ رَبِّىْ بِالْقِسْطِ એટલે કે, અલ્લાહ તઆલા સાથે નગ્નાવસ્થામાં તવાફ કરવો જાઈઝ હોવાનો ખોટો સંબંધ જોડનાર અજ્ઞાનીઓને આપ ﷺ કહી આપો કે, અલ્લાહ તઆલાએ તો હંમેશા قِسْط (કિસ્ત)નો હુકમ આપ્યો છે અને قِسْط (કિસ્ત)નો અસલી અર્થ "ઈન્સાફ" અને "મધ્યમ માર્ગ" છે અને આ સ્થળે "કિસ્ત"નો અર્થ તે અમલ છે જે અતિશયોક્તિ અથવા ઉણપ (ઈફરાત અને તફરીત)થી ખાલી હોય. એટલે કે, ન તો તેમાં કોઈ ઉણપ હોય અને ન જ નક્કી કરવામાં આવેલ હદ-મર્યાદાનું ઉલ્લંઘન કરવામાં આવે. જેમકે, સમગ્ર શરીઅતના હુકમોમાં આ જ નિયમ પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે. એટલા માટે શબ્દ قِسْط (કિસ્ત)ના સમજવામાં આવતા અર્થમાં બધી જ ઈબાદતો અને તાબે'દારીઓ તથા સમગ્ર શરીઅતના હુકમો પણ સામેલ છે. *(રૂહુલ મઆની)*

આ આયતમાં "કિસ્ત" એટલે "ન્યાય" અને "મધ્યમ માર્ગ"નો હુકમ વર્ણન કર્યા બાદ તે લોકોની ગુમરાહી અને ખોટા માર્ગે ભટકવાના અનુસંધાને યોગ્ય રીતે શરીઅતના બે હુકમો મહત્ત્વપૂર્ણ રીતે વર્ણન કરવામાં આવ્યા. એક,

وَادْعُوْهُ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ અને બીજું, اَقِيْمُوْا وُجُوْهَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ પ્રથમ હુકમ મનુષ્યની જાહેર પ્રવૃત્તિઓ અને આચરણ વિશે છે અને બીજો તેના હૃદય અને માહ્યલા (અંતરમન) સાથે સંબંધ ધરાવે છે. પ્રથમ હુકમમાં શબ્દ مَسْجِدٌ (મસ્જિદ) મોટા ભાગના વિવરણકારોના અભિપ્રાય પ્રમાણે સિજદહ અથવા ઈબાદતના અર્થમાં આવ્યો છે અને અર્થ એ છે કે, "દરેક ઈબાદત અને નમાઝના સમયે પોતાનો ચહેરો સીધો રાખ્યા કરો." એનો ભાવાર્થ એ પણ હોઈ શકે છે કે, નમાઝના સમયે પોતાનો ચહેરો સીધો ઠીક કિબ્લાની દિશાએ રાખવાની કાળજી રાખો અને ચહેરો સીધો કરવાનો એ ભાવાર્થ પણ હોઈ શકે છે કે, પોતાના દરેક મૌખિક નિવેદનો અને કાર્યો તથા પ્રત્યેક પ્રવૃત્તિઓમાં પોતાની દિશા પોતાના પરવરદિગારના હુકમની તાબે'દાર રાખો, તેનાથી આમ–તેમ ન થવા પામે. આ ભાવાર્થના આધારે આ હુકમ ફક્ત નમાઝ માટે ખાસ નથી બલકે, સમગ્ર ઈબાદતો અને પ્રવૃત્તિઓને પણ લાગુ પડે છે.

અને બીજા હુકમનો ભાવાર્થ એ છે કે, અલ્લાહ તઆલાને એ પ્રમાણે પોકારો કે, ઈબાદત માત્ર તેની જ હોય. તેમાં કોઈ અન્યની ભાગીદારી કોઈપણ સ્વરૂપે ન હોય, એટલે સુધી કે નાનું શિર્ક એટલે કે રિયાકારી (દેખાડો) અથવા નામના કે શોહરતથી પણ પવિત્ર હોય.

આ બંને હુકમોને સાથે વર્ણન કરવાથી એ તરફ પણ ઈશારો હોઈ શકે છે કે, મનુષ્ય માટે જરૂરી છે કે પોતાના જાહેર અને બાતિન (માહ્યલા) બંનેને શરીઅતના હુકમો પ્રમાણે ઠીકઠાક કરે. ન તો ફક્ત જાહેર ફરમાંબરદારી ઈખ્લાસ વિના પૂરતી છે અને ન જ અંતરમનની નિખાલસતા વિના જાહેર શરીઅતની તાબે'દારી પૂરતી હોઈ શકે છે. બલકે, દરેક વ્યક્તિ માટે જરૂરી છે કે પોતાના જાહેરને પણ શરીઅત પ્રમાણે ઠીકઠાક કરે અને પોતાના અંતરમનને પણ ફક્ત અલ્લાહ તબારક વ તઆલા માટે નિખાલસ રાખે. એનાથી તે લોકોની ભૂલ સ્પષ્ટ થાય છે જે લોકો શરીઅત અને તરીકતને ભિન્ન–ભિન્ન તરીકાઓ સમજે છે અને એવી ધારણા બાંધે છે કે, "તરીકત" પ્રમાણે અંતરમનને ઠીક કરી લેવું પૂરતું છે. ભલે, શરીઅતની વિરુદ્ધ આચરણ કરતા રહે; એ ખુલ્લી ગુમરાહી છે.

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, كَمَا بَدَاَكُمْ تَعُوْدُوْنَ એટલે કે, "અલ્લાહ તઆલાએ જે પ્રમાણે તમને પ્રથમ પેદા કર્યા હતા, એ જ પ્રમાણે

કયામતના દિવસે ફરીવાર તમને સજીવન કરીને ઊભા કરી દેશે,'' તેની સંપૂર્ણ શક્તિ સમક્ષ આ કોઈ મુશ્કેલ કાર્ય નથી અને કદાચ એ જ સરળતા તરફ ઈશારો કરવા માટે يُعِيدُكُمْ (યુઈદુકુમ)ના બદલે تَعُودُونَ (તઊદૂન) ફરમાવ્યું કે, પુનઃ સજીવન કરવા માટે કોઈ ખાસ અમલ અથવા પ્રયત્નની અલ્લાહને આવશ્યકતા નથી. *(રૂહુલ મઆની)*

આ વાક્યને આ સ્થળે લાવવાનો એક બીજો લાભ એ પણ છે કે, શરીઅતના હુકમો ઉપર સંપૂર્ણ રીતે કાયમ રહેવું મનુષ્ય માટે સરળ બની જાય. કારણ કે, આખિરત અને કયામત તથા તેમાં સારા–નરસા કૃત્યોનો સારો બદલો અથવા સજાની શ્રદ્ધા જ તે વસ્તુ છે, જે મનુષ્ય માટે દરેક મુશ્કેલ કાર્યને સરળ અને દરેક તકલીફને રાહતમાં પરિવર્તિત કરી શકે છે. અનુભવ સાક્ષી છે કે, જ્યાં સુધી મનુષ્ય ઉપર આ ડર છવાયેલો ન હોય ત્યાં સુધી કોઈ શિખામણ અથવા બોધપાઠ તેને સીધો અને સત્યનિષ્ઠ નથી બનાવી શકતો અને ન જ કોઈ કાયદાની સાંકળ તેને અપરાધ કરવાથી અટકાવી શકે છે.

ત્રીજી આયતમાં ફરમાવવામાં આવ્યું કે, અમુક લોકોને તો અલ્લાહ તઆલાએ હિદાયત આપી છે અને અમુક ઉપર ગુમરાહી સાબિત થઈ ચૂકી છે. કારણ કે, તે લોકોએ અલ્લાહ તઆલાને છોડીને શયતાનોને પોતાના મિત્ર અને સરપરસ્ત બનાવીને એવી ધારણા રાખે છે કે તેઓ સત્ય માર્ગ ઉપર છે.

ભાવાર્થ એ છે કે, જો કે અલ્લાહ જલ્લ શા'નુહૂની હિદાયત સર્વસામાન્ય હતી પરંતુ આ લોકોએ આ હિદાયતથી મોઢું ફેરવ્યું અને શયતાનોની તાબે'દારી કરવા લાગ્યા તથા અત્યાચાર ઉપર અત્યાચાર એ આચર્યો કે તેઓ પોતાની બીમારીને જ તંદુરસ્તી અને ગુમરાહીને જ હિદાયત સમજતા રહ્યા.

આ આયતથી જાણ થાય છે કે, શરીઅતના હુકમોથી અજ્ઞાનતા અથવા અજાણતા કોઈ સ્વીકારપાત્ર બહાનું નથી. એક વ્યક્તિ જો ખોટા માર્ગને સાચો સમજીને સંપૂર્ણ નિખાલસતા સાથે તેને અપનાવી લે તો પણ તે અલ્લાહ તઆલા નજીક કોઈ યોગ્ય અને સ્વીકાર્ય બહાનું નથી. કારણ કે, અલ્લાહ તઆલાએ દરેક વ્યક્તિને બુદ્ધિ, સમજદારી અને સભાનતા એટલા માટે અર્પણ કરી છે કે, તે તેનાથી કામ લે અને સત્યને સત્ય તથા અસત્યને અસત્ય સારી રીતે ઓળખે.

ત્યારબાદ તેને ફક્ત આ બુદ્ધિ અને સમજદારીના આધાર ઉપર નથી છોડી મૂક્યો બલકે, પોતાના અંબિયા (અલૈ.)ને પણ મોકલ્યા, કિતાબો નાઝિલ કરી, જેના દ્વારા સત્ય અને અસત્ય, હક અને બાતિલને ખૂબ ખુલ્લું-ખુલ્લું કરી સ્પષ્ટ કરી દીધું.

જો કોઈ વ્યક્તિને એ વિશે શંકા હોય કે, એક વ્યક્તિ જે વાસ્તવમાં પોતાને સત્ય માર્ગ ઉપર સમજતો હોય, ભલે તે ખોટા માર્ગ ઉપર હોય, પછી તેના ઉપર શું આક્ષેપ છે, એને તો મા'ઝૂર સમજવો જોઈએ, કારણ કે તેને તો પોતાની ભૂલની ખબર જ નથી. એનો જવાબ એ છે કે, અલ્લાહ તબારક વ તઆલાએ દરેક મનુષ્યને અક્કલ અને સમજદારી અર્પણ કરી, ત્યારબાદ અંબિયા (અલૈ.) દ્વારા શિક્ષણ અર્પણ કર્યું, જેના દ્વારા ઓછામાં ઓછું તેને પોતે ગ્રહણ કરેલ માર્ગ સત્યનો વિરોધી માર્ગ હોવાની શક્યતાની અવધારણા જરૂર થવી જોઈતી હતી. હવે તેનો વાંક એ છે કે, તેણે એ બાબતો તરફ ક્યારેય ધ્યાન જ ન આપ્યું અને જે ખોટો માર્ગ તેણે અપનાવ્યો હતો એના ઉપર જ વળગી રહ્યો.

અલબત્ત જે વ્યક્તિ સત્યના સંશોધનમાં પોતાના સમગ્ર પ્રયત્ન આદરી ચૂક્યો તો પણ તેની દૃષ્ટિ સત્ય માર્ગ અને સત્ય વાત સુધી ન પહોંચી તો શક્ય છે કે, અલ્લાહ તઆલા નજીક તે મા'ઝૂર હોય. જેમકે, ઈમામ ગિઝાલી (રહ.)એ પોતાની કિતાબ "અત્તફ્રકતુ બયનલ ઈસ્લામિ વઝ્ઝિન્દિકહ"માં ફરમાવ્યું છે. વલ્લાહુ અઅ્લમુ.

ચોથી આયતમાં ઈરશાદ ફરમાવ્યું, "હે આદમ (અલૈ.)ની અવલાદ ! તમે મસ્જિદની દરેક હાજરીના સમયે પોતાનો પોશાક પહેરી લો અને ખૂબ ખાઓ અને પીઓ અને મર્યાદા ન વટાવો. બેશક ! અલ્લાહ તઆલા મર્યાદાનું ઉલ્લંઘન કરનારને પસંદ કરતો નથી." અજ્ઞાનતાના યુગમાં અરબો જેમકે બયતુલ્લાહનો તવાફ નગ્નાવસ્થામાં કરવાને સાચી ઈબાદત અને બયતુલ્લાહનું સન્માન સમજતા હતા. એ જ પ્રમાણે તેમનામાં એ કુરિવાજ પણ હતો કે, હજ્જના દિવસોમાં ખાવું-પીવું ત્યજી દેતા હતા. ફક્ત એટલું ખાતા હતા જેનાથી શ્વાસ ચાલતો રહે. ખાસ કરીને ઘી, દૂધ અને પવિત્ર ખોરાકનો બિલકુલ ત્યાગ કરતા હતા.

(ઈબ્ને જરીર)

તેમના આ વાહિયાત કુરિવાજ વિરુદ્ધ આ આયત નાઝિલ થઈ, જેણે બતાવ્યું કે નગ્ન થઈને તવાફ કરવો નિર્લજ્જતા, અપમાનની પરાકાષ્ઠા અને અંતિમ હદ છે; એનાથી બચેલા રહો. એ જ પ્રમાણે અલ્લાહ તઆલાના આપેલા પવિત્ર ખોરાકથી વિના કારણે પરહેઝ કરવી પણ કોઈ દીનની વાત નથી, બલકે તેણે હલાલ કરેલી વસ્તુઓને પોતાના માટે હરામ ઠરાવવી એક પ્રકારની ગુસ્તાખી અને ઈબાદતોમાં મર્યાદાઓનું ઉલ્લંઘન કરવા સમાન છે, જેને અલ્લાહ તઆલા પસંદ કરતો નથી. એટલા માટે હજ્જના દિવસોમાં ખૂબ ખાઓ પીઓ, હા ! વ્યર્થ ખર્ચ ન કરો, હલાલ ખોરાકનો બિલકુલ ત્યાગ કરવો પણ ઈસ્રાફ (ફુઝૂલ ખર્ચ)માં સામેલ છે અને હજ્જના મૂળ હેતુઓ અને અલ્લાહના ઝિક્ર (યાદ)થી ગાફેલ થઈને ખાવા-પીવામાં મશ્ગૂલ રહેવું પણ ઈસ્રાફ (અતિરેક કરવા)માં સામેલ છે.

આ આયત જો કે, અજ્ઞાન અરબોના એક ખાસ નિર્લજ્જ પ્રકારના કુરિવાજને સમાપ્ત કરવા માટે નાઝિલ થઈ છે, જેને તેઓ કા'બતુલ્લાહના તવાફ સમયે બયતુલ્લાહના સન્માનના નામ ઉપર કર્યા કરતા હતા, પરંતુ વિવરણકાર ઈમામો અને ઉમ્મતના ફકીહોની એ બાબતે સહમતી છે કે, કોઈ હુકમનો કોઈ ખાસ ઘટનાના સંદર્ભે નાઝિલ થવાનો અર્થ એ નથી હોતો કે, તે હુકમ તે જ ઘટના સાથે ખાસ હોય છે, બલકે તે સામાન્ય રીતે શબ્દોના આધારે દરેકને લાગુ પડે છે, જે વસ્તુઓ તે શબ્દોના સામાન્યપણામાં સામેલ હોય છે તે બધા ઉપર આ જ હુકમ લાગુ પડતો હોય છે.

નમાઝમાં સતર ઢાંકવું ફરજ છે, તેના વિના નમાઝ થતી નથી :

આ આયતથી જમહૂર સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) તથા મુજ્તહિદીન ઈમામો (રહ.)એ કેટલાય હુકમો પ્રતિપાદિત કર્યા છે. પ્રથમ એ કે, તેમાં જે પ્રમાણે નગ્નાવસ્થામાં તવાફ કરવાની મનાઈ કરવામાં આવી છે, એ જ પ્રમાણે નગ્ન થઈને નમાઝ પઢવી પણ હરામ અને ગુનોહ છે. કારણ કે, હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, اَلطَّوَافُ بِالْبَيْتِ صَلٰوةٌ તદ્દુપરાંત પોતે આ જ આયતમાં જ્યારે કે, શબ્દ مَسْجِدٌ (મસ્જિદ)થી જમહૂર વિવરણકારોના મતે અર્થ "સિજદહ" છે, ત્યારે સિજદહની હાલતમાં નગ્નાવસ્થાની મનાઈ પોતે આ આયતમાં સ્પષ્ટ રીતે આવી જાય છે અને જ્યારે સિજદહમાં મનાઈ થઈ તો

રુકૂઅ્, કયામ, કાયદહ અને નમાઝના બધા જ અરકાનોમાં સતર ઢાંકવું જરૂરી હોવું જાહેર છે.

ત્યારબાદ રસૂલે કરીમ ﷺના ફરમાનો તેને વધારે સ્પષ્ટ કરી આપે છે. એક હદીષમાં ઈરશાદ છે કે, "કોઈ બાલિગ સ્ત્રીની નમાઝ ઓઢણી વિના જાઇઝ નથી." *(તિરમિઝી)*

નમાઝ સિવાય અન્ય પરિસ્થિતિઓમાં પણ સતર ઢાંકવું ફરજ હોવા વિશે બીજી આયતો અને રિવાયતોથી સાબિત થયું છે, જેમાંથી એક આયત આ જ સૂરતમાં પસાર થઈ ચૂકી છે. يٰبَنِيْٓ اٰدَمَ قَدْ اَنْزَلْنَا عَلَيْكُمْ لِبَاسًا يُّوَارِيْ سَوْاٰتِكُمْ

ખુલાસો એ છે કે, સતર ઢાંકવું મનુષ્ય માટે પ્રથમ માનવીય અને ઈસ્લામી ફરજ છે જે દરેક પરિસ્થિતિમાં તેના માટે જરૂરી છે, નમાઝ અને તવાફમાં તો તે પ્રથમ શ્રેણીમાં ફરજ થાય છે.

નમાઝ માટે ઉત્તમ પોશાક :

આ આયતમાં બીજો મસ્અલો એ છે કે, પોશાકને "શણગાર"ના શબ્દથી પારિભાષિત કરીને એ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો છે કે, નમાઝમાં ઉત્તમ અને શ્રેષ્ઠ બાબત એ છે કે, ફક્ત સતર ઢાંકવાને પૂરતું સમજવામાં ન આવે બલકે, પોતાની શક્તિ પ્રમાણે ઉત્તમ અને સારો પોશાક ધારણ કરવામાં આવે. હઝરત હસન (રદિ.)ની ટેવ હતી કે, નમાઝના સમયે પોતાનો સૌથી ઉત્તમ પોશાક પહેરતા હતા અને ફરમાવતા હતા કે, અલ્લાહ તઆલા ખૂબસૂરતીને પસંદ કરે છે, એટલા માટે હું મારા પરવરદિગાર માટે શણગાર અને ખૂબસૂરતી અપનાવું છું અને અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે, خُذُوْا زِيْنَتَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ

જાણ થઈ કે, આ આયતથી જેમકે નમાઝમાં સતર ઢાંકવું ફરજ હોવું સાબિત થાય છે, એ જ પ્રમાણે સત્ય અનુસાર સ્વચ્છ અને સારો પોશાક અપનાવવાની ફઝીલત અને અલ્લાહ તઆલા દ્વારા પસંદ કરવું સાબિત થયેલ છે.

નમાઝમાં પોશાક વિશે અમુક મસ્અલાઓ :

ત્રીજો મસ્અલો આ સ્થળે એ છે કે, સતર જેને છુપાવવું દરેક મનુષ્ય ઉપર દરેક પરિસ્થિતિમાં અને ખાસ કરીને નમાઝ અને તવાફના સમયે ફરજ છે, તેની

મર્યાદા શું છે ? કુર્આને કરીમે સામૂહિક રીતે સતર ઢાંકવાનો હુકમ આપીને તેની વિગતો અને ખુલાસો રસૂલે કરીમ ﷺના હવાલે કર્યો. રસૂલે કરીમ ﷺએ વિગતવાર ફરમાવ્યું કે, "પુરુષનું સતર નાભિ (ડુંટી)થી લઈને ઘૂંટણની નીચે સુધી અને સ્ત્રીનું સતર સંપૂર્ણ શરીર છે, ફક્ત ચહેરા અને બંને હથેળીઓ તથા પગના પંજાઓ તેમાંથી બાકાત છે."

હદીષની રિવાયતોમાં આ બધું વિગતવાર પ્રસ્તુત છે. પરુષ માટે નાભિથી નીચેનું બદન અથવા ઘુંટણ ખુલ્લા હોય તો આવો પોશાક આપમેળે ગુનોહ છે અને તેનાથી નમાઝ પણ અદા થતી નથી. એ જ પ્રમાણે સ્ત્રીનું સતર ગળું, હાથ અથવા પીંડીઓ ખુલ્લી હોય તો આવા પોશાકમાં રહેવું પોતે જ નાજાઈઝ છે અને નમાઝ પણ અદા થતી નથી. એક હદીષમાં ઈરશાદ છે કે, "જે મકાનમાં સ્ત્રીઓ ઉઘાડા માથે હોય ત્યાં નેકીના ફરિશ્તા આવતા નથી."

સ્ત્રીનો ચહેરો અને હથેળીઓ તથા પગની પાની જેને સતરથી બાકાત ઠરાવવામાં આવ્યું છે તેનો અર્થ એ છે કે, નમાઝમાં તેના આ અવયવો ખુલ્લા હોય તો નમાઝમાં કોઈ ખલેલ નહીં પડે, તેનો એ મતલબ કદાપિ નથી કે ગેરમહરમોની સામે પણ તે શરઈ ઉજર વિના ચહેરો ખુલ્લો રાખીને ફર્યા કરે.

આ હુકમ તો સતર ફરજ હોવા વિશે છે, જેના વિના નમાઝ અદા થતી જ નથી અને કારણ કે, નમાઝમાં માત્ર સતર ઢાંકવાનો જ હેતુ નથી બલકે, શણગાર અને ઉત્તમ લિબાસ અપનાવવાનો પણ હુકમ છે. એટલા માટે પુરુષોએ ઉઘાડા માથે નમાઝ પઢવી અથવા ખભા અને કોણીઓ ખુલ્લી રાખીને નમાઝ પઢવી પણ મકરૂહ છે. ભલે, અડધી બાંયનું ખમીસ હોય અથવા બાંયો ચઢાવવામાં આવી હોય. દરેક પરિસ્થિતિમાં નમાઝ મકરૂહ છે. એ જ પ્રમાણે એવા પોશાકમાં પણ નમાઝ મકરૂહ છે જેને પહેરીને વ્યક્તિ પોતાના મિત્રો અને જાહેર સ્થળોએ જવા માટે શરમ અનુભવે છે. જેમકે, માત્ર બનિયાન કુરતા વિના પહેરીને ભલે તે આખી બાંયનું હોય અથવા માથા ઉપર ટોપીના બદલે કોઈ કપડું અથવા નાનો હાથરૂમાલ બાંધીને અલ્લાહ રબ્બુલ આલમીનના દરબારમાં જવું કઈ રીતે પ્રિય (યોગ્ય) હોઈ શકે છે ? માથું, ખભા, કોણીઓ ખુલ્લી રાખીને નમાઝ પઢવું મકરૂહ હોવું કુર્આનની આયતના આ શબ્દ زِينَتْ (ઝીનત)થી સાબિત થાય છે અને રસૂલે કરીમ ﷺના ખુલાસાઓથી પણ.

જે પ્રમાણે આયતનું પ્રથમ વાક્ય અજ્ઞાનતાના યુગમાં અરબોના નગ્નાવસ્થામાં ફરવાના કુરિવાજને સમાપ્ત કરવા માટે નાઝિલ થયું પરંતુ શબ્દોના સામાન્યપણાના આધારે તેના દ્વારા ઘણા બધા હુકમો અને મસ્અલાઓની જાણ થઈ. એ જ પ્રમાણે બીજું વાક્ય كُلُوا وَاشْرَبُوا وَلَا تُسْرِفُوا પણ જો કે, અજ્ઞાનતાકાળના અરબોનો આ કુરિવાજ સમાપ્ત કરવા માટે નાઝિલ થયું કે, તેઓ હજ્જના દિવસોમાં સારો ખોરાક ખાવા-પીવાને ગુનોહ સમજતા હતા. પરંતુ શબ્દોના સામાન્યપણાના આધારે અહીંયાં પણ ઘણા બધા હુકમો અને મસ્અલાઓ સાબિત થાય છે.

જરૂર જેટલું ખાવું-પીવું ફરજ છે :

પ્રથમ એ કે, ખાવું-પીવું શરઈ સ્વરૂપે પણ મનુષ્ય ઉપર ફરજ અને આવશ્યક છે. શક્તિ હોવા છતાં કોઈ વ્યક્તિ ખાવા-પીવાનો ત્યાગ કરે, એટલે સુધી કે મૃત્યુ પામે અથવા એટલો અશક્ત થઈ જાય કે, વાજિબો પણ અદા ન કરી શકે તો આવો વ્યક્તિ અલ્લાહ પાસે મુજરિમ અને ગુનેહગાર ઠરશે.

દુનિયાની ચીજ-વસ્તુઓમાં મૂળ તત્ત્વ જાઇઝ જ છે, જ્યાં સુધી કોઈ દલીલ દ્વારા હરામ હોવાનું સાબિત ન થાય કોઈ વસ્તુ હરામ થતી નથી :

એક મસ્અલો આ આયતથી અહકામુલ કુર્આન જસ્સાસના ખુલાસા પ્રમાણે એ નીકળ્યો કે, દુનિયામાં જેટલી વસ્તુઓ ખાવા-પીવા માટે ઉપયોગમાં લેવાય છે, વાસ્તવમાં તેમાં મૂળ તત્ત્વ એ છે કે, તે બધી વસ્તુઓ જાઇઝ અને હલાલ છે જ્યાં સુધી કોઈ ખાસ વસ્તુનું હરામ હોવું કોઈ શરઈ દલીલ દ્વારા સાબિત ન થાય દરેક વસ્તુને જાઇઝ અને હલાલ સમજવામાં આવશે. એ તરફ ઈશારો આ વાક્ય દ્વારા પણ થયો છે. كُلُوا وَاشْرَبُوا (કુલૂ વશ્રબૂ)માં કોઈ ચોક્કસ વસ્તુને વર્ણન કરવામાં નથી આવી કે કઈ વસ્તુને ખાવી અને કઈ વસ્તુને ન ખાવી અને અરબીના જાણકાર ઉલમાનો ખુલાસો છે કે, આ સ્થળે કોઈ વસ્તુને કર્મ સ્વરૂપે નક્કી ન કરવી એ તેના સામાન્યપણા તરફ ઈશારો હોય છે કે દરેક વસ્તુ ખાઈ-પી શકાય છે, માત્ર તે વસ્તુઓના સિવાય જેને સ્પષ્ટ રીતે હરામ કરવામાં આવી છે. *(અહકામુલ કુર્આન, જસ્સાસ)*

ખાવા-પીવામાં ઉડાઉપણું અને અતિરેક જાઇઝ નથી :

આયતના અંતિમ વાક્ય وَلَا تُسْرِفُوْا (વલા તુસ્રિફૂ)થી સાબિત થયું કે, ખાવા-પીવાની પરવાનગી તો છે બલકે, હુકમ છે પરંતુ સાથે જ ફુઝૂલખર્ચી અને અતિરેક કરવાની મનાઈ છે. اِسْرَاف (ઈસ્રાફ)નો અર્થ છે કે, "મર્યાદાઓથી આગળ વધી જવું." પછી મર્યાદાનું ઉલ્લંઘન કરવાના કયા-કયા સ્વરૂપો છે ? એક એ કે, હલાલ વસ્તુની મર્યાદા ઓળંગીને હરામ સુધી પહોંચી જવું અને હરામ વસ્તુઓને ખાવા-પીવા અને વાપરવા માંડવું કે જેનું હરામ હોવું જાહેર છે.

બીજું એ કે, અલ્લાહ તઆલાની હલાલ કરેલ વસ્તુઓનો કોઈ પ્રકારના શરઈ કારણ વિના હરામ સમજીને ત્યાગ કરવો, જે પ્રમાણે હરામનો ઉપયોગ અપરાધ અને ગુનોહ છે એ જ પ્રમાણે હલાલને હરામ સમજવું પણ અલ્લાહના કાનૂનનો વિરોધ કરવા સમાન અને સખત ગુનોહ છે.

(ઈબ્ને કષીર, મઝહરી, રૂહુલ મઆની)

એ જ પ્રમાણે એ પણ ઈસ્રાફ છે કે, ભૂખ અને આવશ્યકતાથી વધારે ખાય-પીએ. એટલા માટે ફુકૂહાએ પેટ ભરાઈ જવા કરતા વધારે અકળાંતુ ખાવાને નાજાઇઝ કહ્યું છે. *(અહકામુલ કુર્આન)*

એ જ પ્રમાણે એ પણ ઈસ્રાફ છે કે, શક્તિ અને સામર્થ્ય હોવા છતાં આવશ્યકતા કરતાં એટલું ઓછું ખાય કે જેનાથી અશક્તિ આવી જાય અને વાજિબો અદા કરવાની પણ શક્તિ ન રહે. ઈસ્રાફના આ બંને પ્રકારોની મનાઈ કરવા માટે કુર્આને કરીમમાં એક સ્થળે ઈરશાદ છે,

اِنَّ الْمُبَذِّرِيْنَ كَانُوْا اِخْوَانَ الشَّيَاطِيْنِ ط

"ફુઝૂલખર્ચી કરનારો શયતાનોનો ભાઈ છે." (સૂ. ૧૭ : આ. ૨૭)

બીજી જગ્યાએ ઈરશાદ છે,

وَالَّذِيْنَ اِذَا اَنْفَقُوْا لَمْ يُسْرِفُوْا وَلَمْ يَقْتُرُوْا وَكَانَ بَيْنَ ذٰلِكَ قَوَامًا ط

"અલ્લાહને તે લોકો પસંદ છે જે ખર્ચ કરવામાં મધ્યમ માર્ગ અને વચલો રસ્તો અપનાવે છે, ન જરૂરતની મર્યાદાથી વધારે ખર્ચ કરે અને ન જ તેનાથી ઓછો ખર્ચ કરે." (સૂ. ૨૫ : આ. ૬૭)

ખાવા-પીવામાં મધ્યમ માર્ગ જ દીન અને દુનિયા માટે લાભદાયક છે :

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ ફરમાવ્યું કે, "અકળાંતિયું ખાવા-પીવાથી બચો. કારણ કે તે શરીરને ખરાબ કરે છે, બીમારીઓ પેદા કરે છે, અમલમાં આળસ પેદા કરે છે, બલકે ખાવા-પીવામાં મધ્યમ માર્ગ અપનાવ્યા કરો કે, તે તંદુરસ્તી માટે પણ લાભદાયક છે અને ફુઝૂલખર્ચીથી દૂર છે" અને ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલા મેદસ્વી આલિમને પસંદ નથી કરતો" (અર્થ એ છે કે, જે અકળાંતુ ખાવાની ટેવના કારણે પોતાની મરજીથી મેદસ્વી મોટી ફાંદવાળા બની ગયા હોય) અને ફરમાવ્યું કે, "વ્યક્તિ તે સમય સુધી હલાક નથી થતો જ્યાં સુધી કે તે પોતાની મનેચ્છાઓને દીન ઉપર અગ્રિમતા ન આપવા માંડે."

(રૂહુલ મઆની અન અબી નઈમ)

સલફે સાલિહીન (પુરોગામી બુઝૂર્ગો)એ એ બાબતને ઈસ્રાફમાં સામેલ ઠરાવી છે કે, વ્યક્તિ દરેક સમયે ખાવા-પીવામાં જ રચ્યો-પચ્યો રહે અથવા તેને અન્ય મહત્ત્વના કાર્યો કરતાં અગ્ર સ્થાને સમજે. જેનાથી એવું સમજવામાં આવે કે તેનો જીવનનો હેતુ માત્ર ખાવું-પીવું જ છે, એવા જ લોકો વિશે એક મશહૂર કહેવત છે કે, خوردن برائے زیستن ست نہ زیستن برائے خوردن એટલે કે, ખાવું એટલા માટે છે કે જિંદગી ટકી રહે, એવું નથી કે જિંદગી ખાવા-પીવા માટે હોય.

એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ તે બાબતને પણ ઈસ્રાફમાં સામેલ કરી છે કે, જ્યારે પણ કોઈ વસ્તુની ઈચ્છા થાય ત્યારે તેને અવશ્ય પૂરું જ કરી લે اِنَّ مِنَ الْاِسْرَافِ اَنْ تَاْكُلَ كُلَّ مَا اشْتَهَيْتَ *(ઈબ્ને માજહ અન અનસ)*

બયહકી (રહ.)એ નકલ કર્યું છે કે, "હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ને એક વખતે રસૂલે કરીમ ﷺએ જોયા કે દિવસમાં બે વખતે જમ્યા, તો (આપ ﷺએ) ઈરશાદ ફરમાવ્યો, હે આયશા ! શું તમને એ પસંદ છે કે તમારી પ્રવૃત્તિ માત્ર ખાવાની જ બાકી રહી જાય ?"

અને મધ્યમ માર્ગનો આ હુકમ જે ખાવા-પીવા વિશે આ આયતમાં પ્રસ્તુત છે, ફક્ત ખાવા-પીવા સાથે ખાસ નથી, બલકે પહેરવા-ઓઢવા, રહેવા-સહેવા અને પ્રત્યેક કાર્યમાં મધ્યમ માર્ગ પ્રિય અને પસંદ કરવામાં આવ્યો છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, "જે ઈચ્છો તે

ખાઓ-પીઓ અને જે ઇચ્છો તે પહેરો, ફક્ત બે વાતોથી બચો. એક એ કે, તેમાં ઈસ્રાફ એટલે કે આવશ્યકતાથી વધારે અતિરેક ન કરો અને બીજું ઘમંડ અને ગર્વ ન કરો."

એક આયતમાંથી પ્રતિપાદિત થયેલા આઠ શરઈ મસ્અલાઓ :

ખુલાસો એ છે કે, كُلُوا وَاشْرَبُوا وَلَاتُسْرِفُوا ના શબ્દો દ્વારા આઠ શરીઅતના મસ્અલાઓ નીકળે છે. ૧. ખાવું-પીવું આવશ્યકતા પ્રમાણે ફરજ છે, ૨. જ્યાં સુધી કોઈ વસ્તુનું હરામ હોવું કોઈ શરઈ દલીલથી સાબિત ન થાય દરેક વસ્તુ હલાલ છે, ૩. જે વસ્તુઓની અલ્લાહ અને તેના રસૂલે કરીમ ﷺએ મનાઈ કરી છે તેનો ઉપયોગ કરવો ઈસ્રાફ અને નાજાઇઝ છે, ૪. જે વસ્તુઓ અલ્લાહે હલાલ કરી છે તેને હરામ સમજવી પણ ઈસ્રાફ અને સખત ગુનોહ છે, ૫. પેટ ભરાય ગયા પછી વધારે (અકળાંતિયું) ખાવું નાજાઇઝ છે, ૬. એટલું ઓછું ન ખાવું જોઈએ જેના કારણે નબળાઈ આવી જવાથી વાજિબો અદા કરવાની શક્તિ પણ ન રહે, ૭. દરેક સમયે ખાવા-પીવાની ચિંતામાં રહેવું પણ ઈસ્રાફ છે અને ૮. જ્યારે કદી કોઈ વસ્તુની ઇચ્છા થાય તો જરૂરી નથી કે તેને પ્રાપ્ત કરી જ લેવામાં આવે.

આ તો આ આયતના દીની ફાયદાઓ છે અને તબીબી દષ્ટિકોણથી વિચાર કરવામાં આવે તો સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે એનાથી મોટો કોઈ નુસ્ખો નથી, કારણ કે ખાવા-પીવામાં મધ્યમ માર્ગ સઘળી બીમારીઓથી માનવશરીરને સલામત રાખે છે.

તફસીરે રૂહુલ મઆની અને મઝહરી વગેરેમાં છે કે, અમીરુલ મુઅ્મિનીન હારૂન રશીદ પાસે એક નસરાની તબીબ ઇલાજ માટે રહેતો હતો, તેણે અલી બિન હુસૈન બિન વાકિદને કહ્યું કે, "તમારી કિતાબ એટલે કે કુર્આનમાં ડૉક્ટરી જ્ઞાનનો કોઈ વિભાગ નથી, જ્યારે કે દુનિયામાં બે જ પ્રકારનું જ્ઞાન છે. એક, ધર્મશાસ્ત્ર અને બીજું, શરીરશાસ્ત્ર જેનું નામ તબીબીજ્ઞાન છે." અલી બિન હુસૈને ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલાએ સમગ્ર તબીબી જ્ઞાન અને હિકમતને કુર્આનની એક અડધી આયતમાં ભેગું કરી દીધું છે અને ફરમાવ્યું, كُلُوا وَشْرَبُوا وَلا تُسْرِفُوا" (અને તફસીરે ઇબ્ને કષીરમાં આ નિવેદન અમુક સલફના હવાલાથી પણ નકલ

થયું છે). ત્યારબાદ તેણે કહ્યું કે, "સારું ! તમારા રસૂલ ﷺના નિવેદનમાં પણ તબીબી જ્ઞાન વિશે કંઈ છે ?" તેમણે ફરમાવ્યું, "રસૂલ ﷺના અમુક નિવેદનોમાં સમગ્ર તબીબી જ્ઞાનને ભેગું કરી દેવામાં આવ્યું છે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, જઠર બીમારીઓનું ઘર છે અને નુકસાનકર્તા વસ્તુઓથી પરહેઝ દવાની વાસ્તવિકતા છે અને દરેક શરીરને તે વસ્તુ આપો જેની તે ટેવ (પ્રકૃતિ) ધરાવે છે." (કસ્સાફ, રૂહુલ મઆની) નસરાની તબીબે આ સાંભળીને કહ્યું કે, "તમારી કિતાબ અને તમારા રસૂલે جَالِيْنُوْس (જાલીનૂસ) માટે કોઈ તબીબી જ્ઞાન બાકી નથી છોડ્યું."

બયહકીએ શોઅ્બુલ ઈમાનમાં અબૂ હુરયરહ (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, જઠર (પેટ) બદનની હોજ છે, સમગ્ર બદનની નસો આ હોજથી તરબોળ થાય છે. જો જઠર ઠીક છે તો બધી જ નસો અહીંયાંથી તંદુરસ્તીવાળો ખોરાક લઈને પાછી ફરશે અને જો તે ખરાબ છે તો બધી નસો બીમારીઓ લઈને શરીરમાં ફેલાશે." હદીષવેત્તાઓએ હદીષની આ રિવાયતના શબ્દોમાં અમુક શંકાસ્પદ શબ્દો હોવાનું કહ્યું છે પરંતુ ઓછા ખાવા અને કાળજી રાખવાની તાકીદ અનેક હદીષોમાં મોજૂદ છે, બધા જ આ બાબત ઉપર સહમત છે. *(રૂહુલ મઆની)*

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૩૨-૩૩-૩૪)

قُلْ مَنْ حَرَّمَ زِيْنَةَ اللّٰهِ الَّتِيْٓ اَخْرَجَ لِعِبَادِهٖ وَ الطَّيِّبٰتِ مِنَ الرِّزْقِ ؕ قُلْ
هِيَ لِلَّذِيْنَ اٰمَنُوْا فِي الْحَيٰوةِ الدُّنْيَا خَالِصَةً يَّوْمَ الْقِيٰمَةِ ؕ كَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ
لِقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿۳۲﴾ قُلْ اِنَّمَا حَرَّمَ رَبِّيَ الْفَوَاحِشَ مَا ظَهَرَ مِنْهَا وَمَا بَطَنَ وَالْاِثْمَ
وَالْبَغْيَ بِغَيْرِ الْحَقِّ وَاَنْ تُشْرِكُوْا بِاللّٰهِ مَا لَمْ يُنَزِّلْ بِهٖ سُلْطٰنًا وَّاَنْ تَقُوْلُوْا عَلَى
اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿۳۳﴾ وَلِكُلِّ اُمَّةٍ اَجَلٌ ۚ فَاِذَا جَآءَ اَجَلُهُمْ لَا يَسْتَاْخِرُوْنَ سَاعَةً وَّلَا
يَسْتَقْدِمُوْنَ ﴿۳۴﴾

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહો ! અલ્લાહની શોભાને કોણે હરામ કરી જે તેણે પોતાના બંદાઓ માટે પેદા કરી અને ખાવા(પીવા)ની તય્યિબ (સ્વચ્છ-પવિત્ર) વસ્તુઓ ? તમે કહો ! આ નેઅ્મતો અસલમાં ઈમાનવાળાઓ માટે છે દુનિયાની જિંદગીમાં (અને) ખાલિસ તેમના જ માટે છે કયામતના દિવસે; આ જ પ્રમાણે અમે ખુલાસાવર આયતો વર્ણન કરીએ છીએ તેમના માટે જેઓ સમજે છે. (૩૨) તમે કહી આપો ! મારા પરવરદિગારે માત્ર બેહયાઈની વાતોને હરામ કરી છે જે તેમનામાં જાહેર છે અને જે છુપી છે અને ગુનાહને અને નાહકની બળજબરીને અને એ વાતને કે અલ્લાહની સાથે શરીક કરો એવી વસ્તુને જેની તેણે સનદ નથી ઉતારી અને એ વાતને કે અલ્લાહના જિમ્મે તે વાતો લગાવો જે તમને ખબર નથી. (૩૩) અને દરેક ઉમ્મત માટે એક વાયદો છે, પછી જ્યારે કે તેમનો વાયદો આવી પહોંચશે ન એક ઘડી પાછળ સરકી શકશે અને ન એક ઘડી આગળ સરકી શકશે. (૩૪)

તફસીર :

(જે લોકો અલ્લાહની હલાલ કરેલી પહેરવાની, ખાવાની તથા પીવાની વસ્તુઓને દલીલ વિના જ બલકે દલીલ વિરુદ્ધ હરામ સમજી રહ્યા છે તેમને હે નબી ﷺ !) તમે કહી આપો કે, (એ બતાવો) અલ્લાહ તઆલાએ પેદા કરેલા કપડાંઓને જે તેણે પોતાના બંદાઓ(ના ઉપયોગ) માટે બનાવ્યા છે અને ખાવા-પીવાની હલાલ વસ્તુઓને (જેને અલ્લાહ તઆલાએ હલાલ ઠરાવ્યું છે) કઈ વ્યક્તિએ હરામ કર્યું છે ? (એટલે કે, હલાલ અને હરામ ઠરાવી દેવું તો સર્જનહાર અને સૃષ્ટિના માલિકનું કામ છે તમે પોતાના તરફથી કોઈ વસ્તુને હલાલ અથવા હરામ કહેવાવાળા કોણ ? પ્રસ્તુત આયતોમાં કપડાં અને ખાવા-પીવાની વસ્તુઓને અલ્લાહ તઆલાનું ઈનામ ઠરાવવામાં આવ્યું છે. તેનાથી કાફિરોને એ શંકા થઈ શકતી હતી કે આ ઈનામો તો અમને પણ ખૂબ મળી રહ્યા છે, જો અલ્લાહ તઆલા અમારાથી નારાજ હોત અને અમારી માન્યતાઓ અને આચરણો તેના વિરુદ્ધ હોત તો આ ઈનામ અમને શા માટે મળે ? આ શંકાનો જવાબ આપવા માટે ફરમાવ્યું કે, હે મુહમ્મદ ﷺ !) તમે તેમને એ

કહી આપો કે, (અલ્લાહના ઈનામો વિશે ઉપયોગની પરવાનગી સ્વીકૃતિની દલીલ નથી, હા ! જે ઉપયોગ પછી કોઈ વબાલ ન હોય તે સ્વીકૃતિની દલીલ છે અને એવો ઉપયોગ માત્ર ઈમાનવાળાઓના હિસ્સામાં છે, કારણ કે કાફિર જેટલો વધારે દુનિયાની નેઅ્મતોને ભોગવશે એટલો જ તેનો વબાલ અને આખિરતનો અઝાબ વધતો રહે છે, એટલા માટે ફરમાવ્યું કે) આ વસ્તુઓ (પોશાક અને ખાવા-પીવાની વસ્તુઓ) એ જ પ્રમાણે કયામતના દિવસે (પણ અઝાબ અને નુકસાન પહોંચાડવાથી બચેલી રહેવામાં) ખાસ રહેશે, દુનિયાની જિંદગીમાં (પણ) ખાસ ઈમાનવાળાઓ માટે જ છે (તેનાથી ઊલટું કાફિરો માટે કે દુનિયામાં તેમણે અલ્લાહની નેઅ્મતો ભોગવીને અય્યાશીમાં જિંદગી પસાર કરી પરંતુ આ નેઅ્મતોનો આભાર ઈમાન અને અલ્લાહના હુકમોના અનુસરણ દ્વારા માન્યો નહીં, એટલા માટે ત્યાં આ નેઅ્મતો તેમના માટે અઝાબ અને વબાલ બની જશે), અમે એ જ પ્રમાણે બધી જ આયતોને સમજદાર લોકો માટે સ્પષ્ટ (સાફ-સાફ) વર્ણન કરીએ છીએ; (તમે તેમને એ પણ) કહી આપો કે, (તમે જે હલાલ વસ્તુઓને વિના કારણે હરામ સમજી રાખી છે તેને અલ્લાહ તઆલાએ હરામ નથી કરી) અલબત્ત મારા પરવરદિગારે તો ફક્ત (તે વસ્તુઓને જેમાં મોટા ભાગે તમે સંડોવાયેલા છો) હરામ કર્યું છે (દાખલા તરીકે) બધી જ બેશરમીની વાતો તેમાં જે જાહેર છે તે પણ (જેમકે નગ્નાવસ્થામાં તવાફ કરવો) અને તેમાં જે ગુપ્ત છે તે પણ (જેમકે વ્યભિચાર) અને દરેક ગુનાહની વાત (હરામ કરી છે) અને નાહક કોઈના ઉપર અત્યાચાર કરવાને (હરામ કર્યું છે) અને એ વાત (હરામ કરી છે) કે તમે અલ્લાહ તઆલાની સાથે કોઈ એવી વસ્તુને (ઈબાદતમાં) ભાગીદાર ઠરાવી લો જેની અલ્લાહ તઆલાએ કોઈ સનદ (અને દલીલ) નાઝિલ નથી કરી (ન તો સામૂહિક રીતે અને ન જ વ્યક્તિગત રીતે) અને એ વાતને (હરામ કરી છે) કે તમે લોકો અલ્લાહ તઆલાના માથે એવી વાતો થોપો જેનું તમારી પાસે કોઈ પ્રમાણ ન હોય (જેમકે આયત قُلْ اَمَرَ رَبِّىْ بِالْقِسْطِ માં બધા જ કાર્યો જેના ઉપર અમલ કરવો શરીઅતમાં સામેલ થઈ ગયો, એ જ રીતે اِنَّمَا حَرَّمَ માં બધા જ કાર્યો અને પ્રવૃત્તિઓ જેની મનાઈ છે તે સામેલ થઈ ગઈ).

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતમાં તે લોકોને ચેતવણી આપવામાં આવી છે કે, જેઓ

ઈબાદતમાં અતિરેક (ગુલૂ) કરે છે અને પોતે ઘડી કાઢેલી પાબંદીઓ ઉત્પન્ન કરે છે. અલ્લાહ તઆલાએ હલાલ કરેલી વસ્તુઓથી બચતા રહી તેને પોતાના ઉપર હરામ ઠરાવી દેવાને ઈબાદત અને આજ્ઞાપાલન સમજે છે, જેમકે મક્કાના મુશ્રિકો હજ્જના દિવસોમાં તવાફના સમયે કપડાં પહેરવાને જ જાઈઝ સમજતા ન હતા અને અલ્લાહ તઆલાની હલાલ અને પાક ખાવા-પીવાની વસ્તુઓથી બચવાને ઈબાદત સમજતા હતા.

એવા લોકોને સુધારણા અર્થે શિક્ષા કરવાના અંદાજમાં સખત રીતે ચેતવણી આપવામાં આવી છે કે, અલ્લાહ તઆલાનો શણગાર એટલે કે, ઉત્તમ પોશાક જે અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ માટે પેદા કર્યો છે અને પવિત્ર, ઉત્તમ ખોરાક જે અલ્લાહ તઆલાએ અર્પણ કર્યો છે; તેને કોણે હરામ કર્યો છે ?

ઉત્તમ પોશાક અને સ્વાદિષ્ટ જમણ (ખાવા-પીવાની વસ્તુઓ)થી બચવું ઇસ્લામનું શિક્ષણ નથી :

ભાવાર્થ એ થયો કે, કોઈ વસ્તુને હલાલ અથવા હરામ ઠરાવવું ફક્ત તે પાક-જાતનો જ અધિકાર છે જેણે આ વસ્તુઓને પેદા કરી છે. કોઈ અન્યની તેમાં દખલગીરી કરવી જાઈઝ નથી. એટલા માટે તે લોકો ક્રોધપાત્ર અને અઝાબના હકદાર છે જેઓ અલ્લાહના હલાલ કરેલા ઉત્તમ પોશાક અને પવિત્ર તથા સ્વાદિષ્ટ ખોરાકને હરામ સમજે છે. શક્તિ હોવા છતાં ફાટેલાં-તૂટેલાં વસ્ત્રોમાં ગંદા-ગોબરા રહેવું ન તો કોઈ ઈસ્લામનું શિક્ષણ છે અને ન જ ઈસ્લામમાં કોઈ પસંદ કરવામાં આવેલી બાબત છે, જેમકે ઘણા જાહિલ લોકો એવું વિચારે છે.

સલફે સાલિહીન (પુરોગામી બુઝુર્ગો) અને ઈસ્લામના ઈમામોમાંથી ઘણા આગળ પડતા લોકો કે જેમને અલ્લાહ તઆલાએ આર્થિક સદ્ધરતા પ્રદાન કરી હતી મોટે ભાગે ઉત્તમ અને કીંમતી પોશાકનો ઉપયોગ કરતા હતા. સરવરે કાઈનાત ﷺએ પણ જ્યારે આર્થિક છૂટછાટ થઈ તો સારા-સારા ઉત્તમ પ્રકારના વસ્ત્રો પણ ધારણ કર્યા. એક રિવાયતમાં છે કે, એક વખતે રસૂલે કરીમ ﷺના શરીર મુબારક ઉપર એવી ચાદર હતી કે, જેની કીંમત એક હજાર દિરહમ હતી. ઈમામે આ'ઝમ અબૂ હનીફહ (રહ.) માટે વર્ણન થયું છે કે, ચારસો ગિન્ની કીંમતની ચાદરનો તેમણે ઉપયોગ કર્યો છે. એ જ પ્રમાણે હઝરત ઈમામ માલિક

(રહ.) હંમેશા શોભાસ્પદ અને ઉત્તમ પોશાક ધારણ કરતા હતા, તેમના માટે તો કોઈ વ્યક્તિએ એક વર્ષ માટે ત્રણસો સાઈઠ જોડ કપડાંઓની વાર્ષિક વ્યવસ્થાની પોતાના માથે જવાબદારી સ્વીકારી હતી અને જે જોડ કપડાં ઈમામ (રહ.)ના શરીર ઉપર એક વખતે પહોંચતા હતા, તેનો ફરી ઉપયોગ થતો ન હતો, કારણ કે ફક્ત તે જોડ કપડાંનો એક વખતે ઉપયોગ કરીને તેને તેઓ ગરીબ તાલિબે ઈલ્મ (વિદ્યાર્થી)ને આપી દેતા હતા.

કારણ એ છે કે, રસૂલુલ્લાહ ﷺનો ઈરશાદ છે કે, જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદાને પોતાની નેઅ્મત અને આર્થિક સદ્ધરતા અર્પણ કરે છે તો અલ્લાહ તઆલા એને પસંદ કરે છે કે, તેની નેઅ્મતની અસર તેના પોશાક વગેરેમાં પણ જોવામાં આવે. એટલા માટે કે, નેઅ્મતની જાહેરાત કરવી પણ એક પ્રકારનો શુક્ર અને અલ્લાહનો આભાર છે. એનાથી વિપરીત આર્થિક સદ્ધરતા હોવા છતાં ફાટેલાં-તૂટેલાં મેલાં-ઘેલાં જૂના કપડાંઓમાં ફર્યા કરવું નેઅ્મતની નાશુક્રી છે.

હા ! જરૂરી વાત એ પણ છે કે બે વસ્તુઓથી બચે. એક રિયા એટલે કે વ્યર્થ નામના અને દેખાડો તથા બીજું ગર્વ અને તકબ્બુર, એટલે કે ફક્ત લોકોને બતાવવા અને પોતાની શ્રેષ્ઠતા જાહેર કરવા માટે ગર્વિષ્ઠ પોશાક ધારણ ન કરે અને દેખીતું છે કે, સલફે સાલિહીન (પુરોગામી બુઝૂર્ગો) આ બંને બાબતોથી બચતા હતા.

રસૂલે કરીમ ﷺ અને સલફે સાલિહીનમાં ફારૂકે આ'ઝમ (રદિ.) અને અમુક અન્ય સહાબા (રદિ.)થી જે સામાન્ય પરિસ્થિતિઓમાં મા'મૂલી પ્રકારનો પોશાક અથવા થીંગડા મારેલા કપડાંનો ઉપયોગ કરવાનું વર્ણન થયું છે તેના બે કારણો હતા. એક તો એ કે, મોટા ભાગે જે કંઈ માલ આવતો તે ફકીરો, મિસ્કીનો અને દીની કામોમાં ખર્ચ્ર કરી નાંખતા હતા અને પોતાના માટે કશું બાકી જ ન રહેતું કે જેનાથી ઉત્તમ પ્રકારનો પોશાક ખરીદી શકાય. બીજું એ કે, પોતે મખ્લૂકના મુક્તદા (આગેવાન) હતા, તેમના સાદગીવાળા અને સસ્તા પોશાક પહેરવાથી અન્ય માલદારોને પણ તેનાથી પ્રેરણા અને પ્રોત્સાહન મળતું હતું, જેથી સામાન્ય ગરીબો અને ફકીરો ઉપર તેમની માલદારી અને અમીરીનો ખોટો પ્રભાવ અને રુઆબ ન પડે.

એ જ પ્રમાણે સૂફીઓએ જે પોતાના અનુયાયીઓને બનાવ-શણગારના પોશાક અને ઉત્તમ-સ્વાદિષ્ટ ખાવાથી અટકાવ્યા હતા તેનો હેતુ પણ એ ન હતો કે, તે વસ્તુઓને કાયમી ધોરણે છોડી દેવું સવાબનું કાર્ય છે. બલકે, મનેચ્છાઓ ઉપર કાબૂ મેળવવા માટે ''સુલૂક''ની શરૂઆતમાં આવા મુજાહિદા (સંઘર્ષ) રૂહાની (આધ્યાત્મિક) ઈલાજ અને દવા સ્વરૂપે કરાવવામાં આવતા હતા અને જ્યારે તે એવી કક્ષાએ પહોંચી જાય કે, મનેચ્છાઓ ઉપર કાબૂ પ્રાપ્ત કરી લે કે, તેમની મનેચ્છા તેમને હરામ અને નાજાઈઝ વસ્તુઓ તરફ ન ખેંચી શકે ત્યારે તે સમયે બધા જ સૂફીઓ અને સલફે સાલિહીન ઉત્તમ પોશાક અને સ્વાદિષ્ટ ખોરાકનો ઉપયોગ કરે છે અને તે સમયે આ પવિત્ર ભોજન તેમના માટે અલ્લાહની મઅ્રિફત અને તેની નિકટતા પ્રાપ્ત કરવાના દરજ્જામાં અવરોધના બદલે વધારે નિકટતા પ્રાપ્ત કરવાનું માધ્યમ બને છે.

ખોરાક અને પોશાકમાં રસૂલે કરીમ ﷺની સુન્નત :

ખોરાક અને પોશાક વિશે રસૂલે કરીમ ﷺની સુન્નતનો ખુલાસો અને સહાબા (રદિ.) તથા તાબિઈન (રહ.)નો પણ ખુલાસો એ છે કે, તે વસ્તુઓમાં કોઈ પરહેઝ કરવામાં ન આવે, જે પણ પોશાક અને ખોરાક સરળતાથી પ્રાપ્ત થાય તેને અલ્લાહના શુક્ર સાથે આભાર માની ઉપયોગ કરે. જાડું કપડું, સૂકો ખોરાક મળે તો પોતાના ઉપર એવી ફરજ ન પાડે કે, ગમે તે પ્રકારે સારો ખોરાક જ પ્રાપ્ત કરે, ભલે કરજ લેવું પડે અથવા એવી ચિંતામાં પોતાને બીજી કોઈ મુશ્કેલીમાં સંડોવી દેવાની નોબત આવી જાય.

એ જ પ્રમાણે ઉત્તમ અને સ્વચ્છ પોશાક અથવા સ્વાદિષ્ટ ભોજન જો પ્રાપ્ત થાય તો પોતાના ઉપર એવી ફરજ ન પાડે કે, તેને જાણીબૂઝીને ખરાબ કરે અથવા તેનો ઉપયોગ કરવાથી બચે. જે પ્રમાણે ઉત્તમ પ્રકારના પોશાક અને ભોજનની શોધખોળ કરતા રહેવામાં ચિંતાતૂર રહી પોતાના ઉપર ફરજ પાડવી યોગ્ય નથી, એ જ પ્રમાણે ઉત્તમ અને શ્રેષ્ઠ પોશાક અને ખોરાકથી સંકોચ કરી તેને ખરાબ કરવું અથવા તેને છોડીને હલકા પ્રકારની વસ્તુઓનો ઉપયોગ કરવાને પોતાના માટે જરૂરી ઠરાવવું પણ અયોગ્ય અને નિંદનીય છે.

આયતના આગલા વાક્યમાં તેની એક ખાસ હિકમત એ બતાવવામાં

આવી છે કે, દુનિયાની સઘળી નેઅ્‌મતો ઉત્તમ અને ઉચ્ચ કક્ષાના પોશાક, પવિત્ર અને સ્વાદિષ્ટ ખોરાક વાસ્તવમાં અનુસરણ કરનાર તાબે'દાર મો'મિનો માટે જ પેદા કરવામાં આવી છે. અન્ય લોકો તેમના પ્રતાપે ખાઈ-પી રહ્યા છે. કારણ કે, આ દુનિયા આચરણ કરવાનું સ્થળ છે, વળતર મેળવવાનું સ્થળ નથી. અહીંયાં ખરા-ખોટા અને સારા-નરસાનો તફાવત દુનિયાની નેઅ્‌મતોમાં કરી શકાતો નથી. બલકે, દુનિયાના સર્જનહારની નેઅ્‌મતોનું આ દસ્તરખ્વાન સામાન્ય રીતે અહીંયાં-ત્યાં બધાના માટે સમાન રીતે ખુલ્લું છે. બલકે, દુનિયા વિશે અલ્લાહની ટેવ એ છે કે, જો મો'મિન ફરમાંબરદાર બંદાઓથી ફરમાંબરદારીમાં કોઈ ઉણપ થઈ જાય છે તો અન્ય લોકો તેમના ઉપર વિજય પ્રાપ્ત કરી દુનિયાની નેઅ્‌મતોના ખજાનાઓ ઉપર કબજો જમાવી લે છે અને આ મો'મિન લોકો ભૂખમરામાં પણ સપડાઈ જાય છે.

પરંતુ આ કાયદો અહીંયાં અમલ કરવાના સ્થળે જ છે, એટલે કે, દુનિયામાં છે અને આખિરતની સઘળી નેઅ્‌મતો અને રાહતો માત્ર અલ્લાહ તઆલાના ફરમાંબરદાર, તાબે'દાર બંદાઓ માટે વિશિષ્ટરૂપે હશે. આ જ ભાવાર્થ છે આ આયતના આ વાક્યનો. قُلْ هِيَ لِلَّذِيْنَ اٰمَنُوْا فِي الْحَيٰوةِ الدُّنْيَا خَالِصَةً يَّوْمَ الْقِيٰمَةِ એટલે કે, "(હે નબી ﷺ!) તમે કહી આપો કે, દુનિયાની બધી નેઅ્‌મતો દુનિયાની જિંદગીમાં પણ વાસ્તવમાં મો'મિનોનો જ હક છે અને કયામતના દિવસે તો માત્ર તેમની સાથે જ વિશિષ્ટરૂપે હશે."

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ આ વાક્યનો ભાવાર્થ એ ઠરાવ્યો છે કે, "દુનિયાની સઘળી નેઅ્‌મતો અને રાહતો એક ખાસ લક્ષણ અને ખાસિયત સાથે છે કે તે આખિરતમાં જીવનો વબાલ અને જોખમ નહીં બને તે ફક્ત ફરમાંબરદાર મો'મિનોનો જ ભાગ છે. એનાથી વિપરીત કાફિરો અને ફાજિરો-દુષ્ટ લોકો; કે તેઓ દુનિયામાં પણ નેઅ્‌મતો ભોગવે છે બલકે, વધારે ભોગવે છે પરંતુ તેમની આ નેઅ્‌મતો આખિરતમાં તેમના જીવનો વબાલ અને કાયમી અઝાબ બનવાનો છે. એટલા માટે પરિણામના આધારે તે લોકો માટે આ બાબત કોઈ ઈજ્જત કે રાહતની વસ્તુ ન થઈ."

અમુક વિવરણકાર લોકોએ તેનો અર્થ એ ઠરાવ્યો છે કે, દુનિયાની સઘળી નેઅ્‌મતો અને રાહતોની સાથે સતત મહેનત અને સંઘર્ષરત રહેવું પડે છે તથા

તેના ક્ષિર્ણ-જીર્ણ થઈ જવાનો ભય સતાવતો હોય છે અને ત્યારબાદ પ્રકાર-પ્રકારના રંજ અને ગમ લાગેલા હોય છે. માત્ર વિશુદ્ધ નેઅ્મતો અને વિશુદ્ધ રાહતનું અત્રે આ જગતમાં અસ્તિત્વ જ નથી. અલબત્ત, કયામતમાં જેમને આ નેઅ્મતો મળશે તે બિલકુલ શુદ્ધ સ્વરૂપે મળશે, ન તો તેની સાથે કોઈ મહેનત કે સંઘર્ષ જોડાયેલો હશે અને ન જ તેની પડતીનો કે નુકસાનનો કોઈ ભય હશે અને ન જ તેના પછી કોઈ રંજ અને મુસીબત હશે. ત્રણે ભાવાર્થ આયતના આ વાક્ય માટે લઈ શકાય છે અને એટલા જ માટે મુફસ્સિરીન સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)એ આ ભાવાર્થ અપનાવ્યો છે.

અંતિમ આયતમાં ફરમાવ્યું, وَكَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ એટલે કે, "અમે પોતાની સંપૂર્ણ શક્તિની નિશાનીઓ સમજદાર લોકો માટે એ પ્રમાણે વિગતવાર સ્પષ્ટ રીતે વર્ણન કરીએ છીએ જેનાથી દરેક આલિમ (વિદ્વાન્) અને જાહિલ (અજ્ઞાની) પણ સમજી લે." આ આયતમાં લોકોના આ ગુલૂના અન્ય અજ્ઞાનતાપૂર્ણ માન્યતાઓનો રદિયો આપવામાં આવ્યો હતો કે, શ્રેષ્ઠ કક્ષાનો પોશાક અને સ્વાદિષ્ટ ભોજનને છોડવાથી અલ્લાહ તઆલા રાજી થાય છે.

ત્યારબાદ બીજી આયતમાં અમુક તે વસ્તુઓનું વર્ણન છે, જેને અલ્લાહ તઆલાએ હરામ ઠરાવી આપી છે અને એ હકીકત છે કે, તેને છોડવાથી જ અલ્લાહ તઆલાનો રાજીપો પ્રાપ્ત કરી શકાય છે અને ઈશારો એ વાત તરફ પણ છે કે, આ લોકો બેવડી અજ્ઞાનતામાં સપડાયેલા છે. એક તરફ તો અલ્લાહ તઆલાની હલાલ કરેલી ઉત્તમ અને શ્રેષ્ઠ વસ્તુઓ પોતાના ઉપર વિના કારણે હરામ કરીને તે નેઅ્મતોથી વંચિત થઈ ગયા અને બીજી બાજુ જે વસ્તુઓ વાસ્તવમાં હરામ હતી અને જેના ઉપયોગથી અલ્લાહ તબારક વ તઆલાનો ક્રોધ અને આખિરતનો અઝાબ પરિણામ સ્વરૂપે આવવાનો છે, તેનો ઉપયોગ કરવામાં સંડોવાઈને આખિરતનો અઝાબ ખરીદી લીધો અને એ જ પ્રમાણે દુનિયા અને આખિરત બંને સ્થળે નેઅ્મતોથી વંચિત થઈને દુનિયા અને આખિરતના નુકસાનના હકદાર બની ગયા. ઈરશાદ છે,

اِنَّمَا حَرَّمَ رَبِّيَ الْفَوَاحِشَ مَا ظَهَرَ مِنْهَا وَمَا بَطَنَ وَالْاِثْمَ وَالْبَغْيَ بِغَيْرِ الْحَقِّ وَاَنْ
تُشْرِكُوْا بِاللّٰهِ مَا لَمْ يُنَزِّلْ بِهٖ سُلْطٰنًا وَّاَنْ تَقُوْلُوْا عَلَى اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ

એટલે કે, "જે વસ્તુઓને તમે જાણીબૂઝી વિના કારણે હરામ ઠરાવી લીધી, તે તો હરામ નથી પરંતુ અલ્લાહ તઆલાએ બધા જ નિર્લજ્જ કૃત્યોને હરામ કર્યા છે. ભલે તે જાહેર હોય કે ગુપ્ત હોય અને દરેક ગુનાહના કાર્યને અને નાહક કોઈના ઉપર અત્યાચાર કરવાને અને અલ્લાહ તઆલાની સાથે દલીલ વિના અથવા કોઈ પ્રમાણ વિના કોઈને ભાગીદાર ઠરાવવાને અને એ વાતને કે તમે અલ્લાહ તઆલાના માથે કોઈ એવી વાત થોપી દો, જેનું તમારી પાસે કોઈ પ્રમાણ ન હોય" આ બધી બાબતો હરામ ઠરાવી છે.

આ વિગતમાં શબ્દ إِثْم (ઈસ્મ) હેઠળ તે બધા જ ગુનાહો આવી ગયા છે જેનો સંબંધ મનુષ્યનો પોતાની જાત સાથે વ્યક્તિગત સ્વરૂપે છે અને بَغْي (બગ્ય)માં તે ગુનાહો સામેલ છે, જેનો સંબંધ અન્ય સાથેના વ્યવહારો અને હકો સાથે છે તથા શિર્ક અને અલ્લાહ તઆલા ઉપર આક્ષેપ કરવો વગેરે માન્યતાઓનું મહાન ગુનોહ હોવું પણ દેખીતું છે.

આ ખાસ વિગતનું વર્ણન એટલા માટે પણ કરવામાં આવ્યું કે, તેમાં લગભગ દરેક પ્રકારની હરામ બાબતો અને ગુનાહો સંપૂર્ણપણે સામેલ થઈ ગયા. ભલે, માન્યતા (અકીદહ) સ્વરૂપે કોઈ ગુનોહ હોય અથવા આચરણ સ્વરૂપે અને ત્યારબાદ વ્યક્તિગત ગુનાહો અથવા અન્યોના હકોને પણ વર્ણન કર્યા અને એ એટલા માટે પણ કે આ અજ્ઞાનીઓ તે બધા જ અપરાધ અને હરામ કાર્યોમાં પ્રવૃત્ત હતા એટલે તેમની અન્ય અજ્ઞાનતાઓને પણ જાહેર કરી દીધી કે, હલાલ વસ્તુઓના ઉપયોગને પોતાના માટે વર્જિત (મનાઈ) કરવાથી અને હરામનો ઉપયોગ કરવાથી પણ તેઓ ખચકાતા ન હતા.

દીનમાં ગુલૂ (મર્યાદા ઓળંગી જવું) અને બિદ્અતો ઘડી કાઢવાની ચોક્કસ ખાસિયત એ છે કે, જે વ્યક્તિ એવી વસ્તુઓમાં સંડોવાય છે, તે દીનના મૂળભૂત અને મહત્ત્વના આવશ્યક કાર્યોથી સ્વાભાવિક રીતે બેદરકાર થઈ જાય છે. એટલા માટે "ગુલૂફિદ્દીન" (દીનમાં મર્યાદાનું ઉલ્લંઘન) અને બિદ્અતનું નુકસાન બેવડાઈ જાય છે. એક તો પોતે ગુલૂ અને બિદ્અતમાં સંડોવાવાનો એક આગવો ગુનોહ છે અને બીજું તેનાથી વિપરીત સત્ય દીન અને સુન્નત તરીકાઓથી વંચિત થવું પણ બીજા પ્રકારનો ગુનોહ છે. નઊઝુબિલ્લાહ.

પ્રથમ અને બીજી બંને આયતોમાં મુશ્રિકો અને અપરાધીઓની બે ખોટી પ્રવૃત્તિઓનું વર્ણન હતું. એક હલાલને હરામ ઠરાવવું અને બીજું હરામને હલાલ ઠરાવવું. ત્રીજી આયતમાં તેના પરિણામ અને આખિરત તથા એની સજાનું વર્ણન છે. وَلِكُلِّ أُمَّةٍ أَجَلٌ فَإِذَا جَاءَ أَجَلُهُمْ لَا يَسْتَأْخِرُونَ سَاعَةً وَّلَا يَسْتَقْدِمُونَ એટલે કે, આ દુષ્ટ પાપીઓ જે પ્રમાણે અત્યાચાર આદરી અલ્લાહની નેઅ્મતોથી પોષણ પામતા હોવા છતાં દુનિયામાં તેમના ઉપર કોઈ દેખીતો અઝાબ થતો હોવાનું દષ્ટિગોચર થતું નથી. તેઓ અલ્લાહની ટેવથી ગાફેલ ન રહે બલકે, આ તો અલ્લાહ તઆલા અપરાધીઓને પોતાની રહમત અને કૃપાદષ્ટિના કારણે ઢીલ આપી રહ્યો છે અને તેની એક નક્કી સમય મર્યાદા હોય છે, જ્યારે તે મર્યાદા આવી પહોંચશે તો એક ક્ષણ આગળ-પાછળ નહીં થાય અને તેઓ અઝાબમાં પકડી લેવામાં આવશે. ક્યારેક દુનિયામાં કોઈ અઝાબ આવી જાય છે અને જો દુનિયામાં અઝાબ ન આવ્યો તો મૃત્યુની સાથે જ અઝાબમાં પ્રવેશ પામે છે.

આ આયતમાં "ચોક્કસ સમય મર્યાદાથી આગળ-પાછળ ન થવાનું" જે વર્ણન થયું છે આ એવો જ રૂઢિપ્રયોગ છે જેમકે, આપણી બોલચાલમાં ગ્રાહક દુકાનદારને કહે છે કે, કીંમતમાં કંઈ વત્તું-ઓછું થઈ શકે છે ? દેખીતું છે કે, કીંમતમાં વધારો કરવો ગ્રાહકનો હેતુ નથી હોતો બલકે, તે ગ્રાહક તો માત્ર કીંમત ઘટાડવા માટે પૂછી રહ્યો છે પરંતુ પ્રચલિત રૂઢિપ્રયોગ પ્રમાણે "ઓછું"ની સાથે "વત્તું" શબ્દનો પણ ઉપયોગ કરવામાં આવે છે. એ જ પ્રમાણે અહીંયાં વાસ્તવિક હેતુ તો એ છે કે, નક્કી સમય મર્યાદા પછી ક્ષણનો પણ વિલંબ નહીં થાય અને "વધતું" શબ્દનો ઉપયોગ અહીંયાં બોલચાલના રૂઢિપ્રયોગ પ્રમાણે કરવામાં આવ્યો છે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૩૫ થી ૩૯)

يٰبَنِيْٓ اٰدَمَ اِمَّا يَاْتِيَنَّكُمْ رُسُلٌ مِّنْكُمْ يَقُصُّوْنَ عَلَيْكُمْ اٰيٰتِيْ ۙ فَمَنِ اتَّقٰى وَاَصْلَحَ
فَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٣٥﴾ وَالَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَاسْتَكْبَرُوْا عَنْهَآ اُولٰٓئِكَ
اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٣٦﴾ فَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا

اَوْ كَذَّبَ بِاٰيٰتِهٖ ۭ اُولٰۗىِٕكَ يَنَالُهُمْ نَصِيْبُهُمْ مِّنَ الْكِتٰبِ ۭ حَتّٰٓي اِذَا جَاۗءَتْهُمْ رُسُلُنَا

يَتَوَفَّوْنَهُمْ ۙ قَالُوْٓا اَيْنَ مَا كُنْتُمْ تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ ۭ قَالُوْا ضَلُّوْا عَنَّا

وَشَهِدُوْا عَلٰٓي اَنْفُسِهِمْ اَنَّهُمْ كَانُوْا كٰفِرِيْنَ ۝٣٧ قَالَ ادْخُلُوْا فِيْٓ اُمَمٍ قَدْ خَلَتْ مِنْ

قَبْلِكُمْ مِّنَ الْجِنِّ وَالْاِنْسِ فِي النَّارِ ۭ كُلَّمَا دَخَلَتْ اُمَّةٌ لَّعَنَتْ اُخْتَهَا ۭ

حَتّٰٓي اِذَا ادَّارَكُوْا فِيْهَا جَمِيْعًا ۙ قَالَتْ اُخْرٰىهُمْ لِاُوْلٰىهُمْ رَبَّنَا هٰٓؤُلَاۗءِ اَضَلُّوْنَا فَاٰتِهِمْ

عَذَابًا ضِعْفًا مِّنَ النَّارِ ڛ قَالَ لِكُلٍّ ضِعْفٌ وَّلٰكِنْ لَّا تَعْلَمُوْنَ ۝٣٨ وَقَالَتْ اُوْلٰىهُمْ

لِاُخْرٰىهُمْ فَمَا كَانَ لَكُمْ عَلَيْنَا مِنْ فَضْلٍ فَذُوْقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْسِبُوْنَ ۝٣٩ ع

તરજુમો :

હે આદમની અવલાદ ! જો તમારી પાસે તમારામાંના રસૂલ આવે કે તમને મારી આયતો સંભળાવે તો જે કોઈ ડરે અને નેકી (ભલાઈ) પકડે તો તેમના ઉપર ન ભય હશે અને ન તેઓ ગમગીન થશે. (૩૫) અને જેમણે અમારી આયતોને જૂઠાડી અને તેનાથી અભિમાન કર્યું તે જ દોઝખમાં રહેવાવાળા છે તેઓ તેમાં જ હંમેશા રહેશે. (૩૬) પછી એનાથી વધીને જાલિમ કોણ જે અલ્લાહ ઉપર જૂઠું બોહતાન બાંધે અથવા તેના હુકમોને જૂઠાડી દે, તે લોકો છે કે તેમને મળશે જે તેમનો હિસ્સો કિતાબમાં લખેલો છે અહીંયાં સુધી કે જ્યારે તેમની પાસે અમારા મોકલેલા (ફરિશ્તા) પ્રાણ લેવા પહોંચે તો કહે, શું થયું તેનું જેને તમે અલ્લાહના સિવાય પોકાર્યા કરતા હતા !? બોલશે, તેઓ અમારાથી ખોવાઈ ગયા અને પોતાના ઉપર એકરાર કરી લેશે કે નિ:શંક ! તેઓ કાફિર હતા. (૩૭) કહેશે, દાખલ થઈ જાઓ દોઝખની અંદર બીજી ઉમ્મતો સાથે જે તમારાથી અગાઉ થઈ ચૂકી છે જિન્નાતો અને માનવોમાંથી ! જ્યારે એક ઉમ્મત દાખલ થશે તો બીજી ઉમ્મતને લા'નત કરશે, એટલે સુધી કે જ્યારે તેમાં સૌ પડી ચૂકશે તો તેમના પાછલા આગલાઓને કહેશે, હે અમારા પરવરદિગાર ! અમને તેમણે જ ગુમરાહ કર્યા, બસ તું એમને આગનો બમણો અઝાબ આપ; કહેશે કે બંનેને બમણો

છે પરંતુ તમે જાણતા નથી. (૩૮) અને તેમના આગલા પાછલાઓને કહેશે, બસ તમને અમારા ઉપર કંઈ સરસાઈ ન થઈ, હવે પોતાની કમાઈના કારણે અઝાબ ચાખો. (૩૯)

તફસીર :

(અમે આલમે અરવાહમાં જ કહી દીધું હતું) હે આદમ (અલૈ.)ની અવલાદ ! જો તમારી પાસે પયગમ્બર આવે જે તમારામાંથી જ હશે, જે મારા હુકમો તમને વર્ણન કરશે, બસ (તેના આવવા ઉપર) જે વ્યક્તિ (તમારામાંથી તે આયતોને જૂઠાડવાથી) બચેલો રહે અને (પોતાના આચરણોની) સુધારણા કરે (ભાવાર્થ એ છે કે સંપૂર્ણ અનુસરણ કરે) બસ તે લોકો ઉપર ન તો (આખિરતમાં) કોઈ ભય(ની બાબત ઉપસ્થિત થવાની) છે અને ન જ તેઓ દિલગીર થશે અને જે લોકો (તમારામાંથી) અમારા આ હુકમોને જૂઠા બતાવશે અને તેના (કબૂલ કરવા)થી ઘમંડ કરશે તે લોકો દોઝખ(માં રહેવા)વાળા હશે અને તેમાં હંમેશા-હંમેશા રહેશે, (જ્યારે જૂઠાડનારાઓ સખત ધમકીના હકદાર હોવાની સર્વાંગ સ્વરૂપે સ્પષ્ટ જાણ થઈ ગઈ તો હવે તેની વિગત સાંભળો કે) તે વ્યક્તિથી વધારે કોણ જાલિમ હશે જે અલ્લાહ તઆલાની નિસ્બત કરે (એટલે કે, જે વાત અલ્લાહે કહી નથી તેને અલ્લાહની કહેલી વાત કહે) અથવા તેની આયતોને જૂઠી બતાવે ! (એટલે કે, જે વાત અલ્લાહે કહેલી છે તેને અલ્લાહે નથી કહી એવું કહે) તે લોકોના નસીબનું જે કંઈ (રોઝી અને ઉંમર) છે તે તેમને (દુનિયામાં) મળી જશે (પરંતુ આખિરતમાં મુસીબત જ મુસીબત છે) એટલે સુધી કે (બરઝખમાં મરવાના સમયથી જ તેમની એ હાલત થશે કે) જ્યારે તેમની પાસે અમારા મોકલેલા ફરિશ્તાઓ તેમનો પ્રાણ કબજે કરવા આવશે તો (ફરિશ્તાઓ તેમને) કહેશે કે, (કહો તો) તેઓ ક્યાં ગયા જેમની તમે અલ્લાહને છોડીને ઈબાદત કર્યા કરતા હતા ? (હવે આ મુસીબતમાં તેઓ કેમ કામ લાગતા નથી ?) તેઓ (કાફિરો) કહેશે કે, અમારાથી બધા ગાયબ થઈ ગયા (એટલે કે, વાસ્તવમાં કોઈ કામ ન લાગ્યું) અને (તે સમયે) પોતાના કાફિર હોવાનો સ્વીકાર કરવા લાગશે (પરંતુ તે સમયનો સ્વીકાર માત્ર બેકાર હશે અને અમુક આયતોમાં આવા જ સવાલ અને જવાબ કયામતમાં થવાનું પણ વર્ણન થયું છે, બસ બંને પરિસ્થિતિઓમાં આ પ્રમાણે સવાલ-જવાબ થવાની શક્યતા છે અને કયામતમાં

તેમની એવી હાલત હશે કે) અલ્લાહ તઆલા ફરમાવશે કે જે (કાફિરના) ફિરકાઓ તમારાથી પહેલાં ગુજરી ચૂકયા છે જિન્નાતોમાંથી પણ અને મનુષ્યોમાંથી પણ; તેમની સાથે તમે પણ દોઝખમાં જાઓ (એટલા માટે આગળ-પાછળ બધા કાફિરો તેમાં પ્રવેશ પામશે અને એવી પરિસ્થિતિ ઊભી થશે કે) જે સમયે પણ કોઈ (કાફિરોનો) સમૂહ (દોઝખમાં) દાખલ થશે પોતાના જેવા બીજા સમૂહને પણ (જે તેમની જેમ જ કાફિર હશે અને તેમનાથી પહેલાં દોઝખમાં જઈ ચૂક્યા હશે) લા'નત કરશે (એટલે કે પરસ્પર એકબીજાની હમદર્દી નહીં હોય, બલકે સત્યનો અનુભવ થવાથી દરેક વ્યક્તિ બીજાને ખરાબ દૃષ્ટિએ જોશે અને બુરુંભલું કહેશે) એટલે સુધી કે જ્યારે એ (દોઝખ)માં બધા એકઠા થઈ જશે તો (તે સમયે) પાછલા લોકો (જે પાછળથી દાખલ થયા હશે અને આ તે લોકો હશે જેમણે કુફ્રમાં બીજાઓની તાબે'દારી કરી હતી) આગલા (દાખલ થનારા) લોકો વિશે (એટલે કે, તે લોકો વિશે જેઓ આગેવાન અને કુફ્રના પ્રચારક હોવાથી દોઝખમાં પ્રથમ સામેલ થશે, એવું) કહેશે કે, હે અમારા પરવરદિગાર ! અમને આ લોકોએ ગુમરાહ કર્યા હતા, બસ તેમને દોઝખનો અઝાબ (અમારા કરતાં) બમણો આપ, (અલ્લાહ તઆલા) ફરમાવશે કે (તેમને બમણો હોવાથી તમને શું સાંત્વના અને રાહત થઈ જવાની છે ? બલકે, તમારો અઝાબ પણ હંમેશા વધતો જ રહેવાનો છે. એટલા માટે તમારો અઝાબ પણ બમણા અઝાબ જેવો જ થઈ ગયો, બસ આ હિસાબે) સૌનો જ (અઝાબ) બમણો છે પરંતુ (હમણાં) તમને (સંપૂર્ણ) ખબર નથી (કારણ કે, હમણાં તો અઝાબની શરૂઆત જ છે તેની કઠોરતા જોઈ નથી, એટલા માટે આવી વાતો બનાવી રહ્યા છો જેનાથી ખબર પડે છે કે, અન્યોના અઝાબ વધવાને પોતાના માટે રાહત અને સાંત્વના સમજી રહ્યા છો) અને આગલા (દાખલ થનારા) લોકો પાછલા (દાખલ થનારા) લોકોને (અલ્લાહ તઆલાનો આ જવાબ જાણીને) કહેશે, (કે જ્યારે સૌની સજાની આ હાલત છે તો) પછી તમને અમારા ઉપર (ઓછા અઝાબ વિશે) કોઈ સરસાઈ નથી, (કારણ કે અઝાબમાં કમી ન તો તમારા માટે છે અને ન જ અમારા માટે) બસ તમે પણ પોતાના (દુષ્ટ) કર્મોના બદલામાં (વધતા રહેતા) અઝાબનો મજા ચાખતા રહો.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૪૦ થી ૪૩)

إِنَّ الَّذِينَ كَذَّبُوا بِآيَاتِنَا وَاسْتَكْبَرُوا عَنْهَا لَا تُفَتَّحُ لَهُمْ أَبْوَابُ السَّمَاءِ وَلَا
يَدْخُلُونَ الْجَنَّةَ حَتَّىٰ يَلِجَ الْجَمَلُ فِي سَمِّ الْخِيَاطِ ۚ وَكَذَٰلِكَ نَجْزِي الْمُجْرِمِينَ ﴿٤٠﴾
لَهُمْ مِنْ جَهَنَّمَ مِهَادٌ وَمِنْ فَوْقِهِمْ غَوَاشٍ ۚ وَكَذَٰلِكَ نَجْزِي الظَّالِمِينَ ﴿٤١﴾ وَالَّذِينَ
آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ لَا نُكَلِّفُ نَفْسًا إِلَّا وُسْعَهَا أُولَٰئِكَ أَصْحَابُ الْجَنَّةِ ۖ
هُمْ فِيهَا خَالِدُونَ ﴿٤٢﴾ وَنَزَعْنَا مَا فِي صُدُورِهِمْ مِنْ غِلٍّ تَجْرِي مِنْ تَحْتِهِمُ الْأَنْهَارُ ۖ
وَقَالُوا الْحَمْدُ لِلَّهِ الَّذِي هَدَانَا لِهَٰذَا وَمَا كُنَّا لِنَهْتَدِيَ لَوْلَا أَنْ هَدَانَا اللَّهُ ۖ
لَقَدْ جَاءَتْ رُسُلُ رَبِّنَا بِالْحَقِّ ۖ وَنُودُوا أَنْ تِلْكُمُ الْجَنَّةُ أُورِثْتُمُوهَا بِمَا
كُنْتُمْ تَعْمَلُونَ ﴿٤٣﴾

તરજુમો :

બેશક ! જેમણે અમારી આયતોને જૂઠાડી અને તેના મુકાબલામાં અભિમાન કર્યું તેમના માટે આસમાનના દરવાજા ખોલવામાં આવશે નહીં અને જન્નતમાં દાખલ થશે નહીં અહીંયાં સુધી કે સોયના નાકામાં ઊંટ ઘુસી જાય, અને અમે ગુનેહગારોને આવો બદલો આપીએ છીએ. (૪૦) તેમના માટે દોઝખનું પાથરણું છે અને ઉપરથી ઓઢવાનું અને અમે જાલિમોને આવો બદલો આપીએ છીએ. (૪૧) અને જેઓ ઈમાન લાવ્યા અને નેકીઓ કરી, અમે કોઈના ઉપર ભાર નથી રાખતા પરંતુ તેની શક્તિ પ્રમાણે, તે જ છે જન્નતમાં રહેનારા અને તેમાં જ હંમેશા રહેશે. (૪૨) અને અમે કાઢી લઈશું જે કંઈ તેમના દિલોમાં દ્વેષભાવ હતો; તેની નીચે નહેરો વહેતી હશે અને કહેશે, અલ્લાહનો શુક્ર છે જેણે અમને અહીંયાં સુધી પહોંચાડી દીધા અને અમે માર્ગ પામનારા ન હતા જો અલ્લાહે અમને હિદાયત ન કરી હોત, બેશક ! રસૂલ અમારા પરવરદિગારની સાચી વાત લાવ્યા હતા અને અવાજ આવશે કે આ જન્નત છે, તમે પોતાના અમલોના બદલામાં તેના વારિસ થયા. (૪૩)

તફસીર :

(આ હાલત તો કાફિરોની જહન્નમમાં દાખલ થવાની છે, હવે જન્નતની પ્રતિષ્ઠાની પરિસ્થિતિ પણ સાંભળો) જે લોકો અમારી આયતોને જૂઠી બતાવે છે અને તેના માનવાથી ઘમંડ કરે છે તેમના (રૂહના ઉડ્ડયન) માટે (મૃત્યુ પછી) આસમાનના દરવાજા ખોલવામાં આવશે નહીં (એવી હાલત તો મૃત્યુ પછી બરઝખમાં થશે) અને (કયામતના દિવસે) તે લોકો કદાપિ જન્નતમાં જશે નહીં જ્યાં સુધી કે ઊંટ સોયના નાકામાં ન પેસી જાય (અને એ અશક્ય બાબત છે તો દેખીતું છે કે તેમનું જન્નતમાં પ્રવેશ પામવું પણ અશક્ય છે) અને અમે એવા મુજરીમ લોકોને એવી જ સજા આપીએ છીએ (એટલે કે અમને કોઈ દુશ્મની ન હતી, જેવું કર્યું તેવું ભોગવ્યું અને ઉપરોક્ત જે દોઝખમાં જવાનું વર્ણન થયું છે તેમાં તે દોઝખની આગે તેમને ચારે તરફથી ઘેરેલા હશે કે કોઈ બાજુએથી કંઈ પણ રાહત નહીં મળે, આથી એવી હાલત હશે કે) તેમના માટે દોઝખની આગનું પાથરણું હશે અને તેમના ઉપર તે જ આગનું ઓઢવાનું હશે અને અમે એવા જાલિમોને એવી જ સજા આપીએ છીએ (જેનું વર્ણન فَمَنْ اَظْلَمُ مِمَّنْ ઉપર આવ્યું છે) અને જે લોકો (અલ્લાહની આયતો ઉપર) ઈમાન લાવ્યા અને તેમણે નેક કામો કર્યા (અને આ નેક કામો કોઈ મુશ્કેલ કાર્ય નથી, કારણ કે અમારી ટેવ એ છે કે) અમે કોઈ વ્યક્તિને શક્તિથી વધારે કામ નથી બતાવતા (મતલબ કે) એવા લોકો જન્નત(માં જવા)વાળા છે (અને) તેમાં સદા–સર્વદા રહેશે (અને તેમની હાલત દોઝખવાળાઓ જેવી ન હશે કે ત્યાં પણ એકબીજાને લા'નત અને નિંદા કરતા રહેશે, બલકે તેમની હાલત એવી હશે કે) જે કંઈ તેમના દિલોમાં (કોઈ વ્યવહારના કારણે દુનિયામાં સ્વાભાવિક પ્રમાણે) કપટ (અથવા રંજ–ગમ વગેરે) હતું અમે તેને (પણ) દૂર કરી આપીશું (કે પરસ્પર પ્રેમ અને મહોબ્બતથી રહેશે અને) તેમના (મકાનોની) નીચે નહેરો વહેતી હશે અને તે લોકો (આનંદ અને રાહતની પરિસ્થિતિમાં) કહેશે કે, અલ્લાહ તઆલાનું (બેહદ) અહેસાન છે જેણે અમને આ સ્થળ સુધી પહોંચાડ્યા અને અમારી ક્યારેય (અહીંયાં સુધી) પહોંચ ન હતી જો અલ્લાહ તઆલાએ અમને ન પહોંચાડ્યા હોત (તેમાં એ પણ આવી ગયું કે અહીંયાં સુધી પહોંચવાનો જે તરીકો હતો તે ઈમાન અને અમલો અમને બતાવ્યા અને તેના ઉપર ચાલવાની તવફીક આપી), વાસ્તવમાં અમારા

પરવરદિગારના પયગમ્બર સાચી વાતો લઈને આવ્યા હતા (એટલા માટે તેમણે જે અમલો ઉપર જન્નતનો વાયદો કર્યો હતો તે સાચો સાબિત થયો) અને તેમને પોકારીને કહેવામાં આવશે કે આ જન્નત તમને આપવામાં આવી છે તમારા (નેક) અમલોના બદલામાં.

મસ્અલા અને બોધપાઠ :

અમુક આયતોમાં પ્રથમ એક કરારનું વર્ણન છે કે, જે દરેક મનુષ્ય સાથે આ દુનિયામાં જન્મ લેતા પહેલાં "આલમે અરવાહ"માં લેવામાં આવ્યો હતો કે, જ્યારે અમારા રસૂલ તમારી પાસે અમારું માર્ગદર્શન અને હુકમો લઈને આવે તો તેને સંપૂર્ણ દિલોજાનથી માનજો અને તે પ્રમાણે અમલ કરજો અને એ પણ બતાવી દેવામાં આવ્યું હતું કે, જે વ્યક્તિ દુનિયામાં આવ્યા પછી આ કરાર ઉપર કાયમ રહીને તેના તકાદાઓ પૂર્ણ કરશે, તે દરેક પ્રકારના રંજ-ગમ અને દિલગીરીથી છુટકારો પામશે અને કાયમી રાહત અને આરામનો હકદાર થશે અને જે અંબિયા (અલૈ.)ને જૂઠાડશે અથવા તેમના હુકમો માનવાથી ઘમંડ અને બળવો કરશે તેમના માટે જહન્નમનો કાયમી અઝાબ નક્કી થયેલ છે. પ્રસ્તુત આયતોમાં આ હકીકતને જાહેર કરવામાં આવી છે, જે પ્રમાણે આ દુનિયામાં આવ્યા પછી માનવોના વિવિધ જૂથોએ એવું કર્યું કે, અમુકે કરાર અને વચનને ભૂલાવી દીધું અને તેનો વિરોધ-વંટોળ કરવા લાગ્યા. જ્યારે અમુક તેના ઉપર કાયમ રહ્યા અને તે પ્રમાણે નેક અમલો પૂર્ણ કરતા રહ્યા, તે બંને પક્ષોનું પરિણામ એટલે કે, અઝાબ તથા સારા બદલાનું વર્ણન આ ચાર આયતોમાં થયું છે.

પ્રથમ અને બીજી આયતમાં કરારભંગ કરનારા ઈન્કારીઓ અને અપરાધીઓનું વર્ણન છે અને અંતિમ બે આયતોમાં કરાર પૂરો કરનાર મો'મિન અને અલ્લાહથી ડરનારા લોકોનું વર્ણન છે.

પ્રથમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો કે, જે લોકોએ અંબિયા (અલૈ.)ને જૂઠાડયા અને અમારી હિદાયતો અને આયતોના મુકાબલામાં ઘમંડથી વર્ત્યા તેમના માટે આસમાનના દરવાજા ખોલવામાં આવશે નહીં.

તફસીરે બહરે મુહીતમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી એક ખુલાસો આ નકલ થયો છે કે, ન તો તે લોકોના અમલો માટે આસમાનના

દરવાજા ખોલવામાં આવશે અને ન જ તેમની દુઆઓ માટે ! મતલબ એ છે કે, તેમની દુઆ સ્વીકારવામાં આવશે નહીં અને તેમના અમલો તે સ્થળે જવાથી રોકી લેવામાં આવશે જ્યાં અલ્લાહના નેક અને ભલા બંદાઓના અમલો સુરક્ષિત રાખવામાં આવે છે, જેનું નામ કુર્આનમાં "સૂરએ મુતફિફફીન"માં عِلِّيِّين "ઈલ્લિય્યીન" (૮૩ : ૧૮-૩૧) બતાવવામાં આવ્યું છે અને કુર્આને કરીમની એક બીજી આયતમાં પણ આ વિષય તરફ ઈશારો છે, જેમાં ઈરશાદ છે اِلَيْهِ يَصْعَدُ الْكَلِمُ الطَّيِّبُ وَالْعَمَلُ الصَّالِحُ يَرْفَعُهٗ એટલે કે, મનુષ્યના "કલિમાતે તય્યિબાત" (સારા વેણ) અલ્લાહ તઆલાની પાસે લઈ જવામાં આવે છે અને તેના નેક અમલો તેને ઉઠાવે છે. એટલે કે, મનુષ્યના નેક અમલો એનું કારણ બને છે કે તેના કલિમાતે તય્યિબાત અલ્લાહ તઆલાના ખાસ દરબારમાં પહોંચાડવામાં આવે છે.

એક રિવાયત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) અને અન્ય સહાબએ કિરામ (રદિ.) દ્વારા આ આયતની તફસીરમાં એ પણ છે કે, મુન્કિરો અને કાફિરોની રૂહો માટે આસમાનના દરવાજા ખોલવામાં આવશે નહીં. આ રૂહો નીચે પટકી દેવામાં આવશે અને આ વિષયનું સમર્થન હઝરત બરાઅ્ બિન આઝિબ (રદિ.)ની એ હદીષથી થાય છે જેને અબૂદાવુદ, નસાઈ, ઈબ્ને માજહ અને ઈમામ અહમદે વિગતવાર નકલ કરી છે, જેનો ટૂંકસાર આ પ્રમાણે છે.

રસૂલે કરીમ ﷺ કોઈ અન્સારી સહાબીના જનાઝહમાં તશરીફ લઈ ગયા, હજુ કબરની તૈયારીમાં થોડીવાર હતી તો એક જગ્યાએ બેસી ગયા અને સહાબએ કિરામ (રદિ.) આપ ﷺની આસપાસ ચૂપચાપ બેસી ગયા. રસૂલે કરીમ ﷺએ મુબારક માથું ઉઠાવીને ફરમાવ્યું કે, મો'મિન બંદા માટે જ્યારે મોતનો સમય આવે છે તો આસમાનમાંથી સફેદ ચમકતા ચહેરાવાળા ફરિશ્તાઓ આવે છે જેની સાથે જન્નતનું કફન અને ખુશ્બૂ હોય છે અને તે મરનારની સામે બેસી જાય છે, પછી મોતના ફરિશ્તા હઝરત ઈઝરાઈલ (અલૈ.) આવે છે અને તેની રૂહને સંબોધીને કહે છે કે, હે نَفْسِ مُطْمَئِنَّة (નફ્સે મુતમઈન્નહ) "સંતોષિત આત્મા"! પરવરદિગારની ક્ષમા અને ખુશ્નૂદી માટે નીકળો, તે સમયે તેની રૂહ એવી રીતે શરીરમાંથી સરળતાથી નીકળી જાય છે, જેમકે કોઈ મસ્કીઝહ (ચામડાના થેલા)નું ઢાંકણ ખોલી નાંખવામાં આવે તો તેનું પાણી નીકળી જાય છે. તેની રૂહને મોતનો ફરિશ્તો પોતાના હાથમાં લઈને તે ફરિશ્તાઓના હવાલે કરી

આપે છે. આ ફરિશ્તાઓ તેને લઈને ચાલે છે, જ્યાં તેમને કોઈ ફરિશ્તાનો સમૂહ મળે છે તેઓ પૂછે છે, આ પાક રૂહ કોની છે ? આ લોકો તેનું તે નામ અને લકબ આપે છે જે સન્માન અને ઈજ્જત માટે તેના માટે દુનિયામાં ઉપયોગ કરવામાં આવતો હતો અને કહે છે કે, આ ફલાણા-ફલાણાનો દિકરો છે. એટલે સુધી કે, એ ફરિશ્તાઓ રૂહ લઈને પહેલા આસમાન ઉપર પહોંચે છે અને દરવાજો ખોલાવે છે અને દરવાજો ખોલવામાં આવે છે. એટલે સુધી કે, એ ફરિશ્તાઓ પણ તેમની સાથે થઈ જાય છે, આ પ્રમાણે સાતેય આસમાનો ઉપર પહોંચે છે, તે વખતે અલ્લાહ તઆલા ફરમાવે છે કે, મારા આ બંદાનું આ'માલનામું عِلِّيِّين (ઈલ્લિય્યીન)માં લખો અને તેને પરત કરો. એ રૂહ પાછી ફરીને કબ્રમાં આવે છે અને કબ્રમાં હિસાબ લેનારા ફરિશ્તા આવીને તેને બેસાડે છે અને સવાલ કરે છે કે, તારો પરવરદિગાર કોણ છે ? અને તારો દીન શું છે ? તે કહે છે મારો પરવરદિગાર અલ્લાહ તઆલા છે અને મારો દીન ઈસ્લામ છે. પછી સવાલ થાય છે કે, આ બુઝુર્ગ તમારા માટે મોકલવામાં આવ્યા છે તે કોણ છે ? તે કહે છે, આ અલ્લાહ તબારક વ તઆલાના રસૂલ ﷺ છે. તે વખતે આસમાનથી પોકાર થાય છે કે, મારો બંદો સાચો છે તેના માટે જન્નતનું પાથરણું પાથરી આપો અને જન્નતનો પોશાક પહેરાવી દો તથા જન્નત તરફ તેનો દરવાજો ખોલી આપો અને દરવાજાએથી તેને જન્નતની સુગંધ અને હવાઓ આવવા લાગે છે અને તેના નેક અમલ એક સ્વરૂપવાન શકલમાં તેની પાસે તેને રાજી રાખવા માટે આવી જાય છે.

એનાથી વિપરીત કાફિર અને મુન્કીરોનું જ્યારે મોત આવે છે, ત્યારે આસમાનથી કાળા રંગ અને ભયાનક સ્વરૂપના ફરિશ્તાઓ ખરાબ પ્રકારનું કપડું લઈને આવે છે અને તેની સામે બેસી જાય છે. પછી મોતનો ફરિશ્તો તેની રૂહ એવી રીતે કાઢે છે, જેમકે કોઈ કાંટાવાળી ડાળી લીલા ઊનમાં લપેટાઈ હોય અને તેમાંથી તેને ખેંચવામાં આવે. એ રૂહ નીકળે છે ત્યારે તેની દુર્ગંધ મૃત જાનવરોની દુર્ગંધથી વધારે તેજ હોય છે. ફરિશ્તો તેને લઈને ચાલે છે, રસ્તામાં બીજા ફરિશ્તાઓ મળે છે, તેઓ પૂછે છે કે આ કોની નાપાક રૂહ છે ? આ લોકો તે સમયે તેના ખરાબમાં ખરાબ નામ અને લકબનું વર્ણન કરે છે જે નામ અને લકબથી તેને દુનિયામાં પોકારવામાં આવતો હતો કે, આ ફલાણા-ફલાણાનો દિકરો છે. અહીંયાં સુધી કે, સૌથી પહેલાં આસમાન ઉપર પહોંચીને દરવાજો ખોલવા માટે

કહે છે તો તેના માટે દરવાજો ખોલવામાં આવતો નથી બલકે, એ હુકમ થાય છે કે, આ બંદાનું આ'માલનામું سِجِّيْن (સિજ્જીન)માં રાખો. જ્યાં નાફરમાન બંદાઓના આ'માલનામાં રાખવામાં આવે છે અને તેની રૂહને ફેંકી દેવામાં આવે છે, તે શરીરમાં ફરીવાર આવે છે, ફરિશ્તા તેને બેસાડી તેને પણ તે જ સવાલો કરે છે જે મો'મિન બંદાઓને કર્યા હતા. આ બધાનો જવાબ તે આપે છે, هَاهْ هَاهْ لَاۤ اَدْرِیْ એટલે કે, હું કંઈ જાણતો નથી. તેના માટે જહન્નમનું પાથરણું અને જહન્નમનો પોશાક આપવામાં આવે છે અને જહન્નમ તરફનો દરવાજો ખોલી નાંખવામાં આવે છે, જેનાથી તેને જહન્નમની આંચ અને ગરમી પહોંચતી રહે છે અને તેની કબર તેના માટે તંગ કરી દેવામાં આવે છે. (અલ્લાહ બચાવે. આમીન.)

ખુલાસો એ છે કે, આ હદીષથી જાણ થઈ કે ઈન્કારીઓ અને કાફિરોની રૂહો આસમાન સુધી લઈ જવામાં આવે છે. આસમાનોના દરવાજા તેના માટે ખુલતા નથી તો ત્યાંથી તેને ફેંકી દેવામાં આવે છે. પ્રસ્તુત આયતમાં لَا تُفَتَّحُ لَهُمْ اَبْوَابُ السَّمَآءِ નો એ અર્થ પણ સમજી શકાય છે કે, મૃત્યુના સમયે તેમની રૂહો માટે આસમાનના દરવાજા ખોલવામાં આવતા નથી.

અંતિમ આયતમાં આ લોકો વિશે ફરમાવ્યું, وَلَا يَدْخُلُوْنَ الْجَنَّةَ حَتّٰى يَلِجَ الْجَمَلُ فِیْ سَمِّ الْخِيَاطِ તેમાં શબ્દ يَلِجَ (યલીજ) એ وَلُوْج (વલૂજ)થી બને છે, જેનો અર્થ છે "સાંકળી જગ્યામાં ઘૂસવું" અને جَمَل (જમલ) ઊંટને કહેવામાં આવે છે અને سَمّ (સમ્મ) સોયના નાકાને કહેવામાં આવે છે. અર્થ એ છે કે, આ લોકો તે સમય સુધી જન્નતમાં પ્રવેશ નહીં પામી શકે જ્યાં સુધી ઊંટ જેવું કદાવર પ્રાણી સોયના નાકામાં પ્રવેશ ન પામી જાય. ભાવાર્થ એ થયો કે, જે પ્રમાણે સોયના નાકામાં ઊંટનું પ્રવેશ પામવું સ્વાભાવિક રીતે અશક્ય છે, એ જ પ્રમાણે તેમનું જન્નતમાં જવું પણ એવું જ અશક્ય છે. તેનાથી તે લોકોને કાયમી જહન્નમનો અઝાબ થવાનું વર્ણન કરવાનો હેતુ છે. તે લોકો માટે જહન્નમના અઝાબની વધારે કઠોરતા આ શબ્દોમાં વર્ણન કરવામાં આવી છે, لَهُمْ مِّنْ جَهَنَّمَ مِهَادٌ وَّمِنْ فَوْقِهِمْ غَوَاشٍ તેમાં مِهَاد (મિહાદ)નો અર્થ "પાથરણું" અને غَوَاش (ગવાશ) એ غَاشِيَة (ગાશિયહ)નું બહુવચન છે, જેનો અર્થ "ઢાંકી લેનારી વસ્તુ" થાય છે. ભાવાર્થ એ છે કે તે લોકોનું ઓઢવું, બિછાવવું બધું જ જહન્નમ જ હશે અને પ્રથમ આયત જેમાં જન્નતથી વંચિતતાનું વર્ણન હતું તેના પૂર્ણ થવા ઉપર كَذٰلِكَ نَجْزِی الْمُجْرِمِيْنَ

ફરમાવ્યું અને બીજી આયત જેમાં જહન્નમના અઝાબનું વર્ણન છે, તેના પૂર્ણ થવા ઉપર كَذٰلِكَ نَجْزِى الظّٰلِمِيْنَ વર્ણન થયું, કારણ કે આ તેનાથી વધારે કઠોર છે.

ત્રીજી આયતમાં અલ્લાહના હુકમોની અનુસરણ અને પાબંદી કરનારાઓનું વર્ણન છે કે, આ લોકો જન્નતવાળા છે અને જન્નતમાં જ હંમેશા રહેશે.

શરીઅતના હુકમોમાં સરળતા અને સહૂલત છે :

પરંતુ તેમના માટે જ્યાં એ શરત વર્ણન કરવામાં આવી છે કે, તેઓ ઈમાન લાવે અને નેક અમલો કરે તેની સાથે-સાથે રહમ અને કૃપા એ પણ કરી કે, لَا نُكَلِّفُ نَفْسًا اِلَّا وُسْعَهَا એટલે કે, "અલ્લાહ કોઈ બંદા ઉપર કોઈ ભારે કાર્ય નથી નાંખતો જે તેની શક્તિ-મર્યાદાથી બહારનું અથવા ગજા ઉપરાંતનું હોય." તેનો હેતુ એ છે કે, નેક અમલો જે જન્નતમાં જવા માટેની શરત કહેવામાં આવી છે, તે કોઈ ઘણું મુશ્કેલ કાર્ય નથી જેને મનુષ્ય ન કરી શકે. બલકે, અલ્લાહ તઆલાએ શરીઅતના હુકમોના દરેક ક્ષેત્રમાં નરમી અને સરળતા કરી આપી છે. બીમારી, અશક્તિ, મુસાફરી અને અન્ય માનવ જીવનની જરૂરિયાતોના દરેક હુકમનું ધ્યાન રાખવામાં આવ્યું છે અને તે પ્રમાણે સહૂલતો પણ આપવામાં આવી છે.

તફસીરે બહરે મુહીતમાં છે કે, જ્યારે મનુષ્યને નેક અમલોનો હુકમ આપવામાં આવ્યો તો એ સંભાવના હતી કે, તેને આ હુકમ એટલા માટે ભારે પડશે કે, દરેક સારા અમલ દરેક સ્થળે દરેક પરિસ્થિતિમાં અદા કરવા મનુષ્યની શક્તિમાં નથી. એટલા માટે આ શંકાને આ શબ્દો દ્વારા દૂર કરી દેવામાં આવી કે, અમે સમગ્ર મનુષ્યની જિંદગીની વિવિધ પરિસ્થિતિઓ અને હાલતોની સમીક્ષા કરી દરેક હાલતમાં દરેક સમય માટે અને દરેક સ્થળ માટે યોગ્ય હુકમો આપીએ છીએ, જેના ઉપર અમલ કરવો કોઈ મુશ્કેલ કાર્ય હોતું નથી.

જન્નતવાળાઓના દિલોમાંથી એકબીજા પ્રત્યે કીનો-કપટ કાઢી નાંખવામાં આવશે :

ચોથી આયતમાં જન્નતવાળા લોકોની બે ખાસ પરિસ્થિતિઓનું વર્ણન કરવામાં આવ્યું. એક આ કે, نَزَعْنَا مَا فِىْ صُدُوْرِهِمْ مِّنْ غِلٍّ تَجْرِىْ مِنْ تَحْتِهِمُ الْاَنْهٰرُ એટલે કે, જન્નતી લોકોના દિલોમાં જો એકબીજા પ્રત્યે કોઈ મનદુઃખ અથવા સૂગ

હશે તો અમે તેને તેમના દિલોમાંથી કાઢી નાંખીશું. આ લોકો એકબીજાથી બિલકુલ ખુશ અને ભાઈ-ભાઈ થઈને જન્નતમાં જશે અને વસશે.

સહીહ બુખારીમાં છે કે, મો'મિનો જ્યારે "પુલ સીરાત" ઉપરથી પસાર થઈને જહન્નમથી છુટકારો પ્રાપ્ત કરી લેશે ત્યારે તેમને જન્નત અને દોઝખ વચ્ચે એક પુલ ઉપર રોકી લેવામાં આવશે અને તેમનામાં એકબીજા પ્રત્યે જો કોઈને કોઈની સાથે મનદુઃખ હતું અથવા કોઈનો કોઈના ઉપર હક હતો તો અહીંયાં પહોંચીને બદલો લઈ મા'મલો સાફ કરી લેશે અને એ પ્રમાણે અદેખાઈ, કીનો-કપટ વગેરેથી પવિત્ર થઈને જન્નતમાં પ્રવેશ પામશે.

તફસીરે મઝહરીમાં છે કે, આ પુલ દેખીતી રીતે પુલ સીરાતનો અંતિમ ભાગ હશે જે જન્નત સાથે જોડાયેલ છે. અલ્લામહ સુયૂતિ (રહ.) વગેરેએ પણ આ જ પ્રમાણેનો મત દર્શાવ્યો છે.

અને આ સ્થળે જે હકોની માંગણીની વાત છે તેને પૂર્ણ કરવા દેખીતું છે કે, રૂપિયા-પૈસા ન હશે, તે ત્યાં કોઈની પાસે પણ નહીં હોય, બલકે બુખારી અને મુસ્લિમની એક હદીષ પ્રમાણે આ હકોની અદાયગી અમલોથી થશે. હકોના બદલામાં તેના અમલ હકવાળાને આપવામાં આવશે અને જો તેના અમલો આ રીતે બધા પૂર્ણ થઈ ગયા અને લોકોના હક હજુપણ બાકી રહ્યા તો પછી હકવાળા લોકોના ગુનાહ તેના ઉપર નાંખી દેવામાં આવશે.

એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ એવા વ્યક્તિને ખૂબ દરિદ્ર ઠરાવ્યો છે જેણે દુનિયામાં નેક અમલો કર્યા પરંતુ લોકોના હકોની પરવા ન કરી. તેના પરિણામે બધા અમલોથી ખાલી અને દરિદ્ર બનીને રહી ગયો.

હદીષની આ રિવાયતોમાં હકોની અદાયગી અને બદલો લેવાનો સામાન્ય સિદ્ધાંત વર્ણન કરવામાં આવ્યો છે પરંતુ એ જરૂરી નથી કે, બધાના માટે આ જ સ્વરૂપ સામે આવે, બલકે ઈબ્ને કષીર અને તફસીરે મઝહરીની રિવાયતો પ્રમાણે ત્યાં એ સ્વરૂપ પણ શક્ય હશે કે, બદલો લીધા વિના જ પરસ્પર કીનો-કપટ અને સૂગ-નફરત દૂર કરવામાં આવે.

જેમકે અમુક રિવાયતોમાં છે કે, આ લોકો જ્યારે પુલ સીરાત પસાર કરી લેશે, પછી પાણીના એક ઝરણા પાસે પહોંચશે અને તેનું પાણી પીશે. આ

પાણીનો ગુણ એવો હશે કે, બધાના દિલોમાંનો પરસ્પરનો કીનો કપટ અને સૂગ ધોવાઈ જશે. ઈમામ કુર્તુબી (રહ.)એ આયતે કરીમા وَسَقَاهُمْ رَبُّهُمْ شَرَابًا طَهُورًا (૭૬:૨૧)ની તફસીર પણ આ જ નકલ કરી છે કે, જન્નતના આ પાણીથી બધાના દિલોનું મનદુ:ખ અને સૂગ ધોવાઈ જશે.

હઝરત અલી મુર્તુઝા (રદિ.)એ એક વખતે આ આયત પઢીને ફરમાવ્યું કે, મને આશા છે કે, "આપણે અને ઉસ્માન, તલહા અને ઝુબૈર તે જ લોકોમાંથી હોઈશું જેમના દિલો જન્નતમાં પ્રવેશ પામતા પહેલાં સૂગથી પવિત્ર કરી દેવામાં આવશે." *(ઈબ્ને કષીર)*

આ તે લોકો છે જેમની વચ્ચે પરસ્પર દુનિયામાં મતભેદો થયા અને યુદ્ધ સુધીની નોબત આવી પહોંચી હતી.

જન્નતવાળાઓની બીજી હાલત આ આયતમાં એ વર્ણન કરવામાં આવી છે કે, જન્નતમાં પહોંચીને આ લોકો એના ઉપર અલ્લાહનો શુક્ર અદા કરશે કે, તેણે તેમના માટે જન્નત તરફ માર્ગદર્શન આપ્યું અને તેનો માર્ગ સરળ કરી દીધો અને કહેશે કે, જો અલ્લાહ તઆલાની કૃપા ન હોત તો અમારી મજાલ ન હતી કે અમે અહીંયાં પહોંચી શક્યા હોત.

આથી જાણ થઈ કે, કોઈ મનુષ્ય ફક્ત પોતાના પ્રયત્નોથી જન્નતમાં નહીં જઈ શકે જ્યાં સુધી અલ્લાહ તઆલાની કૃપા ન હોય, કારણ કે પ્રયત્ન પોતે પણ તે વ્યક્તિના કબજામાં નથી, તે પણ ફક્ત અલ્લાહ તઆલાની રહમત અને કૃપાથી જ પ્રાપ્ત થાય છે.

હિદાયતના વિવિધ દરજ્જાઓ છે, જેનો અંતિમ દરજ્જો જન્નતમાં પ્રવેશ મેળવવો છે :

ઈમામ રાગિબ અસ્ફહાની (રહ.)એ શબ્દ هـدَايَـت (હિદાયત)ના ખુલાસામાં ઘણી લાભદાયક અને મહત્ત્વની વાત કહી છે કે, હિદાયતનો શબ્દ ઘણો પ્રચલિત છે, તેની વિવિધ કક્ષાઓ છે અને વાસ્તવિકતા એ છે કે, હિદાયત અલ્લાહ તઆલા તરફ જવાનો માર્ગ મળવાનું નામ છે. એટલા માટે અલ્લાહ તઆલા સમીપ પહોંચવાના દરજ્જાઓ પણ જેટલા વિવિધતાસભર અને અનેક પ્રકારના છે, એ જ પ્રમાણે હિદાયતના દરજ્જાઓ પણ ખૂબ લાભદાયી છે.

બિલકુલ ઊતરતી કક્ષાની હિદાયત કુફ્ર અને શિર્કથી છુટકારો અને ઈમાન છે, જેનાથી મનુષ્યની દિશા ખોટા માર્ગેથી ફેરવાઈને અલ્લાહ તઆલા તરફ થઈ જાય છે, પછી બંદાને અલ્લાહ તઆલા વચ્ચે જે પ્રમાણે અંતર છે તેને નક્કી કરવાના દરેક દરજ્જાનું નામ હિદાયત છે. એટલા માટે હિદાયત માંગવાથી કોઈપણ સમયે કોઈપણ મનુષ્ય એટલે સુધી કે અંબિયા અને રસૂલ (અલૈ.) પણ બાકાત નથી. આથી રસૂલે કરીમ ﷺએ અંતિમ જિંદગી સુધી اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَنું શિક્ષણ જે રીતે ઉમ્મતને આપ્યું, પોતે પણ આ દુઆની કાળજી ચાલુ રાખી. કારણ કે, અલ્લાહની નિકટતાના દરજ્જાઓનો કોઈ અંત નથી. અહીંયાં સુધી કે, જન્નતના પ્રવેશને પણ આ આયતમાં શબ્દ હિદાયતથી પારિભાષિત કરવામાં આવ્યો કે, એ હિદાયતનું અંતિમ સ્થાન છે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૪૪ થી ૪૯)

وَنَادٰۤى اَصْحٰبُ الْجَنَّةِ اَصْحٰبَ النَّارِ اَنْ قَدْ وَجَدْنَا مَا وَعَدَنَا رَبُّنَا حَقًّا فَهَلْ وَجَدْتُّمْ
مَّا وَعَدَ رَبُّكُمْ حَقًّا ؕ قَالُوْا نَعَمْ ۚ فَاَذَّنَ مُؤَذِّنٌۢ بَيْنَهُمْ اَنْ لَّعْنَةُ اللّٰهِ عَلَى الظّٰلِمِيْنَ ﴿۴۴﴾
الَّذِيْنَ يَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ وَيَبْغُوْنَهَا عِوَجًا ۚ وَهُمْ بِالْاٰخِرَةِ كٰفِرُوْنَ ﴿۴۵﴾ وَبَيْنَهُمَا
حِجَابٌ ۚ وَعَلَى الْاَعْرَافِ رِجَالٌ يَّعْرِفُوْنَ كُلًّا ۢ بِسِيْمٰىهُمْ ۚ وَنَادَوْا اَصْحٰبَ
الْجَنَّةِ اَنْ سَلٰمٌ عَلَيْكُمْ ۟ لَمْ يَدْخُلُوْهَا وَهُمْ يَطْمَعُوْنَ ﴿۴۶﴾ وَاِذَا صُرِفَتْ اَبْصَارُهُمْ
تِلْقَآءَ اَصْحٰبِ النَّارِ ۙ قَالُوْا رَبَّنَا لَا تَجْعَلْنَا مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿۴۷﴾ وَنَادٰۤى اَصْحٰبُ
الْاَعْرَافِ رِجَالًا يَّعْرِفُوْنَهُمْ بِسِيْمٰىهُمْ قَالُوْا مَاۤ اَغْنٰى عَنْكُمْ جَمْعُكُمْ وَمَا كُنْتُمْ
تَسْتَكْبِرُوْنَ ﴿۴۸﴾ اَهٰۤؤُلَآءِ الَّذِيْنَ اَقْسَمْتُمْ لَا يَنَالُهُمُ اللّٰهُ بِرَحْمَةٍ ؕ اُدْخُلُوا الْجَنَّةَ لَا
خَوْفٌ عَلَيْكُمْ وَلَاۤ اَنْتُمْ تَحْزَنُوْنَ ﴿۴۹﴾

તરજુમો :

અને જન્નતવાળા દોઝખવાળાઓને પોકારશે કે અમે પામ્યો જે અમને

*અમારા પરવરદિગારે સાચો વાયદો કર્યો હતો, બસ તમે પણ પામ્યો પોતાના પરવરદિગારના સાચા વાયદાને ? તેઓ કહેશે કે હા ! પછી એક પોકારનારો તેમની વચ્ચે પોકારશે કે અલ્લાહની લા'નત છે તે જાલિમો ઉપર (૪૪) જેઓ અલ્લાહના માર્ગથી રોકતા હતા અને તેમાં વક્રતા (ખામી) શોધતા હતા અને તેઓ આખિરતના ઈન્કારી હતા. (૪૫) અને બંનેની વચ્ચે એક દિવાર (પડદો) હશે અને "**અઅ્રાફ**" ઉપર માણસો હશે કે દરેકને તેની નિશાનીથી ઓળખી લેશે અને તેઓ જન્નતવાળાઓને પોકારશે કે તમારા ઉપર સલામતી છે, તેઓ (અઅ્રાફવાળા) હજુ જન્નતમાં દાખલ થયા નથી અને તેઓ આશાવાદી છે. (૪૬) અને જ્યારે તેમની નજર દોઝખવાળાઓ તરફ ફરશે તો કહેશે, હે અમારા પરવરદિગાર ! અમને ગુનેહગાર લોકો સાથે ન કર. (૪૭) અને અઅ્રાફવાળા તે લોકોને પોકારશે કે તેમને તેમની નિશાનીથી ઓળખે છે, કહેશે; તમારું જૂથ તમારા કામ ન આવ્યું અને જે તમે ઘમંડ કર્યા કરતા હતા. (૪૮) હવે આ તે જ છે કે તમે કસમ ખાયા કરતા હતા કે તેમને અલ્લાહની રહમત પહોંચશે નહીં, ચાલ્યા જાઓ જન્નતમાં ! ન ડર છે તમારા ઉપર અને ન તમે ગમગીન થશો. (૪૯)*

તફસીર :

અને (જ્યારે જન્નતવાળા જન્નતમાં પહોંચી જશે તે સમયે તે) જન્નતવાળા દોઝખવાળાઓને (પોતાની હાલત ઉપર ખુશી જાહેર કરવા માટે અને તેમનો અફસોસ વધારવા માટે) પોકારશે કે અમારી સાથે અમારા પરવરદિગારે જે વાયદો કર્યો હતો (કે ઈમાન અને નેક અમલ અપનાવવાથી જન્નત આપીશ) અમે તે (વાયદા)ને સત્ય પામ્યો, બસ (તમે બતાવો કે) તમને જે અમારા પરવરદિગારે વાયદો કર્યો હતો (કે કુફ્રના કારણે જહન્નમમાં જઈ પડશો) તમે પણ તે (વાયદા)ને સત્ય પામ્યો ? (એટલે હવે અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺની સચ્ચાઈની જાણ થઈ જવાથી) તેઓ (દોઝખવાળા જવાબમાં) કહેશે, હા ! (વાસ્તવમાં અલ્લાહ તઆલા અને રસૂલ ﷺની બધી વાતો સાચી સાબિત થઈ) પછી (તે દોઝખવાળાઓનો અફસોસ અને જન્નતવાળાઓની ખુશીને વધારવા માટે) એક પોકારનારો (એટલે કે કોઈ ફરિશ્તો) બંને (પક્ષો) વચ્ચે (ઊભો થઈને) પોકારશે કે અલ્લાહની લા'નત છે તે જાલિમો ઉપર જેઓ અલ્લાહના

માર્ગ (એટલે કે સત્ય દીન)થી ઈન્કાર કર્યા કરતા હતા અને તે (દીને હક)માં (હંમેશા મનઘડત રીતે) ખામી (અને વક્રતા) શોધ્યા કરતા હતા (કે તેના દ્વારા તેમાં ખામી અને વાંધા ઊભા કરે) અને તે લોકો (તેની સાથે–સાથે) આખિરતના પણ ઈન્કારી હતા (જેનું પરિણામ આજે તેઓ ભોગવી રહ્યા છે, આ વાતચીત તો જન્નતવાળાઓની અને તેમના સમર્થનમાં તે અલ્લાહના તરફથી પોકારનાર વિશે પ્રસ્તુત થઈ, આગળ "અઅ્રાફવાળાઓ"નું વર્ણન છે) અને તે બંને (પક્ષો વચ્ચે એટલે કે જન્નત અને દોઝખવાળાઓ) વચ્ચે આડશ (એટલે કે દિવાલ) હશે (જેનું વર્ણન સૂરએ હદીદમાં છે .... فَضُرِبَ بَيْنَهُمْ بِسُوْرٍ તેની ખાસિયત એ હશે કે, જન્નતની અસર દોઝખ સુધી અને દોઝખની અસર જન્નત સુધી ન જવા દેશે, રહી વાત એ કે, પછી વાતચીત કઈ રીતે થશે ? બસ, શક્ય છે કે આ દિવાલમાં જે દરવાજો હશે, જેમકે સૂરએ હદીદમાં છે, بِسُوْرٍ لَّهٗ بَابٌ તે દરવાજામાંથી આ વાતચીત થઈ જશે અથવા એ જ પ્રમાણે અવાજ પહોંચી જશે) અને (આ દિવાલના અથવા તેના ઊંચા ભાગનું નામ "અઅ્રાફ" છે અને તેના ઉપરથી જન્નતી અને દોઝખી બધા જોઈ શકાતા હશે) અઅ્રાફ ઉપર ઘણા લોકો હશે (જેમની નેકીઓ અને ગુનાહોનું ત્રાજવામાં બિલકુલ બરાબર વજન થયું હશે, બસ) તે લોકો (જન્નતવાળા અને દોઝખવાળાઓમાંથી) દરેકને (જન્નત અને દોઝખમાં ન હોવાની નિશાની ઉપરાંત) તેમને પેશાનીથી (પણ) ઓળખશે (પેશાનીની નિશાની એ હશે કે જન્નતવાળાના ચહેરાઓ ઉપર નૂરાનિયત અને દોઝખવાળાના ચહેરાઓ ઉપર ગુનાહોની નહૂસત હશે, જેમકે બીજી આયતમાં ....وُجُوْهٌ يَّوْمَئِذٍ مُّسْفِرَةٌ ضَاحِكَةٌ આવ્યું છે) અને આ અઅ્રાફવાળા જન્નતવાળાઓને પોકારીને કહેશે કે તમારા ઉપર સલામતી થાય; હજુ આ અઅ્રાફવાળા જન્નતમાં પ્રવેશ્યા નહિ હોય અને તેઓ (જન્નતમાં પ્રવેશ પામવાના) આશાવાદી હશે (એટલા માટે હદીષોમાં આવ્યું છે કે, તેમની આશા પૂર્ણ કરવામાં આવશે અને જન્નતમાં જવાનો હુકમ આપવામાં આવશે) અને જ્યારે તેમની દષ્ટિ દોઝખવાળાઓ ઉપર જઈ પડશે (તે સમયે ડરના માર્યા) કહેશે કે, હે અમારા પરવરદિગાર ! અમને આ જાલિમ લોકો સાથે (અઝાબમાં) સામેલ ન કરીશ અને (જેમકે આ અઅ્રાફવાળાઓએ ઉપર જન્નતવાળાઓ સાથે સલામ અને વાતચીત કરી એ જ પ્રમાણે) અઅ્રાફવાળા (દોઝખીઓમાંથી) ઘણા

બધા લોકોને (કે જેઓ કાફિરો હશે અને) જેમને તેઓ તેમની પેશાની(થી એટલે કે ગુનાહો અને ચહેરાની નહૂસત)થી ઓળખશે (કે આ કાફિરો છે) પોકારશે, (અને) કહેશે કે તમારા સંગઠને અને તમારા પોતાને વડા સમજવું (અને અંબિયા અલૈ.નું અનુસરણ ન કરવું) તમારા કંઈ કામ ન આવ્યું (અને તમે એ જ ઘમંડના કારણે મુસલમાનોને તુચ્છ સમજીને એવું પણ કહ્યા કરતા હતા કે, આ બીચારા શું દયા અને કૃપાના હકદાર બને ! اَهٰٓؤُلَآءِ مَنَّ اللّٰهُ عَلَيْهِمْ مِّنْۢ بَيْنِنَا નો પણ આ જ અર્થ સમજી શકાય છે તો હવે આ મુસલમાનોને જૂઓ), શું (તેઓ જન્નતમાં આનંદ અને ખુશી પ્રાપ્ત કરી રહ્યા છે) તે જ (મુસલમાનો છે) જેમના વિશે તમે કસમો ખાઈ–ખાઈને કહ્યા કરતા હતા કે તેમના ઉપર અલ્લાહ તઆલા રહમત કરશે નહિ (તો તેમના ઉપર તો એટલી મહાન કૃપા કરવામાં આવી કે), તેમને એ હુકમ થયો કે જાઓ જન્નતમાં (જ્યાં) તમારા ઉપર ન તો કંઈ ભય છે અને ન જ તમે ગમગીન થશો (અને આ વાતચીતમાં જે رِجَالًا "રિજાલન" ખાસ સ્વરૂપે આવ્યું તેનું કારણ કદાચ એ જણાય છે કે, હજુ ગુનેહગાર મો'મિનો પણ દોઝખમાં પડ્યા હશે; તેનો ઈશારો એ જણાય છે કે જ્યારે અઅ્રાફવાળાઓને જન્નતની આશા છે પરંતુ હજુ સુધી જન્નતમાં પ્રવેશ પામ્યા નહિ હોય તો ગુનેહગાર લોકો જેમના ગુનાહો અઅ્રાફવાળાઓના ગુનાહોથી વધારે છે, દેખીતું છે કે તેઓ દોઝખમાંથી હજુ કાઢવામાં આવ્યા નહીં હોય પરંતુ આવા લોકોને આ વાતચીતનું સંબોધન થશે નહીં. વલ્લાહુ અઅ્લમુ).

મસ્અલા અને બોધપાઠ :

જ્યારે જન્નતવાળા જન્નતમાં અને દોઝખવાળા દોઝખમાં પોતાના નિશ્ચિત ઠેકાણે પહોંચી જશે અને દેખીતું છે કે, તે બંને સ્થળો વચ્ચે દરેક સ્વરૂપે એક આડશ અને દૂરી હશે પરંતુ તે છતાં કુર્આને કરીમની ઘણી બધી આયતો એ બાબતથી સાક્ષી છે કે, આ બંને સ્થળો ઉપર અમુક એવા માર્ગો હશે, જેનાથી એકબીજાને જોઈ શકાશે અને તેમના વચ્ચે પરસ્પર વાતચીત અને સવાલ–જવાબ પણ થશે.

"સૂરએ સાફ્ફાત"માં બે વ્યક્તિઓનું વર્ણન વિગતવાર આવ્યું છે, જેઓ દુનિયામાં એકબીજાના મિત્રો હતા પરંતુ એક મો'મિન હતો અને બીજો કાફિર.

આખિરતમાં જ્યારે મો'મિન જન્નતમાં અને કાફિર જહન્નમમાં ચાલ્યો જશે તો એ બંને એકબીજાને જોશે અને વાતચીત કરશે. ઈરશાદ છે,

فَاطَّلَعَ فَرَاٰهُ فِىْ سَوَآءِ الْجَحِيْمِ ○ قَالَ تَاللّٰهِ اِنْ كِدْتَّ لَتُرْدِيْنِ ○ وَلَوْ لَا نِعْمَةُ رَبِّىْ لَكُنْتُ مِنَ الْمُحْضَرِيْنَ ○ اَفَمَا نَحْنُ بِمَيِّتِيْنَ اِلَّا مَوْتَتَنَا الْاُوْلٰى وَمَا نَحْنُ بِمُعَذَّبِيْنَ ○

(સૂરહ : 37, આયત : 55,56,57,58)

જેનો ખુલાસો એ છે કે, જન્નતી મિત્ર દોઝખી મિત્રને નિહાળશે ત્યારે તેને જહન્નમની વચ્ચે પડેલો પામશે અને કહેશે કે, કમ્બખ્ત ! તું એવું જ ઈચ્છતો હતો કે હું પણ તારી જેમ બરબાદ થઈ જાઉં અને જો અલ્લાહ તઆલાની કૃપા ન હોત તો હું પણ આજે તારી સાથે જહન્નમમાં પડ્યો હોત અને તું જે મને એવું કહ્યા કરતો હતો કે, આ દુનિયાના મૃત્યુ પછી કોઈ જીવન અને કોઈ હિસાબ–કિતાબ અથવા કોઈ સવાબ–અઝાબ થવાનો નથી, હવે જોઈ લીધું કે આ શું થઈ રહ્યું છે ?

પ્રસ્તુત આયતો અને ત્યાર પછી લગભગ એક રુકૂઅ્‌ સુધી લગભગ આ જ પ્રકારની વાતચીત અને સવાલ–જવાબનું વર્ણન છે જે જન્નતવાળા અને દોઝખવાળાઓ એકબીજા સાથે કરશે.

આ જન્નત અને દોઝખ વચ્ચે એકબીજાને નિહાળવા અને વાતચીત કરવાના માર્ગો પણ વાસ્તવમાં જહન્નમવાળાઓ માટે એક પ્રકારનો અઝાબ હશે કે, ચારે બાજુએથી તેમના ઉપર લા'નત થતી હશે અને તે જન્નતવાળાઓની નેઅ્‌મતો અને રાહતો જોઈને જહન્નમની આગમાં અફસોસ અને પસ્તાવા સાથે સળગતા રહેશે અને જન્નતવાળાઓ માટે નેઅ્‌મતો અને રાહતોમાં એક નવા જ પ્રકારનો વધારો થશે કે, બીજા પક્ષની મુસીબતો જોઈને પોતાની રાહતો અને નેઅ્‌મતોની કદર વધારે હશે. અને જે લોકો દુનિયામાં દીનદારો ઉપર હસ્યા કરતા હતા અને તેમની ઠેકડી ઉડાવ્યા કરતા હતા અને એ લોકો કોઈ બદલો ન લેતા હતા, આજે તેમને અપમાન અને ઝિલ્લત સાથે અઝાબમાં સપડાયેલા જોઈને આ જન્નતી લોકો હસશે કે તેમને તેમના અમલોની સજા મળી ગઈ. કુર્આને કરીમમાં આ જ વિષય સૂરએ મુતફ્ફિફીનમાં આ પ્રમાણે આવ્યો છે,

فَالْيَوْمَ الَّذِيْنَ اٰمَنُوْا مِنَ الْكُفَّارِ يَضْحَكُوْنَ ۙ عَلَى الْاَرَآئِكِ يَنْظُرُوْنَ ؕ هَلْ ثُوِّبَ الْكُفَّارُ مَا كَانُوْا يَفْعَلُوْنَ ۝

"બસ આજે ઈમાન લાવનારાઓ ઈન્કારીઓથી હસે છે, તખ્તાઓ ઉપર બેસીને જુએ છે, હવે બદલો પામ્યો છે ઈન્કારીઓએ જે કંઈ તેઓ કરતા હતા."

(૮૩ : ૩૪ થી ૩૬)

જહન્નમવાળાઓની ગુમરાહી ઉપર અને તેમના મૂર્ખતાપૂર્ણ વાક્યો ઉપર ફરિશ્તાઓ તરફથી પણ તાકીદ અને લા'નત થશે, જેઓ તેમને સંબોધીને કહેશે, هٰذِهِ النَّارُ الَّتِىْ كُنْتُمْ بِهَا تُكَذِّبُوْنَ، اَفَسِحْرٌ هٰذَا اَمْ اَنْتُمْ لَا تُبْصِرُوْنَ ، (૫૨:૧૪-૧૫) એટલે કે, "આ છે તે આગ જેને તમે જૂઠાડયા કરતા હતા, હવે જૂઓ કે શું તે જાદૂ છે ? અથવા તમને દેખાતું નથી ?"

એ જ પ્રમાણે પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં છે કે, જન્નતવાળા જહન્નમવાળાઓને સવાલ કરશે કે, અમારા પરવરદિગારે અમને જે નેઅ્મતો અને રાહતોનો વાયદો કર્યો હતો, તેને તો અમે બિલકુલ સત્ય અને સંપૂર્ણ રીતે પામ્યો, તમે બતાવો કે, તમને જે અઝાબથી ડરાવવામાં આવ્યા હતા, તે પણ તમારી સામે આવ્યું અથવા નહિ ? તેઓ સ્વીકાર કરશે કે બેશક ! અમે પણ તેને નજરે જોઈ લીધું.

તેમના આ સવાલ-જવાબના સમર્થનમાં અલ્લાહ જલ્લ શા'નુહૂ તરફથી કોઈ ફરિશ્તો એ એલા'ન કરશે કે, અલ્લાહ તઆલાની લા'નત અને ફિટકાર છે અત્યાચારીઓ ઉપર કે જેઓ અલ્લાહના માર્ગથી લોકોને રોકતા હતા અને એવું ઈચ્છતા હતા કે તેમનો માર્ગ સીધો ન રહે, ઉપરાંત તેઓ આખિરતનો ઈન્કાર કર્યા કરતા હતા.

"અઅ્રાફવાળા" લોકો કોણ છે ? :

જન્નત અને દોઝખવાળાઓની પરસ્પર વાતચીતના સંદર્ભમાં એક બાબત ત્રીજી આયતમાં આ બતાવવામાં આવી છે કે, અમુક લોકો એવા પણ હશે જેઓ જહન્નમતથી તો છુટકારો પામી લેશે પરંતુ હજુ જન્નતમાં પ્રવેશ પામ્યા નહીં હોય. અલબત્ત, તેના માટે આશાવાદી અને અભિલાષી જરૂર હશે કે તેઓને પણ જન્નતમાં દાખલ કરવામાં આવે. આ લોકોને "અઅ્રાફવાળા" કહેવામાં આવે છે.

"અઅ્રાફ" શું વસ્તુ છે ? તેનો ખુલાસો સૂરએ હદીદથી થાય છે, જેનાથી જાણ થાય છે કે, મહશરમાં લોકોના ત્રણ જૂથો હશે. એક ખુલ્લા કાફિર અને મુશ્રિક, તેમને તો પુલ સીરાત ઉપર ચાલવાની નોબત જ નહીં આવે, પ્રથમથી જ જહન્નમના દરવાજામાંથી તેમાં ધકેલી મૂકવામાં આવશે અને બીજો સમૂહ મો'મિનોનો છે. તેમની સાથે ઈમાનનો પ્રકાશ હશે અને ત્રીજો મુનાફિકોનો સમૂહ; આ લોકો દુનિયામાં મુસલમાનોની સાથે લાગેલા રહ્યા, એટલા માટે ત્યાં પણ શરૂઆતમાં સાથે જ લાગેલા રહેશે અને પુલ સીરાત ઉપર ચાલવાનું શરૂ થશે તે સમયે એક ગાઢ અંધકાર બધાને ઢાંકી દેશે. મો'મિનો પોતાના ઈમાનના પ્રકાશની સહાયતાથી આગળ વધતા જશે અને મુનાફિકો પોકારીને તેમને કહેશે કે, ઊભા રહો, અમને પણ તમારા પ્રકાશથી લાભ ઉઠાવવા દો, ત્યારે અલ્લાહ તઆલા તરફથી કોઈ કહેનારો કહેશે કે, પાછા વળો ! ત્યાં પ્રકાશ શોધો ! મતલબ એ છે કે, આ પ્રકાશ ઈમાન અને નેક અમલોનો છે, જેને પ્રાપ્ત કરવાનું સ્થળ પાછળ ગુજરી ચૂક્યું. જે લોકોએ ત્યાં ઈમાન અને અમલ દ્વારા આ પ્રકાશ પ્રાપ્ત ન કર્યો તેમને આજે પ્રકાશનો કોઈ લાભ મળશે નહીં. આ જ પરિસ્થિતિમાં મુનાફિકો અને મો'મિનો વચ્ચે એક દિવાલ ઊભી કરી દેવામાં આવશે, જેમાં એક દરવાજો હશે, તે દરવાજાની બહાર બધો અઝાબ જ અઝાબ નજરે પડશે અને દરવાજાની અંદર જ્યાં મો'મિનો હશે ત્યાં અલ્લાહ તઆલાની રહમતોનો પ્રત્યક્ષ અનુભવ અને જન્નતની હરિયાળી સામે હશે. આ જ વિષય આ આયતોનો પણ છે,

يَوْمَ يَقُوْلُ الْمُنٰفِقُوْنَ وَالْمُنٰفِقٰتُ لِلَّذِيْنَ اٰمَنُوا انْظُرُوْنَا نَقْتَبِسْ مِنْ نُّوْرِكُمْ ج قِيْلَ ارْجِعُوْا وَرَآئَكُمْ فَالْتَمِسُوْا نُوْرًا ط فَضُرِبَ بَيْنَهُمْ بِسُوْرٍ لَّهٗ بَابٌ، بَاطِنُهٗ فِيْهِ الرَّحْمَةُ وَظَاهِرُهٗ مِنْ قِبَلِهِ الْعَذَابُ ○

"જે દિવસે દગાબાજ (મુનાફિક) પુરુષ અને સ્ત્રીઓ ઈમાનવાળાઓને કહેશે, અમારી રાહ જુઓ અમે પણ તમારા નૂરથી પ્રકાશ લઈએ; કોઈ કહેશે, પાછા વળી જાઓ પછી શોધી લો પ્રકાશ ! પછી તેમની વચ્ચે એક દિવાલ ઊભી કરવામાં આવે જેમાં દરવાજો હશે, તેની અંદર રહમત હશે અને બહારની બાજુએ અઝાબ" *(સૂ. ૫૭ : આ. ૧૩)*

આ આયતમાં જન્નતવાળા અને દોઝખવાળાઓ દરમિયાન જે દિવાલ ઊભી કરવામાં આવશે, તેને શબ્દ سُوْر (સૂર)થી ઓળખવામાં આવી છે અને આ શબ્દ વાસ્તવમાં શહેરની ફરતે બાંધવામાં આવતા કિલ્લાની દિવાલ માટે બોલવામાં આવે છે. જે ઘણી જ મજબૂત, ટકાઉ તથા પહોળી બનાવવામાં આવે છે. આવી દિવાલોમાં લશ્કરના સુરક્ષાદળોના ગુપ્ત ઠેકાણાઓ પણ બનેલા હોય છે જેનાથી હુમલાખોરોથી ચેતેલા રહી શકાય છે.

સૂરએ અઅ્રાફની આયતમાં પ્રસ્તુત છે, وَبَيْنَهُمَا حِجَابٌ وَّعَلَى الْاَعْرَافِ رِجَالٌ يَّعْرِفُوْنَ كُلًّا بِسِيْمَاهُمْ، ઈબ્ને જરીર અને તફસીરના બીજા ઈમામોના મતે આ આયતમાં શબ્દ حِجَابْ (હિજાબ)થી તે જ દિવાલ અથવા કિલ્લો છે, જે સૂરએ હદીદની આયતમાં શબ્દ سُوْر (સૂર)થી ઓળખાવવામાં આવ્યો છે. આ જ કિલ્લાના ઊંચા ભાગનું નામ અઅ્રાફ છે. કારણ કે, અઅ્રાફ એ "ઉર્ફ"નું બહુવચન છે અને ઉર્ફ દરેક વસ્તુના ઉપલા ભાગને કહેવામાં આવે છે કારણ કે, તે દૂરથી પણ દષ્ટિગોચર થતું હોય છે અને ઊંચા સ્થાને હોય છે. તેના ખુલાસાથી જાણ થઈ કે, જન્નત અને દોઝખ વચ્ચે ઊભી થનારી દિવાલના ઊંચા ભાગનું નામ "અઅ્રાફ" છે અને અઅ્રાફની આયતમાં એ બતાવવામાં આવ્યું છે કે, મહશરમાં તે સ્થળે અમુક લોકો હશે, જે જન્નત અને દોઝખ બંને તરફની પરિસ્થિતિઓ નિહાળતા હશે અને બંને તરફના નિવાસીઓથી વાતચીત અને સવાલ–જવાબ કરતા રહેશે.

હવે, એ વાત કે આ લોકો કોણ હશે અને તે વચ્ચેના સ્થળમાં તેમને કેમ રોકવામાં આવશે ? તેમાં વિવરણકારોના વિવિધ નિવેદનો અને હદીષની અનેક રિવાયતો છે, પરંતુ સાચો અને પ્રચલિત જમહૂર મુફસ્સિરીનનો મત એ છે કે, આ તે લોકો હશે જેમની નેકીઓ અને ગુનાહોનું પલ્લું સરખું હશે. પોતાની નેકીઓના કારણે જહન્નમથી તો છુટકારો મેળવી લેશે પરંતુ ગુનાહો અને બુરાઈઓના કારણે જન્નતમાં પ્રવેશ મળ્યો નહિ હોય અને છેવટે અલ્લાહની રહમતથી આ લોકો પણ જન્નતમાં પ્રવેશ પામી લેશે.

સહાબએ કિરામ (રદિ.)માંથી હઝરત હુઝયફા (રદિ.), ઈબ્ને મસઊદ (રદિ.) અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)નો તથા અન્ય સહાબા (રદિ.) તથા

તાબિઈન (રહ.)નો આ જ અભિપ્રાય છે અને તેમાં તમામ હદીષની રિવાયતો પણ ભેગી થઈ જાય છે જે વિવિધ વિષયો હેઠળ વર્ણન થઈ છે. ઈમામ ઈબ્ને જરીર (રહ.)એ હુઝયફા (રદિ.)થી રિવાયત નકલ કરી છે કે, ''રસૂલુલ્લાહ ﷺને અઅ્રાફવાળાઓ વિશે પૂછવામાં આવ્યું, તો આપ ﷺએ ફરમાવ્યું કે આ તે લોકો છે જેમની નેકીઓ અને બુરાઈઓ સરખી હશે, આથી જહન્નમથી તો છુટકારો પામી લેશે પરંતુ જન્નતમાં હજુ પ્રવેશ મળ્યો નહિ હોય. તેમને આ અઅ્રાફના સ્થળ ઉપર રોકી લેવામાં આવશે, એટલે સુધી કે બધા જ જન્નતવાળા અને દોઝખવાળાઓનો હિસાબ અને ફેંસલો થઈ ગયા પછી તેમનો ફેંસલો કરવામાં આવશે અને અંતે તેમને મા'ફ કરવામાં આવશે અને જન્નતમાં પ્રવેશ કરાવવામાં આવશે.'' *(ઈબ્ને કષીર)*

ઈબ્ને મરદૂયાએ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.)થી રિવાયત નકલ કરી છે કે, ''રસૂલુલ્લાહ ﷺને પૂછવામાં આવ્યું કે, અઅ્રાફવાળા કોણ છે? આપ ﷺએ ફરમાવ્યું, આ તે જ લોકો છે જે પોતાના માતા-પિતાની પરવાનગી વિના જિહાદમાં સામેલ થયા અને અલ્લાહના માર્ગમાં શહીદ થઈ ગયા તો તેમને જન્નતમાં પ્રવેશવાથી માં-બાપની અવજ્ઞા (નાફરમાની)ના કારણે અટકાવવામાં આવ્યા અને જહન્નમમાં પ્રવેશવાથી અલ્લાહના માર્ગમાં શહીદ થવાની પ્રતિષ્ઠાએ રોકી લીધા.''

આ હદીષ અને પ્રથમ હદીષમાં કોઈ વિરોધાભાસ નથી, બલકે આ હદીષ એક ઉદાહરણ છે જેમની નેકીઓ અને ગુનાહો સમાન કક્ષાના હશે કે, એક બાજુ અલ્લાહના માર્ગમાં શહીદ થયા અને બીજી બાજુ માં-બાપની નાફરમાની કરી, બંને પલ્લાં સરખા થઈ ગયા. *(ઈબ્ને કષીર)*

"સલામ" સુન્નત તરીકા પ્રમાણેનો શબ્દ છે :

અઅ્રાફવાળાની સ્પષ્ટતા અને પરિચય જાણી લીધા પછી હવે મૂળ આયતનો વિષય જુઓ, જેમાં ફરમાવવામાં આવ્યું છે કે અઅ્રાફવાળા જન્નતવાળાઓને પોકારીને કહેશે. سَلَامٌ عَلَيْكُمْ (સલામુન અલયકુમ) આ શબ્દ દુનિયામાં પણ મુલાકાત સમયે એકબીજાને આવકારવા અને ઈજ્જત તથા દુઆ માટે બોલવામાં આવે છે અને તે સુન્નત તરીકો છે અને મૃત્યુ પછી કબરો ઉપર

હાજરી સમયે પણ અને પછી મહશર અને જન્નતમાં પણ; પરંતુ કુર્આનની આયતો અને હદીષની રિવાયતોથી જાણ થાય છે કે, દુનિયામાં તો اَلسَّلَامُ عَلَيْكُمْ (અસ્સલામુ અલયકુમ) કહેવું સુન્નત છે અને આ દુનિયાથી સીધાવી ગયા પછી પણ اَلِفْ لَامْ (અલિફ લામ) વિના سَلَامٌ عَلَيْكُمْ (સલામુન અલયકુમ)નો શબ્દ સુન્નત છે. કબરોની હાજરી માટે કુર્આન શરીફમાં જે શબ્દો વર્ણન થયા છે, તે પણ سَلَامٌ عَلَيْكُمْ بِمَا صَبَرْتُمْ فَنِعْمَ عُقْبَى الدَّارِ આવ્યા છે અને ફરિશ્તો જ્યારે જન્નતવાળાઓને આવકારશે, તે સમયે પણ આ શબ્દ આ જ વિષય હેઠળ આવ્યો છે, سَلَامٌ عَلَيْكُمْ طِبْتُمْ فَادْخُلُوْهَا خٰلِدِيْنَ અને અહીંયાં પણ અઅ્રાફવાળા જન્નતવાળાઓને આ જ શબ્દ વડે સલામ કરશે.

આગળ અઅ્રાફવાળાની એવી પરિસ્થિતિ બતાવવામાં આવી છે કે, તેઓ હજુ જન્નતમાં પ્રવેશ પામ્યા નથી પરંતુ તેઓ જન્નતમાં પ્રવેશ પામવાના આશાવાદી અને અભિલાષી હશે. ત્યારબાદ ઈરશાદ છે, وَاِذَا صُرِفَتْ اَبْصَارُهُمْ تِلْقَآءَ اَصْحٰبِ النَّارِ، قَالُوْا رَبَّنَا لَا تَجْعَلْنَا مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ એટલે કે, જ્યારે અઅ્રાફવાળાની દૃષ્ટિ જહન્નમવાળાઓ ઉપર પડશે અને તેમના અઝાબ અને મુસીબતને નજરે નિહાળશે તો અલ્લાહ તઆલાની પનાહ અને શરણ માંગશે કે, અમને આ જાલિમો સાથે કરીશ નહીં.

પાંચમી આયતમાં એ પણ ઉલ્લેખ છે કે અઅ્રાફવાળા જહન્નમવાળાઓને સંબોધીને નિંદા સ્વરૂપે એવું પણ કહેશે કે, દુનિયામાં તમે જે માલ-દૌલત અને સંગઠન તથા જથ્થા ઉપર ભરોસો કરતા હતા અને જે પ્રમાણે અભિમાન અને ઘમંડ કરતા હતા, આજે તે કંઈ જ તમારા કામ ન આવ્યું.

છટ્ઠી આયતમાં વર્ણન છે,

اَهٰٓؤُلَآءِ الَّذِيْنَ اَقْسَمْتُمْ لَا يَنَالُهُمُ اللّٰهُ بِرَحْمَةٍ اُدْخُلُوا الْجَنَّةَ لَا خَوْفٌ عَلَيْكُمْ وَلَآ اَنْتُمْ تَحْزَنُوْنَ،

આની તફસીરમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, જ્યારે અઅ્રાફવાળાઓનો સવાલ-જવાબ જન્નતવાળા અને દોઝખવાળાઓ વચ્ચે થઈ ચૂકશે, તે સમયે પરવરદિગારે આલમ દોઝખવાળાઓને સંબોધન

કરીને અઅ્રાફવાળાઓ વિશે ફરમાવશે કે, તમે લોકો કસમો ખાયા કરતા હતા કે, તેમની મગફિરત (ક્ષમા) ન થશે અને તેમના ઉપર કોઈ કૃપા ન થશે. બસ તમે જોયું, અમારી રહમત તેમના ઉપર થઈ છે અને તેની સાથે જ અઅ્રાફવાળાઓને સંબોધન થશે કે, જાઓ ! જન્નતમાં પ્રવેશ પામી લો. તમારા ઉપર પાછળના મા'મલાઓનો ન તો કોઈ ડર હોવો જોઈએ અને ન જ કોઈ આવનારા સમય માટેની ચિંતા અને ફિકર ! *(ઈબ્ને કષીર)*

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૫૦ થી ૫૩)

وَنَادٰۤى اَصۡحٰبُ النَّارِ اَصۡحٰبَ الۡجَـنَّةِ اَنۡ اَفِيۡضُوۡا عَلَيۡنَا مِنَ الۡمَآءِ اَوۡ مِمَّا رَزَقَكُمُ
اللّٰهُ ؕ قَالُوۡۤا اِنَّ اللّٰهَ حَرَّمَهُمَا عَلَى الۡكٰفِرِيۡنَ ﴿۵۰﴾ الَّذِيۡنَ اتَّخَذُوۡا دِيۡنَهُمۡ لَهۡوًا
وَّلَعِبًا وَّغَرَّتۡهُمُ الۡحَيٰوةُ الدُّنۡيَا ۚ فَالۡيَوۡمَ نَنۡسٰٮهُمۡ كَمَا نَسُوۡا لِقَآءَ يَوۡمِهِمۡ هٰذَا ۙ وَمَا
كَانُوۡا بِاٰيٰتِنَا يَجۡحَدُوۡنَ ﴿۵۱﴾ وَلَقَدۡ جِئۡنٰهُمۡ بِكِتٰبٍ فَصَّلۡنٰهُ عَلٰى عِلۡمٍ هُدًى وَّرَحۡمَةً
لِّقَوۡمٍ يُّؤۡمِنُوۡنَ ﴿۵۲﴾ هَلۡ يَنۡظُرُوۡنَ اِلَّا تَاۡوِيۡلَهٗ ؕ يَوۡمَ يَاۡتِىۡ تَاۡوِيۡلُهٗ يَقُوۡلُ الَّذِيۡنَ
نَسُوۡهُ مِنۡ قَبۡلُ قَدۡ جَآءَتۡ رُسُلُ رَبِّنَا بِالۡحَـقِّ ۚ فَهَلۡ لَّنَا مِنۡ شُفَعَآءَ فَيَشۡفَعُوۡا لَنَاۤ
اَوۡ نُرَدُّ فَنَعۡمَلَ غَيۡرَ الَّذِىۡ كُنَّا نَعۡمَلُ ؕ قَدۡ خَسِرُوۡۤا اَنۡفُسَهُمۡ وَضَلَّ عَنۡهُمۡ مَّا كَانُوۡا
يَفۡتَرُوۡنَ ﴿۵۳﴾ ع

તરજુમો :

અને દોઝખવાળા જન્નતવાળાઓને પોકારશે કે અમારા ઉપર થોડુંક પાણી વહાવો અથવા કંઈક એમાંથી જે રોજી તમને અલ્લાહે આપી; કહેશે, અલ્લાહે તે બંનેને કાફિરોથી રોકી દીધું છે. (૫૦) જેમણે પોતાના દીનને ખેલ અને તમાશો ઠરાવ્યો અને દુનિયાની જિંદગીએ તેમને ધોકામાં નાંખ્યા, બસ આજે અમે તેમને ભુલાવી દઈશું જેવું તેમણે આ દિવસની મુલાકાતને ભુલાવી દીધું અને જેવું કે તેઓ અમારી આયતોના ઈન્કારી હતા. (૫૧) અને અમે તે

લોકોની પાસે કિતાબ પહોંચાડી દીધી છે જેને અમે ખબરદારીથી (જ્ઞાનપૂર્વક) ખુલાસાવાર વર્ણન કર્યું છે માર્ગ બતાવનારી અને ઈમાનવાળાઓ માટે રહમત છે. (૫૨) શું હવે એની જ રાહ જુએ છે કે તેનો વિષય જાહેર થઈ જાય ? જે દિવસે તેનો વિષય જાહેર થઈ જશે તે લોકો કહેવા લાગશે જેઓ એને પહેલેથી ભૂલી રહ્યા હતા, બેશક ! અમારા પરવરદિગારના રસૂલ સાચી વાત લાવ્યા હતા, બસ હવે કોઈ અમારી સિફારસવાળા છે તો અમારી સિફારસ કરે ! અથવા અમને પાછા મોકલવામાં આવે તો અમે તેના વિરુદ્ધ અમલ કરીએ જે અમે કરી રહ્યા હતા, બેશક ! તેમણે પોતાની જાતને તબાહ કરી અને તેમનાથી ગુમ થઈ જશે જે જૂઠ તેઓ ઘડ્યા કરતા હતા. (૫૩)

તફસીર :

અને (જે પ્રમાણે ઉપરોક્ત વર્ણનમાં જન્નતવાળાઓની દોઝખવાળાઓ સાથેની વાતચીતનો ઉલ્લેખ થયો, એ જ પ્રમાણે) દોઝખવાળાઓ જન્નતવાળાઓને પોકારશે કે, (અમે ભૂખ અને તરસ તથા ગરમીથી ભયંકર મુસીબતમાં તડપી રહ્યા છે અલ્લાહના વાસ્તે) અમારા ઉપર થોડું પાણી રેડો (કદાચ કંઈક થોડી શાંતિ થઈ જાય) અથવા એવું જ કંઈ આપી દો જે અલ્લાહ તઆલાએ તમને આપ્યું છે (તેનાથી એ જરૂરી નથી કે તેઓ એવી આશા રાખીને માંગે છે, કારણ કે મુસીબતની કઠોર પરિસ્થિતિમાં મોઢામાંથી ગમે તેવી વાતો નીકળી જવી કોઈ મોટી વાત નથી) જન્નતવાળા (જવાબમાં) કહેશે કે, અલ્લાહ તઆલાએ બંને વસ્તુઓને (એટલે કે જન્નતની ખાવા-પીવાની વસ્તુઓને) કાફિરો માટે હરામ કરી રાખી છે જેમણે દુનિયામાં પોતાના દીનને (જેનો સ્વીકાર કરવો તેમના માથે વાજિબ હતો) ખેલકૂદ બનાવી રાખ્યો હતો અને જેમને દુનિયવી જિંદગીએ ધોકામાં (અને ગફલતમાં) નાંખી રાખ્યા હતા (એટલા માટે દીનની કંઈ પરવા જ ન કરી અને આ બદલાનું ઘર છે, જ્યારે દીન જ નથી તો તેનો લાભ શું ? આગળ અલ્લાહ તઆલા જન્નતવાળાઓના આ જ જવાબની ખરાઈ અને સમર્થનમાં ફરમાવે છે) બસ, (જ્યારે તેમની દુનિયામાં એ હાલત હતી તો) અમે પણ આજના (કયામતના) દિવસે તેમનું નામ ન લઈશું (અને ખાવા-પીવાનું કંઈ જ મળશે નહિ) જેમકે તેમણે આ (મહાન) દિવસનું નામ સુદ્ધાં ન લીધું અને જેમકે

તેઓ અમારી આયતોનો ઈન્કાર કરતા હતા અને અમે તે લોકોની પાસે એક એવી કિતાબ પહોંચાડી છે (એટલે કે કુર્આન) જેને અમે સંપૂર્ણ જ્ઞાન વડે ખૂબ ખોલી-ખોલીને વર્ણન કરી દીધી છે (અને આ વર્ણન બધાને સાંભળવા માટે કર્યું છે પરંતુ) હિદાયત અને રહમત તે (જ) લોકોના માટે (થઈ) છે જેઓ (તેને સાંભળીને) ઈમાન લઈ આવ્યા છે (અને જે તમામ દલીલો હોવા છતાં ઈમાન નથી લાવ્યા તેમની પરિસ્થિતિથી તો એવું જાહેર થાય છે કે) તે લોકોને અન્ય કોઈ વાતનો ઈન્તેઝાર નથી, ફક્ત એ (કુર્આન)ના બતાવેલા અંતિમ પરિણામ (એટલે કે સજાના વાયદા)નો ઈન્તેઝાર છે, (એટલે કે, અઝાબ પહેલાં અઝાબની ચેતવણીથી નથી ડરતા તો પોતે અઝાબમાં સપડાવાનું જ ઈચ્છતા હશે તો બસ) જે દિવસે તેમના માટે (બતાવેલું) અંતિમ પરિણામ સામે આવશે (જે દોઝખની વિગત વગેરે ઉપર વર્ણન થઈ ચૂક્યું છે) તે દિવસે જે લોકો તેને પ્રથમથી ભૂલાવી બેઠા હતા (મુસીબતમાં સપડાઈને એવું) કહેવા લાગશે કે, વાસ્તવમાં અમારા પરવરદિગારના પયગમ્બર (દુનિયામાં) સાચી-સાચી વાતો લાવ્યા હતા (પરંતુ અમે મૂર્ખામી કરી) બસ હવે શું કોઈ અમારી સિફારસ કરનાર છે કે તે અમારી સિફારસ કરે અથવા અમને ફરીવાર (દુનિયામાં) પાછા મોકલવામાં આવી શકે ? જેથી અમે લોકો (ફરીવાર દુનિયામાં જઈને) આ (ખરાબ) આચરણ કે જેને અમે કર્યા કરતા હતા તેનાથી વિપરીત બીજા (સારા) અમલો કરીએ ! (અલ્લાહ તઆલા ફરમાવે છે કે હવે છુટકારાનું કોઈ સ્વરૂપ નથી) બેશક ! તે લોકોએ પોતાને (કુફ્રના) નુકસાનમાં નાંખી દીધા અને તેઓ જે-જે વાતો ઘડતા હતા (તે સમયે) બધું ગુમ થઈ ગયું (હવે, સજા સિવાય અન્ય કંઈ જ તેમની પાસે નહિ હોય).

આયત : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૫૪)

إِنَّ رَبَّكُمُ اللَّهُ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ فِي سِتَّةِ أَيَّامٍ ثُمَّ اسْتَوَىٰ عَلَى الْعَرْشِ

يُغْشِي اللَّيْلَ النَّهَارَ يَطْلُبُهُ حَثِيثًا وَالشَّمْسَ وَالْقَمَرَ وَالنُّجُومَ مُسَخَّرَاتٍ بِأَمْرِهِ

أَلَا لَهُ الْخَلْقُ وَالْأَمْرُ تَبَارَكَ اللَّهُ رَبُّ الْعَالَمِينَ ﴿٥٤﴾

તરજુમો :

બેશક ! તમારો પરવરદિગાર અલ્લાહ છે જેણે આસમાન અને જમીન છ દિવસમાં પેદા કર્યા, પછી અર્શ ઉપર કાયમ થયો; રાત ઉપર દિવસ ઓઢાડે છે કે તે તેની પાછળ દોડતો ચાલ્યો આવે છે, અને સૂરજ અને ચાંદ અને તારા પોતાના હુકમના તા'બેદાર પેદા કર્યા, સાંભળી લો ! પેદા કરવું એનું જ કામ છે અને હુકમ કરવું; અલ્લાહ ઘણો બરકતવાળો છે જે સમગ્ર વિશ્વનો પરવરદિગાર છે. (૫૪)

તફસીર :

બેશક ! તમારો પરવરદિગાર અલ્લાહ જ છે જેણે બધા આસમાનો અને જમીનને છ દિવસ (જેટલા સમય)માં પેદા કર્યા પછી અર્શ ઉપર કાયમ થયો (જે અર્શ તેની શા'નના લાયક છે તેના ઉપર બિરાજમાન થયો); ઓઢાડી દે છે રાત(ના અંધકાર)થી દિવસ(ના પ્રકાશ)ને (એટલે કે રાતના અંધકારથી દિવસનો પ્રકાશ છુપાઈ જાય છે અને અંધકાર છવાઈ જાય છે) એવી રીતે કે તે રાત દિવસને જલદી જ પકડી લે છે (એટલે કે દિવસ ઝડપથી પસાર થતો હોય એમ લાગે છે, એટલે સુધી કે અચાનક રાત આવી પડે છે) અને સૂર્ય અને ચંદ્ર અને અન્ય તારાઓને પેદા કર્યા એવી રીતે કે બધા તેની આજ્ઞાના આધીન છે; યાદ રાખો અલ્લાહના જ માટે ખાસ છે સર્જનહાર હોવું, હાકિમ હોવું, ખૂબ વિશિષ્ટતાઓવાળો છે, અલ્લાહ તઆલા સમગ્ર વિશ્વોનો પરવરદિગાર (પાલનહાર) છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં આસમાન, જમીન, ગ્રહો અને તારાઓ (તથા તમામ અવકાશી પદાર્થો)ને પેદા કરવામાં અને તેમને એક ખાસ વ્યવસ્થાપન અને ચોક્કસ પ્રકારની સમવાયી કક્ષામાં પ્રસ્થાપિત કરવામાં અને આ અવકાશી પદાર્થોના બિનચૂક અલ્લાહની આજ્ઞાને આધીન કાર્યમાં લાગેલા રહેવાના સંદર્ભમાં અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતનું વર્ણન કરીને દરેક બુદ્ધિશાળી મનુષ્યને તેના ઉપર ચિંતન-મનન કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે કે, જે પવિત્ર જાત આટલા વિરાટ વિશ્વનું સર્જન કરીને અને આટલું

વ્યવસ્થિત તંત્ર સ્થાપીને ચલાવવા માટે શક્તિમાન છે તેના માટે શું અઘરું છે કે, તે આ પદાર્થોને નષ્ટ કરીને કયામતના દિવસે પુનઃ સર્જન કરી આપે ? એટલા માટે કયામતના ઈન્કાર કરવાનું છોડીને ફક્ત તે જ પવિત્ર જાતને પોતાનો પરવરદિગાર સમજો તેનાથી જ પોતાની જરૂરિયાતોની માંગણી કરો, માત્ર તેની જ ઈબાદત કરો. મખ્લૂક (સર્જન)ની પૂજાના દલદલમાંથી બહાર નીકળો અને વાસ્તવિકતાને જાણો, તેમાં ઈરશાદ છે કે તમારો પરવરદિગાર અલ્લાહ જ છે જેણે આસમાન અને પૃથ્વીને છ દિવસમાં પેદા કર્યા.

આસમાન અને જમીનના સર્જનમાં છ દિવસનો સમય કેમ લાગ્યો ? :

અહીંયાં એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, અલ્લાહ જલ્લ શા'નુહૂ એ બાબત ઉપર શક્તિ ધરાવે છે કે સમગ્ર વિશ્વ એક ક્ષણમાં પેદા કરી આપે. પોતે કુર્આને કરીમમાં વિવિધ વિષયો હેઠળ આ વાતનું વારંવાર પુનરાવર્તન થયું છે. ક્યાંક ઈરશાદ છે, وَمَآ اَمۡرُنَآ اِلَّا وَاحِدَةٌ كَلَمۡحٍۢ بِالۡبَصَرِ (૫૪ : ૫૦) એટલે કે, "આંખના પલકારા જેટલા સમયમાં અમારો હુકમ લાગુ પડી જાય છે" તો ક્યાંક ફરમાવ્યું, اِذَآ اَرَادَ شَيۡـًٔا اَنۡ يَّقُوۡلَ لَهٗ كُنۡ فَيَكُوۡنُ (૩૬ : ૮૨) એટલે કે, "જ્યારે અલ્લાહ કોઈ વસ્તુ પેદા કરવા ઈચ્છે છે તો ફરમાવે છે, "થઈ જા" અને તે પેદા થઈ જાય છે." પછી વિશ્વની ઉત્પત્તિ માટે છ દિવસ ખર્ચવાનું શું કારણ છે ?

કુર્આનના વિવરણકાર હઝરત સઈદ બિન ઝુબૈર (રદિ.)એ તેનો જવાબ આપ્યો છે કે, અલ્લાહ તઆલાની શક્તિ તો બેશક ! એવું કરવાની છે કે આ સર્વ કાંઈ એક ક્ષણમાં પેદા કરી આપે પરંતુ હિકમતના તકાદા હેઠળ આ વિશ્વની ઉત્પત્તિમાં છ દિવસ લગાવવામાં આવ્યા, જેથી મનુષ્યને દુનિયાનું વ્યવસ્થાતંત્ર ચલાવવામાં ક્રમ અને પરિપક્વતાનું શિક્ષણ આપવામાં આવે. જેમકે, રસૂલે કરીમ ﷺની હદીષમાં ફરમાવવામાં આવ્યું છે કે, "ચિંતન અને મનન તથા સભ્યતાથી અને ક્રમિક રીતે કામ કરવું અલ્લાહ તઆલા તરફથી છે અને ઉતાવળ શયતાન તરફથી હોય છે." *(મઝહરી બહવાલએ શોઅ્બુલ બયહકી)*

મતલબ એ છે કે, ઉતાવળમાં મનુષ્ય સમસ્યાના દરેક પાસાંઓ ઉપર ચિંતન-મનન કરતો નથી, એટલા માટે મોટે ભાગે તે કામ બગડી જાય છે અને વ્યક્તિ તકલીફમાં મૂકાય છે. વિચાર, યુક્તિ તથા સહૂલત સાથે જે કામ કરવામાં આવે તેમાં ભલીવાર (બરકત) હોય છે.

જમીન, આસમાન, ગ્રહો અને તારાઓની ઉત્પત્તિથી પહેલાં દિવસ-રાત કેવી રીતે ઓળખવામાં આવ્યા ? :

બીજો પ્રશ્ન એ છે કે, દિવસ અને રાતનું અસ્તિત્વ તો સૂર્યમંડળની ગતિઓથી ઓળખવામાં આવે છે. આસમાન અને પૃથ્વીની ઉત્પત્તિથી પહેલાં જ્યારે ન તો સૂર્ય હતો અને ન જ ચંદ્ર હતો તો પછી છ દિવસની સંખ્યાનો હિસાબ કઈ રીતે નક્કી થયો ?

આથી અમુક વિવરણકાર ઉલમાએ ફરમાવ્યું છે કે, એનો અર્થ એ છે કે અંતે એટલો સમય અને તેના પ્રમાણમાં વખત પસાર થયો હોવાનું બતાવવાનો હેતુ છે જેટલો સમય છ દિવસ અને રાતનો આ દુનિયામાં થાય છે. પરંતુ સ્પષ્ટ અને ખુલ્લી વાત એ છે કે, દિવસ અને રાતની આ પરિભાષા સૂર્ય ઊગવાથી લઈ આથમવા સુધી દિવસ અને સૂર્ય આથમવાથી લઈ ઊગવા સુધી રાત છે. આ તો આ દુનિયાના દિવસ-રાતની પરિભાષા છે. વિશ્વની ઉત્પત્તિ અગાઉ એવું પણ હોઈ શકે છે કે, અલ્લાહ તબારક વ તઆલાએ દિવસ અને રાતની કોઈ અન્ય નિશાનીઓ નક્કી કરી રાખી હોય ! જેમકે જન્નતમાં બની શકે છે કે; ત્યાંનો દિવસ અને રાત સૂર્યમંડળની ગતિઓ ઉપર આધારિત ન હોય.

આથી એ પણ જાણ થઈ કે, એ જરૂરી નથી કે તે છ દિવસ જેમાં જમીન અને આસમાન બનાવવામાં આવ્યા તે આપણા છ દિવસ સમકક્ષ હોય, બલકે બની શકે છે કે, એનાથી મોટા હોય જેમકે આખિરતના દિવસ વિશે કુર્આનમાં ઈરશાદ છે કે, એક હજાર વર્ષ સમાન એક દિવસ હશે.

અબૂ અબ્દુલ્લાહ રાઝી (રહ.)એ ફરમાવ્યું કે, વિરાટ આકાશની ગતિઓ આ પૃથ્વી ગ્રહની ગતિઓના મુકાબલામાં એટલી ઝડપી છે કે, એક દોડનારો મનુષ્ય એક ડગલું ઉઠાવી જમીન ઉપર મૂકવા નથી પામતો કે, વિરાટ વિશ્વ હજારો માઈલનું અંતર કાપી નાંખે છે. *(બહરે મુહીત)*

ઈમામ અહમદ બિન હમ્બલ (રહ.) મુજાહિદ (રહ.)નું નિવેદન આ જ પ્રમાણેનું છે કે, "છ દિવસનો અર્થ આખિરતના છ દિવસ છે" અને ઝહ્હાક (રહ.)ની રિવાયત હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી પણ આ જ પ્રમાણેની નકલ થઈ છે.

અને આ છ દિવસ જેમાં વિશ્વની ઉત્પત્તિ થઈ છે, સહીહ રિવાયતો પ્રમાણે રવિવારથી શરૂ થઈ જુમ્આ ઉપર પૂર્ણ થઈ છે. શનિવાર એટલે કે, સાતમા દિવસે વિશ્વની ઉત્પત્તિનું કાર્ય થયું નથી. અમુક ઉલમાએ ફરમાવ્યું છે કે, سَبْـــت (સબ્ત) "શનિવાર"નો અર્થ "નાતો કાપી નાંખવો" થાય છે. આ દિવસનું નામ يَـوْمُ السَّبْــت (યવમુસ્સબ્ત–શનિવાર) એટલા માટે રાખવામાં આવ્યું છે કે, એ દિવસે કામ પૂર્ણ થઈ ગયું. *(તફસીરે ઈબ્ને કષીર)*

પ્રસ્તુત આયતમાં જમીન અને આસમાનોની પેદાઈશ છ દિવસમાં થવાનું વર્ણન છે. તેનો ખુલાસો "સૂરએ હા–મીમ સિજદહ"ની નવમી અને દશમી આયતોમાં આ પ્રમાણે આવ્યો છે કે, બે દિવસમાં જમીન બનાવવામાં આવી અને પછી બે દિવસમાં જમીન ઉપરના પહાડો, નદીઓ, મેદાનો, વૃક્ષો, વનસ્પતિ, મનુષ્યો અને પ્રાણીઓને ખાવા–પીવાની વસ્તુઓ બનાવવામાં આવી. કુલ ચાર દિવસ થયા. ઈરશાદ ફરમાવ્યો, خَـلَـقَ الْاَرْضَ فِـىْ يَوْمَيْـنِ અને પછી ફરમાવ્યું, قَدَّرَ فِيْهَا اَقْوَاتَهَا فِىْٓ اَرْبَعَةِ اَيَّامٍ

પ્રથમ બે દિવસ જેમાં જમીન બનાવવામાં આવી તે રવિવાર અને સોમવારનો દિવસ છે અને બીજા બે દિવસ જેમાં જમીન ઉપર વસવાટ કરવાનો સામાન પહાડો, નદીઓ વગેરે બનાવવામાં આવ્યા તે મંગળ અને બુધ છે. ત્યારબાદ ઈરશાદ ફરમાવ્યો, فَـقَـضٰـهُـنَّ سَبْـعَ سَمٰوٰتٍ فِىْ يَوْمَيْنِ એટલે કે, "પછી સાત આસમાનો બે દિવસમાં બનાવ્યા." દેખીતું છે કે, આ બે દિવસ જુમેરાત અને જુમ્આ હશે. આમ, જુમ્આ સુધી છ દિવસો થઈ ગયા.

આસમાન અને જમીનની પેદાઈશનું વર્ણન કર્યા પછી ઈરશાદ ફરમાવ્યો, ثُـمَّ اسْتَـوٰى عَـلَـى الْـعَـرْشِ એટલે કે, "પછી અર્શ ઉપર કાયમ થયો." اِسْتَـوٰى (ઈસ્તવા)નો શાબ્દિક અર્થ "કાયમ થવું" અને અર્શ "શાહી તખ્ત"ને કહેવામાં આવે છે. હવે, આ અર્શ "અર્શે રહમાન" કેવું અને ક્યાં છે ? અને તેના ઉપર કાયમ થવાનો શું અર્થ છે ?

એના વિશે સ્પષ્ટ અને ખુલ્લમ–ખુલ્લો સાચો મસ્લક (અભિપ્રાય) એ છે, જે સલફે સાલિહીન સહાબા (રદિ.), તાબિઈન (રહ.)થી અને ત્યારબાદ મોટા ભાગના સૂફીઓ દ્વારા નકલ થયું છે કે, મનુષ્યની બુદ્ધિ અલ્લાહ જલ્લ શા'નુહૂની

પવિત્ર હસ્તી અને સિફતોની વાસ્તવિકતાની સંપૂર્ણ જાણકારી પ્રાપ્ત કરવાથી લાચાર છે. તેના સંશોધનમાં પડવું વ્યર્થ છે બલકે નુકસાનકર્તા છે. તેના ઉપર સામૂહિક રીતે એ ઈમાન લાવવું જોઈએ કે આ શબ્દોથી જે કંઈ પણ અલ્લાહ તઆલા કહે છે અને જે કંઈ પણ હેતુ છે, તે સત્ય અને સાચું છે અને પોતે પોતાના તરફથી કોઈ અર્થ નક્કી કરવાની ફિકર–ચિંતા કરવામાં ન આવે.

હઝરત ઈમામ માલિક (રહ.)ને એક વ્યક્તિએ એવો સવાલ કર્યો કે, "اِسْتَوَاءٌ عَلَى الْعَرْش (ઈસ્તવાઅ્ અલલ્ અર્શ)નો શું અર્થ છે ?" તેમણે થોડીવાર મૌન રહીને ફરમાવ્યું કે, "શબ્દ اِسْتَوَاءٌ (ઈસ્તવાઅ્)નો અર્થ તો ખબર છે પરંતુ તેની પરિસ્થિતિ અને વાસ્તવિકતાની છણાવટ મનુષ્યની બુદ્ધિ કરી શકતી નથી. જો કે, તેના ઉપર ઈમાન લાવવું વાજિબ છે, તેના સ્વરૂપ અને વાસ્તવિકતા વિશે પ્રશ્ન કરવો બિદ્અત છે. કારણ કે, સહાબએ કિરામ (રદિ.)એ રસૂલુલ્લાહ ﷺને આ પ્રકારના સવાલો કર્યા નથી." સુફિયાન થૌરી, ઈમામ અવઝાઈ, લય્ષ બિન સઅદ, સુફિયાન ઈબ્ને અઈનિયહ, અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક (રહ.)એ ફરમાવ્યું કે, "જે આયતો અલ્લાહ તઆલાની પવિત્ર જાત અને તેની સિફતો વિશે આવી છે, તે જેવી રીતે આવી છે એવી જ રીતે તેને કોઈપણ પ્રકારના ખુલાસા કે તા'વીલ વિના તટસ્થ છોડી દેવું જોઈએ અને તેના ઉપર ઈમાન લાવવું જોઈએ." *(મઝહરી)*

ત્યારબાદ પ્રસ્તુત આયતમાં ફરમાવ્યું, يُغْشِى الَّيْلَ النَّهَارَ يَطْلُبُهٗ حَثِيْثًا એટલે કે, "અલ્લાહ તઆલા ઢાંકી દે છે રાતને દિવસ ઉપર, એ જ પ્રમાણે રાત ઝડપથી દિવસ ઉપર છવાય જાય છે." ભાવાર્થ એ છે કે, રાત અને દિવસના આ પરિવર્તનો સંપૂર્ણ જગતને પ્રકાશમાંથી અંધકારમાં અને અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય છે. આ બધું અલ્લાહ તઆલાની સર્વત્ર છવાયેલ શક્તિના તાબે રહી એટલી ઝડપથી અને સરળતાથી થઈ જાય છે કે, ક્ષણની પણ વાર લાગતી નથી.

ત્યારબાદ ઈરશાદ ફરમાવ્યો, وَالشَّمْسَ وَالْقَمَرَ وَالنُّجُوْمَ مُسَخَّرٰتٍۢ بِاَمْرِهٖ એટલે કે, "અલ્લાહ તઆલાએ સૂર્ય અને ચંદ્ર અને તમામ તારાઓને એવી હાલત ઉપર પેદા કર્યા કે, તે બધા જ અલ્લાહના હુકમ અને આજ્ઞાને આધીન ગતિ કરી રહ્યા છે."

તેમાં એક બુદ્ધિશાળી મનુષ્ય માટે ચિંતન કરવાનું આમંત્રણ છે, જે મખ્લૂક

(અલ્લાહે સર્જેલા પદાર્થો) છે તેની કારીગીરી દરેક સમયે નજરે જોવા મળતી રહે છે કે, મોટા–મોટા નિષ્ણાતોના બનાવેલા યંત્રોમાં પણ કંઈને કંઈ ખામી હોય છે. જો ખામીઓ ન હોય તો પણ આ યંત્રોના ભાગો અમુક સમય પછી ઘસાય જાય છે, ઢીલા પડી જાય છે, તેને રિપેરીંગની જરૂર રહે છે, ઑઈલીંગ–ગ્રીસીંગ વગેરે ઉંજણ કરવું પડે છે અને તેના માટે કેટલાય દિવસો બલકે, અઠવાડિયાઓ કે મહિનાઓ આ યંત્રો બંધ કરવા પડે છે, પરંતુ અલ્લાહ તઆલાના બનાવેલા યંત્રો કે જે પ્રમાણે જે દબદબાથી પ્રથમ દિવસે તેને ચલાવવામાં આવ્યા હતા, એ જ પ્રમાણે ચાલી રહ્યા છે, ન તો તેની ગતિમાં એક ક્ષણનો કે તેનાથી ઓછા સમયનો વિલંબ, તફાવત કે ફરક પડે છે અને ન જ ક્યારેય તેનો કોઈ ભાગ ઘસાય કે તૂટી જાય છે અને ન જ તેને કોઈ વર્કશોપની આવશ્યકતા છે. તેનું કારણ એ છે કે, તે مُسَخَّرَاتٍ بِاَمْرِهٖ થી ચાલી રહ્યું છે, એટલે કે તેને ચલાવવા માટે કોઈ વીજળી કે એનર્જીની જરૂરત નથી, ન કોઈ એન્જિનની આવશ્યકતા છે, તે ફક્ત અલ્લાહના હુકમથી ચાલી રહ્યું છે, માત્ર તેની જ આજ્ઞાને આધીન છે, તેમાં કોઈ તફાવત આવવો કે ફરક પડવો અશક્ય છે. હા ! જ્યારે પોતે સર્વશક્તિમાન પરવરદિગારે આલમ તેને નષ્ટ કરવાનો નિર્ધાર એક નક્કી નિર્ધારિત સમય ઉપર કરશે ત્યારે આ સમગ્ર વ્યવસ્થાતંત્ર અસ્તવ્યસ્ત અને નષ્ટ થઈ જશે, જેનું નામ "કયામત" છે.

આ અમુક ઉદાહરણો વર્ણન કર્યા પછી અલ્લાહ તઆલાની ગઝબનાક શક્તિના એક સર્વવ્યાપી સિદ્ધાંત વિશે વર્ણન કરવામાં આવ્યું છે اَلَا لَهُ الْخَلْقُ وَالْاَمْرُ તેમાં خَـلْـقٌ (ખલ્ક)નો અર્થ "સર્જન કરવું" અને اَمْـرٌ (અમ્ર)નો અર્થ "હુકમ કરવો" થાય છે. અર્થ એ છે કે, આ સિફતો તેના જ માટે ખાસ છે, સર્જનહાર હોવું અને હાકિમ હોવું માત્ર તેની જ સિફત છે, તેના સિવાય ન તો કોઈ સામાન્ય તુચ્છ વસ્તુ પણ પેદા કરી શકે છે અને ન જ કોઈનો કોઈના ઉપર હુકમ કરવાનો અધિકાર છે. (એ સિવાય કે, અલ્લાહ તઆલા તરફથી કોઈ હુકમનો ખાસ વિભાગ કોઈને સોંપવામાં આવ્યો હોય તો તે પણ વાસ્તવમાં અલ્લાહ તઆલાનો જ હુકમ ગણાય છે). એટલા માટે આ આયતનો ભાવાર્થ એ થયો કે, આ બધા પદાર્થોની ઉત્પત્તિ કરવી પણ તેનું જ કામ હતું અને સર્જન કર્યા પછી તેનાથી કામ લેવું પણ કોઈ અન્યના સામર્થ્યની વાત ન હતી, તે પણ અલ્લાહ તબારક વ તઆલાની જ સંપૂર્ણ શક્તિનો ચમત્કાર છે.

સૂફીઓએ ફરમાવ્યું કે, خَـلْـق (ખલ્ક) અને اَمْــر (અમ્ર) બે વિશ્વો છે, "ખલ્ક"નો સંબંધ ભૌતિક પદાર્થો અથવા ભૌતિકતા સાથે છે અને "અમ્ર" (હુકમ)નો સંબંધ અભૌતિક અને અલ્લાહના અદષ્ય વ્યવસ્થાતંત્ર સાથે છે. દાખલા તરીકે, આયત قُـلِ الرُّوْحُ مِنْ اَمْرِرَبِّیْ માં એ તરફ ઈશારો જોવા મળે છે કે, "રૂહ" (આત્મા) અલ્લાહનો હુકમ (અમ્રે રબ્બી) કહેવામાં આવ્યું છે. "ખલ્ક" અને "અમ્ર" બંને એટલે કે "સર્જન અને તેનું વ્યવસ્થાપનતંત્ર" માત્ર અને માત્ર અલ્લાહ તઆલાનું વિશિષ્ટ કાર્ય છે. આસમાન, પૃથ્વી અને દરેક અવકાશી પદાર્થોનું એક ભૌતિક સ્વરૂપ હોય છે અને તેની ઉત્પત્તિ અને સર્જનને "ખલ્ક" કહેવામાં આવે છે અને આ વિરાટ વિશ્વમાં અસ્તિત્વ ધરાવતા બધા જ ભૌતિક પદાર્થોની સંરચના તથા તેમની ઉત્પત્તિ માટે કારણભૂત શબ્દને "અમ્ર"થી પરિભાષિત કરવામાં આવ્યો છે. *(મઝહરી)*

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, تَبَارَکَ اللّٰهُ رَبُّ الْعٰلَمِیْنَ તેમાં શબ્દ تَبَــــارَکْ (તબારક) એ "બરકત"થી બન્યો છે અને બરકતનો અર્થ "વધવું" અથવા "ભલીવાર" અથવા "ટકી રહેવું" વગેરે થાય છે. આ સ્થળે શબ્દ "તબારક"નો અર્થ "ઉચ્ચ" અને "શ્રેષ્ઠ" હોવાનો છે, જે વધવાના અર્થમાં લઈ શકાય છે અને "ટકી રહેવાના" અર્થમાં પણ ઉપયોગ થઈ શકે છે. કારણ કે, અલ્લાહ તઆલા કાયમ અને હંમેશા ટકેલો રહેવાનો છે અને ઉચ્ચ અને શ્રેષ્ઠ પણ છે. ઉચ્ચ હોવાના અર્થ તરફ હદીષના એક વાક્ય તરફ પણ ઈશારો કરવામાં આવ્યો છે. تَبَـارَکْـتَ وَتَـعَـالَیْـتَ یَـاذَاالْـجَلَالِ وَالْاِکْـرَام અહીંયાં تَبَـارَکْـتَ (તબારક્ત)ની તફસીર تَعَالَیْتَ (તઆલયૂત)થી કરવામાં આવી છે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૫૫-૫૬)

اُدْعُوْا رَبَّكُمْ تَضَرُّعًا وَّخُفْيَةً ۭ اِنَّهٗ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ ﴿۵۵﴾ وَلَا تُفْسِدُوْا فِي الْاَرْضِ

بَعْدَ اِصْلَاحِهَا وَادْعُوْهُ خَوْفًا وَّطَمَعًا ۭ اِنَّ رَحْمَتَ اللّٰهِ قَرِيْبٌ مِّنَ الْمُحْسِنِيْنَ ﴿۵۶﴾

તરજુમો :

પોતાના પરવરદિગારને પોકારો આજિઝીપૂર્વક અને છાના-છાના, બેશક !

તેને હદથી વધનારા પસંદ નથી. (૫૫) અને જમીનમાં તેની સુધારણા પછી ખરાબી ન નાંખો અને તેને ડર અને ઉમ્મીદ સહિત પોકારો, બેશક ! અલ્લાહની રહમત નેક કામ કરનારાઓની નજીક છે. (૫૬)

તફસીર :

તમે લોકો (દરેક પરિસ્થિતિમાં અને દરેક આવશ્યકતાના સમયે) પોતાના પરવરદિગાર પાસે દુઆ કર્યા કરો આજિઝીપૂર્વક પણ અને છાના-છાના પણ, (અલબત્ત એ વાત) નક્કી (છે કે) અલ્લાહ તઆલા તે લોકોને પસંદ કરતો નથી જેઓ (દુઆમાં સભ્યતા અને અદબની) મર્યાદા વટાવી દે છે (દાખલા તરીકે, અતાર્કિક અને બુદ્ધિમાં ન સમાય એવી દુઆઓ માંગે અથવા તો શરીઅતની કોઈ હરામ બાબત વિશેની દુઆ માંગવા લાગે) અને દુનિયામાં એ પછી કે (તવહીદની તા'લીમ અને અંબિયા અલૈ.ના માધ્યમ દ્વારા) તેની સુધારણા (અને દુરુસ્તી) થઈ ગઈ; ફસાદ (અરાજકતા) ન ફેલાવો (એટલે કે, તવહીદ વગેરે સત્ય હુકમો માનવાથી અને તેના ઉપર ચાલવાથી કે જેની તા'લીમ ઉપર આપવામાં આવી છે અને જેનાથી જગતમાં શાંતિ અને સલામતી સ્થાપાય છે; તમે આ પ્રસ્તુત શિખામણને છોડીને શાંતિનો ભંગ ન કરો) અને (જેમકે તમને ઉપર ખાસ દુઆ કરવાનો હુકમ થયો છે એ જ પ્રમાણે બાકીની ઈબાદતોનો હુકમ કરવામાં આવે છે કે) તમે અલ્લાહ તઆલાની ઈબાદત (જે પદ્ધતિથી કરવાની તમને બતાવવામાં આવી છે) કર્યા કરો અલ્લાહ તઆલાથી ડરીને અને આશાવાદી બનીને; (એટલે કે ઈબાદત કર્યા પછી ન તો ઘમંડ કે ગર્વ કરો અને ન જ હતાશ કે નિરાશ થાઓ. આગળ ઈબાદત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે કે) બેશક ! અલ્લાહની રહમત નેક કામ કરનારાઓની નજીક છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતના ખાસ-ખાસ ચમત્કારોનું અને મહત્ત્વના ઈનામોનું વર્ણન હતું. આ આયતોમાં એ વર્ણન છે કે, જ્યારે સમગ્ર વિશ્વનો માલિક અને બધા જ અહેસાનો કરનાર અને ઈનામો આપનાર એકમાત્ર અલ્લાહ રબ્બુલ આલમીન છે તો મુસીબત અને જરૂરિયાતના સમયે તેને જ પોકારવો જોઈએ અને તેનાથી જ દુઆ

કરવી જોઈએ, તેને છોડીને કોઈ અન્ય તરફ ધ્યાન કેન્દ્રિત કરવું નરી અજ્ઞાનતા અને વંચિતતા છે.

એની સાથે-સાથે આ આયતોમાં દુઆના અમુક અદબો અને તરીકાઓ બતાવવામાં આવ્યા છે જેનું પાલન કરવાથી દુઆ કબૂલ થવાની ઉમ્મીદ વધી જાય છે. શબ્દ دُعَـــاءُ (દુઆ) અરબી ભાષામાં કોઈની જરૂરિયાત પૂરી કરવા માટે પોકારવાના અર્થમાં પણ આવે છે અને સદંતર યાદ કરવાના અર્થમાં પણ; અત્રે આ બંને અર્થો હોઈ શકે છે. આયતમાં ઈરશાદ છે, اُدْعُــوْا رَبَّــكُــمْ એટલે કે, "પોકારો પોતાના પરવરદિગારને પોતાની જરૂરિયાતો માટે અથવા યાદ ો અને ઈબાદત કરો પોતાના પરવરદિગારની."

પ્રથમ સ્વરૂપમાં ભાવાર્થ એ થશે કે, પોતાની જરૂરિયાતો માત્ર અને માત્ર અલ્લાહ તબારક વ તઆલા પાસે જ માંગો અને બીજા સ્વરૂપમાં ભાવાર્થ એ થશે કે, ઝિક્ર (સ્મરણ) અને ઈબાદત કરો ફક્ત તેની જ. આ બંને તફસીરો સલફે સાલિહીન તફસીરના ઈમામોથી નકલ થઈ છે.

ત્યાર પછી ઈરશાદ ફરમાવ્યો, تَضَـرُّعًا وَّخُفْيَةً તેમાં تَضَرُّع (તદર્રુઅ્)નો અર્થ "આજિઝી અને લાચારી દર્શાવવા"નો પણ છે તથા خُفْيَة (ખુફિયહ)નો અર્થ થાય છે, "ગુપ્ત રીતે, છાનું-માનું." જેમકે, ઉર્દૂ ભાષામાં પણ આ શબ્દ આ જ અર્થ માટે વપરાય છે.

આ બંને શબ્દોમાં દુઆનું વર્ણન કરવા માટે બે મહત્ત્વના અદબ અને નિયમનું વર્ણન છે. પ્રથમ એ કે દુઆની સ્વીકૃતિ માટે એ જરૂરી છે કે, મનુષ્ય અલ્લાહ તઆલાની સામે પોતાની આજિઝી, લાચારી તથા અસમર્થતાને જાહેર કરીને દુઆ કરે. તેના શબ્દોમાં પણ આજિઝી અને લાચારી ટપકતી હોય, ભાષામાં પણ વિનમ્રતા અને લાચારીનું પ્રદર્શન થતું હોય એ રીતે દુઆ માંગવાની પદ્ધતિ પણ એવી જ હોય. એનાથી જાણ થઈ કે આજકાલ લોકો જે પ્રકારે દુઆ માંગે છે, પ્રથમ તો તેને દુઆ માંગવું જ કહી શકાય નહીં બલકે, તેને પઢવું કહી શકાય છે, કારણ કે મોટા ભાગે તેમને એ પણ ખબર નથી હોતી કે અમે જે વાક્યો મુખેથી બોલી રહ્યા છે એનો અર્થ શું થાય છે, જેમકે વર્તમાન પરિસ્થિતિમાં સામાન્ય રીતે મસ્જિદોના ઈમામોનો એ રિવાજ થઈ ગયો છે કે, અમુક અરબી

ભાષામાં દુઆના વાક્યો તેમને યાદ હોય છે અને નમાઝ પઢ્યા પછી તેને પઢવામાં આવે છે, મોટે ભાગે તો તે ઈમામોને પણ આ વાક્યોનો અર્થ ખબર હોતો નથી અને જો તેમને ખબર પણ હોય તો ઓછામાં ઓછું ઘણા જાહિલ મુક્તદીઓ તો એનાથી બિલકુલ જ બેખર અને અજ્ઞાન હોય છે, તેઓ વિના સમજ્યે જ ઈમામના પઢેલા વાક્યોની પાછળ "આમીન-આમીન" કહ્યે જાય છે. આ બધા તમાશાનો હેતુ અમુક વાક્યો પઢવાનો હોય છે. દુઆ માંગવાની જે હકીકત છે તે અત્રે જોવા મળતી જ નથી. એ બીજી વાત છે કે, અલ્લાહ તઆલા પોતાની કૃપા અને રહમતથી તે નિર્જીવ વાક્યો પણ કબૂલ કરીને દુઆની સ્વીકૃતિની નિશાનીઓ પેદા કરી આપે પરંતુ પોતાના તરફથી એવું સમજી લેવું જરૂરી છે કે, દુઆ પઢવામાં આવતી નથી બલકે માંગવામાં આવે છે. એટલા માટે જરૂરી છે કે તેને માંગવાના સ્વરૂપમાં જ માંગવી જોઈએ.

બીજી વાત એ કે, કોઈ વ્યક્તિને પોતાના વાક્યોનો અર્થ ખબર પણ હોય અને સમજીને પણ કહી રહ્યો હોય તો જો તેની સાથે વિષય અને તે વાક્યો બોલવાની પદ્ધતિ અને એવી શૈલી જાહેર ન થાય કે જેમાં વિનમ્રતા, લાચારી કે આજિઝી દેખાતી ન હોય તો આ દુઆ પણ નરી એક માંગણી જ બનીને રહી જાય છે, જેનો કોઈપણ બંદાને કોઈ અધિકાર નથી.

મતલબ એ છે કે, પ્રથમ શબ્દમાં દુઆની "રૂહ" (આત્મા) બતાવવામાં આવી કે, તે વિનમ્રતા અને આજિઝી સાથે પોતાની અસમર્થતા, અશક્તિ તથા લાચારી બતાવીને અલ્લાહ તઆલા પાસે પોતાની જરૂરિયાત માટે માંગવાની છે. બીજા શબ્દમાં એક બીજું માર્ગદર્શન આપવામાં આવ્યું કે, દુઆ ગુપ્તપણે અને છાના-માના માંગવી વધારે શ્રેષ્ઠ છે તથા તે કબૂલ થવાની શક્યતા છે, કારણ કે પ્રથમ તો મોટા અવાજે દુઆ માંગવામાં વિનમ્રતા અને લાચારી બાકી રહેવું મુશ્કેલ છે. બીજું એ કે, તેમાં રિયાકારી (દેખાડો) અને શોહરતનો પણ ભય છે, ત્રીજું એ કે, આવા સ્વરૂપનો અમલ એવો છે જાણે કે એ વ્યક્તિ જાણતો જ નથી કે અલ્લાહ તઆલા સર્વજ્ઞ અને સઘળું સાંભળનાર છે જે આપણા જાહેર અને ગુપ્ત જીવનને સમાન રીતે જાણે છે, તે કોઈપણ વાત ગુપ્ત હોય કે જાહેર બધું જ સાંભળે છે, આથી ગઝ્વએ ખયૂબરના મોકા ઉપર સહાબએ કિરામ (રદિ.)નો અવાજ દુઆમાં મોટો થઈ ગયો તો રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે, "તમે કોઈ

બહેરા અથવા અદષ્ય (હસ્તી)ને પોકારી રહ્યા નથી, જેથી આટલા મોટા અવાજે કહી રહ્યા છો. બલકે, એક સઘળું સાંભળનાર અને અત્યંત નિકટ (હસ્તી)ને સંબોધી રહ્યા છો.'' (એટલે કે અલ્લાહ તઆલાને સંબોધી રહ્યા છો, એટલા માટે અવાજને ઊંચો કરવો વ્યર્થ છે.)

ખુદ અલ્લાહ તઆલાએ એક નેક વ્યક્તિની દુઆનું વર્ણન આ શબ્દોમાં કર્યું છે. اِذْ نَادٰى رَبَّهٗ نِدَآءً خَفِيًّا એટલે કે, ''જ્યારે તેણે પરવરદિગારને ધીમા અવાજથી પોકાર્યો'' એનાથી જાણ થાય છે કે, અલ્લાહ તઆલાને દુઆનું આ સ્વરૂપ પસંદ છે કે વિનમ્ર અને ધીમા અવાજે દુઆ માંગવામાં આવે.

હ઼ઝરત હસન બસરી (રહ.) ફરમાવે છે કે, ''જાહેર અને મોટા અવાજે દુઆ કરવા કરતાં ધીમા અને વિનમ્ર અવાજથી દુઆ માંગવામાં સિત્તેર ઘણી વધારે ફઝીલત (શ્રેષ્ઠતા)નો તફાવત છે.'' સલફે સાલિહીનની ટેવ એ હતી કે, ઝિક્ર અને દુઆમાં ઘણો સંઘર્ષ કરતા હતા અને મોટા ભાગનો સમય તેમાં જ મશગૂલ રહેતા હતા પરંતુ કોઈ તેમનો અવાજ સાંભળતું ન હતું બલકે, તેમની દુઆઓ ફક્ત તેમના અને તેમના પરવરદિગાર વચ્ચે જ રહેતી હતી. તેમાંથી ઘણા લોકો તો સંપૂર્ણ કુર્આન કંઠસ્થ (હિફ્ઝ) કરતા અને તિલાવત કર્યા કરતા હતા, પરંતુ કોઈ બીજાને ખબર પણ પડતી ન હતી અને ઘણા લોકો દીનનું ઇલ્મ પ્રાપ્ત કરતા હતા પરંતુ લોકોને બતાવતા ફરતા ન હતા. ઘણા બધા લોકો રાત્રે પોતાના ઘરોમાં લાંબી-લાંબી નમાઝો પઢતા હતા પરંતુ આવનાર આગંતુકને ખબર પણ પડતી ન હતી અને હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે, ''અમે એવા લોકોને જોયા છે કે તેઓ બધી જ ઇબાદતો જેને તેઓ ગુપ્તપણે અદા કરી શકતા હતા, ક્યારેય જોયું નથી કે તેને જાહેરમાં અદા કરતા હોય, તેમનો અવાજ દુઆઓમાં અત્યંત ધીમો રહેતો હતો.'' *(ઇબ્ને કષીર, મઝહરી)*

ઇબ્ને ઝુરૈજે ફરમાવ્યું, ''દુઆમાં મોટો અવાજ કાઢવો અને શોરબકોર કરવો મકરૂહ છે.'' ઇમામ અબૂબક્ર જસ્સાસ હનફી (રહ.)એ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું કે, ''આ આયતથી જાણ થઈ કે, દુઆને ધીમેથી માંગવું મોટા અવાજે માંગવા કરતાં શ્રેષ્ઠ છે.'' હઝરત હસન બસરી (રહ.) અને ઇબ્ને અબ્બાસ (રદિ.) દ્વારા આ જ અભિપ્રાય વ્યક્ત થયો છે અને આ આયતથી એ

પણ જાણ થઈ કે, નમાઝમાં સૂરએ ફાતિહા પૂર્ણ થવા ઉપર જે "આમીન" કહેવામાં આવે છે તેને પણ ધીમેથી કહેવું ઉત્તમ છે. કારણ કે, "આમીન" પણ એક દુઆ જ છે.

આપણા યુગમાં મસ્જિદના ઈમામોને અલ્લાહ તઆલા હિદાયત આપે કે, કુર્આન અને સુન્નતની આ પ્રેરણા અને પ્રોત્સાહનને તથા સલફે-સાલિહીન (પુરોગામી બુઝૂર્ગો)ના તરીકાને બિલકુલ છોડી બેઠા છે. દરેક નમાઝ પછી દુઆની એક કૃત્રિમ કાર્યવાહી થાય છે, મોટા અવાજે અમુક વાક્યો પઢવામાં આવે છે જે દુઆના અદબ વિરુદ્ધ હોવા ઉપરાંત તે નમાઝીઓની નમાઝમાં પણ ખલેલ પેદા કરે છે જેઓ પાછળથી આવેલા હોવાના કારણે ઈમામના નમાઝ પૂરી કર્યા પછી પોતાની બાકી નમાઝ પૂરી કરી રહ્યા હોય છે. રિવાજના જોરના કારણે બુરાઈ અને ફસાદ તેમની આંખોથી ઓજલ થઈ ગઈ છે. કોઈ ખાસ પરિસ્થિતિ ઉપર ખાસ દુઆ સમગ્ર સમૂહને કરાવવાનો હેતુ હોય એવી પરિસ્થિતિમાં એક વ્યક્તિ મોટા અવાજે દુઆના શબ્દો કહે અને બીજા આમીન કહે તેમાં કોઈ વાંધો નથી. શરત એ છે કે, બીજા લોકોની નમાઝ અને ઈબાદત વગેરેમાં આવું કરવું ખલેલ પેદા ન કરતું હોય અને એવું કરવાની ટેવ ન પાડે કે સામાન્ય લોકો એવું સમજવા લાગે કે દુઆ કરવાની આ જ પદ્ધતિ છે જેમકે, આજકાલ સામાન્ય રીતે થઈ રહ્યું છે.

આ વર્ણન પોતાની જરૂરિયાતો માટે દુઆ માંગવાનું હતું. જો આ સ્થળે દુઆનો અર્થ અલ્લાહનો ઝિક્ર અને ઈબાદતનો લેવામાં આવે તો તેમાં પણ સલફે સાલિહીન ઉલમાની તહકીક એ જ છે કે, ધીમા અવાજે ઝિક્ર કરવું મોટા અવાજે ઝિક્ર કરવાથી ઉત્તમ છે અને સૂફિયાએ કિરામમાં ચિશતીયા મશાઈખ જે અનુયાયીને મોટા અવાજે ઝિક્ર કરવાની તાકીદ કરે છે તેઓ તે વ્યક્તિની પરિસ્થિતિની યોગ્યતાના આધારે ઈલાજ સ્વરૂપે કરે છે. જેથી મોટા અવાજ દ્વારા ઉણપ અને ગફલત દૂર કરવામાં આવે અને હૃદયમાં અલ્લાહના ઝિક્રની સાથે એક પ્રકારનું આકર્ષણ અને લગાવ પેદા થઈ જાય, નહિતર આપમેળે મોટા અવાજે ઝિક્ર કરવો ત્યાં પણ હેતુ નથી હોતો, જો કે તે જાઈઝ છે અને તેનું જાઈઝ હોવાનું પણ હદીષથી સાબિત છે, શરત એ છે કે તેમાં રિયા (દેખાડો) અને નામનાનો ઈરાદો ન હોય.

ઈમામ અહમદ બિન હમ્બલ, ઈબ્ને હબ્બાસ, બયહકી (રહ.) વગેરેએ હઝરત સઅદ બિન અબી વક્કાસ (રદિ.)થી રિવાયત નકલ કરી છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

خَيْرُ الذِّكْرِ الْخَفِيُّ وَخَيْرُ الرِّزْقِ مَا يَكْفِيْ،

"ઉત્તમ ઝિક્ર છાની રીતે કરવામાં આવેલ ઝિક્ર છે અને ઉત્તમ રોજી તે છે જે માનવી માટે પૂરતી થઈ જાય."

હા ! ખાસ-ખાસ પરિસ્થિતિઓ અને મોકાઓ ઉપર મોટા અવાજે ઝિક્ર કરવું હેતુપૂર્ણ અને શ્રેષ્ઠ પણ હોય છે. તે પરિસ્થિતિઓ અને મોકાઓની વિગત રસૂલે કરીમ ﷺએ પોતાના નિવેદનો અને આચરણથી સ્પષ્ટ કરી દીધી છે. દાખલા તરીકે, અઝાન અને ઇકામતને મોટા અવાજે કહેવું, "જહરી નમાઝો" (ફજર, મગરિબ અને ઈશામાં ઈમામ મોટા અવાજે કુર્આનની તિલાવત કરે છે, તેને "જહરી નમાઝો" કહેવામાં આવે છે)માં મોટા અવાજે કુર્આનની તિલાવત, નમાઝની તકબીરો, તકબીરે તશરીક (ઈદુદુહા-બકરી ઈદના ત્રણ દિવસ સુધી દરેક નમાઝ પછી મોટા અવાજે બોલવામાં આવતી તકબીર), હજ્જમાં તલબિય્યહ મોટા અવાજે કહેવું વગેરે. આથી ફુકહાએ આ વિષયમાં એવો નિર્ણય કર્યો છે કે, જે ખાસ પરિસ્થિતિઓ અને સ્થળોએ રસૂલે કરીમ ﷺએ પોતાના નિવેદનોથી અથવા પ્રવૃત્તિથી અવાજ મોટો કરવાની તાકીદ કરી છે ત્યાં તો અવાજ મોટો કરવો જ જોઈએ તે ઉપરાંત બીજી પરિસ્થિતિઓ અને સ્થળોએ અવાજ ધીમો રાખવો ઉત્તમ અને લાભદાયક છે.

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, اِنَّهٗ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ તેમાં مُعْتَدِيْنَ (મુઅ્તદીન) એ اِعْتِدَاءٌ (ઈઅ્તિદાઅ્)થી બનેલ શબ્દ છે. "ઈઅ્તિદાઅ્"નો અર્થ "હદથી આગળ વધી જવું, મર્યાદાનું ઉલ્લંઘન કરવું" થાય છે. અર્થ એ છે કે, "અલ્લાહ તઆલા મર્યાદા વટાવી જનારા લોકોને પસંદ કરતો નથી." મર્યાદાથી આગળ વધવું ભલે દુઆમાં હોય અથવા આવો અતિરેક અન્ય કોઈ અમલમાં; બધાની સરખી જ પરિસ્થિતિ છે કે, તે અલ્લાહ તઆલાને પસંદ નથી બલકે, જો વિચાર કરવામાં આવે તો દીને ઈસ્લામ નામ જ હદો, મર્યાદાઓ, શરતોની પાબંદી અને ફરમાંબરદારીનું છે. નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત અને બધા જ

અમલો શરીઅતની હદો ઓળંગી કરવામાં આવે તો તે ઈબાદતના બદલે ગુનોહ બની જાય છે.

દુઆમાં મર્યાદા વટાવી જવાના અનેક સ્વરૂપો છે. એક એ કે, દુઆમાં શાબ્દિક શબ્દોની પસંદગીમાં પ્રાસ અને રદીફ-કાફિયા વગેરે જેવું કાવ્યમય સ્વરૂપ અપનાવવામાં આવે જેનાથી એકાગ્રતા, ધ્યાન તથા ખુશૂઅ્ અને ખુજૂઅ્માં ફરક પડે, બીજું એ કે બિનજરૂરી પાબંદીઓ અને શરતો લગાવવામાં આવે, જેમકે હદીષમાં છે કે હઝરત અબ્દુલ્લાહ બિન મગફલ (રદિ.)એ જોયું કે, તેમનો પુત્ર એ પ્રમાણે દુઆ માંગી રહ્યો છે કે, "યા અલ્લાહ ! હું તારી પાસે જન્નતમાં જમણી બાજુવાળા સફેદ રંગના મહેલની માંગણી કરું છું," તો હઝરત અબ્દુલ્લાહ બિન મગફલે તેમને એવું કહેવાથી રોક્યા અને ફરમાવ્યું કે, "દુઆમાં આવી શરતો અને પાબંદીઓ લગાવવી હદથી વધી જવું ગણાય છે જેની કુર્આન અને હદીષમાં મનાઈ ઠરાવવામાં આવી છે." *(મઝહરી બ રિવાયતે ઈબ્ને માજહ વગેરે)*

હદથી આગળ વધી જવાનું ત્રીજું સ્વરૂપ એ છે કે, સામાન્ય મુસલમાનો માટે એવી બદ્દુઆ કરે અથવા કોઈ એવી વસ્તુ માંગે જે સામૂહિક હિત માટે નુકસાનકારક હોય. એ જ પ્રમાણે મર્યાદાથી આગળ વધી જવાનું એક સ્વરૂપ એ પણ છે કે, જે એવા સ્થળ માટે વર્ણન થયું છે કે ત્યાં દુઆમાં વિના જરૂરતે મોટો અવાજ કરવામાં આવે. *(તફસીરે મઝહરી, અહકામુલ કુર્આન)*

બીજી આયતમાં ઈરશાદ ફરમાવ્યો, وَلَا تُفْسِدُوْا فِى الْاَرْضِ بَعْدَ اِصْلَاحِهَا તેમાં બે શબ્દો વિરોધાભાસી અને એકબીજાના મુકાબલામાં આવ્યા છે અને તે છે صَلَاحٌ (સલાહ) અને فَسَادٌ (ફસાદ). "સલાહ"નો અર્થ "બરાબર કરવું, ઠીકઠાક કરવું" અને "ફસાદ"નો અર્થ "અરાજકતા ફેલાવવી, ખરાબ કરવું" વગેરે થાય છે. ઈમામ રાગિબ (રહ.)એ મુફરદાતુલ કુર્આનમાં ફરમાવ્યું કે, ફસાદ તેને કહેવામાં આવે છે કે કોઈ વસ્તુના મધ્યમ માર્ગથી બહાર નીકળી જવું, ભલે તે બહાર નીકળી જવાની માત્રા થોડી હોય અથવા વધારે અને દરેક ફસાદમાં ઓછા-વત્તાનું માપ આ જ મધ્યમ માર્ગ ઉપરથી હટી જવા ઉપર આધારિત છે, જેટલા પ્રમાણમાં બહાર નીકળવામાં આવશે ફસાદ (અરાજકતા) એટલી વધશે. "ફસાદ"નો અર્થ જ "ખરાબી પેદા કરવી-અરાજકતા ફેલાવવી" અને "ઈસ્લાહ"નો અર્થ "ઠીકઠાક કરવું, બરાબર કરવું" થાય છે. એટલા માટે

وَلَا تُفْسِدُوْا فِى الْاَرْضِ بَعْدَ اِصْلَاحِهَا નો અર્થ એ થયો કે, "જમીન (પ્રદેશ)માં ખરાબી પેદા ન કરો ત્યારબાદ કે તેની અલ્લાહ તઆલાએ દુરુસ્તી (ઠીકઠાક) કરી દીધી."

ઈમામ રાગિબ (રહ.)એ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલાનું કોઈ વસ્તુની સુધારણા કરવું તેના અનેક સ્વરૂપો હોઈ છે. એક એ કે, તેને પ્રથમથી જ ઠીકઠાક અને વ્યવસ્થિત પેદા કર્યું જેમકે, وَاَصْلَحَ بَالَهُمْ (૪૭ : ૨) બીજું એ કે, તેમાં જે ફસાદ આવી ગઈ હતી તેને દૂર કરી દીધી જેમકે, يُصْلِحْ لَكُمْ اَعْمَالَكُمْ (૩૩:૭૧) ત્રીજું એ કે, તેની સુધારણાનો હુકમ આપવામાં આવે. આ આયતમાં જે આ ઈરશાદ છે કે, અલ્લાહ તઆલાએ જ્યારે જમીન (પ્રદેશ)ની સુધારણા અને દુરુસ્તી કરી, ત્યારબાદ તમે તેમાં ફસાદ અને ખરાબી ન નાંખો. તેમાં જમીનની દુરુસ્તી કરવાના બે અર્થ હોય શકે છે, એક જાહેર દુરુસ્તી કે જમીનને ખેતી અને વૃક્ષો ઉગાડવાના પાત્ર બનાવી, તેના ઉપર વાદળોમાંથી પાણી વરસાવી જમીનમાંથી ફળ–ફૂલ કાઢ્યા. મનુષ્યો અને બીજા પ્રાણીઓ માટે જમીનમાંથી દરેક પ્રકારની આવશ્યક જીવન જરૂરી ચીજ વસ્તુઓ અને રાહતનો સામાન પેદા કર્યો.

બીજો સમજવામાં આવતો અર્થ એ છે કે, જમીનની ઉપર વસતા મનુષ્યને માર્ગદર્શન આપી તેમની સુધારણા કરી, એ પ્રમાણે કે પૃથ્વી ઉપર પોતાના રસૂલો, પોતાની કિતાબો અને હિદાયતો મોકલી તેને કુફ્ર–શિર્ક અને ગુમરાહીથી પવિત્ર કર્યા અને એવું પણ થઈ શકે છે કે, આ બંને અર્થ એટલે કે, ભૌતિક અને રૂહાની બંને પ્રકારનો અર્થ સાચો હોય. હવે, તમે તેમાં પોતાના ગુનાહો અને નાફરમાનીઓ દ્વારા ફસાદ અને અરાજકતા ન ફેલાવો અને ખરાબીઓ પૈદા ન કરો.

જમીનની દુરુસ્તી અને ખરાબી શું છે ? અને લોકોના ગુનાહોની તેમાં શું દખલગીરી છે ? :

જે પ્રમાણે સુધારણાના બે પ્રકારો જાહેર અને આંતરિક અથવા ભૌતિક અને રૂહાની હોય છે, એ જ પ્રમાણે ફસાદના પણ બે પ્રકારો છે. જમીનની જાહેર સુધારણા તો એ છે કે, અલ્લાહ તઆલાએ તેનું એક કદ બનાવ્યું છે, ભૌતિક

સ્વરૂપ આપ્યું છે કે, તે ન તો પાણીની જેમ પ્રવાહી છે કે એક જગ્યાએ સ્થિર ન રહી શકે અને ન જ પથ્થર અને લોઢા જેવી કઠણ છે કે જેને ખોદી પણ ન શકાય. તેને એક મધ્યમ કક્ષાની પરિસ્થિતિમાં પેદા કરવામાં આવી છે જેથી માનવી તેને નરમ કરી ખેડી-ખોદી ખેતી કરી શકે, વૃક્ષો તથા ફળ-ફૂલ ઉગાડી શકે, તેમાં ખોદકામ કરી કૂવાઓ, નહેરો અને ખાઈઓ વગેરે બનાવી શકે, મકાનોના પાયાઓને મજબૂત કરી શકે, ત્યાર પછી આ પૃથ્વીના પેટાળમાં અને તેની સપાટી ઉપર એવા પદાર્થો પેદા કર્યા જેનાથી પૃથ્વી આબાદ થઈ. તેમાં હરિયાળી અને વૃક્ષો તથા ફળ-ફૂલ ઉગાડવાની ક્ષમતા પેદા કરવામાં આવી, પર્યાવરણમાં હવા, પ્રકાશ, ગરમી, ઠંડી વગેરેનું વાતાવરણ પેદા કરવામાં આવ્યું અને પછી વાદળો દ્વારા આ પૃથ્વી ઉપર પાણી વરસાવવામાં આવ્યું કે જેનાથી વનસ્પતિ પેદા થઈ શકે. વિવિધ તારાઓ, ગ્રહોના ઠંડા-ગરમ કિરણો તેના ઉપર નાંખવામાં આવ્યા, જેનાથી ફળ અને ફૂલોમાં રંગબેરંગી રંગો ખીલી ઉઠયા. મનુષ્યને બુદ્ધિ અર્પણ કરવામાં આવી, જેના દ્વારા જમીનમાંથી નીકળનાર દરેક ખનીજ પદાર્થો કોલસો, લોખંડ, તાંબુ, પિત્તળ, એલ્યુમિનિયમ વગેરેને જોડી-તોડીને કૃત્રિમ યંત્રો અને મશીનોની એક નવા જ પ્રકારની દુનિયા રચી કાઢવામાં આવી. આ બધી પૃથ્વીની ભૌતિક સુધારણા છે જે અલ્લાહ તબારક વ તઆલાએ પોતાની સંપૂર્ણ કુદરત અને શક્તિ વડે કરી છે.

અને રૂહાની તથા અંતરમનની સુધારણાનો આધાર અલ્લાહના ઝિક્ર તથા અલ્લાહ સાથે સંબંધ અને તેની ફરમાંબરદારી ઉપર આધારિત છે. આથી અલ્લાહ તઆલાએ પ્રથમ તો દરેક વ્યક્તિના દિલમાં એક લાગણી અને ભાવના તેની ફરમાંબરદારી અને તેના સ્મરણની મૂકી દીધી છે. فَأَلْهَمَهَا فُجُورَهَا وَتَقْوَاهَا (૯૧:૮) અને મનુષ્યની ચારે તરફ દરેક કણે-કણમાં પોતાની સંપૂર્ણ કુદરત અને કારીગીરીના આશ્ચર્યજનક એવા ચમત્કારો અને દષ્યો ઊભા કરી દીધા કે, જેને જોઈને સામાન્ય બુદ્ધિશક્તિ તથા સમજદારી ધરાવનાર વ્યક્તિ પણ બોલી ઉઠે છે, فَتَبَارَكَ اللَّهُ أَحْسَنُ الْخَالِقِينَ (૨૩ : ૧૪) આ ઉપરાંત પોતાના રસૂલ (અલૈ.) મોકલ્યા, કિતાબો નાઝિલ કરી, જેના દ્વારા મખ્લૂકનો સંબંધ અલ્લાહની સાથે જોડવાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી.

એ જ પ્રમાણે પૃથ્વીની ભૌતિક અને રૂહાની બંને પ્રકારની સંપૂર્ણ સુધારણા

થઈ ગઈ. હવે હુકમ આ છે કે, "અમે એ જમીનને દુરુસ્ત અને ઠીકઠાક કરી દીધી છે તો તમે તેને ખરાબ ન કરો."

જે પ્રમાણે સુધારણાના બે પ્રકારો જાહેર અને આંતરિક એટલે કે, ભૌતિક અને રૂહાની (આધ્યાત્મિક) વર્ણન કરવામાં આવ્યા છે, એ જ પ્રમાણે એનાથી ઊલટું ફસાદના પણ બે પ્રકારો ભૌતિક અથવા રૂહાની છે અને પરવરદિગારે આલમના ફરમાન દ્વારા બંને પ્રકારની ફસાદની મનાઈ કરવામાં આવી છે.

જો કે, કુર્આને કરીમ અને રસૂલે કરીમ ﷺનો મૂળ હેતુ અને તેમના હોદ્દાની ફરજ મનુષ્યના બાતિનની એટલે કે રૂહાની સુધારણા કરવાનો છે અને રૂહાની ફસાદથી રોકવાનો છે, પરંતુ આ દુનિયામાં ભૌતિક અને રૂહાની સુધારણા તથા ફસાદમાં એક એવું જોડાણ છે કે, એક ફસાદ બીજી ફસાદનું કારણ બની જાય છે, એક પ્રકારની અરાજકતા અનેક પ્રકારની અરાજકતાના દ્વાર ખોલે છે. એટલા માટે શરીઅતે જે પ્રમાણે રૂહાની ફસાદના દરવાજા બંધ કર્યા છે, એ જ પ્રમાણે જાહેર અને ભૌતિક ફસાદની પણ મનાઈ કરી છે. જેમકે ચોરી, લૂંટફાટ, ખૂનામરકી, નિર્લજ્જતાની બધી જ પદ્ધતિઓ દુનિયામાં જાહેર અને બાતિન દરેક પ્રકારની ફસાદ અને અરાજકતા ઉત્પન્ન કરે છે. એટલા માટે આ વસ્તુઓ ઉપર તાકીદપૂર્વક પાબંદીઓ લગાવવામાં આવી છે અને તેની કઠોર સજાઓ નક્કી કરવામાં આવી છે તથા સામાન્ય ગુનાહો અને અપરાધોને પણ હરામ ઠરાવ્યા છે. કારણ કે, દરેક ગુનાહ અથવા અપરાધ નાનો હોય કે મોટો જાહેર ફસાદનું કારણ હોય છે તો ક્યાંક રૂહાની ફસાદનું નિમિત્ત બને છે અને જો વિચાર કરવામાં આવે તો દરેક જાહેર ફસાદ રૂહાની ફસાદનું કારણ બને છે, રૂહાની ફસાદ જાહેર અરાજકતા ફેલાવવાનું માધ્યમ બને છે.

જાહેર અને ભૌતિક ફસાદ એ બાતિન અને રૂહાની ફસાદનું કારણ હોવું તો દેખીતું છે કે, તેનાથી અલ્લાહના હુકમોનું અનુસરણ કરવાનો વિરોધ થાય છે અને અલ્લાહ તઆલાની નાફરમાનીનું બીજું નામ જ રૂહાની ફસાદ છે. અલબત્ત, રૂહાની ફસાદ ક્યા પ્રકારે જાહેર અરાજકતા અને ફસાદનું કારણ બને છે તેને ઓળખવા માટે કોઈ ઊંડું ચિંતન-મનન કે વિચાર કરવાની જરૂર નથી. કારણ કે, આ સમગ્ર દુનિયા અને તેની દરેક નાની-મોટી વસ્તુ બધી જ માલિકુલ મુલ્ક વલ

મલકૂત અલ્લાહ રબ્બુલ ઈજ્જતની બનાવેલી છે અને તેના તાબે અને તેના હુકમને આધીન છે. જ્યાં સુધી માનવી અલ્લાહ તઆલાનો તાબે'દાર અને આજ્ઞાપાલક રહે છે ત્યાં સુધી આ બધી વસ્તુઓ માનવી માટે વાસ્તવિક સેવક બની રહે છે અને જ્યાં માનવી અલ્લાહ તઆલાની નાફરમાની કરવા લાગે તેની આજ્ઞાની અવજ્ઞા (નાફરમાની) કરે તો દુનિયાની સમગ્ર ચીજવસ્તુઓ અદષ્ય સ્વરૂપે મનુષ્યની નાફરમાન અને તેની આજ્ઞાની અવજ્ઞા કરવા લાગે છે. જેને મનુષ્ય પોતાની આંખોથી જોઈ નથી શકતો પરંતુ આ વસ્તુઓની નિશાનીઓ અને ખાસિયતોની સાબિતી તેના પરિણામો અને લાભોમાં વિચાર કરવાથી સ્પષ્ટપણે મળી જાય છે.

જાહેરમાં તો આ દુનિયાની સમગ્ર વસ્તુઓ મનુષ્યના ઉપયોગ માટે છે. પાણી તેના ગળા નીચે ઊતરે છે તો તેની તરસ સંતોષાય છે અને તે પાણી તેની તરસ સંતોષવાથી ઈન્કાર નથી કરતું. ભોજન તેની ભૂખ દૂર કરવાથી અટકતું નથી, કપડાં અને મકાન તેને ઠંડી અને ગરીમીથી રાહત અપાવવામાં આનાકાની કરતા નથી, પરંતુ પરિણામની દષ્ટિએ જોવામાં આવે તો તેમાંથી કોઈ વસ્તુએ પણ પોતાનું કામ પૂર્ણ નથી કર્યું. કારણ કે, આ વસ્તુઓનો અસલી હેતુ અને તેના ઉપયોગ પાછળનો ધ્યેય એ હોય છે કે મનુષ્યને આરામ અને રાહત પ્રાપ્ત થાય, તેની પરેશાનીઓ અને તકલીફો દૂર થાય તથા બીમારને તંદુરસ્તી મળે.

હવે દુનિયાની પરિસ્થિતિ ઉપર નજર નાંખવાથી જાણ થશે કે, આજકાલ રાહતનો સામાન, તંદુરસ્તી અને સ્વાસ્થ્ય લાભની વસ્તુઓના અતિરેક હોવા છતાં માનવીની બહુમતી અત્યંત પરેશાનીઓ અને બીમારીઓનો શિકાર છે. નવી-નવી બીમારીઓ, નવા-નવા પ્રકારની મુસીબતો વરસી રહી છે, કોઈ મોટાથી મોટો મનુષ્ય પણ પોતાના સ્થળે સંતોષિત અને આરામમાં નથી બલકે, જેમ જેમ આ ભૌતિક સરસામાનનો અતિરેક થતો ગયો છે એ જ ગતિએ મુસીબતો અને આફતો, બીમારીઓ અને પરેશાનીઓ વધતી ચાલે છે.

مرض بڑھتا گیا جوں جوں دوا کی

બીમારી વધતી ગઈ જેમ-જેમ દવા કરતા ગયા.

આજના માનવીને વીજળી, વરાળ, વીજાણું અને અન્ય ભૌતિક

રંગીનીઓએ સંમોહિત કર્યો છે. જરા આ ભૌતિક પદાર્થોથી ઉપર ઊઠીને વિચારો તો જાણ થશે કે, આપણા સમગ્ર પ્રયત્નો અને સઘળી કલા કારીગીરી તથા સંશોધનો આપણા મૂળ હેતુ એટલે કે, સંતોષ અને રાહત પ્રાપ્ત કરવામાં નિષ્ફળ નિવડ્યા છે, તેનું કારણ આ રૂહાની અને આંતરિક કારણ સિવાય કંઈ જ નથી કે આપણે રબ્બુલ આલમીન અને હકીકી માલિક અલ્લાહ રબ્બુલ ઈજ્જતની નાફરમાની અપનાવી તો તેની મખ્લૂકે પણ અદષ્ય (તકવીની) સ્વરૂપે આપણી નાફરમાની શરૂ કરી દીધી.

چوں از و گشتی ہمہ چیز از تو گشت

જ્યારે કે તેં અલ્લાહથી મ્હોં ફેરવી લીધું,
તો બધી જ વસ્તુઓએ તારાથી મ્હોં ફેરવી લીધું.

આપણા માટે વાસ્તવિક આરામ અને રાહત આ ભૌતિક પદાર્થો નથી. મવલાના રૂમી (રહ.) ફરમાવે છે,

خاک و باد و آب آتش بندہ اند : با من و تو مردہ باحق زندہ اند

એટલે કે, દુનિયાની આ બધી વસ્તુઓ જો કે, જાહેરમાં નિર્જીવ અને બુદ્ધિહીન નજરે પડે છે પરંતુ વાસ્તવમાં તેમનામાં પણ એક ખાસિયત છે કે, તેઓ માલિકની તાબે'દાર અને તેના હુકમને આધીન કાર્યરત છે.

ખુલાસો :

આ સમગ્ર છણાવટનો ખુલાસો એ છે કે, જ્યારે વિચાર કરવામાં આવે તો દરેક પ્રકારના ગુનાહ અને અલ્લાહ તઆલાથી ગફલત અને તેની દરેક નાફરમાની દુનિયામાં ન જ ફક્ત રૂહાની અથવા બાતિની ફસાદ ફેલાવે છે બલકે, જાહેર અરાજકતા પણ તેનું આવશ્યક પરિણામ હોય છે, આથી મવલાના રૂમી (રહ.)એ ફરમાવ્યું,

ابر نا ید از پے منعِ زکوٰۃ : وز زنا افتد وبا اندر جہات

ઝકાત ન આપવાના કારણે વરસાદ રોકી લેવામાં આવે છે,
ઝિનાના કારણે દુનિયામાં બીમારીઓ ફેલાય છે.

અને આ કોઈ શાયરનો વિચાર કે નરી કલ્પના નથી બલકે, એક નક્કર વાસ્તવિકતા છે જેના ઉપર કુર્આન અને હદીષની દલીલો છે, પરંતુ દુનિયામાં સજાનો એક હલકો નમૂનો આ દુનિયામાં બીમારીઓ, મહામારીઓ, તોફાનો, વાવાઝોડા, પૂર વગેરે સ્વરૂપમાં સામે આવતો રહે છે.

એટલા માટે لَا تُفْسِدُوْا فِى الْاَرْضِ بَعْدَ اِصْلَاحِهَا માં જે પ્રમાણે તે ગુનાહો અને અપરાધો સામેલ છે જેના દ્વારા જાહેરમાં ફસાદ પેદા થાય છે, એ જ પ્રમાણે દરેક નાફરમાની અને અલ્લાહ તઆલાથી ગફલત અને ગુનાહો પણ તેમાં સામેલ છે. આથી પ્રસ્તુત આયતમાં ત્યારબાદ ફરમાવ્યું, وَادْعُوْهُ خَوْفًا وَّطَمَعًا એટલે કે, "અલ્લાહ તઆલાને પોકારો ડર અને આશા સહિત." એટલે એ પ્રમાણે કે, એક બાજુ દુઆ સ્વીકાર્ય ન થવાનો ડર સતાવતો હોય અને બીજી બાજુ તેની રહમત અને કૃપાની સંપૂર્ણ આશા પણ હોય અને આ જ આશા અને ડર મનુષ્યની રૂહની સ્થાયિત્વની બે પાંખો છે જેનાથી ઉડ્ડયન કરીને તે ઉચ્ચ કક્ષાના દરજ્જાઓ પ્રાપ્ત કરે છે.

અને આ વાક્યથી એ પણ જાહેર થાય છે કે, આશા અને ડર બંને સરખા પ્રમાણમાં હોવું જોઈએ અને અમુક ઉલમાએ ફરમાવ્યું કે, યોગ્ય એ છે કે જીવન અને તંદુરસ્તીના સમયમાં ડરને ઉપરવટ રાખો, જેથી આજ્ઞાપાલનમાં કોઈ ઉણપ ન રહે અને જ્યારે મોતનો સમય નજીક આવે તો આશાને ઉપરવટ રાખો, કારણ કે હવે અમલની શક્તિથી પરવારી ચૂક્યા તો માત્ર રહમતની ઉમ્મીદ જ વ્યક્તિનું કાર્ય બાકી રહી ગયું છે. *(બહરે મુહીત)*

અને અમુક સંશોધનકારોએ ફરમાવ્યું કે, અસલ હેતુ દીનના સીધા માર્ગ ઉપર કાયમ રહેવું, અલ્લાહ તઆલાની આજ્ઞાનું પાલન કરતા રહેવું અને તેની આજ્ઞાને આધીન રહેવું છે અને માનવીનો સ્વભાવ તથા તેની ઇચ્છાઓ વિવિધ પ્રકારની હોય છે. કોઈના સ્વભાવ ઉપર ભય છવાવાથી આ સ્થાયિત્વ અને તાબે'દારીની ભાવના ઉત્પન્ન થાય છે, કોઈના સ્વભાવમાં મહોબ્બત અને પ્રેમથી. બસ, જેને જે પરિસ્થિતિમાં આ સ્થાયિત્વ અને હેતુપ્રાપ્તિમાં મદદ મળે છે તો તેણે તેની ફિકર-ચિંતામાં લાગી જવું જોઈએ.

ખુલાસો એ છે કે, દુઆના બે અદબો આ પ્રથમ આયતમાં બતાવવામાં

આવ્યા. એક આજિઝી, વિનમ્રતા અને લાચારી દર્શાવવાની સાથે દુઆ માંગવી જોઈએ. બીજો અદબ દુઆ છાની રીતે ધીમે-ધીમે માંગવી જોઈએ. બંને ગુણ માનવીના જાહેર જીવન અને શારીરિક ક્રિયાઓ સાથે સંબંધિત છે. કારણ કે વિનમ્રતાનો અર્થ એ છે કે, પોતાની શારીરિક સ્થિતિ દુઆ માંગતી સમયે એવી આજિઝીપૂર્વકની અને રડમસ બનાવી લે કે, તેમાં ઘમંડનો કે ગર્વનો છાંટો પણ ન આવવા પામે અને ગુપ્ત તથા ધીમા અવાજે હોવાનો સંબંધ પણ જીભ અને મોઢા સાથે છે.

આ આયતમાં દુઆ માટે બે રૂહાની અદબો બતાવવામાં આવ્યા છે જેનો સંબંધ મનુષ્યના હૃદય સાથે છે. તે એ છે કે, દુઆ કરનારના દિલમાં એવો ભય પણ હોવો જોઈએ કે કદાચ મારી દુઆ કબૂલ કરવામાં નહીં આવે અને આશા પણ હોવી જોઈએ કે મારી દુઆ કબૂલ થઈ શકે છે, કારણ કે પોતાની ભૂલો અને ગુનાહોથી નચિંત થઈ જવું પણ ઈમાન વિરુદ્ધની બાબત છે અને અલ્લાહ તઆલાની વિશાળ રહમત અને કૃપાથી નિરાશ થઈ જવું પણ કુફ્ર છે. દુઆની સ્વીકૃતિની ત્યારે જ આશા રાખી શકાય છે જ્યારે કે આ બંને પરિસ્થિતિઓની માત્રા સરખી હોય.

પછી અંતિમ આયતમાં ફરમાવ્યું, اِنَّ رَحۡمَتَ اللّٰهِ قَرِيۡبٌ مِّنَ الۡمُحۡسِنِيۡنَ એટલે કે, "અલ્લાહ તઆલાની રહમત નિકટ છે નેક અમલ કરનારાઓથી." તેમાં ઈશારો એ વાત તરફ છે કે, જો કે દુઆના સમયે ડર, ભય તથા ઉમ્મીદ અને આશા આ બંને પ્રકારની પરિસ્થિતિઓ હોવી જોઈએ પરંતુ આ બંને પરિસ્થિતિઓમાંથી આશા અને ઉમ્મીદ તરફ વલણ હોવું દેખીતું છે. કારણ કે, અલ્લાહ રબ્બુલ આલમીન મહાકૃપાળુ, મહાદયાળુ પરવરદિગારની બખ્શીશ અને અહેસાનોમાં ન તો કોઈ કમી છે અને ન જ બખીલાઈ છે, તે અત્યંત ખરાબ મનુષ્ય બલકે શયતાનસિફત માનવીની પણ દુઆ કબૂલ કરી શકે છે. હા ! જો દુઆનો સ્વીકાર ન થવાનો કોઈ ભય હોઈ શકે છે તો તે પોતાના ખરાબ અમલો અને ગુનાહોની નહૂસતથી હોઈ શકે છે. કારણ કે, અલ્લાહ તઆલાની રહમત અને કૃપા નિકટ હોવા માટે નેક અમલો, સારા કૃત્યો હોવા જરૂરી છે.

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "અમુક લોકો લાંબી-લાંબી

મુસાફરીઓ કરે છે અને પોતાનો દેખાવ ફકીરો જેવો બનાવે છે તથા અલ્લાહ તઆલા સામે દુઆ માટે હાથ ફેલાવે છે પરંતુ તેમનું ખાવું પણ હરામ છે, તેમનું પીવું પણ હરામ છે, તેમનો પોશાક પણ હરામ છે. બસ, આવા વ્યક્તિની દુઆ ક્યાંથી કબૂલ થશે ?'' *(તિરમિઝી અન અબી હુરયરહ)*

એક હદીષમાં છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, ''બંદાની દુઆ તે સમય સુધી કબૂલ થતી રહે છે જ્યાં સુધી તે કોઈ ગુનાહ અથવા સંબંધ વિચ્છેદ કરવાની દુઆ ન માંગે અને ઉતાવળ ન કરે. સહાબએ કિરામ (રદિ.)એ પૂછ્યું, ઉતાવળનો શું અર્થ છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, મતલબ એ છે કે, એવો વિચાર કરી બેસે કે હું આટલી મુદ્દતથી દુઆ માંગી રહ્યો છું હજુ સુધી કબૂલ નથી થઈ, એટલે સુધી કે નિરાશ થઈને દુઆ (કરવાનું) છોડી આપે.'' *(તિરમિઝી)*

અને એક હદીષમાં છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, ''અલ્લાહ તઆલા પાસે જ્યારે દુઆ માંગો તો એવી હાલતમાં માંગો કે તમને તે કબૂલ થવામાં કોઈ શંકા ન હોય.''

ભાવાર્થ એ છે કે, અલ્લાહની રહમતની વિશાળતાને સામે રાખીને દિલને તેના ઉપર અડગ રાખો કે, મારી દુઆ અવશ્ય કબૂલ થશે. આ એ બાબત વિરુદ્ધ નથી કે પોતાના ગુનાહોની બુરાઈના કારણે એવો ભય પણ અનુભવે કે કદાચ મારા ગુનાહ દુઆની સ્વીકૃતિમાં અવરોધ બની જાય.

وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى نَبِيِّنَا وَسَلَّمَ

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૫૭-૫૮)

وَهُوَ الَّذِىْ يُرْسِلُ الرِّيٰحَ بُشْرًاۢ بَيْنَ يَدَىْ رَحْمَتِهٖ ؕ حَتّٰٓى اِذَآ اَقَلَّتْ سَحَابًا ثِقَالًا

سُقْنٰهُ لِبَلَدٍ مَّيِّتٍ فَاَنْزَلْنَا بِهِ الْمَآءَ فَاَخْرَجْنَا بِهٖ مِنْ كُلِّ الثَّمَرٰتِ ؕ كَذٰلِكَ

نُخْرِجُ الْمَوْتٰى لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ ﴿۵۷﴾ وَالْبَلَدُ الطَّيِّبُ يَخْرُجُ نَبَاتُهٗ بِاِذْنِ رَبِّهٖ ۚ

وَالَّذِىْ خَبُثَ لَا يَخْرُجُ اِلَّا نَكِدًا ؕ كَذٰلِكَ نُصَرِّفُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّشْكُرُوْنَ ﴿۵۸﴾ ع

તરજુમો :

અને તે જ છે કે વરસાદ પહેલાં ખુશખબરી લાવનારી હવાઓ ચલાવે છે, એટલે સુધી કે જ્યારે તે હવાઓ ભારે વાદળોને ઉઠાવી લાવે છે તો અમે એ વાદળને એક મૃત શહેર (સુક્કા પ્રદેશ) તરફ હાંકી દઈએ છીએ, પછી અમે તે વાદળથી પાણી ઉતારીએ છીએ, પછી તેનાથી બધા પ્રકારના ફળ કાઢીએ છીએ, આ જ પ્રમાણે અમે મુરદાઓને કાઢીશું જેથી તમે વિચાર કરો. (૫૭) અને જે શહેર (પ્રદેશ) પવિત્ર છે તેની હરિયાળી તેના પરવરદિગારના હુકમથી નીકળે છે અને જે ખરાબ છે તેમાંથી નથી નીકળતી પરંતુ અધૂરી ! આમ અમે ફેરવી-ફેરવીને શુક્ર કરનારા લોકોને આયતો બતાવીએ છીએ. (૫૮)

તફસીર :

અને તે (અલ્લાહ તઆલા) એવો છે કે પોતાના રહમતના વરસાદથી પહેલાં પવન મોકલે છે કે તે (વરસાદની આશા અપાવીને દિલને) ખુશ કરી આપે છે, એટલે સુધી કે જ્યારે તે પવન ભારે વાદળોને ઉઠાવી લાવે છે તો અમે તે વાદળોને કોઈ સૂક્કા પ્રદેશ તરફ હાંકી જઈએ છીએ, પછી તે વાદળોથી પાણી વરસાવીએ છીએ, પછી તે પાણીથી દરેક પ્રકારના ફળ કાઢીએ છીએ (જેનાથી અલ્લાહ તઆલાની તવહીદ અને મૃતકોને સજીવન કરવાની બાબત સાબિત થાય છે, એટલા માટે ફરમાવ્યું કે), એ જ રીતે (કયામતના દિવસે) અમે મૃતકોને (જમીનમાંથી) કાઢીને ઊભા કરીશું (આ બધું એટલા માટે બનાવ્યું) જેથી તમે સમજો, (અને કુર્આન તથા રસૂલુલ્લાહ ﷺનું માર્ગદર્શન જો કે બધા માટે સર્વસામાન્ય છે પરંતુ તેનાથી લાભ ઉઠાવનારા ઓછા લોકો હોય છે, તેનો દાખલો આ જ વરસાદથી સમજી લો કે વરસાદ તો દરેક પ્રકારની જમીન ઉપર વરસે છે પરંતુ ખેતી અને વૃક્ષો તથા વનસ્પતિ દરેક જગ્યાએ ઉત્પન્ન થતી નથી, ફક્ત તે જ જમીનમાં પેદા થાય છે જેમાં તે ઉગાડવાની ક્ષમતા છે, એટલા માટે ફરમાવ્યું કે), જે જમીન પાક (સારી) હોય છે તેની પેદાશ (વનસ્પતિ) તો અલ્લાહના હુકમથી ખૂબ નીકળે છે અને જે ખરાબ છે તેની પેદાશ (જો નીકળે પણ છે તો) ઘણી ઓછી નીકળે છે, એ જ પ્રમાણે અમે (હંમેશા) દલીલોને વિવિધ પ્રકારે વર્ણન કરતા

રહીએ છીએ (પરંતુ એ બધું) તે લોકો માટે જ (લાભદાયક હોય છે) જેઓ (તેની) કદર કરે છે.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં અલ્લાહ તઆલાએ પોતાની ખાસ-ખાસ અને મોટી-મોટી નેઅ્મતોનું વર્ણન કર્યું છે, જેમાં આસમાન, પૃથ્વી, રાત-દિવસ, ચંદ્ર, સૂર્ય, તારાઓ વગેરેની ઉત્પત્તિ અને તેમનું મનુષ્યની આવશ્યકતાઓ પૂર્ણ કરવામાં કામે લાગવાનો અને તેમની સેવામાં કાર્યરત રહેવાનો ઉલ્લેખ કરીને એ બાબતની તાકીદ કરવામાં આવી છે કે, જ્યારે તમારી બધી જ જરૂરિયાતો અને રાહતોનો સામાન ઉત્પન્ન કરનાર એકમાત્ર જાત અલ્લાહ તઆલાની જ છે તો દરેક જરૂરિયાત અને આવશ્યકતામાં તમારે દુઆ અને દરખાસ્ત પણ તેની જ કરવી જોઈએ અને તેના જ તરફ રુજૂઅ્ કરી તેના શરણમાં જવાને પોતાની સંપૂર્ણ સફળતા સમજવી જોઈએ.

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં પણ આ જ પ્રકારની મહત્ત્વની અને મોટી નેઅ્મતોનું વર્ણન છે જેના ઉપર મનુષ્ય અને જમીનની સઘળી મખ્લૂકના અસ્તિત્વ અને તેના ટકી રહેવાનો આધાર છે. દાખલા તરીકે, વરસાદ અને તેનાથી ઉત્પન્ન થનાર વૃક્ષો, ખેતીઓ, વનસ્પતિ અને હરિયાળી વગેરે. ફરક એ છે કે, પાછલી આયતોમાં તે નેઅ્મતોનું વર્ણન હતું જે ઉચ્ચ અવકાશી દુનિયાથી સંબંધિત છે અને અહીંયાં એ નેઅ્મતોનું વર્ણન છે જે પૃથ્વીગ્રહ સાથે સંબંધિત છે. *(બહરે મુહીત)*

બીજી આયતમાં એક ખાસ વાત એ બતાવવામાં આવી છે કે, તમારી આ મહાન નેઅ્મતો જો કે, પૃથ્વીના દરેક વિભાગ ઉપર સર્વસામાન્ય છે. વરસાદ જ્યારે વરસે છે તો નદી ઉપર પણ વરસે છે, પહાડ ઉપર પણ વરસે છે, બંજર જમીન અને રણ વિસ્તારમાં પણ વરસે છે તથા ફળદ્રુપ અને ઉત્તમ કક્ષાની ભૂમિ ઉપર પણ સરખી રીતે જ વરસે છે પરંતુ ખેતી, વૃક્ષો, હરિયાળી અને વનસ્પતિ ફક્ત તે જ જમીનમાં પેદા થાય છે જેમાં તેને ઉગાડવાની ક્ષમતા છે. પથરીલી અને રણ વિસ્તારની જમીનો વરસાદની રહમતથી આ પ્રમાણે લાભવંત થતી નથી.

પ્રથમ આયતથી આ પરિણામ કાઢીને બતાવવામાં આવ્યું કે, જે પવિત્ર

જાત મૃત જમીનને હરિયાળી વનસ્પતિનું જીવન અર્પણ કરી આપે છે, તેના માટે આ શું મુશ્કેલ છે કે જે માનવી પ્રથમ જીવીત હતો, પછી મૃત્યુ પામ્યો અને તેને ફરીવાર જીવન આપી પેદા કરી આપે. આ જ પરિણામને આ આયતમાં સ્પષ્ટ રીતે ફરમાવવામાં આવ્યું અને બીજી આયતમાં એ પરિણામ કાઢવામાં આવ્યું કે, અલ્લાહ તઆલા તરફથી આવનારી હિદાયત આસમાની કિતાબોમાં અને અંબિયા (અલૈ.), ત્યારબાદ તેમના નાયબો, ઉલમા અને મશાઈખોનું શિક્ષણ અને કેળવણી પણ વરસાદની જેમ દરેક મનુષ્ય માટે સર્વસામાન્ય છે, પરંતુ જે પ્રમાણે વરસાદની રહમતથી દરેક જમીન લાભ નથી ઉઠાવી શકતી, એ જ પ્રમાણે આ આધ્યાત્મિક અને રૂહાની વરસાદનો ફાયદો પણ માત્ર તે જ લોકો પ્રાપ્ત કરે છે જેમનામાં તે ક્ષમતા હોય છે અને જે લોકોના દિલો પથરીલા અથવા રેતાળ જમીન કે રણ વિસ્તાર જેવા હોય છે, જેમનામાં ઈમાનની હરિયાળી કે વનસ્પતિ ઉગાડવાની ક્ષમતા નથી, તે સૌ સ્પષ્ટ હિદાયતો અને ખુલ્લી દલીલો હોવા છતાં પોતાની ગુમરાહી ઉપર મક્કમ રહે છે.

આ પરિણામ તરફ બીજી આયતના અંતિમ વાક્યમાં ઈરશાદ ફરમાવ્યો, كَذٰلِكَ نُصَرِّفُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّشْكُرُوْنَ એટલે કે, "અમે એ જ પ્રમાણે પોતાની દલીલો વિવિધ પ્રકારે વર્ણન કરીએ છીએ તે લોકો માટે જેઓ કદર કરે છે." ભાવાર્થ એ છે કે, જો કે વાસ્તવમાં આ વર્ણન તો બધા માટે જ હતું પરંતુ પરિણામના આધારે સફળ થવું તે લોકો માટે જ સાબિત થયું જેમનામાં તેની ક્ષમતા છે અને જેઓ તેની કદર જાણે છે અથવા તેના મહત્ત્વને ઓળખે છે. એ જ પ્રમાણે પ્રસ્તુત બે આયતો મનુષ્યના અસ્તિત્વમાં આવવાના તથા તેના મૃત્યુ પછી સજીવન થવાના વિષય ઉપર છણાવટ કરે છે, હવે તે બંને આયતોને વિગતપૂર્વક સમજવા માટે વાંચીએ.

પ્રથમ આયતમાં ઈરશાદ છે, وَهُوَ الَّذِىْ يُرْسِلُ الرِّيٰحَ بُشْرًا ۢ بَيْنَ يَدَىْ رَحْمَتِهٖ તેમાં رِيَاحٌ (રિયાહ) એ رِيْحٌ (રીહ)નું બહુવચન છે, જેનો અર્થ થાય છે "હવા", "પવન" અને بُشْرًا (બુશરન)નો અર્થ ખુશખબરી આપવી થાય છે તથા رَحْمَتٌ (રહમત)નો અર્થ વરસાદની રહમત છે. એટલે કે, અલ્લાહ તઆલા જ છે જે વરસાદની રહમત નાઝિલ કરતા પહેલાં ખુશખબરી આપતી હવાઓ અને ઠંડો પવન મોકલે છે.

ભાવાર્થ એ છે કે, સામાન્ય રીતે અલ્લાહની સુન્નત (ટેવ) એ જ છે કે, વરસાદ અગાઉ એવા ઠંડા પવનો મોકલે છે કે, જેનાથી પોતે મનુષ્યને પણ રાહત અને સંતોષ થાય છે અને તે જાણે આવનાર વરસાદની આગાહી પણ પ્રથમથી જ આપી દે છે, આથી આ પવનો બે નેઅ્મતોનું મિશ્રણ છે. પોતે પણ મનુષ્ય અને સામાન્ય મખ્લૂક માટે ફાયદાકારક અને લાભદાયક હોય છે અને વરસાદ આવતા અગાઉ વરસાદની ખુશખબરી પણ આપે છે. કારણ કે, મનુષ્ય એક તેજસ્વી અને નમણી-નાઝુક મખ્લૂક છે, તેની ઘણી બધી જરૂરિયાતો વરસાદના કારણે પૂરી થઈ જાય છે. જ્યારે વરસાદની જાણકારી થોડા સમય પહેલાં મળી જાય છે તો તે પોતાની વ્યવસ્થા કરે છે, તદુપરાંત પોતાના સામાન અને પોતાના પ્રાણની સુરક્ષાની વ્યવસ્થા પણ કરી લે છે.

ત્યારબાદ ફરમાવ્યું, حَتّٰٓى اِذَآ اَقَلَّتْ سَحَابًا ثِقَالًا તેમાં سَحَابٌ "સહાબ"નો અર્થ "વાદળ" અને ثِقَال (ષિકાલ) એ ثَقِيْل (ષકીલ)નું બહુવચન છે, જેનો અર્થ થાય છે "ભારે-વજનદાર" એટલે કે, "જ્યારે આ પવન ભારે વાદળોને ઉઠાવી લાવે છે," ભારે વાદળોનો અર્થ પાણીથી ભરેલા વાદળો છે, જે પવનના ખભાઓ ઉપર સવાર થઈને ઉપર જાય છે અને એ જ પ્રમાણે આ હજારો મણ પાણીનો ભાર પવન ઉપર સવાર થઈને ઉપર પહોંચે છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, ન તો આ બાષ્પીભવન માટે કોઈ યંત્ર કામ કરે છે અને ન જ કોઈ મનુષ્યની મહેનતને તેમાં લેવાદેવા હોય છે. જ્યારે અલ્લાહ તઆલાનો હુકમ થઈ જાય છે તો આપમેળે નદી, નાળાં, સમુદ્રમાંથી બાષ્પીભવન થઈ બાષ્પ (વરાળ) ઉપર ઊઠવાની શરૂઆત થાય છે અને ઉપર પહોંચીને વાદળો બંધાય છે અને આ હજારો બલકે, લાખો-કરોડો ગેલન પાણીથી ભરેલા વાદળોના જહાઝો આપમેળે પવનના ખભાઓ ઉપર સવાર થઈ આકાશ તરફ ચઢે છે.

ત્યારબાદ ફરમાવ્યું, سُقْنٰهُ لِبَلَدٍ مَّيِّتٍ તેમાં سَوْق (સવૂક)નો અર્થ "કોઈ પ્રાણીને હાંકવાનો અથવા તેને ચલાવવાનો" થાય છે અને بَلَد (બલદ)નો અર્થ "શહેર અથવા વસ્તી" છે અને مَيِّت (મય્યિત)નો અર્થ થાય છે, "મૃત" અથવા "સૂક્કૂ" વગેરે.

અર્થ એ છે કે, "જ્યારે પવને ભારે વાદળોને ઉઠાવી લીધા તો અમે આ વાદળોને હાંક્યા." એક મૃત શહેરનો અર્થ તે વસ્તી અથવા સૂક્કો પ્રદેશ છે કે, જે

પાણી ન હોવાના કારણે વેરાન થઈ રહ્યો છે અને તે સ્થળે સામાન્ય જમીનની ખાસિયતથી શહેર અને વસ્તીનું વર્ણન કરવું એટલા માટે યોગ્ય લાગે છે કે, અસલ હેતુ વીજળી, વરસાદ, જમીનની હરિયાળી તથા રસતરબોળ ધરા વડે મનુષ્યની જરૂરિયાતો પૂરી કરવાનો છે, જેની મંઝિલ શહેર કે વસ્તી હોય છે, ન કે જંગલની વનસ્પતિ.

અહીંયાં સુધી પ્રસ્તુત આયતના વિષયથી અમુક મહત્ત્વની વસ્તુઓ સાબિત થઈ. પ્રથમ એ કે, વરસાદ વાદળોએથી વરસે છે, જેમકે અનુભવથી સિદ્ધ થયેલ બાબત છે. આથી જાણ થાય છે કે જે આયતોમાં આસમાનથી વરસાદ વરસવાનો ઉલ્લેખ થયો છે ત્યાં પણ શબ્દ سَمَاءٌ (સમાઅ્)થી "વાદળ" જ અર્થ તરીકે છે અને એ પણ કોઈ અશક્ય બાબત નથી કે કોઈ સમયે સમુદ્રની વરસાદી ઋતુના બદલે સીધે સીધું આકાશમાં જ વાદળો બંધાઈ જાય અને તેમાંથી વરસાદ વરસે.

બીજું એ કે, વાદળોનું કોઈ ખાસ દિશા અને કોઈ ખાસ ચોક્કસ જમીન તરફ જવું એ સીધે સીધું અલ્લાહના હુકમને આધીન છે, તે જ્યારે ઈચ્છે છે, જ્યાં ઈચ્છે છે, જેટલો ઈચ્છે છે વરસાદ વરસાવવાનો હુકમ આપે છે, વરસાદ અલ્લાહની આજ્ઞાનું પાલન કરે છે.

તેનો અનુભવ દરેક ઠેકાણે એ રીતે થતો રહે છે કે, ઘણી વખતે કોઈ શહેર અથવા વસ્તી ઉપર વાદળો ચઢી આવે છે અને ત્યાં વરસાદની આવશ્યકતા પણ હોય છે પરંતુ તે વાદળ અહીંયાં એક ટીપું પણ પાણી વરસાવતું નથી, બલકે જે શહેર અને વસ્તીના પાણીના પ્રમાણનો કોટો અલ્લાહના હુકમથી નક્કી થઈ ચૂક્યો છે ત્યાં જઈને જ વરસે છે. કોઈની મજાલ નથી કે તે શહેર સિવાય કોઈ અન્ય સ્થળેથી આ વાદળનું પાણી પ્રાપ્ત કરી લે.

પ્રાચીન અને આધુનિક ફિલોસોફરોએ ચોમાસાની ઋતુ અને પવનની ગતિ માટે અમુક નિયમો અને સિદ્ધાંતોનું સંશોધન કર્યું છે જેના દ્વારા તેઓ આગાહી કરે છે કે, ફલાણે ઠેકાણે વરસાદ અથવા ચોમાસાની ઋતુ ફલાણા સમુદ્ર ઉપરથી પસાર થાય છે, તે ક્યાં જઈને વરસશે, કેટલો વરસશે વગેરે. સામાન્ય રીતે દરેક દેશનું ઋતુ સંબંધિત હવામાન ખાતું આ જ પ્રકારની જાણકારીઓ ભેગી

કરવા માટે સ્થાપિત કરવામાં આવે છે પરંતુ અનુભવ સાક્ષી છે કે, હવામાન ખાતાની આપેલી બધી જ આગાહીઓ સાચી નથી હોતી અને જ્યારે અલ્લાહનો હુકમ તે આગાહીઓ વિરુદ્ધ હોય ત્યારે તેમના બધા જ નિયમો અને કાયદાઓ જ્યાંના ત્યાં રહી જાય છે. હવાઓ અને વાદળો પોતાની દિશા તેમની આપેલી ખબરો કે આગાહીઓથી વિરુદ્ધ કોઈ અન્ય દિશામાં ફરી જાય છે અને હવામાન ખાતાની અટકળો અને અનુમાન ખોટું સાબિત થાય છે.

એ જ પ્રમાણે જે નિયમો અને કાયદાઓ પવનની ગતિઓ માટે અને તેના જે સિદ્ધાંતો કે ફિલોસોફીઓ અસ્તિત્વમાં આવી છે તે પણ એ બાબતનો નકાર કરતી નથી કે, વાદળોનું બંધાવું અને તેનું ગતિશીલ રહેવું ફક્ત અલ્લાહના હુકમના આધીન છે. કારણ કે, અલ્લાહ તઆલાની ટેવ આ દુનિયાની સમગ્ર વ્યવસ્થા માટે એ જ છે કે, અલ્લાહના હુકમો પડદાઓમાં જાહેર થાય છે અને તેના કારણો ઉપર મનુષ્ય કોઈ કાયદો કે નિયમ બનાવી લે છે, નહિતર વાસ્તવિકતા તે જ છે જે સિરાઝી (રહ.)એ ફરમાવ્યું છે,

کارزلفِ تست مشک افشانی امّا عاشقاں ؛ مصلحت را تہمتے برآہوئے چین بستہ اند

તારા વાળોનું કામ જ ખુશબૂના છંટકાવ કરવાનું છે, પરંતુ આશિકોએ સમજદારીપૂર્વક મુશ્ક (ખુશબૂ)નો સંબંધ ઉમદા હરણો સાથે જોડી દીધો છે.

ત્યાર બાદ ઈરશાદ ફરમાવ્યો, فَاَنۡزَلۡنَا بِهِ الۡمَآءَ فَاَخۡرَجۡنَا بِهٖ مِنۡ كُلِّ الثَّمَرٰتِ એટલે કે, “અમે તે મૃત શહેરમાં પાણી વરસાવ્યું, પછી તે પાણીથી દરેક પ્રકારના ફળ–ફૂલ કાઢયા.”

અંતિમ આયતમાં ઈરશાદ છે, كَذٰلِكَ نُخۡرِجُ الۡمَوۡتٰى لَعَلَّكُمۡ تَذَكَّرُوۡنَ એટલે કે, “અમે એ જ પ્રમાણે મુરદાઓને કયામતના દિવસે કાઢીશું, જેથી તમે સમજો.” ભાવાર્થ એ છે કે, જે પ્રમાણે અમે મૃત જમીનને સજીવન કરી અને તેમાંથી વૃક્ષો અને ફળ–ફૂલ કાઢયા, એ જ પ્રમાણે કયામતના દિવસે અમે મૃતકોને ફરીવાર સજીવન કરીને ઊભા કરીશું અને આ દાખલાઓ એટલા માટે વર્ણન કર્યા છે કે જેથી તમને ચિંતન અને મનન કરવાની તક મળે.

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત નકલ થઈ છે કે, “રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, કયામતમાં સૂર ફૂંકવામાં આવશે. પ્રથમ સૂરથી સમગ્ર વિશ્વ

ફના (નાશ) થશે, કોઈ વસ્તુ જીવંત બાકી રહેશે નહીં અને બીજા સૂર ઉપર ફરી નવેસરથી નવું વિશ્વ પેદા થશે અને બધા મુરદાઓ સજીવન થઈ જશે. પ્રસ્તુત હદીષમાં વર્ણન થયું છે કે, આ બંને વખતના સૂર વચ્ચે ચાલીસ વર્ષનું અંતર હશે અને તે ચાલીસ વર્ષ સતત વરસાદ થતો રહેશે. એ સમયગાળામાં દરેક મૃત મનુષ્ય અને પ્રાણીઓના શરીરના અવશેષો તેની સાથે ભેગા કરીને દરેકનો સંપૂર્ણ ઢાંચો (માળખું) બની જશે અને ફરી ત્રીજા વખતના સૂર ફૂંકવાની સાથે જ તે લાશોની અંદર રૂહ આવી જશે અને તેઓ સજીવન થઈને ઊભા થઈ જશે." આ રિવાયતનો મોટો ભાગ બુખારી અને મુસ્લિમમાં મોજૂદ છે, અમુક ભાગ ઈબ્ને અબૂ દાવુદની "કિતાબુલ બઅ્ષ"માંથી લેવામાં આવ્યો છે.

બીજી આયતમાં ઈરશાદ છે, وَالْبَلَدُ الطَّيِّبُ يَخْرُجُ نَبَاتُهٗ بِاِذْنِ رَبِّهٖ وَالَّذِىْ خَبُثَ لَا يَخْرُجُ اِلَّا نَكِدًا તેમાં نَكِدُ (નકિદ) તે વસ્તુને કહે છે જે વસ્તુઓ લાભરહિત હોય અને પ્રમાણમાં નાની અને થોડી માત્રામાં હોય. ભાવાર્થ એ છે કે, જો કે રહમતના વરસાદનો લાભ દરેક શહેર અને દરેક જમીન ઉપર સમાન રીતે હોય છે પરંતુ પરિણામ અને લાભના આધારે જમીનના બે પ્રકારો હોય છે. એક ઉત્તમ, સારી અને ફળદ્રુપ જમીન જેમાં વનસ્પતિ અને હરિયાળી ઉગાડવાની ક્ષમતા છે, તેમાં તો દરેક પ્રકારના ફળ-ફૂલ ઉત્પન્ન થાય છે અને લાભ પ્રાપ્ત થાય છે. બીજી તે સખત-કઠણ અથવા ખારપાટવાળી જમીન જેમાં વનસ્પતિ કે હરિયાળી ઉગાડવાની ક્ષમતા હોતી નથી, તેમાં પ્રથમ તો અમુક વનસ્પતિ પેદા જ નથી થતી, પછી જો કંઈ થાય પણ છે તો ઘણી ઓછી માત્રામાં હોય છે અને જેટલું ઉત્પન્ન થાય છે તે પણ બેકાર અને ખરાબ હોય છે.

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, كَذٰلِكَ نُصَرِّفُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّشْكُرُوْنَ એટલે કે, "અમે પોતાની કુદરતની દલીલો વિવિધ પ્રકારે વર્ણન કરીએ છીએ તે લોકો માટે જેઓ કદર કરનારા છે."

એમાં ઈશારો છે કે, જો કે અલ્લાહની રહમતનો, અલ્લાહની હિદાયત અને સ્પષ્ટ ખુલ્લી દલીલોનો લાભ સામાન્ય રીતે બધા જ મનુષ્યો માટે સર્વસામાન્ય છે, પરંતુ જે પ્રમાણે દરેક પ્રકારની જમીન વરસાદથી લાભ ઉઠાવી શકતી નથી તે જ પ્રમાણે દરેક મનુષ્ય અલ્લાહ રબ્બુલ ઈજ્જતની હિદાયતથી

નફો પ્રાપ્ત નથી કરતા, બલકે નફો અને લાભ માત્ર તે લોકો જ પ્રાપ્ત કરે છે, જેઓ અલ્લાહનો આભાર માને છે, તેના શુક્રગુઝાર હોય છે અને તેની કદર જાણે છે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૫૯ થી ૬૪)

لَقَدْ أَرْسَلْنَا نُوحًا إِلَىٰ قَوْمِهِ فَقَالَ يَٰقَوْمِ اعْبُدُوا اللَّهَ مَا لَكُم مِّنْ إِلَٰهٍ غَيْرُهُ إِنِّي
أَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ عَظِيمٍ ﴿٥٩﴾ قَالَ الْمَلَأُ مِن قَوْمِهِ إِنَّا لَنَرَاكَ فِي ضَلَٰلٍ مُّبِينٍ ﴿٦٠﴾
قَالَ يَٰقَوْمِ لَيْسَ بِي ضَلَٰلَةٌ وَلَٰكِنِّي رَسُولٌ مِّن رَّبِّ الْعَٰلَمِينَ ﴿٦١﴾ أُبَلِّغُكُمْ رِسَٰلَٰتِ رَبِّي
وَأَنصَحُ لَكُمْ وَأَعْلَمُ مِنَ اللَّهِ مَا لَا تَعْلَمُونَ ﴿٦٢﴾ أَوَعَجِبْتُمْ أَن جَاءَكُمْ ذِكْرٌ مِّن رَّبِّكُمْ
عَلَىٰ رَجُلٍ مِّنكُمْ لِيُنذِرَكُمْ وَلِتَتَّقُوا وَلَعَلَّكُمْ تُرْحَمُونَ ﴿٦٣﴾ فَكَذَّبُوهُ فَأَنجَيْنَٰهُ وَالَّذِينَ
مَعَهُ فِي الْفُلْكِ وَأَغْرَقْنَا الَّذِينَ كَذَّبُوا بِآيَٰتِنَا إِنَّهُمْ كَانُوا قَوْمًا عَمِينَ ﴿٦٤﴾

તરજુમો :

બેશક ! અમે નૂહ (અલૈ.)ને તેમની કોમ તરફ મોકલ્યા બસ તેમણે કહ્યું, હે મારી કોમ ! અલ્લાહની બંદગી કરો, તેના સિવાય કોઈ તમારો મઅ્બૂદ નથી, હું તમારા ઉપર એક મોટા દિવસના અઝાબથી ડરું છું. (૫૯) તેમની કોમના સરદાર બોલ્યા, અમે તમને ખુલ્લી ગુમરાહીમાં જોઈ રહ્યા છે. (૬૦) બોલ્યા, હે મારી કોમ ! હું કદાપિ ભટકેલો નથી અને પરંતુ હું સમગ્ર વિશ્વના પરવરદિગારનો મોકલેલો છું. (૬૧) તમને પોતાના પરવરદિગારના સંદેશા પહોંચાડું છું અને તમને નસીહત કરું છું અને અલ્લાહ તરફથી તે વાતો જાણું છું જે તમે નથી જાણતા. (૬૨) શું તમને આશ્ચર્ય થયું કે તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી એક પુરુષના મુખે નસીહત આવી જે તમારામાંથી છે ? જેથી તે તમને ડરાવે અને જેથી તમે બચો અને જેથી તમારા ઉપર રહમ થાય. (૬૩) પછી તેમણે તેમને જૂઠાડયા, પછી અમે તેમને અને તેઓને કે જેઓ તેમની સાથે વહાણમાં હતા

બચાવી લીધા અને તેમને ડૂબાડી દીધા જેઓ અમારી આયેતોને જૂઠાડતા હતા, બેશક ! તે લોકો આંધળા હતા. (૬૪)

તફસીર :

અમે નૂહ (અલૈ.)ને (પયગમ્બર બનાવીને) તેમની કોમ તરફ મોકલ્યા, બસ તેમણે (તે કોમને) કહ્યું કે, હે મારી કોમ ! તમે (માત્ર) અલ્લાહની ઈબાદત કરો, એના સિવાય કોઈ તમારો મઅ્બૂદ (હોવાના પાત્ર) નથી (અને મૂર્તિઓની પૂજા છોડી દો જેનું નામ સૂરએ નૂહમાં وَدّ، سُوَاعُ، يَغُوثُ، يَعُوقَ અને نَسْر છે) મને તમારા માટે (તમે જો કહ્યું નહીં માનો તો) એક મોટા (કઠોર) દિવસના અઝાબનો ભય છે (કે તે કયામત છે અથવા તે જળ પ્રલયનો દિવસ છે), તેમની કોમના આગેવાન લોકોએ કહ્યું કે, અમે તમને ઉઘાડી ભૂલમાં (સપડાયેલા) જોઈ રહ્યા છીએ (કે તવહીદનો પ્રચાર કરી રહ્યા છો અને અઝાબનો ડર બતાવી રહ્યા છો) પછી તેમણે (જવાબમાં) કહ્યું કે, હે મારી કોમ ! હું તો જરા પણ ભૂલમાં નથી પરંતુ (કારણ કે) હું પરવરદિગારે આલમનો (મોકલેલો) રસૂલ છું (તેણે જ મને તવહીદ પહોંચાડવાનો હુકમ કર્યો છે, એટલા માટે હું મારા હોદ્દાની ફરજ પૂર્ણ કરી રહ્યો છું) તમને પોતાના પરવરદિગારનો સંદેશ (અને હુકમો) પહોંચાડું છું (અને તે ઓળખાવવામાં મારી કોઈ દુનિયવી ગરજ કે સ્વાર્થ નથી બલકે, ફક્ત) તમારી ભલાઈ કરું છું (કારણ કે તવહીદમાં તમારો જ લાભ છે) અને (મહાન દિવસના અઝાબથી જે તમને આશ્ચર્ય થાય છે તે તમારી ભૂલ છે કારણ કે) હું અલ્લાહના તરફથી તેના હુકમોની ખબર રાખું છું જેની તમને ખબર નથી (તો અલ્લાહ તઆલાએ મને બતાવી દીધું છે કે ઈમાન ન લાવનારાઓ ઉપર મોટા દિવસે અઝાબ આવશે) અને (તમને જે મારા રસૂલ હોવા ઉપર મારા માનવી હોવાથી ઈન્કાર છે જેમકે સૂરએ મો'મિનૂનમાં તેનો ખુલાસો છે مَا هٰذَآ اِلَّا بَشَرٌ مِّثْلُكُمْ يُرِيْدُ اَنْ يَّتَفَضَّلَ عَلَيْكُمْ وَلَوْ شَآءَ اللّٰهُ لَاَنْزَلَ مَلٰٓئِكَةً.... તો) શું તમે એ વાતથી આશ્ચર્ય કરો છો કે તમારા પરવરદિગાર તરફથી તમારી પાસે એક એવા વ્યક્તિ દ્વારા જે તમારા જેવો જ માનવી છે કોઈ નસીહતની વાત આવી ગઈ ? (તે નસીહતની વાત એ જ છે જે રજૂ કરવામાં આવી يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ..الى قوله.. اِنِّىْٓ اَخَافُ) જેથી તે વ્યક્તિ તમને (અલ્લાહના હુકમથી તેના અઝાબથી) ડરાવે અને જેથી તમે (તેના ડરાવવાથી) ડરો અને જેથી (ડરવાના કારણે વિરોધ છોડી દો જેના કારણે)

તમારા ઉપર રહમ કરવામાં આવે, બસ (આટલી બધી વિનંતી છતાં) તે લોકો તેને જૂઠાડતા જ રહ્યા તો અમે નૂહ (અલૈ.)ને અને જે લોકો તેની સાથે જહાઝમાં હતા (પ્રલયના અઝાબથી) બચાવી લીધા અને જે લોકોએ અમારી આયતોને જૂઠાડી તેમને અમે (જળ પ્રલયમાં) ડૂબાડી દીધા, બેશક ! તે લોકો આંધળા થઈ રહ્યા હતા (સત્ય-અસત્ય, નફો અને નુકસાન તેમને કંઈ સૂઝતું જ ન હતું).

મસ્અલા અને બોધપાઠ :

સુરએ અઅ્રાફની શરૂઆતથી અહીંયાં સુધી ઈસ્લામના મૂળભૂત સિદ્ધાંતો તવહીદ (એકેશ્વરવાદ), રિસાલત (અલ્લાહ તરફથી આવતા પયગમ્બરો અને સંદેશાવાહકો), આખિરત (મૃત્યુ પછીની જિંદગી)ના વિવિધ વિષયો અને દલીલો તથા સાબિતીઓ વડે લોકોને અનુસરણ કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન તથા તેનો વિરોધ કરવા ઉપર ચેતવણીઓ અને ધમકીઓ તથા તેના સંદર્ભમાં શયતાનની પ્રપંચી ચાલબાજીઓ અને ધોકાબાજીઓ વગેરેનું વર્ણન હતું. હવે, આઠમાં રુકૂઅ્થી લગભગ સૂરતના અંત સુધી અમુક અંબિયા (અલૈ.) અને તેમની ઉમ્મતોનું વર્ણન છે, જેમાં અમુક અંબિયા (અલૈ.)ના સર્વસહમત ઉપરોક્ત સિદ્ધાંતો એટલે કે, તવહીદ, રિસાલત, આખિરત તરફ પોત-પોતાની ઉમ્મતોને આમંત્રણ આપવું અને માનનારાઓને તેનો સારો બદલો અને સવાબ અને ન માનનારાઓને પ્રકાર-પ્રકારનો અઝાબ અને ખરાબ પરિણામોનું વિગતવાર વર્ણન લગભગ ૧૪ રુકૂઅ્માં આવ્યું છે, તેના સંદર્ભમાં સેંકડો સૈદ્ધાંતિક, મુખ્ય અને પેટા મસ્અલાઓ પણ આવી જાય છે. દરેક સમકાલીન અને ભવિષ્યમાં આવનારી બધી કૌમોને આ પાછલી કૌમોના પરિણામથી બોધપાઠ ગ્રહણ કરવાની તક પૂરી પાડવામાં આવી છે. આ વર્ણનથી રસૂલે કરીમ ﷺ માટે સંતોષનો સામાન થઈ ગયો કે બધા રસૂલોની સાથે પણ આ જ પ્રમાણેનો વ્યવહાર થતો રહ્યો છે.

પ્રસ્તુત આયતો સૂરએ અઅ્રાફનો પૂરો આઠમો રુકૂઅ્ છે, તેમાં હઝરત નૂહ (અલૈ.) અને તેમની ઉમ્મતની પરિસ્થિતિઓ અને તેમના સંવાદનું વર્ણન છે.

અંબિયા (અલૈ.)ના ક્રમમાં સૌ પ્રથમ નબી જો કે, હઝરત આદમ (અલૈ.) છે પરંતુ તેમના યુગમાં કુફ્ર અને ગુમરાહીનો મુકાબલો ન હતો. તેમની શરીઅતમાં

વધારે પડતા હુકમો પણ જમીનના વસવાટ અને માનવની આવશ્યકતાઓના સંદર્ભમાં હતા. કુફ્ર અને કાફિરનું ક્યાંય અસ્તિત્વ ન હતું, કુફ્ર અને શિર્કનો મુકાબલો હઝરત નૂહ (અલૈ.)ના સમયથી શરૂ થયો અને રિસાલત તથા શરીઅતના સ્વરૂપમાં દુનિયામાં તેઓ સૌ પ્રથમ રસૂલ છે. તદુપરાંત જળપ્રલયમાં સમગ્ર દુનિયા ડૂબી ગયા પછી અમુક લોકો જેઓ બાકી રહ્યા તેઓ હઝરત નૂહ (અલૈ.) અને તેમના જહાઝમાં સવાર સાથીઓ હતા, તેમના દ્વારા જ નવી દુનિયા આબાદ થઈ. આથી તેમને "આદમે અસગર" (નાના આદમ) કહેવામાં આવે છે. એ જ કારણે અંબિયા (અલૈ.)ના કિસ્સાઓનો આરંભ પણ તેમના દ્વારા જ કરવામાં આવ્યો. જેમાં ૯૫૦ વર્ષની લાંબી ઉંમરમાં તેમના પયગમ્બર તરીકેના સંઘર્ષ અને મહેનતો તથા તેના વિશે મોટા ભાગની ઉમ્મતનો દુર્વ્યવહાર અને તેના પરિણામે અમુક થોડા મો'મિનો સિવાય બાકી બધાના જ ડૂબી જવાનું વર્ણન થયું છે, તેની વિગત આ પ્રમાણે છે.

પ્રથમ આયતમાં ઈરશાદ છે, وَلَقَدْ اَرْسَلْنَا نُوْحًا اِلٰى قَوْمِهٖ નૂહ (અલૈ.) આદમ (અલૈ.)ની આઠમી પેઢીમાં છે. મુસ્તદરક હાકિમમાં ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ થયું છે કે, "હઝરત આદમ (અલૈ.) અને હઝરત નૂહ (અલૈ.) વચ્ચે દશ "કર્ન"નો સમયગાળો પસાર થયો છે" અને આ જ વિષય તબરાનીએ હઝરત અબીઝર (રદિ.)ની રિવાયત દ્વારા આપ ﷺથી નકલ કર્યું છે. (તફસીરે મઝહરી) "કર્ન" સામાન્ય રીતે ૧૦૦ વર્ષને કહેવામાં આવે છે. એટલા માટે આ બંને વચ્ચે એક રિવાયત પ્રમાણે ૧૦૦૦ વર્ષની મુદત થઈ. ઈબ્ને જરીરે નકલ કર્યું છે કે, હઝરત નૂહ (અલૈ.)નો જન્મ હઝરત આદમ (અલૈ.)ની વફાતના ૮૨૬ વર્ષ પછી થયો છે અને કુર્આન શરીફના ખુલાસા પ્રમાણે તેમની ઉંમર ૯૫૦ વર્ષ થઈ. હઝરત આદમ (અલૈ.)ની ઉંમર વિશે એક હદીષમાં છે કે, તેમની ઉંમર ૧૦૦૦માં ૪૦ વર્ષ ઓછા છે. એ જ પ્રમાણે હઝરત આદમ (અલૈ.)ની ઉત્પત્તિથી હઝરત નૂહ (અલૈ.)ની વફાત સુધી કુલ ૨૮૨૬ વર્ષ થઈ જાય છે. (મઝહરી) હઝરત નૂહ (અલૈ.)નું અસલી નામ "શાકિર" અને અમુક રિવાયતોમાં "સુકન" અને અમુક રિવાયતો પ્રમાણે "અબ્દુલ ગફ્ફાર" હોવાનું નકલ થયું છે.

એમાં મતભેદ છે કે, તેમનો યુગ હઝરત ઇદ્રીસ (અલૈ.) પહેલાં છે કે પછી? મોટા ભાગના સહાબા (રદિ.)નો અભિપ્રાય છે કે, હઝરત નૂહ (અલૈ.) હઝરત ઇદ્રીસ (અલૈ.)થી પહેલાં આવ્યા છે. *(બહરે મુહીત)*

મુસ્તદરક હાકિમમાં હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત નકલ થઈ છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "હઝરત નૂહ (અલૈ.)ને ૪૦ વર્ષની ઉંમરમાં નુબુવ્વત અર્પણ કરવામાં આવી અને જળપ્રલય પછી ૬૦ વર્ષો જીવંત રહ્યા."

કુર્આનની આયત وَلَقَدْ اَرْسَلْنَا نُوْحًا اِلٰى قَوْمِهٖ થી સાબિત થાય છે કે, હઝરત નૂહ (અલૈ.)ની બઅ્ષત અને નુબુવ્વત ફક્ત પોતાની કૌમ માટે હતી, સમગ્ર દુનિયા માટે સર્વસામાન્ય ન હતી અને તેમની કૌમ ઇરાકમાં વસવાટ કરતી હતી. તે સંસ્કૃતિ અને સભ્યતાની દૃષ્ટિએ આગળ પડતી કૌમ હતી પરંતુ શિર્કમાં સપડાયેલી હતી. હઝરત નૂહ (અલૈ.)એ પોતાની કૌમને જે આમંત્રણ આપ્યું તે આ હતું يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ اِنِّیْۤ اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ એટલે કે, "હે મારી કૌમ ! તમે અલ્લાહ તઆલાની ઇબાદત કરો, તેના સિવાય કોઈ તમારો મઅ્બૂદ નથી, મને તમારા ઉપર એક મોટા દિવસના અઝાબનો ભય છે." આ આયતના પ્રથમ વાક્યમાં અલ્લાહ તઆલાની ઇબાદત તરફ આમંત્રણ આપવામાં આવ્યું છે, જે મૂળ હેતુ છે. બીજા વાક્યમાં શિર્ક અને કુફ્રથી બચવાની તાકીદ કરવામાં આવી છે, જે તે કૌમમાં કોઈ મહામારી કે ચેપી રોગની જેમ ફેલાઈ ગઈ હતી. ત્રીજા વાક્યમાં તે ભયંકર અઝાબના ભયની ચેતવણી આપવામાં આવી છે કે, વિરોધ-વંટોળના કારણે તે અઝાબ આવી પડશે. આ ભયંકર અઝાબનો અર્થ આખિરતનો અઝાબ પણ હોઈ શકે છે અને દુનિયામાં જળપ્રલયનો અઝાબ પણ ! *(તફસીરે કબીર)*

તેમની કૌમે જવાબમાં કહ્યું, قَالَ الْمَلَاُ مِنْ قَوْمِهٖۤ اِنَّا لَنَرٰىكَ فِیْ ضَلٰلٍ مُّبِيْنٍ શબ્દ مَلَاٌ (મલઉ) "કૌમના સરદારો અને જ્ઞાતિના આગેવાનો" માટે આ શબ્દ બોલવામાં આવે છે. ભાવાર્થ એ છે કે, હઝરત નૂહ (અલૈ.)ની આ દા'વતના જવાબમાં કૌમના સરદારોએ કહ્યું કે, "અમે તો એવું સમજીએ છીએ કે, તમે ખુલ્લી ગુમરાહીમાં પડયા છો, અમારા બાપ-દાદાઓના ધર્મમાંથી અમને કાઢવા

ઈચ્છો છો અને કયામતમાં પુનઃ સજીવન થવાના તથા બદલો અથવા સજાના વિચારો; આ બધી ભ્રમણા છે.''

આ હૃદયને ઠેસ પહોંચાડે એવી વાતચીતના જવાબમાં હઝરત નૂહ (અલૈ.)એ પોતાની પયગમ્બરી શૈલીમાં જે જવાબ આપ્યો, તે પ્રચારકો (મુબલ્લિગો) અને સુધારકો માટે એક મહત્ત્વનું શિક્ષણ અને માર્ગદર્શન પૂરું પાડે છે કે, ઉશ્કેરાટમાં આવી જવાય અથવા ક્રોધિત થઈ જવાય એવી વાત ઉપર પણ ઉશ્કેરાયા વિના કે, ક્રોધિત થયા વિના સાદા શબ્દોમાં તેમની શંકા દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે. قَالَ يٰقَوْمِ لَيْسَ بِىْ ضَلٰلَةٌ وَّلٰكِنِّىْ رَسُوْلٌ مِّنْ رَّبِّ الْعٰلَمِيْنَ ، اُبَلِّغُكُمْ رِسٰلٰتِ رَبِّىْ وَاَنْصَحُ لَكُمْ وَاَعْلَمُ مِنَ اللّٰهِ مَالَا تَعْلَمُوْنَ ،

એટલે કે, હે મારી કૌમ ! મારામાં કોઈ ગુમરાહી નથી, પરંતુ વાત એ છે કે, હું તમારી જેમ બાપ–દાદા અને વડવાઓના કુરિવાજો અને અજ્ઞાનતાઓનો અનુયાયી નથી. બલકે, હું પરવરદિગારે આલમ તરફથી રસૂલ છું, જે કંઈ કહું છું અલ્લાહ રબ્બુલ ઈજ્જતના માર્ગદર્શન દ્વારા કહું છું અને અલ્લાહ તઆલાનો સંદેશ તમને પહોંચાડું છું, જેમાં તમારું જ ભલું છે. ન તો તેમાં અલ્લાહ તઆલાનો કોઈ લાભ છે અને ન જ મારો કોઈ સ્વાર્થ છે. તેમાં રબ્બુલ આલમીનનો શબ્દ શિર્કના અકીદહ ઉપર કુઠરાઘાત સમાન છે કે, તેમાં ચિંતન–મનન કરવામાં આવે તો ન તો કોઈ દેવી–દેવતા આ વિચાર સામે ઊભા રહી શકે છે અને ન જ કોઈ ''યજદાન'' અને ''અહ્‌રમન.'' ત્યારબાદ ફરમાવ્યું કે, તમને કયામતના અઝાબમાં જે શંકાઓ છે તેનું કારણ તમારી અજ્ઞાનતા અને બેખબરી છે. મને અલ્લાહ તઆલા તરફથી તેનું ચોક્કસ જ્ઞાન આપવામાં આવ્યું છે.

ત્યારબાદ તેમની બીજી શંકાઓનો જવાબ આપવામાં આવ્યો છે, જે સૂરએ મો'મિનૂનમાં સ્પષ્ટતા સાથે પ્રસ્તુત છે. مَا هٰذَآ اِلَّا بَشَرٌ مِّثْلُكُمْ يُرِيْدُ اَنْ يَّتَفَضَّلَ عَلَيْكُمْ وَلَوْ شَآءَ اللّٰهُ لَاَنْزَلَ مَلٰٓئِكَةً.... એટલે કે, તેમની કૌમને હઝરત નૂહ (અલૈ.)ની દા'વત ઉપર એક શંકા એ પણ હતી કે, આ તો અમારી જ જેમ એક મનુષ્ય અને પુરુષ છે, અમારી જ જેમ ખાય–પીએ છે, સૂઈ જાય છે, જાગે છે, તેને અમે કેવી રીતે પોતાનો આગેવાન અને અનુસરણ લાયક માની લઈએ ? જો અલ્લાહ તઆલાએ અમારા માટે કોઈ સંદેશ મોકલવો હતો તો તેણે

ફરિશ્તાઓને મોકલ્યા હોત, જેમની વિશેષતા અને મોટાઈ આપણા બધા ઉપર જાહેર થઈ જાત. હવે આ તો એના સિવાય કોઈ બાબત નથી કે અમારી જ કૌમનો અને જ્ઞાતિનો એક વ્યક્તિ અમારા ઉપર પોતાની શ્રેષ્ઠતા અને મોટાઈ સ્થાપિત કરવા માંગે છે.

તેના જવાબમાં ફરમાવ્યું, اَوَعَجِبْتُمْ اَنْ جَآءَكُمْ ذِكْرٌ مِّنْ رَّبِّكُمْ عَلٰى رَجُلٍ مِّنْكُمْ لِيُنْذِرَكُمْ وَلِتَتَّقُوْا وَلَعَلَّكُمْ تُرْحَمُوْنَ એટલે કે, "શું તમને તેના ઉપર આશ્ચર્ય છે કે તમારા પરવરદિગારનો સંદેશ તમારા તરફ એક એવા વ્યક્તિ મારફતે આવ્યો જે તમારી જ જાતિનો છે, જેથી તે તમને ડરાવે અને જેથી તમે ડરી જાઓ અને જેથી તમારા ઉપર રહમ (કૃપા) કરવામાં આવે." એટલે કે, તેના ડરાવવાથી તમે ચેતી જાઓ અને વિરોધ-વંટોળ છોડી દો જેના પરિણામે તમારા ઉપર અલ્લાહની રહમત નાઝિલ થાય.

મતલબ એ છે કે, આ કોઈ આશ્ચર્યની વાત નથી કે મનુષ્યને રસૂલ બનાવવામાં આવે. પ્રથમ તો અલ્લાહ તઆલા કુલમુખ્તિયાર છે, જેને ચાહે પોતાની નુબુવ્વત અને રિસાલત અર્પણ કરે, તેમાં કોઈને ચું-ચા કરવાનો કોઈ અધિકાર કે મજાલ નથી. તદુપરાંત વાસ્તવિક ઘટના ઉપર વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ થઈ જશે કે, સામાન્ય મનુષ્યની જેમ રિસાલત અને નુબુવ્વતનો હેતુ મનુષ્ય દ્વારા જ પૂરો થઈ શકે છે, ફરિશ્તાઓનું એ કામ નથી હોઈ શકતું.

કારણ કે રિસાલતનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે, અલ્લાહ તઆલાની સંપૂર્ણ તાબે'દારી અને આજ્ઞાપાલન ઉપર તથા તેની ઈબાદત ઉપર લોકોને કાયમ કરવામાં આવે અને તેમના હુકમોનો વિરોધ કરવાથી બચાવવામાં આવે અને એવું ત્યારે જ થઈ શકે છે કે, તેમના જેવો કોઈ મનુષ્ય એક માનવીય નમૂનો અને ઉદાહરણ બનીને તેમને બતાવે કે, મનુષ્યના તકાદાઓ અને ઈચ્છાઓની સાથે પણ અલ્લાહના હુકમો અને આજ્ઞાઓનું પાલન કરી શકાય છે અને તેની ઈબાદત પણ સાથે-સાથે ભેગી થઈ શકે છે. જો ફરિશ્તા આ દા'વત લઈને આવ્યા હોત અને પોતાના દાખલાઓ લોકો સામે રજૂ કર્યા હોત તો બધા લોકો એ ઉજર (બહાનુ) જાહેર કરી શકતા હતા કે, ફરિશ્તા તો મનુષ્યની શારીરિક આવશ્યકતાઓથી પાક છે, ન તો તેમને ભૂખ અને તરસ લાગે છે, ન ઊંઘ આવે

છે, ન જ તેઓ થાકે છે, તો તેમના જેવા અમે કઈ રીતે બની શકીએ છીએ ? પરંતુ જ્યારે પોતાનામાંથી જ પોતાની જ જાતિનો એક મનુષ્ય પોતાની બધી જ માનવ તરીકેની આવશ્યકતાઓ અને વિશેષતાઓ ધરાવતો હોય અને તે છતાં અલ્લાહના હુકમોનું અને આજ્ઞાઓનું સંપૂર્ણ પાલન કરીને બતાવે તો તેમના માટે કોઈ બહાનું હોઈ શકતું નથી.

આ જ વાતને એ તરફ ઈશારો કરવા માટે ફરમાવ્યું, لِيُنذِرَكُمْ وَلِتَتَّقُوا મતલબ એ છે કે, જેના ડરાવવાથી પ્રભાવિત થઈને લોકો ડરી જાય તે એ જ હોય શકે છે જે તેમની જ પ્રજાતિ અને તેમના જ જેવી મનુષ્યરૂપી શારીરિક વિશેષતાઓ સાથે અસ્તિત્વ ધરાવતો હોય. એ શંકા મોટા ભાગની ઉમ્મતોના કાફિરોએ રજૂ કરી કે, કોઈ મનુષ્ય નબી અને રસૂલ ન હોવો જોઈએ. આ સંદર્ભે કુર્આને બધાને આ જ જવાબ આપ્યો છે. અફસોસ છે કે, કુર્આનની આટલી બધી સ્પષ્ટતાઓ હોવા છતાં આજે પણ લોકો રસૂલે કરીમ ﷺના મનુષ્ય હોવાથી ઈન્કાર કરવાની હિંમત કરી રહ્યા છે, અજ્ઞાન મનુષ્ય એ વાસ્તવિકતા નથી સમજતો અને તે કોઈ પોતાના જેવા જ મનુષ્યની શ્રેષ્ઠતાને સ્વીકાર કરવા માટે તૈયાર થતો નથી, એ જ કારણ છે કે પોતાના સમકાલીન અવલિયા અને ઉલમાથી સૂગ અને નફરત તથા નિમ્ન કક્ષાનો વર્તાવ હંમેશા અજ્ઞાન લોકોની ટેવ હોય છે.

હઝરત નૂહ (અલૈ.)ની કૌમની હૃદયને ઠેસ પહોંચાડનારી વાતચીતના જવાબમાં હઝરત નૂહ (અલૈ.)એ આ હમદર્દીભર્યું બોધપાઠથી ભરપૂર વલણ અપનાવ્યું, તે છતાં તેમની દુષ્ટ કૌમ ઉપર તેનો કોઈ પ્રભાવ ન પડ્યો બલકે, આંધળા બનીને જૂઠાડવામાં જ રાચેલા રહ્યા તો અલ્લાહ તઆલાએ તેમના ઉપર પ્રલયનો અઝાબ મોકલી આપ્યો. ઈરશાદ ફરમાવ્યો,

فَكَذَّبُوهُ فَأَنجَيْنَاهُ وَالَّذِينَ مَعَهُ فِي الْفُلْكِ وَأَغْرَقْنَا الَّذِينَ كَذَّبُوا بِآيَاتِنَا إِنَّهُمْ كَانُوا قَوْمًا عَمِينَ એટલે કે, નૂહ (અલૈ.)ની જાલિમ કૌમે તેમના બોધપાઠ અને ભલાઈની કોઈ પરવા ન કરી અને તેને બરાબર જૂઠાડવાની નીતિ ઉપર અડગ રહ્યા, જેનું પરિણામ એ આવ્યું કે, અમે હઝરત નૂહ (અલૈ.) અને તેમના સાથીઓને એક જહાઝમાં સવાર કરીને પ્રલયથી છુટકારો અપાવ્યો અને જે લોકોએ અમારી આયતોને જૂઠાડી હતી તેમને ડૂબાડી દીધા. બેશક ! આ લોકો આંધળા થઈ રહ્યા હતા.

હઝરત નૂહ (અલૈ.)નો કિસ્સો અને તેમની કૌમના ડૂબી જવાની અને જહાઝમાં સવાર લોકોના છુટકારાની સંપૂર્ણ વિગત સૂરએ નૂહ અને સૂરએ હૂદમાં આવશે. આ સ્થળે વિષયના તકાદા પ્રમાણે તેનો ખુલાસો વર્ણન થયો છે. હઝરત ઝૈદ ઈબ્ને અસ્લમ (રદિ.) ફરમાવે છે કે, નૂહ (અલૈ.)ની કૌમ ઉપર તોફાનનો અઝાબ તે સમયે આવ્યો જ્યારે કે તે પોતાની બહુમતી અને શક્તિના આધારે મજબૂત હતા. ઈરાકના વિસ્તારમાં તેના પહાડ તેમની વસ્તીના કારણે તંગ થઈ રહ્યા હતા અને હંમેશા અલ્લાહ તઆલાનો એ નિયમ રહ્યો છે કે, તે નાફરમાન લોકોને ઢીલ આપતો રહે છે. અઝાબ તે સમયે જ મોકલે છે જ્યારે કે તેઓ પોતાની બહુમતી, શક્તિ અને દૌલતની પારકાષ્ઠાએ પહોંચી જાય અને તેમાં મદ્મસ્ત બની જાય. *(ઈબ્ને કષીર)*

હઝરત નૂહ (અલૈ.)ની સાથે જહાઝમાં કેટલા માણસો હતા ? આ બાબતે રિવાયતોમાં વિવિધતા છે. ઈબ્ને કષીર (રહ.)એ ઈબ્ને અબી હાતિમની રિવાયતથી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ કર્યું છે કે, ૮૦ વ્યક્તિઓ હતા, જેમાં એક વ્યક્તિનું નામ જુરહમ હતું, જે અરબી ભાષા બોલતા હતા. *(ઈબ્ને કષીર)*

અમુક રિવાયતોમાં એ વિગત પણ આવી છે કે, ૮૦ની સંખ્યા એટલે કે, ૪૦ પુરુષો અને ૪૦ સ્ત્રીઓ હતી. જળપ્રલય પછી આ બધા લોકો મોસુલમાં જે જગ્યાએ સ્થાયી થયા, તે વસ્તીનું નામ "ષમાનુન" (ષમાનુન એટલે ૮૦) પ્રખ્યાત થયું. મતલબ કે, આ સ્થળે હઝરત નૂહ (અલૈ.)નો ટૂંકો કિસ્સો વર્ણન કરીને એ બતાવવામાં આવ્યું છે કે, બધા જ પ્રાચીન યુગના અંબિયા (અલૈ.)ની દા'વત અને મુખ્ય અકીદહ એક જ હતા. બીજું, એ બતાવવામાં આવ્યું કે, અલ્લાહ તઆલા પોતાના રસૂલોનું સમર્થન અને સહાયતા કેવી આશ્ચર્યજનક પદ્ધતિથી કરી રહ્યો છે કે, પહાડોની ટોચ ઉપર ચઢી જનારાઓને જળપ્રલયથી પણ સહજ રીતે કોઈ ભય હોતો નથી પરંતુ તે પણ ન બચ્યા, ત્રીજું, એ સ્પષ્ટ કરવામાં આવ્યું કે, અંબિયા (અલૈ.)ને જૂઠાડવું અલ્લાહના અઝાબને આમંત્રણ આપવા સમાન છે કે જે પ્રમાણે પાછલી ઉમ્મતો અંબિયા (અલૈ.)ને જૂઠાડવાના કારણે અઝાબમાં સપડાઈ ગઈ, આજના લોકોએ પણ તેનાથી નિર્ભય કે નચિંત ન રહેવું જોઈએ.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૬૫ થી ૭૨)

وَاِلٰى عَادٍ اَخَاهُمْ هُوْدًا ؕ قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ
اَفَلَا تَتَّقُوْنَ ﴿۶۵﴾ قَالَ الْمَلَاُ الَّذِيْنَ كَفَرُوْا مِنْ قَوْمِهٖۤ اِنَّا لَنَرٰىكَ فِيْ سَفَاهَةٍ وَّاِنَّا
لَنَظُنُّكَ مِنَ الْكٰذِبِيْنَ ﴿۶۶﴾ قَالَ يٰقَوْمِ لَيْسَ بِيْ سَفَاهَةٌ وَّلٰكِنِّيْ رَسُوْلٌ مِّنْ رَّبِّ
الْعٰلَمِيْنَ ﴿۶۷﴾ اُبَلِّغُكُمْ رِسٰلٰتِ رَبِّيْ وَاَنَا لَكُمْ نَاصِحٌ اَمِيْنٌ ﴿۶۸﴾ اَوَعَجِبْتُمْ اَنْ جَآءَكُمْ
ذِكْرٌ مِّنْ رَّبِّكُمْ عَلٰى رَجُلٍ مِّنْكُمْ لِيُنْذِرَكُمْ ؕ وَاذْكُرُوْۤا اِذْ جَعَلَكُمْ خُلَفَآءَ
مِنْۢ بَعْدِ قَوْمِ نُوْحٍ وَّزَادَكُمْ فِي الْخَلْقِ بَصْۜطَةً ۚ فَاذْكُرُوْۤا اٰلَآءَ اللّٰهِ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿۶۹﴾
قَالُوْۤا اَجِئْتَنَا لِنَعْبُدَ اللّٰهَ وَحْدَهٗ وَنَذَرَ مَا كَانَ يَعْبُدُ اٰبَآؤُنَا ۚ فَاْتِنَا بِمَا تَعِدُنَاۤ اِنْ
كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿۷۰﴾ قَالَ قَدْ وَقَعَ عَلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ رِجْسٌ وَّغَضَبٌ ؕ
اَتُجَادِلُوْنَنِيْ فِيْۤ اَسْمَآءٍ سَمَّيْتُمُوْهَاۤ اَنْتُمْ وَاٰبَآؤُكُمْ مَّا نَزَّلَ اللّٰهُ بِهَا مِنْ سُلْطٰنٍ ؕ
فَانْتَظِرُوْۤا اِنِّيْ مَعَكُمْ مِّنَ الْمُنْتَظِرِيْنَ ﴿۷۱﴾ فَاَنْجَيْنٰهُ وَالَّذِيْنَ مَعَهٗ بِرَحْمَةٍ مِّنَّا
وَقَطَعْنَا دَابِرَ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَمَا كَانُوْا مُؤْمِنِيْنَ ﴿۷۲﴾ ع ٨ ١٢

તરજુમો :

અને "કોમે આદ" તરફ તેમના ભાઈ હૂદને મોકલ્યા, બોલ્યા; હે મારી કોમ ! અલ્લાહની બંદગી કરો તેના સિવાય કોઈ તમારો મઅ્બૂદ નથી, બસ શું તમે ડરતા નથી !? (૬૫) તેમની કોમમાં જે કાફિર સરદાર હતા, બોલ્યા; અમે તો જોઈ રહ્યા છીએ તારામાં અક્કલ નથી અને અમે તને જૂઠો ધારીએ છીએ. (૬૬) બોલ્યા, હે મારી કોમ ! હું કંઈ અક્કલ વિહોણો નથી પરંતુ હું સમગ્ર વિશ્વના પરવરદિગારનો મોકલેલો છું. (૬૭) તમને પોતાના પરવરદિગારના સંદેશ પહોંચાડું છું અને હું તમારો શુભચિંતક (બોધકર્તા) છું પ્રામાણિક (અમીન) ! (૬૮) શું તમને તાજ્જુબ થયો કે તમારી પાસે તમારા

પરવરદિગારની નસીહત એક પુરુષના મુખે આવી જે તમારામાંથી છે જેથી તમને ડરાવે ? અને યાદ કરો જ્યારે કે તમને નૂહ (અલૈ.)ની કોમ પછી સરદાર બનાવી દીધા અને તમારા કદ-કાઠીના (શરીર સૌષ્ઠવના) ફેલાવાને વધારી દીધું, બસ અલ્લાહના અહેસાન યાદ કરો જેથી તમારું ભલું થાય. (૬૯) બોલ્યા, શું તું એ માટે અમારી પાસે આવ્યો કે અમે એકમાત્ર અલ્લાહની બંદગી કરીએ અને છોડી દઈએ જેમને અમારા બાપદાદા પૂજતા રહ્યા ? બસ તું અમારી પાસે લઈ આવ જે વસ્તુથી તું અમને ડરાવે છે જો તું સાચો છે. (૭૦) કહ્યું, તમારા પરવરદિગાર તરફથી તમારા ઉપર અઝાબ અને ક્રોધ ઉપસ્થિત થઈ ચૂક્યો છે, મારી સાથે તે નામો ઉપર કેમ ઝઘડો છો કે (જે) તમે અને તમારા બાપદાદાઓએ રાખી લીધા છે ? અલ્લાહે તેમની કોઈ સનદ નથી ઉતારી; બસ રાહ જુઓ હું પણ તમારી સાથે રાહ જોઉં છું. (૭૧) પછી અમે તેમને અને જે તેમની સાથે હતા પોતાની રહમતથી બચાવી લીધા અને તેમના મૂળિયાં કાપી નાંખ્યા જેઓ અમારી આયતોને જૂઠાડતા હતા અને માનતા ન હતા. (૭૨)

તફસીર :

અને અમે કોમે આદ તરફ તેમના (કુટુંબ અને પ્રદેશના જાતિ)ભાઈ (હઝરત) હૂદ (અલૈ.)ને (પયગમ્બર બનાવીને) મોકલ્યા, તેમણે (પોતાની કોમને) ફરમાવ્યું, હે મારી કોમ ! તમે (ફક્ત) અલ્લાહની ઈબાદત કરો, તેના સિવાય કોઈ તમારો મઅ્બૂદ (થવા પાત્ર) નથી (અને મૂર્તિપૂંજા છોડી દો, જેમકે આગળ وَنَذَرَ مَا كَانَ يَعْبُدُ اٰبَآؤُنَا થી જાણ થાય છે), બસ શું તમે (એવા મોટા ગુનાહ એટલે કે શિર્ક આચરીને અલ્લાહના અઝાબથી) નથી ડરતા ? તેમની કોમમાં જે આબરૂદાર લોકો કાફિર હતા તેમણે (જવાબમાં) કહ્યું કે, અમે તમને ઓછી (મંદ) બુદ્ધિમાં (સપડાયેલ) નિહાળીએ છીએ (કે તવહીદનો પ્રચાર કરી રહ્યા છો અને અઝાબથી ડરાવી રહ્યા છો) અને અમે બેશક ! તમને જૂઠા લોકોમાંથી સમજીએ છીએ; (એટલે કે, નઊઝુબિલ્લાહ ! ન તો તવહીદ સાચો અકીદહ છે અને ન જ અલ્લાહનો અઝાબ આવવો સાચું છે) તેમણે ફરમાવ્યું કે, હે મારી કોમ ! મારામાં જરા પણ ઓછી (મંદ) બુદ્ધિ નથી પરંતુ (કારણ કે) હું પરવરદિગારે આલમનો મોકલેલો પયગમ્બર છું (તેણે મને તવહીદનું શિક્ષણ અને

અઝાબથી ડરાવવાનો હુકમ આપ્યો છે, એટલા માટે પોતાના હોદ્દાનું કાર્ય કરું છું કે) તમને પોતાના પરવરદિગારનો સંદેશ (અને હુકમો) પહોંચાડું છું અને હું તમારો પ્રામાણિક શુભચિંતક છું (કારણ કે, તવહીદ અને ઈમાનમાં તમારો જ લાભ છે) અને (તમે જે મારા મનુષ્ય હોવાના કારણે મારી નુબુવ્વતનો ઈન્કાર કરો છો, જેમકે સૂરએ ઈબ્રાહીમમાં નૂહ અને આદ અને ષમૂદ અલૈ.ની કોમના વર્ણન પછી છે, قَالُوٓا اِنْ اَنْتُمْ اِلَّا بَشَرٌ مِّثْلُنَا અને સૂરએ ફુસ્સિલતમાં આદ અને ષમૂદના વર્ણન પછી قَالُوْا لَوْ شَآءَ رَبُّنَا لَا نْزَلَ مَلٰٓئِكَةً છે તો) શું તમે એ વાતથી આશ્ચર્ય કરો છો કે તમારા પરવરદિગાર તરફથી તમારી પાસે એક એવા વ્યક્તિ મારફતે જે તમારી જ પ્રજાતિનો (મનુષ્ય) છે કોઈ નસીહત આવી ગઈ ! (તે નસીહતની વાત તે જ છે જે પસ્તુત છે يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ ...اِلٰى قَوْلِهٖ... اَفَلَا تَتَّقُوْنَ) જેથી તે વ્યક્તિ તમને (અલ્લાહના અઝાબથી) ડરાવે (એટલે એ તો કોઈ આશ્ચર્યની વાત નથી, શું માનવ હોવું નુબુવ્વતમાં અવરોધરૂપ છે ? ઉપર اَفَلَا تَتَّقُوْنَ માં જે ચેતવણી આપવામાં આવી હતી આગળ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે) અને (હે કોમ !) તમે તે હાલતને યાદ કરો (અને યાદ કરીને અહેસાન માનો અને આજ્ઞાનું પાલન કરો) કે અલ્લાહ તઆલાએ તમને નૂહની કોમ પછી (પૃથ્વી પટ ઉપર) વસાવ્યા અને કદ-કાઠીમાં તમને વધારે ફેલાવ્યા, બસ અલ્લાહ તઆલાની (તે) નેઅ્મતોને યાદ કરો (અને યાદ કરીને અહેસાન માનો અને આજ્ઞાનું પાલન કરો) જેથી તમને (દરેક પ્રકારની) સફળતા મળે; તે લોકો કહેવા લાગ્યા કે, શું તમે અમારી પાસે એટલા માટે આવ્યા છો કે અમે માત્ર એક અલ્લાહની ઈબાદત કરીએ ? અને જે (મૂર્તિઓ)ને અમારા બાપ-દાદા પૂજતા હતા અમે તે(ઓની ઈબાદત)ને છોડી આપીએ ? (એટલે કે અમે એવું કદાપિ નહીં કરીએ) અને અમને (ઈન્કાર કરવાના કારણે) જે અઝાબની ધમકી આપો છો (જેમકે, اَفَلَا تَتَّقُوْنَ થી જાણ થાય છે) તે (અઝાબ)ને અમારી પાસે મંગાવી લો જો તમે સાચા છો ! તેમણે કહ્યું કે, (તમારી બળવાખોર વૃત્તિની જ્યારે આ જ પરિસ્થિતિ છે તો) બસ, હવે તમારા ઉપર અલ્લાહ તઆલા તરફથી અઝાબ અને ક્રોધ નિકટમાં જ આવવાનો છે (બસ, અઝાબની શંકાનો જવાબ તો તે સમયે જાણ થઈ જશે અને બાકી તવહીદ ઉપર જે શંકા છે કે તે મૂર્તિઓને મઅ્બૂદ કહો છો જેના નામ તો તમે મઅ્બૂદ રાખી લીધા છે પરંતુ વાસ્તવમાં તેમના મઅ્બૂદ હોવાની

કોઈ દલીલ જ નથી તો) શું તમે મારાથી એવા (અવાસ્તવિક) નામોની બાબતમાં ઝઘડો છો (એટલે તે અમુક મૂર્તિઓના નામો વિશે ઝઘડો કરો છો) જેને તમે અને તમારા બાપ-દાદાઓએ (આપમેળે મઅ્બૂદ) ઠરાવી લીધા છે ? (પરંતુ) તેમના મઅ્બૂદ હોવાની અલ્લાહ તઆલાએ કોઈ દલીલ (બૌદ્ધિક અથવા વહી દ્વારા) નથી મોકલી (એટલે કે, તમે જે બાપ-દાદાના તરીકાઓના દાવે'દાર છો તેમની દલીલ લાવવાની પણ જવાબદારી છે અને દલીલ વિરુદ્ધ પ્રતિદલીલ કરનારનો જવાબ પણ; પરંતુ ન તો તમે દલીલ સ્થાપિત કરી શકો છો અને ન જ મારી દલીલનો જવાબ આપી શકો છો, પછી તમારા બાપ-દાદાના તરીકાનો શું અર્થ?) બસ, તમે (હવે ઝઘડો ખતમ કરો અને અલ્લાહના અઝાબની) રાહ જુઓ, હું પણ તમારી સાથે રાહ જોઈ રહ્યો છું; મતલબ કે (અઝાબ આવ્યો અને) અમે તેમને અને તેમના સાથીદારોને (એટલે કે મો'મિનોને) પોતાની રહમત (અને કૃપા)થી (તે અઝાબથી) બચાવી લીધા અને તે લોકોને મૂળિયાં સુદ્ધાં કાપી નાંખ્યા (એટલે કે તેમનો બિલકુલ સર્વનાશ કરી નાંખ્યો) જેમણે અમારી આયતોને જૂઠાડી હતી અને તેઓ (પોતાની દુષ્ટતાના કારણે) ઈમાન લાવનારા ન હતા (અટલે કે, જો તેમનો સર્વનાશ કરવામાં ન આવ્યો હોત તો પણ તેઓ ઈમાન ન લાવ્યા હોત, એટલા માટે અમે સમયની જરૂરિયાત પ્રમાણે હિકમતથી તેમનો સર્વનાશ કરી નાંખ્યો).

મસ્અલા અને બોધપાઠ :

"આદ" અને "ષમૂદ"નો ટૂંક ઇતિહાસ :

આદ અસલમાં એક વ્યક્તિનું નામ છે, જે નૂહ (અલૈ.)ની પાંચમી પેઢી અને તેમના દિકરા સામની અવલાદમાંથી છે, પછી તે વ્યક્તિની અવલાદ અને સમગ્ર કૌમ આદના નામથી પ્રખ્યાત થઈ ગઈ. કુર્આને કરીમમાં આદની સાથે ક્યાંક عَادِ أُوْلَى (આદે ઊલા) તો ક્યાંક إِرَمَ ذَاتِ الْعِمَادِ "તે જેઓ ઈરમ (શહેર)માં હતા મોટા થાંભલાઓવાળા." (૮૯ : ૭) પણ આવ્યું છે. જેનાથી જાણ થાય છે કે, આદની કૌમને إِرَمْ (ઈરમ) પણ કહેવામાં આવે છે અને આદે ઊલાના સંદર્ભમાં કોઈ આદે ષાની એટલે કે, પહેલાં આદના મુકાબલામાં કોઈ બીજા આદ પણ છે, તેના સંશોધનમાં વિવરણકારો અને ઈતિહાસકારોના વિવિધ

નિવેદનો નોંધાયેલા છે. વધારે પ્રખ્યાત એ છે કે, આદના દાદાનું નામ "ઈરમ" છે, તેમનો એક દિકરો એટલે કે, "અવસ"ની અવલાદમાં આદ છે. આ "આદે ઊલા" (આદ પહેલો) કહેવાય છે અને બીજા દિકરા "જષવ"ના દિકરાનું નામ ષમૂદ છે, આ "આદે ષાની" (આદ બીજો) કહેવાય છે. આ સંશોધનનો ખુલાસો એ છે કે, આદ અને ષમૂદ બંને ઈરમની બે શાખાઓ છે. એક શાખાને "આદે ઊલા" અને બીજાને "આદે ષાની" કહેવામાં આવે છે અને શબ્દ إِرَمٌ (ઈરમ), عَـــادٌ (આદ) અને ثَمُوْدٌ (ષમૂદ) બંનેના માટે સંયુક્ત રીતે વપરાય છે.

અમુક વિવરણકારોએ ફરમાવ્યું છે કે, કૌમે આદ ઉપર જે વખતે અઝાબ આવ્યો તો તેમનો એક કાફલો મક્કા મુઅજ્જમહ ગયો હતો. તેઓ અઝાબથી સુરક્ષિત રહ્યા, તેને "આદે ઉખરા" કહેવામાં આવે છે. *(બયાનુલ કુર્આન)*

હૂદ (અલૈ.) એક નબીનું નામ છે, આ પણ નૂહ (અલૈ.)ની પાંચમી પેઢી અને "સામ"ની અવલાદમાંથી છે. કૌમે આદ અને હઝરત હૂદ (અલૈ.)ની પેઢી ચોથી પેઢીમાં સામ ઉપર ભેગી થઈ જાય છે. આમ હૂદ (અલૈ.) આદના કૌટુંબિક ભાઈ છે. એટલા માટે اَخَاهُمْ هُوْدًا ફરમાવવામાં આવ્યું.

કૌમે આદના ૧૩ કુટુંબો હતા. ઓમાનથી લઈને હજ્રે મૌત અને યમન સુધી તેમની વસ્તીઓ હતી, તેમની જમીનો ઘણી ફળદ્રુપ અને હરીભરી હતી, દરેક પ્રકારના બગીચાઓ હતા, રહેવા માટે મોટા-મોટા શાનદાર મહેલો બનાવતા હતા, ખૂબ જ મોટા-મોટા કદાવર અને મોટા દિલડોળવાળા (ભરાવદાર) માણસો હતા. પ્રસ્તુત આયતમાં زَادَكُمْ فِى الْخَلْقِ بَصْطَةً નો આ જ અર્થ છે. અલ્લાહ તઆલાએ દુનિયાની સઘળી નેઅ્મતોના દરવાજા તેમના ઉપર ખોલી આપ્યા હતા, પરંતુ તેમની દીને હક ન સ્વીકારવાની ખોટી હઠધર્મીના કારણે આ જ નેઅ્મતોને તેમના માટે તેમના જીવની આફત બનાવી દેવામાં આવી પોતાની શક્તિ અને જાહોજલાલીના નશામાં મદ્‌મસ્ત થઈને مَنْ اَشَدُّ مِنَّا قُوَّةً "અમારાથી વધીને કોણ શક્તિશાળી છે ?" (૪૧:૧૫)ની ડંફાસો મારવા લાગ્યા.

અલ્લાહ રબ્બુલ આલમીન કે, જેની નેઅ્મતોનો વરસાદ તેમના ઉપર થઈ રહ્યો હતો, તેને છોડીને તેઓ મૂર્તિપૂજામાં રાચી પડ્યા.

હઝરત હૂદ (અલૈ.)નું પેઢીનામું અને અમુક ઘટનાઓ :

અલ્લાહ તઆલાએ હઝરત હૂદ (અલૈ.)ને તેમની હિદાયત માટે

પયગમ્બર બનાવીને મોકલ્યા, જે પોતે તેમના જ કુટુંબમાંથી હતા, અબૂલ બરકાત ઝૂની જેઓ અરબના પેઢીનામાના નિષ્ણાત અને એ વિષયના પ્રખ્યાત લેખક છે, તેમણે લખ્યું છે કે, હૂદ (અલૈ.)ના દિકરા યઅ્રબ બિન કહતાન છે, જે યમનમાં જઈને વસી ગયા અને યમનની કૌમ તેમની જ નસ્લ છે. અરબી ભાષાની શરૂઆત તેમનાથી જ થઈ અને યઅ્રબના નામ ઉપરથી જ તેમની ભાષાનું નામ અરબી અને તે ભાષા બોલનારાઓને અરબ કહેવામાં આવ્યા. *(બહરે મુહીત)*

પરંતુ સાચું એ છે કે, અરબી ભાષા તો હઝરત નૂહ (અલૈ.)ના સમયકાળમાં પણ અસ્તિત્વ ધરાવતી હતી. નૂહ (અલૈ.)ના જહાઝમાં એક વ્યક્તિ જુહરમ નામનો હતો જેનાથી મક્કાએ મુઅજ્જમહનો વસવાટ શરૂ થયો. હા ! એવું બની શકે છે કે યમનમાં અરબી ભાષાની શરૂઆત યઅ્રબ બિન કહ્તાનથી થઈ હોય અને અબૂલ બરકાતના સંશોધનનો આ જ અર્થ હોય. વલ્લાહુ અઅ્લમુ.

હઝરત હૂદ (અલૈ.)એ કૌમે આદને મૂર્તિપૂજા છોડીને તવહીદ અપનાવવા અને જુલમ તથા બળજબરી છોડીને ન્યાય અને ઈન્સાફ અપનાવવાની તાકીદ કરી પરંતુ આ લોકો પોતાની દોલત અને શક્તિના નશામાં ચૂર હતા, તેમણે વાત ન માની, જેના પરિણામે તેમના ઉપર પ્રથમ અઝાબ એ આવ્યો કે, ત્રણ વર્ષ સુધી સતત વરસાદ બંધ રહ્યો, તેમની જમીનો સૂક્કી ભઠ્ઠ રણ બની ગઈ, બગીચાઓ વેરાન થઈ ગયા છતાં પણ આ લોકોએ શિર્ક અને મૂર્તિપૂજા કરવાનું છોડ્યું નહીં, તો પછી આઠ દિવસ અને સાત રાતો સુધી તેમના ઉપર સખત પ્રકારની આંધીનો અઝાબ આવ્યો જેણે તેમના બચેલા રહ્યા-સહ્યા બાગો અને મહેલોને જમીનદોસ્ત કરી નાંખ્યા અને માણસો તથા પ્રાણીઓ હવામાં ઉડીને ઉંધા મોંએ જમીન ઉપર આવીને પડતા હતા. આ જ પ્રમાણે આ કૌમે આદનો સર્વનાશ કરી નાંખવામાં આવ્યો. પ્રસ્તુત આયતમાં જે ઈરશાદ છે, وَقَطَعْنَا دَابِرَ الَّذِيْنَ كَذَّبُوْا એટલે કે, "અમે જૂઠાડનારાઓની નસ્લ કાપી નાંખી," તેનો હેતુ અમુક લોકોએ આ જ ઠરાવ્યો છે કે, તે સમયે જે લોકો હાજર હતા તે બધાનો જ નાશ કરી નાંખવામાં આવ્યો અને અમુક લોકોએ આ શબ્દનો એ ભાવાર્થ ઠરાવ્યો છે કે, આવનારા સમય માટે ભવિષ્યમાં પણ કૌમે આદની વંશનો ક્રમ અલ્લાહ તઆલાએ કાપી નાંખ્યો.

હઝરત હૂદ (અલૈ.)ની વાત ન માનવા અને કુફ્ર-શિર્કમાં રાચેલા રહેવા ઉપર જ્યારે તેમની કૌમ ઉપર અઝાબ આવ્યો તો હઝરત હૂદ (અલૈ.) અને તેમના સાથીઓએ એક حَظِيرَةٌ (હઝીરહ) ''ખૂંટા ચોંડીને વાડ જેવા બનાવવામાં આવેલ ખુલ્લા સ્થળ''માં શરણ લીધું. એ આશ્ચર્યની વાત હતી કે, આ આંધી-તોફાનમાં મોટા-મોટા મહેલો જમીનદોસ્ત થઈ રહ્યા હતા પરંતુ આ વાડમાં હવા બિલકુલ મધ્યમ કક્ષાની અને શાંત થઈને પ્રવેશતી હતી. હૂદ (અલૈ.)ના બધા સાથીદારો અઝાબ નાઝિલ થતો હતો તે સમયે પણ બિલકુલ સલામત રીતે શાંતિથી બેસી રહ્યા, તેમને કોઈ પ્રકારની કોઈ તકલીફ ન પહોંચી. કૌમના સર્વનાશ થઈ ગયા પછી તેઓ મક્કા મુઅજ્જમહ સીધાવી ગયા અને ત્યાં જ વફાત પામ્યા. *(બહરે મુહીત)*

કૌમે આદનો અઝાબ હવાના તોફાનના સ્વરૂપમાં આવવો કુર્આન મજીદમાં સ્પષ્ટ નુસૂસ દ્વારા પ્રસ્તુત છે અને સૂરએ મો'મિનૂનમાં નૂહ (અલૈ.)ના કિસ્સાનું વર્ણન કર્યા પછી જે ઈરશાદ થયો છે, ثُمَّ اَنْشَاْنَا مِنْۢ بَعْدِهِمْ قَرْنًا اٰخَرِيْنَ (૨૩ : ૩૧) એટલે કે, "પછી અમે તેમના પછી એક અન્ય સમૂહ પેદા કર્યો." દેખીતું એ છે કે, આ સમૂહનો અર્થ કૌમે આદ છે, પછી તે સમૂહના અમલો અને પરિસ્થિતિઓ વર્ણન કર્યા બાદ ઈરશાદ ફરમાવ્યો, فَاَخَذَتْهُمُ الصَّيْحَةُ بِالْحَقِّ (૨૩:૪૧) એટલે કે, "પકડી લીધા તેમને એક ભયંકર અવાજે." કુર્આનના આ વર્ણનની બીના ઉપર અમુક વિવરણકાર ઉલમાએ ફરમાવ્યું કે, કૌમે આદ ઉપર સખત પ્રકારના અતિભયંકર અવાજનો અઝાબ આવ્યો હતો, પરંતુ તે બંને વાતોમાં કોઈ વિરોધાભાસ નથી. બની શકે છે કે, ભયંકર મોટો અવાજ પણ આવ્યો હોય અને આંધી-તોફાન પણ આવ્યું હોય.

આ ટૂંકી ઘટના છે કૌમે આદ અને હઝરત હૂદ (અલૈ.)ની, તેની વિગત કુર્આનના શબ્દોમાં આ પ્રમાણે છે.

પ્રથમ આયતમાં وَاِلٰى عَادٍ اَخَاهُمْ هُوْدًا ؕ قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ اَفَلَا تَتَّقُوْنَ એટલે કે, "અમે કૌમે આદ તરફ તેમના ભાઈ હઝરત હૂદ (અલૈ.)ને હિદાયત માટે મોકલ્યા તો તેમણે ફરમાવ્યું, હે મારી કૌમ ! તમે માત્ર અલ્લાહ તઆલાની ઈબાદત કરો, તેના સિવાય કોઈ તમારો મઅ્બૂદ નથી, શું તમે ડરતા નથી ?"

કૌમે આદથી અગાઉની કૌમ હઝરત નૂહ (અલૈ.)નો ભયંકર અઝાબ હજુ સુધી લોકોના માનસમાંથી અદૃષ્ય થયો ન હતો. એટલા માટે હઝરત હૂદ (અલૈ.)એ અઝાબની કઠોરતા અને ભયંકરતા વર્ણન કરવાની આવશ્યકતા ન હતી, તેથી ફક્ત એટલું કહેવું પૂરતું સમજ્યું કે, શું તમે અલ્લાહના અઝાબથી ડરતા નથી ?

બીજી આયતમાં છે قَالَ الْمَلَاُ مِنْ قَوْمِهٖٓ اِنَّا لَنَرٰكَ فِیْ سَفَاهَةٍ وَّاِنَّا لَنَظُنُّكَ مِنَ الْكٰذِبِیْنَ એટલે કે, "કૌમના સરદારોએ કહ્યું કે, અમે આપને બેવકૂફીમાં સપડાયેલા જોઈ રહ્યા છીએ અને અમારું અનુમાન તો એ છે કે તમે જૂઠું બોલનારાઓમાંથી છો."

આ લગભગ એવો જ વાંધો છે જેને હઝરત નૂહ (અલૈ.)ની કૌમે તેમની સામે ઉઠાવ્યો હતો, ફક્ત અમુક શબ્દોનો તફાવત છે. ત્રીજી અને ચોથી આયતમાં તેનો જવાબ પણ લગભગ એ જ અંદાજમાં આવ્યો છે જેવો હઝરત નૂહ (અલૈ.)એ આપ્યો હતો. એટલે કે, મારામાં કંઈ જ બેવકૂફી નથી, વાત માત્ર એટલી છે કે હું રબ્બુલ આલમીન તરફથી રસૂલ અને પયગમ્બર બનીને આવ્યો છું અને તેના સંદેશ તમને પહોંચાડું છું અને હું સ્પષ્ટ રીતે તમારો શુભચિંતક છું. એટલા માટે તમારા પૂર્વજોની અજ્ઞાનતા અને ભૂલોમાં તમારો સાથ દેવાના બદલે હું તમારા સ્વાભાવ અને પરંપરા વિરુદ્ધ સત્ય વાત તમને પહોંચાડું છું, જેને તમે ખરાબ માની રહ્યા છો.

પાંચમી આયતમાં કૌમે આદ સામે એ જ વાંધો ઉઠાવવાનું વર્ણન કરવામાં આવ્યું છે, જે તેમનાથી અગાઉ હઝરત નૂહ (અલૈ.)ની કૌમે ઉઠાવ્યો હતો કે, અમે કોઈ પોતાના જેવા જ મનુષ્ય અને પુરુષને કેવી રીતે પોતાનો આગેવાન માની લઈએ ? કોઈ ફરિશ્તો હોત તો શક્ય હતું કે અમે માની લીધું હોત. તેનો જવાબ પણ કુર્આને કરીમમાં એ જ વર્ણન કરવામાં આવ્યો જે નૂહ (અલૈ.)એ આપ્યો હતો કે, એ કોઈ આશ્ચર્યની વાત નથી કે કોઈ મનુષ્ય અલ્લાહનો નબી અને રસૂલ થઈને લોકોને ડરાવવા માટે આવી જાય. કારણ કે, વાસ્તવમાં મનુષ્યને સમજાવવા માટે મનુષ્યને જ પયગમ્બર બનાવવો પ્રભાવી બની શકે છે.

ત્યારબાદ તેમના તે ઈનામોને યાદ અપાવાવમાં આવ્યા, જે અલ્લાહ

તઆલાએ એ કૌમ ઉપર કર્યા હતા. ઈરશાદ ફરમાવ્યો, وَاذْكُرُوْٓا اِذْ جَعَلَكُمْ خُلَفَآءَ مِنْۢ بَعْدِ قَوْمِ نُوْحٍ وَّزَادَكُمْ فِى الْخَلْقِ بَصْطَةً فَاذْكُرُوْٓا اٰلَآءَ اللّٰهِ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ એટલે કે, "તે વાત યાદ કરો કે, અલ્લાહ તઆલાએ તમને કૌમે નૂહ પછી જમીનના માલિક અને તેને વાપરનારા બનાવી દીધા અને કદ-કાઠીમાં તમને ફેલાવો પણ વધારે આપ્યો, તેની આ નેઅ્મતોને યાદ કરો તો તમારું ભલું થશે."

પરંતુ આ દુષ્ટ, બળવાખોર અને નશામાં મદ્મસ્ત થયેલ કૌમે કોઈ વાત કાને ન ધરી અને તે જ જવાબ આપ્યો, જે સામાન્ય રીતે ગુમરાહ લોકો આપ્યા કરે છે કે, "શું તમે એવું ઈચ્છો છો કે, અમે ફક્ત એક અલ્લાહને માનવા લાગીએ ? એ તો અમારાથી નહીં થાય. તમે જે અઝાબની અમને ધમકી આપી રહ્યા છો તે અઝાબને બોલાવી લો, જો તમે સાચા છો."

છઠ્ઠી આયતમાં હૂદ (અલૈ.)એ જવાબ આપ્યો કે, "જ્યારે તમારી દુષ્ટતા અને મદ્હોશીની આ હાલત છે, ઉપરથી હવે તમારા ઉપર અલ્લાહનો ક્રોધ અને અઝાબ લાવવા જ માંગો છો તો તમે રાહ જુઓ અને અમે પણ તેની રાહ જોઈએ છીએ." કૌમના આ ઉશ્કેરણીજનક જવાબથી અઝાબ આવવાની ખબર તો આપી દીધી પરંતુ પયગમ્બરના હોદ્દાની રૂએ હેત અને નસીહતે ફરી મજબૂર કરી દીધા કે, આ વાતચીત દરમિયાન એ પણ ફરમાવી દીધું કે, અફસોસ છે કે તમે અને તમારા બાપ-દાદાએ બુદ્ધિહીન નિર્જીવ વસ્તુને તમારા મઅ્બૂદ બનાવી લીધા, જેના મઅ્બૂદ હોવાની ન તો કોઈ બૌદ્ધિક કે તાર્કિક દલીલ છે અને ન જ કોઈ વહી દ્વારા આવેલ દલીલ. એમ છતાં તમે તેમની ઈબાદતમાં એવા પરિપક્વ થઈ ગયા કે તેમની હિમાયતમાં મારી સાથે ઝઘડી રહ્યા છો ?

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો કે, હઝરત હૂદ (અલૈ.)નો સંપૂર્ણ સંઘર્ષ અને કૌમે આદની બળવાખોરીનું અંતિમ પરિણામ એ આવ્યું કે, "અમે હઝરત હૂદ (અલૈ.)ને અને તે લોકોને જેઓ તેમના ઉપર ઈમાન લાવ્યા હતા અઝાબથી સુરક્ષિત રાખ્યા અને જૂઠાડનારા લોકોના મૂળિયાં કાપી નાંખ્યા અને તેઓ ઈમાન લાવનારા ન હતા."

આ કિસ્સામાં ગાફેલ માનવો માટે અલ્લાહ તઆલાની યાદ અને આજ્ઞાપાલનમાં લાગી જવાનું માર્ગદર્શન અને તેનો વિરોધ કરનારાઓ માટે

બોધપાઠ અને નસીહતનો સામાન તથા પ્રચારકો અને સુધારકો માટે પયગમ્બર (અલૈ.)ની પરંપરા તથા સુધારણા અને પ્રચારનું શિક્ષણ છે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૭૩ થી ૭૬)

وَإِلَىٰ ثَمُودَ أَخَاهُمْ صَالِحًا ۗ قَالَ يَا قَوْمِ اعْبُدُوا اللَّهَ مَا لَكُم مِّنْ إِلَٰهٍ غَيْرُهُ ۖ قَدْ جَاءَتْكُم
بَيِّنَةٌ مِّن رَّبِّكُمْ ۖ هَٰذِهِ نَاقَةُ اللَّهِ لَكُمْ آيَةً ۖ فَذَرُوهَا تَأْكُلْ فِي أَرْضِ اللَّهِ ۖ وَلَا
تَمَسُّوهَا بِسُوءٍ فَيَأْخُذَكُمْ عَذَابٌ أَلِيمٌ ﴿٧٣﴾ وَاذْكُرُوا إِذْ جَعَلَكُمْ خُلَفَاءَ مِن بَعْدِ عَادٍ وَبَوَّ
أَكُمْ فِي الْأَرْضِ تَتَّخِذُونَ مِن سُهُولِهَا قُصُورًا وَتَنْحِتُونَ الْجِبَالَ بُيُوتًا ۖ فَاذْكُرُوا
آلَاءَ اللَّهِ وَلَا تَعْثَوْا فِي الْأَرْضِ مُفْسِدِينَ ﴿٧٤﴾ قَالَ الْمَلَأُ الَّذِينَ اسْتَكْبَرُوا مِن قَوْمِهِ
لِلَّذِينَ اسْتُضْعِفُوا لِمَنْ آمَنَ مِنْهُمْ أَتَعْلَمُونَ أَنَّ صَالِحًا مُّرْسَلٌ مِّن رَّبِّهِ ۚ
قَالُوا إِنَّا بِمَا أُرْسِلَ بِهِ مُؤْمِنُونَ ﴿٧٥﴾ قَالَ الَّذِينَ اسْتَكْبَرُوا إِنَّا بِالَّذِي آمَنتُم
بِهِ كَافِرُونَ ﴿٧٦﴾

તરજુમો :

અને ષમૂદ તરફ તેમના ભાઈ સાલિહ (અલૈ.)ને મોકલ્યા, બોલ્યા; હે મારી કોમ ! અલ્લાહની બંદગી કરો તેના સિવાય કોઈ તમારો મઅ્બૂદ નથી, તમને તમારા પરવરદિગાર તરફથી દલીલ પહોંચી ચૂકી છે, આ અલ્લાહની ઊંટણી છે તમારા માટે નિશાની, બસ તેને છોડી દો કે અલ્લાહની ભૂમિમાં ખાય અને તેને બુરી રીતે હાથ ન લગાવો (નહિતર) પછી તમને દર્દનાક અઝાબ પકડશે. (૭૩) અને યાદ કરો જ્યારે કે તમને આદ પછી સરદાર બનાવી દીધા અને તમને જમીનમાં ઠેકાણું આપ્યું કે નરમ જમીનમાં મહેલ બનાવો છો અને પહાડોના ઘર કોતરો છો, બસ અલ્લાહના અહેસાન યાદ કરો અને જમીનમાં ફસાદ મચાવતા ન ફરો. (૭૪) તેમની કોમમાં જે ઘમંડી સરદાર હતા ગરીબ લોકોને કહેવા લાગ્યા કે જેઓ તેમનામાં ઈમાન લાવી

ચૂક્યા હતા, શું તમને યકીન છે કે સાલિહ (અલૈ.)ને તેના પરવરદિગારે મોકલ્યો છે ? બોલ્યા, અમને તો તેઓ જે લઈને આવ્યા છે તેના ઉપર યકીન છે. (૭૫) કહેવા લાગ્યા તે લોકો જેઓ ઘમંડી હતા, જેના ઉપર તમને યકીન છે અમે તેને નથી માનતા. (૭૬)

તફસીર :

અને કોમે ષમૂદ તરફ તેમના ભાઈ (હઝરત) સાલિહ (અલૈ.)ને (પયગમ્બર બનાવીને) મોકલ્યા, તેમણે (પોતાની કોમને) કહ્યું, હે મારી કોમ ! તમે (ફક્ત) અલ્લાહ તઆલાની ઈબાદત કરો તેના સિવાય કોઈ તમારો મઅ્બૂદ (હોવાના પાત્ર) નથી, (તેમણે એક ખાસ મોઅ્જિઝાની દરખાસ્ત કરી કે, આ પથ્થરમાંથી એક ઊંટણી પેદા થાય તો અમે ઈમાન લાવીએ, આથી હઝરત સાલિહ અલૈ.એ દુઆ કરી તો અલ્લાહ તઆલાએ એવું જ કર્યું કે તે પથ્થર ફાટયો અને તેમાંથી એક મોટી ઊંટણી નીકળી. *–રવાહુ મુહમ્મદ બિન ઈસ્હાક* –હઝરત સાલિહ અલૈ.એ ફરમાવ્યું કે) તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી (મારા રસૂલ હોવાની) એક સ્પષ્ટ દલીલ આવી ચૂકી છે; (આગળ તેનું વર્ણન છે) આ ઊંટણી છે, જે અલ્લાહની તમારા માટે દલીલ (બનાવીને જાહેર કરવામાં આવી) છે (અને તે એટલા માટે અલ્લાહની ઊંટણી કહેવાઈ કે તે અલ્લાહની દલીલ છે) બસ (તદુપરાંત મારી રિસાલત ઉપર પોતે પણ દલીલ છે, તેના પણ અમુક હકો આ પ્રમાણે છે કે) તેને છોડી દો અલ્લાહની જમીનમાં (ઘાસચારો) ખાતી ફરે (એ જ પ્રમાણે પોતાનો વારો હોય તે દિવસે પાણી પીતી રહે, જેમકે બીજી આયતમાં છે) અને તેને બુરાઈ (અને તકલીફ આપવા)ની સાથે હાથ પણ ન લગાવો નહિતર તમને દર્દનાક અઝાબ પકડી લેશે અને (હે કોમ) તમે તે પરિસ્થિતિને યાદ કરો (અને યાદ કરીને અહેસાન માનો અને આજ્ઞાપાલન કરો) કે અલ્લાહ તઆલાએ તમને (કોમે) આદ પછી (પૃથ્વી પટ ઉપર) આબાદ કર્યા અને તમને જમીન ઉપર રહેવાનું (ઉત્તમ) ઠેકાણું આપ્યું કે નરમ જમીન ઉપર (પણ મોટા–મોટા) મહેલ બનાવો છો અને પહાડોને કોતરી–કોતરીને તેમાં (પણ) ઘર બનાવો છો, બસ અલ્લાહ તઆલાની (તે) નેઅ્મતોને (અને અન્ય નેઅ્મતોને પણ) યાદ કરો (અને કુફ્ર અને શિર્ક દ્વારા) જમીન ઉપર ફસાદ ન ફેલાવો (અને ઈમાન લઈ આવો, પરંતુ આ પ્રકારની વિનંતીથી અમુક ગરીબ લોકો ઈમાન

લાવ્યા હતા તે અને તેમના માલદારોમાં પરસ્પર એવી વાતચીત થઈ, એટલે કે) તેમની કોમમાં જેઓ ઘમંડી સરદારો હતા તેમણે ગરીબ લોકોને કે જેઓ તેમનામાંથી ઈમાન લઈ આવ્યા હતા, પૂછ્યું કે શું તમને એ વાતનું યકીન છે કે સાલિહ (અલૈ.) પોતાના પરવરદિગાર તરફથી (પયગમ્બર બનાવીને) મોકલવામાં આવ્યા છે ? તેમણે (જવાબમાં) કહ્યું કે, બેશક ! અમે તો એ (હુકમ) ઉપર સંપૂર્ણ યકીન રાખીએ છીએ જે તેમને આપીને મોકલવામાં આવ્યા છે, તે ઘમંડી લોકો કહેવા લાગ્યા કે તમે જે વસ્તુઓ ઉપર યકીન લાવ્યા છો અમે તો તેના ઈન્કારી છીએ.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાં હઝરત સાલિહ (અલૈ.) અને તેમની કૌમ ષમૂદની હાલતનું વર્ણન છે જેમકે, આ અગાઉ કૌમે નૂહ (અલૈ.) અને કૌમે હૂદ (અલૈ.)નું વર્ણન આવી ચૂક્યું છે અને સૂરએ અઅ્રાફના અંત સુધી પણ પાછલા અંબિયા (અલૈ.) અને તેમની કૌમોનો અહેવાલ તથા અંબિયા (અલૈ.)ની હક્કની દા'વત ઉપર તેમની કૌમના કુફ્ર અને ઈન્કારના ખરાબ પરિણામનું વર્ણન છે.

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં ઈરશાદ છે وَاِلٰی ثَمُوْدَ اَخَاهُمْ صٰلِحًا તેમાંથી પ્રથમ કૌમે આદના ઉલ્લેખમાં વર્ણન થઈ ચૂક્યું છે કે, આદ અને ષમૂદ એક જ દાદાની અવલાદમાં બે વ્યક્તિઓના નામો છે, તેમની અવલાદ પણ તેમના નામથી જ ઓળખાઈ અને બે કૌમો બની ગઈ. એક કૌમ "કૌમે આદ" અને બીજી કૌમ "કૌમે ષમૂદ" કહેવાય છે. તેઓ અરબના ઉત્તર-પશ્ચિમમાં વસતા હતા અને તેમના મોટા શહેરનું નામ હિજ્ર હતું, જેને આજે મોટે ભાગે "મદાઈને સાલિહ" (અલૈ.)ના નામે ઓળખવામાં આવે છે. કૌમે આદની જેમ કૌમે ષમૂદ પણ માલદાર, શક્તિશાળી અને બહાદૂર કૌમ હતી તથા પથ્થરની શિલ્પકળામાં અને સ્થાપત્યકળામાં નિષ્ણાત હતી. ખુલ્લી જમીન ઉપર મોટા-મોટા મહેલો બનાવતા હતા, તદુપરાંત પહાડોને કોતરી-કોતરીને તેમાંથી અનેક પ્રકારની ઈમારતો બનાવતા હતા. "અરજુલ કુર્આન"માં મવલાના સય્યદ સુલયમાન સાહેબે લખ્યું છે કે, તેમના સ્થાપત્યના અવશેષો દુનિયામાં આજે પણ જોવા મળે છે, તેના ઉપર "ઈરમિ" અને "ષમૂદી" લિપીમાં લખાણો કોતરેલા જોવા મળે છે.

દુનિયાની દોલત અને અય્યાશીઓનું પરિણામ મોટે ભાગે એ જ આવતું હોય છે કે, એવા લોકો અલ્લાહ અને આખિરતથી ગાફેલ થઈને ખોટા માર્ગો ઉપર ખોટા રવાડે ચઢી જાય છે. કૌમે ષમૂદની પણ એવી જ હાલત થઈ.

અલબત્ત, તેમનાથી અગાઉની કૌમ કૌમે નૂહ (અલૈ.)ના અઝાબના કિસ્સાનું વર્ણન હજુ સુધી દુનિયામાં ચર્ચાતું હતું અને તે ઉપરાંત તેમના ભાઈ એવી કૌમે આદના સર્વનાશના કિસ્સાઓ તો તાજા જ હતા, પરંતુ દોલત અને શક્તિના નશાની મદ્હોશીની ખાસિયત એ જ હોય છે કે, હજુ એક વ્યક્તિનો પાયો જમીનદોસ્ત થાય છે કે બીજો તેની માટીના ઢગલા ઉપર પોતાની ઈમારત ઊભી કરી લે છે અને પ્રથમ ઘટી ચૂકેલી ઘટનાને ભૂલી જાય છે. કૌમે આદની તબાહી અને સર્વનાશ પછી કૌમે ષમૂદ તેમના મકાનો અને જમીનોના વારસદાર બની ગયા અને તે જ સ્થળો ઉપર પોતાની અય્યાશીઓના મહેલો તા'મીર કર્યા, જેમાં તેમના ભાઈ હલાક થઈ ચૂક્યા હતા અને ઠીક તે જ અમલો અને પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી જે કૌમે આદે કરી હતી કે અલ્લાહ અને આખિરતથી ગાફેલ થઈને શિર્ક અને મૂર્તિપૂજામાં લાગી ગયા. અલ્લાહ તઆલાએ પોતાની સુન્નતુલ્લાહ (અલ્લાહની ટેવના સાતત્ય) પ્રમાણે તેમની હિદાયત માટે હઝરત સાલિહ (અલૈ.)ને રસૂલ બનાવીને મોકલ્યા. સાલિહ (અલૈ.) વંશ અને વતનના આધારે કૌમે ષમૂદના જ એક વ્યક્તિ હતા, કારણ કે તેઓ પણ "સામ"ની અવલાદમાંથી જ હતા. આથી કુર્આને કરીમમાં તેમને કૌમે ષમૂદના ભાઈ કહ્યા છે. اَخَاهُمْ صٰلِحًا હઝરત સાલિહ (અલૈ.)એ પોતાની કૌમને જે આમંત્રણ આપ્યું તે એ જ આમંત્રણ છે જે હઝરત આદમથી લઈને બધા જ અંબિયા (અલૈ.) આપતા ચાલ્યા આવે છે. જેમકે કુર્આનમાં છે وَلَقَدْ بَعَثْنَا فِىْ كُلِّ اُمَّةٍ رَّسُوْلًا اَنِ اعْبُدُوا اللّٰهَ وَاجْتَنِبُوا الطَّاغُوْتَ એટલે કે, "અમે દરેક ઉમ્મતમાં એક રસૂલ મોકલ્યા કે તે એ માર્ગદર્શન આપે કે અલ્લાહની ઈબાદત કરો અને મૂર્તિપૂજાથી બચો." દરેક અગાઉ થઈ ચૂકેલા અંબિયા અલયહિમુસ્સલામની જેમ જ હઝરત સાલિહ (અલૈ.)એ પણ પોતાની કૌમને એ જ કહ્યું કે, અલ્લાહ તઆલાને પોતાનો પાલનહાર, સર્જનહાર અને માલિક સમજો, તેના સિવાય કોઈ મઅ્બૂદ બનાવવાના પાત્ર નથી. ફરમાવ્યું, يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ

એની સાથે આ પણ ફરમાવ્યું, قَدْ جَآءَتْكُمْ بَيِّنَةٌ مِّنْ رَّبِّكُمْ ط એટલે કે, હવે તો તમારા પરવરદિગાર પાસેથી ખુલ્લી નિશાની તમારી પાસે આવી પહોંચી છે. તે નિશાનીનો અર્થ એક આશ્ચર્યજનક ઊંટણી છે જેનું વર્ણન આ આયતમાં પણ છે અને કુર્આનની વિવિધ સૂરતોમાં તેની વધારે વિગત પ્રસ્તુત છે. તે ઊંટણીની ઘટના એ હતી કે, હઝરત સાલિહ (અલૈ.)એ પોતાની યુવાનીના કાળમાં પોતાની કૌમને તવહીદનું આમંત્રણ આપવાનું શરૂ કર્યું અને બરાબર તેમાં જ મંડી પડ્યા, એટલે સુધી કે વૃદ્ધાવસ્થાની નિશાનીઓ શરૂ થઈ ગઈ. હઝરત સાલિહ (અલૈ.)ના વારંવાર આગ્રહ કરવાથી તંગ આવીને તેમની કૌમે એ ઠરાવ્યું કે, તેમની પાસે કોઈ એવી માંગણી કરો જેને તેઓ પૂરી ન કરી શકે અને આપણે તેમનો વિરોધ કરવામાં સ્વતંત્ર થઈ જઈએ. માંગણી એ કરી કે, જો તમે વાસ્તવમાં અલ્લાહના રસૂલ છો તો અમારા ફલાણા પહાડ કે જેનું નામ "કાતિબહ" હતું, તેની અંદરથી એક એવી ઊંટણી કાઢી આપો જે દશ મહિનાનો ગર્ભ ધારણ કરેલ સ્થિતિમાં હોય અને મજબૂત તથા તંદુરસ્ત પણ હોય.

હઝરત સાલિહ (અલૈ.)એ પ્રથમ તેમની પાસેથી વચન લીધું કે, જો હું તમારી આ માંગણી પૂરી કરી આપું તો તમે બધા મારા ઉપર અને મારા આમંત્રણ ઉપર ઈમાન લાવજો. જ્યારે બધાએ કરાર કરી લીધો ત્યારે હઝરત સાલિહ (અલૈ.)એ બે રકા'ત નમાઝ પઢીને અલ્લાહ તઆલાથી દુઆ કરી કે, "હે પરવરદિગાર ! તારા માટે તો કોઈ કામ મુશ્કેલ નથી તું તેમની માંગણી સંતોષી દે." દુઆ કરતાંની સાથે જ પહાડની અંદર ધ્રુજારી ઉત્પન્ન થઈ અને તેની એક મોટી શીલા ફાટી અને તેમાંથી એક ઊંટણી એ જ પ્રમાણે નીકળી આવી જેની માંગણી કરવામાં આવી હતી.

હઝરત સાલિહ (અલૈ.)નો આ ખુલ્લો અને આશ્ચર્યજનક મોઅ્જિઝો જોઈને તેમનામાંથી ઘણા લોકો તો મુસલમાન થઈ ગયા અને બાકીની સમગ્ર કૌમે પણ ઈરાદો કરી લીધો કે ઈમાન લઈ આવે, પરંતુ કૌમના અમુક સરદારો જેઓ મૂર્તિઓના ખાસ પૂજારીઓ અને મૂર્તિપૂજાના ઈમામો હતા તેમણે તેમને બહેકાવીને ઈસ્લામ સ્વીકાર કરવાથી અટકાવી દીધા. હઝરત સાલિહ (અલૈ.)એ જ્યારે જોયું કે કૌમે કરારભંગ કર્યો છે તો તેમને ભય લાગ્યો કે હવે તેમના ઉપર કોઈ અઝાબ આવી પડશે. આ ભયે તેમણે પોતાના પયગમ્બર હોવાના કારણે

લાગણી અને તેમના પ્રત્યેના હેતના લીધે તેમને નસીહત કરી કે, આ ઊંટણીની હિફાઝત કરજો, તેને કોઈ તકલીફ નહીં પહોંચાડો તો કદાચ તમે અઝાબથી સુરક્ષિત રહેશો નહિતર તાત્કાલિક તમારા ઉપર અઝાબ આવી પડશે. આ જ વિષય પ્રસ્તુત આયતના આ વાક્યમાં રજૂ થયો છે, هٰذِهٖ نَاقَةُ اللّٰهِ لَكُمْ اٰيَةً فَذَرُوْهَا تَاْكُلْ فِىْٓ اَرْضِ اللّٰهِ وَلَا تَمَسُّوْهَا بِسُوْٓءٍ فَيَاْخُذَكُمْ عَذَابٌ اَلِيْمٌ એટલે કે, "આ અલ્લાહની ઊંટણી છે જે તમારા માટે દલીલ છે. બસ, તેને છોડી દો, તે અલ્લાહની જમીનમાં ખાતી (ચરતી) ફરે, તેને બુરાઈની સાથે હાથ ન લગાવો, નહિતર તમને દર્દનાક અઝાબ પકડી લેશે." એટલા માટે કહેવામાં આવ્યું કે, અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતની નિશાની હઝરત સાલિહ (અલૈ.)ના મોઅ્જિઝા સ્વરૂપે આશ્ચર્યજનક રીતે ઉપસ્થિત થઈ હતી. تَاْكُلْ فِىْٓ اَرْضِ اللّٰهِ માં એ તરફ ઈશારો છે કે, આ ઊંટણીના ખાવા–પીવામાં તમારી મિલકત અને તમારા ઘરમાંથી કંઈ જ ખર્ચ થતો નથી, જમીન અલ્લાહની છે, તેમાં ઉત્પન્ન થનાર વનસ્પતિ અને ઘાસચારો વગેરે પેદા કરનાર તે જ અલ્લાહ છે, તેની ઊંટણીને તેની જમીનમાં સ્વતંત્ર છોડી દો કે સાર્વજનિક ગૌચરમાં ચરતી રહે.

કૌમે ષમૂદ જે કૂવાઓમાંથી પાણી પીતા અને પીવડાવતા હતા, તેમાંથી જ આ ઊંટણી પણ પાણી પીતી હતી, પરંતુ આ આશ્ચર્યજનક સર્જન એવી ઊંટણી જ્યારે પાણી પીતી તો આખા કૂવાનું પાણી પી જતી હતી. હઝરત સાલિહ (અલૈ.)એ અલ્લાહ તઆલાના હુકમથી એ ફેંસલો કર્યો હતો કે, એક દિવસે આ ઊંટણી પાણી પીશે અને બીજા દિવસે કૌમના બધા લોકો પાણી લેશે અને જે દિવસે આ ઊંટણી પાણી પીશે તો બીજાઓને પાણીના બદલે આ ઊંટણીનું દૂધ એટલા જ પ્રમાણમાં મળી જતું હતું કે તે પોતાના બધા વાસણો તેનાથી ભરી લેતા હતા. કુર્આને કરીમમાં બીજે ઠેકાણે તેની વહેંચણીનું વર્ણન આ રીતે આવ્યું છે, وَنَبِّئْهُمْ اَنَّ الْمَآءَ قِسْمَةٌۢ بَيْنَهُمْ كُلُّ شِرْبٍ مُّحْتَضَرٌ (૫૪ : ૨૮) એટલે કે, હઝરત સાલિહ (અલૈ.) પોતાની કૌમને બતાવી આપે કે, કૂવાના પાણીની તેમની અને અલ્લાહની ઊંટણી વચ્ચે વહેંચણી થશે. એક દિવસ ઊંટણીનો અને બીજો દિવસ સમગ્ર કૌમનો અને આ વહેંચણી ઉપર અલ્લાહ તઆલા તરફથી ફરિશ્તાઓની દેખરેખ રહેશે કે, કોઈ તેનો ભંગ ન કરી શકે અને એક બીજી આયતમાં ફરમાવવામાં આવ્યું છે કે, هٰذِهٖ نَاقَةٌ لَّهَا شِرْبٌ وَّلَكُمْ شِرْبُ يَوْمٍ مَّعْلُوْمٍ

(૨૬:૧૫૫) એટલે કે, "આ અલ્લાહ તઆલાની ઊંટણી છે, એક દિવસે પાણીનો અધિકાર તેનો અને બીજા દિવસે પાણી તમારા માટે નક્કી થયેલ છે."

બીજી આયતમાં આ વાયદો ભૂલાવી બેઠેલી બળવાખોર કૌમની ભલાઈ ઈચ્છીને તેમને અલ્લાહના અઝાબથી બચાવવા માટે ફરી તેમને અલ્લાહ તઆલાના ઈનામો અને અહેસાનો યાદ અપાવ્યા કે, હજુ પણ આ લોકો પોતાની દુષ્ટતાથી અટકી જાય. એટલા માટે ફરમાવ્યું, وَاذْكُرُوْٓا اِذْ جَعَلَكُمْ خُلَفَآءَ مِنْۢ بَعْدِ عَادٍ وَّبَوَّاَكُمْ فِی الْاَرْضِ تَتَّخِذُوْنَ مِنْ سُهُوْلِهَا قُصُوْرًا وَّتَنْحِتُوْنَ الْجِبَالَ بُيُوْتًا ۚ તેમાં خُلَفَآءَ (ખુલફાઅ્) એ خَلِيْفَةٌ (ખલીફહ)નું બહુવચન છે, જેનો અર્થ "નાયબ" અથવા તો "પ્રતિનિધિ" (Viceregent) થાય છે અને قُصُوْر (કુસૂર) એ قَصْر (કસ્ર)નું બહુવચન છે. ઊંચી આલીશાન ઈમારત અને મહેલને "કસ્ર" કહેવામાં આવે છે. تَنْحِتُوْنَ (તનહિતૂન) એ نَحْت (નહ્ત)થી બનેલ શબ્દ છે, જેનો અર્થ છે "પથ્થરને કોતરવો" અથવા "શિલ્પકળા" અને جِبَال (જિબાલ) એ جَبَل (જબલ)નું બહુવચન છે, જેનો અર્થ "પહાડ" થાય છે. بُيُوْتًا (બુયૂતા) એ بَيْت (બય્ત)નું બહુવચન છે, જે ઘરના ઓરડાઓ માટે બોલવામાં આવે છે. ભાવાર્થ એ છે કે, "અલ્લાહ તઆલાની તે નેઅ્મતને યાદ કરો કે તેણે કૌમે આદનો નાશ કરીને તેના સ્થળે તમને વસાવ્યા, તેમની જમીનો અને મકાનો તમારા કબ્જામાં આપી દીધા અને તમને એવી કળા શિખવાડી કે, ખુલ્લી જમીનોમાં મોટા-મોટા મહેલો બનાવી લો છો અને પહાડોને કોતરીને તેમાં ઓરડાઓ અને મકાનો બનાવી લો છો." અંતિમ આયતમાં فَاذْكُرُوْٓا اٰلَآءَ اللّٰهِ وَلَا تَعْثَوْا فِی الْاَرْضِ مُفْسِدِيْنَ ફરમાવ્યું, એટલે કે "અલ્લાહ તઆલાની નેઅ્મતોને યાદ કરો અને તેનું અહેસાન માનો, તેનું આજ્ઞાપાલન કરો અને જમીનમાં ફસાદ ન ફેલાવતા ફરો."

હુક્મો અને મસ્અલાઓ :

પ્રસ્તુત આયતોથી અમુક પાયાના સૈદ્ધાંતિક અને પેટા મસ્અલાઓની જાણ થાય છે.

(૧) પાયાના સૈદ્ધાંતિક અકીદાઓમાં બધા જ અંબિયા (અલૈ.) સહમત છે અને તેમની શરીઅતો એકમતે છે, બધા જ અંબિયા (અલૈ.) તવહીદના આમંત્રણ સાથે અલ્લાહની ઈબાદત કરવાનું આહ્વાન કરે છે અને તેનો વિરોધ કરવાથી દુનિયા અને આખિરતના અઝાબથી ડરાવે છે.

(૨) બધી જ પાછલી ઉમ્મતોમાં એવું થતું રહ્યું છે કે, કૌમોનો મોટા-મોટા દોલતમંદ ઈજ્જતદાર લોકોએ તેમની દા'વતનો અસ્વીકાર કર્યો અને તેના પરિણામે તેઓ દુનિયામાં પણ હલાક અને બરબાદ થઈ ગયા અને આખિરતમાં પણ અઝાબના હકદાર બન્યા.

(૩) તફસીરે કુર્તુબીમાં છે કે, આ આયતથી જાણ થઈ કે અલ્લાહ તઆલાની નેઅ્મતો દુનિયામાં કાફિરો ઉપર પણ ઊતરે છે, જેમકે કૌમે આદ અને ષમૂદ ઉપર અલ્લાહ તઆલાએ દોલત અને શક્તિના દરવાજા ખોલી આપ્યા હતા.

(૪) તફસીરે કુર્તુબીમાં છે કે, આ આયતથી જાણ થઈ કે મોટા-મોટા મહેલો અને આલીશાન મકાનોનું બાંધકામ પણ અલ્લાહ તઆલાની નેઅ્મત છે અને તેને બનાવવા જાઈઝ છે.

એ બીજી બાબત છે કે, અંબિયા અને અવલિયાઅ્ અલ્લાહે તેને એટલા માટે પસંદ નથી કર્યું કે, આવી વસ્તુઓ મનુષ્યને ગફલતમાં નાંખી દેનારી હોય છે. રસૂલે કરીમ ﷺ દ્વારા જે ઊંચી-ઊંચી ઈમારતો વિશે ફરમાનો નકલ થયા છે તે આ જ હેતુસર છે.

ત્રીજી અને ચોથી આયતમાં તે વાતચીત અને સંવાદનું વર્ણન કરવામાં આવ્યું છે જે કૌમે ષમૂદના બે જૂથો વચ્ચે થયો. એક તે જૂથ જે હઝરત સાલિહ (અલૈ.) ઉપર ઈમાન લઈ આવ્યું હતું અને બીજું ઈન્કારીઓ અને કાફિરોનું જૂથ. ઈરશાદ થયો, قَالَ الْمَلَاُ الَّذِيْنَ اسْتَكْبَرُوْا مِنْ قَوْمِهٖ لِلَّذِيْنَ اسْتُضْعِفُوْا لِمَنْ اٰمَنَ مِنْهُمْ એટલે કે, "કહ્યું કૌમે સાલિહ (અલૈ.)માંથી તે લોકોએ જેમણે અભિમાન કર્યું, તે લોકોને કે જેઓ હલકા અને અશક્ત સમજવામાં આવતા હતા, એટલે કે જેઓ ઈમાન લઈ આવ્યા હતા."

ઈમામ રાઝી (રહ.)એ તફસીરે કબીરમાં ફરમાવ્યું છે કે, આ સ્થળે તે બે જૂથોની બે ખાસિયતો કુર્આને કરીને બતાવી પરંતુ કાફિરોની ખાસિયત اِسْتَكْبَرُوْا (ઈસ્તકબરુ)નો કર્તરી પ્રયોગ વાપરીને બતાવી અને મો'મિનોની ખાસિયત اُسْتُضْعِفُوْا (ઉસ્તુદઈફુ) કર્મણી પ્રયોગથી બતાવી. એમાં ઈશારો જોવા મળે છે કે, કાફિરોની એ હાલત કે તેઓ તકબ્બુર કરતા હતા એ પોતે તેમની પોતાની મરજીથી કરેલી પ્રવૃત્તિ હતી, જે પકડ કરવા યોગ્ય અને નિંદનીય હતી. પરિણામે

તે અઝાબનું કારણ બની અને મો'મિનોની જે ખાસિયત આ લોકો વર્ણન કરતા હતા કે તેઓ તુચ્છ અને અશક્ત છે પરંતુ એ કાફિરોનું કહેવું છે, પોતે મો'મિનોની વાસ્તવિક પરિસ્થિતિ અને ખાસિયત એવી નથી કે તેમની હાલત ઉપર કોઈ નિંદા કરી શકાય, બલકે નિંદા તે લોકો ઉપર થાય છે કે જેઓ વિના કારણે તેમણે હલકા અને કમજોર કહે તથા સમજે છે. આગળ તે સંવાદ જે તે બે જૂથો વચ્ચે થયો, એ છે કે, "કાફિરોએ મો'મિનોને કહ્યું કે શું તમે વાસ્તવિકતા જાણો છો કે હઝરત સાલિહ (અલૈ.) પોતાના પરવરદિગાર તરફથી મોકલવામાં આવેલા રસૂલ છે ?"

મો'મિનોએ જવાબ આપ્યો કે, "જે હિદાયતો અલ્લાહ તઆલા તરફથી તેમને આપીને મોકલવામાં આવ્યા છે અમે બધા તેના ઉપર યકીન અને ઈમાન રાખીએ છીએ."

તફસીરે કશ્શાફમાં છે કે, કૌમે ષમૂદના મો'મિનોએ કેવો ઉચ્ચ કક્ષાનો જવાબ આપ્યો છે કે, તમે જે ચર્ચામાં પડ્યા છો કે તેઓ રસૂલ છે અથવા નહીં ? એ વાત તો ચર્ચાનો મુદ્દો જ નથી બલકે, એ તો ચોક્કસ અને અત્યંત વિશ્વાસપૂર્વક નક્કી બાબત છે અને એ પણ નક્કી છે કે, તેઓ જે કંઈ પણ ફરમાવે છે તે અલ્લાહ તરફથી લાવેલો સંદેશ છે. વાત કંઈ હોઈ શકે છે-તો તે એ કે, કોણ તેમના ઉપર ઈમાન લાવે છે અને કોણ નથી લાવતું ? બસ, અમે તો અલ્હમ્દુલિલ્લાહ તેમની લાવેલી બધી હિદાયતો ઉપર ઈમાન રાખીએ છીએ.

પરંતુ તેમના આ ઉચ્ચ કક્ષાના જવાબ ઉપર પણ કૌમે તે જ બળવાખોર વલણ અપનાવ્યું કે, "જે વસ્તુ ઉપર તમે ઈમાન લાવો છો અમે તો તેના ઈન્કારી છીએ." દુનિયાની મહોબ્બત, દોલત તથા શક્તિના નશાથી અલ્લાહ તઆલા સુરક્ષિત રાખે કે તે મનુષ્યની આંખોનો પડદો બની જાય છે અને માનવી વાસ્તવિક વસ્તુઓનો પણ ઈન્કાર કરવા લાગે છે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૭૭-૭૮-૭૯)

فَعَقَرُوا النَّاقَةَ وَعَتَوْا عَنْ أَمْرِ رَبِّهِمْ وَقَالُوا يَا صَالِحُ ائْتِنَا بِمَا تَعِدُنَا إِنْ
كُنْتَ مِنَ الْمُرْسَلِينَ ﴿٧٧﴾ فَأَخَذَتْهُمُ الرَّجْفَةُ فَأَصْبَحُوا فِي دَارِهِمْ جَاثِمِينَ ﴿٧٨﴾
فَتَوَلَّىٰ عَنْهُمْ وَقَالَ يَا قَوْمِ لَقَدْ أَبْلَغْتُكُمْ رِسَالَةَ رَبِّي وَنَصَحْتُ لَكُمْ وَلَٰكِنْ لَا
تُحِبُّونَ النَّاصِحِينَ ﴿٧٩﴾

તરજુમો :

પછી તેમણે ઊંટણીને કાપી નાંખી અને પોતાના પરવરદિગારના હુકમથી ફરી ગયા અને બોલ્યા, હે સાલિહ (અલૈ.) ! અમારા ઉપર લઈ આવ જેનાથી તું અમને ડરાવતો હતો જો તું રસૂલ છે. (૭૭) બસ તેમને ધરતીકંપે આવી પકડયા, પછી સવારના (સમયે) પોતાના ઘરમાં ઊંધા પડેલા રહી ગયા. (૭૮) પછી સાલિહ (અલૈ.) તેમનાથી ઊલટા ફર્યા અને બોલ્યા, હે મારી કોમ ! હું તમને પોતાના પરવરદિગારનો પયગામ પહોંચાડી ચૂક્યો અને તમારી ભલાઈ ઇચ્છી પરંતુ તમને ભલું ઇચ્છનારાઓ સાથે મહોબ્બત નથી. (૭૯)

તફસીર :

મતલબ કે (આ કોમના લોકો ન તો સાલિહ અલૈ. ઉપર ઈમાન લાવ્યા અને ન જ ઊંટણીના હકો અદા કર્યા, બલકે) આ ઊંટણીને (પણ) મારી નાંખી અને પોતાના પરવરદિગારના હુકમ (માનવા)થી (પણ) સરકશી કરી (તે હુકમ તવહીદ અને રિસાલતના અકીદહનો હતો) અને (ઉપરથી એ ગુસ્તાખી કરી કે) કહેવા લાગ્યા કે, હે સાલિહ (અલૈ.) ! જે (અઝાબ)ની તમે અમને ધમકી આપતા હતા તેને મંગાવી લો જો તમે પયગમ્બર છો ! (કારણ કે, પયગમ્બરનું સાચું હોવું જરૂરી છે) બસ, તેમને ધરતીકંપે પકડી લીધા જેથી તેઓ પોતાના ઘરોમાં જ ઊંધા પડીને રહી ગયા, તે સમયે (હઝરત) સાલિહ (અલૈ.) તેમનાથી મોઢું ફેરવી ચાલ્યા અને (અફસોસ સાથે સંબોધન કરીને) કહ્યું કે, હે મારી કોમ ! હું તો તમને

પોતાના પરવરદિગારનો હુકમ પહોંચાડી ચૂક્યો હતો (જેના ઉપર અમલ કરવો સફળતાનું કારણ હતું) અને મેં તમારી (ઘણી) ભલાઈ ઇચ્છી (કે કોઈપણ પ્રકારે હમદર્દીથી સમજાવું) પરંતુ (અફસોસ તો એ છે કે) તમે લોકો (પોતાના) શુભેચ્છકોને પસંદ જ કરતા ન હતા ! (એટલા માટે કહ્યું સાંભળ્યું જ નહીં અને આખરે આ ખરાબ દિવસ જોયો !)

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં આવી ચૂક્યું છે કે, હઝરત સાલિહ (અલૈ.)ની દુઆથી પહાડની એક મોટી શીલા ફાટીને તેમાંથી એક આશ્ચર્યજનક ઊંટણી ઉપસ્થિત થઈ હતી. અલ્લાહ તઆલાએ તે ઊંટણીને પણ તે કૌમ માટે અંતિમ કસોટી એ પ્રમાણે બનાવી દીધી હતી કે જે કૂવામાંથી સમગ્ર વસ્તીના લોકો અને તેમના ઢોરો પાણી મેળવ્યા કરતા હતા, આ ઊંટણી તે કૂવાનું બધું પાણી પી જતી હતી. એટલા માટે હઝરત સાલિહ (અલૈ.)એ તેમના માટે વારો નક્કી કરી રાખ્યો હતો કે એક દિવસ આ ઊંટણી પાણી પીએ અને બીજા દિવસે વસ્તીવાળા પાણી મેળવે.

કૌમે ષમૂદ આ ઊંટણીના કારણે એક મુસીબતમાં સપડાય ગયા હતા અને એવું ઇચ્છતા હતા કે કોઈપણ રીતે તે હલાક થઈ જાય, પરંતુ પોતે એવી હરકત કરવાથી ડરતા હતા કે કદાચ અલ્લાહ તઆલાનો અઝાબ આવી જશે.

શયતાનનો સૌથી મોટો ધોકો જેમાં સપડાઈને મનુષ્ય પોતાની બુદ્ધિ અને સમજદારી ખોઈ બેસે છે તે સ્ત્રીનો ફિત્નો છે. કૌમની બે ખૂબસૂરત સ્ત્રીઓએ શરત લગાવી કે જે વ્યક્તિ આ ઊંટણીને મારી નાંખશે તેના માટે અમારી છોકરીઓમાંથી તે જેને ઇચ્છશે તે તેની છે.

કૌમના બે નવયુવાનો મિસ્દઅ્ અને કજાર આ નશામાં મદહોશ થઈને એ ઊંટણીને કતલ કરવા માટે નીકળ્યા અને ઊંટણીના રસ્તામાં એક પથ્થરની શીલા નીચે સંતાઈને બેસી ગયા. જ્યારે ઊંટણી સામે આવી તો મિસ્દએ તીરથી હુમલો કર્યો અને કજારે તલવારથી તેના પગ કાપી તેને કતલ કરી નાંખી.

કુર્આને કરીમે તેને જ કૌમે ષમૂદનું સૌથી મોટું ધૃણાસ્પદ કૃત્ય અને બદ્નસીબી ઠરાવી દીધી. إِذِ انۢبَعَثَ أَشْقَىٰهَا (૯૧ : ૧૨) "જ્યારે તેમનામાંથી એક

ખૂબ જ શકી (બદ્‌નસીબ) વ્યક્તિને (તેને મારી નાંખવા માટે) મોકલ્યો.'' કારણ કે તેના લીધે સમગ્ર કોમ અઝાબમાં સપડાઈ ગઈ.

હઝરત સાલિહ (અલૈ.)એ ઊંટણીને મારી નાંખવાની ઘટનાની જાણ થયા પછી કૌમને અલ્લાહનો હુકમ બતાવ્યો કે, હવે તમારી જિંદગીના ફક્ત ત્રણ દિવસો બાકી છે, فَتَمَتَّعُوْا فِیْ دَارِكُمْ ثَلٰثَةَ اَيَّامٍ ذٰلِكَ وَعْدٌ غَيْرُ مَكْذُوْبٍ એટલે કે, ત્રણ દિવસ પોતાના ઘરોમાં આરામ કરી લો (ત્યારબાદ અઝાબ આવવાનો છે) અને આ વાયદો સાચો છે, તેનાથી ઊલટું થવાની કોઈ શક્યતા નથી. પરંતુ જે કૌમનો સમય ખરાબ થઈ જાય છે તેને કોઈપણ બોધપાઠ કે ચેતવણી કામ લાગી શકતી નથી. હઝરત સાલિહ (અલૈ.)ના આ ઈરશાદની પણ આ બદ્‌નસીબ લોકોએ મજાક ઉડાવવાની શરૂ કરી અને કહેવા લાગ્યા કે આ અઝાબ કેવો અને ક્યાંથી આવશે ? અને તેની નિશાની શું હશે ?

હઝરત સાલિહ (અલૈ.)એ ફરમાવ્યું કે, લો ! અઝાબની નિશાની પણ સાંભળી લો, કાલે જુમેરાતના દિવસે તમારા બધાના ચહેરા સખત પીળા થઈ જશે. પુરુષ અને સ્ત્રી, બાળકો અને વૃદ્ધો કોઈ તેમાંથી બાકાત નહીં રહે અને પછી પરમ દિવસે જુમ્આના દિવસે બધાના ચહેરા સખત લાલ થઈ જશે અને ત્યાર પછી શનિવારના દિવસે સૌના ચહેરા સખત કાળા થઈ જશે અને આ દિવસ તમારી જિંદગીનો અંતિમ દિવસ હશે. બદ્‌નસીબ કૌમે એવું સાંભળીને તેનાથી તવબહ અને ઈસ્તિગફાર તરફ કેન્દ્રિત થવાના બદલે એવો નિર્ણય કર્યો કે હઝરત સાલિહ (અલૈ.)ની હત્યા કરી નાંખવામાં આવે. કારણ કે, જો આ સાચું છે અને આપણા ઉપર અઝાબ આવવાનો જ છે તો શા માટે આપણે તેનું કામ તમામ ન કરવું જોઈએ ? અને જો તેઓ જૂઠા છે તો તેઓ પોતાના જૂઠની સજા ભોગવે. કૌમનો આ ઈરાદો કુર્આનના વર્ણનમાં બીજી જગ્યાએ વિગત સાથે મોજૂદ છે. કૌમના આ સર્વસહમત ફેંસલા પ્રમાણે અમુક લોકો રાત્રે હઝરત સાલિહ (અલૈ.)ના મકાન ઉપર તેમની હત્યા કરવાના ઈરાદાથી ગયા, પરંતુ અલ્લાહ તઆલાએ માર્ગમાં જ તેમના ઉપર પથ્થર વરસાવીને તેમને હલાક કરી નાંખ્યા. وَمَكَرُوْا مَكْرًا وَّمَكَرْنَا مَكْرًا وَّهُمْ لَا يَشْعُرُوْنَ (૨૭ : ૫૦) એટલે કે, ''તેમણે પણ એક ગુપ્ત યુક્તિ કરી અને અમે પણ એવી તદ્‌બીર કરી કે તેમને ખબર પણ ન થઈ.'' જ્યારે જુમેરાતની સવાર થઈ તો હઝરત સાલિહ (અલૈ.)ના કહેવા પ્રમાણે

બધાના ચહેરા એવા પીળા થઈ ગયા જેમકે, કોઈએ ઘેરો પીળો રંગ ચોપડી દીધો હોય. અઝાબની પ્રથમ નિશાની સાચી ઠર્યા પછી પણ જાલિમોનું એ તરફ કોઈ ધ્યાન ન ગયું કે અલ્લાહ તઆલા ઉપર ઈમાન લાવે અને પોતાની દુષ્ટતાથી અટકી જાય બલકે, તેમનો ગુસ્સો અને ક્રોધ હઝરત સાલિહ (અલૈ.) ઉપર વધી ગયો અને સમગ્ર કૌમ તેમની હત્યા કરવાની ફિકરમાં ફરવા લાગી. અલ્લાહ તઆલા પોતાના ગુસ્સાથી બચાવે ! તેની પણ નિશાનીઓ હોય છે કે દિલ અને દિમાગ આંધળા થઈ જાય છે, નફાને નુકસાન અને નુકસાનને નફો, સારાને ખરાબ અને ખરાબને સારું સમજવા લાગે છે.

અંતે બીજો દિવસ આવ્યો તો આગાહી પ્રમાણે બધાના ચહેરા લાલ રંગના થઈ ગયા અને ત્રીજા દિવસે સખત કાળા થઈ ગયા. હવે તો એ બધા જ પોતાની જિંદગીથી હતાશ થઈને રાહ જોવા લાગ્યા કે અઝાબ કઈ બાજુથી અને કેવી રીતે આવે છે ?

એ જ હાલતમાં જમીનમાં એક ભયંકર ધરતીકંપ આવ્યો અને ઉપરથી ભયાનક અવાજ અને સખત ઘરેરાટી સંભળાઈ જેમાં બધા જ એકી સાથે બેઠાં-બેઠાં જ ઊંધા પડીને મરી ગયા. ધરતીકંપનું વર્ણન તો આ આયતમાં મોજૂદ છે, જે ઉપર પ્રસ્તુત થઈ છે. فَاَخَذَتْهُمُ الرَّجْفَةُ તેમાં رَجْفَة (રજફહ)નો અર્થ "ધરતીકંપ" થાય છે.

અને બીજી આયતોમાં اَخَذَتْهُمُ الصَّيْحَةُ (૧૫ : ૮૩) પણ આવ્યું છે. તેમાં صَيْحَة (સયહહ્)નો અર્થ "એક સખત ભયાનક અવાજ" અથવા "ઘરેરાટી" થાય છે. બંને આયતોથી જાણ થઈ કે, આ બંને પ્રકારનો અવાજ સંયુક્ત રીતે આવ્યો હતો. જમીનમાં ધરતીકંપ અને ઉપરથી صَيْحَة (સયહહ્) જેનું પરિણામ એ આવ્યું કે, فَاَصْبَحُوْا فِىْ دَارِهِمْ جٰثِمِيْنَ માં جٰثِمِيْنَ (જાષિમીન)નું ક્રિયાપદ جُثُوْم (જુષૂમ) છે, જેનો અર્થ છે "વિના હલન-ચલન કર્યે એક જગ્યાએ પડી રહેવું અથવા બેસી રહેવું." (કામૂસ) અર્થ એ છે કે, જે જેવી પરિસ્થિતિમાં હતો તેવો જ ઢગલો વળી ગયો. نَعُوْذُ بِاللّٰهِ مِنْ قَهْرِهٖ وَعَذَابِهٖ આમીન.

કૌમે ષમૂદના આ કિસ્સાના મહત્ત્વના વિભાગો તો પોતે કુર્આને કરીમની વિવિધ સૂરતોમાં પ્રસ્તુત છે અને અમુક વિભાગો હદીષમાં વર્ણન થયા છે. અમુક

તે પણ છે જે વિવરણકારોએ ઈસ્રાઈલી રિવાયતોના આધારે લીધા છે પરંતુ તેના ઉપર કોઈ ઘટના અથવા વાસ્તવિકતાની સાબિતીનો આધાર નથી.

સહીહ બુખારીની એક હદીષમાં છે કે, "ગઝ્વએ તબૂકની મુસાફરીમાં રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.) એક એવા حِجْر (હિજ્ર) નામના સ્થળેથી પસાર થયા જ્યાં કૌમે ષમૂદ ઉપર અઝાબ આવ્યો હતો ત્યારે આપ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને હિદાયત કરી કે, આ અઝાબ ખાધેલી વસ્તીની જમીનમાં કોઈ અંદર ન જાય અને કોઈ તેના કૂવાના પાણીનો ઉપયોગ ન કરે." *(મઝહરી)*

અમુક રિવાયતોમાં છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "કૌમે ષમૂદ ઉપર જ્યારે અઝાબ આવ્યો તો તેમનામાં અબૂ રિગાલ નામના વ્યક્તિ સિવાય કોઈ બચી ન શક્યું. આ વ્યક્તિ તે સમયે મક્કાના હરમમાં પહોંચ્યો હતો. અલ્લાહ તઆલાએ મક્કાના હરમના સન્માનના કારણે તે સમયે તેને અઝાબથી બચાવી લીધો અને જ્યારે હરમમાંથી બહાર નીકળ્યો તો તે જ અઝાબ જે તેની કૌમ ઉપર આવ્યો હતો તેના ઉપર પણ આવી ગયો અને ત્યાં જ હલાક થઈ ગયો. આપ ﷺએ લોકોને મક્કા બહાર અબૂ રિગાલની કબરની નિશાની પણ બતાવી અને એ પણ ફરમાવ્યું કે તેની સાથે એક સોનાની લાકડી પણ દફન થઈ ગઈ હતી. સહાબાએ કિરામ (રદિ.)એ કબર ખોલી તો સોનાની લાકડી મળી, તેને કાઢવામાં આવી. આ રિવાયતમાં એ પણ છે કે તાઈફના નિવાસી બનૂ ષકીફ આ જ અબૂ રિગાલની અવલાદ છે." *(મઝહરી)*

આ અઝાબ પામી ચૂકેલ કૌમોની વસ્તીઓને અલ્લાહ તઆલાએ આવનારી પેઢીઓ માટે બોધપાઠ ગ્રહણ કરવાના સ્થાન તરીકે કાયમ રાખ્યું છે અને કુર્આને કરીમે અરબના લોકોને વારંવાર એવી તાકીદ કરી છે કે, તમારા સિરીયાના મુસાફરીના માર્ગમાં આ સ્થળો આજે પણ બોધપાઠ ગ્રહણ કરવાના સ્થાનકો બનીને ઊભા છે. لَمْ تُسْكَنْ مِّنْۢ بَعْدِهِمْ اِلَّا قَلِيْلًا "(આ તે બદ્નસીબ લોકોના રહેઠાણો છે, અમે તેમનો નાશ કર્યો) જેમના પછી ઘણા થોડા લોકો સિવાય કોઈ વસ્યું નથી." (૨૮ : ૫૮)

કૌમે સાલિહ (અલૈ.)ના અઝાબની ઘટનાના અંતમાં ઈરશાદ થયો કે,

فَتَوَلّٰى عَنۡهُمۡ وَقَالَ يٰقَوۡمِ لَقَدۡ اَبۡلَغۡتُكُمۡ رِسَالَةَ رَبِّىۡ وَنَصَحۡتُ لَـكُمۡ وَلٰـكِنۡ لَّا تُحِبُّوۡنَ النّٰصِحِيۡنَ

કૌમ ઉપર અઝાબ નાઝિલ થયા પછી હઝરત સાલિહ (અલૈ.) અને તેમના ઉપર ઈમાન લાવનારા મો'મિનો પણ આ સ્થળને છોડીને કોઈ અન્ય ઠેકાણે ચાલ્યા ગયા. અમુક રિવાયતોમાં છે કે, હઝરત સાલિહ (અલૈ.) સાથે ચાર હજાર મો'મિનો હતા. તે બધાને લઈને યમનના વિસ્તાર "હજ્રમૌત"માં ચાલ્યા ગયા અને ત્યાં જ હઝરત સાલિહ (અલૈ.)ની વફાત થઈ અમુક રિવાયતોથી તેમના મક્કએ મુઅજ્જમહ ચાલ્યા જવાની અને ત્યાં જ વફાત થવાની જાણ થાય છે.

દેખીતી વાક્યરચનાથી જાણ થાય છે કે, હઝરત સાલિહ (અલૈ.)એ ચાલતી વખતે પોતાની કૌમને સંબોધીને ફરમાવ્યું કે, "હે મારી કૌમ ! મેં તમને પોતાના પરવરદિગારનો સંદેશ પહોંચાડી દીધો અને મેં તમારી ભલાઈ કરી પરંતુ અફસોસ તમે શુભચિંતકોને પસંદ જ નથી કરતા."

અત્રે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, જ્યારે સમગ્ર કૌમ અઝાબથી હલાક થઈ ચૂકી તો હવે તેમને સંબોધન કરવાનો શું લાભ ? જવાબ એ છે કે, એક લાભ તો એ હોઈ શકે છે કે, તેનાથી લોકોને બોધપાઠ મળે અને આ સંબોધન એવું જ છે જેમકે, રસૂલે કરીમ ﷺએ ગઝ્વએ બદ્રમાં મૃત્યુ પામેલા કુરૈશના મુશ્રિકોને સંબોધન કરીને અમુક શબ્દો કહ્યા હતા અને એ પણ શક્ય છે કે, હઝરત સાલિહ (અલૈ.)નું આ સંબોધન અઝાબ નાઝિલ થતાં પહેલાં અને કૌમ નાશ પામતાં પહેલાં થયું હોય, જો કે વર્ણનમાં પાછળથી ઉલ્લેખ થયેલ છે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૮૦ થી ૮૪)

وَلُوۡطًا اِذۡ قَالَ لِقَوۡمِهٖۤ اَتَاۡتُوۡنَ الۡفَاحِشَةَ مَا سَبَقَكُمۡ بِهَا مِنۡ اَحَدٍ مِّنَ الۡعٰلَمِيۡنَ ﴿۸۰﴾

اِنَّكُمۡ لَتَاۡتُوۡنَ الرِّجَالَ شَهۡوَةً مِّنۡ دُوۡنِ النِّسَآءِ‌ ؕ بَلۡ اَنۡتُمۡ قَوۡمٌ مُّسۡرِفُوۡنَ ﴿۸۱﴾ وَمَا

كَانَ جَوَابَ قَوۡمِهٖۤ اِلَّاۤ اَنۡ قَالُوۡۤا اَخۡرِجُوۡهُمۡ مِّنۡ قَرۡيَتِكُمۡ‌ ۚ اِنَّهُمۡ اُنَاسٌ يَّتَطَهَّرُوۡنَ ﴿۸۲﴾

فَاَنۡجَيۡنٰهُ وَاَهۡلَهٗۤ اِلَّا امۡرَاَتَهٗ ‌ۖ كَانَتۡ مِنَ الۡغٰبِرِيۡنَ ﴿۸۳﴾ وَاَمۡطَرۡنَا عَلَيۡهِمۡ

ع ١٠ مَّطَرًا‌ ؕ فَانْظُرۡ كَيۡفَ كَانَ عَاقِبَةُ الۡمُجۡرِمِيۡنَ ﴿۸۴﴾

તરજુમો :

અને લૂત (અલૈ.)ને મોકલ્યા જ્યારે તેમણે પોતાની કોમને કહ્યું, શું તમે એવી બેહયાઈ (નિર્લજ્જતા) કરો છો કે જેને તમારા પહેલાં સમગ્ર દુનિયામાં કોઈએ નથી કરી ? (૮૦) તમે તો પુરુષો ઉપર દોડો છો વાસનાના માર્યા સ્ત્રીઓને છોડીને ! બલકે તમે હદથી વટી જનારા લોકો છો. (૮૧) અને તેમની કોમે કંઈ જવાબ ન આપ્યો પરંતુ એવું જ કહ્યું કે એમને પોતાના શહેરમાંથી કાઢો, આ લોકો ઘણા પાક રહેવા ઈચ્છે છે ! (૮૨) પછી અમે તેમને અને તેમના ઘરવાળાઓને બચાવ્યા પરંતુ તેમની ઓરત, કે ત્યાંના નિવાસીઓ સાથે રહી ગઈ. (૮૩) અને અમે તેમના ઉપર વરસાદ (એટલે કે પથ્થરોનો) વરસાવ્યો પછી જુઓ કેવો થયો ગુનેહગારોનો અંજામ ! (૮૪)

તફસીર :

અને અમે લૂત (અલૈ.)ને (અમુક વસ્તીઓ તરફ પયગમ્બર બનાવીને) મોકલ્યા જ્યારે કે તેમણે પોતાની કોમ (એટલે કે, પોતાની ઉમ્મત)ને કહ્યું, શું તમે એવા નિર્લજ્જ કૃત્યો આચરો છો જેને તમારાથી અગાઉ દુનિયાવાળાઓમાંથી કોઈએ કર્યું નથી ? (એટલે કે) તમે પુરુષોની સાથે વાસનાતૃપ્તિ કરો છો સ્ત્રીઓને છોડીને ? (અને આ કામ એટલા માટે નથી કરતા કે તમને કોઈ ધોકો થઈ ગયો છે) બલકે, (આ વિષયમાં) તમે (માનવતાની) હદ વટાવી ચૂક્યા છો અને (આ દુષ્કૃત્યો વિશે) તેમની કોમથી કોઈ (યોગ્ય) જવાબ ન અપાયો એ સિવાય કે (અંતે નિર્લજ્જતાના માર્ગે) પરસ્પર એવું કહેવા લાગ્યા કે આ લોકોને (એટલે કે લૂત અલૈ.ને અને તેમના મો'મિન સાથીઓને) તમે પોતાની (આ) વસ્તીમાંથી કાઢી મૂકો (કારણ કે), આ લોકો બહુ પાકસાફ બને છે (અને અમને ગંદા બતાવે છે પછી ગંદા લોકોમાં પાક લોકોનું શું કામ છે ? એ વાત તેમણે ઠઠ્ઠા-મશ્કરી સ્વરૂપે કહી હતી) બસ, (જ્યારે એટલે સુધી નોબત પહોંચી ગઈ તો) અમે (એ કોમ ઉપર અઝાબ નાઝિલ કર્યો અને) લૂત (અલૈ.)ને અને તેના સંબંધીઓને (એટલે કે તેમના ઘરવાળાઓને અને અન્ય ઈમાનવાળાઓને આ અઝાબથી) બચાવી લીધા (અને એ જ પ્રમાણે ત્યાંથી નીકળી જવાનો પ્રથમથી જ હુકમ થઈ ગયો) તેમની પત્ની સિવાય કે તે (ઈમાન ન લાવવાના કારણે) એ જ લોકોમાં રહી

જેઓ અઝાબમાં રહી ગયા હતા અને (જે અઝાબ તેમના ઉપર નાઝિલ થયો તે એ હતો કે) અમે તેમના ઉપર (નવા પ્રકારનો) વરસાદ વરસાવ્યો (તે પથ્થરોનો વરસાદ હતો), બસ (હે જોનારાઓ) જુઓ તો ખરા ! આ અપરાધીઓનો કેવો અંજામ આવ્યો ! (જો તમે વિચાર કરીને જોશો તો આશ્ચર્ય કરશો અને સમજી જશો કે નાફરમાનોનો કેવો અંત આવ્યો !)

મસ્અલા અને બોધપાઠ :

અંબિયા (અલૈ.) અને તેમની ઉમ્મતોના કિસ્સાઓનો જે ક્રમ ઉપરથી ચાલી રહ્યો છે તેનો ચોથો કિસ્સો હઝરત લૂત (અલૈ.)નો છે.

હઝરત લૂત (અલૈ.) હઝરત ખલીલુલ્લાહ ઈબ્રાહીમ (અલૈ.)ના ભત્રીજા છે. બંનેનું મૂળ વતન પશ્ચિમ ઈરાકમાં બસરા નજીક બૅબિલોનની ભૂમિના નામથી પ્રખ્યાત હતું, તેમાં મૂર્તિપૂજા પ્રચલિત હતી. હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)નું કુટુંબ પોતે મૂર્તિપૂજામાં સપડાયેલું હતું. અલ્લાહ તઆલાએ તેમની હિદાયત માટે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને મોકલ્યા. કૌમે વિરોધ કર્યો, જેની નોબત નમરૂદની આગ સુધી પહોંચી. પોતે તેમના પિતાએ ઘરમાંથી કાઢી મૂકવાની ધમકીઓ આપી.

પોતાના કુટુંબીજનોમાંથી ફક્ત તેમની પત્ની હઝરત સારાહ અને ભત્રીજા હઝરત લૂત (અલૈ.) મુસલમાન થયા. فَـاٰمَنَ لَـهٗ لُوْطٌ "પછી લૂત તેમના ઉપર ઈમાન લાવ્યા" (૨૯ : ૨૬) અંતે તે બંનેને સાથે લઈને વતનથી સિરીયા તરફ હિજરત કરી. ઉર્દૂન નહેર ઉપર પહોંચ્યા પછી અલ્લાહ તઆલાના હુકમથી હઝરત ઈબ્રાહીમ (અલૈ.) કનૂઆનમાં જઈને સ્થાયી થયા, જે બયતુલ મુકદ્દસની નજીક છે.

હઝરત લૂત (અલૈ.)ને પણ અલ્લાહ તઆલાએ નુબુવ્વત અર્પણ કરીને ઉર્દૂન અને બયતુલ મુકદ્દસની વચ્ચે સડુમ (સોડોમ)ના લોકોની હિદાયત માટે મોકલ્યા. આ વિસ્તાર પાંચ મોટા શહેરો ઉપર આધારિત હતો, જેમના નામ સડુમ, અમૂરહ, અડમહ, સુબૂબીમ, બાલી અથવા સવઘર હતા. તેમના સમૂહને કુર્આને કરીમમાં مُؤْتَفِكَـةٌ (મુઅ્તફિકહ) અને مُؤْتَفِكَـاتٌ (મુઅ્તફિકાત)ના શબ્દોમાં ઘણા ઠેકાણે વર્ણન કર્યું છે. સડુમ આ શહેરોનું પાટનગર અને કેન્દ્ર

સમજવામાં આવતું હતું. હઝરત લૂત (અલૈ.) ત્યાં જ સ્થાયી થયા. જમીન ફળદ્રુપ અને હરિયાળી હતી, દરેક ઠેકાણે અનાજ અને ફળ–ફળાદિની છૂટ હતી (આ ઐતિહાસિક વિગતો બહરે મુહીત, મઝહરી, ઈબ્ને કષીર અલ મનાર વગેરેમાં પ્રસ્તુત છે).

મનુષ્યની સામાન્ય પ્રાકૃતિક ટેવ કુર્આને કરીમે વર્ણન કરી છે, ફરમાવ્યું كَلَّآ اِنَّ الْاِنْسَانَ لَيَطْغٰى ، اَنْ رَّاٰهُ اسْتَغْنٰى ، એટલે કે, મનુષ્ય જ્યારે પાપ આચરવા લાગે છે અને બળવાખોર વૃત્તિ અપનાવે છે જ્યારે તે જુએ છે કે તે કોઈનો મોહતાજ નથી રહ્યો અને એ જ પ્રમાણે આ લોકો ઉપર પણ અલ્લાહ તઆલાએ પોતાની નેઅ્મતોના દરવાજા ખોલી દીધા હતા. સામાન્ય માનવીની પ્રકૃતિ અને ટેવ પ્રમાણે દોલત અને આર્થિક જાહોજલાલીના નશામાં મદમસ્ત બની અય્યાશીઓ અને રાહતોમાં વાસના અને લોલુપતાના તે કિનારા ઉપર પહોંચી ગયા કે માનવ સ્વભાવગત લજ્જા, શરમ, હયા અને સારા–નરસાનો સ્વાભાવિક ભેદભાવ પણ ભૂલાવી બેઠા તથા એવી સૃષ્ટિ વિરુદ્ધની વાસનાપૂર્તિમાં સપડાઈ ગયા જે હરામ અને ગુનોહ હોવાની સાથે–સાથે સાલસ અને ભલો સ્વભાવ ધરાવનાર વ્યક્તિ માટે જુગુપ્સાપ્રેરક અને નફરત ઉપજાવે એવું કૃત્ય છે કે, સામાન્ય રીતે પશુ–પક્ષીઓ પણ આવું સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરતા નથી.

હઝરત લૂત (અલૈ.)ને અલ્લાહ તઆલાએ તેમના માર્ગદર્શન માટે નક્કી કર્યા, તેમણે પોતાની કૌમને સંબોધન કરીને ફરમાવ્યું, اَتَاْتُوْنَ الْفَاحِشَةَ مَا سَبَقَكُمْ بِهَا مِنْ اَحَدٍ مِّنَ الْعٰلَمِيْنَ એટલે કે તાકીદ સ્વરૂપે ફરમાવ્યું, "શું તમે એવા નિર્લજ્જ કામો કરો છો જે તમારાથી અગાઉ સમગ્ર દુનિયામાં કોઈએ પણ કર્યા નથી ?"

વ્યભિચાર વિશે તો કુર્આને કરીમે اِنَّهٗ كَانَ فَاحِشَةً "બેશક ! તે નિર્લજ્જ કૃત્યો છે." (૧૭ : ૩૨) અલિફ–લામ વિના જ વર્ણન કર્યું છે અને અહીંયાં અલિફ–લામ સાથે اَلْفَاحِشَةُ (અલ ફાહિશહ) વર્ણન કરીને એ તરફ ઈશારો કર્યો છે કે, આ સૃષ્ટિ વિરુદ્ધનો વ્યભિચાર (Homosexuality) જાણે કે, સમગ્ર નિર્લજ્જ કૃત્યોનું મિશ્રણ અને વ્યભિચારથી વધારે જઘન્ય અપરાધ છે.

ત્યારબાદ એ ફરમાવ્યું કે, આવી નિર્લજ્જતા અને બેહયાઈ તમારાથી અગાઉ દુનિયામાં કોઈએ નથી કરી. અમ્રૂ બિન દીનાર ફરમાવે છે કે, આ કૌમથી

પહેલાં દુનિયામાં કોઈએ ક્યારેય આવી પ્રવૃત્તિ જોઈ ન હતી (મઝહરી) અને ન જ સદુમના નિવાસીઓથી અગાઉ કોઈ ખરાબમાં ખરાબ વ્યક્તિની કલ્પનામાં આવી નિર્લજ્જતાનું કૃત્ય આચરવાનો વિચાર આવ્યો હતો. ઉમવી ખલીફા અબ્દુલ મલિકે કહ્યું કે, જો કુર્આનમાં કૌમે લૂત (અલૈ.)ની ઘટનાનું વર્ણન ન થયું હોત તો હું ક્યારેય કલ્પી ન શકતો હતો કે કોઈ મનુષ્ય આવું કામ પણ કરી શકે છે ?

(ઈબ્ને કષીર)

એમાં તેમની બેહયાઈ ઉપર બે સ્વરૂપે તાકીદ કરવામાં આવી. પ્રથમ તો એ કે, ઘણા બધા ગુનાહોમાં મનુષ્ય પોતાના માહોલ અથવા પોતાના પૂર્વજોના અનુસરણના કારણે સપડાય છે. ભલે તે પણ કોઈ શરઈ દષ્ટિએ યોગ્ય બહાનું નથી, પરંતુ સામાન્ય રીતે તેને પણ કોઈને કોઈ કક્ષામાં બહાનું કહી શકાય છે, પરંતુ આવા ગુનાહો જે અગાઉ કોઈએ કર્યા ન હોય અને ન જ તેની કોઈ આવશ્યકતા હોય ત્યારે એ વધારે ભયંકર, જઘન્ય તથા જુગુપ્સાપ્રેરક અપરાધ છે. બીજું એ સ્વરૂપે કે કોઈ ખરાબ કૃત્ય અથવા કુરિવાજ જે વ્યક્તિ ચાલુ કરે છે તેના ઉપર પોતાના કૃત્યનો ગુનોહ અને અઝાબ તો થાય જ છે તેની સાથે-સાથે તે સમગ્ર લોકોનો અઝાબ અને વબાલ પણ તેના માથે પડે છે જેઓ કયામત સુધી આ કૃત્યથી પ્રભાવિત થઈને ગુનાહમાં સંડોવાઈ જાય છે.

બીજી આયતમાં તેમની આ નિર્લજ્જતાને વધારે સ્પષ્ટ શબ્દોમાં વર્ણન કરવામાં આવી છે કે, "તમે સ્ત્રીઓને છોડીને પુરુષો સાથે વાસનાતૃપ્તિ કરો છો?" તેમાં ઈશારો આપવામાં આવ્યો છે કે, મનુષ્યની પ્રકૃતિ અને સ્વાભાવિક ઈચ્છાપૂર્તિ માટે અલ્લાહ તઆલાએ એક હલાલ અને જાઈઝ પદ્ધતિ સ્ત્રીઓ સાથે નિકાહ કરીને નક્કી કરી દીધી છે. તેને છોડીને અમાનવીય સૃષ્ટિ વિરુદ્ધના નિર્લજ્જ કૃત્યો આચરવા નરી ગંદકી અને ગંદી માનસિકતાની સાબિતી છે.

એટલા માટે સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) તથા મુજ્તહિદ ઈમામોએ આ ગુનાહને સામાન્ય વ્યભિચાર કરતાં વધારે સખત ગુનોહ ઠરાવ્યો છે. ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)એ ફરમાવ્યું, "આવી પ્રવૃત્તિ કરનારને એવી જ સજા આપવી જોઈએ જેવી કૌમ લૂતને અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવી હતી કે આસમાન ઉપરથી પથ્થર વરસ્યા, જમીનનો વિસ્તાર

ઉલટાવી દેવામાં આવ્યો. એટલા માટે આવા વ્યક્તિને કોઈ ઊંચા પહાડ ઉપરથી નીચે ફેંકી ઉપરથી પથ્થર વરસાવવા જોઈએ.'' મુસ્નદે અહમદ, અબૂદાવુદ, તિરમિઝી અને ઈબ્ને માજહમાં ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત વર્ણન થઈ છે કે, રસૂલુલ્લાહ ﷺએ આવું નિર્લજ્જ કામ કરનારાઓ વિશે ફરમાવ્યું છે કે, فَاقْتُلُوا الْفَاعِلَ وَالْمَفْعُوْلَ بِهٖ એટલે કે, ''આવું કૃત્ય આચરનાર ફાઈલ (He-male) અને મફઊલ (She-male) (બંને વ્યક્તિ)ને કતલ કરવામાં આવે.''

(ઈબ્ને કષીર)

અંતિમ આયતમાં ફરમાવ્યું, بَلْ اَنْتُمْ قَوْمٌ مُّسْرِفُوْنَ એટલે કે, ''તમે એવી કૌમ છો જે માનવતાની હદો વટાવી ચૂક્યા છો.'' એટલે કે તમારી અસલી બીમારી એ છે કે, તમે દરેક કાર્યમાં તેની મર્યાદા વટાવી જનારા છો. જાતીય ઈચ્છાપૂર્તિના વિષયમાં પણ એવું જ થયું કે, અલ્લાહ તઆલાની નક્કી કરેલ મર્યાદાઓમાંથી નીકળીને સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યોમાં સંડોવાઈ ગયા.

ત્રીજી આયતમાં હઝરત લૂત (અલૈ.)ની નસીહતના જવાબમાં તેમની કૌમનો જવાબ આ રીતે વર્ણન થયો છે કે, તે લોકોથી જ્યારે કોઈ યોગ્ય જવાબ ન આપી શકાયો તો જીદમાં આવીને પરસ્પર એવું કહેવા લાગ્યા કે, ''આ લોકો તો ઘણી પવિત્રતા અને સ્વચ્છતાના દાવે'દારો છે, તેનો ઈલાજ એ છે કે તેમને આપણી વસ્તીમાંથી કાઢી મૂકો.''

ત્રીજી અને ચોથી આયતોમાં સદુમની કૌમના આ હઠાગ્રહ અને નિર્લજ્જતાની આકાશી સજાનું વર્ણન છે અને તે એ કે, તે સમગ્ર કૌમ ઉપર અલ્લાહ તઆલાનો અઝાબ નાઝિલ થયો. ફક્ત હઝરત લૂત (અલૈ.) અને તેમના અમુક સાથીદારો અઝાબથી સુરક્ષિત રહ્યા. કુર્આને કરીમના શબ્દમાં نَجَّيْنٰهُ وَاَهْلَهٗ આવ્યું છે. એટલે કે, ''અમે લૂત (અલૈ.) અને તેના ઘરવાળાઓને અઝાબથી છુટકારો અપાવ્યો.'' અહીંયાં اَهْل (અહ્‌લ) કોણ લોકો હતા ? અમુક વિવરણકારોએ નોંધ્યું છે કે, ''અહ્‌લ''માં બે પુત્રીઓ હતી જેઓ મુસલમાન થઈ હતી, પત્ની મુસલમાન ન થઈ હતી. કુર્આન મજીદની એક બીજી આયતમાં فَمَا وَجَدْنَا فِيْهَا غَيْرَ بَيْتٍ مِّنَ الْمُسْلِمِيْنَ (૫૧ : ૩૬) વર્ણન થયું છે કે, તે તમામ વસ્તીઓમાં એક માત્ર ઘર સિવાય કોઈ મુસલમાન ન હતું. તેનાથી દેખીતી રીતે એ જ જાણ થાય છે કે, ફક્ત હઝરત લૂત (અલૈ.) ઘરના લોકો મુસલમાન હતા

જેમને અઝાબથી છુટકારો મળ્યો, તેમાં પણ પત્ની સામેલ ન હતી અને અમુક વિવરણકારોએ નોંધ્યું છે કે, "અહ્લ"નો અર્થ "સામાન્ય" છે. પોતાના ઘરવાળા અને અન્ય સંબંધિત લોકો જેઓ મુસલમાન થઈ ચૂક્યા હતા. ખુલાસો એ છે કે, ગણ્યા–ગાંઠયા અમુક લોકો મુસલમાન હતા જેમને અલ્લાહ તઆલાએ અઝાબથી બચાવવા માટે હઝરત લૂત (અલૈ.)ને હુકમ આપ્યો કે, પત્ની સિવાય અન્ય ઘરવાળા અને સંબંધીઓને લઈને રાતના અંતિમ પહોરમાં આ વસ્તીમાંથી નીકળી જાઓ અને પાછુ વળીને જોશો નહીં. કારણ કે, જેવા તમે આ વસ્તીમાંથી નીકળી જશો, કે તરત જ આ વસ્તી ઉપર અઝાબ આવી જશે.

હઝરત લૂત (અલૈ.)એ અલ્લાહના હુકમનું અનુસરણ કર્યું અને પોતાના ઘરવાળા તથા સંબંધીઓને લઈને રાતના અંતિમ પહોરમાં સદુમમાંથી નીકળી ગયા. પત્ની વિશે બે રિવાયતો છે, એક એ કે તે સાથે આવી જ નહીં અને બીજી એ કે, અમુક દૂર સુધી સાથે ચાલી પરંતુ અલ્લાહના હુકમ વિરુદ્ધ પાછુ વળીને વસ્તીવાળાઓની હાલત જોવા ઈચ્છતી હતી તો તેને પણ અઝાબે પકડી લીધી. કુર્આન મજીદમાં વિવિધ સ્થળોએ આ ઘટનાનું ટૂંકમાં અને વિગતવાર વર્ણન આવ્યું છે. અત્રે ત્રીજી આયતમાં ફક્ત એટલો ઉલ્લેખ છે કે, અમે હઝરત લૂત (અલૈ.) અને તેમના ઘરવાળા તથા તેમના સંબંધીઓને અઝાબથી છુટકારો આપ્યો પરંતુ તેમની પત્ની અઝાબમાં રહી ગઈ. છુટકારો અપાવવાનું આ સ્વરૂપ કે, આ લોકો રાતના અંતિમ પહોરમાં વસ્તીમાંથી નીકળી જાય અને પાછું વળીને ન જુએ, એ બીજી આયતોમાં વર્ણન થયું છે.

ચોથી આયતમાં આ કૌમ ઉપર નાઝિલ થનાર અઝાબનું ટૂંકા શબ્દોમાં ફક્ત એટલું વર્ણન કરવામાં આવ્યું છે કે, તેમના ઉપર એક નવા જ પ્રકારનો વરસાદ વરસાવવામાં આવ્યો અને સૂરએ હૂદમાં આ અઝાબનું વિગતવાર સ્વરૂપ આ વર્ણન થયું છે, فَلَمَّا جَآءَ اَمْرُنَا جَعَلْنَا عَالِيَهَا سَافِلَهَا وَاَمْطَرْنَا عَلَيْهَا حِجَارَةً مِّنْ سِجِّيْلٍ مَّنْضُوْدٍ مُّسَوَّمَةً عِنْدَ رَبِّكَ وَمَاهِيَ مِنَ الظّٰلِمِيْنَ بِبَعِيْدٍ (૧૧:૮૨–૮૩) એટલે કે, "જ્યારે અમારો અઝાબ આવી પહોંચ્યો તો અમે એ વસ્તીને ઉપર–નીચે કરી નાંખી અને તેમના ઉપર પથ્થરો, કાંકરાઓના થરના થર નિશાન કરેલા તારા પરવરદિગાર પાસેથી વરસાવ્યા અને તે વસ્તી તે અત્યાચારીઓથી કંઈ દૂર નથી."

આથી જાણ થઈ કે, ઉપરથી પથ્થરોનો વરસાદ પણ વરસ્યો અને નીચેથી જમીનનો સમગ્ર ભાગ હઝરત જિબ્રઈલ (અલૈ.)એ ઊઠાવીને ઊંધો પલટી નાંખ્યો અને જે પથ્થરોનો વરસાદ થયો તે થર ઉપર થર હતા. એટલે કે એવો સતત વરસાદ થયો કે, થર ઉપર થર જામી ગયા અને આ પથ્થરો નિશાન કરેલા હતા. અમુક મુફસ્સિરોએ નોંધ્યું છે કે દરેક પથ્થર ઉપર તે વ્યક્તિનું નામ લખ્યું હતું જેને તેનો નાશ કરવા માટે ફેંકવામાં આવ્યો હતો. સૂરએ હિજ્રની આયતોમાં આ અઝાબ અગાઉ આ પણ વર્ણન થયું છે, فَاَخَذَتْهُمُ الصَّيْحَةُ مُشْرِقِيْنَ (૧૫ : ૩૭) એટલે કે, "તેમને પકડી લીધા (ભયંકર) અવાજે સૂરજ નીકળવાના સમયે."

તેનાથી જાણ થાય છે કે, પ્રથમ આસમાનમાંથી ભયંકર અવાજના સ્વરૂપમાં કોઈ ચીસ સંભળાઈ (અથવા ધડાકો), ત્યારબાદ બીજો અઝાબ આવ્યો. દેખીતા શબ્દોથી એ સમજવામાં આવે છે કે, ચીસ (કે ધડાકા) પછી પ્રથમ જમીનના વિભાગને ઊલટાવી દેવામાં આવ્યો, તેના ઉપર તેમને વધારે અપમાનિત કરવા માટે પથ્થર વરસાવવામાં આવ્યા અને એ પણ શક્ય છે કે, પ્રથમ પથ્થરો વરસાવવામાં આવ્યા હોય પાછળથી જમીનનો તખ્તો ઊલટાવી દેવામાં આવ્યો હોય, કારણ કે કુર્આનની વર્ણનશૈલીમાં એ જરૂરી નથી કે, જે વસ્તુનું વર્ણન પ્રથમ થયું હોય તે ઘટનાક્રમમાં પણ પ્રથમ જ હોય.

કૌમે લૂત (અલૈ.)ના ભયંકર અઝાબોમાંથી જમીનનો તખ્તો ઊલટાવી દેવાની સજા તેમની નિર્લજ્જતાપૂર્ણ બેહયાઈના કૃત્યો સાથે ખાસ સંબંધ પણ ધરાવે છે કે તેમણે સૃષ્ટિ વિરુદ્ધનું આ જ પ્રકારનું ઊંધું કામ કર્યું હતું.

સૂરએ હૂદની આયતોમાંથી અંતિમ આયતોમાં કુર્આને કરીમે અરબના નિવાસીઓને વધારે તાકીદ માટે એ પણ ફરમાવ્યું, وَمَا هِيَ مِنَ الظّٰلِمِيْنَ بِبَعِيْدٍ એટલે કે "આ ઊલટાવી દેવામાં આવેલ વસ્તીઓ તે જાલિમોથી કંઈ દૂર નથી, સિરીયાના મુસાફરીના માર્ગમાં દરેક સમયે તેમની નજરો સામે આવે છે, પરંતુ આશ્ચર્ય છે કે તેઓ તેનાથી બોધપાઠ ગ્રહણ કરતા નથી."

અને આ દશ્ય ફક્ત કુર્આન નાઝિલ થવાના સમયનું નથી, આજે પણ મોજૂદ છે. બયતુલ મુકદસ અને જોર્ડન નદી વચ્ચે આજે પણ જમીનનો આ વિભાગ "બહરે લૂત" અથવા "બહરે મય્યિત" (મૃત સરોવર–Dead Sea)ના

નામથી ઓળખાય છે. તેની પૃથ્વી પરની સપાટી સમંદરની સપાટી કરતાં વધારે ઊંડાઈમાં છે અને તેના એક ખાસ વિભાગ ઉપર એક સરોવર સ્વરૂપે આશ્ચર્યજનક એવા પ્રકારનું પાણી ઉપસ્થિત છે કે જેમાં કોઈ સજીવ માછલી, દેડકા વગેરે જીવીત નથી રહી શકતું, એટલા માટે તેને "બહરે મય્યિત" (મૃત સરોવર) કહેવામાં આવે છે. આ જ સ્થળ "સદુમ" બતાવવામાં આવે છે. نَعُوْذُ بِاللّٰهِ مِنْ عَذَابِهٖ وَغَضَبِهٖ આમીન.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૮૫-૮૬-૮૭)

وَ اِلٰى مَدْيَنَ اَخَاهُمْ شُعَيْبًا ۗ قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ۗ
قَدْ جَآءَتْكُمْ بَيِّنَةٌ مِّنْ رَّبِّكُمْ فَاَوْفُوا الْكَيْلَ وَ الْمِيْزَانَ وَ لَا تَبْخَسُوا النَّاسَ
اَشْيَآءَهُمْ وَ لَا تُفْسِدُوْا فِى الْاَرْضِ بَعْدَ اِصْلَاحِهَا ۗ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿۸۵﴾
وَ لَا تَقْعُدُوْا بِكُلِّ صِرَاطٍ تُوْعِدُوْنَ وَ تَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ مَنْ اٰمَنَ بِهٖ
وَ تَبْغُوْنَهَا عِوَجًا ۚ وَ اذْكُرُوْۤا اِذْ كُنْتُمْ قَلِيْلًا فَكَثَّرَكُمْ ۪ وَ انْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ
الْمُفْسِدِيْنَ ﴿۸۶﴾ وَ اِنْ كَانَ طَآئِفَةٌ مِّنْكُمْ اٰمَنُوْا بِالَّذِيْۤ اُرْسِلْتُ بِهٖ وَ طَآئِفَةٌ لَّمْ
يُؤْمِنُوْا فَاصْبِرُوْا حَتّٰى يَحْكُمَ اللّٰهُ بَيْنَنَا ۚ وَ هُوَ خَيْرُ الْحٰكِمِيْنَ ﴿۸۷﴾

તરજુમો :

અને મદયન તરફ તેમના ભાઈ શુઅયબ (અલૈ.)ને મોકલ્યા; બોલ્યા, હે મારી કોમ ! અલ્લાહની બંદગી કરો તેના સિવાય કોઈ તમારો મઅ્બૂદ નથી, તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી દલીલ પહોંચી ચૂકી છે, બસ માપ અને તોલ પૂરું કરો અને લોકોને તેમની વસ્તુઓ ઘટાડીને ન આપો અને જમીન (પ્રદેશ)માં તેની સુધારણા પછી ખરાબી ન નાંખો, આ તમારા માટે બહેતર છે જો તમે ઈમાનવાળા છો. (૮૫) અને માર્ગો ઉપર ન બેસો કે અલ્લાહના માર્ગથી ડરાવો અને રોકો તેને કે જેઓ તેના ઉપર ઈમાન લાવ્યા

અને તેમાં અયૂબ (ખામી) શોધો; અને યાદ કરો જ્યારે કે તમે ઘણા થોડા હતા પછી તમને વધારી દીધા, અને જુઓ ! ફસાદ કરનારાઓનો કેવો અંજામ થયો ! (૮૬) અને જો તમારામાંથી એક જૂથ તેના ઉપર ઈમાન લાવ્યું જે મારા થકી મોકલવામાં આવ્યું અને એક જૂથ ઈમાન ન લાવ્યું તો ધીરજ ધરો જ્યાં સુધી અલ્લાહ આપણી વચ્ચે ફેંસલો કરે અને તે સૌથી ઉત્તમ ફેંસલો કરનારો છે. (૮૭)

તફસીર :

અને અમે મદયન(વાળાઓ) તરફ તેમના ભાઈ (હઝરત) શુઅયબ (અલૈ.)ને (પયગમ્બર બનાવીને) મોકલ્યા, તેમણે (મદયનના નિવાસીઓને) કહ્યું કે હે મારી કોમ ! તમે (માત્ર) અલ્લાહ તઆલાની જ ઈબાદત કરો, તેના સિવાય કોઈ તમારો મઅ્બૂદ (બનવાપાત્ર જ) નથી, તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી (મારા નબી હોવાની) સ્પષ્ટ દલીલ (કે જે કોઈ મોઅ્જિઝો છે) આવી ચૂકી છે (જ્યારે મારી નુબુવ્વત સાબિત થઈ ચૂકી છે) તો (શરીઅતના હુકમોમાં મારું કહ્યું માનો, એટલા માટે હું કહું છું કે) તમે માપ અને તોલ પૂરેપૂરું કર્યા કરો અને લોકોને તેમની વસ્તુઓમાં નુકસાન ન કર્યા કરો (જેમકે તમારી ટેવ છે) અને પૃથ્વીની સપાટી ઉપર ત્યારબાદ કે (તવહીદ અને અંબિયા અલૈ.ના શિક્ષણ તથા ન્યાય અને હકો સ્થાપિત કરવા માટે અને દરેક રીતે વ્યવસ્થા સ્થાપિત કરવા માટે) તેની સુધારણા (નક્કી) કરી આપવામાં આવી (તો હવે) ફસાદ (અરાજકતા-અવ્યવસ્થા) ન ફેલાવો (એટલે કે તેના હુકમોનો વિરોધ અને કુફ્ર ન કરો કારણ કે, તે ફસાદનું નિમિત્ત છે) આ (જે કંઈ હું કહી રહ્યો છું તેના ઉપર અમલ કરવો) તમારા માટે (દુનિયા અને આખિરત બંનેમાં) લાભદાયક છે જો તમે (મારું) સમર્થન કરો (જેના ઉપર દલીલ સ્થાપિત થઈ ચૂકી છે અને સમર્થન કરીને અમલ કરો તો પ્રસ્તુત હુકમો દુનિયા અને આખિરતમાં નફાકારક છે, આખિરતમાં તો દેખીતું છે કે છુટકારો પ્રાપ્ત થશે અને દુનિયામાં શરીઅત ઉપર અમલ કરવાથી શાંતિ અને વ્યવસ્થા કાયમ રહે છે, ખાસ કરીને પૂરે-પૂરું માપ-તોલ કરવાથી પરસ્પર વિશ્વાસ વધે છે, વેપારની પ્રગતિ થાય છે) અને તમે સડકો ઉપર એ કારણે ન બેસો કે અલ્લાહ ઉપર ઈમાન લાવનારાઓને (ઈમાન લાવવાથી) ધમકીઓ આપો અને (તેમને) અલ્લાહના માર્ગ (એટલે કે

ઈમાન)થી રોકો અને તે (માર્ગ)માં ઉણપ (અને શંકાઓ) શોધવામાં લાગેલા રહો (કે વિના કારણે, વિના સોચે-સમજે વાંધાઓ ઊભા કરી લોકોને બહેકાવો, તે લોકો ઉપરોક્ત વર્ણન કરવામાં આવેલ દુષ્ટતાની સાથે-સાથે એવી અધમ પ્રવૃત્તિમાં પણ સંડોવાયેલા હતા કે, સડકો ઉપર બેસીને આવનાર લોકોને બહેકાવતા હતા કે હઝરત શુઅયબ અલૈ. ઉપર ઈમાન ન લાવશો, નહિતર અમે તમને મારી નાંખીશું. આગળ નેઅ્મતનું વર્ણન કરીને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે અને સજાનું વર્ણન કરીને ચેતવવામાં આવ્યા છે, જેમકે) અને તે હાલતને યાદ કરો જયારે કે તમે (સંખ્યામાં અથવા માલમાં) થોડા હતા પછી અલ્લાહ તઆલાએ તમને (સંખ્યામાં અથવા માલમાં) વધારે કરી દીધા (આ તો ઈમાન લાવવા માટે પ્રેરણા અને પ્રોત્સાહન હતું) અને જુઓ તો કેવો બુરો અંજામ થયો ફસાદ (એટલે કે કુફ્ર, જૂઠ અને અત્યાચાર) આચરનારાઓનો ! (જેમકે કોમે નૂહ, આદ અને ષમૂદ ગુજરી ચૂકી છે, એ જ પ્રમાણે તમારા ઉપર પણ અઝાબ આવવાનો ભય છે, આ કુફ્ર કરનારાઓ માટે ધમકી છે) અને જો (તમને અઝાબ ન આવવાની શંકા હોય કે) તમારામાંથી અમુક (તો) એ હુકમ ઉપર જેને આપીને મને મોકલવામાં આવ્યો છે ઈમાન લાવ્યા છો અને અમુક ઈમાન નથી લાવ્યા (અને તો પણ બંને સમૂહ એક જ પરિસ્થિતિમાં છે, એવું નથી કે ઈમાન ન લાવનારાઓ ઉપર અઝાબ આવી જ ગયો હોય, આથી જાણ થાય છે કે તમે જે અઝાબથી અમને ડરાવો છો તેની કોઈ વાસ્તવિકતા નથી) તો (આ શંકાનો જવાબ એ છે કે, તાત્કાલિક અઝાબ ન આવવાથી એ કેવી રીતે જાણ થઈ કે અઝાબ આવશે જ નહીં ?) જરા થોભી જાઓ એટલે સુધી કે આપણા (એટલે કે બંને પક્ષો) વચ્ચે અલ્લાહ તઆલા (અમલી) ફૈસલો કરી આપે (એટલે કે અઝાબ નાઝિલ કરીને મો'મિનોને તો છુટકારો આપે અને કાફિરોને હલાક કરી નાંખે) અને તે બધા ફૈસલા કરવાવાળાઓમાં બહેતર છે (કે તેનો ફૈસલો બિલકુલ યોગ્ય જ હોય છે).

મસ્અલા અને બોધપાઠ :

અંબિયા (અલૈ.)ના કિસ્સાઓનો જે ક્રમ પાછલી આયતોથી ચાલી રહ્યો છે, તેમાં પાંચમો કિસ્સો હઝરત શુઅયબ (અલૈ.) અને તેમની કૌમનો છે જે પ્રસ્તુત આયતોમાં વર્ણન થયો છે.

મુહમ્મદ ઈબ્ને ઈસ્હાકની રિવાયત પ્રમાણે હઝરત શુઅયબ (અલૈ.) હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના પુત્ર મદયનની અવલાદમાંથી છે અને તેઓ હઝરત લૂત (અલૈ.) સાથે પણ સગાઈ–સંબંધ ધરાવતા હતા. મદયન હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અલૈ.)ના પુત્ર છે તથા તેમની વંશ અને અવલાદ પણ મદયનના નામથી જ પ્રખ્યાત થઈ ગઈ અને જે વસ્તીમાં તેઓએ વસવાટ કર્યો હતો તે પણ મદયન કહેવાય છે. જો કે, મદયન એક કૌમનું પણ નામ છે અને એક શહેરનું પણ નામ છે. આ શહેર આજે પણ જોર્ડનના પૂર્વના બંદર "મઆન"ની નજીક મોજૂદ છે. કુર્આને કરીમમાં બીજે ઠેકાણે હઝરત મૂસા (અલૈ.)ના કિસ્સામાં વર્ણન છે, وَلَمَّا وَرَدَ مَآءَ مَدْيَنَ "અને જ્યારે તેઓ મદયનની પાણીવાળી જગ્યાએ આવી પહોંચ્યા." (૨૮ : ૨૩) તેમાં આ જ વસ્તીનું વર્ણન છે. (ઈબ્ને કષીર) હઝરત શુઅયબ (અલૈ.)ને તેમની વાકૂછટાના કારણે "ખતીબુલ અંબિયા" પણ કહેવામાં આવતા હતા. *(ઈબ્ને કષીર, બહરે મુહીત)*

હઝરત શુઅયબ (અલૈ.) જે કૌમ તરફ મોકલવામાં આવ્યા છે, કુર્આને કરીમે ક્યાં તો તેમને "અહલે મદયન" અને "અસ્હાબે મદયન"ના નામથી ઉલ્લેખ કર્યો છે અને ક્યાંક "અસ્હાબે અયકહ"ના નામથી ઉલ્લેખ કર્યો છે. اَيْكَة "અયકહ"નો અર્થ "જંગલ" અથવા "વન" થાય છે.

અમુક વિવરણકારોએ નોંધ્યું છે કે, બંને કૌમો અલગ–અલગ હતી, બંનેની વસ્તીઓ પણ અલગ–અલગ હતી. હઝરત શુઅયબ (અલૈ.) તેમનામાંથી પ્રથમ એક કોમ તરફ મોકલવામાં આવ્યા હતા, તેમના સર્વનાશ પછી બીજી કૌમ તરફ મોકલવામાં આવ્યા. બંને કોમો તરફ જે અઝાબ આવ્યો તેના શબ્દો પણ અલગ–અલગ છે. મદયનવાળાઓ માટે ક્યાંક તો صَيْحَة (સયૂહહ્) "અવાજ–રાડ–ચીસ" અને ક્યાંક رَجْفَة (રજ્ફહ્)નો ઉલ્લેખ છે અને اَيْكَة (અયકહ)માં લોકો ઉપર عَذَابِ ظُلَّة (અઝાબે ઝુલ્લહ)નું વર્ણન કરવામાં આવ્યું છે. "સયૂહહ્"નો અર્થ "રાડ–ચીસ–ભયંકર અવાજ" થાય છે અને "રજ્ફહ્"નો અર્થ "ધરતીકંપ" છે અને "ઝુલ્લહ"નો અર્થ "ઘેરા વાદળો" છે. "અયકહ"ના લોકો ઉપર અઝાબનું આ સ્વરૂપ હતું કે, પ્રથમ દિવસે તેમની આખી વસ્તીમાં સખત ગરમી પડી જેનાથી સમગ્ર કૌમ ત્રાસી ઉઠી, ત્યારબાદ તેમના ઉપર જંગલ પાસે એક ઘેરુ વાદળ આવ્યું જેનાથી તે જંગલમાં છાંયડો થઈ ગયો અને ઠંડી

હવાઓ ચાલવા લાગી, એ જોઈને આ સમગ્ર વસ્તી તે વાદળના છાંયડામાં ભેગી થઈ ગઈ. આ બાજુ અલ્લાહના આ અપરાધીઓ પોતાના પગે ચાલીને પોતાના સર્વનાશના સ્થળે આપમેળે પહોંચી ગયા. જ્યારે બધા ભેગ થઈ ગયા તો વાદળોમાંથી આગ વરસી અને જમીનમાં પણ ધરતીકંપ આવ્યો જેનાથી તે સૌનો નાશ થઈ ગયો.

અમુક વિવરણકારોએ નોંધ્યું છે કે, "મદયન" અને "અયકહ" એક જ કોમનું નામ છે અને અઝાબના જે ત્રણ પ્રકારો હમણા વર્ણન કરવામાં આવ્યા છે, ત્રણે આ કોમ ઉપર ભેગા થઈ ગયા. પ્રથમ વાદળમાંથી અગ્નિવર્ષા થઈ, ત્યારબાદ તેની સાથે ભયંકર ગડગડાટીના સ્વરૂપમાં અવાજ આવ્યો, પછી ધરતીમાં ધરતીકંપ આવ્યો. ઈબ્ને કષીર (રહ.)એ આ જ અભિપ્રાય અપનાવ્યો છે.

મતલબ કે, આ બંને કોમો અલગ-અલગ થઈ અથવા તો આ એક જ કોમના બે નામો છે. હઝરત શુઅયબ (અલૈ.)એ જે સત્યનો સંદેશ તેમને આપ્યો તે પ્રથમ અને બીજી આયતોમાં પ્રસ્તુત છે. આ સંદેશની તફસીરથી પ્રથમ એ સમજી લો કે, ઈસ્લામ જે તમામ અંબિયા (અલૈ.)ની સમાન દા'વત છે તેનો ખુલાસો હકોની અદાયગી છે અને આ હકો બે પ્રકારના છે. એક સીધે-સીધા અલ્લાહ તઆલાના હક જેને કરવા અથવા છોડવાથી મનુષ્યને કોઈ દેખીતો નફો કે નુકસાન તો જાહેર થતું નથી જેમકે ઈબાદતો, નમાઝ, રોઝા વગેરે અને બીજા હકો હુકૂકુલ ઈબાદ છે, જેનો સંબંધ મનુષ્ય સાથે છે અને આ કોમ એ બંને હકોથી બેખબર હતી અને બંનેના વિરુદ્ધ પ્રવૃત્તિ કરી રહી હતી. આ લોકો અલ્લાહ તઆલા અને તેના રસૂલ (અલૈ.) ઉપર ઈમાન ન લાવીને અલ્લાહના હકોનો વિરોધ કરી રહ્યા હતા અને તેની સાથે-સાથે ખરીદ-વેચાણમાં માપ-તોલ ઘટાડીને લોકોના હકોને હડપ કરતા હતા અને તેના ઉપર વિશેષ અપરાધ એ કે, માર્ગો અને સડકોના પ્રવેશદ્વાર ઉપર બેસી જતા અને આવનારા આગંતુકોને ડરાવી-ધમકાવીને પાછા વાળી દેતા હતા અને હઝરત શુઅયબ (અલૈ.) ઉપર ઈમાન લાવવાથી રોકતા હતા. આ પ્રમાણે તેઓ જમીન ઉપર ફસાદ અને અરાજકતા ફેલાવી રહ્યા હતા. આ તેમના જઘન્ય અપરાધો હતા જેની સુધારણા માટે હઝરત શુઅયબ (અલૈ.)ને મોકલવામાં આવ્યા હતા.

પ્રસ્તુત આયતોમાંથી બે આયતોમાં આ કોમની સુધારણા માટે હઝરત શુઅયબ (અલૈ.)એ ત્રણ વાતો ફરમાવી, يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ એટલે કે, "હે મારી કોમ ! તમે અલ્લાહની ઈબાદત કરો, તેના સિવાય કોઈ તમારો મઅ્બૂદ બનવાપાત્ર જ નથી," આ તે જ તવહીદનું આમંત્રણ છે જે બધા જ અંબિયા (અલૈ.) આપતા આવ્યા છે અને આ તવહીદની માન્યતા બધા જ અકીદહ અને આચરણનો આત્મા છે. કારણ કે, આ કોમ પણ મખ્લૂક પરસ્તી (અલ્લાહની બનાવેલી વસ્તુઓની પૂજા કરવા)માં સંડોવાયેલી હતી અને અલ્લાહ તઆલાની જાત અને તેની સિફતો, ખાસિયતો અને ગુણ–લક્ષણો તથા તેના હકોથી ગાફેલ હતી, એટલા માટે તેમને પણ સૌ પ્રથમ આ જ સંદેશ આપવામાં આવ્યો અને ફરમાવ્યું, قَدْ جَآءَتْكُمْ بَيِّنَةٌ مِّنْ رَّبِّكُمْ એટલે કે, "તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી સ્પષ્ટ દલીલ આવી ચૂકી છે." અહીંયાં સ્પષ્ટ દલીલનો અર્થ તે મોઅ્જિઝાઓ (ચમત્કારો) છે, જે હઝરત શુઅયબ (અલૈ.) દ્વારા જાહેર થયા. તફસીરે બહરે મુહીતમાં આ મોઅ્જિઝાઓના વિવિધ સ્વરૂપોનું વર્ણન કરવામાં આવ્યું છે.

બીજી વાત આ ફરમાવી فَاَوْفُوا الْكَيْلَ وَالْمِيْزَانَ وَلَا تَبْخَسُوا النَّاسَ اَشْيَآءَهُمْ તેમાં كَيْل (કયૂલ)નો અર્થ "માપવું" અને مِيْزَان (મીઝાન)નો અર્થ "વજન તોલવું" થાય છે અને بَخْس (બખ્સ)નો અર્થ "કોઈને તેના હક કરતાં ઓછું આપીને નુકસાન પહોંચાડવું" થાય છે. આ આયતનો ભાવાર્થ એ છે કે, "તમે માપ–તોલ પૂરે–પૂરું કર્યા કરો અને લોકોની વસ્તુઓને ઘટાડીને તેમને નુકસાન ન પહોંચાડયા કરો."

તેમાં પ્રથમ તો એક ખાસ ગુનાહની મનાઈ કરવામાં આવી જે ખરીદ–વેચાણના સમયે માપ–તોલમાં ઘટાડો કરવાના સ્વરૂપમાં કરવામાં આવે છે. પાછળથી لَا تَبْخَسُوا النَّاسَ اَشْيَآءَهُمْ ફરમાવીને દરેક પ્રકારના હકોમાં ઘટાડો, ઉણપ તથા ત્રુટી ન કરવાનો હુકમ સામાન્ય કરી દેવામાં આવ્યો. ભલે, તે આર્થિક હકોના સંદર્ભમાં હોય અથવા ઈજ્જત–આબરૂના સંદર્ભમાં અથવા કોઈ અન્ય વસ્તુના સંબંધમાં ! *(બહરે મુહીત)*

એનાથી જાણ થઈ કે, જે પ્રમાણે માપ–તોલમાં હકથી ઓછું આપવું હરામ છે એ જ પ્રમાણે અન્ય માનવોના હકોમાં કમી કરવી પણ હરામ છે.

કોઈની ઈજ્જત અને આબરૂ ઉપર હુમલો કરવો અથવા કોઈના દરજ્જા અને હોદ્દા પ્રમાણે તેનું સન્માન ન કરવું, જેની-જેની આજ્ઞાનું પાલન કરવું વાજિબ છે તેમની આજ્ઞાનો અનાદર કરવો અથવા આળસ કરવી અથવા જે વ્યક્તિનું સન્માન અને ઈજ્જત કરવી વાજિબ છે તેમાં ત્રુટી રાખવી. આ બધા કાર્યો એવા અપરાધમાં સામેલ છે જે હઝરત શુઅયબ (અલૈ.)ની કોમ કર્યા કરતી હતી. હજ્જતુલ વદાઅ્ના ખુત્બામાં રસૂલે કરીમ ﷺએ લોકોની આબરૂને તેમના ખૂન સમાન સન્માનનીય અને સુરક્ષાપાત્ર ઠરાવી આપી છે, એનો પણ આ જ અર્થ છે.

કુર્આને કરીમમાં જ્યાં مُطَفِّفِيْنَ (મુતફ્ફિફીન) અને تَطْفِيْف (તત્ફીફ)નું વર્ણન આવ્યું છે તેમાં આ બધી વસ્તુઓ સામેલ છે. હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ એક વ્યક્તિને ઉતાવળે-ઉતાવળે રુકૂઅ્ અને સિજ્દહ કરતા જોયો તો ફરમાવ્યું, قَدْ طَفَّفْتَ એટલે કે, "તેં માપ-તોલમાં ઓછું કર્યું." (મુઅત્તા ઈમામ માલિક) તેનો ભાવાર્થ આ છે કે, નમાઝનો જે હક હતો તેને તેં પૂરો ન કર્યો. તેમાં નમાઝનો હક અદા ન કરવાને تَطْفِيْف (તત્ફીફ)ના શબ્દથી ઓળખાવવામાં આવ્યું છે.

અંતિમ આયતમાં ફરમાવ્યું, لَا تُفْسِدُوْا فِى الْاَرْضِ بَعْدَ اِصْلَاحِهَا એટલે કે, "જમીનમાં સુધારા પછી તેમાં ફસાદ (અરાજકતા-અવ્યવસ્થા) ન ફેલાવો." આ વાક્ય આ જ સૂરએ અઅ્રાફમાં અગાઉ પણ આવી ચૂક્યું છે, ત્યાં તેનો અર્થ વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવી ચૂક્યો છે કે, પૃથ્વી (પ્રદેશ)ની દેખીતી સુધારણા દરેક વસ્તુને તેના યોગ્ય સ્થાને ખર્ચ કરવી અને અલ્લાહની મર્યાદાઓનું પાલન કરવું તથા ન્યાય અને ઈન્સાફ સ્થાપિત રાખવા ઉપર અવલંબિત છે અને વ્યક્તિના અંતરમનની સુધારણા અલ્લાહ તઆલા સાથેનો સંબંધ અને અલ્લાહના હુકમોનું નિષ્ઠાપૂર્વક પાલન કરવા ઉપર આધારિત છે. એ જ પ્રમાણે જમીન અથવા પૃથ્વીની જાહેર અને રૂહાની ફસાદ તે સિદ્ધાંતો અને કાયદાઓને છોડી દેવાથી ઉત્પન્ન થાય છે જે સિદ્ધાંતો અને કાયદાઓ હઝરત શુઅયબ (અલૈ.)ની કોમે છોડી દીધા હતા અને ઉપેક્ષિત રાખ્યા હતા, જેના કારણે પૃથ્વી ઉપર જાહેર અને રૂહાની (આધ્યાત્મિક) દરેક પ્રકારની અરાજકતા-અવ્યવસ્થા ફેલાઈ ગઈ હતી. એટલા માટે તેમને એ બોધપાઠ આપવામાં આવ્યો હતો કે, "તમારી આ પ્રવૃત્તિઓ સમગ્ર પૃથ્વીને ખરાબ કરનારી છે, તેનાથી બચો."

પછી ફરમાવ્યું, ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ એટલે કે, "આ જ વાત તમારા માટે લાભદાયક છે જો તમે મારી વાત માનો." મતલબ એ છે કે, જો તમે પોતાની આ નાજાઇઝ પ્રવૃત્તિઓથી રોકાઈ જાઓ તો તેમાં જ તમારી દીન અને દુનિયાની સફળતા અને પ્રગતિ છે. દીન અને આખિરતની કામિયાબી તો દેખીતું છે કે, અલ્લાહના હુકમોના પાલન ઉપર અવલંબિત છે અને દુનિયાની સફળતા એટલા માટે કે જ્યારે લોકોને જાણ થઈ જશે કે ફલાણો વ્યક્તિ માપ-તોલમાં અને અન્ય હકોમાં પ્રામાણિકતાથી કામ કરે છે તો માર્કેટમાં તેની શાખ સ્થાપિત થઈ જશે અને તેના વેપારનો વિકાસ થશે.

ત્રીજી આયતમાં જે ઈરશાદ છે કે, "તમે લોકોને ડરાવવા-ધમકાવવા માટે અને અલ્લાહના રસ્તાથી રોકવા માટે માર્ગો અને સડકો ઉપર ન બેસ્યા કરો." તેનો ભાવાર્થ અમુક મુફસ્સિરોએ એ ઠરાવ્યો છે કે, આ બંને વાક્યોથી એક જ ભાવાર્થ સમજાય છે કે, આ લોકો રસ્તાઓ ઉપર બેસીને હઝરત શુઅયબ (અલૈ.)ની પાસે આવનાર લોકોને રોકતા હતા અને ડરાવતા-ધમકાવતા હતા તેની મનાઈ કરવામાં આવી છે.

અને અમુક લોકોએ નોંધ્યું છે કે, તેમના આ બે અલગ-અલગ અપરાધો હતા. રસ્તાઓ આંતરીને લૂંટફાટ પણ કર્યા કરતા હતા અને હઝરત શુઅયબ (અલૈ.) ઉપર ઈમાન લાવવાથી રોકતા પણ હતા. પ્રથમ વાક્યમાં પ્રથમ વિષય અને બીજા વાક્યમાં બીજો વિષય વર્ણન કરવામાં આવ્યો છે. તફસીરે બહરે મુહીત વગેરેમાં આ જ અભિપ્રાય અપનાવવામાં આવ્યો છે અને માર્ગો ઉપર બેસીને લૂંટફાટ કરવામાં તેને પણ સામેલ ઠરાવી દીધું છે જે શરીઅત વિરુદ્ધ નાજાઇઝ ટેક્ષ વસૂલ કરવા માટે માર્ગો અને સડકો ઉપર ચોકીઓ બનાવવામાં આવે છે.

અલ્લામહ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે, જે લોકો સડકો અને માર્ગો ઉપર બેસીને શરીઅત વિરુદ્ધ નાજાઇઝ ટેક્ષ વસૂલ કરે છે તે પણ શુઅયબ (અલૈ.)ની કોમની જેમ જ અપરાધી છે, બલકે તેમનાથી વધારે સખત જાલિમ અને અત્યાચારી છે.

અંતિમ આયતમાં ફરમાવ્યું, وَتَبْغُوْنَهَا عِوَجًا એટલે કે, "તમે લોકો અલ્લાહના માર્ગમાં ઉણપની શોધખોળમાં લાગેલા રહો છો" કે ક્યાંક આંગળી

મૂકવાની જગ્યા મળી આવે તો વાંધાઓ અને શંકાઓની પોથી (ચોપડો) ખોલી નાંખીએ અને લોકોને સત્ય દીનથી બેઝાર કરવાનો પ્રયત્ન કરીએ.

ત્યાર પછીની આયતમાં શરૂથી આયતના અંતે ઈરશાદ ફરમાવ્યું, وَاذْكُرُوٓا اِذْ كُنْتُمْ قَلِيْلًا فَكَثَّرَكُمْ وَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُفْسِدِيْنَ તેમાં તે લોકોને તાકીદ માટે પ્રેરણા અને ધમકી બંને પાસાંઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રથમ તો પ્રેરણા માટે અલ્લાહ તઆલાએ એ નેઅ્મત યાદ અપાવી કે, તમે સંખ્યામાં થોડા હતા. અલ્લાહ તઆલાએ તમારો વંશ વધાર્યો અને એક ઘણી મોટી વિશાળ કોમ બનાવી દીધી અથવા તો માલ અને સામાનના આધારે ઓછા હતા, અલ્લાહ તઆલાએ તમને આર્થિક સદ્ધરતા અર્પણ કરીને માલદાર બનાવી દીધા, ત્યારબાદ ધમકી આપવા માટે ફરમાવ્યું કે પોતાનાથી અગાઉની ફસાદ ફેલાવનારી કોમોના પરિણામ ઉપર દષ્ટિપાત કરો કે, કૌમે નૂહ, કૌમે આદ, કૌમે ષમૂદ અને કૌમે લૂત ઉપર કેવો-કેવો અઝાબ આવી ચૂક્યો છે જેથી તમે સમજદારીથી કામ લો.

પાંચમી આયતમાં આ કોમની એક શંકાનો જવાબ છે કે, હઝરત શુઅયબ (અલૈ.)ના ઈમાનના આમંત્રણ પછી આ કોમ બે વિભાગોમાં વહેંચાઈ ગઈ. અમુક લોકો ઈમાન લાવ્યા અને અમુક ઈન્કારી થયા પરંતુ જાહેર સ્વરૂપે આ બંનેમાં કોઈ તફાવત નથી. બંને ગૃપો સમાન રીતે આરામ અને રાહતમાં છે, જો ઈન્કાર કરવો કોઈ અપરાધ હોત તો અપરાધીને સજા મળી હોત, તેના જવાબમાં ફરમાવ્યું, فَاصْبِرُوْا حَتّٰى يَحْكُمَ اللّٰهُ بَيْنَنَا એટલે કે, ઉતાવળ ન કરો, અલ્લાહ તઆલા પોતાના વિવેક અને કૃપાથી અપરાધીઓને મહોલત (મુદત) આપે છે, જ્યારે તે બિલકુલ જ બાગી બની જશે તો પછી ફેંસલો કરી આપવામાં આવશે, તમારો પણ તે જ હાલ છે જો તમે તમારા ઈન્કાર કરવાથી પાછા ન ફર્યા તો ઘણા જ નિકટમાં ઈન્કારીઓ ઉપર નિર્ણાયક અઝાબ આવી જશે.

પારહ : (૯)

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૮૮ થી ૯૩)

قَالَ الْمَلَأُ الَّذِينَ اسْتَكْبَرُوا مِن قَوْمِهِ لَنُخْرِجَنَّكَ يَا شُعَيْبُ وَالَّذِينَ آمَنُوا
مَعَكَ مِن قَرْيَتِنَا أَوْ لَتَعُودُنَّ فِي مِلَّتِنَا ۚ قَالَ أَوَلَوْ كُنَّا كَارِهِينَ ﴿٨٨﴾ قَدِ افْتَرَيْنَا
عَلَى اللَّهِ كَذِبًا إِنْ عُدْنَا فِي مِلَّتِكُم بَعْدَ إِذْ نَجَّانَا اللَّهُ مِنْهَا ۚ وَمَا يَكُونُ لَنَا أَن
نَّعُودَ فِيهَا إِلَّا أَن يَشَاءَ اللَّهُ رَبُّنَا ۚ وَسِعَ رَبُّنَا كُلَّ شَيْءٍ عِلْمًا ۚ عَلَى اللَّهِ تَوَكَّلْنَا ۚ
رَبَّنَا افْتَحْ بَيْنَنَا وَبَيْنَ قَوْمِنَا بِالْحَقِّ وَأَنتَ خَيْرُ الْفَاتِحِينَ ﴿٨٩﴾ وَقَالَ
الْمَلَأُ الَّذِينَ كَفَرُوا مِن قَوْمِهِ لَئِنِ اتَّبَعْتُمْ شُعَيْبًا إِنَّكُمْ إِذًا لَّخَاسِرُونَ ﴿٩٠﴾
فَأَخَذَتْهُمُ الرَّجْفَةُ فَأَصْبَحُوا فِي دَارِهِمْ جَاثِمِينَ ﴿٩١﴾ الَّذِينَ كَذَّبُوا شُعَيْبًا كَأَن
لَّمْ يَغْنَوْا فِيهَا ۚ الَّذِينَ كَذَّبُوا شُعَيْبًا كَانُوا هُمُ الْخَاسِرِينَ ﴿٩٢﴾ فَتَوَلَّىٰ عَنْهُمْ وَقَالَ
يَا قَوْمِ لَقَدْ أَبْلَغْتُكُمْ رِسَالَاتِ رَبِّي وَنَصَحْتُ لَكُمْ ۖ فَكَيْفَ آسَىٰ عَلَىٰ قَوْمٍ كَافِرِينَ ﴿٩٣﴾

તરજુમો :

તેમની કોમમાં જે ઘમંડી સરદાર હતા, બોલ્યા; હે શુઅયબ (અલૈ.) ! અમે અવશ્ય તને અને તેમને કે જે ઈમાન લાવ્યા તારી સાથે પોતાના શહેરથી કાઢી મૂકીશું અથવા એ કે તમે અમારા દીનમાં પાછા આવી જાઓ; કહ્યું, શું અમે બેઝાર હોય તો પણ !? (૮૮) બેશક ! અમે અલ્લાહ ઉપર જૂઠું બોહતાન બાંધ્યું જો તમારા દીનમાં પાછા આવીએ એ પછી કે અમને અલ્લાહ તેનાથી છુટકારો આપી ચૂક્યો અને અમારું કામ નથી કે એમાં પાછા આવીએ પરંતુ એ કે અમારો પરવરદિગાર અલ્લાહ ઈચ્છે; અમારા પરવરદિગારે દરેક વસ્તુને પોતાના જ્ઞાનમાં ઘેરી રાખેલ છે, અલ્લાહ ઉપર જ અમે ભરોસો કર્યો; હે અમારા પરવરદિગાર ! અમારામાં અને અમારી કોમમાં ન્યાય સાથે ફેંસલો કર અને તું સૌથી ઉત્તમ ફેંસલો કરનારો છે. (૮૯) અને તેમની

કોમમાં જે કાફિર સરદાર હતા બોલ્યા, જો શુઅયબ (અલૈ.)નું અનુસરણ કરશો તો તમે નિઃશંક ! ખરાબ થશો. (૯૦) પછી તેમને ધરતીકંપે આવી પકડ્યા, બસ સવારના (પહોરમાં) પોતાના ઘરોની અંદર ઊંધા પડ્યા રહી ગયા. (૯૧) જેમણે શુઅયબ (અલૈ.)ને જૂઠાડ્યા જાણે ત્યાં ક્યારેય વસ્યા જ ન હતા, જેમણે શુઅયૂબ (અલૈ.)ને જૂઠાડ્યા તેઓ જ ખરાબ થયા. (૯૨) પછી તે લોકોથી ઊલટા ફર્યા અને બોલ્યા, હે મારી કોમ ! હું તમને પોતાના પરવરદિગારના સંદેશ પહોંચાડી ચૂક્યો અને તમારી ખૈરખ્વાહી (ભલાઈની કામના) કરી ચૂક્યો, હવે કાફિરો ઉપર શું અફસોસ કરું !? (૯૩)

તફસીર :

તેમની કોમના ઘમંડી સરદારોએ (જ્યારે આ વાતો સાંભળી તો તેમણે ગુસ્તાખી કરીને) કહ્યું, હે શુઅયબ (અલૈ. યાદ રાખો) ! અમે તમને અને તમારી સાથે જે ઈમાનવાળા છે તેમને અમારી વસ્તીમાંથી કાઢી મુકીશું અથવા એવું થાય કે તમે અમારા ધર્મમાં પાછા ફરી જાઓ, (તો અમે તમને કંઈ જ કહીશું નહિ, આ વાત તો મો'મિનો માટે એટલા માટે કહી કે તે લોકો ઈમાન લાવતા પહેલાં એ જ કુફ્રના રીત–રિવાજ ઉપર હતા, પરંતુ હઝરત શુઅયબ અલૈ. માટે એટલા માટે કહ્યું કે શુઅયબ અલૈ.ના દીનના આમંત્રણની જાહેરાત પહેલાં તેઓ એવું જ સમજતા હતા કે તેઓ તેમના ધર્મમાં જ છે અને તેઓ તેમના જેવી જ માન્યતાઓ ધરાવે છે પરંતુ તે તેમની ગેરસમજ હતી, કારણ કે અંબિયા અલૈ. ક્યારેય કુફ્ર અને શિર્કની માન્યતા પ્રથમથી જ ધરાવતા નથી હોતા); શુઅયબ (અલૈ.)એ જવાબ આપ્યો કે શું અમે તમારા ધર્મમાં આવી જઈશું જો કે અમે (દલીલપૂર્વક અને સમજદારીથી પણ) તેને નાપસંદ (અને જુગુપ્સાપ્રેરક) સમજતા હોય ! (તો પણ !? એટલે કે જ્યારે તે ખોટું હોવાની દલીલ સ્થાપિત થઈ ચૂકી છે તો અમે કેવી રીતે તેને અપનાવી લઈએ ? જો એવું કરીએ તો નઊઝુબિલ્લાહ !) અમે તો અલ્લાહ ઉપર મોટી જૂઠી તોહમત લગાવનારા થઈ જઈશું (જો અલ્લાહ ન કરે) અમે તમારા ધર્મમાં આવી જઈએ (ખાસ કરીને) એ પછી કે અલ્લાહ તઆલાએ અમને તેનાથી છુટકારો આપી દીધો હોય (કારણ કે પ્રથમ તો કુફ્રને દીન સમજવો એ જ સદંતર અલ્લાહ ઉપર તોહમત લગાવવા સમાન છે કે આ દીન નઊઝુબિલ્લાહ ! અલ્લાહને પસંદ છે, ખાસ કરીને મો'મિનનું કાફિર થવું અલ્લાહ

ઉપર ખોટી તોહમત લેખાશે) અને અમારાથી એ શક્ય જ નથી કે તમારા ધર્મમાં પાછા આવી જઈએ, પરંતુ હા ! એ કે અલ્લાહ જ જે અમારો માલિક છે (તેણે અમારા) મુકદ્દર(માં) કર્યું હોય (જેની મસ્લિહત તેના જ ઈલ્મમાં છે તો તે બીજી વાત છે), અમારા પરવરદિગારના ઈલ્મએ દરેક વસ્તુને ઘેરી રાખેલ છે (તે ઈલ્મથી સર્વ કંઈ મસ્લિહતો જાણે છે પરંતુ) અમે અલ્લાહ ઉપર જ ભરોસો રાખીએ છીએ (અને ભરોસો રાખીને એ આશા રાખીએ છીએ કે તે અમને સત્ય ધર્મ ઉપર કાયમ રાખશે અને તેનાથી એ શંકા કરવામાં ન આવે કે તેમને પોતાના સારા અંતનું યકીન ન હતું. અંબિયા અલૈ.ને ખાતિમા બિલ્ ખયરનો વિશ્વાસ અપાવવામાં આવે છે બલકે, એ બાબતની જાહેરાત કરવાનો હેતુ છે કે અલ્લાહ તઆલા જ સઘળી વસ્તુઓનો માલિક છે, અત્રે તે બતાવવામાં આવે છે અને આ બાબત નુબુવ્વતની ખાસિયતોમાંથી છે, જો અન્ય મો'મિનોનું દષ્ટાંત લેવામાં આવે તો તેમાં તો કોઈ શંકા જ નથી. એવો જવાબ આપીને જ્યારે જોયું કે, તેમને સંબોધન કરવું બિલકુલ અસરકારક નથી અને તેમની ઈમાન લાવવાની બિલકુલ આશા નથી તો તેમને સંબોધન કરવાનું છોડીને અલ્લાહ તઆલા પાસે દુઆ માંગી કે) હે અમારા પરવરદિગાર ! અમે અને અમારી (આ) કોમ વચ્ચે ફેંસલો કરી આપ (જે ફેંસલો હંમેશા) સત્ય આધારિત (અને ન્યાયપૂર્ણ હોય છે, કારણ કે અલ્લાહનો ફેંસલો ન્યાયપૂર્ણ અને સત્ય જ હોય છે, એટલે કે હવે અમલી રીતે હકને હક અને બાતિલને બાતિલ હોવું જાહેર અને ખુલ્લું કરી આપ) અને તું જ સૌથી સારો ફેંસલો કરનારો છો અને તેમની કોમના (આ જ ઉપરોક્ત વર્ણન થયા મુજબ) કાફિર સરદારોએ (હઝરત શુઅયબ અલૈ.નું આ પ્રમાણેનું ઉચ્ચ કક્ષાનું વક્તવ્ય સાંભળીને શંકા કરી કે, ક્યાંક શ્રોતાઓ ઉપર તેનો પ્રભાવ ન પડી જાય એટલા માટે તેમણે બાકીના કાફિરોને) કહ્યું કે, જો તમે શુઅયબ (અલૈ.)ના માર્ગે ચાલવા લાગશો તો નિઃશંક ! મોટું નુકસાન ઉઠાવશો (દીનનું પણ, કારણ કે આપણો ધર્મ જ સત્ય છે અને એ સત્યને છોડવામાં દુનિયાનું પણ નુકસાન છે, એટલા માટે કે સંપૂર્ણ માપ-તોલ કરવામાં બચત ઓછી થઈ જશે, મતલબ કે આ બધા પોતાના કુફ્ર અને અત્યાચાર ઉપર કાયમ રહ્યા, હવે અઝાબ આવ્યો) બસ, તેમને ધરતીકંપે પકડી લીધા જેથી પોતાના ઘરોમાં ઊંધા જ પડીને રહી ગયા; જેમણે શુઅયબ (અલૈ.)ને જૂઠાડ્યા હતા (અને મુસલમાનોને તેમના ઘરોમાંથી

કાઢી મૂકવા માટે તત્પર હતા, પોતે) તેમની એ હાલત થઈ ગઈ જેમકે તેમના ઘરોમાં ક્યારેય વસ્યા જ ન હતા; જેમણે હઝરત શુઅયબ (અલૈ.)ને જૂઠાડ્યા હતા (અને તેમનું અનુસરણ કરનારને નુકસાન ઉઠાવનારા બતાવ્યા હતા પોતે) તેઓ જ નુકસાનમાં પડી ગયા; તે વખતે શુઅયબ (અલૈ.) તેમનાથી મોઢું ફેરવીને ચાલ્યા અને (સંબોધન કરી આ પ્રમાણે) કહેવા લાગ્યા કે, હે મારી કોમ ! મેં તો તમને પોતાના પરવરદિગારના હુકમો પહોંચાડી દીધા હતા (જેના ઉપર અમલ કરવો દરેક પ્રકારની સફળતાનું કારણ હતું) અને મેં તમારી ઘણી ખૈરખ્વાહી કરી (એટલે કે ભલું ઈચ્છ્યું કે દરેક રીતે, દરેક પ્રકારે સમજાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ અફસોસ ! તમે ન માન્યું અને આ ખરાબ દિવસ જોવાનો વારો આવ્યો, ત્યારબાદ તેમના કુફ્ર અને દુશ્મનાવટ વગેરેને યાદ કરીને ફરમાવવા લાગ્યા કે, જ્યારે તમે જ પોતાના હાથોથી આ મુસીબત વહોરી છે તો) પછી હું આ કાફિર લોકો(નો નાશ થવા)થી શા માટે દિલગીર થાઉં !?

મસ્અલા અને બોધપાઠ :

હઝરત શુઅયબ (અલૈ.)ને તેમની કોમે જ્યારે એવું કહ્યું કે, "જો તમે સત્ય ઉપર હોત તો આપના માનનારાઓનો ખૂબ ફેલાવો થયો હોત અને ન માનનારાઓ ઉપર અઝાબ આવ્યો હોત, પરંતુ થઈ તો એવું રહ્યું છે કે બંને પક્ષો સમાન રીતે એશો-આરામની જિંદગી પસાર કરી રહ્યા છે તો પછી અમે કેવી રીતે તમને સાચા માની લઈએ ?" તેના જવાબમાં હઝરત શુઅયબ (અલૈ.)એ ફરમાવ્યું કે, "ઉતાવળ ન કરો, ઘણો જ જલદી અલ્લાહ તઆલા તમારા અને અમારા દરમિયાન ફેંસલો કરી આપશે." તેના જવાબમાં કૌમના ઘમંડી સરદાઓએ તે જ વાત કહી જે વાત હંમેશા જાલિમ અને અભિમાનીઓ કહ્યા કરે છે કે, "હે શુઅયબ (અલૈ.) ! યા તો તમે અને જેઓ તમારા ઉપર ઈમાન લાવ્યા છે એ બધા અમારા ધર્મમાં પાછા ચાલ્યા આવો, નહિતર અમે તમને બધાને પોતાની વસ્તીમાંથી કાઢી મૂકીશું."

તેમના ધર્મમાં પાછા જવું હઝરત શુઅયબ (અલૈ.)ના મો'મિનો વિશે એટલા માટે સાચું છે કે, તેઓ બધા ઈમાન લાવતા પહેલાં તેમના જ ધર્મ અને રીત-રિવાજ ઉપર હતા, ત્યારબાદ હઝરત શુઅયબ (અલૈ.)ની દા'વત

સ્વીકારીને મુસલમાન થઈ ગયા પરંતુ હઝરત શુઅયબ (અલૈ.) એક દિવસ પણ તેમના જૂઠા ધર્મ અને તેમની જૂઠી નીતિરીતી ઉપર રહ્યા ન હતા અને ન જ કોઈ અલ્લાહના પયગમ્બર (અલૈ.) ક્યારેય કોઈ શિર્કયુક્ત બાતિલ ધર્મનું અનુસરણ કરી શકે છે તો પછી તેમના માટે એવું કહેવું કે, "અમારા ધર્મમાં પાછા ચાલ્યા આવો" લગભગ એ કારણે હતું કે નુબુવ્વત મળતા પહેલાં હઝરત શુઅયબ (અલૈ.)એ તે લોકોની બાતિલ અને જૂઠી માન્યતાઓ તથા પ્રવૃત્તિઓ ઉપર મૌન ધારણ કર્યું હતું અને કોમની અંદર ભળેલા રહેતા હતા, તેના કારણે તેમની કોમે એવી ધારણા બાંધી લીધી કે, હઝરત શુઅયબ (અલૈ.) પણ તેમની જ વિચારસરણીમાં માને છે અને તેમના જ ધર્મના અનુયાયી છે. પરંતુ ઈમાનની દા'વત પછી તેમને જાણ થઈ કે, તેમનો ધર્મ તો અમારા કરતા તદ્દન જૂદા પ્રકારનો છે અને તેમણે એવું ધારી લીધું કે, હઝરત શુઅયબ (અલૈ.) અમારા ધર્મથી ફરી ગયા. હઝરત શુઅયબ (અલૈ.)એ જવાબમાં કહ્યું, اَوَلَوْ كُنَّا كَارِهِيْنَ એટલે કે, "શું તમારો એ અર્થ છે કે તમારો ધર્મ બાતિલ અને નાપસંદ સમજવા છતાં અમે તમારા ધર્મમાં દાખલ થઈ જઈએ ? તેનો અર્થ એ જ છે કે, એવું કદાપિ થઈ શકતું નથી." અહીંયાં સુધી પહેલી આયતનો વિષય છે.

બીજી આયતમાં છે કે, હઝરત શુઅયબ (અલૈ.)એ પોતાની કોમને ફરમાવ્યું કે, "તમારા બાતિલ ધર્મથી અલ્લાહ તઆલાએ અમને છુટકારો આપી દીધો, ત્યારબાદ જો અમે તમારા ધર્મમાં પાછા ફરી જઈએ તો આ અમારા તરફથી અલ્લાહ તઆલા ઉપર સખત ખોટું બોહતાન (આક્ષેપ) હશે."

કારણ કે પ્રથમ તો પોતે કુફ્ર અને શિર્કને પોતાનો ધર્મ બનાવી લેવો એ અર્થ ધરાવે છે કે, આ અલ્લાહ તઆલાનો હુકમ છે જે તેના ઉપર બોહતાન અને આક્ષેપ છે, તદુપરાંત ઈમાન પછી તથા સાચું ઇલ્મ પ્રાપ્ત કરી લીધા પછી કુફ્ર તરફ પાછા ફરવું જાણે કે એ બાબતનો સ્વીકાર કરવો જણાય છે કે, હું ખોટા ધર્મ ઉપર હતો અને સાચો ધર્મ તો હવે જેને હું અપનાવી રહ્યો છું તે આ જ છે અને દેખીતું છે કે, આ બમણું જૂઠ અને બોહતાન છે કે સત્યને જુઠું કહી રહ્યો છું અને જૂઠને સાચું ગણી રહ્યો છું.

હઝરત શુઅયબ (અલૈ.)ના આ નિવેદનમાં એક પ્રકારનો દા'વો હતો કે, અમે હવે તમારા ધર્મમાં પાછા ફરી શકતા નથી અને આવો દા'વો કરવો દેખીતી

રીતે "અબ્દિય્યત"ના વિરુદ્ધ છે, જે અલ્લાહના નિકટવર્તી લોકો માટે અલ્લાહની બારગાહમાં અલ્લાહની મઅ્રિફત ધરાવનાર લોકો માટે શોભાસ્પદ નથી. એટલા માટે ફરમાવ્યું, مَا كَانَ لَنَآ اَنْ نَّعُوْدَ فِيْهَا اِلَّا اَنْ يَّشَآءَ اللّٰهُ رَبُّنَا ؕ وَسِعَ رَبُّنَا كُلَّ شَىْءٍ عِلْمًا ؕ عَلَى اللّٰهِ تَوَكَّلْنَا એટલે કે, "અમે તમારા ધર્મમાં કદાપિ પાછા નથી ફરી શકતા પરંતુ એ સિવાય કે (અલ્લાહ ન ચાહે) અમારા પરવરદિગારની જ ઈચ્છા અને ઈરાદો અમારી ગુમરાહી કરવાનો થાય, અમારા પરવરદિગારના જ્ઞાને દરેક વસ્તુને ઘેરેલી છે, અમે એ જ અલ્લાહ ઉપર ભરોસો કરીએ છીએ."

તેમાં પોતાની અશક્તિ અને લાચારીની જાહેરાત છે તથા પોતે અલ્લાહ ઉપરના ભરોસા અને તેની કૃપાદષ્ટિ ઉપર આધારિત હોવાનો સ્વીકાર છે, જે નુબુવ્વતની ખાસિયતોમાંથી છે કે અમે કોણ કે કોઈ કામ કરવા અથવા તેનાથી બચવાનો દા'વો કરી શકીએ ? કોઈ નેકી કરવી અથવા બુરાઈથી બચવું બધું જ અલ્લાહ તઆલાની કૃપાથી છે, જેમકે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું છે કે, لَوْلَا اللّٰهُ مَا اهْتَدَيْنَا وَلَا تَصَدَّقْنَا وَلَا صَلَّيْنَا એટલે કે, "જો અલ્લાહ તઆલાની કૃપા ન હોત તો અમને સત્ય માર્ગ ઉપર હિદાયત ન થઈ હોત અને ન જ અમે સદકહ-ખયરાત કરી શક્યા હોત અને ન જ નમાઝ પઢી શક્યા હોત."

અહીંયાં સુધી કે કોમના અભિમાની સરદારો સાથે વાતચીત કર્યા પછી હઝરત શુઅયબ (અલૈ.)ને અંદાજો થઈ ગયો કે, આ લોકો ઉપર કોઈ વાતની કોઈ અસર થતી નથી, માટે હવે તેમને સંબોધન કરવાનું છોડીને અલ્લાહ તઆલા પાસે આ દુઆ માંગી. رَبَّنَا افْتَحْ بَيْنَنَا وَبَيْنَ قَوْمِنَا بِالْحَقِّ وَاَنْتَ خَيْرُ الْفَاتِحِيْنَ એટલે કે, "હે અમારા પરવરદિગાર ! અમારી અને અમારી કોમ વચ્ચે ફેંસલો કરી આપ ન્યાય પ્રમાણે; અને તું જ સૌથી શ્રેષ્ઠ ફેંસલો કરનારો છે." હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, "શબ્દ فَتْحٌ (ફત્હ)નો અર્થ આ સ્થળે "ફેંસલો કરવાનો" છે અને આ અર્થના આધારે فَاتِحٌ (ફાતિહ) "કાઝી-ન્યાયાધીશ"ના અર્થ માટે પણ આવે છે." *(બહરે મુહીત)*

વાસ્તવમાં આ શબ્દોમાં હઝરત શુઅયબ (અલૈ.)ની પોતાની કોમના કુફ્ફારો માટે સત્યાનાશની દુઆ હતી જેનો અલ્લાહ તઆલાએ સ્વીકાર કર્યો અને તે લોકોનો ધરતીકંપ દ્વારા નાશ કર્યો. બીજી આયતનો વિષય પૂર્ણ થયો.

ત્રીજી આયતમાં હઝરત શુઅયબ (અલૈ.)ની કોમના ઘમંડી સરદારોનું એક નિવેદન આ રીતે નોંધ્યું છે કે, તેઓ અંદર-અંદર કહેવા લાગ્યા અથવા હઝરત શુઅયબ (અલૈ.)ના અનુયાયીઓને કહેવા લાગ્યા કે, "જો તમે હઝરત શુઅયબ (અલૈ.)ની તાબે'દારી કરી તો તમે મોટા બેવકૂફ અને અજ્ઞાની ઠરશો."

(બહરે મુહીત અન અતાઅ્)

ચોથી આયતમાં આ બળવાખોર કોમના અઝાબનો કિસ્સો આ રીતે વર્ણન કર્યો, فَاَخَذَتْهُمُ الرَّجْفَةُ فَاَصْبَحُوْا فِىْ دَارِهِمْ جٰثِمِيْنَ એટલે કે, "તેમને સખત અને ભયંકર ધરતીકંપે આવીને પકડી લીધા જેનાથી તેઓ પોતાના ઘરોમાં ઊંધા પડીને રહી ગયા."

શુઅયબ (અલૈ.)ની કોમનો અઝાબ આ આયતમાં ધરતીકંપ હોવાનું બતાવવામાં આવ્યું છે અને બીજી આયતોમાં اَخَذَهُمْ عَذَابُ يَوْمِ الظُّلَّةِ આવ્યું છે, જેનો અર્થ એ છે કે, તેમને يَوْمِ الظُّلَّةُ (યવમિઝ્ઝુલ્લહ)ના અઝાબે પકડી લીધા. يَوْمُ الظُّلَّةُ નો અર્થ છે, "છાંયડાનો દિવસ" જેનો અર્થ એ છે કે, પ્રથમ તેમના ઉપર ઘનઘોર વાદળોનો છાંયડો આવ્યો, જ્યારે બધા તેની નીચે ભેગા થઈ ગયા તો આ જ વાદળમાંથી તેમના ઉપર પથ્થર અથવા આગ વરસાવવામાં આવી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ આ બંને આયતોમાં સામ્યતા દર્શાવવા ફરમાવ્યું કે, હઝરત શુઅયબ (અલૈ.)ની કોમ ઉપર પ્રથમ તો એવી સખત ગરમી પડી કે જાણે જહન્નમનો દરવાજો તેમના તરફ ખોલી દેવામાં આવ્યો હોય જેનાથી તેમનો શ્વાસ રૂંધાવા લાગ્યો, ન તો કોઈ છાંયડામાં ચેન પડતું હતું અને ન જ પાણીમાં. આ લોકો ગરમીથી ગભરાઈને ભોંયરાઓમાં સંતાઈ ગયા તો ત્યાં ઉપર કરતાં વધારે સખત ગરમી હતી. પરેશાન થઈને શહેરમાંથી જંગલ તરફ દોડ્યા ત્યાં અલ્લાહ તઆલાએ એક ઘનઘોર વાદળ મોકલી આપ્યું જેની નીચે ઠંડી હવા હતી, આ લોકો ગરમીથી ત્રાસી ચૂકયા હતા એટલા માટે દોડતા-દોડતા તે વાદળ હેઠળ એકઠા થઈ ગયા, તે સમયે આ આખું વાદળ આગ બનીને તેમના ઉપર વરસી પડ્યું અને ધરતીકંપ પણ આવ્યો, જેનાથી આ બધા લોકો રાખનો ઢગલો બનીને રહી ગયા. આ જ પ્રમાણે આ કોમ ઉપર ધરતીકંપ અને "અઝાબે ઝુલ્લહ" બંને ભેગું થઈ ગયું. *(બહરે મુહીત)*

પાંચમી આયતમાં સય્યિદના શુઅયબ (અલૈ.)ની ઘટનાથી અન્યોને બોધપાઠ આપવામાં આવ્યો છે, જે આ ઘટનાના વર્ણનનો મૂળ હેતુ છે. ફરમાવ્યું, اَلَّذِيْنَ كَذَّبُوْا شُعَيْبًا كَاَنْ لَّمْ يَغْنَوْا فِيْهَا તેમાં શબ્દ غِنٰى (ગિના) તેનો એક અર્થ "કોઈ સ્થળે ખુશહાલી સાથે જીવન વ્યતિત કરવું" થાય છે. આ સ્થળે આ જ ભાવાર્થ હોઈ શકે છે. મતલબ એ કે, આ લોકો જે મકાનોમાં એશો-આરામની જિંદગી બસર કરતા હતા તે અઝાબ પછી તેઓ એવા થઈ ગયા કે, જાણે અહીંયાં ક્યારેય આરામ અને રાહતનું નામો-નિશાન ન હતું. પછી ઈરશાદ ફરમાવ્યો, اَلَّذِيْنَ كَذَّبُوْا شُعَيْبًا كَانُوْا هُمُ الْخٰسِرِيْنَ એટલે કે, "જે લોકોએ હઝરત શુઅયબ (અલૈ.)ને જૂઠાડ્યા તે લોકો જ નુકસાનમાં પડ્યા." આ વાતમાં ઈશારો એ તરફ પણ છે કે, આ લોકો હઝરત શુઅયબ (અલૈ.) અને તેમના મો'મિન સાથીઓને પોતાની વસ્તીમાંથી કાઢી મૂકવાની ધમકીઓ આપી રહ્યા હતા, પરિણામે તેઓએ જ નુકસાન ઉઠાવવું પડ્યું.

છટ્ઠી આયતમાં ફરમાવ્યું, فَتَوَلّٰى عَنْهُمْ એટલે કે, "કૌમ ઉપર અઝાબ આવતો જોઈને હઝરત શુઅયબ (અલૈ.) અને તેમના સાથીઓ અહીંયાંથી ચાલી નીકળ્યા." જમહૂર મુફસ્સિરોએ નોંધ્યું છે કે, આ લોકો અહીંયાંથી મક્કા મુઅજ્જમહ આવી ગયા અને અંત સુધી અહીંયાં જ સ્થાયી રહ્યા.

કોમની અંતિમ કક્ષાની બળવાખોરી અને નાફરમાનીથી નિરાશ થઈને હઝરત શુઅયબ (અલૈ.)એ ફેંસલાની દુઆ તો કરી પરંતુ જ્યારે તેના પરિણામે કોમ ઉપર અઝાબ આવ્યો તો પયગમ્બર હોવાના નાતે દિલમાં લાગણી અને દયાના કારણે તેમનું દિલ દ્રવી ઉઠ્યું, ત્યારે પોતાના દિલને તસલ્લી આપવા માટે કોમને સંબોધન કરીને ફરમાવ્યું, "મેં તો તમને તમારા પરવરદિગારના હુકમો પહોંચાડી દીધા હતા અને તમારી ભલાઈ ઇચ્છવામાં કોઈ કસર બાકી છોડી ન હતી, માટે હવે હું કાફિર કોમનો ક્યાં સુધી ગમ કરું !"

મૂળ કિતાબની ત્રીજી જિલ્દ પૂરી થઈ, અલ્હમ્દુલિલ્લાહ.

તા. ૨૧ મે ૨૦૦૯ બ મુતાબિક ૨૫ જમા. અવ્વલ ૧૪૩૦

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૯૪ થી ૯૯)

وَمَآ اَرْسَلْنَا فِيْ قَرْيَةٍ مِّنْ نَّبِيٍّ اِلَّآ اَخَذْنَآ اَهْلَهَا بِالْبَاْسَآءِ وَالضَّرَّآءِ لَعَلَّهُمْ
يَضَّرَّعُوْنَ ﴿٩٤﴾ ثُمَّ بَدَّلْنَا مَكَانَ السَّيِّئَةِ الْحَسَنَةَ حَتّٰى عَفَوْا وَّقَالُوْا قَدْ مَسَّ اٰبَآءَنَا
الضَّرَّآءُ وَالسَّرَّآءُ فَاَخَذْنٰهُمْ بَغْتَةً وَّهُمْ لَا يَشْعُرُوْنَ ﴿٩٥﴾ وَلَوْ اَنَّ اَهْلَ الْقُرٰٓى
اٰمَنُوْا وَاتَّقَوْا لَفَتَحْنَا عَلَيْهِمْ بَرَكٰتٍ مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ وَلٰكِنْ كَذَّبُوْا
فَاَخَذْنٰهُمْ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ﴿٩٦﴾ اَفَاَمِنَ اَهْلُ الْقُرٰٓى اَنْ يَّاْتِيَهُمْ بَاْسُنَا
بَيَاتًا وَّهُمْ نَآئِمُوْنَ ﴿٩٧﴾ اَوَاَمِنَ اَهْلُ الْقُرٰٓى اَنْ يَّاْتِيَهُمْ بَاْسُنَا ضُحًى وَّهُمْ
يَلْعَبُوْنَ ﴿٩٨﴾ اَفَاَمِنُوْا مَكْرَ اللّٰهِ ۚ فَلَا يَاْمَنُ مَكْرَ اللّٰهِ اِلَّا الْقَوْمُ الْخٰسِرُوْنَ ﴿٩٩﴾ ع

તરજુમો :

અને અમે નથી મોકલ્યા કોઈ વસ્તીમાં કોઈ નબી કે ન પકડયા હોય અમે ત્યાંના લોકોને કઠણાઈ અને તકલીફમાં જેથી તેઓ કરગરે. (૯૪) પછી અમે બુરાઈની જગ્યાએ ભલાઈ બદલી નાંખી એટલે સુધી કે તેઓ (ખુશહાલીમાં) વધી ગયા અને કહેવા લાગ્યા કે અમારા બાપદાદાઓને પણ તકલીફ અને ખુશી પહોંચતી રહી છે, પછી અમે તેમને અચાનક પકડયા અને તેમને ખબર ન હતી. (૯૫) અને જો વસ્તીઓવાળા ઈમાન લાવ્યા હોત અને પરહેઝગારી કરી હોત તો અમે તેમના ઉપર આસમાન અને જમીનથી નેઅ્મતો (બરકતો) ખોલી નાંખી હોત પરંતુ તેમણે જૂઠાડયું, બસ અમે તેમને તેમના અમલોના બદલામાં પકડયા. (૯૬) હવે શું વસ્તીઓવાળા નિર્ભય છે એનાથી કે તેમના ઉપર અમારી આફત રાતોરાત આવી પહોંચે જ્યારે કે સૂતા હોય ? (૯૭) અથવા વસ્તીઓવાળા એ વાતથી નિર્ભય છે કે તેમના ઉપર અમારો અઝાબ દિવસ ચઢયે આવી ચઢે જ્યારે રમી(-કૂદી) રહ્યા હોય! (૯૮) શું અલ્લાહની તદ્બીર (દા'વ)થી નિર્ભય થઈ ગયા ? બસ અલ્લાહની તદ્બીરથી નિર્ભય નથી થતા પરંતુ ખરાબી (નુકસાન)માં પડનારા. (૯૯)

તફસીર :

અને અમે (આ ઉપરોક્ત વર્ણન થયેલ વસ્તી અને તે સિવાય અન્ય) કોઈ વસ્તીમાં કોઈ નબી નથી મોકલ્યો કે ત્યાંના રહેનારાઓને (તે નબીની વાત ન માનવા ઉપર પ્રથમ ચેતવણી ન આપી હોય અને તાકીદ કરવાના હેતુથી તેમને) મોહતાજી અને બીમારીમાં ન પકડયા હોય જેથી તેઓ ઢીલા પડી જાય (અને પોતાના કુફ્ર અને જૂઠાડવાથી તવબહ કરે), પછી (જ્યારે તેનાથી પણ તેઓ ચેત્યા નહીં તો ચેતવણી સ્વરૂપે એ હેતુથી કે મુસીબત પડયા પછી જે નેઅ્મતો આવી છે તેનાથી વધારે કદર થશે અને નેઅ્મત આપનારનું માનવ પ્રકૃતિ પ્રમાણે સ્વાભાવગત આજ્ઞાપાલન કરવા લાગશે) અમે તેમની ખરાબ પરિસ્થિતિની જગ્યાએ ખુશહાલી બદલી આપી એટલે સુધી કે તેમને (માલદારી અને તંદુરસ્તીની સાથે માલ અને અવલાદમાં) ખૂબ પ્રગતિ આપી અને (તે સમયે તેઓ ખોટી સમજના કારણે) કહેવા લાગ્યા કે, (તે પ્રથમ મુસીબત અમારા ઉપર કુફ્ર અથવા જૂઠાડવાના કારણે ન હતી નહિતર આ ખુશહાલી કેમ આવી ? બલકે આ તો યુગપરિવર્તનના કારણે આવું થતું રહે છે, એટલા માટે) અમારા બાપ-દાદાઓને પણ (આ બે પરિસ્થિતિઓ એટલે કે, ક્યારેક) તંગી અને (ક્યારેક) રાહતનો સામનો કરવો પડયો હતો (એ જ રીતે અમારા ઉપર પણ આ પરિસ્થિતિઓ ગુજરી ગઈ, જ્યારે તેઓ આ ભૂલમાં પડયા) તો (તે સમયે) અમે તેમને અચાનક (ભયંકર અઝાબમાં) પકડી લીધા અને તેમને (આ અઝાબ આવવાની) ખબર પણ ન હતી (એટલે કે જો કે તેમને અંબિયા અલૈ.એ અઝાબની ખબર આપી દીધી હતી પરંતુ કારણ કે તેઓ તે સમયે એ ખબરને જૂઠી સમજતા હતા અને અય્યાશીઓમાં તથા રાહતમાં બધું ભૂલી ચૂક્યા હતા, એટલા માટે તેમને એવી કલ્પના પણ ન હતી અને અમે જે તેમને ભયંકર અઝાબમાં પકડયા તો તેનું કારણ ફક્ત તેમનું કુફ્ર અને વિરોધ હતો, નહિતર) જો તે વસ્તીઓના રહેનારા (પયગમ્બરો ઉપર) ઈમાન લઈ આવ્યા હોત અને (જો તેમના વિરોધથી) બચ્યા હોત તો અમે (આસમાન અને જમીનની આફતોના બદલે) તેમના ઉપર આસમાન અને જમીનની બરકતો ખોલી નાંખી હોત (એટલે કે, આસમાનથી વરસાદ અને જમીનમાંથી ઉત્પાદન તેની બરકતો સાથે અર્પણ કર્યું હોત અને જો કે આ સર્વનાશ પહેલાં તેમની ખુશહાલી એક હિકમત માટે

આપવામાં આવી હતી પરંતુ આ ખુશહાલીમાં એટલા માટે બરકત ન હતી કે, અંતે તે જ તેમના જીવનો વબાલ બની ગઈ. આવી ખુશહાલી તે નેઅ્મતોથી વિપરીત છે કે જે ઈમાન અને આજ્ઞાપાલનની સાથે મળે છે કે, તેમાં ભલાઈ અને બરકત હોય છે કે તે ક્યારેય વબાલ નથી બનતી, ન જ દુનિયામાં અને ન તો આખિરતમાં. કહેવાનું તાત્પર્ય એ છે કે જો તેમણે ઈમાન અને અલ્લાહનો ડર અપનાવ્યો હોત તો તેમને પણ આ બરકતો મળી હોત) પરંતુ તેમણે તો (પયગમ્બરોને) જૂઠાડ્યા તો અમે (પણ) તેમના ખરાબ આચરણોના કારણે તેમને ભયંકર અઝાબમાં પકડી લીધા (જેને ઉપર મુજબ اَخَذْنٰهُمْ بَغْتَةً દ્વારા ઓળખાવવામાં આવ્યું છે. આગળ તે સમયે ઉપસ્થિત કુફ્ફારોને ઈબ્રત અને બોધપાઠ આપવા માટે કહેવામાં આવે છે કે), શું (આ ઘટનાઓ સાંભળ્યા) પછી પણ તે (ઉપસ્થિત) વસ્તીઓના રહેનારાઓ (જે રસૂલુલ્લાહ ﷺની નુબુવ્વતના સમયે મોજૂદ છે) એ વાતથી નચિંત થઈ ગયા હશે કે તેમના ઉપર (પણ) અમારો અઝાબ રાતના સમયે આવી પડે જે સમયે તેઓ સૂતેલા હોય અને શું તે (ઉપસ્થિત) વસ્તીઓના રહેનારાઓ (કુફ્ર અને જૂઠાડવા છતાં કે જે પ્રમાણે અગાઉ થઈ ચૂકેલા કાફિરોના સર્વનાશનું કારણ હતું) એ વાતથી નચિંત થઈ ગયા છે કે (અગાઉ થઈ ચૂકેલી કોમોની જેમ જ) તેમના ઉપર પણ અમારો અઝાબ ભરબપોરે આવી પડે જે સમયે તેઓ પોતાની અર્થવિહીન્ પ્રવૃત્તિઓમાં મશ્ગૂલ હોય; (તેનો અર્થ એ છે કે, દુનિયવી કારોબારમાં વ્યસ્ત હોય) હા ! શું અલ્લાહ તઆલાની આ (અચાનક કરવામાં આવતી) પકડથી (જે ઉપર વર્ણન થઈ ચૂક્યું છે) નચિંત થઈ ગયા ? બસ, (સમજી રાખો કે) અલ્લાહ તઆલાની પકડથી એ સિવાય કોઈ નચિંત નથી થતું, માત્ર તેઓ જ જે નુકસાન ઉઠાવનારા હોય !

મસ્અલા અને બોધપાઠ :

અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.) અને તેમની કોમોનો ઈતિહાસ તથા તેમની બોધપાઠ ગ્રહણ કરવાપાત્ર પરિસ્થિતિઓ અને ઘટનાઓનો જે ક્રમ કેટલાય રુકૂઓથી ચાલી રહ્યો છે, અહીંયાં સુધી પાંચ અંબિયા (અલૈ.)ના કિસ્સાઓ વર્ણન થયા છે. છટ્ઠો કિસ્સો હઝરત મૂસા (અલૈ.) અને તેમની કૌમ બની ઈસ્રાઈલનો છે જે વિગતવાર નવ આયતો પછી આવવાનો છે.

એ વાત અગાઉ વર્ણન થઈ ચૂકી છે કુર્આને કરીમ જગતના ઈતિહાસ અને વિશ્વની કોમોની પરિસ્થિતિઓનું વર્ણન કરે છે, પરંતુ વર્ણન કરવાની શૈલી એવી હોય છે કે સામાન્ય ઈતિહાસની કિતાબો અને કિસ્સા–કહાણીઓના પુસ્તકોની જેમ કોઈ ઘટનાને કે વાર્તાને વિગતવાર ક્રમબદ્ધ રીતે વર્ણન કરવાને બદલે દરેક સ્થળે યોગ્યતાના આધારે કોઈ ઘટનાના એક ભાગનું વર્ણન કરવામાં આવે છે, તેની સાથે તેનાથી પ્રાપ્ત થનાર બોધદાયક પરિણામોનું વર્ણન કરવામાં આવે છે. એ જ પ્રમાણે અહીંયાં આ પાંચ કિસ્સાઓ વર્ણન કર્યા પછી તે આયતોમાં કે જે ઉપર લખવામાં આવી ચૂકી છે અમુક તાકીદ પ્રસ્તુત છે.

પ્રથમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો કે નૂહ, આદ તથા ષમૂદની કોમો સાથે જે ઘટનાઓ ઘટિત થઈ તે કંઈ તેમની સાથે ખાસ નથી બલકે, અલ્લાહ જલ્લ શા'નુહૂની સામાન્ય ટેવ (સુન્નતુલ્લાહ) એ જ છે કે, કોમોની હિદાયત અને તેમની સુધારણા તથા સફળતા માટે અંબિયા (અલૈ.)ને મોકલવામાં આવે છે, જેથી તકલીફ અને મુસીબત દ્વારા તેમની દિશા અલ્લાહ તઆલા તરફ ફેરવવામાં આવે છે, કારણ કે મનુષ્ય સ્વાભાવગત મુસીબતના સમયે જ અલ્લાહ તઆલાને યાદ કરતો હોય છે અને આ દેખીતી તકલીફ અને મુસીબત વાસ્તવમાં મહાકૃપાળુ અને મહાદયાળુ અલ્લાહ તઆલાની રહમત અને તેની કૃપા સ્વરૂપે જ હોય છે. જેમકે, મવલાના રૂમીએ કહ્યું,

خلق را با تو چنیں بدخو کنند   تا ترا ناچار رو آں سو کنند

મખ્લૂક (અલ્લાહના સર્જન)ને તારી સાથે એટલી ખરાબ વર્તણૂકવાળી બનાવી દે છે કે, તું મજબૂર થઈ જાય અને તું તારો ચહેરો તેની તરફ કરી દે (તવબહ કરે).

પ્રસ્તુત આયતમાં اَخَذْنَآ اَهْلَهَا بِالْبَاْسَآءِ وَالضَّرَّآءِ لَعَلَّهُمْ يَضَّرَّعُوْنَ નો આ જ અર્થ છે. بُؤْس (બુઅ્સ) અને بَاْسَآءُ (બઅ્સાઅ્)નો અર્થ ભૂખ તથા ضَرّ (દર્રઅ્) અને ضَرَّآءُ (દર્રાઅ્)નો અર્થ બીમારીનો થાય છે. કુર્આન મજીદમાં આ શબ્દો અનેક ઠેકાણે આ જ અર્થમાં આવ્યા છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ આ જ અર્થ વર્ણન કર્યો છે. શબ્દકોષના અમુક નિષ્ણાતોએ કહ્યું છે કે, بُؤْس (બુઅ્સ) અને بَاْسَآءُ (બઅ્સાઅ્) આર્થિક નુકસાન માટે પણ બોલવામાં આવે છે અને ضَرّ (ઝર્ર) અને ضَرَّآءُ (ઝર્રાઅ્) પ્રાણના નુકસાન માટે પણ બોલાય છે, તેનો હેતુ પણ આ જ છે.

આ આયતનો ભાવાર્થ એ છે કે, જ્યારે કદીપણ અમે કોઈ કોમ તરફ પોતાના રસૂલ મોકલીએ છીએ અને તે કોમ તેમની વાત નથી માનતી તો અમારી આદત એ છે કે, પ્રથમ તેમને દુનિયામાં જ આર્થિક સંકડામણ, જાની નુકસાન અથવા બીમારી વગેરેમાં સપડાવી દઈએ છીએ, જેથી તેઓ કંઈ ઢીલા પડી જાય અને પરિણામ ઉપર દૃષ્ટિ કરી અલ્લાહના શરણે થઈ જાય. ત્યારબાદ બીજી આયતમાં ફરમાવ્યું, ثُمَّ بَدَّلْنَا مَكَانَ السَّيِّئَةِ الْحَسَنَةَ حَتّٰى عَفَوْا તેમાં سَيِّئَةُ (સય્યિઅહ્)નો અર્થ તે ભૂખ, દુઃખ અથવા બીમારી કે દુઃખદ પરિસ્થિતિ છે, જેનું વર્ણન ઉપર આવી ચૂક્યું અને حَسَنَةُ (હસનહ)નો અર્થ તેનાથી વિપરીત આર્થિક છૂટછાટ, તંદુરસ્ત શરીર તથા જાન અને માલની સલામતી છે. અને શબ્દ عَفَوْا (અફવ) એ عَفْو (અફ્વ)થી બન્યો છે, જેનો એક અર્થ "વધવું" અથવા "પ્રગતિ કરવી" કે "વિકાસ કરવો" પણ થાય છે. દાખલા તરીકે, عَفَاالنَّبَاتُ (અફન્નબાતુ) "ઘાસ અથવા વૃક્ષ વધી ગયું" عَفَاالشَّحْمُ وَالْوَبَرُ "પશુઓની ચરબી અથવા બાલ વધી ગયા", એ જ આ સ્થળે عَفَوْا (અફવ)નો અર્થ છે "વધી જવું" અથવા "પ્રગતિ કરી વિકાસ પામવું."

મતલબ એ છે કે, તે લોકોની પ્રથમ કસોટી ભૂખ, દુઃખ અને બીમારી વગેરેમાં સપડાવીને કરવામાં આવી હતી. જ્યારે તેમાં તેઓ નિષ્ફળ થયા, એટલે કે અલ્લાહ તઆલાના શરણે ન ગયા તો બીજી કસોટી એ રીતે લેવામાં આવી કે, તેમને ભૂખ અને દુઃખના બદલે માલ અને દોલતમાં છૂટછાટ અને બીમારીના બદલે તંદુરસ્તી અને સલામતી અર્પણ કરવામાં આવી. અહીંયાં સુધી કે તેઓ ખૂબ વધી ગયા અને દરેક વસ્તુમાં પ્રગતિ કરી ગયા. આ કસોટીનો હેતુ એ હતો કે, મુસીબત પછી જે રાહત અને દોલત મળે છે, તેનાથી તેઓ શુક્રગુઝાર બને અને આભાર માને અને એ રીતે પણ તેઓ અલ્લાહના શરણે જાય, પરંતુ આ અજ્ઞાની લોકો ભૌતિક રાહતોના રસાસ્વાદને માણવામાં પડીને મદ્‌મસ્ત બની ગયા અને ભૂલી ગયા બલકે, એવું કહેવા લાગ્યા કે, وَقَالُوا قَدْ مَسَّ اٰبَآءَنَا الضَّرَّآءُ وَالسَّرَّآءُ એટલે કે, આ કોઈ નવી વાત નથી અને ન જ આ કોઈ સારા અથવા નરસા અમલનું પરિણામ છે બલકે, યુગ પરિવર્તન એ તો સતત ચાલતી પ્રક્રિયા છે. ક્યારેક રાહત તો ક્યારેક રંજ અને ગમ, ક્યારેક બીમારી તો ક્યારેક તંદુરસ્તી,

કોઈ વખતે આર્થિક સંકડામણ તો કોઈ વખતે આર્થિક છૂટછાટ થતી રહે છે. અમારા બાપ–દાદાઓએ પણ આવી જ પરિસ્થિતિઓનો સામનો કર્યો છે.

ખુલાસો એ છે કે, પ્રથમ કસોટી તકલીફ અને મુસીબત દ્વારા કરવામાં આવી, તેમાં તેઓ નિષ્ફળ થયા. બીજી કસોટી રાહત અને દોલત આપીને કરવામાં આવી, તેમાં પણ તેઓ નિષ્ફળ રહ્યા અને કોઈ પણ રીતે પોતાની ગુમરાહીથી પાછા ન ફર્યા ત્યારે અચાનક તેઓ અઝાબમાં પકડાઈ ગયા. فَاَخَذْنٰهُمْ بَغْتَةً وَّهُمْ لَا يَشْعُرُوْنَ તેમાં بَغْتَةً (બગ્તતન્)નો અર્થ "અચાનક", "અણધાર્યુ" થાય છે. ભાવાર્થ એ છે કે, જયારે આ લોકો બંને પ્રકારની કસોટીઓમાં નિષ્ફળ રહ્યા અને ભાનમાં ન આવ્યા તો પછી અમે તેમને અચાનક એ પ્રમાણે અઝાબમાં પકડી લીધા કે તેમને તેની ખબર પણ ન થઈ.

ત્રીજી આયતમાં ઈરશાદ ફરમાવ્યો, وَلَوْ اَنَّ اَهْلَ الْقُرٰٓى اٰمَنُوْا وَاتَّقَوْا لَفَتَحْنَا عَلَيْهِمْ بَرَكٰتٍ مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ وَلٰكِنْ كَذَّبُوْا فَاَخَذْنٰهُمْ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ એટલે કે, "જો આ વસ્તીઓમાં રહેનારા ઈમાન લઈ આવ્યા હોત અને નાફરમાનીથી બચી ગયા હોત તો અમે તેમના ઉપર આસમાન અને જમીનની બરકતો ખોલી આપી હોત, પરંતુ તેમણે જૂઠાડ્યા તો અમે તેમને તેમના અમલોના કારણે (તેમને અઝાબમાં) પકડી લીધા."

"બરકત"નો શાબ્દિક અર્થ "વધારો થવો અથવા ભલીવાર" થાય છે. આસમાન અને જમીનની બરકતોનો ભાવાર્થ એ છે કે, દરેક પ્રકારની ભલાઈના દ્વાર તેમના માટે ખોલી નાંખવામાં આવ્યા છે. આસમાનથી પાણી આવશ્યકતા મુજબ સમય પ્રમાણે વરસ્યું, જમીનમાંથી દરેક વસ્તુ ઈચ્છા મુજબ ઉત્પન્ન થઈ, પછી આ વસ્તુઓથી લાભ ઉઠાવવાનો અને રાહત પ્રાપ્ત કરવાનો સામાન ભેગો કરવામાં આવ્યો કે, તેમના ઉપર કોઈ પરેશાની કે ચિંતા આવતી ન હતી જેના કારણે મોટામાં મોટી નેઅ્મત તેમને સરળતાથી મળી જતી હતી. દરેક વસ્તુમાં બરકત એટલે કે, તેમાં વધારો થતો હતો.

પછી બરકતનો અનુભવ દુનિયામાં બે રીતે થાય છે. ક્યારેક તો મૂળ વસ્તુ વધી જાય છે, જેમકે રસૂલે કરીમ ﷺના મોઅ્જિઝાઓમાંથી એક મોઅ્જિઝો છે કે એક સામાન્ય વાસણના પાણીથી સમગ્ર કાફલાવાળાઓએ ધરાઈને પાણી પીધું

અને થોડા જ ખાવાથી એક સમૂહનું પેટ ભરાઈ ગયું એવું સહીહ રિવાયતોમાં આવ્યું છે અને ક્યારેક એવું પણ થાય છે કે, દેખીતી રીતે તે વસ્તુમાં કોઈ વધારો થતો નથી, પ્રમાણ એટલું જ રહે છે જેટલું હોય છે પરંતુ તેનાથી એવા અને એટલા કામો નીકળે છે જેટલા તેનાથી બે ઘણી, ચાર ઘણી વસ્તુઓથી પણ નથી નીકળતા અને તેનો એવો અનુભવ સામાન્ય રીતે કરવામાં આવે છે કે કોઈ વાસણ, કપડું, કોઈ ઘર અથવા ઘરનો સામાન એવો બરકતવાળો હોય છે કે તે સમગ્ર જીવન મનુષ્યને રાહત આપે છે અને કામ લાગે છે અને તો પણ તે કાયમ રહે છે અને અમુક વસ્તુઓ એવી હોય છે કે તે બનાવવાના સમયે જ તૂટી જાય છે અથવા સલામત રહે તો પણ તેનાથી લાભ ઉઠાવવાની તક મળતી નથી અથવા જો લાભ પણ ઉઠાવવામાં આવે છે તો સંપૂર્ણ લાભ નથી ઉઠાવી શકાતો.

આ બરકત મનુષ્યના માલમાં પણ થાય છે, પ્રાણમાં પણ થાય છે, કામમાં પણ થાય છે અને સમયમાં પણ થાય છે. અમુક સમયે એક કોળિયો એવો હોય છે કે, મનુષ્યની શક્તિ અને તંદુરસ્તીનું કારણ બની જાય છે અને અમુક સમયે મોટામાં મોટો શક્તિવર્ધક ખોરાક અથવા દવા પણ કામ નથી લાગતી. એ જ પ્રમાણે અમુક રીતે સમયમાં પણ બરકત થાય છે, એક કલાકમાં એટલું કામ થઈ જાય છે કે બીજા સમયમાં ચાર કલાકમાં પણ એટલું કામ નથી થતું. આ બધા સ્વરૂપોમાં જો કે, પ્રમાણના હિસાબે ન તો માલ વધે છે અને ન જ સમય વધે છે પરંતુ બરકતનો અનુભવ એ પ્રમાણે થાય છે કે તેનાથી ઘણા કામ નીકળે છે.

આ આયતે એ બાબત સ્પષ્ટ કરી દીધી કે, આસમાન અને જમીનની સમગ્ર મખ્લૂક અને ઉપસ્થિત પદાર્થોની બરકત ઈમાન અને તકવા ઉપર અવલંબિત છે. તેને અપનાવવામાં આવે તો આખિરતની સફળતાની સાથે-સાથે દુનિયાની સફળતા પણ પ્રાપ્ત થાય છે અને ઈમાન તથા તકવાને છોડી દેવાથી તેની બરકતોથી વંચિત થઈ જવાય છે. આજે વિશ્વની પરિસ્થિતિ ઉપર વિચાર કરવામાં આવે તો એ વાતની અનુભૂતિ એક વાસ્તવિકતા બનીને દૃષ્ટિ સમક્ષ આવે છે કે, આજકાલ દેખીતી રીતે પૃથ્વીમાં ઉત્પાદનો અગાઉના યુગની સરખામણીમાં બહોળા પ્રમાણમાં છે અને ઉપયોગ કરવાની ભૌતિક વસ્તુઓની છૂટછાટ તથા નવા-નવા સંશોધનો તો એ પ્રકારે છે કે અગાઉ થઈ ચૂકેલી નસ્લોને તેની કલ્પના પણ થઈ શકતી ન હતી પરંતુ આ બધા ભૌતિક સામાનની છૂટછાટ અને વિકાસ

છતાં આજનો મનુષ્ય સખત માનસિક તાણમાં, બીમારીમાં તથા બેહાલ નજરે પડે છે. આરામ, રાહત, શાંતિ, સલામતી કે સંતોષનું ક્યાંય અસ્તિત્વ નથી. તેનું કારણ એના સિવાય શું કહી શકાય છે કે, દુનિયાભરના સામાન બહોળા પ્રમાણમાં ઉપસ્થિત છે પરંતુ તેની બરકતો સમાપ્ત થઈ ચૂકી છે.

અત્રે એક વાત એ પણ વિચાર કરવા યોગ્ય છે કે, સૂરએ અન્‌આમની એક આયતમાં કાફિરો અને ફાજિરો વિશે ઈરશાદ ફરમાવવામાં આવ્યું છે કે, فَلَمَّا نَسُوْا مَاذُكِّرُوْا بِهٖ فَتَحْنَا عَلَيْهِمْ اَبْوَابَ كُلِّ شَيْءٍ (૬ : ૪૪) એટલે કે, "જ્યારે કે તે લોકોએ અલ્લાહના હુકમોને ભૂલાવી દીધા તો અમે તેમના ઉપર દરેક વસ્તુના દરવાજા ખોલી નાંખ્યા અને પછી અચાનક તેમને અઝાબમાં પકડી લીધા." એનાથી જાણ થાય છે કે, દરેક વસ્તુના દરવાજા કોઈના ઉપર ખુલી જવા કોઈ વાસ્તવિક ઈનામ નથી બલકે, તે એક પ્રકારનો અલ્લાહનો ક્રોધ પણ હોઈ શકે છે અને અત્રે એ બતાવવામાં આવ્યું છે કે, "જો તેમણે ઈમાન અને તકવો અપનાવ્યો હોત તો અમે તેમના ઉપર આસમાન અને જમીનની બરકતો આપી હોત." એનાથી જાણ થાય છે કે, આસમાનો અને જમીનની બરકતો અલ્લાહ તઆલાના ઈનામ અને તેની રજામંદીની નિશાની છે.

વાત એમ છે કે, દુનિયાની નેઅ્‌મતો અને બરકતો ક્યારેક ગુનાહો અને બળવાખોરીની મર્યાદાઓનું ઉલ્લંઘન કરવા ઉપર તેના અપરાધ અને ગુનાહને વધારે સ્પષ્ટ કરવા માટે ફક્ત કામચલાઉ ધોરણે અમુક દિવસ માટે હોય છે, અલ્લાહ તઆલાના ક્રોધ અને ગુસ્સાની નિશાની સ્વરૂપે પણ હોય છે અને ક્યારેક રહમત અને કૃપાદષ્ટિ સ્વરૂપે તથા કાયમી સુધારણા અને સફળતા માટે પણ હોય છે અને તે ઈમાન અને તકવાના સારા બદલા તરીકે પણ હોય છે. સ્વરૂપના આધારે તેમાં ફરક કરવો મુશ્કેલ હોય છે કારણ કે, પરિણામ અને આખિરતની પરિસ્થિતિની કોઈને જાણ નથી પરંતુ અલ્લાહવાળાઓએ નિશાનીઓ દ્વારા ઓળખ પ્રસ્થાપિત કરી છે કે, જ્યારે માલ અને દોલત, રાહત અને આરામની સાથે અલ્લાહ તઆલાનો શુક્ર અને ઈબાદતની વધારે તવફીક થાય તો એવું સમજવામાં આવશે કે તે ઈનામ સ્વરૂપે છે અને જો માલ અને દોલત, ઈજ્જત અને રાહતની સાથે અલ્લાહ તઆલાથી દૂરી અને ગુનાહો વધે તો આ એ બાબતની નિશાની છે કે, આ અલ્લાહ તઆલાના ક્રોધનું એક સ્વરૂપ છે. اَعَاذَنَا اللّٰهُ مِنْهُ અલ્લાહ બચાવે. આમીન.

ચોથી આયતમાં ફરી દુનિયાની કૌમોને ચેતવણી આપવા માટે ઈરશાદ ફરમાવ્યો કે, "આ વસ્તીઓમાં વસનારા એ વાતથી નચિંત થઈને બેઠા છે કે અમારો અઝાબ તેમને એવી પરિસ્થિતિમાં આવી પકડે જ્યારે કે, તેઓ રાત્રે સૂઈ રહ્યા હોય અને શું આ વસ્તીઓવાળા એનાથી નિર્ભય થઈ ગયા છે કે અમારો અઝાબ તેમને એવી પરિસ્થિતિમાં આવીને પકડે જ્યારે કે તેઓ દિવસ ચઢતાં પોતાના ખેલ-કૂદમાં મશ્ગૂલ હોય ? શું આ લોકો અલ્લાહની ગુપ્ત તદ્બીરો અને તકદીરથી સંતોષ પામીને બેઠા છે ? સારી પેઠે સમજી લો કે અલ્લાહ તઆલાની ગુપ્ત તદ્બીરો એન તકદીરથી નીડર અને નચિંત તે જ કોમ થઈ શકે છે કે જે નુકસાનમાં પડનારી હોય."

ખુલાસો એ છે કે, આ લોકો જેઓ દુનિયાની રાહત અને અય્યાશીઓમાં મદમસ્ત થઈને અલ્લાહ તઆલાને ભૂલાવી બેઠા છે, તેમણે એ વાતથી નિર્ભય અને નચિંત ન થવું જોઈએ કે, અલ્લાહ તઆલાનો અઝાબ તેમના ઉપર રાત્રિના સમયે અથવા દિવસના સમયે કોઈપણ પરિસ્થિતિમાં આવી શકે છે. જેમકે અગાઉ થઈ ચૂકેલ કોમોની અઝાબની ઘટનાઓનું વર્ણન ઉપર થઈ ચૂક્યું છે. બુદ્ધિનું કામ એ જ છે કે, અન્યોની પરિસ્થિતિમાંથી બોધપાઠ ગ્રહણ કરવામાં આવે અને જે કાર્ય બીજાઓ માટે બરબાદી અને સત્યાનાશનું કારણ બની ચૂક્યું છે તેની પાસે જવાથી પણ બચે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૦૦-૧૦૧-૧૦૨)

اَوَلَمْ يَهْدِ لِلَّذِيْنَ يَرِثُوْنَ الْاَرْضَ مِنْۢ بَعْدِ اَهْلِهَآ اَنْ لَّوْ نَشَآءُ اَصَبْنٰهُمْ
بِذُنُوْبِهِمْ ۚ وَنَطْبَعُ عَلٰى قُلُوْبِهِمْ فَهُمْ لَا يَسْمَعُوْنَ ﴿١٠٠﴾ تِلْكَ الْقُرٰى نَقُصُّ
عَلَيْكَ مِنْ اَنْۢبَآئِهَا ۚ وَلَقَدْ جَآءَتْهُمْ رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ ۚ فَمَا كَانُوْا لِيُؤْمِنُوْا بِمَا
كَذَّبُوْا مِنْ قَبْلُ ؕ كَذٰلِكَ يَطْبَعُ اللّٰهُ عَلٰى قُلُوْبِ الْكٰفِرِيْنَ ﴿١٠١﴾ وَمَا وَجَدْنَا
لِاَكْثَرِهِمْ مِّنْ عَهْدٍ ۚ وَاِنْ وَّجَدْنَآ اَكْثَرَهُمْ لَفٰسِقِيْنَ ﴿١٠٢﴾

તરજુમો :

શું તે લોકો ઉપર જાહેર ન થયું જેઓ ત્યાંના લોકોના હલાક (નાશ) થયા પછી જમીનના વારિસ થયા કે જો અમે ઈચ્છીએ તો તેમને તેમના ગુનાહો ઉપર પકડી લઈએ ? અને અમે તેમના દિલો ઉપર સીલ મારી દીધું છે, બસ તેઓ સાંભળતા નથી. (૧૦૦) આ વસ્તીઓ છે કે અમે તમને તેમની અમુક હાલતો સંભળાવીએ છીએ અને બેશક ! તેમની પાસે તેમના રસૂલ નિશાનીઓ લઈને પહોંચી ચૂક્યા, પછી કદાપિ ન થયું કે ઈમાન લાવે એ વાત ઉપર જેને પહેલેથી જૂઠાડી ચૂક્યા હતા; આ રીતે અલ્લાહ કાફિરોના દિલો ઉપર સીલ મારી દે છે. (૧૦૧) અને અમે તેમના ઘણા લોકોમાં કરારનું પાલન ન પામ્યું અને તેમનામાં ઘણાને નાફરમાન પામ્યા. (૧૦૨)

તફસીર :

(આગળ એ કારણ બતાવવામાં આવે છે કે, તેમણે અઝાબથી શા માટે ડરવું જોઈએ અને એનું કારણ તેમનું અગાઉ થઈ ચૂકેલી ઉમ્મતો સાથે કુફ્રના ગુનાહમાં સામેલ થવું છે, એટલે કે) અને તે (અગાઉ થઈ ચૂકેલા) જમીન ઉપર રહેનારાઓ પછી જે લોકો (હવે) જમીન ઉપર તેમના બદલે રહે છે, શું તે પ્રસ્તુત ઘટનાઓએ તેમને (હજુ) એ વાત નથી બતાવી કે જો અમે ઈચ્છ્યું હોત તો તેમને (પણ અગાઉની ઉમ્મતોની જેમ જ) તેમના (કુફ્ર અને જૂઠાડવાના) ગુનાહના કારણે હલાક કરી નાંખ્યા હોત ? (કારણ કે, પાછલી ઉમ્મતોને આ જ ગુનાહોના કારણે હલાક કરવામાં આવી) અને (વાસ્તવમાં આ ઘટનાઓ તો એવી જ છે કે, તેનાથી બોધપાઠ ગ્રહણ કરવો જોઈતો હતો પરંતુ અસલમાં એવું છે કે,) અમે તેમના દિલો ઉપર સીલ મારી દીધું છે, (તેથી સત્ય વાતને) સાંભળતા (પણ) નથી (અને માનવું તો બાજુએ રહ્યું આ મહોર લગાવવાથી તેમની નીડરતા વધી ગઈ કે આવા બોધપાઠયુક્ત ઈબ્રતનાક કિસ્સાઓથી પણ ઈબ્રત અને બોધપાઠ ગ્રહણ કરતા નથી અને તેમના દિલો ઉપર મહોર લગાવવાનું કારણ તેમનું શરૂઆતમાં કુફ્ર કરવું છે. لِقَوْلِهٖ تَعَالٰى طَبَعَ اللّٰهُ عَلَيْهَا بِكُفْرِهِمْ આગળ કદાચ રસૂલુલ્લાહ ﷺને દિલાસો આપવા માટે સમગ્ર વિષયનો ખુલાસો આવ્યો છે કે) આ (પ્રસ્તુત વર્ણન કરવામાં આવેલ) વસ્તીઓના અમુક-અમુક કિસ્સાઓ અમે

તમને વર્ણન કરી રહ્યા છે અને તે સૌ (વસ્તીઓમાં રહેનારાઓ)ની પાસે તેમના પયગમ્બરો મોઅ્જિઝાઓ લઈને આવ્યા હતા (પરંતુ તે) પછી (પણ તેમની જીદ અને હઠધર્મીનું સ્વરૂપ એ હતું કે) તે વસ્તુને તેમણે પ્રથમથી (એક વખતે) જૂઠી કહી દીધી પછી એવું ન બન્યું કે તેને માની લીધું હોય (કારણ કે, તેઓ પથ્થર હૃદય હતા), અલ્લાહ તઆલા એ જ પ્રમાણે કાફિરોના દિલો ઉપર સીલ મારી આપે છે અને (તેમનામાંથી અમુક લોકો મુસીબતોના સમયે ઈમાન લાવવાનું વચન પણ આપે છે પરંતુ) ઘણા લોકોને અમે વચન પાળતા ન જોયા (એટલે કે મુસીબત દૂર થયા પછી ફરી પાછા હતા તેવા જ થઈ જતા હતા) અને અમે મોટા ભાગના લોકોને (રસૂલો, મોઅ્જિઝાઓ, ખુલ્લી અને સ્પષ્ટ નિશાનીઓ અને કરાર તથા વચન કરવા છતાં) હુકમનો અનાદર કરનાર જ જોયા. (બસ, કાફિરો હંમેશાથી એવા જ છે, તમે પણ દિલગીર ન થાઓ).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં પણ પાછલી કોમોની પરિસ્થિતિઓ અને ઘટનાઓ વર્ણવીને પ્રસ્તુત અરબ અને બિનઅરબ કોમોને એ બતાવવાનો હેતુ છે કે, આ ઘટનાઓમાં તમારા માટે મોટો બોધપાઠ અને ઈબ્રત છે કે જે પ્રવૃત્તિઓના કારણે અગાઉ થઈ ચૂકેલા લોકો ઉપર અલ્લાહનો ક્રોધ અને અઝાબ નાઝિલ થયો તે પ્રવૃત્તિઓની પાસે પણ ન જાઓ અને જે કાર્યોના કારણે અંબિયા (અલે.) અને તેમના અનુયાયીઓ તથા આજ્ઞાકારીઓને સફળતા પ્રાપ્ત થઈ તેમનો ભરોસો કરો. એટલા માટે પ્રથમ આયતમાં ઈરશાદ છે,

اَوَلَمْ يَهْدِ لِلَّذِيْنَ يَرِثُوْنَ الْاَرْضَ مِنْۢ بَعْدِ اَهْلِهَآ اَنْ لَّوْ نَشَآءُ اَصَبْنٰهُمْ بِذُنُوْبِهِمْ

هُـدٰى (હદા) અને يَـهْـدِىْ (યહ્દી)નો અર્થ "આંગળી ચીંધનાર" અથવા "માર્ગદર્શન કરવાનો" આવ્યો છે. આ સ્થળે તેનો કર્તા તે ઘટનાઓ છે જે ઉપર વર્ણન કરવામાં આવી છે. ભાવાર્થ એ છે કે, આ (સમકાલિન) યુગના લોકો જે અગાઉ થઈ ચૂકેલી કોમોનો નાશ થઈ ગયા પછી તેમની જમીનો અને મકાનોના વારસદાર બન્યા અથવા હવે પછી બનશે, શું તેમને અગાઉની બોધદાયક ઘટનાઓએ એ નથી બતાવ્યું કે કુફ્ર અને ઈન્કાર તથા અલ્લાહના હુકમોનો વિરોધ કરવાના પરિણામે જે પ્રકારે તેમના પૂર્વજો (એટલે કે, આગલી કોમો)નો સર્વનાશ

થઈ ચૂક્યો છે, એ જ પ્રમાણે જો તેઓ પણ તે જ ગુનાહોનું આચરણ કરશે તો તેમના ઉપર પણ અલ્લાહ તઆલાનો ક્રોધ અને અઝાબ આવી શકે છે ?!

ત્યારબાદ ફરમાવ્યું, وَنَطْبَعُ عَلٰى قُلُوْبِهِمْ فَهُمْ لَا يَسْمَعُوْنَ તેમાં طَبْعٌ (તબઅ્)નો અર્થ "છુપાવવું" અથવા "મહોર લગાવી દેવી" થાય છે અને અર્થ એ છે કે, "આ લોકો ભૂતકાળની ઘટનાઓમાંથી કોઈ બોધપાઠ અને માર્ગદર્શન પ્રાપ્ત નથી કરતા, જેનું પરિણામ એ હોય છે કે અલ્લાહના ક્રોધથી તેમના દિલો ઉપર મહોર અને સીલ વાગી જાય છે, પછી તેઓ કશું નથી સાંભળતા." હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે, "જ્યારે કોઈ વ્યક્તિ પહેલો-પહેલો ગુનોહ કરે છે તો તેના દિલ ઉપર એક કાળો ડાઘ લાગી જાય છે, બીજો ગુનોહ કરે છે તો બીજો અને ત્રીજો ગુનોહ કરે છે તો ત્રીજો ડાઘ લાગી જાય છે. એટલે સુધી કે, જો તે બરાબર ગુનાહોમાં આગળ વધતો ગયો અને તવબહ ન કરી તો આ કાળાશના ડાઘ તેના સમગ્ર હૃદયને ઘેરી લે છે અને મનુષ્યના હૃદયમાં અલ્લાહ તઆલાએ જે સારા અને નરસાનો પરિચય મેળવવાની અને બુરાઈથી બચવાની સ્વાભાવિક વૃત્તિ મૂકી છે તે સમાપ્ત અથવા પરાસ્ત થઈ જાય છે અને તેનું પરિણામ એ હોય છે કે, તે સારી વસ્તુને ખરાબ અને ખરાબ વસ્તુને સારી, ફાયદાકારક વસ્તુને નુકસાનકર્તા અને નુકસાનકર્તા વસ્તુને ફાયદાકારક વસ્તુ સમજવા લાગે છે." આ જ પરિસ્થિતિને કુર્આન શરીફમાં رَانٌ (રા'ન) એટલે કે, "હૃદયના કાટ" તરીકે ઓળખાવી છે અને આ જ પરિસ્થિતિનું અંતિમ પરિણામ એ છે જેને طَبْعٌ એટલે કે, "મહોર લગાડી દેવાથી" આ આયતમાં અને અન્ય ઘણી આયતોમાં પારિભાષિત કરવામાં આવ્યું છે.

અત્રે એ વાત ધ્યાન આપવા યોગ્ય છે કે, દિલ ઉપર મહોર લાગી જવાનું પરિણામ તો બુદ્ધિ અને સમજદારી નષ્ટ થઈ જવાના સ્વરૂપે આવે છે. કાનોની સાંભળવાની શક્તિ ઉપર તો તેની કોઈ અસર સ્વાભાવિકપણે થતી નથી તો આ આયતમાં એ યોગ્ય લાગે છે કે તેની જગ્યાએ આ فَهُمْ لَا يَفْقَهُوْنَ કહેવામાં આવ્યું હોત એટલે કે, "તેઓ સમજતા નથી" પરંતુ કુર્આનમાં અહીંયાં فَهُمْ لَا يَسْمَعُوْنَ આવ્યું છે, એટલે કે "તેઓ સાંભળતા નથી" કારણ એ છે કે સાંભળવાનો અર્થ આ સ્થળે "માનવાનો" અને "આજ્ઞાપાલન કરવાનો" છે, જે સમજણનું જ પરિણામ હોય છે. મતલબ એ છે કે, દિલો ઉપર સીલ વાગી જવાના કારણે તેઓ

કોઈ સત્ય વાતને માનવા તૈયાર જ નથી હોતા અને એવું પણ કહી શકાય છે કે, મનુષ્યના હૃદય તેના તમામ અવયવો અને પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે, જ્યારે હૃદયના કાર્યોમાં ખલેલ હોય છે તો બધા જ અવયવોની પ્રવૃત્તિઓ અસ્તવ્યસ્ત થઈ જાય છે, જ્યારે દિલમાં કોઈ વસ્તુની ભલાઈ અથવા બુરાઈ સમાઇ જાય છે તો પછી દરેક વસ્તુમાં તેને આંખોથી પણ તે જ દેખાય છે, કાનોથી પણ તે જ સંભળાય છે.

چشم بداندیش کہ برکندہ باد   عیب نماید ہنرش درنظر

ખોટું વિચારનારની આંખ કદી સારું જોતી નથી,
એને તો મારા મહબૂબના હુનર (કળા)માં પણ ખામી દેખાય છે.

બીજી આયતમાં ઇરશાદ ફરમાવ્યો تِلْكَ الْقُرٰى نَقُصُّ عَلَيْكَ مِنْ اَنْبَآئِهَا તેમાં اَنْبَاءَ (અંબાઅ્)એ نبا (નબઅ્)નું બહુવચન છે. જેનો અર્થ છે "કોઈ મહાન ખબર" ભાવાર્થ એ છે કે, "સર્વનાશ પામેલી વસ્તીઓની અમુક ઘટનાઓ અમે આપને વર્ણન કરી રહ્યા છે", તેમાં શબ્દ مِنْ (મિન)થી તે તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, પાછલી કોમોની પરિસ્થિતિઓ અને ઘટનાઓનું જે વર્ણન થયું છે તે બધી ઘટનાઓનો બધો અહેવાલ નથી બલકે, હજારો ઘટનાઓમાંથી અમુક મહત્ત્વની ઘટનાઓ વર્ણન કરવામાં આવી છે.

ત્યારબાદ وَلَقَدْ جَآءَتْهُمْ رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ فَمَا كَانُوْا لِيُؤْمِنُوْا بِمَا كَذَّبُوْا مِنْ قَبْلُ ફરમાવ્યું; એટલે કે, આ બધા લોકો પાસે અંબિયા અને રસૂલ (અલૈ.) મોઅ્જિઝાઓ લઈને પહોંચ્યા, જેમના દ્વારા સત્ય અને અસત્યનો ફેંસલો થઈ જાય છે પરંતુ તેમની જીદ અને હઠધર્મીની એ પરિસ્થિતિ હતી કે, જે વસ્તુ વિશે એક વખતે તેમની જીભથી એ નીકળી ગયું હતું કે, આ ખોટું અને જૂઠું છે પછી તેના સત્ય અને હક હોવાની કેટલીય દલીલો અને મોઅ્જિઝાઓ તથા સાબિતીઓ સામે આવી ગઈ પરંતુ તેઓ તેનું સમર્થન અને સ્વીકાર કરવા માટે તૈયાર ન થયા.

આ આયતથી એક તો એ વાતની જાણ થઈ કે, મોઅ્જિઝાઓ અંબિયા અને રસૂલો (અલૈ.)ને અર્પણ કરવામાં આવ્યા છે, જેમાંથી અમુક અંબિયા (અલૈ.)ના મોઅ્જિઝાઓને કુર્આન શરીફમાં વર્ણન કરવામાં આવ્યા છે અને ઘણાઓના નથી કરવામાં આવ્યા, તેનાથી એ સમજવું સાચું નથી હોઈ શકતું કે

જેમના મોઅ્જિઝાઓનું વર્ણન કુર્આનમાં નથી આવ્યું તેમના દ્વારા કોઈ મોઅ્જિઝો જાહેર થયાનું સાબિત જ નથી થતું. સૂરએ હૂદમાં હઝરત હૂદ (અલૈ.)ની કોમનું આ નિવેદન પ્રસ્તુત છે કે, مَا جِئْتَنَا بِبَيِّنَةٍ એટલે કે, તમે કોઈ મોઅ્જિઝો નથી લાવ્યા. આ આયતથી જાણ થઈ કે, તેમનું આ નિવેદન ફક્ત દુશ્મનાવટ અને હઠધર્મીના આધાર ઉપર હતું અથવા એ કે તેમણે મોઅ્જિઝાઓને મા'મૂલી સમજીને એવું કહ્યું.

બીજી વાત ધ્યાન આપવા યોગ્ય એ છે કે, આ આયતમાં આ લોકોની જે પરિસ્થિતિ બતાવવામાં આવી છે કે ખોટી વાત જીભથી નીકળી ગઈ તો તેના રટણ ઉપર અડગ અને મક્કમ રહેતા હતા, તેના વિરુદ્ધ ગમે એટલી સ્પષ્ટ દલીલો આવી જાય છતાં પોતાની વાતનો અને મતનો બચાવ કરતા રહેતા હતા. આ અલ્લાહની ઈન્કારી અને કાફિર કોમોની પરિસ્થિતિ છે, જેમાં મોટે ભાગે મુસલમાનો બલકે અમુક ઉલમા અને ખાસ લોકો પણ સંડોવાયેલા જોવા મળે છે કે, કોઈ વસ્તુને પોતાના અભિપ્રાયથી ખોટી અથવા જૂઠી કહી આપે પછી તેની સત્યતાની હજારો દલીલો પણ સામે આવી જાય છતાં પણ પોતાની ખોટી વાતનું રટણ કરતા રહે છે. આ પરિસ્થિતિ અલ્લાહના ક્રોધ અને અલ્લાહના ગુસ્સાને નોંતરે છે. (અજ મસાઈલુસ્સુલૂક) ત્યારબાદ كَذٰلِكَ يَطْبَعُ اللّٰهُ عَلٰى قُلُوْبِ الْكٰفِرِيْنَ ફરમાવ્યું; એટલે કે, જે રીતે તે લોકોના દિલો ઉપર મહોર મારવામાં આવી એ જ પ્રમાણે સામાન્ય કાફિર અને મુન્કિર લોકોના દિલો ઉપર અલ્લાહ તઆલા મહોર લગાવી દે છે, પછી તેમનામાં નેકી કે સ્વીકાર કરવાની ક્ષમતા બાકી નથી રહેતી.

ત્રીજી આયતમાં ઈરશાદ ફરમાવ્યો, وَمَا وَجَدْنَا لِاَكْثَرِهِمْ مِّنْ عَهْدٍ એટલે કે, "તેમનામાંથી મોટા ભાગના લોકોને અમે વાયદો પૂર્ણ કરનારા ન જોયા."

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, "વચનનો અર્થ عَهْدِ اَلَسْتُ (અહ્દે અલસ્ત) છે" જે રોઝે અઝલમાં બધી જ મખ્લૂકોને પેદા કરતા પહેલાં તેમની રૂહોને પેદા કરીને લેવામાં આવ્યું હતું, જેમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, اَلَسْتُ بِرَبِّكُمْ એટલે કે, શું હું તમારો પરવરદિગાર નથી? તે સમયે બધા જ મનુષ્યોની રૂહોએ સ્વીકાર અને કરાર સ્વરૂપે જવાબ આપ્યો હતો. بَلٰى (બલા) એટલે કે, અવશ્ય તું જ અમારો પરવરદિગાર છે. દુનિયામાં આવીને મોટા ભાગના લોકો આ અઝલમાં કરેલા કરારને ભૂલી ગયા. અલ્લાહ

તઆલાને છોડીને તેના સર્જનની પૂજાની લા'નતમાં સપડાઈ ગયા. એટલા માટે આ આયતમાં ફરમાવ્યું કે, અમે તેમનામાંથી મોટા ભાગના લોકોને વાયદો પાળતા ન જોયા એટલે કે, વાયદાની વફાદારી કરતા ન નિહાળ્યા. *(તફસીરે કબીર)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)એ ફરમાવ્યું કે, "વચનનો અર્થ એ ઈમાનનો કરાર છે, જેમકે કુર્આનમાં ફરમાવ્યું, اِلَّا مَنِ اتَّخَذَ عِنْدَ الرَّحْمٰنِ عَهْدًا તેમાં વચનથી ઈમાનનો કરાર અને આજ્ઞાપાલનનો અર્થ છે," માટે આયતના ભાવાર્થનો ખુલાસો એ છે કે, તે લોકોમાંથી મોટા ભાગના ઈમાન અને આજ્ઞાપાલનના વચનને કે જે તેમણે અમારી સાથે કર્યું હતું તેનો ભંગ કર્યો. કરાર કરવાનો અર્થ એ છે કે, સામાન્ય રીતે મનુષ્ય જ્યારે કોઈ મુસીબતમાં સપડાઈ જાય છે તો તે સમયે ગમે એટલો દુષ્ટ અને નાફરમાન હોય તે પણ અલ્લાહને યાદ કરે છે અને મોટા ભાગે દિલથી અથવા જીભથી કરાર કરે છે કે આ મુસીબતથી છુટકારો મળી ગયો તો અલ્લાહ તઆલાની ઈતાઅત અને ઈબાદતમાં લાગી જઈશ, નાફરમાનીથી બચીશ. જેમકે, કુર્આને કરીમમાં ઘણા બધા લોકોની એ પરિસ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે પરંતુ જ્યારે તેમને છુટકારો મળી જાય છે, આરામ અને રાહત મળે છે તો પછી મનેચ્છાઓ અને દીવા સ્વપ્નમાં રાચવા લાગે છે અને પોતાના કરારને ભૂલી જાય છે.

પ્રસ્તુત આયતમાં શબ્દ اَكْثَر (અક્ષર)થી તે તરફ પણ ઈશારો જોવા મળે છે. કારણ કે, ઘણા બધા લોકો તો એવા પથ્થરદિલ હોય છે કે મુસીબતના સમયે પણ તેમને અલ્લાહ યાદ નથી આવતો અને તે સમયે પણ તેઓ ઈમાન અને ફરમાંબરદારીનું વચન લેતા નથી, માટે તેમના વચનભંગની ફરિયાદનો કોઈ અર્થ જ નથી અને ઘણા બધા લોકો એવા પણ હોય છે જેઓ કરાર અને વચન પૂરું કરે છે, ઈમાન અને ફરમાંબરદારીના હકો અદા કરે છે. એટલા માટે ફરમાવ્યું, وَمَا وَجَدْنَا لِاَكْثَرِهِمْ مِّنْ عَهْدٍ એટલે કે, "અમે તેમનામાંથી ઘણા લોકોને વચન પાળતા ન જોયા."

ત્યારબાદ ફરમાવ્યું, وَاِنْ وَّجَدْنَآ اَكْثَرَهُمْ لَفٰسِقِيْنَ એટલે કે, "અમે તેમનામાંથી ઘણા લોકોને આજ્ઞાપાલન અને ફરમાંબરદારીથી ખાલી જોયા."

અહીંયાં સુધી અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.) અને તેમની કોમોની

પાંચ ઘટનાઓનું વર્ણન કરીને ઉપસ્થિત લોકોને તેનાથી બોધપાઠ અને નસીહત આપવા માટે તાકીદ કરવામાં આવી છે.

ત્યારબાદ છઠ્ઠો કિસ્સો હઝરત મૂસા (અલૈ.)નો વિગતવાર વર્ણન થયો છે, જેમાં ઘટનાના સંદર્ભમાં સેંકડો હુકમો, મસ્અલાઓ, બોધપાઠ અને નસીહત વગેરે અનેક સ્થળે વર્ણન થયું છે અને એટલા માટે જ કુર્આને કરીમમાં આ ઘટનાઓના અંશોનો વારંવાર ઉલ્લેખ થયો છે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૦૩ થી ૧૧૦)

ثُمَّ بَعَثْنَا مِنْۢ بَعْدِهِمْ مُّوْسٰى بِاٰيٰتِنَآ اِلٰى فِرْعَوْنَ وَمَلَا۟ئِهٖ فَظَلَمُوْا بِهَا ۚ فَانْظُرْ كَيْفَ
كَانَ عَاقِبَةُ الْمُفْسِدِيْنَ ﴿١٠٣﴾ وَقَالَ مُوْسٰى يٰفِرْعَوْنُ اِنِّيْ رَسُوْلٌ مِّنْ رَّبِّ الْعٰلَمِيْنَ ﴿١٠٤﴾ لا
حَقِيْقٌ عَلٰٓى اَنْ لَّآ اَقُوْلَ عَلَى اللّٰهِ اِلَّا الْحَقَّ ۭ قَدْ جِئْتُكُمْ بِبَيِّنَةٍ مِّنْ رَّبِّكُمْ
فَاَرْسِلْ مَعِيَ بَنِيْٓ اِسْرَاۗءِيْلَ ﴿١٠٥﴾ قَالَ اِنْ كُنْتَ جِئْتَ بِاٰيَةٍ فَاْتِ بِهَآ اِنْ كُنْتَ
مِنَ الصّٰدِقِيْنَ ﴿١٠٦﴾ فَاَلْقٰى عَصَاهُ فَاِذَا هِيَ ثُعْبَانٌ مُّبِيْنٌ ﴿١٠٧﴾ ښ وَّنَزَعَ يَدَهٗ فَاِذَا هِيَ بَيْضَاۗءُ
لِلنّٰظِرِيْنَ ﴿١٠٨﴾ ع قَالَ الْمَلَاُ مِنْ قَوْمِ فِرْعَوْنَ اِنَّ هٰذَا لَسٰحِرٌ عَلِيْمٌ ﴿١٠٩﴾ لا يُّرِيْدُ
اَنْ يُّخْرِجَكُمْ مِّنْ اَرْضِكُمْ ۚ فَمَاذَا تَاْمُرُوْنَ ﴿١١٠﴾

તરજુમો :

પછી અમે તેમની પાછળ મૂસા (અલૈ.)ને ફિરઔન અને તેના સરદારો પાસે પોતાની નિશાનીઓ આપીને મોકલ્યા, બસ તેમણે તેમના મુકાબલામાં કુફ્ર કર્યું; બસ જુઓ ફસાદખોરોનો શું અંજામ થયો ! (૧૦૩) અને મૂસા (અલૈ.)એ કહ્યું, હે ફિરઔન ! હું પરવરદિગારે આલમનો રસૂલ છું. (૧૦૪) એ વાત ઉપર કાયમ છું કે અલ્લાહ તરફથી ન કહું પરંતુ જે સત્ય છે, તમારી પાસે તમારા પરવરદિગારની નિશાની લાવ્યો છું, બસ મારી સાથે બની ઈસ્રાઈલને મોકલી દે. (૧૦૫) બોલ્યો, જો તું કોઈ નિશાની લઈને આવ્યો

છે તો લાવ તેને ! જો તું સાચો છે. (૧૦૬) ત્યારે તેમણે પોતાનો અસો (લાઠી) નાંખી દીધો તો તે જ વખતે તે દેખીતો સાપ (અઝદહો) બની ગઈ. (૧૦૭) અને પોતાનો હાથ કાઢયો તો તે જ સમયે તે જોનારાઓને સફેદ (ચળકતો) દેખાવા લાગ્યો. (૧૦૮) ફિરઔનની કોમના સરદાર બોલ્યા, આ તો કોઈ ઘણો જાણકાર જાદૂગર છે ! (૧૦૯) તમને તમારા દેશમાંથી કાઢવા ઈચ્છે છે, હવે તમારી શું સલાહ છે ? (૧૧૦)

તફસીર :

ત્યારબાદ તે (પ્રસ્તુત પયગમ્બરો) પછી અમે (હઝરત) મૂસા (અલૈ.)ને પોતાની દલીલો (એટલે કે મોઅ્જિઝાઓ) આપીને ફિરઔન અને તેના સરદારો પાસે (તેમની હિદાયતના પ્રચાર માટે) મોકલ્યા, બસ (જ્યારે હઝરત મૂસા અલૈ.એ તે દલીલો જાહેર કરી તો) તે લોકોએ તે (મોઅ્જિઝાઓ)નો હક બિલકુલ અદા ન કર્યો (કારણ કે, તેના હકનો તકાદો એ હતો કે તેઓ ઈમાન લઈ આવે) બસ, જુઓ તે ફસાદખોરોનું કેવું (ખરાબ) પરિણામ આવ્યું ! (જેમકે અન્ય સ્થળોએ તેમના ડૂબવાનો અને નાશ થવાનો ઉલ્લેખ થયો છે, આ તો બધી ઘટનાઓનું ટૂંકમાં વર્ણન હતું, આગળ વિગતવાર વર્ણન છે) અને મૂસા (અલૈ.)એ (ફિરઔનની પાસે અલ્લાહના હુકમથી જઈને) ફરમાવ્યું કે, હું પરવરદિગારે આલમ તરફથી (તમારા લોકોની હિદાયત માટે) પયગમ્બર (નક્કી થયો) છું (જેઓ મને જૂઠો કહે છે એ તેમની ભૂલ છે કારણ કે), મારા માટે એ જ શોભાસ્પદ છે કે હું અલ્લાહ તરફ સત્ય સિવાય કોઈ વાતની નિસ્બત ન કરું (અને હું રિસાલતનો ફક્ત દા'વો જ નથી કરતો બલકે,) હું તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી એક મોટી દલીલ (મોઅ્જિઝો) પણ લાવ્યો છું (જે તમે કહો તો હું બતાવી શકું છું), બસ (જ્યારે હું દલીલપૂર્વક રસૂલ સાબિત થાઉં છું તો હું જે કહું તે આજ્ઞાનું પાલન કરો, એટલા માટે આ હુકમોમાંથી એક હુકમ એ કરું છું કે) તું બની ઈસ્રાઈલને (પોતાની દુષ્ટતામાંથી મુક્તિ આપી) મારી સાથે (સિરીયા કે જે તેમનું અસલી વતન છે) મોકલી આપ; ફિરઔને કહ્યું કે, જો તમે (અલ્લાહ તરફથી) કોઈ મોઅ્જિઝો લઈને આવ્યા છો તો હવે તેને રજૂ કરો જો તમે (આ દા'વામાં) સાચા છો, બસ તેમણે (તરત જ) પોતાનો અસો (લાઠી

જમીન ઉપર) નાંખી દીધો; બસ, અચાનક તે દેખીતો એક સાપ બની ગયો (જેના સાપ હોવામાં કોઈ શંકા ન કરી શકાતી હતી) અને (બીજો મોઅ્જિઝો એ જાહેર થયો કે) પોતાનો હાથ (બગલમાં દબાવીને) બહાર કાઢી લીધો તો તે જ પળે તે બધા જોનારાઓ રૂબરૂ ઘણો જ ચળકતો થઈ ગયો (કે તેને પણ બધાએ જોયો, હઝરત મૂસા અલૈ.નો આ મહાન મોઅ્જિઝો જાહેર થયો તો હવે ફિરઔને દરબારીઓને કહ્યું કે આ વ્યક્તિ તો મોટો નિષ્ણાત જાદૂગર છે, તેનો અસલ ઉદ્દેશ્ય એ છે કે, પોતાના જાદૂથી તમારા લોકો ઉપર વિજય પ્રાપ્ત કરી અહીંયાંનો માલિક બની જાય અને તમને બધાને અહીંયાં વસવાટ ન કરવા દે, બસ એના વિશે તમારો શું સલાહ--મશ્વરો છે ? એટલા માટે સૂરએ શુઅ્રામાં ફિરઔનનું આ નિવેદન નકલ થયું છે, તેને સાંભળીને જેમકે રાજાના સલાહકારોની ટેવ તેમની હામાં હા મેળવવાની હોય છે, ફિરઔનના નિવેદન અને સમર્થનમાં તેના અભિપ્રાયના ટેકા માટે) ફિરઔનની કોમના જે સરદાર (અને દરબારી) લોકો હતા તેમણે (એકબીજાને) કહ્યું કે, હકીકતમાં (જેમકે અમારા બાદશાહ સલામત કહે છે કે) આ વ્યક્તિ મોટો નિષ્ણાત જાદૂગર છે (અવશ્ય) એવું (જ) ઈચ્છે છે કે (પોતાના જાદૂના બળે પોતે બની ઈસ્રાઈલનો સરદાર બની જાય અને) તમને (એ કારણે કે તમે બની ઈસ્રાઈલની દૃષ્ટિમાં દુશ્મન છો) તમારી (આ) જમીન ઉપરથી તમને બહાર કાઢી મૂકે, બસ તમે લોકો (જેમકે બાદશાહ પૂછી રહ્યા છે) શું મશ્વરો આપો છો ?

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરતમાં જેટલા કિસ્સાઓ અને અંબિયા (અલૈ.)ની ઘટનાઓ તથા તેમની ઉમ્મતોનું વર્ણન કરવામાં આવ્યું છે તેમાંથી આ છટ્ઠો કિસ્સો છે, તેને વધારે વિગતવાર સ્પષ્ટતાથી વર્ણન કરવાનું કારણ એ પણ છે કે, હઝરત મૂસા (અલૈ.)ના મોઅ્જિઝાઓ અન્ય અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.)ના મોઅ્જિઝાઓ કરતાં સંખ્યામાં પણ વધારે છે અને એ જ પ્રમાણે તેમનાથી વિપરીત તેમની કોમ બની ઈસ્રાઈલની અજ્ઞાનતા અને હઠધર્મી પણ પાછલી ઉમ્મતોના મુકાબલામાં વધારે સખત છે અને એવું પણ છે કે, આ કિસ્સાના સંદર્ભમાં ઘણા બધા બોધપાઠો અને મસ્અલાઓ તથા હુકમો પણ આવે છે.

પ્રથમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો કે, તેમના પછી એટલે કે હઝરત નૂહ,

હૂદ, સાલિહ, લૂત અને શઅયબ (અલૈ.) પછી અથવા તેમની કોમો પછી અમે હઝરત મૂસા (અલૈ.)ને પોતાની આયતો આપીને ફિરઔન અને તેમની કોમ તરફ મોકલ્યા. આયતોનો અર્થ તવરાતની આયતો પણ હોઈ શકે છે અને હઝરત મૂસા (અલૈ.)ના મોઅ્જિઝાઓ પણ હોઈ શકે છે. "ફિરઔન" તે સમયના મિસ્રના પ્રત્યેક રાજાનો લકબ (ઉપનામ) હતો. હઝરત મૂસા (અલૈ.)ના સમયકાળમાં જે "ફિરઔન" હતો તેનું નામ "કાબૂસ" (Mernephtah) વર્ણન કરવામાં આવ્યું છે. (કુર્તુબી) فَظَلَمُوا بِهَا નો અર્થ એ છે કે, આ લોકોએ અમારી આયતોથી અત્યાચાર કર્યો અને અલ્લાહની આયતો ઉપર અત્યાચાર કરવાનો અર્થ એ છે કે, તે લોકોએ અલ્લાહની આયતોની કદર ન જાણી, તેના ઉપર શુક્ર કરવાના બદલે નાશુક્રી કરી અને સ્વીકાર કરવાના બદલે ઈન્કાર કર્યો, ઈમાનના બદલે કુફ્ર અપનાવ્યું. કારણ કે, જુલમ અને અત્યાચારનો અસલી અર્થ જ એ છે કે, કોઈ વસ્તુનો તેના યોગ્ય સ્થળ અને મોકા ઉપર ઉપયોગ ન કરવો.

પછી ફરમાવ્યું, فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُفْسِدِيْنَ એટલે કે, જુઓ તો ખરા કે ફરી આ ફસાદ કરનારાઓનું શું પરિણામ આવ્યું ? ભાવાર્થ એ છે કે, તેમની પરિસ્થિતિ અને ખરાબ પરિણામ ઉપર વિચાર કરો અને બોધપાઠ ગ્રહણ કરો.

બીજી આયતમાં ફરમાવ્યું કે, હઝરત મૂસા (અલૈ.)એ ફિરઔનને કહ્યું કે, હું સમગ્ર વિશ્વોના પાલનહાર તરફથી રસૂલ છું, મારી પરિસ્થિતિ અને નુબુવ્વતના હોદ્દાનો તકાદો એ જ છે કે, હું અલ્લાહ તઆલા તરફ કોઈ વાતની સત્ય સિવાય નિસ્બત ન કરું. કારણ કે, અંબિયા (અલૈ.)ને જે સંદેશ અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવે છે તે તેમની પાસે અલ્લાહની અમાનત હોય છે, તેમાં પોતાના તરફથી ઓછું-વત્તું કરવું એ ખયાનત (અપ્રામાણિકતા) છે અને બધા જ અંબિયા (અલૈ.) ખયાનતથી તથા દરેક પ્રકારના ગુનાહોથી પાક અને માસૂમ (નિર્દોષ) હોય છે. તાત્પર્ય એ છે કે, તમે લોકોએ મારી વાત ઉપર એ રીતે યકીન અને વિશ્વાસ કરવો જોઈએ કે જે પ્રમાણે મારી સચ્ચાઈ તમારા બધાની સામે છે, હું ક્યારેય જૂઠું બોલ્યો નથી અને ન જ જૂઠું બોલી શકું છું. તદુપરાંત قَدْ جِئْتُكُمْ بِبَيِّنَةٍ مِنْ رَبِّكُمْ فَأَرْسِلْ مَعِيَ بَنِيْ إِسْرَائِيْلَ એટલે કે, ફક્ત વાત એ જ નથી કે હું ક્યારેય જૂઠું નથી બોલ્યો બલકે, મારા દા'વા ઉપર દલીલ સ્વરૂપે મારા

મોઅ્જિઝાઓ પણ છે. એટલા માટે બધી વસ્તુઓનો તકાદો એ જ છે કે, તમે મારી વાત સાંભળો અને માનો. બની ઈસ્રાઈલને કૃત્રિમ ગુલામીમાંથી છુટકારો આપીને મારી સાથે કરી આપો. ફિરઔને અન્ય કોઈ વાત તો કાને ન ધરી પરંતુ મોઅ્જિઝો જોવાની માંગણી કરવા લાગ્યો અને કહ્યું, اِنْ كُنْتَ جِئْتَ بِاٰيَةٍ فَاْتِ بِهَآ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ એટલે કે, "જો તમે સાચે જ કોઈ મોઅ્જિઝો લાવ્યા છે તો રજૂ કરો જો તમે સત્ય બોલનારાઓમાંથી છો."

હઝરત મૂસા (અલૈ.)એ તેની માંગણીને સંતોષવા માટે પોતાની લાઠી (અસો) જમીન ઉપર નાંખી દીધી, તે સાપ બની ગઈ. فَاِذَا هِيَ ثُعْبَانٌ مُّبِيْنٌ તેમાં ثُعْبَانٌ (શુઅ્બાનુન) મોટા સાપને કહેવામાં આવે છે અને તેનું લક્ષણ અને ખાસિયત مُّبِيْنٌ (મુબીન) વર્ણન કરીને બતાવ્યું કે, આ લાઠીનો સાપ બની જવો એવી ઘટના ન હતી કે કોઈ અંધારા અથવા પડદામાં કે કોઈ ખૂણામાં જાહેર થઈ હોય કે જેના કારણે કોઈ જોઈ શકે અને કોઈ ન જોઈ શકે, જેમકે મોટે ભાગે હાથ ચાલાકી કરનાર અથવા જાદૂગરોની ટેવ હોય છે, પરંતુ આ ઘટના ભર્યા દરબારમાં બધાની સામે ઘટી હતી.

અમુક ઐતિહાસિક રિવાયતોમાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ થયું છે કે, સાપે ફિરઔન તરફ મોઢું ફેરવ્યું તો ગભરાઈને શાહી તખ્ત ઉપરથી કૂદીને હઝરત મૂસા (અલૈ.)નું શરણ લીધું અને દરબારના અનેક લોકો તેના ભયના ઓથારથી મૃત્યુ પામ્યા. *(તફસીરે કબીર)*

લાઠીનું જીવતો-જાગતો સાપ બની જવું કોઈ અશક્ય અથવા મુશ્કેલ વાત નથી. હા ! તે ભૌતિક નિયમોના વિરુદ્ધ હોવાના કારણે આશ્ચર્યજનક અને હેરત પમાડનાર અવશ્ય છે અને મોઅ્જિઝા તથા કરામતનો હેતુ જ એ હોય છે કે, જે કાર્ય કોઈ સામાન્ય વ્યક્તિ ન કરી શકે તે અંબિયા (અલૈ.)ના હાથે અલ્લાહ તઆલા તરફથી કરાવવામાં આવે છે, જેથી સામાન્ય લોકો સમજી લે કે તેમની સાથે કોઈ અલ્લાહની અદશ્ય શક્તિ કાર્યરત છે. એટલા માટે હઝરત મૂસા (અલૈ.)ની લાકડીનું સાપ બની જવું કોઈ આશ્ચર્યકારક ઘટના નથી કે જેનો ઈન્કાર કરી શકાય.

ત્યારબાદ ફરમાવ્યું, وَنَزَعَ يَدَهٗ فَاِذَا هِيَ بَيْضَآءُ لِلنّٰظِرِيْنَ તેમાં نَزَعَ

(નઝઅ્)નો અર્થ "એક વસ્તુને બીજી વસ્તુમાંથી અમુક કઠણાઈની સાથે કાઢવાનો" થાય છે. ભાવાર્થ એ છે કે, "પોતાનો હાથ ખેંચીને બહાર કાઢયો." અહીંયાં એ બાબતનો ઉલ્લેખ નથી થયો કે કઈ વસ્તુમાંથી બહાર કાઢયો. બીજી આયતોમાં બે વસ્તુઓનો ઉલ્લેખ થયો છે. એક સ્થળે اَدْخِلْ يَدَكَ فِىْ جَيْبِكَ આવ્યું છે જેનો ભાવાર્થ એ છે કે, "તમારો હાથ પોતાના (ઝભ્ભાના) ગરેબાનમાં નાંખો" અને બીજા સ્થળે وَاضْمُمْ يَدَكَ اِلٰى جَنَاحِكَ નો ઉલ્લેખ થયો છે, જેનો અર્થ એ છે કે, "તમારો હાથ પોતાની બગલ નીચે દબાવી લો." આ બંને આયતોથી જાણ થાય છે કે, હાથ કાઢવો (ઝભ્ભાના) ગરેબાનની અંદરથી અથવા બગલ નીચેથી હતો. એટલે કે, ક્યારેક ગરેબાનમાં હાથ નાંખીને કાઢવાથી અને ક્યારેક બગલ નીચે દબાવીને કાઢવાથી આ મોઅ્જિઝો જાહેર થતો હતો કે, فَاِذَا هِىَ بَيْضَآءُ لِلنّٰظِرِيْنَ એટલે કે, "આ હાથ જોનારાઓ માટે ચળકતો થઈ જતો હતો."

بَيْضَآءُ (બયૂદાઉ)નો શાબ્દિક અર્થ "સફેદ" થાય છે અને હાથ સફેદ થઈ જવો ક્યારેક કોઢની બીમારીના કારણે પણ થતું હોય છે, એટલા માટે બીજી આયતમાં આ સ્થળે مِنْ غَيْرِ سُوْٓءٍ નો શબ્દ પણ આવ્યો છે, જેનો ભાવાર્થ એ છે કે, "આ હાથ કોઈ બીમારીના કારણે સફેદ થતો ન હતો" (૨૮ : ૩૨ / ૨૭ : ૧૨) અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતથી જાણ થાય છે કે, આ સફેદી પણ મા'મૂલી જેવી-તેવી સફેદી ન હતી બલકે, તેની સાથે પ્રકાશ પણ હતો જેનાથી સમગ્ર આજુબાજુનો વિસ્તાર પ્રકાશિત થઈ જતો હતો. *(કુર્તુબી)*

આ સ્થળે શબ્દ لِلنّٰظِرِيْنَ (લિન્નાઝિરીન) વધારીને તે પ્રકાશ આશ્ચર્યજનક હોવાનું બતાવવામાં આવ્યું છે કે આ એવી આશ્ચર્યજનક રોશની હતી કે, તેને જોવા માટે પ્રેક્ષકો ભેગા થઈ જતા હતા.

તે સમયે ફિરઔનની માંગણી મુજબ હઝરત મૂસા (અલૈ.)એ બે મોઅ્જિઝાઓ બતાવ્યા. એક લાઠીનો સાપ બની જવાનો અને બીજો, હાથ ગરેબાન અથવા બગલમાં નાંખવાથી તે પ્રકાશિત થઈ જવાનો. પ્રથમ મોઅ્જિઝો વિરોધીઓને ધમકાવવા અને ડરાવવા માટે અને બીજો મોઅ્જિઝો તેમને પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માટે તથા નિકટ લાવવા માટે છે, જેમાં ઈશારો હતો કે

"હઝરત મૂસા (અલૈ.)નું શિક્ષણ હિદાયતનો એક પ્રકાશ છે અને તેમનું અનુસરણ અને આજ્ઞાપાલન સફળતાનું માધ્યમ છે."

قَالَ الْمَلَاُ مِنْ قَوْمِ فِرْعَوْنَ اِنَّ هٰذَا لَسَاحِرٌ عَلِيْمٌ તેમાં શબ્દ مَلَاٌ (મલઅ્) કોઈ કોમના પ્રભાવશાળી સરદારો માટે બોલવામાં આવે છે. ભાવાર્થ એ છે કે, "ફિરઔનની કોમના સરદાર પોતાની કોમને સંબોધીને કહેવા લાગ્યા કે આ તો મહાન નિષ્ણાત જાદૂગર છે." કારણ એ હતું કે,

فکر ہر کس بقدر ہمت اوست

દરેકની વિચારધારા તેની હિંમત મુજબ હોય છે.

તે બીચારાઓને અલ્લાહ તઆલા અને તેની સંપૂર્ણ શક્તિની શું ખબર ?! જેમણે સમગ્ર જીવન ફિરઔનને પોતાનો પરવરદિગાર અને જાદૂગરને પોતાના માર્ગદર્શક સમજ્યા અને જાદૂગરોની હાથચાલાકીઓ જ જોઈ હતી તેઓ આવી આશ્ચર્યકારક ઘટનાઓ જોઈને એ સિવાય શું કહી શકતા હતા કે આ પણ કોઈ નિષ્ણાત જાદૂગર છે, પરંતુ તે લોકોએ પણ અહીંયાં سَاحِرٌ (સાહિર) ની સાથે عَلِيْمٌ (અલીમ)નો શબ્દ વધારીને એ જાહેર કરી દીધું કે, હઝરત મૂસા (અલૈ.)ના મોઅ્જિઝાઓ વિશે તેમને પણ આ અહેસાસ અને અનુભૂતિ થઈ છે કે, આ કાર્ય સામાન્ય જાદૂગરોનું કામ નથી, એનાથી વિશિષ્ટ અને ભિન્ન પ્રકારનું છે. એટલા માટે એટલો સ્વીકાર કર્યો કે "આ તો મોટો નિષ્ણાત જાદૂગર છે."

મોઅ્જિઝા અને જાદૂમાં તફાવત :

અલ્લાહ તઆલા હંમેશા અંબિયા (અલૈ.)ના મોઅ્જિઝાઓને એ જ અંદાજમાં જાહેર કરે છે કે, જો જોનારા જરા પણ વિચાર કરે અને હઠધર્મી ન અપનાવે તો મોઅ્જિઝા અને જાદૂનો ફરક આપમેળે સમજી લે. સિહ્ર (જાદૂ) કરનારા મોટે ભાગે નાપાકી અને ગંદકીમાં રહે છે અને જેટલી વધારે નાપાકી અને ગંદકીમાં હોય છે એટલો વધારે તેનો જાદૂ સફળ થતો હોય છે. તેનાથી વિપરીત અંબિયા (અલૈ.) કે તેઓ પાકી, સ્વચ્છતા અને પવિત્રતાનો આદર્શ નમૂનો હોય છે, તેમના સ્વભાવમાં તે વણાયેલું હોય છે અને એ પણ અલ્લાહ તરફથી ઉઘાડો તફાવત હોય છે કે, નુબુવ્વતના દા'વા સાથે કોઈનો જાદૂ ચાલી શકતો નથી.

દિર્ઘદષ્ટિ અને સૂઝબૂઝ ધરાવનાર તો અસલ હકીકત અને વાસ્તવિકતાને જાણે છે કે, જાદૂથી જે વસ્તુઓ જાહેર કરવામાં આવે છે તે બધી ભૌતિક પદાર્થોના કાર્ય-કારણના વર્તુળમાં જ હોય છે. તફાવત માત્ર એટલો હોય છે કે, તે કાર્ય--કારણનો સંબંધ લોકો સામે જાહેર નથી થતો બલકે, ગુપ્ત કારણો હોય છે, એટલા માટે તેઓ એવું સમજે છે કે આ કાર્ય કોઈપણ પ્રકારના જાહેર કારણ વિના થઈ ગયું. જ્યારે કે મોઅ્જિઝાઓ તેનાથી બિલકુલ વિપરીત છે કે તેમાં ભૌતિક પદાર્થો કે કાર્ય-કારણના સંબંધની કોઈ જ દખલગીરી નથી હોતી, તે સીધે-સીધું અલ્લાહ તઆલાનું કાર્ય હોય છે. એટલા માટે કુર્આને કરીમમાં તેની અલ્લાહ તઆલા તરફ નિસ્બત કરવામાં આવી છે. وَلٰكِنَّ اللّٰهَ رَمٰى

આથી જાણ થઈ કે, મોઅ્જિઝા અને જાદૂની વાસ્તવિકતાઓ બિલકુલ ભિન્ન પ્રકારની અને એકબીજાની વિરોધી છે. સચ્ચાઈ સમજનારા લોકો માટે તો કોઈ શંકાને સ્થાન છે જ નહીં. સામાન્ય લોકોને કોઈ શંકા કે ભ્રમ થઈ શકતો હતો પરંતુ અલ્લાહ તઆલાએ આ શંકાને દૂર કરવા માટે પણ એવી વિશેષ નિશાનીઓ અર્પણ કરી આપી છે કે, જેના કારણે લોકો ધોકો ખાવાથી બચી જાય.

ખુલાસો એ છે કે, ફિરઓનની કોમે મૂસા (અલૈ.)ના મોઅ્જિઝાઓને પોતાના જાદૂગરોની પ્રવૃત્તિઓ અને કૃત્યોથી કંઈક અંશે વિશિષ્ટ અને ભિન્ન પ્રકારના જોયા, એટલા માટે તેઓએ મજબૂર થઈને એવું કહ્યું કે, આ તો મોટો નિષ્ણાત જાદૂગર છે, સામાન્ય જાદૂગર તેના જેવા કામો બતાવી શકતો નથી.

يُرِيْدُ اَنْ يُّخْرِجَكُمْ مِّنْ اَرْضِكُمْ فَمَا ذَا تَاْمُرُوْنَ એટલે કે, "આ નિષ્ણાત જાદૂગર એવું ઈચ્છે છે કે, તમને તમારા પ્રદેશમાંથી કાઢી મૂકે તો હવે બતાવો કે તમે શું મશ્વરો આપો છો ?"

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૧૧ થી ૧૨૨)

قَالُوْٓا اَرْجِهْ وَاَخَاهُ وَاَرْسِلْ فِى الْمَدَآئِنِ حٰشِرِيْنَ ﴿١١١﴾ يَاْتُوْكَ بِكُلِّ سٰحِرٍ عَلِيْمٍ ﴿١١٢﴾

وَجَآءَ السَّحَرَةُ فِرْعَوْنَ قَالُوْٓا اِنَّ لَنَا لَاَجْرًا اِنْ كُنَّا نَحْنُ الْغٰلِبِيْنَ ﴿١١٣﴾

قَالَ نَعَمْ وَاِنَّكُمْ لَمِنَ الْمُقَرَّبِيْنَ ﴿١١٤﴾ قَالُوْا يٰمُوْسٰٓى اِمَّآ اَنْ تُلْقِيَ وَاِمَّآ اَنْ
نَّكُوْنَ نَحْنُ الْمُلْقِيْنَ ﴿١١٥﴾ قَالَ اَلْقُوْا ۚ فَلَمَّآ اَلْقَوْا سَحَرُوْٓا اَعْيُنَ النَّاسِ وَاسْتَرْهَبُوْهُمْ
وَجَآءُوْ بِسِحْرٍ عَظِيْمٍ ﴿١١٦﴾ وَاَوْحَيْنَآ اِلٰى مُوْسٰٓى اَنْ اَلْقِ عَصَاكَ ۚ فَاِذَا هِيَ تَلْقَفُ مَا
يَاْفِكُوْنَ ﴿١١٧﴾ ۚ فَوَقَعَ الْحَقُّ وَبَطَلَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١١٨﴾ ۚ فَغُلِبُوْا هُنَالِكَ وَانْقَلَبُوْا صٰغِرِيْنَ ﴿١١٩﴾ ۚ
وَاُلْقِيَ السَّحَرَةُ سٰجِدِيْنَ ﴿١٢٠﴾ ۖۚ قَالُوْٓا اٰمَنَّا بِرَبِّ الْعٰلَمِيْنَ ﴿١٢١﴾ ۙ رَبِّ مُوْسٰى وَهٰرُوْنَ ﴿١٢٢﴾

તરજુમો :

બોલ્યા, તેને અને તેના ભાઈને ઢીલ આપ અને પરગણાંઓ (નગરો)માં (ઢંઢેરો પીટી લોકોને) એકઠા કરનારાઓને મોકલ (૧૧૧) કે તારી પાસે ભેગા કરી લાવે જે જાણકાર (નિષ્ણાંત) જાદૂગરો હોય. (૧૧૨) અને ફિરઔન પાસે જાદૂગરો આવ્યા, બોલ્યા; અમારા માટે કંઈ વળતર છે જો અમે ગાલિબ (વિજયી) થઈએ ? (૧૧૩) બોલ્યો, હા ! અને નિ:શંક તમે નિકટવર્તી થઈ જશો. (૧૧૪) બોલ્યા, હે મૂસા (અલૈ.) ! યા તો તું નાંખ યા તો અમે નાંખીએ છીએ. (૧૧૫) કહ્યું, નાંખો ! પછી જ્યારે તેમણે નાંખ્યું, લોકોની આંખોને બાંધી દીધી અને તેમને ડરાવી દીધા અને મોટો જાદૂ (સિહ્ર) લાવ્યા. (૧૧૬) અને અમે મૂસા (અલૈ.)ને હુકમ મોકલ્યો કે પોતાનો અસો (લાઠી) નાંખી દો, બસ તે જ વખતે તે ગળવા લાગ્યો જે સાંગ (ભ્રમ) તેમણે રચ્યો હતો. (૧૧૭) બસ, સત્ય જાહેર થઈ ગયું અને ગલત થઈ ગયું જે કંઈ તેમણે કર્યું હતું. (૧૧૮) બસ, તે સ્થળે હારી ગયા અને ઝલીલ થઈને પાછા ફર્યા. (૧૧૯) અને જાદૂગરો સિજ્દહમાં પડી ગયા. (૧૨૦) બોલ્યા, અમે પરવરદિગારે આલમ ઉપર ઈમાન લાવ્યા (૧૨૧) જે મૂસા (અલૈ.) અને હારૂન (અલૈ.)નો પરવરદિગાર છે. (૧૨૨)

તફસીર :

(મતલબ કે મશ્વરો નક્કી કરી-કરાવીને) તેમણે (ફિરઔનને) કહ્યું કે, તમે એ (હઝરત મૂસા અલૈ.)ને મહોલત આપો અને (પોતાની સીમાઓમાં

ઉપસ્થિત) શહેરોમાં (ઢંઢેરો પીટનારા) ચપરાસીઓને (હુકમનામુ લઈને) મોકલી આપો કે તેઓ (દરેક શહેરોમાંથી) બધા નિષ્ણાત જાદૂગરોને (ભેગા કરી) તારી પાસે લાવીને હાજર કરી આપે (એટલા માટે એવી જ વ્યવસ્થા કરવામાં આવી) અને તે જાદૂગરો ફિરઔનની પાસે હાજર થયા (અને) કહેવા લગ્યા કે, જો અમે (મૂસા અલૈ. ઉપર) વિજય પ્રાપ્ત કરીએ તો (શું) અમને કોઈ મોટો બદલો (અને ઈનામ) મળશે ? ફિરઔને કહ્યું, હા ! (ઈનામ પણ મોટું મળશે) અને (વધારામાં એ થશે કે) તમે (અમારા) નિકટવર્તી લોકોમાં સામેલ થઈ જશો, (મતલબ કે, મૂસા અલૈ.ને ફિરઔન તરફથી તેની જાણકારી આપવામાં આવી અને મુકાબલા માટે તારીખ નક્કી થઈ, તે તારીખના દિવસે બધા એક મેદાનમાં ભેગા થયા, તે સમયે) એ જાદૂગરોએ (હઝરત મૂસા અલૈ.ને) કહ્યું કે, હે મૂસા (અલૈ. ! અમે તમને અધિકાર આપીએ છીએ), ભલે તમે (પ્રથમ પોતાની લાઠી મેદાનમાં) નાંખો (જેનાથી તમે પોતાનો મોઅ્જિઝો—ચમત્કાર બતાવો છો) અને અથવા (જો તમે કહો તો) અમે જ (પોતાના દોરડાંઓ અને લાઠીઓ મેદાનમાં) નાંખીએ; (હઝરત) મૂસા (અલૈ.)એ ફરમાવ્યું કે, તમે જ (પ્રથમ) નાંખો, જ્યારે તેમણે (પોતાના દોરડાંઓ અને લાઠીઓને) નાંખ્યા તો (જાદૂ દ્વારા જોનારા) લોકોની નજરબંદી કરી દીધી (તેના કારણે તે દોરડાંઓ અને લાઠીઓ સાપ સ્વરૂપે હલન—ચલન કરતી દેખાવા લાગી) અને તેમને ડરાવી દીધા અને એક પ્રકારનો મોટો જાદૂ બતાવ્યો અને (તે સમયે) અમે (હઝરત) મૂસા (અલૈ.)ને (વહી દ્વારા) હુકમ આપ્યો કે પોતાની લાઠી નાંખી દો (જેમકે તમે નાંખ્યા કરો છો), બસ લાઠી નાંખતાની સાથે જ તેણે (અજગર બનીને) તેમના બનાવેલા બનાવટી ખેલને ગળવાનું શરૂ કર્યું, બસ (તે સમયે) સત્ય(નું સત્ય હોવું) જાહેર થઈ ગયું અને તેમણે (એટલે કે જાદૂગરોએ) જે કંઈ બનાવ્યું હતું બધું જતું રહ્યું, બસ તે લોકો (એટલે કે ફિરઔન અને તેની કોમ) આ તકે હારી ગયા અને ખૂબ અપમાનિત થયા (અને તેમના મોઢાં પડી ગયાં) અને તેઓ જે જાદૂગરો હતા તે સિજદહમાં પડી ગયા (અને બૂમો પાડી—પાડીને) કહેવા લાગ્યા કે, અમે ઈમાન લઈ આવ્યા દુનિયાઓના પાલનહાર ઉપર જે મૂસા (અલૈ.) અને હારૂન (અલૈ.)નો પરવરદિગાર છે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં હઝરત મૂસા (અલૈ.)નો બાકીનો કિસ્સો વર્ણન થયો છે. જ્યારે ફિરઔનને હઝરત મૂસા (અલૈ.)એ ખુલ્લો મોઅ્જિઝો બતાવ્યો કે, લાઠીનો સાપ બની ગયો અને પછી તેને હાથમાં પકડ્યો તો વળી પાછી લાઠી બની ગઈ અને હાથને ગરેબાનમાં નાંખીને કાઢ્યો તો તે ચમકવા લાગ્યો. આ અલ્લાહની શક્તિશાળી નિશાનીનો બૌદ્ધિક તકાદો એ હતો કે, તેઓ હઝરત મૂસા (અલૈ.) ઉપર ઈમાન લઈ આવે પરંતુ જેમકે હંમેશા જૂઠા લોકોની સામાન્ય ટેવ હોય છે કે, તેઓ સત્ય ઉપર પડદો નાંખવાનો પ્રયત્ન કરે છે અને ઈન્કાર કરવા માટે સત્ય વાતને ખોટો વિષય ઠરાવી આપે છે. ફિરઔન અને તેની કોમના સરદારોએ પણ લોકોને એવું જ કહ્યું કે, "આ તો મોટો નિષ્ણાત જાદૂગર છે અને તેનો હેતુ એ છે કે તમારા પ્રદેશ ઉપર કબજો કરીને તમને કાઢી મૂકે તો હવે શું કરવું જોઈએ ?"

ફિરઔનની કોમે આ સાંભળીને જવાબ આપ્યો, اَرۡجِهۡ وَاَخَاهُ وَاَرۡسِلۡ فِى الۡمَدَآئِنِ حٰشِرِيۡنَ يَاۡتُوۡكَ بِكُلِّ سٰحِرٍ عَلِيۡمٍ તેમાં શબ્દ اَرۡجِهۡ (અરૂજિહ) એ اِرۡجَآءٌ (ઈર્જાઉન)થી બન્યો છે. તેનો અર્થ "ઢીલ આપવી" અને "આશા અપાવવી" થાય છે તથા مَدَآئِن (મદાઈન) એ مَدِيۡنَةٌ (મદીનહ)નું બહુવચન છે, જે દરેક મોટા શહેર માટે બોલવામાં આવે છે. حٰشِرِيۡنَ (હાશિરીન) એ حٰشِرٌ (હાશિરુન)નું બહુવચન છે, જેનો અર્થ "ઉઠાડનાર" અથવા "ભેગા કરનાર" થાય છે. એનો ભાવાર્થ અત્રે તેના સિપાહીઓ છે, જે આજુબાજુના પ્રદેશમાંથી જાદૂગરોને ભેગા કરી લાવે.

આ આયતનો ભાવાર્થ એ છે કે, કોમના લોકોએ એવું મશહૂર કરી દીધું કે, આ તો જાદૂગર છે અને જાદૂ દ્વારા અમારા પ્રદેશ ઉપર વિજય મેળવવા ઇચ્છે છે તો તેનો મુકાબલો અમારા માટે કંઈ મુશ્કેલ નથી. અમારા દેશમાં મોટા-મોટા નિષ્ણાત જાદૂગરો છે, તેઓ તેને પોતાના જાદૂથી હરાવી દેશે. અમુક સૈનિકો દેશમાં ચારે બાજુ મોકલી દેવામાં આવે જેથી દરેક શહેર-નગરમાંથી જાદૂગરોને બોલાવી લાવે.

કારણ એ હતું કે, તે જમાનામાં જાદૂ એક કળા સમજવામાં આવતી હતી અને તેનો રિવાજ સર્વસામાન્ય અને પ્રચલિત હતો તથા સામાન્ય લોકો ઉપર જાદૂ

કરીને જાદૂગરો તેમના ઉપર આધિપત્ય ભોગવતા હતા. લગભગ હઝરત મૂસા (અલૈ.)ને અશા (લાઠી) અને يَدِ بَيْضَاءَ (યદે બયદાઅ્) "ચમકતા હાથ"નો મોઅ્જિઝો એટલા માટે અર્પણ કર્યો કે, જાદૂગરોનો મુકાબલો થાય અને મોઅ્જિઝાના મુકાબલામાં જાદૂગરોનું અપમાન બધા લોકો પોતાની નરી આંખે નિહાળી લે. જેમકે, અલ્લાહ તઆલાની ટેવ પણ એ છે કે, દરેક યુગના પયગમ્બરોને તેમના સમયકાળની યોગ્યતા આધારે મોઅ્જિઝાઓ અર્પણ કરવામાં આવ્યા હતા. હઝરત ઈસા (અલૈ.)ના યુગમાં યુનાન (ગ્રીસ)ની હુકૂમત અને યુનાની મૅડિકલ વિદ્યા પોતાની પરાકાષ્ઠા ઉપર હતી તો તેમને એ મોઅ્જિઝો આપવામાં આવ્યો કે, તેઓ અલ્લાહના હુકમથી મોઅ્જિઝા સ્વરૂપે જન્મજાત આંધળાઓને દૃષ્ટિ એનાયત કરતા હતા અને જન્મજાત કોઢિયાઓને તંદુરસ્ત કરી આપતા હતા. રસૂલે કરીમ ﷺના સમયકાળમાં અરબની સૌથી મોટી વિશેષતા સાહિત્યની શ્રેષ્ઠતા અને ઉચ્ચતા હતી તો આપ ﷺનો સૌથી મોટો મોઅ્જિઝો કુર્આને કરીમ બનાવવામાં આવ્યો, જેના મુકાબલા માટે સમગ્ર અરબ અને બિનઅરબ લાચાર થઈ ગયા.

وَجَآءَ السَّحَرَةُ فِرْعَوْنَ قَالُوْٓا اِنَّ لَنَا لَاَجْرًا اِنْ كُنَّا نَحْنُ الْغٰلِبِيْنَ، قَالَ نَعَمْ وَاِنَّكُمْ لَمِنَ الْمُقَرَّبِيْنَ એટલે કે, લોકોના મશ્વરા પ્રમાણે આખા દેશમાંથી જાદૂગરોને ભેગા કરવાની વ્યવસ્થા કરવામાં આવી અને આ જાદુગરો ફિરઔન પાસે પહોંચી ગયા, પછી તેમણે ફિરઔનને પૂછ્યું કે, જો અમે મૂસા (અલૈ.) ઉપર વિજય પ્રાપ્ત કરી લઈએ તો અમને તેનું કોઈ વળતર અને ઇનામ પણ મળશે કે કેમ ? ફિરઔને કહ્યું, હા ! વળતર પણ મળશે અને તેનાથી વિશેષ એ ઈનામ પણ મળશે કે, તમે બધા અમારા નિકટવર્તી વર્તુળમાં સામેલ થઈ જશો.

આ જાદૂગરો જે હઝરત મૂસા (અલૈ.)ના મુકાબલા માટે સમગ્ર દેશમાંથી ભેગા કરવામાં આવ્યા હતા, તેમની સંખ્યા બાબતે ઐતિહાસિક રિવાયતો વિવિધ પ્રકારે છે. નવસોથી લઈને ત્રણ લાખ સુધીની રિવાયતો છે. તેમની સાથે લાકડીઓ અને દોરડાઓનો એક ઢગલો હતો, જે ત્રણસો ઊંટો ઉપર લાદીને લાવવામાં આવ્યો હતો. *(કુર્તુબી)*

ફિરઔનના જાદૂગરોએ આવતાંની સાથે જ પ્રથમ સોદાબાજીની શરૂઆત કરી કે, અમે મુકાબલો કરીએ અને વિજય પ્રાપ્ત કરી લઈએ તો અમને શું મળશે?

કારણ એ હતું કે, જૂઠાઓની સામે ફક્ત દુનિયાના ફાયદાઓ અને હિત હોય છે, એટલે કોઈપણ કામ કરતા પહેલાં વળતર અને મજૂરીનો સવાલ સામે આવે છે. એનાથી વિપરીત અંબિયા (અલૈ.) અને તેમના નાયબો કે તેઓ દરેક ડગલેને-પગલે આ જાહેરાત કરે છે وَمَآاَسۡـَٔلُكُمۡ عَلَيۡهِ مِنۡ اَجۡرٍ اِنۡ اَجۡرِىَ اِلَّا عَلٰى رَبِّ الۡعٰلَمِيۡنَ (૨૬:૧૦૯) એટલે કે, અમે તે સત્યનો સંદેશ તમારા લાભ માટે પહોંચાડીએ છીએ, તેના બદલામાં અમે કોઈ વળતરની માંગણી નથી કરતા, બલકે અમારું વળતર ફક્ત રબ્બુલ આલમીને પોતાને માથે લઈ લીધું છે. ફિરઔને તેમને બતાવ્યું કે, તમે લોકો વળતર માંગો છો, અમે વળતર પણ આપીશું અને તેનાથી વધીને એ પણ કે, તમને શાહી દરબારના નિકટવર્તી વર્તુળમાં સામેલ કરી લઈશું.

ફિરઔન સાથે આ વાતચીત કર્યા પછી જાદૂગરોએ હઝરત મૂસા (અલૈ.) સાથે મુકાબલાનું સ્થળ અને સમય નક્કી કર્યો. એટલા માટે એક ખુલ્લા મેદાનમાં ઈદના દિવસે સૂર્ય ચઢયા પછીનો સમય આ મુકાબલા માટે નક્કી કરવામાં આવ્યો. જેમકે, કુર્આનની બીજી આયતોમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યું છે, قَالَ مَوۡعِدُكُمۡ يَوۡمُ الزِّيۡنَةِ وَاَنۡ يُّحۡشَرَ النَّاسُ ضُحًى "તમારો નિશ્ચિત દિવસ 'યવ્મુઝ્ઝીનહ' છે જેથી લોકો સૂર્યોદય પછી ભેગા થાય." (૨૦ : ૫૯)

અમુક રિવાયતોમાં છે કે, આ સ્થળે હઝરત મૂસા (અલૈ.)એ જાદૂગરોના સરદાર સાથે વાતચીત કરી કે, જો હું તમારા ઉપર વિજયી થયો તો શું તમે મારા ઉપર ઈમાન લઈ આવશો ? તેણે કહ્યું કે, અમારી પાસે એવો જાદૂ છે કે તેના ઉપર કોઈ વિજય પ્રાપ્ત કરી શકતું જ નથી, એટલા માટે અમારા પરાજિત થવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી અને જો ધારી લો કે, તમે વિજયી થયા તો અમે જાહેરમાં ખુલ્લમ-ખુલ્લા ફિરઔનની નજરોની સામે તમારા ઉપર ઈમાન લઈ આવીશું. *(મઝહરી અને કુર્તુબી)*

قَالُوۡا يٰمُوۡسٰٓى اِمَّاۤ اَنۡ تُلۡقِىَ وَاِمَّاۤ اَنۡ نَّكُوۡنَ نَحۡنُ الۡمُلۡقِيۡنَ તેમાં اِلۡقَاءٌ (ઈલ્કાઉન્)નો અર્થ "નાંખવું" થાય છે. તેનો અર્થ એ થાય છે કે, જ્યારે મેદાનમાં મુકાબલા માટે પહોંચ્યા તો જાદૂગરોએ હઝરત મૂસા (અલૈ.)ને કહ્યું કે, "યા તો તમે પહેલાં નાંખો અથવા અમે પહેલાં નાંખનારાઓમાંથી થઈ જઈએ." જાદૂગરોનું એ કહેવું પોતાની નીડરતા અને મોટાઈ જતાવવા માટે હતું કે, અમને

એની કોઈ પરવા નથી કે, શરૂઆત અમારા તરફથી થાય કે તમારા તરફથી. અમને દરેક પરિસ્થિતિમાં અમારી કળા ઉપર સંતોષ છે. તેમની વર્ણન કરવાની શૈલીથી અનુભૂતિ થાય છે કે, તેઓ એવું જ ઇચ્છતા હતા કે પ્રથમ ઘા તેમના તરફથી કરવામાં આવે, પરંતુ પોતાની શક્તિ બતાવવા માટે તેમણે હઝરત મૂસા (અલૈ.)ને પૂછ્યું કે, શું તમે પહેલ કરવા ઇચ્છો છો કે અમે કરીએ ?

હઝરત મૂસા (અલૈ.)એ તેમની ઇચ્છા જાણી લીધી અને પોતાના મોઅ્જિઝા ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોવાના કારણે તેમને પ્રથમ તક આપી અને ફરમાવ્યું, اَلْقُوْا (અલકૂ) એટલે કે, "તમે જ પહેલાં નાંખો."

ઇબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું કે, "જાદૂગરોએ હઝરત મૂસા (અલૈ.) સાથે સભ્યતા અને સન્માનનો વર્તાવ કર્યો કે, પ્રથમ તક તેમને આપવાની દરખાસ્ત કરી, તેની આ અસર થઈ કે તેમને ઈમાન લાવવાની તવફીક નસીબ થઈ."

અત્રે એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, પ્રથમ તો જાદૂ પોતે જ એક હરામ કૃત્ય છે અને ઉપરથી જ્યારે તે કોઈ પયગમ્બર (અલૈ.)ને હરાવવા માટે અપનાવવામાં આવે તો તે નિઃશંક ! કુફ્ર છે. વળી, હઝરત મૂસા (અલૈ.)એ કઈ રીતે તે લોકોને પરવાનગી આપવા માટે ફરમાવ્યું اَلْقُوْا (અલકૂ) એટલે કે, "તમે નાંખો ?" પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ ઉપર વિચાર કરવાથી આ પ્રશ્ન સમાપ્ત થઈ જાય છે. કારણ કે, અહીંયાં તો ચોક્કસ વિશ્વાસ હતો કે, આ લોકો અવશ્ય પોતાનો જાદૂ રજૂ કરશે. વાતચીત ફક્ત પહેલાં અથવા બીજા નંબરે કરવાની હતી, એમાં હઝરત મૂસા (અલૈ.)એ પોતાની પ્રબળ ઇચ્છાશક્તિની સાબિતી આપવા માટે તેમને જ પ્રથમ તક આપી, તદુપરાંત તેમાં એક લાભ એ હતો કે જાદૂગરોએ પહેલાં પોતાની લાઠીઓ અને દોરડાંઓને સાપ બનાવી દીધા, ત્યાર પછી હઝરત મૂસા (અલૈ.)ના અશા (લાઠી)ના મોઅ્જિઝાએ ફક્ત એ ન કર્યું કે, તે સાપ બની ગયો, બલકે એ પ્રકારે જાહેર થયો કે તે જાદૂગરોના બધા સાપોને ગળી પણ ગયો, જેથી જાદૂગરોની ઉઘાડી ખુલ્લી હાર પ્રથમ ડગલે જ સામે આવી ગઈ.

(બયાનુલ કુર્આન)

એ પણ કહી શકાય છે કે, હઝરત મૂસા (અલૈ.)નું આ ફરમાન તેમને

જાદૂગરી કરવાની પરવાનગી માટે ન હતું બલકે, તેમના અપમાનને જાહેર કરવા માટે હતું કે, સારું તમે નાંખીને જૂઓ કે તમારા જાદૂનું શું પરિણામ આવે છે ?!

فَلَمَّآ اَلْقَوْا سَحَرُوْٓا اَعْيُنَ النَّاسِ وَاسْتَرْهَبُوْهُمْ وَجَآءُوْ بِسِحْرٍ عَظِيْمٍ એટલે કે, "જ્યારે જાદૂગરોએ પોતાની લાઠીઓ અને દોરડાંઓ નાંખ્યા તો લોકોની નજરબંદી કરી દીધી અને તેમના ઉપર ડર છવાઈ ગયો અને મોટો જાદૂ બતાવ્યો."

આ આયતથી જાણ થઈ કે, આ લોકોનો જાદૂ એક પ્રકારની નજરબંદી અને ભ્રમણા માત્ર હતી, જેના દ્વારા જોનારાઓ એવી અનુભૂતિ કરવા લાગતા હતા કે, આ લાઠીઓ અને દોરડાંઓ સાપ બનીને દોડી રહ્યા છે. વાસ્તવમાં એવું કશું જ બન્યું ન હતું, તે એવી જ લાકડીઓ અને દોરડીઓ હતી જેવી કે નજરબંદી પહેલાં હતી, તે દોરડાંઓ સાપ બન્યા ન હતા, આ એક પ્રકારનું મેસ્મેરિઝમ (વશીકરણ–સંમોહન) હતું, જેના પ્રભાવ હેઠળ મનુષ્યના વિચારો અને દૃષ્ટિ સંમોહિત થઈ જાય છે.

પરંતુ એનાથી એ જરૂરી નથી કે, જાદૂ ફક્ત આ પ્રકાર ઉપર જ અવલંબિત છે. જાદૂ દ્વારા ભૌતિક પદાર્થોનું સ્વરૂપ નથી બદલી શકાતું. કારણ કે, કોઈપણ શરઈ અથવા બૌદ્ધિક દલીલ તેના નકાર ઉપર કાયમ નથી. બલકે, જાદૂના વિવિધ પ્રકારો અને ઘટનાઓથી સાબિત છે કે, ક્યાંક તો ફક્ત હાથચાલાકી હોય છે કે જેના દ્વારા જોનારાઓને ભ્રમમાં નાંખવામાં આવે છે અને ક્યાંક ફક્ત સંમોહન કે નજરબંદી હોય છે, જેમકે વશીકરણ છે અને ક્યાંક ભૌતિક બંધારણમાં પણ ફેરફાર થઈ જાય છે, જેમકે કોઈ પદાર્થનું ભૌતિક બંધારણ બદલાઈ જવું; તો એ પણ કોઈ શરઈ કે બૌદ્ધિક દલીલો વિરુદ્ધની બાબત નથી. જો કે, આપણી પાસે ન તો તેના સમર્થનમાં કોઈ પ્રમાણભૂત દલીલ છે અને ન જ તેનો વિરોધ કરવા માટે કોઈ સાબિતી છે.

وَاَوْحَيْنَآ اِلٰى مُوْسٰٓى اَنْ اَلْقِ عَصَاكَ فَاِذَا هِىَ تَلْقَفُ مَا يَاْفِكُوْنَ એટલે કે, "અમે હઝરત મૂસા (અલૈ.)ને હુકમ આપ્યો કે, પોતાની લાઠી નાંખી દો. તે જમીન ઉપર પડતાંની સાથે જ સૌથી મોટો સાપ બનીને તે બધા સાપોને ગળવા લાગ્યો, જે જાદૂગરોએ બતાવ્યા હતા."

ઐતિહાસિક રિવાયતોમાં છે કે, હજારો જાદૂગરોની હજારો લાકડીઓ અને દોરડાંઓ જ્યારે સાપ બનીને દોડવા લાગ્યા તો આખું મેદાન સાપોથી ભરાઈ ગયું અને એક અજબ પ્રકારનો ડર અને પ્રભાવ સમગ્ર ઉપસ્થિત મેદની ઉપર છવાઈ ગયો હતો, પરંતુ જ્યારે હઝરત મૂસા (અલૈ.)ની લાઠી એક મોટા અજગરના સ્વરૂપમાં સામે આવી તો તેણે બધા જ સાપોને ગળીને ખતમ કરી દીધા.

فَوَقَعَ الْحَقُّ وَبَطَلَ مَا كَانُوْا يَعْمَلُوْنَ એટલે કે, "સત્ય જાહેર થઈ ગયું અને જે કંઈ જાદૂગરોએ બનાવ્યું હતું તે બધું સમાપ્ત અને નષ્ટ થઈ ગયું."

فَغُلِبُوْا هُنَالِكَ وَانْقَلَبُوْا صٰغِرِيْنَ એટલે કે, "તે સ્થળે તે બધા હારી ગયા અને ખૂબ અપમાનિત થયા."

وَاُلْقِيَ السَّحَرَةُ سٰجِدِيْنَ، قَالُوْٓا اٰمَنَّا بِرَبِّ الْعٰلَمِيْنَ، رَبِّ مُوْسٰى وَهٰرُوْنَ એટલે કે, "જાદૂગરોને સિજદહમાં નાંખવામાં આવ્યા (સિજદહમાં પડી ગયા) અને કહેવા લાગ્યા કે, અમે સર્વ જગતના પરવરદિગાર એટલે કે, મૂસા (અલૈ.) અને હારૂન (અલૈ.)ના પરવરદિગાર ઉપર ઈમાન લઈ આવ્યા."

"સિજદહમાં નાંખી દેવામાં આવ્યા" આ વાક્ય કહેવાથી એ બાબત તરફ ઈશારો છે કે, હઝરત મૂસા (અલૈ.)નો મોઅ્જિઝો જોઈને તેઓ એવા પ્રભાવિત અને મજબૂર થઈ ગયા કે, અનાયાસે સિજદહમાં પડી ગયા અને એ તરફ પણ ઈશારો હોઈ શકે છે કે, અલ્લાહે તવફીક આપી તેમને સિજદહમાં નાંખી દીધા અને رَبِّ الْعٰلَمِيْنَ (રબ્બિલ આલમીન)ની સાથે رَبِّ مُوْسٰى وَهٰرُوْنَ (રબ્બિ મૂસા વ હારૂન) વધારીને પોતાની વાતને ફિરઔનના મુકાબલામાં સ્પષ્ટ કરી દીધી, કારણ કે તે મૂર્ખ તો પોતાને જ "રબ્બિલ આલમીન" કહેતો હતો. આથી "રબ્બિ મૂસા વ હારૂન" કહીને બતાવ્યું કે, અમે તારી ખુદાઈના માનનારા નથી.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૨૩ થી ૧૨૭)

قَالَ فِرْعَوْنُ اٰمَنْتُمْ بِهٖ قَبْلَ اَنْ اٰذَنَ لَكُمْ ۚ اِنَّ هٰذَا لَمَكْرٌ مَّكَرْتُمُوْهُ فِى الْمَدِيْنَةِ
لِتُخْرِجُوْا مِنْهَآ اَهْلَهَا ۚ فَسَوْفَ تَعْلَمُوْنَ ﴿١٢٣﴾ لَاُقَطِّعَنَّ اَيْدِيَكُمْ وَاَرْجُلَكُمْ مِّنْ خِلَافٍ
ثُمَّ لَاُصَلِّبَنَّكُمْ اَجْمَعِيْنَ ﴿١٢٤﴾ قَالُوْٓا اِنَّآ اِلٰى رَبِّنَا مُنْقَلِبُوْنَ ﴿١٢٥﴾ وَمَا تَنْقِمُ مِنَّآ

إِلَّآ أَنْ ءَامَنَّا بِـَٔايَٰتِ رَبِّنَا لَمَّا جَآءَتْنَا ۚ رَبَّنَآ أَفْرِغْ عَلَيْنَا صَبْرًا وَتَوَفَّنَا مُسْلِمِينَ ﴿١٢٦﴾

وَقَالَ ٱلْمَلَأُ مِن قَوْمِ فِرْعَوْنَ أَتَذَرُ مُوسَىٰ وَقَوْمَهُۥ لِيُفْسِدُوا۟ فِى ٱلْأَرْضِ وَيَذَرَكَ

وَءَالِهَتَكَ ۚ قَالَ سَنُقَتِّلُ أَبْنَآءَهُمْ وَنَسْتَحْىِۦ نِسَآءَهُمْ وَإِنَّا فَوْقَهُمْ قَٰهِرُونَ ﴿١٢٧﴾

તરજુમો :

ફિરઔન બોલ્યો, શું તમે મારી પરવાનગીથી પહેલાં એના ઉપર ઈમાન લઈ આવ્યા ? ખરેખર, આ તો એક પ્રપંચ છે જે તમે સૌએ આ શહેરમાં રચ્યો જેથી આ શહેરથી તેના નિવાસીઓને કાઢી મૂકો, બસ હવે તમને (પરિણામની) જાણ થઈ જશે ! (૧૨૩) હું અવશ્ય તમારા હાથ અને બીજી બાજુના પગ કાપી નાંખીશ, પછી તમને સૌને સૂળી ઉપર ચઢાવી દઈશ. (૧૨૪) તેઓ બોલ્યા, અમારે તો અમારા પરવરદિગાર તરફ પાછા વળીને જવાનું જ છે. (૧૨૫) અને તને અમારાથી એ જ દુશ્મની છે કે અમે પોતાના રબ્બની નિશાનીઓને માની લીધી જ્યારે તે અમારા સુધી પહોંચી ? હે અમારા પરવરદિગાર ! અમારા ઉપર સબ્રના મોઢાં ખોલી નાંખ અને અમને મુસલમાન (હોવાની હાલતમાં) મૃત્યુ આપ. (૧૨૬) અને ફિરઔનની કોમના સરદાર બોલ્યા, તું મુસા (અલૈ.) અને તેમની કોમને કેમ છોડી દે છે કે પ્રદેશમાં ફસાદ મચાવે અને તને અને તારી મૂર્તિઓને મોકૂફ કરી દે ? બોલ્યો, હવે આપણે તેમના દિકરાઓને મારી નાંખીશું અને તેમની ઓરતોને જીવતી રાખીશું અને આપણે તેમના ઉપર બળવાન છીએ. (૧૨૭)

તફસીર :

ફિરઔન (ખૂબ ગભરાયો કે, ક્યાંક એવું ન થાય કે મારી સમગ્ર રય્યત મુસલમાન થઈ જાય તો એક મનઘડત વાત જાદૂગરોને) કહેવા લાગ્યો કે, હા ! તમે મૂસા (અલૈ.) ઉપર ઈમાન લાવ્યા છો તે પહેલાં કે હું તમને પરવાનગી આપું, બેશક ! (એવું પ્રતીત થાય છે કે) આ (જે કંઈ મુકાબલાના નામ ઉપર થયું છે) એક કાર્યવાહી હતી જેના ઉપર તમે અમલ કર્યો આ શહેરમાં (ગુપ્ત ષડયંત્ર રચ્યું કે તમે આ પ્રમાણે કરજો, હું આ પ્રમાણે કરીશ, પછી આ પ્રમાણે હાર–જીત

જાહેર કરજો અને આ કાર્યવાહીની મીલીભગત એટલા માટે કરી છે); જેથી તમે બધા (મળીને) આ શહેરમાંથી ત્યાંના નિવાસીઓને બહાર કાઢી મૂકો, (પછી આરામથી તમે બધા મળીને અહીંયાં રાજ કરો) બસ, (સારું છે) હવે તમને હકીકત જાણ થઈ જાય છે (અને તે એ કે), હું તમારા એક તરફના હાથ અને બીજી તરફના પગ કાપી નાંખીશ, પછી તમને બધાને સૂળી ઉપર લટકાવી દઈશ (જેથી અન્યોને બોધપાઠ મળે); તેમણે જવાબ આપ્યો કે (અમને કોઈ પરવા નથી) અમે મૃત્યુ પામીને (કોઈ ખરાબ ઠેકાણે નહીં પહોંચીએ બલકે) પોતાના માલિકની પાસે જ જઈશું (જ્યાં દરેક પ્રકારની રાહત છે, બસ તેમાં અમારું નુકસાન શું છે ?) અને તેં અમારામાં કઈ ખામી જોઈ છે (તેના ઉપર આટલો શોર-બકોર મચાવે છે) એના સિવાય કે અમે પોતાના પરવરદિગારના હુકમો ઉપર ઈમાન લઈ આવ્યા ? (બસ, એ તો કોઈ ખામીની વાત નથી, પછી ફિરઔનની વાતનો તેનો ઉપર વાંધો ઉઠાવીને અલ્લાહ તઆલા પાસે દુઆ માંગી કે) હે અમારા પરવરદિગાર ! અમારા ઉપર સબ્ર ઠાલવી દે (કે જો તે સખ્તી કરે તો પણ અડગ રહીએ) અને અમારા પ્રાણ ઈસ્લામની હાલતમાં જ કબજે કર (કે તેની સખ્તીથી પરેશાન થઈને કોઈ વાત ઈમાન વિરુદ્ધ ન નીકળે) અને (જ્યારે હઝરત મૂસા અલૈ.નો આ મહાન મોઅ્‌જિઝો જાહેર થયો અને જાદૂગરો ઈમાન લઈ આવ્યા અને અમુક લોકો પણ હઝરત મૂસા અલૈ.ના તાબે'દાર બની ગયા તે સમયે) ફિરઔનની કોમના સરદારોએ (કે જેઓ રાજ્યના વહીવટદારો હતા તેમણે જોયું કે, અમુક માણસો મુસલમાન થઈ ચૂક્યા છે, તેમણે ફિરઔનને) કહ્યું કે, તમે (હઝરત) મૂસા (અલૈ.)ને અને તેની કોમ (અને તેમના તાબે'દારો)ને એમ જ (સદંતર મુક્ત તથા સ્વતંત્ર) રહેવા દેશો કે તેઓ દેશમાં ફસાદ મચાવતા ફરે ? (એટલે કે મૂસા અલૈ.) તમને અને તમારા (નક્કી કરેલા) મઅ્‌બૂદોને છોડી આપે? (એટલે કે, તેના ઈબાદતપાત્ર હોવાના ઈન્કારી રહે અને મૂસા અલૈ.ની સાથે-સાથે તેની કોમ પણ આ પ્રમાણેની જ માન્યતા ધરાવતી થઈ જાય, માટે તમે તેની પણ કંઈ વ્યવસ્થા કરો.) ફિરઔને કહ્યું કે, (મને એ વ્યવસ્થા યોગ્ય જણાય છે કે) આપણે પણ તે લોકોના પુત્રોને કતલ કરવાનું શરૂ કરી આપીએ (જેથી તેમનું બળ વધવા ન પામે) અને (કારણ કે, સ્ત્રીઓની સંખ્યા વધવાથી કોઈ ભય નથી, વળી સ્ત્રીઓ આપણને પોતાના સેવાના કાર્યોમાં કામ લાગશે

એટલા માટે) સ્ત્રીઓને જીવતી રહેવા દઈશું અને આપણે દરેક રીતે તેમના ઉપર શક્તિ (કાબૂ) ધરાવીએ છીએ (એટલા માટે આ પ્રમાણેની વ્યવસ્થા કરવામાં કોઈ મુશ્કેલી નહીં પડે).

મસ્અલા અને બોધપાઠ :

આથી અગાઉની આયતોમાં ઉલ્લેખ હતો કે, ફિરઔને પોતાની કોમના સરદારોના સલાહ-સૂચનથી હઝરત મૂસા (અલૈ.)ના મુકાબલા માટે જે જાદૂગરોને સમગ્ર દેશમાંથી ભેગા કર્યા હતા, તે મુકાબલાના મેદાનમાં હારી ગયા અને ફક્ત એટલું જ નહીં કે તેમણે હાર માની લીધી બલકે, હઝરત મૂસા (અલૈ.) ઉપર ઈમાન પણ લઈ આવ્યા.

ઐતિહાસિક રિવાયતોમાં છે કે જાદૂગરોના સરદાર મુસલમાન થઈ ગયા તો તેમને જોઈને ફિરઔનની કોમના માણસો પણ હઝરત મૂસા (અલૈ.) ઉપર ઈમાન લઈ આવ્યા અને તેની જાહેરાત પણ કરી દીધી.

આ મુકાબલા અને મુનાજરા (સંવાદ) પહેલાં તો ફક્ત બે જ વ્યક્તિ હઝરત મૂસા (અલૈ.) અને હઝરત હારૂન (અલૈ.) ફિરઔનના વિરોધી હતા અને તે સમયે સૌથી મોટા જાદૂગરો જેઓ કોમની સત્તાના માલિક હતા અને તેમની સાથે છ લાખ સામાન્ય લોકો મુસલમાન થઈને એક ઘણી મોટી શક્તિ ફિરઔનના મુકાબલામાં ઊભી થઈ ગઈ.

એ સમયે ફિરઔનની મુશ્કેલી અને તેની ચિંતા અસ્થાને ન હતી પરંતુ તેને છુપાવીને તેણે એક ચાલાક અને હોશિયાર રાજકરણીની જેમ પ્રથમ તો જાદૂગરો ઉપર બળવાખોરીનો એ આક્ષેપ લગાવ્યો કે તમે હઝરત મૂસા (અલૈ.)ની સાથે મળીને ગુપ્ત ષડયંત્રો રચીને આ કાર્ય પોતાના દેશ અને દેશવાસીઓને નુકસાન પહોંચાડવા માટે કર્યું છે. إِنَّ هٰذَا لَمَكْرٌ مَّكَرْتُمُوهُ فِي الْمَدِينَةِ એટલે કે, "આ એક ષડયંત્ર છે જે તમે મુકાબલાના મેદાનમાં આવતા પહેલાં શહેરની અંદર પરસ્પર રચી રાખ્યું હતું" અને પછી જાદૂગરોને સંબોધીને કહ્યું કે, اٰمَنْتُمْ بِهٖ قَبْلَ اَنْ اٰذَنَ لَكُمْ એટલે કે, "શું તમે મારી પરવાનગી વિના જ ઈમાન સ્વીકારી લીધું ?" આ નકારાત્મક ઉચ્ચારણ ચેતવણી સ્વરૂપે હતું અને પોતાની પરવાનગી પહેલાં ઈમાન લાવવાનું વર્ણન કરીને લોકોને એ વિશ્વાસ અપાવવાનો પ્રયત્ન કર્યો કે, હું

પણ પોતે એવું જ ઈચ્છતો હતો કે, જો હઝરત મૂસા (અલૈ.) સત્ય ઉપર હોવાનું સ્પષ્ટ અને સાબિત થઈ જાય તો અમે પણ તેમની વાતો માની લઈએ અને લોકોને પણ પરવાનગી આપીએ કે તેઓ મુસલમાન થઈ જાય, પરંતુ તમે લોકોએ ઉતાવળ કરી અને વાસ્તવિકતાને વિના વિચાર્યે, વિના સમજ્યે એક ષડયંત્રના શિકાર બની ગયા.

આ ચાલાકીથી એક બાજુ તો લોકો સામે હઝરત મૂસા (અલૈ.)ના મોઅ્જિઝા અને જાદૂગરોના ઈસ્લામ સ્વીકારને એક ષડયંત્ર અને પ્રપંચ ઠરાવીને તેમને એ જ જૂની-પુરાણી ગુમરાહીમાં સંડોવાયેલા રાખવાની વ્યવસ્થા કરવા લાગ્યો અને બીજી બાજુ રાજકીય ચાલાકી એ કરી કે, હઝરત મૂસા (અલૈ.)ના અમલ અને જાદૂગરોનો ઈસ્લામ સ્વીકાર કે જે ફક્ત ફિરઔનની ગુમરાહીને છતી કરવા માટે હતું, કૌમ અને સામાન્ય જનતાને તેની સાથે કોઈ સંબંધ ન હતો, તેણે આ બાબતને દેશના નિવાસીઓ વિરુદ્ધ રાજકીય સમસ્યા બનાવવા માટે કહ્યું, لِتُخْرِجُوْا مِنْهَآ اَهْلَهَا એટલે કે, "તમે લોકોએ આ પ્રપંચ એટલા માટે રચ્યો છે કે, તમે ઈચ્છો છો કે મિસ્ર દેશ ઉપર તમે વિજય પ્રાપ્ત કરી લો અને અહીંયાંના નિવાસીઓને બહાર કાઢી મૂકો." આ ચાલાકી કર્યા પછી તે સૌના ઉપર પોતાની ધાક અને હુકૂમતનો રુઆબ તથા ભય જમાવવા માટે જાદૂગરોને ધમકાવવા માંડ્યો. પ્રથમ તો સંદિગ્ધ (અસ્પષ્ટ) રીતે કહ્યું, فَسَوْفَ تَعْلَمُوْنَ એટલે કે, "તમે હવે જોઈ લેશો કે તમારા આ ષડયંત્રનું શું પરિણામ આવે છે ?" ત્યારબાદ તેને સ્પષ્ટ કરીને કહ્યું, لَاُقَطِّعَنَّ اَيْدِيَكُمْ وَاَرْجُلَكُمْ مِّنْ خِلَافٍ ثُمَّ لَاُصَلِّبَنَّكُمْ اَجْمَعِيْنَ એટલે કે, "હું તમારા બધાના વિરોધી દિશાના હાથ અને પગ કાપીને તમને બધાને શૂળી ઉપર ચઢાવી દઈશ." વિરોધી દિશામાં હાથ-પગ કાપવાનો અર્થ એ છે કે, જમણો હાથ અને ડાબો પગ, જેનાથી માણસના શરીરની બંને બાજુઓ અપંગ થઈ જાય તથા શરીરનું સંતુલન ન રહે અને તે બેકાર થઈ જાય.

ફિરઔને પોતાની આ નામોશી અને બદ્હાલી ઉપર કાબૂ પ્રાપ્ત કરવા અને તેના દરબારીઓ તથા સામાન્ય જનતાને કાબૂમાં રાખવાની ભરપૂર યુક્તિ-પ્રયુક્તિઓ કરી હતી અને તેની અત્યાચારયુક્ત સજાઓ પ્રથમથી જ મશ્હૂર હતી તથા લોકોના દિલોમાં ધાક બેસાડવા માટે અને તેમને હચમચાવી મૂકવા માટે પૂરતી હતી.

પરંતુ ઈસ્લામ અને ઈમાન એક એવી જબરદસ્ત શક્તિ છે કે, જ્યારે તે કોઈના દિલમાં ઘર કરી લે છે તો સમગ્ર દુનિયા અને તેના બધા સ્ત્રોતો અને માધ્યમોનો મુકાબલો કરવા માટે વ્યક્તિ તૈયાર થઈ જાય છે.

આ જાદૂગરો આ જવાબ આપવાના અમુક કલાકો પહેલાં ફિરઔનને પોતાનો ખુદા સમજતા હતા અને એ જ ગુમરાહી માટે લોકોને પ્રોત્સાહિત કરતા હતા, અમુક મિનિટોમાં ઈસ્લામનો કલિમો પઢતાની સાથે જ તેમનામાં એવી કઈ વસ્તુ પેદા થઈ ગઈ હતી કે, જે ફિરઔનની બધી ધમકીઓના જવાબમાં કહે છે, اِنَّـآ اِلٰـى رَبِّنَـا مُنۡقَلِبُوۡنَ એટલે કે, "જો તું અમને કતલ કરી નાંખીશ તો કંઈ વાંધો નથી, અમે પોતાના પરવરદિગાર પાસે ચાલ્યા જઈશું જ્યાં અમને દરેક પ્રકારની રાહત મળશે." જાદૂગરો કારણ કે, ફિરઔનના અત્યાચાર અને તેના જુલમો—સિતમથી અજાણ ન હતા, એટલા માટે એવું ન કહ્યું કે, અમે તારા કાબૂમાં નહીં આવીએ અથવા અમે મુકાબલો કરીશું, બલકે તેની ધમકીને સાચી માનીને એ જવાબ આપ્યો કે, જો અમે માન્યું તો અમને દરેક પ્રકારની સજા આપવા માટે તું દુનિયામાં કાબૂ ધરાવે છે, પરંતુ અમે ઈમાન લાવ્યા પછી દુનિયાની જિંદગીને કોઈ વસ્તુ સમજતા જ નથી, દુનિયા પસાર થઈ જશે તો આ જીવનથી બહેતર જીવન મળશે અને પોતાના પરવરદિગારની મુલાકાત નસીબ થશે અને એ ભાવાર્થ પણ હોઈ શકે છે કે, આ જિંદગીમાં જે તારું દિલ ઈચ્છે કરી લે, અંતે અમે અને તું બધા જ પરવરદિગારે આલમની સામે રજૂ થવાના છે અને તે જાલિમો પાસેથી મજલૂમો વતી બદલો લેશે અને તે સમયે તારા પોતાના અમલોનું પરિણામ તારી સામે આવી જશે. એટલા માટે એક બીજી આયતમાં આ મોકા ઉપર તે જાદૂગરોના આ શબ્દો વર્ણન થયા છે. فَاقۡضِ مَاۤ اَنۡتَ قَاضٍ اِنَّمَا تَقۡضِىۡ هٰذِهِ الۡـحَيٰوةَ الدُّنۡيَا (૭૨ : ૨૦) એટલે કે, જે તારું મન ચાહે અમારા વિશે હુકમ આપી દે, બસ એટલું જ તો છે કે તારો હુકમ અમારી દુનિયવી જિંદગી ઉપર ચાલી શકે છે અને તારા ક્રોધના પરિણામે તે જિંદગી સમાપ્ત થઈ શકે છે, પરંતુ ઈમાન લાવ્યા પછી અમારી દૃષ્ટિમાં આ દુનિયવી જિંદગીનું એ મહત્ત્વ બાકી નથી રહ્યું જે ઈમાન લાવતા પહેલાં હતું. કારણ કે, અમને જાણ થઈ ગઈ છે કે આ જીવનની રાહત અને તકલીફ બધું પસાર થઈ જવાનું છે, ચિંતા તે જીવનની કરવી જોઈએ જેના પછી મોત આવવાનું નથી અને જેની રાહત કાયમી છે અને તકલીફ પણ !

વિચાર કરવાની તક છે કે, જે લોકો જેઓ ગઈકાલ સુધી સૌથી ખરાબ કુફ્રમાં સંડોવાયેલા હતા કે, ફિરઔન જેવા વાહિયાત વ્યક્તિને ખુદા માનતા હતા. અલ્લાહ તઆલાની શા'ન અને શ્રેષ્ઠતાથી બિલકુલ અજાણ હતા, તેમનામાં એકી સાથે એવી ક્રાંતિ કઈ રીતે આવી ગઈ કે હવે અગાઉના બધા અકીદાઓ અને અમલોથી તવબહ કરીને સત્ય દીન ઉપર એટલા પરિપક્વ બની ગયા કે તે દીન માટે જીવ સુદ્ધાં આપવા માટે તૈયાર નજરે પડે છે અને દુનિયાથી સીધાવી જવાનું એટલા માટે પસંદ કરે છે કે તેઓ પોતાના પરવરદિગારની પાસે ચાલ્યા જાય.

અને ફક્ત એટલું જ નહીં કે, ઈમાનની શક્તિ અને જિહાદ ફી સબીલિલ્લાહ (અલ્લાહના માર્ગમાં પવિત્ર યુદ્ધ)ની હિંમત તેમનામાં ઉત્પન્ન થઈ ગઈ હતી, બલકે જાણ થાય છે કે વાસ્તવિક જ્ઞાન અને મઅ્રિફત (અલ્લાહના પરિચય)ના દ્વાર તેમના ઉપર ખુલી ગયા હતા. એ જ કારણ છે કે, ફિરઔનના મુકાબલામાં તેમણે આવી હિંમતયુક્ત વર્ણન કરવાની શક્તિ સાથે આ દુઆ પણ કરી.

رَبَّنَآ اَفۡرِغۡ عَلَيۡنَا صَبۡرًا وَّتَوَفَّنَا مُسۡلِمِيۡنَ

"હે અમારા પાલનહાર ! અમને સંપૂર્ણ ધૈર્ય (સબ્ર) અર્પણ કર અને મુસલમાન હોવાની હાલતમાં જ અમને મોત આપ."

એમાં ઈશારો તે મઅ્રિફત તરફ છે કે, જો અલ્લાહ તઆલા ન ચાહે તો મનુષ્યના ઈરાદા અથવા હિંમત કંઈ જ કામ લાગતું નથી, એટલા માટે તેની પાસે જ મક્કમ અને કાયમ રહેવાથી દુઆ માંગવી જોઈએ અને આ દુઆ જે સત્યના પરિચયનું પરિણામ અને તેનું કારણ છે તથા દરેક પ્રકારની સમસ્યાઓનો શ્રેષ્ઠ હલ હોવાનું માધ્યમ પણ છે, જે હાલતમાં આ લોકો તે સમયે હતા તે પરિસ્થિતિ જ એ પ્રમાણે હતી. કારણ કે, ધૈર્ય અને મક્કમ નિર્ણય તથા અડગ રહેવું આ જ તે વસ્તુઓ છે જે મનુષ્યને પોતાના હરીફના મુકાબલામાં સફળ બનાવવાનું સૌથી મોટું માધ્યમ છે.

બીજા વિશ્વયુદ્ધના કારણો અને પરિણામો ઉપર વિચાર કરનાર કમિશનોએ પોતાના રિપોર્ટમાં લખ્યું હતું કે, મુસલમાનો કે જેઓ અલ્લાહ અને આખિરત ઉપર ઈમાન ધરાવે છે, આ જ તે કોમ છે જે યુદ્ધના મેદાનમાં સૌથી વધુ

બહાદુર તથા મુસીબતો અને આફતો ઉપર સબ્ર કરવા (ધીરજ ધરવા)માં સૌથી અગ્રેસર છે.

એ જ કારણ છે કે, તે સમયે જર્મન કોમ પોતાની યુદ્ધકળા અને શસ્ત્રકળામાં વિશ્વમાં સૌથી વધુ નિષ્ણાત હતી, તેઓ એ બાબતની તાકીદ કરતા હતા કે, ફૌજમાં પોતાના ધર્મ પ્રમાણે ધાર્મિક વૃત્તિ તથા મૃત્યુ પછી સજીવન થવાનો ડર પેદા કરવાનો પ્રયત્ન કરવામાં આવે. કારણ કે, તેનાથી તે શક્તિ પ્રાપ્ત થાય છે જે અન્ય કોઈ વસ્તુથી પ્રાપ્ત થઈ શકતી નથી. *(તફસીરે મિનાર)*

જાદૂગરોની ઈમાની ક્રાંતિ હઝરત મૂસા (અલૈ.)ના "મોઅ્જિઝએ અસા" અને "યદે બય્દા"ના મોઅ્જિઝા કરતાં મોટી હતી :

અફસોસ છે કે, આજે મુસલમાનો અને મુસ્લિમ હુકૂમતો પોતાને શક્તિશાળી બનાવવા માટે દરેક પ્રકારની યુક્તિઓ અપનાવે છે, પરંતુ તેઓ ગુણને ભૂલાવી બેઠા છે જે શક્તિ અને એકતાનો આત્મા છે. ફિરઔનના જાદૂગરોએ પણ પ્રથમ તબક્કામાં જ એ બાબત સમજી લીધી હતી અને સમગ્ર જિંદગી અલ્લાહના ઈન્કારી તથા તેનાથી બેખબર કાફિરો પણ પળવારમાં ન જ ફક્ત મુસલમાન થઈ ગયા બલકે, એક સંપૂર્ણ "આરિફ" (અલ્લાહનો પરિચય અને મઅ્રિફત પ્રાપ્ત કરનાર), "મુજાહિદ" અને "ગાઝી" બની ગયા અને આ મોઅ્જિઝો હઝરત મૂસા (અલૈ.)ના અશા અને ચળકતા હાથના મોઅ્જિઝા કરતા કંઈ ઓછો ન હતો.

ફિરઔન ઉપર હઝરત મૂસા (અલૈ.) અને હારૂન (અલૈ.)ના ડરનો પ્રભાવ :

ફિરઔનની ચાલાકી અને રાજકીય ચાલબાજીએ તેની અજ્ઞાન કોમને તેની સાથે જૂની ગુમરાહીમાં રચ્યા-પચ્યા રહેવાનો કંઈક તો સામાન પૂરો પાડ્યો, પરંતુ આ આશ્ચર્યજનક ઘટના એટલા માટે હેરતઅંગેજ હતી કે, ફિરઔનના ક્રોધનું સમગ્ર જોર જાદૂગરો ઉપર આવીને સમાપ્ત થઈ ગયું. હઝરત મૂસા (અલૈ.) કે જેઓ મુખ્ય વિરોધી હતા તેમના વિશે ફિરઔનના મુખેથી કંઈ જ ન નીકળ્યું, એટલા માટે તેના સરદારોને કહેવું પડ્યું,

اَتَذَرُ مُوسٰى وَقَوْمَهٗ لِيُفْسِدُوْا فِى الْاَرْضِ وَيَذَرَكَ وَاٰلِهَتَكَ એટલે કે, "શું

તમે (હઝરત) મૂસા (અલૈ.) અને તેની કોમને એમ જ છોડી દેશો કે તેઓ તમને અને તમારા મઅ્બૂદોને છોડીને આપણા પ્રદેશમાં ફસાદ મચાવતા ફરે ?''

આથી મજબૂર થઈને ફિરઔનને કહેવું પડ્યું, سَنُقَتِّلُ اَبْنَآءَهُمْ وَنَسْتَحْيٖ نِسَآءَهُمْ وَاِنَّا فَوْقَهُمْ قٰهِرُوْنَ એટલે કે, તેમનો મા'મલો અમારા માટે ચિંતાનો વિષય નથી. અમે તેમના માટે એ કામ કરીશું કે, તેમનામાં જે સંતાન પુત્ર પેદા થશે તેને કતલ કરી નાંખીશું અને ફક્ત પુત્રીઓને જીવતી છોડી દઈશું, જેનું પરિણામ અમુક મુદતમાં એ આવશે કે, તેની કોમમાં પુરુષો ખાલી થઈને ફક્ત સ્ત્રીઓ રહી જશે, જે અમારી સેવા કરવા માટે દાસી બનાવવાના કામ લાગશે અને અમે તો એ સૌના ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવીએ છીએ, જે ઇચ્છીએ તે કરીએ, તેઓ આપણું કંઈ જ બગાડી શકવાના નથી.

વિવરણકાર ઉલમાએ ફરમાવ્યું કે, કોમના આ પ્રકારે હચમચાવી નાંખવા ઉપર પણ ફિરઔને એ તો કહ્યું કે, અમે બની ઈસ્રાઈલના પુત્રોની હત્યા કરી નાંખીશું પરંતુ હઝરત મૂસા અને હઝરત હારૂન (અલૈ.) વિશે તે સમયે પણ તેની જીભ ઉપર કોઈ વાત ન આવી. કારણ એ છે કે, આ મોઅ્જિઝા અને ઘટનાએ ફિરઔનના હૃદય અને દિમાગ ઉપર હઝરત મૂસા (અલૈ.)ની સખત ધાક જમાવી દીધી હતી.

હઝરત સઈદ ઈબ્ને ઝુબૈર (રદિ.) ફરમાવે છે કે, ''ફિરઔનની હાલત એવી થઈ ગઈ હતી કે જ્યારે હઝરત મૂસા (અલૈ.)ને જોતો તો તેને પેશાબ થઈ જતો હતો'' અને એ બિલકુલ સાચું છે, સાચી ધાક અને ડરની હાલતમાં આવી જ પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે.

ہیبتِ حق است ایں از خلق نیست

આ અલ્લાહ તઆલાનો દબદબો છે મખ્લૂકનો ઉપજાવેલો નથી.

અને મવલાના રૂમી ફરમાવે છે,

ہر کہ ترسید از حق وتقوٰی گزید ترسد از وے جنّ وانس وہر کہ دید

જે અલ્લાહ તઆલાથી જ ડરે અને તકવો અપનાવે એનાથી જિન્નાત, ઈન્સાન દરેક આંખવાળો ડર રાખે છે.

એટલે કે જેઓ અલ્લાહથી ડરે છે સમગ્ર મખ્લૂક તેમનાથી ડરવા લાગે છે.

આ સ્થળે ફિરઔની કોમે જે એવું કહ્યું કે, હઝરત મૂસા (અલૈ.) તમને અને તમારા મઅ્બૂદોને છોડીને ફસાદ મચાવતા ફરશે, તેનાથી જાણ થાય છે કે ફિરઔન પોતે પોતાની કોમ સામે ખુદાઈનો દાવે'દાર હતો અને أَنَا رَبُّكُمُ الْأَعْلَىٰ કહેતો હતો પરંતુ પોતે મૂર્તિઓનો પૂજાપાઠ કર્યા કરતો હતો.

અને બની ઈસ્રાઈલને કમજોર કરવા માટે એવો અત્યાચારયુક્ત કાયદો કે જે બાળક પુત્ર જન્મે તેને કતલ કરી નાંખવામાં આવે, તે હવે પુનઃ લાગુ પાડવામાં આવ્યો. આ અગાઉ હઝરત મૂસા (અલૈ.)ના જન્મ અગાઉ આવો કાયદો લાગુ પાડવામાં આવી ચૂક્યો હતો, જે નિષ્ફળ થવાની સાબિતી તે સમય સુધી જોવા મળી રહી હતી. પરંતુ જ્યારે અલ્લાહ તઆલા કોઈ કોમને અપમાનિત કરવા ઈચ્છે છે તો તેની બધી યુક્તિઓ ઠામની ઠામ જ રહી જાય છે જે પરિણામે તેમના માટે જ તબાહી અને બરબાદીનો સામાન પેદા કરી આપે છે. એટલા માટે આગળ જાણ થશે કે, ફિરઔનના આ અત્યાચાર અને જુલમનું પરિણામ તેને અને તેની કોમને લઈને ડૂબ્યું.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૨૮ થી ૧૩૨)

قَالَ مُوسَىٰ لِقَوْمِهِ اسْتَعِينُوا بِاللَّهِ وَاصْبِرُوا ۖ إِنَّ الْأَرْضَ لِلَّهِ يُورِثُهَا مَن يَشَاءُ مِنْ
عِبَادِهِ ۖ وَالْعَاقِبَةُ لِلْمُتَّقِينَ ﴿١٢٨﴾ قَالُوا أُوذِينَا مِن قَبْلِ أَن تَأْتِيَنَا وَمِن بَعْدِ مَا جِئْتَنَا ۚ
قَالَ عَسَىٰ رَبُّكُمْ أَن يُهْلِكَ عَدُوَّكُمْ وَيَسْتَخْلِفَكُمْ فِي الْأَرْضِ فَيَنظُرَ كَيْفَ تَعْمَلُونَ ﴿١٢٩﴾
وَلَقَدْ أَخَذْنَا آلَ فِرْعَوْنَ بِالسِّنِينَ وَنَقْصٍ مِّنَ الثَّمَرَاتِ لَعَلَّهُمْ يَذَّكَّرُونَ ﴿١٣٠﴾
فَإِذَا جَاءَتْهُمُ الْحَسَنَةُ قَالُوا لَنَا هَٰذِهِ ۖ وَإِن تُصِبْهُمْ سَيِّئَةٌ يَطَّيَّرُوا بِمُوسَىٰ
وَمَن مَّعَهُ ۗ أَلَا إِنَّمَا طَائِرُهُمْ عِندَ اللَّهِ وَلَٰكِنَّ أَكْثَرَهُمْ لَا يَعْلَمُونَ ﴿١٣١﴾ وَقَالُوا مَهْمَا تَأْتِنَا
بِهِ مِنْ آيَةٍ لِّتَسْحَرَنَا بِهَا فَمَا نَحْنُ لَكَ بِمُؤْمِنِينَ ﴿١٣٢﴾

તરજુમો :

મુસા (અલૈ.)એ પોતાની કોમને કહ્યું, અલ્લાહ પાસે મદદ માંગો અને સબ્ર

કરો, બેશક ! જમીનં અલ્લાહની છે, જેને તે પોતાના બંદાઓમાં ઈચ્છે એનો વારિસ કરી દે અને અંતે ડરનારાઓ (મુત્તકીઓ) માટે ભલાઈ છે. (૧૨૮) તેઓ બોલ્યા, અમારા ઉપર તકલીફો રહી તમારા આવવાથી પહેલાં અને તમારા આવ્યા પછી; કહ્યું, નિકટ છે કે તમારો પરવરદિગાર તમારા દુશ્મનને હલાક કરી દે અને તમને પ્રદેશમાં ખલીફા બનાવી દે, પછી જુએ તમે કેવા કામ કરો છો. (૧૨૯) અને અમે ફિરઔનવાળાઓને દુષ્કાળમાં પકડી લીધા અને ફળોના નુકસાનમાં જેથી તેઓ નસીહત માને. (૧૩૦) પછી જ્યારે તેમને ભલાઈ પહોંચી, કહેવા લાગ્યા; આ અમારા લાયક છે અને જો બુરાઈ પહોંચી તો મૂસા (અલૈ.)ની અને તેમની સાથેવાળાઓની નહૂસત બતાવતા, સાંભળી લો ! તેમની નહૂસત તો અલ્લાહની પાસે છે પરંતુ ઘણા લોકો જાણતા નથી. (૧૩૧) અને કહેવા લાગ્યા, જે કંઈ તું અમારી પાસે નિશાની લાવીશ કે અમારા ઉપર તેના કારણે જાદૂ કરે, બસ અમે કદાપિ તારા ઉપર ઈમાન લાવીશું નહીં. (૧૩૨)

તફસીર :

(આ મજલિસની વાતચીતની ખબર બની ઈસ્રાઈલને પહોંચી તો ખૂબ ગભરાઈ ગયા અને હઝરત મૂસા અલૈ.ને હલ શોધવાનું કહેવા લાગ્યા ત્યારે હઝરત) મૂસા (અલૈ.)એ પોતાની કોમને કહ્યું કે, અલ્લાહની મદદ માંગો અને સબ્ર કરો (ગભરાશો નહીં), આ પૃથ્વી અલ્લાહની છે, જેને ઈચ્છે માલિક (અને શાસક) બનાવે પોતાના બંદાઓમાંથી (બસ, અમુક દિવસ માટે ફિરઔનને એવી માલિકી આપી દીધી છે) અને અંતિમ સફળતા તેમની જ થાય છે જેઓ અલ્લાહ તઆલાથી ડરે છે, (બસ તમે ઈમાન અને તકવા ઉપર કાયમ રહો ઈન્શાઅલ્લાહ! આ સલ્તનત તમને જ મળી જશે, થોડા દિવસ રાહ જોવાની આવશ્યકતા છે) કોમના લોકો (ભય, અફસોસ અને બીકના માર્યા કે જેમાં સ્વાભાવિક પરિણામ ફરિયાદ અને શિકાયત હોય છે) કહેવા લાગ્યા કે, (હે મૂસા અલૈ. !) અમે તો હંમેશા મુસીબતમાં જ રહ્યા, તમારા આગમન પહેલાં પણ (કે ફિરઔન અમારા ઉપર અત્યાચાર આચરતો હતો અને લાંબા સમય સુધી અમારા પુત્રોની હત્યા કરતો રહ્યો) અને તમારા આગમન પછી પણ (કે જાત-જાતની પીડા અને ત્રાસ આપવામાં આવી રહ્યો હતો, એટલે સુધી કે હવે ફરી અવલાદને કતલ કરવાની

યોજના બનાવવામાં આવી રહી છે); મૂસા (અલૈ.)એ ફરમાવ્યું, (ગભરાશો નહીં) ઘણો જ જલદી અલ્લાહ તઆલા તમારા દુશ્મનનો સત્યાનાશ કરી નાંખશે અને તેમના બદલે તમને આ પૃથ્વીના સત્તાધિકારી બનાવી આપશે, પછી તમારી વર્તણૂક જોશે (કે તમે શુક્ર અને કદ્ર કરો છો તથા આજ્ઞાપાલન કરો છો કે ગફલત અને ગુનાહ આચરો છો ? તેમાં આજ્ઞાપાલનની પ્રેરણા આપવામાં આવી છે અને ગુનાહો ઉપર ચેતવણી અને ધમકી આપવામાં આવી છે) અને (જ્યારે ફિરઔન અને તેના અનુયાયીઓએ ઈન્કાર અને વિરોધ માટે કમર કસી લીધી તો) અમે ફિરઔનવાળાઓને (ફિરઔન સહિત) દુષ્કાળ અને ફળોના નુકસાન (ઓછા ઉત્પાદનની સજા)માં સપડાવી દીધા જેથી તેઓ (સત્ય વાતને) સમજી જાય (અને સમજીને સ્વીકાર કરી લે), બસ (તેઓ આમ છતાં પણ ન સમજ્યા, બલકે પરિસ્થિતિ એ હતી કે) જ્યારે તેમના ઉપર સારી પરિસ્થિતિ (એટલે કે સારી પેદાવાર) આવતી તો કહેતા કે આ તો અમારા માટે જ હોવું જોઈતું હતું (એટલે કે અમે સારા અને નસીબદાર છે અને આ અમારા સારા હોવાની જ અસર છે, તેઓ એવું કરતા ન હતા કે તેને અલ્લાહની નેઅ્મત સમજીને તેનો શુક્ર અદા કરે અને તેનું આજ્ઞાપાલન અપનાવે) અને જો તેમને કોઈ નુકસાન (જેમકે દુષ્કાળ તથા ઓછું ઉત્પાદન) થતું તો મૂસા (અલૈ.) અને તેમના સાથીઓની નહૂસત બતાવતા (કે આવું તેમની નહૂસતના કારણે થયું, તેમણે એવું ન વિચાર્યું કે આ પોતાના ખરાબ આચરણ તથા કુફ્ર અને જૂઠાડવાની સજા સ્વરૂપે છે અને એવું સમજીને આજ્ઞાપાલક બની જવા જોઈતા હતા, કારણ કે આ બધા તેમના જ દુષ્કૃત્યોનું પરિણામ હતું, જેમકે ઈરશાદ છે) યાદ રાખો કે, તેમની (આ) નહૂસત(નું કારણ) અલ્લાહની જાણમાં છે, (એટલે કે તેમના કુફ્રિય્યહ અમલો તો અલ્લાહને ખબર જ છે કે આ તેમના જ અમલોની નહૂસત અને તેની સજા છે) પરંતુ (પોતાની બદ્તમીઝીના કારણે) તેમનામાં ઘણા લોકો (તેને) જાણતા ન હતા અને (ઉપરથી) એવું કહેતા હતા (કે ભલે) કોઈપણ આશ્ચર્યકારક બાબત અમારી સામે લાવ કે તેના દ્વારા અમારા ઉપર જાદૂ ચલાવ તો પણ અમે તમારી વાત કદાપિ માનીશું નહીં.

મસ્અલા અને બોધપાઠ :

ફિરઔને હઝરત મૂસા (અલૈ.)ના મુકાબલામાં હાર ખાધા પછી બની

ઈસ્રાઈલ ઉપર એ રીતે પોતાનો ગુસ્સો ઉતાર્યો કે, તેમના પુત્રોને કતલ કરીને માત્ર સ્ત્રીઓને બાકી રાખવાનો કાયદો બનાવી લીધો, આથી બની ઈસ્રાઈલ ગભરાઈ ગયા. કારણ કે, હઝરત મૂસા (અલૈ.)ના જન્મ પહેલાં જે જુલમ ફિરઔને તેમના ઉપર આચર્યો હતો તે ફરીવાર આવી ગયો અને હઝરત મૂસા (અલૈ.)ને પણ તેની અનુભૂતિ થવા લાગી તો પયગમ્બર તરીકેની લાગણી, મહોબ્બત અને હિકમત પ્રમાણે આ બલાથી છુટકારો પ્રાપ્ત કરવા માટે તેમણે બે વસ્તુઓની તાકીદ કરી. એક, દુશ્મનના મુકાબલામાં અલ્લાહ તઆલા પાસે મદદ માંગો અને બીજું, જ્યાં સુધી પરિસ્થિતિમાં કોઈ પરિવર્તન ન આવે ત્યાં સુધી સબ્ર અને હિંમતથી કામ લો અને એ પણ બતાવી આપ્યું કે, આ બે વસ્તુઓ ઉપર અમલ કરશો તો આ પ્રદેશ તમારો જ છે, અંતે તમે જ વિજયી થશો. આ જ પ્રથમ આયતનો વિષય છે, જેમાં ફરમાવ્યું, اِسْتَعِيْنُوْا بِاللّٰهِ وَاصْبِرُوْا એટલે કે, "અલ્લાહથી મદદ માંગો અને સબ્ર કરો." ત્યારબાદ ઈરશાદ ફરમાવ્યું, اِنَّ الْاَرْضَ لِلّٰهِ يُوْرِثُهَا مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖ وَالْعٰقِبَةُ لِلْمُتَّقِيْنَ એટલે કે, "સમગ્ર પૃથ્વી અલ્લાહની છે, તે જેને ઈચ્છે પોતાની જમીનનો વારસ અને માલિક બનાવે છે અને એ વાત નક્કી છે કે, અંતે સફળતા મુત્તકી પરહેઝગારોને જ પ્રાપ્ત થાય છે." તેમાં ઈશારો એ વાત તરફ છે કે, જો તમે અલ્લાહનો ડર અપનાવશો, જેની રીતભાતનો ઉપર ઉલ્લેખ થયો છે કે અલ્લાહ પાસે મદદ માંગવી અને સબ્ર તથા ધીરજ ધરવી તો પરિણામે તમે જ મિસ્રના માલિક અને કબજેદાર થઈ જશો.

મુશ્કેલીઓ અને ત્રાસથી છુટકારાનો અક્સીર ઉપાય :

હઝરત મૂસા (અલૈ.)એ બની ઈસ્રાઈલને જે હિકમતયુક્ત ઉપાય દુશ્મનો ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે સૂચવ્યો હતો, જો વિચાર કરવામાં આવે તો આ જ ઉપાય અક્સીર છે, જે ક્યારેય ખોટો સાબિત થતો નથી, એના પછી સફળતા નિશ્ચિત હોય છે. આ ઉપાયનો પ્રથમ વિભાગ اِسْتِعَانَتُ بِاللّٰهِ (ઈસ્તિઆનતુ બિલ્લાહ) "અલ્લાહની મદદ માંગવી" છે, જે પ્રસ્તુત ઉપાયનો આત્મા છે. કારણ એ છે કે, સૃષ્ટિનો સર્જનહાર કે જેની મદદનો સાથ હોય તો સમગ્ર સૃષ્ટિનું વલણ તેની મદદ તરફ ફરી જાય છે, કારણ કે સમગ્ર સૃષ્ટિ તેની તાબે'દાર અને ફરમાંબરદાર છે.

خاک وباد وآب وآتش بندہ اند   بامن وتو مردہ باحق زندہ اند

માટી, હવા, પાણી અને આગ એ અલ્લાહના બંદા છે,
આપણી સામે તો મૃત સમાન હોય છે, પરંતુ અલ્લાહની સામે તો તે જીવંત છે.

હદીષમાં છે કે, "જ્યારે અલ્લાહ તઆલા કોઈ કામનો ઈરાદો કરે છે તો તેનો સામાન પણ આપમેળે જ તૈયાર થતો ચાલ્યો જાય છે." એટલા માટે દુશ્મનોના મુકાબલામાં કોઈ મોટામાં મોટી શક્તિ મનુષ્ય માટે એટલી કામ નથી લાગી શકતી જેટલી અલ્લાહ તઆલાની મદદ માંગવી કામ લાગે છે. શરત માત્ર એટલી જ છે કે મદદની માંગણી સાચી હોય, ફક્ત જીભથી અમુક વાક્યો બોલવામાં ન આવતા હોય.

આ નુસ્ખાનો બીજો વિભાગ صَبْـر (સબ્ર) છે. સબ્રનો અર્થ મૂળ શબ્દાર્થના આધારે "પ્રતિકૂળ પરિસ્થિતિઓ ઉપર મક્કમ રહેવું અને નફ્સ (મનેચ્છાઓ)ને કાબૂમાં રાખવો." કોઈ મુસીબત ઉપર સબ્ર કરવાને પણ એટલા માટે સબ્ર કહેવામાં આવે છે કે તેમાં રડવા-કકળવા અને છાતી કૂટવાની સ્વાભાવિક લાગણી દબાઈ જાય છે.

દરેક અનુભવી બુદ્ધિશાળી જાણે છે કે, દુનિયામાં દરેક મહાન હેતુ માટે ઘણી બધી પ્રતિકૂળ સ્વભાવ વિરુદ્ધ મહેનતો અને તકલીફો સહન કરવી જરૂરી હોય છે. જે વ્યક્તિને મહેનત અને સંઘર્ષની ટેવ હોય તથા સ્વભાવ વિરુદ્ધ વસ્તુઓ સહન કરવાની શક્તિ પ્રાપ્ત થઈ જાય તો તે પોતાના મોટા ભાગના ઉદ્દેશ્યોમાં સફળ થાય છે. હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, "સબ્ર એવી નેઅ્મત છે કે તેનાથી વધારે વિશાળ નેઅ્મત કોઈને નથી મળતી." *(અબૂદાવુદ)*

હઝરત મૂસા (અલૈ.)ના આ હિકમતયુક્ત બોધપાઠ અને તેના પરિણામ સ્વરૂપે મળનારા વિજય અને મદદનો મજબૂત વાયદો હંમેશા આડા પાટે ચાલતી બની ઈસ્રાઈલ કોમને ક્યાંથી સમજમાં આવે ?! આ બધું કંઈ સાંભળીને તેઓ બોલી ઉઠયા, أُوذِينَا مِنْ قَبْلِ أَنْ تَأْتِيَنَا وَمِنْ بَعْدِ مَا جِئْتَنَا એટલે કે, "તમારા આવતા પહેલાં પણ અમને ત્રાસ આપવામાં આવ્યો અને તમારા આગમન પછી પણ."

મતબલ એ હતો કે, તમારા આગમન પહેલાં તો એ આશાએ સમય પસાર કરી શકાતો હતો કે, કોઈ પયગમ્બર અમને આ અત્યાચારમાંથી મુક્તિ અપાવવા આવશે. હવે તમે આવ્યા પછી પણ આ જ પીડા અને ત્રાસનો ક્રમ સતત ચાલુ રહે તો અમે શું કરીએ ?

એ સાંભળી ફરી હઝરત મૂસા (અલૈ.)એ વાસ્તવિકતાને સ્પષ્ટ કરવા માટે ફરમાવ્યું, عَسٰى رَبُّكُمْ اَنْ يُّهْلِكَ عَدُوَّكُمْ وَيَسْتَخْلِفَكُمْ فِى الْاَرْضِ એટલે કે, એ બાબત બહુ દૂર નથી કે જો તમે મારી શિખામણ માનો તો ઘણો જ જલદી તમારા દુશ્મનનો સત્યાનાશ થઈ જશે અને પ્રદેશ ઉપર તમારો કબજો અને સત્તા સ્થાપિત થઈ જશે, પરંતુ સાથે જ એ ફરમાવ્યું, فَيَنْظُرَ كَيْفَ تَعْمَلُوْنَ જેમાં બતાવવામાં આવ્યું કે, આ દુનિયામાં કોઈ જમીનના ભાગ ઉપર કબજો કે બાદશાહત મૂળ હેતુ નથી, બલકે પૃથ્વીમાં ન્યાય અને ઈન્સાફ સ્થાપિત કરવા માટે તથા અલ્લાહ તઆલાની બતાવેલી ભલાઈઓ ફેલાવવા અને બુરાઈઓથી રોકવા માટે કોઈ વ્યક્તિને કોઈ પ્રદેશની સત્તા આપવામાં આવે છે, આથી જ્યારે તમે મિસ્ર દેશ ઉપર સત્તા પ્રાપ્ત કરી લો તો ખબરદાર થઈ જાઓ, ક્યાંક એવું ન થાય કે તમે પણ સત્તા અને રાજ્યના નશામાં પોતાનાથી અગાઉ થઈ ચૂકેલા લોકોનું પરિણામ ભૂલાવી બેસો.

રાજ્ય અને સત્તા એ સત્તાધારી શાસક વર્ગની કસોટી છે :

આ આયતમાં સંબોધન જો કે, ખાસ બની ઈસ્રાઈલ માટે છે પરંતુ અલ્લાહ જલ્લ શા'નુહૂએ દરેકે દરેક સત્તાધારી શાસક વર્ગ માટે તેમાં તાકીદ ફરમાવી દીધી છે. વાસ્તવમાં રાજ્યસત્તા અલ્લાહ તઆલાનો હક છે પરંતુ મનુષ્યને તેના નાયબની હેસિયતથી તે જ સત્તા આપે છે અને જેની પાસેથી ઈચ્છે છે છીનવી લે છે. تُؤْتِى الْمُلْكَ مَنْ تَشَآءُ وَتَنْزِعُ الْمُلْكَ مِمَّنْ تَشَآءُ (૩ : ૨૬)નો આ જ ભાવાર્થ છે. વળી એ પણ કે, જે કોઈને પણ જમીન ઉપર સત્તા અર્પણ કરવામાં આવે છે તે વાસ્તવમાં એ સત્તાધારી વ્યક્તિ અથવા તો એ સત્તાધારી વર્ગની કસોટી હોય છે કે તે હુકૂમતના વાસ્તવિક હેતુ એટલે કે ન્યાય, ઈન્સાફની સ્થાપના, ભલાઈનો હુકમ અને બુરાઈ રોકવાની ફરજ કેટલી હદે પૂર્ણ કરે છે.

તફસીરે બહરે મુહીતમાં આ સ્થળે નકલ કર્યું છે કે, બની અબ્બાસના બીજા ખલીફા મન્સૂરને ખિલાફત મળતા પહેલાં એક દિવસે તેની પાસે અમ્ર બિન ઉબયદ આવી પહોંચ્યા અને આ આયત પઢી, عَسٰى رَبُّكُمْ اَنْ يُّهْلِكَ عَدُوَّكُمْ وَيَسْتَخْلِفَكُمْ فِى الْاَرْضِ જેમાં તેના માટે ખિલાફત મળવાની ખુશખબરી હતી. અચાનક ત્યારબાદ મન્સૂર ખલીફા બની ગયો અને ત્યાર પછી અમ્ર બિન ઉબયદ

તેમના ત્યાં પહોંચ્યા તો મન્સૂરે તેમની આગાહી જે પ્રસ્તુત આયત હેઠળ તેમણે કરી હતી યાદ અપાવી તો અમ્ર બિન ઉબયૂદે ઘણો સારો જવાબ આપ્યો કે, હા ! ખલીફા બનવાની આગાહી તો પૂર્ણ થઈ ગઈ પરંતુ એક વસ્તુ બાકી છે કે, فَيَنْظُرَ كَيْفَ تَعْمَلُوْنَ ભાવાર્થ એ હતો કે, કોઈ દેશનો ખલીફા અથવા શાસક બની જવું કોઈ ગર્વ અથવા ખુશીની બાબત નથી, કારણ કે ત્યારબાદ અલ્લાહ તઆલા એ પણ જુએ છે કે, ખિલાફત અને હુકૂમતમાં તેની વર્તણૂક કેવી-કેવી રહી. હવે તે જોવાનો સમય છે.

ત્યારબાદ પ્રસ્તુત આયતનો વાયદો પૂર્ણ કરવાની અને ફિરઔનની કોમના પ્રકાર-પ્રકારના અઝાબોમાં સપડાઈ જવાની અને અંતે તેના ડૂબીને નાશ થઈ જવાની વિગતવાર ઘટના વર્ણન કરવામાં આવી છે. જેમાં સૌથી પહેલાં દુકાળનો અઝાબ તથા ચીજવસ્તુઓની અછતનો અઝાબ ફિરઔનની કોમ ઉપર થોપવામાં આવ્યો હતો.

તફસીરની રિવાયતોમાં છે કે, આ દુષ્કાળ તેના ઉપર સતત સાત વર્ષ સુધી રહ્યો અને આ આયતમાં આ દુષ્કાળના વર્ણનમાં બે શબ્દો આવ્યા છે, એક سِنِيْن (સિનીન) બીજો શબ્દ ثَمَرَات (ષમરાત); હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) અને હઝરત કતાદહ (રદિ.) વગેરેએ ફરમાવ્યું કે, "દુષ્કાળનો અઝાબ તો ગામડામાં રહેનારાઓ માટે હતો અને ફળોની અછતનો અઝાબ શહેરવાળાઓ માટે હતો." કારણ કે, મોટેભાગે ગામડાઓમાં અનાજનું ઉત્પાદન વધારે થાય છે અને શહેરોમાં ફળોના બગીચાઓ હોય છે, માટે ઈશારો એ તરફ થયો છે કે, ન તો અનાજના ખેતરો બાકી રહ્યા અને ન જ ફળોના બગીચાઓ.

પરંતુ જ્યારે કોઈ કોમ ઉપર અલ્લાહ તઆલા ક્રોધિત થાય છે ત્યારે સાચી વાત તેની સમજમાં નથી આવતી. ફિરઔનની કોમ પણ આવા ક્રોધમાં સપડાઈ ગઈ હતી. અઝાબના આ શરૂઆતના ઝટકાથી પણ તેઓ ચેત્યા નહીં બલકે, તેમના ઉપર પ્રત્યેક આવનારી મુસીબત માટે એવું કહેવા લાગ્યા કે, આ નહૂસત હઝરત મૂસા (અલૈ.) અને તેમના સાથીદારોની છે. فَاِذَا جَآءَتْهُمُ الْحَسَنَةُ قَالُوْا لَنَا هٰذِهٖ وَاِنْ تُصِبْهُمْ سَيِّئَةٌ يَّطَّيَّرُوْا بِمُوْسٰى وَمَنْ مَّعَهٗ એટલે કે, "જ્યારે તે લોકોને કોઈ ભલાઈ અને રાહત તથા આરામ મળતો હતો તો એવું કહેતા હતા કે, આ અમારો હક છે અને અમને મળવો જ જોઈએ અને જ્યારે કોઈ મુસીબત અને બુરાઈનો

સામનો થતો તો કહેતા કે, આ તો હઝરત મૂસા (અલૈ.) અને તેમના સાથીદારોની નહૂસતની અસર છે." અલ્લાહ તઆલાએ તેમના જવાબમાં ઈરશાદ ફરમાવ્યો, اَلَآ اِنَّمَا طٰٓئِرُهُمۡ عِنۡدَ اللّٰهِ وَلٰكِنَّ اَكۡثَرَهُمۡ لَا يَعۡلَمُوۡنَ

શબ્દ طَآئِرٌ (તાઈર)નો શાબ્દિક અર્થ "પક્ષી" થાય છે. અરબો પક્ષીઓના ડાબે-જમણે ઊતરવાથી સારા અને ખરાબ શુકન લેતા હતા. એટલા માટે શુકન લેવાને પણ طَآئِرٌ (તાઈર) કહેવા લાગ્યા. આ આયતમાં طَآئِرٌ (તાઈર)નો આ જ અર્થ છે અને આયતનો ભાવાર્થ એ છે કે, તેમના શુકન સારા અથવા ખરાબ જે કંઈ પણ હોય તે બધું અલ્લાહ પાસેથી છે, જે કંઈ આ દુનિયામાં જાહેર થાય છે બધું જ અલ્લાહ તઆલાની કુદરત અને ઈચ્છાથી અસ્તિત્વમાં આવે છે, ન તો તેમાં કોઈની નહૂસતની દખલગીરી છે અને ન જ કોઈની બરકતનો હાથ, આ બધી તેમની ભ્રામક કલ્પના અને અજ્ઞાનતા છે કે, તેઓ પક્ષીઓને ડાબે અથવા જમણે ઊડવાથી સારો અથવા ખરાબ શુકન લઈને પોતાના હેતુઓ અને કાર્યનો આધાર તેના ઉપર રાખે છે.

અને અંતે ફિરઓનની કોમે હઝરત મૂસા (અલૈ.)ના બધા જ મોઅ્જિઝાઓને જાદૂ કહી ઉપેક્ષિત કર્યા અને એવી જાહેરાત કરી દીધી કે, مَهۡمَا تَاۡتِنَا بِهٖ مِنۡ اٰيَةٍ لِّتَسۡحَرَنَا بِهَا فَمَا نَحۡنُ لَكَ بِمُؤۡمِنِيۡنَ એટલે કે, "તમે પોતાની નુબુવ્વતની કેટલીય નિશાનીઓ રજૂ કરીને અમારા ઉપર પોતાનો જાદૂ ચલાવવા ઈચ્છો તો સાંભળી લો, અમે ક્યારેય તમારા ઉપર ઈમાન લાવવાના નથી !"

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૩૩ થી ૧૩૬)

فَاَرۡسَلۡنَا عَلَيۡهِمُ الطُّوۡفَانَ وَالۡجَرَادَ وَالۡقُمَّلَ وَالضَّفَادِعَ وَالدَّمَ اٰيٰتٍ مُّفَصَّلٰتٍ
فَاسۡتَكۡبَرُوۡا وَكَانُوۡا قَوۡمًا مُّجۡرِمِيۡنَ ﴿۱۳۳﴾ وَلَمَّا وَقَعَ عَلَيۡهِمُ الرِّجۡزُ قَالُوۡا
يٰمُوۡسَى ادۡعُ لَنَا رَبَّكَ بِمَا عَهِدَ عِنۡدَكَ ۚ لَئِنۡ كَشَفۡتَ عَنَّا الرِّجۡزَ لَنُؤۡمِنَنَّ لَكَ
وَلَنُرۡسِلَنَّ مَعَكَ بَنِىۡۤ اِسۡرَآءِيۡلَ ۚ﴿۱۳۴﴾ فَلَمَّا كَشَفۡنَا عَنۡهُمُ الرِّجۡزَ اِلٰٓى اَجَلٍ هُمۡ
بٰلِغُوۡهُ اِذَا هُمۡ يَنۡكُثُوۡنَ ﴿۱۳۵﴾ فَانۡتَقَمۡنَا مِنۡهُمۡ فَاَغۡرَقۡنٰهُمۡ فِى الۡيَمِّ بِاَنَّهُمۡ كَذَّبُوۡا
بِاٰيٰتِنَا وَكَانُوۡا عَنۡهَا غٰفِلِيۡنَ ﴿۱۳۶﴾

તરજુમો :

પછી અમે તેમના ઉપર મોકલ્યું તોફાન અને તીડ અને જૂ (જંતુ) અને દેડકાં અને લોહી જુદી-જુદી ઘણી નિશાનીઓ; તો પણ ઘમંડ કરતા રહ્યા અને તે લોકો મુજરિમ હતા. (૧૩૩) અને જ્યારે તેમના ઉપર કોઈ અઝાબ પડતો તો કહેતા, હે મૂસા (અલૈ.)! અમારા માટે પોતાના પરવરદિગારથી દુઆ કર જેવું તેણે તને બતાવી રાખ્યું છે, જો તેં અમારા ઉપરથી આ અઝાબ દૂર કરી દીધો તો બેશક! અમે તારા ઉપર ઈમાન લઈ આવીશું અને બની ઈસ્રાઈલને તારી સાથે જવા દઈશું. (૧૩૪) પછી જ્યારે અમે તેમના ઉપરથી એક મુદ્દત સુધી અઝાબ ઉઠાવી લીધો કે તેમને તે મુદ્દત સુધી પહોંચવાનું હતું તે જ વખતે વચનભંગ કરી નાંખતા. (૧૩૫) પછી અમે તેમનાથી બદલો લીધો, બસ અમે તેમને દરિયામાં ડૂબાડી દીધા એ કારણે કે તેમણે અમારી આયતોને જૂઠાડી અને તેનાથી ગફલત કરતા હતા. (૧૩૬)

તફસીર :

(જ્યારે આ પ્રમાણે બળવાખોરી અપનાવી ત્યારે) પછી અમે (તેમના ઉપર અગાઉ વર્ણન કરવામાં આવેલ બે બલાઓ સિવાયની અન્ય બલાઓ પણ થોપી, જેમકે) તેમના ઉપર (અતિવૃષ્ટિ-પાણીની રેલનું) તોફાન મોકલ્યું, (જેનાથી જાન અને માલનો સર્વનાશ થવાનો ભય ઉત્પન્ન થઈ ગયો) અને (તેનાથી ગભરાઈ ગયા તો હઝરત મૂસા અલૈ. સાથે કરાર કર્યો અને વચન આપ્યું કે, અમારા ઉપરથી આ બલાઓ દૂર કરાવે તો અમે ઈમાન લાવીશું અને જે તમે કહેશો તે આજ્ઞાપાલન કરીશું, પછી જ્યારે તે બલાઓ દૂર થઈ ગઈ અને ઇચ્છા પ્રમાણે જમીનના ઉત્પાદનો અનાજ વગેરે પુષ્કળ પ્રમાણમાં થઈ ગયા તો ફરી પાછા નચિંત થઈ ગયા કે હવે તો પ્રાણ બચી ગયા, માલ પણ થઈ ગયો અને ફરી તે જ કુફ્રના રિવાજ પ્રમાણે કુફ્ર અને દુષ્ટતામાં રાચી પડ્યા, પછી અમે તેમની ખેતીઓ ઉપર) તીડો(નો અઝાબ મોકલ્યો) અને (ફરી જ્યારે ખેતીઓ બરબાદ થઈ જતી જોઈ તો ગભરાઈને પાછા તેવા જ કરાર અને વચન કરવા લાગ્યા અને ફરી એકવાર જ્યારે હઝરત મૂસા અલૈ.એ દુઆ કરી અને આ બલાઓ દૂર થઈ ગઈ તથા અનાજ વગેરે તૈયાર થઈને પોતાના ઘરે લઈ આવ્યા તો ફરી પાછા

નિર્ભય અને નીડર થઈ ગયા કે હવે તો અનાજ પણ કાબૂમાં આવી ગયું છે, ફરી પાછા તે જ જૂની ટેવ પ્રમાણે કુફ્ર અને વિરોધ કરવા મંડી પડ્યા, પછી હવે તેમના અનાજમાં) જંતુઓ (પેદા કરી દીધા) અને (જ્યારે તેઓએ ગભરાઈને એ જ પ્રમાણે પાછા વચન અને કરાર કરીને દુઆ કરાવી અને આ બલા પણ દૂર થઈ ગઈ અને તેમને સંતોષ થઈ ગયો કે હવે અનાજને સાફ-સૂફ કરી ખાઈશું-પીશું, વળી પાછા તે જ કુફ્ર અને તે જ વિરોધ, તેથી આ વખતે અમે તેમના ખાવાને એવું સ્વાદ વગરનું કરી દીધું કે તેમાં) દેડકાઓ (એટલા મોટા પ્રમાણમાં તેમના ખાવાના વાસણોમાં હાંડલીઓમાં પડવાનું શરૂ થયું કે જેનાથી બધું જ ખાવા બેકાર થઈ જતું અને ઘરમાં બેસવું પણ મુશ્કેલ થઈ ગયું) અને (પીવાના પાણીનો પણ એ રીતે અઝાબ આવ્યો કે તેમનું પાણી) લોહી બની જતું (મોંમાં પાણી લેતા તો લોહી બની જતું, મતલબ કે તેમના ઉપર આ પ્રમાણેની બલાઓ થોપવામાં આવી) કે આ બધા (હઝરત મૂસા અલૈ.ના) ખુલ્લમ-ખુલ્લા મોઅ્જિઝા હતા (કે તેમના જૂઠાડવા અને વિરોધ કરવાથી તેમના ઉપર જાહેર થયા અને આ સાત નિશાનીઓ તથા લાઠી અને ચળકતા હાથની આયત ભેગી કરીને "આયાતે તિસ્અહ" آيَاتِ تِسْعَة કહેવાય છે); બસ, (તેમણે આ મોઅ્જિઝાઓ અને અલ્લાહની ક્રોધની નિશાનીઓ જોઈને ઢીલા પડી જવું જોઈતું હતું પરંતુ) તેઓ (તો પણ) અભિમાન (જ) કરતા રહ્યા અને તે લોકો એક અપરાધી કોમ હતી (કે આટલી સખ્તી અને અઝાબથી પણ પાછી ન વળી હતી) અને જ્યારે તેમના ઉપર કોઈ અઝાબ (ઉપર દર્શાવ્યા પ્રમાણે) આવતો હતો તો એવું કહેતા, હે મૂસા (અલૈ.) ! અમારા માટે પોતાના પરવરદિગારથી એ બાબતની દુઆ કરી આપ જેનો તમે વાયદો કરી રાખ્યો છે, (આ બાબત ક્રોધને દૂર કરાવવાની છે, અમે વાયદો કરીએ છીએ કે જો અઝાબ દૂર કરવામાં આવશે તો અમે પાછા વળી જઈશું) જો તમે આ અઝાબને અમારા ઉપરથી હટાવી દો (એટલે કે, દુઆ કરીને હટાવી દો) તો અમે ચોક્કસ તમારા કહેવાથી ઈમાન લઈ આવીશું અને અમે બની ઈસ્રાઈલને પણ મુક્ત કરીને તમારી સાથે મોકલી આપીશું, પછી જ્યારે (હઝરત મૂસા અલૈ.ની દુઆની બરકતથી) તેમના ઉપરથી અઝાબને એક ખાસ સમય સુધી કે જે સમય સુધી તેમને પહોંચવાનો હતો હટાવી દેવામાં આવતો તો તેઓ તરત જ વાયદાનો ભંગ કરવા લાગતા (જેમકે, ઉપર વર્ણન થઈ ચૂક્યું), પછી

(જ્યારે દરેક રીતે જોઈ લીધું કે તેઓ પોતાની શરારતોથી પાછા વળવાના કે અટકવાના નથી ત્યારે તે સમયે) અમે તેમની પાસેથી (સંપૂર્ણ) બદલો લઈ લીધો, એટલે કે તેમને સમુદ્રમાં ડૂબાડી દીધા (જેમકે બીજા સ્થળે પણ વર્ણન થયેલ છે) એ કારણે કે તેઓ અમારી આયતોને જૂઠાડતા હતા અને તેનાથી બિલકુલ જ બેદરકારી દાખવતા હતા (અને જૂઠાડવું તથા બેદરકારી પણ જેવી તેવી નહીં બલકે, સતત ક્રૂર દુશ્મનાવટ સાથે એટલે કે આજ્ઞાપાલન કરવાનો વારંવાર વાયદો કરતા અને વારંવાર તોડી નાંખતા).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં ફિરઔનની કોમ અને હઝરત મૂસા (અલૈ.)નો બાકીનો કિસ્સો ઉપસ્થિત છે કે, ફિરઔનના જાદૂગરો હઝરત મૂસા (અલૈ.)ના મુકાબલામાં હારી ગયા અને ઈમાન લઈ આવ્યા પરંતુ ફિરઔનની કોમ એ જ પ્રમાણે બળવાખોરી અને કુફ્ર ઉપર અડીખમ રહી.

આ ઘટના પછી ઐતિહાસિક રિવાયતો પ્રમાણે હઝરત મૂસા (અલૈ.) ૨૦ વર્ષો સુધી મિસ્રમાં સ્થાયી રહ્યા અને લોકોને અલ્લાહનો પયગામ સંભળાવતા હતા અને લોકોને સત્ય તરફ આવવાનું આમંત્રણ આપતા રહેતા. આ સમયગાળામાં અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અલૈ.)ને નવ મોઅ્જિઝાઓ અર્પણ કર્યા. જેના દ્વારા ફિરઔનની કોમને તાકીદ કરીને માર્ગ ઉપર લાવવાનો હેતુ હતો. કુર્આને કરીમમાં وَلَقَدْ اٰتَيْنَا مُوْسٰى تِسْعَ اٰيٰتٍ માં આ જ નવ મોઅ્જિઝાઓનું વર્ણન છે.

આ નવ મોઅ્જિઝાઓમાંથી સૌ પ્રથમ બે મોઅ્જિઝા અસા (લાઠી) અને ચળકતા હાથની જાહેરાત ફિરઔનના દરબારમાં થઈ અને આ જ બે મોઅ્જિઝાઓ દ્વારા જાદૂગરોના મુકાબલામાં હઝરત મૂસા (અલૈ.)ને વિજય પ્રાપ્ત થયો હતો. ત્યારબાદ એક મોઅ્જિઝો એ હતો જેનું વર્ણન આથી અગાઉની આયતમાં આવી ચૂક્યું છે કે, ફિરઔનની કોમ ઉપર તેમની જીદ અને હઠધર્મીના કારણે દુષ્કાળ થોપી દેવામાં આવ્યો. તેમની જમીનો અને બગીચાઓમાં ઉત્પાદન ખૂબ ઘટી ગયું, જેનાથી તેઓ સખત પરેશાન થઈ ગયા અને અંતે હઝરત મૂસા (અલૈ.) પાસે દુષ્કાળ દૂર કરવા માટેની દુઆ કરાવી. પરંતુ જ્યારે દુષ્કાળ દૂર થઈ

ગયો તો પાછા પોતાની એ જ બળવાખોર વૃત્તિમાં રાચી પડ્યા અને એવું કહેવા લાગ્યા કે, આ દુકાળ તો હઝરત મૂસા (અલૈ.) અને તેમના સાથીદારોની નહૂસતના કારણે હતો, હવે જ્યારે દુષ્કાળ દૂર થઈ ગયો છે તો તે અમારી નેક હાલતના તકાદા સ્વરૂપે છે.

બાકીની છ આયતો અને મોઅ્જિઝાઓનું વર્ણન પ્રસ્તુત આયતોમાં છે.

فَارۡسَلۡنَا عَلَيۡهِمُ الطُّوۡفَانَ وَالۡجَرَادَ وَالۡقُمَّلَ وَالضَّفَادِعَ وَالدَّمَ اٰيٰتٍ مُّفَصَّلٰتٍ

એટલે કે, "અમે પછી તેમના ઉપર તોફાન અને તીડો અને કીડાઓ (Pests) અને દેડકા અને લોહી (અઝાબ સ્વરૂપે) મોકલ્યું."

તેમાં ફિરઔનની કોમ ઉપર થોપવામાં આવેલા પાંચ પ્રકારના અઝાબનું વર્ણન છે અને તેને આ આયતમાં اٰيٰتٍ مُّفَصَّلٰتٍ ફરમાવ્યું છે, જેનો અર્થ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ની તફસીર પ્રમાણે એ છે કે, તેમાંથી દરેક અઝાબ એક નિશ્ચિત સમય સુધી રહ્યો, પછી મુલતવી થઈ ગયો અને અમુક સમયની મહોલત આપવામાં આવી, ત્યારબાદ બીજો અને ત્રીજો અઝાબ એ જ પ્રમાણે અલગ-અલગ કરીને તેમના ઉપર આવ્યો, તેને જ શયખુલ હિન્દ (રહ.)ના તરજુમામાં અપનાવવામાં આવ્યું છે.

ઈબ્ને મન્ઝરે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયત નકલ કરી છે કે, તેમાંથી દરેક અઝાબ ફિરઔનની કોમ ઉપર સાત દિવસ સુધી રહ્યો હતો. શનિવારના દિવસથી શરૂ થઈને બીજા શનિવારના દિવસ સુધી તે દૂર થઈ જતો અને પછી ત્રણ અઠવાડિયાની મહોલત આપવામાં આવતી હતી.

ઈમામ બગવી (રહ.)એ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે, જ્યારે પ્રથમ વખતે ફિરઔનની કોમ ઉપર દુષ્કાળનો અઝાબ થોપવામાં આવ્યો અને તે હઝરત મૂસા (અલૈ.)ની દુઆથી દૂર થઈ ગયો, પરંતુ એ લોકો પોતાની ખોટી નીતિરીતિ અને બળવાખોરીથી પાછા ન વળ્યા ત્યારે હઝરત મૂસા (અલૈ.)એ દુઆ કરી કે, હે મારા પરવરદિગાર ! આ એવા નપાવટ લોકો છે કે, દુકાળના અઝાબથી પણ પ્રભાવિત ન થયા અને કરાર કરીને ફરી ગયા, હવે તેમના ઉપર કોઈ એવો અઝાબ થોપી દે જે તેમના માટે દર્દનાક હોય અને અમારી કોમ માટે એક શિખામણ પ્રાપ્ત કરવાનું નિમિત્ત હોય અને

પાછળથી આવનારા લોકો માટે એક ઈબ્રત (બોધપાઠ) બને ! તેથી અલ્લાહ તઆલાએ પ્રથમ તેમના ઉપર તોફાનનો અઝાબ મોકલ્યો. પ્રખ્યાત વિવરણકારોના મતે તોફાનનો અર્થ પાણીનું તોફાન છે. ફિરઔનની કોમના બધા ઘરો અને જમીનોને પાણીના તોફાને ઘેરી લીધું, ન તો કોઈ સ્થળે બેસવાની, સૂવાની જગ્યા બાકી રહી અને ન જ જમીનમાં કોઈ ખેતીવાડી કરવાની તક મળી અને આશ્ચર્યની વાત તો એ હતી કે, ફિરઔનના મકાનો અને જમીનોની સાથે જ બની ઈસ્રાઈલના મકાનો અને જમીનો હતા. બની ઈસ્રાઈલના મકાનો અને જમીનો બધા પ્રથમ જેવા જ સૂક્કા હતા, ક્યાંય તોફાનનું પાણી ન હતું અને ફિરઔનની કોમના બધા મકાનો અને જમીનો આ તોફાનથી તરબોળ હતા.

આ તોફાનથી ગભરાઈને ફિરઔનની કોમે હઝરત મૂસા (અલૈ.)ને વિનંતી કરી કે, તમારા પરવરદિગાર પાસે દુઆ કરો કે આ અઝાબ અમારા ઉપરથી દૂર કરી આપે તો અમે ઈમાન લઈ આવીશું અને બની ઈસ્રાઈલને મુક્ત કરી સ્વતંત્રતા આપી દઈશું. હઝરત મૂસા (અલૈ.)ની દુઆથી તોફાન દૂર થઈ ગયું અને ત્યારબાદ તેમની ખેતીઓ પ્રથમ જેવી જ હરીભરી થઈ ગઈ તો હવે એવું કહેવા લાગ્યા કે, વાસ્તવમાં આ તોફાન એ કોઈ અઝાબ ન હતો બલકે, અમારા ફાયદા માટે આવ્યું હતું, જેનું પરિણામ એ આવ્યું કે અમારી જમીનોનું ઉત્પાદન વધી ગયું. એટલા માટે તેમાં હઝરત મૂસા (અલૈ.)ની કોઈ દખલગીરી નથી અને એવું કહીને બધા જ વાયદા અને વચનને ઉપેક્ષિત કરી નાંખ્યા.

એ જ પ્રમાણે આ લોકો એક મહિનો શાંતિ અને ચેનથી રહેવા લાગ્યા. અલ્લાહ તઆલાએ તેમને ચિંતન અને મનન કરવાનો સમય આપ્યો, પરંતુ તેઓ ભાનમાં ન આવ્યા, તેથી હવે બીજો અઝાબ તીડો સ્વરૂપે તેમના ઉપર થોપવામાં આવ્યો. તીડોના ઝૂંડોએ તેમની સમગ્ર ખેતી અને બગીચાઓ ખાઈ નાંખ્યા. અમુક રિવાયતોમાં છે કે, લાકડાના દરવાજાઓ, છાપરાંઓ અને ઘરના બધા સરસામાનને પણ તીડો ખાઈ ગયા અને આ અઝાબના સમયે પણ હઝરત મૂસા (અલૈ.)નો એ મોઅ્જિઝો તેમની સામે હતો કે, સમગ્ર તીડોના ઝૂંડ ફક્ત "કીબતી" એટલે કે, ફિરઔનની કોમના બાગો, ખેતીઓ અને ઘરો ઉપર છવાયેલા હતા. તેમની સાથે જ આવેલા બની ઈસ્રાઈલના મકાનો, જમીનો અને બગીચાઓ બધું જ સુરક્ષિત હતું.

એ સમયે ફરી ફિરઔનની કોમ બૂમરાણ મચાવવા માંડી અને હઝરત મૂસા (અલૈ.)ને દરખાસ્ત કરી કે, આ વખતે તમે અલ્લાહ તઆલા પાસે દુઆ કરી આપો જો આ અઝાબ હટી જાય તો અમે પાકો વાયદો કરીએ છીએ કે, અમે ઈમાન લઈ આવીશું અને બની ઈસ્રાઈલને મુક્ત કરી દઈશું. હઝરત મૂસા (અલૈ.)એ ફરી દુઆ કરી અને આ અઝાબ પણ હટી ગયો, પરંતુ અઝાબ હટ્યા પછી તેમણે જોયું કે અમારી પાસે હજુપણ એટલા અનાજનો જથ્થો મોજૂદ છે કે, અમે એક વર્ષ સુધી ખાઈ શકીએ છીએ તો ફરી પાછા શરારત અને વચનભંગ માટે તૈયાર થઈ ગયા, ન તો ઈમાન લાવ્યા અને ન જ બની ઈસ્રાઈલને મુક્ત કર્યા.

એક મહિનો ફરી અલ્લાહ તઆલાએ મહોલત આપી. ત્યારબાદ ત્રીજો અઝાબ قُمَّل (કુમ્મલ)નો થોપવામાં આવ્યો. શબ્દ قُمَّل તે "જૂ" માટે પણ બોલવામાં આવે છે, જે મનુષ્યના વાળ અને કપડાંઓમાં પેદા થઈ જાય છે અને તે કીડાઓને પણ કહેવામાં આવે છે જે અનાજમાં પડે છે, જેને જીતોડી પણ કહેવામાં આવે છે. قُمَّل નો આ અઝાબ શક્ય છે કે બંને પ્રકારના કીડાઓ ઉપર આધારિત હોય કે, અનાજમાં જંતુ પડી ગયા અને મનુષ્યના શરીર અને કપડાંઓમાં "જૂ"ઓનું તોફાન ઉમટી પડ્યું.

અનાજની હાલત આ જંતુઓએ એવી કરી નાંખી કે, દશ શેર ઘઉં દળવા માટે કાઢવામાં આવે તો તેમાંથી ત્રણ શેર આટો પણ નીકળતો ન હતો અને "જૂ"ઓએ તેમના બાલ અને પાંપણો તથા ભવાંઓ સુદ્ધાં ખાઈ નાંખ્યા.

અંતે ફરી ફિરઔનની કોમ ત્રાસી ગઈ અને હઝરત મૂસા (અલૈ.)ને ફરિયાદ કરી કે, હવે આ સમયે અમે ક્યારેય વાયદાથી ફરીશું નહીં, તમે દુઆ કરી આપો. હઝરત મૂસા (અલૈ.)ની દુઆથી આ અઝાબ પણ ટળી ગયો પરંતુ જે બદ્નસીબોએ પોતાના માટે સત્યાનાશ નોંતર્યો હતો તે ક્યાંથી વાયદા કે વચનને નિભાવવાના હતા !? ફરી પાછા રાહત મળતાની સાથે જ સર્વ કંઈ ભૂલી ગયા અને ઈન્કાર કરવા લાગ્યા.

ત્યારબાદ એક મહિનાની મહોલત આવા જ આરામ અને રાહત સાથે આપવામાં આવી, પરંતુ આ મહોલતનો પણ કોઈ લાભ ન ઉઠાવ્યો ત્યારે ચોથો

અઝાબ દેડકાઓ સ્વરૂપે તેમના ઉપર થોપી દેવામાં આવ્યો અને એટલા પુષ્કળ પ્રમાણમાં દેડકાઓ તેમના ઘરોમાં પેદા થઈ ગયા કે, જ્યાં બેસતા ત્યાં તેમના ઘરોમાં દેડકાઓના ઢગલા લાગી જતા, સૂઈ જતા તો સમગ્ર શરીર તેનાથી દબાઈ જતું, પાસું ફેરવવાની પણ જગ્યા ન રહેતી, ખાવા પકાવવાની હાંડલીઓ તથા તૈયાર ખાવામાં, લોટમાં અને દરેક વસ્તુઓમાં દેડકાઓ ભરાઈ જતા. આ અઝાબથી આજિઝ આવી જઈ બધા આક્રંદ કરવા લાગ્યા અને અગાઉની જેમ જ પાકા વાયદાઓની સાથે વચન આપ્યું, ત્યાર પછી હઝરત મૂસા (અલૈ.)ની દુઆથી આ અઝાબ પણ દૂર થઈ ગયો.

પરંતુ જે કૌમ ઉપર અલ્લાહનો ક્રોધ આવી પડે છે, તેમની બુદ્ધિ અને શા'ન-ભાન ભ્રષ્ટ થઈ જાય છે. આ ઘટનાઓ પછી પણ તેઓ અઝાબથી છુટકારો પામીને ફરી પાછા પોતાની હઠધર્મી ઉપર ડટી ગયા અને કહેવા લાગ્યા કે, હવે તો અમને વધારે વિશ્વાસ થઈ ગયો કે હઝરત મૂસા (અલૈ.) જાદૂગર છે, આ બધા તેમના જાદૂના જ ચમત્કાર છે, તેઓ કોઈ નબી કે રસૂલ નથી.

ફરી એક મહિનાની મુદત અલ્લાહ તઆલાએ આપી, પરંતુ આ મુદતથી પણ તેમણે કોઈ લાભ ન ઉઠાવ્યો, તેથી પાંચમો અઝાબ લોહી સ્વરૂપે થોપવામાં આવ્યો કે તેમના દરેક ખાવા અને પીવાની ચીજવસ્તુઓ લોહી બની જતી, કૂવાઓમાંથી, હોજમાંથી જ્યાં કંઈથી પણ પાણી કાઢતા, પાણી લોહી બની જતું. ખાવા પકાવવા માટે મૂકે તો તે પણ લોહી બની જતું અને આ બધા અઝાબોમાં હઝરત મૂસા (અલૈ.)નો એ મોઅ્જિઝો સતત ચાલુ જ હતો કે, દરેક અઝાબથી બની ઈસ્રાઈલની કોમ બિલકુલ સુરક્ષિત અને સલામત હતી. લોહીના અઝાબના સમયે ફિરઔનની કોમના લોકોએ બની ઈસ્રાઈલના ઘરોમાંથી પાણી માંગ્યું, પરંતુ જ્યારે તે તેમના હાથમાં ગયું તો લોહી થઈ ગયું. એક જ દસ્તરખ્વાન ઉપર બેસીને કીબતી અને બની ઈસ્રાઈલી ખાવું ખાતા તો જે કોળિયો બની ઈસ્રાઈલી ઉઠાવતો તે એ જ સ્વરૂપમાં રહેતો અને જે કોળિયો અથવા પાણીનો ઘૂંટડો કીબતીના મોઢામાં જતો તે લોહી બની જતો. આ અઝાબ પણ પાછલા અઝાબોની જેમ સાત દિવસ રહ્યો. અંતે ફરી પાછા આ દુષ્ટ અને કરારનો ભંગ કરનાર નપાવટ કોમ ફફડી ઊઠી અને ત્રાસીને હઝરત મૂસા (અલૈ.)ને ફરિયાદ કરી તથા અગાઉથી વધારે પાકો વાયદો અને વચન આપ્યું. દુઆ કરવામાં આવી, અઝાબ હટી ગયો, પરંતુ આ લોકો પોતાની તે જ હઠધર્મી ઉપર ડટેલા રહ્યા. આ જ

પ્રમાણે આ પાંચ પ્રકારના અઝાબ તેમના ઉપર સતત આવતા રહ્યા, પરંતુ આ લોકો પોતાની તે જ હઠધર્મી ઉપર અને ગુમરાહી ઉપર કાયમ રહ્યા, તેને જ કુર્આને કરીમે ફરમાવ્યું, فَاسْتَكْبَرُوْا وَكَانُوْا قَوْمًا مُّجْرِمِيْنَ એટલે કે, "આ લોકોએ ઘમંડથી કામ લીધું અને આ લોકો અપરાધી (માનસ ધરાવતી) કોમ હતી."

ત્યારબાદ એક છઠ્ઠા અઝાબનું વર્ણન પછીની આયતમાં છે, رِجْــــز (રિજ્ઝ)ના નામથી ઓળખવામાં આવ્યો છે. આ શબ્દ મોટા ભાગે "પ્લેગ" માટે પણ બોલવામાં આવે છે, તથા "શીતળા વગેરે જેવી ચેપી બીમારીઓ" માટે પણ બોલાય છે. તફસીરની રિવાયતોમાં છે કે, આ લોકો ઉપર પ્લેગની મહામારી થોપી દેવામાં આવી, જેમાં તેમના સિત્તેર હજાર લોકોનો નાશ થયો. તે સમયે ફરી તે લોકોએ ફરિયાદ કરી અને ફરી દુઆ કરવાથી તે અઝાબ હટી ગયો પરંતુ ફરી પાછા ટેવ પ્રમાણે તે લોકોએ કરારભંગ કર્યો. આટલી સતત કસોટીઓ અને સમય મળ્યા પછી જ્યારે તેમનામાં કોઈ અહેસાસ પેદા જ ન થયો તો હવે અંતિમ અઝાબ એ આવ્યો કે, આ બધા જ પોતાના મકાનો, જમીનો અને સરસામાન છોડીને હઝરત મૂસા (અલૈ.)નો પીછો કરવા નીકળ્યા અને અંતે તેની કોમ સમુદ્રનો કોળીયો બની ગઈ. فَاَغْرَقْنٰهُمْ فِى الْيَمِّ بِاَنَّهُمْ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَكَانُوْا عَنْهَا غٰفِلِيْنَ.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૩૭ થી ૧૪૧)

وَاَوْرَثْنَا الْقَوْمَ الَّذِيْنَ كَانُوْا يُسْتَضْعَفُوْنَ مَشَارِقَ الْاَرْضِ وَمَغَارِبَهَا
الَّتِىْ بٰرَكْنَا فِيْهَا ۗ وَتَمَّتْ كَلِمَتُ رَبِّكَ الْحُسْنٰى عَلٰى بَنِىْٓ اِسْرَآءِيْلَ ۙ بِمَا صَبَرُوْا ۗ
وَدَمَّرْنَا مَا كَانَ يَصْنَعُ فِرْعَوْنُ وَقَوْمُهٗ وَمَا كَانُوْا يَعْرِشُوْنَ ﴿١٣٧﴾ وَجٰوَزْنَا بِبَنِىْٓ
اِسْرَآءِيْلَ الْبَحْرَ فَاَتَوْا عَلٰى قَوْمٍ يَّعْكُفُوْنَ عَلٰٓى اَصْنَامٍ لَّهُمْ ۚ قَالُوْا يٰمُوْسَى اجْعَلْ لَّنَآ
اِلٰهًا كَمَا لَهُمْ اٰلِهَةٌ ۗ قَالَ اِنَّكُمْ قَوْمٌ تَجْهَلُوْنَ ﴿١٣٨﴾ اِنَّ هٰٓؤُلَآءِ مُتَبَّرٌ مَّا هُمْ فِيْهِ
وَبٰطِلٌ مَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٣٩﴾ قَالَ اَغَيْرَ اللّٰهِ اَبْغِيْكُمْ اِلٰهًا وَّهُوَ فَضَّلَكُمْ عَلَى
الْعٰلَمِيْنَ ﴿١٤٠﴾ وَاِذْ اَنْجَيْنٰكُمْ مِّنْ اٰلِ فِرْعَوْنَ يَسُوْمُوْنَكُمْ سُوْٓءَ الْعَذَابِ ۚ يُقَتِّلُوْنَ
اَبْنَآءَكُمْ وَيَسْتَحْيُوْنَ نِسَآءَكُمْ ۗ وَفِىْ ذٰلِكُمْ بَلَآءٌ مِّنْ رَّبِّكُمْ عَظِيْمٌ ﴿١٤١﴾

તરજુમો :

અને અમે તે લોકોને આ જમીનના પૂર્વ અને પશ્ચિમના વારિસ કરી દીધા જેઓ કમજોર સમજવામાં આવતા હતા કે જેમાં અમે બરકત રાખી છે; અને તમારા પરવરદિગારનો ભલાઈનો વાયદો બની ઈસ્રાઈલ ઉપર પૂરો થઈ ગયો તેમના સબ્ર કરવાના કારણે; અને અમે ફિરઔન અને તેની કોમે જે કંઈ બનાવ્યું હતું ખરાબ કરી દીધું અને જે ઊંચું કરીને બનાવતા હતા. (૧૩૭) અને અમે બની ઈસ્રાઈલને દરિયા પાર ઉતારી દીધા તો એક કોમ ઉપર પહોંચ્યા જેઓ પોતાની મૂર્તિઓને પૂજવામાં લાગી રહ્યા હતા, કહેવા લાગ્યા; હે મૂસા (અલૈ.) ! અમારી ઈબાદત માટે પણ એક મૂર્તિ બનાવી દે જેવી તેમની મૂર્તિઓ છે; કહ્યું, તમે લોકો તો જહાલત કરો છો. (૧૩૮) આ લોકો; નિઃશંક ! તબાહ થનારી છે તે વસ્તુ જેમાં તેઓ લાગેલા છે અને ખોટું છે જે તેઓ કરી રહ્યા છે. (૧૩૯) કહ્યું, શું અલ્લાહના સિવાય તમારા માટે કોઈ બીજો મઅ્બૂદ શોધું જ્યારે કે તેણે તમને સર્વ જગત ઉપર શ્રેષ્ઠતા આપી ? (૧૪૦) અને તે સમય યાદ કરો જ્યારે અમે તમને ફિરઔનવાળાઓથી છુટકારો આપ્યો કે તમને બુરો (ક્રૂર) અઝાબ આપતા હતા કે તમારા દિકરાઓને મારી નાંખતા હતા અને તમારી ઓરતોને જીવતી રહેવા દેતા હતા અને એમાં તમારા પરવરદિગારની મોટી કસોટી (અહેસાન) છે. (૧૪૧)

તફસીર :

અને (ફિરઔન અને ફિરઔનવાળાઓને ડૂબાડીને) અમે તે લોકોને કે જેઓ બિલકુલ કમજોર સમજવામાં આવતા હતા (એટલે કે બની ઈસ્રાઈલ) તેમને પૂર્વ અને પશ્ચિમ (એટલે કે બધી જ સીમાઓ)ના માલિક બનાવી દીધા જેમાં અમે બરકત રાખી છે (દેખીતી બરકત વધારે ઉત્પાદન છે અને અદશ્ય બરકત ઘણા અંબિયા અલૈ. તેમની કોમમાંથી હોવાની તેમજ નબીઓનું એ જ દેશમાં રહેઠાણ તેમજ કબરોનું બનવું એ એમના માટે અદષ્ય બરકતોરૂપે શ્રેષ્ઠતા છે) અને તમારા પરવરદિગારનો સારો વાયદો બની ઈસ્રાઈલના હકમાં તેમના ધૈર્ય (સબ્ર) દાખવવાના કારણે પરિપૂર્ણ થઈ ગયો (જેનો હુકમ તેમને આપવામાં

આવ્યો હતો (اِصْبِــــــــــــرُوْا) અને અમે ફિરઔન અને તેની કોમના બનાવેલા કારખાનાઓને અને જે કંઈ તેઓ ઊંચી-ઊંચી ઇમારતો બનાવતા હતા તેનો નાશ કરી નાંખ્યો અને (જે સમુદ્રમાં ફિરઔનને ડૂબાડી દીધો) બની ઇસ્રાઈલને (તે જ) સમુદ્રમાંથી પાર ઉતારી દીધા (જેનો કિસ્સો સૂરએ શુઅ્રામાં છે) પછી (પાર ઊતર્યા પછી) તે લોકો એક કોમ પાસેથી પસાર થયા જે પોતાની અમુક મૂર્તિઓને વળગેલા હતા, (એટલે કે તેનો પૂજાપાઠ કરી રહ્યા હતા) કહેવા લાગ્યા, હે મૂસા (અલૈ.) ! અમારા માટે એક (મૂર્તિ સ્વરૂપનો) મઅ્બૂદ એવો જ નક્કી કરી આપ જેવો તેમનો આ મઅ્બૂદ છે; (હઝરત મૂસા અલૈ.એ) કહ્યું, ખરેખર તમારા લોકોમાં ઘણી અજ્ઞાનતા છે, આ લોકો જે કામમાં લાગ્યા છે (તે અલ્લાહ તરફથી પણ) તબાહ કરવામાં આવશે (જેમકે અલ્લાહની ટેવ હંમેશાથી રહી છે કે, સત્યને અસત્ય ઉપર વિજયી કરીને તેનો સર્વનાશ કરી નાંખે છે) અને તેમનું આ કામ માત્ર પાયા વિનાનું જ છે (કારણ કે, શિર્કનું અસત્ય હોવું સનાતન સત્ય છે અને જાહેર વાસ્તવિકતા છે અને) કહ્યું, શું અલ્લાહ તઆલા સિવાય કોઈ અન્યને તમારો મઅ્બૂદ બનાવી આપું ? જ્યારે કે તેણે તમને (અમુક નેઅ્મતોમાં) સમગ્ર દુનિયાવાળાઓ ઉપર શ્રેષ્ઠતા અર્પી છે અને (અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલૈ.ના નિવેદનના સમર્થન માટે ઇરશાદ ફરમાવ્યો કે) તે સમયને યાદ કરો જ્યારે અમે તમને ફિરઔનવાળાઓ(ના ત્રાસ અને પીડા)થી બચાવી લીધા જે તમને ઘણી કઠોર તકલીફો પહોંચાડતો હતો કે તમારા પુત્રોને (મોટા પ્રમાણમાં) કતલ કરી નાંખતો હતો અને તમારી સ્ત્રીઓને (પોતાની ગુલામી અને સેવા માટે) છોડી દેતો હતો અને એ (ઘટના)માં તમારા પરવરદિગાર તરફથી ઘણી મોટી કસોટી હતી.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં ફિરઔનની કોમની સતત બળવાખોરીનું અને અલ્લાહ તઆલા તરફથી તેમના ઉપર વિવિધ પ્રકારના અઝાબ દ્વારા ચેતવણી આપવાનું વર્ણન હતું. પ્રસ્તુત આયતોમાં તેના ખરાબ પરિણામ અને બની ઇસ્રાઈલના વિજય તથા તેમની સફળતાનું વર્ણન છે.

પ્રથમ આયતમાં ઇરશાદ છે, وَاَوْرَثْنَا الْقَوْمَ الَّذِيْنَ كَانُوْا يُسْتَضْعَفُوْنَ

مَشَارِقَ الْاَرْضِ وَمَغَارِبَهَا الَّتِىْ بٰرَكْنَا فِيْهَا એટલે કે, "જે કોમને કમજોર અને અશક્ત સમજવામાં આવતી હતી તેમને અમે પૃથ્વીના પૂર્વ અને પશ્ચિમના માલિક બનાવી દીધા જેમાં અમે બરકતો રાખી છે."

કુર્આનના શબ્દોમાં વિચાર કરો, એ નથી ફરમાવ્યું કે જે કોમ કમજોર અને અશક્ત હતી, બલકે એવું ફરમાવ્યું કે જેને ફિરઔનની કોમ કમજોર અને અશક્ત સમજતી હતી. ઈશારો એ તરફ છે કે, અલ્લાહ તઆલા જે કોમની સહાય અને મદદ કરે છે તે વાસ્તવમાં ક્યારેય કમજોર અથવા અપમાનિત નથી હોતી. ભલે કોઈ સમયે તેમની જાહેર પરિસ્થિતિના કારણે અન્ય લોકો ધોકો ખાઈ બેસે અને તેમને કમજોર સમજી બેસે, પરંતુ પરિણામે બધાને જાણ થઈ જાય છે કે તેઓ કમજોર અથવા અપમાનિત ન હતા. કારણ કે, વાસ્તવમાં શક્તિ અને ઈજ્જત અલ્લાહ તઆલા શા'નુહૂના જ કબજામાં છે. تُعِزُّ مَنْ تَشَآءُ وَتُذِلُّ مَنْ تَشَآءُ

અને જમીનના માલિક બનાવી આપવાના માટેનો શબ્દ اَوْرَثْنَا (અવરષ્ના) ઈરશાદ ફરમાવ્યો કે, "અમે તેમને વારસદાર બનાવી દીધા." તેમાં ઈશારો તે તરફ છે કે, જે પ્રમાણે વારસદાર જ પોતાના વારસાના માલનો હકદાર હોય છે, પિતાની હયાતીમાં જ દરેક વ્યક્તિ એવું જાણી લે છે કે, તેના માલ અને જાયદાદનો માલિક અંતે તેની અવલાદ છે અને આ જ પ્રમાણે અલ્લાહના ઈલ્મમાં બની ઈસ્રાઈલ પ્રથમથી જ ફિરઔનની કોમના પ્રદેશ અને માલની હકદાર હતી.

مَشَارِقْ (મશારિક) એ مَشْرِقْ (મશ્રિક)નું બહુવચન છે અને مَغَارِبْ (મગારિબ) એ مَغْرِبْ (મગરિબ)નું બહુવચન છે. ઠંડી–ગરમીની વિવિધ ઋતુઓમાં પૂર્વ અને પશ્ચિમના બદલાવના કારણે અત્રે બહુવચન શબ્દનો ઉપયોગ થયો છે અને જમીન (પ્રદેશ)નો ભાવાર્થ આ સ્થળે જમહૂર વિવરણકારોના નિવેદન પ્રમાણે સિરીયા અને ઈજિપ્ત (મિસ્ર)નો ભૂમિપ્રદેશ છે. જેના ઉપર અલ્લાહ તઆલાએ બની ઈસ્રાઈલને ફિરઔનની કોમ અને અમાલિકા કોમના સર્વનાશ પછી કબજો અને હુકૂમત અર્પણ કરી.

અને الَّتِىْ بٰرَكْنَا فِيْهَا દ્વારા એ બતાવી આપ્યું કે, આ પ્રદેશોમાં અલ્લાહ તઆલાએ વિશિષ્ટરૂપે પોતાની બરકતો ઉતારી છે. સિરીયાના પ્રદેશ વિશે કુર્આને કરીમમાં વિવિધ આયતોમાં તે બરકતવંતી હોવાનું વર્ણન થયું છે. الَّتِىْ بٰرَكْنَا فِيْهَا

માં તેનું જ વર્ણન છે. આ જ પ્રમાણે મિસ્ર (ઈજિપ્ત)ની ભૂમિ વિશે પણ બરકતો અને શ્રેષ્ઠતાઓ હોવાનું વર્ણન વિવિધ આયતોમાં થયું છે. વળી તેની પ્રત્યક્ષદર્શન દ્વારા સાબિતીઓ પણ જોવા મળે છે. હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.)એ ફરમાવ્યું કે, "મિસ્રની નાઈલ નદી سَيِّدُ الانْهَارِ (સય્યિદુલ્ અન્હાર) એટલે કે, નદીઓનો સરદાર છે" અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)એ ફરમાવ્યું કે, "બરકતોના દશ ભાગોમાંથી નવ મિસ્રમાં છે અને બાકીનો એક સમગ્ર જમીનમાં છે."

(બહ્રે મુહીત)

ખુલાસો એ છે કે, જે કોમને ઘમંડ અને સત્તાનો નશો ધરાવનાર લોકોએ પોતાની ટૂંકી દૃષ્ટિ દ્વારા અપમાનિત અને અશક્ત ધારી રાખી હતી, અમે તેમને જ આ ઘમંડીઓની દોલત, સલતનત, પ્રદેશ અને માલના માલિક બનાવીને બતાવી આપ્યું કે, અલ્લાહ તઆલા અને તેના રસૂલોના વાયદા સાચા હોય છે. ઈરશાદ ફરમાવ્યો, وَتَمَّتْ كَلِمَتُ رَبِّكَ الْحُسْنٰى عَلٰى بَنِىٓ اِسْرَآءِيْلَ એટલે કે, "તમારા પરવરદિગારનો સારો વાયદો બની ઈસ્રાઈલના હકમાં પરિપૂર્ણ થઈ ગયો."

આ સારા વાયદાનો ભાવાર્થ યા તો તે વાયદો છે જે હઝરત મૂસા (અલૈ.)એ પોતાની કોમને કર્યો હતો. عَسٰى رَبُّكُمْ اَنْ يُّهْلِكَ عَدُوَّكُمْ وَيَسْتَخْلِفَكُمْ فِى الْاَرْضِ એટલે કે, "નિકટ છે કે, તમારો પરવરદિગાર તમારા દુશ્મનનો નાશ કરી નાંખે અને તેમની જમીનના તમને માલિક બનાવી દે" અથવા તો એ વાયદો છે જે કુર્આને કરીમમાં અન્ય સ્થળે પોતે અલ્લાહ તઆલાએ બની ઈસ્રાઈલ વિશે ફરમાવ્યો છે.

وَنُرِيْدُ اَنْ نَّمُنَّ عَلَى الَّذِيْنَ اسْتُضْعِفُوْا فِى الْاَرْضِ وَنَجْعَلَهُمْ اَئِمَّةً وَّنَجْعَلَهُمُ الْوٰرِثِيْنَ وَنُمَكِّنَ لَهُمْ فِى الْاَرْضِ وَنُرِىَ فِرْعَوْنَ وَهَامٰنَ وَجُنُوْدَهُمَا مِنْهُمْ مَّا كَانُوْا يَحْذَرُوْنَ

એટલે કે, અમે એવું ઈચ્છીએ છીએ કે આ કોમ ઉપર અહેસાન કરીએ જેમને તેમના પ્રદેશમાં અશક્ત અને અપમાનિત સમજવામાં આવે છે અને તેમને જ સરદાર અને સત્તાધીશ બનાવી આપીએ અને તેમને જ જમીનના વારસદાર ઠરાવી આપીએ અને તે જમીન ઉપર ભોગવટો કરવાનો અધિકાર આપી દઈએ તથા ફિરઔન તથા હામાન અને તેમના લશ્કરોને તે વસ્તુ ઉપસ્થિત કરીને બતાવી

આપીએ જેના ડરથી તે મૂસા (અલૈ.) વિરુદ્ધ પ્રકાર-પ્રકારની યુક્તિઓ પ્રયુક્તિઓ કરી રહ્યા છે. (૨૮ : ૫)

વાસ્તવિકતા એ છે કે, આ બંને ફાયદાઓ એક જ છે. અલ્લાહ તઆલાના વાયદાની બીનાએ હઝરત મૂસા (અલૈ.)એ પોતાની કોમને વાયદો કર્યો હતો. આ આયતમાં તે વાયદાનું પરિપૂર્ણ થવું تَمَّتْ(તમ્મત) શબ્દ વડે વર્ણન કરવામાં આવ્યું. કારણ કે, વાયદાની પરિપૂર્ણતા અને સંપૂર્ણતા તે જ વખતે થાય છે જ્યારે કે તે પૂરો થઈ જાય.

એની સાથે જ બની ઈસ્રાઈલ ઉપર તે ઈનામો અને અહેસાનોનું કારણ પણ વર્ણન કરવામાં આવ્યું, بِمَا صَبَرُوْا (બિમા સબરૂ) એટલે "આ કારણથી કે તે લોકોએ અલ્લાહના માર્ગમાં તકલીફો સહન કરી અને તેના ઉપર અડગ રહ્યા."

તેમાં ઈશારો કરવામાં આવ્યો છે કે, અમારું આ અહેસાન અને ઈનામ કંઈ બની ઈસ્રાઈલની સાથે જ વિશેષરૂપે ન હતું બલકે, તેમના ધૈર્ય (સબ્ર) અને મક્કમ રહેવાના અમલનું પરિણામ હતું. જે વ્યક્તિ અથવા જે કોમ આવો અમલ અપનાવે છે અમારું ઈનામ દરેક સ્થળે દરેક સમયે તેમના માટે મોજૂદ છે.

فضائے بدر پیدا کر فرشتے تیری نصرت کو اتر سکتے ہیں گردوں سے قطار اندر قطار اب بھی

ગઝવએ બદ્ર જેવું વાતાવરણ (સબ્ર, હિંમત, તવક્કુલ, નમાઝ, દુઆ વગેરે) ઊભું કરો,
ફરિશ્તા તમારી મદદના માટે ઊતરશે આસમાન ઉપરથી કુમકરૂપે હારબંધ !

હઝરત મૂસા (અલૈ.)એ જ્યારે પોતાની કોમને અલ્લાહની મદદનો વાયદો કર્યો હતો, તે સમયે પણ તેમણે કોમને એ જ બતાવ્યું હતું કે, અલ્લાહ તઆલા પાસે મદદ માંગો અને મુસીબતો તથા આફતોનો મક્કમ નિર્ધાર વડે મુકાબલો કરવામાં જ સફળતાનું રહસ્ય છુપાયેલું છે.

હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે, "આ આયતમાં ઈરશાદ જોવા મળે છે કે જ્યારે મનુષ્યનો મુકાબલો કોઈ એવા વ્યક્તિ અથવા સમૂહ સાથે હોય જેનો પ્રતિકાર કરવો તેની શક્તિમાં ન હોય ત્યારે એવા સમયે સફળતા અને કામિયાબીની સાચી રીત આ જ છે કે મુકાબલો ન કરે, બલકે સબ્ર કરે." તેમણે ફરમાવ્યું કે, "જ્યારે કોઈ વ્યક્તિ કોઈની પીડા અને ત્રાસનો મુકાબલો તેને પીડા

અને ત્રાસ આપીને કરવા ઈચ્છે છે એટલે કે, પોતાનો બદલો પોતે લેવાની ચિંતા કરે છે તો અલ્લાહ તઆલા તેને તેના જ હવાલે કરી આપે છે, સફળ થાય કે નિષ્ફળ અને જ્યારે કોઈ વ્યક્તિ લોકોની પીડા અને ત્રાસનો મુકાબલો સબ્ર અને અલ્લાહની મદદની રાહ જોઈને કરે છે તો અલ્લાહ તઆલા પોતે તેના માટે માર્ગો ખોલી નાંખે છે."

જે પ્રમાણે અલ્લાહ તઆલાએ બની ઈસ્રાઈલને સબ્ર અને મક્કમ રહેવા ઉપર એ વાયદો ફરમાવ્યો હતો કે, તેમને દુશ્મન ઉપર વિજય પ્રાપ્ત થશે અને પૃથ્વી ઉપર સત્તા અર્પણ કરવામાં આવશે. એ જ પ્રમાણે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની ઉમ્મતને પણ આ વાયદો કરવામાં આવ્યો છે, જે સૂરએ નૂરમાં આવ્યો છે. وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ وَعَمِلُوا الصّٰلِحٰتِ لَيَسْتَخْلِفَنَّهُمْ فِى الْاَرْضِ "અલ્લાહે તે લોકોથી વાયદો કરી લીધો જેઓ તમારામાં ઈમાન લાવ્યા છે અને તેમણે નેક કામ કર્યા છે, અલબત્ત તેમને પછી પ્રદેશમાં સત્તા આપશે, જેમકે તેમનાથી આગલાઓને સત્તા આપી હતી." (૨૪:૫૫) અને જે પ્રમાણે બની ઈસ્રાઈલે અલ્લાહના વાયદાનો જાત અનુભવ કરી લીધો હતો, ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺએ પણ તેનાથી વધારે સ્પષ્ટ રીતે અલ્લાહ તઆલાની મદદનો જાત અનુભવ કરીને સમગ્ર પૃથ્વી ઉપર પોતાની સત્તા અને હુકૂમત કાયમ કરી. *(રૂહુલ બયાન)*

અહીંયાં એવી શંકા કરવામાં ન આવે કે, બની ઈસ્રાઈલે તો સબ્ર (ધીરજ)થી કામ ન લીધું બલકે, જ્યારે હઝરત મૂસા (અલૈ.)એ તેમને સબ્રની તાકીદ કરી ત્યારે તેઓ ગુસ્સે થઈને કહેવા લાગ્યા, اُوْذِيْنَا (ઊઝીના) કારણ એ છે કે, પ્રથમ તો ફિરઔનની પીડા અને ત્રાસના મુકાબલામાં તેમનું ઈમાન ઉપર સતત મક્કમ અને અડીખમ રહેવું સાબિત થઈ ચૂક્યું છે. જો એકાદ વખતે શિકાયતના શબ્દ મોઢેથી નીકળી પણ ગયા તો તેને ધ્યાને લેવામાં નહીં આવે. બીજું એ પણ શક્ય છે કે, બની ઈસ્રાઈલનું આ નિવેદન ફરિયાદ સ્વરૂપે ન પણ હોય બલકે, રંજ–ગમ અને દિલગીરી વ્યક્ત કરવા માટે પણ હોય.

પ્રસ્તુત આયતમાં ત્યાર પછી ફરમાવ્યું, وَدَمَّرْنَا مَا كَانَ يَصْنَعُ فِرْعَوْنُ وَقَوْمُهٗ وَمَا كَانُوْا يَعْرِشُوْنَ એટલે કે, "અમે તબાહ–બરબાદ કરી દીધી તે બધી વસ્તુઓને જે ફિરઔન અને તેની કોમ બનાવ્યા કરતી હતી અને તે ઈમારતો અથવા વૃક્ષોને જેને તેઓ ઊંચા કર્યા કરતા હતા." ફિરઔન અને ફિરઔનની

કોમની બનાવેલી વસ્તુઓમાં તેમના મકાનો, ઈમારતો અને ઘરવપરાશનો જરૂરી સરસામાન વળી તે વિવિધ પ્રકારની યુક્તિઓ કે જે તેઓ હઝરત મૂસા (અલૈ.)ના મુકાબલા માટે કરતા હતા બધું જ સામેલ છે અને وَمَا كَانُوْا يَعْرِشُوْنَ એટલે કે, "જેને તેઓ ઊંચા કર્યા કરતા હતા" તેમાં ઊંચા-ઊંચા મહેલો અને મકાનો પણ સામેલ છે તથા ઊંચા વૃક્ષો અને તે દ્રાક્ષના વેલાઓ પણ કે જેને તેઓ માંડવાઓ ઉપર ચઢાવ્યા કરતા હતા.

અહીંયાં સુધી ફિરઔનની કોમની તબાહી અને તેના નાશનું વર્ણન હતું. આગળ બની ઈસ્રાઈલના વિજય અને સફળતા પછી તેમની બળવાખોરી, અજ્ઞાનતા અને નાદાનીનું વર્ણન શરૂ થાય છે કે, જે તેમણે અલ્લાહ તઆલાની અસંખ્ય નેઅ્મતોનો પ્રત્યક્ષ અનુભવ કર્યા છતાં કરી. જેનો હેતુ રસૂલે કરીમ ﷺને દિલાસો આપવાનો હતો કે, અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.)એ પોતાની ઉમ્મતના હાથે કેવી-કેવી તકલીફો ઉઠાવી છે તેને નજર સમક્ષ રાખવાથી ઉપસ્થિત બળવાખોરોની પીડા અને ત્રાસ હળવો થઈ જશે.

وَجَاوَزْنَا بِبَنِيْٓ اِسْرَآئِيْلَ الْبَحْرَ એટલે કે, "અમે બની ઈસ્રાઈલને સમુદ્રપાર ઉતારી દીધા." બની ઈસ્રાઈલને ફિરઔનની કોમના મુકાબલામાં ચમત્કારિક સફળતા પ્રાપ્ત થઈ અને સંતોષ મળ્યો ત્યારે તેમનામાં પણ તે જ અસર શરૂ થઈ જે સામાન્ય રીતે કોમોને ખુશહાલી, રાહત, ઈજ્જત તથા દોલત મળવાથી થાય છે કે, તેમનામાં અજ્ઞાનતાપૂર્ણ બાબતોનું ચલણ પેદા થવાનું શરૂ થયું.

ઘટના એમ બની કે આ કોમ હજુ હમણા જ હઝરત મૂસા (અલૈ.)ની પ્રતિષ્ઠા અને સન્માનની સાથે-સાથે જ સમુદ્રપાર ઊતરી હતી અને સમગ્ર ફિરઔનની કોમનો સમુદ્રમાં ડૂબવાનો તમાશો પોતાની આંખોથી જોઈને થોડાક જ આગળ વધ્યા અને એક કબીલા પાસેથી પસાર થયા જે વિવિધ પ્રકારની મૂર્તિઓના પૂજાપાઠમાં રાચેલા હતા. અમુક બની ઈસ્રાઈલને તેમની જ રીતભાત પસંદ પડવા લાગી અને હઝરત મૂસા (અલૈ.)ને ભલામણ કરવા લાગ્યા કે, આ લોકોના ઘણા બધા મઅ્બૂદ છે, તમે અમારા માટે પણ કોઈ એવો મઅ્બૂદ બનાવી આપો કે અમે પણ કોઈ અનુભવી શકાય તેવી વસ્તુને સામે રાખીને ઈબાદત કર્યા કરીએ. અલ્લાહની તઆલાની જાત તો અમારી નજર સમક્ષ નથી.

હઝરત મૂસા (અલૈ.)એ ફરમાવ્યું, اِنَّكُمْ قَوْمٌ تَجْهَلُوْنَ એટલે કે, "તમારામાં ઘણી અજ્ઞાનતા છે." આ લોકો જેમની રીતભાત તમને પસંદ પડી છે તેમના બધા અમલો વ્યર્થ અને બરબાદ થઈ જવાના છે. તેઓ ખોટી બાબતનું અનુસરણ કરી રહ્યા છે, તમારે તેનાથી લાલચમાં ન પડવું જોઈએ. "શું હું તમારા માટે અલ્લાહ સિવાય કોઈ અન્યને મઅ્બૂદ બનાવું ? જફારે કે, અલ્લાહ તઆલાએ જ તમને સમગ્ર દુનિયાવાળાઓ ઉપર શ્રેષ્ઠતા બખ્શી છે." અત્રે તે સમયના ઉપસ્થિત દુનિયાવાળાઓ ઉપર તે શ્રેષ્ઠતા હોવાનું વર્ણન છે કે, તે સમયે હઝરત મૂસા (અલૈ.) ઉપર ઈમાન લાવનારા જ બીજા બધા લોકો કરતા શ્રેષ્ઠ અને ઉચ્ચતા ભોગવતા હતા.

ત્યારબાદ બની ઈસ્રાઈલને તેમનો ભૂતકાળ યાદ અપાવ્યો કે, તેઓ ફિરઔનના હાથોમાં એવા મજબૂર અને લાચાર હતા કે, તેમના પુત્રોની હત્યા કરી નાંખવામાં આવતી હતી. ફક્ત પુત્રીઓને પોતાની સેવા માટે તેઓ રાખી લેતા હતા. અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અલૈ.)ની બરકત અને દુઆના કારણે તેમને આ અઝાબમાંથી મુક્તિ અપાવી. શું આ અહેસાનનો બદલો એ હોવો જોઈએ કે તમે તે જ રબ્બુલ આલમીન સાથે દુનિયાના તુચ્છ પથ્થરોને ભાગીદાર બનાવો ? આ કેવો ક્રૂર અત્યાચાર છે ! તેનાથી તવબહ કરો.

આયત : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૪૨)

وَوٰعَدْنَا مُوْسٰى ثَلٰثِيْنَ لَيْلَةً وَّاَتْمَمْنٰهَا بِعَشْرٍ فَتَمَّ مِيْقَاتُ رَبِّهٖٓ اَرْبَعِيْنَ لَيْلَةً
وَقَالَ مُوْسٰى لِاَخِيْهِ هٰرُوْنَ اخْلُفْنِيْ فِيْ قَوْمِيْ وَاَصْلِحْ وَلَا تَتَّبِعْ سَبِيْلَ الْمُفْسِدِيْنَ ﴿١٤٢﴾

તરજુમો :

અને અમે મૂસા (અલૈ.)ને ત્રીસ રાત્રિનો વાયદો કર્યો અને તેને બીજા દશથી પૂરો કર્યો, બસ તમારા પરવરદિગારની મુદ્દત પૂરી થઈ ગઈ ચાલીસ રાત્રિ; અને મૂસા (અલૈ.)એ પોતાના ભાઈ હારૂન (અલૈ.)ને કહ્યું કે મારી કોમમાં મારા ખલીફા (નાયબ) રહો અને સુધારણા કરતા રહેજો અને ફસાદખોરોના માર્ગે ન ચાલજો. (૧૪૨)

તફસીર :

અને (જ્યારે બની ઈસ્રાઈલ બધી પરેશાનીઓ દૂર થવાથી સંતોષિત થઈ ગયા તો પછી હઝરત મૂસા અલૈ.ને દરખાસ્ત કરી કે, હવે અમને કોઈ શરીઅત મળી જાય તો અમે તેના ઉપર સંતોષપૂર્વક અમલ કરીએ, હઝરત મૂસા અલૈ.એ અલ્લાહ તઆલાને દરખાસ્ત કરી, અલ્લાહ તઆલા એ ઘટના વર્ણન કરે છે કે) અમે (હઝરત) મૂસા (અલૈ.)ને ત્રીસ રાતોનો વાયદો કર્યો (કે તૂર પર્વત ઉપર આવીને એઅ્તિકાફ કરે તો તમને શરીઅત અને કિતાબ તવરાત આપવામાં આવશે) અને દશ રાતો વધારી તે મુદ્દત પૂર્ણ કરી (એટલે કે તવરાત આપીને તેમાં દશ રાતો ઈબાદત માટે વધારી આપી, જેનું વર્ણન સૂરએ બકરહમાં આવી ચૂક્યું છે), આ પ્રમાણે તેમના પરવરદિગારનો (નિશ્ચિત કરેલ) સમય (બધો મળીને) સંપૂર્ણ ચાલીસ રાત્રિઓ થઈ ગઈ અને (હઝરત) મૂસા (અલૈ.)એ (તૂર પહાડ ઉપર જતી વખતે) પોતાના ભાઈ (હઝરત) હારૂન (અલૈ.)ને કહી આપ્યું હતું કે મારા પછી આ લોકોની વ્યવસ્થા સંભાળજો અને સુધારણા કરતા રહેજો અને અવ્યવસ્થા સર્જનાર લોકોના માર્ગ ઉપર અમલ કરશો નહીં.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં હઝરત મૂસા (અલૈ.) અને બની ઈસ્રાઈલની તે ઘટનાનું વર્ણન થયું છે જે ફિરઔનના ડૂબી જવા પછી બની ઈસ્રાઈલના સંતોષિત થયા બાદ ઘટી હતી, બની ઈસ્રાઈલે હઝરત મૂસા (અલૈ.)ને દરખાસ્ત કરી કે હવે અમને કોઈ કિતાબ અને શરીઅત મળે તો અમે નચિંત થઈને તેના ઉપર અમલ કરીએ. હઝરત મૂસા (અલૈ.)એ અલ્લાહ તઆલા પાસે દુઆ માંગી.

તેમાં શબ્દ وَٰعَدۡنَا (વવાઅદ્ના) શબ્દ એ وَعۡدَةً (વઅ્દહ)થી બન્યો છે અને "વઅ્દહ"ની હકીકત એ છે કે, કોઈને લાભ પહોંચાડવા માટે પ્રથમથી જ તેની જાહેરાત કરી આપવી કે અમે તમારા માટે ફલાણું કાર્ય કરીશું.

આ મોકા ઉપર અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અલૈ.) ઉપર પોતાનું કલામ નાઝિલ કરવાનો વાયદો કર્યો અને તેના માટે એ શરત લગાવી કે, ત્રીસ રાત્રિ તૂર પર્વત ઉપર એઅ્તિકાફ અને અલ્લાહના ઝિક્રમાં પસાર કરો અને પછી તે ત્રીસ ઉપર અન્ય દશ રાત્રિઓનો વધારો કરીને ચાલીસ કરી દેવામાં આવી.

શબ્દ وَوٰعَدْنَا (વવાઅદ્ના)નો મૂળ અર્થ "બંને પક્ષે વાયદો અને કરાર કરવા"નો પણ થાય છે. અહીંયાં પણ અલ્લાહ જલ્લ શા'નુહૂ તરફથી તવરાત અર્પણ કરવાનો વાયદો કરવામાં આવ્યો હતો અને હઝરત મૂસા (અલૈ.) તરફથી ત્રીસ–ચાલીસ રાત્રિના એઅ્તિકાફનો. એટલા માટે وَعَدْنَا (વઅદ્ના)ના બદલે وَوٰعَدْنَا (વવાઅદ્ના) ફરમાવવામાં આવ્યું.

આ આયતમાં અમુક મસ્અલાઓ અને હુકમો વિચાર કરવાપાત્ર છે.

પ્રથમ એ કે, જ્યારે અલ્લાહ તઆલાને મંજૂર જ એ હતું કે, એઅ્તિકાફ ચાલીસ રાત્રિઓનો કરવામાં આવે તો પ્રથમ ત્રીસ અને પાછળથી દશનો વધારો કરીને ચાલીસ કરવામાં શું હિકમત હતી ? પ્રથમથી જ ચાલીસ રાત્રિઓના એઅ્તિકાફનો હુકમ આપી દેવામાં શું વાંધો હતો ? બસ, અલ્લાહ તઆલાની બધી જ હિકમતોને જાણી લેવી આપણા માટે જરૂરી નથી. જો કે, અમુક હિકમતો ઉલમાએ વર્ણન કરી છે.

તફસીરે રૂહુલ બયાનમાં છે કે, તેમાં એક હિકમત ક્રમ અને સરળતાની છે કે કોઈ કામ કોઈના માથે સોંપવામાં આવે ત્યારે પ્રથમથી જ કામના વધારે પ્રમાણનું ભારણ તેના ઉપર નાંખવામાં ન આવે, જેથી તે સરળતાથી સહન કરે, પછી વધારે કામ આપવામાં આવે.

તફસીરે કુર્તુબીમાં છે કે, આ પદ્ધતિમાં સત્તાધિકારી અને ઉલૂલઅમ્ર (શાસક)ને એ વાતનું શિક્ષણ આપવાનો હેતુ છે કે, જો કોઈને કોઈ કાર્ય એક નિશ્ચિત સમયમાં પૂર્ણ કરવાનો હુકમ આપવામાં આવે અને તે તેની નિશ્ચિત સમયમર્યાદામાં તેને પૂર્ણ ન કરી શકે તો તેને વધારે મહોલત આપવામાં આવે. જેમકે, હઝરત મૂસા (અલૈ.)ની ઘટનામાં બન્યું કે ત્રીસ રાત્રિઓ પૂરી કર્યા પછી જે પરિસ્થિતિ પ્રાપ્ત કરવાનો હેતુ હતો તે પૂર્ણ ન થઈ એટલા માટે દશ રાત્રિઓનો વધારો કરવામાં આવ્યો. કારણ કે, તે દશ રાત્રિઓના વધારાનો જે કિસ્સો વિવરણકારોએ વર્ણન કર્યો છે તે એ છે કે, ત્રીસ રાત્રિઓના એઅ્તિકાફમાં હઝરત મૂસા (અલૈ.)એ કાયદા મુજબ ત્રીસ રોઝા પણ સતત રાખ્યા, વચ્ચે ઈફતાર ન કર્યો, ત્રીસમો રોઝો પૂરો કર્યા પછી ઈફતાર કરીને નક્કી સ્થળે તૂર પર્વત ઉપર હાજર થયા ત્યારે અલ્લાહ તઆલા તરફથી ઈરશાદ થયો કે,

રોઝેદારના મોઢામાંથી ખાલી પેટ હોવાથી એક પ્રકારની જે વાસ પેદા થાય છે તે અલ્લાહ તઆલાને ખૂબ પસંદ છે. હઝરત મૂસા (અલૈ.)એ ઈફતાર પછી દાંતણ કરીને તે વાસ દૂર કરી દીધી હતી એટલા માટે વધારે દશ રોઝા રખાવ્યા, જેથી તે વાસ ફરી પેદા થઈ જાય.

અને અમુક તફસીરોની રિવાયતોમાં આ સ્થળે એ નકલ થયું છે કે, ત્રીસમાં રોઝા પછી હઝરત મૂસા (અલૈ.)એ દાંતણ કરી લીધું હતું જેના કારણે તે રોઝાની વાસ દૂર થઈ ગઈ હતી. આ વર્ણનથી તે વાત ઉપર દલીલ નથી લાવી શકાતી કે, રોઝાદાર માટે દાંતણ કરવું મકરૂહ છે અથવા તેની મનાઈ કરવામાં આવી છે, કારણ કે પ્રથમ તો આ રિવાયતની કોઈ સનદ ઉપસ્થિત નથી, બીજું એવું પણ હોઈ શકે છે કે, આ હુકમ માત્ર હઝરત મૂસા (અલૈ.) માટે વ્યક્તિગત રીતે હોય, સામાન્ય લોકો માટે ન હોય અથવા તો હઝરત મૂસા (અલૈ.)ની શરીઅતમાં જ તે હુકમ સૌના માટે હોય કે રોઝાની હાલતમાં દાંતણ ન કરવામાં આવે. પરંતુ શરીઅતે મુહમ્મદિય્યહ ﷺમાં તો રોઝાની હાલતમાં દાંતણ કરવાનો રિવાજ હદીષથી પણ સાબિત છે, જેને બયહકીએ હઝરત આયશા સિદ્દીકા (રદિયલ્લાહુ તઆલા અન્હા)થી નકલ કર્યો છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, خَيْرُ خِصَالِ الصَّائِمِ السِّوَاكُ એટલે કે, "રોઝદારનો શ્રેષ્ઠ અમલ "મિસ્વાક" (દાંતણ કરવું) છે." આ રિવાયતને "જામેઅ્ સગીર"માં વર્ણન કરીને "હસન" (પ્રમાણભૂત) કહી છે.

ખુલાસો :

આ રિવાયત ઉપર એક સવાલ એ થાય છે કે, હઝરત મૂસા (અલૈ.) જ્યારે હઝરત ખિજર (અલૈ.)ને શોધવા માટે મુસાફરી કરી રહ્યા હતા તો અડધા દિવસની ભૂખની પણ તેમનાથી સબ્ર ન થઈ શકી અને પોતાના સાથીને ફરમાવવા લાગ્યા, اٰتِنَا غَدَآءَنَا لَقَدْ لَقِيْنَا مِنْ سَفَرِنَا هٰذَا نَصَبًا એટલે કે, "અમારો નાસ્તો લાવો, કારણ કે આ મુસાફરીએ આપણને થકવી નાંખ્યા." અને તૂર પર્વત ઉપર સતત ત્રીસ રોઝા એ પ્રમાણે રાખ્યા કે રાત્રે પણ ઈફતાર ન કર્યો, આ આશ્ચર્યજનક બાબત છે.

તફસીરે રૂહુલ બયાનમાં છે કે, આ તફાવત તે બંને મુસાફરીઓના

પ્રકારના કારણે હતો. પ્રથમ મુસાફરી મખ્લૂક (અલ્લાહના સર્જન)ની મખ્લૂક સાથે મખ્લૂકને શોધવા માટે હતી અને કોહે તૂરની મુસાફરી મખ્લૂકથી અલગ થઈને એકમાત્ર અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની શોધ માટે છે. તેનો પ્રભાવ એ જ હોવો જોઈતો હતો કે, બધી જ માનવીય જરૂરિયાતો અને તકાદાઓ ગૌણ થઈ ગયા. ખાવા-પીવાની આવશ્યકતા એટલી ઘટી ગઈ કે ત્રીસ દિવસો સુધી કોઈ તકલીફની અનુભૂતિ સુદ્ધાં ન થઈ.

ઇબાદતોમાં માત્ર ચંદ્ર આધારિત કેલૅન્ડર પ્રમાણિત છે, દુનિયવી વ્યવહારોમાં સૂર્ય આધારિત કેલૅન્ડરનો ઉપયોગ કરી શકાય છે :

એક અન્ય મસ્અલો આ આયતથી એ સાબિત થયો કે, અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં તારીખનો હિસાબ-કિતાબ રાત્રિથી થાય છે. કારણ કે, આ આયતમાં પણ ત્રીસ દિવસના બદલે ત્રીસ રાતોનું વર્ણન કર્યું છે. આથી અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં મહિનાઓ ચંદ્ર આધારિત કેલૅન્ડરો પ્રમાણે જ પ્રમાણિત હોય છે અને ચંદ્ર આધારિત મહિનાની શરૂઆત ચાંદ જોયા પછી જ થાય છે અને તે રાત્રે જ હોઈ શકે છે. એટલા માટે આ મહિનાઓ રાત્રિથી જ શરૂ થાય છે અને તેની દરેક તારીખ સૂર્ય આથમવાથી શરૂ થાય છે. જેટલા પણ આકાશી ધર્મો છે તે બધાનો હિસાબ આ જ પ્રમાણે ચંદ્ર આધારિત મહિનાઓથી અને તારીખની શરૂઆત સૂર્ય આથમવાના આધારે કરવામાં આવે છે.

કુર્તુબીએ ઈબ્ને અરબીના હવાલાથી નકલ કર્યું છે,

حِسَابُ الشَّمْسِ لِلْمَنَافِعِ وَحِسَابُ الْقَمَرِ لِلْمَنَاسِكِ એટલે કે, "સૂર્યનો હિસાબ દુનિયવી લાભ માટે છે અને ચંદ્રનો હિસાબ ઈબાદતની પરિપૂર્ણતા માટે."

આ ત્રીસ રાત્રિઓ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ની તફસીર પ્રમાણે જિલ્કઅ્દહની ત્રીસ રાત્રિઓ હતી અને પછી તેના ઉપર દશ રાતો જિલ્હજ્જાની વધારી દેવામાં આવી. એનાથી જાણ થાય છે કે, તવરાતની અર્પણવિધી હઝરત મૂસા (અલૈ.)ને "યવમુન્નહર" એટલે કે, "ઈદુલ અદ્હા"ના દિવસે થઈ.

(કુર્તુબી)

એક મસ્અલો :

વ્યક્તિની સુધારણામાં ચાલીસ દિવસ-રાતની ખાસ દખલગીરી છે :

આ આયતના ઈશારાથી એ પણ જાણ થઈ કે, ચાલીસ રાતોને માણસની માનસિક પરિસ્થિતિની સુધારણામાં કોઈ ખાસ દખલગીરી છે, જેમકે એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે, "જે વ્યક્તિ ચાલીસ દિવસ ઈખ્લાસ સાથે અલ્લાહ તઆલાની ઈબાદત કરે તો અલ્લાહ તઆલા તેના હૃદયમાંથી હિકમતના ઝરણા વહાવે છે." *(રૂહુલ બયાન)*

મનુષ્યને પોતાના બધા કાર્યોમાં ક્રમ અને ધીરજની તા'લીમ :

આ આયતથી સાબિત થાય છે કે, મહત્ત્વના કાર્યો માટે એક ખાસ નિશ્ચિત સમયમર્યાદા નક્કી કરવી તથા સરળતાથી ક્રમબદ્ધ સાતત્યથી તેને પૂર્ણ કરવું અલ્લાહની સુન્નત છે, ઉતાવળ અથવા ઝડપ અલ્લાહ તઆલાને પસંદ નથી.

સૌ પ્રથમ પોતે અલ્લાહ તઆલાએ પોતાના કાર્ય એટલે કે, વિશ્વની ઉત્પત્તિ માટે એક નિશ્ચિત સમય મર્યાદા છ દિવસની નક્કી કરીને આ સિદ્ધાંત સ્થાપિત કર્યો છે. જ્યારે કે, અલ્લાહ તઆલાને આસમાન, પૃથ્વી અને સમગ્ર વિશ્વને પેદા કરવા માટે એક ક્ષણની પણ આવશ્યકતા નથી. જ્યારે તે કોઈ વસ્તુને પેદા કરવા માટે હુકમ કરે છે કે, "થઈ જા" તો તે થઈ જાય છે, પરંતુ આ ખાસ કાર્યપદ્ધતિમાં મખ્લૂકને એ માર્ગદર્શન આપવાનું હતું કે, પોતાના કાર્યો ચિંતન, મનન અને ક્રમ જાળવી રાખી પૂર્ણ કરવામાં આવે. એ જ પ્રમાણે હઝરત મૂસા (અલૈ.)ને તવરાત અર્પણ કરવામાં આવી તો તેના માટે પણ એક નિશ્ચિત સમય મર્યાદા નક્કી કરવામાં આવી અને તેમાં આ જ સિદ્ધાંતની તા'લીમ આપવામાં આવી છે. *(કુર્તુબી)*

અને આ જ તે સિદ્ધાંત હતો જેને ઉપેક્ષિત કરવો બની ઈસ્રાઈલની ગુમરાહીનું કારણ બન્યું, કારણ કે હઝરત મૂસા (અલૈ.) અલ્લાહ તઆલાના પાછલા હુકમ પ્રમાણે પોતાની કોમને એવું કહીને ગયા હતા કે, હું ત્રીસ દિવસ માટે જઈ રહ્યો છું; અહીંયાં જ્યારે દશ દિવસનો સમય વધી ગયો તો પોતાની ઉતાવળના કારણે તેઓ એવું કહેવા લાગ્યા કે, હઝરત મૂસા (અલૈ.) તો ક્યાંક ખોવાઈ ગયા, હવે આપણે કોઈ બીજો આગેવાન બનાવી લઈએ. તેનું પરિણામ

એ આવ્યું કે, "સામિરી"ના દાવમાં ફસાઈને વાછરડાની પૂજા કરવાનું શરૂ કરી દીધું. ચિંતન તથા મનન કરીને તેઓ જો પોતાના કાર્યોમાં ધીરજ અને ક્રમ જાળવી રાખવાની ટેવ ધરાવતા હોત તો આવી નોબત ન આવી હોત. *(કુર્તુબી)*

આયતના બીજા વાક્યમાં ઈરશાદ છે, وَقَالَ مُوسَىٰ لِأَخِيهِ هَٰرُونَ اخْلُفْنِي فِي قَوْمِي وَأَصْلِحْ وَلَا تَتَّبِعْ سَبِيلَ الْمُفْسِدِينَ આ વાક્યમાંથી પણ અમુક મસ્અલાઓ અને હુકમો નીકળે છે.

આવશ્યકતાના સમયે કોઈ વ્યવસ્થાપકને પોતાનો નાયબ બનાવવો જોઈએ :

પ્રથમ બાબત એ કે, જ્યારે હઝરત મૂસા (અલૈ.)એ જ્યારે અલ્લાહ તઆલાના વાયદા પ્રમાણે તૂર પર્વત ઉપર જઈને એઅ્તિકાફનો ઈરાદો કર્યો, ત્યારે પોતાના સાથી હઝરત હારૂન (અલૈ.)ને કહ્યું, اُخْلُفْنِيْ فِيْ قَوْمِيْ એટલે કે, "મારા પછી તમે આપણી કોમમાં મારા નાયબનો ફરજ અદા કરજો." એનાથી સાબિત થાય છે કે, જે વ્યક્તિ કોઈ કાર્યનો જિમ્મેદાર છે તે જો કોઈ આવશ્યકતા પડવાથી કોઈ સ્થળે જાય તો તેના માટે જરૂરી છે કે તે કાર્યની કોઈ યોગ્ય વ્યવસ્થા કરીને જાય.

વળી એ પણ સાબિત થયું કે, હુકૂમતના જવાબદાર લોકો જ્યારે કોઈ સ્થળે મુસાફરી કરે ત્યારે પોતાના નાયબ અને ખલીફાને નક્કી કરીને જાય.

રસૂલે કરીમ ﷺની સામાન્ય ટેવ એ જ હતી કે, જ્યારે કોઈ સમયે મદીનાથી બહાર જતા તો કોઈ વ્યક્તિને ખલીફા બનાવીને જતા હતા. એક વખતે હઝરત અલી (રદિ.)ને ખલીફા બનાવ્યા, એક વખતે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મક્તુમને ખલીફા બનાવ્યા. એ જ પ્રમાણે વિવિધ મોકાઓ ઉપર વિવિધ સહાબા (રદિ.)ને મદીનામાં ખલીફા (નાયબ) બનાવીને મદીનાની બહાર તશરીફ લઈ ગયા. *(કુર્તુબી)*

હઝરત મૂસા (અલૈ.)એ હઝરત હારૂન (અલૈ.)ને ખલીફા બનાવવાના સમયે તેમને અમુક સૂચનાઓ આપી હતી. એનાથી જાણ થઈ કે, જ્યારે કોઈને નાયબ બનાવવામાં આવે ત્યારે તેના માટે કાર્યની સહૂલત થાય એ માટે જરૂરી સૂચના આપવામાં આવે અને સૂચનાઓમાંથી પ્રથમ સૂચના એ હતી કે, اَصْلِحْ (અસ્લિહ) તેમાં "અસ્લિહ"ના કર્મનું વર્ણન કરવામાં આવ્યું નથી કે કોની

સુધારણા કરવાની છે. એનાથી ઈશારો તે તરફ જ સામાન્ય રીતે છે કે, પોતાની પણ સુધારણા કરો અને તેમની પણ સુધારણા કરો. એટલે કે, જ્યારે તેમનામાં કોઈ ફસાદ અનુભવો તો તેમને સીધા માર્ગ ઉપર લાવવાનો પ્રયત્ન કરો. બીજી સૂચના આ આપી હતી કે, لَا تَتَّبِعْ سَبِيْلَ الْمُفْسِدِيْنَ એટલે કે, "ફસાદખોરોના માર્ગનું અનુસરણ ન કરો." દેખીતું છે કે હઝરત હારૂન (અલૈ.) અલ્લાહના નબી છે, તેમના માટે ફસાદમાં સપડાવવાનો ભય ન હતો, એટલા માટે આ સૂચનાનો હેતુ એ હતો કે ફસાદખોરોની મદદ અથવા તેમને પ્રોત્સાહન મળે તેવું કોઈ કાર્ય ન કરો.

આથી હઝરત હારૂન (અલૈ.)એ જ્યારે કોમને જોઈ કે, "સામિરી"ની પાછળ ચાલવા લાગ્યા છે, એટલે સુધી કે તેના કહેવાથી વાછરડાની પૂજા પણ શરૂ કરી દીધી છે તેથી કોમને આ વાહિયાતપણાથી રોકી અને સામિરીને ધમકાવ્યો, પછી હઝરત મૂસા (અલૈ.)એ પાછા આવ્યા પછી એ વિચાર્યું કે, હઝરત હારૂન (અલૈ.)એ મારા ગયા પછી પોતાની ફરજ અદા કરવામાં ઉણપ રાખી છે, જેથી તેમની પૂછતાછ શરૂ કરી.

હઝરત મૂસા (અલૈ.)ની આ ઘટનાથી તે લોકોએ બોધપાઠ ગ્રહણ કરવો જોઈએ જેઓ અવ્યવસ્થા અને બેફિકરીને જ સૌથી મોટી મોટાઈ સમજે છે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૪૩-૧૪૪-૧૪૫)

وَلَمَّا جَآءَ مُوْسٰى لِمِيْقَاتِنَا وَكَلَّمَهٗ رَبُّهٗ ۙ قَالَ رَبِّ اَرِنِيْٓ اَنْظُرْ اِلَيْكَ ؕ قَالَ لَنْ تَرٰىنِيْ
وَلٰكِنِ انْظُرْ اِلَى الْجَبَلِ فَاِنِ اسْتَقَرَّ مَكَانَهٗ فَسَوْفَ تَرٰىنِيْ ۚ فَلَمَّا تَجَلّٰى رَبُّهٗ لِلْجَبَلِ
جَعَلَهٗ دَكًّا وَّخَرَّ مُوْسٰى صَعِقًا ۚ فَلَمَّآ اَفَاقَ قَالَ سُبْحٰنَكَ تُبْتُ اِلَيْكَ وَاَنَا اَوَّلُ
الْمُؤْمِنِيْنَ ﴿۱۴۳﴾ قَالَ يٰمُوْسٰٓى اِنِّى اصْطَفَيْتُكَ عَلَى النَّاسِ بِرِسٰلٰتِيْ وَبِكَلَامِيْ ۖ فَخُذْ مَآ
اٰتَيْتُكَ وَكُنْ مِّنَ الشّٰكِرِيْنَ ﴿۱۴۴﴾ وَكَتَبْنَا لَهٗ فِى الْاَلْوَاحِ مِنْ كُلِّ شَيْءٍ مَّوْعِظَةً وَّ
تَفْصِيْلًا لِّكُلِّ شَيْءٍ ۚ فَخُذْهَا بِقُوَّةٍ وَّاْمُرْ قَوْمَكَ يَاْخُذُوْا بِاَحْسَنِهَا ؕ سَاُورِيْكُمْ
دَارَ الْفٰسِقِيْنَ ﴿۱۴۵﴾

તરજુમો :

અને જ્યારે મૂસા (અલૈ.) અમારા વાયદા અનુસાર પહોંચ્યા અને તેમની સાથે તેમના પરવરદિગારે વાતચીત કરી, બોલ્યા; હે મારા પરવરદિગાર ! તું મને બતાવ કે હું તને જોઉં; કહ્યું, તું મને કદાપિ જોઈશ નહીં પરંતુ તમે પહાડ તરફ જોતા રહો, જો તે પોતાના સ્થળે સ્થિર રહે તો તમે મને જોઈ લેશો, પછી જ્યારે તેમના પરવરદિગારે પહાડ તરફ તજલ્લી કરી તેને પાડીને (ટૂકડે-ટૂકડા કરી) સમાંતર કરી દીધો અને મૂસા (અલૈ.) બેહોશ થઈને પડી ગયા, પછી જ્યારે હોશમાં આવ્યા, બોલ્યા; તારી જાત પાક છે, મેં તારા તરફ તવબહ કરી અને હું સૌથી પહેલાં યકીન લાવ્યો. (૧૪૩) કહ્યું, હે મૂસા (અલૈ.) ! મેં તમને (ચૂંટી લઈ) વિશિષ્ટતા આપી લોકોને મારો સંદેશ પહોંચાડવાની અને મારી વાતચીત કરવાની, બસ લો ! જે મેં તમને આપ્યું અને શુક્રગુઝાર રહો. (૧૪૪) અને અમે તેમને તખ્તીઓ ઉપર દરેક પ્રકારની નસીહત અને દરેક વસ્તુની વિગત લખી દીધી, બસ તેને મજબૂતીથી પકડી લો અને પોતાની કોમને હુકમ કરો કે તેની શ્રેષ્ઠ વાતો પકડી રાખે, નિકટમાં હું તમને નાફરમાનોનું ઘર બતાવીશ. (૧૪૫)

તફસીર :

અને જ્યારે (હઝરત) મૂસા (અલૈ. આ ઘટનામાં) અમારા (નક્કી કરેલ) સમય ઉપર આવ્યા (હતા જેની પ્રસંગ વર્ણન થઈ રહ્યો છે) અને તેમના પરવરદિગારે તેમની સાથે (ઘણી જ મહેરબાની અને કૃપા કરી) વાતચીત કરી તો (મહોબ્બતની પરાકાષ્ઠામાં અલ્લાહના દર્શન કરવાની તમન્ના પેદા થઈ ગઈ) વિનંતી કરી કે, હે મારા પરવરદિગાર ! તારો દીદાર (દર્શન) મને કરાવ કે હું તને એક દૃષ્ટિ જોઈ લઉં, ઈરશાદ થયો કે તું મને (દુનિયામાં) કદાપિ નથી જોઈ શકતો, (કારણ કે આ દુનિયાની આંખો તેની ઝલક પણ વેઠી શકતી નથી لَا حُرِقَتْ سُبُحَاتُ وَجْهِهٖ (كَمَافِي الْمِشْكٰوةُ عَنْ مُسْلِمٍ) પરંતુ (તમારા દિલાસા માટે એ સૂચના આપું છું કે) તમે તે પહાડ તરફ જોતા રહો (અમે તેના ઉપર એક તજલ્લી નાંખીએ છીએ) બસ, જો તે પોતાની જગ્યાએ સ્થિર રહી શકે તો તમે પણ જોઈ શકશો (મતલબ કે, હઝરત મૂસા અલૈ. તે તરફ જોવા લાગ્યા) બસ,

તેમના પરવરદિગારે તેના ઉપર તજલ્લી કરી તો તે (પહાડ)ના ટુકડે-ટુકડા થઈ ગયા અને (હઝરત) મૂસા (અલૈ.) બેહોશ થઈને ઢળી પડયા, પછી જ્યારે હોશમાં આવ્યા તો વિનંતી કરી, બેશક ! તારી જાત (આ આંખોની સહનશક્તિથી) પાક (અને ઉપરવટ) છે, હું તારી પાસે (આ દરખાસ્ત માટે) મા'ફી માંગું છું અને (જે કંઈ તારો ઈરશાદ لَنْ تَرٰنِىْ છે) સૌથી પ્રથમ હું તેના ઉપર વિશ્વાસ કરું છું, ઈરશાદ થયો, હે મૂસા (અલૈ.) ! (એ જ ઘણું છે કે) મેં (તમને) મારા (તરફથી) પયગમ્બરી(નો હોદ્દો આપીને) અને મારી (સાથે) વાતચીત(ની ઈજ્જત બખ્શીને તેના)થી લોકો ઉપર તમને વિશિષ્ટતા પ્રદાન કરી તો (હવે) જે કંઈ મેં તમને અર્પણ કર્યું છે (એટલે કે રિસાલત, વાતચીત અને તવરાત) તેને લઈ લો અને શુક્ર કરો અને અમે અમુક તખ્તીઓ ઉપર દરેક પ્રકારની (આવશ્યક) નસીહત અને (જરૂરી હુકમોના સંદર્ભે) દરેક વસ્તુની વિગત તેમાં લખી દીધી છે (એ જ તખ્તીઓ તવરાત છે, પછી હુકમ થયો કે જ્યારે આ તખ્તીઓ અમે આપી દીધી તો) હુકમ કરો કે તેના સારા-સારા હુકમો ઉપર (એટલે કે, બધા જ હુકમો ઉપર કારણ કે બધા જ હુકમો સારા છે) અમલ કરો, હું હવે ઘણો જ જલદી તમને (એટલે કે બની ઈસ્રાઈલને) તે નાફરમાનોનું (એટલે કે, ફિરઔનનું અથવા અમાલિકાનું) સ્થળ બતાવું છું (તેમાં ખુશખબરી અને વાયદો છે કે, મિસ્ર અથવા સમગ્ર સિરીયા ઉપર ઘણો જ જલદી તમારો કબજો થવા જઈ રહ્યો છે, તેનો મકસદ આજ્ઞાપાલન માટે પ્રોત્સાહન આપવાનો છે અને અલ્લાહની આજ્ઞાપાલનની જ આ બરકતો છે).

મસ્અલા અને બોધપાઠ :

لَنْ تَرٰنِىْ (લન્ તરાની) એટલે કે, "તું મને જોઈ શકતો નથી." તેમાં ઈશારો એ છે કે, પ્રત્યક્ષ દર્શન અશક્ય નથી પરંતુ જોનાર પોતાના હાલની એવી હાલત હોવાને કારણે તેને સહન કરી શકતો નથી, નહિતર જો દર્શન શક્ય જ ન હોત તો لَنْ تَرٰنِىْ ના બદલે لَنْ اُرٰى કહેવામાં આવ્યું હોત. એટલે કે, "મારા દર્શન થઈ નથી શકતા." *(મઝહરી)*

એનાથી સાબિત થયું કે, અલ્લાહ તઆલાના દીદાર દુનિયામાં પણ બૌદ્ધિક રીતે શક્ય તો છે પરંતુ આ આયતથી مُمْتَنِعُ الْوُقُوْع (આવું બનવું

અશક્ય—મુશ્કેલ છે) હોવું પણ સાબિત થઈ ગયું અને જમહૂર અહલે સુન્નત વલ જમાઅતમાં આ જ મત (માન્યતા) છે કે, દુનિયામાં અલ્લાહ તઆલાના પ્રત્યક્ષ દર્શન બૌદ્ધિક રીતે તો શક્ય છે પરંતુ શરઈ રીતે مُمْتَنِعٌ છે. જેમકે, સહીહ મુસ્લિમની હદીષમાં છે لَنْ يَّرٰى اَحَدٌ مِّنْكُمْ رَبَّهٗ حَتّٰى يَمُوْتَ એટલે કે, "તમારામાંથી કોઈ વ્યક્તિ મૃત્યુ પહેલાં પોતાના પરવરદિગારને જોઈ શકતો નથી."

તેમાં એ વાસ્તવિકતાની સાબિતી છે કે, પ્રસ્તુત પરિસ્થિતિમાં તે શ્રોતા અલ્લાહના દર્શનને વેઠી શકતો નથી એટલા માટે પહાડ ઉપર એક નાની સરખી તજલ્લી નાંખીને બતાવવામાં આવ્યું કે, તું તે પણ વેઠી શકવા સમર્થ નથી. મનુષ્ય તો અત્યંત કમજોર સર્જન છે તે કેવી રીતે આ સહન કરે ?

فَلَمَّا تَجَلّٰى رَبُّهٗ لِلْجَبَلِ તેમાં تَجَلِّى (તજલ્લી)નો અરબી શબ્દકોષના આધારે અર્થ "જાહેર થવું" અથવા "ઉપસ્થિત થવું" થાય છે અને સુફીઓના મતે "તજલ્લી"નો અર્થ "કોઈ વસ્તુના પરોક્ષ દર્શન કરવા" (પ્રતિબીંબ)નો થાય છે. જેમકે કોઈ વસ્તુ અરીસામાં જોવામાં આવે, એટલા માટે તજલ્લીના પ્રત્યક્ષ દર્શન કરી શકાતા નથી, પોતે આ જ આયતમાં તેની સાબિતી મોજૂદ છે કે, અલ્લાહ તઆલાએ દર્શનનો તો નકાર કર્યો અને તજલ્લીની સાબિતી આપી.

ઈમામ અહમદ, તિરમીઝી અને હાકિમે હઝરત અનસ (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે અને તેની સનદને તિરમીઝી અને હાકિમે સાચી ઠરાવી છે કે, નબીએ કરીમ ﷺએ આ આયતની તિલાવત કરીને હાથની નાની આંગળીના ટેરવા ઉપર અંગૂઠો રાખીને ઈશારો ફરમાવ્યો કે, અલ્લાહ જલ્લ શા'નુહૂના નૂરનો ફક્ત આટલો હિસ્સો જાહેર કરવામાં આવ્યો હતો જેનાથી પહાડના ટુકડે—ટુકડા ઉડી ગયા. એ જરૂરી નથી કે, સમગ્ર પહાડ ટુકડા થઈ ગયો હોય બલકે, જે ભાગ ઉપર અલ્લાહ તઆલાએ આ તજલ્લી ફરમાવી તે ભાગ જ તેનાથી પ્રભાવિત થયો હોઈ શકે છે.

હઝરત મૂસા (અલૈ.) સાથે અલ્લાહ તઆલાની વાતચીત :

એટલી વાત તો કુર્આનના સ્પષ્ટ શબ્દોથી સાબિત છે કે, અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અલૈ.) સાથે પ્રત્યક્ષ વાતચીત કરી, પછી આ

વાતચીતમાં પણ એક તો એ છે કે, જે શરૂઆતમાં નુબુવ્વત અર્પણ કરવાના સમયે હતી, બીજી વાતચીત એ છે જે તવરાત અર્પણ કરવાના સમયે થઈ અને જેનું વર્ણન આ આયતમાં છે. આયતના શબ્દોથી એ પણ સાબિત થાય છે કે, આ બીજી વાતચીતને પ્રથમ વાતચીત કરતાં વધારે મહત્ત્વ પ્રાપ્ત થયું હતું.

પરંતુ આ વાતચીતની વાસ્તવિકતા શું અને કયા પ્રકારે હતી તેનું જ્ઞાન અલ્લાહ તઆલા સિવાય કોઈને નથી હોઈ શકતું, તેમાં બુદ્ધિની જેટલી શક્યતાઓ અને સંભાવનાઓ એવી હોય જે શરીઅતના કોઈ હુકમના વિરુદ્ધ ન જતી હોય, અત્રે તે બધાની ગુંજાઇશ અવશ્ય છે પરંતુ તે શક્યતાઓમાં કોઈ એકને નક્કી કરવી દલીલ વિના દુરુસ્ત નથી અને સલફે સાલિહીન, સહાબા (રદિ.) અને તાબિઈનનો આ જ મત અને અભિપ્રાય આ ઘટનામાં જાણીતો છે કે, આ મા'મલાને અલ્લાહના હવાલે કરવામાં આવે, શક્યતાઓ શોધવાની ફિકરમાં પડવું ન જોઈએ. *(બયાનુલ કુર્આન)*

سَاُورِيۡكُمۡ دَارَ الۡفٰسِقِيۡنَ આ સ્થળે دَارُ الۡفَاسِقِيۡن (દારુલ ફાસિકીન)નો શું અર્થ છે? તેમાં બે નિવેદનો છે. એક, મિસ્ર અને બીજો સિરીયા. કારણ કે, હઝરત મૂસા (અલૈ.)ના વિજય પહેલા મિસ્ર ઉપર ફિરઔન અને તેની કોમ સત્તા ભોગવતી હતી અને છવાયેલી હતી. તેના કારણે મિસ્રને "દારુલ ફાસિકીન" અને સિરીયા ઉપર અમાલિકાનો કબજો હતો, તે પણ કાફિર અને ફાસિક હતા. એટલા માટે તે સમયનું સિરીયા પણ "દારુલ ફાસિકીન" એટલે કે, ફાસિકોનું ઘર હતું અને બંનેમાંથી આ સ્થળે કયો પ્રદેશ છે તેમાં મતભેદો એ આધાર ઉપર છે કે, ફિરઔનના ડૂબી ગયા પછી બની ઈસ્રાઈલ મિસ્ર પાછા ચાલ્યા ગયા હતા અથવા નહીં ? જો તે સમયે મિસ્ર પાછા ચાલ્યા ગયા અને મિસ્રની સત્તા ઉપર કબજો કર્યો, જેમકે આયત وَاَوۡرَثۡنَا الۡقَوۡمَ الَّذِيۡنَ થી તેનું સમર્થન થાય છે તો મિસ્ર ઉપર કબજો અને વિજય આ તૂર ઉપર તજલ્લી જોવાની ઘટના પહેલાં થઈ ચૂક્યું છે અને તેમાં سَاُورِيۡكُمۡ دَارَ الۡفٰسِقِيۡنَ નો અર્થ સિરીયા નક્કી થાય છે અને જો તે સમયે મિસ્ર પરત ન ફર્યા હોય તો બંને પ્રદેશ હોઈ શકે છે.

وَكَتَبۡنَا لَهٗ فِى الۡاَلۡوَاحِ તેનાથી જાણ થાય છે કે, તવરાતની તૈયાર લખેલી તખ્તીઓ હઝરત મૂસા (અલૈ.)ને સોંપવામાં આવી હતી. આ તખ્તીઓના જથ્થાનું નામ જ "તવરાત" છે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૪૬ થી ૧૫૧)

سَاَصْرِفُ عَنْ اٰيٰتِيَ الَّذِيْنَ يَتَكَبَّرُوْنَ فِي الْاَرْضِ بِغَيْرِ الْحَقِّ ۭ وَاِنْ يَّرَوْا كُلَّ اٰيَةٍ لَّا
يُؤْمِنُوْا بِهَا ۚ وَاِنْ يَّرَوْا سَبِيْلَ الرُّشْدِ لَا يَتَّخِذُوْهُ سَبِيْلًا ۚ وَاِنْ يَّرَوْا سَبِيْلَ الْغَيِّ
يَتَّخِذُوْهُ سَبِيْلًا ۭ ذٰلِكَ بِاَنَّهُمْ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَكَانُوْا عَنْهَا غٰفِلِيْنَ ﴿۱۴۶﴾ وَالَّذِيْنَ كَذَّبُوْا
بِاٰيٰتِنَا وَلِقَاۗءِ الْاٰخِرَةِ حَبِطَتْ اَعْمَالُهُمْ ۭ هَلْ يُجْزَوْنَ اِلَّا مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۱۴۷﴾ ع
وَاتَّخَذَ قَوْمُ مُوْسٰى مِنْۢ بَعْدِهٖ مِنْ حُلِيِّهِمْ عِجْلًا جَسَدًا لَّهٗ خُوَارٌ ۭ اَلَمْ يَرَوْا اَنَّهٗ
لَا يُكَلِّمُهُمْ وَلَا يَهْدِيْهِمْ سَبِيْلًا ۘ اِتَّخَذُوْهُ وَكَانُوْا ظٰلِمِيْنَ ﴿۱۴۸﴾ وَلَمَّا سُقِطَ
فِيْٓ اَيْدِيْهِمْ وَرَاَوْا اَنَّهُمْ قَدْ ضَلُّوْا ۙ قَالُوْا لَىِٕنْ لَّمْ يَرْحَمْنَا رَبُّنَا وَيَغْفِرْ لَنَا
لَنَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ ﴿۱۴۹﴾ وَلَمَّا رَجَعَ مُوْسٰٓى اِلٰى قَوْمِهٖ غَضْبَانَ اَسِفًا ۙ قَالَ
بِئْسَمَا خَلَفْتُمُوْنِيْ مِنْۢ بَعْدِيْ ۚ اَعَجِلْتُمْ اَمْرَ رَبِّكُمْ ۚ وَاَلْقَى الْاَلْوَاحَ وَاَخَذَ
بِرَاْسِ اَخِيْهِ يَجُرُّهٗٓ اِلَيْهِ ۭ قَالَ ابْنَ اُمَّ اِنَّ الْقَوْمَ اسْتَضْعَفُوْنِيْ وَكَادُوْا
يَقْتُلُوْنَنِيْ ڮ فَلَا تُشْمِتْ بِيَ الْاَعْدَاۗءَ وَلَا تَجْعَلْنِيْ مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿۱۵۰﴾ قَالَ
رَبِّ اغْفِرْ لِيْ وَلِاَخِيْ وَاَدْخِلْنَا فِيْ رَحْمَتِكَ ڮ وَاَنْتَ اَرْحَمُ الرّٰحِمِيْنَ ﴿۱۵۱﴾ ع

તરજુમો :

હું તેમને પોતાની આયતોથી વિમુખ કરીશ જેઓ જમીનમાં નાહક ઘમંડ કરે છે અને જો સૌ નિશાનીઓ જોઈ લે (છતાં) તેના ઉપર ઈમાન ન લાવે અને જો હિદાયતનો માર્ગ જોઈ લે તો તેને માર્ગ ન ઠરાવે અને જો ગુમરાહીનો માર્ગ જુએ તો તેને માર્ગ ઠરાવી (અપનાવી) લે; આ એટલા માટે કે તેમણે અમારી આયતોને જૂઠી જાણી અને એનાથી બેખબર રહ્યા. (૧૪૬) અને જેમણે અમારી આયતોને અને આખિરતની મુલાકાતને જૂઠું જાણ્યું તેમની મહેનતો બરબાદ થઈ, તે જ બદલો પામશે જે કંઈ અમલ કરતા હતા. (૧૪૭) અને

મૂસા (અલૈ.)ની કોમે તેમની પાછળ પોતાના ઘરેણાથી વાછરડો બનાવી લીધો, એક શરીર (પૂતળું) કે તેમાં ગાયનો અવાજ હતો, શું તેમણે ન જોયું કે તે તેમની સાથે વાત પણ નથી કરતો અને માર્ગ બતાવતો નથી; તેને મઅ્બૂદ બનાવી લીધો ! અને તેઓ જાલિમ હતા. (૧૪૮) અને જ્યારે પસ્તાયા અને સમજ્યા કે ખરેખર અમે ગુમરાહ થઈ ગયા તો કહેવા લાગ્યા, જો અમારા ઉપર અમારો પરવરદિગાર રહમ ન કરે અને અમને મા'ફ ન કરે તો નિઃશંક! અમે તબાહ થઈ જઈશું. (૧૪૯) અને જ્યારે મૂસા (અલૈ.) પોતાની કોમમાં પાછા આવ્યા ગુસ્સાથી ભરાયેલા ! દિલગીર ! બોલ્યા, તમે મારા પછી કેટલી બુરી નાયબગીરી કરી ! કેમ તમે પોતાના પરવરદિગારના હુકમ (આવતા પૂર્વે)થી ઉતાવળ કરી ? અને તે તખ્તીઓ નાંખી અને પોતાના ભાઈનું માથું પકડયું, તેમને પોતાની તરફ ખેંચવા લાગ્યા; તેઓ બોલ્યા, હે મારા માં જણ્યા (ભાઈ) ! લોકોએ મને કમજોર સમજ્યો અને નિકટ હતું કે મને મારી નાંખે, બસ મારા ઉપર દુશ્મનોને ન હસાવ અને મને ગુનેહગાર લોકો સાથે સામેલ ન કર. (૧૫૦) બોલ્યા, હે મારા પરવરદિગાર ! મને અને મારા ભાઈને મા'ફ કર અને અમને તારી રહમતમાં દાખલ કર અને તું સૌથી વધારે રહમ કરનારો છે. (૧૫૧)

તફસીર :

(હવે આજ્ઞાપાલન માટેના પ્રોત્સાહન પછી વિરોધ કરનારાઓને ધમકી સ્વરૂપે કહેવામાં આવે છે કે) હું એવા લોકોને મારા હુકમોથી વિમુખ (વંચિત) રાખીશ અને જેઓ દુનિયામાં (હુકમો માનવાથી) અભિમાન કરે છે (તેનો તેમને કોઈ અધિકાર પ્રાપ્ત થયો નથી, કારણ કે પોતાને મોટો સમજવાનો અધિકાર માત્ર તેને જ છે જે વાસ્તવમાં મોટો છે અને તે એકમાત્ર અલ્લાહની જાત જ છે) અને (આ વિમુખતાનો પ્રભાવ એવો હશે કે) જો સમગ્ર (દુનિયાભરની) નિશાનીઓ (પણ તેઓ) જોઈ લે તો પણ (પોતાની બદ્‌બખ્તીના કારણે) તેના ઉપર ઈમાન લાવશે નહીં અને જો હિદાયતનો માર્ગ જોઈ લે તો તેને પોતાનો માર્ગ બનાવશે નહીં અને જો ગુમરાહીનો માર્ગ જોઈ લે તો તેને પોતાનો તરીકો બનાવી લે, (એટલે કે સત્યનો સ્વીકાર ન કરવાના કારણે દિલ એટલું કઠણ થઈ જાય છે અને અલ્લાહ તઆલાથી દૂરી એટલી હદે પહોંચી જાય છે) આ (એ પ્રથમ કક્ષાની

વિમુખતા છે) એ કારણથી છે કે તેમણે અમારી આયતોને (અભિમાનના કારણે) જૂઠી બતાવી અને તે(ની વાસ્તવિકતામાં વિચાર કરવા)થી ગાફેલ રહ્યા (આ સજા તો દુનિયામાં થઈ કે તેઓ હિદાયતથી વંચિત રહ્યા) અને (આખિરતમાં એ સજા થશે કે) એ લોકો જેમણે અમારી આયતોને અને કયામતના આવવાને જૂઠાડ્યું તેમના બધા કામ (જેના ઉપર તેમને ફાયદાની આશા હતી) વ્યર્થ થઈ ગયા (અને પરિણામ તેનું જહન્નમ છે) તેમને એ જ સજા આપવામાં આવશે જે કંઈ તેઓ કરતા હતા અને (જ્યારે હઝરત મૂસા અલૈ. તૂર ઉપર તવરાત લેવા માટે ગયા તો હઝરત) મૂસા (અલૈ.)ની કોમે (એટલે કે બની ઈસ્રાઈલે) તેમના (ગયા) પછી પોતાના (કબજામાં રહેલ) ઘરેણાઓમાંથી (જેને તેમણે મિસ્રથી નીકળતી વખતે કીબતીઓ પાસે શાદીના બહાને માંગી લીધા હતા) એક વાછરડો (બનાવ્યો જેનો કિસ્સો સૂરએ તા'હા વર્ણન થયો છે અને તેને પોતાનો મઅ્બૂદ) બનાવ્યો, જે(ની હકીકત માત્ર એટલી હતી કે) એક પૂતળું હતું જેમાં એક અવાજ હતો (અને તેમાં કોઈ ખાસિયત ન હતી, જેનાથી કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ તેને મઅ્બૂદ હોવાની ધારણા બાંધી શકે) શું તેમણે એ ન જોયું કે (તેમાં મનુષ્ય જેટલી પણ શક્તિ ન હતી, કારણ કે) તે તેમનાથી વાત સુદ્ધાં કરતું ન હતું અને ન જ તેમને (દુનિયા અને દીનનો) કોઈ માર્ગ બતાવતું હતું (મઅ્બૂદ તરીકેની સિફતો તો તેનામાં કઈ રીતે હોય ? મતલબ એ કે) એ (વાછરડા)ને તેમણે મઅ્બૂદ ઠરાવી લીધો અને (કારણ કે, તેને મઅ્બૂદ સમજવાનું કોઈ કારણ જ નથી, એટલા માટે આ તેમણે) ઘણું વાહિયાત કામ કર્યું અને (હઝરત મૂસા અલૈ.ના શરણે ગયા પછી કે જેનો કિસ્સો આગળ આવે છે, તેમને ચેતવણી આપવાથી) જ્યારે (ચેતી ગયા અને પોતાની આ હરકત ઉપર) પસ્તાવા લાગ્યા અને જાણ્યું કે વાસ્તવમાં તે (એટલે કે અમે) લોકો ગુમરાહીમાં પડી ગયા તો (અફસોસ અને મા'ફી માંગવા માટે) કહેવા લાગ્યા કે, જો અમારો પરવરદિગાર અમારા ઉપર રહમ ન કરે અને અમારા (આ) ગુનાહ મા'ફ ન કરે તો અમે નુકસાન ઉઠાવનારાઓમાંથી થઈ જઈશું (એટલા માટે ખાસ રીતે તવબહની વિધી પૂર્ણ કરવાનો હુકમ થયો જેનો કિસ્સો સૂરએ બકરહની આયત فَاقْتُلُوْٓا اَنْفُسَكُمْ માં આવી ચૂક્યો છે) અને (હઝરત મૂસા અલૈ.ની તાકીદ કરવાની ઘટના એ રીતે બની કે) જ્યારે (હઝરત) મૂસા (અલૈ.) પોતાની કોમ તરફ (તૂર પર્વત ઉપરથી) પાછા આવ્યા ગુસ્સા અને ગમથી ભરેલા (કારણ કે

તેમને વહી દ્વારા એની જાણ થઈ ગઈ હતી, સૂરએ તા'હામાં છે ...قَالَ فَإِنَّا قَدْ فَتَنَّا) તો (પ્રથમ કોમ તરફ કેન્દ્રિત થઈને) ફરમાવ્યું કે, તમે મારા પછી આ ઘણી અયોગ્ય હરકત કરી, શું પોતાના પરવરદિગારના હુકમ (આવતા) પૂર્વે જ તમે (આવી) ઉતાવળ કરી બેઠા ? (હું તો અલ્લાહનો હુકમ લેવા ગયો હતો તેની રાહ તો જોવી હતી ?!) અને (પછી હઝરત હારૂન અલૈ. તરફ ધ્યાન આપ્યું અને તેમણે પોતાની દિલી લાગણીના પ્રવાહમાં જોશમાં આવી) જલદીથી (તવરાતની) તખ્તીઓ એક બાજુ મૂકી (અને ઉતાવળે એવા જોરથી મૂકી કે, જોનારો જો વિચાર ન કરે તો શંકા થાય કે જેમકે કોઈએ તેને નાંખી દીધી હોય) અને (હાથ ખાલી કરીને) પોતાના ભાઈ (હઝરત હારૂન અલૈ.)નું માથું (એટલે કે માથાના વાળ) પકડીને તેમને પોતાની તરફ ઢસેડવા લાગ્યા (કે તમે કેમ સંપૂર્ણ વ્યવસ્થા ન જાળવી અને તેઓ ખૂબ ક્રોધમાં હોવાના કારણે આવું અનાયાસે જ થઈ ગયું હતું અને આ ગુસ્સો પણ દીન માટે હતો એટલા માટે આ અનિચ્છાવર્તી બાબતને પણ મોઅતબર ઠરાવવામાં આવશે અને તેમની ઈજ્તેહાદી ભૂલ ઉપર કોઈ વાંધો ઉઠાવવામાં નહીં આવે); હારૂન (અલૈ.)એ કહ્યું કે, હે મારા માં જણ્યા (ભાઈ ! મેં મારા સંપૂર્ણ પ્રયત્નો વડે તેમને રોક્યા હતા પરંતુ) તે લોકોએ મને કમજોર સમજ્યો અને (બલકે, શિખામણ આપવાના કારણે) નિકટ હતું કે તેઓ મારી હત્યા કરી નાંખે તો તમે મારા ઉપર (સખ્તી કરીને) દુશ્મનોને ન હસાવો અને મને (આવા વર્તાવથી) તે જાલિમ લોકોમાં સામેલ ન કરો (કે તેમની જેમ જ નારાજગીથી મારી સાથે પણ વર્તવા લાગો, હઝરત) મૂસા (અલૈ.)એ (અલ્લાહ તઆલા પાસે દુઆ કરી અને) કહ્યું કે, હે મારા પરવરદિગાર ! મારી ભૂલ (જો કે તે ઈજ્તિહાદી છે) મા'ફ કર અને મારા ભાઈને પણ (જે ઉણપ કદાચ આ મુશ્રિકોને શિર્ક કરતા અટકાવવામાં થઈ ગઈ હોય, જેમકે તેમના આ નિવેદનથી જાણ થાય છે કે, ...مَا مَنَعَكَ إِذْ رَأَيْتَهُمْ ضَلُّوا أَلَّا تَتَّبِعَنِ) અને અમને બંનેને પોતાની (ખાસ) રહમતમાં દાખલ કર અને તું બધા જ રહમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહમ કરવાવાળો છે (એટલા માટે અમને દુઆની સ્વીકૃતિની ઉમ્મીદ છે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતમાં જે ઈરશાદ ફરમાવવામાં આવ્યો કે, "હું વિમુખ કરીશ તે

લોકોને પોતાની આયતોથી કે જેઓ મોટા બને છે પૃથ્વી ઉપર કોઈ હક વિના.'' તેમાં "કોઈ હક (અધિકાર) વિના" કહેવાથી ઈશારો એ બાજુ છે કે કોઈ હક વિના ગર્વ કરનારાઓના મુકાબલા માટે ગર્વ કરવાનો અધિકાર હોઈ શકે છે તે ખોટું અથવા ગુનોહ નથી. કારણ કે તે ફક્ત સ્વરૂપના આધારે જ ગર્વ હોય છે, વાસ્તવિકતાના આધારે નથી હોતો. જેમકે કહેવત મશહૂર છે اَلتَّكَبُّرُ مَعَ الْمُتَكَبِّرِيْنَ تَوَاضُعٌ ઘમંડીની સાથે ઘમંડપૂર્વક વર્તવું એ જ સભ્યતા છે. *(મસાઈલુસ્સુલુક)*

ઘમંડ માણસને બુદ્ધિ અને અલ્લાહ તઆલાના જ્ઞાનથી વંચિત કરે છે:

ઘમંડ કરનારાઓ એટલે કે મોટા બનનારાઓને પોતાની આયતોથી વિમુખ કરી દેવાનો અર્થ એ છે કે, તેમનામાં અલ્લાહની આયતોને સમજવાની કે તેનાથી લાભ ઉઠાવવાની ક્ષમતા નષ્ટ પામે છે અને અલ્લાહની આયતો આ સ્થળે સામાન્ય ભાવાર્થ તરીકે પણ હોઈ શકે છે, જેમાં તવરાત, ઈન્જીલ અથવા કુર્આન શરીફની આયતો સામેલ છે અને તે સઘળી નિશાનીઓ પણ કે જે પૃથ્વી, આકાશો અને સમગ્ર વિશ્વમાં અલ્લાહ તઆલાના કરેલા સર્જનમાં ફેલાયેલી છે. એટલા માટે આયતના વિષયનો ખુલાસો એ થયો કે, તકબ્બુર એટલે કે પોતાને અન્યોથી મોટો અને શ્રેષ્ઠ સમજવો એવી ધિક્કારપાત્ર અને વખોડવા લાયક ટેવ છે કે, જે વ્યક્તિ તેમાં સપડાય જાય છે તેનામાં બુદ્ધિ અને સમજદારી જ નથી રહેતી, એટલા માટે તે અલ્લાહ તઆલાની આયતોને સમજવાથી વંચિત થઈ જાય છે. તેનામાં ન તો કુર્આનની આયતોને સાચી રીતે સમજવાની શક્તિ બાકી રહે છે અને ન જ કુદરતમાં અલ્લાહની નિશાનીઓમાં ચિંતન અને મનન કરીને અલ્લાહ તઆલાનો પરિચય પ્રાપ્ત કરવામાં તેનું દિમાગ ચાલે છે.

રૂહુલ બયાનમાં છે કે, ''આથી જાણ થઈ કે તકબ્બુર અને મિથ્યાભિમાન (ખોટો ઘમંડ) એક એવી ખરાબ ટેવ છે જે ઈલાહી જ્ઞાનની પ્રાપ્તિ વચ્ચે એક આડશ બની જાય છે. કારણ કે, ઈલાહી જ્ઞાન ફક્ત તેની કૃપાદષ્ટિ અને રહમતથી જ પ્રાપ્ત થઈ શકે છે અને અલ્લાહની રહમત વિનમ્રતાથી કેન્દ્રિત થતી હોય છે.'' મવલાના રૂમી ફરમાવે છે,

ہر کجا پستی ست آب آنجا رود   ہر کجا مشکل جواب آنجا رود

પાણી નીચાણ તરફ જ વહેતું હોય છે, જ્યાં સમસ્યા હોય છે તેમાંથી જ જવાબ મળે છે
(એટલે કે મુશ્કેલીમાંથી નીકળવાનો રસ્તો શોધો)

પ્રથમ બે આયતોમાં આ વિષય ઈરશાદ ફરમાવ્યા પછી હઝરત મૂસા (અલૈ.) અને બની ઈસ્રાઈલની બાકી ઘટના આ પ્રમાણે વર્ણન કરવામાં આવી.

જ્યારે હઝરત મૂસા (અલૈ.) તવરાત મેળવવા માટે કોહે તૂર ઉપર એઅ્તિકાફમાં બેઠા અને શરૂઆતમાં ત્રીસ રાત્રિઓના એઅ્તિકાફનો હુકમ હતો અને તે પ્રમાણે પોતાની કોમને સૂચના આપીને ગયા હતા કે, ત્રીસ દિવસ પછી પાછો આવીશ. ત્યાં અલ્લાહ તઆલાએ ત્રીસ દિવસ ઉપર દશ દિવસની મુદત બીજી વધારી દીધી તો બની ઈસ્રાઈલની કોમ જેમની ઉતાવળ અને શરારત પ્રથમથી જ પ્રખ્યાત હતી તે સમયે પણ જાત-જાતની વાતો બનાવવા લાગી. તેમની કોમમાં એક વ્યક્તિ સામિરી નામનો હતો, જે પોતાની કોમનો મોટો ચોધરી (આગેવાન) માનવામાં આવતો હતો, પરંતુ કાચા અકીદહનો વ્યક્તિ હતો. તેણે તક ઝડપીને એવી પ્રવૃત્તિ કરી કે બની ઈસ્રાઈલ પાસે અમુક ઘરેણાઓ ફિરઔનની કોમના રહી ગયા હતા. તેણે કહ્યું કે, આ ઘરેણાઓ તમે કીબતી લોકો પાસેથી વાપરવા માટે લીધા હતા, હવે તે બધા ડૂબી ગયા અને ઘરેણાઓ તમારી પાસે રહી ગયા માટે એ તમારા માટે હલાલ નથી, કારણ કે કાફિરો સાથે લડાઈના સમયે પ્રાપ્ત કરેલ ગનીમતનો માલ પણ તે યુગમાં મુસલમાનો માટે હલાલ ન હતો. બની ઈસ્રાઈલે તેના કહેવા પ્રમાણે બધા જ ઘરેણાઓ લાવીને તેની પાસે ભેગા કરી આપ્યા. તેણે તે સોના-ચાંદીથી એક વાછરડો અથવા ગાયનું પૂતળું બનાવ્યું અને હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.)ના ઘોડાની ખરી નીચેની માટી જે તેણે પ્રથમથી જ ક્યાંક ભેગી કરી રાખી હતી તે માટીમાં અલ્લાહ તઆલાએ જીવનનું એક સ્વરૂપ મૂક્યું હતું; તેણે સોના-ચાંદીને આગમાં પીગળાવતી વખતે આ માટી પણ તેમાં ભેગી કરી આપી. તેની એવી અસર થઈ કે, તે ગાયના પૂતળામાં જીવનના ચિહ્નો પેદા થઈ ગયા અને તેમાંથી ગાય જેવો અવાજ નીકળવા લાગ્યો. આ સ્થળે આયતમાં عِجۡلًا (ઈજ્લન)ની તફસીર جَسَدًا لَّهٗ خُوَارٌ ફરમાવીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે.

સામિરીની આ આશ્ચર્યજનક શયતાની પ્રવૃત્તિ સામે આવી પછી તેણે બની ઈસ્રાઈલને કુફ્રનું આમંત્રણ આપવાનું શરૂ કર્યું કે આ જ ખુદા છે. હઝરત મૂસા (અલૈ.) તો અલ્લાહ તઆલા સાથે વાતચીત કરવા તૂર પર્વત ઉપર ગયા છે અને નઊઝુબિલ્લાહ અહીંયાં વાછરડાને ખુદા ઠરાવવામાં આવી રહ્યો છે. તેઓના મતે

હઝરત મૂસા (અલૈ.)થી ભૂલ થઈ ગઈ, બની ઈસ્રાઈલમાં આ અગાઉ તેમની જ વાત માનવામાં આવતી હતી. પરંતુ હવે આ લોકો સામિરીની વાહિયાત પ્રવૃત્તિ જોઈને તેનામાં વિશ્વાસ અને શ્રદ્ધા ધરાવતા થઈ ગયા અને આ ગાયને ખુદા સમજીને તેની ઈબાદતમાં લાગી ગયા.

પ્રસ્તુત ત્રીજી આયતમાં આ વિષયનું વર્ણન ટૂંકમાં આવ્યું છે અને કુર્આને કરીમમાં અન્ય સ્થળે તેની વધારે વિગત પ્રસ્તુત થઈ છે.

ચોથી આયતમાં હઝરત મૂસા (અલૈ.)ની ચેતવણી આપવાથી બની ઈસ્રાઈલને પસ્તાવો થયો અને તેમની તવબહનું વર્ણન છે. તેમાં سُقِطَ فِیۡۤ اَیۡدِیۡهِمۡ નો અર્થ અરબી રૂઢિપ્રયોગ પ્રમાણે "અફસોસ (પસ્તાવો) કરવાનો અને લજ્જિત થવાનો" થાય છે.

પાંચમી આયતમાં એ ઘટનાની વિગત વર્ણન થઈ છે કે, જ્યારે હઝરત મૂસા (અલૈ.) કોહે તૂર પરથી પાછા આવ્યા અને પોતાની કોમને વાછરડાની પૂજામાં સપડાયેલી જોઈ તો જો કે, હઝરત મૂસા (અલૈ.)ને તેમની કોમની ગુમરાહીની ખબર અલ્લાહ તઆલાએ કોહે તૂર ઉપર જ આપી દીધી હતી પરંતુ સાંભળવામાં અને જોવામાં હંમેશા ફરક હોય છે, જ્યારે તે લોકોને જોયા કે તેઓ ગાયનો પૂજાપાઠ કરી રહ્યા છે તો તેમના ક્રોધની કોઈ સીમા ન રહી.

પ્રથમ પોતાની કોમ તરફ ધ્યાન આપ્યું અને કહ્યું بِئۡسَمَا خَلَفۡتُمُوۡنِیۡ مِنۡۢ بَعۡدِیۡ એટલે કે, "તમે મારા પછી આ ઘણી જ અયોગ્ય પ્રવૃત્તિ કરી છે" اَعَجِلۡتُمۡ اَمۡرَ رَبِّكُمۡ "શું તમે પોતાના પરવરદિગારના હુકમ આવ્યા પૂર્વે જ ઉતાવળ કરી?" એટલે કે, અલ્લાહ તઆલાની કિતાબ તવરાત આવવાની રાહ તો જોઈ લેવી જોઈતી હતી ! પણ તમે તો ઉતાવળ કરીને આ ગુમરાહી અપનાવી લીધી અને અમુક વિવરણકારોએ આ વાક્યનો આ ભાવાર્થ ઠરાવ્યો છે કે, "શું તમે ઉતાવળ કરીને એવું નક્કી કરી લીધું હતું કે હું મરી ગયો છું ?"

ત્યારબાદ હઝરત મૂસા (અલૈ.) હઝરત હારૂન (અલૈ.) તરફ કેન્દ્રિત થયા. તેમણે તેમને પોતાના નાયબ બનાવ્યા હતા. હઝરત મૂસા (અલૈ.)એ કહ્યું, "આ ગુમરાહીથી તે લોકોને કેમ ન રોક્યા ?" તેમના તરફ હાથ લાંબો કરવા માટે હાથને ખાલી કરવાની ચિંતા થઈ તો તવરાતની તખ્તીઓ જે હાથમાં પકડેલી હતી

જલદીથી નીચે મૂકી દીધી. તેને જ કુર્આને કરીમે આ શબ્દોમાં વર્ણન કર્યું છે. وَاَلْقَى الْاَلْوَاحَ તેમાં اِلْقَاءِ (ઈલ્કાઅ્)નો શાબ્દિક અર્થ "નાંખી (મૂકી) દેવું" થાય છે અને اَلْوَاحَ (અલ્વાહ) એ لَوْحٌ (લવ્હ)નું બહુવચન છે જેનો અર્થ "તખ્તી" છે. અહીંયાં શબ્દ "ઈલ્કાઅ્"માં એ શંકા થઈ શકે છે કે, હઝરત મૂસા (અલૈ.)એ ગુસ્સાની હાલતમાં તવરાતની તખ્તીઓને બેઅદબીથી અસભ્યતાથી નાંખી દીધી.

પરંતુ એ દેખીતું છે કે, તવરાતની તખ્તીઓને અસભ્યતાપૂર્વક નાંખી દેવી મહાન ગુનોહ છે અને અંબિયા (અલૈ.) ગુનાહોથી માસૂમ (નિર્દોષ) છે. એટલા માટે આ આયતનો અત્રે ભાવાર્થ એ જ છે કે, મૂળ મકસદ હઝરત હારૂન (અલૈ.)ને પકડવા માટે પોતાના હાથને ખાલી કરવાનો હતો અને ગુસ્સાની હાલતમાં ખૂબ જલદી તેને મૂકી દીધી જેથી જોનારાઓ એવું સમજ્યા કે, તેને નાંખી દીધી. તેને કુર્આને કરીમે તાકીદ સ્વરૂપે નાંખી દેવાના શબ્દથી પરિભાષિત કર્યું છે. *(બયાનુલ કુર્આન)*

ત્યારબાદ હઝરત હારૂન (અલૈ.)એ પોતાની નાયબગીરીના ફરજમાં ઉણપ રાખી છે એવું વિચારી તેમના માથાના વાળ પકડીને ખેંચવા લાગ્યા ત્યારે હઝરત હારૂન (અલૈ.)એ વિનંતી કરી કે, "મારો કંઈ વાંક–ગુનોહ નથી, કોમે મારી કોઈ વાત માની નહીં અને સાંભળ્યું નહીં, બલકે નિકટ હતું કે તેઓએ મારી હત્યા જ કરી નાંખી હોત, એટલા માટે તમે મારી સાથે આવી વર્તણૂક ન કરો જેનાથી મારા દુશ્મન ખુશ થાય અને તમે મને આ ગુમરાહોમાં સામેલ ન સમજો." ત્યારબાદ હઝરત મૂસા (અલૈ.)નો ક્રોધ શાંત થયો અને અલ્લાહ પાસે દુઆ કરી, رَبِّ اغْفِرْلِىْ وَلِاَخِىْ وَاَدْخِلْنَا فِىْ رَحْمَتِكَ وَاَنْتَ اَرْحَمُ الرّٰحِمِيْنَ એટલે કે, "હે મારા પરવરદિગાર ! મને પણ મા'ફ કરી દે અને મારા ભાઈને પણ અને અમને પોતાની રહમતમાં દાખલ કરી દે અને તું તો સૌ કૃપા કરનારાઓમાં સૌથી વધારે કૃપા કરનારો છે."

તેમાં પોતાના ભાઈ હઝરત હારૂન (અલૈ.) માટે તો એ બીના ઉપર મગફિરતની દુઆ કરી કે કદાચ તેમનાથી કોઈ ઉણપ કોમની ગુમરાહીને રોકવામાં થઈ હોય અને પોતાના માટે મગફિરતની દુઆ યા તો એ કારણે કરી કે ઉતાવળે–ઉતાવળે તવરાતની તખ્તીઓ નીચે મૂકી જેનું કુર્આને કરીમમાં "નાંખી દેવા"ના શબ્દથી વર્ણન થયું છે અને આ ભૂલ ઉપર ચેતવણી આપવામાં આવી

છે, તેનાથી મા'ફી માંગવાનો પણ હેતુ હોય અને યા તો દુઆની સભ્યતા જ એ છે કે જ્યારે અન્યો માટે દુઆ કરો તો પોતાને પણ તે દુઆમાં સામેલ કરવામાં આવે જેથી જેની દુઆ માંગી રહ્યો છે પોતે તેના કરતાં મોટા હોવાની ભાવના પેદા ન થાય અને પોતે દુઆનો મોહતાજ નથી એવું ન સમજી બેસે.

આયતો : (સૂરએ અઅ્‌રાફ : આયત નં. ૧૫૨ થી ૧૫૬)

إِنَّ الَّذِينَ اتَّخَذُوا الْعِجْلَ سَيَنَالُهُمْ غَضَبٌ مِّن رَّبِّهِمْ وَذِلَّةٌ فِي الْحَيٰوةِ
الدُّنْيَا ۚ وَكَذٰلِكَ نَجْزِي الْمُفْتَرِينَ ﴿١٥٢﴾ وَالَّذِينَ عَمِلُوا السَّيِّاٰتِ ثُمَّ تَابُوا مِنْ
بَعْدِهَا وَاٰمَنُوٓا ۫ إِنَّ رَبَّكَ مِنْ بَعْدِهَا لَغَفُورٌ رَّحِيمٌ ﴿١٥٣﴾ وَلَمَّا سَكَتَ عَنْ
مُّوسَى الْغَضَبُ أَخَذَ الْأَلْوَاحَ ۖ وَفِي نُسْخَتِهَا هُدًى وَّرَحْمَةٌ لِّلَّذِينَ هُمْ
لِرَبِّهِمْ يَرْهَبُونَ ﴿١٥٤﴾ وَاخْتَارَ مُوسٰى قَوْمَهُ سَبْعِينَ رَجُلًا لِّمِيقَاتِنَا ۚ فَلَمَّا أَخَذَتْهُمُ
الرَّجْفَةُ قَالَ رَبِّ لَوْ شِئْتَ أَهْلَكْتَهُم مِّن قَبْلُ وَإِيَّايَ ۖ أَتُهْلِكُنَا بِمَا فَعَلَ السُّفَهَاءُ
مِنَّا ۚ إِنْ هِيَ إِلَّا فِتْنَتُكَ ۖ تُضِلُّ بِهَا مَن تَشَاءُ وَتَهْدِي مَن تَشَاءُ ۖ أَنتَ
وَلِيُّنَا فَاغْفِرْ لَنَا وَارْحَمْنَا ۖ وَأَنتَ خَيْرُ الْغٰفِرِينَ ﴿١٥٥﴾ وَاكْتُبْ لَنَا فِي هٰذِهِ الدُّنْيَا
حَسَنَةً وَّفِي الْاٰخِرَةِ إِنَّا هُدْنَا إِلَيْكَ ۚ قَالَ عَذَابِي أُصِيبُ بِهِ مَنْ أَشَاءُ ۖ وَرَحْمَتِي
وَسِعَتْ كُلَّ شَيْءٍ ۚ فَسَأَكْتُبُهَا لِلَّذِينَ يَتَّقُونَ وَيُؤْتُونَ الزَّكٰوةَ وَالَّذِينَ هُمْ
بِاٰيٰتِنَا يُؤْمِنُونَ ﴿١٥٦﴾

તરજુમો :

અલબત્ત જેમણે વાછરડાને મઅ્‌બૂદ બનાવી લીધો તેમને દુનિયાની જિંદગીમાં તેમના પરવરદિગારનો ગઝબ (ક્રોધ) અને ઝિલ્લત પહોંચશે, અને અમે બોહતાન બાંધનારાઓને આ જ સજા આપીએ છીએ. (૧૫૨) અને જેમણે બુરા કામ કર્યા પછી ત્યારબાદ તવબહ કરી અને ઈમાન-લાવ્યા

તો નિઃશંક ! તમારો પરવરદિગાર તવબહ પછી અલબત્ત મા'ફ કરનારો મહેરબાન છે. (૧૫૩) અને જ્યારે મૂસા (અલૈ.)નો ગુસ્સો શાંત થઈ ગયો તો તેમણે તખ્તીઓ ઉઠાવી લીધી અને જે તેમાં લખેલું હતું એમાં હિદાયત અને રહમત હતી તેમના માટે જેઓ પોતાના પરવરદિગારથી ડરે છે. (૧૫૪) અને મૂસા (અલૈ.)એ પોતાની કોમમાંથી સિત્તેર પુરુષ અમારા વાયદાના સમય ઉપર લાવવા માટે ચૂંટી લીધા, પછી જ્યારે તેમને ધરતીકંપે પકડયા તો બોલ્યા, હે મારા પરવરદિગાર ! જો તેં ઈચ્છયું હોત તો તેમને અને મને પ્રથમથી જ હલાક કરી દીધા હોત, શું અમને એ કામ ઉપર હલાક કરે છે જે અમારી કોમના મૂર્ખાઓએ કર્યું ? આ બધી તારી કસોટી છે, એમાં જેને તું ઈચ્છે ગુમરાહ કરે અને જેને ચાહે સીધો રાખે ! તું જ અમને સંભાળનાર (રક્ષક) છે, બસ અમને મા'ફ કરી દે અને અમારા ઉપર રહમત (કૃપા) કર અને તું સૌથી બહેતર મા'ફ કરનારો છે. (૧૫૫) અને અમારા માટે આ દુનિયામાં અને આખિરતમાં ભલાઈ લખી દે, અમે તારા તરફ રુજૂઅ્ કર્યું (શરણે થયા); કહ્યું, હું મારો અઝાબ તેને નાંખું છું જેના ઉપર ઈચ્છું અને મારી રહમત દરેક વસ્તુને સામેલ છે, બસ તેને તેમના માટે લખી આપીશ જેઓ ડર રાખે છે અને ઝકાત આપે છે અને જેઓ અમારી વાતો ઉપર યકીન રાખે છે. (૧૫૬)

તફસીર :

(પછી અલ્લાહ તઆલાએ તે વાછરડો પૂજનારાઓ વિશે હઝરત મૂસા અલૈ.ને ફરમાવ્યું કે) જે લોકોએ વાછરડાની પૂજા કરી છે (જો હવે પણ તવબહ કરશે નહીં તો) તેમના ઉપર ઘણો જ જલદી તેમના પરવરદિગાર તરફથી ક્રોધ અને અપમાન આ દુનિયાની જિંદગીમાં જ પડશે અને (કંઈ આ તેમના માટે જ વિશેષ સ્વરૂપે નથી) અમે (તો) બોહતાન બાંધનારાઓને આવી જ સજા આપીએ છીએ (કે દુનિયામાં જ ગુસ્સાનો ભોગ બને છે અને અપમાનિત થઈ જાય છે, બસ કદાચ કોઈ કારણસર આ અપમાન જાહેર ન થાય અથવા તેમાં મોડું થઈ શકે છે. એટલા માટે સામિરીએ જે તવબહ ન કરી તો તેના ઉપર ક્રોધ અને અપમાન નાઝિલ થયો જેનો કિસ્સો સૂરએ તા'હામાં છે قَالَ فَاذْهَبْ فَإِنَّ لَكَ فِي الْحَيٰوةِ أَنْ تَقُوْلَ لَا مِسَاسَ.....) અને જે લોકોએ ગુનાહના કામ કર્યા (દાખલા તરીકે તેમણે

વાછરડાની પૂજા કરી પરંતુ) પછી તેઓએ તે (ગુનાહ)થી (તેના કર્યા પછી) તવબહ કરી લીધી અને (એ કુફ્રને છોડીને) ઈમાન લઈ આવ્યા, તમારો પરવરદિગાર તેમની તવબહ પછી (તેમના) ગુનાહને મોટો મા'ફ કરનારો (અને તેમની હાલત ઉપર) ઘણી મહેરબાની કરનારો છે (જો કે, તવબહની પૂર્ણતા માટે اُقْتُلُوْٓا اَنْفُسَكُمْનો પણ હુકમ થયો, કારણ કે વાસ્તવમાં આખિરતની રહમત એ શિક્ષામાં જ છે, એટલા માટે તવબહ કરનારાઓની મા'ફી એ પ્રમાણે જ મા'ફ થઈ) અને જ્યારે (હઝરત હારૂન અલૈ.નું એ કારણ સાંભળીને હઝરત) મૂસા (અલૈ.)નો ગુસ્સો ઠંડો થયો, પછી તે તખ્તીઓને ઉઠાવી લીધી અને એ (તખ્તીઓ)ના વિષયોમાં તે લોકો માટે જેઓ પોતાના પરવરદિગારથી ડરતા હતા હિદાયત અને રહમત હતી (એનો ભાવાર્થ તેમાં લખેલા તેમના માટેના હુકમો છે કે તેના ઉપર અમલ કરવાથી એ લોકો હિદાયત અને રહમતના હકદાર થઈ જાય છે) અને (જ્યારે વાછરડાનો કિસ્સો પૂર્ણ થયો પછી હઝરત મૂસા અલૈ.એ સંતોષપૂર્વક તવરાતના હુકમો સંભળાવ્યા, પરંતુ તે લોકોની શંકાઓ અને વાંધાઓ કાઢવાની જ આદત હતી એટલા માટે એમાં પણ શંકા ઊભી કરી કે અમને કેવી રીતે જાણ થાય કે આ અલ્લાહના હુકમો છે ? અમને અલ્લાહ તઆલા પોતે કહી આપે તો અમને વિશ્વાસ થઈ જાય, હઝરત મૂસા અલૈ.એ અલ્લાહ તઆલાને વિનંતી કરી, ત્યાંથી હુકમ થયો કે તેમના અમુક વ્યક્તિઓ જેમને આ લોકો ભરોસાપાત્ર સમજે છે નક્કી કરીને તૂર પર્વત ઉપર લઈ આવો, અમે પોતે તેમને કહી આપીશું કે આ અમારા હુકમો છે અને તેમને તૂર ઉપર લઈ જવા માટે એક સમય નક્કી કરવામાં આવ્યો, આથી હઝરત) મૂસા (અલૈ.)એ સિત્તેર વ્યક્તિઓ પોતાની કોમમાંથી અમારા નક્કી સમય (ઉપર લાવવા) માટે ચૂંટી કાઢયા (એટલા માટે ત્યાં પહોંચીને તેમણે અલ્લાહ તઆલાનું કલામ સાંભળ્યું, પરંતુ તેમાં એક બીજો વાંધો કાઢયો કે અમને શું ખબર કે આ કોણ બોલી રહ્યું છે ? અમને તો ત્યારે જ વિશ્વાસ થાય કે અમે અલ્લાહ તઆલાને પોતાની આંખોથી ખુલ્લમ-ખુલ્લો જોઈ લઈએ, અલ્લાહ તઆલાના ઈરશાદ પ્રમાણે لَنْ نُّؤْمِنَ لَكَ حَتّٰى نَرَى اللّٰهَ جَهْرَةً، અલ્લાહ તઆલાએ આ ગુસ્તાખીની સજા આપી, ધરતીકંપના જોરદાર ઝટકા શરૂ થયા અને ઉપરથી એવી વીજળીના કડાકા થયા કે બધા ત્યાં જ ઢળી પડયા) બસ, જ્યારે તેમને ધરતીકંપે (વગેરેએ) પકડી લીધા તો

(હઝરત) મૂસા (અલૈ. ડર્યા કે બની ઈસ્રાઈલ જાહિલ છે અને પ્રથમથી જ ખોટી ધારણા બાંધી રહી છે તેઓ એવું સમજશે કે મેં ક્યાંક લઈ જઈને યુક્તિ કરીને તે બધાને પતાવી દીધા છે, એટલા માટે ગભરાઈને) વિનંતી કરવા લાગ્યા કે, હે મારા પરવરદિગાર ! (એ તો મને વિશ્વાસ છે કે તું આ લોકોને ફક્ત સજા દેવા ઈચ્છે છે ખાસ હલાક કરી દેવાનો હેતુ નથી, કારણ કે) જો તને એ મંજૂર હોત તો તેં આનાથી પહેલાં જ તેમને અને મને હલાક કરી નાંખ્યા હોત (કારણ કે, તેમનું આ હાલતમાં હલાક થવું બની ઈસ્રાઈલના હાથોથી મારા હલાક થવા સમાન છે. બસ, જો તારો એ હેતુ હોત તો તું પ્રથમથી જ એવું કરી શકતો હતો પરંતુ જ્યારે એવું નથી કર્યું તો જાણ થાય છે કે તેમને પણ હલાક કરવાનો હેતુ નથી, કારણ કે તેમાં મારી પણ હલાકત છે અને બદનામી પણ છે, તારાથી મને આશા છે કે તું મને બદનામ નહીં કરે અને) ક્યાંક તું અમારામાંના અમુક બેવકૂફોની પ્રવૃત્તિ ઉપર બધાને હલાક કરી નાંખીશ ? (કે બેવકૂફી તો એ લોકો કરે અને આ પ્રમાણેની ગુસ્તાખી કરે અને એમના કારણે હું બની ઈસ્રાઈલના હાથોથી હલાક થઈ જાઉં, તારાથી ઉમ્મીદ છે કે તું એવું કરીશ નહીં, બસ સાબિત થયું કે) આ ઘટના (ધરતીકંપ અને વીજળીના કડાકા) ફક્ત તારા તરફથી એક કસોટી છે, આવી કસોટીઓથી તું જેને ઈચ્છે ગુમરાહીમાં નાંખી દે (કે અલ્લાહ તઆલાની ફરિયાદ અને નાશુક્રી કરવા માંડે) અને જેને તું ઈચ્છે હિદાયત ઉપર કાયમ રાખે (કે તેની હિકમતો અને મસ્લિહતોને પણ તું સમજે છે, બસ હું તારી દયા અને મહેરબાનીથી તારા હિકમતવાળા હોવાનું જાણું છું, એટલા માટે આ પરીક્ષાથી સંતોષિત છું અને) તું જ તો અમારો કાર્યસાધક છે, અમારા ઉપર મા'ફી અને દયા કર અને તું બધા મા'ફી દેનારાઓમાં સૌથી વધારે છે (બસ તેમની ગુસ્તાખી પણ મા'ફ કરી આપ, એટલામાં તો તે લોકો સાજા-માજા થઈને ઊભા થઈ ગયા, સૂરએ બકરહમાં એની વિગત આવી ચૂકી છે) અને (આ દુઆની સાથે જ તેમણે અલ્લાહની રહમતની વિગત વર્ણવતા એ દુઆ પણ કરી કે) અમારા લોકોના નામે દુનિયામાં પણ ભલાઈ લખી આપ અને (એ જ પ્રમાણે) આખિરતમાં પણ (કારણ કે) અમે તારા તરફ (ઈખ્લાસ અને આજ્ઞાપાલનની સાથે) રુજૂઅ્ (થઈ શરણે) થઈએ છીએ (અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલૈ.ની દુઆ કબૂલ કરી અને) ફરમાવ્યું કે, (હે મૂસા ! પ્રથમ તો મારી રહમત સદંતર મારા ક્રોધ ઉપર

છવાયેલી છે, આથી) હું મારો અઝાબ (અને ગુસ્સો) તો તેના ઉપર જ નાંખું છું જેના ઉપર ઈચ્છું છું (બસ, અઝાબનો હકદાર દરેક નાફરમાન હોય છે પરંતુ તે છતાં પણ બધાને અઝાબ આપતો નથી, બલકે તેમાંથી ખાસ-ખાસ લોકો ઉપર નાંખું છું જે અત્યંત નીચ કક્ષાના બળવાખોર અને શરારતખોર હોય છે) અને મારી રહમત (એવી સર્વત્ર ફેલાયેલી છે કે) બધી જ વસ્તુઓ ઉપર છવાયેલી રહે છે (તેમનામાં ઘણી બધી મખ્લૂક દાખલા તરીકે, શરારતખોર અને આજ્ઞાનો અનાદર કરનારા લોકો આ રહમતના હકદાર નથી પરંતુ તે છતાં તેમનામાંથી ઘણા બધા ઉપર એક પ્રકારની રહમત છે ભલે જો કે તે દુનિયામાં જ હોય, મારી રહમત જે તેના હકદાર નથી તેમના માટે પણ દુનિયામાં સર્વસામાન્ય જ છે) તો તે રહમત તે લોકોના નામે તો (સંપૂર્ણ રીતે) અવશ્ય લખીશ કે જેઓ (તેના વાયદા પ્રમાણે હકદાર પણ છે, એ કારણે કે તેઓ આજ્ઞાપાલન કરે છે, આથી) અલ્લાહ તઆલાથી ડરે છે (જે અમલો દિલ સાથે સંલગ્ન છે) અને ઝકાત પણ આપે છે (જે અમલ જાહેર છે) અને જેઓ અમારી આયતો ઉપર ઈમાન લાવે છે (કે જે અકીદાઓમાંથી છે તો એવા લોકો તો પ્રથમથી જ રહમતના હકદાર છે, બસ જો તમે દરખાસ્ત ન પણ કરી હોત અને હવે તો જ્યારે તમે દરખાસ્ત પણ કરી રહ્યા છો وَاكْتُبْ لَنَا اِرْحَمْنَا તો અમે આ દરખાસ્ત સ્વીકાર કરવાની ખુશખબરી આપીએ છીએ, કારણ કે તમે તો એવા જ છો અને પોતાની કોમમાં પણ જે કોઈ રહમતનો હકદાર બનવા ઈચ્છે છે તેમણે પણ આવા જ ગુણ-લક્ષણો અને ખાસિયતો અપનાવવી જોઈએ જેથી તેઓ રહમતના હકદાર બની જાય).

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરએ અઅ્રાફનો ૧૯મો રુકૂઅ્ છે, તેની પ્રથમ આયતમાં વાછરડાની પૂજા કરનારા અને તેના ઉપર કાયમ રહેનારા બની ઈસ્રાઈલના ખરાબ અંજામનું વર્ણન છે કે, આખિરતમાં તેમને પરવરદિગારના ક્રોધનો ભોગ બનવું પડશે, તેના પછી કોઈ જગ્યાએ શરણનું સ્થળ નથી અને દુનિયામાં તેમને અપમાનિત થવું પડશે.

અમુક ગુનાહોની શિક્ષા દુનિયામાં પણ મળે છે :

જેમકે સામિરી અને તેના સાથીદારોની હાલત હતી કે, તેમણે વાછરડાની

પૂજાથી સાચી તવબહ ન કરી તો અલ્લાહ તઆલાએ તેમને દુનિયામાં જ અપમાનિત કર્યા એ રીતે કે, તેને હઝરત મૂસા (અલૈ.)એ એવો હુકમ આપ્યો કે, તે બધા લોકોથી અલગ રહે, ન તો તે કોઈને હાથ લગાવે અને ન જ કોઈ તેને હાથ લગાવે. આથી તે આખી જિંદગી આ જ પ્રમાણે જાનવરોની સાથે ભટકતો રહ્યો, કોઈપણ માનવી તેની પાસે પણ ફરકતો ન હતો.

તફસીરે કુર્તુબીમાં હઝરત કતાદહ (રદિ.)ની રિવાયતમાં પ્રસ્તુત છે કે, અલ્લાહ તઆલાએ તેના ઉપર અઝાબ થોપી દીધો હતો કે, જ્યારે કોઈ તેને હાથ લગાડે અથવા તે કોઈને હાથ લગાડે તો તરત જ બંનેને તાવ ચઢી જતો હતો.

(કુર્તુબી)

તફસીરે રૂહુલ બયાનમાં છે કે, આ ખાસિયત તેના વંશજોમાં આજદિન સુધી બાકી છે અને અંતિમ આયતમાં ફરમાવ્યું, وَكَذٰلِكَ نَجۡزِى الۡمُفۡتَرِيۡنَ એટલે કે, જે લોકો અલ્લાહ ઉપર બોહતાન બાંધે છે તેમને એવી જ સજા આપવામાં આવે છે. સુફિયાન બિન ઉયયૂનહ (રહ.) ફરમાવે છે કે, "જે લોકો દીનમાં બિદ્અત અપનાવે છે તે પણ અલ્લાહ તઆલા ઉપર એ જ પ્રમાણે બોહતાન બાંધવાના અપરાધી થઈને અલ્લાહ તઆલાની સજાના હકદાર બની જાય છે."

(મઝહરી)

ઈમામ માલિક (રહ.)એ આ જ આયતથી દલીલ કરીને ફરમાવ્યું કે, "દીનમાં પોતાના તરફથી બિદ્અતો ઘડી કાઢનારની એ જ સજા છે કે, તે આખિરતમાં અલ્લાહના ક્રોધનો હકદાર થશે અને દુનિયામાં અપમાનનો." *(કુર્તુબી)*

બીજી આયતમાં એ લોકોની હાલત વર્ણન થઈ છે, જેમણે હઝરત મૂસા (અલૈ.)ની સૂચના અને તાકીદ પછી પોતાના આ ગુનાહથી તવબહ કરી લીધી અને તવબહ માટે અલ્લાહ તઆલા તરફથી જે કઠોર શરત મૂકવામાં આવી હતી કે, આ બધા લોકો પરસ્પર એકબીજાને કતલ કરે તો જ તેમની તવબહનો સ્વીકાર થશે, આ લોકોએ તે હુકમ ઉપર અમલ કર્યો ત્યારે હઝરત મૂસા (અલૈ.)એ અલ્લાહના હુકમથી તેમને બોલાવ્યા કે, તમારા સૌની તવબહનો સ્વીકાર થઈ ગયો અને આ તવબહની શરત પૂરી કરવામાં જે લોકો માર્યા ગયા તેઓ શહીદ થયા અને જેઓ બાકી રહ્યા તેમની મગફિરત થઈ ગઈ. આ આયતમાં ઈરશાદ ફરમાવ્યો કે, જે લોકો ખરાબ અમલોમાં સંડોવાય છે ભલે કેટલાય મોટા ગુનાહો

જેમકે કુફ્ર અથવા બીજી પાપલીલા આચરી હોય, જો તે ત્યારબાદ તેનાથી તવબહ કરી લે અને ઈમાનને ઠીકઠાક કરી લે એટલે કે ઈમાનના તકાદા પ્રમાણે પોતાના આચરણની સુધારણા કરી લે તો અલ્લાહ તઆલા તે સૌને પોતાની રહમતથી મા'ફ કરી આપશે. આથી મનુષ્યથી જયારે પણ કોઈ ગુનોહ થઈ જાય તો તાત્કાલિક તવબહના શરણે જવું જોઈએ.

ત્રીજી આયતમાં એ બાબતનું વર્ણન છે કે, જ્યારે હઝરત મૂસા (અલૈ.)નો ક્રોધ શાંત થયો તો તવરાતની તખ્તીઓ જે ઉતાવળે-ઉતાવળે મૂકી હતી, તે ફરી ઉઠાવી લીધી અને તે પ્રતમાં અલ્લાહ તઆલાથી ડરનારાઓ માટે હિદાયત અને રહમત હતી.

શબ્દ نُسْخَة (નુસ્ખહ) એવા લખાણ માટે બોલવામાં આવે છે જે કોઈ કિતાબ વગેરેમાંથી નકલ કરવામાં આવે. (ગુજરાતી ભાષામાં તેને "પ્રત" કહેવામાં આવે છે.)

અમુક રિવાયતોમાં છે કે, હઝરત મૂસા (અલૈ.)એ જ્યારે ઉતાવળે-ઉતાવળે તવરાતની તખ્તીઓ મૂકી હતી તો તે તૂટી ગઈ હતી. પછી અલ્લાહ તઆલાએ તેમને કોઈ બીજી વસ્તુમાં લખેલું અર્પણ કર્યું, તેને "નુસ્ખહ" કહેવામાં આવે છે.

બની ઇસ્રાઈલના સિત્તેર પુરુષોને ચૂંટી કાઢવાની અને તેમની હલાકતની ઘટના :

ચોથી આયતમાં એક ખાસ ઘટનાનું વર્ણન છે કે, હઝરત મૂસા (અલૈ.)એ અલ્લાહ તઆલાની કિતાબ લાવીને બની ઈસ્રાઈલને આપી તો તેઓ પોતાની શરારત અને હુકમોથી બચવા માટેની જાત-જાતની યુક્તિ-પ્રયુક્તિઓ કરીને કહેવા લાગ્યા કે, અમને એ કેવી રીતે વિશ્વાસ થાય કે, આ અલ્લાહ તઆલાનું કલામ છે ? શક્ય છે કે, તમે પોતે જ પોતાના તરફથી લખી લાવ્યા હોય. તેમને સંતોષ અપાવવા માટે હઝરત મૂસા (અલૈ.)એ દુઆ કરી તો અલ્લાહ તઆલા તરફથી આ ઈરશાદ થયો કે, આ કોમના ચુનંદા વ્યક્તિઓને તમે કોહે તૂર ઉપર લઈ આવો જેથી અમે પોતે તેમને પોતાનું કલામ સંભળાવી આપીએ અને તેમને વિશ્વાસ આવી જાય. હઝરત મૂસા (અલૈ.)એ તેમની કોમમાંથી સિત્તેર

વ્યક્તિઓને ચૂંટી કાઢ્યા અને તૂર પર્વત ઉપર લઈ ગયા. વાયદા પ્રમાણે તેમણે પોતાના કાનોથી અલ્લાહ તઆલાનું કલામ સાંભળી લીધું, પરંતુ જ્યારે આ વાંધાનો પણ જવાબ આપવામાં આવી ચૂક્યો તો હવે એવું બહાનું કાઢવા લાગ્યા કે, અમને શું ખબર કે આ કોણ બોલી રહ્યું છે ? અમે તો ત્યારે જ વિશ્વાસ કરીશું જ્યારે કે અમે અલ્લાહને ખુલ્લમ-ખુલ્લો જોઈ લઈએ. તેમનો આ પ્રશ્ન હઠધર્મી અને અજ્ઞાનતા ઉપર આધારિત હતો, એટલા માટે અલ્લાહનો ક્રોધ તેમના ઉપર વરસ્યો અને નીચેથી એક ધરતીકંપ આવ્યો અને ઉપરથી વીજળીનો કડાકો થયો, જેનાથી તેઓ બેહોશ થઈને પડી ગયા અને જાહેર સ્વરૂપે મૃત્યુ પામ્યા. સૂરએ બકરહમાં આ સ્થળે صَاعِقَةٌ (સાઈકહ)નો શબ્દ આવ્યો છે અને અહીંયાં رَجْفَةٌ (રજફહ)નો શબ્દ છે. "સાઈકહ"નો અર્થ "વીજળીનો કડાકો" અને "રજફહ"નો અર્થ "ધરતીકંપ"નો થાય છે, એમાં કોઈ શંકા નથી કે બંને વસ્તુઓ એકસાથે થઈ હોય.

મતલબ કે, આ લોકો એવા થઈને પડી ગયા જેમકે મૃત લાશ પડી હોય છે, ભલે તેઓ વાસ્તવમાં મૃત્યુ પણ પામી ચૂક્યા હોય અથવા તો જાહેરમાં મૃત્યુ પામેલા દેખાતા હોય. હઝરત મૂસા (અલૈ.)ને આ ઘટનાથી સખત આઘાત લાગ્યો. પ્રથમ તો એટલા માટે આ લોકો પોતાની કોમના ચુનંદા લોકો હતા, બીજું એ કે હવે પોતાની કોમમાં જઈને શું જવાબ આપીશ તેની ચિંતા થવા લાગી. તેઓ એવી તોહમત લગાવશે કે, મૂસા (અલૈ.)એ તે બધાને ક્યાંક લઈ જઈને કતલ કરાવી નાંખ્યા છે અને આ તોહમત લગાવ્યા પછી એ પણ દેખીતું જ છે કે, આ લોકો મને પણ મારી નાંખશે. એટલા માટે અલ્લાહ જલ્લ શા'નુહૂને વિનંતી કરી કે, હે મારા પરવરદિગાર ! હું જાણું છું કે આ ઘટનાથી તારો હેતુ તેમનો નાશ કરવાનો નથી, કારણ કે જો એવું જ હોત તો આ અગાઉ ઘણી બધી ઘટનાઓ બની હતી, જેમાં આ લોકોનો નાશ કરી શકાતો હતો. ફિરઔનની સાથે ડૂબાડી દેવામાં આવ્યા હોત અથવા તો વાછરડાના પૂજાપાઠ વખતે સૌની સામે તેમનો નાશ કરવામાં આવ્યો હોત અને જો તેં ઈચ્છ્યું હોત તો મારો પણ તેમની સાથે નાશ કરી નાંખ્યો હોત પરંતુ તેં એવું નથી ઈચ્છ્યું. આથી જાણ થઈ કે, આ સમયે પણ તેમનો નાશ કરવાનો તારો હેતુ નથી, બલકે શિક્ષા અને ચેતવણી આપવાનો હેતુ છે અને એ કેવી રીતે બની શકે કે તું અમારા સૌનો અમુક મૂર્ખાઓના કૃત્યના

કારણે નાશ કરી નાંખે. આ સ્થળે પોતાની જાતનો નાશ કરવાનું એટલા માટે વર્ણન કર્યું કે, આ સિત્તેર વ્યક્તિઓનું આ પ્રમાણે અદશ્ય રીતે હલાક થઈ જવાનું પરિણામ એ જ આવવાનું હતું કે, હઝરત મૂસા (અલૈ.)ને પણ પોતાની કોમના હાથોએ હલાક કરવામાં આવે.

પછી વિનંતી કરી કે, હું જાણું છું કે આ ફક્ત તારી કસોટી છે, જેના માધ્યમથી તું અમુક લોકોને ગુમરાહ કરે છે કે, અલ્લાહ તઆલા વિશે ફરિયાદ અને તેની નાશુક્રી કરવા લાગે છે અને અમુક લોકોને હિદાયત ઉપર કાયમ રાખે છે કે, તેઓ અલ્લાહ તઆલાની હિકમતો અને મસ્લિહતોને સમજીને સંતોષ પામે છે. હું પણ તારી કૃપાથી તારા હિકમતવાળો હોવાનું જ્ઞાન ધરાવું છું, એટલા માટે આ કસોટીથી સંતોષિત છું અને તું જ તો અમારો કામ બનાવનાર છે, અમારા ઉપર મગફિરત અને રહમત કર અને તું જ સર્વે મા'ફ કરનારાઓમાં સૌથી વધારે મા'ફ કરનારો છે, એટલા માટે તેમની અસભ્ય વર્તણૂક અને ગુસ્તાખીને મા'ફ કરી આપ. આથી તે બધા લોકો સ્વસ્થ અને સાજા થઈને ઊભા થઈ ગયા.

અમુક વિવરણકારોએ નોંધ્યું છે કે, આ સિત્તેર વ્યક્તિઓ જેમનું વર્ણન આ આયતમાં છે તે નથી જેમણે اَرِنَا اللّٰهَ جَهْرَةً ની દરખાસ્ત કરી હતી અને તેમને صَاعِقَه (સાઈકહ) "વીજળીના કડાકા" દ્વારા હલાક કરવામાં આવ્યા હતા, બલકે આ તે લોકો હતા જે પોતે તો વાછરડાની પૂજામાં સામેલ ન હતા પરંતુ કોમને આવી પ્રવૃત્તિથી રોકવાનો કોઈ પ્રયત્ન પણ ન કર્યો હતો, તેની શિક્ષામાં તેમના ઉપર ધરતીકંપ આવ્યો અને તેઓ બેહોશ થઈ ગયા. (વલ્લાહુ અઅ્લમુ) મતલબ કે, આ લોકો હઝરત મૂસા (અલૈ.)ની દુઆથી સાજા-માજા જીવીત થઈને ઊભા થઈ ગયા.

પાંચમી આયતમાં હઝરત મૂસા (અલૈ.)ની એ દુઆની પૂર્ણતા પણ વર્ણન થઈ છે وَاكْتُبْ لَنَا فِيْ هٰذِهِ الدُّنْيَا حَسَنَةً وَّفِي الْاٰخِرَةِ اِنَّا هُدْنَآ اِلَيْكَ એટલે કે, "હે અમારા પરવરદિગાર ! તું અમારા માટે આ દુનિયામાં પણ ભલાઈ લખી આપ અને આખિરતમાં પણ; કારણ કે અમે તારા તરફ નિખાલસતા અને આજ્ઞાપાલનની સાથે શરણે આવીએ છીએ."

તેના જવાબમાં અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો, عَذَابِيْٓ اُصِيْبُ بِهٖ مَنْ اَشَآءُ وَرَحْمَتِيْ وَسِعَتْ كُلَّ شَيْءٍ فَسَاَكْتُبُهَا لِلَّذِيْنَ يَتَّقُوْنَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ

وَالَّذِيْنَ هُمْ بِاٰيٰتِنَا يُؤْمِنُوْنَ એટલે કે, હે મૂસા (અલૈ.) ! પ્રથમ તો મારી રહમત સદંતર મારા ક્રોધથી પછીના ક્રમે છે. એટલા માટે હું પોતાનો અઝાબ અને ક્રોધ ફક્ત તેના ઉપર જ કરું છું જેના ઉપર ઇચ્છું છું. જો કે, અઝાબનો હકદાર તો દરેક નાફરમાન હોય છે પરંતુ તે છતાં પણ સૌને અઝાબ આપતો નથી બલકે, તેમાંથી ખાસ–ખાસ લોકો ઉપર અઝાબ નાઝિલ કરું છું જે છેલ્લા દરજ્જાના શરારતખોર અને અધમ હોય છે અને મારી રહમત એટલી સર્વસામાન્ય છે કે બધી વસ્તુઓને પોતાનામાં ઘેરેલી છે. જ્યારે કે, તેમાંથી ઘણા લોકો દાખલા તરીકે, શરારતખોર અને અવજ્ઞા કરનારા તેના હકદાર નથી પરંતુ તેમના ઉપર પણ એક ઘણી મોટી રહમત (કૃપા) છે, ભલે દુનિયામાં જ કેમ ન હોય, બસ જ્યારે મારી કૃપા બધા હક ન ધરાવનારાઓ માટે પણ સર્વસામાન્ય છે તો તે રહમત તે લોકો માટે તો સંપૂર્ણ રીતે આવશ્યક હોવાનું લખી આપીશ જેઓ વાયદા પ્રમાણે તેના હકદાર પણ છે એ કારણે કે તેઓ આજ્ઞાપાલન કરે છે, એટલા માટે તેઓ અલ્લાહ તઆલાથી ડરે છે અને ઝકાત આપે છે અને અમારી આયતો ઉપર ઈમાન લાવે છે એટલા માટે આ લોકો પ્રથમથી જ રહમતના હકદાર છે, તેથી તમને દુઆ કબૂલ થવાની ખુશખબરી આપવામાં આવે છે.

આ જવાબની વિગતમાં વિવરણકાર લોકોએ વિવિધ નિવેદનો કર્યા છે. કારણ કે, અહીંયાં સ્પષ્ટ શબ્દોમાં દુઆ કબૂલ કરવાનું વર્ણન નથી. જેમકે, અન્ય સ્થળોએ સ્પષ્ટ રીતે ફરમાવી દેવામાં આવ્યું, قَدْ اُوْتِيْتَ سُؤْلَكَ يٰمُوْسٰى (૨૦:૩૬) એટલે કે, "હે મૂસા (અલૈ.) ! આપનો સવાલ (માંગણી) પૂરો કરવામાં આવ્યો" અને બીજા સ્થળે ફરમાવ્યું, اُجِيْبَتْ دَّعْوَتُكُمَا (૧૦:૮૯) એટલે કે, "હે મૂસા અને હારૂન (અલૈ.) ! તમારા બંનેની દુઆ સ્વીકારી લેવામાં આવી." અહીંયાં આ પ્રમાણે કોઈ સ્પષ્ટતા નથી, આથી અમુક લોકોએ આ આયતોનો ભાવાર્થ એ ઠરાવ્યો છે કે, હઝરત મૂસા (અલૈ.)ની આ દરખાસ્ત પોતાની ઉમ્મત વિશે તો કબૂલ ન થઈ, અલબત્ત ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺના હકમાં સ્વીકારી લેવામાં આવી, જેનું વર્ણન ત્યાર પછીની આયતોમાં સ્પષ્ટતા સાથે ખુલાસાવાર આવી રહ્યું છે, પરંતુ તફસીરે રૂહુલ મઆનીમાં આ સંભાવના ખૂબ દૂર હોવાનું ઠરાવવામાં આવ્યું છે. એટલા માટે જવાબનું ખરું વર્ણન એ છે કે, હઝરત મૂસા (અલૈ.)ની દુઆના બે વિભાગો હતા. એક એ કે, જે લોકો ઉપર

ગુસ્સો અને અઝાબ થયો છે તેમને મા'ફી આપવામાં આવે અને તેમના ઉપર કૃપા કરવામાં આવે અને બીજું એ કે, મારા માટે અને મારી સમગ્ર કોમ માટે દુનિયા અને આખિરતની સંપૂર્ણ ભલાઈ લખી આપવામાં આવે. પ્રથમ દુઆનો જવાબ આ આયતમાં પ્રસ્તુત છે અને બીજી દુઆનો જવાબ બીજી આયતમાં વર્ણન થયો છે. પ્રથમ આયતનો ખુલાસો એ છે કે, મારી ટેવ એ જ છે કે, હું દરેક ગુનેહગાર ઉપર અઝાબ નથી મોકલતો બલકે, ફક્ત તેમના ઉપર જેમને (અત્યંત શરારત અને અધમતાના કારણે) અઝાબ આપવા ઈચ્છું છું, એટલા માટે તે લોકોને પણ અઝાબ આપવામાં નહીં આવે, આપ નચિંત રહી રહમત (કૃપા)ની દરખાસ્ત કરો તો બસ મારી રહમત તો દરેક વસ્તુ ઉપર છવાયેલી અને વર્ચસ્વ ધરાવનારી છે. માનવી હોય કે અન્ય મખ્લૂક, મો'મિન હોય કે કાફિર, આજ્ઞાપાલક હોય કે અવજ્ઞાકારી, બલકે જેને દુનિયામાં અઝાબ અને તકલીફ આપવામાં આવે છે તે રહમતથી ખાલી નથી હોતું. ઓછામાં ઓછું એટલું તો હોય જ છે કે, જે મુસીબતમાં તે સપડાયેલો છે તેનાથી વધારે મુસીબત તેના ઉપર નાંખવામાં નથી આવી, જ્યારે કે અલ્લાહ તઆલા એવું કરવા માટે પણ શક્તિમાન છે.

મારા મુહતરમ ઉસ્તાદ હઝરત મવલાના અનવર શાહ કશ્મીરી (રહ.)એ ફરમાવ્યું કે, રહમતની વિશાળતાનો અર્થ એ છે કે, રહમતનું વર્તુળ કોઈના માટે તંગ નથી. એનો એ અર્થ નથી કે દરેક વસ્તુ ઉપર રહમત થાય છે જેમકે, ધિક્કારપાત્ર ઈબ્લીસે કહ્યું, "હું પણ એક વસ્તુ છું અને દરેક વસ્તુ રહમતવાળી છે, એટલા માટે હું પણ રહમતને પાત્ર છું." કુર્આને કરીમના શબ્દમાં તે તરફ ઈશારો મોજૂદ છે કે, એવું નથી કહેવામાં આવ્યું કે દરેક વસ્તુ ઉપર રહમત કરવામાં આવશે, બલકે એ ફરમાવ્યું કે રહમતની ખાસિયત તંગ નથી વિશાળ છે, જેના ઉપર અલ્લાહ તઆલા રહમત કરવાનું ઈચ્છે કરી શકે છે. કુર્આને કરીમમાં આ ગવાહી બીજા સ્થળે આ પ્રમાણે આવી છે. فَإِنْ كَذَّبُوكَ فَقُلْ رَبُّكُمْ ذُورَحْمَةٍ وَّاسِعَةٍ وَلَا يُرَدُّ بَأْسُهُ عَنِ الْقَوْمِ الْمُجْرِمِيْنَ (૬ : ૧૪૭) એટલે કે, "આ લોકો તમને જૂઠાડે તો એમને કહી આપો કે તમારો પરવરદિગાર વિશાળ રહમતવાળો છે પરંતુ અપરાધીઓ ઉપરથી તેના અઝાબને કોઈ ટાળી શકતું નથી." આ આયતમાં બતાવવામાં આવ્યું કે, રહમતની વિશાળતા અપરાધીઓ ઉપર અઝાબનો નકાર કરતી નથી.

ખુલાસો એ છે કે, હઝરત મૂસા (અલૈ.)ની આ દુઆ લોકોના હકમાં કોઈ શરત વિના સ્વીકાર કરવામાં આવી. એટલે કે, મગફિરત અને મા'ફી આપી અને રહમત પણ કરી.

અને બીજી દુઆ જેમાં દુનિયા અને આખિરતની સંપૂર્ણ ભલાઈ તેમના માટે લખી દેવાની દરખાસ્ત હતી તેના વિશે અમુક શરતો લગાવવામાં આવી. મતલબ એ કે, દુનિયામાં તો દરેક મો'મિન અને કાફિર ઉપર રહમત સર્વસામાન્ય હોઈ શકે છે પરંતુ આખિરતની દુનિયા સારા અને બુરાને અલગ પાડવાનું સ્થળ છે, અહીંયાં રહમતના હકદાર ફક્ત તે જ લોકો હશે જેઓ અમુક શરતોને પૂરી કરે છે. પ્રથમ એ કે, તેઓ તકવા અને પરહેઝગારીને અપનાવે, એટલે કે બધા જ શરીઅતના વાજિબ હુકમોને અદા કરે અને નાજાઇઝ (નિષિદ્ધ) કૃત્યોથી દૂર રહે. બીજું એ કે, તેઓ પોતાના માલમાંથી અલ્લાહ તઆલા માટે ઝકાત કાઢે, ત્રીજું એ કે, અમારી બધી આયતો ઉપર કોઈ પણ અપવાદ વિના કે તા'વીલ વિના ઈમાન લાવે. આ ઉપસ્થિત લોકો પણ જો આ ખાસિયતો પોતાનામાં સંપૂર્ણ રીતે પેદા કરી લે તો એમના માટે પણ દુનિયા અને આખિરતની સંપૂર્ણ ભલાઈ લખી આપવામાં આવશે.

પરંતુ ત્યારબાદ આયતમાં એ તરફ ઈશારો કરવામાં આવ્યો કે, આ સિફતો અને ખાસિયતો સંપૂર્ણ ઠોસ રીતે પ્રાપ્ત કરનારા તે લોકો હશે જેઓ તેમના પછી અંતિમ યુગમાં આવશે અને નબીએ ઉમ્મી ﷺનું અનુસરણ કરશે અને તેના પરિણામે તેઓ સંપૂર્ણ સફળતાના હકદાર હશે.

હઝરત કતાદહ (રદિયલ્લાહુ અન્હુ)એ ફરમાવ્યું કે, જ્યારે આ આયત وَرَحْمَتِي وَسِعَتْ كُلَّ شَيْءٍ નાઝિલ થઈ તો ઈબ્લીસે કહ્યું કે, હું આ રહમતમાં સામેલ છું પરંતુ પાછળના વાક્યમાં બતાવવામાં આવ્યું કે આખિરતની રહમત ઈમાન વગેરે શરતો ઉપર અવલંબિત છે, તે સાંભળીને ઇબ્લીસ નિરાશ અને હતાશ થઈ ગયો પરંતુ યહૂદીઓ અને નસારાએ દા'વો કર્યો કે, અમારામાં તો આ સિફતો પણ મોજૂદ છે, એટલે કે તકવા (અલ્લાહનો ડર) અને ઝકાત અદા કરવી તથા ઈમાન; પરંતુ ત્યારબાદ જે શરત નબીએ ઉમ્મી ﷺ ઉપર ઈમાન લાવવાનું વર્ણન થઈ તો તેનાથી તે યહૂદીઓ અને નસારા બાકાત થઈ ગયા, કારણ કે તેઓ રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન નથી લાવ્યા. મતલબ કે, આ ઈલાહી

વર્ણનશૈલીમાં હઝરત મૂસા (અલૈ.)ની તવબહનું વર્ણન પણ થઈ ગયું અને ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺની વિશિષ્ટ શ્રેષ્ઠતાનો ઉલ્લેખ પણ થયો.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૫૭)

اَلَّذِيْنَ يَتَّبِعُوْنَ الرَّسُوْلَ النَّبِيَّ الْاُمِّيَّ الَّذِيْ يَجِدُوْنَهٗ مَكْتُوْبًا عِنْدَهُمْ فِي
التَّوْرٰىةِ وَالْاِنْجِيْلِ يَاْمُرُهُمْ بِالْمَعْرُوْفِ وَيَنْهٰىهُمْ عَنِ الْمُنْكَرِ وَيُحِلُّ لَهُمُ الطَّيِّبٰتِ
وَيُحَرِّمُ عَلَيْهِمُ الْخَبٰٓئِثَ وَيَضَعُ عَنْهُمْ اِصْرَهُمْ وَالْاَغْلٰلَ الَّتِيْ كَانَتْ عَلَيْهِمْ ؕ
فَالَّذِيْنَ اٰمَنُوْا بِهٖ وَعَزَّرُوْهُ وَنَصَرُوْهُ وَاتَّبَعُوا النُّوْرَ الَّذِيْٓ اُنْزِلَ مَعَهٗٓ ۙ اُولٰٓئِكَ
هُمُ الْمُفْلِحُوْنَ ﴿١٥٧﴾ ع

તરજુમો :

તે લોકો જેઓ એ રસૂલ (ﷺ)ની પેરવી કરે છે જે નબીએ ઉમ્મી છે કે જેમને પોતાની પાસે તવરાત અને ઇન્જીલમાં લખેલા જુએ છે, તેઓ તેમને નેક કામનો હુકમ કરે છે અને બુરા કામથી મનાઈ કરે છે, અને તેમના માટે બધી પાક વસ્તુઓ હલાલ કરે છે અને તેમના ઉપર હરામ (નાપાક) વસ્તુઓ હરામ કરે છે, અને તેમના ઉપરથી તેમનો ભાર ઉતારે છે અને તે બંધનો જે તેમના ઉપર હતા; બસ જે લોકો તેમના ઉપર ઈમાન લાવ્યા અને તેમની મિત્રતા કરી અને તેમની મદદ કરી અને તે નૂરના તા'બે થયા જે તેમની સાથે ઊતર્યું છે તે જ લોકો પોતાની મુરાદે (સફળતાએ) પહોંચ્યા. (૧૫૭)

તફસીર :

જે લોકો એવા રસૂલ નબી-એ-ઉમ્મીનું અનુસરણ કરે છે, જેમને તે પોતાની પાસે તવરાત અને ઇન્જીલમાં લખેલું જુએ છે (તેમના ગુણ અને ખાસિયતો એ પણ છે કે) તેઓ તેમને ભલા (નેક) કામોનો હુકમ કરે છે, ખરાબ વાતોની મનાઈ કરે છે અને પવિત્ર વસ્તુઓને તેમના માટે હલાલ બતાવે છે, (જો

કે તે અગાઉની શરીઅતોમાં હરામ હતી) અને ગંદી વસ્તુઓને (કાયદેસર રીતે) તેમના ઉપર હરામ ફરમાવે છે અને તે લોકો ઉપર જે (અગાઉની શરીઅતોમાં) ભાર અને બંધનો (લાદેલા) હતા (એટલે કે, જે સખત અને કઠોર હુકમોના તેમને પાબંદ બનાવ્યા હતા) તેમને દૂર કરે છે (એટલે કે એવા સખત હુકમો તેમની શરીઅતમાં રદ કરવામાં આવ્યા છે), બસ જે લોકો આ નબી ઉપર ઈમાન લાવે છે અને તેમનું સમર્થન કરે છે અને તેમની મદદ કરે છે અને તેમના પ્રકાશનું અનુસરણ કરે છે જે તેમની સાથે મોકલવામાં આવ્યું છે, (એટલે કે કુર્આન) એવા લોકો જ સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરનારા છે (કે તેમને કાયમી અઝાબમાંથી છુટકારો પ્રાપ્ત થશે).

મસ્અલા અને બોધપાઠ :

ખાતમુન્નબિય્યિન હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ અને તેમની ઉમ્મતના વિશિષ્ટ લક્ષણો અને શ્રેષ્ઠતા :

પાછલી આયતોમાં હઝરત મૂસા (અલૈ.)ના દુઆના જવાબમાં ઈરશાદ થયો હતો કે, આમ તો અલ્લાહ તઆલાની રહમત દરેક વસ્તુ અને દરેક વ્યક્તિ માટે વિશાળ છે, તમારી ઉપસ્થિત ઉમ્મત પણ તેનાથી વંચિત નથી, પરંતુ સંપૂર્ણ નેઅ્મત અને રહમતના હકદાર તે લોકો જ હશે જેઓ ઈમાન, તકવા અને ઝકાત વગેરે ખાસ શરતો પૂર્ણ કરે.

આ આયતમાં તે લોકો વિશે જાણકારી આપવામાં આવી છે કે, આ શરતો ઉપર પૂરા ઊતરનારા કોણ લોકો હશે ? અને બતાવ્યું કે આ તે લોકો હશે જેઓ રસૂલે ઉમ્મી ﷺનું અનુસરણ કરશે. આ સંદર્ભે રસૂલે કરીમ ﷺની અમુક વિશિષ્ટ શ્રેષ્ઠતાઓ, ખાસિયતો તથા નિશાનીઓનું વર્ણન કરીને આપ ﷺ ઉપર માત્ર ઈમાન લાવવાનું જ નહીં બલકે, આપ ﷺનું અનુસરણ કરવાનો પણ હુકમ આપવામાં આવ્યો છે. એનાથી જાણ થાય છે કે, આખિરતની સફળતા માટે ઈમાન સાથે શરીઅત અને સુન્નતનું અનુસરણ પણ જરૂરી છે. الرَّسُوْلَ النَّبِيَّ الْاُمِّيَّ આ સ્થળે رَسُـــوْل (રસૂલ) અને نَبِـــيّ (નબી)ના બે લકબો સાથે રસૂલે કરીમ ﷺની એક ત્રીજી ખાસિયત اُمِّـــــــيّ (ઉમ્મી) પણ વર્ણન કરવામાં આવી છે. "ઉમ્મી"નો શાબ્દિક અર્થ "નિરક્ષર" થાય છે, જે વ્યક્તિ લખવા-વાંચવાનું

જાણતો ન હોય તેને "ઉમ્મી" કહેવામાં આવે છે. સામાન્ય રીતે અરબની કોમને કુર્આનમાં اُمِّیِّیْن (ઉમ્મિય્યીન) એટલા માટે કહેવામાં આવી છે કે, તેમનામાં લખવા-વાંચવાનો રિવાજ ખૂબ ઓછો હતો અને ઉમ્મી હોવું કોઈ વ્યક્તિ માટે વખાણવા લાયક ખાસિયત નથી બલકે, તે એક ખામી સમજવામાં આવે છે પરંતુ રસૂલે કરીમ ﷺના જ્ઞાન, અલ્લાહનો ગૂઢ પરિચય, નબવી ખાસિયતો, વિશિષ્ટ ગુણો તથા લક્ષણો સાથે "ઉમ્મી" (નિરક્ષર) હોવું રસૂલે કરીમ ﷺ માટે એક ઘણો જ મોટો વિશિષ્ટ પ્રકારનો ગુણ બની ગયો છે. કારણ કે જ્ઞાન, આચરણ અથવા વર્તનમાં વિશિષ્ટતા જો કોઈ ભણેલા-ગણેલા વ્યક્તિમાં જાહેર થાય તો તેને તેના શિક્ષણનું પરિણામ સમજવામાં આવે છે, પરંતુ એક ઉમ્મી માત્રથી આવા અત્યંત આશ્ચર્યજનક જ્ઞાન, અજોડ સચ્ચાઈ અને અલ્લાહના પરિચયના ગૂઢાર્થો (ઊંડા અર્થો) જાહેર થયા એ આપ ﷺનો ઉઘાડો મોઅ્જિઝો છે, જેને કોઈ તદન નીચ કક્ષાનો વિરોધી કે દુશ્મન પણ નકારી શકતો નથી. ખાસ કરીને જ્યારે કે, રસૂલે કરીમ ﷺની ઉંમરના ચાલીસ વર્ષો મક્કએ મુકર્રમહમાં સૌની સામે એ જ પ્રમાણે પસાર થયા કે ન તો કોઈની પાસેથી એક અક્ષર શીખ્યા અને ન જ અક્ષર વાંચ્યો. ઠીક ૪૦ વર્ષની ઉંમર થતાં અચાનક આપ ﷺની જીભ મુબારક ઉપર તે કલામ વહેવા લાગ્યું જેના એક નાના ટૂકડાનું ઉદાહરણ બનાવી લાવવાથી સમગ્ર દુનિયા લાચાર થઈ ગઈ. આથી તેમનું આવી પરિસ્થિતિમાં ઉમ્મી હોવું એ પોતે જ રસૂલે કરીમ ﷺ અલ્લાહ તરફથી મોકલવામાં આવેલા રસૂલ અને કુર્આન અલ્લાહનું કલામ હોવા ઉપર એક ઘણી જ મોટી સાક્ષી અને સાબિતી છે, એટલા માટે ઉમ્મી હોવું જો કે અન્યો માટે કોઈ વખાણવા લાયક ખાસિયત કે લક્ષણ નથી પરંતુ રસૂલે કરીમ ﷺ માટે ઘણી જ મોટી વિશિષ્ટ પ્રકારની વખાણવા લાયક સિફત અને ગુણ છે, જેમકે (મુતકબ્બિર) "ગર્વિષ્ઠ"નો શબ્દ સામાન્ય મનુષ્ય માટે વખાણવા લાયક શબ્દ નથી, બલકે એક ઐબ છે. પરંતુ અલ્લાહ તઆલા શા'નુહૂ માટે ખાસ અગત્યની વખાણવા લાયક સિફત છે.

આયતમાં રસૂલે કરીમ ﷺની ચોથી ખાસિયત એ વર્ણન કરવામાં આવી કે, તે લોકો રસૂલે કરીમ ﷺને તવરાત અને ઇન્જીલમાં લખેલા જુએ છે. અહીંયાં આ વાત ધ્યાન ખેંચે છે કે, કુર્આને કરીમે એવું નથી કહ્યું કે, "આપની સિફતો અથવા પરિસ્થિતિઓ લખેલી જુઓ છો" બલકે, یَجِدُوْنَهٗ (યજિદૂનહુ)નો શબ્દ

અપનાવવામાં આવ્યો, જેનો અર્થ એ છે કે, "આપ ﷺને લખેલા જોશો." તેમાં ઈશારો એ વાત તરફ છે કે, તવરાત અને ઈન્જીલમાં રસૂલે કરીમ ﷺની સિફતો અને ગુણ–લક્ષણો એટલા વિગતે અને સ્પષ્ટતા સાથે હશે કે તેને જોવું એવું હશે જેમકે, ખુદ રસૂલે કરીમ ﷺને જોઈ લીધા અને તવરાત તથા ઈન્જીલનું એટલા માટે વિશેષરૂપે નામ લીધું કે, બની ઈસ્રાઈલ આ જ બે કિતાબોને માનતા હતા, નહિતર આપ ﷺની હાલત અને સિફતોનું વર્ણન ઝબૂરમાં પણ મોજૂદ છે. પ્રસ્તુત આયતનું અસલ સંબોધન હઝરત મૂસા (અલૈ.) માટે છે, જેમાં તેમને બતાવવામાં આવ્યું છે કે દુનિયા અને આખિરતની સંપૂર્ણ સફળતા આપ ﷺની ઉમ્મતના તે લોકોના હિસ્સામાં છે, જેઓ નબીએ ઉમ્મી ખાતમુલ અંબિયા ﷺ અને ઈસ્લામનું અનુસરણ કરે છે, આ બાબતનું વર્ણન તેઓ તવરાત અને ઈન્જીલમાં લખેલું પામે છે.

તવરાત અને ઇન્જીલમાં રસૂલે કરીમ ﷺની સિફતો (ગુણ-લક્ષણો) અને નિશાનીઓ :

હાલની તવરાત અને ઈન્જીલમાં અસંખ્ય ફેરફાર અને પરિવર્તનો થઈ જવાના કારણે તે ભરોસાપાત્ર કિતાબો નથી રહી, તે છતાં હજુ પણ તેમાં એવા ઘણા વાક્યો મોજૂદ છે જે આજે પણ રસૂલે કરીમ ﷺની ઓળખ આપે છે અને એટલી વાત તો બિલકુલ સ્પષ્ટ છે કે, જ્યારે કુર્આને કરીમે આ એ'લાન કર્યું કે, ખાતમુલ અંબિયા ﷺની સિફતો અને નિશાનીઓ તવરાત અને ઈન્જીલમાં લખેલી છે, જો આ વાત વાસ્તવિકતાની વિરુદ્ધ હોત તો તે સમયના યહૂદીઓ અને નસારાને તો ઈસ્લામ વિરુદ્ધ એક ઘણું મોટું હથિયાર હાથ લાગ્યું હોત અને તેના દ્વારા તેઓ કુર્આનને જૂઠાડી શક્યા હોત કે, તવરાત અને ઈન્જીલમાં તો ક્યાંય નબીએ ઉમ્મીની હાલતનું વર્ણન નથી પરંતુ તે સમયના યહૂદીઓ અને નસારાએ આ બાબત વિરુદ્ધ કોઈ જાહેરાત ન કરી. આ વાત પોતે જ એ બાબતની સાક્ષી છે કે, તે સમયે તવરાત અને ઈન્જીલમાં રસૂલે કરીમ ﷺની સિફતો અને નિશાનીઓ સ્પષ્ટ રીતે ઉપસ્થિત હતી જેના કારણે તે લોકોના મોંઢાઓ ઉપર આ બાબતે સીલ વાગી ગયું હતું.

ખાતમુલ અંબિયા ﷺની જે સિફતો તવરાત અને ઈન્જીલમાં લખેલી હતી

તેનું અમુક વર્ણન કુર્આને કરીમમાં તવરાત અને ઈન્જીલના હવાલાથી આવ્યું છે અને અમુક હદીષની રિવાયતોમાં એવા લોકોથી નકલ થયું છે જેમણે અસલી તવરાત અને ઈન્જીલને જોઈ અને તેમાં રસૂલે કરીમ ﷺના વર્ણનનો અભ્યાસ કરીને જ તેઓ મુસલમાન થયા.

બયહકીએ "દલાઈલુન્નુબુવ્વહ"માં નકલ કર્યું છે કે હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે, "એક યહૂદી છોકરો નબીએ કરીમ ﷺની સેવા કર્યા કરતો હતો તે અચાનક બીમાર થઈ ગયો. આપ ﷺ તેની બીમારપુરસી કરવા (ખબર લેવા) માટે ગયા, તેમણે જોયું કે તેનો બાપ તેના સરાણે ઊભો હતો અને તવરાત પઢી રહ્યો હતો. રસૂલે કરીમ ﷺએ તેને કહ્યું કે, હે યહૂદી ! હું તને અલ્લાહની કસમ આપું છું જેણે હઝરત મૂસા (અલૈ.) ઉપર તવરાત નાઝિલ ફરમાવી છે કે, શું તું તવરાતમાં મારી હાલત અને સિફતો વિશે તથા મારા જાહેર થવાનું વર્ણન જુએ છે? તેણે ઈન્કાર કર્યો તો દિકરો બોલ્યો, યા રસૂલુલ્લાહ ﷺ ! તે ખોટું કહે છે, તવરાતમાં અમે તમારું વર્ણન અને તમારી સિફતો જોઈ રહ્યા છીએ અને હું ગવાહી આપું છું કે, અલ્લાહના સિવાય કોઈ મઅ્બૂદ નથી અને તમે અલ્લાહના રસૂલ છો. આપ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને હુકમ આપ્યો કે હવે આ મુસલમાન છે, તેના ઈન્તેકાલ પછી તેની કફન–દફન વિધી મુસલમાનોએ કરવી, તેને બાપના હવાલે ન કરવો. *(મઝહરી)*

હઝરત અલી મુર્તુઝા (રદિ.) ફરમાવે છે કે, "રસૂલે કરીમ ﷺના માથે એક યહૂદીનું કરજ હતું, તેણે આવીને રસૂલે કરીમ ﷺ પાસે પોતાનું કરજ માંગ્યું, આપ ﷺએ ફરમાવ્યું કે, આ સમયે મારી પાસે કશું નથી, થોડી મુદત આપ. યહૂદીએ ખૂબ સખ્તાઈપૂર્વક પોતાની માંગણી ચાલુ રાખી અને કહ્યું કે, હું તમને તે સમય સુધી નહીં છોડું જ્યાં સુધી મારું કરજ અદા ન કરી આપો. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, તને અધિકાર છે, હું તારી પાસે બેસી જાઉં છું. એટલા માટે રસૂલે કરીમ ﷺ તે જ સ્થળે બેસી ગયા અને ઝુહ્ર, અસ્ર, મગરિબ, ઈશા અને ફરી બીજા દિવસે ફજ્રની નમાઝ ત્યાં જ અદા કરી. સહાબએ કિરામ (રદિ.)એ આ દષ્ય જોયું, તેઓ ખૂબ દિલગીર અને ક્રોધિત થઈ રહ્યા હતા અને ધીમે–ધીમે યહૂદીને ડરાવી ધમકાવીને એવું ઈચ્છતા હતા કે, તે રસૂલે કરીમ ﷺને છોડી દે. રસૂલે કરીમ ﷺએ તેમને એવું કરવાથી અટકાવ્યા અને સહાબા

(રદિ.)ને પૂછ્યું, આ શું કરો છો ? તેમણે વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! અમે એવું કેવી રીતે બરદાશ્ત કરીએ કે, એક યહૂદી તમને કેદ કરી રાખે. આપ ﷺએ ફરમાવ્યું, મને મારા પરવરદિગારે મનાઈ કરી છે કે કોઈ "મુઆહિદ" (જેની સાથે કરાર કરવામાં આવ્યો છે તે) ઉપર જુલમ કરું. યહૂદી આ બધી હકીકત જોઈ અને સાંભળી રહ્યો હતો.

સવાર થતાં જ યહૂદીએ કહ્યું اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّكَ رَسُوْلُ اللّٰهِ આ રીતે તેણે ઈસ્લામનો સ્વીકાર કર્યો. તેણે કહ્યું કે, યા રસૂલુલ્લાહ ﷺ ! હું મારો અડધો માલ અલ્લાહના રસ્તામાં આપી દઉં છું અને કસમ છે અલ્લાહની કે, મેં આ સમયે જે કંઈ કર્યું તે ફક્ત આપની પરીક્ષા લેવા માટે કર્યું હતું કે, તવરાતમાં જે તમારી ખાસિયતો વર્ણન કરવામાં આવી છે, તે તમારામાં સાચી રીતે મોજૂદ છે અથવા નહીં ? મેં તવરાતમાં તમારા વિશે આ શબ્દો વાંચ્યા છે.

"મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ, તેમનો જન્મ મક્કામાં થશે અને હિજરત તયબહ તરફ થશે અને તેમનો પ્રદેશ શામ (સિરીયા) હશે, ન તો તેઓ અત્યંત કઠોર સ્વભાવના હશે, ન કઠોર વાત કરનારા હશે, ન જ બજારોમાં શોર-બકોર કરનારા, તેઓ નિર્લજ્જતાની અને વાહિયાત વાતોથી દૂર રહેશે."

હવે, મેં આ બધી જ સિફતોની પરીક્ષા કરીને તમને તેમાં ખરા ઊતરેલા જોયા. એટલા માટે ગવાહી આપું છું કે, અલ્લાહના સિવાય કોઈ ઈબાદતને પાત્ર નથી અને તમે અલ્લાહના રસૂલ છો અને આ મારો અડધો માલ છે. તમને અધિકાર છે, જે પ્રમાણે ઈચ્છો ખર્ચ કરો." આ યહૂદી ઘણો માલદાર હતો. અડધો માલ પણ એક ઘણી મોટી રકમ હતી. આ રિવાયતને તફસીરે મઝહરીમાં "દલાઈલુન્નુબુવ્વહ"ના હવાલાથી બયહકીએ નકલ કરી છે.

ઈમામ બગવીએ પોતાની સનદ સાથે કઅ્બ બિન અહબાર (રહ.)થી નકલ કર્યું છે. તેમણે ફરમાવ્યું કે તવરાતમાં રસૂલે કરીમ ﷺ વિશે લખ્યું છે કે,

"મુહમ્મદ અલ્લાહના રસૂલ અને ચૂંટી કાઢેલા બંદા છે, ન કઠોર સ્વભાવના છે, ન જ બેહૂદી વાતો કરનારા, ન બજારોમાં શોર-બકોર કરનારા, બુરાઈનો બદલો બુરાઈથી નથી આપતા બલકે ક્ષમા અને દરગુજર કરે છે, આપનો જન્મ મક્કામાં અને હિજરત તયબહમાં થશે, પ્રદેશ આપનો શામ (સિરીયા) હશે

અને આપની ઉમ્મત حَمَّادِيْنَ (હમ્માદીન) હશે. એટલે કે, રાહત અને તકલીફ બંને પરિસ્થિતિઓમાં અલ્લાહ તઆલાના વખાણ અને શુક્ર અદા કરશે, દરેક ઊંચાઈ ઉપર ચઢતી વખતે તેઓ તકબીર કહ્યા કરશે. તે સૂર્યના છાંયડાઓ ઉપર નજર રાખશે, જેથી તેના દ્વારા સમય જાણી શકે કે, નમાઝો પોત-પોતાના સમયમાં પઢયા કરે, તે પોતાના શરીરના નીચેના ભાગ ઉપર તેહબંદ (લૂંગી)નો ઉપયોગ કરશે અને પોતાના હાથો-પગોને વુઝૂ દ્વારા સ્વચ્છ અને પાક રાખશે. તેમની અઝાન દેનારો વાતાવરણમાં અવાજ બુલંદ કરશે, જિહાદમાં તેમની સફો (હરોળ) એવી હશે જેમકે જમાઅતની નમાઝમાં, રાત્રે તેમની તિલાવત અને ઝિક્રના અવાજો એ રીતે ગુંજશે જેમકે મધમાંખીઓનો ગણગણાટ હોય છે." (મઝહરી)

ઈબ્ને સઅદ અને ઈબ્ને અસાકિરે હઝરત સહલ મૌલા ખુષયમહની સનદ સાથે નકલ કર્યું છે કે, હઝરત સહલે ફરમાવ્યું કે મેં પોતે ઈન્જીલમાં મુહમ્મદ મુસ્તફા ﷺની આ સિફતો પઢી છે કે,

"તેઓ ન ઠીંગણા કદના હશે, ન ઘણા લાંબા કદના, સફેદ રંગ અને ઝુલ્ફોવાળા હશે, તેમના બંને ખભાઓ વચ્ચે એક નુબુવ્વતની મહોર (સિક્કો) હશે, સદકહનો સ્વીકાર ન કરશે, હિમાર (ગધેડા) અને ઊંટ ઉપર સવાર થશે, બકરીઓનું દૂધ પોતે દોહી લેશે, ઠીંગડા મારેલ કુરતો વાપરશે અને જે આવું કરે છે તે તકબ્બુર (અભિમાન)થી પવિત્ર હોય છે. તે હઝરત ઈસ્માઈલ (અલૈ.)ના વંશજમાંથી હશે, તેમનું નામ અહમદ હશે."

ઈબ્ને સઅદથી તબકાતમાં, દારમીએ પોતાની સનદથી, બયહકીએ દલાઈલુન્નુબુવ્વહમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ (રદિ.)થી સનદ નકલ કરી છે, જેઓ યહૂદીઓના સૌથી મોટા આલિમ અને તવરાતના પ્રખ્યાત નિષ્ણાત હતા તેમણે ફરમાવ્યું કે, તવરાતમાં રસૂલુલ્લાહ ﷺ વિશે આ શબ્દો ઉપસ્થિત છે,

"હે નબી ! અમે તમને મોકલ્યા છે, બધી ઉમ્મતો ઉપર ગવાહ બનાવીને અને નેક અમલ કરનારાઓની ખુશખબરી આપનારા, ખરાબ અમલો કરનારાઓને ડરાવનારા બનાવીને અને ઉમ્મતો એટલે અરબની સુરક્ષા કરનારા બનાવીને, આપ મારા બંદા અને રસૂલ છો, મેં તમારું નામ "મુતવક્કિલ" રાખ્યું છે, ન

તમે કઠોર સ્વભાવના છો, ન ઝઘડાખોર, ન તો બજારોમાં શોર-બકોર કરનારા, બુરાઈનો બદલો બુરાઈથી નથી આપતા બલકે ક્ષમા કરો છો અને દરગુજર કરો છો, અલ્લાહ તઆલા તેમને તે સમય સુધી મોત નહીં આપે જ્યાં સુધી તેમના દ્વારા વાંકી (ચાલનારી) કોમ સીધી ન કરી આપે, એટલે સુધી કે તે لَآ اِلٰـهَ اِلَّا اللّٰـهُ *(લા ઈલાહા ઈલ્લલ્લાહ)ને માનનારા બની જાય અને આંધળી આંખોને ખોલી નાંખે અને બહેરા કાનોને સાંભળવાપાત્ર બનાવી દે અને બંધનોમાં જકડાયેલા હૃદયોને ખોલી નાંખે."*

એના જેવી જ એક રિવાયત બુખારીમાં અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ (રદિ.)થી પણ નકલ થઈ છે અને પાછળની કિતાબોના મોટા નિષ્ણાત આલિમ હઝરત વહબ બિન મુનબ્બીહથી બયહકીએ દલાઈલુન્નુબુવ્વહમાં નકલ કર્યું છે કે,

"અલ્લાહ તઆલાએ ઝબૂરમાં હઝરત દાવુદ (અલૈ.) તરફ એ વહી કરી કે, હે દાવુદ ! તમારા પછી એક નબી આવશે, જેનું નામ અહમદ હશે, હું તેના ઉપર ક્યારેય નારાજ નહીં થાઉં અને તે ક્યારેય મારી નાફરમાની નહીં કરે અને મેં તેના માટે બધી જ આગલી-પાછલી ભૂલો મા'ફ કરી દીધી છે, તેમની ઉમ્મત "ઉમ્મતે મર્હુમા" છે, મેં તેમને તે નફલો આપી છે જે અંબિયા (અલૈ.)ને અર્પણ કરી હતી અને તેમના ઉપર તે ફરજો નક્કી કર્યા છે જે પાછલા અંબિયા (અલૈ.) ઉપર જરૂરી કરવામાં આવ્યા હતા, એટલે સુધી કે તેઓ મહશરમાં મારી સામે એવી હાલતમાં આવશે કે તેમનું નૂર અંબિયા (અલૈ.)ના નૂર જેવું હશે, હે દાવુદ! મેં મુહમ્મદ (ﷺ) અને તેમની ઉમ્મતને તમામ ઉમ્મતો ઉપર શ્રેષ્ઠતા અર્પી છે, મેં તેમને છ વસ્તુઓ ખાસ સ્વરૂપે અર્પણ કરી છે જે બીજી ઉમ્મતોને નથી આપવામાં આવી. એક એ કે, ભૂલો અને ગલતીઓ ઉપર તેમને અઝાબ ન થશે, જો તેમનાથી વિના ઈરાદે ગુનાહ થઈ જાય અને જો તેઓ તેની મા'ફી મારી પાસે માંગશે તો હું મા'ફ કરી આપીશ અને જે માલ તેઓ અલ્લાહના માર્ગમાં નેક ઈરાદે ખર્ચ કરશે તો હું દુનિયામાં જ તેમને તેનાથી ઘણો વધારે માલ અર્પણ કરીશ અને જ્યારે તેમના ઉપર કોઈ મુસીબત પડે અને તેઓ اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رٰجِعُوْنَ *(ઈન્ના લિલ્લાહી વ ઈન્ના ઈલયહિ રાજિઊન) કહે તો હું તેમના ઉપર તેની મુસીબતને રહમત અને કૃપામાં બદલી નાંખીશ અને જન્નત તરફની હિદાયત બનાવી આપીશ. જો તે દુઆ કરશે તો હું સ્વીકાર કરીશ,*

ક્યારેક એ પ્રમાણે કે જે માંગશે તે જ આપી દઈશ અને ક્યારેક એ પ્રમાણે કે તે દુઆ તેમની આખિરતનો સામાન બનાવી આપીશ." *(રૂહુલ મઆની)*

સૈંકડોમાંથી આ અમુક રિવાયતો તવરાત, ઈન્જીલ અને ઝબૂરના હવાલાથી અત્રે નકલ કરવામાં આવી છે. સમગ્ર રિવાયતોને હદીષવેત્તાઓએ અલગ પુસ્તકોમાં ભેગી કરેલી છે.

તવરાત અને ઈન્જીલમાં ખાતમુન્નબિય્યિન ﷺ અને આપ ﷺની પ્રતિષ્ઠિત ઉમ્મતની ખાસ ફઝીલતો, સિફતો અને નિશાનીઓ ઉપર ઉલમાએ વિગતે અલગથી પુસ્તકો લખ્યા છે અને અંતિમ યુગમાં હઝરત મવલાના રહમતુલ્લાહ કૈરાનવી મુહાજિર મક્કી (રહ.)એ પોતાની કિતાબ "ઈઝ્હારુલ હક"માં તેને ઘણા ખુલાસાવાર વિગતે સંશોધન આધારિત લખ્યું છે. તેમાં હાલની આધુનિક યુગની તવરાત અને ઈન્જીલ જેમાં અસંખ્ય હેરફેર થઈ ચૂકી છે, તેમાં પણ ઘણી ફઝીલતો અને સિફતોનું વર્ણન ઉપસ્થિત હોવાનું સાબિત કરવામાં આવ્યું છે, તેનો અરબી અને ઉર્દૂમાં તરજુમો પ્રગટ થઈ ચૂક્યો છે જે અભ્યાસ કરવા લાયક છે.

પાછળની આયતોમાં રસૂલે કરીમ ﷺની તે સિફતો અને નિશાનીઓનું વિગતવાર વર્ણન હતું જે તવરાત, ઈન્જીલ અને ઝબૂરમાં લખેલું હતું, તેમાં આપ ﷺની અમુક વિશેષ સિફતો પણ વર્ણન થયેલ છે.

જેમાંથી પ્રથમ સિફત "અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કર" છે. "મઅ્રૂફ"નો શાબ્દિક અર્થ "ખૂબ પ્રચલિત" છે અને "મુન્કર"નો શાબ્દિક અર્થ છે કે "જે ઓળખી ન શકાય, અજનબી હોય" અને મઅ્રૂફ નેક કામને, ભલાઈના કામને કહેવામાં આવે છે જે શરીઅતમાં પ્રચલિત અને ખૂબ પરિચીત હોય છે અને મુન્કર તે ખરાબ કામો અને દુષ્કૃત્યો છે જે દીન અને શરીઅત માટે અપરિચીત છે.

આ સ્થળે સારા કામોને મઅ્રૂફના શબ્દથી અને ખરાબ કામોને મુન્કરના શબ્દથી ઓળખાવવામાં એ તરફ ઈશારો જોવા મળે છે કે, દીનમાં ફક્ત નેક કામો તે જ સમજવામાં આવશે જે શરૂઆતના યુગના મુસલમાનોમાં પ્રચલિત હતા અને ખૂબ પરિચીત હતા અને જે એવા કાર્યો નથી તે મુન્કર કહેવાશે. એનાથી જાણ થઈ કે, સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)એ જે કામોને નેક અને ભલા નથી

સમજ્યા તે ભલે ગમે એટલા નેક કે સારા દેખાતા હોય શરીઅતની રૂએ તે ભલા નથી. સહીહ હદીષોમાં એટલા માટે આ કાર્યોને જેનું શિક્ષણ આપ ﷺ, સહાબા (રદિ.) તથા તાબિઈન (રહ.) તરફથી નથી મળતું તેને "મુહદષાતુલ ઉમૂર" (દુષ્કૃત્યો) અને બિદ્અત ફરમાવીને ગુમરાહી ઠરાવવામાં આવ્યા છે. આયતનો ભાવાર્થ આ વાક્યમાં એ છે કે, આપ ﷺ લોકોને નેક કામોનો હુકમ કરશે અને ખરાબ કૃત્યો કરવાથી મનાઈ કરશે.

આ સિફત અને લક્ષણ જો કે, તમામ અંબિયા (અલૈ.)માં સર્વસામાન્ય છે અને હોવું જ જોઈએ, કારણ કે દરેક નબી અને રસૂલ એ જ કામ માટે મોકલવામાં આવે છે કે, લોકોને નેક કાર્યો તરફ માર્ગદર્શન કરે અને ખરાબ કામોની મનાઈ કરે, પરંતુ આ સ્થળે રસૂલે કરીમ ﷺની ખાસ અગત્યતાના કારણે તેનું વર્ણન કરવું એ બાબતની ખબર આપવા માટે છે કે, રસૂલે કરીમ ﷺને આ ખાસિયતમાં બીજા અંબિયા (અલૈ.) કરતા કોઈ વિશેષ પ્રકારની વિશિષ્ટતા અને અગત્યતા પ્રાપ્ત છે અને તે વિશિષ્ટતા કેટલાય કારણોના લીધે છે. પ્રથમ એ કામની ખાસ પદ્ધતિ કે દરેક વર્ગના લોકોને તેમની પરિસ્થિતિ અનુરૂપ આમંત્રણ આપવું જેના કારણે તેના દિલમાં વાત ઊતરી જાય અને તેને બોજ કે ભાર ન પડે. રસૂલે કરીમ ﷺની તા'લીમમાં ચિંતન કરવામાં આવે તો એ બાબતની સાબિતી અને પ્રત્યક્ષ દર્શન થશે કે, અલ્લાહ તઆલાએ તેમને એક વિશિષ્ટ પ્રકારનો ખાસ તરીકો અર્પણ કર્યો હતો. અરબના બદુઓ કે જેઓ ઊંટ અને બકરીઓ ચરાવવા સિવાય કશું જ જાણતા ન હતા, તેમની સાથે તેમને સમજી શકાય એવી ભાષામાં વાતચીત કરી અને શ્રેષ્ઠતમ્ જ્ઞાનપૂર્ણ વિષયોને સરળ શબ્દોમાં સમજાવી આપ્યા હતા કે, અભણ લોકોના સમજમાં પણ આવી જાય અને રૉમ તથા ઈરાન અને અન્ય મહાન સામ્રાજ્યોના મોકલેલા વિદ્વાન બુદ્ધિશાળી એલચીઓ સાથે પણ તેમની શૈલી પ્રમાણે વાતચીત કરવામાં આવતી હતી અને કોઈપણ પ્રકારના અપવાદ વિના સૌ આ વાતચીતથી પ્રભાવિત થતા હતા. રસૂલે કરીમ ﷺને અને આપ ﷺની વાતચીતને અલ્લાહે અર્પેલ સ્વીકૃતિ અને એ વાતચીતથી દિલોમાં ઉપસ્થિત થનાર પ્રભાવ પણ એક પ્રકારના મોઅ્જિઝાનું સ્વરૂપ ધરાવતો હતો. મોટાથી મોટો દુશ્મન પણ જે આપ ﷺનું કલામ સાંભળતો તો પ્રભાવિત થયા વિના રહી શકતો ન હતો.

ઉપર તવરાતના હવાલાથી જે રસૂલે કરીમ ﷺની સિફતો વર્ણન કરવામાં આવી તેમાંથી એક એ પણ હતી કે, આપ ﷺ દ્વારા અલ્લાહ તઆલાએ આંધળી આંખોને દૃષ્ટિ અને બહેરા કાનોને શ્રવણ શક્તિ અર્પણ કરી દીધી અને દિલોને ખોલી નાંખ્યા. આ સિફતો કદાચ તે જ ખાસિયતોનું પરિણામ છે કે, રસૂલે કરીમ ﷺને અલ્લાહ તઆલાએ અમ્ર બિલ્ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરની વિશિષ્ટ સિફતનો આગવો તરીકો અર્પણ કરી હતી.

બીજી સિફત અને ખાસિયત એ વર્ણન કરવામાં આવી છે કે, રસૂલે કરીમ ﷺ લોકોના માટે પવિત્ર અને ઈચ્છિત (સારી) વસ્તુઓને હલાલ કરશે અને ગંદી વસ્તુઓને હરામ ઠરાવશે. એનો ભાવાર્થ એ છે કે, ઘણી બધી પવિત્ર અને પસંદ કરવામાં આવતી વસ્તુઓ જે બની ઈસ્રાઈલ ઉપર સજા સ્વરૂપે હરામ કરવામાં આવી હતી, રસૂલે કરીમ ﷺ તે વસ્તુઓ હરામ હોવાનો હુકમ રદ કરી આપશે. દાખલા તરીકે, હલાલ જાનવરોની ચરબી વગેરે જે બની ઈસ્રાઈલની દુષ્ટતાની સજા સ્વરૂપે તેમના માટે હરામ કરવામાં આવી હતી, આપ ﷺએ તેને હલાલ ઠરાવી આપ્યું અને ગંદી વસ્તુઓમાં લોહી, મૃત પશુ, દારૂ અને બધા જ હરામ જાનવરો સામેલ છે અને તમામ હરામ માધ્યમોથી રળેલી આવક પણ હરામ છે દાખલા તરીકે વ્યાજ, લાંચ, જુગાર વગેરે. (અલ સિરાજુલ મુનીર) અને અમુક લોકોએ ખરાબ આદતો અને બુરા અખ્લાકને પણ ગંદી વસ્તુઓમાં સામેલ કર્યું છે.

ત્રીજી સિફત આ વર્ણન કરવામાં આવી, وَيَضَعُ عَنْهُمْ اِصْرَهُمْ وَالْاَغْلٰلَ الَّتِيْ كَانَتْ عَلَيْهِمْ એટલે કે, “આપ (ﷺ) લોકો ઉપરથી ભાર અને બંધનો હટાવી દેશે જે એમના ઉપર થોપવામાં આવ્યા હતા.”

તેમાં اِصْر (ઈસ્ર)નો અર્થ "અસહ્ય ભાર" થાય છે, જે વ્યક્તિના હલન–ચલનને પણ અટકાવી દે અને اَغْلَال (અગ્લાલ) એ غُلّ (ગુલ્લુન)નું બહુવચન છે. તે હાથકડીને "ગુલ્લુન" કહેવામાં આવે છે જેના દ્વારા અપરાધીના હાથોને તેની ગરદન સાથે બાંધી દેવામાં આવે છે જેના કારણે તે બિલકુલ પરવશ થઈ જાય છે.

اِصْر (ઈસ્ર) અને اَغْلَال (અગ્લાલ) એટલે કે, અસહ્ય ભાર અને કેદનો

ભાવાર્થ આ આયતમાં તે કઠણ હુકમો અને મુશ્કેલ વાજિબો છે જે વાસ્તવમાં દીનનો હેતુ ન હતો બલકે, બની ઈસ્રાઈલ ઉપર સજા સ્વરૂપે જરૂરી કરવામાં આવ્યું હતું. દાખલા તરીકે, કપડું નાપાક થઈ જાય તો બની ઈસ્રાઈલ માટે પાણીથી ધોવું પૂરતું ન હતું બલકે, વાજિબ એ હતું કે જે જગ્યાએ નાપાકી લાગી છે તેને કાપી નાંખવામાં આવે અને કાફિરો સાથે જિહાદ કરીને જે ગનીમતનો સામાન હાથ લાગે તે તેમના માટે હલાલ ન હતો બલકે, આસમાનથી અગ્નિવર્ષા દ્વારા તે સળગી જતો હતો. શનિવારના દિવસે શિકાર કરવો તેમના માટે હરામ હતો, જે અવયવથી કોઈ ગુનોહ થઈ જાય તે અવયવને કાપી નાંખવું વાજિબ હતું, કોઈની હત્યા ભલે, તે જાણીબૂઝીને ઈરાદાપૂર્વક કરી હોય અથવા ભૂલથી કરી હોય બંને સ્વરૂપોમાં કિસાસ એટલે કે હત્યારાને કતલ કરવો વાજિબ હતું. "ખૂનબહા" (હત્યાનું વળતર) આપવાનો કોઈ કાયદો ન હતો.

આ સખત અને કઠણ હુકમો જે બની ઈસ્રાઈલ ઉપર થોપવામાં આવ્યા હતા, કુર્આનમાં اِصْـــرٌ (ઈસ્ર) અને اَغْلَالٌ (અગ્લાલ)થી ઓળખાવવામાં આવ્યા છે અને એ ખબર આપી છે કે, રસૂલે કરીમ ﷺએ આ સખત અને કઠોર હુકમોને રદ કરીને સરળ હુકમો આપ્યા છે. તેને જ રસૂલે કરીમ ﷺની એક હદીષમાં ફરમાવ્યું છે કે, "મેં તમને એક સરળ અને આસાન શરીઅત ઉપર છોડ્યા છે જેમાં ન કોઈ મહેનત છે અને ન જ કોઈ માર્ગ ભટકવાની શંકા."

એક હદીષમાં છે કે, الـدِّيْـنُ يُسْــرٌ એટલે કે, "દીન સરળ છે." કુર્આને કરીમે ફરમાવ્યું, وَمَـا جَعَـلَ عَـلَيْـكُـمْ فِـى الدِّيْنِ مِنْ حَـرَجٍ એટલે કે, "અલ્લાહ તઆલાએ તમારા ઉપર દીનના મા'મલામાં કોઈ તંગી નથી નાંખી."

નબીએ ઉમ્મી ﷺની ખાસ સિફતો અને વિશેષતાઓ વર્ણન કર્યા પછી ઈરશાદ ફરમાવ્યો, فَالَّذِيْنَ اٰمَنُوْا بِهٖ وَعَزَّرُوْهُ وَنَصَرُوْهُ وَاتَّبَعُوا النُّوْرَ الَّذِىْٓ اُنْزِلَ مَعَهٗٓ اُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ એટલે કે, "તવરાત અને ઈન્જીલમાં અંતિમ યુગના નબી ﷺની સ્પષ્ટ સિફતો અને નિશાનીઓ બતાવી દેવાનું પરિણામ એ છે કે, જે લોકો આપ ﷺ ઉપર ઈમાન લાવે અને તેમનું સન્માન કરે અને તેમની સહાય કરે અને તેમના પ્રકાશનું અનુસરણ કરે જે આપ ﷺ સાથે મોકલવામાં આવ્યું છે, એટલે કે કુર્આને અઝીમ (તેનું અનુસરણ કરે) તો આ જ લોકો છે જેઓ સફળતા પામનારા છે."

અત્રે સફળતા પામવા માટે ચાર શરતોનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રથમ રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન, બીજું તેમનું સન્માન અને ઈજ્જત કરવી, ત્રીજું તેમની સહાય અને મદદ કરવી અને ચોથું કુર્આને કરીમનું અનુસરણ કરવું.

સન્માન અને ઈજ્જત કરવા માટે આ સ્થળે عَــــزَّرُوْهُ (અઝ્ઝુરૂહુ) શબ્દ લાવવામાં આવ્યો છે, જે تَــعْـزِيْـر (તઅ્ઝીર)થી બન્યો છે અને તેનો અસલી અર્થ "પ્રેમ અને લાગણીપૂર્વક મનાઈ કરવી અથવા હિફાઝત કરવી" થાય છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ عَزَّرُوْهُ (અઝ્ઝરૂહુ)નો અર્થ "સન્માન અને ઈજ્જત કરવા"નો બતાવ્યો છે અને મુબર્રદે તેને "શ્રેષ્ઠ કક્ષાની ઈજ્જત અને સન્માન"થી પરિભાષિત કર્યો છે.

ભાવાર્થ એ છે કે, તે લોકો જેઓ રસૂલે કરીમ ﷺની શ્રેષ્ઠતાને સ્વીકારીને ઈજ્જત, સન્માન અને મહોબ્બત સાથે તેમનું સમર્થન અને તેમની હિમાયત કરે અને વિરોધીઓના મુકાબલામાં તેમની મદદ કરે તે જ સંપૂર્ણ સફળતા પામનારા છે. નુબુવ્વતના સમયગાળામાં તો આ સમર્થન અને મદદની બાબત વ્યક્તિગત રીતે રસૂલે કરીમ ﷺ સાથે સંબંધ ધરાવતી હતી, પરંતુ આપ ﷺની વફાત પછી તેમની શરીઅત અને તેમના દીનનું સમર્થન અને મદદ એ જ સમર્થન અને મદદની વ્યાખ્યા છે.

કુર્આને કરીમને આ આયતમાં نُــوْر (નૂર-પ્રકાશ)થી પરિભાષિત કર્યું છે. કારણ એ છે કે, જે પ્રમાણે પ્રકાશના પ્રકાશ હોવા બાબતે કોઈ દલીલ નથી, પ્રકાશ પોતે જ પોતાના અસ્તિત્વની દલીલ હોય છે. એ જ પ્રમાણે કુર્આને કરીમ પોતે પોતાના રબ્બાની કલામ અને સત્ય કલામ હોવાની દલીલ છે કે એક ઉમ્મી માત્રની જીભ મુબારક ઉપર એવા ઉચ્ચ કક્ષાના ગુઢાર્થયુક્ત વાક્યો આવ્યા, જેનું ઉદાહરણ લાવવા માટે સમગ્ર દુનિયા લાચાર થઈ ગઈ. આ બાબત પોતે જ કુર્આને કરીમ અલ્લાહનું કલામ હોવાની દલીલ છે.

વળી, જે પ્રમાણે પ્રકાશ પોતે પણ ચકચકિત હોય છે અને અન્ય અંધારાઓને પણ દૂર કરી અજવાળું ફેલાવી દે છે, એ જ પ્રમાણે કુર્આને કરીમે પણ અંધારાઓમાં ફસાયેલી દુનિયાને અંધકારમાંથી બહાર કાઢી.

કુર્આને કરીમ સાથે સુન્નતનું અનુસરણ પણ ફરજ છે :

આ આયતની શરૂઆતમાં يَتَّبِعُوْنَ الرَّسُوْلَ النَّبِىَّ الْاُمِّىَّ ફરમાવ્યું હતું અને અંતમાં وَاتَّبَعُوا النُّوْرَ الَّذِىْٓ اُنْزِلَ مَعَهٗ

એમાં પ્રથમ વાક્યમાં "નબીએ ઉમ્મી ﷺ"નું અનુસરણ કરવાનો હુકમ છે અને અંતિમ વાક્યમાં "કુર્આને કરીમ"નું અનુસરણ કરવાનો. એનાથી સાબિત થયું કે, આખિરતનો છુટકારો કિતાબ અને સુન્નત બંનેના અનુસરણ ઉપર અવલંબિત છે, કારણ કે નબીએ ઉમ્મી ﷺનું અનુસરણ તેમની સુન્નતના અનુસરણ દ્વારા જ થઈ શકે છે.

રસૂલે કરીમ ﷺનું ફક્ત અનુસરણ જ પૂરતું નથી, અદબ એહતિરામ (માન-સન્માન) અને તેમની મહોબ્બત પણ ફરજ છે :

આ બંને વાક્યો વચ્ચે عَزَّرُوْهُ وَنَصَرُوْهُ ફરમાવીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો કે, અત્રે રસૂલે કરીમ ﷺના હુકમોનું એવું અનુસરણ (તાબે'દારી) કરવાનો હેતુ નથી જેમકે, સામાન્ય રીતે દુનિયાના સત્તાધારીઓના હુકમોનું જબરદસ્તીથી અથવા સ્વેચ્છાએ અનુસરણ કરવું પડે છે, બલકે એવું અનુસરણ કરાવવાનો મકસદ છે કે જે માન-સન્માન, મર્યાદા અને મહોબ્બતના પરિણામે હોય છે. એટલે કે, રસૂલે કરીમ ﷺનું માન-સન્માન અને મહોબ્બત દિલમાં એટલી હદે હોય કે તેના કારણે રસૂલે કરીમ ﷺના હુકમોનું અનુસરણ કરવા માટે વ્યક્તિ મજબૂર થઈ જાય, કારણ કે ઉમ્મતને પોતાના રસૂલથી વિવિધ પ્રકારના સંબંધ હોય છે, તેમાંથી એક સંબંધ એ છે કે તે નબી અથવા રસૂલ ઉમ્મતનો અમીર, આગેવાન અને સત્તાધિકારી હોય છે અને ઉમ્મત કે રય્યત તેના તા'બા હેઠળની પ્રજા હોય છે. બીજું એ કે, રસૂલ મહબૂબ છે અને સમગ્ર ઉમ્મત તેમની મહોબ્બત છે.

રસૂલ પોતાના જ્ઞાનની વિશેષતાઓ, શ્રેષ્ઠ આચરણ અને પોતાના વર્તણૂકની રૂએ સન્માનનીય હોય છે અને સમગ્ર ઉમ્મત તેમના મુકાબલામાં તેમનાથી નીચી કક્ષાની અને નિઃસહાય છે.

આપણા રસૂલે કરીમ ﷺમાં બધા જ પ્રકારના શ્રેષ્ઠ દરજ્જાઓ અને વિશિષ્ટતાઓ જોવા મળે છે. એટલા માટે ઉમ્મત માટે જરૂરી છે કે, તેઓ તેમની

દરેક કક્ષા અને દરજ્જાનો હક અદા કરે. રસૂલ સ્વરૂપે પણ તેમના ઉપર ઈમાન લાવે અને આગેવાન તથા સત્તાધિકારીની હેસિયતથી તેમના હુકમોનું અનુસરણ કરે તથા મહબૂબની હેસિયતના કારણે તેમની સાથે ગાઢ મહોબ્બત રાખે અને નુબુવ્વતની વિશિષ્ટતાઓના કારણે તેમનું સન્માન અને ઈજ્જત કરે.

રસૂલુલ્લાહ ﷺની તાબે'દારી અને તેમનું અનુસરણ તો ઉમ્મત ઉપર ફરજ હોવું જ જોઈતું હતું, કારણ કે અંબિયા (અલૈ.)ને મોકલવાનો હેતુ જ તેના વિના પૂર્ણ થતો નથી, પરંતુ અલ્લાહ તઆલાએ આપણા રસૂલે મકબૂલ ﷺ વિશે ફક્ત એટલેથી બસ ન કર્યું, બલકે ઉમ્મત ઉપર તેમની ઈજ્જત, સન્માન, પ્રતિષ્ઠા તથા અદબ જાળવવાને પણ જરૂરી ઠરાવી દીધું છે અને કુર્આને કરીમમાં અનેક સ્થળે આ અદબ (શિસ્ત) અને સભ્યતાઓ શીખવવામાં આવી છે.

આ આયતમાં عَزَّرُوْهُ وَنَصَرُوْهُ ના શબ્દોથી એ જ તરફ માર્ગદર્શન આપવામાં આવ્યું છે અને એક બીજી આયતમાં પણ وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ આવ્યું છે અને કેટલીય આયતોમાં એ માર્ગદર્શન કરવામાં આવ્યું છે કે, રસૂલે કરીમ ﷺની સામે એવા મોટા અવાજે વાતો ન કરો કે, તે તેમના અવાજ કરતાં તમારો અવાજ મોટો થઈ જાય. يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ (૪૯:૨)

એક સ્થળે ફરમાવ્યું, يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ وَرَسُوْلِهٖ (૪૯:૧) એટલે કે, "હે મુસલમાનો ! અલ્લાહ અને તેના રસૂલ ﷺની આગળ-આગળ ન ચાલો" એટલે કે જે મજલિસમાં રસૂલે કરીમ ﷺ ઉપસ્થિત હોય અને કોઈ મા'મલો સામે આવે તો તેમના પહેલાં કોઈ ન બોલે.

હઝરત સહલ ઈબ્ને અબ્દુલ્લાહ (રદિ.)એ આ આયતનો ભાવાર્થ એ બતાવ્યો છે કે, રસૂલે કરીમ ﷺ પહેલાં કોઈ ન બોલે અને જ્યારે તેઓ વાતચીત કરે તો બધા શાંત અને મૌન થઈને સાંભળે.

કુર્આનની આયતમાં એ બાબતનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, રસૂલે કરીમ ﷺને બોલાવતી વખતે સભ્યતા જાળવો, એ રીતે ન બોલાવો કે જેવી રીતે પરસ્પર એકબીજાને બોલાવ્યા કરો છો. لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ بَيْنَكُمْ كَدُعَآءِ بَعْضِكُمْ بَعْضًا (૨૪:૬૩) અંતિમ આયતમાં એ તાકીદ કરવામાં આવી છે કે, તેમના ખિલાફ જો કોઈ કાર્ય અસભ્યતાનું કર્યું તો સમગ્ર અમલો વ્યર્થ અને બરબાદ થઈ જશે.

એ જ કારણ છે કે, સહાબએ કિરામ (રદિ.) દરેક સમયે, દરેક પરિસ્થિતિમાં રસૂલે કરીમ ﷺની સાથે દરેક કાર્યમાં સામેલ રહેતા હતા અને એવી પરિસ્થિતિમાં માન—સન્માન અને મર્યાદાના અદબ જાળવવા ખૂબ મુશ્કેલ હોય છે પરંતુ તેમની પરિસ્થિતિ એવી હતી કે, પ્રસ્તુત આયત નાઝિલ થયા પછી હઝરત સિદ્દીકે અકબર (રદિ.) જ્યારે રસૂલે કરીમ ﷺની સેવામાં કંઈ વિનંતી કરતા ત્યારે એવી રીતે બોલતા હતા કે જેમકે કોઈ ગુપ્ત વાત ધીમેથી કહી રહ્યા હોય. એવી જ હાલત હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ની હતી. *(શિફા)*

હઝરત અમ્ર બિન આસ (રદિ.) ફરમાવે છે કે, "રસૂલે કરીમ ﷺથી વધારે મને કોઈ દુનિયામાં પ્રિય ન હતું અને મારી હાલત એવી હતી કે, હું રસૂલે કરીમ ﷺ તરફ નજર ભરીને જોઈ શકતો ન હતો અને જો કોઈ મને આપ ﷺના હુલિયા મુબારક વિશે પૂછતાછ કરે તો હું એને વર્ણન કરવા એટલા માટે સમર્થ નથી કે મેં ક્યારેય રસૂલે કરીમ ﷺને દષ્ટિ ભરીને જોયા જ નથી."

તિરમિઝીમાં હઝરત અનસ (રદિ.)થી નકલ થયું છે કે, સહાબા (રદિ.)ની મજલિસમાં જ્યારે રસૂલે કરીમ ﷺ તશરીફ લાવતા હતા તો બધા નીચી નજર કરીને બેસતા હતા. ફક્ત સિદ્દીકે અકબર અને ફારૂકે આ'ઝમ (રદિ.) રસૂલે કરીમ ﷺ તરફ નજર કરતા અને તેમની સાથે દષ્ટિ મેળવી મુશ્કુરાતા હતા.

ઉરવહ બિન મસઊદને મક્કાના નિવાસીઓએ જાસૂસ બનાવીને મુસલમાનોની પરિસ્થિતિ જાણવા માટે મદીના મોકલ્યો, તેણે સહાબએ કિરામ (રદિ.)ને રસૂલે કરીમ ﷺ ઉપર શમા ઉપર પરવાનાની જેમ (દીપક ઉપર પતંગાની જેમ) ફિદા થતા જોયા, પાછા આવીને તેણે રિપોર્ટ આપ્યો કે, "મેં કૈસર અને કિસ્રાના દરબારો પણ જોયા છે અને નજ્જાશી બાદશાહને પણ મળ્યો છું પરંતુ જે પરિસ્થિતિ હઝરત મુહમ્મદ (ﷺ)ના સહાબાઓની જોઈ છે તે ક્યાંય નથી જોઈ. મારો અભિપ્રાય છે કે તમે લોકો તેમના મુકાબલામાં કદાપિ સફળ નહીં થાઓ."

હઝરત મુગયરા બિન શોઅ્બા (રદિ.)ની હદીષમાં છે કે, રસૂલે કરીમ ﷺ ઘરમાં હોય ત્યારે સહાબએ કિરામ (રદિ.) બહારથી અવાજ આપીને રસૂલે કરીમ ﷺને બોલાવવામાં બેઅદબી (અસભ્યતા) સમજતા હતા અને દરવાજા

ઉપર ટકોરા મારવામાં પણ ફક્ત નખથી ટકોરા મારતા હતા, જેથી વધારે ખખડાટ અને અવાજ ન થાય.

રસૂલે કરીમ ﷺની વફાત પછી પણ સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)નો ક્રમ એ હતો કે, મસ્જિદે નબવી ﷺમાં ક્યારેય મોટા અવાજે વાત કરવાની વાત તો દૂર વઅ્ઝ અને તકરીર પણ મોટા અવાજે પસંદ કરતા ન હતા. મોટા ભાગના લોકોની હાલત એવી હતી કે, જ્યારે કોઈ આપ ﷺનું નામ મુબારક લેતું તો રડવા લાગતા અને દિલગીર થઈ જતા.

એ જ ઈજ્જત, સન્માન અને મહોબ્બતની એ બરકત હતી કે તે લોકોને નુબુવ્વતની વિશેષતાઓનો ખાસ હિસ્સો મળ્યો અને અલ્લાહ તઆલાએ તેમને અંબિયા (અલૈ.) પછી સૌથી ઉચ્ચ કક્ષાનું સ્થાન અર્પણ કર્યું.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૫૮-૧૫૯)

قُلْ يٰٓاَيُّهَا النَّاسُ اِنِّيْ رَسُوْلُ اللّٰهِ اِلَيْكُمْ جَمِيْعَا الَّذِيْ لَهٗ مُلْكُ
السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ يُحْيٖ وَيُمِيْتُ ۖ فَاٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهِ
النَّبِيِّ الْاُمِّيِّ الَّذِيْ يُؤْمِنُ بِاللّٰهِ وَكَلِمٰتِهٖ وَاتَّبِعُوْهُ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ ﴿١٥٨﴾ وَمِنْ قَوْمِ
مُوْسٰٓى اُمَّةٌ يَّهْدُوْنَ بِالْحَقِّ وَبِهٖ يَعْدِلُوْنَ ﴿١٥٩﴾

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહો, હે લોકો ! હું તમારા સૌના તરફ અલ્લાહનો રસૂલ છું જેની હુકૂમત આસમાનો અને જમીનમાં છે, તેના સિવાય કોઈની બંદગી નથી, તે જ જીવાડે છે અને મારે છે, બસ અલ્લાહ ઉપર ઈમાન લાવો અને તેના મોકલેલા નબીએ ઉમ્મી ઉપર કે જે અલ્લાહ ઉપર યકીન રાખે છે અને તેના સૌ કલામો ઉપર અને તેમનું અનુસરણ કરો જેથી તમે માર્ગ પામો. (૧૫૮) અને મૂસા (અલૈ.)ની કોમમાં એક જૂથ છે જેઓ સત્યનો માર્ગ બતાવે છે અને એના જ પ્રમાણે ઈન્સાફ કરે છે. (૧૫૯)

તફસીર :

(હે નબી ﷺ) તમે કહી આપો ! હે (દુનિયાના) લોકો ! હું તમારા સૌના તરફ તે અલ્લાહનો મોકલેલો (પયગમ્બર) છું જેની બાદશાહત બધા જ આસમાનો અને જમીનમાં છે, તેના સિવાય કોઈ ઈબાદતના લાયક નથી, તે જ જીવન આપે છે, તે જ મોત આપે છે એટલા માટે અલ્લાહ ઉપર ઈમાન લાવો અને તેના નબીએ ઉમ્મી (ﷺ) ઉપર (પણ ઈમાન લાવો) જેઓ (પોતે પણ) અલ્લાહ ઉપર અને તેના હુકમો ઉપર ઈમાન રાખે છે (એટલે કે, આ ઉચ્ચ કક્ષાનો હોદ્દો હોવા છતાં તેમને અલ્લાહ અને બધા રસૂલો અને કિતાબો ઉપર ઈમાન લાવવામાં કોઈ બાધ નથી તો તમે પણ અલ્લાહ અને રસૂલ ઉપર ઈમાન લાવવાથી કેમ ઈન્કાર કરો છો ?) અને તે (નબી)નું અનુસરણ કરો જેથી તમે સીધા માર્ગ ઉપર આવી જાઓ અને (જો કે, અમુક લોકોએ રસૂલે કરીમ ﷺનો વિરોધ કર્યો છે પરંતુ હઝરત) મૂસા (અલૈ.)ની કોમમાં એક જમાઅત એવી પણ છે જે સત્ય દીન (એટલે કે ઈસ્લામ) પ્રમાણે (લોકોનું) માર્ગદર્શન પણ કરે છે અને તેના જ પ્રમાણે (પોતાના અને અન્યોના વ્યવહારમાં) ન્યાય પણ કરે છે (એનો ભાવાર્થ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ રદિ. વગેરે જેવા લોકો છે).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં ઈસ્લામના પાયાના સિદ્ધાંતોમાંથી રિસાલતના સિદ્ધાંતના એક મહત્ત્વના પાસાનું વર્ણન થયું છે કે, આપણા રસૂલે કરીમ ﷺની રિસાલત દુનિયાના બધા જ જિન્નાતો અને મનુષ્યો માટે અને તેમનામાં પણ કયામત સુધી આવનારી પેઢીઓ માટે સર્વસામાન્ય છે.

આ આયતમાં રસૂલે કરીમ ﷺને એ જાહેર એ'લાન કરવાનો હુકમ છે કે, તમે લોકોને બતાવી આપો કે, હું તમારા સૌના તરફ રસૂલ બનાવીને મોકલવામાં આવ્યો છું, મારી બઅ્સત અને રિસાલત પાછલા અંબિયા (અલૈ.)ની જેમ કોઈ ખાસ કોમ અથવા ખાસ પ્રદેશ અથવા એક ખાસ સમય માટે નથી. બલકે, સમગ્ર દુનિયાના મનુષ્યો માટે દુનિયાના દરેક પ્રદેશ અને દરેક દેશ તથા દરેક વસ્તી માટે અને વર્તમાન સમય માટે તથા આવનારી પેઢીઓ માટે કયામત સુધી સર્વસામાન્ય છે અને મનુષ્યો ઉપરાંત જિન્નાતો પણ તેમાં સામેલ છે.

રસૂલે કરીમ ﷺની નુબુવ્વત સમગ્ર વિશ્વ માટે કયામત સુધી છે; નુબુવ્વતનો ક્રમ રસૂલે કરીમ ﷺ ઉપર પૂર્ણ થઈ ચૂક્યો છે :

આ જ મૂળ રહસ્ય છે "ખત્મેનુબુવ્વત"ના મસ્આલાનું ! કારણ કે, જ્યારે રસૂલે કરીમ ﷺની નુબુવ્વત કયામત સુધી આવનાર બધી જ પેઢીઓ માટે સર્વસામાન્ય છે તો પછી કોઈ બીજા રસૂલ અથવા નબી આવવાની ન તો આવશ્યકતા છે અને ન જ કોઈ શક્યતા કે સંભાવના છે અને આ જ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺની તે વિશેષતાનું રહસ્ય છે કે, તેમાં નબી ﷺના ઈરશાદ પ્રમાણે હંમેશા એક એવી જમાઅત કાયમ રહેશે જે દીનમાં પેદા થનારા બધા જ ફિત્નાઓનો મુકાબલો અને દીની મા'મલામાં પેદા થનારી દરેક ઉણપો અને ત્રુટીઓને દૂર કરતી રહેશે. કિતાબ અને સુન્નતના અર્થઘટનમાં અને વિવરણમાં જે ભૂલો અથવા ક્ષતિઓ ઉપસ્થિત કરવામાં આવશે, આ જમાઅત તેને પણ દૂર કરશે અને અલ્લાહ તઆલાની ખાસ મદદ અને સહાય પણ આ જમાઅતને પ્રાપ્ત થશે, જેના કારણે તે બધા ઉપર ગાલિબ આવીને રહેશે. કારણ કે, વાસ્તવમાં આ જમાઅત જ રસૂલે કરીમ ﷺની રિસાલતની ફરજ અદા કરવામાં તેમના નાયબ છે.

ઈમામ રાઝી (રહ.)એ આયત كُونُوا مَعَ الصَّادِقِينَ ના વિવરણ હેઠળ બતાવ્યું છે કે, આ આયતમાં એ ઈશારો મોજૂદ છે કે આ ઉમ્મતમાં "સાદિકીન" (સત્યવાદીઓ)ની એક જમાઅત ઉપસ્થિત હોવાના કારણે કોઈ ખોટી વાત અથવા ગુમરાહી ઉપર સમગ્ર ઉમ્મત સર્વાનુમતે સહમત થઈ જ નથી શકતી.

ઈમામ ઈબ્ને કષીરે ફરમાવ્યું કે, આ આયતમાં રસૂલે કરીમ ﷺના ખાતમુન્નબિય્યિન અને અંતિમ પયગમ્બર હોવા તરફ ઈશારો છે. કારણ કે, જ્યારે આપ ﷺની બઅ્ષત અને રિસાલત કયામત સુધી આવનારી નસ્લો માટે અને સમગ્ર દુનિયા માટે સર્વસામાન્ય છે તો હવે બીજા કોઈ નવા નબી અને રસૂલની આવશ્યકતા બાકી નથી રહેતી. આથી અંતિમ યુગમાં હઝરત ઈસા (અલૈ.) આવશે ત્યારે તેઓ પણ પોતાની જગ્યાએ પોતાની નુબુવ્વત ઉપર સ્થાપિત રહેવા છતાં પણ શરીઅતે મુહમ્મદી ﷺ ઉપર અમલ કરશે, જેમકે સહીહ રિવાયતો અને હદીષોથી સાબિત થયેલ છે.

રસૂલે કરીમ ﷺની બઅ્ષત અને રિસાલત સમગ્ર દુનિયા માટે અને કયામત સુધી સર્વસામાન્ય હોવા ઉપર આ આયત પણ ખૂબ સ્પષ્ટ સાબિતી છે, તદુપરાંત કુર્આને કરીમની અનેક આયતો એની સાક્ષી છે. દાખલા તરીકે, ઈરશાદ છે وَاُوْحِیَ اِلَیَّ هٰذَا الْقُرْاٰنُ لِاُنْذِرَكُمْ بِهٖ وَمَنْۢ بَلَغَ (૬:૧૯) એટલે કે, "આ કુર્આન મારા ઉપર વહી મારફતે મોકલવામાં આવ્યું છે, જેથી હું તમને અલ્લાહના અઝાબથી ડરાવું અને તે લોકોને પણ (ડરાવું) જેમને મારા પછી આ કુર્આન પહોંચે."

રસૂલે કરીમ ﷺની અમુક અગત્યની વિશેષતાઓ :

ઈબ્ને કષીરે મુસ્નદે અહમદની મજબૂત સનદ સાથે રિવાયત કર્યું છે કે, "ગઝ્વએ તબૂકના મોકા ઉપર રસૂલે કરીમ ﷺ તહજ્જુદની નમાઝમાં મશ્ગૂલ હતા, સહાબએ કિરામ (રદિ.)ને ભય લાગ્યો કે ક્યાંક કોઈ દુશ્મન હુમલો ન કરી બેસે. એટલા માટે બધા રસૂલે કરીમ ﷺની આસપાસ ભેગા થઈ ગયા, જ્યારે આપ ﷺ નમાઝથી પરવાર્યા તો ફરમાવ્યું કે, આજની રાત મને પાંચ વસ્તુઓ એવી અર્પણ કરવામાં આવી છે જે મારાથી અગાઉ કોઈ રસૂલ અથવા નબીને નથી મળી. પ્રથમ એ કે, મારી રિસાલત અને નુબુવ્વતને સમગ્ર દુનિયાની સંપૂર્ણ કોમો માટે સર્વસામાન્ય કરવામાં આવી છે અને મારાથી અગાઉ જેટલા પણ અંબિયા (અલૈ.) આવી ચૂક્યા તેમની દા'વત (આમંત્રણ) અને બઅ્ષત ફક્ત પોત-પોતાની કોમ સાથે ખાસ હતી. બીજી વાત એ કે, મને મારા દુશ્મનના મુકાબલામાં એવો રૂઆબ અર્પણ કરવામાં આવ્યો છે કે તે મારાથી એક મહિનાની મુસાફરીના અંતર ઉપર હોય તો પણ મારો રૂઆબ તેના ઉપર છવાય જાય છે. ત્રીજું એ કે, મારા માટે કાફિરો પાસેથી પ્રાપ્ત કરેલ ગનીમતનો માલ હલાલ કરવામાં આવ્યો છે, જ્યારે કે પાછલી ઉમ્મતો માટે તે હલાલ ન હતો બલકે, તેનો ઉપયોગ કરવો મહાન ગુનોહ સમજવામાં આવતો હતો. તેમના માલે ગનીમતનો ફક્ત એટલો ઉપયોગ હતો કે આસમાનમાંથી એક વીજળી આવીને તેને સળગાવીને નષ્ટ કરી નાંખતી હતી. ચોથું એ કે, મારા માટે સમગ્ર જમીનને મસ્જિદ અને પાક કરવાનું માધ્યમ બનાવી દેવામાં આવી કે, અમારી નમાઝ જમીન ઉપર દરેક સ્થળે થઈ જાય છે, મસ્જિદ સાથે ખાસ નથી. એનાથી વિપરીત અગાઉની ઉમ્મતોમાં તેમની ઈબાદતો ફક્ત ઈબાદતખાનાઓ સાથે ખાસ રીતે

જોડાયેલી હતી. પોતાના ઘરોમાં અથવા જંગલ વગેરેમાં તેમની ઈબાદત, નમાઝ વગેરે થતી ન હતી. વળી એ કે જ્યારે પાણીનો ઉપયોગ કરવાની શક્તિ ન હોય, ભલે તે પાણી ન મળવાના કારણે અથવા તો કોઈ બીમારીના કારણે તો વુઝૂના બદલે માટીથી તયમ્મુમ કરવું આ ઉમ્મત માટે પવિત્રતા, પાકી અને વુઝૂનો બદલ નક્કી કરવામાં આવ્યું છે, પાછલી ઉમ્મતો માટે આ સરળતા ન હતી. પછી ફરમાવ્યું, અને પાંચમી વસ્તુ વિશે તો પૂછવા જેવું જ નથી, તે પોતે જ પોતાનું એક ઉદાહરણ છે. તે એ કે, અલ્લાહ તઆલાએ પોતાના દરેક રસૂલની એક દુઆની કબૂલિયત અને સ્વીકૃતિ એવી અર્પણ કરી છે કે, તેનાથી વિપરીત થઈ જ નથી શકતું અને દરેક રસૂલ અને નબીએ પોત-પોતાની દુઆનો પોતાના ખાસ-ખાસ હેતુઓ માટે ઉપયોગ કરી લીધો તે મકસદ પૂર્ણ થઈ ગયો. મને પણ એ જ કહેવામાં આવ્યું કે, તમે કોઈ દુઆ કરો, મેં પોતાની દુઆને આખિરત માટે સુરક્ષિત કરાવી લીધી. તે દુઆ તમારા અને કયામત સુધી જે વ્યક્તિ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ (લા ઈલાહા ઈલ્લલ્લાહ)ની સાક્ષી આપનારો છે તેના કામ આવશે."

વળી, ઈમામ અહમદની એક રિવાયત હઝરત અબૂ મૂસા અશ્અરી (રદિ.)થી નકલ થઈ છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, જે વ્યક્તિ મારા મબ્ઊષ (પૃથ્વીપટ ઉપર આગમન) થવાનું સાંભળે, ભલે તે વ્યક્તિ મારી ઉમ્મતમાંથી હોય અથવા યહૂદી કે નસરાની હોય, જો તે મારા ઉપર ઈમાન નહીં લાવે તો તે જહન્નમમાં જશે."

સહીહ બુખારીમાં આ જ આયત હેઠળ અબૂ દરદાઅ્ (રદિ.)થી નકલ થયું છે કે, "હઝરત અબૂબક્ર અને ઉમર (રદિ.) દરમિયાન કોઈ વાતમાં મતભેદ થયો, હઝરત ઉમર (રદિ.) નારાજ થઈને ચાલ્યા ગયા. એ જોઈને હઝરત અબૂબક્ર (રદિ.) તેમને મનાવવા માટે ચાલ્યા પરંતુ હઝરત ઉમર (રદિ.) ન માન્યા, એટલે સુધી કે પોતાના ઘેર પહોંચીને દરવાજો બંધ કરી લીધો, મજબૂર થઈ હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.) પાછા આવ્યા અને રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા. આ બાજુ અમુક સમય પછી હઝરત ઉમર (રદિ.)ને પોતાના આ કૃત્ય ઉપર પસ્તાવો થયો અને તેઓ પણ ઘરેથી નીકળી રસૂલે કરીમ ﷺની સેવામાં પહોંચી ગયા અને પોતાની ઘટના કહી સંભળાવી. અબૂ દરદાઅ્ (રદિ.) વર્ણન કરે છે કે, આ બાબતે રસૂલે કરીમ ﷺ નારાજ થઈ ગયા, જ્યારે

સિદ્દીકે અકબર (રદિ.)એ જોયું કે હઝરત ઉમર (રદિ.) ઉપર ગુસ્સો થવા લાગ્યો તો વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! વધારે વાંક મારો જ હતો, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, શું તમારાથી એટલું પણ નથી થતું કે મારા એક સાથીને પોતાનો ત્રાસ આપવાથી છોડી દો, શું તમે નથી જાણતા કે જ્યારે મેં અલ્લાહ તઆલાના હુકમથી એ કહ્યું કે, يَـٰٓأَيُّهَا النَّاسُ إِنِّى رَسُوْلُ اللّٰهِ إِلَيْكُمْ جَمِيْعًا તો તમે સૌએ મને જૂઠાડ્યો, ફક્ત અબૂબક્ર (રદિ.) જ હતા કે, જેમણે પ્રથમવારમાં જ મારું સમર્થન અને ખરાઈ કરી.''

ખુલાસો એ છે કે, આ આયતથી રસૂલે કરીમ ﷺનું બધી જ ઉપસ્થિત અને આવનાર પેઢીઓ માટે અને દરેક પ્રદેશ અને દરેક ક્ષેત્રના નાગરિકો માટે, દરેક કોમ અને જ્ઞાતિ માટે સર્વસામાન્ય રસૂલ હોવું સાબિત થઈ ગયું અને એ કે, રસૂલે કરીમ ﷺની બઅ્ષત પછી જે વ્યક્તિ આપ ﷺ ઉપર ઈમાન નહીં લાવે તે ભલે કોઈ અગાઉ થઈ ચૂકેલી શરીઅત અને કિતાબનું અથવા કોઈ અન્ય ધર્મ કે મિલ્લતનું પૂરેપૂરું અનુસરણ તકવા સાથે કાળજીપૂર્વક અપનાવે તો પણ તે કદાપિ છુટકારો પામશે નહીં.

અંતિમ આયતમાં બતાવવામાં આવ્યું કે, હું તે પવિત્ર જાત તરફથી રસૂલ છું જેના માલિકીપણા હેઠળ બધા જ આસમાનો અને જમીન છે અને તે જ જીવન આપે છે, તે જ મૃત્યુ આપે છે.

ત્યારબાદ ઈરશાદ ફરમાવ્યો, فَـاٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهِ النَّبِيِّ الْاُمِّيِّ الَّذِىْ يُؤْمِنُ بِاللّٰهِ وَكَلِمٰتِهٖ وَاتَّبِعُوْهُ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ

એટલે જ્યારે એ વાત જાણ થઈ ગઈ કે રસૂલે કરીમ ﷺ વિશ્વની બધી જ કોમો માટે રસૂલ અને નબી છે માટે હવે તેમના અનુસરણ વિના કોઈ છુટકો જ નથી, તેથી આવશ્યક છે કે અલ્લાહ ઉપર ઈમાન લાવો અને તેના રસૂલ નબીએ ઉમ્મી ﷺ ઉપર ઈમાન લાવો, જેઓ પોતે પણ અલ્લાહ ઉપર અને તેના કલિમાત ઉપર ઈમાન લાવે છે અને તેમનું અનુસરણ કરો જેથી તમે સત્ય માર્ગ ઉપર કાયમ રહો.

અલ્લાહના ''કલિમાત''નો અર્થ અલ્લાહ તઆલાની કિતાબો તવરાત, ઈન્જીલ અને કુર્આન વગેરે છે. ઈમાનના હુકમો પછી ફરી તાબે'દારીનો વિશેષ

હુકમ આપીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, ફક્ત ઈમાન લાવવું અથવા મૌખિક સમર્થન કરવું રસૂલે કરીમ ﷺની તાબે'દારી અને અનુસરણ વિના હિદાયત માટે પૂરતું નથી.

હઝરત જુનૈદ બગદાદી (રહ.)એ ફરમાવ્યું કે, "મખ્લૂક ઉપર અલ્લાહ તઆલા તરફ પહોંચવાના બધા જ માર્ગો બંધ છે ફક્ત એ માર્ગ સિવાય કે જે નબીએ કરીમ ﷺએ બતાવ્યો છે."

હઝરત મૂસા (અલૈ.)ની કોમમાં એક સત્યનિષ્ઠ વર્ગ (જમાઅત) :

બીજી આયતમાં ફરમાવ્યું, وَمِنْ قَوْمِ مُوْسٰٓى اُمَّةٌ يَّهْدُوْنَ بِالْحَقِّ وَبِهٖ يَعْدِلُوْنَ એટલે કે, "હઝરત મૂસા (અલૈ.)ની કોમમાં એક જમાઅત એવી પણ છે જે પોતે પણ સત્યનું અનુસરણ કરે છે અને પોતાના મતભેદના ફેંસલાઓમાં સત્ય પ્રમાણે ફેંસલો કરે છે."

પાછલી આયતોમાં હઝરત મૂસા (અલૈ.)ની કોમની ખોટી ચાલ–ચલગત, ખોટા વાદ–વિવાદ અને માર્ગ ભટકવાનું વર્ણન થયું હતું. આ આયતમાં બતાવવામાં આવ્યું છે કે, સમગ્ર બની ઈસ્રાઈલની કોમ આવી નથી બલકે, તેમાં અમુક લોકો સારા પણ છે જે સત્યનું અનુસરણ કરે છે અને સત્ય પ્રમાણે સાચા ફેંસલાઓ પણ કરે છે. આ જ તે લોકો છે જેમણે તવરાત અને ઈન્જીલના સમયમાં તેમની હિદાયત પ્રમાણે સંપૂર્ણ અમલ કર્યો અને જ્યારે ખાતમુન્નબિય્યિન ﷺ મબ્ઊષ થયા તો તવરાત અને ઈન્જીલની ખુશખબરી પ્રમાણે રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવ્યા અને તેમનું અનુસરણ કર્યું. બની ઈસ્રાઈલની આ સત્યનિષ્ઠ જમાઅતનું વર્ણન પણ કુર્આનમાં વારંવાર આવ્યું છે. એક સ્થળે ઈરશાદ છે, مِنْ اَهْلِ الْكِتٰبِ اُمَّةٌ قَآئِمَةٌ يَّتْلُوْنَ اٰيٰتِ اللّٰهِ اٰنَآءَ الَّيْلِ وَهُمْ يَسْجُدُوْنَ (૩:૧૧૩) એટલે કે, "અહલે કિતાબમાં એક એવી જમાઅત પણ છે જે સત્ય ઉપર કાયમ છે, અલ્લાહ તઆલાની આયતોની રાતભર તિલાવત કરે છે અને સિજ્દહ કરે છે." એક સ્થળે ઈરશાદ છે, اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ مِنْ قَبْلِهٖ هُمْ بِهٖ يُؤْمِنُوْنَ (૨૮:૫૨) એટલે કે, "(હે નબી ﷺ !) તે લોકો જેમને તમારા અગાઉ કિતાબો (તવરાત અને ઈન્જીલ) આપવામાં આવી હતી તે તમારા ઉપર ઈમાન લાવે છે."

ઈબ્ને જરીર (રહ.) અને ઈબ્ને કષીર (રહ.) વગેરેએ આ સ્થળે એક

કિસ્સો વર્ણન કર્યો છે કે, આ જમાઅતનો અર્થ તે વર્ગ છે જે બની ઈસ્રાઈલની ગુમરાહી અને તેમના દુષ્કૃત્યો, નબીઓની હત્યા વગેરેથી તંગ આવીને તેમનાથી અલગ થઈ ગઈ હતી. બની ઈસ્રાઈલના બાર કબીલાઓમાંથી એક કબીલો હતો જેમણે પોતાની કોમથી ત્રાસી જઈને આ દુઆ કરી કે, યા અલ્લાહ ! અમને આ લોકોથી દૂર કોઈ અન્ય સ્થળે વસાવી દે જેથી અમે પોતાના દીન ઉપર નક્કર રીતે અમલ કરતા રહીએ. અલ્લાહ તઆલાએ પોતાની સંપૂર્ણ કુદરત વડે તેમને દોઢ વર્ષની મુસાફરીના અંતરે દૂર પૂર્વની કોઈ જમીન ઉપર પહોંચાડી દીધા, જ્યાં તેઓ ખાલિસ ઈબાદતોમાં મશ્ગૂલ રહ્યા અને રસૂલે કરીમ ﷺ મબ્ઊષ થયા પછી પણ કુદરત તરફથી તેમના મુસલમાન થવાનો એ સબબ થયો કે, શબે મેઅ્રાજમાં જિબ્રઈલ અમીન (અલૈ.) રસૂલુલ્લાહ ﷺને તે તરફ લઈ ગયા, તે સમયે તે લોકો રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લઈ આવ્યા. રસૂલે કરીમ ﷺએ તેમને કુર્આનની અમુક સૂરતો પઢાવી અને તેમને પૂછ્યું કે, તમારી પાસે માપ-તોલ કરવાની કોઈ વ્યવસ્થા છે ? અને તમારા લોકોનો રોઝી-રોટીનો શું સામાન છે ? જવાબ આપ્યો કે, અમે જમીનમાં અનાજ વાવીએ છીએ, જ્યારે તૈયાર થાય છે તો લણીને ત્યાં જ ઢગલો કરી દઈએ છીએ, દરેક વ્યક્તિને જેટલી જરૂરત હોય છે ત્યાંથી લઈ આવે છે, માપ-તોલની કોઈ આવશ્યકતા જ નથી હોતી. રસૂલે કરીમ ﷺએ પૂછ્યું, શું તમારામાં કોઈ વ્યક્તિ જૂઠું પણ બોલે છે ? વિનંતી કરી કે, "નહીં !" (કોઈ જૂઠું બોલતું નથી) કારણ કે, જો કોઈ વ્યક્તિ એવું કરે છે તો તરત એક આગ આવીને તેને સળગાવી દે છે. રસૂલે કરીમ ﷺએ પૂછ્યું કે, તમારા બધાના મકાનો બિલકુલ સરખા કેમ છે ? વિનંતી કરી, એટલા માટે કે કોઈને કોઈના ઉપર મોટાઈ જતાવવાની તક ન મળે. પછી પૂછ્યું કે, તમે પોતાના મકાનો સામે પોતાની કબરો કેમ બનાવી રાખી છે ? વિનંતી કરી, જેથી અમે મોતને દરેક સમયે અમારી નજર સમક્ષ રાખીએ. પછી રસૂલુલ્લાહ ﷺ જ્યારે મેઅ્રાજથી પાછા આવીને મક્કા તશરીફ લાવ્યા તો આ આયત નાઝિલ થઈ, وَمِنْ قَوْمِ مُوْسٰٓى اُمَّةٌ يَّهْدُوْنَ بِالْحَقِّ وَبِهٖ يَعْدِلُوْنَ તફસીરે કુર્તુબીએ આ રિવાયતને અસલ હોવાનું ઠરાવ્યું છે અને બીજી સંભાવનાઓ પણ લખી છે. ઈબ્ને કષીરે તેને "હિકાયતે અજ્મિય્યહ" તો ફરમાવી છે પરંતુ રદ નથી કરી. અલબત્ત, તફસીરે કુર્તુબીમાં કર્તાએ નકલ કરીને કહ્યું છે કે આ રિવાયત સાચી નથી.

અલબત્ત, આ આયતથી જાણ થઈ કે હઝરત મૂસા (અલૈ.)ની કોમમાં એક જમાઅત એવી પણ છે જે સત્ય ઉપર કાયમ રહી. ભલે, તે જમાઅત એ લોકો હોય જે રસૂલે કરીમ ﷺની બઅ્ષતની ખબર મેળવીને ઈસ્લામની દોલતથી માલા–માલ થયા અથવા તે બની ઈસ્રાઈલનો પેલો બારમો કબીલો હોય જેણે અલ્લાહ તઆલાની જમીનના કોઈ ખાસ ભાગમાં નિવાસ કર્યો છે અને કદાચ ત્યાં કોઈ પહોંચી શકતું ન હોય. (વલ્લાહુ અઅ્લમુ)

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં ૧૬૦–૧૬૧–૧૬૨)

وَقَطَّعْنٰهُمُ اثْنَتَيْ عَشْرَةَ اَسْبَاطًا اُمَمًا ۭ وَاَوْحَيْنَآ اِلٰى مُوْسٰٓى اِذِ اسْتَسْقٰىهُ قَوْمُهٗٓ
اَنِ اضْرِبْ بِّعَصَاكَ الْحَجَرَ ۚ فَانْۢبَجَسَتْ مِنْهُ اثْنَتَا عَشْرَةَ عَيْنًا ۭ قَدْ عَلِمَ
كُلُّ اُنَاسٍ مَّشْرَبَهُمْ ۭ وَظَلَّلْنَا عَلَيْهِمُ الْغَمَامَ وَاَنْزَلْنَا عَلَيْهِمُ الْمَنَّ وَالسَّلْوٰى ۭ
كُلُوْا مِنْ طَيِّبٰتِ مَا رَزَقْنٰكُمْ ۭ وَمَا ظَلَمُوْنَا وَلٰكِنْ كَانُوْٓا اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿١٦٠﴾ وَاِذْ قِيْلَ
لَهُمُ اسْكُنُوْا هٰذِهِ الْقَرْيَةَ وَكُلُوْا مِنْهَا حَيْثُ شِئْتُمْ وَقُوْلُوْا حِطَّةٌ وَّادْخُلُوا الْبَابَ
سُجَّدًا نَّغْفِرْ لَكُمْ خَطِيْۗـٰٔتِكُمْ ۭ سَنَزِيْدُ الْمُحْسِنِيْنَ ﴿١٦١﴾ فَبَدَّلَ الَّذِيْنَ ظَلَمُوْا مِنْهُمْ
قَوْلًا غَيْرَ الَّذِيْ قِيْلَ لَهُمْ فَاَرْسَلْنَا عَلَيْهِمْ رِجْزًا مِّنَ السَّمَاۗءِ بِمَا كَانُوْا يَظْلِمُوْنَ ﴿١٦٢﴾ ع

તરજુમો :

અને અમે તેમને અલગ–અલગ કરી દીધા બાર દાદાઓની અવલાદ મોટા–મોટા જૂથો, અને અમે મૂસા (અલૈ.)ને હુકમ મોકલ્યો જ્યારે તેમની કોમે તેમની પાસે પાણી માંગ્યું કે પોતાની લાઠી આ પથ્થર ઉપર મારો તો એમાંથી બાર ઝરણા ફૂટી નીકળ્યા, દરેક કબીલાએ પોતાનો ઘાટ ઓળખી લીધો અને અમે તેમના ઉપર વાદળનો છાંયડો કર્યો અને અમે તેમના ઉપર મન્ન અને સલવા ઉતાર્યું તય્યિબ (સાફ–સુથરી) વસ્તુઓ ખાઓ જે રોજી અમે તમને આપી અને તેમણે અમારું કંઈ ન બગાડયું પરંતુ પોતાનું જ

નુકસાન કરતા રહ્યા. (૧૬૦) અને જ્યારે તેમને હુકમ થયો કે આ શહેરમાં વસો અને જ્યાંથી ઈચ્છો એમાંથી ખાઓ અને "હિત્તતુન" (અમને મા'ફ કરી દે) કહો અને દરવાજામાં સિજ્દહ કરતાં દાખલ થાઓ તો અમે તમારી ખતાઓ મા'ફ કરી દઈશું અલબત્ત અમે નેકી કરનારાઓને વધારે આપીશું. (૧૬૧) બસ, તેમનામાંથી જાલિમોએ એના સિવાય બીજો શબ્દ બદલી નાંખ્યો જે તેમને કહેવામાં આવ્યો હતો, પછી અમે તેમના ઉપર તેમની શરારતના કારણે આસમાનેથી અઝાબ મોકલ્યો. (૧૬૨)

તફસીર :

(અને અમે એક ઈનામ બની ઈસ્રાઈલ ઉપર એ કર્યું કે, તેમની સુધારણાની વ્યવસ્થા માટે) તેમને બાર કબીલાઓમાં વહેંચીને સૌનો અલગ-અલગ સમૂહ નક્કી કરી દીધો (અને દરેક ઉપર એક સરદાર દેખરેખ માટે નક્કી કરી દીધો જેનું વર્ણન સૂરએ માઈદહના ત્રીજા રુકૂઅ્માં وَبَعَثْنَا مِنْهُمُ اثْنَيْ عَشَرَ نَقِيبًا થયું છે) અને (એક ઈનામ એ આપ્યું કે) અમે (હઝરત) મૂસા (અલૈ.)ને હુકમ આપ્યો જ્યારે કે તેમની કોમે તેમની પાસે પાણી માંગ્યું (અને તેમણે અલ્લાહ તઆલા પાસે દુઆ કરી તે સમયે તેમને એ હુકમ થયો) કે પોતાની લાઠીને ફલાણા પથ્થર ઉપર મારો (તેમાંથી પાણી નીકળી આવશે) બસ, (પથ્થર ઉપર લાઠી મારતાંની સાથે જ) તરત જ તેમાંથી બાર ઝરણાં (બાર કુટુંબો માટે) ફૂટી નીકળ્યા (આથી) દરેક વ્યક્તિએ પોતાનું પાણી પીવાનું સ્થળ જાણી લીધું અને (એક ઈનામ એ કર્યું કે) અમે તેમના ઉપર વાદળનો છાંયડો કર્યો અને (એક ઈનામ એ કર્યું કે) તેમને (ગય્બના ખજાનાઓમાંથી) મન્ન અને સલવા પહોંચાડ્યું (અને પરવાનગી આપી કે) ખાઓ પવિત્ર વસ્તુઓમાંથી જે અમે અર્પણ કરી છે (પરંતુ તે લોકો તેમાં પણ એક બાબત અલ્લાહના હુકમ વિરુદ્ધ કરી બેઠા) અને (તેનાથી) તેમણે અમારું કોઈ જ નુકસાન કર્યું નથી પરંતુ તેઓ પોતાનું જ નુકસાન કરતા હતા (આ ઘટનાઓ તીહની ખીણમાં બની હતી, જેની વિગત સૂરએ બકરહમાં આવી ચૂકી છે) અને (તે સમયને યાદ કરો) જ્યારે હુકમ આપવામાં આવ્યો કે, તમે લોકો આ વસ્તીમાં જઈને રહો અને ખાઓ તે (વસ્તુઓ)માંથી જે સ્થળે તમને ઈચ્છા થાય અને (એ પણ હુકમ આપવામાં આવ્યો કે જ્યારે અંદર પ્રવેશ કરતા હોય ત્યારે) જીભથી એવું કહેજો કે "હિત્તતુન" (યા અલ્લાહ મા'ફ કરી દે) અને

(આજિઝીથી) નમીને દરવાજામાં પ્રવેશ કરજો અમે તમારી (પાછલી) ભૂલોને મા'ફ કરી આપીશું (એ તો સૌના માટે થયું અને) જે લોકો ભલાઈના કામ કરશે (હું) તેમને વધારે આપીશ, બસ તે જાલિમોએ બદલી નાંખ્યો એક અન્ય શબ્દથી જે એ શબ્દથી વિપરીત હતો જે કહેવાનો તેમને હુકમ કરવામાં આવ્યો હતો તેના કારણે અમે તેમના ઉપર એક આકાશી આફત મોકલી એ કારણથી કે તેઓ હુકમનો અનાદર કરતા હતા.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૬૩ થી ૧૬૬)

وَسْئَلْهُمْ عَنِ الْقَرْيَةِ الَّتِيْ كَانَتْ حَاضِرَةَ الْبَحْرِ ۘ اِذْ يَعْدُوْنَ فِي السَّبْتِ اِذْ تَأْتِيْهِمْ
حِيْتَانُهُمْ يَوْمَ سَبْتِهِمْ شُرَّعًا وَّيَوْمَ لَا يَسْبِتُوْنَ ۙ لَا تَأْتِيْهِمْ ۛ كَذٰلِكَ ۛ نَبْلُوْهُمْ بِمَا كَانُوْا
يَفْسُقُوْنَ ﴿۱۶۳﴾ وَاِذْ قَالَتْ اُمَّةٌ مِّنْهُمْ لِمَ تَعِظُوْنَ قَوْمًا ۙ اللّٰهُ مُهْلِكُهُمْ اَوْ
مُعَذِّبُهُمْ عَذَابًا شَدِيْدًا ؕ قَالُوْا مَعْذِرَةً اِلٰى رَبِّكُمْ وَلَعَلَّهُمْ يَتَّقُوْنَ ﴿۱۶۴﴾
فَلَمَّا نَسُوْا مَا ذُكِّرُوْا بِهٖۤ اَنْجَيْنَا الَّذِيْنَ يَنْهَوْنَ عَنِ السُّوْٓءِ وَاَخَذْنَا الَّذِيْنَ
ظَلَمُوْا بِعَذَابٍۭ بَئِيْسٍۭ بِمَا كَانُوْا يَفْسُقُوْنَ ﴿۱۶۵﴾ فَلَمَّا عَتَوْا عَنْ مَّا نُهُوْا عَنْهُ قُلْنَا
لَهُمْ كُوْنُوْا قِرَدَةً خٰسِئِيْنَ ﴿۱۶۶﴾

તરજુમો :

અને તેમને તે વસ્તીના હાલ પૂછો જે દરિયાના કિનારે હતી જ્યારે શનિવારના હુકમમાં સીમા ઓળંગવા લાગ્યા જ્યારે તેમની પાસે પાણી ઉપર શનિવારના દિવસે માછલીઓ આવવા લાગી અને જે દિવસે શનિવાર ન હોય તો એ પ્રમાણે આવતી ન હતી, અમે તેમને એટલા માટે અજમાવ્યા કે તેઓ નાફરમાન હતા. (૧૬૩) અને જ્યારે તેમનામાંથી એક સમૂહ બોલ્યો, તે લોકોને શા માટે નસીહત કરો છો જેમને અલ્લાહ ઈચ્છે છે કે હલાક કરે અથવા તેમને કઠોર અઝાબ આપે ! તેઓ તમારા પરવરદિગાર સામે મઅ્ઝિરત હેતુ બોલ્યા અને એટલા માટે કે કદાચ તેઓ ડરે. (૧૬૪) પછી

જ્યારે તેઓ એને ભૂલી ગયા જે તેમને સમજાવ્યું હતું તો અમે તેમને છુટકારો આપ્યો જેઓ બુરા કામની મનાઈ કરતા હતા અને ગુનેહગારોને તેમની નાફરમાનીના કારણે ખરાબ અઝાબમાં પકડયા. (૧૬૫) પછી જ્યારે એ કામમાં વધવા લાગ્યા જેનાથી તેઓ રોકવામાં આવ્યા હતા તો અમે હુકમ કર્યો, થઈ જાઓ ઝલીલ વાંદરા ! (૧૬૬)

તફસીર :

અને તમે તે (પોતાના સમકાલીન યહૂદી) લોકોને (ખાસ) તે વસ્તી(વાળાઓ)ની જેઓ સમુદ્ર કિનારે આબાદ હતા (અને તેમાં યહૂદી રહેતા હતા જેમને શનિવારના દિવસે શિકાર કરવાની મનાઈ હતી) તે સમયની હાલત પૂછો જ્યારે કે તેઓ (એટલે કે ત્યાંના વસનારાઓ) શનિવાર ("સબ્ત" વિશે તેમને જે હુકમ આપવામાં આવ્યો હતો તે) બાબતે (શરઈ) હદથી નીકળી રહ્યા હતા, જ્યારે શનિવારના દિવસે તે (સમુદ્ર)ની માછલીઓ (પાણીની સપાટી ઉપર નીકળીને) જાહેર થઈને તેમની સામે આવતી હતી અને જ્યારે શનિવારનો દિવસ ન હોય તો તેમની સામે આવતી ન હતી, (બલકે ક્યાંક દૂર ચાલી જતી હતી અને તેનું કારણ એ હતું કે) અમે તેમની આ પ્રમાણે (કઠોર) કસોટી કરતા હતા (કે કોણ હુકમ ઉપર મક્કમ વળગી રહે છે અને કોણ નથી રહેતું અને આ કસોટી) એ કારણથી (હતી) કે તેઓ (પ્રથમથી જ) હુકમનો અનાદર કર્યા કરતા હતા (એ જ પ્રમાણે આવા કઠોર હુકમથી તેમની કસોટી કરી અને આજ્ઞાપાલકોને કસોટી દ્વારા રાહત તથા તવફીક અને સમર્થન થકી અલ્લાહની નિકટતા પ્રાપ્ત થતી હોય છે) અને (તેમને તે સમયની હાલત વિશે પૂછો) જ્યારે કે તેમનામાંથી એક વર્ગે (જે તેમને નસીહત કરતાં-કરતાં નસીહતની અસર અને નસીહતનો લાભ થવાની આશાથી નિરાશ થઈ ગયા હતા તેમણે એવા લોકોને કે જેઓ હજુપણ નસીહત અને બોધપાઠ આપતા હતા અને બિલકુલ નિરાશ કે હતાશ પણ ન થયા હતા, જેમકે لَعَلَّهُمْ يَتَّقُوْنَ થી જાણ થાય છે) એવું કહ્યું કે, તમે એવા લોકોને શા માટે બોધપાઠ આપી રહ્યા છો જેઓ (પાસેથી કબૂલ કે સ્વીકાર કરવાની કોઈ આશા-અપેક્ષા નથી, એનાથી જાણ થાય છે કે તેઓ)ને અલ્લાહ તઆલા બિલકુલ હલાક કરનારો છે અથવા (સર્વનાશ ન કરે તો પણ) તેમને (કોઈ અન્ય રીતે) કઠોર સજા આપનારો છે (એટલે કે, આવા લોકો માટે શા માટે વ્યર્થ પ્રયત્નો કરી મહેનત કર્યા કરો છો ?) તેમણે જવાબ આપ્યો કે, તમારા (અને

પોતાના) પરવરદિગાર ઉપર કોઈ આક્ષેપ (બહાનું) બાકી ન રહે એટલા માટે (તેમને નસીહત કરીએ છીએ કે, અલ્લાહની રૂબરૂ કહી શકીએ કે હે અલ્લાહ ! અમે તો તેમને કહ્યું હતું પરંતુ તેમણે ન સાંભળ્યું, અમે લાચાર છીએ) અને (વળી) એટલા માટે કે કદાચ તેઓ ડરી જાય (અને અમલ કરવા માંડે પરંતુ તેઓ અમલ કરનારા ન હતા) બસ, (અંતે) જ્યારે તેઓ એ હુકમને છોડનાર જ રહ્યા જે તેમને સમજાવવામાં આવતો હતો (એટલે કે તેઓએ માન્યું જ નહીં) તો અમે તે લોકોને તો (અઝાબથી) બચાવી લીધા જેઓ આ બુરી વાતની મનાઈ કર્યા કરતા હતા (ભલે, બરાબર મનાઈ કરતા રહ્યા અથવા આશાએ બેસી રહ્યા) અને તે લોકો કે જેઓ (પ્રસ્તુત હુકમમાં) અતિરેક કરતા હતા તેમને (આ હુકમનો અનાદર કરવાના કારણે) એક સખત અઝાબમાં પકડી લીધા, એટલે કે જ્યારે તેઓ જે કામથી તેમને મનાઈ કરવામાં આવી હતી તેમાં હદથી બહાર નીકળી ગયા (આ તફસીર તો થઈ نَسُوا مَا ذُكِّرُوا بِهِ ની) તો અમે તેમને (ક્રોધિત થઈ) કહી આપ્યું કે તમે તુચ્છ (અપમાનિત) વાંદરાઓ બની જાઓ (અને આ તફસીર عَذَابٍ بَئِيسٍ ની થઈ).

પ્રસ્તુત આયતોમાં વર્ણન કરવામાં આવેલ ઘટનાઓ ''મઆ'રિફુલ કુર્આન''ની પ્રથમ જિલ્દમાં સૂરએ બકરહની તફસીર અને ખુલાસામાં વિગતવાર વર્ણન થઈ ચૂકી છે, આ બાબતની જરૂરી વાતો ત્યાં જોઈ શકાય છે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૬૭-૧૬૮-૧૬૯)

وَإِذْ تَأَذَّنَ رَبُّكَ لَيَبْعَثَنَّ عَلَيْهِمْ إِلَىٰ يَوْمِ الْقِيَامَةِ مَن يَسُومُهُمْ سُوءَ الْعَذَابِ ۗ
إِنَّ رَبَّكَ لَسَرِيعُ الْعِقَابِ ۖ وَإِنَّهُ لَغَفُورٌ رَّحِيمٌ ﴿١٦٧﴾ وَقَطَّعْنَاهُمْ فِي الْأَرْضِ
أُمَمًا ۖ مِّنْهُمُ الصَّالِحُونَ وَمِنْهُمْ دُونَ ذَٰلِكَ ۖ وَبَلَوْنَاهُم بِالْحَسَنَاتِ وَالسَّيِّئَاتِ لَعَلَّهُمْ
يَرْجِعُونَ ﴿١٦٨﴾ فَخَلَفَ مِن بَعْدِهِمْ خَلْفٌ وَرِثُوا الْكِتَابَ يَأْخُذُونَ عَرَضَ هَٰذَا الْأَدْنَىٰ
وَيَقُولُونَ سَيُغْفَرُ لَنَا وَإِن يَأْتِهِمْ عَرَضٌ مِّثْلُهُ يَأْخُذُوهُ ۚ أَلَمْ يُؤْخَذْ
عَلَيْهِم مِّيثَاقُ الْكِتَابِ أَن لَّا يَقُولُوا عَلَى اللَّهِ إِلَّا الْحَقَّ وَدَرَسُوا مَا فِيهِ ۗ وَالدَّارُ
الْآخِرَةُ خَيْرٌ لِّلَّذِينَ يَتَّقُونَ ۗ أَفَلَا تَعْقِلُونَ ﴿١٦٩﴾

તરજુમો :

અને તે વખતને યાદ કરાં જ્યારે તમારા પરવરદિગારે ખબર આપી દીધી હતી કે યહૂદીઓ ઉપર કયામતના દિવસ સુધી એવા વ્યક્તિને અવશ્ય મોકલતો રહીશ કે તેમને ખરાબ અઝાબ આપ્યા કરે, બેશક ! તમારો પરવરદિગાર નિકટમાં અઝાબ કરનારો છે અને તે બખ્શનારો મહેરબાન છે. (૧૬૭) અને અમે તેમને પ્રદેશમાં જૂથોમાં વિખેરી નાંખ્યા તેમનામાંથી અમુક નેક અને અમુક અન્ય પ્રકારના; અને અમે ખુબીઓમાં અને બુરાઈઓમાં તેમની કસોટી કરી જેથી તેઓ પાછા આવે. (૧૬૮) ત્યારબાદ તેમની પાછળ નાલાયકો (દુષ્ટો) આવ્યા જેઓ કિતાબના વારિસ બન્યા (તેના બદલામાં તેઓ) આ તુચ્છ જિંદગીનો સામાન લઈ લે છે અને કહે છે કે અમને મા'ફ થઈ જશે અને જો એવો જ સામાન તેમની સામે ફરીવાર આવે તો તેને (પણ) લઈ લે, શું તેમની પાસેથી કિતાબમાં વચન લેવામાં ન આવ્યું કે અલ્લાહ ઉપર સચ્ચાઈ સિવાય કશું ન બોલે અને તેમણે પઢયું છે જે કંઈ એમાં લખ્યું છે ? અને આખિરતનું ઘર ડરનારાઓ માટે ઉત્તમ છે, શું તમે સમજતા નથી ? (૧૬૯)

તફસીર :

અને તે સમયને યાદ કરવો જોઈએ કે જ્યારે તમારા પરવરદિગારે (બની ઈસ્રાઈલના અંબિયા અલૈ. મારફતે) એ વાત બતાવી દીધી કે, આ યહૂદીઓ ઉપર (તેમની ગુસ્તાખીઓ અને નાફરમાનીઓની સજા સ્વરૂપે) કયામત(ની નિકટ) સુધી એવો (કોઈને કોઈ) વ્યક્તિ જરૂર થોપતો રહેશે જે તેમને કઠોર સજાઓ (દ્વારા અપમાનજનક તથા કઠોર ત્રાસ)ની પીડા પહોંચાડતો રહેશે (એટલા માટે લાંબા સમયથી યહૂદીઓ કોઈને કોઈ હુકૂમતના તા'બા હેઠળ જ રહેતા ચાલ્યા આવે છે) નિઃશંક ! તમારો પરવરદિગાર (ખરેખર જ્યારે ઈચ્છે) જલદી જ સજા આપી દે છે અને નિઃશંક ! (જો તેઓ પોતાની પ્રવૃત્તિઓથી અટકી જાય અને પાછા ફરે તો) તે મોટો મા'ફ કરનાર અને મહાન રહમતવાળો (પણ) છે અને અમે દુનિયામાં તેમને અલગ-અલગ જૂથોમાં વિખેરી નાંખ્યા, (એટલા માટે કે) અમુક તેમનામાં નેક (પણ) હતા અને અમુક તેમનામાં અન્ય પ્રકારના

(પણ એટલે કે દુરાચારીઓ પણ) હતા અને અમે (તે દુરાચારીઓને પણ પોતાની કૃપાથી તેમની કેળવણી અને સુધારણાનો સામાન પૂરો પાડવામાં જરા પણ ઉણપ બાકી નથી રાખી, બલકે હંમેશા) તેમને ખુશહાલી (એટલે કે તંદુરસ્તી અને માલદારી)થી અને બદ્હાલી (એટલે કે બીમારી અને તકલીફ)થી અજમાવતા રહ્યા કે કદાચ (તેનાથી તેઓ આ દુષ્કૃત્યો કરવાથી) અટકી જાય (કારણ કે, ભલાઈથી પ્રોત્સાહન અને પ્રેરણા મળે છે અને વિકટ પરિસ્થિતિઓથી ચેતવણી અને ધમકીઓ મળે છે, આ હાલત તો તેમના પુરોગામી વડવાઓની હતી) ત્યારબાદ તે (વડવા)ઓથી પછીના લોકો તેમના વારસદાર થયા કે કિતાબ (એટલે કે તવરાત)ને (તો) તેમણે પ્રાપ્ત કરી (પરંતુ તેની સાથે જ હરામખોર એવા છે કે, કિતાબના હુકમોના બદલામાં) આ દુનિયાનો તુચ્છ માલ–સામાન (જો મળે તો ખચકાટ વિના) લઈ લે છે અને (નીડર તો એવા છે કે આ ગુનાહને તદ્દન હલકો સમજીને) કહે છે કે અમારી અવશ્ય મા'ફી થઈ જશે (કારણ કે અમે أَبْنَاءُ اللّٰهِ وَأَحِبَّاءُ اللّٰه છે, આવા ગુનાહોને અમારી સ્વીકૃતિ કદાપિ પ્રાપ્ત થતી નથી) જ્યારે કે (તેઓ પોતાની નીડરતા અને ગુનાહો ઉપર બે'બાક બની ગયા છે, એટલે સુધી કે) જો તેમની પાસે (ફરીવાર) એવો જ (દીન વેચવાના બદલામાં) માલ–સામાન આવવા લાગે તો (એ જ નીડરતાથી ફરી) તેને લઈ લે છે (અને ગુનાહો ઉપર નીડર થઈ જવું કુફ્ર છે જેના ઉપર મા'ફીની શક્યતા જ નથી, એટલા માટે આગળ એ જ ઈરશાદ છે કે) શું તેમની પાસેથી તે કિતાબમાં એના વિશે કરાર લેવામાં આવ્યો નથી કે અલ્લાહ તરફ સત્ય (અને વાસ્તવિક) વાત સિવાય અન્ય કોઈ વાતનો સંબંધ નહીં જોડો ? (મતલબ એ છે કે, જ્યારે કોઈ આસમાની કિતાબને માનવામાં આવે છે તો તેનો અર્થ એ હોય છે કે, અમે તેના બધા વિષયોને માનીશું) અને (કરાર પણ કોઈ જેવો–તેવો કરાર નથી લેવામાં આવ્યો જેમાં એવી શંકા ઉપસ્થિત થાય કે, કદાચ આ ખાસ વિષય આ કિતાબમાં હોવાની તેમને જાણ ન હશે બલકે વિગતવાર કરાર લેવામાં આવ્યો, આથી) તેમણે તે કિતાબમાં જે કંઈ (લખ્યું) હતું તેને પઢ્યું (પણ) છે (જેનાથી તે સંભાવના પણ રદ થઈ ગઈ તો પણ આટલી મોટી વાતનો દા'વો કરે છે કે, અમે ગુનાહો ઉપર નીડર થયા છે છતાં અમારી બખ્શીશ થઈ જશે, તેમની આવી માન્યતા અલ્લાહ તઆલા ઉપર નરી આક્ષેપબાજી અને તોહમત છે) અને (તેમણે આ બધો કિસ્સો

દુનિયા માટે કર્યો, બાકી) આખિરતવાળું ઘર તે લોકો માટે (આ દુનિયાથી) ઉત્તમ છે જે (આ અકીદાઓ અને દુષ્કૃત્યોથી) પરહેઝ કરે છે, પછી શું (હે યહૂદીઓ !) તમે (આ બાબતે) સમજતા નથી ?

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોની પ્રથમ આયતમાં હઝરત મૂસા (અલૈ.)નો બાકીનો કિસ્સો વર્ણન કર્યા પછી તેમની ઉમ્મત યહૂદીઓની ખોટી નીતિરીતિની નિંદા અને ખરાબ પરિણામનું વર્ણન આવ્યું છે. આ આયતોમાં પણ તેમની સજા અને ખરાબ અંજામનો ઉલ્લેખ છે.

પ્રથમ આયતમાં તેમને આપવામાં આવેલ બે સજાઓનું વર્ણન છે, જે દુનિયામાં જ તેમના ઉપર થોપવામાં આવી છે. પ્રથમ એ કે, કયામત સુધી અલ્લાહ તઆલા તેમના ઉપર એવા વ્યક્તિઓ જરૂર થોપતો રહેશે, જે તેમને કઠોર સજા આપતા રહેશે અને તેમને અપમાનિત તથા તિરસ્કૃત કરતા રહેશે, એટલા માટે તે સમયથી આજદિન સુધી હંમેશા યહૂદીઓ દરેક સ્થળે અન્યોના ક્રોધનો ભોગ બની પરાજિત અને અન્યોના તાબે જ રહેલી કોમ છે. આજકાલ ઈઝરાયેલની જે કામચલાઉ સરકાર બની છે તેના કારણે કોઈ શંકા કરી શકાતી નથી, કારણ કે જાણકારો જાણે છે કે આજે વાસ્તવમાં ઈઝરાયેલ ન તો કોઈ પોતાની આગવી શક્તિથી સરકાર બનાવી શકે છે અને ન જ આગવી રીતે રાજ્ય કરી શકે છે. વાસ્તવમાં યુરોપ, અમેરિકાના ઈસ્લામ દુશ્મન ષડયંત્રોના પરિણામે તેમને એક લશ્કરી છાવણીથી વધારે કોઈ હેસિયત પ્રાપ્ત નથી અને આજે પણ તેઓ કાયદેસર રીતે તેમના તાબે અને તેમના શરણમાં જ છે. જે દિવસે, જે સમયે આ શક્તિઓ પોતાની મદદનો હાથ તેમના માથા ઉપરથી ઉઠાવી લે, તે જ દિવસે ઈઝરાયેલનું અસ્તિત્વ દુનિયામાં નષ્ટ થઈ શકે છે.

બીજી આયતમાં યહૂદીઓ ઉપર એક અન્ય સજાનું વર્ણન કરવામાં આવ્યું છે જે આ જ દુનિયામાં તેમને આપવામાં આવી, તે એ કે તેમની વસ્તી દુનિયાના વિવિધ વિભાગોમાં વહેંચાઈને વિખરાઈ જશે. કોઈ સ્થળે એક પ્રદેશમાં તેઓ સંગઠિત થઈને નહીં રહી શકે. وَقَطَّعْنٰهُمْ فِى الْاَرْضِ اُمَمًا નો આ જ અર્થ છે. قَطَّعْنَا (કત્તઅ્ના) તે تَقْطِيْعٌ (તક્તીઉન્) ક્રિયાપદથી બનેલ શબ્દ છે, જેનો અર્થ

"ટૂકડા-ટૂકડા કરી નાંખવું" થાય છે અને أُمَمٌ (ઉમમ્) એ أُمَّةٌ (ઉમ્મહ)નું બહુવચન છે, જેનો અર્થ છે "એક સમૂહ" અથવા "એક વર્ગ" મતલબ એ છે કે, "અમે યહૂદી કોમના ટૂકડા-ટૂકડા કરીને પૃથ્વીના વિવિધ વિભાગોમાં વિખેરી નાંખ્યા."

આથી જાણ થઈ કે કોઈ કોમનું એક સ્થળે સંગઠિત થવું અથવા બહુમતીમાં હોવું અલ્લાહ તઆલાનું ઈનામ અને અહેસાન છે અને તેમનું વિવિધ સ્થળોએ વિખરાઈ જવું એક પ્રકારનો અલ્લાહનો અઝાબ છે. મુસલમાનો ઉપર અલ્લાહ તઆલાનું એ ઈનામ હંમેશા રહ્યું છે અને ઈન્શાઅલ્લાહ ! તે કયામત સુધી રહેશે કે તેઓ જે સ્થળે પણ રહ્યા તેમની એક જબરદસ્ત સામૂહિક શક્તિ ત્યાં પેદા થઈ ગઈ. મદીના તય્યિબહથી આ ક્રમ શરૂ થયો અને પૂર્વ તથા પશ્ચિમમાં એ જ પરિસ્થિતિ પ્રમાણે આશ્ચર્યજનક રીતે આ ક્રમ ફેલાયો. સુદૂર પૂર્વમાં પાકિસ્તાન, ઈન્ડોનેશિયા, મલેશિયા વગેરે વિવિધ ઈસ્લામી સરકારો તેના પરિણામે બની. તેનાથી વિપરીત યહૂદીઓની હાલત હંમેશા એ રહી છે કે તેઓ વિવિધ દેશો-પ્રદેશોમાં વિખરાયેલા રહ્યા. માલદાર ગમે એટલા હોય પરંતુ ક્યારેય તેમના હાથમાં સત્તા ન આવી.

અમુક વર્ષોથી પેલૅસ્ટાઈનના એક નાના ટૂકડા ઉપર તેમનું કૃત્રિમ રીતે સંગઠન ઊભું કરી મેળવેલ સત્તાનો બાહ્ય દેખાવ જોઈને કોઈએ ધોકામાં પડી છેતરાવું ન જોઈએ, કારણ કે તેમનું આ રીતે કૃત્રિમ સ્વરૂપે એક સ્થળે ભેગું થવું અંતિમ યુગમાં થવું જ જોઈતું હતું, એટલા માટે કે રસૂલે કરીમ સાદિકે મસ્દૂક ﷺની સહીહ હદીષોમાં કયામત નજીક આ પ્રમાણે થવાની ખબર આપવામાં આવી છે કે, અંતિમ સમયમાં હઝરત ઈસા (અલૈ.) નાઝિલ થશે, નસારા બધા મુસલમાન થઈ જશે અને યહૂદીઓ સાથે જિહાદ કરીને તેમનો સર્વનાશ કરશે. અલ્લાહના અપરાધીની વોરંટ કે પૉલીસ દ્વારા ધરપકડ કરવામાં નથી આવતી, બલકે તેના માટે અદશ્ય રીતે એવી પરિસ્થિતિઓ ઊભી કરવામાં આવે છે કે, અપરાધી પોતાના પગે ચાલીને લાખો પ્રયત્નો કરીને પોતાના સર્વનાશના સ્થળે આપોઆપ પહોંચી જાય છે. હઝરત ઈસા (અલૈ.) સિરીયાના દમાસ્કસમાં નાઝિલ થવાના છે. યહૂદીઓ સામે અહીંયાં જ યુદ્ધ થશે જેથી ઈસા (અલૈ.) માટે તેમનો ખાત્મો કરવો સરળ બને. અલ્લાહે દુનિયાની સમગ્ર જિંદગીમાં તો

યહૂદીઓને વિવિધ પ્રદેશો અને દેશોમાં વિખરાયેલા તથા અન્યોના તા'બા હેઠળ રાખ્યા તથા અપમાનજનક ત્રાસની મજા ચખાડી અને અંતિમ સમયમાં હઝરત ઈસા (અલૈ.)ની સરળતા માટે તેમને તેમના નિકંદનના સ્થળે ભેગા કરી દીધા એટલા માટે તેમનું આ ભેગા થવું અઝાબનું જ એક સ્વરૂપ છે.

રહી તેમની આજે મોજૂદ સરકાર અને કૃત્રિમ સત્તાનો કબજો, બસ આ એક એવો છેતરામણો ધોકો છે જેના ઉપર આજે દુનિયાની કહેવાતી સભ્યતાએ એક ખૂબસૂરત આવરણ ચઢાવેલું છે પરંતુ દુનિયાના કોઈપણ આંતરરાષ્ટ્રીય રાજકરણનો જાણકાર નિષ્ણાત એક મિનિટ માટે પણ આ બાબતે છેતરાઈ શકતો નથી કે ધોકો ખાઈ શકતો નથી, કારણ કે આજે જે પ્રદેશને ઈઝરાયેલ નામ આપવામાં આવ્યું છે તે વાસ્તવમાં રશિયા, અમેરિકા, ઈંગ્લેન્ડની એક સંયુક્ત છાવણીથી વિશેષ કોઈ હેસિયત ધરાવતું નથી. તે ફક્ત તે સરકારોની સહાય અને મદદથી જીવીત છે અને તેમના હુકમોના તાબે રહેવામાં જ તેમના અસ્તિત્વનું રહસ્ય છુપાયેલું છે. દેખીતું છે કે, આ વાસ્તવિક ગુલામીને સ્વતંત્ર સત્તા કે રાજ્યનું નામ આપી દેવાથી તે કોમને કોઈ સત્તા પ્રાપ્ત નથી થઈ જતી. કુર્આને કરીમે કયામત સુધી અપમાન અને ઝિલ્લતના જે અઝાબનું વર્ણન કર્યું છે, તે આજે પણ કાયદેસર રીતે એ જ પ્રમાણે મોજૂદ છે જેનો ઉલ્લેખ પ્રથમ આયતમાં આ શબ્દો સાથે થયો છે وَاِذْ تَاَذَّنَ رَبُّكَ لَيَبْعَثَنَّ عَلَيْهِمْ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ مَنْ يَّسُوْمُهُمْ سُوْٓءَ الْعَذَابِ એટલે "જ્યારે કે, તમારા પરવરદિગારે પાકો ઈરાદો કરી લીધો કે તે લોકો ઉપર કોઈ એવી શક્તિને કયામત સુધી થોપી રાખે જે તેમને ભયંકર અઝાબ ચખાડે."

જેમકે પ્રથમ સુલયમાન (અલૈ.)ના હાથે, પછી બુખ્તે નસરના હાથે અને અંતે રસૂલે કરીમ ﷺના હાથે અને ત્યારબાદ હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ના હાથે, દરેક સ્થળે અપમાન અને ઝિલ્લત સાથે તેમને દેશવટો મળવો ખૂબ મશહૂર અને પ્રખ્યાત છે અને ઈતિહાસની ઘટનાઓ તેની સાક્ષી છે.

આ આયતનું બીજું વાક્ય એ છે, مِنْهُمُ الصّٰلِحُوْنَ وَمِنْهُمْ دُوْنَ ذٰلِكَ એટલે કે, "તે લોકોમાં અમુક લોકો નેક છે અને અમુક બીજા પ્રકારના." બીજા પ્રકારનો અર્થ કાફિરો અને ફાજિરો તથા દુષ્ટ દુરાચારી લોકો છે. મતલબ એ છે કે, યહૂદીઓમાં બધા એક જ પ્રકરના લોકો નથી, અમુક નેક પણ છે. એનાથી તે લોકો સમજવામાં આવે છે જેઓ તવરાતના ઝમાનામાં તવરાતના હુકમોના પૂરા

પાબંદ રહ્યા અને તેની નાફરમાનીમાં ન સપડાયા, ન જ તેમાં કોઈ ખોટી તા'વીલ (ખોટું અર્થઘટન) કે ફેરબદલ કર્યો.

અને એ પણ હોઈ શકે છે કે, એનાથી તે લોકો સમજવામાં આવતા હોય જેઓ કુર્આન નાઝિલ થયા પછી કુર્આનના તાબે'દાર થઈ ગયા અને રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લઈ આવ્યા અને તેના મુકાબલામાં તે લોકો છે જેમણે તવરાતને આસમાની કિતાબ માનવા છતાં તેનાથી ઊલટાં કામો કર્યા અથવા તેના હુકમોમાં ફેરબદલ કરીને પોતાની આખિરતને દુનિયાની તુચ્છ અને ગંદી વસ્તુઓના બદલામાં વેચી નાંખી.

અંતિમ આયતમાં ફરમાવ્યું, وَبَلَوْنٰهُمْ بِالْحَسَنٰتِ وَالسَّيِّاٰتِ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ એટલે કે, "અમે સારી અને ખરાબ પરિસ્થિતિઓથી તેમની કસોટી કરી જેથી તેઓ પોતાની પ્રવૃત્તિઓથી અટકી જાય." અત્રે સારી હાલતોનો અર્થ માલ અને દોલતનો જથ્થો તથા રાહત અને સહૂલતનો સામાન આપવો છે અને બુરી પરિસ્થિતિનો અર્થ અપમાનિત અને ઝલીલ વગેરે થવાની ઘટનાઓ છે, જે દરેક યુગમાં વિવિધ સ્વરૂપોમાં ઉપસ્થિત થતી રહી છે અથવા તો કોઈ વખતનો દુકાળ, ગરીબી વગેરે જે તેમના ઉપર નાંખવામાં આવી તે પણ ભાવાર્થ તરીકે હોઈ શકે. બંને પરિસ્થિતિઓથી અજમાવવામાં આવ્યા. એક એ કે અહેસાન, ઈનામ અને ભલાઈ કરીને તેમની કસોટી કરવામાં આવી કે, તેઓ અહેસાન કરનારા અને ઈનામ આપનારા પરવરદિગારે આલમના શુક્રગુઝાર અને આજ્ઞાપાલક થાય છે કે નહીં ? બીજું એ કે તેમને વિવિધ પ્રકારની મુશ્કેલીઓ અને પરેશાનીઓમાં સપડાવી દેવામાં આવ્યા કે, આવી કઠોર પરિસ્થિતિઓ દ્વારા તેમની કસોટી કરવામાં આવે કે તેઓ પોતાના પરવરદિગાર તરફ ધ્યાન ધરી તેની શરણમાં જઈને પોતાના દુષ્કૃત્યોથી તવબહ કરે છે કે નહીં ?

પરંતુ યહૂદી કોમ આ બંને પરીક્ષાઓમાં નિષ્ફળ ગઈ.

જ્યારે અલ્લાહ તઆલાએ તેમના ઉપર નેઅ્મતોના દરવાજા ખોલી નાંખ્યા, માલ અને દોલતની આર્થિક છૂટછાટ અર્પણ કરી ત્યારે તેઓ કહેવા લાગ્યા اِنَّ اللّٰهَ فَقِيْرٌ وَّنَحْنُ اَغْنِيَآءُ (૩:૧૮૧) એટલે કે, નઊઝુબિલ્લાહ "અલ્લાહ તઆલા ફકીર છે અને અમે માલદાર છે" અને જ્યારે તેમને ગરીબી અને નાદારી

દ્વારા અજમાવવામાં આવ્યા ત્યારે કહેવા લાગ્યા يَدُ اللّٰهِ مَغْلُوْلَةٌ એટલે કે, "અલ્લાહનો હાથ બહુ તંગ થઈ ગયો."

ખુલાસો :

આ આયતથી એક ખુલાસો એ મળે છે કે, કોઈ કોમનું એક સ્થળે સમૂહમાં રહેવું અલ્લાહ તઆલાની ઘણી મોટી નેઅ્મત છે અને તેમનું વિખરાઈ જવું એક પ્રકારનો અઝાબ છે. બીજો ખુલાસો એ પ્રાપ્ત થયો કે, આ દુનિયાની રાહત, તકલીફ, ખુશી અને ગમ વાસ્તવમાં અલ્લાહ તઆલાની કસોટીના વિવિધ પ્રશ્નપત્રો છે, જેના દ્વારા તે ઈમાન અને અલ્લાહ ઉપરના ભરોસાની કસોટી કરે છે. ન તો દુનિયાની તકલીફ કંઈ વધારે રડવા-કકળવાની વસ્તુ છે અને ન જ કોઈ રાહતથી ઈતરાઈને અભિમાની બની જવાની જરૂર છે. આખિરતની ચિંતા રાખનાર બુદ્ધિશાળી વ્યક્તિ માટે તો આ બંને વસ્તુઓ ધ્યાન આપવા યોગ્ય બાબત છે જ નહીં.

نہ شادی داد سامانے نہ غم آورد نقصانے   بہ پیش ہمت ما ہر چہ آمد بود مہمانے

દુનિયાનો સામાન ન તો સુખ-ચેન આપી શકે છે અને ન જ દુનિયાની તકલીફ ભય-તકલીફ પહોંચાડે છે, અમારા મક્કમ ઈરાદાઓની સામે દરેક વસ્તુ મહેમાન સ્વરૂપ છે. (મહેમાનની જેમ દુઃખ-સુખ આવે જાય છે.)

ત્રીજી આયતમાં ઈરશાદ છે, فَخَلَفَ مِنْ ۢبَعْدِهِمْ خَلْفٌ وَّرِثُوا الْكِتٰبَ يَاْخُذُوْنَ عَرَضَ هٰذَا الْاَدْنٰى وَيَقُوْلُوْنَ سَيُغْفَرُ لَنَا وَاِنْ يَّاْتِهِمْ عَرَضٌ مِّثْلُهٗ يَاْخُذُوْهُ પહેલો શબ્દ خَلَفَ (ખલફ) એ ક્રિયાપદ છે. જે "ખિલાફત"થી સંલગ્ન ભૂતકૃદંત છે, જેનો અર્થ "નાયબ" અથવા "ખલીફા" છે અને બીજો શબ્દ خَلْفٌ (ખલ્ફુન) એ પણ ક્રિયાપદ છે, તેનો પણ "નાયબ" અથવા "ખલીફા"ના અર્થમાં ઉપયોગ થાય છે. તે એકવચન અને બહુવચન બંને માટે એકસમાન રીતે બોલવામાં આવે છે, પરંતુ خَلْفٌ (ખલ્ફુન) "લામ (ل) સાકિન" કરવાથી મોટા ભાગે "ખરાબ ખલીફા" માટે ઉપયોગ થાય છે. જે પોતાના વડીલોની નિતીરિતીથી વિપરીત બુરાઈઓમાં રચ્યો-પચ્યો રહે અને خَلَف (ખલફ) "લામ (ل) ઉપર ઝબર" સાથે હોય તો નેક અને કાબિલ ખલીફા માટે બોલવામાં આવે છે. જે પોતાના વડીલોના કદમો ઉપર ચાલે છે તેમના હેતુઓની પૂર્ણતા કરે છે. આ શબ્દનો મોટા

ભાગે ઉપયોગ એ પ્રકારે છે કે ક્યાંક-ક્યાંક તેનાથી વિપરીત વિરોધી અર્થ માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

وَرِثُوا الْكِتٰبَ (વરિષુલ કિતાબ) એ "વિરાષત"થી સંલગ્ન શબ્દ છે. એ તે વસ્તુને કહે છે જે કોઈના મૃત્યુ પછી જીવીત રહેનાર વ્યક્તિને મળે છે તેને "મીરાષ" અથવા "વિરાષત" કહેવામાં આવે છે. ભાવાર્થ એ છે કે, તવરાત કિતાબ તે લોકોને પોતાના વડીલો પાસેથી વારસામાં મળી ગઈ એટલે કે, તેમના મૃત્યુ પછી તે લોકોના હાથ લાગી.

શબ્દ عَـــــرَض (અરદ) "સામાન"ના અર્થમાં છે, જે સામાન રોકડના બદલામાં ખરીદવામાં આવે છે અને કોઈ "જંગમ અને સ્થાવર મિલ્કત" માટે પણ બોલવામાં આવે છે, ભલે તે રોકડ રકમ હોય કે માલ-સામાન. તફસીરે મઝહરીમાં છે કે, આ સ્થળે આ જ સામાન્ય અર્થ લેવામાં આવ્યો છે અને આ સ્થળે مَال (માલ)નો શબ્દ عَرَض (અરદ)થી ઓળખાવવામાં એ તરફ ઈશારો છે કે, દુનિયાનો માલ ગમે તેટલો હોય તે અસ્થાયી અને અનિશ્ચિત છે. કારણ કે, "અરદ"નો શબ્દ વાસ્તવમાં جَـوْهَـر (જવહર)ના વિરુદ્ધાર્થી તરીકે અસ્થાયી અને અનિશ્ચિત વસ્તુ માટે ઉપયોગ થાય છે, જેનું પોતાનું કોઈ આગવું અસ્તિત્વ હોતું નથી. બલકે, તે પોતાના અસ્તિત્વમાં કોઈ અન્યના તાબે હોય છે. عَـــــارِض (આરીદ)નો શબ્દ "વાદળ"ના અર્થમાં લેવામાં આવ્યો છે. વાદળનું અસ્તિત્વ પણ ટકી રહેનારું નથી, તે ઘણું જ જલદી વિખરાઈને સમાપ્ત થઈ જાય છે. કુર્આને કરીમમાં هٰذَا عَارِضٌ مُّمْطِرُنَا આ જ અર્થમાં આવ્યું છે.

هٰذَا الْاَدْنٰى (હાઝલ અદના)માં શબ્દ اَدْنٰى (અદના) તે دُنُوٌّ (દુનુવ્વુન)ના અર્થમાં છે, જેનો અર્થ "નિકટ-નજીક" કહી શકાય છે. આ સ્વરૂપમાં "અદના"નો અર્થ اَقْـــرَب (અકરબ) થઈ જાય છે, જેનું સ્ત્રીવાચક નામ دُنْيَـــا (દુનિયા) છે, જેનો અર્થ "નજીક" અથવા "નિકટ"નો પણ થાય છે. આખિરતના મુકાબલામાં આ દુનિયા મનુષ્ય માટે નિકટની અથવા નજીકની છે. એટલા માટે તેને "અદના" અને "દુનિયા" કહેવામાં આવે છે અને બીજી સંભાવના એ પણ છે કે, આ શબ્દ دَنَـاءَة (દનાઅહ) જેનો અર્થ "અપમાન" અને "ઝિલ્લત" છે, જો તે અર્થમાં હોય તો તેનો ભાવાર્થ "અપમાનિત, ઝલીલ અથવા તુચ્છ" થઈ જશે. દુનિયા અને તેનો બધો સર-સામાન આખિરતના મુકાબલામાં તુચ્છ અને ઝલીલ

છે એટલા માટે તેને "અદના" અને "દુનિયા" કહેવામાં આવે છે.

આ આયતનો અર્થ એ છે કે, પ્રથમ યુગથી જ યહૂદીઓમાં બે પ્રકારના લોકો હતા. અમુક નેક, ભલા, તવરાતની શરીઅતના પાબંદ અને અમુક લોકો નાફરમાન, અવજ્ઞાકારી અને ગુનેહગાર હતા. પરંતુ ત્યારબાદ જે લોકો તેમના વંશમાં તેમના નાયબ અને તવરાતના વારસદાર બન્યા તેમણે એ પ્રવૃત્તિ અપનાવી કે, અલ્લાહની કિતાબને વેપારનો માલ બનાવી લીધો કે ગરજવાન લોકો પાસેથી લાંચ-રુશ્વત લઈ અલ્લાહના કલામમાં ફેરબદલ કરી તેને પોતાના ઈચ્છિત સ્વાર્થ પ્રમાણે બનાવવા લાગ્યા.

وَيَقُوْلُوْنَ سَيُغْفَرُلَنَا એના ઉપર વધારે નીડરતા અને હિંમત એ કરવા લાગ્યા કે, તેઓ કહે છે કે જો કે અમે એ ગુનોહ કર્યો છે પરંતુ આ ગુનોહ અમને મા'ફ કરી આપવામાં આવશે. અલ્લાહ તઆલાએ તેમની આ ભૂલ ઉપર આગલા વાક્યમાં આ પ્રમાણે ચેતવણી આપી, وَاِنْ يَّاْتِهِمْ عَرَضٌ مِّثْلُهٗ يَاْخُذُوْهُ એટલે કે, તેમની પરિસ્થિતિ એવી છે કે જો તે સમયે પણ તેમને અલ્લાહના કલામમાં ફેરફાર કરવાના બદલામાં કોઈ માલ મળવા લાગે તો તેઓ હજુ પણ તે માલ લઈને ફેરફાર કરવાથી ખચકાશે નહીં. મતબલ એ છે કે, અલ્લાહ તઆલાની મગફિરત, મા'ફી બિલકુલ સત્ય અને હક છે પરંતુ તે લોકો માટે જ છે જેઓ પોતાના કર્યા ઉપર પસ્તાવો કરે અને હવે પછી આવનાર સમય માટે તેને સદાના માટે છોડી દેવાનો પાકો નિર્ધાર કરે, જેનું નામ ઈસ્લામિક પરિભાષામાં "તવબહ" છે.

આ લોકો પોતાના ગુનાહ ઉપર ડટેલા હોવા છતાં મા'ફી મળવાની આશા રાખે છે, જ્યારે કે તે સમયે તેમને જો પૈસા મળે તો ફરી તે કિતાબમાં ફેરફાર કરવાથી અટકવાના નથી. ગુનાહ ઉપર નીડર થઈને મગફિરતની ઉમ્મીદ રાખવી એ પોતાની જાતને છેતરવાથી વિશેષ કોઈ વાસ્તવિકતા ધરાવતી બાબત નથી.

શું તે લોકો પાસેથી તવરાતમાં એ વચન લેવામાં આવ્યું ન હતું કે તેઓ અલ્લાહ તઆલા તરફ સત્ય સિવાય કોઈ વાતની નિસ્બત નહીં કરે ? અને તે લોકોએ આ કરારને તવરાતમાં પઢ્યો અને પઢાવ્યો પણ છે. આ બધી તેમની મૂર્ખતા છે, વાત એમ છે કે આખિરતનું ઘર જ પરહેઝગારો માટે અતિઉત્તમ હંમેશા-હંમેશની દોલત છે, શું તેઓ એટલી બાબત પણ નથી સમજતા ?

આયતો : (સૂરએ અઅ્‌રાફ : આયત નં. ૧૭૦-૧૭૧)

وَالَّذِيْنَ يُمَسِّكُوْنَ بِالْكِتٰبِ وَاَقَامُوا الصَّلٰوةَ ۭ اِنَّا لَا نُضِيْعُ اَجْرَ الْمُصْلِحِيْنَ ﴿170﴾
وَاِذْ نَتَقْنَا الْجَبَلَ فَوْقَهُمْ كَاَنَّهٗ ظُلَّةٌ وَّظَنُّوْٓا اَنَّهٗ وَاقِعٌۢ بِهِمْ ۚ خُذُوْا مَآ اٰتَيْنٰكُمْ
بِقُوَّةٍ وَّاذْكُرُوْا مَا فِيْهِ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿171﴾

તરજુમો :

અને જે લોકો કિતાબને મજબૂતીથી પકડી રહ્યા છે અને નમાઝને કાયમ રાખે છે, બેશક ! અમે નેકીઓવાળાઓનો સવાબ બરબાદ કરીશું નહીં. (૧૭૦) અને જે સમયે અમે તેમના ઉપર છત (સાઈબાન)ની જેમ પહાડ ઉઠાવ્યો અને ડર્યા કે તે તેમના ઉપર પડશે, અમે કહ્યું; જે અમે તમને આપ્યું છે મજબૂતીથી પકડો અને જે એમાં છે યાદ રાખો જેથી તમે બચતા રહો. (૧૭૧)

તફસીર :

અને (તેમનામાંથી) જે લોકો કિતાબ (એટલે કે તવરાત)ના પાબંદ છે (જેમાં રસૂલુલ્લાહ ﷺ ઉપર ઈમાન લાવવાનો પણ હુકમ છે, બસ પાબંદી એનું જ નામ છે કે તેઓ મુસલમાન થઈ ગયા) અને (માન્યતાઓની સાથે-સાથે નેક અમલોના પણ પાબંદ છે, એટલા માટે) નમાઝની પાબંદી કરે છે અમે એવા લોકોનો જેઓ પોતાની (આ પ્રમાણે) સુધારણા કરે (તો તેમનો) સવાબ બરબાદ કરીશું નહીં અને તે સમય પણ વર્ણન કરવા પાત્ર છે જ્યારે અમે પહાડને ઉઠાવીને છત માફક તેઓના (એટલે કે બની ઈસ્રાઈલના) ઉપર (આકાશમાં) અધ્ધર કરી દીધો અને તેમને વિશ્વાસ થઈ ગયો કે હવે તેમના ઉપર પડશે અને (તે સમયે તેમને) કહ્યું કે, (જલદી) કબૂલ કરો જે કિતાબ અમે તમને આપી છે (એટલે કે તવરાત અને) મજબૂતીની સાથે (કબૂલ કરો) અને યાદ રાખો તે (કિતાબ)માં જે હુકમો છે જેનાથી આશા છે કે તમે મુત્તકી બની જાઓ.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં એક કરાર અને વચનનું વર્ણન હતું, જે ખાસ રીતે

બની ઈસ્રાઈલના ઉલમા પાસેથી તવરાત વિશે લેવામાં આવ્યું હતું કે, તેમાં કોઈ ફેરબદલ કે પરિવર્તન કરશો નહીં અને અલ્લાહ તઆલા તરફ સત્ય અને સાચી વાત સિવાય કોઈ બાબતની નિસ્બત કરશો નહીં. આ વાત અગાઉ વર્ણન થઈ ચૂકી હતી કે, બની ઈસ્રાઈલના ઉલમાએ કરારભંગ કર્યો અને ગરજવાન સ્વાર્થી લોકો પાસેથી લાંચ લઈને તવરાતના હુકમો બદલ્યા અને તેમના સ્વાર્થ પ્રમાણે કરીને બતાવ્યા, હવે આ આયત પણ એ જ વિષયના સંદર્ભમાં છે કે, બની ઈસ્રાઈલના બધા જ ઉલમા (વિદ્વાન) એવા ન હતા, તેમાંથી અમુક તેઓ પણ છે જેમણે તવરાતના હુકમોને મજબૂતીથી પકડ્યા અને ઈમાનની સાથે અમલના પણ પાબંદ થયા, નમાઝને સંપૂર્ણ અદબ અને સભ્યતા સાથે કાયમ કરી. એવા લોકો વિશે ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા પોતાની જાતની સુધારણા કરનાર લોકોનો સવાબ બરબાદ નથી કર્યા કરતો, એટલા માટે જે લોકોએ ઈમાન અને અમલના બંને ફરજો પૂર્ણ કરી પોતાની સુધારણા કરી લીધી તેમનો અજ્ર (સારો બદલો) વ્યર્થ નથી જઈ શકતો.

આ આયતમાં અમુક બાબતો વિચાર કરવા યોગ્ય છે. પ્રથમ એ કે "કિતાબ"થી અહીંયાં કઈ કિતાબ સમજવામાં આવશે ? તો તેનો જવાબ એ છે કે, આ તે જ કિતાબ છે જેનું વર્ણન અગાઉ થઈ ચૂક્યું છે, એટલે કે "તવરાત" અને એ પણ શક્ય છે કે આસમાની કિતાબો તવરાત, ઈન્જીલ, કુર્આન બધી જ કિતાબો અર્થ તરીકે હોઈ શકે છે.

બીજું એ કે, આ આયતથી જાણ થાય છે કે અલ્લાહની કિતાબને ફક્ત પોતાની પાસે સન્માન, અદબ કે તા'ઝીમની સાથે મૂકી રાખવાથી કોઈ મકસદ પ્રાપ્ત થતો નથી. બલકે, તેનાથી હુકમોની પાબંદી ઇચ્છનીય છે. કદાચ એ જ તરફ ઈશારો કરવા માટે આ આયતમાં કિતાબ લેવાનું અથવા પઢવાનું વર્ણન નથી, નહિતર يَأْخُذُوْنَ (યઅ્ખુઝૂન) અને يَقْرَئُوْنَ (યકરઊન)નો શબ્દ હોત, તેની જગ્યાએ يُمَسِّكُوْنَ (યુમસ્સિકૂન)નો શબ્દ અપનાવવામાં આવ્યો, જેનો અર્થ છે "મજબૂતીથી સંપૂર્ણ રીતે પકડી રાખો" એટલે કે, તેના હુકમો ઉપર અમલ કરો.

ત્રીજી વાત ધ્યાન પ્રેરે છે કે, અત્રે તવરાતના હુકમો ઉપર અમલ અને પાબંદીનું વર્ણન હતું અને તવરાતના હુકમો તો સેંકડો છે, તેમાંથી આ સ્થળે ફક્ત નમાઝ ઉપર કાયમ રહેવાના વર્ણન ઉપર બસ કરવામાં આવ્યું નથી, એમાં

ઈશારો એ વાત તરફ છે કે અલ્લાહની કિતાબના હુકમોમાં સૌથી મહત્ત્વનો શ્રેષ્ઠ અને ઉત્તમ અમલ નમાઝ છે, વળી એ કે નમાઝની પાબંદી અલ્લાહના હુકમોની પાબંદીની ખાસ નિશાની અને પ્રતીક પણ છે કે, તેના દ્વારા આજ્ઞાપાલક અને અવજ્ઞાકારીની ઓળખ છતી થાય છે અને તેની પાબંદીમાં એ ખાસિયત પણ છે કે, જે કોઈપણ નમાઝનો પાબંદ થઈ ગયો તેના માટે અલ્લાહના બીજા હુકમોની પાબંદી કરવી પણ સરળ થઈ જાય છે અને જેણે નમાઝની પાબંદી ન કરી તેનાથી બીજા હુકમોની પાબંદી પણ નહીં થઈ શકે. જેમકે સહીહ હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, "નમાઝ દીનનો સ્તંભ છે જેના ઉપર ઈસ્લામની ઈમારત ઊભી છે, જેણે સ્તંભને સ્થાપિત કરી લીધો તેણે દીનને સ્થાપિત કરી લીધો અને જેણે તેને જમીનદોસ્ત કરી નાંખ્યો તેણે સમગ્ર દીનની ઈમારતને જમીનદોસ્ત કરી નાંખી."

આથી આ આયતમાં وَالَّذِيْنَ يُمَسِّكُوْنَ بِالْكِتٰبِ પછી وَاَقَامُوا الصَّلٰوةَ ફરમાવીને એ બતાવી દીધું કે, કિતાબને મજબૂતીથી પકડનારા અને તેના હુકમોની પાબંદી કરનારા ફક્ત તે જ લોકોને સમજવામાં આવશે જેઓ નમાઝને તેની શરતો, અદબો અને નિયમ પ્રમાણે પાબંદીથી અદા કરે અને જે નમાઝમાં આળસ કરે તે કેટલાય વઝીફા પઢે, સંઘર્ષ કરે, તેનું અલ્લાહ તઆલા પાસે કશું જ મહત્ત્વ નથી ભલે તેનાથી કશ્ફ કે કરામત પણ જાહેર થતી હોય.

અહીંયાં સુધી બની ઈસ્રાઈલને તેમના વચનભંગ અને તવરાતના હુકમોમાં ફેરબદલ કરવાની ચેતવણીનું વર્ણન હતું. ત્યારબાદ બીજી આયતમાં બની ઈસ્રાઈલના જ એક ખાસ વચનનું વર્ણન છે જે તેમને તવરાતના હુકમોની પાબંદી માટે ડરાવી ધમકાવીને જાણે કે જબરદસ્તીથી લેવામાં આવ્યું. જેનું વર્ણન સૂરએ બકરહમાં આવી ચૂક્યું છે.

આ આયતમાં શબ્દ نَتَقْنَا (નતક્ના) એ نَتْق (નત્ક)થી બન્યો છે, જેનો અર્થ ખેંચવું અથવા ઉઠાવવું થાય છે. સૂરએ બકરહમાં આ જ કિસ્સાના વર્ણનનો શબ્દ رَفَعْنَا (રફઅ્ના) આવ્યો હતો, એટલા માટે અહીંયાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ نَتَقْنَا (નત્તક્ના)ની તફસીર رَفَعْنَا (રફઅ્ના) કરી છે.

અને શબ્દ ظُلَّةٌ (ઝુલ્લહ) એ ظِلّ (ઝિલ્લ)ના અર્થમાં એટલે કે, "છાંયડો"

થાય છે, જેનો અર્થ "છત" છે પરંતુ આ શબ્દ મોટે ભાગે એવી વસ્તુ માટે બોલવામાં આવે છે જેનો છાંયડો માથા ઉપર પડતો હોય પરંતુ તે કોઈ પાયા ઉપર સ્થાપિત હોય અને આ કિસ્સામાં પહાડ તેમના માથાઓ ઉપર અધ્ધર કરી દેવામાં આવ્યો હતો તે છત સ્વરૂપે ન હતો, એટલા માટે આ શબ્દને ઉદાહરણ તરીકે વર્ણન કરવામાં આવ્યો.

આયતનો ભાવાર્થ એ છે કે, તે સમયને પણ યાદ કરવાપાત્ર છે જ્યારે કે અમે બની ઈસ્રાઈલના માથાઓ ઉપર પહાડ ઉઠાવીને અધ્ધર કરી દીધો, જેનાથી તેઓ સમજવા લાગ્યા કે હવે અમારા ઉપર પહાડ પડવાનો છે, એવી પરિસ્થિતિમાં તેમને કહેવામાં આવ્યું, خُذُوْا مَآ اٰتَيْنٰكُمْ بِقُوَّةٍ એટલે કે, "તે હુકમોને મજબૂત પકડો જે અમે તમને આપ્યા છે અને યાદ રાખો તવરાતના માર્ગદર્શનને જેથી તમે બુરા અમલો અને અખ્લાકથી પાછા ફરો."

આ ઘટના આ પ્રમાણે છે કે, જ્યારે બની ઈસ્રાઈલની ઈચ્છા અને માંગણી પ્રમાણે હઝરત મૂસા (અલૈ.)એ અલ્લાહ તઆલા પાસે કિતાબ અને શરીઅત માંગી અને હુકમ પ્રમાણે એના માટે ચાલીસ રાતોનો એઅ્તિકાફ કોહે તૂર ઉપર કર્યા પછી અલ્લાહ તઆલાની આ કિતાબ મળી અને બની ઈસ્રાઈલને સંભળાવી, તેમાં અમુક હુકમો એવા હતા જે તેમના સ્વભાવ અને સહૂલતથી વિપરીત હતા, તેને સાંભળીને તેઓ ઈન્કાર કરવા લાગ્યા કે અમારાથી તો આ હુકમો ઉપર અમલ નહીં થઈ શકે, તે સમયે અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.)ને હુકમ આપ્યો, તેમણે તૂર પર્વતને આ વસ્તીની ઉપર અધ્ધર કરી દીધો જેમાં બની ઈસ્રાઈલ નિવાસ કરતા હતા, તેનું ક્ષેત્રફળ ઐતિહાસિક રિવાયતો આધારે ત્રણ ચોરસ માઈલ વર્ણન કરવામાં આવ્યું છે. આ પ્રમાણે તે લોકોએ મોતને સામે ઊભેલું જોયું ત્યારે બધા સિજદહમાં પડી ગયા અને તવરાતના હુકમોની પાબંદીનું વચન આપવા લાગ્યા પરંતુ તે છતાં ફરી વારંવાર તેના વિરુદ્ધ અમલ કરતા રહ્યા.

"દીનમાં બળજબરી નથી;" તેનો સાચો ભાવાર્થ અને એક શંકાનો જવાબ :

અહીંયાં આ વાત ધ્યાન ખેંચે છે કે, કુર્આને કરીમનું જાહેર એ'લાન

لَآ اِكْرَاهَ فِى الدِّيْنِ "દીનમાં બળજબરી નથી" એટલે કે, કોઈને જબરદસ્તીથી સત્ય ધર્મનો સ્વીકાર કરવા માટે મજબૂર કરવામાં નહીં આવે અને આ ઘટનાથી જાહેર થાય છે કે, બની ઈસ્રાઈલને દીનના સ્વીકાર માટે મજબૂર કરવામાં આવ્યા.

પરંતુ થોડો વિચાર કરવામાં આવે તો તફાવત સ્પષ્ટ થઈ જશે કે કોઈ ગેરમુસ્લિમને ઈસ્લામ સ્વીકાર કરવા માટે ક્યારેય, ક્યાંય મજબૂર કરવામાં નહીં આવે, પરંતુ જે વ્યક્તિ મજબૂર થઈને ઈસ્લામના વચન અને કરારનો પાબંદ થઈ ગયો ત્યારબાદ જો તે ઈસ્લામના હુકમનો વિરોધ કરવા માંડે તો તેના ઉપર ચોક્કસ બળજબરી કરવામાં આવશે અને તે બળજબરી સ્વરૂપે તે શિક્ષાનો પણ હકદાર બનશે. ઈસ્લામના કાયદાઓમાં ઘણી બધી સજાઓ આવા લોકો માટે નક્કી છે, એનાથી જાણ થઈ કે لَآ اِكْرَاهَ فِى الدِّيْنِ "દીનમાં કોઈ બળજબરી નથી." (૨ : ૨૫૬)નો સંબંધ ગેરમુસ્લિમો સાથે છે કે તેમને જબરદસ્તીથી મુસલમાન બનાવવામાં આવશે નહીં અને બની ઈસ્રાઈલની ઉપસ્થિત આ ઘટનામાં કોઈને ઈસ્લામ સ્વીકાર કરવા માટે મજબૂર કરવામાં નથી આવ્યા, બલકે તે લોકોએ મુસલમાન હોવા છતાં તવરાતના હુકમો માનવાથી ઈન્કાર કરી દીધો હતો, એટલા માટે તેમના ઉપર જબરદસ્તીથી તવરાતની પાબંદી કરવાનું વચન લેવામાં આવ્યું અને તે لَآ اِكْرَاهَ فِى الدِّيْنِ ના વિરુદ્ધ નથી.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૭૨-૧૭૩-૧૭૪)

وَاِذْ اَخَذَ رَبُّكَ مِنْۢ بَنِيْٓ اٰدَمَ مِنْ ظُهُوْرِهِمْ ذُرِّيَّتَهُمْ وَاَشْهَدَهُمْ عَلٰٓى اَنْفُسِهِمْ ۚ
اَلَسْتُ بِرَبِّكُمْ ۭ قَالُوْا بَلٰى ۚۛ شَهِدْنَا ۚۛ اَنْ تَقُوْلُوْا يَوْمَ الْقِيٰمَةِ اِنَّا كُنَّا عَنْ هٰذَا
غٰفِلِيْنَ ﴿١٧٢﴾ اَوْ تَقُوْلُوْٓا اِنَّمَآ اَشْرَكَ اٰبَاۗؤُنَا مِنْ قَبْلُ وَكُنَّا ذُرِّيَّةً مِّنْۢ بَعْدِهِمْ ۚ
اَفَتُهْلِكُنَا بِمَا فَعَلَ الْمُبْطِلُوْنَ ﴿١٧٣﴾ وَكَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ وَلَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿١٧٤﴾

તરજુમો :

અને જ્યારે તમારા પરવરદિગારે આદમ (અલૈ.)ની અવલાદની પીઠોમાંથી

તેમની અવલાદ કાઢી અને તેમનાથી તેમના જ વિશે એકરાર કરાવ્યો, શું હું તમારો પરવરદિગાર નથી ? બોલ્યા, "હા છો ! અમે એકરાર કરીએ છીએ;" ક્યાંક કયામતના દિવસે કહેવા લાગો, અમને તો એની ખબર ન હતી. (૧૭૨) અથવા કહેવા લાગો શિર્ક તો અમારા બાપદાદાઓએ અમારા પહેલાં કાઢ્યું હતું અને અમે તેમની પાછળ તેમની અવલાદ થયા તો શું તું અમને એ કામ ઉપર હલાક કરે છે જે ગુમરાહોએ કર્યું ? (૧૭૩) અને આ રીતે અમે ખોલીને વાતો વર્ણન કરીએ છીએ જેથી તેઓ પાછા (શરણે) આવે. (૧૭૪)

તફસીર :

અને (તેઓ સમક્ષ તે સમયની એ ઘટનાનું વર્ણન કરો) જ્યારે કે તમારા પરવરદિગારે (આલમે અરવાહમાં આદમ અલૈ.ની પીઠમાંથી તો પોતે તેમની અવલાદને અને) આદમની અવલાદની પીઠમાંથી તેમની અવલાદને કાઢી અને (તેમને બુદ્ધિ અર્પણ કરીને) તેમની પાસેથી એ વિશે ઇકરાર લીધો કે શું હું તમારો પરવરદિગાર નથી ? સૌએ (અલ્લાહની આ અર્પણ કરેલ બુદ્ધિથી વાસ્તવિક હકીકતને સમજીને) જવાબ આપ્યો કે, કેમ નહીં ! (ખરેખર તું જ અમારો પરવરદિગાર છે, અલ્લાહ તઆલાએ ત્યાં જેટલા ફરિશ્તાઓ અને મખ્લૂક હાજર હતી તે સૌને ગવાહ કરીને સૌના તરફથી કહ્યું કે) અમે સૌ (આ ઘટનાના) ગવાહ બનીએ છીએ (અને એ કરાર તથા એ ગવાહી બધું એટલા માટે થયું કે) જેથી તમે લોકો (એટલે કે જેથી તમે તવહીદને છોડીને શિર્ક અપનાવવાથી સજા પામી) કયામતના દિવસે એવું ન કહેવા લાગો કે અમે તો એ (તવહીદ)થી બેખબર હતા અથવા એવું કહેવા લાગો કે (વાસ્તવમાં) શિર્ક તો અમારા વડવાઓએ કર્યું હતું અને અમે તો તેમના પછી તેમના વંશમાંથી થયા (અને ટેવ પ્રમાણે નવી પેઢીના અકીદાઓ અને માન્યતાઓ વંશ પરંપરાગત હોય છે એટલા માટે અમે નિર્દોષ છે, બસ અમારી પ્રવૃત્તિઓ ઉપર આ કારણે અમને સજા ન આપી શકાય, જો સજા થાય છે તો તે મોટાઓની ભૂલોનો અમને ભોગ બનાવવામાં આવી રહ્યા છે એવું ગણાશે) બસ, શું તે ખોટા માર્ગ (કાઢવા)વાળાઓની પ્રવૃત્તિ ઉપર તું અમને હલાક કરે છે ? (આથી તે સ્વીકાર અને ગવાહી પછી તમે એવું બહાનું નહીં કાઢી શકો, ત્યારબાદ તે બધાને વાયદો કરવામાં આવ્યો કે આ કરાર અને વચન તમને

દુનિયામાં પયગમ્બરો દ્વારા યાદ અપાવવામાં આવશે, એટલા માટે એવું જ થયું જેમકે અગાઉ વર્ણન થયું છે وَاِذْ اَخَذَ અને તેના તરજુમાથી જાણ થાય છે કે, તમને આ પ્રસંગ વર્ણન કરવાનો હુકમ થયો છે) અને (અંતે પણ તે યાદ અપાવવામાં આવ્યું છે કે) અમે આ જ પ્રમાણે (પોતાની) આયતોને સ્પષ્ટ (ખુલ્લી-ખુલ્લી) વર્ણન કરીએ છીએ (જેથી તેમને તેમનો કરાર અને વચન યાદ આવે) અને જેથી (તે કરારને જાણી લીધા પછી શિર્ક વગેરેથી) તેઓ પાછા વળી જાય.

મસ્અલા અને બોધપાઠ :

اَلَسْتُ (અલસ્તુ) કરારની વાસ્તવિકતા અને વિગત :

આ આયતોમાં તે શ્રેષ્ઠતમ્ વૈશ્વિક કરાર અને વચનનું વર્ણન છે જે સર્જનહારનું પોતાના સર્જન સાથે એટલે કે મઅ્બૂદનું બંદા સાથે તે સમયે થયું જ્યારે કે મખ્લૂક (સર્જન) આ નષ્ટ થનારી દુનિયામાં આવી પણ ન હતી, જેને عَهْدِ اَزَل (અહ્દે અઝલ) અથવા عَهْدِ اَلَسْتُ (અહ્દે અલસ્તુ) પણ કહેવામાં આવે છે.

અલ્લાહ જલ્લ શા'નુહૂ સમગ્ર દુનિયાઓનો સર્જનહાર અને માલિક છે, જમીન અને આસમાન તથા તેની વચ્ચે તેના સિવાય જે કંઈ પણ છે તેનું જ સર્જન અને મિલકત છે, ન તો તેના ઉપર કોઈનો કોઈ કાયદો ચાલી શકે છે અને ન જ તેની કોઈ પ્રવૃત્તિ ઉપર કોઈને કોઈ પ્રશ્ન કરવાનો અધિકાર છે.

પરંતુ તેણે ફક્ત પોતાની મહેરબાની અને દયાથી દુનિયાની વ્યવસ્થા એવી બનાવી છે કે, દરેક વસ્તુનુ એક નિશ્ચિત તંત્ર અને કાયદો બનાવ્યો છે અને તે કાયદા પ્રમાણે ચાલવાથી દરેક રીતે કાયમી રાહત અને તેનો વિરોધ કરવાથી દરેક પ્રકારનો અઝાબ નક્કી ઠરાવવામાં આવ્યો છે.

પછી વિરોધ કરનાર અપરાધીઓને સજા આપવા માટે તેનું જ્ઞાન સર્વત્ર છવાયેલું અને પૂરતું છે, જે સમગ્ર વિશ્વના અણુએ અણુ ઉપર વર્ચસ્વ ધરાવે છે અને તેના માટે ખુલ્લા અથવા ગુપ્ત બધા જ આચરણ અને પ્રવૃત્તિઓ બલકે, દિલોના ગુપ્ત ઈરાદાઓ સુધી બિલકુલ ખુલ્લા અને જાહેર છે. એટલા માટે એની કોઈ આવશ્યકતા ન હતી કે કોઈ રખેવાળ નક્કી કરવામાં આવે, આ'માલનામું લખવામાં આવે, આ'માલ તોલવામાં આવે અથવા ગવાહ ઊભા કરવામાં આવે.

પરંતુ તેણે માત્ર પોતાની દયા અને મહેરબાનીથી એ પણ ઈચ્છયું કે, કોઈને તે સમય સુધી સજા આપવામાં ન આવે જ્યાં સુધી દસ્તાવેજી સાબિતી અને ઈન્કાર ન કરી શકાય એવી ગવાહીઓથી તેના ગુનાહ તેની સામે એ રીતે ખુલીને ન આવી જાય કે તે પોતે પણ પોતાના અપરાધી હોવાનો સ્વીકાર કરી લે અને પોતાની જાતને સજાનો હકદાર સમજી લે.

આથી દરેક મનુષ્યની સાથે તેના દરેક અમલ અને નિવેદનને લખનાર ફરિશ્તાઓ નક્કી કરવામાં આવ્યા છે. مَا يَلْفِظُ مِنْ قَوْلٍ اِلَّا لَدَيْهِ رَقِيْبٌ عَتِيْدٌ "કોઈ વાક્ય વ્યક્તિની જીભથી નથી નીકળતું જેના ઉપર અલ્લાહ તરફથી દેખરેખ રાખનાર ફરિશ્તાઓ નક્કી ન હોય" (૫૦:૧૮) અને كُلُّ صَغِيْرٍ وَّكَبِيْرٍ مُّسْتَطَرٌ ફરમાવ્યું, એટલે કે "મનુષ્યનું દરેક નાનું-મોટું કાર્ય લખેલું છે." (૫૪:૫૩)

પછી મહશરમાં ન્યાયનું ત્રાજવું કાયમ કરીને મનુષ્યના નેક અને ખરાબ અમલોને તોલવામાં આવશે, જો નેકીઓનું પલ્લું ભારે હશે તો છુટકારો મળશે અને ગુનાહો તથા અપરાધોનું પલ્લું ભારે થઈ ગયું તો અઝાબમાં પકડવામાં આવશે, તદુપરાંત જ્યારે ન્યાયાધીશોના ન્યાયાધીશ અહકમુલ હાકિમીનનો દરબાર મહશરમાં કાયમ થશે તો દરેકના અમલ ઉપર ગવાહી પણ લેવામાં આવશે. અમુક અપરાધી ગવાહોને જૂઠાડશે ત્યારે તેમના હાથ, પગ અને શરીરના અવયવો તથા જે સ્થળ અને મકાન કે જેમાં આ દુષ્કૃત્યો કરવામાં આવ્યા હતા તે સૌની ગવાહી લેવામાં આવશે. તે બધા અલ્લાહના હુકમથી બોલવાની શક્તિ ધારણ કરી સાચી-સાચી ઘટના બતાવી આપશે. એટલે સુધી કે, અપરાધીઓ માટે ઈન્કાર કરવાની અથવા જૂઠાડવાની કોઈ તક ન હશે, તેઓ સ્વીકાર અને ઈકરાર કરશે. فَاعْتَرَفُوْا بِذَنْۢبِهِمْ فَسُحْقًا لِّاَصْحٰبِ السَّعِيْرِ "બસ પોતાના ગુનાહોનો સ્વીકાર કરનારા થઈ ગયા, હવે દોઝખવાળા દૂર થઈ જાય." (૬૭:૧૧)

પછી રઊફુર્રહીમ માલિકની ન્યાયી વ્યવસ્થામાં ન્યાય સ્થાપિત કરવા સુધી જ બસ કરવામાં નથી આવ્યું અને દુનિયાની હુકૂમતોની જેમ મનુષ્યને માત્ર નરી એક વ્યવસ્થા અને કાયદા-કાનૂન આપવામાં નથી આવ્યા, બલકે કાયદા-કાનૂનની સાથે કેળવણીની એક વ્યવસ્થા પણ સ્થાપિત કરવામાં આવી.

જેને કોઈપણ શંકા વિના કહી શકાય કે જે રીતે કોઈ લાગણીશીલ બાપ

પોતાના ઘરના વ્યવહારને દુરુસ્ત રાખવા તથા તેના બાળ–બચ્ચાંને સભ્યતા અને અદબ શીખવાડવા માટે પોતાના ઘરના કાયદાઓ અને વ્યવસ્થા બનાવે છે કે જે વ્યક્તિ તેના વિરુદ્ધ અમલ કરશે તેને સજા મળશે, પરંતુ તેની લાગણી અને પ્રેમ તેને એ બાબત ઉપર પ્રેરિત કરે છે કે, એવી વ્યવસ્થા કરે કે જેના કારણે તેમાંથી કોઈપણ ઘરનો સભ્ય સજાનો હકદાર ન થાય, બલકે બધા જ તે વ્યવસ્થા પ્રમાણે ચાલે. બાળક માટે જો સવારે સ્કૂલ જવાની સૂચના અને તેના વિરુદ્ધ કરવાથી સજા નક્કી કરવામાં આવી છે તો બાપ સવારમાં એવી ચિંતા કરે છે કે, બાળક તેના કામ માટે સમય પહેલાં જ તૈયાર થઈ જાય.

રબ્બુલ આલમીનની રહમત પોતાની મખ્લૂક ઉપર માં અને બાપની લાગણી તથા દયાથી કેટલાય ઘણી વધારે છે, એટલા માટે તેણે પોતાની કિતાબને ફક્ત કાયદા અને કલમો સ્વરૂપે નથી બનાવી બલકે, એક માર્ગદર્શિકા બનાવી છે અને દરેક કાયદાની સાથે એવી પદ્ધતિ અને રીત પણ શીખવાડી છે જેના દ્વારા કાયદા ઉપર અમલ કરવો સરળ બની જાય.

આ જ અલ્લાહ તઆલાએ સ્થાપેલ વ્યવસ્થાના તકાદા હેઠળ તેણે પોતાના અંબિયા (અલૈ.) મોકલ્યા, તેની સાથે આસમાની માર્ગદર્શિકાઓ પણ મોકલી, ફરિશ્તાઓની ઘણી મોટી સંખ્યા નેકીઓ અને ભલાઈઓ તરફ માર્ગદર્શન કરવા તથા મદદ કરવા માટે નક્કી કરવામાં આવી.

આ જ ઈલાહી વ્યવસ્થાતંત્રનો એક તકાદો એ પણ હતો કે, દરેક કોમ અને દરેક વ્યક્તિને ગફલતથી જગાડીને પોતાના રબ્બે કરીમને યાદ કરવા માટે વિવિધ પ્રકારનો સામાન પેદા કરવામાં આવે. જમીન અને આસમાનની બધી જ મખ્લૂકો અને દિવસ–રાતના પરિવર્તનો અને પોતે મનુષ્યને પોતાના અસ્તિત્વની યાદ અપાવવા માટે સૃષ્ટિમાં એવી નિશાનીઓ મૂકી કે, જો જરા પણ સભાનપણે વિચારવામાં આવે તો કોઈ પણ સમયે કોઈપણ વ્યક્તિ પોતાના માલિક અને સર્જનહારને ન ભૂલે وَفِى الْاَرْضِ اٰيٰتٌ لِّلْمُوْقِنِيْنَ، وَفِيْٓ اَنْفُسِكُمْ اَفَلَا تُبْصِرُوْنَ (૧૫:૨૦) એટલે કે, "જમીનમાં સમજદાર અને બુદ્ધિશાળીઓ માટે અમારી નિશાનીઓ છે અને તમારા પોતાના અસ્તિત્વમાં પણ ! શું તો પણ તમે નથી જોતા?"

એ જ પ્રમાણે ગાફેલ મનુષ્યને જગાડવા માટે અને નેક કાર્યો ઉપર કાર્યરત કરવા માટે એક વ્યવસ્થા રબ્બુલ આલમીને એ પણ કરી છે કે, વ્યક્તિ, સમુદાયો તથા કોમોને વિવિધ પરિસ્થિતિઓ અને હાલતોમાં પોતાના અંબિયા (અલૈ.) દ્વારા કરાર અને વચન લઈને તેના કાનૂનની પાબંદી માટે તૈયાર કરવામાં આવી.

કુર્આને કરીમની અનેક આયતોમાં ઘણા જ કરાર અને વચનોનું વર્ણન કરવામાં આવ્યું છે, તે વિવિધ વર્ગો પાસેથી વિવિધ સમયોમાં અને વિવિધ પરિસ્થિતિઓમાં લેવામાં આવ્યા. અંબિયા (અલૈ.) પાસેથી વચન લેવામાં આવ્યું કે, જે કંઈ તેમને અલ્લાહ તબારક વ તઆલા તરફથી રિસાલતનો સંદેશ મળે તે પોત-પોતાની ઉમ્મતોને અવશ્ય પહોંચાડી આપે. તેમાં તેમના માટે કોઈનો ડર અને લોકોની નિંદા તથા અપમાનનો ભય હાવી કે પ્રભાવી ન થઈ જાય. અલ્લાહ તઆલાની આ પવિત્ર જમાઅતે પોતાના આ કરારનો સંપૂર્ણ હક અદા કરી દીધો. રિસાલતના સંદેશને પહોંચાડવા માટે પોતાનું સર્વસ્વ કુરબાન કરી દીધું.

એ જ પ્રમાણે દરેક રસૂલ અને નબીની ઉમ્મત પાસેથી એટલા માટે કરાર લેવામાં આવ્યો કે તે પોત-પોતાના અંબિયા (અલૈ.)નું આજ્ઞાપાલન અને અનુસરણ કરશે, પછી ખાસ-ખાસ મહત્ત્વની બાબતોમાં અગત્યતા પૂર્વક તે કરાર પૂરો કરવામાં પોતાની સંપૂર્ણ શક્તિ અને ક્ષમતા ખર્ચવાનું વચન લેવામાં આવ્યું, જેને કોઈએ પૂરો કર્યો તો કોઈએ ન કર્યો.

આ જ વચનોમાંથી એક મહત્ત્વનું વચન એ છે જે બધા જ અંબિયા (અલૈ.) પાસેથી આપણા પ્રાણ પ્યારા રસૂલે કરીમ મુસ્તફા ﷺ વિશે લેવામાં આવ્યું કે, બધા અંબિયા (અલૈ.) નબીએ ઉમ્મી ખાતમુલ અંબિયા ﷺનું અનુસરણ કરશે અને જ્યારે પણ તક મળે તેમની સહાય કરશે, જેનું વર્ણન આ આયતમાં છે. وَاِذْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ النَّبِيّٖنَ لَمَآ اٰتَيْتُكُمْ مِّنْ كِتَابٍ وَّحِكْمَةٍ ثُمَّ جَآءَكُمْ رَسُوْلٌ مُّصَدِّقٌ لِّمَا مَعَكُمْ لَتُؤْمِنُنَّ بِهٖ وَلَتَنْصُرُنَّهٗ ط "અને જ્યારે અલ્લાહે નબીઓ પાસેથી વચન લીધું કે જે કંઈ મેં તમને આપ્યું કિતાબ અને ઈલ્મ, પછી તમારી પાસે કોઈ રસૂલ આવે કે તમારી પાસેવાળી કિતાબને સાચી બતાવે તો તે રસૂલ ઉપર ઈમાન લાવજો અને તેમની મદદ કરજો." (૩:૮૧)

આ બધા જ કરારો અને વચનો અલ્લાહ તઆલાની સંપૂર્ણ રહમતનું

જગજાહેર પ્રત્યક્ષ દર્શન છે અને તેનો હેતુ એ છે કે, મનુષ્ય જે ગુનાહોનું પૂતળું છે મોટે ભાગે પોતાના ફરજોને ભૂલી જાય છે અને તેને વારંવાર આ કરારો અને વચનો દ્વારા ખબરદાર કરવામાં આવ્યા કે જેથી તેઓ તેના વિરુદ્ધ અમલ કરવાથી તબાહી અને બરબાદીમાં ન સંડોવાઈ જાય.

بَيْعَتْ (બયૂઅત) "કરાર" લેવાની વાસ્તવિકતા :

અંબિયા (અલૈ.) અને તેમના નાયબ ઉલમા અને મશાઇખમાં પણ જે "બયૂઅત" લેવાનો રિવાજ છે તે પણ આ જ અલ્લાહની સુન્નતનું અનુસરણ છે. પોતે રસૂલે કરીમ ﷺએ ઘણા બધા વ્યવહારોમાં સહાબએ કિરામ (રદિ.) પાસેથી બયૂઅત લીધી હતી, તેમાંથી بَيْعَتِ رِضْوَانْ(બયૂઅતે રિદ્‌વાન)નું વર્ણન કુર્આને કરીમમાં આ શબ્દો સાથે મોજૂદ છે لَقَدْ رَضِيَ اللّٰهُ عَنِ الْمُؤْمِنِيْنَ اِذْ يُبَايِعُوْنَكَ تَحْتَ الشَّجَرَةِ (૪૮:૧૮) એટલે કે, "અલ્લાહ તઆલા એ લોકોથી રાજી થઈ ગયો જેમણે એક ખાસ ઝાડ નીચે આપ (ﷺ)ના હાથ ઉપર બયૂઅત કરી."

હિજરત પહેલાં મદીનાના અન્સારોની بَيْعَتِ عَقْبَهْ (બયૂઅતે અકબહ) પણ આ જ પ્રકારના કરારોમાંથી છે. ઘણા બધા સહાબએ કિરામ (રદિ.) પાસેથી ઈમાન અને નેક કાર્યોની પાબંદી કરવાનું વચન લેવામાં આવ્યું. સુફીઓમાં જે بَيْعَتِ مُرَوَّجْ (બયૂઅતે મુરવ્વજ) છે તે પણ ઈમાન અને નેક અમલોની પાબંદી તથા ગુનાહોથી બચવાની કાળજીનો કરાર છે અને આ તે જ અલ્લાહની સુન્નત અને અંબિયા (અલૈ.)ની સુન્નતનું અનુસરણ છે, એ જ કારણે તેમાં ખાસ બરકતો છે કે તેનાથી મનુષ્યને ગુનાહોથી બચવાની અને શરીઅતના હુકમોનું પાલન કરવાની હિંમત અને તવફીક વધી જાય છે. બયૂઅતની હકીકત જાણવાથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે, જે પ્રમાણે બયૂઅત વિશે સામાન્ય રીતે નાવાકેફ અજ્ઞાન લોકોમાં રિવાજ થઈ ગયો છે કે કોઈ બુઝૂર્ગના હાથ ઉપર હાથ મૂકી આપવાથી જ છુટકારો થઈ જવાનું સમજી બેઠા છે અને એટલા કૃત્યને છુટકારા માટે પૂરતું સમજી બેઠા છે, એ નરી અજ્ઞાનતા છે બલકે બયૂઅત તો એક કરારનું નામ છે, તેનો ફાયદો ત્યારે જ થાય છે જ્યારે કે તે કરાર ઉપર અમલ કરીને તેને પૂરો કરવામાં આવે, નહિતર વબાલનો ભય છે.

સૂરએ અઅ્રાફની અગાઉ વર્ણન થઈ ચૂકેલ આયતોમાં તે કરારનું વર્ણન હતું જે બની ઈસ્રાઈલ પાસેથી તવરાતના હુકમોની પાબંદીના સંદર્ભમાં લેવામાં આવ્યું હતું. પ્રસ્તુત આયતોમાં આ જ વિશ્વવ્યાપી કરારનો ઉલ્લેખ છે જે સમગ્ર આદમની અવલાદ પાસેથી તેમના દુનિયામાં આવતાં પહેલાં અઝલમાં લેવામાં આવ્યો હતો, જે સામાન્ય બોલચાલની ભાષામાં عَهْدِ اَلَسْت (અહ્દે અલસ્ત્)ના નામથી પ્રખ્યાત છે.

وَاِذْ اَخَذَ رَبُّكَ مِنْ بَنِيْٓ اٰدَمَ مِنْ ظُهُوْرِهِمْ ذُرِّيَّتَهُمْ وَاَشْهَدَهُمْ عَلٰٓى اَنْفُسِهِمْ..

આ આયતોમાં આદમની અવલાદ એટલે કે, મનુષ્ય માટે શબ્દ ذُرِّيَّتْ (ઝુર્રિય્યત) વાપરવામાં આવ્યો છે. ઈમામ રાગિબ અસ્ફહાનીએ ફરમાવ્યું કે, આ શબ્દ વાસ્તવમાં ذَرْءٌ થી બન્યો છે, જેનો અર્થ છે "પેદા કરવું" કુર્આને કરીમમાં કેટલાય સ્થળે આ શબ્દ આ અર્થમાં વાપરવામાં આવ્યો છે, وَلَقَدْ ذَرَاْنَا لِجَهَنَّمَ كَثِيْرًا વગેરે. એટલા માટે "ઝુર્રિય્યત"નો શાબ્દિક તરજુમો "મખ્લૂક" (સર્જન) છે. આ શબ્દ દ્વારા ઈશારો કરવામાં આવ્યો કે, આ કરાર તે બધા જ લોકો માટે સર્વસામાન્ય હતો જે હઝરત આદમ (અલૈ.)ના માધ્યમથી આ દુનિયામાં પેદા કરવામાં આવશે, એટલે કે સમગ્ર મનુષ્યજાતિ.

હદીષની રિવાયતોમાં આ અઝલમાં લેવામાં આવેલા કરારની અમુક વિગતોનું વર્ણન જોવા મળે છે.

ઈમામ માલિક, અબૂદાવુદ, તિરમિઝી અને ઈમામ અહમદ (રહ.)એ મુસ્લિમ બિન યસારથી નકલ કર્યું છે કે, અમુક લોકોએ હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ને આ આયતનો અર્થ પૂછ્યો તો તેમણે ફરમાવ્યું કે, રસૂલુલ્લાહ ﷺને આ આયતનો અર્થ પૂછવામાં આવ્યો હતો. મેં આપ ﷺ પાસેથી જવાબમાં જે સાંભળ્યું તે આ પ્રમાણે હતું.

"અલ્લાહ તઆલાએ પ્રથમ આદમ (અલૈ.)ને પેદા કર્યા, પછી પોતાની કુદરતનો હાથ તેમની પીઠ ઉપર ફેરવ્યો તો તેમની પીઠમાંથી જે નેક (ભલા) મનુષ્યો પેદા થવાના હતા તેઓ નીકળી આવ્યા, પછી ફરમાવ્યું કે તેમને મેં જન્નત માટે પેદા કર્યા છે અને આ લોકો જન્નતના જ કાર્યો કરશે. પછી બીજી વખતે તેમની પીઠ ઉપર કુદરતનો હાથ ફેરવ્યો તો જેટલા ગુનેહગારો અને દુષ્ટ

મનુષ્યો તેમની નસ્લમાં પેદા થવાના હતા તેઓને કાઢવામાં આવ્યા અને ફરમાવ્યું કે, તેમને મેં દોઝખ માટે પેદા કર્યા છે અને તેઓ દોઝખમાં જવાના જ કૃત્યો આચરશે.

સહાબએ કિરામ (રદિ.)માંથી એક વ્યક્તિએ વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! જ્યારે પ્રથમથી જ જન્નતી અને દોઝખી નિશ્ચિત કરવામાં આવ્યા છે તો પછી અમલ કયા હેતુસર કરવામાં આવે છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા જ્યારે કોઈને જન્નત માટે પેદા કરે છે તો તે જન્નતવાળાઓના જ કામો કરવા લાગે છે, એટલે સુધી કે તેનો અંત કોઈ એવા જ કામ ઉપર થાય છે જે જન્નતવાળાઓના કામ છે અને જ્યારે અલ્લાહ તઆલા કોઈને દોઝખ માટે બનાવે છે તો તે દોઝખના જ કામમાં લાગી જાય છે, એટલે સુધી કે તેનો અંત પણ કોઈ એવા જ કામ ઉપર થાય છે જે જહન્નમવાળાઓના કામ છે."

મતલબ એ છે કે, જ્યારે મનુષ્યને જાણ નથી કે, તે કયા વિભાગમાં સામેલ છે તો તેણે પોતાની બુદ્ધિ, શક્તિ તથા પોતાની મરજી એવા કામોમાં જ ખર્ચ કરવી જોઈએ જે જન્નતવાળાઓના કામો છે અને એ જ આશા રાખવી જોઈએ કે તે તેઓમાંથી જ હશે.

ઈમામ અહમદ (રહ.)ની રિવાયતમાં આ જ વિષય હઝરત અબૂ દરદાઅ્ (રદિ.)થી નકલ કરવામાં આવ્યો છે, તેમાં એટલો વધારો છે કે પ્રથમ વખતે જે લોકો હઝરત આદમ (અલૈ.)ની પીઠમાંથી નીકળ્યા તેઓ સફેદ રંગના હતા જેમને જન્નતવાળા કહેવામાં આવ્યા અને બીજી વખતે કાળા રંગના હતા જેમને જહન્નમવાળા ઠરાવવામા આવ્યા.

તિરમિઝીમાં આ જ વિષય હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી નકલ થયો છે, તેમાં એ પણ છે કે આ પ્રમાણે કયામત સુધી પેદા થનારી આદમની અવલાદ જે અસ્તિત્વમાં આવશે તેમનામાંથી પણ દરેકના કપાળ ઉપર એક ખાસ પ્રકારની ચમક હતી.

હવે વિચાર માંગી લેતો મુદ્દો એ છે કે, તે હદીષોમાં તો ذُرِّيَّت (ઝુર્રિય્યત)ને હઝરત આદમ (અલૈ.)ની પીઠમાંથી લેવા અને કાઢવાનું વર્ણન છે અને કુર્આને કરીમના શબ્દોમાં બની આદમ એટલે કે, આદમની અવલાદની

પીઠમાંથી કાઢવાનો ઉલ્લેખ છે. તેનો ખુલાસો એ છે કે, આદમ (અલૈ.)ની પીઠમાંથી તે લોકોને કાઢવામાં આવ્યા જેઓ સીધે-સીધા પ્રત્યક્ષ રીતે હઝરત આદમ (અલૈ.)થી પેદા થનારા હતા, પછી તેમની નસ્લની પીઠમાંથી અન્યોને અને એ જ પ્રમાણે ક્રમવાર જે પ્રમાણે આ દુનિયામાં આદમ (અલૈ.)ની અવલાદ પેદા થવાની હતી ક્રમબદ્ધ તેમની પીઠમાંથી તેમને કાઢવામાં આવ્યા.

હદીષમાં સૌને હઝરત આદમ (અલૈ.)ની પીઠમાંથી કાઢવાનો ભાવાર્થ પણ એ જ છે કે, હઝરત આદમ (અલૈ.)થી તેમની અવલાદને પછી તેમની અવલાદમાંથી તેમની અવલાદને, આ રીતે ક્રમવાર સૌને પેદા કરવામાં આવ્યા.

કુર્આને કરીમમાં આ સૌ "ઝુર્રિય્યતે આદમ" (આદમના વંશજો) પાસેથી પોતાના પરવરદિગાર અને માલિક હોવાનો કરાર લેવામાં એ તરફ પણ ઈશારો જોવા મળે છે કે, આ "ઝુર્રિય્યતે આદમ" જે તે સમયે પીઠમાંથી કાઢવામાં આવી હતી તે ફક્ત રૂહો ન હતી બલકે રૂહ અને શરીરનું કોઈ સંયુક્ત મિશ્રણ હતું, જેના શરીરને સુંદર પદાર્થથી બનાવવામાં આવ્યું હતું, કારણ કે કેળવણીની આવશ્યકતા મોટે ભાગે શરીરને હોય છે, જેને એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિ તરફ વિકાસ કરવાનો હોય છે. રૂહોની આ શા'ન નથી, કારણ કે તે તો પ્રથમથી અંત સુધી એક જ પરિસ્થિતિમાં હોય છે, તદુપરાંત હદીષોમાં વર્ણન થયું છે કે તેમનો રંગ સફેદ અને કાળો હશે અથવા તેમના કપાળ ઉપર ચમક હશે એનાથી પણ એ જ પ્રતિતી થાય છે કે ત્યાં શરીર વિનાની રૂહ ન હતી, નહિતર રૂહને તો કોઈ રંગ હોતો નથી, શરીર સાથે જ આ ગુણ-લક્ષણો સંબંધ ધરાવે છે.

અને એ પણ કોઈ આશ્ચર્યકારક વાત નથી કે, કયામત સુધી પેદા થનાર સઘળા મનુષ્યો એક સ્થળે કેવી રીતે સમાવિષ્ટ કરવામાં આવ્યા ? કારણ કે, હઝરત અબૂ દરદાઅ્ (રદિ.)ની હદીષમાં પ્રસ્તુત છે તેમાં પણ આ ખુલાસો છે કે, તે સમયે જે હઝરત આદમ (અલૈ.)ની પીઠમાંથી ઝુર્રિય્યતને કાઢવામાં આવી હતી તે પોતાના આ મનુષ્ય સ્વરૂપના કદ-કાઠીમાં ન હતી, બલકે નાની કીડીઓ જેવા સ્વરૂપમાં હતી અને વિજ્ઞાનના આ પ્રગતિના યુગમાં તો કોઈ સમજદાર મનુષ્યને એમાં કોઈ શંકા થવી જ ન જોઈએ કે, આટલા મોટા કદ-કાઠીના મનુષ્યને એક કીડી જેવા નાના આકારમાં કેવી રીતે જાહેર કરવામાં આવ્યો. આજે તો એક અણુમાં સમગ્ર સૌરમંડળના સિદ્ધાંતો ઉપસ્થિત હોવાનો અનુભવ કરવામાં આવી

રહ્યો છે. ફિલ્મપટ્ટી વડે વિરાટકાય દશ્યોને નાના પડદા ઉપર બતાવી શકાય છે, એટલા માટે શું મુશ્કેલ છે કે અલ્લાહ તઆલાએ આ કરાર અને વચન સમયે સમગ્ર આદમની અવલાદને ખૂબ નાના કદ સાથે અસ્તિત્વ અર્પણ કર્યું હોય !

અઝલના કરાર વિશે અમુક પ્રશ્નો અને તેના ઉત્તરો :

આ "અહ્દે અઝલ" (અમલમાં લેવામાં આવેલ કરાર) વિશે અમુક વસ્તુઓ વધારે ધ્યાન આપવા યોગ્ય છે. પ્રથમ એ કે, આ વચન અને કરાર કયા સ્થળે અને કયા સમયે લેવામાં આવ્યો ? બીજું એ કે, જયારે કરાર એવી પરિસ્થિતિમાં લેવામાં આવ્યો કે હઝરત આદમ (અલૈ.) સિવાય બીજો મનુષ્ય પેદા થયો ન હતો તો તેમને આ બુદ્ધિ અને જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થયું કે તે અલ્લાહ તઆલાને ઓળખે અને તે માલિક અને પરવરદિગાર હોવાનો ઈકરાર કરે, કારણ કે અલ્લાહના પરવરદિગાર હોવાનો ઈકરાર તે જ કરી શકે છે જેણે તરબિયત (કેળવણી) પ્રાપ્ત કરી હોય અને કેળવણીનો આ જાત અનુભવ દુનિયામાં પેદા થયા પછી જ થઈ શકે છે.

પ્રથમ સવાલ કે આ કરાર અને વચન કયા સ્થળે અને કયા સમયે લેવામાં આવ્યો ? તો તેના વિશે કુર્આનના વિવરણકારો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી મજબૂત રિવાયત સાથે ઈમામ અહમદ, નસાઈ અને હાકિમે નકલ કર્યું છે તે આ છે કે, આ કરાર અને વચન તે સમયે લેવામાં આવ્યો જે સમયે હઝરત આદમ (અલૈ.)ને જન્નતમાંથી જમીન ઉપર ઉતારવામાં આવ્યા અને આ કરારનું સ્થળ "વાદીએ નુઅ્માન" છે જે અરફાતના મેદાનના નામથી મશ્હૂર છે.

(તફસીરે મઝહરી)

બીજો પ્રશ્ન કે, આ નવી મખ્લૂક કે જેના હજું અસ્તિવમાં આવવાની પ્રક્રિયા સંપૂર્ણ રીતે પૂર્ણ પણ ન થઈ હતી તે શું સમજી શકે કે, અમને પેદા કરનાર કોણ છે ? અને અમારો પરવરદિગાર કોણ છે ? આવી પરિસ્થિતિમાં અલ્લાહ તઆલા દ્વારા સવાલ થવો પણ એક પ્રકારની સહન ન કરી શકાય એવી પીડા છે અને તેઓ એનો જવાબ પણ શું આપી શકવાના છે ? તેનો જવાબ એ છે કે, સમગ્ર સૃષ્ટિના સર્જનહાર જેની સંપૂર્ણ કુદરત સઘળા મનુષ્યને એક રજકણના સ્વરૂપમાં પેદા કરી શકે છે તેના માટે એ શું મુશ્કેલ કામ છે કે, તેમને તેની બુદ્ધિ, સમજદારી

અને સભાનતા પણ તે સમયે આવશ્યકતા અનુસાર આપી દેવામાં આવી હોય અને હકીકત પણ એ જ છે કે, અલ્લાહ જલ્લ શા'નુહૂએ આ ટૂંકા અસ્તિત્વમાં મનુષ્યના બધા જ ગુણ-લક્ષણો ભેગા કર્યા હતા તેમાં સૌથી મોટો ગુણ અને શક્તિ બુદ્ધિ અને સમજદારીનો છે.

મનુષ્યના પોતાના અસ્તિત્વમાં અલ્લાહ જલ્લ શા'નુહૂની શ્રેષ્ઠતા અને શક્તિની તે અસંખ્ય નિશાનીઓમાં જરા સરખું ચિંતન કરનાર વ્યક્તિ અલ્લાહ તઆલાના પરિચયથી અજ્ઞાન નથી રહી શકતો. કુર્આને કરીમનો ઈરશાદ છે, وَفِى الْاَرْضِ اٰيٰتٌ لِّلْمُوْقِنِيْنَ، وَفِىْٓ اَنْفُسِكُمْ اَفَلَا تُبْصِرُوْنَ એટલે કે, "જમીનમાં જાણનારાઓ માટે અલ્લાહની નિશાનીઓ છે અને પોતે તમારા અસ્તિત્વમાં પણ; શું તો પણ તમે નથી જોતા !?"

અત્રે એક ત્રીજો સવાલ એ પણ થઈ શકે છે કે, આ અઝલનો અહદ અને કરાર ગમે એટલો વિશ્વાસપૂર્વકનો અને સાચો પણ કેમ ન હોય, પરંતુ ઓછામાં ઓછું એ તો બધાને જ ખબર છે કે આ દુનિયામાં આવ્યા પછી આ કરાર કોઈને યાદ નથી રહ્યો તો પછી આ કરારનો લાભ શું થયો ? તેનો જવાબ એ છે કે, પ્રથમ તો આ મનુષ્યજાતિમાં ઘણા એવા વ્યક્તિઓ પણ છે જેમણે આ સ્વીકાર કર્યો છે કે, અમને આ કરાર સંપૂર્ણ રીતે યાદ છે. હઝરત ઝુન્નૂન મિસ્રી (રહ.)એ ફરમાવ્યું કે, આ કરાર અને વચન મને એવું યાદ છે જેમકે તેને હું આ સમયે સાંભળી રહ્યો છું અને અમુકે તો એટલે સુધી કહ્યું કે મને તો એ પણ યાદ છે કે જ્યારે મારી પાસે આ કરાર લેવામાં આવ્યો ત્યારે મારી આજુબાજુ કોણ-કોણ લોકો ઉપસ્થિત હતા ? હા ! એ દેખીતું છે કે આવા વ્યક્તિઓ જ્વલ્લેજ જોવા મળે છે, એટલા માટે સામાન્ય લોકો માટે સમજવાની વાત એ છે કે ઘણા બધા કામો એવા હોય છે જે પ્રાકૃતિક પ્રભાવ ધરાવે છે, ભલે કોઈને એ કામ યાદ રહે કે ન રહે, બલકે તેની ખબર પણ ન હોય પરંતુ તે પોતાનો પ્રભાવ અવશ્ય છોડી જાય છે. આ વચન અને કરારનું પણ એવું જ સ્વરૂપ છે કે, વાસ્તવમાં આ કરાર અને વચને મનુષ્યના દિલમાં સચ્ચાઈના પરિચયનું એક એવું બીજ રોપ્યું છે કે જે પોષણ પામી રહ્યું છે, ભલે તેને ખબર હોય કે ન હોય અને તે આ જ બીજના ફળ અને ફૂલ છે કે, દરેક વ્યક્તિના સ્વભાવમાં અલ્લાહ તઆલાની મહોબ્બત અને શ્રેષ્ઠતા જોવા મળે છે, ભલે તે તેની જાહેરાત મૂર્તિપૂજા અથવા મખ્લૂકપૂજાની

ખોટી પદ્ધતિ દ્વારા કરતો હોય, તે અમુક બદ્‌નસીબ લોકો જેમની માનવ પ્રકૃતિ જ નષ્ટ પામી ચૂકી છે અને તેમની બુદ્ધિ જ ભ્રષ્ટ થઈ ગઈ છે અને તેમનામાં મીઠા કે કડવાની ઓળખ જ બાકી નથી રહી તે લોકો સિવાય બાકીના સમગ્ર દુનિયાના અબજો મનુષ્યો અલ્લાહ તઆલાની ધૂન અને વિચાર કે તેની દિલમાં મહોબ્બતથી ખાલી નથી, પછી ભલે તે ભૌતિક મનેચ્છાઓમાં સપડાઈને અથવા કોઈ માર્ગ ભટકેલ સમાજમાં પડી જઈ તે વસ્તુને ભૂલાવી દે. રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે كُلُّ مَوْلُوْدٍ يُوْلَدُ عَلَى الْفِطْرَةِ وَفِى بَعْضِ الرِّوَايَاتِ عَلٰى هٰذِهِ الْمِلَّةِ (اَخْرَجَهُ الْبُخَارِىُّ وَمُسْلِمٌ) એટલે કે, "દરેક પેદા થનાર "દીને ફિતરત" એટલે કે ઈસ્લામ ઉપર પેદા થાય છે પછી તેના માં-બાપ તેને અન્ય વિચારધારાઓમાં સંડોવી દે છે" અને સહીહ મુસ્લિમની એક હદીષમાં છે કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે, મેં મારા બંદાઓને "હનીફ" એટલે કે "એક અલ્લાહને માનનારા પેદા કર્યા છે પછી શયતાનો તેમની પાછળ લાગી ગયા અને તેમને આ સત્ય માર્ગથી દૂર લઈ ગયા."

એ જ પ્રમાણે પોતાના અસ્તિત્વમાં એક પ્રકારનો અદશ્ય પ્રભાવ અને અસર રાખનાર ઘણા બધા અમલો અને પ્રવૃત્તિઓ હોય છે, જે આ દુનિયામાં પણ અંબિયા (અલૈ.)ની તા'લીમથી આજે પણ ચાલુ જ છે, જેની અસર એ છે કે તેને કોઈ સમજે અથવા ન સમજે, યાદ રાખે અથવા ન રાખે, તે દરેક પરિસ્થિતિમાં પોતાનું કાર્ય કર્યે જ જાય છે અને પોતાનો પ્રભાવ અને અસર બતાવીને જ રહે છે.

દાખલા તરીકે, બાળક પેદા થતાની સાથે જ તેના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં ઈકામત અને તકબીર કહેવાની જે સુન્નત દરેક મુસલમાન જાણે છે અને અલ્હમ્દુલિલ્લાહ ! સમગ્ર ઈસ્લામી દુનિયામાં આ સુન્નત પ્રચલિત છે અને તેના ઉપર અમલ થાય છે. જો કે, નવજાત શીશુ ન તો તે શબ્દોના અર્થો સમજે છે અને ન જ તેને મોટો થયા પછી એવું યાદ રહે છે કે, મારા કાનમાં શું શબ્દો કહેવામાં આવ્યા હતા ? તેની હિકમત એ જ તો છે કે, તેના દ્વારા અઝલી કરારને શક્તિ પહોંચાડીને કાનોના માર્ગે દિલમાં ઈમાનના બીજને પોષણ આપવામાં આવે અને તેના આ જ પ્રભાવનો પ્રત્યક્ષ અનુભવ કરવામાં આવે છે કે, મોટો થયા પછી ભલે આ બાળક ઈસ્લામ અથવા ઈસ્લામિયાતથી કેટલોય દૂર થઈ જાય પરંતુ પોતાને મુસલમાન કહે છે અને મુસલમાનોની યાદીથી અલગ થવાને

અત્યંત ખરાબ સમજે છે. એ જ પ્રમાણે જે લોકો કુર્આનની ભાષા નથી જાણતા તેમને પણ કુર્આનની તિલાવતનો હુકમ કદાચ આ જ હિકમત ઉપર આધારિત છે કે તેમને પણ ઓછામાં ઓછો એ અદશ્ય લાભ જરૂર પહોંચી જાય છે કે તેનાથી મનુષ્યના હૃદયમાં ઈમાનનો પ્રકાશ તાજો થઈ જાય.

એટલા માટે અંતિમ આયત اَنْ تَقُوْلُوْا يَوْمَ الْقِيٰمَةِ اِنَّا كُنَّا عَنْ هٰذَا غٰفِلِيْنَ માં ઈરશાદ ફરમાવ્યો, એટલે કે "આ ઈકરાર અમે એટલા માટે લઈએ છીએ કે તમે કયામતના દિવસે એવું ન કહેવા લાગો કે અમે તો તેનાથી અજાણ હતા." ઈશારો એ વાત તરફ છે કે, તે અઝલી સવાલ-જવાબથી તમારા દિલોમાં ઈમાનના પાયાઓ એવા સ્થાપિત થઈ ગયા કે થોડા ચિંતન અને મનનથી કામ લો તો અલ્લાહ જલ્લ શા'નુહૂના માલિકીપણાનો સ્વીકાર કર્યા સિવાય કોઈ છુટકો ન રહેશે.

ત્યારબાદ બીજી આયતમાં ઈરશાદ ફરમાવ્યો, اَوْ تَقُوْلُوْٓا اِنَّمَآ اَشْرَكَ اٰبَآؤُنَا مِنْ قَبْلُ وَكُنَّا ذُرِّيَّةً مِّنْ بَعْدِهِمْ اَفَتُهْلِكُنَا بِمَا فَعَلَ الْمُبْطِلُوْنَ એટલે કે, આ ઈકરાર અમે એટલા માટે પણ લીધો છે કે, ક્યાંક તમે કયામતના દિવસે એવું બહાનુ ન કરવા લાગો કે શિર્ક અને મૂર્તિપૂજા તો વાસ્તવમાં અમારા વડવાઓએ અપનાવી લીધું હતું અને અમે તો તેમના પછી તેમની અવલાદ હતા, સાચા-ખોટા અથવા સત્ય-અસત્યને અમે જાણતા ન હતા, એટલા માટે અમારા વડીલોએ જે કંઈ કામ કર્યું અમે પણ તેને જ અપનાવી લીધું, તો વડીલોના ગુનાહની સજા અમને કેમ આપવામાં આવે છે ? અલ્લાહ તઆલાએ બતાવી આપ્યું કે, અન્યોની પ્રવૃત્તિની સજા તમને આપવામાં આવી નથી, બલકે તમારી અજ્ઞાનતા અને બેદરકારીની આ સજા છે, કારણ કે અઝલી કરાર દ્વારા મનુષ્યમાં એક એવી આંતરિક ચેતના તથા કોઠાસૂઝનું બીજ વાવી દેવામાં આવ્યું હતું કે, થોડું સરખું ચિંતન કરવાથી આખી વાત ચોક્કસ સમજમાં આવી જવી કોઈ મુશ્કેલ કામ ન હતું કે આ પથ્થરની મૂર્તિ જેને અમે પોતાના હાથે કંડારી છે, આ આગ, પાણી, ઝાડ અને મનુષ્ય, એમાંથી કોઈ પણ વસ્તુ એવી નથી જેને કોઈ મનુષ્ય પોતાનો પેદા કરનાર માલિક પરવરદિગાર અથવા મુશ્કેલીઓ અને જરૂરતો પૂરી કરનાર હોવાની શ્રદ્ધા અને વિશ્વાસ કરી શકે.

ત્રીજી આયતમાં આ જ વિષયનું વર્ણન આ જ પ્રમાણે આવ્યું છે,

وَكَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ وَلَعَلَّهُمْ يَرْجِعُوْنَ એટલે કે, "અમે એ જ પ્રમાણે પોતાની નિશાનીઓને ખોલી-ખોલીને વર્ણન કરીએ છીએ જેથી લોકો ગફલત અને ખોટી પ્રવૃત્તિઓથી અટકી જાય." તેનો ભાવાર્થ એ છે કે, અલ્લાહની આયતોમાં થોડુંક પણ ચિંતન કરવામાં આવે તો તે આ વચન અને કરાર તરફ પાછો આવી જશે જે તેનાથી અઝલમાં કરવામાં આવ્યો હતો, એટલે કે અલ્લાહ જલ્લ શા'નુહૂના માલિકીપણાનો સ્વીકાર કરવા લાગશે અને તેના પરિણામે તેના આજ્ઞાપાલનને જરૂરી સમજશે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૭૫-૧૭૬-૧૭૭)

وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ الَّذِيْٓ اٰتَيْنٰهُ اٰيٰتِنَا فَانْسَلَخَ مِنْهَا فَاَتْبَعَهُ الشَّيْطٰنُ فَكَانَ
مِنَ الْغٰوِيْنَ ﴿١٧٥﴾ وَلَوْ شِئْنَا لَرَفَعْنٰهُ بِهَا وَلٰكِنَّهٗٓ اَخْلَدَ اِلَى الْاَرْضِ وَاتَّبَعَ هَوٰىهُ ۚ
فَمَثَلُهٗ كَمَثَلِ الْكَلْبِ ۚ اِنْ تَحْمِلْ عَلَيْهِ يَلْهَثْ اَوْ تَتْرُكْهُ يَلْهَثْ ؕ ذٰلِكَ مَثَلُ
الْقَوْمِ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا ۚ فَاقْصُصِ الْقَصَصَ لَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ ﴿١٧٦﴾
سَآءَ مَثَلَا ࣙالْقَوْمُ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَاَنْفُسَهُمْ كَانُوْا يَظْلِمُوْنَ ﴿١٧٧﴾

તરજુમો :

અને તેમને તે વ્યક્તિની હાલત સંભળાવી દો જેને અમે પોતાની આયતો આપી હતી, પછી તે તેને છોડી નીકળ્યો, પછી તેની પાછળ શયતાન લાગ્યો તો તે ગુમરાહોમાં થઈ ગયો. (૧૭૫) અને અમે ઇચ્છયું હોત તો તેનો રુત્બો આ આયતોના કારણે બુલંદ કર્યો હોત પરંતુ તે તો જમીનનો થઈ રહ્યો અને પોતાની ખ્વાહિશો (મનેચ્છાઓ)ની પાછળ થઈ ગયો તો તેની હાલત એવી છે જેમકે કૂતરો, તેના ઉપર તમે બોજ નાંખો તો હાંફે અને છોડી દો તો (પણ) હાંફે, આ દષ્ટાંત છે તે લોકોનું જેમણે અમારી આયતોને જૂઠાડી, બસ આ અહેવાલ વર્ણન કરો જેથી તેઓ ચિંતન કરે. (૧૭૬) ખરાબ દષ્ટાંત છે તે લોકોનું કે તેમણે અમારી આયતોને જૂઠાડી અને તેઓ પોતાનું જ નુકસાન કરતા રહ્યા. (૧૭૭)

તફસીર :

અને તે લોકોને (બોધપાઠ ગ્રહણ કરવા માટે) તે વ્યક્તિની હાલતનું વર્ણન સંભળાવી આપો જેને અમે અમારી આયતો આપી (અને પોતાના હુકમોનું જ્ઞાન આપ્યું) પછી તે એ (આયતો)થી બિલકુલ જ નીકળી ગયો, પછી શયતાન તેની પાછળ લાગી ગયો, બસ (પછી) તે માર્ગ ભટકેલા લોકોમાં સામેલ થઈ ગયો અને જો અમે ઈચ્છયું હોત તો તેને તે આયતો(ના તકાદા ઉપર અમલ કરવા)ના બદલામાં ઉચ્ચ કક્ષાનો દરજ્જો આપ્યો હોત (એટલે કે, જો તેણે આ આયતો ઉપર અમલ કર્યો હોત જે અલ્લાહ તબારક વ તઆલા તરફથી હોવાની અને જે કદર કરવાપાત્ર હોવાની ખબર છે તો તેની સ્વીકૃતિનો દરજ્જો વધી ગયો હોત) પરંતુ તે તો દુનિયા તરફ કેન્દ્રિત થઈ ગયો અને (તેના આ વલણના કારણે) પોતાની મનેચ્છાઓનું અનુસરણ કરવા લાગ્યો (અને આયતો અને હુકમો ઉપર અમલ કરવાનું છોડી દીધું) બસ, (આયતોને છોડીને જે પરેશાની અને કાયમી અપમાન તેને નસીબ થયું તે આધારે) તેની હાલત કૂતરા જેવી થઈ ગઈ કે જો તું તેના ઉપર હુમલો કરે (અને મારીને કાઢી મૂકે) તો પણ હાંફે અથવા તેને (યથાસ્થિતિ ઉપર જ) છોડી મૂકે તો પણ હાંફે (કોઈપણ પરિસ્થિતિમાં તેને રાહત નથી, એ જ પ્રમાણે એ વ્યક્તિ અપમાનમાં તો કૂતરા સમાન થઈ ગયો અને પરેશાનીમાં પણ કૂતરાના એ ગુણમાં સામેલ થઈ ગયો, બસ જેવી આ વ્યક્તિની હાલત થઈ છે) એ જ હાલત (સામાન્ય રીતે) તે લોકોની છે જેમણે અમારી આયતોને (કે જે તવહીદ અને રિસાલતની દલીલ છે) જૂઠાડી (કે સત્ય જાહેર થયા પછી ફક્ત મનેચ્છાઓનું અનુસરણ કરવાના કારણે સત્યને છોડી દીધું), બસ તમે આ અહેવાલને વર્ણન કરી આપો જેથી તે લોકો (તેને સાંભળીને) કંઈ વિચારે; (વાસ્તવમાં) તે લોકોની હાલત પણ ખરાબ હાલત છે જે અમારી આયતો (તવહીદ અને રિસાલતની દલીલ)ને જૂઠાડે છે અને (આ જૂઠાડવાથી) તેઓ પોતાનું (જ) નુકસાન કરે છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં બની ઈસ્રાઈલનો એક ઈબ્રતનાક (બોધપાઠ ગ્રહણ કરવાપાત્ર) કિસ્સો પ્રસ્તુત છે, જેમાં બની ઈસ્રાઈલના એક મોટા આલિમ અને જેમનું અનુસરણ કરવામાં આવતું હતું તેવા પ્રખ્યાત વિદ્વાન અને ઉચ્ચ કક્ષાના

દીની જ્ઞાનના હોદ્દા ઉપર પહોંચ્યા પછી અચાનક માર્ગ ભટકી ગયેલા અને નિંદાપાત્ર બની ગયેલા વ્યક્તિની ઘટના તેના કારણો સહિત અત્રે વર્ણન થઈ છે અને તેમાંથી ઘણી બધી શિખામણો પ્રાપ્ત થાય છે.

આ કિસ્સાનો સંદર્ભ પાછળની આયતો સાથે એ છે કે, તેમાં જે કરાર અને વચનનું વર્ણન હતું જે અઝલમાં અલ્લાહ તબારક વ તઆલાએ સમગ્ર મનુષ્યજાતિ પાસેથી લીધું હતું અને ત્યારબાદ ખાસ-ખાસ પરિસ્થિતિઓમાં ખાસ-ખાસ કોમો યહૂદીઓ અને નસારાઓ વગેરે પાસેથી લીધું હતું અને પ્રસ્તુત આયતોમાં એનું પણ વર્ણન આવ્યું હતું કે, કરાર લેનારાઓમાંથી ઘણા લોકો આ કરાર અને વચન ઉપર કાયમ નથી રહ્યા, જેમકે યહૂદીઓ કે તેમણે ખાતમુન્નબિય્યિન ﷺના આ દુનિયામાં આવતા પહેલાં તેમની રાહ જોઈ અને તેઓ રસૂલે કરીમ ﷺના ગુણ-લક્ષણો તથા તેમની નિશાનીઓ લોકો સામે વર્ણન કર્યા કરતા હતા અને તેની ખરાઈ કર્યા કરતા હતા પરંતુ જ્યારે રસૂલે કરીમ ﷺ મબઊષ થયા તો દુનિયાના તુચ્છ સ્વાર્થ માટે આપ ﷺ ઉપર ઈમાન લાવવાથી અને આપ ﷺનું અનુસરણ કરવાથી ઈન્કારી થઈ ગયા.

બની ઇસ્રાઈલના એક વિદ્વાન આલિમ અને અનુકરણીય વ્યક્તિની ગુમરાહીનો ઇબ્રતનાક (બોધપાઠ ગ્રહણ કરવાપાત્ર) કિસ્સો :

આ આયતોમાં રસૂલે કરીમ ﷺને હુકમ થયો છે કે, તમે પોતાની કોમ સમક્ષ આ ઘટના પઢીને સંભળાવો કે જેમાં બની ઈસ્રાઈલના એક મોટા વિદ્વાન અને આલિમ તથા પ્રખ્યાત આગેવાનની એવી જ પ્રગતિ પછી અધોગતિ, ઉચ્ચતા પછી નિમ્નતા અને હિદાયત પછી માર્ગ ભટકી જવાનો કિસ્સો પ્રસ્તુત છે કે, વિશાળ જ્ઞાન અને સંપૂર્ણ મઅ્રિફત (અલ્લાહનો પરિચય) પ્રાપ્ત કર્યા છતાં જ્યારે વ્યક્તિગત સ્વાર્થ તેના ઉપર હાવી થઈ ગયો ત્યારે આ બધું જ્ઞાન અને મઅ્રિફત તથા તેની સ્વીકૃતિ નષ્ટ થઈને તે ગુમરાહ અને અપમાનિત થઈ ગયો.

કુર્આને કરીમમાં આ વ્યક્તિનું નામ અને કોઈ ઓળખ ચોક્કસ નથી કરવામાં આવી, વિવરણકાર ઈમામો સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) દ્વારા તેના વિશે વિવિધ રિવાયતો નકલ થઈ છે, જેમાંથી વધારે પ્રખ્યાત અને સર્વસ્વીકૃત અથવા ભરોસાપાત્ર રિવાયત તે છે જે હઝરત ઈબ્ને મરદૂયાએ હઝરત

અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ કરી છે કે, "તે વ્યક્તિનું નામ بَلْعَمُ بِنْ بَاعُوْرَا (બલ્અમ બિન બાઊરા) છે. તે સિરીયામાં બયતુલ મુકદસ પાસે કન્આનનો નિવાસી હતો અને એક રિવાયતમાં છે કે તે બની ઈસ્રાઈલમાંથી હતો. અલ્લાહ તઆલાની અમુક કિતાબોનું જ્ઞાન તેને હતું, કુર્આને કરીમમાં તેનો જે ગુણ اَلَّذِىْٓ اٰتَيْنٰهُ اٰيٰتِنَا બતાવ્યો છે એનાથી તેના આ જ જ્ઞાન તરફ ઈશારો છે."

જ્યારે ફિરઔનીઓ ડૂબીને નાશ પામ્યા અને મિસ્ર (ઈજિપ્ત)ના વિજય પછી હઝરત મૂસા (અલૈ.) અને બની ઈસ્રાઈલને "જબ્બારીન" કોમ સાથે જિહાદ કરવાનો હુકમ મળ્યો અને જબ્બારીને જોયું કે, હઝરત મૂસા (અલૈ.) સમગ્ર બની ઈસ્રાઈલનું લશ્કર લઈને આવી પહોંચ્યા છે તથા તેમને બની ઈસ્રાઈલની દુશ્મન કોમ ફિરઔનીઓના ડૂબી જવાની તથા તેમના સર્વનાશ થવાની ઘટનાની પ્રથમથી જ જાણ હતી તો તેમને ચિંતા થવા લાગી, તેઓ ભેગા થઈને બલ્અમ બિન બાઊરા પાસે આવ્યા અને કહ્યું કે, "મૂસા (અલૈ.) કઠોર સ્વભાવના વ્યક્તિ છે અને તેમની સાથે મોટું લશ્કર છે તથા તેઓ એટલા માટે આવે છે કે અમને અમારા પ્રદેશમાંથી કાઢી મૂકે, તમે અલ્લાહ તઆલા પાસે એ દુઆ કરો કે તેમને અમારો મુકાબલો ન કરતાં પાછા વાળી દે." કારણ એ હતું કે, બલ્અમ બિન બાઊરાને اِسْمِ اَعْظَمْ (ઈસ્મે આ'ઝમ)ની જાણ હતી, તે તેના દ્વારા જે પણ દુઆ કરતો હતો તે કબૂલ થઈ જતી હતી.

બલ્અમે કહ્યું, "અફસોસ છે ! તમે કેવી વાત કહો છો ? તે અલ્લાહના નબી છે અને તેમની સાથે અલ્લાહના ફરિશ્તાઓ છે, હું તેમના વિરુદ્ધ કઈ રીતે બદ્દુઆ કરી શકું ! જ્યારે કે તેમનું અલ્લાહની નિકટ જે સ્થાન છે તે પણ હું જાણું છું, જો હું એવું કરું તો મારો દીન અને દુનિયા બંને તબાહ–બરબાદ થઈ જશે."

તે લોકોએ ખૂબ આગ્રહ કર્યો તો બલ્અમે કહ્યું, "સારું, હું મારા પરવરદિગાર પાસેથી આ ઘટના સંદર્ભે જાણી લઈશ કે આવી દુઆ કરવાની પરવાનગી છે કે નહીં ?" તેણે "ઈસ્તિખારહ" દ્વારા જાણવા માટે કોઈ અમલ કર્યો, સ્વપ્નમાં તેને બતાવવામાં આવ્યું કે તે કદાપિ એવું ન કરે તેણે કોમને બતાવી આપ્યું કે, "મને બદ્દુઆ કરવાની મનાઈ કરવામાં આવી છે." તે સમયે જબ્બારીન કોમે બલ્અમને કોઈ મોટી ભેટ–સોગાતો આપી અને વાસ્તવમાં એ

લાંચ હતી, તેણે ભેટ સ્વીકાર કરી લીધી ત્યાર પછી તે કોમના લોકો તેની પાછળ પડી ગયા કે હવે તમે અમારું આ કામ ચોક્કસ કરી આપો, જ્યારે આગ્રહની કોઈ સીમા ન રહી તો અમુક રિવાયતોમાં આવે છે કે તેની પત્નીએ સલાહ આપી કે, આ લાંચ સ્વીકારી લો અને તેમનું કામ કરી આપો. એ સમયે પત્નીને રાજી રાખવા માટે અને માલ-દોલતની મહોબ્બતમાં તે આંધળો થઈ ગયો, એણે હઝરત મૂસા (અલૈ.) અને બની ઈસ્રાઈલ વિરુદ્ધ બદ્દુઆ કરવાનું શરૂ કર્યું.

તે સમયે અલ્લાહની કુદરતનો એક આશ્ચર્યજનક ચમત્કાર થયો કે તે જે બદ્દુઆના વાક્યો હઝરત મૂસા (અલૈ.) અને તેમની કોમ માટે કહેવા ઈચ્છતો હતો તેની જીભથી બદ્દુઆના શબ્દો પોતે પોતાની જબ્બારીન કોમ માટે નીકળી ગયા, તે કોમ શોર-બકોર કરવા માંડી કે તું તો અમારા વિરુદ્ધ બદ્દુઆ કરી રહ્યો છે. બલ્અમે કહ્યું કે આ બાબત મારા અધિકારક્ષેત્રથી બહારની બાબત છે, મારી જીભ તેમના વિરુદ્ધ બોલવા માટે મારા કાબૂમાં નથી.

પરિણામ એ આવ્યું કે, તે કોમ ઉપર પણ તબાહી નાઝિલ થઈ અને બલ્અમને આ સજા મળી કે તેની જીભ તેના મોઢામાંથી બહાર નીકળી છાતી સુધી લટકી ગઈ અને તેણે પોતાની કોમને કહ્યું કે, મારી તો આખિરત અને દુનિયા બંને તબાહ થઈ ગઈ, હવે મારી દુઆની કોઈ અસર રહી નથી પરંતુ હું તમને એક યુક્તિ બતાઉં છું જેના દ્વારા તમે હઝરત મૂસા (અલૈ.) ઉપર વિજય પ્રાપ્ત કરી શકો છો.

તે એ કે તમે પોતાની સ્વરૂપવાન યુવતીઓને શણગારીને બની ઈસ્રાઈલના લશ્કરમાં મોકલી આપો અને તેમને તાકીદપૂર્વક એવી સૂચના આપો કે, બની ઈસ્રાઈલના લોકો તેમની સાથે જે કંઈ કરે, કરવા દે, અવરોધ ઊભો ન કરે, આ લોકો પ્રવાસીઓ છે, પોતાના ઘરોએથી લાંબા સમયથી બહાર નીકળેલા છે, આ યુક્તિથી શક્ય છે કે તે લોકો દુષ્કૃત્યોમાં સપડાય જશે અને અલ્લાહ તઆલા નજીક વ્યભિચાર અત્યંત નિંદાપાત્ર અને તેના ગુસ્સાને ઉભારનારી વસ્તુ છે. જે કોમમાં વ્યભિચાર હોય છે તેમના ઉપર અવશ્ય અલ્લાહનો ક્રોધ નાઝિલ થાય છે અને તે ક્યારેય વિજય પ્રાપ્ત કરવા માટે સમર્થ થઈ શકતી નથી.

બલ્અમનું આ શયતાની ષડયંત્ર તે કોમની સમજમાં આવી ગયું, તેના

ઉપર અમલ કરવામાં આવ્યો. બની ઈસ્રાઈલનો એક મોટો વ્યક્તિ આ ચાલનો શિકાર બની ગયો. હઝરત મૂસા (અલૈ.)એ તેને એ વબાલથી અટકાવ્યો પરંતુ તે અટક્યો નહીં અને શયતાનના ષડયંત્રમાં સપડાઈ ગયો.

જેનું પરિણામ એ આવ્યું કે, બની ઈસ્રાઈલમાં સખત પ્રકારનો પ્લેગ ફેલાઈ ગયો, જેમાં એક જ દિવસમાં સિત્તેર હજાર બની ઈસ્રાઈલના લોકો મોતના ઘાટ ઊતરી ગયા, અંતે જે કોઈપણ સ્ત્રી-પુરુષે દુષ્કૃત્ય આચર્યું હતું તેમને બની ઈસ્રાઈલે કતલ કરી જાહેર સ્થળે લટકાવી દીધા કે તેનાથી બધા લોકો બોધપાઠ ગ્રહણ કરે. આ જોઈ બધાએ તવબહ કરી અને તે સમયે પ્લેગ દૂર થઈ ગયો.

કુર્આને કરીમની પ્રસ્તુત આયતમાં એના વિશે ફરમાવ્યું, فَانسَلَخَ مِنۡهَا એટલે કે, "અમે પોતાની આયતો અને તેનું જ્ઞાન અને મઅ્રિફત તે વ્યક્તિને અર્પણ કરી હતી પરંતુ તે તેનાથી નીકળી ગયો," اِنۡسِلَاخ (ઈન્સિલાખ)નો શબ્દ વાસ્તવમાં જાનવરનું ચામડાની અંદરથી અથવા સાપનું કાંચળીમાંથી નીકળી જવાને કહેવામાં આવે છે. આ સ્થળે આયતોના જ્ઞાનને પહેરવેશ અથવા ચામડાં સાથે સરખાવીને એ બતાવવામાં આવ્યું છે કે, એ વ્યક્તિ જ્ઞાન અને મઅ્રિફતથી બિલકુલ જ અલગ થઈ ગયો. فَاَتۡبَعَهُ الشَّيۡطٰنُ એટલે કે, "તેની પાછળ શયતાન લાગી ગયો" ફરક એ છે કે જ્યાં સુધી આયતોનું જ્ઞાન અલ્લાહના ઝિક્રની સાથે હતું શયતાનનો કાબૂ તેના ઉપર ચાલી શકતો ન હતો પરંતુ જ્યારે તે ઝિક્ર જતો રહ્યો તો શયતાને તેના ઉપર કાબૂ મેળવી લીધો. فَكَانَ مِنَ الۡغٰوِيۡنَ એટલે કે, "પછી તે ગુમરાહોમાંથી થઈ ગયો." તેનો ભાવાર્થ એ છે કે, શયતાનના કાબૂ હેઠળ આવી જવાનું પરિણામ એ આવ્યું કે તે ગુમરાહોમાં સામેલ થઈ ગયો.

બીજી આયતમાં وَلَوۡ شِئۡنَا لَرَفَعۡنٰهُ بِهَا وَلٰكِنَّهٗۤ اَخۡلَدَ اِلَى الۡاَرۡضِ وَاتَّبَعَ هَوٰٮهُ ઈરશાદ ફરમાવ્યો, એટલે કે "જો અમે ઈચ્છયું હોત તો તેને આયતો દ્વારા ઉચ્ચ કક્ષાનો મરતબો આપ્યો હોત પરંતુ તે દુનિયા તરફ કેન્દ્રિત થઈ ગયો અને મનેચ્છાઓની પેરવી કરવા માંડયો." શબ્દ اَخۡلَدَ (અખ્લદ) તે اِخۡلَاد (ઈખ્લાદ)થી બન્યો છે, જેનો અર્થ છે "કોઈ વસ્તુ તરફ આકર્ષાવું અથવા કોઈ સ્થળને આવશ્યક બનાવી લેવું" અને اَرۡض (અર્દ)નો અસલી અર્થ "જમીન" છે, દુનિયાની જેટલી વસ્તુઓ છે, તે બધી યા તો પોતે જમીન છે અથવા જમીનથી

સંબંધિત છે જેમકે ઘર, ખેતી, બાગ-બગીચા, જાયદાદ વગેરે અથવા જમીનથી જ પેદા થનારી કરોડો વસ્તુઓ છે, જે મનુષ્યની જિંદગીના અસ્તિત્વ માટે તથા તેના માટે રાહત અને સહૂલતનો આધાર છે, તેના માટે શબ્દ اَرْض (અર્દ) કહીને આ સ્થળે સમગ્ર દુનિયા અર્થ તરીકે લેવામાં આવી છે. આ આયતમાં એ તરફ ઈશારો કરવામાં આવ્યો કે, અલ્લાહની આયતો અને તેનું જ્ઞાન જ વાસ્તવમાં ઉચ્ચ કક્ષાએ પહોંચવા માટેનું તથા પ્રગતિનું માધ્યમ છે પરંતુ જે વ્યક્તિ આ આયતોનું સન્માન ન કરે અને દુનિયાની ઝલીલ મનેચ્છાઓને અલ્લાહની આયતો ઉપર અગ્રિમતા આપે તો તેના માટે જ્ઞાન એક વબાલ બની જાય છે.

આ જ વબાલનું વર્ણન આયતમાં આ પ્રમાણે કરવામાં આવ્યું છે, فَمَثَلُهُ كَمَثَلِ الْكَلْبِ اِنْ تَحْمِلْ عَلَيْهِ يَلْهَثْ اَوْتَتْرُكْهُ يَلْهَثْ શબ્દ لَهْث (લહષ)નો વાસ્તવિક અર્થ એ છે કે, "જીભ મોઢામાંથી બહાર કાઢી જોર-જોરથી શ્વાસ લેવો" એટલે કે "હાંફવું."

દરેક સજીવ પોતાની જિંદગીમાં એ બાબતનો મોહતાજ છે કે, પોતાના શરીરના ગરમ અને ઝેરીલા ઉચ્છવાસને બહાર ફેંકે અને બહારથી તાજી હવા નાક અને ગળાના માર્ગે અંદર લઈ જાય, તેના ઉપર જ સજીવની જિંદગીનો આધાર છે અને અલ્લાહ તઆલાએ દરેક સજીવ માટે આ અગત્યના કામને એટલું સરળ બનાવી દીધું કે ઈરાદો કર્યા વગર કોઈપણ પ્રકારની મહેનત વિના નાકના નસકોરાઓમાંથી અંદરની હવા બહાર અને બહારની તાજી હવા અંદર જાય છે. તેમાં ન તો તેને કોઈ જોર લગાવવું પડે છે અને ન જ કોઈ મહેનત કે સંઘર્ષની આવશ્યકતા હોય છે. કુદરતી અને સ્વાભાવિક રીતે આ કામ સતત આપમેળે થતું જ રહે છે.

સજીવોમાં ફક્ત કૂતરું એવું જાનવર છે, જેને શ્વાસ લેવા અને બહાર કાઢવામાં જીભ બહાર કાઢીને જોર લગાવી મહેનત કરવી પડે છે અને બીજા જાનવરોની એવી પરિસ્થિતિ ફક્ત એવા સમયે હોય છે જ્યારે કે કોઈ તેમના ઉપર હુમલો કરે અથવા તેઓ થાકી જાય અથવા કોઈ અચાનક મહેનતનું કામ તેમને કરવું પડે.

કુર્આને કરીમે તે વ્યક્તિને કૂતરા સાથે સરખાવ્યો, તેનું કારણ એ છે કે

અલ્લાહના હુકમના વિરુદ્ધ વર્તન કરનારને એ સજા મળી હતી કે તે વ્યક્તિ બલઅમ બિન બાઉરાની જીભ મોઢામાંથી બહાર નીકળીને છાતી સુધી લટકી ગઈ હતી અને તે બરાબર કૂતરાની જેમ જ હાંફતો રહેતો હતો. કોઈ તેના ઉપર હુમલો કરે અથવા ન કરે તે દરેક હાલતમાં હાંફતો હતો.

ત્યારબાદ ફરમાવ્યું, ذٰلِکَ مَثَلُ الْقَوْمِ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا એટલે કે, "આ જ ઉદાહરણ છે તે લોકોનું જેમણે અમારી આયતો જૂઠાડી." હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું, "એનો અર્થ મક્કાના નિવાસીઓ છે કે, તેઓ કાયમ એવી ઈચ્છા અને તમન્ના કર્યા કરતા હતા કે તેમની પાસે કોઈ માર્ગદર્શક અને રહેબર આવી જાય જે તેમને અલ્લાહ તઆલાના અનુસરણ તરફ આમંત્રણ આપે અને અનુસરણ કરવાની સાચી રીત શિખવાડે. પછી જ્યારે તે માર્ગદર્શક આવી ગયા અને એવી ખુલ્લી નિશાનીઓ સાથે આવ્યા કે તેમના સાચા હોવામાં જરા પણ શંકા-કુશંકાની સંભાવના બાકી ન રહી તો તેમને જૂઠાડવા લાગ્યા અને અલ્લાહની આયતોથી મોઢું ફેરવવા લાગ્યા."

અમુક વિવરણકારોએ ફરમાવ્યું કે, તેનો ભાવાર્થ બની ઈસ્રાઈલ છે જે નબીએ કરીમ ﷺની બઅ્ષત પહેલાં આપ ﷺ ની નિશાનીઓ અને ખાસિયતોને તવરાતમાં પઢીને લોકોને બતાવ્યા કરતા હતા અને રસૂલે કરીમ ﷺના આવવાનો ઈન્તેઝાર કર્યા કરતા હતા પરંતુ જ્યારે આપ ﷺ તશરીફ લાવ્યા ત્યારે સૌથી વધારે દુશ્મની અને વિરોધ એ જ લોકોએ કર્યો અને તવરાતના હુકમોથી એવા સાફ રીતે નીકળીને અળગા થઈ ગયા જેમકે બલ્અમ બિન બાઉરા અલગ થઈને નીકળી ગયો હતો.

અંતિમ આયતમાં ફરમાવ્યું, فَاقْصُصِ الْقَصَصَ لَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ એટલે કે, "(હે નબી ﷺ !) તમે તે વ્યક્તિનો કિસ્સો તે લોકોને સંભળાવી આપો, કદાચ તેઓ કંઈ વિચારે અને તે ઘટનાથી બોધપાઠ ગ્રહણ કરે."

ત્રીજી આયતમાં ફરમાવ્યું કે, અલ્લાહની આયતોને જૂઠાડનારાઓની ખરાબ હાલત થાય છે અને આ લોકો પોતાની જ જાત ઉપર અત્યાચાર કરી રહ્યા છે અને તેઓ કોઈનું કંઈ જ બગાડી રહ્યા નથી.

પ્રસ્તુત આયતો અને તેમાં વર્ણન કરવામાં આવેલ ઘટનાઓમાં ચિંતન કરનાર લોકો માટે ઘણા બધા લાભો અને બોધપાઠ તથા શિખામણો છે.

પ્રથમ એ કે કોઈ વ્યક્તિએ પોતાના જ્ઞાન, આવડત, મહેનત અને ઈબાદત ઉપર નાઝ (ગર્વ) ન કરવો જોઈએ, હાલત બદલાતાં અને બગડતાં વાર નથી લાગતી. બલ્અમ બિન બાઊરાનું જે પરિણામ આવ્યું તે સૌની સામે છે. એટલા માટે અલ્લાહની ઈતાઅત અને ઈબાદતની સાથે-સાથે તેનો આભાર માની દુઆ કરવી જોઈએ અને અલ્લાહ તઆલા ઉપર જ દરેક મનુષ્યએ ભરોસો કરવો જોઈએ.

બીજું એ કે, આ પ્રકારની પરિસ્થિતિઓ અને તેના કારણોથી પણ વ્યક્તિએ બચવું જોઈએ, જ્યાં પણ તેને પોતાના દીનમાં ખરાબી થવાની શંકા હોય, ખાસ કરીને માલ અને સંતાનોના પ્રેમમાં; જેમકે આ ઘટનામાં વર્ણવેલ ખરાબ પરિણામને હંમેશા નજર સમક્ષ રાખવું જોઈએ.

ત્રીજું એ કે, ફસાદખોર અને માર્ગ ભટકેલ લોકો સાથે સંબંધ રાખવો અથવા તેમની ભેટ-સોગાતો અથવા દા'વત વગેરેનો સ્વીકાર કરવાથી પણ બચવું જોઈએ. બલ્અમ આ મુસીબતમાં તેમની ભેટ સ્વીકારવાના કારણે સપડાઈ ગયો હતો.

ચોથું એ કે, નિર્લજ્જતા અને વ્યભિચાર સમગ્ર કોમની તબાહી અને વિનાશ માટેનો સામાન હોય છે, જે કોમ પોતાને બલાઓ, આફતો અને મુસીબતોથી સુરક્ષિત રાખવા ઈચ્છતી હોય તેના માટે જરૂરી છે કે તે કોમે નિર્લજ્જતા અને બેહયાઈના કાર્યોથી સંપૂર્ણ બચવું જોઈએ અને તેને રોકવાની સંપૂર્ણ કાળજી રાખવી જોઈએ નહિતર દુષ્કૃત્યો અલ્લાહ તઆલાનો અઝાબ નોંતરશે.

પાંચમું એ કે, અલ્લાહની આયતોનો વિરોધ કરવો પોતે પણ એક અઝાબ જ છે અને તેના કારણે શયતાન એવા વ્યક્તિ ઉપર કાબૂ પ્રાપ્ત કરીને તેને હજારો પ્રકારના દુષ્કૃત્યોમાં સંડોવી દે છે. એટલા માટે જે વ્યક્તિને અલ્લાહ તઆલાએ દીનનું જ્ઞાન અર્પણ કર્યું હોય તેની કદર કરવી જોઈએ અને પોતાના અમલની સુધારણાથી બેફિકર અને નચિંત થઈને ન બેસી જવું જોઈએ.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૭૮-૧૭૯)

مَنۡ يَّهۡدِ اللّٰهُ فَهُوَ الۡمُهۡتَدِىۡ‌ۚ وَمَنۡ يُّضۡلِلۡ فَاُولٰۤـئِكَ هُمُ الۡخٰسِرُوۡنَ ﴿۱۷۸﴾
وَلَقَدۡ ذَرَاۡنَا لِجَهَنَّمَ كَثِيۡرًا مِّنَ الۡجِنِّ وَالۡاِنۡسِ‌ ‌ۖ لَهُمۡ قُلُوۡبٌ لَّا يَفۡقَهُوۡنَ
بِهَا وَلَهُمۡ اَعۡيُنٌ لَّا يُبۡصِرُوۡنَ بِهَا وَلَهُمۡ اٰذَانٌ لَّا يَسۡمَعُوۡنَ بِهَا ؕ اُولٰۤـئِكَ
كَالۡاَنۡعَامِ بَلۡ هُمۡ اَضَلُّ‌ ؕ اُولٰۤـئِكَ هُمُ الۡغٰفِلُوۡنَ ﴿۱۷۹﴾

તરજુમો :

જેને અલ્લાહ માર્ગ (હિદાયત) આપે તે જ માર્ગ પામે અને જેને તે ભટકાવી દે બસ તેઓ જ નુકસાનમાં છે. (૧૭૮) અને અમે ઘણા બધા જિન્નાતો અને માનવી દોઝખ માટે પેદા કર્યા; તેમના દિલો છે કે તેનાથી સમજતા નથી અને આંખો છે કે તેનાથી જોતા નથી અને કાન છે કે તેનાથી સાંભળતા નથી, તેઓ એવા છે જેમકે પશુઓ બલકે એનાથી પણ વધારે માર્ગ ભટકેલા, તે જ લોકો ગાફેલ (દુર્લક્ષ સેવનાર) છે. (૧૭૯)

તફસીર :

જેને અલ્લાહ તઆલા હિદાયત આપે છે બસ તે જ હિદાયત પ્રાપ્ત કરનાર હોય છે અને જેને ગુમરાહ કરે બસ એવા જ લોકો (કાયમી) નુકસાનમાં પડી જાય છે (પછી તેમનાથી હિદાયતની આશા કરવી અને હિદાયત ન મળવાથી દિલગીર થવું બેકાર છે) અને (જ્યારે તે લોકો પોતાની સમજશક્તિથી કામ જ નથી લેતા તો હિદાયત ક્યાંથી થાય ? બસ તેમના નસીબમાં તો દોઝખ જ છે, આથી) અમે એવા ઘણા બધા જિન્નાતો અને મનુષ્યો દોઝખ(માં રહેવા) માટે પેદા કર્યા છે જેમના (કહેવા માટે તો) દિલ (છે પરંતુ) એવા છે જેનાથી તેઓ (સત્ય વાતને) સમજતા નથી (એટલા માટે સમજવાનો પ્રયત્ન પણ કરતા નથી) અને જેમની (કહેવા માટે તો) આંખો છે પરંતુ એવી છે જેનાથી (ધ્યાન આપીને સત્ય વાતને અને દલીલ સ્વરૂપે કોઈપણ હકીકતને) જોતા નથી અને જેમના (નામ પૂરતા) કાન (છે પરંતુ) એવા છે જેનાથી (ધ્યાન કેન્દ્રિત કરી સત્ય વાતને) સાંભળતા નથી, મતલબ કે આ લોકો (આખિરત તરફથી બેધ્યાન થવામાં) પશુઓ જેવા છે,

બલકે (એવી હાલતમાં છે કે પશુઓને તો આખિરત તરફ ધ્યાન કેન્દ્રિત કરવાની કે લક્ષ આપવાની જરૂર પણ નથી અને તેમને તેના જવાબદાર પણ બનાવવામાં આવ્યા નથી માટે આ પશુઓનું આ બાબત તરફ ધ્યાન કેન્દ્રિત ન કરવું અથવા લક્ષ ન આપવું કોઈ નિંદાપાત્ર બાબત નથી અને આ દુષ્ટ લોકોને તો આ હુકમ છે તો પણ દુર્લક્ષ સેવે છે, બસ એ આધારે) આ લોકો (તે પશુઓથી પણ) વધારે બદ્તર છે (કારણ કે) આ લોકો (ધ્યાન અપાવવા છતાં આખિરતથી) ગાફેલ (એટલે કે દુર્લક્ષ સેવનાર) છે.

મસ્અલા અને બોધપાઠ :

આ પ્રથમ આયતનો વિષય એ છે કે, જેને અલ્લાહ તઆલાએ સીધા માર્ગની હિદાયત આપી દીધી તે હિદાયત મેળવનાર છે અને જેને ગુમરાહ કરી દીધો તે જ નુકસાન ઉઠાવનારો છે.

આ વિષય કુર્આન શરીફની ઘણી બધી આયતોમાં વારંવાર આવ્યો છે, જેમાં બતાવવામાં આવ્યું છે કે હિદાયત અને ગુમરાહી તથા દરેક ભલાઈ અને બુરાઈ તથા સારા-નરસાનો સર્જનહાર ફક્ત અલ્લાહ જલ્લ શા'નુહૂ જ છે. મનુષ્ય સમક્ષ સારા અને નરસા, સાચા અને ખોટા, ભલા અને બુરા બંને માર્ગો ખુલ્લા કરી દેવામાં આવ્યા છે અને તેને એક ખાસ પ્રકારનો અધિકાર આપવામાં આવ્યો છે, તે પોતાના આ અધિકારથી જો સાચા અને સીધા માર્ગ ઉપર ચાલે તો સવાબ અને જન્નતનો હકદાર બને છે તથા ખરાબ અને ખોટા માર્ગે ચાલે તો અઝાબ અને જહન્નમમાં તેમનું ઠેકાણું હોય છે.

અત્રે એ વાત પણ વિચારવા યોગ્ય છે કે, હિદાયત પ્રાપ્ત કરી લેવાને એકવચનથી વર્ણન કરવામાં આવ્યું છે અને ગુમરાહી અપનાવનારાઓનો બહુવચનમાં ઉલ્લેખ થયો છે, તેમાં ઈશારો એ વાત તરફ છે કે હિદાયતનો માર્ગ એક જ છે, તે સત્ય દીન છે, જે હઝરત આદમ (અલૈ.)થી શરૂ થઈને ખાતમુલ અંબિયા ﷺ સુધી બધા જ અંબિયા (અલૈ.)ની રીતભાત રહી છે. દરેકના મૂળભૂત સિદ્ધાંતો જેમકે તવહીદ (એકેશ્વરવાદ) વગેરે એકસમાન અને એક જ છે, એટલા માટે સત્યનું અનુસરણ કરનારા ભલે કોઈપણ યુગમાં અથવા કોઈપણ નબીની ઉમ્મતમાં હોય તથા કોઈપણ નબીના દીન સાથે સંબંધ ધરાવતા હોય તે બધા એક જ છે.

અને ગુમરાહીના હજારો માર્ગો જુદા-જુદા છે, એટલા માટે ગુમરાહો (માર્ગ ભટકેલાઓ)ને બહુવચનમાં فَاُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ કહીને વર્ણન કરવામાં આવ્યા.

વળી આ આયતમાં એ વાત પણ લક્ષ આપવાપાત્ર છે કે, ગુમરાહી અને ખોટો માર્ગ ધારણ કરનારા લોકોને તો પરિણામે ખરાબ પરિણામ ભોગવવાનું વર્ણન કરવામાં આવ્યું કે તે લોકો નુકસાનમાં પડનારા છે, તેનાથી વિપરીત હિદાયત પામનારા લોકો માટે કોઈ ખાસ બદલાનું અત્રે વર્ણન કરવામાં આવ્યું નથી, બલકે ફક્ત એટલું કહેવાને પૂરતું સમજી લેવામાં આવ્યું છે કે, "તેઓ હિદાયત પામેલા છે." તેમાં એ બાબત તરફ ઈશારો છે કે, આવી મહાન નેઅ્મત એટલે કે, હિદાયત પ્રાપ્ત થઈ ગઈ કે જે દીન અને દુનિયાની સમગ્ર નેઅ્મતો અને રહમતો ઉપર વર્ચસ્વ ધરાવે છે, દુનિયામાં પવિત્ર જિંદગી અને આખિરતમાં જન્નતની અનંતકાલીન નેઅ્મતો હિદાયત સાથે જ સંલગ્ન છે. આ આધારે હિદાયત પોતે જ એક અગત્યની મહાન નેઅ્મત અને મોટું ઈનામ છે, જેને પ્રાપ્ત કર્યા પછી તે નેઅ્મતોનો ઉલ્લેખ કરવાની આવશ્યકતા નથી રહેતી જે હિદાયતના બદલામાં પ્રાપ્ત થનારી છે.

એનું ઉદાહરણ એવું છે જેમકે કોઈ મોટી હુકૂમત અથવા રાજ્યનો માલિક કોઈ વ્યક્તિને એવું કહી આપે કે તમે અમારા નિકટવર્તી વર્તુળમાંથી છો, અમે તમારી વાત સાંભળીશું અને માની લઈશું તો દરેક જાણકાર જાણે છે કે, દુનિયવી દષ્ટિએ આ સન્માનથી વધીને કોઈ મોટો હોદ્દો અથવા સન્માન કે કોઈ દોલત નથી હોઈ શકતી.

એ જ પ્રમાણે જ્યારે અલ્લાહ તઆલાએ કોઈ વ્યક્તિને "હિદાયત પામી ચૂકેલા"નું ઉપનામ આપી દીધું તો તેને દીન અને દુનિયાની સમગ્ર નેઅ્મતો પ્રાપ્ત થઈ ગઈ. એટલા માટે પુરોગામી બુઝૂર્ગોએ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાનો ઝિક્ર અને ઈબાદત પોતે જ પોતાનો બદલો અને અલ્લાહ તઆલાની મહાન દેણ છે. જે વ્યક્તિ અલ્લાહના ઝિક્રમાં પરોવાયેલો રહે છે તે, તે જ વખતે અલ્લાહ તઆલાનું ઈનામ અને તેનો રોકડ બદલો મેળવી રહ્યો છે. આખિરત અને જન્નતનું ઈનામ એ બીજું ઈનામ અને નેઅ્મત છે. તેને કુર્આને કરીમના આ આયતના ભાવાર્થથી સમજી શકાય છે, જેમાં ફરમાવ્યું, جَزَآءً مِّنْ رَّبِّكَ عَطَآءً કે એક જ વસ્તુને

"બદલો" પણ કહેવામાં આવ્યો અને "ભેટ" પણ; જ્યારે કે બંને વસ્તુઓ અલગ-અલગ છે, બદલો કોઈ પ્રવૃત્તિનું વળતર હોય છે અને ભેટ કોઈ વળતર વિના પણ હોઈ શકે છે.

એમાં જ બદલો અને ભેટની વાસ્તવિકતા બતાવી આપી કે જે વસ્તુને તમે ભેટ અથવા અમલનું વળતર કે બદલો સમજી રહ્યા છો તે પણ વાસ્તવમાં અમારી ભેટ અને ઈનામ જ છે, કારણ કે જે અમલનો આ બદલો મળ્યો છે તે અમલ પોતે જ અમારું ઈનામ હતું.

બીજી આયતમાં પણ આ જ વિષયની વધારે સ્પષ્ટતા કરવામાં આવી છે કે, હિદાયત અને ગુમરાહી બંને અલ્લાહ તઆલાના કાબૂ અને કબજામાં છે, જેને હિદાયત મળી ગઈ તે વ્યક્તિથી બધા કાર્યો હિદાયતને યોગ્ય હોય એવા જ થાય છે.

خرد چون دفتر تلقین کشاید   زمن آن در وجود آید که باید

બુદ્ધિ સામે જ્યારે નસીહતોની કિતાબ ખુલી જાય છે તો મારાથી એવા કામો થવા માંડે છે કે જે થવા જ જોઈતા હતા. (મતલબ કે બધું અલ્લાહથી જ થાય છે.)

અને જે ગુમરાહીમાં પડી ગયો તેના દ્વારા બધા કાર્યો તે પ્રમાણેના જ થશે.

એટલા માટે ફરમાવ્યું, وَلَقَدْ ذَرَاْنَا لِجَهَنَّمَ كَثِيْرًا مِّنَ الْجِنِّ وَالْاِنْسِ ج لَهُمْ قُلُوْبٌ لَّا يَفْقَهُوْنَ بِهَا ز وَلَهُمْ اَعْيُنٌ لَّا يُبْصِرُوْنَ بِهَا ز وَلَهُمْ اٰذَانٌ لَّا يَسْمَعُوْنَ بِهَا ز એટલે કે, અમે જહન્નમ માટે ઘણા બધા જિન્નાતો અને મનુષ્યોને પેદા કર્યા છે, જેમની નિશાનીઓ એ છે કે તેમની પાસે સમજવા માટે દિલો અને જોવા માટે આંખો અને સાંભળવા માટે કાન છે કે જેમનો તે સાચો ઉપયોગ કરે તો સીધો માર્ગ પામી લે અને લાભ તથા નુકસાનને સમજી લે, પરંતુ તેમની પરિસ્થિતિ એ છે કે ન તો તેઓ દિલોથી વાતને સમજે છે અને ન જ આંખોથી વસ્તુઓને જુએ છે અને ન તો કાનોથી સાંભળવાની બાબતોને સાંભળે છે.

એમાં એ બતાવવામાં આવ્યું કે, જો કે અલ્લાહની તકદીર એક અત્યંત ગૂઢ રહસ્ય છે જેનું આ જગતમાં કોઈને જ્ઞાન નથી હોતું, પરંતુ નિશાનીઓથી અમુક અંદાજો અને અનુમાન લગાવી શકાય છે જેમકે, જહન્નમવાળાઓની નિશાનીઓ એ છે કે તેઓ અલ્લાહ તઆલાએ આપેલી શક્તિ, ક્ષમતા અને સામર્થ્ય અનુસાર

યોગ્ય કામો નથી કરતા. સાચા જ્ઞાન અને મઅ્રિફત માટે જે અલ્લાહ જલ્લ શા'નુહૂએ બુદ્ધિ અને આંખો કે કાન અર્પણ કર્યા છે તેને પણ યોગ્ય સ્થાને વાપરતા નથી અને તેનો જે વાસ્તવિક હેતુ કે જેના દ્વારા કાયમી અને અંતવિહીન્ રાહત અને સહૂલત મળી શકતી હતી તે તેના તરફ લક્ષ પણ આપતા નથી.

આયતમાં કાફિરોમાં સમજવા, જોવા અને સાંભળવાની શક્તિ ન હોવાનું જાહેર થાય છે, જે દેખીતી રીતે વાસ્તવિક્તા વિરુદ્ધ લાગે છે, પણ એવું નથી. -યોગ્ય ખુલાસો :

આ આયતમાં તે લોકોની સમજવાની, જોવાની તથા સાંભળવાની શક્તિ ન હોવાની જાહેરાત થાય છે કે તેઓ ન તો કંઈ સમજે છે, ન જ કોઈ વસ્તુને જુએ છે, ન જ કોઈ વાત સાંભળે છે, જ્યારે કે વાસ્તવિકતા અને સાબિતી એ છે કે આ લોકો ન તો પાગલ અથવા ગાંડા હોય છે કે કંઈ જ ન સમજી શકે અને ન જ તેઓ આંધળા હોય છે કે કંઈ જોઈ ન શકે અને ન જ બહેરા હોય છે કે કંઈ જ સાંભળતા નથી, બલકે સાબિતી અને પ્રત્યક્ષ હકીકત એ છે કે દુનિયાના કાર્યોમાં આ લોકો મોટે ભાગે વધારે ચાલાક અને હોશિયાર નજરે પડે છે.

પરંતુ વાત એમ છે કે, અલ્લાહ તઆલાએ પોતાની મખ્લૂકોમાંથી દરેક સર્જનમાં તેની આવશ્યકતા પ્રમાણે તેની જિંદગીના મૂળભૂત ઉદ્દેશને સમજવા માટેની અક્કલ અને બુદ્ધિ આપી રાખી છે જેનાથી તે વસ્તુસ્થિતિનો વિચાર કરી શકે છે. હવે જે વસ્તુઓને આપણે સુધ-બુધ વગરની અથવા તો બુદ્ધિહીન સમજીએ છીએ વાસ્તવમાં તે પણ પોતાની કક્ષા પ્રમાણે બુદ્ધિ કે સમજદારીથી ખાલી નથી. અલબત્ત આ વસ્તુઓમાં તેમની પોતાની ક્ષમતા અને પ્રમાણ હોય છે જે પ્રમાણ તેમના અસ્તિત્વના હેતુને પૂર્ણ કરવા માટે પૂરતું હોય છે. સૌથી ઓછી બુદ્ધિ ધરાવનાર અને સમજદારી ધરાવનાર જેને કુત્રિમ અને માનવસર્જિત વ્યાખ્યા પ્રમાણે નિર્જીવ સમજવામાં આવે છે જેમકે માટી, પથ્થર વગેરે જે ન તો વૃદ્ધિ પામે છે અને ન જ પોતાના સ્થળેથી હલન-ચલન કરી શકે છે અને તેમનામાં જીવનની કોઈ નિશાની ઓળખવી પણ અત્યંત મુશ્કેલ છે. હવે તેનાથી થોડી ઉપલી કક્ષાના સર્જન એટલે કે વનસ્પતિમાં વિચાર કરીએ કે, જેના અસ્તિત્વનો હેતુ વૃદ્ધિ પામવું, ફળવું-ફૂલવું વગેરે છે તેને તેના પ્રમાણમાં

સમજદારી અને બુદ્ધિ આપવામાં આવી. ત્યાર પછી પ્રાણીઓ અને પશુ-પક્ષીઓ કે જીવ-જંતુઓનો નંબર છે જેમના જીવનના હેતુમાં વૃદ્ધિ પામવી પણ સામેલ છે, હલન-ચલન કરીને પોતાનો ખોરાક શોધવો પણ તથા નુકસાનકર્તા વસ્તુઓથી બચવું અને પોતાનો વંશ પેદા કરવો પણ સામેલ છે. એટલા માટે તેમને જે બુદ્ધિ અને સમજદારી મળી છે તે આ માનવસર્જિત વ્યાખ્યા પ્રમાણેના નિર્જીવો કરતા થોડી વધારે મળી, પરંતુ એટલું જ કે તેનાથી તેઓ પોતાનો ખોરાક પ્રાપ્ત કરી પેટ ભરે, સૂએ, જાગે વગેરેની વ્યવસ્થા કરે, દુશ્મનથી પોતાનો જીવ બચાવે વગેરે. ત્યારબાદ મનુષ્યનો નંબર છે, જેના અસ્તિત્વનો હેતુ બધી જ વસ્તુઓ કરતાં ઉચ્ચ કક્ષાનો એ છે કે તે પોતાના પેદા કરનાર, પોષણ આપનાર પાલનહારને ઓળખે, તેની મરજી પ્રમાણે ચાલે, તેને નાપસંદ હોય એવી અપ્રિય વસ્તુઓથી બચે, સમગ્ર સર્જનની વાસ્તવિકતા ઉપર દૃષ્ટિપાત કરે અને તે સર્જનને પોતાના ઉપયોગમાં કામે લગાડે અને દરેક વસ્તુઓના પરિણામો અને હેતુઓને સમજે, ખરા-ખોટા, સારા-નરસાને પારખે, બુરાઈઓથી બચે, ભલાઈઓને અપનાવે, આ જ મનુષ્યજાતિની ખાસિયત છે કે તેને પ્રગતિ કરવા માટે મોકળું મેદાન મળ્યું છે જે અન્ય પ્રાણી કે સજીવને પ્રાપ્ત થયું નથી કે, જ્યારે તે પ્રગતિ કરે છે તો ફરિશ્તાઓની હરોળથી આગળનું સ્થાન પ્રાપ્ત કરી લે છે. તેની ખાસિયત એ છે કે તે સારા આચરણ અને સારી પ્રવૃત્તિ ઉપર સારો બદલો અને દુષ્કૃત્યો ઉપર સજા પણ મેળવશે, એટલા માટે તેને બુદ્ધિ અને સમજદારી પણ સૃષ્ટિના સર્જનમાં સૌથી વધારે અર્પણ કરવામાં આવી છે, જેથી તે સામાન્ય પશુ-પ્રાણીઓના સ્તરથી ઊંચો ઊઠીને પોતાના અસ્તિત્વનો હેતુ પૂર્ણ કરવા યોગ્ય કાર્યોમાં લાગી જાય. અલ્લાહ તઆલાની આપેલી વિશેષ બુદ્ધિ અને સમજદારી અને તેની બખ્શેલી દિર્ઘદૃષ્ટિ તથા અંતઃચક્ષુથી જોવાની, નિહાળવાની શક્તિને ખર્ચે અને તે અનુસાર કાર્યરત થાય.

જ્યારે આ વાસ્તવિકતા સામે આવી ચૂકી ત્યારે એક મનુષ્યનું વસ્તુસ્થિતિને સમજવું, જોવું, સાંભળવું અન્ય પશુઓના સમજવા, જોવા અને સાંભળવાથી અલગ પ્રકારનું હોવું જોઈએ. જો તેણે તેમાં પણ તે જ પ્રમાણે પોતાની બુદ્ધિ, દૃષ્ટિ તથા શ્રવણશક્તિની ક્ષમતાને કામે લગાવી દીધી જેમકે બીજા જાનવરો તે પ્રવૃત્તિઓમાં રત હોય છે અને જે મનુષ્યજાતિ માટે વિશેષ પ્રકારનું

કાર્ય અને પ્રવૃત્તિ હતી જેમકે દરેક વસ્તુના પરિણામ અને અંજામ ઉપર દષ્ટિ કરે, બુરાઈથી બચે, ભલાઈઓને અપનાવે; તેના ઉપર ધ્યાન ન આપ્યું તો તેનામાં અક્કલ હોવા છતાં પણ બુદ્ધિહીન તથા જોવાની શક્તિ હોવા છતાં પણ આંધળો અને સાંભળવાની શક્તિ હોવા છતાં પણ બહેરો જ કહેવામાં આવશે. કુર્આને કરીમે અન્ય સ્થળે صُمٌّ بُكْمٌ عُمْىٌ કહ્યું છે કે, "આવા લોકો બહેરા, મૂંગા અને આંધળા છે."

એમાં એનો ઉલ્લેખ નથી કે તેઓ પોતાના ખાવા-પીવા, રહેવા-સહેવા અને સૂવા-જાગવાની આવશ્યકતાઓને પણ સમજશે નહીં અથવા એ કે, તેનાથી સંબંધિત વસ્તુઓને જોતા-સાંભળતા નથી. બલકે, પોતે કુર્આને કરીમે તે લોકો વિશે એક સ્થળે يَعْلَمُوْنَ ظَاهِرًا مِّنَ الْحَيٰوةِ الدُّنْيَا وَهُمْ عَنِ الْاٰخِرَةِ هُمْ غٰفِلُوْنَ (૩૦:૭) ફરમાવ્યું, એટલે કે આ લોકો દેખીતી દુનિયાની જિંદગીને ખૂબ સારી રીતે જાણે છે પરંતુ આખિરતથી બેદરકાર, જાહિલ અને અજ્ઞાન છે. ફિરઔન અને હામાન અને એમની કોમ વિશે ફરમાવ્યું, وَكَانُوْا مُسْتَبْصِرِيْنَ (૨૯:૩૮) એટલે કે, આ લોકો મોટા તેજસ્વી બુદ્ધિના છે પરંતુ કારણ કે તેમની બુદ્ધિ અને દષ્ટિનો સમગ્ર હેતુ અને વર્તુળ ફક્ત એટલું જ રહ્યું છે જેટલું કે સામાન્ય પશુઓનું હોય છે કે તે પોતાના શરીરની સેવા કરાવી અને પોતાની રૂહની સેવા અને તેની રાહત વિશે કંઈ જ ન વિચાર્યું, ન જોયું, એટલા માટે તેઓ પોતાના આર્થિક ઉપાર્જનમાં તથા દુનિયાની જિંદગીમાં કેટલીય પ્રગતિ કરી લે, ચાંદ અને ગ્રહો ઉપર વિજય પ્રાપ્ત કરી લે, કૃત્રિમ ઉપગ્રહોને દુનિયાના વાતાવરણમાં ફેરવી દે પરંતુ આ બધી સેવા ફક્ત પોતાના શરીરના પાંચ-છ ફૂટના માળખા માટે અને પેટ માટે જ છે, તેનાથી આગળ કશું જ નથી કે જે રૂહ માટે સંપૂર્ણ રાહત અને સહૂલતનો સામાન બને. આથી કુર્આને કરીમે તેમને આંધળા અને બહેરા કહ્યા છે અને આ આયતમાં તેમની સમજવાની, જોવાની અને સાંભળવાની શક્તિ હણાઈ ચૂકી છે એવું જાહેર કરવામાં આવ્યું છે. મતબલ એ છે કે, તે લોકોએ જે સમજવું જોઈતું હતું તે ન સમજ્યું, જે નિહાળવું જોઈતું હતું તે ન જોયું અને ન જ સાંભળ્યું, જેમકે સામાન્ય પશુઓના સ્તરની શારીરિક ક્ષમતાઓ હોય છે, જેમકે ગધેડા, ઘોડા, બળદ, બકરી વગેરે.

આથી પ્રસ્તુત આયતના અંતે આ લોકો વિશે ફરમાવ્યું, اُولٰٓئِكَ كَالْاَنْعَامِ

એટલે કે, "આ લોકો પશુઓ જેવા છે" કે તેઓ ફક્ત પોતાના શરીરના માળખાની સેવામાં લાગ્યા છે. રોટી અને પેટ તથા તેની ફિકર-ચિંતા જ તેમના જીવનનો અંતિમ ઉદ્દેશ્ય છે. પછી ફરમાવ્યું, بَلْ هُمْ اَضَلُّ એટલે કે, "બલકે આ લોકો પશુઓ અને જાનવરોથી પણ વધારે મૂર્ખ છે." કારણ એ છે કે, જાનવરો તો શરીરના હુકમોના બાધ્ય પણ નથી, તેમના માટે સજા અને જઝાઅ્ નથી, તેમના જીવનનો હેતુ ફક્ત પોતાની આ જિંદગી અને શરીરના આ ઢાંચાની દુરુસ્તી સુધી રહે તો ઠીક છે પરંતુ મનુષ્યને તો પોતાના અમલોનો હિસાબ આપવાનો છે અને તેના અમલો ઉપર સજા અથવા જઝાઅ્ (સારો બદલો) મળવાનો છે. એટલા માટે પોતાની આ જ પ્રવૃત્તિઓને પોતાના જીવનનો હેતુ અને મકસદ સમજવો એ પશુઓ કરતા પણ વધારે મૂર્ખામી છે, તદુપરાંત પશુઓ પોતાના માલિકની સેવા-ચાકરી સંપૂર્ણ રીતે કરે છે અને અવજ્ઞાકારી (નાફરમાન) માનવી તો પોતાના પાલનહાર અને માલિકની સેવામાં પણ ઊણો ઉતર્યો છે. આથી તે જાનવરોથી પણ વધારે મૂર્ખ, ગાફેલ અને બેદરકાર ઠરાવવામાં આવ્યો. કારણ કે, તે આ બાબતો તરફ દુર્લક્ષ સેવે છે, તેને જ اُولٰٓئِكَ هُمُ الْغٰفِلُوْنَ ફરમાવવામાં આવ્યું.

આયત : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૮૦)

وَلِلّٰهِ الْاَسْمَآءُ الْحُسْنٰى فَادْعُوْهُ بِهَا ۪ وَذَرُوا الَّذِيْنَ يُلْحِدُوْنَ فِيْٓ اَسْمَآئِهٖ ؕ
سَيُجْزَوْنَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۱۸۰﴾

તરજુમો :

અને સૌ સારા નામ અલ્લાહના માટે છે, બસ તેને તે જ નામ કહીને પોકારો અને તેમને છોડી દો જેઓ એના નામોમાં ખોટા માર્ગે ચાલે છે, તેઓ પોતાના કર્યાનો બદલો પામીને રહેશે. (૧૮૦)

તફસીર :

અને સારા-સારા (ખાસ) નામો અલ્લાહના જ માટે (વિશિષ્ટ સ્વરૂપે) છે, બસ તે નામોથી અલ્લાહને પોકારો અને (અન્યોના નામો તેને ન આપ્યા કરો,

બલકે) એવા લોકો સાથે સંબંધ પણ ન રાખો જેઓ તેના (પ્રસ્તુત) નામોમાં ખોટો માર્ગ ધારણ કરે છે, (એ જ પ્રમાણે ગયરૂલ્લાહના નામોથી તેને ન બોલાવો જે નામોથી તે લોકો પોતાના બનાવેલા મઅ્બૂદો અને પૂજ્યોને શ્રદ્ધાપૂર્વક પોકારે છે) તે લોકોને નિકટમાં જ તેમના કર્યાની અવશ્ય સજા મળશે.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં જહન્નમનું વર્ણન હતું, જેમણે પોતાની બુદ્ધિ અને સભાનાવસ્થાને અલ્લાહ તઆલાની નિશાનીઓ જોવા, સાંભળવા, સમજવા તથા વિચારવામાં ખર્ચ ન કરી અને આખિરતની કાયમી તથા અંતહીન જિંદગી માટે કોઈ સર-સમાન તૈયાર ન કર્યો, જેનું પરિણામ એ આવ્યું કે અલ્લાહે અર્પેલ બુદ્ધિ અને દિર્ઘદષ્ટિને બરબાદ કરીને અલ્લાહના ઝિક્રના માધ્યમથી પોતાની જાતની સુધારણા અને સફળતા મેળવવા બાજુ લક્ષ ન આપ્યું અને પશુઓથી પણ વધારે માર્ગ ભટકીને મૂર્ખતામાં સંડોવાઈ ગયા.

પ્રસ્તુત આયતમાં તેમની બીમારીનો ઉપચાર અને તેમના દર્દની દવા બતાવવામાં આવી છે અને તે છે અલ્લાહ તઆલા પાસે દુઆ માંગવી અને અલ્લાહનો ઝિક્ર મોટા પ્રમાણમાં કરવો. ફરમાવ્યું وَلِلّٰهِ الْاَسْمَآءُ الْحُسْنٰى فَادْعُوْهُ بِهَا એટલે કે, "અલ્લાહના જ માટે સારા નામ છે તો તમે તેને તે જ નામોથી પોકારો."

"અસ્માએ હુસ્ના" (સારા નામો)ની સ્પષ્ટતા :

સારા નામોનો અર્થ અત્રે તે નામો છે, જે શ્રેષ્ઠતાના ગુણ-લક્ષણોમાં ઉચ્ચ કક્ષાની દલીલ સ્થાપિત કરે છે અને દેખીતું છે કે કોઈ વિશેષતાની ઉચ્ચ કક્ષા જેના ઉપર કોઈ બીજી કક્ષા ન હોઈ શકે તે ફક્ત સૃષ્ટિના સર્જનહાર અલ્લાહ જલ્લ શા'નુહૂને જ પ્રાપ્ત છે, તેના સિવાય કોઈ સર્જનને આ સ્થાન પ્રાપ્ત નથી થઈ શકતું, કારણ કે દરેક સર્વગુણ સંપન્ન વ્યક્તિથી બીજો વ્યક્તિ વધારે નિષ્ણાત અને શ્રેષ્ઠ હોઈ શકે છે, وَفَوْقَ كُلِّ ذِىْ عِلْمٍ عَلِيْمٌ (૧૨:૭૬)નો આ જ અર્થ છે "અને દરેક જ્ઞાનીથી વધીને કોઈ બીજો જ્ઞાની અને વિદ્વાન હોઈ શકે છે."

આથી આયતમાં એવા શબ્દો અપનાવવામાં આવ્યા જેનાથી જાણ થાય છે કે, આ સારા નામો ફક્ત અલ્લાહની જ ખાસિયત અને વિશિષ્ટતા છે. તે

વિશિષ્ટતા અન્યોને પ્રાપ્ત થઈ નથી. فَادْعُوْهُ بِهَا એટલે કે, જ્યારે આ જાણ થઈ ગઈ કે સારા નામો અલ્લાહના જ માટે છે અને તે સારા નામો તેની જાત સાથે વિશેષ સ્વરૂપે ખાસ છે તો આવશ્યક છે કે અલ્લાહ તઆલાને તે જ અસ્માએ હુસ્નાથી પોકારો.

પોકારવું અથવા બોલાવવું એ دُعَا "દુઆ"નો તરજુમો છે અને આ "દુઆ" શબ્દનો કુર્આનમાં બે પ્રકારના અર્થ માટે ઉપયોગ થયો છે. એક અલ્લાહનો ઝિક્ર, તેના વખાણ અને સ્તુતિ, તેની મોટાઈ અને બડાઈ વર્ણન કરવા માટે અને બીજો અર્થ જરૂરિયાતો અને મુશ્કેલીઓના સમયે અલ્લાહ તઆલા પાસે પોતાની જરૂરિયાતોની માંગણી કરવી તથા મુસીબતો, આફતો અને મુશ્કેલીઓથી સહૂલત મેળવવાની દરખાસ્ત કરવી. આ આયતમાં فَادْعُوْهُ بِهَا ના શબ્દોમાં બંને અર્થો સામેલ છે તો આયતનો અર્થ એ થયો કે વખાણ અને સ્તુતી, મોટાઈ અને બડાઈના લાયક પણ માત્ર તે જ પાક જાત છે અને મુશ્કેલીઓ અને આફતોથી છુટકારો આપનાર તથા જરૂરિયાતો સંતોષવી પણ ફક્ત તેના જ કબજામાં છે. આથી વખાણ અને સ્તુતિ કરો તો તેની જ કરો અને પોતાની જરૂરિયાતોની માંગણી કરો તથા મુસીબતોથી છુટકારા માટે પોકારો તો તેને જ પોકારો.

અને પોકારવાની એ રીત પણ બતાવાવમાં આવી કે, અલ્લાહને તે જ અસ્માએ હુસ્ના (સારા નામો) સાથે પોકારો જે અલ્લાહ તઆલા માટે સાબિત થયેલા છે.

દુઆના અમુક અદબો (શિસ્ત અને સભ્યતા) :

આ બાબતે આ આયત દ્વારા બે પ્રકારના માર્ગદર્શન ઉમ્મતને મળ્યા છે. એક એ કે, અલ્લાહ તઆલા સિવાય કોઈપણ અન્ય હસ્તી વાસ્તવિક વખાણ અને સ્તુતિ અથવા મુશ્કેલીઓ તથા જરૂરિયાતો દૂર કરવા માટે પોકારવાને લાયક નથી. બીજું એ કે તેને પોકારવા માટે પણ દરેક વ્યક્તિ સ્વતંત્ર નથી કે જે શબ્દો ઈચ્છે અપનાવી લે, બલકે અલ્લાહ તઆલાએ પોતાની કૃપા અને મહેરબાનીથી આપણને તે શબ્દો પણ બતાવી દીધા જે તેની શા'ન અને મરતબાને યોગ્ય છે અને આપણને એ બાબતે બાધ્ય (પાબંદ) કરી આપ્યા કે તેને તે જ શબ્દો સાથે પોકારો,

પોતાની મરજી મુજબ અન્ય શબ્દોથી તેને ન બદલો, કારણ કે મનુષ્યની શક્તિ નથી કે બધા જ પાસાઓની કાળજી રાખી અલ્લાહની શા'ન પ્રમાણે કોઈ અન્ય શબ્દો બનાવી શકે.

બુખારી અને મુસ્લિમે હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલાના નવ્વાણુ નામો છે, જે વ્યક્તિ તેને સુરક્ષિત કરી લે તે જન્નતમાં પ્રવેશ પામશે." આ નવ્વાણુ નામો ઈમામ તિરમિઝી અને હાકિમે વિગતવાર બતાવ્યા છે.

અલ્લાહ તઆલાના નવ્વાણુ નામો પઢીને જે હેતુ માટે દુઆ કરવામાં આવે તે કબૂલ થાય છે. અલ્લાહ તઆલાનો વાયદો છે, اُدْعُوْنِیْۤ اَسْتَجِبْ لَكُمْ એટલે કે, "તમે મને પોકારો તો હું તમારી દુઆ કબૂલ કરીશ." જરૂરિયાતો અને મુશ્કેલીઓ માટે દુઆથી વધીને કોઈ યુક્તિ એવી નથી જેમાં કોઈ નુકસાનનો ભય ન હોય અને લાભ નક્કી હોય. પોતાની જરૂરિયાતો માટે અલ્લાહ જલ્લ શા'નુહૂ પાસે દુઆ કરવામાં કોઈ નુકસાનની સંભાવના જ નથી હોતી અને એક રોકડ લાભ એ છે કે, તે દુઆ એક ઈબાદત છે, તેનો સવાબ તેના નામ-એ-આ'માલમાં લખવામાં આવે છે. હદીષમાં છે, اَلدُّعَاءُ مُخُّ الْعِبَادَةِ એટલે કે, "દુઆ કરવી ઈબાદતનું મગજ છે" અને જે હેતુ માટે તેણે દુઆ કરી છે મોટા ભાગે તો તે મકસદ અને હેતુ એ જ પ્રમાણે પ્રાપ્ત થઈ જાય છે અને ક્યારેક એવું પણ થાય છે કે, જે વસ્તુને તેણે પોતાનો મકસદ બનાવ્યો હતો તે તેના માટે લાભદાયક ન હતો, આથી અલ્લાહ તઆલા પોતાની કૃપાથી તેની દુઆને બીજી તરફ ફેરવી દે છે, જે તેના માટે લાભદાયક હોય છે અને વખાણ તથા સ્તુતિની સાથે અલ્લાહ તઆલાનો ઝિક્ર કરવો ઈમાનનો ખોરાક છે, જેના પરિણામે મનુષ્યનું વલણ અલ્લાહ તઆલા સાથે મહોબ્બત સહિત જોડાઈ જાય છે તથા જો દુનિયાની તકલીફો પડે તો તે તુચ્છ અને સરળ લાગે છે.

આથી બુખારી, મુસ્લિમ, તિરમિઝી અને નસાઈની સહીહ હદીષોમાં આવ્યું છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "જે વ્યક્તિને કોઈ ગમ અથવા બેચેની અથવા તો અત્યંત મુશ્કેલ કામ સાથે વાસ્તો પડે તેણે આ શબ્દો પઢવા જોઈએ ઈન્શાઅલ્લાહ ! બધી મુશ્કેલીઓ સહેલી થઈ જશે. તે શબ્દો આ છે,"

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ الْعَظِيْمُ الْحَلِيْمُ، لَا اِلٰهَ اِلَّا اللّٰهُ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ،

لَا اِلٰهَ اِلَّا اللّٰهُ رَبُّ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَرَبُّ الْعَرْشِ الْكَرِيْم

મુસ્તદરક હાકિમમાં અનસ (રદિ.)ની રિવાયત પ્રસ્તુત છે કે, રસૂલે કરીમ ﷺએ હઝરત ફાતિમા ઝહ્રા (રદિ.)ને ફરમાવ્યું કે, "તમારા માટે એનાથી કઈ વસ્તુ અવરોધરૂપ છે કે તમે મારી વસિય્યતને સાંભળી લો (અને તેના ઉપર અમલ કર્યા કરો). તે વસિય્યત એ છે કે સવાર-સાંજ આ દુઆ કરી લો."

يَا حَيُّ يَا قَيُّوْمُ بِرَحْمَتِكَ اَسْتَغِيْثُ اَصْلِحْ لِيْ شَاْنِيْ كُلَّهٗ وَلَا تَكِلْنِيْ اِلٰى نَفْسِيْ طَرْفَةَ عَيْنٍ

આ દુઆ પણ બધી જ મુશ્કેલીઓ અને જરૂરિયાતો માટે અજોડ છે.

ખુલાસો એ છે કે, પ્રસ્તુત આયતના આ વાક્યમાં ઉમ્મતને બે પ્રકારનું માર્ગદર્શન આપવામાં આવ્યું. એક એ કે વખાણ, સ્તુતિ માટે તથા મુશ્કેલીઓ અને જરૂરિયાતો માટે ફક્ત અલ્લાહ તઆલાને જ પોકારો, તેની મખ્લૂકને નહીં. બીજું એ કે તેને તે જ નામોથી પોકારો જે અલ્લાહ તઆલા માટે સાબિત થયેલા છે, એટલા માટે તેના શબ્દો ન બદલો.

આયતના આગલા વાક્યમાં એના વિશે ઈરશાદ ફરમાવવામાં આવ્યો, وَذَرُوا الَّذِيْنَ يُلْحِدُوْنَ فِيْ اَسْمَآئِهٖ سَيُجْزَوْنَ مَا كَانُوْا يَعْمَلُوْنَ એટલે કે, "એવા લોકોને છોડી દો જેઓ અલ્લાહ તઆલાના સારા નામોમાં ઈલ્હાદ એટલે કે ખોટી નીતિ અપનાવે છે, તેમને તેમની ખોટી નીતિનો બદલો મળી જશે." "ઈલ્હાદ"નો અર્થ લુગત (શબ્દકોષ)માં "વલણ રાખવું" (Inclination) અને "મધ્યમ માર્ગથી હટી જવા"નો છે. કુર્આને કરીમમાં આવેલ શબ્દ اِلْحَادٌ (ઈલ્હાદ)નો અર્થ "કુર્આને કરીમનો સાચો અર્થ છોડીને આમ-તેમની તા'વીલો અને ફેરબદલ કરવા"ના અર્થમાં બોલવામાં આવે છે.

આ આયતમાં રસૂલે કરીમ ﷺને એ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, એવા લોકો સાથે સંબંધ પણ છોડી દો જેઓ અલ્લાહ તઆલાના સારા નામોમાં ઈલ્હાદ અને ખોટી નીતિ ધારણ કરે છે.

અલ્લાહના નામોમાં ખોટી નીતિ ધારણ કરવાની મનાઈ અને તેના વિવિધ સ્વરૂપો :

અલ્લાહના નામોમાં ફેરબદલ કરવાના અથવા ખોટી નીતિ ધારણ કરવાના ઘણા સ્વરૂપો હોઈ શકે છે, તે બધા આ આયતના વિષયમાં સામેલ છે. પ્રથમ એ કે, અલ્લાહ તઆલા માટે તે જ નામોનો ઉપયોગ કરવામાં આવે જે કુર્આન અને હદીષમાં અલ્લાહ તઆલા માટે સાબિત થયા હોય. ઉલમાએ હકની સર્વસહમતી છે કે અલ્લાહ તઆલાના નામો અને સિફતોમાં કોઈને એ અધિકાર નથી કે તે જે ઈચ્છે નામ રાખે અથવા જે સિફતોની સાથે ઈચ્છે તેના વખાણ અને સ્તુતિ કરે, બલકે ફક્ત તે જ શબ્દો હોવા જરૂરી છે જે કુર્આન અને સુન્નતમાં અલ્લાહ તઆલા માટે નામ અને સિફત તરીકે વર્ણન કરવામાં આવ્યા છે. દાખલા તરીકે અલ્લાહને "કરીમ" કહી શકાય, "સખી" ન કહી શકાય. "નૂર" કહી શકાય, "અબયદ" (સફેદ) ન કહી શકાય. "શાફી" કહી શકાય, "તબીબ" ન કહી શકાય, કારણ કે આ બીજા શબ્દો સાબિત થયેલ નથી, ભલે આ શબ્દો પરસ્પર સમાનાર્થી છે.

બીજું સ્વરૂપ "ઈલ્હાદ ફીલ અસ્માઅ્" એટલે કે, "નામોમાં ફેરબદલ કરવા"નું એ હોઈ શકે છે કે, અલ્લાહ તઆલાનું જે નામ કુર્આન અને સુન્નતથી સાબિત થયેલ છે તેમાંથી કોઈ નામને અયોગ્ય સમજીને છોડી દેવામાં આવે તો તેનું આવું કરવું બેઅદબી અને અસભ્ય વર્તન હોવું એ જાહેર બાબત છે.

કોઈ વ્યક્તિને અલ્લાહ તઆલાના ખાસ નામો વડે પોકારવું અથવા સંબોધન કરવું જાઇઝ નથી :

ત્રીજું સ્વરૂપ એ છે કે, અલ્લાહ તઆલાના ખાસ નામોમાંથી કોઈ નામ કોઈ અન્ય વ્યક્તિ માટે ઉપયોગ કરવામાં આવે પરંતુ તેમાં વિગત એ છે કે, અસ્માએ હુસ્નામાંથી અમુક નામો એવા પણ છે જેને પોતે કુર્આન અને હદીષમાં અન્ય લોકો માટે પણ વાપરવામાં આવ્યા છે અને અમુક નામો તે છે જેને અલ્લાહ તઆલા સિવાય કોઈના માટે ઉપયોગ કરવો કુર્આન અને હદીષથી સાબિત થયેલ નથી; તો જે નામોનો ઉપયોગ કુર્આન અને હદીષથી સાબિત થયેલ છે તે નામો તો અન્યો માટે ઉપયોગ કરી શકાય છે, જેમકે રહીમ, રશીદ, કલીમ, કરીમ, અઝીઝ

વગેરે અને અસ્માએ હુસ્નામાંથી તે નામો જેનો ગયરૂલ્લાહ માટે ઉપયોગ કરવો કુર્આન અને સુન્નતથી સાબિત નથી તે ફક્ત અલ્લાહ તઆલા માટે જ ખાસ છે, તેને ગયરૂલ્લાહ માટે ઉપયોગ કરવો ઉપર વર્ણન થયું તે મુજબ ઈલ્હાદમાં સામેલ છે અને નાજાઈઝ તથા હરામ છે જેમકે, રહમાન, સુબ્હાન, રઝ્ઝાક, ખાલિક, ગફ્ફાર, કુદ્દૂસ વગેરે.

પછી આ ખાસ નામોનો ગયરૂલ્લાહ માટે ઉપયોગ કરવો જો કોઈ ખોટી માન્યતાની રૂએ હોય કે તેને જ ખાલિક (સર્જનહાર) સમજતો હોય અથવા રઝ્ઝાક (રોજી આપનાર) સમજીને આ શબ્દોથી સંબોધન કરી રહ્યો છે ત્યારે તો એવું કહેવું કુફ્ર છે અને જો અકીદહ ખોટો નથી ફક્ત બેદરકારીથી અજ્ઞાનતામાં કોઈ વ્યક્તિને ખાલિક, રઝ્ઝાક અથવા રહમાન કે સુબ્હાન કહી દીધું તો આ જો કે કુફ્ર નથી પરંતુ શિર્કિય્યહ શબ્દો હોવાના કારણે સખત ગુનોહ છે.

અફસોસ છે કે આજકાલ મુસલમાનો એવી મોટી ભૂલમાં સંડોવાયા છે કે, અમુક લોકો તો એવા છે કે જેમણે ઈસ્લામી નામો રાખવાનું છોડી દીધું, તેમના ચહેરા-મહોરા અને ટેવોથી પ્રથમ તેમનું મુસલમાન તરીકે ઓળખવું જ મુશ્કેલ હતું પરંતુ તેમના નામથી તેમની ઓળખ ખબર પડી જતી હતી પરંતુ હવે તો નામો પણ અંગ્રેજી શૈલીના રાખવામાં આવ્યા છે. છોકરીઓના સ્ત્રીવાચક નામો ઈસ્લામના તરીકાથી વિરુદ્ધ ખદીજહ, આઈશાહ, ફાતિમાના બદલે નસીમ, શમીમ, શહેનાઝ, નજમા, પરવીન વગેરે હોય છે, તેનાથી વધારે અફસોસની વાત એ છે કે, જે લોકોના ઈસ્લામી નામો છે જેમકે અબ્દુર્રહમાન, અબ્દુલખાલિક, અબ્દુર્રઝ્ઝાક, અબ્દુલગફ્ફાર, અબ્દુલકુદ્દૂસ વગેરે, તે નામમાં ઘટાડો કરીને એ ખોટી રીત અપનાવાવમાં આવે છે કે, ફક્ત છેલ્લો શબ્દ બોલવામાં આવે છે જેમકે રહમાન, ખાલિક, રઝ્ઝાક વગેરે દ્વારા માણસોને સંબોધન કરવામાં આવે છે અને એનાથી વધારે નિંદનીય બાબત એ છે કે, અલ્લાહની કુદરતને અલ્લાહ સાહેબના નામથી પોકારવામાં આવે છે. આ બધું નાજાઈઝ, હરામ તથા ગુનાહે કબીરા છે. જેટલી વખતે આ શબ્દો પોકારવામાં આવે છે એટલી વખતે ગુનાહે કબીરા લાગુ પડે છે અને સાંભળનારા પણ ગુનાહથી ખાલી નથી રહેતા.

આ ગુનાહે બેલઝ્ઝત એટલે કે, લાભ વગરના ગુનાહો છે જેને આપણા હજારો ભાઈઓએ પોતાનો રાત-દિવસનો નિત્યક્રમ બનાવી દીધો છે અને કોઈ

ચિંતા પણ નથી કરતા કે, આ નાની સરખી જણાતી હરકતનું પરિણામ કેટલું ખતરનાક છે. જેના તરફ પ્રસ્તુત આયતના અંતિમ વાકયમાં તાકીદ કરવામાં આવી છે, سَيُجْزَوْنَ مَا كَانُوا يَعْمَلُونَ એટલે કે, "તેમને પોતાના કર્યાનો બદલો આપવામાં આવશે." એનો બદલો નક્કી નથી કરવામાં આવ્યો એ બાબત સખત અઝાબના સંદેહ (શકયતા) તરફ ઈશારો કરે છે.

જે ગુનાહોમાં દુનિયાનો કોઈ લાભ અથવા સ્વાદ અને રાહત છે તેમાં તો કોઈ કહેનારો એવું પણ કહી શકે છે કે, હું પોતાની ઈચ્છા અને જરૂરિયાતથી મજબૂર હતો પરંતુ અફસોસ એ છે કે, આજે મુસલમાન એવા ઘણા બધા વ્યર્થ ગુનાહોમાં પણ પોતાની અજ્ઞાનતા અને બેદરકારીમાં સંડોવાયેલો નજરે પડે છે જેમાં ન તો દુનિયાનો કોઈ લાભ છે અને ન જ કોઈ નિમ્ન કક્ષાની રાહત અને લિજ્જત છે, કારણ એ છે કે હલાલ અને હરામ, જાઈઝ અને નાજાઈઝ તરફ ધ્યાન જ નથી રહ્યું. નઊઝુબિલ્લાહ !

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૮૧ થી ૧૮૫)

وَمِمَّنْ خَلَقْنَآ اُمَّةٌ يَّهْدُوْنَ بِالْحَقِّ وَبِهٖ يَعْدِلُوْنَ ﴿١٨١﴾ وَالَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا
سَنَسْتَدْرِجُهُمْ مِّنْ حَيْثُ لَا يَعْلَمُوْنَ ﴿١٨٢﴾ وَاُمْلِيْ لَهُمْ ۚ اِنَّ كَيْدِيْ مَتِيْنٌ ﴿١٨٣﴾
اَوَلَمْ يَتَفَكَّرُوْا ۜ مَا بِصَاحِبِهِمْ مِّنْ جِنَّةٍ ۭ اِنْ هُوَ اِلَّا نَذِيْرٌ مُّبِيْنٌ ﴿١٨٤﴾ اَوَلَمْ يَنْظُرُوْا
فِيْ مَلَكُوْتِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا خَلَقَ اللّٰهُ مِنْ شَيْءٍ ۙ وَّاَنْ عَسٰٓى اَنْ يَّكُوْنَ
قَدِ اقْتَرَبَ اَجَلُهُمْ ۚ فَبِاَيِّ حَدِيْثٍۢ بَعْدَهٗ يُؤْمِنُوْنَ ﴿١٨٥﴾

તરજુમો :

અને તે લોકોમાં કે જેમને અમે પેદા કર્યા છે એક જૂથ છે કે સાચો માર્ગ બતાવે છે અને એના જ પ્રમાણે ઈન્સાફ કરે છે. (૧૮૧) અને જેમણે અમારી આયતોને જૂઠાડી અમે તેમને એવી જગ્યાએથી ધીરે-ધીરે પકડીશું કે તેમને ખબર પણ થશે નહીં. (૧૮૨) અને હું તેમને ઢીલ આપીશ, બેશક ! મારો

દા'વ પાકો છે. (૧૮૩) શું તેમણે ઊંડો વિચાર ન કર્યો કે તેમના મિત્રને કંઈ પણ ગાંડપણ નથી ! તે તો ખુલ્લો ડરાવનારો છે. (૧૮૪) શું તેમણે નજર ન કરી આસમાન અને જમીનની સલતનતમાં અને જે કંઈ અલ્લાહે પેદા કર્યું દરેક વસ્તુથી અને એમાં કે કદાચ તેમનો વાયદો નજીક આવી ગયો હોય; બસ ત્યારબાદ કઈ વાત ઉપર ઈમાન લાવશે ? (૧૮૫)

તફસીર :

અને અમારી મખ્લૂક જિન્નાત અને મનુષ્યમાં (બધા ગુમરાહ નથી પરંતુ) એક સમૂહ (તેમનામાંથી) એવો પણ છે જેઓ (દીને) હક (એટલે કે ઈસ્લામ) પ્રમાણે (લોકોને) માર્ગદર્શન (પણ) કરે છે અને એ જ પ્રમાણે (પોતાના અને પારકાઓના વ્યવહારમાં) ન્યાય પણ કરે છે અને જે લોકો અમારી આયતોને જૂઠાડે છે અમે તેમને ધીમે-ધીમે (જહન્નમ તરફ) લઈ જઈ રહ્યા છીએ એ રીતે કે તેમને ખબર પણ નથી અને (દુનિયામાં અઝાબ નાઝિલ કરવાથી) તેમને મહોલત આપું છું, બેશક ! મારી યુક્તિઓ ખૂબ જ મજબૂત છે, શું તે લોકોએ એ વાતનો વિચાર ન કર્યો કે તેમને જેનાથી વાસ્તો પડયો છે તે તો જરા પણ પાગલ નથી, તે તો ફક્ત એક સાફ-સાફ (અઝાબથી) ડરાવનાર છે, (જે સૈદ્ધાંતિક રીતે પયગમ્બરોનું કામ હોય છે) અને શું તે લોકોએ વિચાર નથી કર્યો આસમાનો અને જમીનની દુનિયામાં અને (વળી) બીજી વસ્તુઓમાં જે અલ્લાહ તઆલાએ પેદા કરી છે ? (તેથી તેમને તવહીદની દલીલો પ્રાપ્ત થઈ જાય) અને એ વાતમાં (પણ વિચાર નથી કર્યો) કે શક્ય છે કે તેમની અઝલ નજીક આવી પહોંચી હોય ! (જેથી અઝાબના ડરથી તેનાથી બચવાની ફિકર કરે અને તે ફિકર-ચિંતાના કારણે જ તેમને સત્ય દીન મળી જાય અને અઝલ-મોત નજીક હોવાની દરેક વખતે સંભાવના રહે છે અને જયારે કુર્આન જેવા પ્રભાવશાળી કલામ દ્વારા તેમના ચિંતનમાં જરા સરખી પણ ગતિ જોવા નથી મળતી તો) ત્યારબાદ કુર્આન પછી કોની વાત ઉપર આ લોકો ઈમાન લાવશે ?

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં જહન્નમની હાલતો, સિફતો અને તે લોકોના માર્ગ ભટકવાનું કારણ વર્ણન કરવામાં આવ્યું કે તેમણે અલ્લાહની અર્પણ કરેલી બુદ્ધિ,

સમજદારી તથા પ્રાકૃતિક શક્તિઓને તેના વાસ્તવિક સ્વરૂપે ઉપયોગમાં ન લીધી અને વ્યર્થ વેડફી નાંખી, ત્યારબાદ તેમની બીમારીનો ઈલાજ અલ્લાહના નામો (અસ્માએ હુસ્ના) અને અલ્લાહ તઆલાના ઝિક્ર દ્વારા બતાવવામાં આવ્યો હતો. એનાથી ઊલટું આ આયતથી ઉપરની આયતમાં ઈમાનવાળાઓ અને અહલે હક્કનું વર્ણન હતું, જેમણે અલ્લાહ તઆલાએ અર્પણ કરેલ બુદ્ધિથી સીધો અને સાચો માર્ગ અપનાવ્યો. ઈરશાદ છે, وَمِمَّنْ خَلَقْنَآ اُمَّةٌ يَّهْدُوْنَ بِالْحَقِّ وَبِهٖ يَعْدِلُوْنَ એટલે કે, જે લોકોને અમે પેદા કર્યા છે તેમનામાં એક ઉમ્મત એવી છે, જે સત્ય પ્રમાણે માર્ગદર્શન કરે છે, એટલે કે લોકોને સીધા માર્ગ (સીરાતે મુસ્તકીમ)ની દોરવણી આપે છે અને જ્યારે તેમનામાં પરસ્પર કોઈ વિવાદ અથવા ઘટના બને છે તો પોતાના ઝઘડાઓનો ફૈસલો પણ અલ્લાહ તઆલાના બનાવેલ કાયદાઓને આધીન જ કરે છે.

તફસીરના ઈમામ ઈબ્ને જરીર (રહ.)એ પોતાની સનદ સાથે નકલ કર્યું છે કે, "રસૂલુલ્લાહ ﷺએ આ આયતની તિલાવત કરીને ઈરશાદ ફરમાવ્યો કે, આ ઉમ્મત જેનું વર્ણન આ આયતમાં છે તે મારી ઉમ્મત છે જે પોતાના બધા ઝઘડાઓના ફૈસલા સત્ય અને ન્યાયપૂર્વક અલ્લાહના કાયદાઓ પ્રમાણે કરશે અને લેન-દેનના બધા જ વ્યવહારોમાં સત્ય અને ન્યાયને નજર સમક્ષ રાખશે."

અબ્દ બિન હુમૈદની એક રિવાયતમાં છે કે, રસૂલુલ્લાહ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને સંબોધન કરીને ફરમાવ્યું કે, "આ આયત તમારા માટે આવી છે અને તમારાથી અગાઉ એક ઉમ્મતને પણ આ ખાસિયતો અર્પણ થઈ ચૂકી છે, પછી આ આયત તિલાવત કરી, وَمِنْ قَوْمِ مُوْسٰٓى اُمَّةٌ يَّهْدُوْنَ بِالْحَقِّ وَبِهٖ يَعْدِلُوْنَ (૭:૧૫૯) જેનો અર્થ એ છે કે, હઝરત મૂસા (અલૈ.)ની ઉમ્મતમાં પણ એક સમૂહ આ ગુણ-લક્ષણો અને ખાસિયતો ધરાવતો હતો કે લોકોના માર્ગદર્શનમાં અને પરસ્પરના વિવાદો નિપટાવવામાં સત્ય એટલે કે, અલ્લાહની શરીઅતનું સંપૂર્ણ અનુસરણ કરતા હતા અને ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને પણ આ ખાસિયતો અને વિશિષ્ટતાઓ અલ્લાહ તઆલાએ બખ્શી છે."

એનો ખુલાસો એ છે કે, તે બે પ્રકારની ટેવો છે. એક એ કે, અન્ય લોકોની આગેવાની અને માર્ગદર્શન અથવા તો સલાહ-મશ્વરામાં શરીઅતનું અનુસરણ

કરે અને બીજું એ કે, જો કોઈ પરસ્પરમાં વિવાદ ઉપસ્થિત થઈ જાય તો તેનો ફેંસલો શરીઅતના કાયદા અનુસાર કરે.

વિચાર કરવામાં આવે તો આ જ બે ટેવો એવી છે કે જે કોઈપણ કોમ અને સમુદાયની ભલાઈ તથા દુનિયા અને આખિરતની સફળતાની જામીન થઈ શકે છે કે, સુલેહ અને યુદ્ધ તથા દોસ્તી અને દુશ્મની બલકે, દરેક પરિસ્થિતિમાં તેમનો મુખ્ય ઉદ્દેશ્ય સત્ય અને ન્યાય જ હોય છે. પોતાના મિત્રો અને દોસ્તોની સાથે જે વ્યવહારની રીત અપનાવે તેમાં પણ સત્યનું અનુસરણ હોય અને દુશ્મનો તથા હરીફોના ઝઘડાઓમાં પણ સત્ય સામે પોતાના બધા જ વિચારો અને ઈચ્છાઓને છોડી દે જેનો ખુલાસો એ છે કે તેઓ સત્યવાદી (સાચા) હોય.

ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺની બીજી બધી જ ઉમ્મતો ઉપર શ્રેષ્ઠતા અને અગ્રિમતાનું રહસ્ય અને તેમની વિશિષ્ટતાનું કારણ આ જ સચ્ચાઈને વળગી રહેવાનો ગુણ છે કે, તેમણે પોતાની સમગ્ર જિંદગીને સત્યને તાબે કરી, જે સમુદાય અથવા વર્ગની આગેવાની તથા માર્ગદર્શન કર્યું તે પણ નિખાલસપણે સત્યના તકાદાઓ પ્રમાણે જ કર્યું. પોતાની વ્યક્તિગત ઈચ્છાઓને અને કૌટુંબિક અથવા કોમી રિવાજોને તેમાં સદંતર દખલગીરી કરવા ન દીધી અને પરસ્પરના વિવાદોમાં પણ હંમેશા સત્યનો સ્વીકાર કર્યો. સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)નો સંપૂર્ણ ઈતિહાસ આ બાબતનો સાક્ષી છે.

અને જ્યારથી ઉમ્મતની આ બે ટેવોમાં ઉણપ અને ક્ષતિ આવી તે સમયથી જ તેની પડતીની શરૂઆત થઈ ગઈ.

અત્યંત રંજ અને અફસોસ કરવાનો મોકો છે કે, આજે આ જ સત્યને વળગી રહેનાર ઉમ્મત પોતાની મનેચ્છાઓની ગુલામ બનીને રહી ગઈ છે. તેમની પાર્ટીઓ અને જમાઅતો બને છે તો તે પણ માત્ર વ્યક્તિગત સ્વાર્થ અને દુનિયાના તુચ્છ તથા નિમ્ન કક્ષાના નફાના ધોરણ ઉપર આધારિત હોય છે. એકબીજાને જે સિદ્ધાંતોની પાબંદીનું આમંત્રણ આપવામાં આવે છે તે પણ વ્યક્તિગત મનેચ્છાઓ કે કૌટુંબિક રિવાજો હોય છે. કોઈ તેમનો વિરોધ કરે તો બધા તેમનો સામનો કરવા તૈયાર હોય છે પરંતુ સત્ય અને શરીઅત પ્રમાણે ચાલવાનો ન તો ક્યાંય કરાર થાય છે અને ન જ કોઈ તેનું અનુસરણ કરવા માટે કોઈને તાકીદ કરે છે, ન જ

તેના વિરુદ્ધ અમલ કરવાથી કોઈની પેશાની (કપાળ) ઉપર કરચલી પડે છે.

એ જ પ્રમાણે પરસ્પરના ઝઘડાઓ અને વિવાદાસ્પદ મુકદમાઓમાં દુનિયાના થોડા દિવસના નફા માટે અલ્લાહના કાનૂનને છોડીને શયતાનના કાયદાઓ દ્વારા ફેંસલો કરાવવા ઉપર રાજી થઈ જાય છે.

એનું એ દુષ્ટ પરિણામ જે દરેક સ્થળે દરેક દેશમાં અનુભવવામાં આવી રહ્યું છે કે આ ઉમ્મત દરેક સ્થળે અપમાનિત જોવા મળી રહી છે, ભાગ્યે જ અમુક અપવાદો હશે. આ ઉમ્મતે સત્ય દીનથી મોઢું ફેરવ્યું તો સત્યએ તેમની મદદ અને સહાય કરવાનું છોડી દીધું.

સત્યને વળગી રહેવાના અને અપનાવવાના બદલે મનેચ્છાઓ અપનાવવાથી વ્યક્તિગત રીતે કોઈ–કોઈ વ્યક્તિને જે દુનિયવી ફાયદો મળી ગયો તે તેના ઉપર ખુશખુશાલ છે, પરંતુ સમગ્ર કોમ અને મિલ્લતનો વિનાશ કે જે તેનું આવશ્યક પરિણામ છે તેને કોઈ જોનારુ કે સાંભળનારું નથી. જો કોઈ સમગ્ર ઉમ્મતની સફળતા અને પ્રગતિને નજર સમક્ષ રાખે તો તેની સામે કોઈ માર્ગ નહિ હોય કે તે કુર્આનના સિદ્ધાંતોને મજબૂતીથી પકડે, પોતે પણ તેના ઉપર અમલ કરે અને અન્યોને પણ તેના પાબંદ બનાવવાનો પ્રયત્ન કરે.

બીજી આયતમાં આ શંકાનો જવાબ આપવામાં આવ્યો છે કે, જ્યારે કોમી પ્રગતિનો આધાર સત્યને વળગી રહેવા ઉપર અને ન્યાયના અનુસરણ ઉપર આધારિત છે તો અન્ય ગેરમુસ્લિમ કોમો જે સત્યથી ખરેખર દૂર છે, તે શા માટે દુનિયામાં પ્રગતિ અને વિકાસ કરતી નજરે પડે છે ? તેનો જવાબ આ છે, وَالَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا سَنَسْتَدْرِجُهُمْ مِّنْ حَيْثُ لَا يَعْلَمُوْنَ એટલે કે, "અમે અમારી આયતોને જૂઠાડનારાઓને હિકમત અને રહમતના કારણે અચાનક નથી પકડતા બલકે ધીરે–ધીરે, ક્રમે–ક્રમે પકડીએ છીએ જેની તેને ખબર પણ થતી નથી." એટલા માટે દુનિયામાં કાફિરો અને દુષ્ટોની માલદારી, ઈજ્જત અથવા હોદ્દાઓથી કે જાહોજલાલીથી કોઈ ધોકો ન ખાઈ બેસે, કારણ કે તે વાસ્તવમાં તેમના માટે કોઈ ભલાઈનો સામાન નથી બલકે, અલ્લાહ તઆલા તરફથી એક ઢીલ છે. ઢીલનો અર્થ એ છે કે ક્રમે–ક્રમે, આહિસ્તા–આહિસ્તા કોઈ કાર્ય કરવામાં આવે. કુર્આન અને સુન્નતની પરિભાષામાં اِسْتِدْرَاج (ઈસ્તિદ્રાજ) એને કહેવામાં

આવે છે કે, બંદાના ગુનાહો ઉપર દુનિયામાં તેને તકલીફ અથવા મુસીબત ન આવે બલકે, જેમ-જેમ તે ગુનાહોમાં પ્રગતિ કરતો જાય દુનિયાના માલ અને દોલત વધતા જાય, જેનું પરિણામ એ છે કે તેને પોતાના દુષ્ટ કર્મો ઉપર ક્યારેય અફસોસ કે તાકીદ થતી નથી, બલકે તે બેદરકાર રહે છે અને ગફલતથી આંખો ખુલતી નથી તથા પોતાના દુષ્ટ કર્મો તેને ખરાબ પણ લાગતા નથી અને એટલા માટે તે તેનાથી અટકી જવાની ચિંતા કરતો નથી.

મનુષ્યની આવી હાલત તે અસાધ્ય રોગનો ભોગ બનેલ રોગી જેવી છે કે તે તેની બીમારીને જ તંદુરસ્તી સમજે છે અને ઝેરને જ સંજીવની સમજીને ઉપયોગ કરે છે, જેનું પરિણામ એ હોય છે કે ક્યારેક તો દુનિયામાં આ વ્યક્તિને પકડી લેવામાં આવે છે અને ક્યારેક મોત સુધી આ ક્રમ ચાલતો રહે છે. અંતે મોત તેની મોજ-મસ્તી અને મદ્હોશીનો અંત લાવે છે અને કાયમી અઝાબ તેનું ઠેકાણું બની જાય છે.

કુર્આને કરીમની વિવિધ સૂરતો અને આયતોમાં આ اِسْتِدْرَاج (ઈસ્તિદ્‌રાજ) "ઢીલ"નું વર્ણન થયું છે. ઈરશાદ છે, فَلَمَّا نَسُوْا مَا ذُكِّرُوْا بِهٖ فَتَحْنَا عَلَيْهِمْ اَبْوَابَ كُلِّ شَيْءٍ حَتّٰىٓ اِذَا فَرِحُوْا بِمَآ اُوْتُوْٓا اَخَذْنٰهُمْ بَغْتَةً فَاِذَا هُمْ مُّبْلِسُوْنَ (૬:૪૪) એટલે કે, "જ્યારે આ લોકો તે વસ્તુને ભૂલાવી બેઠા જે તેમને યાદ અપાવવામાં આવી હતી તો અમે તેમના ઉપર દરેક વસ્તુના દરવાજા ખોલી નાંખ્યા, એટલે સુધી કે તેઓ પોતાની મળેલી નેઅ્મત અને દોલત ઉપર મિથ્યાભિમાન કરવા લાગ્યા તો અમે તેમને અચાનક અઝાબમાં પકડી લીધા તો તેઓ છુટકારાથી નિરાશ થઈને રહી ગયા."

આ "ઈસ્તિદ્‌રાજ" (ઢીલ આપવી) કાફિરો સાથે પણ હોય છે અને ગુનેહગાર મુસલમાનો સાથે પણ. એટલા માટે સહાબા (રદિ.) અને પુરોગામી બુઝૂર્ગોને જ્યારે કોઈ વખતે દુનિયાની નેઅ્મત અને દોલત અલ્લાહ તઆલાએ અર્પણ કરી તો ભયના ઓથારના કારણે તેઓ ઈસ્તિદ્‌રાજથી ડર્યા કરતા હતા કે, ક્યાંક દુનિયાની આ દોલત અમારા માટે ઈસ્તિદ્‌રાજ સ્વરૂપે ન હોય!

ત્રીજી આયતમાં આ જ ઈસ્તિદ્‌રાજનું વર્ણન છે وَاُمْلِيْ لَهُمْ اِنَّ كَيْدِيْ مَتِيْنٌ એટલે કે, "હું તે ગુનેહગારોને મહોલત આપતો રહું છું અને મારી યુક્તિ ઘણી મજબૂત છે."

ચોથી આયતમાં કાફિરોના જે વાહિયાત વિચારનું ખંડન કરવામાં આવ્યું છે કે, નઊઝુબિલ્લાહ રસૂલે કરીમ ﷺ ઉપર પાગલપણું સવાર છે. ફરમાવ્યું, اَوَلَمْ يَتَفَكَّرُوْا مَابِصَاحِبِهِمْ مِّنْ جِنَّةٍ اِنْ هُوَاِلَّا نَذِيْرٌ مُّبِيْنٌ એટલે કે, શું તે લોકોએ ચિંતન અને મનન નથી કર્યું કે જેમનો તેમની સાથે વાસ્તો પડ્યો છે તેમનામાં જરા પણ ગાંડપણ નથી ? તેમની બુદ્ધિ અને હિકમત સામે પણ સમગ્ર દુનિયાના બૌદ્ધિકો, ફિલોસોફરો આશ્ચર્યચકિત અને સ્તબ્ધ છે. તેમના વિશે ગાંડપણની કલ્પના કરવી પોતે જ એક ગાંડપણ છે. રસૂલે કરીમ ﷺ તો સ્પષ્ટ સાફ–સાફ વાસ્તવિકતાઓ વર્ણન કરીને આખિરત અને અલ્લાહના અઝાબથી ડરાવનારા છે.

પાંચમી આયતમાં એ બે બાબતો વિશે ચિંતન કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે. પ્રથમ અલ્લાહ તઆલાની આસમાન અને જમીનની મખ્લૂક અને અવકાશમાં રહેલ અસંખ્ય આશ્ચર્યજનક સર્જનમાં ચિંતન અને મનન તથા પોતાની જિંદગી અને પોતાની પ્રવૃત્તિ ઉપર એક દષ્ટિપાત કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

અલ્લાહની આશ્ચર્યજનક સૃષ્ટિમાં જરા જેટલી બુદ્ધિ અથવા સમજદારીથી પણ જો કામ લેવામાં આવે તો આંખે ઉડીને વળગે એવી વાસ્તવિકતા છતી થઈ જાય છે કે, જેને જાડી બુદ્ધિનો માણસ પણ સમજી શકે છે અને તેને અલ્લાહ તઆલાની શા'ન તથા તેની કુદરતના પરિચયના પ્રત્યક્ષ દર્શન થવા લાગે છે તથા થોડી ઊંડી દષ્ટિવાળા વ્યક્તિ માટે તો વિશ્વનો અણુએ અણુ સર્વશક્તિમાન સર્વાધિકારી અને સર્વસત્તાધીશના વખાણ અને સ્તુતિમાં લીન હોય એમ નજરે પડે છે, ત્યારબાદ અલ્લાહ તઆલા ઉપર ઈમાન લાવવું તેના માટે એક સ્વાભાવિક તકાદો બની જાય છે.

પોતાની જિંદગીના સમયમાં ચિંતન અને મનનનું પરિણામ એ હોય છે કે, જ્યારે મનુષ્ય સમજી લે કે મોતનો સમય ખબર નથી અને મોતનો ડર અને તેની યાદ જ તે વસ્તુ છે જે મનુષ્યને ઘણા બધા અપરાધોથી બચવા માટે પ્રોત્સાહિત કરે છે. એટલા માટે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, اَكْثِرُوْا ذِكْرَهَاذِمِ اللَّذَّاتِ الْمَوْتُ એટલે કે, "તમે તે વસ્તુઓને વધારે પ્રમાણમાં યાદ કર્યા કરો જે બધા રસાસ્વાદ (લિજ્જત)ને સમાપ્ત કરનાર છે, એટલે કે મોત."

આથી પ્રસ્તુત આયતમાં ફરમાવવામાં આવ્યું, اَوَلَمْ يَنْظُرُوْا فِىْ مَلَكُوْتِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا خَلَقَ اللّٰهُ مِنْ شَىْءٍ وَّاَنْ عَسٰٓى اَنْ يَّكُوْنَ قَدِاقْتَرَبَ اَجَلُهُمْ તેમાં શબ્દ مَلَكُوْتَ (મલકૂત) એ مُلْك (મુલ્ક)થી બન્યો છે. તે અતિશયોક્તિના અર્થમાં બોલવામાં આવે છે, તેનો અર્થ "મહાન પ્રદેશ" છે. આયતનો ભાવાર્થ એ છે કે, આ ઈન્કારીઓએ શું અલ્લાહ તઆલાના મહાન પ્રદેશમાં વિચાર કર્યો નથી જે આસમાનો અને જમીનો અને અસંખ્ય વસ્તુઓ ઉપર છવાયેલ છે અને શું તેના ઉપર દૃષ્ટિ નથી કરી કે એવું બની શકે છે કે તેમનો મૃત્યુનો સમય નજીક હોય ત્યારબાદ ઈમાન અને અમલની ફુરસદ સમાપ્ત થઈ જશે.

અંતિમ આયતમાં ફરમાવ્યું, فَبِاَىِّ حَدِيْثٍ بَعْدَهٗ يُؤْمِنُوْنَ એટલે કે, "જે લોકો કુર્આને કરીમની આ પ્રમાણેની સ્પષ્ટ નિશાનીઓમાં પણ ઈમાન નથી લાવતા પછી તેઓ અન્ય કઈ વસ્તુ ઉપર ઈમાન લાવશે ?"

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૮૬-૧૮૭)

مَنْ يُّضْلِلِ اللّٰهُ فَلَا هَادِىَ لَهٗ ؕ وَيَذَرُهُمْ فِىْ طُغْيَانِهِمْ يَعْمَهُوْنَ ﴿۱۸۶﴾ يَسْـَٔلُوْنَكَ عَنِ
السَّاعَةِ اَيَّانَ مُرْسٰهَا ؕ قُلْ اِنَّمَا عِلْمُهَا عِنْدَ رَبِّىْ ۚ لَا يُجَلِّيْهَا لِوَقْتِهَآ
اِلَّا هُوَ ؔؕ ثَقُلَتْ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ لَا تَاْتِيْكُمْ اِلَّا بَغْتَةً ؕ يَسْـَٔلُوْنَكَ كَاَنَّكَ
حَفِىٌّ عَنْهَا ؕ قُلْ اِنَّمَا عِلْمُهَا عِنْدَ اللّٰهِ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿۱۸۷﴾

وقف منزل وقف لازم

તરજુમો :

જેને અલ્લાહ ગુમરાહ કરે તેને કોઈ માર્ગ બતાવનાર નથી અને અલ્લાહ તેમને તેમની શરારતો (દુષ્ટ પ્રવૃત્તિઓ)માં ભટકતા છોડી દે છે. (૧૮૬) તમને કયામત વિશે પૂછે છે કે તેના કાયમ થવાનો સમય ક્યારે છે ? તમે કહો ! તેની ખબર તો મારા પરવરદિગારની પાસે જ છે, તે જ તેના સમય ઉપર તેને ખોલી બતાવશે, તે આસમાનો અને જમીનમાં ભારે વાત છે, જ્યારે તમારા ઉપર આવશે તો જાણ વિના (અચાનક) આવશે, તમને પૂછવા લાગે છે કે જાણે તમે તેની શોધખોળમાં લાગેલા છો; તમે કહી આપો ! તેની ખબર ખાસ અલ્લાહ પાસે છે પરંતુ ઘણા લોકો સમજતા નથી. (૧૮૭)

તફસીર :

જેને અલ્લાહ તઆલા ગુમરાહ કરે છે તેને કોઈ માર્ગ ઉપર લાવી નથી શકતું (પછી દિલગીર થવું નિરર્થક છે) અને અલ્લાહ તઆલા તેમને તેમની ગુમરાહીમાં ભટકતા છોડી દે છે (જેથી સમય આવ્યે પૂરી સજા મળી જાય), લોકો તમને કયામત વિશે સવાલ કરે છે કે તે ક્યારે, કયા સમયે કાયમ થશે ? (હે નબી ﷺ!) તમે કહી આપો કે તેનું (એ) જ્ઞાન (કે તે ક્યારે અને કયા સમયે આવશે તે) ફક્ત મારા પરવરદિગારની પાસે જ છે; (અન્ય કોઈને તેની જાણકારી નથી) તેના સમય ઉપર તેને અલ્લાહ સિવાય કોઈ અન્ય જાહેર કરશે નહીં (અને તે જાહેર એવી રીતે થશે કે તે સમયે તેના આવી પડવાની સૌને સંપૂર્ણ ખબર થઈ જશે, તે સમય પહેલાં કોઈને બતાવવા માટે પણ તેને જાહેર કરવામાં ન આવશે, કારણ કે) તે આસમાનો અને જમીનોમાં ભારે મોટો હાદસો હશે (એટલા માટે) તે તમારા ઉપર માત્ર અચાનક (જ્યારે તમને જાણ નહીં હોય એવી પરિસ્થિતિમાં) આવી પડશે (જેથી તે જે પ્રમાણે દરેક પદાર્થ અને દરેક સર્જનને છીન્ન-ભિન્ન કરી દેવા માટે સક્ષમ અને ભારે છે, એ જ પ્રમાણે તે દિલો ઉપર પણ ભારે અસર કરનાર હશે અને પ્રથમથી બતાવી દેવામાં આ રહસ્ય છતું થઈ જાય છે વળી તેમની તેના વિશે પૃચ્છા કરવી પણ એ રીતે છે કે) તેઓ તમને એ જ પ્રમાણે (આગ્રહપૂર્વક) પૂછે છે જેમકે તમે જાણે કે તેનું સંશોધન કરી ચૂક્યા હોય (અને સંશોધન પછી રસૂલે કરીમ ﷺ તેની સંપૂર્ણ જાણકારી પ્રાપ્ત કરી ચૂક્યા હોય) તમે કહી આપો કે તેનું (સંપૂર્ણ) જ્ઞાન માત્ર અલ્લાહ પાસે જ છે પરંતુ મોટા ભાગના લોકો (આ બાબત) જાણતા નથી (કે અમુક જ્ઞાન અલ્લાહ તઆલાએ પોતાના જ્ઞાનના ખજાનામાં ગુપ્ત રાખ્યું છે, અંબિયા અલૈ.ને પણ તેના આવવાની ચોક્કસ જાણકારી આપી નથી, બસ તેને ન જાણવાથી કોઈ નબીને કયામતના નક્કી સમયની જાણકારી ન હોવી નઊઝુબિલ્લાહ નુબુવ્વતના નકાર માટેની દલીલ ન સમજી શકાય, નુબુવ્વત માટે આ જ્ઞાન જરૂરી જ છે એવું સમજવું પણ ભૂલ ભરેલું છે).

મસ્અલા અને બોધપાઠ :

આથી અગાઉની આયતોમાં કાફિરો અને ઇન્કારીઓની જીદનું, હઠધર્મીનું

તથા કુદરતની ખુલ્લી નિશાનીઓ હોવા છતાં ઈમાન ન લાવવાનું વર્ણન હતું. એ બાબત રસૂલુલ્લાહ ﷺ માટે ઉમ્મત અને દરેક મખ્લૂક સાથે કૃપા તથા રહમતની બીના પર અત્યંત રંજ અને ગમનું કારણ બની શકતી હતી, એટલા માટે પ્રસ્તુત ત્રણ આયતોમાંથી પ્રથમ ત્રણ આયતોમાં રસૂલે કરીમ ﷺને દિલાસો આપવા માટે ઈરશાદ ફરમાવ્યું કે, "જેને અલ્લાહ તઆલા ગુમરાહ કરે તેને કોઈ સીધા માર્ગ ઉપર નથી લાવી શકતું અને એવા લોકોને અલ્લાહ તઆલા ગુમરાહીમાં જ ભટકતા છોડી દે છે."

મતલબ એ છે કે, આ લોકોની હઠધર્મી અને સત્યના સ્વીકાર કરવામાં વાંધા અને વિરોધ ઉપર (હે નબી ﷺ !) તમે ગમગીન ન થાઓ, કારણ કે તમારા હોદ્દાની ફરજ એટલી જ હતી કે સત્ય વાતને સ્પષ્ટપણે ચોખ્ખે-ચોખ્ખી, પ્રભાવશાળી શૈલીથી પહોંચાડી આપો. તે તમે પુરું કરી ચૂક્યા, તમારી જવાબદારી પૂર્ણ થઈ ચૂકી. હવે કોઈનું માનવું, ન માનવું એક તકદીરી બાબત છે, જેમાં તમારી કોઈ દખલગીરી નથી. એટલા માટે તમારે દિલગીર શા માટે થવું જોઈએ !?

આ સૂરતના વિષયોમાંથી ત્રણ વિષય ઘણા મહત્ત્વના હતા. ૧. તવહીદ, ૨. રિસાલત, ૩. આખિરત. અને આ જ ત્રણ વસ્તુઓ ઈમાન અને ઈસ્લામનો મૂળ પાયો છે, તેમાંથી તવહીદ અને રિસાલતનો વિષય પાછલી આયતોમાં વિગતવાર આવી ચૂક્યો છે. પ્રસ્તુત આયતોમાંથી અંતિમ બે આયતોમાં આખિરત અને કયામતના વિષયનો ઉલ્લેખ થયો છે, જેના નાઝિલ થવા માટે પૂર્વભૂમિકા સ્વરૂપે એક ખાસ ઘટના છે જેને ઈમામ ઈબ્ને જરીરે અને અબ્દ બિન હુમૈદે કતાદહની રિવાયતથી વર્ણન કર્યું છે કે, "મક્કાના કુરૈશે રસૂલુલ્લાહ ﷺની ઠેકડી ઉડાવવા મશ્કરી સ્વરૂપે પૂછ્યું કે, તમે કયામત આવવાની ખબર આપો છો અને તેનાથી લોકોને ડરાવો છો, જો તમે સાચા છો તો નક્કી કરીને બતાવી આપો કે કયામત કયા વર્ષે, કઈ તારીખે અને કયા સમયે આવવાની છે ? જેથી અમે તેના આવતા પહેલાં કંઈક તૈયારી કરી લઈએ. તમારા અને અમારા વચ્ચે જે સગાઈ-સંબંધો છે તેનો તકાદો પણ એ જ છે કે, જો તમે સામાન્ય રીતે લોકોને બતાવવા ન ઈચ્છતા હોય તો ઓછામાં ઓછું અમને તો બતાવી જાઓ !" એ ઘટનાના સંદર્ભમાં આ આયત નાઝિલ થઈ, ...يَسْـَٔلُوْنَكَ عَنِ السَّاعَةِ

તેમાં શબ્દ سَاعَة (સાઅહ) અરબી શબ્દકોષના આધારે ખૂબ થોડા સમયને "સાઅહ" કહેવામાં આવે છે, જેની શબ્દકોષના આધારે કોઈ સીમા કે મર્યાદા નક્કી કરવામાં નથી આવી અને જ્યોતિષિઓની પરિભાષામાં રાત અને દિવસના ૨૪ વિભાગોમાંથી એક વિભાગનું નામ "સાઅહ" છે, જેને ગુજરાતીમાં "કલાક" કહેવામાં આવે છે અને કુર્આનની પરિભાષામાં આ શબ્દ તે દિવસ માટે બોલવામાં આવે છે જે દિવસ સમગ્ર મખ્લૂકની મોતનો દિવસ હશે અને તે દિવસ માટે પણ બોલાય છે જેમાં સમગ્ર મખ્લૂક (સૃષ્ટી) પુનઃસજીવન થઈ અલ્લાહ રબ્બુલ આલમીનના દરબારમાં હાજર થશે. اَيَّانَ (અય્યાન)નો અર્થ "ક્યારે" અને مُرْسٰى (મુરસા)નો અર્થ "થોભવાનો" અથવા "કાયમ થવાનો" થાય છે.

لَا يُجَلِّيْهَا (લા યુજલ્લીહા) એ تَجْلِيَه (તજલીહ)થી બન્યો છે, જેનો અર્થ છે "ખોલવું અથવા જાહેર થવું". بَغْتَةً (બગ્તતન)નો અર્થ "અચાનક" અને حَفِيٌّ (હફિય્યુન)નો અર્થ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)એ "જાણકાર" અથવા "વિદ્વાન" હોવાનો વર્ણન કર્યો છે અને વાસ્તવમાં તે વ્યક્તિને "હફી" કહેવામાં આવે છે જે સંશોધન કરીને કોઈપણ બાબતની સંપૂર્ણ જાણકારી પ્રાપ્ત કરી લે.

આયતનો ભાવાર્થ એ છે કે, આ લોકો રસૂલે કરીમ ﷺને કયામત વિશે સવાલ કરે છે કે તે ક્યારે આવશે ? આપ ﷺ કહી આપો કે, તેના નક્કી સમયનું સાચું જ્ઞાન ફક્ત મારા પરવરદિગાર પાસે જ છે, ન તો પહેલેથી કોઈને ખબર છે અને ન જ આવવાના સમયે પણ કોઈને પ્રથમથી તેની જાણ થશે. જ્યારે નિશ્ચિત સમય આવશે તો અલ્લાહ તઆલા જ તેને જાહેર કરશે, કોઈ માધ્યમ વચ્ચે નહીં હોય. આ કયામતની ઘટના આસમાન અને જમીનો ઉપર ઘણી જ ભારે સાબિત થશે કે તેના ટૂકડે-ટૂકડા થઈને ઉડવા માંડશે. એટલા માટે હિકમતનો તકાદો એ છે કે આવી અતિભયંકર ઘટનાની જાહેરાત પ્રથમથી કરવામાં ન આવે, નહિતર વિશ્વાસ કરનારાઓની જિંદગી મુશ્કેલ બની જશે અને ઈન્કારીઓ માટે ઠેકડી ઉડાવવાની અને મશ્કરી કરવાની તક મળશે. આથી ફરમાવ્યું, لَا تَاْتِيْكُمْ اِلَّا بَغْتَةً એટલે કે, "કયામત તમારા ઉપર આચાનક જ આવશે."

બુખારી અને મુસ્લિમની હદીષમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી નકલ થયું છે કે, "રસૂલુલ્લાહ ﷺએ કયામત એકાએક અને અચાનક આવવા વિશે

આ પ્રમાણે વર્ણન કર્યું કે, લોકો પોત-પોતાના કારોબારમાં પ્રવૃત્ત હશે, એક વ્યક્તિએ એક ગ્રાહકને બતાવવા માટે કપડાનો તાકો ખોલ્યો હશે તે હજુ સોદાની પતાવટ ન કરવા પામશે કે કયામત કાયમ થઈ જશે, એક વ્યક્તિ પોતાની ઊંટણીનું દૂધ દોહીને લઈ જશે અને હજુ તેનો ઉપયોગ પણ કરવા ન પામશે કે કયામત આવી જશે, કોઈ વ્યક્તિ પોતાના તરણકુંડ (હોજ)નું સમારકામ કરાવી રહ્યો હશે અને તેનાથી ફારેગ પણ ન થવા પામશે કે કયામત સ્થાપિત થઈ જશે, કોઈ વ્યક્તિ ખોરાકનો કોળિયો હાથમાં ઉઠાવશે, હજું મોંઢા સુધી પહોંચ્યો ન હશે કે કયામત આવી પડશે.'' *(રૂહુલ મઆની)*

એનો મકસદ એ છે કે, જે પ્રમાણે દરેક વ્યક્તિનો મોતની તારીખ, સમય નિશ્ચિત છે પણ લોકોથી ગુપ્ત રાખવામાં ઘણી મોટી હિકમતો છે એ જ પ્રમાણે કયામત કે જે સમગ્ર વિશ્વના સામૂહિક મૃત્યુનું નામ છે તેને લોકોથી ગુપ્ત રાખવામાં પણ ઘણી મોટી હિકમતો સમાયેલી છે. પ્રથમ તો એ જ કે કયામતમાં વિશ્વાસ કરનારાઓ માટે જો તેની તારીખ અને સમય જાહેર કરવામાં આવે તો તેમના માટે જિંદગી જીવવી અત્યંત કઠણ બની જાય અને દુનિયાના કાર્યો મુશ્કેલ બની જાય અને ઈન્કારીઓને કયામતને હજુ ઘણી વાર છે એવું સાંભળીને ઠેકડી ઉડાવવાનું અને મઝાક-મશ્કરી કરવાનું બહાનું મળી જાય અને તેમની શરારત તથા બદમાશીમાં ઔર વધારો થાય.

એટલા માટે હિકમતના તકાદાના કારણે તેના નિશ્ચિત સમયને ગુપ્ત રાખવામાં આવ્યો છે જેથી લોકો તેની ભયાનક ઘટનાઓથી હંમેશા ડરતા રહે અને આ ભય જ મનુષ્યને અપરાધ અને ગુનાહોથી દૂર રાખવાનો સૌથી વધારે અસરકારક ઉપચાર છે. એટલા માટે આ આયતો દ્વારા એવી તા'લીમ આપવામાં આવી છે કે જ્યારે તેનું યકીન છે કે, કયામત કોઈને કોઈ દિવસે ચોક્કસ આવવાની જ છે અને અલ્લાહ રબ્બુલ આલમીન સામે બધાને હાજર થવાનું જ છે, તેના સમગ્ર જિંદગીના નાના-મોટા, સારા-ખરાબ અમલોનો હિસાબ લેવામાં આવશે, જેના પરિણામે જન્નતની અકલ્પનીય અને કાયમી નેઅ્મતો મળશે અથવા તો નઊઝુબિલ્લાહ જહન્નમનો તે સખત અઝાબ હશે જેની કલ્પનાથી પણ કલેજું ફાટી પડે છે તો પછી એક બુદ્ધિશાળીનું એ કામ ન હોવું જોઈએ કે, અમલના ફુરસદના સમયને એવી ચર્ચાઓમાં બરબાદ કરે કે આ ઘટના ક્યારે,

કયા વર્ષમાં અને કઈ તારીખે બનવાની છે ? બલકે, બુદ્ધિનો તકાદો તો એ જ છે કે આ જિંદગીની ફુરસદને ગનીમત જાણીને તે દિવસની તૈયારીમાં પોતે પ્રવૃત્ત થઈ જાય અને અલ્લાહ રબ્બુલ ઈજ્જતના હુકમોની નાફરમાનીથી એવો ડરે જેમકે આગથી બધા જ મનુષ્યો ડરે છે.

આયતના અંતે ફરી તે લોકોના સવાલનું પુનરાવર્તન કરીને ફરમાવ્યું કે, يَسْـَٔلُوْنَكَ كَاَنَّكَ حَفِيٌّ عَنْهَا પ્રથમ સવાલ તો એ વાત વિશે હતો કે, જ્યારે આવી મહત્ત્વની ઘટના ઘટવાની છે તો અમને તેની સંપૂર્ણ સાચી તારીખ સમયની સાથે જાણ હોવી જોઈએ, તેનો જવાબ આ આપવામાં આવ્યો કે, આ સવાલ મૂર્ખતા અને બુદ્ધિહીનતાના કારણે પેદા થયો છે, અક્કલનો તકાદો આ જ છે કે તેની નિશ્ચિત તારીખ અને સમયની કોઈને ખબર આપવામાં ન આવે, જેથી દરેક અમલ કરનાર વ્યક્તિ દરેક સમયે આખિરતના અઝાબથી ડરીને નેક અમલને અપનાવે અને બુરા કૃત્યોથી દૂર રહેવામાં પોતાનું સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરે.

આ બીજો સવાલ પૂછવામાં એ લોકોનો હેતુ એ છે કે તે લોકો એવું સમજે છે કે, રસૂલે કરીમ ﷺને ચોક્કસ કયામતની સાચી તારીખ અને સમયની જાણ છે અને તેમણે અલ્લાહ તઆલા પાસે તહકીક કરીને તેનું જ્ઞાન ચોક્કસ પ્રાપ્ત કરી લીધું છે પરંતુ તેઓ કોઈ કારણસર તે બતાવતા નથી, એટલા માટે પોતાના સગાઈ–સંબંધોનો વાસ્તો આપી રસૂલે કરીમ ﷺને સવાલ કર્યો કે, અમને કયામતની સંપૂર્ણ ખબર આપો. આ સવાલના જવાબમાં ઈરશાદ થયો, قُلْ اِنَّمَا عِلْمُهَا عِنْدَ اللّٰهِ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ

એટલે કે, (હે નબી ﷺ !) તમે લોકોને બતાવી આપો કે વાસ્તવિકતા એ જ છે કે, કયામતની સાચી તારીખ અલ્લાહ જલ્લ શા'નુહૂ સિવાય કોઈ ફરિશ્તા અથવા નબીને પણ ખબર નથી પરંતુ ઘણા બધા લોકો આ હકીકતથી બેખબર છે કે, ઘણા બધા જ્ઞાન અલ્લાહ તઆલા ફક્ત પોતાના માટે જ સુરક્ષિત રાખે છે જેની કોઈ ફરિશ્તા અથવા પયગમ્બરને પણ ખબર નથી હોતી. લોકો પોતાની અજ્ઞાનતાથી એવું સમજે છે કે કયામતની તારીખનું જ્ઞાન નુબુવ્વત અને રિસાલત માટે આવશ્યક છે અને પછી તેનું પરિણામ એ કાઢે છે કે, જ્યારે રસૂલે કરીમ ﷺને તેનું સંપૂર્ણ જ્ઞાન નથી તો આ એ વાતની નિશાની છે કે, નઊઝુબિલ્લાહ !

આપ ﷺ નબી નથી; પરંતુ ઉપર જાણ થઈ ચૂકી છે કે આ અનુમાન મૂળેથી જ ખોટું છે.

ખુલાસો એ છે કે, આવા પ્રશ્નો કરનારા મોટા મૂર્ખ અને અજ્ઞાનીઓ છે, ન તો તેમને મસ્અલાની વાસ્તવિકતાની જાણ છે અને ન જ તેની હિકમત સમજે છે અને ન જ તો તેમને પ્રશ્ન કરવાની પદ્ધતિ ખબર છે.

હા ! નબીએ કરીમ ﷺને કયામતની અમુક નિશાનીઓનું જ્ઞાન આપવામાં આવ્યું હતું અને તે એ કે તે હવે ઘણી નજીક છે, તેનો રસૂલે કરીમ ﷺની ઘણી બધી સહીહ હદીષોમાં સ્પષ્ટ રીતે ઉલ્લેખ થયો છે. ઈરશાદ ફરમાવ્યો કે, "મારી બઅ્ષત અને કયામત એ પ્રમાણે જોડાજોડ અડીને છે, જેમકે હાથની બે આંગળીઓ." *(તિરમિઝી)*

અમુક ઈસ્લામી કિતાબોમાં જે સમગ્ર વિશ્વની જિંદગી સાત હજાર વર્ષ બતાવી છે તે કોઈ પયગમ્બરે ઈસ્લામ ﷺની હદીષ નથી બલકે, ઈસ્રાઈલી રિવાયતોમાંથી લેવામાં આવેલો વિષય છે, ન તો તેની કોઈ કુર્આનની સનદ મોજૂદ છે અને ન જ હદીષની સનદથી કોઈ બાબત સાબિત થયેલ છે.

Geo Physical Data (ભૂસ્તરશાસ્ત્ર પૃથક્કરણ)ના આધારે જે વાસ્તવિકતાઓ સામે આવી છે કે દુનિયાની ઉંમર લાખો વર્ષ છે, આ ન તો કુર્આનની કોઈ આયતથી ટકરાતી બાબત છે અને ન જ કોઈ સહીહ હદીષ તેનાથી વિપરીત છે. ઈસ્લામી રિવાયતોમાં એવી કાચી અને સનદ કે પ્રમાણ વિનાની વાતોને દાખલ કરી દેવાનો મકસદ જ કદાચ એ છે કે, ઈસ્લામ વિરુદ્ધ લોકોમાં બદ્‌ગુમાની અને સુગ પેદા થાય જેનો રદિયો પોતે સહીહ હદીષોમાં મોજૂદ છે. એક સહીહ હદીષમાં પોતે રસૂલે કરીમ ﷺએ પોતાની ઉમ્મતને સંબોધન કરીને ઈરશાદ ફરમાવ્યો કે, "તમારું ઉદાહરણ પાછલી ઉમ્મતોની સરખામણીમાં એવું છે જેમકે કાળા બળદના શરીર ઉપર એક સફેદ બાલ હોય." તેનાથી દરેક વ્યક્તિ અંદાજો લગાવી શકે છે કે, રસૂલે કરીમ ﷺની દષ્ટિમાં દુનિયાની ઉમ્મત કેટલી લાંબી હશે કે તેનો અંદાજો લગાવવો પણ અત્યંત કઠિન છે. એટલા માટે હાફિઝ ઈબ્ને હઝમ ઉન્દુલુસીએ ફરમાવ્યું કે, "અમારો અકીદહ એ છે કે વિશ્વની ઉંમરનો સાચો અંદાજો કે અનુમાન નથી લગાવી શકાતું, તેનું સાચું જ્ઞાન ફક્ત તેને પેદા કરનાર સર્જનહારને જ છે." *(મરાગી)*

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૮૮ થી ૧૯૩)

قُلْ لَّآ اَمْلِكُ لِنَفْسِىْ نَفْعًا وَّلَا ضَرًّا اِلَّا مَا شَآءَ اللّٰهُ ۭ وَلَوْ كُنْتُ اَعْلَمُ الْغَيْبَ
لَاسْتَكْثَرْتُ مِنَ الْخَيْرِ ۚ وَمَا مَسَّنِيَ السُّوْۗءُ ۚ اِنْ اَنَا اِلَّا نَذِيْرٌ وَّبَشِيْرٌ
لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿١٨٨﴾ هُوَ الَّذِيْ خَلَقَكُمْ مِّنْ نَّفْسٍ وَّاحِدَةٍ وَّجَعَلَ مِنْهَا زَوْجَهَا
لِيَسْكُنَ اِلَيْهَا ۚ فَلَمَّا تَغَشّٰىهَا حَمَلَتْ حَمْلًا خَفِيْفًا فَمَرَّتْ بِهٖ ۚ فَلَمَّآ اَثْقَلَتْ
دَّعَوَا اللّٰهَ رَبَّهُمَا لَىِٕنْ اٰتَيْتَنَا صَالِحًا لَّنَكُوْنَنَّ مِنَ الشّٰكِرِيْنَ ﴿١٨٩﴾ فَلَمَّآ اٰتٰىهُمَا
صَالِحًا جَعَلَا لَهٗ شُرَكَاۗءَ فِيْمَآ اٰتٰىهُمَا ۚ فَتَعٰلَى اللّٰهُ عَمَّا يُشْرِكُوْنَ ﴿١٩٠﴾ اَيُشْرِكُوْنَ مَا
لَا يَخْلُقُ شَيْـــًٔا وَّهُمْ يُخْلَقُوْنَ ﴿١٩١﴾ وَلَا يَسْتَطِيْعُوْنَ لَهُمْ نَصْرًا وَّلَآ اَنْفُسَهُمْ
يَنْصُرُوْنَ ﴿١٩٢﴾ وَاِنْ تَدْعُوْهُمْ اِلَى الْهُدٰى لَا يَتَّبِعُوْكُمْ ۭ سَوَاۗءٌ عَلَيْكُمْ اَدَعَوْتُمُوْهُمْ اَمْ
اَنْتُمْ صَامِتُوْنَ ﴿١٩٣﴾

તરજુમો :

તમે કહી આપો કે હું માલિક નથી પોતાની જાતના ભલાનો અને ન જ બુરાનો પરંતુ જે અલ્લાહ ચાહે, અને જો હું ગયૂબની વાત જાણી લેતો હોત તો ઘણી બધી ભલાઈઓ પ્રાપ્ત કરી લેતો હોત અને મને ક્યારેય બુરાઈ ન પહોંચત, હું તો બસ ડર અને ખુશખબરી સંભળાવનારો છું ઈમાનવાળા લોકોને. (૧૮૮) તે જ છે જેણે તમને એક જીવથી પેદા કર્યા અને તેનાથી જ એનું જોડું બનાવ્યું જેથી તેની પાસે આરામ પ્રાપ્ત કરે, પછી જ્યારે પુરુષે સ્ત્રીને ઢાંકી, ગર્ભ રહ્યો, હલકો ગર્ભ; તો તેની સાથે ચાલતી ફરતી રહી, પછી જ્યારે ભારે થઈ ગઈ તો બંનેએ અલ્લાહ પોતાના પરવરદિગારને પોકાર્યો કે જો તું અમને સારું–ભલું (સંતાન) બખ્શે તો અમે તારો શુક્ર કરીએ. (૧૮૯) પછી જ્યારે તેમને સારું–ભલું આપ્યું તો તેના માટે તેની બખ્શેલી વસ્તુમાં શરીક (ભાગીદાર) બનાવવા લાગ્યા, બસ અલ્લાહ સૌથી ઉચ્ચ છે તેમના શરીક બનાવવાથી. (૧૯૦) શું એવાઓને શરીક બનાવે છે જેઓ એક વસ્તુ

પણ પેદા ન કરે અને તેઓ (પોતે) પેદા થયેલા છે ! (૧૯૧) અને તેમની મદદ (પણ) નથી કરી શકતા અને ન જ પોતાની મદદ કરે. (૧૯૨) અને જો તમે તેમને માર્ગ તરફ પોકારો તો તમારા પોકાર ઉપર ન ચાલે, તમારા માટે સરખું છે કે તેમને પોકારો અથવા મૌન રહો. (૧૯૩)

તફસીર :

(હે નબી ﷺ !) તમે કહી આપો કે હું પોતે પોતાની (વ્યક્તિગત) જાત માટે (પણ પછી અન્યની તો વાત જ શી કરવી) કોઈ લાભ (જાહેર કે ગુપ્ત રીતે પ્રાપ્ત કરવા)નો અધિકાર ધરાવતો નથી અને ન જ કોઈ નુકસાન (જાહેર કે ગુપ્ત દૂર કરવા)નો (અધિકાર ધરાવું છું) પરંતુ એટલું જ કે જેટલું અલ્લાહ તઆલાએ ઈચ્છયું હોય (કે મને અધિકાર આપી દે અને જે બાબતમાં અધિકાર નથી આપ્યો તેમાં અમુક સમયે લાભ લેવાનું ચૂકી પણ જવાય છે અને નુકસાન પણ થાય છે, એક બાબત તો આ થઈ) અને (બીજી બાબત એ છે કે) જો હું ગયૂબની વાતો (મારા અધિકાર દ્વારા) જાણતો હોત તો હું (મારા માટે) ઘણા બધા લાભ પ્રાપ્ત કરી લેતો હોત અને કોઈપણ નુકસાન મારા ઉપર આવતું જ ન હોત (કારણ કે ગયૂબના જ્ઞાનના કારણે મને જાણ થઈ જતી હોત કે, ફલાણું કામ મારા માટે ચોક્કસ ફાયદાકારક હશે અને તેને હું અપનાવી લેતો હોત અને ફલાણું કામ મારા માટે ખરેખર નુકસાનકારક છે એટલે હું તેનાથી પરહેઝ કરતો હોત અને હવે કારણ કે, ગયૂબનું ઈલ્મ મારી પાસે નથી એટલા માટે મને અમુક સમયે લાભની જાણ થતી નથી જેથી તેને હું અપનાવું, એ જ પ્રમાણે નુકસાન વિશેના ગયૂબનું જ્ઞાન પણ નથી હોતું કે તેનાથી હું બચું બલકે, અમુક વખતે લાભદાયક વસ્તુને નુકસાનકર્તા અને નુકસાનકારક વસ્તુને લાભદાયક સમજી લઉં છું. આ દલીલનું તાત્પર્ય એ છે કે, ગયૂબના જ્ઞાન માટે લાભ અને નુકસાનનો માલિક હોવું જરૂરી હોવું એ આ વિષય વર્ણન કરવામાં પાછળના ક્રમે છે અને નકાર આવશ્યક હોવો એ આ વિષય વર્ણન કરવામાં અગ્ર સ્થાને છે, બસ એટલા માટે ગયૂબના ઈલ્મનો અત્રે નકાર થાય છે અને તે જ અત્રે કહેવાનો ઉદ્દેશ્ય છે, અર્થાત હું એવી બાબતોમાં ગયૂબનું ઈલ્મ ધરાવતો નથી), હું તો માત્ર (શરીઅતના હુકમો બતાવી સવાબની) ખુશખબરી આપનારો અને (અઝાબથી) ડરાવનારો છું તે લોકોને જેઓ ઈમાન ધરાવે છે (ખુલાસો એ છે કે, નુબુવ્વતનો અસલી હેતુ ગુપ્ત અને

અદશ્ય બાબતોનું સંશોધન કરવાનો નથી, એટલા માટે તે બાબતોનું જ્ઞાન જેમાં કયામતનો નિશ્ચિત સમય જાણવાનું પણ સામેલ છે કે આ નિશ્ચિત સમય ક્યારે છે તેની નબીને જાણકારી મળવી જરૂરી નથી. અલબત્ત, નુબુવ્વતનો વાસ્તવિક હેતુ શરીઅતની બાબતો અને હુકમોનું જ્ઞાન આપવાનો છે જે આપ ﷺને અલ્હમ્દુલિલ્લાહ મળેલ છે) અને અલ્લાહ એવો (સર્વશક્તિમાન તથા સર્જનહાર) છે જેણે તમને એક શરીર (એટલે કે આદમ અલૈ.)થી પેદા કર્યા અને તેમાંથી જ તેનું જોડું બનાવ્યું (એટલે કે, હઝરત હવ્વા અલૈ.; આ વિષયની ચર્ચા સૂરએ નિસાઅ્માં આવી ચૂકી છે) જેથી તે પોતાના તે જોડાથી રાહત પ્રાપ્ત કરે (બસ, જ્યારે તે સર્જનહાર પણ છે અને અહેસાન કરનાર પણ તો ઈબાદતપાત્ર પણ માત્ર તે જ છે) પછી (આગળ તેમની અવલાદ વધી અને તેમાં પણ પતિ-પત્ની થયા પરંતુ તેમનામાં અમુકની એ હાલત થઈ કે) જ્યારે પતિએ પત્નીને ઢાંકી લીધી તો તેનાથી ગર્ભ રહી ગયો (જે પ્રથમ તો) હલકો (રહ્યો), બસ તે તેને (પેટમાં) લઈને (વિના તકલીફે) ચાલતી-ફરતી રહી, પછી જ્યારે તે (ગર્ભવતી સ્ત્રી આ ગર્ભનો ભાર વધી જવાના કારણે) ભારે થઈ ગઈ (અને બંને પતિ-પત્નીને વિશ્વાસ થઈ ગયો કે આ ગર્ભ છે) તો (તે સમયે તેમને જાત-જાતની સંભાવનાઓ અને શંકાઓ થવા લાગી કે જેમકે અમુક ગર્ભમાં ભય અને ખતરાઓ ઉપસ્થિત થાય છે, એટલા માટે) બંને પતિ-પત્ની અલ્લાહથી કે જે તેમનો માલિક છે દુઆ કરવા લાગ્યા કે જો તું અમને સારી-ભલી અવલાદ આપી દે તો અમે ખૂબ આભાર માનીશું, (જેમકે સામાન્ય ટેવ હોય છે કે મુસીબતના સમયે અલ્લાહ તઆલાથી મોટા-મોટા વાયદા અને કરાર કરવામાં આવે છે) બસ જ્યારે અલ્લાહ તઆલાએ તે બંનેને સારી-ભલી અવલાદ આપી દીધી તો અલ્લાહ તઆલાની આપેલી વસ્તુમાં તે બંને ભાગીદાર ઠરાવવા લાગ્યા (વિવિધ સ્વરૂપે જેમકે કોઈએ માન્યતાની દષ્ટિએ કે આ અવલાદ ફલાણા જીવીત અથવા મૃત વ્યક્તિએ આપી છે, કોઈએ પોતાની પ્રવૃત્તિથી કે તેને તેના નામે નજર અને નિયાઝ કરવા લાગ્યા અથવા બાળકને લઈ જઈને તેમની સામે તેમનું માથું ટેકવી દીધું અથવા તો પોતાના નિવેદનોથી કે તેની બંદગી ઉપર નામ રાખી લીધું જેમકે "અબ્દેશમ્સ" અથવા "બંદએ અલી" વગેરે. એટલે કે, એ હક તો માત્ર અલ્લાહનો હતો કે જે અહેસાન કરનાર, ઈનામ આપનાર, સર્જનહાર અને

સર્વશક્તિમાન છે અને તેણે આ ઈબાદતનો હક અન્ય મઅ્બૂદો માટે ખર્ચ કર્યો) બસ, અલ્લાહ તઆલા તેમના શિર્કથી પવિત્ર છે.

(અહીંયાં સુધી તો અલ્લાહ તઆલાની સિફતો અને ખાસિયતોનું વર્ણન હતું જે તેના મઅ્બૂદ હોવાના હકનો તકાદો જાહેર કરે છે, આગળ બાતિલ અને જૂઠા મઅ્બૂદોની ઉણપો અને ત્રુટીઓનું વર્ણન છે, જેનો તકાદો એ છે કે તેઓ ઈબાદતપાત્ર ક્યારેય હોઈ શકતા જ નથી, બસ ફરમાવવામાં આવ્યું કે) શું (અલ્લાહ તઆલાની સાથે) એવાને ભાગીદાર ઠરાવો છો જે કોઈ વસ્તુને બનાવી ન શકે અને (બલકે) તેઓ પોતે જ બનાવવામાં આવ્યા હોય (એટલા માટે દેખીતું છે કે, મૂર્તિપૂજકો પોતે જ તે મૂર્તિઓને પોતાના હાથોથી બનાવે છે) અને (કોઈ વસ્તુનું બનાવવું તો ઘણી મોટી વાત છે) તેઓ (તો એવા લાચાર છે કે તેનાથી સહેલું કાર્ય પણ કરવા સમર્થ નથી, દાખલા તરીકે) તેમની કોઈ પ્રકારની મદદ (પણ) નથી કરી શકતા અને (તેનાથી પણ આગળ વધીને એ કે) તેઓ પોતે પોતાની પણ મદદ નથી કરી શકતા (જો કોઈ ઘટના બને દાખલા તરીકે કોઈ વ્યક્તિ આ મૂર્તિઓને તોડવા-ફોડવા લાગે) અને (તેનાથી આગળ વધીને સાંભળો કે) જો તમે તેમને કોઈ વાત બતાવવા માટે પોકારો તો તમારા કહેવા ઉપર ન ચાલે (તેના બે અર્થ હોઈ શકે છે, એક એ કે તમે તેમને પોકારો કે તેઓ તમને કોઈ વાત બતાવે તો તમારું કહ્યું ન કરે, એટલે કે ન બતાવે અને બીજું તેનાથી વિશેષ એ કે તમે તેમને પોકારો કે આવો, અમે તમને કોઈ વસ્તુ બતાવીએ છીએ તો તમારા કહ્યા ઉપર ન ચાલે, એટલે કે તમારી બતાવેલી વાત ઉપર અમલ ન કરી શકે, મતલબ કે) તમારા માટે બંને બાબતો સરખી છે ભલે તમે તેમને પોકારો (તો તેઓ સાંભળતા નથી) અને અથવા તો તમે મૌન રહો; (જ્યારે તેમનું ન સાંભળવું દેખીતું છે તો મૌન રહેવું જોઈએ, ખુલાસો એ છે કે જે કામ સૌથી સરળ હોય કે, કોઈ વાત બતાવવાથી અથવા પોકારવાથી સાંભળી લેવું; તો તેઓ તેનાથી પણ લાચાર છે તો તેનાથી મુશ્કેલ કાર્ય એ છે કે તે પોતાનું રક્ષણ કરે અને પછી તેનાથી પણ વધારે મુશ્કેલ એ છે કે અન્યોની સહાય કરે અને તેનાથી વધારે અત્યંત કઠણ કામ એ છે કે, કોઈ વસ્તુનું સર્જન કરે તો આ બધી બાબતોથી તે જૂઠા મઅ્બૂદો લાચાર છે, પછી આવા લાચાર અને મોહતાજ જૂઠા મઅ્બૂદો કઈ રીતે બંદગીપાત્ર ઠરી શકે છે ?)

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતમાં મુશ્રિકો અને સામાન્ય જનતાના આ ખોટા અકીદાઓનો રદિયો છે, જે તે લોકોએ અંબિયા (અલૈ.) વિશે સ્થાપિત કરી રાખ્યો હતો કે, તેઓ ગયૂબની વાતો જાણતા હોય છે, તેમનું જ્ઞાન અલ્લાહ તઆલાની જેમ સૃષ્ટિના અણુએ અણુ ઉપર છવાયેલું હોય છે. વળી એ કે તેઓ દરેક નફો અને નુકસાનના માલિક હોય છે, જેને ઈચ્છે લાભ અથવા નુકસાન પહોંચાડી શકે છે.

અને આ જ અકીદાના કારણે તેઓ રસૂલુલ્લાહ ﷺને કયામતની નિશ્ચિત તારીખ અને સમય બતાવવાની માંગણી કરતા હતા, જેનું વર્ણન આનાથી અગાઉની આયતમાં આવી ચૂક્યું છે.

આ આયતથી તેમના તે શિર્કયુક્ત અકીદાનો રદિયો થાય છે. બતાવવામાં આવ્યું કે, ગયૂબ (અદશ્ય બાબતો)નું જ્ઞાન અને સમગ્ર સૃષ્ટિના અણુએ અણુનું જ્ઞાન અલ્લાહ જલ્લ શા'નુહૂની જ ખાસ સિફત છે, તેમાં કોઈ મખ્લૂકને ભાગીદાર ઠરાવવું ભલે તે ફરિશ્તો હોય અથવા નબી કે રસૂલ એ મહાન અત્યાચાર છે. એ જ પ્રમાણે દરેક લાભ અને નુકસાનનો માલિક હોવું ફક્ત અલ્લાહ તઆલાની જ વિશિષ્ટ પ્રકારની સિફત છે, તેમાં કોઈને ભાગીદાર ઠરાવવું પણ શિર્ક છે જેને સમાપ્ત કરવા માટે જ કુર્આન નાઝિલ થયું અને રસૂલુલ્લાહ ﷺ મબઊષ થયા.

કુર્આને કરીમની અસંખ્ય આયતોમાં વારંવાર એનો રદિયો આપવામાં આવ્યો છે કે, ગયૂબનું જ્ઞાન અને દરેક વસ્તુ ઉપર છવાયેલું જ્ઞાન કે જેના દ્વારા વિશ્વનું કોઈ રજકણ પણ અદશ્ય ન રહી શકે એવું જ્ઞાન માત્ર અલ્લાહ જલ્લ શા'નુહૂની જ ખાસ વિશિષ્ટ પ્રકારની સિફત છે. એ જ પ્રમાણે સંપૂર્ણ શક્તિ અને દરેક લાભ તથા નુકસાન તેના જ કબ્જામાં છે, એ પણ તેની જ વિશિષ્ટ પ્રકારની સિફત છે. આવી સિફતોમાં અલ્લાહ તઆલા સિવાય અન્યોને ભાગીદાર ઠરાવવું શિર્ક છે.

આ આયતમાં રસૂલે કરીમ ﷺને હુકમ આપવામાં આવ્યો છે કે, તમે એ બાબતનું એ'લાન કરી આપો કે હું મારી જાત માટે પણ લાભ અને નુકસાનનો માલિક નથી, અન્યોના લાભ અને નુકસાનની તો વાત જ શું કરવી ?

એ જ પ્રમાણે એવું એ'લાન પણ કરી આપો કે, હું આલિમુલ ગયૂબ

(અદશ્ય બાબતોનો જાણકાર) નથી કે, દરેક વસ્તુનું જ્ઞાન મારા માટે આવશ્યક (જરૂરી) હોય અને જો મને ગય્બનું ઈલ્મ હોત તો મેં દરેક લાભદાયક વસ્તુઓને ચોક્કસ પ્રાપ્ત કરી લીધી હોત અને કોઈ લાભ મારા હાથે છૂટવા ન પામ્યો હોત અને દરેક નુકસાનની વસ્તુથી હંમેશા સુરક્ષિત જ રહ્યો હોત અને ક્યારેય કોઈ નુકસાન મને ન પહોંચી શક્યું હોત, જ્યારે કે આ બંને બાબતો અસ્તિત્વ ધરાવતી નથી. ઘણા બધા કામ એવા છે કે, રસૂલુલ્લાહ ﷺએ તેને પ્રાપ્ત કરવા ઈચ્છ્યું પરંતુ તે પ્રાપ્ત ન થઈ શક્યું અને ઘણી બધી તકલીફો અને નુકસાન એવા છે જેનાથી રસૂલે કરીમ ﷺએ બચવાનો ઈરાદો કર્યો પરંતુ તે નુકસાન અને તકલીફ પહોંચી ગઈ. હુદૈબિય્યહના સમયે રસૂલે કરીમ ﷺ સહાબએ કિરામ (રદિ.) સાથે અહેરામ બાંધીને ઉમરહનો ઈરાદો કરી હરમની હદો સુધી પહોંચી ગયા પરંતુ હરમમાં પ્રવેશ અને ઉમરહ અદા કરવાની તક તે સમયે ન મળી શકી, બધાને અહેરામ ખોલીને પાછું આવવું પડ્યું.

એ જ પ્રમાણે ગઝ્વએ ઉહદમાં રસૂલે કરીમ ﷺ ઘાયલ થયા અને મુસલમાનો માટે કામચલાઉ હાર જેવી પરિસ્થિતિ ઊભી થઈ, એ જ પ્રમાણે એવી ઘણી ઘટનાઓ છે જે રસૂલે કરીમ ﷺના જીવનમાં ઘણી પ્રખ્યાત છે.

અને કદાચ આવી ઘટનાઓને જાહેર કરવાનો હેતુ જ એ હોય કે, લોકો ઉપર વાસ્તવિક અમલી સ્વરૂપે એ વાત સ્પષ્ટ કરી દેવામાં આવે કે, અંબિયા (અલૈ.) જો કે, અલ્લાહ તઆલાના સૌથી વધારે નિકટ, સ્વીકૃત અને તમામ સર્જનમાં શ્રેષ્ઠ છે પરંતુ તે છતાં તેઓ અલ્લાહના જ્ઞાન અને શક્તિના માલિક નથી, જેથી લોકો એવી ગેરસમજનો શિકાર ન થઈ જાય, જેમકે ઈસાઈ (ક્રિશ્ચિયનો) માર્ગ ભટકી ગયા કે પોતાના રસૂલને અલ્લાહની સિફતોના માલિક બનાવી બેઠા અને આ રીતે શિર્કમાં સંડોવાઈ ગયા.

આ આયતે એ પણ સ્પષ્ટ કરી દીધું કે, અંબિયા (અલૈ.) ન તો સર્વશક્તિમાન હોય છે અને ન જ આલિમુલ ગય્બ હોય છે, બલકે તેમને જ્ઞાન અને શક્તિનો એટલો જ ભાગ પ્રાપ્ત થાય છે જેટલો અલ્લાહ તઆલા તરફથી તેમને આપવામાં આવે છે.

હા ! એમાં શંકાને કોઈ સ્થાન નથી કે, જ્ઞાનનો જે ભાગ તેમને અર્પણ થાય

છે તે સમગ્ર મખ્લૂક કરતાં પણ મોટો હોય છે. ખાસ કરીને આપણા રસૂલે કરીમ ﷺને આગળનું અને પાછળનું જ્ઞાન અર્પણ કરવામાં આવ્યું હતું પરંતુ તમામ અંબિયા (અલૈ.)ને જેટલું જ્ઞાન આપ્યું હતું તે બધું અને તેનાથી પણ વધારે રસૂલે કરીમ ﷺને અર્પણ કરવામાં આવ્યું હતું અને આ જ અર્પણ કરવામાં આવેલ જ્ઞાન પ્રમાણે રસૂલે કરીમ ﷺએ હજારો ગયૂબની ખબરો આપી છે કે જેના સત્ય હોવાનો અનુભવ દરેક સામાન્ય અને ખાસ લોકોએ કર્યો. એટલા માટે એવું તો કહી શકાય છે કે રસૂલુલ્લાહ ﷺને હજારો, લાખો વસ્તુઓનું ગયૂબનું ઈલ્મ અર્પણ કરવામાં આવ્યું હતું પરંતુ તેને કુર્આનની પરિભાષામાં ગયૂબનું ઈલ્મ નથી કહી શકાતું અને તેનું કારણ એ છે કે, રસૂલને "આલિમુલ ગયૂબ" (સર્વજ્ઞ) કહી શકાય નહીં.

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, اِنْ اَنَا اِلَّا نَذِيْرٌ وَّبَشِيْرٌ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ એટલે કે, (હે નબી ﷺ !) તમે આ પણ એ'લાન કરી આપો કે, મારા હોદ્દાની ફરજ ફક્ત એ છે કે હું દુષ્ટ દુરાચારીઓને અઝાબથી ડરાવું અને નેક લોકોને મહાન સવાબની ખુશખબરી સંભળાવું.

બીજી આયતમાં તવહીદના અકીદહનું વર્ણન છે જે ઈસ્લામનો મુખ્ય અને મૂળ પાયાનો અકીદહ છે, તેની સાથે શિર્ક એ જૂઠ અને અયોગ્ય હોવાનો ઉલ્લેખ પણ વિગતવાર આવ્યો છે.

શરૂઆતની આયતમાં અલ્લાહ તઆલાએ પોતાની સંપૂર્ણ કુદરતનો એક કરિશ્મો હઝરત આદમ (અલૈ.) અને હઝરત હવ્વા (અલૈ.)ની પેદાઈશનો આ રીતે વર્ણન કર્યો છે, خَلَقَكُمْ مِّنْ نَّفْسٍ وَّاحِدَةٍ وَّجَعَلَ مِنْهَا زَوْجَهَا لِيَسْكُنَ اِلَيْهَا એટલે કે, "અલ્લાહ તઆલાની જ એ શા'ન છે જેણે સમગ્ર માનવજાતિને એક વ્યક્તિ હઝરત આદમ (અલૈ.)થી પેદા કર્યા અને તેમાંથી તેમની પત્ની હઝરત હવ્વાને પેદા કર્યા જેનો મકસદ એ હતો કે આદમ (અલૈ.)ને પોતાનો એક સાથી મળી જાય જેના દ્વારા તેઓ સંતોષ પ્રાપ્ત કરે."

અલ્લાહ તઆલાની આ આશ્ચર્યજનક કારીગીરીનો તકાદો એ હતો કે, સમગ્ર આદમની અવલાદ હંમેશા તેનો આભાર માને અને કોઈ મખ્લૂકને તેની સંપૂર્ણ સિફતોમાં ભાગીદાર ન ઠરાવે પરંતુ અજ્ઞાનતામાં ડૂબેલા મનુષ્યએ તેનાથી

વિપરીત કર્મો આચર્યા, જેનું વર્ણન આ જ આયતના બીજા વાક્ય અને પછીની આયતમાં આ રીતે કરવામાં આવ્યું,

فَلَمَّا تَغَشّٰهَا حَمَلَتْ حَمْلًا خَفِيْفًا فَمَرَّتْ بِهٖ ۚ فَلَمَّاۤ اَثْقَلَتْ دَّعَوَا اللّٰهَ رَبَّهُمَا لَئِنْ اٰتَيْتَنَا صَالِحًا لَّنَكُوْنَنَّ مِنَ الشّٰكِرِيْنَ ۝ فَلَمَّاۤ اٰتٰهُمَا صَالِحًا جَعَلَا لَهٗ شُرَكَآءَ فِيْمَاۤ اٰتٰهُمَا فَتَعٰلَى اللّٰهُ عَمَّا يُشْرِكُوْنَ ۝

એટલે કે, આદમની અવલાદે પોતાની બેદરકારી અને નાશુક્રીથી આ મા'મલામાં એ પ્રવૃત્તિ કરી કે, જ્યારે પુરુષ અને સ્ત્રીના પરસ્પરના મિલનથી ગર્ભ રહી ગયો તો શરૂ-શરૂમાં જ્યાં સુધી ગર્ભનો કોઈ ભાર ન હતો સ્ત્રી સ્વતંત્રપણે ફરતી રહી, પછી જ્યારે અલ્લાહ તઆલાએ પોતાની સંપૂર્ણ કુદરતથી ત્રણ અંધારાઓના પડદામાં તેના ગર્ભનો વિકાસ કરીને તેને વધાર્યો અને તેનો ભાર લાગવા માંડ્યો તો હવે માં-બાપ ચિંતામાં પડી ગયા અને ભયની અનુભૂતિ કરવા લાગ્યા કે, આ ગર્ભથી કેવું સંતાન પેદા થશે ? કારણ કે, અમુક સમયે મનુષ્યના પેટથી અજબ-અજબ પ્રકારની મખ્લૂક પણ પેદા થઈ જાય છે અને અમુક સમયે અધૂરું બાળક પણ પેદા થાય છે, જેમકે આંધળું, બહેરું, મૂંગુ અથવા હાથ-પગથી અપંગ. આ ભય લાગવાથી માં-બાપ દુઆઓ માંગવા લાગ્યા કે અમને તંદુરસ્ત, સારું-ભલું બાળક એનાયત કર. જો સારું-ભલું બાળક પેદા થશે તો અમે શુક્રગુઝાર થઈશું, પરંતુ જ્યારે અલ્લાહ તઆલાએ તેમની દુઆ સાંભળી લીધી અને બાળક સારું-ભલું અર્પણ કર્યું તો આભાર માનવાને બદલે શિર્કમાં સંડોવાઈ ગયા અને આ બાળક જ તેમના શિર્કમાં સપડાઈ જવાનું કારણ બન્યું, જેના વિવિધ સ્વરૂપો હોય છે, ક્યારેક તો ખોટી માન્યતા હોય છે, એવું સમજી બેસે છે કે આ સંતાન કોઈ વલી અથવા બુઝુર્ગે આપ્યું છે, ક્યારેક એવું થાય છે કે આ બાળકનો કોઈ જીવીત અથવા મૃત બુઝુર્ગ કે વલી તરફ સંબંધ જોડવામાં આવે છે અને તેમના નામની નઝર અને નિયાઝ માનવા લાગે છે અથવા બાળકને તેમની પાસે લઈ જઈ તેમની સામે પોતાનું માથું ટેકવી આપે છે. એ જ પ્રમાણે ક્યારેક બાળકનું નામ રાખવામાં શિર્કિય્યહ રિવાજ અપનાવવામાં આવે છે જેમકે અબ્દુલ્લાત, અબ્દુલઉઝ્ઝા, અબ્દુશ્શમ્સ અથવા બંદએ અલી નામ રાખવામાં

આવે છે. જેનાથી એવું સમજવામાં આવે છે કે આ બાળક અલ્લાહ તઆલાના બદલે આ મૂર્તિઓ અથવા તેમના બુઝુર્ગોએ પેદા કર્યું છે. આ બધા શિર્કયુક્ત અકીદાઓ અને અમલો છે જે અલ્લાહ તઆલાની નેઅ્મતના મુકાબલામાં શુક્રના બદલે નાશુક્રીના વિવિધ સ્વરૂપો છે.

ત્રીજી આયતના અંતમાં આ લોકોનો આવો ખોટો માર્ગ અપનાવવાની નીતિને સ્પષ્ટ કરવા માટે ફરમાવ્યું, فَتَعٰلَى اللّٰهُ عَمَّا يُشْرِكُوْنَ એટલે કે, “અલ્લાહ તઆલા તેમના શિર્કથી પવિત્ર છે જેને આ લોકોએ અપનાવ્યું છે.”

પ્રસ્તુત આયતોની આ તફસીરથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે, આ આયતના પ્રથમ વાક્યમાં હઝરત આદમ (અલૈ.)નું તથા બીબી હવ્વાનું વર્ણન કરીને આદમની અવલાદને તેમનું અનુસરણ અને આભાર માનવાની શિખામણ આપવામાં આવી છે અને અંતિમ વાક્યોમાં પાછળથી આવનારી મનુષ્યજાતિની ગુમરાહી તથા તેમની ખોટી નીતિરીતિનું વર્ણન કરવામાં આવ્યું છે કે, તેમણે આભાર માનવાના બદલે શિર્કને અપનાવી લીધું.

આથી જાણ થાય છે કે, શિર્ક અપનાવનારાઓનો સંબંધ હઝરત આદમ (અલૈ.) અને હવ્વા સાથે બિલકુલ નથી. જેના કારણે હઝરત આદમ (અલૈ.)ની પવિત્રતામાં કોઈ શંકા ઉપસ્થિત થાય બલકે, તેનો સંબંધ પાછળથી આવનાર પેઢીઓના આચરણ સાથે છે અને આ તફસીર જે અમે અપનાવી છે, તફસીરે દુર્રે મન્ષૂરમાં ઈબ્નુલ મંઝર અને ઈબ્ને અબી હાતિમની રિવાયતથી કુર્આનના તફસીરકાર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ થયું છે.

તિરમિઝી અને હાકિમની રિવાયતોમાં જે એક કિસ્સો હઝરત આદમ (અલૈ.)ને શયતાન દ્વારા ધોકો આપવાનો વર્ણન થયો છે, તેને અમુક લોકોએ ઈસ્રાઈલી રિવાયતો ઠરાવી ભરોસો કરવાપાત્ર નથી સમજ્યો પરંતુ ઘણી બધી હદીષોથી તેનું સમર્થન પણ કર્યું છે, પરંતુ અત્રે પ્રસ્તુત તફસીર ઉપર જો કોઈ આ કિસ્સાની રિવાયતને સાચી પણ માની લે તો પણ આયતની તફસીરમાં કોઈ શંકાને સ્થાન બાકી નથી રહેતું.

આ આયતના અમુક હુકમો અને લાભો આ પ્રમાણે છે.

પ્રથમ એ કે, અલ્લાહ તઆલાએ પુરુષ અને સ્ત્રીના જોડાંઓને સમાન

પ્રજાતિના બનાવ્યા કે, સ્વાભાવિક સામ્યપણું અને સંપૂર્ણ પ્રકારની રાહત અને સંતોષ એકબીજાથી પ્રાપ્ત થઈ શકે અને લગ્નજીવન કે જે દુનિયાના અસ્તિત્વ સાથે સંકળાયેલું છે તે સંપૂર્ણ રીતે પાર પડી શકે.

બીજું એ કે, લગ્નજીવનના જેટલા હકો અને ફરજો પતિ-પત્ની ઉપર પરસ્પર સ્થાપિત થાય છે તે બધાનો ખુલાસો અને અસલ હેતુ સંતોષ છે. દુનિયાના નવા સમાજ અને નવા રિવાજો અને જે વસ્તુઓ રાહત અને સંતોષને બરબાદ કરનારી છે તે લગ્નજીવનના સંબંધના પાયાના દુશ્મનો છે અને આજની આધુનિક દુનિયામાં ગૃહજીવનમાં સામાન્ય રીતે જે કડવાશ નજરે પડે છે અને ચારે તરફ છૂટાછેડા અને તલાકની ભરમાર છે, તેનું સૌથી મોટું કારણ એ જ છે કે સમાજમાં એવી વસ્તુઓને સારી સમજી લેવામાં આવી છે કે જે ગૃહજીવનની શાંતિ અને સંતોષને મૂળેથી જ બરબાદ કરનારી હોય છે. સ્ત્રીઓની સ્વતંત્રતાના નામ ઉપર તેમને નિર્લજ્જતા અને નગ્નતા તરફ વાળવાનું જે વિશ્વવ્યાપી આંદોલન ચાલ્યું છે તેની લગ્નજીવન અને ગૃહસ્થજીવનનો સંતોષ નાશ પામવામાં મોટી દખલગીરી છે અને અનુભવ સાક્ષી છે કે, જેમ-જેમ આ નિર્લજ્જતા અને બેહયાઈ સ્ત્રીઓમાં વધતી જાય છે એ જ ગતિએ ઘરગૃહસ્થીમાં શાંતિ અને સંતોષ સમાપ્ત થતો જાય છે.

ત્રીજું એ કે, બાળકોના એવા નામો રાખવા જેનો શિર્કયુક્ત અર્થ સમજાય ભલે, નામ રાખનારની નિય્યત એવી ન હોય તે પણ એક શિર્કયુક્ત રિવાજ હોવાના કારણે મોટો ગુનોહ છે જેમકે અબ્દુશશમ્સ, અબ્દુલઉઝ્ઝા વગેરે નામો રાખવા.

ચોથું એ કે, બાળકોના નામો રાખવામાં પણ શુક્રિયા અદા કરવાની પદ્ધતિ એ છે કે, તેમના નામો તેઓ અલ્લાહના બંદા સાબિત થાય એ પ્રમાણે સુન્નત તરીકા ઉપર રાખવામાં આવે, એટલા માટે રસૂલુલ્લાહ ﷺને અબ્દુર્રહમાન, અબ્દુલ્લાહ વગેરે નામો વધારે પસંદ હતા.

અફસોસ છે કે, આજે મુસલમાનોથી આ રહી-સહી ઈસ્લામી રીત-રસમ પણ સમાપ્ત થઈ રહી છે. પ્રથમ તો નામ જ ગેરઈસ્લામી રાખવામાં આવે છે અને જ્યાં કોઈ માં-બાપ ઈસ્લામી નામ રાખી લે તો તેને પણ અંગ્રેજી શૈલી આધારિત

ટૂંકુ કરીને તેના પરિચયને સમાપ્ત કરવામાં આવે છે. ચહેરા–મહોરા અને દેખાવથી તો કોઈને મુસલમાન સમજવું પ્રથમથી જ મુશ્કેલ થઈ ચૂક્યું હતું, હવે નામોમાં પણ આવી શૈલીએ ઈસ્લામની અંતિમ નિશાનીને પણ અલવિદા કરી દીધી. અલ્લાહ તઆલા આપણને દીની સમજ અને ઈસ્લામની મહોબ્બત અર્પણ કરે. આમીન.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૯૪ થી ૧૯૮)

إِنَّ الَّذِينَ تَدْعُونَ مِنْ دُونِ اللَّهِ عِبَادٌ أَمْثَالُكُمْ فَادْعُوهُمْ فَلْيَسْتَجِيبُوا لَكُمْ
إِنْ كُنْتُمْ صَادِقِينَ ﴿١٩٤﴾ أَلَهُمْ أَرْجُلٌ يَمْشُونَ بِهَا ۖ أَمْ لَهُمْ أَيْدٍ يَبْطِشُونَ بِهَا ۖ أَمْ لَهُمْ
أَعْيُنٌ يُبْصِرُونَ بِهَا ۖ أَمْ لَهُمْ آذَانٌ يَسْمَعُونَ بِهَا ۗ قُلِ ادْعُوا شُرَكَاءَكُمْ ثُمَّ
كِيدُونِ فَلَا تُنْظِرُونِ ﴿١٩٥﴾ إِنَّ وَلِيِّيَ اللَّهُ الَّذِي نَزَّلَ الْكِتَابَ ۖ وَهُوَ يَتَوَلَّى
الصَّالِحِينَ ﴿١٩٦﴾ وَالَّذِينَ تَدْعُونَ مِنْ دُونِهِ لَا يَسْتَطِيعُونَ نَصْرَكُمْ وَلَا أَنْفُسَهُمْ
يَنْصُرُونَ ﴿١٩٧﴾ وَإِنْ تَدْعُوهُمْ إِلَى الْهُدَىٰ لَا يَسْمَعُوا ۖ وَتَرَاهُمْ يَنْظُرُونَ إِلَيْكَ
وَهُمْ لَا يُبْصِرُونَ ﴿١٩٨﴾

તરજુમો :

જેમને તમે અલ્લાહના સિવાય પોકારો છો તેઓ તમારા જેવા બંદા છે, ભલા પોકારો તો તેમને બસ જોઈએ કે તે તમારી પોકારને કબૂલ કરે, જો તમે સાચા છો. (૧૯૪) શું તેમના પગ છે જેનાથી ચાલે છે અથવા તેમના હાથ છે જેનાથી પકડે છે અથવા તેમની આંખો છે જેનાથી જુએ છે અથવા તેમના કાન છે જેનાથી સાંભળે છે ? તમે કહી આપો કે પોતાના શરીકો (ભાગીદારો)ને પોકારો, પછી મારા હકમાં બુરાઈ (ષડયંત્રો) કરો અને મને ઢીલ ન આપો. (૧૯૫) મારો હિમાયતી તો અલ્લાહ છે જેણે કિતાબ ઉતારી અને તે જ નેક બંદાઓની હિમાયત કરે છે. (૧૯૬) અને જેમને તમે તેના

સિવાય પોકારો છો તેઓ તમારી મદદ નથી કરી શકતા અને ન જ પોતાની જાતને બચાવી શકે છે. (૧૯૭) અને જો તમે તેમને માર્ગ તરફ પોકારો તો કંઈ ન સાંભળે અને તમે તેમને જુઓ છો કે તમારી તરફ તાક્યા કરે છે અને તેઓ કશું જોતા નથી. (૧૯૮)

તફસીર :

(મતલબ કે) ખરેખર તમે અલ્લાહને છોડીને જેની પૂજા કરો છો તે પણ તમારા જેવા જ (અલ્લાહને આધીન તેના ગુલામ) બંદાઓ છે (એટલે કે, તમારાથી વધીને નથી, ભલે તે કંડારેલી મૂર્તિઓ હોય), બસ (અમે તો તમને સાચા ત્યારે જ માનીશું કે) તમે તેમને પોકારો (અને) પછી તે તમારું કહેલું કરવા જોઈએ જો તમે (તેમના મઅ્બૂદ હોવાના અકીદહમાં) સાચા છો (અને તે બીચારા તમારું કહેલું કઈ રીતે કરશે ? કહેવા અને સાંભળવાની ઈન્દ્રી સુદ્ધાં તેમને નસીબ નથી થઈ, જોઈ લો) શું તેમના પગો છે જેનાથી તેઓ ચાલતા હોય ? અથવા તેમના હાથ છે જેનાથી કોઈ વસ્તુને પકડી શકે ? અથવા તેમની આંખો છે જેનાથી તેઓ જોતા હોય ? અથવા તેમના કાન છે જેનાથી તેઓ સાંભળતા હોય ? (જ્યારે તેમનામાં કોઈ શક્તિ નથી તો કોઈ પ્રવૃત્તિ તેઓ કઈ રીતે કરી શકવાના છે ? અને) તમે (એ પણ) કહી આપો કે, (જે પ્રમાણે તેઓ પોતાના અનુયાયીઓને લાભ પહોંચાડવાથી લાચાર છે, એ જ પ્રમાણે પોતાના વિરોધીઓને નુકસાન પણ પહોંચાડી શકતા નથી, જેમકે તમે કહ્યા કરો છો કે અમારી મૂર્તિઓ સાથે અસભ્યતાથી ન વર્તો, નહિતર તે તમારા ઉપર કોઈ આફત ઉતારી દેશે اَخْرَجَهٗ فِی الْبَابِ عَنْ عَبْدِالرَّزَّاقِ فِیْ قَوْلِهٖ تَعَالٰی وَ یُخَوِّفُوْنَکَ بِالَّذِیْنَ مِنْ دُوْنِهٖ અને જો તમે સમજતા હોય કે, તેઓ મને કોઈ નુકસાન પહોંચાડી શકે છે તો) તમે (પોતાના મનની મુરાદ પૂરી કરો અને) પોતાના બધા ભાગીદારોને બોલાવી લો પછી (સૌ મળીને) મને નુકસાન પહોંચાડવાની યુક્તિઓ કરો, પછી (જ્યારે તમારા ષડયંત્રો રચાઈ જાય તો) મને જરા પણ મહોલત ન આપો (બલકે તરત તેને લાગુ કરો, જુઓ શું થાય છે ? અને કંઈ જ થવાનું નથી, કારણ કે તમારા ભાગીદારો તો માત્ર બનાવટી છે અને રહી વાત તમારી, તો તમે જે કંઈ હાથ–પગ મારી શકતા હોય તેનાથી તમે મારું કંઈ જ બગાડી શકવાના નથી કે) ચોક્કસ મારો મદદગાર

અલ્લાહ તઆલા છે જે (મારો મદદગાર અને સહાયક હોવાની ખુલ્લી સાબિતી એ છે કે તે)ણે (મારા ઉપર) આ કિતાબ (ઠોસ અને બધી જ પ્રકારની ભલાઈઓ સાથે) નાઝિલ કરી (અને જો અલ્લાહ મારો સહાયક અને મદદગાર ન હોત તો મને આટલી મોટી નેઅ્મત શા માટે અર્પણ કરે ?) અને (આ વિશિષ્ટ પ્રકારની દલીલ સિવાય એક સામાન્ય નિયમથી પણ તેનું મદદગાર હોવું જાહેર છે, તે નિયમ એ છે કે) તે (સામાન્ય રીતે) નેક બંદાઓની મદદ કર્યા કરે છે (તો અંબિયા અલૈ. તો આ નેક બંદાઓમાં શ્રેષ્ઠ અને સંપૂર્ણ કક્ષાના છે અને હું નબી છું તો મારો પણ અવશ્ય તે મદદગાર થશે, મતલબ એ કે જેના નુકસાનથી તમે મને ડરાવો છો તે પોતે લાચાર છે અને જે મને નુકસાનથી બચાવે છે તે સર્વશક્તિમાન છે, પછી મને શા માટે કોઈ ભય કે ડર હોય ?) અને (જો કે આ જૂઠા મઅ્બૂદો મૂર્તિઓ વગેરેનું લાચાર હોવાનું કારણ તો જગજાહેર થઈ ચૂક્યું છે પરંતુ કારણ કે અત્રે અલ્લાહની શ્રેષ્ઠતા અને સર્વશક્તિમાન હોવાના વર્ણનને રસપ્રદ બનાવવા માટે તથા અલ્લાહ સિવાય અન્ય ગયરૂલ્લાહનો નકાર દલીલયુક્ત કરવાનો અને તેઓ દરેક વાતે અસમર્થ અને નિઃસહાય હોવાની જાહેરાત કરવાનો હેતુ છે, એટલા માટે ફરમાવવામાં આવ્યું કે) તમે જે લોકોની અલ્લાહને છોડીને ઈબાદત કરો છો તે (તમારા દુશ્મનોના મુકાબલામાં) તમારી કંઈ જ મદદ કરી શકતા નથી અને (પોતાના દુશ્મનોના મુકાબલામાં જેમકે હું તેમનો દુશ્મન છું પરંતુ મારા વિરુદ્ધ પણ તેઓ) ન જ પોતાની મદદ કરી શકે છે અને (મદદ કરવી તો ઘણી મોટી વાત છે) તેમને (તો) જો કોઈ વાત બતાવવા માટે પોકારો તો તેને (પણ) સાંભળશે નહીં (તેનો પણ તે જ ઉપરોક્ત પ્રમાણેનો અર્થ હોઈ શકે છે) અને (જેમકે તેમની પાસે સાંભળવાની ઈન્દ્રિય છે જ નથી, એ જ પ્રમાણે જોવા માટે આંખો પણ નથી અને તેમની કલ્પનાથી તે મૂર્તિઓની જે આંખો બનાવવામાં આવે છે તે તો ફક્ત નામ પૂરતી હોય છે, તે કોઈ જ કામની નથી હોતી, એટલા માટે) તે (મૂર્તિઓ)ને તમે જુઓ છો કે જાણે કે તે તમને તાકી રહી છે (કારણ કે, તેમની શકલમાં આંખો બનાવેલી હોય છે) અને તે (વાસ્તવમાં) કંઈ પણ જોતા નથી (કારણ કે, વાસ્તવમાં તે તો આંખો નથી તેના ઉપર હાથ, પગ, સ્પર્શ વગેરે દરેક પ્રકારની ઈન્દ્રિય–Senses ન હોવાની જાહેરાત થાય છે, બસ તો આવી લાચાર મૂર્તિઓનો ડર શું જોઈને બતાવો છો ?)

મસ્અલા અને બોધપાઠ :

وَلِیُّ(વલી)નો અત્રે اِنَّ وَلِیِّۦَ اللّٰهُ الَّذِیْ نَزَّلَ الْکِتٰبَ ۖ وَهُوَ یَتَوَلَّی الصّٰلِحِیْنَ અર્થ "રક્ષક" અને "સહાયક" થાય છે અને کِتَـــابُ (કિતાબ)નો અર્થ "કુર્આન" તથા صَـــالِحِیْن (સાલિહીન)નો અર્થ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ના મતે તે લોકો છે જેઓ અલ્લાહ તઆલાની સાથે કોઈની બરાબરી ન કરે, તેમાં અંબિયા (અલૈ.)થી લઈને સામાન્ય નેક મુસલમાનો સુધી બધા સામેલ છે.

અને આયતનો અર્થ એ છે કે, મને તમારા વિરોધની એટલા માટે પરવા નથી કે મારો રક્ષક અને મદદગાર અલ્લાહ તઆલા છે જેણે મારા ઉપર કુર્આન નાઝિલ કર્યું.

અત્રે અલ્લાહ તઆલાની બધી સિફતોમાંથી કુર્આન નાઝિલ કરવાની સિફતને વિશેષ સ્વરૂપે એટલા માટે વર્ણન કરવામાં આવ્યું કે, તમે જે મારી દુશ્મની અને વિરોધ ઉપર અડેલા છો તો તેનું કારણ કુર્આનનું શિક્ષણ અને તેનું આમંત્રણ છે જે હું તમને આપું છું તો જેણે મારા ઉપર આ કુર્આન નાઝિલ કર્યું છે તે જ મારો સહાયક અને સંરક્ષક છે. આથી મને શા માટે કોઈ ફિકર-ચિંતા હોય?

ત્યારબાદ અંતિમ વાક્યમાં સામાન્ય નિયમ બતાવવામાં આવ્યો કે, અંબિયા (અલૈ.)ની તો ઘણી મોટી શા'ન છે. કોઈ સામાન્ય નેક મુસલમાનનો પણ અલ્લાહ તઆલા જ રક્ષક અને તેની દેખરેખ રાખનાર છે, તે તેની સહાય કરે છે. એટલા માટે તેમને કોઈ દુશ્મનથી અથવા કોઈની દુશ્મનીથી નુકસાન થતું નથી. મોટા ભાગે તો દુનિયામાં જ તે તેને ગાલિબ (વિજયી) કરી આપે છે અને જો કોઈ સમયે હિકમતના તકાદા સ્વરૂપે ગાલિબ ન પણ થાય તો પણ તે તેના મૂળ હેતુમાં કોઈ ઉણપ કે ત્રુટી નથી, તે જાહેરમાં નિષ્ફળ દેખાતો હોવા છતાં પોતાના મૂળ મકસદના આધારે સફળ જ થયો હોય છે, કારણ કે મો'મિન સાલિહનો મૂળ હેતુ દરેક કામમાં અલ્લાહ તઆલાને રાઝી કરવો અને તેનું આજ્ઞાપાલન કરવાનો છે, જો તે દુનિયામાં કોઈ કારણથી નિષ્ફળ પણ થઈ જાય તો પણ અલ્લાહની ખુશીનો મૂળ હેતુ તો તેને પ્રાપ્ત થાય જ છે અને તે સફળ જ છે. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૧૯૯ થી ૨૦૨)

خُذِ الْعَفْوَ وَأْمُرْ بِالْعُرْفِ وَأَعْرِضْ عَنِ الْجٰهِلِيْنَ ﴿١٩٩﴾ وَإِمَّا يَنْزَغَنَّكَ مِنَ
الشَّيْطٰنِ نَزْغٌ فَاسْتَعِذْ بِاللهِ ۚ إِنَّهٗ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٢٠٠﴾ إِنَّ الَّذِيْنَ اتَّقَوْا إِذَا مَسَّهُمْ
طٰٓئِفٌ مِّنَ الشَّيْطٰنِ تَذَكَّرُوْا فَإِذَا هُمْ مُّبْصِرُوْنَ ﴿٢٠١﴾ وَإِخْوَانُهُمْ يَمُدُّوْنَهُمْ فِي
الْغَيِّ ثُمَّ لَا يُقْصِرُوْنَ ﴿٢٠٢﴾

તરજુમો :

દરગુઝર કરવાની ટેવ રાખો અને નેક કામ કરવાનો હુકમ કરો અને જાહિલોથી કિનારો કરો. (૧૯૯) અને જો તમને શયતાનની છેડછાડ ઉશ્કેરે તો અલ્લાહથી પનાહ માંગો, તે જ સઘળું સાંભળનારો જાણનારો છે. (૨૦૦) બેશક ! જેમના દિલમાં ડર છે જ્યાં તેમના ઉપર શયતાન પસાર થયો (તરત જ) ચોંકી ઉઠશે, પછી તે જ વખતે તેમને સૂઝ આવી જાય છે. (૨૦૧) અને જેઓ શયતાનોના ભાઈ છે તેઓ તેમને ગુમરાહીમાં ખેંચતા ચાલ્યા જાય છે, પછી તેઓ કમી કરતા નથી. (૨૦૨)

તફસીર :

(લોકો સાથે એ પ્રમાણે વર્તન કરો કે તેમના અમલો અને અખ્લાકમાંથી જો તેમનું) જાહેર વર્તન (યોગ્ય અને સાચું જણાય તો તે)નો સ્વીકાર કરી લો (તેની ઊંડાણપૂર્વક તપાસ અને હકીકતનું સંશોધન ન કર્યા કરો બલકે, જાહેર દષ્ટિમાં ઉપરછલ્લી રીતે પણ જો કોઈ કામ સારું હોય તેને ભલું કામ સમજો અને દરેકના માહ્યલાની તો અલ્લાહને જ ખબર છે તો તે બાબત અલ્લાહને સોંપો, કારણ કે સંપૂર્ણ ઈખ્લાસ અને સ્વીકૃતિની શરતોનું મજબૂતપણું વિશિષ્ટતાનો ભાગ છે. તાત્પર્ય એ છે કે સમાજમાં સહૂલત રાખો, કઠોર ન બનો અને આવો વર્તાવ તો સારા કામોમાં કરવાનો છે) અને (જે કામ દેખીતી દષ્ટિમાં પણ ખરાબ છે તેમાં એવું વર્તન રાખો કે તે વિષયમાં) નેક કામની તા'લીમ આપ્યા કરો (અને તેની પાછળ ન પડી જાઓ) અને જો (કદાચ તેમની અજ્ઞાનતા ઉપર) તમને કોઈ શયતાન તરફથી (ગુસ્સાનો) વસવસો આવવા લાગે (જેમાં એવી સંભાવના હોય

કે કોઈ વાત મસ્લિહત વિરુદ્ધ થઈ જશે) તો (એવી પરિસ્થિતિમાં તરત જ) અલ્લાહનું શરણ માંગી લો, નિઃશંક ! તે સઘળું સાંભળનાર (અને) સઘળું જાણનાર છે, (તમારી દુઆઓને સાંભળે છે, તમારા હેતુઓને જાણે છે, તે તમને તેનું શરણ આપશે; અને જે પ્રમાણે અલ્લાહનું ધ્યાન અને દુઆ તમારા માટે લાભદાયક છે એ જ પ્રમાણે બધા જ અલ્લાહથી ડરનારા લોકો માટે પણ લાભદાયક છે, કારણ કે) ચોક્કસ (એ વાત છે કે) જે લોકો અલ્લાહથી ડરે છે જ્યારે તેમને કોઈ શયતાન તરફથી (ગુસ્સો અથવા કોઈ અન્ય પ્રવૃત્તિનો) ખતરો આવી જાય છે તો તે (તરત જ અલ્લાહની) યાદમાં લાગી જાય છે (જેમકે દુઆ અને ઝિક્ર તથા અલ્લાહ તઆલાની શ્રેષ્ઠતા તથા તેના અઝાબ અને સવાબને યાદ કરે છે) બસ, તાત્કાલિક તેમની આંખો ખુલી જાય છે (અને ઘટનાની વાસ્તવિકતા તેમની સામે ખુલીને આવી જાય છે જેનાથી તેમને તે ભયના ઓથાર હેઠળ રહેવું પડતું નથી) અને (તેનાથી વિપરીત) જે શયતાનોના તાબે છે તે (શયતાનો) તેમને ગુમરાહીમાં ખેંચતા ચાલ્યા જાય છે, બસ તેઓ (ગુમરાહીનું અનુસરણ કરવાથી) અટકતા નથી. (ન તો તેઓએ દુઆ કરી અને ન જ તેઓ બચેલા રહ્યા, બસ તે મુશ્રિકો તો શયતાનોના આધીન છે, તેઓ કોઈ રીતે આ પ્રવૃત્તિઓથી અટકતા નથી, એટલા માટે તમારું તેમના ગમ અને ગુસ્સામાં પડવું વ્યર્થ છે).

મસ્અલા અને બોધપાઠ :

આદર્શ કુર્આની અખ્લાક (વર્તન)નું એક નક્કર હિદાયતનામું (માર્ગદર્શિકા) :

પ્રસ્તુત કુર્આનની આયતો કુર્આની ઉચ્ચ અખ્લાકની વર્ણન કરતી નક્કર માર્ગદર્શિકા છે જેના દ્વારા રસૂલે કરીમ ﷺની કેળવણી કરીને તેમને સઘળા આગલા અને પાછલા લોકોમાં "સાહિબે ખુલ્કે અઝીમ" (ઉચ્ચ અખ્લાકના માલિક)નો ખિતાબ આપવામાં આવ્યો છે.

પાછલી આયતોમાં ઈસ્લામના દુશ્મનોની ખોટી નીતિરીતિ, હઠધર્મી અને તેમના અસભ્ય વર્તનનું વર્ણન કર્યા પછી પાછળની આ આયતોમાં તેનાથી વિપરીત રસૂલે કરીમ ﷺને શ્રેષ્ઠ વર્તન કરવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે, જેના ત્રણ વાક્યો છે. પ્રથમ વાક્ય خُذِ الْعَفْوَ (ખુઝિલ અફ્વ) અરબી શબ્દકોષના

આધારે عَفْو (અફ્વ) શબ્દના ઘણા અર્થો હોઈ શકે છે અને આ સ્થળે દરેક અર્થની શક્યતા છે. એટલા માટે વિવરણકાર ઉલમાના વિવિધ સમૂહોએ વિવિધ પ્રકારનો અર્થ લીધો છે. સર્વસહમતિથી જમહૂર વિવરણકારોએ જે અર્થને અપનાવ્યો છે તે એ છે કે, "અફ્વ" દરેક એવા કાર્યને કહેવામાં આવે છે જે સરળતાથી કોઈપણ પ્રકારની તકલીફ વિના પૂર્ણ થઈ શકે. એ પ્રમાણે આ વાક્યનો અર્થ એ થયો કે, (હે નબી ﷺ !) તમે લોકો પાસેથી ઉત્તમ કક્ષાની અપેક્ષા ન રાખો અને માંગણી કરો બલકે, તે જે કક્ષાએ પણ સરળતાથી અમલ કરી શકે તે જ કક્ષાનો સ્વીકાર કરી લો. દાખલા તરીકે, નમાઝની વાસ્તવિક હકીકત તો એ છે કે બંદો સમગ્ર દુનિયાથી અલિપ્ત થઈને એકાગ્ર ચિત્તે પોતાના પરવરદિગારની સામે હાથ બાંધીને એટલા માટે ઊભો છે કે, વખાણ અને સ્તુતિની સાથે પોતાની દરખાસ્તને વિના કોઈ માધ્યમે સીધે-સીધી અલ્લાહના દરબારમાં રજૂ કરી રહ્યો છે, જાણે કે તે નમાઝના સમયે સીધે-સીધો અલ્લાહ જલ્લ શા'નુહૂને સંબોધે છે, તેની જે નિશાનીઓ, ખુશૂઅ્-ખુઝૂઅ્ (એકાગ્રતા અને ધ્યાનમગ્નતા), સભ્યતા અને સન્માન સાથે આ નમાઝ થવી જોઈએ, દેખીતું છે કે લાખો નમાઝીઓમાંથી કોઈ-કોઈ અલ્લાહના બંદાને જ આ નસીબ થાય છે. સામાન્ય લોકો આવી કક્ષા પ્રાપ્ત કરી શકતા નથી તો આ આયત દ્વારા રસૂલે કરીમ ﷺને એ શિક્ષણ આપવામાં આવ્યું છે કે, તમે તે લોકો પાસે તે ઉચ્ચ કક્ષાની માંગણી ન કરો બલકે જે દરજ્જામાં જેને તેઓ સરળતાથી કરી શકે છે તેનો જ સ્વીકાર કરી લો, એ જ પ્રમાણે બીજી ઈબાદતો જેમકે ઝકાત, રોઝહ, હજ્જ અને સામાન્ય વ્યવહાર અને સમાજના શરઈ ફરજોમાં જે લોકો પૂરેપૂરો હક અદા નથી કરી શકતા તેમની જે તે કક્ષાની ફરમાંબરદારી અને અનુસરણ પણ સ્વીકાર કરી લો.

સહીહ બુખારીમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર (રદિ.)ની રિવાયત પ્રમાણે પોતે રસૂલે કરીમ ﷺ દ્વારા આ આયતનો આ જ અર્થ નકલ કરવામાં આવ્યો છે.

એક રિવાયતમાં છે કે, રસૂલે કરીમ ﷺએ આ આયતના નાઝિલ થવા ઉપર ફરમાવ્યું કે, "મને અલ્લાહ તઆલાએ લોકોના અમલો અને અખ્લાકમાં સરસરી ઈતાઅત સ્વીકાર કરવાનો હુકમ આપ્યો છે. મેં ઈરાદો કરી લીધો છે કે, જ્યાં સુધી હું તે લોકોની સાથે છું એવો જ અમલ કરીશ." *(ઈબ્ને કષીર)*

તફસીરના ઈમામોના એક મોટા સમૂહ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર (રદિ.), હઝરત આયશા સિદ્દીકા (રદિ.) અને મુજાહિદ (રહ.) વગેરેએ આ વાક્યનો આ જ અર્થ ઠરાવ્યો છે.

"અફ્વ"નો બીજો અર્થ "મા'ફ કરવું" અથવા "દરગુજર કરવું" પણ થાય છે. તફસીરના ઈમામોની એક જમાઅતે આ સ્થળે એ જ અર્થ લઈને આ વાક્યનો અર્થ એ ઠરાવ્યો છે કે, "આપ ﷺ ગુનેહગારો અને ખતાકારોના ગુનાહો અને ભૂલોને મા'ફ કર્યા કરો."

તફસીરના ઈમામ ઈબ્ને જરીર તબરી (રહ.)એ નકલ કર્યું છે કે, જ્યારે આ આયત નાઝિલ થઈ તો રસૂલે કરીમ ﷺએ જિબ્રઈલે અમીન (અલૈ.)ને આ આયતનો અર્થ પૂછ્યો. જિબ્રઈલે અમીન (અલૈ.)એ અલ્લાહ તઆલાને પૂછ્યા પછી આ અર્થ બતાવ્યો કે, આ આયતમાં આપ ﷺને હુકમ આપવામાં આવ્યો છે કે જે વ્યક્તિ તમારા ઉપર જુલમ કરે તમે તેને મા'ફ કરી આપો અને તમને જે કંઈ જ ન આપે તેના ઉપર તમે બખ્શીશ કરો અને જે તમારી સાથે સંબંધ કાપી નાંખે તમે તેમને પણ મળતા રહો.

આ સ્થળે ઈબ્ને મરદૂયાએ હઝરત સઅદ ઈબ્ને ઉબાદા (રદિ.)થી નકલ કર્યું છે કે, ગઝ્વએ ઉહદમાં જ્યારે રસૂલે કરીમ ﷺના કાકા હઝરત હમ્ઝહ (રદિ.)ને શહીદ કરવામાં આવ્યા અને ઘણી બેદર્દીથી ક્રૂર રીતે તેમના અવયવોને કાપીને લાશનું અપમાન કરવામાં આવ્યું તો રસૂલે કરીમ ﷺએ લાશને આવી પરિસ્થિતિમાં જોઈને ફરમાવ્યું કે, જે લોકોએ હઝરત હમ્ઝહ (રદિ.) સાથે આવો વર્તાવ કર્યો છે તેમના સિત્તેર વ્યક્તિઓ સાથે આવું વર્તન કરીને છોડીશ. તેના ઉપર આ આયત નાઝિલ થઈ, જેમાં રસૂલે કરીમ ﷺને બતાવવામાં આવ્યું કે, તમારું એ સ્થાન નથી, બલકે તમારી શા'ન અને મરતબો એ છે કે મા'ફી અને દરગુજરથી કામ લો.

આ વિષયનું સમર્થન આ હદીષથી પણ થાય છે, જે ઈમામ અહમદ (રહ.)એ ઉકબહ બિન આમિરની રિવાયતથી નકલ કર્યું છે કે, તેમને રસૂલુલ્લાહ ﷺએ જે સર્વશ્રેષ્ઠ સભ્યતાપૂર્ણ વર્તનનું શિક્ષણ આપ્યું તે આ જ હતું કે, "જે વ્યક્તિ તમારા ઉપર અત્યાચાર કરે તેને ક્ષમા આપો અને જે તમારી સાથે સંબંધ

તોડી નાંખે તમે તેનાથી મળતા રહો, જે તમને વંચિત કરે તમે તેમના ઉપર બખ્શીશ કર્યા કરો.''

અને બયહકીએ હઝરત અલી મુર્તુઝા (રદિ.)થી રિવાયત નકલ કરી છે કે, ''રસૂલુલ્લાહ ﷺએ તેમને ફરમાવ્યું કે, હું તમને આગલા અને પાછલા લોકોના વર્તન (અખ્લાક)થી ઉત્તમ અખ્લાકનું શિક્ષણ આપું છું, તે એ છે કે જે વ્યક્તિ તમને વંચિત કરે તમે તેના ઉપર બખ્શીશ કરો, જે તમારા ઉપર જુલમ કરે તમે તેને મા'ફ કરો, જે તમારી સાથે સંબંધ તોડી નાંખે તમે તેને પણ મળ્યા કરો.''

શબ્દ "અફ્વ"ના પ્રથમ અને બીજા અર્થમાં જો કે તફાવત છે પરંતુ બંનેનું તાત્પર્ય એક જેવું જ છે કે, લોકોના અમલો અને અખ્લાકમાં ઉપરછલ્લી ઈતાઅત અને ફરમાંબરદારીનો પણ સ્વીકાર કરી લો. વધારે સંશોધન (તહકીક) અને ઊંડાણમાં ન ઊતર્યા કરો અને તેમની પાસે ઉચ્ચ કક્ષાના અનુસરણની માંગણી ન કરો અને તેમની ભૂલો અને ક્ષતિઓથી દરગુજર કરો, અત્યાચારનો બદલો ન લો. કારણ કે, રસૂલે કરીમ ﷺનું આચરણ અને વર્તન હંમેશા આ જ બીબામાં ઢળેલું હતું, જેનો સંપૂર્ણ અનુભવ તે સમયે થયો જ્યારે મક્કાના વિજય સમયે આપ ﷺના જાની દુશ્મનો તેમના કબ્જામાં આવ્યા ત્યારે તેમણે બધાને આઝાદ કરીને ફરમાવ્યું કે, ''તમારા અત્યાચારોનો બદલો લેવો તો દૂરની વાત, અમે તમારા અગાઉ કરેલા વર્તનની નિંદા પણ કરતા નથી.''

બીજા વાક્યમાં આ હિદાયતનામું (માર્ગદર્શિકા) وَاْمُرْ بِالْعُرْفِ (વઅ્મુર બિલ્ ઉર્ફિ) છે, તેમાં عُرْف (ઉર્ફ) અત્રે મઅ્રૂફ એટલે કે, ''દરેક સારા અને નેક કામ''ને કહેવામાં આવે છે. અર્થ એ છે કે, જે લોકો આપ ﷺ સાથે બુરાઈ અને અત્યાચારનું વર્તન કરે તમે તેમની પાસેથી બદલો ન લો બલકે મા'ફ કરી આપો, પરંતુ સાથે જ તેમને નેક કાર્યોનું માર્ગદર્શન પણ આપતા રહો, જેમકે બુરાઈનો બદલો નેકીથી, જુલમનો બદલો ફક્ત ન્યાયથી જ નહીં બલકે અહેસાન સાથે આપો.

ત્રીજું વાક્ય وَاَعْرِضْ عَنِ الْجٰهِلِيْنَ છે, જેનો અર્થ એ છે કે અજ્ઞાનીઓ સાથે આપ ﷺ આંખ આડા કાન કરો, જેનો અર્થ એ છે કે જુલમનો બદલો છોડીને તમે તેમની સાથે ભલાઈ અને હમદર્દીનો વર્તાવ કરો અને વિનમ્રતા સાથે

તેમને સત્ય વાત બતાવો, પરંતુ ઘણા અજ્ઞાનીઓ એવા પણ હોય છે જેઓ આવા વિનમ્ર અને ઉચ્ચ કક્ષાના વર્તનથી પણ પ્રભાવિત નથી થતા, તે છતાં પણ અજ્ઞાનીઓ અજ્ઞાનતાપૂર્ણ અને કઠોર વર્તન કરે તો આવા લોકો સાથે તમારું વર્તન એવું હોવું જોઈએ કે તેમની કડવી અને હૃદયભગ્ન અજ્ઞાનતાપૂર્ણ વાતોથી પ્રભાવિત થઈને તેમના જેવી જ કઠોર ભાષાનો ઉપયોગ ન કરો, બલકે તેમનાથી આંખ આડા કાન કરી દૂર થઈ જાવ.

તફસીરના ઈમામ ઈબ્ને કષીરે ફરમાવ્યું કે, "તેમનાથી આંખ આડા કાન કરવાનો અર્થ એ છે કે, તેમની બુરાઈનો જવાબ બુરાઈથી ન આપો, એ અર્થ નથી કે તેમને માર્ગદર્શન આપવાનું છોડી દો, કારણ કે આવી પ્રવૃત્તિ રિસાલત અને નુબુવ્વતના હોદ્દા માટે શોભાસ્પદ નથી."

સહીહ બુખારીમાં આ સ્થળે એક ઘટના હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) દ્વારા વર્ણન કરવામાં આવી છે કે, હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ની ખિલાફતના સમયગાળામાં ઉયયૂનહ ઈબ્ને હસન મદીનામાં આવ્યા અને પોતાના ભત્રીજા હુર્ર ઈબ્ને કૈસના મહેમાન બન્યા. હઝરત હુર્ર બિન કૈસ તે જ્ઞાની પુરુષોમાંથી હતા જેઓ હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ના સલાહકારોમાં સામેલ હતા. ઉયયૂનહે પોતાના ભત્રીજા હુર્ર બિન કૈસને કહ્યું કે, તમે અમીરુલ મુઅ્મિનીનના નિકટવર્તી છો, મારા માટે તેમની મુલાકાતનો કોઈ સમય નક્કી કરો. હુર્ર બિન કૈસે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ને દરખાસ્ત કરી કે મારા કાકા ઉયયૂનહ તમને મળવા માંગે છે, હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ પરવાનગી આપી દીધી.

પરંતુ ઉયયૂનહે ફારૂકે આ'ઝમ (રદિ.)ની મજલિસમાં પહોંચીને અત્યંત અસભ્ય ખોટી વાતચીત કરી કે ન તો તમે અમારો પૂરો હક આપો છો અને ન જ અમારી સાથે ન્યાય કરો છો. હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ને તેની વાત ઉપર ગુસ્સો આવ્યો, આથી હુર્ર બિન કૈસે વિનંતી કરી કે, "હે અમીરુલ મુઅ્મિનીન ! અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે, خُذِ الْعَفْوَ وَأْمُرْ بِالْعُرْفِ وَأَعْرِضْ عَنِ الْجٰهِلِيْنَ અને આ વ્યક્તિ પણ જાહિલોમાંથી છે આ આયત સાંભળતા જ હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)નો સમગ્ર ગુસ્સો ઠંડો પડી ગયો અને તેમને કંઈ જ ન કહ્યું." હઝરત ફારૂકે આ'ઝમ (રદિયલ્લાહુ અન્હુ)ની એ ટેવ ખૂબ પ્રખ્યાત હતી કે,

كَانَ وَقَّافًا عِنْدَ كِتَابِ اللهِ عَزَّوَجَلَّ "અલ્લાહની કિતાબના હુકમો સામે પોતાની ગરદન નાંખી દેતા હતા."

આ આયત વર્તનની શ્રેષ્ઠતા માટેની મજબૂત આયત છે. અમુક વિદ્વાનોએ તેનો ખુલાસો એવો વર્ણન કર્યો છે કે લોકો બે પ્રકારના છે. એક અહેસાન કરનારા, એટલે કે સારા કાર્યો કરનારા અને બીજા દુષ્ટ જાલિમો. આ આયતે બંને પ્રકારના લોકો સાથે ઉચ્ચ કક્ષાના ક્ષમાયુક્ત અખ્લાકથી વર્તવાનું માર્ગદર્શન આપ્યું છે કે, નેક કાર્યો કરનારાઓની જાહેર નેકીને પણ સ્વીકારી લો, વધારે સંશોધન અને તપાસમાં ન પડી જાઓ અને નેકીની ઉચ્ચ કક્ષાની માંગણી ન કરો, બલકે જેટલું તે સરળતાથી કરી શકે તેને પૂરતું સમજો અને દુષ્ટ લોકોની બાબતમાં એવું માર્ગદર્શન છે કે, તેમને નેક કામો શિખવાડો અને નેકીનો રસ્તો બતાવો, જો તેઓ સ્વીકાર ન કરે અને પોતાની ગુમરાહી તથા ભૂલ ઉપર ડટેલા રહે અને અજ્ઞાનતાપૂર્ણ વાતચીતથી રજૂ થાય તો તેમનાથી અલગ થઈ જાઓ અને તેમની અજ્ઞાનતાપૂર્ણ વાતચીતનો જવાબ ન આપો. આ શૈલીથી એવી આશા છે કે, તેમને કોઈ સમયે ભાન થશે અને પોતાની ભૂલથી અટકી જશે.

બીજી આયતમાં ઈરશાદ ફરમાવ્યો, وَإِمَّا يَنْزَغَنَّكَ مِنَ الشَّيْطٰنِ نَزْغٌ فَاسْتَعِذْ بِاللهِ إِنَّهُ سَمِيعٌ عَلِيمٌ એટલે કે, "જો તમને શયતાન તરફથી કોઈ વસવસો આવવા લાગે તો અલ્લાહનું શરણ માંગી લો, તે સઘળું સાંભળનારો, સઘળું જાણનારો છે."

વાસ્તવમાં આ આયત પણ પ્રથમ આયતના વિષયની પૂર્ણતા છે. કારણ કે તેમાં જે માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, જુલમ કરનારાઓ અને અજ્ઞાનતાપૂર્ણ વર્તન કરનારાઓની ભૂલોને ક્ષમા આપો, તેમની દુષ્ટતાનો જવાબ દુષ્ટતાથી ન આપો, મનુષ્યના સ્વભાવ માટે આ બાબત સૌથી વધારે ભારે અને કઠણ છે, ખાસ કરીને એવી પરિસ્થિતિમાં શયતાન સારા-ભલા મનુષ્યને પણ ક્રોધિત કરીને લડાઈ-ઝઘડા માટે ઉશ્કેરે છે. આથી બીજી આયતમાં એવી પ્રેરણા આપવામાં આવી છે કે, જો આવી ધૈર્યની કસોટી કરતી પરિસ્થિતિઓમાં ક્રોધની લાગણી વધારે ઉશ્કેરાતી લાગે તો સમજી લો કે એ શયતાન તરફથી છે અને તેનો ઈલાજ એ છે કે તેનાથી અલ્લાહ તઆલાની પનાહ (શરણ) માંગી લે.

હદીષમાં છે કે, બે વ્યક્તિ રસૂલે કરીમ ﷺ સામે લડાઈ-ઝઘડો કરી રહ્યા હતા અને એક વ્યક્તિ ક્રોધમાં બેકાબૂ થઈ રહ્યો હતો, આપ ﷺએ તેને જોઈને ફરમાવ્યું કે, "હું એક એવું વાક્ય જાણું છું કે જો આ વ્યક્તિ તે વાક્ય કહી દે તો તેનો આ ક્રોધ (ઉશ્કેરાટ) શાંત થઈ જાય. ફરમાવ્યું તે વાક્ય આ છે, اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ (અઊઝુબિલ્લાહી મિનશ્શયતાનિર્રજીમ)" આ વ્યક્તિએ રસૂલે કરીમ ﷺને સાંભળીને તરત આ વાક્ય પઢ્યું તો સમગ્ર તેનો ગુસ્સો અને ઉશ્કેરાટ સમાપ્ત થઈ ગયો.

આશ્ચર્યજનક સંયોગ :

તફસીરના ઈમામ ઈબ્ને કષીર (રહ.)એ આ સ્થળે એક રસપ્રદ વાત આ લખી છે કે, સમગ્ર કુર્આનમાં ત્રણ આયતો વર્તનશાસ્ત્રનું શિક્ષણ અને પ્રેરણા માટે ખૂબ નક્કર છે. આ ત્રણેના અંતે શયતાનથી અલ્લાહની પનાહ માંગવાનું વર્ણન છે. એક તો આ જ સૂરએ અઅ્રાફની આયત છે, બીજી સૂરએ મો'મિનૂનની આ આયત છે. اِدْفَعْ بِالَّتِىْ هِىَ اَحْسَنُ السَّيِّئَةَ ؕ نَحْنُ اَعْلَمُ بِمَا يَصِفُوْنَ وَقُلْ رَّبِّ اَعُوْذُبِكَ مِنْ هَمَزَاتِ الشَّيٰطِيْنِ، وَاَعُوْذُبِكَ رَبِّ اَنْ يَّحْضُرُوْنِ، (مُؤْمِنُوْن ٩٧) એટલે કે, "બુરાઈને ભલાઈથી દૂર કરો, અમે સારી પેઠે જાણીએ છીએ જે કંઈ આ કહ્યા કરે છે અને તમે એવી દુઆ કરો કે, હે મારા પરવરદિગાર ! હું તારાથી પનાહ (શરણ) માંગું છું શયતાનના દબાણથી અને હે મારા પરવરદિગાર ! હું તારાથી પનાહ માંગું છું એ વાતની કે શયતાનો મારી પાસે આવે." (૨૩:૯૭-૯૮)

ત્રીજી આયત સૂરએ હા-મીમ-સિજદહની આ છે,

وَلَا تَسْتَوِى الْحَسَنَةُ وَلَا السَّيِّئَةُ ؕ اِدْفَعْ بِالَّتِىْ هِىَ اَحْسَنُ فَاِذَا الَّذِىْ بَيْنَكَ وَبَيْنَهٗ عَدَاوَةٌ كَاَنَّهٗ وَلِىٌّ حَمِيْمٌ ۝ وَمَا يُلَقّٰهَآ اِلَّا الَّذِيْنَ صَبَرُوْا ۚ وَمَا يُلَقّٰهَا اِلَّا ذُوْحَظٍّ عَظِيْمٍ ۝ وَاِمَّا يَنْزَغَنَّكَ مِنَ الشَّيْطٰنِ نَزْغٌ فَاسْتَعِذْ بِاللّٰهِ ؕ اِنَّهٗ هُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ۝

એટલે કે, "નેકી અને બદી (દુષ્ટતા) સમાન નથી હોતી, તમે નેક વર્તન દ્વારા ટાળ્યા કરો, પછી અચાનક તમારામાં અને જે વ્યક્તિમાં દુશ્મનાવટ હતી તે એવા થઈ જશે જેમકે કોઈ દિલી દોસ્ત હોય છે અને આ વાત એવા જ લોકોને નસીબ થાય છે જેઓ મોટા ઉદાર સ્વભાવના છે અને આ વાત એવા જ લોકોને

નસીબ થાય છે જેઓ કિસ્મતવાળા છે અને તમને શયતાન તરફથી જો વસવસો આવવા લાગે તો અલ્લાહનું શરણ માંગ્યા કરો. નિઃશંક ! તે સઘળું સાંભળનારો અને સઘળું જાણનારો છે.'' *(૪૧:૩૪-૩૬)*

આ ત્રણે આયતોમાં ક્રોધ અપાવનાર સાથે ક્ષમા અને દરગુજર કરવાનું તથા દુષ્ટ વર્તનનો બદલો ભલાઈ દ્વારા આપવાનું માર્ગદર્શન કરવાની સાથે-સાથે શયતાનથી અલ્લાહનું શરણ માંગવાની હિદાયત કરવામાં આવી છે. એનાથી જાણ થાય છે કે, શયતાનને મનુષ્યના ઝઘડાઓમાં ખાસ રસ હોય છે, જ્યાં ઝઘડાની કોઈ તક ઉપસ્થિત થાય છે શયતાન તેને પોતાના શિકાર કરવાનું સ્થળ બનાવી લે છે અને મોટા-મોટા સહનશીલ સભ્ય વ્યક્તિને પણ ક્રોધ અપાવીને સીમા અને મર્યાદાઓથી બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે.

તેનો ઈલાજ એ છે કે, જ્યારે ગુસ્સો કાબૂમાં આવતો ન દેખાય તો સમજી જાય કે શયતાન મારા ઉપર છવાઈ રહ્યો છે અને અલ્લાહ તઆલા તરફ શરણે જાઓ અને તેની પનાહ માંગો, ત્યારે જ વર્તન અને અખ્લાકની પૂર્ણતા થઈ શકશે. આથી એ પછીની ત્રીજી અને ચોથી આયતમાં પણ શયતાનથી અલ્લાહની પનાહ માંગવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૨૦૩-૨૦૪)

وَإِذَا لَمْ تَأْتِهِم بِآيَةٍ قَالُوا لَوْلَا اجْتَبَيْتَهَا ۚ قُلْ إِنَّمَا أَتَّبِعُ مَا يُوحَىٰ إِلَيَّ مِن رَّبِّي ۚ
هَٰذَا بَصَائِرُ مِن رَّبِّكُمْ وَهُدًى وَرَحْمَةٌ لِّقَوْمٍ يُؤْمِنُونَ ﴿٢٠٣﴾ وَإِذَا قُرِئَ الْقُرْآنُ
فَاسْتَمِعُوا لَهُ وَأَنصِتُوا لَعَلَّكُمْ تُرْحَمُونَ ﴿٢٠٤﴾

તરજુમો :

અને જ્યારે તમે તેમની પાસે કોઈ નિશાની લઈને ન જાઓ તો કહે છે, કેમ તું પોતાના તરફથી બનાવી ન લાવ્યો ? તમે કહી આપો ! હું તો એના ઉપર ચાલું છું જે હુકમ મારા તરફ મારા પરવરદિગાર પાસેથી આવે છે, આ તમારા પરવરદિગાર તરફથી સૂઝ(બૂઝ)ની વાતો છે અને હિદાયત અને

રહમત છે તે લોકો માટે જેઓ મો'મિન છે. (૨૦૩) અને જ્યારે કુર્આન પઢવામાં આવે તો તેના તરફ કાન (ધ્યાન) લગાવી રાખો અને ચૂપ રહો જેથી તમારા ઉપર રહમ થાય. (૨૦૪)

તફસીર :

(હે નબી ﷺ !) અને જ્યારે તમે (તેમની માંગણી મુજબના મોઅ્જિઝાઓમાંથી જેની ફરમાઈશ તે લોકો દુશ્મનાવટના કારણે કરતા હતા) કોઈ મોઅ્જિઝો તેમની સામે જાહેર નથી કરતા (એ કારણે કે, અલ્લાહ તઆલા તે મોઅ્જિઝાને હિકમતના તકાદા માટે અસ્તિત્વમાં નથી લાવતા) તો તે લોકો (રિસાલતનો નકાર કરવા માટે તમને) કહે છે કે, તમે (જો નબી છો તો) આ મોઅ્જિઝો કેમ (અસ્તિત્વમાં) ન લાવ્યા ? તમે કહી આપો કે, (મારું કામ પોતાના અધિકારથી મોઅ્જિઝા બતાવવાનું નથી બલકે, મારું અસલી કામ તો એ છે કે) હું તેનું જ અનુસરણ કરું છું જે મારા પરવરદિગાર તરફથી હુકમ મોકલવામાં આવ્યો છે, (તેમાં તબ્લીગ પણ આવી ગઈ, અલબત્ત નુબુવ્વતની સાબિતી માટે કોઈ મોઅ્જિઝો હોવો જરૂરી હોય તો તે આવી ચૂક્યો છે કે આ કુર્આન બધાથી ઉચ્ચ કક્ષાનો મોઅ્જિઝો છે, જેની શા'ન એવી છે કે) એ જાણે કે ઘણી બધી દલીલો તમારા પરવરદિગાર તરફથી છે (કારણ કે, તેની દરેક સૂરત એક મોઅ્જિઝો છે તો એ હિસાબે સમગ્ર કુર્આન કેટલી બધી દલીલો છે અને તેનું દલીલ હોવું દેખીતું અને જાહેર છે) અને (રહી વાત તેના લાભની તો તેના ખાસ માનનારાઓ માટે એ લાભ પણ છે, કારણ કે તે) હિદાયત અને રહમત છે તે લોકો માટે જેઓ (તેના ઉપર) ઈમાન ધરાવે છે અને (તમે તે લોકોને એવું પણ કહી આપો કે) જ્યારે કુર્આન પઢવામાં આવે (દાખલા તરીકે રસૂલુલ્લાહ ﷺ તેની તબ્લીગ કરે) તો તેના તરફ કાન લગાવ્યા કરો અને ચૂપ રહ્યા કરો, (જેથી તેના સન્માનનીય હોવાની તથા તેના શિક્ષણની ખૂબી સમજમાં આવી જાય, જેનાથી) આશા છે કે તમારા ઉપર (વધારે અથવા નવેસરથી) રહમ કરવામાં આવે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં રસૂલે કરીમ ﷺ સત્ય રસૂલ હોવાની સાબિતી અને

તેના ઉપર વિરોધીઓની શંકાનો જવાબ અને તે બંને સંદર્ભે શરીઅતના અમુક હુકમોનું વર્ણન કરવામાં આવ્યું છે.

રિસાલતની સાબિતી માટે બધા જ અંબિયા (અલૈ.)ને મોઅ્જિઝાઓ આપવામાં આવે છે. સય્યિદુલ અંબિયા ﷺને આ જ સંદર્ભે એટલા મોઅ્જિઝાઓ અર્પણ કરવામાં આવ્યા હતા જે અગાઉના અંબિયા (અલૈ.)ના મોઅ્જિઝાઓથી ઘણા વધારે પણ છે અને સ્પષ્ટ ખુલ્લા પણ છે.

રસૂલે કરીમ ﷺના મોઅ્જિઝાઓ જે કુર્આને મજીદ અને હદીષની સહીહ રિવાયતોથી સાબિત છે તે મોટી સંખ્યામાં છે. ઉલમાએ તેના ઉપર આગવા પુસ્તકો લખ્યા છે. અલ્લામહ સુયૂતી (રહ.)એ "ખસાઈસે કુબ્રા" નામના બે દળદાર ગ્રંથો આ જ વિષય ઉપર લખ્યા છે જે ખૂબ પ્રખ્યાત છે.

પરંતુ રસૂલે કરીમ ﷺના અસંખ્ય મોઅ્જિઝાઓ સામે આવવા છતાં વિરોધીઓ પોતાની જીદ અને હઠધર્મીના કારણે પોતાના તરફથી નક્કી કરીને નવા-નવા મોઅ્જિઝાઓ બતાવવાની માંગણી કરતા રહેતા હતા, જેનું વર્ણન આ સૂરત પહેલાં પણ આવી ચૂક્યું છે.

અત્રે પ્રસ્તુત પ્રથમ બે આયતોમાંથી પહેલી આયતમાં તેનો એક સૈદ્ધાંતિક જવાબ આપવામાં આવ્યો છે, જેનો ખુલાસો એ છે કે પયગમ્બરના મોઅ્જિઝાઓ તેમની રિસાલતની એક સાબિતી અને સાક્ષી સ્વરૂપે હોય છે અને જ્યારે દાવે'દારનો કોઈ દા'વો ભરોસાપાત્ર સાક્ષીથી સાબિત થઈ જાય અને વિરોધી પક્ષ તરફથી તેના ઉપર કોઈ પ્રતિદલીલ પણ ન હોય તો તેમાં દુનિયાના કોઈપણ ન્યાયાલયને એ અધિકાર નથી આપવામાં આવતો કે વિરોધી પક્ષ તેની માંગણી કરે કે, ફલાણા-ફલાણા ખાસ-ખાસ લોકોની ગવાહીઓ રજૂ કરો તો જ અમે માનીશું, પ્રસ્તુત ગવાહીઓ ઉપર કોઈ પ્રતિદલીલ કર્યા વિના અમે સ્વીકારીશું નહીં. એટલા માટે ઘણા બધા સ્પષ્ટ મોઅ્જિઝાઓ જોઈ લીધા છતાં વિરોધીઓનું એવું કહેવું કે, ફલાણા પ્રકારનો ખાસ મોઅ્જિઝો બતાવો તો જ અમે તમને રસૂલ માનીશું ! આ પ્રકારની હઠધર્મીયુક્ત વાત કોઈપણ અદાલત યોગ્ય અને સાચી સમજશે નહીં અને તે આ માંગણીનો સ્વીકાર કરી શકતી નથી.

આથી પ્રથમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો કે, જ્યારે તમે તે લોકોનો નક્કી

કરેલો કોઈ ચોક્કસ મોઅ્જિઝો બતાવતા નથી તો આ લોકો તમારી રિસાલતનો ઈન્કાર કરવા માટે કહે છે કે, તમે ફલાણો-ફલાણો મોઅ્જિઝો તો બતાવ્યો નહીં, જેથી તમે તેમને એ જવાબ આપી દો કે, મારું કામ મારા પોતાના અધિકારથી મોઅ્જિઝાઓ બતાવવાનું નથી બલકે મારું અસલી કામ તો એ છે કે હું તે હુકમોનું અનુસરણ કરું જે મને મારા પરવરદિગાર તરફથી વહી દ્વારા મોકલવામાં આવે છે, જેમાં તબ્લીગ (પ્રચાર) પણ સામેલ છે. એટલા માટે હું પોતાના અસલી કાર્યમાં પ્રવૃત્ત છું અને રિસાલત માટે તે બીજા ઘણા મોઅ્જિઝાઓ પણ પૂરતા છે જે તમારા બધા લોકોની સામે આવી ચૂક્યા છે, તેને જોયા પછી કોઈ ખાસ અને ચોક્કસ મોઅ્જિઝો બતાવવાની વાહિયાત માંગણી કરવી ધ્યાન આપવા યોગ્ય બાબત નથી.

જે મોઅ્જિઝાઓ બતાવવામાં આવ્યા છે, તેમાંથી કુર્આન એક મહાન મોઅ્જિઝો છે જેણે સમગ્ર દુનિયાને પોતાના જેવો બલકે પોતાની એક નાની સરખી સૂરતના ઉદાહરણ સ્વરૂપ લાવવાનો ખુલ્લો પડકાર આપ્યો છે અને સમગ્ર દુનિયા સંપૂર્ણ પ્રયત્નો છતાં તેનું ઉદાહરણ લાવવાથી લાચાર થઈ ગઈ, જે એ વાતની અત્યંત સ્પષ્ટ અને ખુલ્લી નિશાની છે કે, કુર્આન કોઈ મનુષ્યનું કલામ નથી બલકે અલ્લાહ જલ્લ શા'નુહૂનું જ અજોડ કલામ છે.

આથી ફરમાવ્યું, هٰذَا بَصَآئِرُ مِنْ رَّبِّكُمْ એટલે કે, આ કુર્આન તમારા પરવરદિગાર તરફથી ઘણી બધી દલીલો અને મોઅ્જિઝાઓનો સંગ્રહ છે, જેમાં સામાન્ય ચિંતન કરનાર પણ એવી શ્રદ્ધા અને યકીન કર્યા વગર નથી રહી શકતો કે, આ કલામ અલ્લાહ તઆલા શા'નુહૂનું જ છે. મખ્લૂકની તેમાં કોઈ જ દખલગીરી નથી. ત્યાર પછી ફરમાવ્યું, وَهُدًى وَّرَحْمَةٌ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ એટલે કે, "આ કુર્આનનું સત્ય દલીલ હોવું સમગ્ર દુનિયા માટે છે પરંતુ હેતુ સુધી પહોંચાડનાર અને અલ્લાહ તઆલાની રહમતનો હકદાર બનાવાનાર ફક્ત તે લોકો માટે છે જેઓ તેના ઉપર ઈમાન લાવે છે."

બીજી આયતમાં બતાવવામાં આવ્યું કે, "કુર્આને કરીમ મો'મિનો માટે રહમત (કૃપા) છે પરંતુ આ રહમતથી લાભ પ્રાપ્ત કરવા માટે અમુક શરતો અને અદબો (શિષ્ટાચાર) છે" જેનું સંબોધન સામાન્ય રીતે આ પ્રમાણે કરવામાં

આવ્યું. وَإِذَا قُرِئَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْا لَهٗ وَاَنْصِتُوْا એટલે કે, "જ્યારે કુર્આન પઢવામાં આવે તો તમે તેના ઉપર કાન લગાવો અને મૌન રહો."

આ આયત ઊતરવાની પૂર્વભૂમિકા (શા'ને નુઝૂલ) વિવિધ રિવાયતોમાં વિવિધ રીત નકલ થયેલ છે કે, આ હુકમ નમાઝની કિરાઅત વિશે આવ્યો છે અથવા ખુત્બા વિશે અથવા સામાન્ય રીતે કુર્આનની દરેક કિરાઅત વિશે ભલે તે નમાઝમાં હોય, ખુત્બામાં હોય કે પછી અન્ય કોઈ પરિસ્થિતિમાં હોય, પરંતુ જમહૂર મુફસ્સિરીનના મતે સહીહ એ છે કે જે રીતે આયતના શબ્દો સામાન્ય છે એ જ પ્રમાણે તેનો હુકમ પણ દરેક પરિસ્થિતિ માટે સામાન્ય છે. અમુક ખાસ પરિસ્થિતિ પ્રમાણે અપવાદોને બાદ કરતાં.

આથી હનફીઓએ આ આયતથી એવી દલીલ કરી છે કે, ઇમામની પાછળ મુક્તદીઓએ કિરાઅત કરવી જોઈએ નહીં અને જે ફુકહાઓએ મુક્તદીને સૂરએ ફાતિહા પઢવાની સૂચના કરી છે તેમાં પણ અમુકે એવી છૂટ રાખી છે કે, ઇમામના મૌન ધારણ કરવાના સમયે સૂરએ ફાતિહા પઢવામાં આવે, અત્રે તેની ચર્ચામાં પડવાનો હેતુ નથી, આ ચર્ચા વિશે ઉલમાએ આગવા પુસ્તકો નાના-મોટા ગ્રંથો સ્વરૂપે ઘણા બધા લખ્યા છે તેનો અભ્યાસ કરવો જોઈએ.

અસલ વિષય એ આયતનો આ છે કે, કુર્આને કરીમ જે લોકો માટે રહમત ઠરાવવામાં આવ્યું છે તેની શરત એ છે કે, તે કુર્આનના સન્માન અને તેની પ્રતિષ્ઠા (મોભા)ને ઓળખે અને તેના ઉપર અમલ કરે અને કુર્આનનો અદબ એ પણ છે કે, જ્યારે તે પઢવામાં આવે તો સાંભળનાર તેને એકચિત્તે સાંભળે અને મૌન રહે, કાન લગાવી ધ્યાનપૂર્વક સાંભળવામાં એ પણ સામેલ છે કે, સાંભળીને તેના હુકમો ઉપર અમલ કરવા માટે મહેનત કરે. *(મઝહરી અને કુર્તુબી)*

અંતિમ આયતમાં لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ફરમાવીને એ બાબત તરફ ઇશારો કરવામાં આવ્યો કે, કુર્આનનું રહમત હોવું પ્રસ્તુત અદબો ઉપર અમલ કરવા ઉપર જ અવલંબિત છે.

કુર્આનની તિલાવત સમયે મૌન રહીને ધ્યાનપૂર્વક સાંભળવા વિશે અમુક મહત્ત્વના મસ્અલાઓ :

આથી વિપરીત એ દેખીતું છે કે, જો કોઈએ તેનો વિરોધ કરીને કુર્આનની

બેહૂરમતી અને અપમાન કર્યું તો તે રહમતના બદલે ક્રોધપાત્ર બની અઝાબનો હકદાર થશે.

નમાઝમાં કુર્આન તરફ કાન લગાવી મૌન રહેવું તો સામાન્ય રીતે દરેક મુસલમાનને ખબર છે, જો કોઈ તેમાં ઉણપ રાખતા હોય જેમકે અમુક લોકોને તો એ પણ ખબર નથી હોતી કે ઈમામે કઈ સૂરત પઢી છે, તેઓ માટે જરૂરી છે કે કુર્આનની પ્રતિષ્ઠાને ઓળખે અને ધ્યાનપૂર્વક સાંભળે અને ધ્યાન રાખે. જુમ્આના ખુત્બા વગેરેમાં પણ શરીઅતનો આ જ હુકમ છે. તદુપરાંત આ આયતથી રસૂલે કરીમ ﷺનો ઈરશાદ ખાસ રીતે ખુત્બા વિશે આ આવ્યો છે.

اِذَا خَرَجَ الْاِمَامُ فَلَا صَلٰوةَ وَلَا كَلَامَ એટલે કે, "જ્યારે ઈમામ ખુત્બા માટે નીકળી આવે તો ન તો નમાઝ છે અને ન જ વાતચીત."

અને એક હદીષમાં આવ્યું છે કે, "તે સમયે કોઈ વ્યક્તિ બીજાને શિખામણ માટે મૌખિક એમ પણ ન કહે કે, ચૂપ રહો ! સૂચના આપવી જ છે તો હાથથી ઈશારો કરી આપો." મતલબ કે, ખુત્બા દરમિયાન કોઈપણ રીતે વાતચીત, તસ્બીહ, ઝિક્ર, નમાઝ વગેરે જાઇઝ નથી.

ફૂકહાએ ફરમાવ્યું છે કે, જે હુકમ જુમ્આના ખુત્બાનો છે તે જ ઈદોના ખુત્બાનો પણ છે તથા નિકાહના ખુત્બાનો પણ છે કે, તે સમયે ધ્યાનપૂર્વક સાંભળવું અને મૌન રહેવું વાજિબ છે.

અલબત્ત નમાઝ અને ખુત્બા સિવાય સામાન્ય પરિસ્થિતિમાં કોઈ વ્યક્તિ પોતે વ્યક્તિગત રીતે તિલાવત કરી રહ્યો છે તો અન્યોએ મૌન ધારણ કરી તેના ઉપર કાન લગાવવા વાજિબ છે કે નહીં, તેમાં ફૂકહામાં વિવિધ પ્રકારના મત પ્રવર્તે છે. અમુક લોકોએ એવી પરિસ્થિતિમાં પણ ધ્યાન આપવાને અને મૌન રહેવાને વાજિબ ઠરાવી તેનાથી વિપરીત વર્તન કરવા ઉપર ગુનોહ થતો હોવાનું જાહેર કર્યું છે અને એટલા માટે એવા સ્થળે જ્યાં લોકો પોતાના કાર્યોમાં મશ્ગૂલ હોય અથવા આરામ વગેરે કરતા હોય ત્યાં કોઈએ મોટા અવાજે કુર્આન પઢવું જાઇઝ નથી અને જે વ્યક્તિ એવા સ્થળોએ મોટા અવાજે કુર્આન પઢે છે તેમને ગુનેહગાર ઠરાવ્યા છે. "ખુલાસતુલ ફતાવા" વગેરેમાં આવું જ લખ્યું છે.

પરંતુ અમુક ફૂકહાએ એવો ખુલાસો કર્યો છે કે, કાન લગાવવા અને

સાંભળવું ફક્ત તે સ્થળોએ વાજિબ છે જ્યાં કુર્આન સંભળાવવા માટે પઢવામાં આવી રહ્યું હોય, જેમકે નમાઝ અને ખુત્બા વગેરેમાં અને જો કોઈ વ્યક્તિ વ્યક્તિગત રીતે તિલાવત કરી રહ્યો છે અથવા અમુક વ્યક્તિઓ કોઈ એક મકાનમાં પોત-પોતાની રીતે તિલાવત કરી રહ્યા છે તો અન્ય લોકો માટે એ અવાજ ઉપર ધ્યાન આપવું અને મૌન રહેવું વાજિબ નથી. કારણ કે, સહીહ હદીષોથી એવું સાબિત થયેલ છે કે, રસૂલે કરીમ ﷺ રાતની નમાઝમાં મોટેથી કિરાઅત કરતા હતા અને પવિત્ર પત્નીઓ તે સમયે ઊંઘતી હતી, અમુક સમયે રૂમની બહાર પણ રસૂલે કરીમ ﷺનો અવાજ સાંભળી શકાતો હતી.

બુખારી અને મુસ્લિમની એક હદીષમાં છે કે, "રસૂલુલ્લાહ ﷺએ એક મુસાફરીમાં રાત્રે પડાવ નાંખ્યા પછી સવારમાં ફરમાવ્યું કે, મેં પોતાના અશ્અરી સાથીઓને મુસાફરીમાં રાતના અંધારાઓમાં તેમની તિલાવતના અવાજોથી ઓળખી લીધા કે તેમના તંબુઓ કઈ તરફ અને ક્યાં છે, જો કે દિવસે મને તેમના થોભવાના સ્થળની જાણ ન હતી."

આ ઘટનામાં પણ રસૂલે કરીમ ﷺએ તે અશ્અરી લોકોને તેની મનાઈ નથી કરી કે ઊંચા અવાજે કેમ કિરઆત કરી અને ન જ સૂઈ જનારાઓને સૂચના આપી કે જ્યારે કુર્આન પઢવામાં આવી રહ્યું હોય તો તમે બધા ઊઠીને બેસી જાઓ અને કુર્આન સાંભળો.

આ પ્રકારની રિવાયતોથી ફૂકૂહાએ નમાઝ બહારની તિલાવત વિશે અમુક છૂટછાટ આપી છે પરંતુ શ્રેષ્ઠ અને ઉત્તમ તેમના મતે પણ એ જ છે કે, નમાઝની બહાર પણ જ્યાં કંઈ પણ કુર્આનની તિલાવતનો અવાજ આવે તો તેના ઉપર પણ ધ્યાન આપે અને મૌન રહે અને એટલા જ માટે એવા સ્થળોએ જ્યાં લોકો સૂવામાં અથવા પોતાના વ્યક્તિગત કારોબારમાં પ્રવૃત્ત હોય કુર્આનની તિલાવતને મોટા અવાજે કરવી યોગ્ય નથી.

આથી તે લોકોને પોતાની ભૂલની જાણ થઈ ગઈ જેઓ રેડિયો ઉપર આવતી કુર્આનની તિલાવત સમયે સભાઓમાં રેડિયો ચાલુ કરે છે જ્યાં તેને સાંભળવા તરફ લોકો ધ્યાન કેન્દ્રિત કરતા નથી હોતા. એ જ રીતે રાત્રિના સમયે લાઉડ સ્પીકરો લગાવીને કુર્આનની તિલાવત એ રીતે કરવી કે, તેનો અવાજ

બહાર સાંભળનારાઓની ઊંઘમાં અથવા કામ કરનારાઓના કામમાં ખલેલ ઉત્પન્ન કરે તે યોગ્ય નથી.

અલ્લામહ ઈબ્ને હુમામ (રહ.)એ લખ્યું છે કે, "જે સમયે ઈમામ નમાઝમાં અથવા ખતીબ ખુત્બામાં કોઈ વિષય જન્નત અને દોઝખ વિશે પઢી રહ્યો હોય તો એવા સમયે જન્નતની દુઆ અથવા દોઝખથી પનાહ માંગવી પણ જાઈઝ નથી, કારણ કે આ આયતની રૂએ અલ્લાહ તઆલાની રહમતનો વાયદો એવા વ્યક્તિ માટે છે જે કુર્આનની તિલાવતના સમયે મૌન રહે અને મૌન ન રહ્યો તેના માટે આ વાયદો નથી. અલબત્ત, નફલ નમાઝોમાં એવી આયતોની તિલાવત પછી અમુક ધીમે-ધીમે દુઆ માંગવી સુન્નતથી સાબિત છે અને સવાબનું કારણ પણ છે."

(મઝહરી)

આયતો : (સૂરએ અઅ્રાફ : આયત નં. ૨૦૫-૨૦૬)

وَاذْكُرْ رَّبَّكَ فِيْ نَفْسِكَ تَضَرُّعًا وَّخِيْفَةً وَّدُوْنَ الْجَهْرِ مِنَ الْقَوْلِ بِالْغُدُوِّ وَالْاٰصَالِ
وَلَا تَكُنْ مِّنَ الْغٰفِلِيْنَ ﴿٢٠٥﴾ اِنَّ الَّذِيْنَ عِنْدَ رَبِّكَ لَا يَسْتَكْبِرُوْنَ عَنْ عِبَادَتِهٖ
وَيُسَبِّحُوْنَهٗ وَلَهٗ يَسْجُدُوْنَ ﴿٢٠٦﴾ السجدة

તરજુમો :

અને પોતાના પરવરદિગારને યાદ કરતા રહો પોતાના દિલમાં કાકલૂદીપૂર્વક અને ડરતાં-ડરતાં અને એવા (ધીમા) અવાજથી કે જે મોટેથી બોલવા કરતાં ઓછો હોય સવારના સમયે અને સાંજના સમયે અને ગાફેલ ન રહો. (૨૦૫) બેશક ! જે તારા પરવરદિગારની નિકટ છે તેઓ તેની બંદગીથી ઘમંડ નથી કરતા અને તેની પાક જાતને યાદ કરે છે અને તેને જ સિજ્દહ કરે છે. (૨૦૬)

તફસીર :

અને (આપ ﷺ દરેક વ્યક્તિને એવું પણ કહી આપો કે) હે માનવી ! પોતાના પરવરદિગારને યાદ કર્યા કર (કુર્આન દ્વારા અથવા તસ્બીહ વગેરે દ્વારા,

ભલે) પોતાના દિલમાં (એટલે કે, ધીમા અવાજથી) લાચારી સાથે અને (ભલે) મોટા અવાજની સરખામણીમાં (તે જ લાચારી અને ડર સાથે) સવાર અને સાંજ (એટલે કે, દરેક સમયે) અને (દરેક સમયનો અર્થ એ છે કે) ગફલત કરનાર લોકોમાં સામેલ ન થઈશ (કે ઝિક્રનો નિત્યક્રમ પણ છોડી દો), ખરેખર જે (ફરિશ્તાઓ) તારા પરવરદિગાર સમીપ (નિકટવર્તી) છે તેઓ તેની ઈબાદતથી (જેમાં અસલ બાબત અકીદાઓ છે) તકબ્બુર નથી કરતા અને તેની પવિત્રતા વર્ણન કરે છે (જે મૌખિક અનુસરણ છે) અને તેને સિજદહ કરે છે (જે શારીરિક અનુસરણ છે).

મસ્અલા અને બોધપાઠ :

આથી અગાઉની આયતમાં કુર્આન શરીફને સાંભળવાના અદબો (શિષ્ટાચાર) અને તેના સન્માનનું વર્ણન હતું. આ બે આયતોમાં જમહૂરના મતે અલ્લાહનો ઝિક્ર સામાન્ય રીતે દરેક પરિસ્થિતિમાં કરવાનો હુકમ છે તથા તેના અદબો પણ વર્ણન કરવામાં આવ્યા છે, જેમાં કુર્આનની તિલાવત પણ સામેલ છે. હઝરત ઈબ્ને અબ્દુલ્લાહ (રદિ.)ના મતે તેમાં પણ "ઝિક્ર"નો અર્થ "કુર્આન" જ છે અને જે અદબો એમાં વર્ણન થયા છે તે પણ કુર્આનની તિલાવત અનુસંધાને જ છે પરંતુ આ કોઈ મતભેદ ઉપજાવે એવી બાબત નથી, કારણ કે કુર્આન સિવાય બીજા ઝિક્ર પણ બધાના મતે આ જ હુકમ અને આ જ અદબો ધરાવે છે.

ખુલાસો એ છે કે, આ આયતમાં મનુષ્યને અલ્લાહ તઆલાની યાદ અને તેના ઝિક્રનો હુકમ અને તેની સાથે-સાથે તેના સમય અને અદબોનું વર્ણન કરવામાં આવ્યું છે.

"ઝિક્રે ખફી" (મૌન રહી ઝિક્ર કરવો) અને "ઝિક્રે ઝહ્ર" (મોટા અવાજે ઝિક્ર કરવો) અને તેના હુકમો :

ઝિક્ર મોટેથી કરવા અથવા ધીમા અવાજે કરવા વિશે પ્રથમ અદબ (શિષ્ટાચાર) એ છે કે, કુઆને કરીમે આ બાબતે આ આયતમાં બે પ્રકારના અધિકાર આપ્યા છે. ઝિક્રે ખફી અને ઝિક્ર ઝહ્ર. ઝિક્રે ખફી વિશે ફરમાવ્યું, وَاذْكُرْ رَّبَّكَ فِىْ نَفْسِكَ એટલે કે, "પોતાના પરવરદિગારને પોતાના દિલમાં યાદ કર્યા કરો." તેના પણ બે સ્વરૂપો છે, એક એ કે જીભ હલાવ્યા વિના ફક્ત

દિલમાં ધ્યાન અને વિચાર દ્વારા અલ્લાહ તઆલાની જાત અને સિફાતને યાદ કરે, જેને "ઝિક્રે કલ્બી" (દિલમાં અલ્લાહને યાદ કરવા) અથવા "ચિંતન" કહેવામાં આવે છે. બીજું એ કે, તેની સાથે-સાથે જીભ દ્વારા પણ ધીમા અવાજે અલ્લાહના નામોના શબ્દોનો ઉચ્ચાર કરે. સૌથી શ્રેષ્ઠ અને ઉત્તમ સ્વરૂપ એ જ છે કે, જે ઝિક્ર કરી રહ્યો છે તેના અર્થને સમજીને દિલમાં પણ તેનો સંપૂર્ણ પ્રભાવ અને ધ્યાન હોય અને જીભથી પણ તેને ઉચ્ચારતો હોય, કારણ કે આ સ્વરૂપમાં હૃદયના ઝિક્રની સાથે-સાથે મૌખિક ઝિક્ર પણ સામેલ થઈ જશે અને જો ફક્ત દિલમાં જ ધ્યાન અને ચિંતનમાં મશ્ગૂલ રહે અને જીભથી કોઈ શબ્દ પણ ન ઉચ્ચારે તો પણ ઘણો મોટો સવાબ છે અને સૌથી નીચેની કક્ષા તેની એ છે કે, ફક્ત જીભ ઉપર ઝિક્ર હોય અને દિલ તેનાથી ખાલી અને ગાફેલ હોય, તેવા જ ઝિક્રને મવલાના રૂમીએ આ શબ્દોમાં કહ્યું છે,

بر زباں تسبیح ودر دِل گاؤ خر ایں چنیں تسبیح کے دارد اثر

જીભ પર તસ્બીહ અને દિલમાં ગાય, ગધેડો;
આવી તસ્બીહ કેવી રીતે અસર કરી શકે ?

મવલાના રૂમીનો મકસદ એ છે કે, જે દિલ ઝિક્રથી ગાફેલ હોય તેનાથી ઝિક્ર કરવાનો પ્રભાવ અને સંપૂર્ણ બરકતો પ્રાપ્ત થતી નથી, આ એ બાબતનો ઈન્કાર નથી કે ફક્ત મૌખિક ઝિક્ર પણ સવાબ અને લાભથી ખાલી નથી, કારણ કે અમુક સમયે આ પ્રમાણે જીભ દ્વારા કરવામાં આવેલ ઝિક્ર જ દિલથી ઝિક્રનું માધ્યમ અને કારણ બની જાય છે. જીભ દ્વારા કહેતાં-કહેતાં હૃદય પણ પ્રભાવિત થવા લાગે છે અને ઓછામાં ઓછું એક અવયવ પણ ઝિક્રમાં પ્રવૃત્ત તો છે જ અને તે પણ સવાબથી ખાલી નથી, આથી જે લોકોનું ઝિક્ર અને તસ્બીહમાં દિલ ચોંટેલું ન હોય તથા ધ્યાન અને એકાગ્રતા ન હોય તો એવા ઝિક્રને લાભ વિનાનું સમજીને છોડી દેવામાં ન આવે બલકે તેને ચાલું રાખે અને એકાગ્રતા કેળવવાના પ્રયત્નો કરતો રહે.

ઝિક્રની બીજી પદ્ધતિ આ આયતમાં એ બતાવવામાં આવી, ફરમાવ્યું وَدُوْنَ الْجَهْرِ مِنَ الْقَوْلِ એટલે કે, મોટા અવાજની સરખામણીમાં ધીમા અવાજે એટલે કે, અલ્લાહના ઝિક્રમાં પ્રવૃત્ત થનારા એવું પણ કરી શકે છે કે મોટા અવાજે

ઝિક્ર કરે પરંતુ તેનો અદબ એ છે કે, ઘણા મોટા અવાજે જોર-જોરથી બૂમો ન પાડે, સામાન્ય મધ્યમ કક્ષાના અવાજે ઝિક્ર કરે જેમાં અદબ અને સભ્યતા જળવાય રહે. ઘણા જોરથી ઝિક્ર અને તિલાવત કરવી એ બાબતની નિશાની હોય છે કે જેને સંબોધન કરી રહ્યો છે તેનો અદબ અને સન્માન તેના દિલમાં નથી, જે હસ્તીનો અદબ અને સન્માન તથા તેનો રૂઆબ મનુષ્યના દિલમાં હોય છે તેની સામે સ્વાભાવિક રીતે મનુષ્ય ઘણા ધીમા અવાજે બોલે છે, બૂમો કે રાડો પાડી બોલતો નથી, એટલા માટે સામાન્ય અલ્લાહનો ઝિક્ર હોય અથવા કુર્આન વગેરેની તિલાવત હોય જ્યારે અવાજ સાથે પઢવામાં આવે તો એ બાબતનું ધ્યાન રાખવું જોઈએ કે, અવાજ આવશ્યકતા (જરૂરત)થી વધારે મોટો ન થઈ જાય.

ખુલાસો એ છે કે, આ આયતથી અલ્લાહનો ઝિક્ર અને કુર્આનની તિલાવતની ત્રણ રીતો સામે આવી. એક એ કે, ફક્ત હૃદયમાં ઝિક્ર કરે, એટલે કે કુર્આનના અર્થો અને કુર્આનના શબ્દોનો ઝિક્ર કરીને કલ્પના અને ચિંતન કરે, જીભ બિલકુલ હલતી ન હોય. બીજું એ કે, આવા ચિંતનની સાથે જીભ પણ હલાવતા હોય પરંતુ અવાજ ઊંચો ન થાય કે, જેને અન્ય લોકો સાંભળી શકે. ઝિક્રની આ બંને પદ્ધતિ وَاذْكُرْ رَّبَّكَ فِي نَفْسِكَ માં સામેલ છે અને ત્રીજી પદ્ધતિ એ છે કે, હૃદયમાં ધ્યાનપૂર્વક અને અલ્લાહનો ડર રાખી ઝિક્ર કરે કે જીભ પણ હલતી હોય અને અવાજ પણ નીકળતો હોય પરંતુ આ પદ્ધતિ માટે અદબ એ જાળવવાનો છે કે અવાજ એટલો વધારે ઊંચો ન કરે કે મધ્યમ કક્ષાથી આગળ વધી જાય. આ પદ્ધતિની કુર્આનના ઈરશાદમાં وَدُوْنَ الْجَهْرِ مِنَ الْقَوْلِ પ્રમાણે તાકીદ કરવામાં આવી છે. કુર્આને કરીમની એક બીજી આયતમાં તેનું વિસ્તૃત સ્પષ્ટીકરણ આ શબ્દોમાં આવ્યું છે, وَلَا تَجْهَرْ بِصَلَاتِكَ وَلَا تُخَافِتْ بِهَا وَابْتَغِ بَيْنَ ذٰلِكَ سَبِيْلًا તેમાં રસૂલે કરીમ ﷺને હુકમ આપવમાં આવ્યો છે કે, "પોતાની કિરાઅતને ન ઊંચી કર્યા કરો અને ન બિલકુલ મૌન ધારણ કરી કરો, બલકે ઊંચા અવાજ અને બિલકુલ ધીમા અવાજની વચ્ચેનો મધ્યમ કક્ષાનો અવાજ હોય."

નમાઝમાં કુર્આનની કિરાઅત વિશે રસૂલે કરીમ ﷺએ હઝરત સિદીકે અકબર (રદિ.) અને ફારૂકે આ'ઝમ (રદિ.)ને આ જ પ્રમાણેની સૂચના આપી.

સહીહ હદીષમાં છે કે, "એક વખતે રસૂલુલ્લાહ ﷺ રાત્રિના અંતિમ

સમયમાં ઘરેથી બહાર નીકળ્યા. હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ના ઘરે પહોંચ્યા તો જોયું કે તેઓ નમાઝમાં મશ્ગૂલ હતા, પરંતુ તિલાવત ધીમે કરી રહ્યા હતા, પછી હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.)ના ઘરે પહોંચ્યા તો જોયું કે તેઓ ઊંચા અવાજે તિલાવત કરી રહ્યા હતા, જ્યારે સવારે આ બંને સહાબાઓ રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા તો આપ ﷺએ હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ને ફરમાવ્યું કે, હું રાત્રે તમારી પાસે આવ્યો તો જોયું કે તમે ધીમેથી તિલાવત કરી રહ્યા હતા, હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ વિનંતી કરી કે, યા રસૂલુલ્લાહ ﷺ! મારે જે હસ્તીને સંભળાવવું હતું તેણે સાંભળી લીધું, એ પૂરતું છે. એ જ પ્રમાણે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ને કહ્યું કે, તમે મોટા અવાજે તિલાવત કરી રહ્યા હતા, તેમણે વિનંતી કરી કે કિરાઅત મોટા અવાજે કરવાનો મારો હેતુ એ હતો કે ઊંઘ મારા ઉપર છવાયેલી ન રહે અને શયતાન તેના અવાજથી દૂર ભાગે. રસૂલે કરીમ ﷺએ એવો ફેંસલો કર્યો કે, હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ને એવી સૂચના આપી કે થોડો અવાજ ઊંચો કર્યા કરો અને હઝરત ફારૂક (રદિ.)ને કહ્યું કે, અવાજ થોડો ધીમો કર્યા કરો.'' *(અબૂદાવૂદ)*

તિરમિઝીમાં રિવાયત છે કે, ''હઝરત આયશા (રદિ.)ને આપ ﷺની તિલાવત વિશે અમુક લોકોએ સવાલ ર્ક્યો કે, રસૂલે કરીમ ﷺ મોટા અવાજે તિલાવત કરતા હતા કે ધીમેથી ? તેમણે કહ્યું, ક્યારેક મોટા અવાજે તો ક્યારેક ધીમેથી બંને રીતે તિલાવત કરતા હતા.''

રાત્રે નફલ નમાઝમાં અને નમાઝ વિનાની તિલાવતમાં અમુક લોકોએ ઊંચા અવાજને પસંદ કર્યો, અમુકે ધીમા અવાજને. એટલા માટે ઈમામે આ'ઝમ હઝરત અબૂ હનીફા (રહ.)એ ફરમાવ્યું કે, ''તિલાવત કરનારને અધિકાર છે જે પ્રમાણે ઈચ્છે તિલાવત કરે.'' અલબત્ત, મોટા અવાજથી તિલાવત કરવાની અમુક શરતો સૌના માટે આવશ્યક છે. પ્રથમ એ કે, તેમાં દેખાડો, નામના અને રિયાનો ભય ન હોય, બીજું એ કે તેના અવાજથી અન્ય લોકોને વાંધો કે તકલીફ ન હોય, કોઈ બીજા વ્યક્તિની નમાઝ અથવા તિલાવત અથવા કોઈ કામ કે વાતચીતમાં ખલેલ ન પડતો હોય અને જ્યાં નામના, દેખાડો અથવા અન્ય લોકોના કામો અથવા આરામમાં ખલેલ પડવાની શંકા હોય તો સૌના મતે ધીમેથી પઢવું જ ઉત્તમ છે.

અને જે હુકમ કુર્આનની તિલાવતનો છે તે જ બીજા ઝિક્ર અને તસ્બીહ વગેરેનો છે કે, ધીમેથી અને ઊંચા અવાજે બંને રીતે જાઈઝ છે. શરત માત્ર એટલી જ છે કે અવાજ એટલો ઊંચો ન હોવો જોઈએ કે જે ખુશૂઅ્ અને ખુઝૂઅ્ તથા અદબથી વિપરીત હોય, વળી તેના અવાજથી અન્ય લોકોના કામ અને આરામમાં દખલગીરી ઉત્પન્ન ન થતી હોય.

અને એ ફૈંસલો કે ધીમેથી અથવા મોટેથી તિલાવત કરવામાં ઉત્તમ કઈ તિલાવત છે ? તો આ બાબત વ્યક્તિ અને પરિસ્થિતિના આધારે વિવિધ પ્રકારે છે. અમુક લોકો માટે મોટેથી પઢવું ઉત્તમ હોય છે અને અમુક લોકો માટે ધીમેથી, એ જ પ્રમાણે અમુક સમયે મોટા અવાજે પઢવું ઉત્તમ હોય છે અને અમુક સમયે ધીમા અવાજે. *(તફસીરે મઝહરી અને રૂહુલ બયાન વગેરે)*

તિલાવત અને ઝિક્રનો બીજો અદબ (માન-મર્યાદા) એ છે કે, આજિઝી અને વિનમ્રતા સાથે ઝિક્ર કરવામાં આવે જેનું પરિણામ એ હોય છે કે, મનુષ્યને અલ્લાહ તઆલાની પ્રતિષ્ઠા અને તેના ક્રોધનો ડર હોય અને જે ઝિક્ર કરી રહ્યો છે તેના અર્થ અને ખુલાસા ઉપર ધ્યાન હોય.

ઝિક્રનો ત્રીજો અદબ આ જ આયતમાં خِيْفَةً (ખીફહ્)થી આ બતાવવામાં આવ્યો છે કે, ઝિક્ર અને તિલાવતના સમયે મનુષ્યો ઉપર અલ્લાહના ભય અને ડરની પરિસ્થિતિ હોવી જોઈએ. ડર એ બાબતનો કે અમે અલ્લાહ તઆલાની ઈબાદત અને શ્રેષ્ઠતાનો હક અદા કરી શકતા નથી, શક્ય છે કે અમારાથી કોઈ અશોભનીય વર્તન થઈ જાય, વળી પોતાના ગુનાહોથી અલ્લાહના અઝાબનો ડર અને પરિણામ તથા જીવનના અંતનો ડર; ખબર નથી કે અમારો અંત કઈ પરિસ્થિતિ ઉપર થશે ? મતલબ કે, ઝિક્ર અને તિલાવત એ પ્રમાણે કરવામાં આવે, જેમકે કોઈ ભય અને ડર પામેલો વ્યક્તિ કર્યા કરે છે.

દુઆના આ જ અદબો આ જ સૂરએ અઅ્રાફની શરૂઆતમાં પણ એક આયતમાં આ પ્રમાણે આવ્યા છે. اُدْعُوْا رَبَّكُمْ تَضَرُّعًا وَّخُفْيَةً (૭:૫૫) અને તેમાં خِيْفَةً (ખીફહ્)ના બદલે خُفْيَةً (ખુફયતન્)નો શબ્દ આવ્યો છે, જેનો અર્થ "ધીમા અવાજથી ઝિક્ર કરવાનો" છે. મતલબ કે, ઝિક્ર અને તિલાવતનો એક અદબ એ પણ છે કે ધીમે તથા નીચા અવાજે તિલાવત કરવામાં આવે પરંતુ આ આયતથી

એનો અર્થ પણ સ્પષ્ટ થઈ ગયો કે, જો કે અવાજ કાઢીને ઝિક્ર કરવાની મનાઈ નથી પરંતુ આવશ્યકતાથી વધારે અવાજ ઊંચો ન કરે, વળી એટલો ઊંચો ન કરે જેમાં ખુશૂઅ્-ખુઝૂઅ્ અને લાચારી તથા ડરનો પ્રભાવ સમાપ્ત થઈ જાય.

અંતિમ આયતમાં ઝિક્ર અને તિલાવતના સમય બતાવ્યા છે. સવારે અને સાંજે ઝિક્ર અને તિલાવત થવી જોઈએ, તેનો અર્થ એ પણ છે કે ઓછામાં ઓછું દિવસમાં બે વખતે સવારે અને સાંજે અલ્લાહના ઝિક્રમાં પ્રવૃત્ત થવું જોઈએ અને એ પણ હોઈ શકે છે કે, સવાર-સાંજ કહેવાનો અર્થ સંપૂર્ણ રાત અને દિવસના કોઈપણ સમયમાં હોય જેમકે પૂર્વ-પશ્ચિમ બોલીને સમગ્ર દુનિયા અર્થ તરીકે લેવામાં આવે છે. એવા સ્વરૂપમાં આયતનો અર્થ એવો થશે કે મનુષ્ય ઉપર આવશ્યક છે કે હંમેશા દરેક પરિસ્થિતિમાં ઝિક્ર અને તિલાવતનો પાબંદ રહે. હઝરત આયશા (રદિ.) ફરમાવે છે કે, "રસૂલુલ્લાહ ﷺ દરેક સમયે દરેક પરિસ્થિતિમાં અલ્લાહની યાદમાં મશ્ગૂલ રહેતા હતા."

અંતિમ આયતમાં ફરમાવ્યું, وَلَا تَكُنْ مِّنَ الْغٰفِلِيْنَ એટલે કે, અલ્લાહની યાદ છોડીને ગાફેલ રહેનાર લોકોમાં સામેલ ન થાઓ, કારણ કે એ ઘણું મોટું નુકસાન છે.

બીજી આયતમાં લોકોને શિખામણ અને બોધપાઠ માટે અલ્લાહના દરબારમાં નિકટતા પ્રાપ્ત કરી ચૂકેલાઓની એક વિશિષ્ટ પરિસ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, જે લોકો અલ્લાહ તઆલાની નિકટ છે તેઓ તેની ઈબાદતથી અભિમાન નથી કરતા. અલ્લાહ તઆલાની નિકટ હોવાનો અર્થ અલ્લાહ તઆલાના સ્વીકાર્ય બંદાઓ હોવાનો છે, જેમાં બધા જ ફરિશ્તા અને બધા જ અંબિયા (અલૈ.) તથા ઉમ્મતના નેક લોકો સામેલ છે અને અભિમાન કરવાનો અર્થ એ છે કે, પોતાની જાતને મોટો વ્યક્તિ સમજી તેની ઈબાદતોમાં ત્રુટી કે ઉણપ નથી રાખતા, બલકે પોતાને લાચાર અને મોહતાજ સમજીને હંમેશા અલ્લાહ તઆલાની યાદ અને ઈબાદતમાં પ્રવૃત્ત રહી તસ્બીહ પઢયા કરે છે અને અલ્લાહ તઆલાને સિજદહ કરતા રહે છે.

એનાથી એ પણ જાણ થઈ કે, જે લોકોને કાયમી ઈબાદત અને અલ્લાહ તઆલાને યાદ કરવાની તવફીક મળે છે તો તે એ બાબતની નિશાની છે કે તેઓ

દરેક સમયે અલ્લાહ તઆલાની નિકટ છે, અલ્લાહ તઆલાની નિકટતા તેમને પ્રાપ્ત થયેલ છે.

સિજ્દહની અમુક ફઝીલતો અને હુકમો :

અત્રે નમાઝની ઈબાદતમાંથી ફક્ત સિજ્દહનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવ્યો છે કે, નમાઝની બધી શારીરિક ક્રિયાઓમાં સિજ્દહને એક ખાસ ફઝીલત અને શ્રેષ્ઠતા પ્રાપ્ત થયેલ છે.

સહીહ મુસ્લિમમાં છે કે, "એક વ્યક્તિએ હઝરત ષવબાન (રદિ.)ને કહ્યું કે, મને કોઈ એવો અમલ બતાવો જેના કારણે હું જન્નતમાં જઈ શકું. હઝરત ષવબાન (રદિ.) મૌન રહ્યા, તેણે ફરી સવાલ કર્યો. બીજી વાર પણ મૌન રહ્યા, જ્યારે ત્રીજા વખતે આ પ્રશ્નનું પુનરાવર્તન કર્યું તો તેમણે કહ્યું કે, મેં આ જ પ્રશ્ન રસૂલુલ્લાહ ﷺને કર્યો હતો તો આપ ﷺએ મને એ વસિય્યત કરી કે, વધુ પ્રમાણમાં સિજદહ કર્યા કરો, કારણ કે જ્યારે તમે એક સિજ્દહ કરો છો તો તેના કારણે અલ્લાહ તઆલા તમારો એક દરજ્જો (કક્ષા) વધારી આપે છે અને એક ગુનોહ મા'ફ ફરમાવે છે. આ વ્યક્તિ કહે છે કે, હઝરત ષવબાન (રદિ.) પછી હું હઝરત અબૂ દરદઅ્ (રદિ.)ને મળ્યો તો તેમને પણ આ જ સવાલ કર્યો, તેમણે પણ આ જ જવાબ આપ્યો."

સહીહ મુસ્લિમની રિવાયતમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.) દ્વારા નકલ થયું છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, બંદો પોતાના પરવરદિગારની સાથે સૌથી વધારે નિકટ તે સમયે હોય છે જ્યારે બંદો સિજ્દહમાં હોય છે. એટલા માટે તમે સિજ્દહની હાલતમાં ખૂબ દુઆ કર્યા કરો કે તે દુઆ કબૂલ થવાની વધારે આશા છે.

યાદ રાખો કે, એકલા સિજ્દહની કોઈ ઈબાદત પ્રચલિત નથી, એટલા માટે ઈમામે આ'ઝમ (રહ.)ના મતે મોટા ભાગે સિજ્દહનો અર્થ એ છે કે, વધુ પ્રમાણમાં નફલ નમાઝો પઢયા કરો, જેટલી નફલ વધારે હશે તેટલા સિજ્દહ વધારે થશે.

પરંતુ જો કોઈ વ્યક્તિ એકલો સિજદહ જ કરીને દુઆ કરે તો તેમાં પણ કોઈ વાંધો નથી અને સિજ્દહમાં દુઆ કરવાની સૂચના અને માર્ગદર્શન નફલ નમાઝો માટે ખાસ છે ફરજ નમાઝો માટે નથી.

સૂરએ અઅ્રાફ પૂર્ણ થઈ, તેની અંતિમ આયત "આયતે સિજદહ" છે. સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી નકલ થયેલ છે કે, જ્યારે કોઈ આદમનો પુત્ર (માનવી) કોઈ સિજ્દહની આયત પઢે છે અને પછી સિજ્દહ-એ-તિલાવત કરે છે તો શયતાન રડતો-રડતો નાસે છે અને કહે છે કે, હાય અફસોસ ! માનવીને સિજ્દહ કરવાનો હુકમ મળ્યો અને તેણે તેનો અમલ કરી લીધો તો તેનું ઠેકાણું જન્નત થયું અને મને સિજ્દહ કરવાનો હુકમ થયો તો મેં નાફરમાની કરી તેથી મારું ઠેકાણું જહન્નમ થયું.

અલ્હમ્દુલિલ્લાહ સૂરએ અઅ્રાફ પૂરી થઈ.

તારીખ : ૧૪ જૂન ૨૦૦૯ બ મુતાબિક ૨૦ રબીઉલ આખર ૧૪૩૦

મૂળ લેખક : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

અનુવાદક : ઈલ્યાસ પટેલ ખાનપુરી



અલ્હમ્દુલિલ્લાહ !

ચોથી જિલ્દ (ભાગ-૪)

સમાપ્ત

મઆરિફુલ કુર્આન (ભાગ-૪)

સૂરએ અન્આમ અને સૂરએ અઅ્રાફ (સંપૂર્ણ)
પારહ : ...૭, ૮, ૯....

મઆરિફુલ કુર્આન : ભાગ -4

Scanned & PDF Hijri = 13-12-1434 : SAT = 19-10-2013

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

કિતાબનું નામ : **મઆરિફુલ કુર્આન (ગુજરાતી)**

ભાગ : ૪ (ચોથો)

મૂળ લેખક : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)
૪૬, રહમત નગર સોસાયટી,
આબાદ નગરની મસ્જિદ સામે,
બાયપાસ રોડ, મુ.પો. જંબુસર,
તા. જંબુસર, જિ. ભરૂચ –૩૯૨૧૫૦
ફોન નં. (૦૨૬૪૪) ૨૨૧૪૮૬, મો. ૯૮૯૮૭૯૭૩૯૪

પ્રત સંખ્યા : ૧૧૦૦ (અગિયારસો)

પ્રકાશક : હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા સાહબ (દા.બ.)
સ્થાપક તથા મોહતમિમ : જામિઅતુલ બનાત ટંકારીઆ,
મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ,
(ગુજરાત–ઈન્ડિયા)
ફોન નં.: (૦૨૬૪૨) ૨૭૦૩૩૦, ૨૭૦૯૩૨
પ્રેસિડેંટ : મજલિસે ખુદ્દામુદ્દીન ઈન્ટરનેશનલઃ લંડન–યુ.કે.
પ્રેસિડેંટ : મજલિસે તહફ્ફુઝે અહલે સુન્નત વલ જમાઅત (લંડન–યુ.કે.)

પ્રકાશન વર્ષ : માર્ચ ૨૦૧૨, રબિઉલ આખર ૧૪૩૩ હિજરી

હદિયો :

ટાઇપ સેટિંગ : સફવાન ઈલ્યાસ પટેલ (ખાનપુરી)
સાલેહ પ્રિન્ટર્સ, મો. ૭૫૬૭૯૩૪૪૩૬

Printed By : Rabbani Offset Printers, Motia Park, Bhopal.
Mo. 09303137321, (O) (0755) 3064655

મેળવવાનું સ્થળ

:: ઇન્ડિયામાં ::

જામિઅતુલ બનાત ટંકારીઆ
મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ
ફોન નંબર :
(૦૨૬૪૨) ૨૭૦૩૩૦, ૨૭૦૯૩૨

:: ઇંગ્લેન્ડમાં ::

Maulana Ismail Bhuta
101, Windsor Road,
London E7 CRA (U.K.)
Ph. (Fax) 020 8471 7866